| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | | ૧૭ | ૦૫ | ૨૦૧૪ |
| દાખલ તારીખ | : | ૧૭ | ૦૫ | ૨૦૧૪ |
| નિકાલ તારીખ | : | ૩૧ | ૦૧ | ૨૦૨૩ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | | | |

**ગાંધીનગરના મે. ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમા, ગાંધીનગર.**

**સેશન્સ કેસ નંબર ૩૪/૨૦૧૪**

**આંક– ૯૨૪**

ફરીયાદી : – શ્રી સરકાર,

વિરૂદ્ધ

આરોપીઓ :–(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ ઓફ થાઉમલ સીન્ધી (હરપલાની),
રહે. સંતશ્રી આશારામ આશ્રમ મોટેરા, અમદાવાદ શહેર.

(૨) ભારતીબેન ડો/ઓફ આશુમલ ઉર્ફે આશારામ
સીન્ધી (હરપલાની),
રહે. એ/૫૦૨, શ્રી હરી રેસીડેન્સી,
ન્યુ.સી.જી.રોડ,ચાંદખેડા, અમદાવાદ શહેર.

(૩) લક્ષ્મીબેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ
સીન્ધી (હરપલાની),
રહે.નારાયણ વાટીકા, શાંતિ વાટીકાની બાજુમાં,
સંતશ્રી આશારામ આશ્રમ, મોટેરા, અમદાવાદ.

(૪) નિર્મલાબેન ઉર્ફે ઢેલ ડો/ઓ મીરચુમલ લાલવાણી.
રહે. બી/૧૧૪, ઉધવનગર, સોરાબજી કમ્પાઉન્ડ,
જુના વાડજ, અમદાવાદ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૫) મીરાબેન ઉર્ફે બગલો ડો/ઓ વરીચલદાસ કલવાણી.
રહે. ૫૮/૬,સમરથનગર હરીદર્શન સોસાયટીની પાછળ,હોંસોલ, ઈન્દીરાબ્રીજ ,સરદારનગર , અમદાવાદ.

(૬) ધ્રૃવબેન ડો/ઓ ગુરલદાસ બાલાણી.
રહે. સતી અનસુયા મહિલા આશ્રમ,
સંતશ્રી,આશારામ આશ્રમ પાસે,
મોટેરા, અમદાવાદ.

(૭) જશવંતીબેન ઉર્ફે જશીબેન ડો/ઓ નામદેવભાઈ ચૌધરી.
રહે. એફ/૪૦૨, માં મહેગીબાનગર,
સંતશ્રી આશારામ આશ્રમ પાસે, મોટેરા,
અમદાવાદ.
મુળ રહે. મ.નં. ૨૭, મણીનગર સોસાયટી,
રાંદેર, સુરત.

| | | |
|---|---|---|
| ગુનો | : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ (૨)(ગ), ૩૭૭, ૩૫૪,૩૫૭, ૩૪૨, ૩૪૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૦૧,૧૭૫,૧૭૯,૧૨૦(બી) મુજબ. |
| | | ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર–૨૧૮/૨૦૧૩ |

##############################################################################

**ફરીયાદપક્ષ તરફે :::: સ્પે. પી.પી. શ્રી આર.સી.કોડેકર**

**તથા એ.પી.પી.શ્રી એસ.એસ.પંડયા**

**આરોપી નં.૧, ૩,૪,૫, ૭ તરફે :::: વિ.વ.શ્રી બી.એમ.ગુપ્તા/સી.બી.ગુપ્તા.**

**આરોપી નં.૨ તરફે :::: વિ.વ.શ્રી એસ.વી.ઠકકર.**

**આરોપી નં.૬ તરફે :::: વિ.વ.શ્રી એન.ટી.ગાંધી.**

##############################################################################

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## **-:: ચૂકાદો ::-**

(૧) આ કામના આરોપીઓ સામે ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર-૨૧૮/૨૦૧૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૬ (૨)(ગ), ૩૭૭, ૩૫૪,૩૫૭, ૩૪૨, ૩૪૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૦૧,૧૭૫,૧૭૯,૧૨૦(બી) મુજબના ગુનાઓ નોંધાયેલા છે.

**ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત:-**

(૨) ફરીયાદપક્ષના કેસની હકિકત ટૂંકમાં એવા પ્રકારની છે કે,આ કામના ફરીયાદણ/ભોગ બનનાર ૧૯૯૬ની સાલમાં જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન તેણીના માતા -પિતા સાથે આરોપી નંબર-૧ના સુરત મુકામે જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ આશ્રમ ખાતે સત્સંગ શિબિરમાં ગયેલ.સત્સંગ પછી ફરીયાદણ આરોપી નં.૧ ને પગે લાગવા જતાં આરોપીએ ફરીયાદણને મહાન નારી નામની બુક વાંચવા આપેલ અને સાથે એક એપલ પણ આપેલુ અને મહાન નારી બુક વાંચી મળવાનું જણાવેલ ત્યારે ફરીયાદણ શીબીરમાં રોકાયેલા હતા તે વખતે આરોપી નં.૧ ના કહેવાથી તેના ષડયંત્રના ભાગરૂપે આરોપી નં.૪ નિર્મલાબેન ઉર્ફે ઢેલ તથા આરોપી નં.૫ મીરાબેન ઉર્ફે બગલોનાઓએ ફરીયાદણબેનને કહેલ કે બાપુએ તને આપેલ એપલ તારા માટે ખાસ છે. તે તારે જ ખાવાનું છે અને આરોપી નં.૧ એ આરોપી નં.૪ ને કહેલ કે ઈસમો હમ મહાન વકતા બનાયેંગે તે જ દિવસે સાંજે ફરી સત્સંગ થતાં ફરીયાદણ ભકતોની લાઇન લાગેલી હતી ત્યાં જોડાઈ ગયેલા ત્યારે આરોપી નં.૧ નાએ ફરીથી ફરીયાદણને બોલાવીને તુ ગુલાબ હોકર મહેક

નામનું પુસ્તક આપીને પાંચ વખત વાંચવા જણાવેલ. આમ તે પછી સને ૧૯૯૭ માં ફરીયાદણ સુરત ખાતેના જહાંગીરપુરા આરોપી નં.૧ ના આશ્રમમાં હોળીની શીબીરમાં ગયેલા ત્યારે ફરીયાદણ ઝાડુ મારવાની સેવામાં હતા ત્યારે રાત્રિના સમયે આરોપી નં. ૧ શીવમંદિર પાસે ચકકર મારવા નીકળેલા અને આરોપી નં.૧ ના હાથમાં ટોર્ચ હતી જેનાથી તેઓ આજુબાજુ બેઠેલી સ્ત્રીઓ પર ટોર્ચનો પ્રકાશ ફેંકી ચહેરા જોતા હતા ત્યારે આરોપી નં.૧ નાએ ફરીયાદણને જોઈને પુછેલ કે તુ તો વહી હે ના જો મુજે મીલી થી.ત્યારે ફરીયાદણએ હા પાડેલી. આથી આરોપી નં.૧ નાએ કહેલ કે અબ તુ એક કામ કર તુ અમદાવાદ મહીલા આશ્રમમે ગ્યારહ દિન કા અનુષ્ઠાન કરને જા. આથી ફરીયાદણએ પુછેલ કે હું દસમા ધોરણની પરીક્ષા આપ્યા બાદ વેકેશનમાં જાઉ ? જેથી આરોપી નં.૧ નાએ કહેલ કે '' પઢકે કયા કરેગી ? કીતને હી ડોકટર વકીલ હે કોન કીસકો જાનતા હે મીરનાને કોનસી ડોકટરી પઢીથી શબરીને કોનસી પઢાઈ કી થી ? તુજે તો મે મહાન વકતા બનાઉંગા '' જેથી ફરીયાદણના મા – બાપે આરોપી નં.(૧) પ્રત્યેના અપાર ભકિતભાવ અને શ્રધ્ધા વિશ્વાસના કારણે ફરીયાદણને એકલીને અમદાવાદ આશ્રમમાં અનુષ્ઠાન માટે મોકલેલ. બાદ આરોપી નં.૧ એ ફરીયાદણને ગુરૂમંત્ર '' હરી ઓમ '' આપેલ અને આ મંત્રના ત્રણ લાખ જાણ ૧૧ દિવસમાં પુરા કરવાનું જણાવેલ.જે જાપ ફરીયાદણએ ૧૧ દિવસમાં પુરા કરેલ અને ઘરે જવાની મંજુરી મેળવવા આરોપી નં.(૬) ધ્રુવબેન કે જે મહિલા આશ્રમના સંચાલક હતા તેઓની પાસે જતાં તેઓએ મંજુરી આપેલ નહી અને કહેલ કે ''ના તારે હજુ અહીં રહેવાનું છે. તારા જેવી છોકરીઓની જરૂર છે તને બાપુ મહાન વકતા બનાવવાના છે ''તેવુ કહી આરોપી નં.(૩) લક્ષ્મીબેન પાસે લઈ ગયેલ અને મુલાકાત કરાવેલ તેઓએ પણ ફરીયાદણબેનને આશ્રમમાં રોકાઈ જવાનું કહેલ. તે પછી પંદરેક દિવસ બાદ ફરીયાદણને તેમના મમ્મી શારદાબેન ઘરે પરત લેવા સારુ આશ્રમ ખાતે આવતાં

આરોપી નં.(૩)નાઓએ તેમને કહેલ કે '' તમારી છોકરીને ઘરે લઈ જઈને શું કરશો ? અહીં રહેવા દો. તમારી છોકરીની જીંદગી બની જશે. '' તેવુ દબાણપૂર્વક સમજાવેલ. જેથી ફરીયાદણ આશ્રમમાં રોકાઈ ગયેલ. તે પછી ફરીયાદણને આશ્રમમાં ચૂર્ણ હોલમાં કામ કરવાનું જણાવેલ. આથી ફરીયાદણ દરરોજ સવાર સાંજ ચૂર્ણ હોલમાં ચૂર્ણ બનાવવાનું કામ કરતા હતા અને પોતાનો ખર્ચ જાતે જ કરતા હતા. ફરીયાદણએ છ મહીના સુધી આશ્રમમાં સારી કામગીરી કરેલ હોય તેને ચૂર્ણ બનાવવાની ઘંટીની જવાબદારી સોંપેલ. તે દરમ્યાન એક દિવસ આરોપી નં.(૧) એ ફરીયાદણને જોયેલ ત્યારે તેઓએ તેણીને કહેલ કે '' તુ સુરત વાલી હે ના ? '' તેવુ કહેતા ફરીયાદણએ હા પાડેલ અને તે પછી છ એક માસ પછી આરોપી નં. (૧)ફરીયાદણને જોઈ ઉભા રહેલ અને ફરીયાદણને ફુલોનો હાર આપેલો. આમ આરોપીએ ફરીયાદણનો વિશ્વાસ સંપાદન કરેલ હતો.

તે પછી સને ૨૦૦૧ માં આરોપી નં.(૪)(૫)તથા (૬) નાઓએ ફરીયાદણને વકતા બનાવવાનું કહી આશ્રમમાંથી ફરીયાદણ તથા વર્ષા નામની છોકરી સહીત આશ્રમની દસ છોકરીઓને જેમાં તૃત્તીબેન, રેખાબેન, ક્રિષ્ણાબેન, કીન્નરીબેનનાઓ હતા તેઓને મુખ્ય આશ્રમમાંથી બે ત્રણ કિલોમીટર દુર આવેલ આરોપી નં.(૧) ના શાંતીવાટીકા નામના ફાર્મ હાઉસ પર લઈ ગયેલ અને આરોપી નં.(૧) એ દસેય છોકરીઓને જોઈ ફરીયાદણ તથા વર્ષાબેનને વકતા બનાવવા માટે પસંદ કરેલ અને બંનેને તેની શાંતિ કુટીયામાં અંદર બોલાવી કહેલ કે તમારા નસીબમાં હજુ સંસાર લખેલ છે તે મારે પહેલા મીટાવવો પડશે અને તે માટેની વિ્ધી કરવી પડશે. હું પછી તે માટે તમોને બોલાવીશ'' તેમ કહી જવા દીધેલ. આમ આ કામના આરોપીઓએ શરુઆતથી જ પોતાનો બદ ઈરાદો પાર પાડવાના હેતુથી અને ભવિષ્યમાં જાર કર્મ કરવાના હેતુથી એક બીજાની

મેળાપીપણામાં ફરીયાદણને મકાન વકતા બનાવવાનું કહી વિશ્વાસ અને ભરોસામાં લઈ આશ્રમમાં રોકાવા માટે દબાણ કરેલ હતુ. આ બાબતને સમર્થન આપતા સ્વતંત્ર નિવેદનો સાહેદોએ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલ છે. ત્યારબાદ સને ૨૦૦૧ ના અમદાવાદના ગુરૂપૂર્ણિમાના પ્રોગ્રામ પછી એક દિવસ આરોપી નં.(૨) ભારતીબેન કે જે આરોપી નંબર–૧ની દિકરી થાય છે તેણીએ આરોપી નં.(૬) મારફતે ફરીયાદણને બોલાવી જણાવેલ કે '' તારે અને ટીના એકયુપ્રેશરનાએ બાપુ પાસે ફાર્મ હાઉસ કુટીયામાં જવાનું છે '' તેવુ જણાવી ફરીયાદણ ફરીયાદણ ફરીયાદણ તથા સાહેદ ટીના એકયુપ્રેશર બંનેને મહિલા આશ્રમની આગળ આવેલ ગૌશાળા પાસે ઉભેલી આરોપી નં.(૨) ની ગાડીમાં બેસવાનું કહેતાં તેઓ બન્ને બેસી ગયેલ ત્યારે આરોપી નં.(૨) એ આ બંનેને કહેલ કે ફાર્મ હાઉસ પહોંચીએ ત્યારે તમને કોઈ જોઈ ના લે એટલા માટે ગાડીમાં નીચે નમીને બેસી જજો. બાદ આરોપી નં.(૧) ના શાંતીવાટીકા ખાતે ફરીયાદણ તથા ટીના એકયુપ્રેશરને લઈ ગયેલ અને ત્યાં ઉતારેલ અને આરોપી નં.(૨) ગાડી લઈ પરત જતા હતા તે વખતે ફરીયાદણએ પોતાને પરત લઈ જવાનું કહેતાં તેણીએ જણાવેલ કે હું હમણાં જ આવુ છુ તેમ કહી જતી રહેલ. તે પછી ફરીયાદણ તથા સાહેદ ટીના એકયુપ્રેશર શાંતી વાટીકા પહોંચેલ ત્યારે આરોપી નં.(૧) નો રસોઈયો સાહેદ અખીલ નરેશચંદ્ર ગુપ્તાનાનો હાજર હોય તેને ફરીયાદણ તથા સાહેદ ટીના એકયુપ્રેશરને જણાવેલ કે બાપુએ અમને બોલાવેલ છે તેવુ કહેતા આ અખીલે અંદર જઈ આરોપી નં.(૧) ને જાણ કરેલ તે પછી આ અખીલને આરોપી નં.૧ એ ત્યાંથી કાઢી મુકેલ તે પછી આરોપી નં.૧ એ મોટા અવાજે કહેલ કે '' એક કે બાદ એક આઈએ પહેલે ટીનાએકયુપ્રેશર આજા'' તેવુ કહેતાં સાહેદ ટીનાએકયુપ્રેશરબેન આરોપી નં.૧ જે રૂમમાં હતા તે રૂમમાં ગયેલ અને દસેક મિનિટ

બાદ તેણી રૂમની બહાર આવી ગયેલ તે વખતે આરોપી નં.ર ત્યાં હાજર હોય આરોપી નં.૧ નાએ આરોપી નં.ર ને કહેલ કે પટ્ટો ઈનન બે ખાણીવન '' એટલે ટીનાએકયુપ્રેશરને લઈ જા આથી આરોપી નં.ર સાહેદ ટીનાએકયુપ્રેશરને બેસાડી પરત જવા લાગતાં ફરીયાદણએ પોતાને પણ સાથે લઈ જવાનું આરોપી નં.રનાને કહેતાં તેણે કહેલ કે થોડીવારમાં પાછી આવીને તને લઈ જઈશ તેવુ કહી જતી રહેલ હતી. તે પછી આરોપી નં.૧ નાએ ફરીયાદણને કહેલ કે '' આજા'' જેથી ફરીયાદણ આરોપીના રૂમમાં ગયેલા. આરોપીએ કહેલ કે બારી ઉપર કટોરીમાં ગાયનું ઘી પડેલ છે તે લઈને મારા માથામાં માલીશ કર તેવુ કહેતાં ફરીયાદણ કટોરી લઈ આરોપી નં.૧ ને માથામાં માલીશ કરવા લાગેલ તે વખતે આરોપી નં.૧ નાએ ફરીયાદણના શરીર સાથે બિભત્સ ચેષ્ટાઓ કરવા લાગેલ જે બાબતે ફરીયાદણએ વિરોધ કરતાં કહેલ કે, '' બાપુ મને આવુ નથી ગમતુ '' તેથી આરોપી નં.૧ એ કહેલ કે, '' તારે મહાન વકતા બનવાનું છે. પરંતુ તે પહેલાં તારા ભાગ્યમાં લખાયેલ સંસાર મારે મીટાવવો પડશે '' તેમ કહી બિભત્સ શારીરીક ચેષ્ટાઓ કરવાનું ચાલુ રાખેલ અને કહેલ કે, '' દુપટ્ટો બાજુમાં મુકી દે'' તેવુ કહેતાં ફરીયાદણએ તેમ ન કરતાં આરોપી નં.૧ એ દુપટ્ટો ખેંચી બાજુમાં નાખી દીધેલ અને આ વખતે ફરીયાદણની આનાકાની અને ધકકાથી ઘીની વાટકી નીચે પડી જતાં અને તેમાંનું ઘી ઢોળાઈ જતાં આરોપી નં.૧ ગુસ્સે થઈ કહેલ કે, '' સાલી તુને મેરી કુટીયા ગંદી કરદી. જીતના જલ્દી સમર્પણ કરેગી ઉતની જલ્દી તેરી ઉન્નતી હોગી '' તેમ કહી પલંગ ઉપરથી ઉતરી ગયેલ.જેથી ફરીયાદણ ગભરાઈ જઈ રડવા લાગેલ અને આરોપી નં.૧ ના પગ પકડી વિનંતીઓ કરવા છતાં આરોપી નં.૧ નાએ ફરીયાદણને પકડી તેના પલંગ ઉપર નાખી કહેવા લાગેલ કે, '' ચીલ્લા તેરે કો કોઈ બચાનેવાલા યહાં આનેવાલા નહી હે '' તેમ કહી ફરીયાદણએ પહેરેલ સલવારનું નાડુ ખેંચતાં તે તુટી ગયેલ અને આરોપી નં.૧ એ જબરજસ્તીથી ફરીયાદણની

સલવાર કાઢીને ફેંકી દીધેલ જેથી ફરીયાદણ ભાગીને બાથરૂમ બાજુના બારણાના સામેના દરવાજાથી ભાગવા જતાં આરોપી નં.૧ પાછળથી પકડી બળપૂર્વક પલંગ તરફ ખેંચી લઈ પોતે નિર્વસ્ત્ર થઈ કહેલ કે, '' યહાં કોન આનેવાલા હે ઓર ભાગેગી તો ભાગ કે યહાં સે કહા જાયેગી., મુજસે કયુ ડરતી હો ? '' તેમ કહી આરોપી નં.૧ એ બળપૂર્વક ફરીયાદણ પાસે મુખમૈથુન કરાવેલ તે પછી જબરજસ્તીથી પલંગ ઉપર નાખી બળપૂર્વક આશરે બે થી ત્રણ મિનિટ સુધી સંભોગ કરેલ જેના કારણે ફરીયાદણના ગુપ્તાંગમાંથી લોહી નીકળેલ અને પહેરેલ કુર્તો લોહીવાળો થયેલ. અને ફરીયાદણને ખુબ જ પીડા થવાથી તે ખુબ જ ચીસો પાડવા લાગેલ અને જોરથી રડવા લાગેલ પરંતુ તેમ છતાં કોઈએ ત્યાં આવી ફરીયાદણને બચાવેલ નહી. તે વખતે આરોપી નં.૧ એ કહેલ કે, '' તુ જલ્દી ખડી હો જા ઓર બાથરૂમ કરલે નહી તો કુછ રહ જાયેગા'' તેમ કહેતાં ફરીયાદણ રડતી રડતી બાથરૂમમાં ગઈ અને પાણીથી પોતાનું ગુપ્તાંગ તથા કુર્તાના ઉપરના લોહીના ડાઘ ધોઈ કાઢેલ ત્યારપછી આરોપી નં.૧ એ ફરીયાદણનો સલવાર તથા દુપટ્ટો ફરીયાદણને બાથરૂમમાં આપી ગયેલ જે સલવારનું નાડુ તુટી ગયેલ હોવાથી ફરીયાદણએ પોતે ગાંઠ મારી પહેરી લીધેલ. અને ફરીયાદણ બાથરૂમની બહાર નીકળેલ તે વખતે આરોપી નં.૧ એ કહેલ કે '' યહ જો હુઆ ઉસકી ભનક ભી કીસીકો પડની નહી ચાહીએ ઓર તુને કીસીકો બતાયા તો ભસ્મ કર દુંગા, હમ તો તુમ્હે મહાન વકતા બનાના ચાહતે હે, ઈસ લીયે મુજે તેરે નસીબમે જો સંસાર લીખા હે વો તેરા સંસાર કાટના પડતા હે, અગર કીસીકો બાત કરેગી તો ઉસકા મેસેજ ગલત જાયેગા ઓર અબ તુમ દેખના મેને તુમ્હારા જો સંસાર કાટા હે ઈસસે અબકે બાદ સાધનામે તુમ્હારી કીતની ઉન્નતી હોતી હે '' તેમ કહી આરોપી નં.૧ એ કોડલેસફોન ફરીયાદણ પાસે મંગાવી આરોપી નં.૨ ને ફોન કરતાં આરોપી નં.૨ સફેદ કલરની ગાડી લઈ શાંતીવાટિકા આવી ફરીયાદણને બેસાડી મહિલા

આશ્રમ નજીક શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી જતી રહેલ તે વખતે મહિલા આશ્રમના ગેટ પાસે આરોપી નં. ૪ તથા ૫ બેઠેલ હતા તેઓ ફરીયાદણને જોઈ હસવા લાગેલ અને પુછેલ કે '' કુર્તો કયાં ભીનો થયો ? બાપુ કયાં છે ? બાપુ કયારે આવે છે ? '' જેથી ફરીયાદણ જવાબ આપ્યા સિવાય રૂમમાં જઈ નહાવા ગયેલ ત્યારે પણ ગુપ્તાંગમાંથી લોહી નીકળવાનું ચાલુ હતુ જેથી બાથરૂમમાં ધોયેલ અને નહાયેલ અને ત્યારપછી બીક અને પીડાથી ફરીયાદણને બે દિવસ સુધી સતત તાવ આવેલ જેથી ફરીયાદણ ગભરાઈ ગયેલ હતી અને રૂમની બહાર નીકળેલ નહી ત્યારે આરોપી નં.૪ ફરીયાદણના રૂમ પર જઈ કહેલ કે, '' તુજે બાપુસે જો મીલા હે વો ઉનકી મહાન કૃપા હે ઉસે સંભાલકે રખના ઓર ખુદ સંભલ જાના '' અને દૂધ તથા સફરજન આપી કહેલ કે, '' બાપુને ભીજવાયા હે '' ત્યારબાદ ફરીયાદણને વકતા બનાવવા સત્સંગની પ્રેકટીસ કરવા બાપુએ કહેલ છે તેવુ તેણીએ જણાવેલ.

ત્યારબાદ એકાદ માસ બાદ આરોપી નં.૬ રાત્રિના આશરે સાડા દસેક વાગે ફરીયાદણના રૂમ ઉપર જઈ ફરીયાદણના નામની બુમ પાડતાં ફરીયાદણ રૂમની બહાર આવેલ તે વખતે આરોપી નં.૬ એ કહેલ કે,'' તારે લક્ષ્મી મૈયા પાસે જવાનું છે '' જેથી ફરીયાદણ સમજેલ કે તેણીએ ફરીથી આરોપી નં.૧ પાસે જવુ પડશે તેમ સમજી કપડા બદલીને આવુ છુ તેવુ જણાવી તક મળતાં આશ્રમના બગીચાની વાડ પાછળ છુપાઈ ગયેલ તે વખતે આરોપી નં.૨, ૩ તથા અન્ય ચોકીની બહેનો ફરીયાદણને શોધેલ પરંતુ શોધી શકેલ નહી તે પછી સવારે આશરે નવેક વાગે આરોપી નં.૭ જશીબેન ફરીયાદણના રૂમ પર જઈ જબરજસ્તી પૂર્વક પકડી આરોપી નં.૩ પાસે લઈ ગયેલ તે વખતે આરોપી નં.૩ એ ફરીયાદણને ગાલ ઉપર જોરથી બે લાફા મારી કરેલ કે, ''રાત્રે તારા કારણે મને બાપુની ડાંટ પડેલ કે, સાલી દો ટકેકી લડકી કો નહી સંભાલ શકતી ઓર મેસે પાસ નહી ભેજ સકતી તેવુ કહી અબ

તો તેરે કો મે દેખ લુંગી '' તેવી ધમકી આપેલ. જેનાથી ફરીયાદણ ખુબ જ ગભરાઈ ગયેલ. તે દિવસે બપોરે બે વાગ્યાના અરસામાં આરોપી નં.ર ફરીયાદણને ફરીથી આરોપી નં.૧ ના શાંતી વાટિકા ખાતે લઈ ગયેલા અને અગાઉ જે રૂમમાં ફરીયાદણ સાથે આરોપી નં.૧ નાએ જે બદકામ કરેલ તે રૂમમાં રજુ કરતાં તે વખતે આરોપી નં.૧ ફરીયાદણને જોઈ ગુસ્સે થઈ કહેલ કે, '' સાલી રાંડ તેરી વજહસે કલ રાત મે સો નહી પાયા ખાના નહી ખા પાયા આઈંદા મેરી કુટીયામે પેર નહી રખના જા યહાં સે અબ તુજે પતા ચલેગા કી હમ તુમસે કયા કર સકતે હૈ '' તેમ કહી ઉશ્કેરાઈ જઈ થાળી વાટકા પછાડી ઈરાદાપૂર્વક ફરીયાદણનું અપમાન કરેલ આથી ફરીયાદણ ગભરાઈ જઈ રૂમની બહાર નીકળી ગયેલ અને આરોપી નં.ર સાથે મહિલા આશ્રમમાં પરત આવેલ. આથી આરોપી નં.૧ નાએ ઈ.પી.કો.ક. ૫૦૪ મુજબનો પણ ગુનો કરેલ છે.

તે પછી આરોપી નં.૧ સાંજે મહિલા આશ્રમમાં ગાડી લઈને ચકકર લગાવવા ગયેલ. તે વખતે આરોપી નં.૪ મારફતે ફરીયાદણને બોલાવેલ અને કહેલ કે, '' ગુરૂકા સચ્ચા ભકત વો હોતા હે જો ગુરૂ કી હા મે હા કહે '' અને આરોપી નં.૪ ને કહેલ કે, '' ઈસે સીખાઓ ' તેવુ કહી નીકળી ગયેલ. તે પછી આરોપી નં.૧ ફરીયાદણને મીઠી મીઠી વાતો કરી વિશ્વાસ અને ભરોસો આપી આ વાત કોઈને નહી કહેવા સમજાવેલી. ત્યારબાદ ફરીયાદણને વકતા બનાવવામાં આવેલ અને જુદા જુદા સ્થળોએ પોગ્રામોમાં જતા અને સત્સંગ દરમ્યાન આરોપી નં.૧ ના ચૂર્ણના વેચાણની તથા તેના કલેકશનની વિગતો તેમજ સત્સંગમાં કેટલી દક્ષિણા મળી તેની માહિતી ફરીયાદણએ આરોપી નં.૧ ને ટેલીફોનથી આપવી પડતી હતી ત્યારે આરોપી નં.૧ કહેતા કે, '' વો સબ બાતે ઠીક હે લેકીન ઈસ વાતાવરણમે તેરી કમી મેહસુસ હોતી તે '' તેવી બિભત્સ વાતો કરતા. પરંતુ આરોપી નં.૧ ની ધાક અને પ્રભાવના કારણે ફરીયાદણ આ વાત કોઈને કહી શકતી ન હતી અને ત્યાંથી

નીકળી પણ કશતી ન હતી. ફરીયાદણ સાથેના બનાવ બાદ આશ્રમની ગતિવીધીઓથી ફરીયાદણને જાણવા મળેલ કે, આરોપી નં.૧ ને નવી છોકરીઓમાં જ રસ છે. પરંતુ તેમ છતાં આરોપી નં.૧ જયારે જયારે મોકો મળતો ત્યારે તે ફરીયાદણના શરીર સાથે બિભત્સ અડપલાં કરતા હતા. આથી આ કામના ફરીયાદણ સાથે આરોપી નં.૧ નાએ અવાર નવાર યૌનશોષણનો ગુનો કરેલ છે.

સને ૨૦૦૫ ની સાલમાં આરોપી નં.૧ એ ફરીયાદણને મોડાસા ખાતેના આશ્રમમાં બોલાવેલ તે વખતે છ જેટલી છોકરીઓ હાજર હતી આરોપી નં.૧એ માત્ર કુર્તો પહેર્યો હતો તેઓ વારા ફરથી છોકરીઓના મોઢામાં લીંગ નાખતા હતા તે દિવસે સાંજના આરોપી નં.૧ એ ફરીયાદણને આશ્રમના બગીચામાં બોલાવેલ અને એક ઝાડ પાસે ખુણામાં લઈ જઈ ફરીયાદણએ પહેરેલ કપડાની અંદર હાથ નાખી છાતી દબાવી બિભત્સ અડપલાં કરેલ હતા.

આરોપી નં.૧ ની બીક, ધાક અને પ્રભાવના કારણે ફરીયાદણએ આ બધુ સને ૨૦૦૭ સુધી સહન કરેલ પરંતુ આરોપી નં.૧ ના આવા દુષ્કૃત્યથી નફરત થઈ જતાં મનમાં વારંવાર મરી જવાના વિચાર આવતા હતા કે આના કરતાં ફરીયાદણ પોતે મરી જાય અથવા આશ્રમ છોડી ભાગી જાય જેથી ફરીયાદણ એક દિવસ મોકો મળતાં સવારના દસેક વાગે આશ્રમના પાછળના રસ્તેથી નીકળી ગયેલા. આરોપી નં.૧ એ પોતાની સાથે ધાક ધમકી પ્રલોભન તેમજ બીક બતાવી શારીરીક શોષણ કરેલ તે બાબતમાં ફરીયાદણને ખૂબ જ ઉંડો આઘાત લાગેલ પરંતુ આરોપી નં.૧ ની વગ, પ્રભાવ, સામાજીક પ્રતિષ્ઠા અને તેમની બીક તેમજ તેમની સામે પડનાર વ્યકિતઓના આશ્રમમાં જે હાલ થતા તે બાબતે ફરીયાદણ પોતે જાણતા હોવાથી અને સાંભળેલ હોઈ ફરીયાદ કરેલ નહી પરંતુ આરોપી નં.૧ ની જોધપુર પોલીસે ધરપકડ કરી ત્યારે ફરીયાદણને વિશ્વાસ થયો કે કાયદો રક્ષણ આપે છે જેથી આરોપી નં.૧ એ ફરીયાદણનું કરેલ શારીરીક શોષણ અને દુષ્કૃત્ય

વિરૂઘ્ધ ફરીયાદ આપવાનું વિચારેલ. પરંતુ મોટા મોટા માણસો અને પોલીસ અધિકારીઓ આરોપી નં.૧ ના શિષ્યો હોય અને તેઓને આશ્રમ કાળ દરમ્યાન જોયેલ હોય પોલીસ ફરીયાદ નોંધશે કે નહી તેવા ડર અને બીક અને ફરીયાદ નહી નોંધાય તો ફરીયાદણ પોતે ખુલ્લા પડશે અને બરબાદ થઈ જશે અને આરોપી નં.૧ ના અનુયાયીઓ જીવતા નહી રહેવા દે અને ફરીયાદણને લાગેલ કે, જો આરોપી નં.૧ ની ધરપકડ ન થઈ હોત અને હાઈકોર્ટે જો છોડી દીધા હોત તો પોતે પોતાના શારીરીક શોષણ બાબતે આરોપી નં.૧ વિરૂઘ્ધ ફરીયાદ કરત નહી. અને જોધપુર હાઈકોર્ટે જામીન ન આપતાં ફરીયાદણને હિંમત થતાં આ ફરીયાદ કરેલ છે. આ કામે આરોપી નં.૧ નાએ ફરીયાદણ સાથે બળાત્કારનો ગુનો કરેલ હોય તે ગુનો કરવામાં પોતે સક્ષમ છે કે કેમ તે અંગેની મેડીકલ તપાસણી અર્થે તેઓના પુરૂષત્વ અંગેના ટેસ્ટ માટે સોલા સીવીલ હોસ્પિટલ તથા અમદાવાદ સીવીલ હોસ્પિટલ ખાતે અલગ અલગ દિવસે તથા સમયે લઈ જતાં આરોપીએ આ પુરૂષત્વ ટેસ્ટ કરાવવા ડો.શ્રી સમક્ષ ઈન્કાર કરેલ અને જેના લીધે તપાસમાં જરૂરી મેડીકલ નમુના મેળવી શકાયેલ નથી. જે પરોક્ષ રીતે દર્શાવે છે કે, આરોપી નં.૧ ગુનાહીત માનસ ધરાવે છે. ઉપરોકત ડો.શ્રીઓએ આરોપીએ કરેલ ઈન્કારની બાબતને સમર્થન આપેલ છે.

આ કામે ફરીયાદણને સાથે રાખી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરતાં ફરીયાદણએ તેની સાથે આરોપીએ શાંતીવાટિકા ફાર્મ હાઉસમાં જે રૂમમાં બદકામ કરેલ તે જગ્યા પંચો રૂબરુ બતાવેલ અને જણાવેલ કે , બનાવ વખતે તે રૂમની તથા રૂમમાં પ્રવેશવા માટેના ઘ્વારની જે સ્થિતિ હતી તેમાં ઘણા ફેરફારો કરવામાં આવેલ છે. નવુ બાંધકામ થયેલાનું જણાઈ આવેલ છે. જે આધારે આ ગુનાવાળી જગ્યા શાંતીવાટિકા ફાર્મ હાઉસમાં થયેલ ફેરફારો અંગે માહીતી મેળવવા સારૂ એસ્ટેટ ઓફીસરશ્રી એસ્ટેટ વિભાગ મ્યુનીસીપલ કોર્પોરેશન અમદાવાદનાઓને લેખિત

ચાદી મોકલી આપતાં તેઓએ સ્થળ ચકાસણી કરાવી જણાવેલ કે મંજુર થયેલા પ્લાન કરતાં કેટલાક આંતરીક ફેરફાર થયેલા હોવાની વાતને તેઓ સમર્થન આપે છે. તેમજ આરોપી નં.૧ નાએ પોતે કરેલ ગુન્હા સબબ કાનુની સકંજામાંથી બચવાના ઈરાદાથી તે વખતે બનાવના સ્થળે વસ્તુઓ રાખવામાં આવેલ હતી તેમાં તથા સ્થળમાં ફેરફાર કરી તે અંગેના પુરાવાનો નાશ કરેલ હોવાથી ઈ.પી.કો.ક. ૨૦૧ મુજબ પણ ગુનો કરેલ છે. આ કામે આરોપી નં.૬ નાઓ પોતે બનાવ બન્યો ત્યારે મહિલા આશ્રમ અમદાવાદના સંચાલક તરીકે હતા. અને તેઓને મહિલા આશ્રમમાં અનુષ્ઠાન અથવા કાયમી વસવાટ કરવા માટે આવતી મહિલા સાધકોનું રેકર્ડ અથવા કોઈ રજીસ્ટર અથવા કોઈ દસ્તાવેજ રજુ કરવા અથવા સોંપી દેવા અંગે જણાવતા ઈરાદાપૂર્વક તે રજુ કરેલ નથી અને આવો કોઈ દસ્તાવેજ કે રજીસ્ટ્રર કે રેકર્ડ નિભાવવામાં કે જાળવણી કરવામાં આવતી ન હતી. તેવો જવાબ ઈરાદાપૂર્વક પુછપરછ દરમ્યાન આપેલ છે. આથી આરોપી નં.૬ નાએ આઈ.પી.સી. કલમ–૧૭૫ મુજબનો પણ ગુન્હો કરેલ છે. આ ગુન્હાના કામના તમામ આરોપીઓ નં.૧ થી ૭ નાઓને તેઓની પુછપરછ દરમ્યાન કેસની હકીકત અને સંજોગો વિશેના પ્રશ્નોના સાચા જવાબો કે જે તે આરોપીઓની કબુલાત ન થાય તેવા પ્રશ્નો પુછવામાં આવતાં તેઓએ આવા પ્રશ્નોનો પણ જવાબ આપવા ઈન્કાર કરેલ છે. આથી આ ગુન્હાના તમામ આરોપીઓએ ઈ.પી.કો.ક. ૧૭૯ મુજબનો પણ ગુન્હો કરેલ છે.

આ કામના આરોપી નં.૧ નાઓ પોતાના આશારામ આશ્રમના વડા હોય અને ધાર્મિક ગુરૂ હોય તેમના મહિલા આશ્રમમાં પ્રથમથી જ નાની/કુમળી વયની બાળાઓ/ મહિલાઓની પસંદગી કરી આશ્રમમાં એક યા બીજા બહાને રાખી, રખાવી આવી બાળાઓને મુખ્ય આરોપી શરુઆતમાં પ્રસાદ, પુસ્તક, ફુલ આપીને પસંદ કરતા તથા બાકીના તહોમતદારો આરોપી નં.૨ થી ૬ નાઓ સામેલ

રહી અને આરોપી નં.૧ ની પરવાનગી વગર આ કુમળી વયની બાળાઓ આરોપી નં. ૧ ના પ્રવચન, સત્સંગ સિવાયના અન્ય બીજા સત્સંગ શીબીરોમાં પણ ન જઈ શકે તેમજ તે બાળાઓના કુટુંબીજનો તે મહિલા/બાળાઓને મળવા માટે આવે તો પણ મુખ્ય આરોપીની પરવાનગી વગર સહ આરોપી નં.૬ મળવા દેતા ન હતા. અથવા તો કયારેક થોડાક સમય માટે આશ્રમમાં રહેનાર મહિલાઓ/બાળાઓને તેમના કુટુંબીજનો સાથે મળવા દઈ આશ્રમમાં રાખવા દબાણપૂર્વક સમજાવી મહિલા આશ્રમ ( આશારામ આશ્રમ) અમદાવાદ ખાતે રાખવાનું ષડયંત્ર રચવામાં સહ તહોમતદારો આરોપી નં.ર થી ૬ નાઓને સીધી મદદગારીથી આરોપી નં.૧ નાએ યૌનશોષણ તથા દુષ્કર્મનો ગુનો કરેલ છે.

આમ ઉપરોકત આરોપી નં.૧ થી ૬ નાઓએ એકબીજાની મદદગારીથી પૂર્વ આયોજીત કાવતરુ રચી ફરીયાદણને અનુષ્ઠાન કરવાના બહાને મહિલા આશ્રમ મોટેરા ખાતે બોલાવી અનુષ્ઠાન પુરા થવા છતાં પણ ફરીયાદણને ઘરે જવાની મંજુરી નહી આપી આશ્રમમાં રહેવા દબાણ કરી તથા મહાન વકતા બનાવવાનું જણાવી આરોપી નં.ર થી ૭ નાઓએ ફરીયાદણ સાથે આરોપી નં.૧ ને દુષ્કર્મ કરવા સાથ સહકાર આપી નં.૧ પોતે મોટેરા મહિલા આશ્રમના વડા હોય તેના અધિકૃત દરજજાનો લાભ લઈ ફરીયાદણને પોતાની પાસે બોલાવી ફરીયાદણની સાથે જબરજસ્તી કરી સ્ત્રી તરીકેની લાજ લેવાના ઈરાદે નિર્લજ હુમલો કરી ફરીયાદણની મરજી વિરૂધ્ધ પ્રથમ મુખમૈથુન કરાવી બાદ બળપૂર્વક સંભોગ કરી પોતાના બદકૃત્યને છુપાવવા સારૂ અને ફરીયાદણ કોઈને જાણ ન કરે તે માટે ધાક ધમકી આપી ગુનાહીત કૃત્ય કરી ઈ.પી.કો.ક.૩૭૬ (૨)(ગ),૩૭૭, ૩૫૪, ૩૫૭, ૩૪૨, ૩૪૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૦૧, ૧૭૫, ૧૭૯,૧૨૦ (બી) મુજબનો ગુન્હો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદણએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં. ૨૧૮/૨૦૧૩ થી નોંધાવેલ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## (૩) પોલીસ તપાસ:-

આ કેસમાં અધિક પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરનાઓ તરફથી તપાસના કામે નીચે જણાવેલ પોલીસ અધિકારીની એસ.આઈ.ટી.ની રચના કરવામાં આવેલ છે.

| અ.નં. | નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | શ્રી મનોજ નિનામા | ના.પો.કમિ.,ઝોન-૨,અમદાવાદ શહેર |
| (૨) | ડો. કાનન દેસાઈ | એ.સી.પી.મહિલા સેલ,અમદાવાદ શહેર |
| (૩) | કુ.ડી.બી.રવિયા | મહિલા પો.ઈ.વિશેષ શાખા,અમદાવાદ શહેર |
| (૪) | શ્રી એ.જી. ગોહિલ | પો.ઈ. ચાંદખેડા પો.સ્ટે.અમદાવાદ શહેર |
| (૫) | શ્રી કે.બી.જાડેજા | પો.સ.ઈ.ચાંદખેડા પો.સ્ટે.અમદાવાદ શહેર |
| (૬) | શ્રીમતી ટી.એમ. પટેલ, | મહિલા પો.સ.ઈ.ચાંદખેડા પો.સ્ટે.અમદાવાદ શહેર |

(૪) ઉપરોકત ફરીયાદ ફરીયાદણએ જાહેર કરતા તપાસનીશ અમલદારે તપાસ શરુ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી ફરીયાદણ-ભોગબનનાર તથા આરોપી નં.૧ ની મેડીકલ તપાસણી કરવા સારુ કાર્યવાહી કરેલ અને કબજે કરેલ મુદ્દામાલને એફ.એસ.એલ. ખાતે પૃથ્થકરણ અર્થે રવાનગી નોંધ સાથે મોકલેલ. ત્યાર બાદ જરુરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૭૩ મુજબ સદર કામનું ચાર્જશીટ ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં રજુ કરતાં જેનો ક્રિમીનલ કેસ નં. ૨૯૫/૨૦૧૫ નો રજીસ્ટર્ડ થયેલ છે.

## (૫) કમીટલ પ્રોસીડીંગ્સ:-

આ કામમાં ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીનાઓએ સી.આર. પી.સી. ની કલમ-૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની વિના

મુલ્યે નકલો મળ્યાની ખાતરી કરી તેમજ આરોપીઓને તેમના બચાવ માટે સરકારી વકીલની જરુર છે ? તેવી ખાતરી કરતા આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલા હોવાનુ જણાવેલ. ત્યારબાદ સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેસન્સ અદાલતને હોઈ ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ સદરહુ કેસ ક્રિ. પ્રો. કોડ કલમ–૨૦૯ હેઠળ મે. મુખ્ય સેસન્સ જજ સાહેબ ગાંધીનગરનાઓને કમિટ કરેલ. જે સેસન્સ કેસ નં.૩૪/૨૦૧૪ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ અને વહીવટી હુકમથી ઈન્સાફી કાર્યવાહી ચલાવવા અત્રેની કોર્ટ ને એલોટ કરવામાં આવેલ.

**તહોમતનામું:–**

(૬) આ કામના આરોપીઓ વિરુધ્ધ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશ શ્રીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ (૨)(ગ), ૩૭૭, ૩૫૪,૩૫૭, ૩૪૨, ૩૪૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૦૧,૧૭૫,૧૭૯,૧૨૦(બી) મુજબના ગુના સબબનુ તહોમતનામુ આંક– ૯૬ થી ફરમાવી તા: ૨૮ /૦૩ /૧૯૯૬ ના રોજ આંક–૯૭ થી આંક–૧૦૩ આરોપીઓનો જવાબ રેકર્ડ કરતા તેઓએ ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવા માગે છે તેમ જણાવેલ છે.જે અંગેનું નિવેદન નોંધી ફરીયાદપક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધેલ છે.

**(૭) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.**

| નં. | સાહેદનુ નામ અને વિગત | આંક. |
|---|---|---|
| ૧ | **અરવિંદભાઈ મુળજીભાઈ શ્રીમાળી.**<br>(ભોગ બનનારના શરીરસ્થિતિના પંચનામાનાપંચ) | ૧૩૫ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૨ | **ભરતકુમાર દશરથલાલ ત્રિવેદી.**<br>(આરોપી નં.(૧) આશારામ થાઉમલ સીન્ધી હરપલાણીના શરીર સ્થિતિના પંચનામાના પંચ) | ૧૩૭ |
| ૩ | **બાબુભાઈ નાનજીભાઈ બજાત.**<br>(ભોગબનનારના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ કબજે કર્યાના પંચનામાના પંચ) | ૧૪૧ |
| ૪ | **ઉમેશભાઈ મીઠાલાલ શર્મા.**<br>આરોપી નં.(૧) આશારામના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ કબજે કર્યાના પંચનામાના પંચ) | ૧૪૩ |
| ૫ | **ગુલાબસિહ ગોકુલસિંહ ચૌહાણ.**<br>(મહીલા આશ્રમમાં આવેલ આરોપી નં.(૩)લક્ષ્મીમૈયાની કુટીરની ચર્તુદિશા તથા કુટીરમાંથી ધાર્મિક પુસ્તકો તથા કેસેટો કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૫૭ |
| ૬ | **જીતુભાઈ રસીકભાઈ ચાવડા.**<br>(નારાયણ વાટીકાના બીલ્ડીંગના રૂમમાંથી એક નોકીયા કંપનીનો મોબાઈલ તથા તેનુ ચાર્જર, એક ફાઈલ અને એક નોટબુક કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૫૯ |
| ૭ | **મયુરભાઈ જશવંતભાઈ શ્રીમાળી.**<br>(આરોપી મીરાબેન ઉર્ફે બગલોના ઘરની ઝડતી કરી સીંઘી ભાષામાં લખેલુ લખાણ જે કાગળોમાં લખેલુ હતુ તે કાગળો કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૬૨ |
| ૮ | **મેહુલ રમણભાઈ મકવાણા.**<br>(આરોપી મીરાબેન ઉર્ફે બગલોના ઘરની ઝડતી કરી સીંઘી ભાષામાં લખેલુ લખાણ જે કાગળોમાં લખેલુ હતુ તે કાગળો કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૬૪ |
| ૯ | **અમીતભાઈ પ્રદિપભાઈ ત્રિવેદી.**<br>(મહીલા આશ્રમમાં આવેલ આરોપી નં.(૩)લક્ષ્મીમૈયાની કુટીરની ચર્તુદિશા તથા કુટીરમાંથી ધાર્મિક પુસ્તકો તથા કેસેટો કબજે લીધાના પંચનામાના પંચ | ૧૭૦ |
| ૧૦ | **કીશનલાલ નાથુજી ચૌધરી.**<br>(આરોપી મીરાબેનના ઘરમાંથી બે બુક અને ૧૪ કાગળીયા સીંઘી ભાષામાં લખેલા કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૭૧ |
| ૧૧ | **સિધ્ધરાજસિંહ પ્રવિણ સિંહ ચાવડા.**<br>(આરોપી નં.(૧) આશારામની કુટીર (બનાવવાળી જગ્યા)એથી ટીપોઈ, બ્લેકકેટ, પલંગ વિગેરે કબજે લીધાના પંચનામાના પંચ) | ૧૭૮ |
| ૧૨ | **રાહુલભાઈ મહેશભાઈ સોલંકી.**<br>( વીડીયોગ્રાફર સાહેદ) | ૧૮૪ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૧૩ | **અમૃતલાલ વશરામભાઈ હીંગરાજીયા.**<br>(બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કરનાર એફ.એસ.એલ સાહેદ). | ૧૯૨ |
| ૧૪ | **શૈલેષભાઈ ચેલાભાઈ પટેલ.**<br>(આરોપીનં.(૧) આશારામની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ) | ૧૯૭ |
| ૧૫ | **ડો.ચીંતન કમલેશકુમાર સોલંકી.**<br>(આરોપીનં.(૧) આશારામની માનસીક તપાસ કરનાર તબીબી સાહેદ) | ૨૦૩ |
| ૧૬ | **ડો.ઉપેન્દ્રકુમાર ગોપાલભાઈ પટેલ.**<br>(આરોપીનં.(૧) આશારામની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ) | ૨૦૬ |
| ૧૭ | **ડો.ક્રીપા અમરતભાઈ પટેલ.**<br>(આરોપીનં.(૧)આશારામના રીમાન્ડ દરમ્યાન શારીરીક તપાસ કરનાર તબીબી સાહેદ) | ૨૧૦ |
| ૧૮ | **ડો.હેતલબેન ચિનુભાઈ પટેલ.**<br>(આરોપીનં.(૧) આશારામની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ) | ૨૧૭ |
| ૧૯ | **ડો.નીકુજભાઈ મહેશભાઈ બેન્કર.**<br>(આરોપીનં.(૧)આશારામની પેનાઈલડોપ્લર ટેસ્ટ બાબતેના તબીબી સાહેદ) | ૨૨૩ |
| ૨૦ | **ડો.કલ્પેશભાઈ કાન્તીલાલ કાપડીયા.**<br>(આરોપીનં.(૧) આશારામની પેનાઈલડોપ્લર ટેસ્ટ અને સીમન કલેકશન બાબતે સલાહ આપનાર તબીબી સાહેદ) | ૨૨૮ |
| ૨૧ | **ડો.બાદલભાઈ ધીરૂભાઈ ગાંધી.**<br>(ભોગ બનનારની મેડીકલ તપાસ કરનાર તબીબી સાહેદ) | ૨૩૦ |
| ૨૨ | **વિષ્ણુભાઈ રતીલાલ પટેલ.**(સ્વતંત્ર સાહેદ) | ૨૩૬ |
| ૨૩ | **જીગ્નેશભાઈ અરવીંદભાઈ પટેલ.**(સ્વતંત્ર સાહેદ) | ૨૩૮ |
| ૨૪ | **ગોપી અરવિંદભાઈ પટેલ.**(સ્વતંત્ર સાહેદ) | ૨૪૦ |
| ૨૫ | **અરવિંદભાઈ છોટાભાઈ પટેલ.**(સ્વતંત્રસાહેદ) | ૨૪૧ |
| ૨૬ | **રાજુભાઈ કીશનલાલ ચાંડક.**(સ્વતંત્ર સાહેદ) | ૨૪૭ |
| ૨૭ | **ભોગબનનાર તુષારભાઈ શાહ.**(ફરીયાદણ) | ૨૭૮ |
| ૨૮ | **તુષારભાઈ મુન્નાભાઈ વૈશ્ય.**(ભોગ બનનારના પતિ) | ૩૩૩ |
| ૨૯ | **જીજ્ઞાબેન ભરતકુમાર પરીખ.**(સ્વતંત્ર સાહેદ) | ૩૩૭ |
| ૩૦ | **મંજુલતાબેન રાજેશકુમાર જીતમલ.** (સ્વતંત્ર સાહેદ) | ૩૩૮ |
| ૩૧ | **ઈશ્વરભાઈ નારાયણજી નાયક.**(સાહેદ) | ૩૩૯ |
| ૩૨ | **મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલા.**(સાહેદ) | ૩૪૫ |
| ૩૩ | **જાન્કી ઉર્ફે શીલ્પીનારાયણસાઈ હરપલાની.**(આરોપી નં.(૧) આશારામની પુત્ર વધુ) | ૩૫૧ |
| ૩૪ | **વિમલેશકુમાર ભાઈલાલભાઈ ઠકકર.**(ભોગ બનનારના બનેવી) | ૩૫૬ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૩૫ | **રાકેશ જયંતિલાલ પટેલ.** (સ્વતંત્ર સાહેદ) | ૩૬૧ |
| ૩૬ | **ચંદાબેન ચેલારામ પટણી.**<br>(જહાંગીરપુરા પો.સ્ટે.તરફથી'૦'નંબરની આવેલ એફ.આઈ.આર.આધારે ચાંદખેડા પો.સ્ટે.માં ગુનો દાખલ કરનાર પોલીસ સાહેદ) | ૩૬૩ |
| ૩૭ | **તૃપ્તિબેન રાકેશભાઈ પટેલ.**(સ્વતંત્ર સાહેદ) | ૩૭૨ |
| ૩૮ | **મહાવીરસિંહ કાળુસિંહ રહેવર.**<br>(આરોપી નં.(૧) આશારામને મેડીકલ તપાસ કરવા લઈ જનાર પોલીસ સાહેદ) | ૩૮૨ |
| ૩૯ | **ખોડાભાઈ શંકરભાઈ ચૌધરી.**<br>(જહાંગીરપુરા પો.સ્ટે.૦ નંબરથી ગુનો દાખલ કરનાર પોલીસ સાહેદ) | ૩૮૪ |
| ૪૦ | **ધર્મેન્દ્રભાઈ ગોવીંદલાલ શાહ.**<br>(નોકીયા કંપનીના મોબાઈલનું પરીક્ષણ કરનાર એફ.એસ.એલ.સાહેદ) | ૪૦૪ |
| ૪૧ | **તેજલબેન દિલીપભાઈ શાહ.**<br>(ભોગ બનનારના નમુના તથા આરોપી નં.(૧) આશારામના લોહીના નમુનાનું પૃથ્થકરણ કરનાર એફ.એસ.એલ.સાહેદ) | ૪૦૮ |
| ૪૨ | **સુજાતાબેન નરેન્દ્રભાઈ બ્રહમભટ.**<br>(ભોગ બનનારના નમુના પૃથ્થકરણ કરનાર એફ.એસ.એલ.સાહેદ) | ૪૧૨ |
| ૪૩ | **પારૂલબેન વીમલેશભાઈ ઠકકર.**(ભોગ બનનારના બહેન) | ૪૧૭ |
| ૪૪ | **શોભાબેન પુરષોત્તમભાઈ ભુતડા.**<br>(જહાંગીરપુરા પો.સ્ટેશને '૦' નંબરની ફરીયાદ દાખલ કરાવનાર પોલીસ સાહેદ) | ૪૨૩ |
| ૪૫ | **પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલભાઈ રમણલાલ પારેખ.**(સ્વતંત્ર સાહેદ) | ૪૩૨ |
| ૪૬ | **સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિ.**(સ્વતંત્રસાહેદ) | ૪૩૫ |
| ૪૭ | **તોરલ મિતેષકુમાર પટેલ.**<br>(ભોગ બનનાર તથા સરોજબેન અને શેખર ગીરધારીલાલનું નિવેદન નોંધનાર પોલીસ સાહેદ) | ૪૫૫ |
| ૪૮ | **દેવેન્દ્રકુમાર ભવરસિંહ પ્રજાપતિ.**(સ્વતંત્ર સાહેદ) | ૪૬૦ |
| ૪૯ | **તુષાર નરેન્દ્રભાઈ દિક્ષીત.** (સ્વતંત્ર સાહેદ) | ૪૬૮ |
| ૫૦ | **આશાબેન તુષારભાઈ દિક્ષીત.**(સ્વતંત્ર સાહેદ) | ૪૭૫ |
| ૫૧ | **વર્ષા અખીલ ગુપ્તા.**(સ્વતંત્ર સાહેદ) | ૫૦૪ |
| ૫૨ | **કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજા.**<br>(દેવેન્દ્ર પ્રજાપતિ,દિનેશ ભાગચંદ્ર,શિલ્પીબેન ઉર્ફે જાનકી,સતીષ વાઘવાણી, પ્રેમજીભાઈ સાવલીયાના નિવેદનો નોંધનાર પોલીસ સાહેદ) | ૫૩૧ |
| ૫૩ | **અશોકસિંહ ગલતુભા ગોહીલ.**<br>(આરોપીનં.(૧) આશારામની શરીર સ્થિતિનું પંચનામુ કરનાર તેમજ સાહેદ ગોવિંદદાન,કૌશિક કેશવલાલ તથા ઈશ્વરભાઈ નાયકનું નિવેદન નોંધનાર પોલીસ સાહેદ) | ૫૩૯ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૫૪ | **ડો. કાનન મનુભાઈ દેસાઈ**.<br>(સાહેદ તૃપ્તીબેનનું નિવેદન નોંધનાર પોલીસ સાહેદ) | ૫૫૦ |
| ૫૫ | **દિવ્યા રવિયા જાડેજા**.(તપાસ કરનાર અમલદાર) | ૫૭૨ |

**(૮) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧ | ભોગ બનનારના શરીરસ્થિતિનુ પંચનામુ . | ૧૩૬ |
| ૨ | આરોપી આશારામ થાઉમલ સીન્ધી હરપલાણીનું શરીર સ્થિતિનું પંચનામુ. | ૧૩૮ |
| ૩ | આરોપી નં.(૧) આસુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધીનુ શરીર સ્થિતિનું(૧૦૬/૨૫) | ૧૪૭ |
| ૪ | આરોપી નં.(૧) આસુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધીનુ શરીર સ્થિતિનું(૧૦૬/૩૧) | ૧૪૮ |
| ૫ | ભોગબનનારના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ કબજે કર્યાનુ પંચનામુ. | ૧૪૨ |
| ૬ | આરોપી નં.(૧) ના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ કબજે કર્યાનુ પંચનામુ, | ૧૪૪ |
| ૭ | આરોપી નં.(૩) લક્ષ્મીબેન તથા આરોપી નં.(૨) ભારતીબેન ના પાસપોર્ટ જમા લીધેલ તે અંગેનું પંચનામુ. | ૧૫૨ |
| ૮ | સાહેદ તુષાર મુન્નાભાઈના ડો.શ્રી મીથલો કોનાયક,સીએચસી, સરકારી હોસ્પિટલ, ચોટીલાનાઓએ એમએલસી નં.૮૮૫/૧૩ થી મેડીકલ તપાસણી કરી લીધેલ નમુનાનું ફોર્મ (૧૦૬/૩૩) | ૧૫૩ |
| ૯ | મહીલા આશ્રમમાં આવેલ આરોપી લક્ષ્મીમૈયાની કુટીરની ચર્તુદિશા તથા કુટીરમાંથી કબજે લીધેલ ધાર્મિક પુસ્તકો તથા કેસેટો અને અન્ય વસ્તુઓનું કરેલ પંચનામુ. | ૧૫૮ |
| ૧૦ | પંચ સ્લીપ. | ૧૬૦ |
| ૧૧ | નારાયણ વાટીકાના બીલ્ડીંગના રૂમમાંથી એક નોકીયા કંપનીનો મોબાઈલ તથા તેનુ ચાર્જર, એક ફાઈલ અને એક નોટબુક કબજે | ૧૬૧ |

| | | |
|---|---|---|
| | લીધેલાનું પંચનામુ . | |
| ૧૨ | આરોપી મીરાબેન ઉર્ફે બગલો ના ઘરની ઝડતી કરી સીંધી ભાષામાં લખેલુ લખાણ જે કાગળોમાં લખેલુ હતુ તે કાગળો કબજે લીધાનું પંચનામુ. | ૧૬૩ |
| ૧૩ | મીરાબેનના ઘરમાંથી બે બુક અને ૧૪ કાગળીયા સીંધી ભાષામાં લખેલા હતા. તે કબજે લીધાનુ પંચનામુ. | ૧૭૨ |
| ૧૪ | પંચ સ્લીપ. | ૧૭૯ |
| ૧૫ | ટીપોઈ, બ્લેકકેટ, પલંગ વિગેરે કબજે લીધાનુ પંચનામુ. | ૧૮૦ |
| ૧૬ | આશારામ આશ્રમની તપાસ બાબતની ચાદી. | ૧૯૩ |
| ૧૭ | તા.૧૦–૧૦–૧૩ ના રોજ કલાક ૧૪:૦૫ થી ૧૮:૩૦ સુધી કાર્યવાહી કરેલી તેના રીપોર્ટ . | ૧૯૪ |
| ૧૮ | મેડીકલ ઓફીસર શ્રી સોલા સીવીલ હોસ્પીટલને સંબોધેલ મેડીકલ તપાસણી મુદ્દાઓ સાથેની ચાદી. | ૧૯૮ |
| ૧૯ | સી.એમ.ઓ ડો.ચોંબે સાહેબે પોલીસ ઈન્સપેકટર,ડી.બી. રવીયાનાઓને સંબોધીને લખેલ ફોરવડીંગ પત્ર. | ૧૯૯ |
| ૨૦ | આરોપી આશુમલ ઉર્ફે આશારામને ડો.ચોબે સાહેબે તપાસેલા તે અંગે તેમણે તૈયાર કરેલ સર્ટીફીકેટ. | ૨૦૦ |
| ૨૧ | આરોપી આશુમલ ઉર્ફે આશારામને એમ. એલ. સી. નં. ૩૩૨૨/૨૦૧૩ તા.૧૭.૧૦.૨૦૧૩ થી ફીઝીશીયન દવારા તપાસ કરેલ તે વિગતનું સર્ટીફીકેટ. | ૨૦૧ |
| ૨૨ | આરોપી નં.૧ ની ટ્રાન્સફર ચીટ. | ૨૦૪ |
| ૨૩ | રીમાન્ડ પરના આરોપી આશારામના સારવાર કરાવવા બાબતની ચાદી. | ૨૦૭ |
| ૨૪ | આરોપી આશારામના સારવાર સર્ટીફીકેટ. | ૨૦૮ |
| ૨૫ | મેડીકલ પરીક્ષણ કર્યા બાદના કેસ પેપર્સ જેમાં ફીઝીશીયન અને સાઈક્રાઈટીશને દર્દીને તપાસણી માટે રીફર કર્યા અંગેની વિગત . | ૨૦૯ |
| ૨૬ | રીમાન્ડ ઉપરના આરોપીને સારવાર કરવા બાબતની પોલીસ ચાદી. | ૨૧૧ |
| ૨૭ | પી.આઈ.શ્રી રવીયા તરફથી આરોપીનુ રીજી સ્કેન ટેસ્ટ | ૨૧૨ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| | કરવા બાબતની આપેલ પોલીસ ચાદી. | |
| ૨૮ | એમ.એલ.સી. નં.૩૩૯૩/૧૩ના દર્દીને તેમની સમક્ષ રજુ કરવામાં આવેલ તેની નોંધ દર્શાવતા રીપોર્ટ. | ૨૧૩ |
| ૨૯ | આરોપી આશારામની બળાત્કારના ગુના અંગે મેડીકલ તપાસણી કરવા બાબતેની ચાદી. | ૨૧૮ |
| ૩૦ | સોલા સીવીલ હોસ્પિટલની ટ્રાન્સફર ચીટ. | ૨૧૯ |
| ૩૧ | ઈ.પી.આર.નં.૩૬૮૩/૫/૧૩ દર્દીએ શારીરિક તપાસણી અંગ સંમતિ આપેલ | ૨૨૦ |
| ૩૨ | યુરોલોજી વિભાગના કેસ પેપર્સ . | ૨૨૧ |
| ૩૩ | આરોપી નં.૧ નું ઈન્જરી સર્ટીફીકેટ. | ૨૨૨ |
| ૩૪ | ઈ.પી.આર. કેસ નં. ૩૬૮૩/૫/૧૩. | ૨૨૯ |
| ૩૫ | ભોગ બનનારનુ સારવાર સર્ટી મેળવવા અંગેની ચાદી. | ૨૩૧ |
| ૩૬ | ભોગ બનનારની તબીબી તપાસણી અંગેનુ સર્ટીફીકેટ . | ૨૩૨ |
| ૩૭ | ભોગબનનારની મેડીકલ તપાસ માટેની પોલીસ ચાદી . | ૨૩૩ |
| ૩૮ | સાહેદ તુષાર મુન્નાભાઈ ડો. મીથલો કોનચાક ,સીએચસી સરકારી હોસ્પીટલ ચોટીલાનાઓએ મેડીકલ તપાસણી અર્થે લીધેલ નમુના નું પંચનામુ. (૧૦૬/૩૪) | ૨૩૪ |
| ૩૯ | ફરીચાદણની ફરીચાદ. | ૨૭૯ |
| ૪૦ | સ્ટેશન ડાચરી એન્ટ્રીની નકલ. | ૩૬૪ |
| ૪૧ | જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી આવેલ તે '૦' નંબરની એફ.આઈ.આર. ની નકલ | ૩૬૫ |
| ૪૨ | જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી એફ.આઈ.આર.સાથે આવેલ રીપોર્ટની નકલ. | ૩૬૬ |
| ૪૩ | જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી એફ.આઈ.આર.સાથે મળેલ રીપોર્ટની નકલ. | ૩૬૭ |
| ૪૪ | સુચિપત્ર. | ૩૬૮ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૪૫ | એફ.આઈ.આર. | ૩૬૯ |
| ૪૬ | સ્ટેશન ડાયરી એન્ટ્રીની નકલ. | ૩૮૫ |
| ૪૭ | મુદ્દામાલ સાથે મળેલ રવાનગી નોંધ . | ૪૦૫ |
| ૪૮ | રવાનગી નોંધ સાથે એક સીલબંધ પાર્સલમાં એક નોકીયા કંપનીનો મોબાઈલ ફોન મોકલેલ તે. | ૪૦૬ |
| ૪૯ | રીપોર્ટ સાથેના એનેક્ષર-એ. | ૪૦૭ |
| ૫૦ | મુદ્દામાલ આર્ટીકલ નં.ડી,ઈ,એચ-૧,આઈ,જે,એમ, એન, ઓ સીરોલોજીકલ પૃથ્થકરણ અર્થે આવેલ તે . | ૪૦૯ |
| ૫૧ | સીરોલોજી વિભાગના રીપોર્ટ . | ૪૧૩ |
| ૫૨ | બંને રીપોર્ટ નાયબ નિયામકને મોકલ્યા અંગેનો ફોરવડીંગ પત્ર . | ૪૧૪ |
| ૫૩ | સાહેદ સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિએ સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદન સમયે મેજીસ્ટ્રેટને આપેલ લખાણ. | ૪૩૭ |
| ૫૪ | અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ નાઓને સદર તપાસ અર્થે એસ.આઈ.ટી.ની રચના કરવા અંગે પોલીસ કમિશ્નર શ્રી એ લખેલ પત્ર | ૫૭૩ |
| ૫૫ | પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓએ આ ગુનાની તપાસ તેમની તરફ મોકલી આપેલી અને તપાસ કરનાર અધિકારી તરીકે તેમની નિમણુક કરેલ પત્ર . | ૫૭૪ |
| ૫૬ | સંયુકત પોલીસ કમિશનર શ્રીએ ગુનો રજીસ્ટર કરવા બાબતે લખેલો પત્ર. | ૫૭૮ |
| ૫૭ | સદરહું ગુનાની તપાસ અર્થે તપાસમાં જવા મંજુરી માટે ચાંદખેડા પો.સ્ટે દવારા નાયબ પોલીસ કમિશ્નરશ્રીને લખેલ પત્ર. | ૫૭૯ |
| ૫૮ | તપાસના કામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ,સુરતને અગાઉ કલમ-૧૬૪ મુજબના નીવેદન લેવા માટેની યાદી કરેલી તેની ફોટો કોપી. | ૫૮૦ |
| ૫૯ | સુરત ખાતે મહે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબને સદરહુ ગુનાના કામે ફરીયાદણના બહેનનું નીવેદન નોંધવા માટે કરેલી યાદી . | ૫૮૧ |
| ૬૦ | સદરહું ગુનાના કામે જહાંગીરપુરા પો.સ્ટે., સુરતના પી. આઈ. શ્રીને ગુના બાબતે માહીતી માંગેલી, તે યાદી. | ૫૮૨ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૬૧ | તપાસના કામે જહાંગીરપુરા આશ્રમ સુરતમાં આરોપી તથા જરૂરી પુરાવા એકત્રીત કરવા સારું ચાદી કરેલી તે | ૫૮૩ |
| ૬૨ | તપાસના કામે જે. કે. ભટ્ટ, અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર–૧ અમદાવાદનાઓની સુચનાથી પોલીસ સબ ઈન્સ્પેકટર ,કે.બી. જાડેજાને આશારામનું ટ્રાન્સફર વોરન્ટ મેળવવા ચીફ જ્યુડીશીચલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ગાંધીનગરને આપેલ ચાદી. | ૫૮૪ |
| ૬૩ | નામદાર કોર્ટ તરફથી ટ્રાન્સફર વોરન્ટ આપેલ. જેની કોપી | ૫૮૫ |
| ૬૪ | આ ટ્રાન્સફર વોરન્ટ લેવા માટે અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર –૧, અમદાવાદ શ્રી જે. કે. ભટ્ટનાઓએ કરેલ હુકમની ચાદી | ૫૮૬ |
| ૬૫ | બનાવની જગ્યાનું પંચનામું અમદાવાદ ખાતે કરવું જરૂરી જણાતા ફરીયાદણને લઈને અમદાવાદ ખાતે આવેલા અને બનાવની જગ્યાનું પંચનામું કરવા સારું સરકારી પંચોને બોલાવવા સેલ ટેક્ષ ઓફીસ , અમદાવાદ તથા કલેકટર કચેરી, સુભાષબ્રિજ અમદાવાદને પંચો ફાળવવા માટેની ચાદી. | ૫૮૭,૫૮૮ |
| ૬૬ | મામલતદારશ્રી, અમદાવાદને આશારામ આશ્રમનો લે–આઉટ નકશો બનાવવાની ચાદી કરેલી તે | ૫૮૯ |
| ૬૭ | ભોગ બનનાર ફરીયાદણનું મેડીકલ તપાસણી કરાવવા માટે મેડીકલ ઓફીસરશ્રી, સીવીલ હોસ્પીટલ, અમદાવાદને ચાદી લખેલી તે . | ૫૯૦ |
| ૬૯ | ભોગ બનનાર ફરીયાદણની મેડીકલ તપાસ દરમ્યાન ડાંકટરશ્રી બાદલ ગાંધીનાઓએ ઈ.પી.આર.નં. ૩૫૮૬/૫/૧૩ થી તપાસ દરમ્યાન સીલ બંધ હાલતમાં લીધેલા નમુના અને તેનું ફોર્મ ડાંકટરશ્રીએ ભરીને મુદ્દામાલ એફએસએલ અર્થે મોકલવા સારું આપેલ તે. | ૫૯૧ |
| ૬૯ | તપાસ ના કામે પી.એસ.આઈ. પટેલ સીટના સભ્ય શ્રીને ચાદી તૈયાર કરી તેઓને આશારામ આશ્રમ ખાતે સાહેદોના નીવેદનો લેવા માટે હાજર રહેવા તથા આરોપીઓને તપાસના કામે હાજર રહેવા અંગેની ચાદી આપેલી તે . | ૫૯૨ |
| ૭૦ | મુદ્દામાલ પાવતી ફાડવા માટે કરેલ ચાદી. | ૫૯૩ |
| ૭૧ | મહીલા આશ્રમ અને આશારામ આશ્રમ બંને જગ્યાએ ગુનાની માહીતી મેળવવા માટે કરેલી ચાદીઓ જે તે તપાસ કરનાર | ૫૯૪ થી ૫૯૬ |

| | | |
|---|---|---|
| | અમલદારોને આપવામાં આવેલી તથા તપાસના કામે આરોપી ભારતીબેન, લક્ષ્મીબેન તથા ધ્રુવબેનને હાજર રહેવા કલમ–૧૬૦ ની નોટીસો તૈયાર કરી મહીલા આશ્રમના સંચાલકને આપવામાં આવેલી. | |
| ૭૨ | સીટના અધિકારી શ્રી ડા કાનન દેસાઈને તપાસના કામે જીલ્લા ટ્રાન્સફરની જરૂરીયાત હોવાથી સુરત તપાસના કામે જવા માટેની યાદી આપેલી. જે યાદીના આધારે શ્રી મદદનીશ પોલીસ કમિશ્નર, ડા કાનન દેસાઈનાઓએ તપાસનો અહેવાલ પાઠવવા તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજનો અહેવાલ પાઠવેલ તે | ૫૯૭ |
| ૭૩ | તપાસના કામે આરોપી શ્રી આશારામ વિરૂધ્ધ ફરીયાદ શંકરપુરા મહીલા પો.સ્ટે, જોધપુર, રાજસ્થાન ખાતે ગુનો નોંધાયેલ હોઈ ,તે ગુનાની એફ.આઈ.આર.મેળવવા સારૂં કરેલ યાદી. | ૫૯૮, ૫૯૯ |
| ૭૪ | તપાસના કામે એફઆઈઆરમાં આઈ.પી.સી.ની કમલ–૩૨૩ નો ઉમેરો કરવા ગાંધીનગરની હકુમત ધરાવતી કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ આપેલો તે. | ૬૦૦ |
| ૭૫ | તપાસના કામે આરોપી આશારામ વિરૂધ્ધમાં સાબરમતી અને અડાલજ ખાતે આ અગાઉ કેટલા ગુના નોંધાયેલા, તેની માહીતી મેળવવા સારુ તૈયાર કરેલી યાદીઓ . | ૬૦૧,૬૦૨ |
| ૭૬ | સદર કામે મળેલી માહીતી તપાસના કામે સામેલ રાખેલ હતી તે . | ૬૦૩ |
| ૭૭ | સદર ગુનાના કામે તેઓને મળેલા પુરાવાને આધારે સદર એફ.આઈ આર માં આઈ.પી.સી કલમ– ૩૭૬ (કે)(એફ) હતી તે રદ કરવા માટેની યાદી તેમજ સદર કલમ રદ કરી ગુનાના કામે આઈ.પી. સી ની કમલ–૩૭૬(૨)(ગ) દાખલ કરવા નામદાર કોર્ટે, , ગાંધીનગર ખાતે કરેલી યાદી. | ૬૦૪ |
| ૭૮ | આરોપી આશારામને જોધપુર ખાતે અન્ય ગુનામાં હોઈ તેઓને આ ગુનાના કામે લાવવાની જરૂરીયાત હોઈ, પી.એસ.આઈ.જાડેજાએ જોધપુર જેલમાંથી લાવી તેઓને તપાસના કામે સોંપેલ તે અંગેનો રીપોર્ટ અને આરોપી તેઓને સુપ્રત કરેલ જે રીપોર્ટ . | ૬૦૫ |
| ૭૯ | આરોપીને સોંપતા તેની સાથે જોધપુર કોર્ટ તરફથી આવેલ રીપોર્ટ , તેમજ જોધપુર જેલના સુપ્રિટેન્ટેન્ડ (અધ્યક્ષ) શ્રીનાઓએ એક રીપોર્ટ આપેલ તે, તેમજ પી.એસ.આઈ શ્રી જાડેજાનાઓએ જોધપુર જેલને લખેલી યાદીની સ્થળપ્રત તપાસના કામમાં સામેલ રાખેલ તે. | ૬૦૬ થી ૬૦૮ |

| | | |
|---|---|---|
| ૮૦ | સદર કેસમાં તપાસના કામે પડેલા પુરાવાઓથી આરોપીને અટક કરવા જેટલો પુરાવો મળી આવતા આ ગુનાના કામે આશારામને અટક કરેલ અને તેની અટકની જાણ આશારામના સક્ષમ વ્યકિતને જાણ કરેલ તેમજ ચાંદખેડા પો.સ્ટે. સ્ટેશન ડાયરીમાં અટક કરવા માટેની નોંધ કરવા અંગેની ચાદી પી. એસ. ઓ.ને આપેલી તે. | ૬૦૯ |
| ૮૧ | સદર ગુનામાં તપાસના કામે આરોપી આશારામને ૨૪ કલાકની તપાસ પુર્ણ થતા તેઓ તપાસણી અધિકારીએ આરોપી આશારામ ને હકુમત વાળી કોર્ટમાં જયુડીશીચલ કસ્ટડી માં લેવા કરેલ ચાદી . | ૬૧૦ |
| ૮૨ | આરોપી આશારામને જોધપુર જેલમાંથી લાવેલ હોય, જેલરશ્રી જોધપુરનાઓએ તેઓ તપાસણી અધિકારીને એક ચાદી આપેલી જે ચાદી તપાસના કામે સામેલ રાખવામાં આવેલ તે. | ૬૧૧ |
| ૮૩ | સદર કેસમાં સરકારી પંચોની તપાસના કામે રજુઆત હોઈ અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે બે પંચોને મેળવવા સારુ તેઓએ કરેલી ચાદી. | ૬૧૨ |
| ૮૪ | સદર કેસમાં તપાસના કામે ફરીચાદણ ભોગ બનનાર અને આરોપી આશારામને તપાસ કામે ક્રોસ ઈન્ટ્રોગેશન કરાવવા માટે ફરીચાદણ /ભોગ બનનારને સુરતથી લાવવા સારું પી.એસ.આઈ.પટેલને આપવામાં આવેલ ચાદી. | ૬૧૩ |
| ૮૫ | સદરહું ગુનામાં આરોપી આશારામને તપાસણી અંગે સીવીલ હોસ્પીટલ અમદાવાદમાં ડૉકટરશ્રીને લખેલી ચાદી. | ૬૧૪ |
| ૮૬ | સદરહું ગુનામાં તપાસના કામે તેઓએ તા.૨૨/૧૦/૨૦૧૩ ના રોજ આરોપી આશારામની મેડીકલ તપાસણી કરાવેલી જેના મેડીકલ કેસ પેપર્સ મેળવેલા તે | ૬૧૫ |
| ૮૭ | આ ગુનાના કામે મોટેરા ગામની અંદર આશારામ આશ્રમ આવેલ હોય અને જમીન ત્યાં આવેલી હોય, સદર આશ્રમની માહીતી મેળવવા સારૂં પાઠવેલ ચાદી. | ૬૧૬ |
| ૮૮ | આશારામ આશ્રમની જમીન અંગે માંગવામાં આવેલી માહીતી તલાટી શ્રીનાઓએ આપેલ તે. | ૬૧૭ |
| ૮૯ | આરોપી નિર્મલાબેનના મકાનનું પંચનામું કરવાનું હોઈ, તેમને કલમ–૧૬૬ નો ઠરાવ કરેલો, જે ઠરાવ. | ૬૧૮ |
| ૯૦ | સદર ગુનામાં તપાસના કામે આરોપી નિર્મલાબેન ઉર્ફે ઢેલના મકાન નું જડતી અંગેનું પંચનામુ તા. ૨૮/૧૧/૧૩ ના રોજ કલાક–૧૭ : ૦૦ થી ૧૮ : ૩૦ સુધી પંચો રૂબરૂ કરેલ પંચનામું . | ૬૧૯ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૯૧ | સદર ગુનામાં તપાસના કામે આરોપી મિરાબેન ઉર્ફે બગલોનાઓ મકાનનું પંચનામું કરવાનું હોઈ, કલમ– ૧૬૬ મુજબનો ઠરાવ એ.સી.પી, ર્ડા. કાનન દેસાઇનાઓએ કરેલો તે. | ૬૨૦ |
| ૯૨ | આશારામ આશ્રમના સંચાલક ઉદય સંગાણીને સીઆરપી સી કલમ– ૯૧ મુજબ માંગેલ માહીતી આપવા નોટીસ આપેલી તેની સ્થળપ્રત. | ૬૨૧ |
| ૯૩ | તપાસના કામે તેઓએ આશારામ આશ્રમના ટ્રસ્ટનો દાખલો જે તે કચેરીમાંથી મળેલો. જેમાં આશારામ આશ્રમના ટ્રસ્ટીશ્રીની સહી છે તે. | ૬૨૨ |
| ૯૪ | સદર ગુનામાં તપાસના કામે તેઓએ આશારામ મહીલા આશ્રમ ખાતે રહેતા આરોપી લક્ષ્મીબેનની કુટીર તથા મહીલા આશ્રમના કાર્યલાયમાં ઝડતી તપાસ કરવા કલમ– ૧૬૫ નો ઠરાવ કરેલ તે . | ૬૨૩ |
| ૯૫ | તપાસના કામે આરોપી લક્ષ્મીબેનના નારાયણ વાટીકામાં આવેલ મકાન તથા ભાનુદેવી મોહનદાસ દાલવાણી બિલ્ડીંગમાં ઝડતી તપાસ કરવા કલમ–૧૬૫ નો ઠરાવ કરેલો. જેની સ્થળપ્રત . | ૬૨૪ |
| ૯૬ | આરોપી મીરાબેન ના ઘરેથી પંચનામા દરમ્યાન મળી આવેલ પત્રો, જે પત્રો સીધી ભાષામાં લખાવેલ હોય તેનું અનુવાદ કરવા માટે બી.એમ. કેસવાણીને લખેલ પત્રની સ્થળપ્રત. | ૬૨૫ |
| ૯૭ | તેઓ તપાસણી અધિકારીએ એસ્ટેટ ઓફીસરશ્રી એસ્ટેટ વિભાગ, એ. એમ. સી. ને ઉપદેશીને લખેલ પત્ર | ૬૨૬ |
| ૯૮ | માંગેલી માહીતી પ્રમાણે ડેપ્યુટી એસ્ટેટ પશ્ચિમ ઝોનનાઓએ શાંતી વાટીકા કુટીરના બાંધકામની માહીતી અંગે મોકલેલ પત્ર. | ૬૨૭ |
| ૯૯ | સદર ગુનાના તપાસના કામે હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીનો અભિપ્રાય મેળવવા સારું બનાવેલ રવાનગી ફોર્મ તૈયાર કરી મોકલી આપેલ જે રવાનગી ફોર્મ . | ૬૨૮ |
| ૧૦૦ | નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–૨, અમદાવાદનાઓને તેઓએ તેઓએ મોકલેલ રવાનગી ફોર્મ તથા તકરારી દસ્તાવેજોની તપાસણી કરી અભિપ્રાય મોકલવા સારૂ એફ.એસ. એલ. માં લખેલ રીપોર્ટની નકલ તથા ચેક લીસ્ટની નકલ. | ૬૨૯ |
| ૧૦૧ | નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–૨,અમદાવાદનાઓએ હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી,એફ.એસ. એલ. ગાંધીનગર ખાતે ફોરવડીંગ લેટર સાથે મોકલી આપેલ પત્ર. | ૬૩૦ |
| ૧૦૨ | સદર ગુનાની તપાસના કામે જે મુદ્દામાલ તેઓએ સીલબંધ હાલત | ૬૩૧ |

| | | |
|---|---|---|
| | માં મેળવેલો તે તેઓએ એફ.એસ.એલ. ખાતે મોકલવા સારુ રવાનગી નોંધ તૈયાર કરેલી તે. | |
| ૧૦૩ | સદર મુદ્દામાલ એફ. એસ. એલ. ને મળ્યા અંગેની પહોંચ એફ.એસ. એલ. તરફથી આપવામાં આવેલી, તે | ૬૩૨ |
| ૧૦૪ | સદર ગુનાની તપાસના કામે ડેપ્યુટી ડાયરેકટરશ્રી ડી.જી.શાહના નાઓએ મુદ્દામાલનો અભિપ્રાય મોકલેલ, જે ફોરવર્ડીંગ લેટર | ૬૩૩ |
| ૧૦૫ | આ કામે ડી. એફ. એસ., નાયબ નિયામકશ્રી, બી.એસ.શાહના ઓએ મુદ્દામાલનું પૃથ્થકરણ કરી હસ્તાક્ષર નિષ્ણાંત તરફથી આવેલ અભિપ્રાયની નકલ મોકલી આપેલ તે. | ૬૩૪ |
| ૧૦૬ | સદર ગુનાની તપાસના કામે પડાવડાવેલા ફોટાગ્રાફ્સ. | ૬૩૫ |
| ૧૦૭ | આ ગુનાના તપાસના કામે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી કે.બી. જાડેજાને મુઝફ્ફરનગર ખાતે તપાસમાં જઈ કરેલ તપાસનો આપેલ રીપોર્ટ. | ૬૩૭ |
| ૧૦૮ | શાલીગ્રામ વિભાગ-૧ સોસાયટીના બાંધકામ અંગેનું જીવનજયોત સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ. | ૬૩૮ |
| ૧૦૯ | શાલીગ્રામ વિભાગ-૧ સોસાયટીના બાંધકામ અંગેનું કર્મજયોત સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ | ૬૩૯ |
| ૧૧૦ | ફરીયાદણના પતિ તુષારભાઈના મેડીકલ તપાસ માટે પી.એસ. આઈ. કે. બી. જાડેજા નાઓને હુકમ કરેલો તેની યાદીની સ્થળપ્રત . | ૬૪૦ |

**(૯) સદર કામે નીચે મુજબના સાહેદોના સી.આર.પી.સી.૧૬૪ મુજબના નિવેદનો નોંધવામાં આવેલા છે.**

| અ.નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| (૧) | ભોગ બનનાર | ૨૮૩ |
| (૨) | મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલા | ૩૪૬ |
| (૩) | તૃપ્તિબેન રાકેશભાઈ પટેલ | ૩૭૩ |
| (૪) | પારૂલબેન વિમલેશ ઠકકર | ૪૧૮ |
| (૫) | સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિ | ૪૩૬ |
| (૬) | વર્ષાબેન અખીલ ગુપ્તા | ૫૦૫ |

| | | |
|---|---|---|
| (૭) | અખીલ નરેશચંદ્ર ગુપ્તા | ૮૨૬ |

**(૧૦)** ફરિયાદ પક્ષ તરફે આંક–૬૭૭ થી અન્ય સાહેદોને ડ્રોપ કર્યાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે તેમજ આંક–૬૭૮ થી વધુ પુરાવો ન આપવા માંગતા હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલી છે. ફરિયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ, આરોપીઓના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧ ૩મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધના પુરાવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે આરોપીઓને સોગંદ ઉપર જુબાની આપવા બાબતે તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા હોવા બાબતે પ્રશ્નો પુછવામાં આવેલ છે જેના જવાબમાં આરોપી નં.૧,૨,૩,૭ નાઓએ ના પાડેલી છે.જયારે આરોપી નં.૪,૫,૬ નાઓએ હા પાડેલી છે.

**(૧૦.૧)** આ કામના આરોપી નં.૧ નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અમો કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. અમારી વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી ૧૨ વર્ષ પછી ભોગ બનનારે આશ્રમમાંથી જતા રહેલા/કાઢી મુકવામાં આવેલ સાધકોના ષડયંત્રમાં તેમજ મધ્યપ્રદેશ ખાતે આવેલ જીતુ સોની ગેંગના મેળાપીપણામાં ખોટો કેસ ઉભો કરેલ, તેમજ પોલીસે પણ એકતરફી તપાસ કરી, અમારી વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે તેમ જણાવેલ છે.

**(૧૦.૨)** જયારે આરોપી નં.૨નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઈ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે આચરેલા નથી. કે અમોએ આક્ષેપ મુજબન ગુનાઓમાં કોઈપણ રીતે કે પ્રકારે મદદગારી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઈપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. અમો આ સાથે અમારૂ લેખિત સ્વરૂપની વધારાની રજુઆત રજુ કરીએ છીએ. જે

ધ્યાને લેવા સારૂ નમ્ર અને માનસરની અરજ છે તેમ જણાવેલ છે.

આરોપી નં.૨ નાએ તેમની વધારાની રજુઆતમાં જણાવેલ છે કે આરોપી નં.૨ નાઓ કયારેય પણ આશ્રમની પ્રવૃતિઓમાં સક્રિયપણે સંકળાયેલા રહેલા નથી.આશ્રમ સંલગ્ન કોઈ જ પ્રવૃતિઓમાં કયારેય પણ વહીવટ કરવા અંગેની, સંચાલન કરવા અંગેની અને આશ્રમને લગત કોઈ નીતી નિયમો અંગે નિર્ણયો કરવાની કોઈ પ્રવૃતિમાં પણ કયારેય કોઈપણ રીતે કે પ્રકારે સંકળાયેલા ન હતા અને નથી અને આવી કોઈ કામગીરી પણ તેઓએ કયારેય કરેલ નથી. આરોપી નં.૨ ના લગ્ન તા. ૨૨/૫/૧૯૯૭ ના રોજ હેમત રામચંદ્ર બુલાણીનાઓ સાથે થયેલા અને તેઓ સિંધી સમાજના સભ્યો હોય તેમના સિંધી સમાજમાં વર્ષોથી પ્રચલીત રીતી રીવાજ મુજબ સ્ત્રીનું લગ્નબાદ નામ બદલાતુ હોય છે અને આ મુજબના રીતીરીવાજ અન્વયે લગ્ન બાદ તેમનું નામ પ્રેરણા હેંમત બુલાણીની ઓળખવાળુ થવા પામેલ અને લગ્ન બાદ તેઓ તેમની સાસરી ૧૦, રત્નાદીપ બંગલોઝ, સન એન્ડ સ્ટેપ કલ્બની બાજુમાં, સોમેશ્વરપાર્ક વિભાગ–૩, થલતેજ, અમદાવાદ મુકામે રહેવા અને વસવાટ કરતા જતા રહેલ અને આ સરનામે સને–૨૦૦૫ ના અંત સુધી વસવાટ કરેલ.તેઓ લગ્ન બાદ તેમના ઉપરોકત જણાવેલ ઠેકાણે એટલે કે તેમની સાસરીના જણાવેલ સરનામે વસવાટ કરતા હતા તે લગતના દસ્તાવેજી પુરાવાઓ જેવા કે તેમના સસરા રામચંદ્ર ગીરધરલાલ બુલાણીનાઓનું રાશનકાર્ડ કે જેમાં પરીવારના સભ્યોમાં તેમના નામનો ઉલ્લેખ છે તથા તેમના તથા તેમના પતિ કે જેઓની સાથે તેમના લગ્ન થયેલા તેઓના નામની સાથેનું તેમનું જોઈન્ટ હોલ્ડર તરીકેનું જે તે સમયે એચ.ડી.એફ.સી. બેંક લી. માં ખાતુ હતુ તે ખાતાની વિગતમાં પણ ઉપરોકત જણાવેલ સાસરીનું સરનામુ દર્શાવેલ હોય તે સબંધના દસ્તાવેજોની નકલ જેવી કે બેંક ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચેકબુકનું પ્રથમ પાનુ જેમાં રહેઠાણનું સરનામુ આવતુ હોય જે લગતના દસ્તાવેજો, ચેકોની નકલ

અને તે ચેકબુકના પ્રથમ પાને ચેક સીરીઝ નંબર ૭૩૧૧૫૧ થી ૭૩૧૧૭૫ ની વિગત આવે છે તે અને આ ચેક સીરીઝમાં જણાવેલ ચેક પૈકીના બે ચેક કેન્સલ થયેલ અંગેના નમુના પણ આ સાથે રજુ કરીએ છીએ. તેમજ આ મુજબના જણાવેલ ખાતાના ચેકોનો ઉપયોગ સને ૨૦૦૨, સને –૨૦૦3 તથા ત્યારબાદના સમયમાં તેઓએ જોઈન્ટ હોલ્ડર તરીકે આ ખાતુ ઓપરેટ કરેલ તે લગતના દસ્તાવેજ તથા બાદ ઉકત ખાતામાં શ્રી હેંમત બુલાણી (પ્રથમ હોલ્ડર તરીકે)નાઓએ જે સરનામુ બદલાવેલ તે ખાતાના સ્ટેટમેન્ટ ઉપરથી ફલીત થાય છે તે દસ્તાવેજ રજુ કરીએ છીએ. ઓકટોબર ૨૦૦૧ ના અરસામાં તેમને તથા શ્રી હેંમત બુલાણીનાઓએ બારબાડોઝ મુકામે જવાનું વિચારતા ત્યારે શ્રીરામ બુલાણી ( જે તે વખતે તેમના સસરા હતા) તે અંગે તેઓએ પાઠવેલ પત્રની નકલ આ સાથે રજુ કરુ છે. આરોપી નં.૨નાઓને સને–૨૦૦૦ ના અરસામાં કાલુપુર વિસ્તારની એક ૮૮ ચો.ફુટની મીલકત ખરીદ કરેલ જેમાં ખરીદનાર તરીકે તેમના લગ્ન બાદના નામ અને સરનામાનો ઉલ્લેખ છે તે સબંધના દસ્તાવેજની નકલ પણ આ સાથે રજુ કરીએ છીએ. બાદ તે મીલકત આગળ જતા તેઓએ વેચાણ પણ કરેલી. આમ ઉપરોકત તમામ દસ્તાવેજી વિગત જોતા આરોપી નં.૨ નાઓ ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ સબંધીત બનાવના અરસામાં તેઓ આશ્રમમાં કે તેની આજુબાજુના નજીકના વિસ્તારમાં પણ વસવાટ કરતા ન હતા. આરોપી નં.૨ નું લગ્નજીવન આશરે ૧૪ વર્ષ જેટલુ રહેલુ.આરોપી નં.૨ ના નમ્ર કથન મુજબ તેઓ આરોપી નં.૧ ના દીકરી થતા હોય તે જ કારણોસર તેમના પરિવારના સભ્યોની ખોટી બદનામી કરવાના બદહેતુથી આયોજન સ્વરૂપ ખોટા આક્ષેપો ઉભા કરી કરાવી પ્રશ્નવાળી ફરીયાદ કરવામાં આવેલ અને તે ફરીયાદમાં જણાવેલ કથનો ખોટા છે તેવુ તપાસના કામે જણાઈ આવેલ તેમ છતા કોઈપણ જાતના પુરાવા આરોપી નં.૨ વિરૂધ્ધ ન હોવા છતાં આરોપી નં.૨ વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. તેઓ ભોગ

બનનારને કયારેય રૂબરુમાં મળેલા નથી અને પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે પણ તેઓ ભોગ બનનારને ઓળખીએ તેવા કોઈ સંજોગો પણ કયારેય ઉપસ્થિત થયેલા નથી, ભોગ બનનાર દ્વારા આક્ષેપિત કેસની તપાસ દરમ્યાન તેઓ આરોપી નં.ર લગત ખોટા અથનો જણાવવામાં આવેલ છે તેમજ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પણ તેમની સામે ખોટા કથનો કરી ખોટો પુરાવો આપેલ છે. તેઓની સામે તેઓ આશ્રમની પ્રવૃતિઓ સાથે સંકળાયેલ હોય તે બાબતના તમામ કથનો તદ્દન ખોટા અને પાયાવિહોણા છે અને તેઓના ચરિત્ર બાબતે પણ જે કાંઈ કથનો કરવામાં આવેલ છે તે તમામ તદ્દન ખોટા અને પાયાવિહોણા છે તેમ જણાવેલ છે.

**(૧૦.૩)** જયારે આરોપી ન.૩ નાએ તેમના વિશેષ નિવેદનમા અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઇ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે આચરેલા નથી કે અમોએ આક્ષેપ મુજબના ગુનાઓમાં કોઇપણ રીતે કે પ્રકારે મદદગારી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઇપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ એક તરફી તપાસ કરીને કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

**(૧૦.૪)** જયારે આરોપી નં.૪ નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઇ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે આચરેલા નથી. કે અમોએ આક્ષેપ મુજબના ગુનાઓમાં કોઇપણ રીતે કે પ્રકારે મદદગરી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઇપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આશ્રમથી નીકળી ગયેલ અથવા તો તેઓની ગેરવર્તણુંક ના કારણે આશ્રમમાંથી કાઢી નાખવામાં આવેલ અમુક લોકોએ મળીને ટોળકી બનાવેલ તેમજ અન્ય વગદાર લોકોની સાથે મેળાપીપણામાં મળીને અમો આરોપીઓને બદનામ કરવા

માટે ષડયંત્ર રચી આ ખોટી ફરિયાદ નોંધાવેલ છેતેમ જણાવેલ છે.

**(૧૦.૫)** જયારે આરોપી નં.૫ નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઇ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે આચરેલા નથી. કે અમોએ આક્ષેપ મુજબના ગુનાઓમાં કોઇપણ રીતે કે પ્રકારે મદદગરી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઇપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આશ્રમથી નીકળી ગયેલ અથવા તો તેઓની ગેરવર્તણુંક ના કારણે આશ્રમમાંથી કાઢી નાખવામાં આવેલ અમુક લોકોએ મળીને ટોળકી બનાવેલ તેમજ અન્ય વગદાર લોકોની સાથે મેળાપીપણામાં મળીને અમો આરોપીઓને બદનામ કરવા માટે ષડયંત્ર રચી આ ખોટી ફરિયાદ નોંધાવેલ છે તેમ જણાવેલ છે.

**(૧૦.૬)** જયારે આરોપી નં.૬ નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઇ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે આચરેલા નથી. કે અમોએ આક્ષેપ મુજબના ગુનાઓમાં કોઇપણ રીતે કે પ્રકારે મદદગરી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઇપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. અમો દસ્તાવેજી પુરાવાઓ અલગ લીસ્ટથી રજુ કરીએ છીએ. આશ્રમથી નીકળી ગયેલ અથવા તો તેઓની ગેરવર્તણુંક ના કારણે આશ્રમમાંથી કાઢી નાખવામાં આવેલ અમુક લોકોએ મળીને ટોળકી બનાવેલ તેમજ અન્ય વગદાર લોકોની સાથે મેળાપીપણામાં મળીને અમો આરોપીઓને બદનામ કરવા માટે ષડયંત્ર રચી આ ખોટી ફરિયાદ નોંધાવેલ છે તેમ જણાવેલ છે.

**(૧૦.૭)** જયારે આરોપી નં.૭ નાએ તેમના વિશેષ નિવેદનમાં અમો નિર્દોષ છીએ. અને અમોએ આક્ષેપ મુજબના કોઇ જ ગુનાઓ સીધી કે આડકતરી રીતે

આચરેલા નથી. કે અમોએ આક્ષેપ મુજબના ગુનાઓમાં કોઈપણ રીતે કે પ્રકારે મદદગારી સુદ્ધા પણ કરી નથી. તપાસ ના અંતે અમો આરોપી વિરુદ્ધ કોઈપણ જાતના પૂરતા પુરાવા ન હોવા છતા અમો આરોપી વિરુદ્ધ ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આશ્રમથી નીકળી ગયેલ અથવા તો તેઓની ગેરવર્તણુંક ના કારણે આશ્રમમાંથી કાઢી નાખવામાં આવેલ અમુક લોકોએ મળીને ટોળકી બનાવેલ તેમજ અન્ય વગદાર લોકોની સાથે મેળાપીપણામાં મળીને અમો આરોપીઓને બદનામ કરવા માટે ષડયંત્ર રચી આ ખોટી ફરિયાદ નોંધાવેલ છે તેમ જણાવેલ છે.

**(૧૧) આરોપી નં. ૪ થી ૬ નાઓ તરફે નીચે મુજબના બચાવના સાહેદોનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

**મૌખિક પુરાવો**

| નં. | સાહેદનુ નામ અને વિગત | આંક. |
|---|---|---|
| ૧ | ગીતાબેન મુકેશભાઈ હીરપરા (સાહેદ) | ૬૯૮ |
| ૨ | વિક્રમસિંગ કીશોરસિંગ રાઠોડ.(સાહેદ) | ૬૯૯ |
| ૩ | સેજલ બસવરાજ તલ્લોલી.(સાહેદ) | ૭૧૫ |
| ૪ | વિપુલકુમાર નરસિહંભાઈ ચૌધરી.(સાહેદ) | ૭૩૦ |
| ૫ | મનીષભાઈ મનોજભાઈ ત્રિવેદી.(સાહેદ) | ૭૩૪ |
| ૬ | યશંવતભાઈ નરોતમદાસ શાહ.(સાહેદ) | ૭૪૬ |
| ૭ | હરીશકુમાર ભાલચંદ્ર રાજપુત.(સાહેદ) | ૭૪૯ |
| ૮ | દિપકકુમાર ઉર્ફે દિપક ભાટી મહેશચંદ્ર ગુર્જર.(સાહેદ) | ૭૫૧ |
| ૯ | યુસુફભાઈ રમઝાન બાગવાન.(સાહેદ) | ૭૬૩ |
| ૧૦ | સુનીલ શ્રીયાદવસિંગજી રૈકવાર.(સાહેદ) | ૭૭૦ |
| ૧૧ | દિપક જોગીંદરપ્રકાશ ગંદોત્રા.(સાહેદ) | ૭૭૫ |
| ૧૨ | જ્યોતી મદનસિંહ ઉમઠ (સાહેદ) | ૭૮૨ |
| ૧૩ | નિશાંત હરીશભાઈ જાદવાણી.(સાહેદ) | ૭૯૬ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૨) આરોપી નં. ૪ થી ૬ નાઓ તરફે નીચે મુજબના બચાવના સાહેદોનો દતાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

## બચાવપક્ષનો દસ્તાવેજી પુરાવો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદણ દ્વારા ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગરની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ ક્રિ.પ્રા.અરજી નબર ૬૪૫/૧૪ ની નકલ તથા તે લગત કરેલ હુકમની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૧) | ૩૨૩ |
| ૨ | ફરીયાદણ દ્વારા ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગરની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ ક્રિ.પ્રા.અરજી નબર ૬૪૫/૧૪ લગત કરવામાં આવેલ એફીડેવીટની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૨) | ૩૨૪ |
| ૩ | ફરીયાદણ દ્વારા ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગરની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ ક્રિ.પ્રા.અરજી નબર ૬૪૫/૧૪ લગત રજુ થયેલ વકીલાતનામાની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૩) | ૩૨૫ |
| ૪ | ફરીયાદણ દ્વારા ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગરની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ ક્રિ.પ્રા.અરજી નબર ૬૪૫/૧૪ ના કામે રજુ કરવામાં આવેલ એકઝામશન રીપોર્ટ લગત સ પે.પી.પી.શ્રીએ કરેલ શેરા સાથેની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૪) | ૩૨૬ |
| ૫ | ફરીયાદણ દ્વારા ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, ગાંધીનગરની કોર્ટમાં સીઆરપીસી કલમ: ૧૬૪ અન્વયે વધારાનું નિવેદન નોંધાવવા માટે કરવામા આવેલ અરજી સંદર્ભે આ કામના તપાસનીશ અધિકારી દ્વારા રજુ કરવામાં આવેલ વાંધા અરજી તથા ગુપ્ત કવર સ્વીકારી લેવા લખેલ પત્રની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૫) | ૩૨૭ |
| ૬ | ક્રિ.પ્રા. અરજી નંબર ૬૪૫/૧૪ ના કામે રજુ કરવામાં આવેલ લીસ્ટની સર્ટીફાઈડ નકલ.(૩૨૨/૬) | ૩૨૮ |
| ૭ | સા.નં. (૪૮) દેવેન્દ્ર પ્રજાપતિનાઓએ લેબરકોર્ટ, સુરત મુકામે તા. ૦૪/૦૫/૦૭ ના રોજ દાખલ કરેલ રીકવરી અરજી નં. ૪૭૮/૦૭ ની સર્ટીફાઈડ નકલ.(૪૬૧/૧) | ૪૬૨ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૮ | સા.નં. (૪૮) દેવેન્દ્ર પ્રજાપતિનાઓએ લેબરકોર્ટ, સુરત મુકામે તા. ૦૪/૦૫/૦૭ ના રોજ દાખલ કરેલ રીકવરી અરજી નં. ૪૭૮/૦૭ ના કામે તા. ૦૮/૧૦/૨૦૦૯ ના રોજ દાખલ કરવામાં આવેલ રી–જોઈન્ડર રીપ્લાયની સર્ટીફાઈડ નકલ. (૪૬૧/૨) | ૪૬૩ |
| ૯ | રીકવરી અરજી નં. ૪૭૮/૦૭ ના કામે લેબર કોર્ટ, સુરતનાઓએ તા. ૨૩/૧૨/૧૧ ના રોજ કરેલ હુકમની નકલ.(૪૬૧/૩) | ૪૬૪ |
| ૧૦ | સેશન્સ કેસ નં. ૧૪૧/૧૪ તથા સે.કે.ન. ૪૫/૧૫ ના કામે સાહેદ વિમલેશ ભાઈલાલભભાઈ ઠકકરનાઓએ સુરત કોર્ટમાં આપેલ જુબાનીની સર્ટીફાઈડ નકલ. | ૪૮૭ |
| ૧૧ | સેશન્સ કેસ નં. ૧૪૧/૧૪ તથા સે.કે.ન. ૪૫/૧૫ ના કામે સાહેદ ઈશ્વરભાઈ નારણજીભાઈ નાયકનાઓને સુરત કોર્ટમાં આપેલ જુબાનીની સર્ટીફાઈડ નકલ.(૫૦૭/૧) | ૫૧૦ |
| ૧૨ | ચારૂબેન દયાનંદ ભાટીયાનાઓએ આ કામના તપાસનીશ અધિકારી ડી.બી. રવિયા વિરૂધ્ધ ચીફ કોર્ટ, ગાંધીનગરમાં દાખલ કરેલ ફરીયાદ (ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૦૩/૧૪ ) ની સર્ટીફાઈડ નકલ.(૬૪૮/૧) | ૬૪૯ |
| ૧૩ | આરોપી નં.(૬) ધ્રુવબેન બાલાણીનાઓએ તપાસનીશ અધિકારી ડી.બી. રવીયાનાઓને શારીરીક માનસીક ત્રાસ અંગે કરેલ ફરીયાદપત્રની નકલ (૬૪૮/૨) | ૬૫૦ |
| ૧૪ | આરોપી નં.(૬) ધ્રુવબેન બાલાણીનાઓએ તપાસનીશ અધિકારી ડી.બી. રવીયાનાઓને તેઓના નિવેદનની વીડીયો રેર્કોડીંગ પ્રમાણીત નકલ(સીડી) આપવા લખેલ પત્રની નકલ (૬૪૮/૩) | ૬૫૧ |
| ૧૫ | આરોપી નં.(૬) ધ્રુવબેન બાલાણીનાઓએ તપાસનીશ અધિકારી ડી.બી. રવીયાનાઓને આંક–૬૫૦ તથા આંક–૬૫૧ વાળા પત્રો રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી મોકલ્યા તે અંગેની પોસ્ટલ ડીપાર્ટમેન્ટની અસલ રીસીપ્ટો. (૬૪૮/૪) | ૬૫૨ |
| ૧૬ | આરોપી નં.(૬) ધ્રુવબેને ડીસ્ટ્રીકટ કોર્ટમાં દાખલ કરેલ આગોતરા જામીન અરજી ક્રિ.પ્રા.અરજી નં. ૬૧૪/૧૩ ની | ૬૫૩ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| | સર્ટીફાઈડ નકલ .(૬૪૮/૭) | |
| ૧૭ | તારીખ:-૦૩/૦૯/૧૯૯૬ અને તારીખ:-૦૪/૦૯/૧૯૯૬ નું સાંજ સચામારનું આખું પેપર અસલ. | ૬૫૪ |
| ૧૮ | તારીખ ૦૮/૦૮/૦૮ ના રોજ આશ્રમ પર રૂા. ૫૦/- કરોડ આપવા અંગે આવેલ ફેકસ મેસેજ અંગે આશ્રમના સંચાલક સચ્ચીદાનંદ દુબેનાઓએ અડાલજ પો. સ્ટેશનમાં તારીખ ૧૦/૦૮/૦૮ ના રોજ કરેલ ફરીયાદની પીએસઓના શેરા સાથેની નકલ. (૬૪૮/૫). | ૬૫૫ |
| | ફરીયાદપક્ષ તરફે સા. નં. (૩૧) તરીકે તપાસેલ સાહેદ ઈશ્વરભાઈ નાયકનાઓએ સુરત આશ્રમ ખાતે સને ૧૯૮૮ ના વર્ષમાં ઈન્ટરપ્રીટર તરીકે કરેલ કામગીરીની ડીવીડી કેસેટ (૬૬૩/૧). | ૬૬૮ |
| ૧૯ | ફરીયાદપક્ષ તરફે સા.નં.(૩૧) તરીકે તપાસવામાં આવેલ સાહેદ ઈશ્વરભાઈ નાયકનાઓએ મોટેરા આશ્રમ ખાતે સને ૧૯૯૧ ના વર્ષમાં ઈન્ટરપ્રીટર તરીકે કરેલ કામગીરીની ડીવીડી કેસેટ (૬૬૩/૨). | ૬૬૯ |
| ૨૦ | ફરીયાદપક્ષ તરફે સા.નં.(૩૧) તરીકે તપાસવામાં આવેલ સાહેદ ઈશ્વરભાઈ નાયકનાઓએ સુરત મુકામે ૧૯૯૬ના વર્ષમાં ગોઠવવામાં આવેલ ધર્મ સભામાં પ્રીન્ટ મીડીયા વિરૂધ્ધ આપેલ મોટીવેશનલ સ્પીચની ડીવીડી કેસેટ (૬૬૩/૩) | ૬૭૦ |
| ૨૧ | નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૧૫૯૨૦/૨૦૧૦ની નકલ. | ૭૦૧ |
| ૨૨ | અમદાવાદના ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની સમક્ષ સંદેશ પ્રેસ વિગેરે વિરૂધ્ધ એફ.આઈ.આર.નોંધવવા માટે ક્રિમીનલ પરચુરણઅરજી નં.૫૬/૨૦૧૦ દાખલ કરેલ, તેની સહી સીકકા વાળી સર્ટીફીકેટ નકલ. | ૭૦૨ |
| ૨૩ | રાજુ ચાંડકનું સને- ૨૦૦૮માં રીગલ હોટલ દીલ્હી ખાતે તેમજ રીચલ હોટલ થી ઈન્ડીયા ગેટ તરફ જતા ગાડી મા કરવામાં આવેલુ સ્ટીંગ ઓપરેશનની ડી.વી.ડી. | ૭૦૩ |
| ૨૪ | રીગલ હોટલથી ઈન્ડીયા ગેટ દીલ્હી વેગેનાર કારમાં રાજુ ચાંડકનું | ૭૦૪ |

| | | |
|---|---|---|
| | કરવામાં આવેલ સ્ટીંગ ઓપરેશનની ડી.વી.ડી. | |
| ૨૫ | સને ઓગસ્ટ–૨૦૦૮માં દીનેશ અને અમૃત પ્રજાપતિનું ટેલીફોનીક વાતચીતની ઓડીયો રેકોડીંગ કરવામાં આવેલી તેની સીડી . | ૭૦૫ |
| ૨૬ | આંક –૭૦૫ ની ટ્રાન્સક્રીપટ. | ૭૦૬ |
| ૨૭ | ભારતીય પુરાવાની કલમ–૬૫(બી)નુઆંક–૭૦૩, આંક–૭૦૪ અને આંક–૭૦૫ લગતના ખરાપણા અંગેનુ સર્ટીફીકેટ. | ૭૦૭ |
| ૨૮ | એફ.એસ.એલ. ગાંધીનગર દવારા તા.૨૩/૭/૨૦૧૦ ના રીપોર્ટની નકલ . | ૭૦૮ |
| ૨૯ | એફ. એસ. એલ. ગાંધીનગર દવારા તા. ૨૮/૨/૨૦૧૧ ના રીપોર્ટની નકલ. | ૭૦૯ |
| ૩૦ | તા.૦૫/૧૨/૨૦૧૩ ના રોજ કતાર ગામ પો.સ્ટે.માં અરજી આપેલી તેની અરજીની ઝેરોક્ષ નકલ. | ૭૧૭ |
| ૩૧ | ઓડીયો સીડી જે સીડીમાં ચાર રેકોડીંગ છે. જેમા પ્રથમ ફોન રેકોડીંગ સાહેદ સેજલબેનના પતિ વાસુ તથા સતીષ વાઘાણીની તા. ૨૫/૧૨/૨૦૧૩ ના રોજ થયેલ વાતચીત છે. બીજુ રેર્કોડીંગ જેમાં સાહેદ સેજલબેનના પતિ વાસુ તથા સાહેદ સેજલબેન તથા સતીષ વાઘવાણીનાઓનું તારીખ– ૨૯/૧૨/૨૦૧૩ ના રોજનું પેન ડ્રાઈવ જેવુ ડીવાઈસમાં કરેલ રેકોડીંગ છે.ત્રીજું સતીષ વાઘવાણી,રાજુ ચાંડક નાઓનું તારીખ–૦૫/૦૧/૨૦૧૪ ના રોજનું સાહેદસેજલબેનના પતિ વાસુના ફોનમાં થયેલ ફોન રેકોર્ડીંગ છે.ચોથુ સાહેદ સેજલબેનના પતિ વાસુ તથા સતીષ વાઘવાણીનાઓનું તા. ૧૦/૧/૨૦૧૪ નું ફોન પર થયેલ વાતચીતનું રેકોડીંગ. | ૭૧૮ |
| ૩૨ | સાહેદ સેજલબેનના પતિ અને સતીષ વાઘવાણી વચ્ચે તારીખ– ૨૫/૧૨/૧૩ ના રોજ થયેલ વાતચીતના અંશોની ટ્રાન્સક્રીપ્ટ. | ૭૧૯ |
| ૩૩ | સાહેદ સેજલબેનના પતિ વાસુ તથા સતીષ વાઘવાણી, સાહેદ સેજલબેન ત્રણેય વચ્ચે તા.૨૯/૧૨/૨૦૧૩ ના રોજ અન્નપુર્ણા મંદીર મુકામે થયેલ વાતચીત, જે પેન ડ્રાઈવના ડીવાઈસમાં રેકોર્ડ કરેલી તેની ટ્રાન્સક્રિપ્ટ. | ૭૨૦ |

| | | |
|---|---|---|
| ૩૪ | સતીષ વાધવાણી તથા રાજુ ચાંડકનાઓએ સાહેદ સેજલબેનના પતિ વાસુના ફોનથી સુરત મુકામે રાજપુરોહીત હોટલમાં તારીખ ૫/૧/૨૦૧૪ના રોજ વાતચીત કરેલી તેની ઓડીયો ટ્રાન્સક્રીપ્ટ. | ૭૨૧ |
| ૩૫ | સાહેદ સેજલબેનના પતિ વાસુ તથા સતીષ વાધવાણીનાઓની તા. ૧૦/૧/૨૦૧૪ ના રોજની ફોન રેકોર્ડીંગની વાતચીતની ટ્રાન્સક્રિપ્ટ. | ૭૨૨ |
| ૩૬ | એક સીડીમાં ઓડીયો ફાઈલ્સ જે સાહેદ સેજલબેનના લેપટોપના હાર્ડ ડીસ્કમાંથી આ સીડીમાં કોપી કરેલ છે. અને આ ઓડીયો ફાઈલ્સ પોતાના લેપટોપમાં સેવ છે. જે સાહેદે જાતે જ આ ઓડીયો ફાઈલ્સની સીડી બનાવેલ જે નામદાર કોર્ટમાં રજુ કરેલ છે તે અસલ રેકોર્ડીંગ સાહેદ સેજલબેન અને તેના પતિ વાસુનાઓ સને-૨૦૧૩/૨૦૧૪ માં મોબાઈલ ફોન અને પેન ડ્રાઈવ ડીવાઈસમાં રેર્કોર્ડીંગકરેલી તે . | ૭૨૩ |
| ૩૭ | Gujarat Secondary Education Board, Examination wing વડોદરાનું SSC Examination (New course) March-1995 તથા (New course) October -1995 નું અસલ રજીસ્ટર | ૭૩૧ |
| ૩૮ | Candidate નંબર- બી-૨૨૦૯૩૩ ની એન્ટ્રીમાં Candidate નું નામ ભોગ બનનારનું છે અને રીઝલ્ટ એસ.એસ.સી. ઓકટોબર-૧૯૯૫ ફેઈલ થયેલ તે અસલ રજીસ્ટર તેમજ તેની પ્રમાણીત કોપી. | ૭૩૨ |
| ૩૯ | એચ.ડી.એફ.સી.બેન્કના ખાતા નં.૦૪૦૪૧૦૦૦૦૪૬૦૫૯ નું તારીખ-૧૫/૦૨/૨૦૧૨ થી તા.૩૧/૧/૨૦૧૨ નું બેન્ક સ્ટેટમેન્ટ . | ૭૩૫ |
| ૪૦ | રૂા.૩૫,૦૦૦/-તા.૨૪/૨/૨૦૧૨ ના રોજ જાનકીદેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા તેનું કાઉન્ટર ફોલીઓ. | ૭૩૮ |
| ૪૧ | કાઉન્ટર ફોલીઓમાં રૂા.૪૫,૦૦૦/-તા.૨૫/૨/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા તે. | ૭૩૯ |
| ૪૨ | રૂા. ૨૦,૦૦૦/- તા.૨૪/૪/૨૦૧૨ ના રોજ જાનકીદેવી હરપાલી ના ખાતા નં. ૦૪૦૪૧૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા અને આ રોકડ પૈસા એચ.ડી.એફ.સી. બેન્ક, સાબરમતી | ૭૪૦ |

| | | |
|---|---|---|
| | તી શાખા થી સદર એકાઉન્ટ નંબરમાં પૈસા જમા કરાવેલ હતા. તેમાં એચ. ડી. એફ. સી. બેન્કનો સીકકો છે અને આ રકમ બેન્ક સ્ટેટમેન્ટ. | |
| ૪૩ | કાઉન્ટર ફોલીઓમાં રૂા.૪૦,૦૦૦/– તા.૧૦/૧૦/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧૦૦૦૦ ૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા તે. | ૭૪૧ |
| ૪૪ | ફરીયાદણ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.પ્રા.અરજી નં. ૬૪૫૧/૧૪ ના હુકમ વિરૂધ્ધ સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન દાખલ કરવા તૈયાર કરેલ એફીડેવીટની ફોટો કોપી (૩૨૨/૭) | ૭૫૦ |
| ૪૫ | એડવોકેટ એન્ડ નોટરી હરીશકુમારે તારીખ–૨૬/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં.૧૦૬૧ થી તેમના રજીસ્ટરમાં નોંધવામાં આવેલ ડોકયુમેન્ટ હાઈકોર્ટની પીટીશન પેજ નં.૧, ૨, ૪,૬ અને ૭ નંબરના પેજ ઉપર ભોગ બનનારની સહી દેખાય છે.અને પેજ નં.૬ ઉપર ભોગ બનનારના ફોટો ઉપર સહી દેખાય છે તે. | ૭૫૧ |
| ૪૬ | એવીડેન્સ એકટની કલમ– ૬૫(બી) નું સર્ટીફીકેટ | ૭૫૨ |
| ૪૭ | નીશાની–૩૧૨/૫ અને ૩૧૨/૭ વાળી ડીવીડી તથા સીડી | ૭૫૩,૭૫૪ |
| ૪૮ | નીશાની–૩૧૨/૬ અને ૩૧૨/૮ વાળી ટ્રાન્સક્રિપ્ટ | ૭૫૫,૭૫૬ |
| ૪૯ | મહેન્દ્ર ચાવલાની ફરીયાદ બાબતે ભરેલ 'બી' સમરી રીપોર્ટની સર્ટીફાઈડ કોપી. | ૭૬૪ |
| ૫૦ | આંક–૭૬૪ વાળા દસ્તાવેજની હીન્દીમાં ટ્રાન્સલેટેડ નોટરાઈઝ નકલ. | ૭૬૫ |
| ૫૧ | જાનકીબેન નારાયણ હરપલાણી દવારા તારીખ–૮/૯/૧૫ ના રોજ પોલીસ અધિક્ષક,ઈન્દોર જીલ્લાને આપવામાં આવેલ એક અરજી તથા તે અરજીના આધારે જાનકીબેનનું લેવામાં આવેલ નીવેદન,જેમાં જાનકીબેનની સહી છે તથા જાનકીબેનનુ ઈલેકશન કાર્ડ છે તેમજ આ અરજીના રોજનામાની નકલ તથા તારીખ–૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ધ્રુવબેન ગુરલદાસ બાલાનીને થાના પ્રભારી મારફતે આર.ટી.આઈ.માં મોકલેલ જવાબ. | ૭૭૧ |
| ૫૨ | તારીખ– ૯/૧૨/૨૦૧૫ ના રોજ સાહેદ દીપક જોગંદરપ્રકાર ધ્વારા મોકલવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર તથા તેની સાથે તેમના | ૭૭૬ |

| | | |
|---|---|---|
| | દ્વારામોકલવામાં આવેલ સી.ડી.આર.મોબાઈલ નંબર નં.૯૩૦૩૦૪૦૦૦૮ ના સતીષ વાઘવાણીના કોલ ડેટેલ્સની સર્ટીફાઈડ નકલ. (૬૮૫/૧૨) | |
| ૫૩ | દેવેન્દ્ર પ્રજાપતિના ફોન નં. ૯૩૧૩૫૭૬૧૫૦ તથા સતીષ વાઘવાણીના ફોન નં. ૯૩૦૩૦૪૦૦૦૮ અંગે ભારતીય પુરાવા અધિનીયમની કલમ(૬૫)(બી)મુજબનું સર્ટીફીકેટ. (૭૭૪/ ૨ ) | ૭૭૭ |
| ૫૪ | દેવેન્દ્ર પ્રજાપતિના ફોન નં. ૯૩૧૩૫૭૬૧૫૦ ની કોલ ડીટેલ્સ સાથે જમ્મુના એસ.પી.ને લખેલ ફોરવર્ડીંગ પત્રની નકલ (૭૭૪/૩ ) | ૭૭૮ |
| ૫૫ | જીતુ સોની વિરૂધ્ધ ઈન્દોરના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓના ચાર્જશીટની ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી) મુજબના સર્ટીફીકેટ સાથેની સર્ટીફાઈડ નકલ. (૬૮૫/૧૩) | ૭૮૩ |
| ૫૬ | આરોપી નં.(૬) ધ્રુવબેને લાજપોર સેન્ટ્રલ જેલ, સુરતનાઓ પાસે થીઆર.ટી.આઈ. હેઠળ માંગેલ માહીતી અંગેનો પત્ર તથા તે પત્ર લગત આવેલ જવાબની નકલ.(૬૮૫/૨) | ૭૮૪ |
| ૫૭ | આરોપી નં.(૬) ધ્રુવબેને સેન્ટ્રલ જેલ, જોધપુરનાઓ પાસેથી આર.ટી.આઈ. હેઠળ માંગેલ માહીતી અંગેનો પત્ર તથા તે પત્ર લગત આવેલ જવાબની નકલ.(૬૮૫/૩) | ૭૮૫ |
| ૫૮ | નામદાર ગુજરાત હાઈકોર્ટમાં શાંતીલાલ વાઘેલાનાઓએ દાખલ કરેલ સ્પેશીયલ ક્રિમીનલ એપ્લીકેશન નંબર ૭૭૦/૦૯ ની નકલ તથા તે લગત સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમ ધ્વારા ફાઈલ કરવામાં આવેલ જવાબની નકલ તથા શાંતીલાલ વાઘેલાનાઓએ તે જવાબ લગત આપેલ રીજોઈન્ડર તથા તે એપ્લીકેશન લગત કરેલ હુકમની સર્ટીફાઈડ નકલ. (૬૮૫/૪) | ૭૮૬ |
| ૫૯ | ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનાઓએ મહીલા આશ્રમના ટ્રસ્ટી પદેથી આપેલ રાજીનામાની નકલ (૬૮૫/૫) | ૭૮૭ |
| ૬૦ | ભારતીબેનના રાજીનામા સંદર્ભે ટ્રસ્ટી મંડળની બેઠકમાં મંજુર થયેલ ઠરાવની નકલ. (૬૮૫/૬ | ૭૮૮ |
| ૬૧ | ભારતીબેનનું નામ બોર્ડ ઓફ ટ્રસ્ટની યાદીમાંથી ડીલીટ/કમી | ૭૮૯ |

| | | |
|---|---|---|
| | કરવા અંગે ભારતીબેને કરેલ એફીડેવીટ ( ૬૮૫/૭) | |
| ૬૨ | ફેરફાર રીપોર્ટની નકલ તથા ભારતીબેનનું ટ્રસ્ટીપદેથી નામ ડીલીટ કરવા ચેરીટી કમીશ્નરની કચેરીએ કરેલ હુકમની સર્ટીફાઈડ નકલ.(૬૮૫/૮) | ૭૯૦ |
| ૬૩ | મહેન્દ્ર ચાવલાના નામથી રૂપિયા પાંચ કરોડની માંગણી સંદર્ભે આવેલ ફોન અંગે ગોકુલભાઈ દેસાઈનાઓએ ચાંદખેડા પો.સ્ટે. માં આપેલ ફરીયાદ તથા તે લગત કરેલ રેર્કોડીંગની સીડી તથા તે રેર્કોડીગની ટ્રાન્સસ્ક્રીપ્ટની નકલ (૬૮૫/૧૦) | ૭૯૧ |
| ૬૪ | સુરતના પોલીસ ઓફીસર્સ તથા એરપોર્ટ ઓથોરીટી,ઉદેપુરનાઓ ને આશારામ બાપુના નામે આપવામાં આવેલ ધમકી અંગે સુરત તથા અમદાવાદ આશ્રમના એડમીનીસ્ટ્રેટરોએ કરેલ પત્ર વ્યવહારની નકલો. (૬૮૫/૧૧) | ૭૯૨ |
| ૬૫ | અડાલજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૨૪૪/ ૨૦૦૮ ની તારીખ– ૧૮/ ૭/ ૨૦૦૮ ની એફ. આઈ. આર. ની સર્ટીફાઈડ નકલ | ૭૯૮ |
| ૬૬ | અડાલજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૨૪૫/ ૨૦૦૮ ની તારીખ–૧૮ / ૭/ ૨૦૦૮ ની એફ. આઈ. આર. ની સર્ટીફાઈડ નકલ | ૭૯૯ |
| ૬૭ | ચાંદખેડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૭/૨૦૧૦ ની તારીખ– ૦૪/૦૨/ ૨૦૧૦ ની એફ. આઈ. આર. ની સર્ટીફાઈડની નકલ | ૮૦૦ |
| ૬૮ | ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટનો સેશન્સ કેસ નં. ૧૬/૨૦૦૯ નો ચુકાદાની સર્ટીફાઈડ કોપી | ૮૦૧ |
| ૬૯ | ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટના સેશન્સ કેસ નં. ૬૬/૨૦૧૧ તથા સેશન્સ કેસ નં. ૬૭/૨૦૧૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ. | ૮૦૨ |
| ૭૦ | ૧૧માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગાંધીનગરનાઓ ની કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૨૭૧૧/૦૮ ના તારીખ– ૧૩/૮/૨૦૨૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ. | ૮૦૩ |
| ૭૧ | ૧૧માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગાંધીનગરનાઓ ની કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૩૪૮૩/૦૮ ના તારીખ– ૧૩/૮/૨૦૨૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ. | ૮૦૪ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૭૨ | ૧૧માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગાંધીનગરનાઓ ની કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૩૪૮૪/૦૮ ના તારીખ– ૧૩/૮/૨૦૨૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ. | ૮૦૫ |
| ૭૩ | ૧૧માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગાંધીનગરનાઓ ની કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૩૪૮૫/૦૮ ના તારીખ– ૧૩/૮/૨૦૨૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ. | ૮૦૬ |
| ૭૪ | કાલુપુર પો.સ્ટે. દવારા મહેરબાન મેટ્રોપોલીટન કોર્ટ નંબર–૧૬, અમદાવાદનાઓને તારીખ–૧૪/૦૨/૨૦૦૯ ના રોજ 'બી' સમરી રીપોર્ટ રાજેશ સોલંકીની ફરીયાદ અંગે મોકલેલ, રીપોર્ટની સર્ટીફાઈડ નકલ | ૮૦૭ |
| ૭૫ | નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ક્રિમીનલ અપીલ નંબર–૧૮૦૫/૧૨ ના અમદાવાદ આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુ કેસમાં તેમના પિતા દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પડકારેલ તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા કરવામાં આવેલ હુકમની ઈન્ટરનેટ કોપી. | ૮૦૮ |
| ૭૬ | અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુ.ર.નં.૨૫૩/૨૦૦૮ તારીખ– ૨૯ / ૭/ ૨૦૦૮ ના રોજની એફ. આઈ. આર. જેમાં આશ્રમના સાધકના ખુનની એફ. આઈ. આર. છે. જેમાં પ્રથમ ઈ.પી.કો.કલમ– ૩૦૭ દાખલ થયેલ, જે પછી પોલીસ દવારા ઈ.પી.કો.કલમ– ૩૦૨ નો ઉમેરો કરવામાં આવેલ. તે એફ.આઈ. આર. તથા કલમ ઉમેરાના રીપોર્ટની સર્ટીફાઈડ નકલ. | ૮૦૯ |
| ૭૭ | ડો. વંદનાબેન શાહુનાઓએ મહેન્દ્રસિંહ ચાવલા વિરૂધ્ધ તા. ૦૮/૦૧/૧૪ ના રોજ ગાંધીનગર કોર્ટમાં દાખલ કરેલ ફરીયાદ (ક્રિ.ઈન્કવાયરી નં. ૦૧/૧૪) ની સર્ટીફાઈડ નકલ. (૭૬૨/૭) | ૮૨૩ |
| ૭૮ | ફરીયાદણ પાંડેસરા–સુરત મુકામે આધ્યાત્મીક/સ્પીરીચ્યુઅલ પોગ્રામ આપી રહયા હતા તે અંગેના ૩ (ત્રણ) ફોટોગ્રાફસ ( ૩૨૧/૧). | ૮૮૧ |
| ૭૯ | ફરીયાદણ પાંડેસરા–સુરત મુકામે પોગ્રામ દરમ્યાન આશારામ બાપુની આરતી કરી રહયા હતા તે અંગેના ૩ (ત્રણ) ફોટોગ્રાફસ ( ૩૨૧/૨). | ૮૮૨ |
| ૮૦ | ફરીયાદણ પાંડેસરા–સુરત મુકામે પોગ્રામ દરમ્યાન ગરીબોને | ૮૮૩ |

| | | |
|---|---|---|
| | પૈસા ડોનેટ કરતા હતા તે અંગેનો ફોટોગ્રાફ( ૩૨૧/૩). | |
| ૮૧ | ફરીયાદણના લક્ષ્મીનારાયણ મંદિર, ફરીદાબાદ, હરીયાણા મુકામે યોજવામાં આવેલ પોગ્રામના બે ફોટોગ્રાફસ(૩૨૧/૪) | ૮૮૪ |
| ૮૨ | પેન ડ્રાઈવ. | ૯૧૦ |

**(૧૩) બચાવપક્ષ ના સાહેદ નં.૨ ની આરોપી નં.૧,૩,૪,૫,૭ નાઓના વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન રજુ થયેલ દસ્તાવેજની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આંક-૭૦૨ વાળી અરજી લગત ડૉ. કે. ડી. પટેલ ધ્વારા તારીખ ૧૯/૧૧/૨૦૧૦ ના રોજ સ્ટેટ સી. આઈ. ડી. ને લેખીત ફરીયાદ મોકલેલી તેની કોર્ટ દવારા આપવામાં આવેલ સર્ટીફાઈડ- સાદી નકલ. | ૭૧૩ |

**(૧૪) બચાવપક્ષ ના સાહેદ નં. ૪ તથા ૧૦ ની ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં રજુ થયેલ દસ્તાવેજો કે જેને આંક પડેલ છે તેની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સચિવશ્રી Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar નો ઓથોરીટી લેટર. | ૭૩૩ |
| ૨. | શ્રીમાન પોલીસ અધિક્ષક મહોદય ઈન્દોરને લખેલી તા.૮/૯/૧૫ ની ૧અરજીમાં નારાયણ સાંઈ આશારામજી હરપલાણી નાઓ ધ્વારાદ ફેમીલી કોર્ટ, , ઈન્દોર ની અંદર દાખલ કરવામાં આવેલ બે કેસો કેસો બાબતે અનેક પ્રકારની ડરાવવાની ધમકીઓ આપેલી અને તેમને જીવનું જોખમ હોવાનો ખતરો થઈ રરહયો છે તે બાબતે જાનકીબેને આપેલીઅરજી. | ૭૭૨ |
| ૩. | તા.૪/૧૦/૨૦૧૫ ના રોજ આઈ.પી.એસ.અધિકારી સુરજ વર્માનગર | ૭૭૩ |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| ૨ | પોલીસ અધિક્ષક, વીજયનગર ઈન્દોર દવારા થાના પ્રભારી, ખજરાના પોલીસ સ્ટેશન ઈન્દોર ને મોકલાવેલ રીપોટ | |

**(૧૫)** આરોપી નં.(૪)(૫) તરફે સાહેદ નં(૭) ને ડ્રોપ કર્યાની પુરસીસ આંક–૮૧૦ થી રજુ કરવામાં આવેલ છે. નં. (૪)(૫) નાઓ તરફે આંક–૮૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. તેમજ આરોપી નં.(૬) તરફે આંક–૭૨૪ થી સાહેદ દુર્ગાબેનને ડ્રોપ કર્યાની પુરસીસ રજુ કરવામાં આવેલ છે તેમજ આરોપી નં.(૬) તરફે આંક–૭૨૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

**(૧૬)** સદર કામે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ જુદા જુદા સાહેદોની જુબાનીમાં રીફર કરવામાં આવેલ તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ જુદા જુદા દસ્તાવેજી પુરાવાઓને આંક આપવા સંદર્ભે બચાવપક્ષ તરફથી તે દસ્તાવેજોને આંક આપવા સામે વાંધો નોંધાવામાં આવેલ છે. તેવી જ રીતે બચાવપક્ષના સાહેદોની જુબાની દરમ્યાન તથા બચાવપક્ષ તરફથી રજુ થયેલ જુદા જુદા દસ્તાવેજો તથા અન્ય પુરાવાઓને આંક આપવા સામે ફરીયાદપક્ષ તરફથી વાંધાઓ લેવામાં આવતા તે દસ્તાવેજી પુરાવા તથા અન્ય પુરાવાને ઉભય પક્ષકારોની રજુઆત સાંભળી આખરી સુનવણી વખતે નિર્ણય કરવો તે રીતેની નોંધ રાખી નામદાર સુપ્રિમ કોર્ટના બીપીન શાંતીલાલ પંચાલના ચુકાદા અન્વયે ટેન્ટેટીવ આંક આપી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

**(૧૬.૧)** ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ સંબંધે બચાવપક્ષ દવારા અને બચાવપક્ષ દવારા રજુ થયેલ પુરાવા સંદર્ભે ફરીયાદપક્ષ દવારા લેવામાં આવેલ વાંધાઓ જુદા જુદા કારણોસર ગ્રાહય રાખવાને પાત્ર નથી તેવી રજુઆત કરવામાં આવેલ છે. તેમજ

બચાવપક્ષ દવારા આ સંદર્ભે 1989(1) GLH Page - 82 (Head Note-B) ના ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે.

(૧૬.૨) સદર કામે ફરીયાદપક્ષ તરફથી આંક– ૧૩૬ તથા આંક– ૧૩૮ થી જે પંચનામા રજુ કરવામાં આવેલ છે તે સંદર્ભે તથા તપાસનીશ અધિકારી દવારા કરવામાં આવેલ તપાસની કાર્યવાહી દરમ્યાન તેઓએ કરેલ / લખેલ પત્ર, યાદી, સ્થળપ્રત, એફ.આઈ.આર., મેડીકલ કેસ પેપર્સ, ઠરાવ, દાખલા, ફોટોગ્રાફસ અનુક્રમે આંક– ૫૭૮ થી આંક– ૬૪૦ સુધીના રજુ કરવામાં આવેલ છે. તેવી જ રીતે આંક– ૬૫૪ થી રાજકોટથી પ્રસિધ્ધ થતા 'સાંજ સમાચાર' ન્યુઝપેપર તા.૦૩–૦૪/ ૦૯/૧૯૯૬ ની અસલ નકલ રજુ કરવામાં આવેલ છે. આમ, સદર કામે આંક– ૧૩૬ તથા આંક– ૧૩૮ વાળા પંચનામામાં જે પંચોની રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ તે પંચોએ તથા આંક– ૫૭૮ થી ૬૪૦ થી રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા સંબંધે તપાસનીશ અધિકારીએ તપાસની કાર્યવાહી દરમ્યાન કરેલ વ્યવહારો અંગેના દસ્તાવજો છે. જે દસ્તાવેજોમાં તપાસનીશ અધિકારી તથા જે તે સાહેદોએ પોતાની સહીઓ આ અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. તેવી જ રીતે આંક– ૬૫૪ થી રજુ થયેલ 'સાંજ સમાચાર' ન્યુઝપેપર્સની નકલ તેઓના તંત્રી યશવંતભાઈ નરોત્તમદાસ શાહનાઓને બતાવવામાં આવેલ છે. તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ યોગ્ય કસ્ટડીમાંથી રજુ કરવામાં આવેલ છે. જેથી બચાવપક્ષ તરફથી લેવામાં આવેલ વાંધાઓ પ્રથમ નજરે કાયદાકીય જોગવાઈ વિરૂધ્ધના હોય તેથી તેઓના વાંધા ગ્રાહય રાખવા પાત્ર નથી અને તે તમામ દસ્તાવેજી પુરાવાઓને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંકને કાયમી આંક ગણવાનો હુકમ કરવામાં આવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૬.૩)** તેવી જ રીતે ફરીયાદપક્ષે બચાવપક્ષ દવારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા અન્ય પુરાવાઓ પાછળથી ખોટી રીતે ઉભા કરવામાં આવેલ હોવાનું તેમજ તે દસ્તાવેજોની ઓરીજનલ પ્રત રજુ કરવામાં આવેલ નથી. આમ, ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓનું ચુસ્ત પાલન કર્યા સિવાય દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હોઈ અને તેના ખરાપણા બાબતે શંકા ઉઠાવતા આવા દસ્તાવેજી તથા અન્ય પુરાવાઓને ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે.

**(૧૬.૪)**સદર કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જે તે સાહેદોની સોંગદ ઉપરની જુબાનીમાં રીફર કરવામાં આવેલ છે એટલુ જ નહી :

(૧) સદર કામે આંક– ૭૦૧, ૭૦૨, ૭૧૩, ૭૮૩ તથા આંક –૮૨૩ સર્ટીફાઈડ નકલો છે. જે 1989(1) GLH Page - 82 (Head Note-B) ના ચુકાદા અન્વયે સ ર્ટીફાઈડ નકલો હોઈ તેની પ્રમાણભુતતા બાબતે શંકા કરી શકાય નહી. જેથી તે ધ્યાને લેવાને પાત્ર થાય છે.

(૨) આંક–૭૦૩ તથા આંક– ૭૦૪ ઓરીજનલ વિડીયો રેકોર્ડીંગની સીડી છે. તેમજ આંક–૭૦૫ દીનેશ અને અમૃત પ્રજાપતિ વચ્ચે વિક્રમ રાઠોડના ફોનમાં ખોટી ફરીયાદ કરવા સંદર્ભેની રેકોર્ડીંગની સીડી છે. આમ આંક– ૭૦૩ થી ૭૦૫ સુધી રજુ થયેલ ડી.વી.ડી.તથા સી.ડી.ઓરીજનલની બીજી કોપી છે. અને ઓરીજનલ ડી.કે. ત્રિવેદી કમિશનમાં રજુ કરવામાં આવેલ છે. તેમજ તેના ખરાપણા અંગે આંક– ૭૦૬ થી ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) (૪) મુજબનું સર્ટીફીકેટ પણ રજુ કરવામાં આવેલ છે. જેથી સદર દસ્તાવેજોના ખરાપણા બાબતે શંકા ઉપસ્થિત કરી શકાય નહી.

**(૧૬.૫)**આંક– ૭૦૮ તથા આંક– ૭૦૯ એફ.એસ.એલ. સંલગન રીપોર્ટ/દસ્તાવેજ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

જે સી. આર. પી.સી.કલમ– ર૯૩ અન્વયે ગ્રાહય રાખવાને પાત્ર બને છે. આંક– ૭૧૭, તે બચાવપક્ષના સાહેદ નં.(૩) સેજલબેન તથા તેમના પતિએ કતાર ગામ પોલીસ સ્ટેશન, સુરત ખાતે સને–૨૦૧૩ માં આપેલ ખોટી અરજી કે જે સેજલબેનના હસ્તાક્ષરમાં છે અને તેમાં પી.એસ.ઓ.એ રીસીવ કર્યા બદલની સહી કરેલ નકલ છે. જેથી તે ઘ્યાને લેવાને પાત્ર બને છે. આંક– ૭૧૮, બચાવપક્ષના સાહેદ નં.(૩) સેજલબેન અને તેઓના પતિએ કરેલ, તેમજ સતીષ અને વાસુ વચ્ચે તથા રાજુ ચાંડક અને સતીષ વચ્ચેના ટેલીફોનીક વાતચીતની ઓડીયો સીડી છે અને તેના ઓથર સેજલબેન પોતે જ છે એટલુ જ નહી તે સંદર્ભે આંક– ૭૨૩ થી ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ પણ રજુ કરવામાં આવેલ છે. જેથી તેના ખરાપણા બાબતે શંકા ઉપસ્થિત થતી નથી.આંક– ૭૧૯, સતીષ વાઘવાણી અને વાસુ વચ્ચે થયેલ સંવાદની ઓડીયો ટ્રાન્સક્રિપ્ટની નકલ છે. તેમજ આંક– ૭૨૦ સતીષ– વાસુ અને સેજલ વચ્ચે અન્નપુર્ણા મંદીરમાં થયેલ ઓડીયો ટ્રાન્સક્રિપ્ટની નકલ છે. તથા આંક– ૭૨૧ સતીષ વાઘવાણી અને રાજુ ચાંડક વચ્ચે વાસુના મોબાઈલમાં થયેલ રેકોર્ડીંગની ટ્રાન્સક્રિપ્ટ છે. આંક– ૭૨૨ વાસુ અને સતીષ વાઘવાણી વચ્ચે થયેલ સંવાદ કે જેમાં જીતુ સોનીના રેફરન્સના સંવાદની ટ્રાન્સક્રિપ્ટ છે અને આંક– ૭૨૩ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) અંગેનું સર્ટીફીકેટ છે અને તેના ઓથર સેજલબેન પોતે જ છે. જેથી તેના ખરાપણા અંગે સવાલ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આંક– ૭૫૦, તે ભોગ બનનારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચીફ મેટ્રોપોલીટન કોર્ટ દવારા સી. આર. પી. સી. કલમ– ૧૬૪ ના બીજી વખતના નિવેદન સંદર્ભે કરેલ હુકમ વિરૂઘ્ઘ તૈયાર કરેલ પીટીશનની નકલ છે અને તે સાબીત કરવા માટે એડવોકેટશ્રી હરીશ રાજુપતનાઓને તપાસવામાં આવેલ છે અને તેમાં તેઓએ પોતાના સહી–સિકકા ઓળખી બતાવેલ છે અને તે સંબંધે તારીખ–

૨૬/૧૨/૨૦૧૪ ના રજીસ્ટરમાં એન્ટ્રી થયેલ હોવાનું પણ જણાવેલ છે. જેથી તેની યોગ્યતા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.આંક–૭૫૩ તથા આંક– ૭૫૪ ફરીયાદી યાને ભોગ બનનારના સત્સંગની ડીવીડી તથા સીડી છે અને તે ફરીયાદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પેરા (૧૦૬) તથા (૧૦૭) માં તે તેણીનું જ વ્યાખ્યાન– પ્રવચન– ભજન હોવાનું સ્વીકારેલ છે અને બચાવપક્ષના સાહેદ નં.(૮) દિપકભાઈ ભાટીનાઓએ પોતે સને–૨૦૦૬ માં રેકોર્ડીંગ કરેલ છે અને તે અંગે ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫ (બી) મુજબ સર્ટીફીકેટ પણ આપેલ છે. જેથી તેના ખરાપણાની ખાતરી થાય છે. આંક– ૭૫૫ તથા આંક– ૭૫૬ તે આંક– ૭૫૩ ની ડી.વી.ડી તથા આંક– ૭૫૪ ની સી.ડી. ની ટ્રાન્સક્રિપ્ટ છે. અને તે બચાવપક્ષના સાહેદ નં.(૮) દિપક ભાટીનાઓએ પોતે બનાવેલ છે અને ફરીયાદણે પણ તે એડમીટ કરેલ છે. જેથી તે ઘ્યાને લેવાને પાત્ર છે. આંક– ૭૬૫, મહેન્દ્ર ચાવલાનાઓએ આરોપી નં.(૧) ના દિકરા નારાયણસાંઈ વિરૂઘ્ઘ કોરા કાગળામાં તેઓની સહી લીધા અંગે કરેલ ફરીયાદની મરાઠીમાં 'બી' સમરી ફાઈલ કરેલ તેના હીન્દુ અનુવાદની નોટરાઈઝ નકલ છે અને તે બચાવપક્ષના સાહેદ નં.(૯) યુસુફભાઈ બાગવાનનાઓએ કોર્ટમાં તેઓની સહીથી સમરી ફાઈલ કરવામાં આવેલ હોવાનું તેનુ મરાઠીમાંથી હીન્દીમાં ટ્રાન્સલેટ કરવામાં આવેલ તે છે અને તે ખરૂ અને બરાબર હોવાનું પણ જણાવેલ છે. જેથી તે પણ ઘ્યાને લેવાને પાત્ર થાય છે. ૧૪)આંક–૭૭૬,સતીષ વાઘવાણીના મોબાઈલ નં.–૯૩૦૩૦૪૦૦૦૮ ના કોલ ડીટેલ્સ રીપોર્ટની નકલ છે. તેમજ આંક– ૭૭૭ બચાવપક્ષ ના સાહેદ નં. (૧૧) દીપક જોગીંદરપ્રકાશ ગંદોત્રાનાઓએ તે અંગે ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર છે. જેથી તેના ખરાપણા અંગે શંકા ઉપસ્થિત થતી નથી.આંક –૭૭૮, તે દેવેન્દ્ર પ્રજાપતિના મોબાઈલ નં. – ૯૩૧૩૫૭૬૧૫૦ ના કોલ ડીટેલ્સ રીપોર્ટની

સહી સિકકાવાળી નકલ છે.જેથી તે પણ ધ્યાને લેવાને પાત્ર થાય છે. આંક- ૭૮૪ તથા આંક - ૭૮૫ આરોપી નં.(૬) ધ્રુવબેન દવારા લાજપોર જેલ, સુરત તથા સેન્ટ્રલ જેલ, જોધપુરમા નારાયણસાંઈ તથા આશારામ બાપુનાઓને તેમના પુત્ર વધુ જાનકીબેન નારાયણસાંઈ મળવા ગયેલ તે અંગે જેલ સત્તાવાળાઓ તરફથી આપવામાં આવેલ માહીતીની નકલ છે. જે સંબંધે ફરીયાદપક્ષ દવારા કોઈ વાંધો લેવામાં આવેલ ન હોય તે વંચાણે લેવામાં આવે છે. આંક-૭૮૬, તે દિપેશ અને અભિષેકના અપમૃત્યુ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં. ૭૭૦/૨૦૦૯ ની પીટીશનની નકલ તથા સદર પીટીશન સંદર્ભે સી.આઈ.ડી ક્રાઈમે નામદાર હાઈકોર્ટમાં જે જવાબ રજુ કર્યો તે જવાબની કોપી સહીતની નકલ છે. જે ધ્યાને લેવાને પાત્ર થાય છે. આંક- ૭૮૭, તે ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનાઓએ ટ્રસ્ટી પદેથી રાજીનામુ આપવા સંદર્ભે આશ્રમને લખેલ પત્રની ચેરીટી કમીશનરની કચેરીમાંથી મેળવવામાં આવેલ નકલ તથા આંક-૭૮૮, તે રાજીનામા લગત ટ્રસ્ટી મંડળની બેઠકમાં થયેલ ઠરાવ તથા આંક- ૭૮૯, ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનાઓએ કરેલ એફીડેવીટની નકલ છે. તેમજ આંક- ૭૯૦ ભારતીબેન નાયકનાઓ મહીલા આશ્રમના ટ્રસ્ટી તરીકે હતા તે લગતનો ફેરફાર રીપોર્ટ તથા આંક- ૧ લગત હુકમની સર્ટીફાઈડ નકલ છે. જેથી તેના ખરાપણા સંદર્ભે કોઈ તકરાર રહેતી નથી.

**(૧૬.૬)** આ તબકકે ભારતીય પુરાવા અધિનીયમની કલમ- (૩), (૬૧) તથા (૬૨) ધ્યાને લેતા બંને પક્ષકારોના તમામ ટેન્ટેટીવ આંકોવાળા દસ્તાવેજી તથા અન્ય પુરાવાઓ સર્ટીફાઈડ નકલો હોઈ, તેમજ યોગ્ય વ્યકિતની કસ્ટડીમાંથી રજુ થયેલ હોઈ, તેમજ તેમા યોગ્ય સીલ તથા જરૂરી સહી-સિકકા પણ કરવામાં આવેલ હોઈ, તે વંચાણે લઈ પુરાવામાં ગ્રાહય રાખવામાં આવે છે અને તે તમામ દસ્તાવેજી તથા અન્ય પુરાવાઓને ટેન્ટેટીવ આંકોમાંથી કાયમી આંકો આપવાનો હુકમ કરવામાં

આવે છે.

તેવી જ રીતે બચાવપક્ષ ધ્વારા આંક–૭૧૩ થી રજુ થયેલ ડો. કે.ડી.પટેલ ધ્વારા સ્ટેટ સી.આઈ.ડી.ક્રાઈમને જે અરજી આપવામાં આવેલ તેની સ ર્ટીફાઈડ નકલ હોઈ અને તે યોગ્ય વ્યકિતની કસ્ટડીમાંથી રજુ થયેલ હોઈ તે દસ્તાવેજને પણ કાયમી આંક આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૭) ફરીયાદપક્ષ તથા બચાવપક્ષ તરફે રજુ થયેલ લેખિત દલીલોની વિગત નીચે મુજબ છે.**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદપક્ષ તરફે સ્પે.પી.પી.શ્રી આર.સી.કોડેકરનાઓની લેખિત દલીલ | ૮૫૭ |
| (૨) | આરોપી નં.(૧)(૩)(૪)(૫) તથા (૭) તરફે વિ.વ.શ્રી સી.એમ. ગુપ્તાની ટેન્ટેટીવ આંકોને પાકા (પરમેનન્ટ) આંકો આપવા સંદર્ભેની લેખીત દલીલો | ૮૭૮ |
| (૩) | આરોપી નં. (૧)(૩)(૪)(૫) તથા (૭) તરફે વિ.વ.શ્રી સી.એમ. ગુપ્તાની જનરલ દલીલો. | ૮૮૫ |
| (૪) | આરોપી નં. (૧)(૩)(૪)(૫) તથા (૭) તરફે વિ.વ.શ્રી સી.એમ. ગુપ્તાની (૧) ફરીયાદ કરવામાં થયેલ અસાધારણ વિલંબ યાને ડીલે સંદર્ભે (૨) ગુનાહિત કાવતરા સંદર્ભે તથા (૩) ઈલ્લીગલ ઈન્વેસ્ટીગેશન સંદર્ભેની દલીલો . | ૮૯૩ |
| (૫) | આરોપી નં.(૧)(૩)(૪)(૫) તથા (૭) તરફે વિ.વ.શ્રી સી.એમ. ગુપ્તાની ફરીયાદપક્ષના હીત ધરાવતા સાહેદો તથા ફરીયાદપક્ષ તરફે કરવામાં આવેલ એડવાન્સ દલીલો સંદર્ભેની દલીલો. | ૮૯૪ |
| (૬) | આરોપી નં. (૨)તરફે વિ.વ.શ્રી એસ.વી.ઠકકરની લેખિત દલીલો. | ૮૯૮ |

ફરીયાદપક્ષ તેમજ બચાવપક્ષની રજુ થયેલ દલીલો વંચાણે લેવામાં આવેલ છે તેમજ

આરોપી નં.૬ તરફે વિધ્વાન વકીલ શ્રી એન.ટી. ગાંધી ધ્વારા મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જે તમામ દલીલોની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુથી મારા કારણોમાં કરવામાં આવેલ છે.

**(૧૮) આ કામે બંને પક્ષકારોની રજૂઆતો અને પુરાવાને ધ્યાનમાં લઈ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.**

**<u>-:: મુદા ::-</u>**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્ય ૧૯૯૬ની સાલમાં જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન તેણીના માતા -પિતા સાથે આરોપી નંબર-૧ના સુરત મુકામે જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ આશ્રમ ખાતે સત્સંગ શિબિરમાં ગયેલ ત્યારે ફરીયાદણને મહાન વકતા બનાવવાની લાલચ આપી, ૧૯૯૭ની સાલમા ફરીયાદણ સુરત ખાતે હોળીની શિબિરમા આરોપી નંબર-૧ ના સુરત મુકામે જહાંગીરપુરા વિસ્તારમાં આવેલ આશ્રમ ખાતે ગયેલ ત્યારે અમદાવાદ મુકામે મોટેરા વિસ્તારમાં આવેલ આશ્રમ ખાતે ૧૧ દિવસના અનુષ્ઠાનમાં બોલાવ્યા બાદ ફરીયાદણ/ભોગ બનનારે અનુષ્ઠાન બાદ ઘરે જવાની પરવાનગી માંગતા, આરોપી નંબર -૬ ધ્રુવબેન ડો/ઓફ ગુરદાસ બાલાણીએ ઘરે જવા દીધેલ નહિં અને આરોપી નંબર-૩ લક્ષ્મી બેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ

થાઉમલ સીન્ધી (હરપલાની) સાથે ઓળખાણ કરાવતા આરોપી નંબર–૩ લક્ષ્મીબેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધી (હરપલાની)એ ફરીયાદણ/ભોગ બનનારને આશ્રમમાં રોકાવવા જણાવતા ફરીયાદણ/ ભોગ બનનાર આશ્રમમા રોકાયેલ. ત્યારબાદ પંદરેક દિવસ બાદ ફરીયાદણ/ભોગ બનનારની માતા ફરીયાદણ/ભોગ બનનારને આશ્રમમા લેવા માટે આવતાં, આરોપી નંબર–૩ લક્ષ્મી બેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધી (હરપલાની)એ ભોગ બનનારની માતાને ફરીયાદણ/ભોગ બનનારની જીંદગી બનાવી દેવાની લાલચ આપી, યેન કેન પ્રકારે પોતાની વગ, પ્રભાવ, ધાક, ડર તેમજ સામાજીક પ્રતિષ્ઠાનો ઉપયોગ કરી, ૨૦૦૭ ની સાલ સુધી ફરીયાદણ/ ભોગ બનનારને સદોષ અટકાયત તેમજ ગુપ્ત સદોષ અટકાયતમાં રાખી, ભારતીય દંડ સંહીતાની કલમ–૩૪૨, ૩૪૬ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

**:૨:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્યને ૧૯૯૬ની સાલમાં જન્માષ્ટમીના તહેવારના રોજથી સને ૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નંબર–૧ના આશ્રમમા સદોષ અટકાયત અને ગુપ્ત અટકાયતમાં રાખી, વર્ષ ૨૦૦૧ ની સાલમાં ગુરૂ પૂર્ણીમાના દિવસે, આરોપી નંબર–૧ની પુત્રી, આરોપી નંબર–૨ ભારતી ડો/ઓફ આશુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધી (હરપલાની) મારફતે આરોપી નંબર–૧ના શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર

બોલાવવા આરોપી નંબર–૬ને મોકલી ફરીયાદણ/ભોગ બનનાર તથા સાહેદ ટીના એકયુપ્રેશરને આરોપી નંબર–૧ પાસે ફાર્મ હાઉસ કુટીયા લઈ જવા માટે આરોપી નંબર–૨ ની ગાડીમા બેસાડી શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર લઈ જતા, શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર આરોપી નંબર–૧નો અખીલ નામના સેવકે ફરીયાદણ/ભોગ બનનાર તથા સાહેદ ટીના એકયુપ્રેશર આવી ગયેલ હોવાનું જણાવતા, આરોપી નંબર–૧નાએ સેવક અખીલ ને શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપરથી કાઢી મુકેલ અને પ્રથમ સાહેદ ટીના એકયુપ્રેશર ને અંદરના રૂમમા બોલાવેલ અને દસેક મીનીટ બાદ, આરોપી નંબર–૧નાએ ફરીયાદણ/ભોગ બનનારને અંદરના રૂમમા બોલાવી, બારી ઉપર રહેલ કટોરીમાં રહેલ ગાયના ઘી વડે માથામાં માલીશ કરવા જણાવતા, ફરીયાદણ/ભોગ બનનાર આરોપી નંબર–૧ના માથામાં માલીશ કરવા લાગેલ ત્યારે, ફરીયાદણ/ભોગ બનનારની લાજ લેવાના ઈરાદે તેણી ઉપર ગુનાહિત બળ વાપરી, તેણીના શરીર સાથે બીભત્સ ચેડા કરવા લાગેલ અને તેણીએ પહેરેલ દુપટ્ટો ખેંચી બાજુમાં નાંખી દીધેલ અને તેણીના શરીર સાથે બિભત્સ ચેડા કરવાનું ચાલુ રાખતા, ફરીયાદણ/ભોગ બનનારે પ્રતિકાર કરતા અને ભાગવાની કોશીષ કરતા જબરજસ્તીથી ભોગ બનનારને પકડી, ગુનાહિત બળ વાપરી, આરોપી નંબર–૧નાએ અન્ય આરોપીઓની મદદગારી અને મેળાપીપણામાં ભારતીય દંડ સંહીતાની કલમ–૩૫૪ તથા ૩૫૭ સાથે વાંચતા કલમ–૧૨૦ (બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

:3: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની

મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્યને ૧૯૯૬ની સાલમાં જન્માષ્ટમીના તહેવારના રોજથી સને ૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નંબર–૧ના આશ્રમમા સદોષ અટકાયત અને ગુપ્ત અટકાયતમાં રાખી, વર્ષ ૨૦૦૧ ની સાલમાં ગુરૂ પૂર્ણીમાના દિવસે, આરોપી નંબર–૧ની પુત્રી, આરોપી નંબર–૨ ભારતી ડો/ઓફ આશુમલ ઉર્ફે આશારામ થાઉમલ સીન્ધી (હરપલાની) મારફતે આરોપી નંબર–૧ના શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર બોલાવવા આરોપી નંબર–૬ને મોકલી ફરીયાદણ/ભોગ બનનાર તથા સાહેદ ટીના એકયુપ્રેશરને આરોપી નંબર–૧ પાસે ફાર્મ હાઉસ કુટીયા લઈ જવા માટે આરોપી નંબર–૨ ની ગાડીમા બેસાડી શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર લઈ જતા,શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર આરોપી નંબર–૧નો અખીલ નામનો સેવકે ફરીયાદણ/ભોગ બનનાર તથા સાહેદ ટીના એકયુપ્રેશર આવી ગયેલ હોવાનું જણાવતા, આરોપી નંબર–૧નાએ સેવક અખીલ ને શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપરથી કાઢી મુકેલ અને પ્રથમ સાહેદ ટીના એકયુપ્રેશર ને અંદરના રૂમમા બોલાવેલ અને દસેક મીનીટ બાદ, આરોપી નંબર–૧નાએ ફરીયાદણ/ભોગ બનનારને અંદરના રૂમમા બોલાવી, બારી ઉપર રહેલ કટોરીમાં રહેલ ગાયના ઘી વડે માથામાં માલીશ કરવા જણાવતા, ફરીયાદણ/ભોગ બનનાર આરોપી નંબર–૧ના માથામાં માલીશ કરવા લાગેલ ત્યારે આરોપી નંબર–૧નાએ ફરીયાદણ/ભોગ બનનારના શરીર સાથે બીભત્સ ચેડા કરવા લાગેલ અને તેણીએ પહેરેલ દુપટ્ટો ખેંચી બાજુમાં નાંખી દઈ તેણીના શરીર સાથે બિભત્સ ચેડા કરવાનું ચાલુ રાખેલ. જેથી ફરીયાદણ/ભોગ બનનારને આનાકાની અને પ્રતિકાર

કરતા, તેણીના હાથમાંથી ઘી ની વાટકી પડી ગયેલ અને ફરીયાદણ/ભોગ બનનારે બચવા માટે બુમાબુમ અને નાસભાગ કરતા, આરોપી નંબર–૧ પલંગ ઉપરથી ઉતરી ફરીયાદણ/ભોગ બનનારને પલંગ ઉપર નાંખી, આરોપી નંબર–૧ નાએ ગુનાહિત બળ વાપરી, ફરીયાદણ/ભોગ બનનારે પહેરેલ સલવારનું નાડું ખેંચતા તે તુટી ગયેલ અને તમો આરોપી નંબર–૧નાએ ફરીયાદણ/ભોગ બનનારને જબરજસ્તીથી પલંગ ઉપર નાંખી, આરોપી નંબર–૧નાએ પોતાના તમામ કપડા કાઢી નાંખી, પોતાનો ગુપ્ત ભાગ ફરીયાદણ/ભોગ બનનારના મોંઢામા નાંખી ફરીયાદણ/ભોગ બનનાર ઉપર સૃષ્ટી વિરૂદ્ધનું ગુનાહિત કૃત્ય આચરી, બળપૂર્વક ફરીયાદણ/ભોગ બનનાર સાથે શારીરીક સંભોગ કરી, આરોપી નંબર–૧ નાએ અન્ય આરોપીઓની મદદગારી અને મેળાપીપણામાં ભારતીય દંડ સંહીતાની કલમ–૩૭૬ (૨) (ગ) તથા ૩૭૭ સાથે વાંચતા કલમ–૧૨૦ (બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

:૪: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્યને આરોપી નંબર–૧ના શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર બોલાવી, ગાયના ઘી વડે માથામાં માલીશ કરવા જણાવી, ફરીયાદણ/ભોગ બનનાર આરોપી નંબર–૧ના માથામાં માલીશ કરતા હતા ત્યારે આરોપી નંબર–૧નાએ ફરીયાદણ/ભોગ બનનારના શરીર સાથે બીભત્સ ચેડા કરવા લાગેલ અને તેણીએ પહેરેલ દુપટ્ટો ખેંચી બાજુમાં નાંખી દઈ તેણીના શરીર સાથે બિભત્સ ચેડા કરવાનું ચાલુ કરતા

ફરીયાદણ/ભોગ બનનારે આનાકાની અને પ્રતિકાર કરતા, આરોપી નંબર–૧ પલંગ ઉપરથી ઉતરી ફરીયાદણ/ભોગ બનનારને પલંગ ઉપર નાંખી, ગુનાહિત બળ વાપરી, ફરીયાદણ/ભોગ બનનારે પહેરેલ સલવારનું નાડું ખેંચી તોડી નાંખી, ફરીયાદણ/ભોગ બનનારને જબરજસ્તીથી પલંગ ઉપર નાંખી, આરોપી નંબર–૧ નાએ પોતાનો ગુપ્ત ભાગ ફરીયાદણ/ભોગ બનનારના મોંઢામા નાંખી ફરીયાદણ/ભોગ બનનાર ઉપર સૃષ્ટીક્રમ વિરૂદ્ધનું ગુનાહિત કૃત્ય આચરેલ તેમજ બળપૂર્વક ફરીયાદણ/ભોગ બનનાર સાથે શારીરીક સંભોગ કરેલ.ત્યારબાદ કોર્ડલેસ ફોનથી આરોપી નંબર–૨ને બોલાવી, ફરીયાદણ/ભોગ બનનારને આરોપી નંબર–૨ પોતાની ગાડીમાં શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી જતી રહેલ. ત્યારબાદ એકાદ માસ બાદ ફરીથી આરોપી નંબર–૩ નાએ ફરીયાદણ/ભોગ બનનારને આરોપી નંબર–૬ મારફતે બોલાવતા ફરીયાદણ/ ભોગ બનનાર આશ્રમના બગીચાની વાડ પાછળ છુપાઈ ગયેલ ત્યારે આરોપી નંબર–૨, ૩ તથા અન્ય સેવીકા ભોગ બનનારને શોધતી હતી પરંતુ ભોગ બનનાર મળેલ નહિં અને બીજા દિવસે સવારે તેણીના રૂમ ઉપર હતી અને સેવા પૂજા કરતી હતી ત્યારે આશરે નવેક વાગ્યાના સુમારે આરોપી નંબર–૭ જશીબેન ફરીયાદણ/ભોગ બનનારના રૂમ ઉપર આવેલ અને જબરજસ્તીથી પકડી, આરોપી નંબર–૩ પાસે થઈ જતાં આરોપી નંબર–૩નાએ ફરીયાદણ /ભોગ બનનારને ગાલ ઉપર બે લાફા મારી, અબ તુઝકો દેખ લુંગી તેવી ધમકી આપેલ તેમજ તે જ દિવસે બપોરના બે વાગ્યે આરોપી નંબર–૨ ફરીથી તેણીને શાંતીવાટીકા ફાર્મ હાઉસ ઉપર લઈ ગયેલ. જયાં આરોપી નંબર–૧નાએ ગુસ્સે થઈ, ફરીયાદણ/ભોગ બનનારને અપમાનીત

કરવાના ઈરાદે બીભત્સ શબ્દો ઉચ્ચારી, હાથમાં રહેલ થાળી–વાટકાના છુટા ઘા કરી, ઉપરોકત બનાવ અંગે ફરીયાદણ/ભોગ બનનાર કોઈને જાણ ન કરે તે હેતુથી તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

**:૫:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્ય સાથે ઉપરોકત મુજબના ગુના આચર્યા બાદ ફરીયાદણ/ભોગ બનનારે તે અંગે ફરીયાદ જાહેર કરતા, તે અંગે આરોપી નંબર–૬ કે જે અમદાવાદ ખાતેના મહિલા આશ્રમના સંચાલક હતા અને અનુષ્ઠાન માટે આવતી મહિલા ઓ અંગેનું અથવા તો આશ્રમમાં કાયમી વસવાટ કરવા આવતી મહિલા સાધકોનું રજીસ્ટર અથવા તો રેકર્ડ તપાસના કામે રજુ કરવા અથવા તો સોંપવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ તેમજ આવું કોઈ રજીસ્ટર કે રેકર્ડ રાખવામા આવે છે કે કેમ તે અંગે પુછવામા આવતા, ઈરાદાપૂર્વક જવાબ નહિં આપી, તપાસ કરનાર અધિકારી કે જે જાહેર અધિકારી છે તેમની સમક્ષ જરૂરી દસ્તાવેજો રજુ કરવા બંધાયેલ હોવા છતાં તે રજુ નહિં કરેલ. તેમજ તપાસ કરનાર અધિકારી કે જાહેર નોકરની હેસીયતથી કેસની હકીકતો અને સંજોગો બાબતે પુછપરછ કરતા, સાચા જવાબો આપવાનો ઈન્કાર કરી, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ભારતીય

દંડ સંહીતાની કલમ-૧૭૫, ૧૭૯ સાથે વાંચતા કલમ-૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

**:૬:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ગુનાહિત કાવતરૂ રચી, તે ગુનાહિત કાવતરાના અનુસંધાને આ કામના ફરીયાદણ/ભોગ બનનાર વા/ઓફ તુષારભાઈ વૈશ્ય સાથે ઉપરોકત મુજબના ગુના આચર્યા બાદ રીયાદી/ભોગ બનનારે તે અંગે ફરીયાદ જાહેર કરતા, તપાસ કરનાર અધિકારીએ ફરીયાદણ / ભોગ બનનારને સાથે રાખી, બનાવવાળી સ્થાનીક જગ્યાનું પંચનામુ કરવા આરોપી નંબર-૧ના અમદાવાદ સ્થીત મોટેરા વિસ્તારમા આવેલ આશ્રમમા શાંતીવાટીકા ફાર્મ હાઉસના જે રૂમમા બનાવ બનેલ તે રૂમનું પંચો રૂબરૂ પંચનામુ કરવામા આવતા, બનાવ સમયે રૂમમા પ્રવેશ કરવા માટે જે દ્વારની જે પરિસ્થિતી હતી તેમાં ફેરફાર થયેલ હોઈ, તે અંગે અમદાવાદ મ્યુન્સીપલ કોર્પોરેશનના એસ્ટેટ ઓફીસર પાસે સ્થળ ચકાસણી કરી બનાવવાળી જગ્યામા ફરેફાર થયેલ હોવાનું જણાવેલ. આમ, પુરાવાનો નાશ કરવાના ઈરાદે બનાવવાળી જગ્યાએ આંતરીક ફેરફાર કરી, પુરાવાનો નાશ કરી, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ભારતીય દંડ સંહીતાની કલમ-૨૦૧ સાથે વાંચતા કલમ-૧૨૦(બી) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હા કરેલ છે ?

**:૭:** શું હુકમ ?

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૯) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**:૧: અંશત:હકારમાં,**

**:૨: અંશત:હકારમાં ,**

**:૩: અંશત:હકારમાં ,**

**:૪: અંશત:હકારમાં ,**

**:૫: નકારમાં ,**

**:૬: નકારમાં ,**

**:૭: આખરી હુકમ મુજબ.**

**-:: કા ર ણો ::-**

**(૨૦) ફરીયાદપક્ષ તરફથી આંક-૮૫૭ થી રજુ થયેલ લેખિત દલીલોનો ટુંકસાર :**

(૧) ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન સ્પે. પી.પી. શ્રી આર.સી. કોડેકર નાઓએ આ કેસમાં રજુ થયેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ઉપર આ કોર્ટને લઈ જઈ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ પર તેનો કેસ નિ:શંકપણે સાબીત કરવાનો જે બોજો રહેલ છે તે આ કામે ફરીયાદપક્ષ દવારા યોગ્ય રીતે અદા કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદપક્ષ તરફે વિ. સ્પે. પી. પી. આર. સી. કોડેકર નાઓએ મારી સમક્ષ એવી ભારપુર્વ દલીલ કરેલ છે કે, કહેવાતા બનાવની તા.૬/૧૦/૨૦૧૩ ના રોજ સુરત મુકામે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલી. જે ફરીયાદ ૦૦/૨૦૧૩ નંબરથી દાખલ કરી સદર ફરીયાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનની હકુમતની હોઈ, તારીખ-૦૭/૧૦/૨૦૧૩ ના રોજ ચાંદખેડા પોલીસ

સ્ટેશન ખાતે મોકલવામાં આવેલ. સદર ફરીયાદ સંદર્ભે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓએ તા.૦૭/૧૦/૨૦૧૩ ના રોજ સદર ગુનાની તપાસ અર્થે 'છ' સભ્યોની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસ.આઈ.ટી) ગઠીત કરેલ અને તપાસને અંતે આરોપી નં.(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ઓફ થાઉમલસિંધી (હરપલાની) (૨) ભારતીબેન ડો/ઓફ આશુમલ ઉર્ફે આશારામ સિંધી (૩) લક્ષ્મીબેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ સિંધી (૪) નિર્મલાબેન ઉર્ફે ઢેલ ડો/ઓફ મીરચુમલ લાલવાણી(૫) મિરાબેન ઉર્ફે બગલો ડો/ઓફ વરીયલદાસ કલવાણી (૬) ધ્રુવબેન ડો/ઓફ ગુરલદાસ બાલાણી તથા (૭) જસંવતીબેન ઉર્ફે જશીબેન ડો/ઓફ નામદેવભાઈ ચૌધરી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ- ૩૭૬(૨)(ગ), ૩૭૭, ૩૫૪, ૩૫૭, ૩૪૨, ૩૪૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૨૦૧, ૧૭૫, ૧૭૯ તથા ૧૨૦(બી) મુજબના ગુનાનું તપાસને અંતે તા. ૦૯/૦૧/૨૦૧૪ ના રોજ હકુમત ધરાવતી કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ, ત્યારબાદ નામદાર કોર્ટ દવારા તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ તમામ આરોપીઓ વિરૂધ્ધ આંક- ૯૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલું. સદર તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી કુલ-૫૫ જેટલા સાહેદોને તપાસવામાં આવેલ અને ૧૧૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**(૩)** સદર કામે (૧) ફરીયાદણ યાને ભોગ બનનાર તુષારભાઈ વૈશ્ય (૨) મહેન્દ્રસિંહ કીશોરીલાલ ચાવલા (૩) તૃપ્તીબેન રાકેશભાઈ પટેલ (૪) પારૂલ વિમલેશ ઠકકર (૫) સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિ (૬) વર્ષાબેન અખીલ ગુપ્તા તથા (૭) અખીલ નરેશ ચંદ્રગુપ્તાઓનું સી. આર. પી. સી. કલમ- ૧૬૪ અન્વયે મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનો પણ નોંધવામાં આવેલ હોવાનું સ્પે.પી.પી. આર.સી.કોડેકરનાઓએ જણાવેલ છે.

(૪) વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર–(૧) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ–અરવિંદભાઈ મુળજીભાઈ શ્રીમાળીનાઓની જુબાની ધ્વારા આંક– ૧૩૬ થી રજુ થયેલ ફરીયાદણ યાને ભોગ બનનારની શરીરસ્થિતીના પંચનામાની હકીકત, સાહેદ નં.(૨) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ ભરતભાઈ દશરથલાલ ત્રિવેદીનાઓની જુબાની દવારા આંક– ૧૩૮ થી રજુ થયેલ આરોપી નં. (૧) આસુમલ ઉર્ફે આશારામના અંગઝડતીના પંચનામાની હકીકત, સાહેદ નં.(૩) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ બાબુભાઈ નાનજીભાઈ બજાજનાઓની જુબાની દવારા ફરીયાદણ યાને ભોગ બનનારની મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ (૧) Saliva (૨) Blood (૩) Pubic hair તથા (૪) Nails ના નમુનાઓ રજુ કરતા તપાસ અર્થે કબજે લેવામાં આવેલ તે અંગેના આંક– ૧૪૨ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં.(૪) તરીકે તપાસવામાં આવેલ ઉમેશભાઈ મીઠાલાલ શર્માનાઓની જુબાની દવારા આરોપી નં.(૧) આસુમલ ઉર્ફે આશારામની મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ (૧) Saliva (૨) Blood (૩) Pubic hair તથા (૪) Nails ના નમુનાઓ રજુ કરતા તપાસ અર્થે કબજે લેવામાં આવેલ તે અંગેના આંક– ૧૪૪ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં. (૯) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ – અમિતભાઈ પ્રદિપભાઈ ત્રિવેદીનાઓની જુબાની મારફત આરોપી નં.(૩) લક્ષ્મીબેનના રહેણાંકના મકાનમાં તથા સતી અનસુયા મહીલા આશ્રમના કાર્યાલયમાં ઝડતી તપાસ દરમ્યાન લેવામાં આવેલ જુદા જુદા સત્યાવીસ નમુનાઓ કબજે લેવામાં આવેલ તે અંગેના આંક– ૧૫૮ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં.(૬) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ જીતુભાઈ રસીકભાઈ ચાવડાનાઓની જુબાની મારફત નારાયણ વાટીકા ફાર્મ હાઉસની ઝડતી તપાસ દરમ્યાન (૧) નોકીયા

કંપનીનો મોબાઈલ (૨) ચાર્જર (૩) લીટીવાળી નોટબુક તથા (૪) લીલા કલરની ફાઈલ તપાસ અર્થે કબજે લેવામાં આવેલ તે અંગેના આંક– ૧૬૧ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં.(૮) થી તપાસવામાં આવેલ પંચ સાહેદ– મેહુલભાઈ રમણભાઈ મકવાણાનાઓની જુબાની મારફત આરોપી – મીરાબેન ઉર્ફે બગલાના ઘરમાંથી સિંધી ભાષામાં લખેલ નોટબુક તથા ચોપડાના કુલ–૧૪ પાના તથા નમુના અર્થે લીધેલ છ કાગળો કબજે કર્યાના આંક– ૧૬૩ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં.(૧૦) થી તપાસવામાં આવેલ પંચ સાહેદ કીશનભાઈ નાથુભાઈ ચૌધરીનાઓની જુબાની થકી આરોપી મીરાબેન ઉર્ફે બગલાના ઘરની ઝડતી તપાસ દરમ્યાન કબજે લીધેલ ચીજ વસ્તુઓ અંગેના આંક– ૧૭૨ થી રજુ થયેલ પંચનામાની હકીકત, સાહેદ નં.(૧૧) થી સિધ્ધરાજસિંહ પ્રવિણસિંહ ચાવડાનાઓની જુબાની દવારા આંક–૧૮૦ થી રજુ થયેલ ગુનાવાળી/બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતો સાબીત કરવામાં આવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે.

**(૫)** વિ.સ્પે. પી.પી.આર.સી.કોડેકરનાઓએ મારું સૌપ્રથમ ધ્યાન ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૭) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનાર તુષારભાઈનાઓની આંક –૨૭૮ ની જુબાનીના પેરા નં.(૨) તરફ દોરી જણાવેલ છે કે, ફરીયાદણ નાની હતી ત્યારથી તેણીના માતા–પિતા આરોપી નં.(૧) આશારામના અનુયાયી હતા અને સુરત સ્થીત જહાંગીરપુરા ખાતે આવેલ આશારામના આશ્રમમાં જતા હતા અને તેણીનું આખુ કુટુંબ આશારામમાં આસ્થા ધરાવતુ હતું અને સુરત મુકામે આશારામની શીબીરો હોય ત્યારે જરૂરી સામાન લઈને તેણીનું આખું કુટુંબ આશારામના આશ્રમમાં શીબીર દરમ્યાન રહેતુ હતું. ત્યારબાદ,૧૯૯૬ માં જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે તેણી તેના માતા– પિતા સાથે આશારામના જહાંગીરપુરા, સુરત ખાતે આવેલ આશ્રમમાં ગયેલ અને સત્સંગ

પુરુ થયા બાદ તેણી આશારામના દર્શન કરવા માંગતી હોય સવારના સાડા અગિયાર વાગ્યાના સુમારે સત્સંગ પુરો થયા બાદ તેણી લાઈનમાં ઉભી રહેલી અને આશારામથી પાંચ ફુટ દુર બે ભકતો પ્રસાદ વહેચાતા અને જેને આશારામના નજીકથી દર્શન કરી વાત કરવી હોય તો તેને આશારામની પાસે ઉભેલી બે સ્ત્રીઓ જેમના નામ (૧) બગલો ઉર્ફે મીરા તથા (૨) ઢેલ ઉર્ફે નિર્મલા હતુ. તે આશારામ જેને પાસે બોલાવવાનો ઈશારો કરે તેને આશારામ પાસે લઈ જતા હતા, તે સમયે આશારામે તેણીને પણ ઈશારાથી આગળ બોલાવેલી તે વખતે ઢેલ તેણીને આશારામની પાસે લઈ ગયેલ અને આશારામે તેણીને પુછેલ કે, તુ કહા કી હૈ ?, ત્યારબાદ તેણીએ જણાવેલ કે, તેણી સુરતની છે. ત્યારબાદ આશારામે તેણીને 'મહાન નારી' નામનુ પુસ્તક અને એક સફરજન આપેલ. જે લઈ જઈ તેણી મંડપમાં બેસી ગયેલ અને થોડીવાર બાદ ઢેલ તેણી પાસે આવેલ અને તેણીને કહેલ કે આ સફરજન જે તેણીને આપેલુ છે તે પ્રસાદીનું છે. તુ જ ખાજે અને તેણીને બાપુએ જણાવેલ કે, આને મહાન વકતા બનાવવાની છે તેમ કહી ઢેલ જતી રહેલી. ત્યારબાદ તે જ દિવસે સાંજના સત્સંગમાં તેણી ફરીથી લાઈનમાં ઉભી રહેલી અને તે સમયે પણ આશારામે તેણીને નજીક બોલાવી ' તુ ગુલાબ હો કર મહેક' નામનું પુસ્તક આપેલુ. ત્યારબાદ શીબીર પુરી થતા તેઓ ઘરે પરત ગયેલા.ત્યારબાદ સને-૧૯૯૭ માં જહાંગીરપુરા આશ્રમમાં હોળીની શીબીર રાખવામાં આવેલ. તે વખતે પણ તેણીના ઘરના બધા શીબીરમાં ગયેલ અને સત્સંગ પુરો થયા બાદ સાંજના આશરે સાડા આઠ થી નવના ગાળામાં આશારામ હાથમાં ટોર્ચ લઈને શીવ મંદીર પાસે આંટો મારવા નીકળેલા. ત્યાં શીવ મંદીર પાસે બંને સાઈડે દર્શન કરવા મહીલા ભકતો બહેલ હતી. જેમાં તેણી પણ બેઠેલ હતી. તે વખતે આશારામ એક એક સ્ત્રીઓના મોઢા ઉપર ટોર્ચનો પ્રકાશ મારતા હતા અને તેણીના મોઢા ઉપર પણ પ્રકાશ મારેલો અને તેણીને કહેલ કે તું તો વહી હૈ ના,

જો મુજે મીલી થી ? તેણીએ જણાવેલ કે 'હા'. ત્યારબાદ આશારામે તેણીને કહેલ કે અમદાવાદમાં મોટેરા આશ્રમ છે ત્યાં અગિયાર દિવસનાં અનુષ્ઠાન કરવા જા. જેથી તેણીએ જણાવેલ કે, હાલમાં હું દસમાં ધોરણમાં ભણુ છું મારી એકઝામ પુરી થાય પછી હું જઈશ તેવુ જણાવતા આશારામે તેણીને કહેલ કે પઢાઈ કર કે કયા કરેગી ? કીતને ડૉકટરે હે, કીતને વકીલ હે, કોન કીસીકો પુછતા હે ? મીરાને કોનસી ડૉકટરી કી થી, શબરીને કોનસી પઢાઈ કી થી, તુજે તો મહાન વકતા બનાયેગે, તુ અનુષ્ઠાન કરવા જા. ત્યારબાદ તેણીના માતા–પિતાને વર્ષોથી આશારામમાં આસ્થા હતી અને તેઓ આશારામને માનતા હતા તેથી તેણી એકલીને અમદાવાદ મોટેરા આશ્રમમાં અનુષ્ઠાન કરવા મોકલેલ અને તેણી અમદાવાદ ગયેલ અને તેણીને અનુષ્ઠાન માટે પાંચ છોકરીઓ હતી તેની સાથે રૂમમાં રાખેલી અને અગિયાર દિવસના અનુષ્ઠાનમાં તેણીનો 'હરી ઓમ' નામનો મંત્ર હતો. તેના તેણીએ ત્રણ લાખ જપ કરેલા. ત્યારબાદ અનુષ્ઠાન પુરા થતા, ઘરે પરત જવા માટે મહીલા આશ્રમના સંચાલક ધ્રુવબેન પાસે મંજુરી લેવા જતાં તેઓએ તેણીને મંજુરી આપેલ નહી અને જણાવેલ કે, તારે તો હજુ અહીંયા જ રોકાવવાનું છે. તને બાપુ વકતા બનાવવાના છે. ત્યારબાદ ધ્રુવબેન તેણીને લક્ષ્મી મૈયા પાસે લઈ ગયેલા અને લક્ષ્મીમૈયા કે જે આશારામની પત્ની છે. તેઓએ તેણીને જણાવેલ કે તુ રોકાઈ જા, ત્યારબાદ પંદર દિવસ પછી તેણીની મમ્મી તેણીને લેવા માટે સુરતથી આવેલ અને જેથી તેણી તેણીની મમ્મીને લઈને લક્ષ્મી મૈયા પાસે લઈ ગયેલ અને તેઓએ તેણીની મમ્મીને જણાવેલ કે, તારે તારી છોકરી કોઈને તો આપવાની છે, તો તું અહીંયા આપી દે.આપણા કુટુંબમાથી કોઈ એક વ્યકીત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જશે. ત્યારબાદ તેણી તેણીની માતા લેવા આવેલ હોઈ, રડવા લાગેલ જેથી મૈયાએ તેણીને પ્રસાદ આપેલો અને તેણીને કહેલ કે રડે છે કેમ ? ત્યારબાદ તેણીની માતા તેણીને લીધા વિના સુરત

પરત જતા રહેલા. ત્યારબાદ તેણી આશ્રમમાં ચુર્ણ હોલમાં સેવા આપતી હતી અને મહીલા આશ્રમમાં રહેતી હતી અને થોડા સમય પછી એક વાર આશારામ ગાડી લઈને મહીલા આશ્રમમાં ચકકર મારવા આવેલા તે વખતે તેઓએ તેણીને કહેલ કે, તુ તો સુરત વાલી હૈ ના ? તેણીએ હા પાડેલી. તે વખતે આશારામે તેણીને ફુલનો હાર આપેલો અને સને–૨૦૦૧ સુધી તેણી ચુર્ણ બનાવવાનું કામ કરતી હતી. ત્યારબાદ, સને–૨૦૦૧ મા ગુરુપુર્ણિમાની શીબીર હતી તે વખતે વકતા બનાવવા આશ્રમમાંથી દસેક છોકરીઓને સીલેકટ કરીને શાંતી વાટીકા લઈ ગયેલા, જે બાપુને રહેવા માટેનું ફાર્મ હાઉસ છે તેમાં એક કુટીયા છે.જેને શાંતીવાટીકા તરીકે ઓળખવામાં આવે છે. આ ફાર્મ હાઉસ મોટેરા આશ્રમથી થોડેક દુર આવેલ છે. મોટેરા આશ્રમથી શાંતી વાટીકા તેઓને ગાડીમાં લઈ જતા હતા ત્યારે ૨૫ થી ૩૦ મીનીટનો સમય થતો હતો તેટલે દુર આવેલ હતું અને જે દસ છોકરોઓને સીલેકટ કરેલી તેમાં તેણીને પણ સીલેકટ કરવામાં આવેલ અને આશ્રમમાંથી જે છોકરીઓને વકતા માટે સીલેકટ કરેલી તે ધ્રુવબેને કરેલ અને ધ્રુવબેન જ તેઓને શાંતીવાટીકા લઈ ગયેલા અને શાંતીવાટીકામાં આશારામ મળેલા અને તેઓ દસેય છોકરીઓ નીચે બેસી ગયેલ અને ત્યારબાદ, આશારામે વારાફરથી દરેકની હથેડી જોયેલી, તેમાંથી ચાર છોકરીઓને સીલેકટ કરેલી. જેમાં એક તે પણ હતી. આશારામે તેઓને કહેલ કે,'' તુમારે હાથ મે, વકતા બનનેકી રેખા હૈ, લેકીન તુમારે ભાગ્ય મે જો સંસાર લીખા હે ઉસે મીટાના પડેલા, ઉસકી વિધી કરની પડેગી,'' તેમ જણાવેલ. ત્યારબાદ તેઓ ત્યાથી નીકળી ગયેલ. ત્યારબાદ, થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન તેણીને બોલાવવા આવેલા અને તેઓએ તેણીને જણાવેલ કે, તને ભારતીબેન બોલાવેલ છે. ભારતીબેન આશારામની પુત્રી છે. જેથી તેણી ભારતીબેન પાસે ગયેલી. ભારતીબેને તેણીને જણાવેલુ કે, તારે અને ટીના એકયુપ્રેસરે હમણા શાંતીવાટીકા

આશારામ બાપુ પાસે જવાનું છે. તેમ જણાવી તેણી અને ટીનાને તેમની ગાડીમાં શાંતી વાટીકા લઈ ગયેલ અને ત્યા પહોંચેલા ત્યારે ત્યાં અખીલ નામના આશારામના રસોઈયાએ આશારામને તેઓના આવવાની જાણ અંદર કરેલી, ત્યારબાદ, રસોઈયાને ત્યાથી મોકલી દીધેલ અને ત્યારપછી અંદરથી મોટા અવાજે આશારામે કહેલ કે, એક કે બાદ એક અંદર આ જા, પહેલા ટીના આવે ત્યારબાદ ટીના અંદર ગયેલી. શાંતી કુટીયા બે રૂમની બનેલી છે. પહેલા રૂમમાં તેણી તથા ટીના હતા. ત્યાંથી સૌપ્રથમ ટીના બીજી રૂમમાં ગયેલ ત્યારબાદ દસેક મીનીટ પછી ટીના બહાર આવેલ અને તેણીને અંદર જવા જણાવેલ અને બહાર ભારતી ગાડી લઈને ઉભી હતી અને તે ટીનાને લઈને જતી હતી ત્યારે તેણીએ જણાવેલ કે મને પણ જોડે લઈ જાવ. ત્યારે ભારતીબેને જણાવેલ કે થોડીવાર પછી હું તને લેવા આવુ છું. તેમ કહીને ટીનાને લઈને ભારતીબેન જતા રહેલા. ત્યારબાદ તેણીને અંદર આવવા જણાવતા તેણી અંદરના રૂમમાં ગયેલી ત્યાં તેણી રૂમમાં ગઈ ત્યારે, અંદર આશારામ હતા અને તેઓએ તેણીને કહેલ કે, બારી પાસે ઘીની વાટકી છે તે લઈ આવ અને મારા માથે માલીસ કર બાપુ શેટ્રી ઉપર બેઠા હતા અને તેણીને માલીસ કરવાનું કહી તેઓ શેટ્રી ઉપર લાંબા થઈ ગયેલા અને તેણી ત્યા જમીન ઉપર નીચે બેસીને આશારામના માથા ઉપર ઘી થી માલીસ કરતી હતી. તેણી માલીસ કરતી હતી તે વખતે આશારામે તેઓના હાથથી તેણીના મોઢા ઉપર, ગળા ઉપર, છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા, જેથી તેણીએ કહેલ કે, મને આવુ ગમતુ નથી. મને આવુ ન કરો. જેથી તેઓએ કહેલ કે, તેરે ભાગ્ય મે સંસાર લીખા હે, ઉસે મીટાના પડેગા, તભી તો તુમ મહાન વકતા બનેગી. આવુ કહી તેઓએ તેણી સાથે અડપલા ચાલુ રાખેલા અને તેણીને કહેલ કે તારો દુપટ્ટો સાઈડ ઉપર મુકી દે, તેણીએ ના પાડેલી. જેથી આશારામે જબરદસ્તીથી તેણીનો દુપટ્ટો ખેચી નાખેલો અને સાઈડ ઉપર ફેકી દીધેલો અને તેઓએ દુપટ્ટો ખેચેલો

તે વખતે તેણીના હાથમાં ઘી ની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી અને ઘી નીચે ઢોળાઈ ગયેલું. તે વખતે આશારામ એકદમ ગુસ્સે થઈને ઉભા થઈ ગયેલા અને કહેલુ કે સાલી તુને મેરી કુટીયા ગંદી કર દી. તે વખતે તેણી આશારામનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયેલી અને રડવા લાગેલી. તેઓએ તેણીને કહેલ કે, તુ જીતના જલદી સમપર્ણ કરેગી ઉતના હી તેરે લીયે અચ્છા હૈ. તેણીએ હાથ જોડીને ખુબ વિનંતી કરેલી કે તેણીને છોડી દો, તેણીને જવા દો, તેમ છતાં આશારામે તેણીને જબરદસ્તીથી પકડીને તેમના બેડ ઉપર ધકકો મારીને પાડી દીધેલી. ત્યારબાદ તેઓએ તેણી પાસે આવીને તેણીના સલવારનું નાળું એકદમ જોરથી ખેચેલુ. જેથી નાળું ટુટી ગયેલુ. અને આશારામે તેણીની સલવાર ખેચીને કાઢી નાખેલી. તે રૂમને બે દરવાજા હતા, જે પૈકી એક દરવાજો મચ્છર જાળી વાળો હતો. ત્યાથી તેણીએ નાસી જવા મચ્છર જાળી વાળો દરવાજો દોડીને ખોલી દીધેલો અને તેણી બીજો દરવાજો ખોલવા જાય તે પહેલા આશારામ આવી ગયેલા અને તેણીને જોરથી ખેચીને ફરીથી તેણીને તેમની પથારી ઉપર પાડી દીધેલ અને તેણીને પથારી ઉપર ફેકેલ તે વખતે તેણીના હાથની કોણી પાસે અને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો, તેથી તેણીથી જોરથી ચીસ પડાઈ જતા, આશારામે તેણીને કહેલ કે, ચીલ્લા જોર સે ચીલ્લા, જીંતના ચીલ્લાના હો.. ઉતના ચિલ્લા, યહા કોઈ નહી આયેગા. જેથી તેણીએ બચવા માટે ખુબ બુમો પાડેલી, રડેલ પરંતુ તેણીને બચાવવા માટે શાંતી વાટીકા પાસે કોઈ આવેલુ નહી. ત્યારબાદ, આશારામે તેઓની લુંગી કાઢી દીધેલી અને તેમના બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે તેણીનુ અડધુ શરીર બેડ ઉપર હતું અને અડધુ નીચેનું શરીર બેડની નીચે લટકતુ હતું. તેણીના બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી તેણીના બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા અને તેણી તે સમયે આખી પથારીની નીચે જવા માટે પ્રયત્ન કરતી હતી. ત્યારબાદ આશારામે તેમના પગથી

તેણીનો એક પગ જોરથી પલંગ ઉપર ખેચેલો અને બીજો એક પગ નીચે લટકતો હતો. તે વખતે આશારામે તેણીની ઉપર બળાત્કાર કરેલો. તે વખતે તેણીને અસહ્ય દુખાવો થતો હતો. તેણી ચીસ પાડતી હતી અને તેણીના ગુપ્ત ભાગેથી બ્લીડીંગ શરૂ થઈ ગયેલું. ત્યારબાદ, થોડી વાર પછી આશારામે તેણીને છોડી દીધેલ અને જણાવેલ કે તુને મુઝે સહયોગ નહી દીયા, એસે તેરા સંસાર નહી કટેગા, તેઓએ તેણીને કહેલ કે, તુ રાત કો સ્વસ્થ હો કર, ફીર સે આયેગી ?, તેણીએ ના પાડેલી અને આશારામે તેણીને કહેલ કે, બાથરૂમ મે જા, ઓર એક ટબ મે પાની લેકે આ, તે વખતે તેણીનું શરીર કાંપતુ હતું અને બ્લીંડીંગ ચાલુ હતું. તે વખતે તેણીએ સફેદ કપડા પહેરેલા હતા અને તેના ઉપર પણ લોહીના ડાઘા પડેલા તે વખતે તેણીના શરી ર ઉપર કુરતો હતો. આશારામે એક–બે મીનીટ સુધી બદકામ કરેલુ ત્યારબાદ તેણીને છોડી દીધેલી.તેણીને બ્લીંડીંગ ચાલતુ હતું. તેથી તેણીના પગ ઉપર પણ લોહી પડેલું. જેથી તેણીએ બાથરૂમમાં જઈને સૌપ્રથમ તેણીનું શરીર ધોયેલુ અને ત્યારબાદ ટબમાં પાણી લઈ તેણી અંદર ગયેલી, તે સમયે આશારામ બેડ ઉપર બેઠેલ હતા અને ટબનું પાણી હાથમાં લઈ તેમનું લીંગ સાફ કરેલું અને તેણીને કહેલ કે તુ નીચે બેઠ જા, ત્યારબાદ આશારામે તેણીને તેમનુ લીંગ બતાવેલું અને જણાવેલ કે યહ અમૃત હૈ, સબ કે ભાગ્ય મે નહી હોતા હૈ, તેમ કહી આશારામે તેણીનું મોઢું પકડીને જબરદસ્તીથી તેમનું લીંગ તેણીના મોઢામાં નાખેલુ અને જોરજોરથી મોઢા માં લીંગ નાખતા હતા. જે તેણીના ગળા સુધી જતુ હતું. જેથી તેણીને ઉપકા આવતા હતા અને લીંગ મોઢામાંથી બહાર નીકળી જતુ હતું. ત્યારે આશારામ જબરદસ્તી થી તેણીનું મોઢું પકડીને તેમનું લીંગ તેણીના મોઢામાં નાખતા હતા. આવુ ત્રણ– ચાર મીનીટ સુધી તેઓએ કરેલું, ત્યારબાદ તેણીને જણાવેલ કે જા બાથરૂમ મે જા કે બાથરૂમ કર લે, નહી તો કુછ રહ જાયે ગા. ત્યારબાદ તેણી બાથરૂમમાં ગયેલી અને આશારામ તેણીની સલવાર અને તેણીનો દુપટ્ટો ત્યાં આવીને આપી ગયેલા

અને તેણીનું સલવારનું નાળું તુટી ગયેલ હતું. જેથી તેણીએ તેની પાસે સેફટી પીન હતી તેનાથી સલવારનું નાળું નાખીને તેણીએ સલવાર પહેરેલ. ત્યારબાદ આશારામે તેણીને કહેલ કે, મેરા કોડલેસ લા, ત્યારબાદ તેણીને બીજા રૂમમાં જવા માટે કહેલુ. તેણીએ કપડા પહેરી કોડલેસ લઈને તે આશારામને આપેલ. ત્યારે આશારામે તેણીને કહેલુ કે, યહા જો હુઆ હે ઉસકી ભનક કીસી કો નહી હોની ચાહીયે નહી તો ભસ્મ કર દુંગા ઓર બહાર ઉસકા ગલત મેસેજ જાયેગા. ત્યારબાદ તેણી બીજા રૂમમાં જતી રહેલી અને થોડીવારમાં ભારતીબેનની ગાડી આવી જતા તેમાં તેણીને બેસાડી દીધેલ અને મહીલા આશ્રમ પાસે શાલીગ્રામ સોસાયટી આવેલ છે ત્યાં તેણીને ઉતારી દીધેલી. તેણીને ગાડીમાં સાથે લઈ જાય તો આશ્રમના બીજા કોઈ જોઈ લે કે આને ગાડીમાં શાંતીવાટીકા લઈ ગયેલા તેથી તેણીને શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી દીધેલી અને જણાવેલ કે તું ચાલતી આશ્રમમા આવ. આમ ફરીયાદણ યાને ભોગબનનારે તેણીની સોંગદ ઉપરની જુબાનીમાં તેણીની સાથે બનેલ બનાવ યાને ઘટનાક્રમનો ચિતાર જણાવેલ છે. વધુમાં, ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની જુબાનીમાં જણાવ્યા મુજબ આક્ષેપીત બળાત્કારનો બનાવ સને-૨૦૦૧ માં બનેલો અને આ કહેવાતા બનાવની સને-૨૦૧૩ માં એટલે કે , આશરે બાર વર્ષ જેટલી લેઈટ યાને મોડી ફરીયાદ કરવામાં આવેલ છે તેવી બચાવપક્ષની મહત્વની દલીલ સંદર્ભે સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ મારૂં ઘ્યાન ફરીયાદણ યાને ભોગ બનનારની જુબાનીના પેરા નં (૨૧) તરફ દોરી જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારને સદર પેરામાં જણાવ્યા અનુસાર આશ્રમ છોડયા બાદ અનેકવાર આશારામની વિરુઘ્ધ ફરીયાદ કરવાનો વીચાર આવેલ હોવાનું તેમજ આશારામના કારણે તેણીની ૧૬ વર્ષની ઉંમર થી ૨૬ વર્ષની ઉંમર સુધીની જીંદગી બરબાદ થયેલી તેમજ તેણીનો અભ્યાસ પણ અધુરો રહેલો અને તેઓ નાના માણસ હોઈ તેમજ આશારામની ખુબ જ વગ હોવાના કારણે અને તેમનાથી ડર લાગતો હોઈ,

તેમજ તેણી સાથે તેણીના ફેમીલીની જીંદગી પણ ભયમાં હોઈ, તેમજ ફરીયાદણ યાને ભોગબનનાર સને–૧૯૯૭ થી ૨૦૦૭ માં આશ્રમ છોડયા સુધી આરોપી નં.(૧) આસુમલ ઉર્ફે આશારામ સંચાલીત અમદાવાદ મોટેરા આશ્રમ મુકામે તેઓના પ્રભુત્વ તળે રહેલ હોઈ અને ત્યારબાદ ઉપયુકત જણાવેલ હકીકત ધ્યાને લેતાં ફરીયાદણ યાને ભોગબનનાર દવારા જે તે સમયે ફરીયાદ કરવામાં આવેલ નહી તે હકીકત તરફ મારુ સવિશેષ ધ્યાન દોરેલ છે. ત્યારબાદ વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૩) થી તપાસવામાં આવે ફરીયાદણ યાને ભોગ બનનારની સગી બહેન પારૂલબેન વિમલેશભાઈ ઠકકરનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૭) માં જણાવેલ હકીકત તરફ આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, સદર પેરામાં સાહેદ પારૂલબેને જણાવે છે કે, '' ત્યારબાદ કંટાળીને મારી બહેને ઉમા પાંડે નામની બહેનની મદદથી ભાગીને આશ્રમમાંથી ઘરે આવેલી અને ઘરે આવ્યા બાદ મને આ વાત કરેલી. અમે વિચારેલુ કે આ બાપ–દિકરા પાસે અઢળક પૈસો છે, રાજકીય વગ છે, પોલીસમાં પણ દબદબો છે અમારૂ કોઈ સાંભળશે નહી અને અમારી બદનામી થશે તેથી અમે કોઈને આ વાત જણાવેલી નહી. અમે ઘણી વખત અનેક રાજકારણીઓ અને નેતાઓને આશારામના આશ્રમમાં આવતા જોયેલા છે. આશારામ અને તેના દિકરાની વિરૂધ્ધમાં કોઈ કાઈ બોલે તો તેને તેઓ મરાવી નાખતા હતા. મારા પિતાજીને હીસ્ટેરીયાની બીમારી છે અને તેમની તબીયત સારી રહેતી ન હોય અમે કોઈને આ વાત જણાવેલી નહી." આમ, ફરીયાદણ યાને ભોગ બનનાર તેમજ તેણીની બહેન પારૂલબેને જણાવેલ ઉપયુકત હકીકતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ દવારા મોડી યાને લેઈટ ફરીયાદ કરવા અંગેનો વ્યાજબી અને સંતોષકારક ખુલાસો કરવામાં આવેલ હોવાની વિ. સ્પે. પી. પી. કોડેકરનાઓએ ભારપુર્વક દલીલ કરેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૬) વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ મારૂ ઘ્યાન ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૧૪) તરીકે તપાસવામાં આવેલ ર્ડા. શૈલેષભાઈ ચેલાભાઈ પટેલનાઓની જુબાની તરફ દોરી જણાવેલ છે કે, આસુમલ ઉર્ફે આશારામની મેડીકલ તપાસ કરનાર ર્ડા. સી.ડી. ચૌબે મરણ પામેલ હોય તેઓ વતીથી તેઓ રેકર્ડ આધારીત જુબાની આપી રહયા છે અને તેઓશ્રી જણાવ્યા મુજબ આરોપી નં. (૧) આસુમલ ઉર્ફે આશારામનાઓને તેઓની મેડીકલ તપાસ દરમ્યાન વિર્ય અને ગ્લાન્સ વોશ તથા ગુપ્ત ભાગની તપાસ માટે તૈયાર થયેલ ન હતા તેમજ તેઓએ હસ્તમૈથુન કરી વિર્ય આપવાની ના મરજી દર્શાવેલ હતી તેમજ ડોપ્લર ટેસ્ટ કરવાનો પણ ઈન્કાર કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, સ્પે.પી.પી. શ્રીએ સાહેદ નં.(૧૫) થી તપાસવામાં આવેલ ર્ડા. ચિતંન કમલેશભાઈ સોલંકીનાઓની ઉલટતપાસના પેરા નં.(૭) તરફ ઘ્યાન દોરી જણાવેલ છે કે સદર ર્ડાકટર સાહેદે કોઈ વ્યકિત જાતીય આંનદ માણવા માટે સામાન્ય રીતે પોતાના સ્ટેટસને અનુરૂપ પાત્ર શોધતા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૧૭) થી તપાસવામાં આવે ર્ડા. ક્રીપા અમતરભાઈ પટેલનાઓએ જણાવેલ છે કે, આરોપી નં.(૧) આશારામને રીજીસ્કેન ટેસ્ટ કે જે પેનાઈકલરડોપ્લર તપાસ માટે સમજાવવામાં આવેલ પરંતુ તેઓ તે સંદર્ભે સંમત થયેલા નહી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૧૮) થી ર્ડા. હેતલબેન ચીનુભાઈ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ આરોપી નં.(૧) આશારામને પેનાઈકલરડોપ્લરની તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરેલ, પરંતુ તે તપાસ માટે આશારામે ના પાડેલ અને લેખીતમાં સંમીત આપેલ નહી હોવાનું સદર સાહેદે જણાવેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષ તરર્ફે સાહેદ નં.(૧૯) થી ર્ડા. નિકુંજ મહેશભાઈ બેન્કર નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ પાસે આરોપી નં.(૧) આશારામને પેનાઈકલરડોપ્લરની તપાસ માટે રીફર કરવામાં આવેલા, પરંતુ

તે અંગે તેઓની સંમતી માંગતા તેઓએ સંમતી આપેલ નહી અને સંમતી પત્ર ઉપર સહી કરવાની ના પાડેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૧) થી ડૉ બાદલ ધીરુભાઈ ગાંધીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનારની મેડીકલ તપાસણી કરેલ છે. ત્યારબાદ, તેઓએ તેઓ સમક્ષ ફરીયાદણ યાને ભોગ બનનારે જણાવેલ ઈજાનો ઈતિહાસ વિગતવાર નોંધેલ છે. સદર ડૉકટર સાહેદોએ જણાવેલ હકીકતો તથા પુરાવાઓ ધ્યાને લઈ આરોપી નં.(૧) આસુમલ ઉર્ફે આશારામ વિરૂધ્ધ Adverse inference drawn કરવું જોઈએ.

(૭) વિ.સ્પે.પી.પી. આર. સી. કોડેકરનાઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ મહત્વના સાહેદોની જુબાનીની હકીકતોને ઉલટ તપાસ થકી બચાવપક્ષ દવારા પડકારવામાં આવેલ નથી અને મહંદઅંશે Omissions ની હકીકતો સંદર્ભે જ બચાવપક્ષ દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે. એટલુ જ નહી જે સાહેદોનું સી.આર.પી.સી કલમ- ૧૬૪ મુજબનું નીવેદન નોંધવામાં આવેલ તે સાહેદોએ તેઓની જુબાનીમાં નિવેદન સંબંધે જણાવેલ હકીકતોને પણ ચેલેન્જ કરવામાં આવેલ નથી.

(૮) વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૨૩) જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સોંગદ ઉપરની સરતપાસના પેરા નં.(૯) માં જણાવેલ છે કે, શાંતીવાટીકામાં આશારામ બાપુ પાસે મહીલાઓ જતી ત્યારે ત્યા જવા માટે બસની વ્યવસ્થા પણ હતી અને જાતે પણ જતી હતી તેમજ પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે, આશારામ બાપુનો રસોઈયો જેનું નામ અખીલ ગુપ્તા હતુ તે આશારામ બાપુની

રસોઈ બનાવતો હતો અને સાત થી આઠ વર્ષ આશારામ બાપુ સાથે રહેલો, તે રસોઈયો બાપુની સાથે જ રહેતો. આશારામ બાપુ બહાર ગામ જાય ત્યારે પણ આ અખીલ આશારામ બાપુ સાથે જતો હતો તેમજ પેરા નં.(૧૪) માં જણાવેલ છે કે, શાંતીવાટીકામાં મહીલાઓને જવાનો પ્રતિબંધ હતો. આમ, સદર સાહેદની ઉપચુકત હકીકત ધ્યાને લેતા શાંતીવાટીકામાં મહીલાઓને જવાનો પ્રતિબંધ હોવા છતાં મહીલાઓ જતી હતી અને સદર સાહેદે એક વખત બપોરના સમયે સ્ત્રી તથા તેમની સાથે બે–એક છોકરીઓને શાંતી વાટીકા લાવતા જોયેલ અને તે સંબંધે આરોપી નં.(૧) આશારામ બાપુને પુછતા તેઓ ઉશ્કેરાઈ ગયેલા, ત્યારબાદ આશારામ બાપુએ સદર સાહેદને આશ્રમમાંથી કાઢી મુકેલ. સદર સાહેદ ૧૯૯૧ થી ૨૦૦૭ –૦૮ સુધી આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં સાધક તરીકે તેઓના પરીવાર સાથે રહેતા હતા. આમ આ સાહેદની જુબાનીથી આશ્રમમાં સ્ત્રી તથા છોકરીઓ આવતી હોવાનું ફરીયાદપક્ષે સાબીત કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૫) તરીકે અરવિંદભાઈ છોટાભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૩) તરીકે તપાસવામાં આવેલ જીગ્નેશભાઈ તથા સાહેદ નં.(૨૪) તરીકે તપાસવામાં આવેલ ગોપીબહેનના પિતાશ્રી છે અને સદર સાહેદે પણ તેઓની સરતપાસના પેરા નં. (૧૨) માં તેઓ આજે પણ આશારામ બાપુના સાધક હોવાનું જણાવેલ છે.

(૯) વિ.સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ મારૂ ધ્યાન ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૨૬) તરીકે તપાસવામાં આવેલ રાજુભાઈ કીશનલાલ ચાંડકનાઓની જુબાની તરફ દોરેલ છે. સદર સાહેદે તેઓની સોંગદ ઉપરની જુબાનીનાં પેરા નં.(૨)માં જણાવેલ છે કે, તેઓ આશારામ બાપુના સમર્પિત શીષ્ય હતા અને તેઓ સને – ૧૯૮૩ થી સને – ૨૦૦૨ સુધી બાપુ સાથે સમર્પિત હતા અને આશ્રમમાં જ

રહેતા હતા અને તેઓ આશ્રમમાં આશારામ બાપુના કાર્યક્રમનાં સંચાલનમાં તેમજ છેલ્લે ગૌશાળાના સંચાલક તરીકે સેવા આપતા હતા અને તેઓ આશારામ બાપુ સાથે અમદાવાદ કે અમદાવાદની બહાર જયારે કાર્યક્રમો હોય ત્યારે તે કાર્યક્રમના સંચાલક તરીકે તેમની સાથે કામગીરી કરતા હતા. ત્યારબાદ સદર સાહેદે તેઓની સોંગદ ઉપરની જુબાનીના પેરા નં.(૮) માં જણાવેલ છે કે, આશારામ બાપુ ગૌશાળામાં આવેલા ત્યારે જે ઘટના બનેલી તે તેઓએ ત્રિવેદી પંચમાં સને–૨૦૦૯ મા લખાવેલી છે. તેઓએ આશારામ બાપુને તેમની કુટીયામાં કોઈ સ્ત્રી સાથે કઢંગી હાલતમાં જોયેલા, જે સ્ત્રીને તેઓ ઓળખે છે. પરંતુ તેનુ નામ તેઓ આપી શકે નહી. આ ઘટના વિશે અન્ય કોઈને વાત કરેલી નહી. પરંતુ ત્રિવેદી પંચ સમક્ષ લખાવેલ અને તે અંગેના સમાચાર સંદેશ ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ, જેના કારણે તા.૦૫/૧૨/૨૦૦૯ ના રોજ રાત્રે ૯ વાગે તેઓ ઉપર ત્રણ ગોળીબાર કરવામાં આવેલા અને તેની એફ. આઈ. આર. સાબરમતી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી અને સાલ હોસ્પીટલ ખાતે તેઓના ઓપરેશન પહેલા નીવેદન પણ નોંધવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૯) માં જણાવેલ છે કે, ઉપરોકત ઘટના ઘટી તેની જાણકારી તેઓને થઈ ગયેલ તે અંગે બાપુને વહેમ જતા તેઓએ તેને ગૌશાળામાં માર મારેલ અને ત્યારબાદ તેઓ અમદાવાદ ખાતે આવેલ ત્યારે પણ તેઓને માર મારવામાં આવેલ. જેથી તેઓ તેઓનું મૌ ખોલી શકે નહી. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, સદરહું સ્ત્રી બહારથી આવેલી દર્શનાર્થી હતા અને તેઓ એકલા જ આવેલા. વધુમાં સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૪) માં જણાવેલ છે કે, ત્યારબાદ આશારામ બાપુએ આશ્રમથી ત્રણ –ચાર કીમી દુર એક ફાર્મ હાઉસ બનાવેલું. ત્યા એક કુટીયા હતી તેમા રહેતા હતા. આમ, આશ્રમની કુટીયા આશ્રમમાં અને બીજી કુટીયા ફાર્મ હાઉસમાં હતી. ત્યારબાદ પેરા નં.(૧૯) માં જણાવેલ છે કે,

તેઓ ઉપર જે હુમલો થયેલો તેનો કેસ હજી ચાલુ છે. તેઓ ઉપર જુદી જુદી જગ્યાએ ત્રણ કેસો કરવામાં આવેલા, જે તેઓનું મોરલ તોડી નાખવા કરવામાં આવેલા. જેમાં એક કેસ ઓરંગાબાદ , બીજો કેસ શાહજહાપુર–મધ્યપ્રદેશ અને ત્રીજો કેસ મેરઠ–યુ.પી. ખાતે તેમજ પેરા નં.(૨૦) માં જણાવેલ છે કે, ઓરંગાબાદની પોલીસ તેઓને ત્યાથી લઈ ગયેલ અને તેઓને નામદાર કોર્ટમાં રજુ કરતા જામીન ઉપર છુટેલા તે વખતે પણ તેમના ઉપર ત્રીસ થી ચાલીસ જણાએ હુમલો કરેલો. જે કેસ મુખ્ય આરોપી ન મળતા ફાઈલ કરી દેવામાં આવેલ. ત્યારબાદ પેરા નં.(૨૧) માં જણાવેલ છે કે તેઓ આશારામના આશ્રમમાં સાધક તરીકે ૧૭ થી ૧૮ વર્ષ રહેલા અને તેઓને તેમની સાથેના સાધક અને સાધીકાઓ વિશેની જાણકારી છે. તેઓ આ કામના ફરીયાદણ બહેનને પણ ઓળખે છે. તેઓ ફરીયાદણ સાથેના વર્ષાબેનને પણ ઓળખે છે. તેઓ આશારામના અંગત રસોઈયાને પણ ઓળખે છે અને તે રસોઈયાનું નામ કદાચ અખીલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૨૨) માં જણાવેલ છે કે, આરોપી મીરાબેન જેઓ બગલા તરીકે ઓળખાય છે અને આરોપી નિર્મલાબેન કે જેઓ ઢેલ તરીકે ઓળખાય છે. તેઓ આ કામના ભોગ બનનાર બહેનોનું બ્રેઈન વોસ કરી આશારામના નિવાસે મોકલતા હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ સદર સાહેદની જુબાનીથી કેસને સંલગ્ન તેમજ આરોપી નિર્મલાબેન ઉર્ફે ઢેલ તથા આરોપી મીરાબેન ઉર્ફે બગલાનાઓ ભોગ બનનાર છોકરીઓનું બ્રેઈન વોસ કરવામાં આવતુ હોવાનું રેકર્ડ ઉપર લાવવામાં સફળ નીવડેલ હોવાનું જણાવેલ છે.

**(૧૦)** ફરીયાદપક્ષ તરફે સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ મારુ ધ્યાન ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૮) તરીકે તપાસવામાં આવેલ તુષારભાઈ મુન્નાભાઈ વૈશ્ય કે જેઓ ફરીયાદણ યાને ભોગ બનનારના પતિ છે. તેઓની જુબાની તરફ દોરી

જણાવેલ છે કે, સદર સાહેદને તેઓની પત્ની એટલે કે ફરીયાદણ યાને ભોગબનનારે કહેવાતા બનાવ વિશે વાત કરેલ હોવાનું અને તેથી તેઓને તે અંગે જાણ થયેલ હોવાનું પુરવાર કરી શકેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૧૧)** ફરીયાદપક્ષ તરફે સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ મારૂં ધ્યાન છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૯) થી તપાસવામાં આવેલ જિગ્નાબેન ઉર્ફે સોનલબેન પરીખનાઓની જુબાનીના પેરા નં. (૨૧) તરફ દોરી જણાવેલ છે કે, સત્સંગ માટે કોઈ વકતા ન હોય અને વકતાની જરૂર પડે તો અખીલ ભારતીય સેવા સમીતી દવારા આશારામ વકતા માટે ધ્રુવબેનને કહેતા અને ધ્રુવબેન– ભારતીબેન તથા લક્ષ્મીબેનને કહેતા અને તેઓ કયા વકતાને કયા મોકલવા તે નકકી કરતા હતા અને તેણી વકતા તરીકે ડીસા, વલસાડ, બરોડા ખાતે તૃપ્તી વકતાની જગ્યાએ સત્સંગ કરવા ગયેલ. આમ મુખ્ય વકતા ના હોય તો તેને બદલે અન્ય કોઈને વકતા તરીકે મોકલવામાં આવતા હોવાની હકીકત ખોટી નહી હોવાનું ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ હોવાનું જણાવેલ છે.

**(૧૨)** વધુમાં સ્પે. પી.પી. શ્રી કોડેકર નાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૦) થી તપાસવામાં આવેલ મંજુલત્તાબેન રાજેશકુમાર કે જેઓ સામાજીક કાર્યકર છે તેઓની હાજરીમાં આ કામની ફરીયાદણ યાને ભોગ બનનારે દિવ્યા મેમ (તપાસનીશ અધિકારી) રૂબરૂ તેની ઉપર આશારામે કરેલ બળાત્કારની હકીકત સંબંધે નિવેદન આપેલ. સદર સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષ કોઈ જ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ઉલટાનું ફરીયાદપક્ષ તપાસનીશ અધિકારીએ જરૂરી પ્રક્રિયા અનુસરીને ફરીયાદણ યાને ભોગ બનનારનું નિવેદન નોંધેલ હોવાની હકીકત સાબીત કરી શકેલ હોવાનું જણાવેલ છે.

**(૧૩)** ત્યારબાદ, વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૧) થી તપાસવામાં આવેલ ઈશ્વરભાઈ નારાયણજી નાયક નાઓની જુબાનીના પેરા નં.(૨) તરફ મારુ ધ્યાન દોરી જણાવેલ છે કે, તેઓ (સાહેદ ઈશ્વરભાઈ) સને-૧૯૯૦ માં તેમના આખા કુંટુંબ સાથે આશારામના આશ્રમમાં આવી ગયેલા અને ત્યા આશારામે તેઓને તેમનુ પોતાનું મકાન બનાવીને તેમના ખર્ચે રહેવાનું જણાવેલ અને આશારામ દરેક સત્સંગોમાં એક હકીકત વારંવાર દોહરાવતા હતા કે આ લોકો સદગુરુના ચરણમાં આવી જવાથી પ્રેતયોનીમાં જતા બચી ગયા અને શરૂઆતમાં તેઓને જુદા જુદા આશ્રમમાં એક પ્રદર્શન રૂપે રજુ કરીને પોતાની વાહ વાહ કરાવતા અને તેઓની ગુજરાત બહાર પહેલી વિઝીટ રતલામ નજીક આવેલ પંચેડ આશ્રમમાં થયેલી અને પંચેડ આશ્રમમાં રોજ બપોરે ત્યાંના સ્વીમીંગ પુલમાં સ્નાન કરી દરેક સાધકોને આશારામ કહેતા કે, આ બ્રહમસ્નાન કરેલુ પાણી છે એને માથે ચઢાવો તો તમને બ્રહમસ્નાનનું પુણ્ય મળશે. ત્યારબાદ આશારામ છોકરી છોકરાઓને જુદા કરી દેતા અને જુવાન છોકરીઓના સ્તન ઉપર પાણીની પીચકારીઓ મારતા અને એ જ વિઝીટ દરમ્યાન એક સાંજે સુરતના એક ઉધોગપતિ તેમના પત્ની જોડે આવેલા અને તે ઉધોગપતિના પત્ની દેખાવડા હતા અને સાંજે આશારામે તેઓ એકલાને કુટીયામાં બોલાવેલ અને કહેલુ કે તુ ધ્યાન કર, હું આવુ છું. ત્યારબાદ, આશારામ અડધા કલાક પછી આવ્યા અને તે સ્ત્રી સામે ઉભા રહયા અને લુંગી ઉચી કરી તે સ્ત્રીને મુખમૈથુન કરવા જણાવેલું,જેથી તે સ્ત્રી ડરી જઈ ત્યાંથી પોતાનો સામાન પણઆશ્રમમાં છોડીને એના પતિને લઈ રતલામ સ્ટેશને પહોંચેલી.થોડા સમય પછી આશ્રમના એક પ્રતિષ્ઠીત સાધક અને પ્રતિષ્ઠીત ઉધોગપતિ કેશવલાલ વિઠૃલદાસ પટેલને ફોન કરીને એને સુરત બોલાવ્યા અને શ્રી પટેલ સાહેબે તેઓને એટલે કે સદર સાહેદને ફોન કરી સુરત બોલાવેલ અને તેઓ

ત્રણેની સુરતનાં બેલ્જીયમ ટાવરમાં મીટીંગ થયેલી અને સુરતના ઉદ્યોગ પતિએ તેઓને અને વિઠ્ઠલભાઈ પટેલને જણાવેલ કે, તમોને અમારી વાતમાં વિશ્વાસ ન હોય તો હું મારી પત્નીને અત્યારે જ બોલાવું અને તમે એના મોઢે જ સાંભળો. જેથી તેઓએ નમ્રતાપુર્વક ના પાડેલ. ત્યારબાદ આશારામને થોડા દિવસ પછી ખબર પડી કે સુરતના ઉદ્યોગપતિએ તેઓને આ વાત જણાવી ત્યારે આશારામે તેઓને જબરદસ્ત ધમકાવેલો. ત્યારબાદ, સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં. (૪) માં જણાવેલ છે કે તેઓને સંતાનમાં એક દીકરો અને એક દિકરી છે. તેઓનો દીકરો અત્યારે જર્મનીમા રહે છે. અને તેઓની દીકરી અમીબેન તેઓની સાથે રહે છે. અને અમીએ ન્યુરો–સાઈકો સાયન્સનું ભણીને એનીથેરાપીસ્ટ બની, એકસો પચાસ જેટલા રોગો વગર દવાએ અને ઓપરેશને સારા કરી શકે છે અને તેની પાસે આખા ભારતમાંથી નહી પણ પરદેશમાંથી પણ ટ્રીટમેન્ટ માટે આવે છે અને એક પીડીતા જેની જોડે આશારામે ઘણા લાંબા સમય સુધી દુષ્કર્મ કર્યુ , તે માનસીક રીતે ખુબજ ડીર્સ્ટબ હતી. અને તે પીડીતાએ તેઓની દિકરીનો સંપર્ક કર્યો, ત્યારબાદ તેને ટ્રીટમેન્ટ આપી સારી કરેલ. આ પીડીતાએ તેઓની દીકરી અમીના મનોવિશ્લેષણમાં ખુલાસો કર્યો કે આશારામે તેણીનું અનેક વાર યૌન શોષણ કરેલુ છે. તેમજ એ સીવાય બીજી એક પીડીતાને અમીએ ટ્રીટમેન્ટ આપીને સારી કરેલ તે પીડીતાનું પણ આશારામે યૌન– શોષણ કરેલુ હતું. ત્યારબાદ સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે, આશ્રમમાં વ્યવસ્થિત રીતે બે વિભાગ પાડેલા (૧) ઉંમરવાન અનુષ્ઠાન કરવા આવતી બહેનોને એક જગ્યાએ અનુષ્ઠાન કરવા દેતા જયારે (૨) જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતી વાટીકામાં મોકલવામાં આવતી અને તેઓને દિવ્યશકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભુતી થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતા હતા. ત્યારબાદ, સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૧૯) માં આશારામે ફરીયાદણ યાને ભોગ

બનનાર તેમજ તૃપ્તીબેન જોડે દુષ્કૃત્ય કર્યુ હતું. તૃપ્તીબેન જોડે થયેલ દુષ્કૃત્યોની માહીતી તેઓને રાકેશ પટેલે આપેલી અને ભોગ બનનાર જોડે થયેલ દુષ્કૃત્ય વિશે તેઓએ પાછળથી જાણેલું અને આવી ઘણી છોકરીઓ સાથે દુષ્કૃત્યો કરેલ હોવાનું તેઓએ જણાવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૦) આરોપી ધ્રુવબેન મહીલા આશ્રમમાં સંચાલીકા તરીકે હોવાનું તેમજ આરોપી ઢેલ અને બગલો આશારામની ખુબજ નજીક રહી, જયારે આશારામ વ્યાસપીઠ પર હોય અને લટાર મારવા નીકળ્યા હોય તે વખતે તેમની ખુબજ નજીક રહી, આશારામના ઈશારાઓને સમજીને છોકરીઓને ફસાવી– ફોસલાવીને આશારામની વાટીકા સુધી પહોંચાડવાનું કામ કરતા હતા અને આ કાર્યમાં ભારતી પણ છોકરીઓને લઈ જવાનું અને લાવવાનું કામ કરતી હોવાનું જણાવેલ છે. સદર સાહેદ વેલ એજયુકેટેડ છે. અને તેઓ સને–૨૦૦૬ સુધી આશ્રમમાં રહેલ છે અને તેઓ આશ્રમની ગતિવિધીઓથી માહીતગાર હોવાનું અને ફરીયાદપક્ષ આ સાહેદની જુબાનીથી કહેવાતા બનાવમાં ધ્રુવબેન, ભારતીબેન, નિર્મલાબેન ઉર્ફે ઢેલ, મીરાબેન ઉર્ફે બગલાનાઓની પણ સંડોવણી સાબીત કરેલ હોવાનું જણાવેલ છે.

**(૧૪)** વધુમાં સ્પે. પી.પી. કોડેકરનાઓએ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નંબર–(૩૨) તરીકે તપાસવામાં આવેલ મહેન્દ્રસિંહ કીશોરીલાલ ચાવલાનાઓની જુબાનીના પેરા નં.(૧) તરફ મારૂં ઘ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદે તેઓની જુબાનીમાં તેઓ જયારથી આ કેસમાં સાક્ષી બનેલા છે ત્યારથી આશારામના ગુંડાઓ તરફથી તેઓને ધમકી આપવામાં આવે છે અને સને–૨૦૦૫ માં આશારામના ગુંડાઓએ તેઓ ઉપર ફાયરીંગ કરેલ અને તેઓના ડાબા ખભાના ભાગે ગોળી મારેલ અને તે કારણસર તેમનો ધંધો બંધ થઈ ગયેલો અને તેઓ બેકાર છે અને ફાયરીંગના બનાવ અંગે તેઓએ પાનીપતનાં થાના સદરમાં ફરીયાદ કરેલી. ત્યારબાદ, પેરા

નં.(૧૭) માં તેઓએ આશારામના ચારીત્ય વિશે જુદા જુદા આશ્રમમાં પણ અનેક વખત સાંભળેલ હતું અને તેઓની માતાએ પણ અંબાલામાં આશારામના ચારીત્ય ઉપર આરોપ લાગેલ હોવાનું જણાવેલ છે. તેમજ તેઓનું આશ્રમ છોડવાનુ કારણ બાપ બેટાની ચારીત્યહીનતા અને વ્યભિચારી જીવન હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૦) માં તેઓની જેમ અમૃત પ્રજાપતિ, દીનેશ ભાગચંદાણી તથા રાજુ ચાંડક ઉપર પણ આશારામના ગુંડાઓએ હુમલો કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં પેરા નં.(૨૨) માં તેઓ આશ્રમમાં રહેતા હતા તે દરમ્યાન આરોપી ભારતી, ઢેલ અને બગલો બીજી છોકરીઓને લઈને શાંતીકુટીયા અને શાંતીવાટીકામાં આવતા જતા હતા અને અન્ય સ્ત્રી ઓની પણ ત્યા અવર–જવર રહેતી હતી અને આ બાબત તેઓએ જાતે જોયેલી હોવાનું તેમજ તેઓને એવુ પણ જાણવા મળેલ કે આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત કરાવવામાં આવતા હતા અને તેઓએ અમૃત પ્રજાપતિની પત્ની સરોજબેને આશારામ વિરૂધ્ધ સને–૨૦૦૮ કે ૨૦૦૯ માં હરીયાણાના કોઈ શહેરમાં બળાત્કારની કોઈ પોલીસ ફરીયાદ કરેલ હોવાનું અને આ સરોજબેન આશ્રમના મોબાઈલ ડીસ્પેન્સરીમાં કામ કરતા હોવાનું તેમજ તેઓને એ પણ જાણવા મળેલ કે આરોપી ભારતી, ઢેલ અને બગલો જે છોકરીઓને અને સ્ત્રીઓને લઈને આશારામની કુટીયામાં જતા હતા ત્યા આશારામ તે છોકરીઓ અને સ્ત્રી સાથે બળાત્કાર કરતા હોવાનું તેમજ પેરા નં.(૨૩) માં ઢેલ અને બગલો છોકરીઓ સપ્લાય કરવાનું કામ કરતી હોવાનું જણાવેલ છે. તેઓ (સદર સાહેદ) મે/જુન– ૧૯૯૮ માં મોટેરા આશ્રમમાં આવેલા અને ઓગસ્ટ–૨૦૦૫ સુધી આશ્રમમાં રહેલા છે. સદર સાહેદે જોધપુર કોર્ટમાં આશારામ વિરૂધ્ધના કેસમાં તેઓનો પુરાવો નોંધવામાં આવેલ હોવાનું પણ જણાવેલ છે. ફરીયાદપક્ષ આ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ કેસને સંલગ્ન તેમજ આશારામની જીવનશૈલીની હકીકત ઠોસ પુરાવાઓ દવારા રેકર્ડ ઉપર લાવી સાબીત કરી શકેલ હોવાની દલીલ કરેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૫)** વધુમાં સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૩) તરીકે જાનકી ઉર્ફે શિલ્પી નારાયણસાંઈ હરપલાણીનાઓને તપાસવામાં આવેલ છે. તેણી આશારામની પુત્રવધુ છે અને આશારામના દિકરા નારાયણસાંઈની પત્ની છે. સદર સાહેદણે તેણીના જુબાનીના પેરા નં. (૫) માં જણાવેલ છે કે તેણી મહીલા આશ્રમમાં આશારામની પત્ની અને દીકરી ભારતી સાથે રહેતી હતી. તેણીના લગ્ન થયેલા તે જ દીવસે ભારતીના લગ્ન થયેલા. પરંતુ તે તેણીની સાસરીમાં રહેવા ગયેલ નહી અને અમદાવાદ આશ્રમમાં જ રહેતા હતા. ત્યારબાદ, પેરા નં (૭) માં જણાવેલ છે કે, આશારામ સાથે બગલો, ઢેલ અને બીજી સાધીકાઓ પણ સાથે જતી હતી જેમાં બગલો અને ઢેલ આશારામની આગળ – પાછળ રહેતા હતા અને કોઈપણ સ્ત્રીને આશારામ સાથે મુલાકાત કરાવવાની હોય તો ઢેલ અને બગલો કરાવતા હતા. ત્યારબાદ પેરા નં.(૮) માં જણાવેલ છે કે તેણી મહીલા આશ્રમમાં રહેવા આવી ત્યારબાદ તેણીએ જોયેલ કે આશારામ અમદાવાદમાં હોય અને આશ્રમમાં સત્સંગ કરવા આવે ત્યારબાદ સત્સંગ પુરો થયા પછી ઢેલ અને બગલો તથા ધ્રુવબેન છોકરીઓને લઈને આશારામની પત્ની સાથે વાત કરવા આવતી અને ત્યારબાદ છોકરીઓને લઈને જતા રહેલા. તે છોકરીઓ આશારામની પત્ની પાસે આવીને રડતી હતી અને તેઓ તેને સાત્વના આપતા હતા. શરૂઆતમાં તેની તેણીને ખબર પડેલી નહી. પરંતુ પાછળથી છોકરીઓની વાતચીત દવારા તેણીને જાણવા મળેલુ કે ઢેલ, બગલો અને ધ્રુવબેન છોકરીઓને રાતના સમયે શાંતીવાટીકામાં આશારામ પાસે લઈ જતા હતા. ત્યારબાદ પેરા નં.(૯) માં તેણીએ એવુ સાંભળેલુ કે, આશારામ સગીર ઉંમરની છોકરીઓ સાથે ખોટા કામ કરતા હતા અને તેને કોડવર્ડમાં ધ્યાન કરવુ તેમ કહેતા અને તેણીએ એવુ પણ જાણેલુ કે જો કોઈ છોકરી આશારામનો વિરોધ કરે તો

ઢેલ, બગલો અને ધ્રુવ તેને ચુપ કરાવી દેતા હતા. તેણી એ પણ જાણેલુ કે જો કોઈ છોકરી ગર્ભવતી થઈ જાય તો સાબરમતી એરીયામાં આવેલ કોઈ દવાખાનામાં લઈ જઈ તેનો ગર્ભપાત કરાવી દેતા હતા.ત્યારબાદ,પેરા નં.(૧૨) માં તેણીએ જણાવેલ છે કે, સને – ૨૦૧૩ માં નારાયણ સાંઈ ફરાર હતા તે વખતે સુરત પોલીસે તેણીને બોલાવેલી. તેથી તેણી સુરત ગયેલી પોલીસના પુછવાથી તેણીએ જણાવેલ કે તેણી નારાયણસાંઈ સાથે રહેતી નથી. તેમને ઘણી છોકરીઓ સાથે અવૈધ સંબંધો છે અને અનૌરસ સંતાનો છે.મીડીયા મારફત આશારામ અને નારાયણસાંઈને તેણીના આ નીવેદન વિશે જાણ થતા તેઓએ તેણીને આ નીવેદન પાછુ લઈ લેવા પણ ધમકીઓ આપેલી હતી. તેમજ તેણીની માતા અને બહેનોને પણ ધમકીઓ આપતા હતા અને તેથી તેઓ ઘણા દબાણમાં હતા અને તે વખતે અમદાવાદની પોલીસ તેણીની પુછપરછ કરવા ઈન્દોર આવેલ. તે વખતે આ બધી વાત તેણીને પોલીસને બતાવેલ ન હતી. આમ ફરીયાદપક્ષ આશારામની પુત્રવધુની જુબાનીથી આશ્રમમાં ચાલતી પ્રવૃતિઓ તથા આશારામના માનસ વિશેની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ નીવડેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૧૬)** સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૪) તરીકે વિમલેશકુમાર ભાઈલાલભાઈ ઠકકરનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ફરીયાદણ યાને ભોગ બનનારના બનેવી થાય છે. સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, તેઓની પત્નીનું નામ પારૂલ છે.તેઓના લગ્ન સને–૨૦૧૦ માં થયેલા અને ૨૦૧૩ માં આશારામ વિરૂધ્ધ જોધપુર કોર્ટમાં કેસ ચાલતો હતો અને તેઓને જામીન મળતા ન હતા. તે વખતે તેમની પત્નીએ તેઓને વાત કરેલી કે આશારામના પુત્ર નારાયણ

સાંઈએ પણ તેણીની સાથે સને–૨૦૦૨ ના અરસામાં દુષ્કર્મ કરેલાનું જણાવેલું. તેઓની પત્નીએ આ કામની ફરીયાદણ યાને ભોગ બનનારની સાથે પણ ફોન ઉપર વાતચીત કરતા હતા. તેઓના પત્નીએ તેમને કહેલુ કે તેણીની બહેન એટલે કે ભોગ બનનાર સાથે પણ આશારામે દુષ્કૃત્ય કરેલ છે. તેઓએ આ અંગે તેમની પત્ની સીવાય બીજા કોઈને વાત કરેલી નહી અને તેઓએ તેમની પત્નીને હીંમત આપેલી કે આ અંગે ફરીયાદ દાખલ કરાવવી જોઈએ. ત્યારબાદ, ફરીયાદણ અને તેણીના પતિ સુરત તેઓના ઘરે આવેલા અને તેઓ તથા તેમના સાઢુભાઈએ તેમના પત્ની અને ફરીયાદણને સમજાવેલા કે આપણે એફ.આઈ.આર. દાખલ કરાવી જોઈએ. આમ ફરીયાદપક્ષે સદર સાહેદની જુબાનીથી તેઓને તેમની પત્નીએ તથા ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીના પતિને કહેવાતા બનાવની વાત કરતા સૌપ્રથમ વખત ખબર પડેલ હોવાની હકીકત સાબીત કરેલ હોવાનું જણાવેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષ તરફે વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૫) થી રાકેશ જયંતીલાલ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સાહેદણ તૃપ્તીબેનના પતિ છે. સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, ૧૯૮૭ માં દીક્ષા લીધેલ અને સને–૧૯૯૧ થી આશારામના આશ્રમમાં સમર્પિત થયેલ છે અને પેરા નં.(૨) માં જાન્યુઆરી–૧૯૯૭ થી જાન્યુઆરી –૨૦૦૯ સુધી વિડીયોગ્રાફર તરીકે સેવા આપેલ હોવાનું તેમજ પેરા નંબર–(૩)માં જાન્યુઆરી–૨૦૦૯ માં આશારામનો આશ્રમ છોડેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પેરા નં. (૮) માં સને–૨૦૦૮ ની સાલમાં તૃપ્તી એટલે કે તેઓની પત્ની તેઓને આશ્રમમાં મળેલ અને તેણીએ કહેલ કે આશારામ આશ્રમમાં આશારામ અને તેમનો દિકરો નારાયણ સાંઈ છોકરીઓ સાથે બદકામ કરે છે. જેથી આવી વાતથી તેઓને ખુબ દુ : ખ લાગેલ. આમ સદર સાહેદ સને–૧૯૯૭ થી ૨૦૦૯

સુધી આરોપી નં.(૧) દવારા સ્થાપીત આશ્રમમાં રોકાયેલ છે. ફરીયાદપક્ષના આ સાહેદ આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં થતી કામગીરી વિશે જણાવે છે.

**(૧૮)** ત્યારબાદ વિ.સ્પે.પી. પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૬) તરીકે હેડ કોન્સ્ટેબલ ચંદાબેન ચેલારામ પટણી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં તેઓ સને–૨૦૧૩ માં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તારીખ–૦૭/૧૦/૨૦૧૩ ના રોજ કલાક– ૧૨ : ૦૦ થી ૨૦: ૦૦ કલાક સુધી પી.એસ.ઓ.ના ચાર્જમાં હાજર હતા. તે દરમ્યાન સાંજના ૧૯:૦૦ કલાક ની આસપાસ તેઓના સીરીયર પી.આઈ. એચ.જી. ગોહીલનાઓએ તેઓને બોલાવેલ અને જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી '૦' નંબરથી એફ.આઈ.આર. આવી તે આધારે આપણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવાનો છે તે હુકમ અન્વયે તેઓએ જહાંગીર પોલીસ સ્ટેશનના સુચીપત્ર આધારે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નંબર– ૨૫/૧૩ થી નોંધ કરેલ જે તેઓના હસ્તાક્ષરમાં હોવાનું અને તેમાં તેમની સહી હોવાનું અને તે સ્ટેશન ડાયરી આંક– ૩૬૪ થી રજુ કરવામાં આવેલ હોવાનું તેમજ તેઓએ એફ.આઈ.આર. ફાડેલી અને તેની એક નકલ સંબંધીત કોર્ટ તરફ મોકલી આપેલ અને તેઓએ સુચીપત્ર તૈયાર કરી આગળની તપાસ પી.આઈ. ડી.બી. રવિયાને સોંપેલી અને ગુનાની તપાસ સોંપવા અંગેના સુચીપત્રમાં તેમની સહી હોવાનું અને તે આંક– ૩૬૮ થી રજુ કરવામાં આવેલ હોવાનું અને તેઓએ ફાડેલ એફ. આઈ. આર. માં તેમની સહી હોવાનુ અને તે આંક– ૩૬૯ થી રજુ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આમ સદર સાહેદે ચાંદખેડા પો.સ્ટે. ખાતે ગુના રજીસ્ટર નંબર– ૨૧૮/૨૦૧૩ થી, તા. ૦૭/૧૦/૨૦૧૩ ના રોજ ગુનો રજીસ્ટર કરેલ હોવાનું ફલીત થાય છે.

**(૧૯)** વિ.સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૭) તરીકે તૃપ્તીબેન રાકેશભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સાહેદ રાકેશભાઈના પત્ની છે અને તેઓએ વકતા તરીકે પણ કામગીરી કરેલી છે. સદર સાહેદણે તેણીના જુબાનીના પેરા નં.(૬૧) માં જણાવેલ છે કે, તેણીને સુરતના મજીસ્ટ્રેટની ચેમ્બરમાં સવારના સાડા દસ વાગ્યે લઈ જવામાં આવેલ, જયા તેણીએ પ્રતિજ્ઞા ઉપર તેણીનુ નીવેદન લખાવેલ અને આ નીવેદન મેજીસ્ટ્રેટે તેણીના લખાવ્યા મુજબ નોંધેલુ અને તે આંક– ૩૭૩ વાળું નિવેદન તેણીને વંચાવવામાં આવતા તેના પ્રથમ ત્રણ – ચાર પાનાની વિગત તેણીને યાદ નહી હોવાનું અને તે સીવાયની નિવેદનની બાકીની તમામ વિગતો તેણીએ લખાવેલ છે અને તે સાચી હોવાનું જણાવેલ છે. તેણી આશરે બારેક વર્ષ જેટલુ આશ્રમમાં રહેલ છે અને વકતા તરીકેની પણ કામગીરી કરેલ છે. આમ ફરીયાદપક્ષ સદર સાહેદણની જુબાનીથી તેણીના સી. આર. પી. સી. કલમ– ૧૬૪ ના નિવેદનની વિગત રેકર્ડ ઉપર લાવવામાં સફળ નીવડેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૨૦)** વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૮) થી મહાવીરસિંહ કાળુસિંહ રહેવરનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તા.૧૬/૧૦/૨૦૧૩ ના રોજ આશારામની મેડીકલ તપાસ તથા સારવાર કરાવવા તેઓને લઈને સોલા સીવીલ હોસ્પીટલમાં ગયેલ હોવાનું અને ત્યાં એમ.એલ.સી કેસ નં.૩૩૨૧/૨૦૧૩ કઢાવેલ અને ડાૅ. ચિંતનભાઈને મળેલા અને ડાૅકટરશ્રીએ આરોપીના (૧) લોહી (૨) લાળ (૩) પ્યુબીક હેર તથા (૪) નખના નમુના હતા. જે નમુના સીલબંધ હાલતમાં ડાૅકટરશ્રીએ તેઓન સોંપતા

તે નમુના તેઓએ પી. આઈ. રવિયા સાહેબને સોંપેલ હોવાનું અને તેઓએ બે પંચોને બોલાવી તે અંગેનું પંચનામુ કરી મુદ્દામાલ કબજે લીધેલ હોવાનું જણાવેલ છે.

**(૨૧)** વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૯) તરીકે ખોડાભાઈ શંકરભાઈ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તારીખ–૧૩/૦૨/૨૦૧૩ થી તારીખ–૦૩/૦૩/૨૦૧૪ સુધી સુરતના જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તા.૦૬/૧૦/૨૦૧૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે સુરત શહેરના ડી.સી.પી. ઝોન–૪ ના શ્રી શોભાબેન ભુતડા તરફથી લેખીત રીપોર્ટ સાથે ફરીયાદ ગુનો દાખલ થવા સારું તેમની તરફ આવતા તેઓએ '૦' નંબરથી ગુનો દાખલ કરેલો આંક– ૩૬૫ વાળી એફ.આઈ.આર. તેઓએ ફાડેલ તે તેજ એફ.આઈ.આર. હોવાનું તેમજ તે અંગે સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર–૦૬ થી તેમના હસ્તાક્ષરમાં નોંધ કરેલ હોવાનું અને તે સ્ટેશન ડાયરીની ખરી નકલ આંક –૩૮૫ વાળી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, તેઓએ સદર ફરીયાદ અમદાવાદ શહેર તરફ મોકલવા તેઓના પોલીસ કમિશનરશ્રી તરફ રીપોર્ટ મોકલેલ જે આંક– ૩૬૭ વાળો રીપોર્ટ હોવાનું અને તેમાં તેમની સહી હોવાનું જણાવેલ છે.

**(૨૨)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ ખાસ ભારપુર્વક દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૩) થી ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન પારૂલબેન વિમલેશભાઈ ઠકકરનાઓને તપાસવામાં આવેલ છે. તેણીએ તેણીની સોંગદ ઉપરની જુબાનીમાં પેરા નં.(૩) માં જણાવેલ છે કે, સને–૨૦૦૭ માં ભોગ બનનાર આશ્રમ છોડીને ઘરે આવેલી ત્યારબાદ

તેણીએ તેણીને આશ્રમમાં તેણીની સાથે આશારામે જે દુષ્કર્મો કરેલા તેની વાત કરેલી. તેણીએ પણ તેની સાથે જે કાંઈ પણ થયેલુ તેની વાત તેણીની બહેનને કરેલી. ત્યારબાદ પેરા નં.(૮) માં જણાવેલ છે કે, જોધપુરની એક છોકરીએ આશારામ ઉપર કેસ કરેલો ત્યારે પણ લાગેલુ કે આ લોકોને કોઈ પકડી શકશે નહી અને પોલીસે તેમને પકડેલા ત્યારે લાગેલુ કે આ લોકો છુટી જશે પરંતુ સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટ આશારામને જામીન આપેલા નહી. જેથી તેઓને લાગેલુ કે આપણે પણ હીંમત કરી આગળ આવવુ જોઈએ જેથી તેઓએ તેમના પતિને વાત કરેલી અને તેઓના પતિએ વાત સાંભળી તમારે પણ હીંમત કરી તમારી સાથે જે કાંઈ પણ બનાવ બન્યો છે તે જણાવી કેસ કરવો જોઈએ તેમ કહેલુ. તેણી સાથે અને તેણીની ભોગ બનનાર બહેન સાથે તથા બીજી અનેક છોકરીઓ સાથે આશારામ અને તેના છોકરાએ ખબરા કાર્યો કરેલા છે. આમ ફરીયાદપક્ષ ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે આરોપી નં.(૧) આશારામે તેણીની સાથે કરેલ દુષ્કર્મની વાત કરેલ હોવાનું તેમજ તેવી જ રીતે તેણીને એટલે કે સદર સાહેદણે પણ તેની સાથે જે કાંઈ પણ થયેલ તેણી ફરીયાદણ યાને ભોગ બનનારને વાત કરેલ હોવાનું તેમજ તે બંનેના પતિદેવોને પણ કહેવાતા બનાવ સંબંધે વાત કરતા જાણ થયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ શંકારહીત રીતે રેકર્ડ ઉપર લાવી શકેલ છે.

**(૨૩)** વિ. સ્પે. પી.પી. શ્રી કોડેકરનાઓએ ફરીયાદપક્ષ તરફે સાહેદ નંબર-(૪૪) થી તપાસવામાં આવેલ શોભાબેન પુરષોતમભાઈ ભુતડાનાઓની જુબાની તરફ મારૂં ધ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદ સને-૨૦૧૩ માં સુરત ખાતે ડી.સી.પી. (ઝોન -૪) તરીકે ફરજ બજાવતા હતા. જે અંતર્ગત જહાગીરપુરા પોલીસ સ્ટેશનનો તેમના ઝોનમાં સમાવેશ થતો હતો. તા.૫/૧૦/૨૦૧૩ ના રોજ સાંજના સમયે તેઓ પાસે અરજદાર તરીકે સદર ગુનાના ફરીયાદણ યાને ભોગ

બનનાર, તેઓના પતિ તેમજ તેમના બહેન અને બહેનના પતિ સાથે આવેલ હતા અને તેઓની સાથે તેમનુ એક બાળક પણ હતું અને તેઓએ તેમની સાથે તેઓ ૧૯૯૬ થી તેઓ આશારામ આશ્રમ, મોટેરા, અમદાવાદ હતા ત્યા સુધી તેઓની સાથે થયેલ દુષ્કર્મની હકીકત જણાવેલી. તેમજ સાથોસાથ તેઓના બહેન દવારા સુરત જહાગીરપુરા ખાતે આશ્રમમાં થયેલ દુષ્કર્મની હકીકત જણાવવામાં આવેલી. જે સમગ્ર હકીકત સાંભળી તેની સંવેદનશીલતા સાંભળી તેઓએ તેઓને તેમની ઓફીસની નીચે સુરતના પોલીસ કમિશનર બેસતા હોઈ તેઓની મુલાકાત કરાવેલી. ત્યારબાદ ફરીથી તેઓની ઓફીસમાં આવી બંને બહેનોની એક પછી એક તેઓ રૂબરૂની ફરીયાદ ફરીયાદણ બહેનના લખાવ્યા મુજબની બંને ફરીયાદ નોંધેલી અને સુરત ખાતેનો ગુનો જહાગીરપુરા પો.સ્ટે. ખાતે દાખલ કરવા મોકલેલ અને અમદાવાદ અંગેની જે વિગત જણાવેલ તે ફરીયાદ '૦' નંબરથી નોંધાવવા જહાંગીરપુરા પોલીસ સ્ટેશન ખાતે મોકલાવેલ. ફરીયાદણની ફરીયાદ તા.૦૬/૧૦/૨૦૧૩ ના રોજ નોંધવામાં આવેલી અને તેઓને આંક– ૨૭૯ વાળી ફરીયાદ બતાવતા તે તે જ હોવાનું અને તેના પર ફરીયાદણની અને રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવેલ છે. તેમજ ફરીયાદણ તેઓની પાસે આવ્યા અને ફરીયાદ નોંધવાની કાર્યવાહી થઈ તે સમય દરમ્યાન તેઓ સ્વસ્થ હતા પરંતુ ફરીયાદની વિગતો જણાવતા દરમ્યાન તેઓ ભાવુક થઈ રડી પડતા હતા અને તેની નોંધ ફરીયાદમાં કરવાની જરૂર જણાયેલ નહી તેથી કરેલ નથી. આમ ફરીયાદપક્ષ સદર સાહેદની જુબાનીથી તેઓ સમક્ષ ફરીયાદણ યાને ભોગ બનનારે ફરીયાદ લખાવેલ હોવાની અને તેઓએ ફરીયાદણના જણાવ્યા મુજબની ફરીયાદ લખવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ હોવાનું જણાવેલ છે.

**(૨૪)** વિ. સ્પે. પી.પી. શ્રી કોડેકરનાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૫) થી પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ

પારેખનાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેઓ સને–૧૯૯૧ ના ડીસેમ્બર મહીનાથી સમર્પિત થયેલા હોવાનું ત્યારબાદ તેઓ મોટેરા આશ્રમ અમદાવાદ આશરે સાત – આઠ વર્ષ રહેલ હોવાનું તેમજ આશારામની કુટીયામાં બહેનોનો પ્રવેશ પ્રતિબંધીત હોવાનું જણાવેલ છે. તેમજ તેઓ સને –૨૦૦૬ સુધી આશ્રમમાં રસોઈયા તથા બીજી સેવા માટે રહેલ હોવાનું તેમજ આશારામના રસોઈયા તરીકે ૨૦૦૨ ની આજુબાજુ સુધી સેવા આપેલ હોવાનું અને તેઓના પછી રસોઈયા તરીકે રોહીત આવેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષ સદર સાહેદની જુબાની થકી તેઓ આરોપી નં. (૧) આશારામના રસોઈયા તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૨૫)** વધુમાં વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ મારી સમક્ષ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૬) તરીકે સરોજબેન અમૃતલાલ પ્રજાપતિના ઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી સને–૧૯૯૯ માં અમદાવાદ ખાતેના આશ્રમમાં ગયેલી. આશ્રમમાં ફરતુ દવાખાનુ હતુ. તેણી ત્યા સેવા આપતી હતી. તેણી ત્યા છ–આઠ મહીના રહેલી ત્યારબાદ દીલ્હી ગયેલી. તેણી પંદર – વીસ દિવસ માટે દીલ્હી ગયેલી હતી. તેણી દીલ્હીથી પાછી આવતી હતી ત્યારે રેવાડી ગયેલ. તે વખતે સને–૨૦૦૦ નો ઉનાળાનો સમય હતો રેવાડીમાં સત્સંગ હતો અને મહીલા માટે રહેવાની વ્યવસ્થા કરેલી. જેથી તેણી ત્યા રોકાયેલી. સત્સંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતા તેણી આશ્રમમાં પણ ગયેલી . ત્યા રાતના સમયે તેણીને કહેવામા ંઆવેલુ કે આશારામ તેણીને ઘ્યાન માટે બોલાવે છે. તેણીને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. તેણી આશારામ ઘ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલી. રાતના નવથી દસનો સમય હતો. તેણી આશ્રમની એન્ટ્રી પર પહેલા બેસેલી.

ત્યારબાદ તેણીને બાથરૂમમાં લઈ ગયેલા અને તેને બાથરૂમમાં બંધ કરી દીધેલી. બાથરૂમમાં અંધારૂ હતું. તેણીને થયેલ કે તેણીને આશારામ પાસે લઈ જવાના હતા અને અહી શા માટે લાવ્યા ?. તે વખતે ત્યાં આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલ. ઢેલે કહેલુ કે આની સાથે જાઓ, ત્યારબાદ લાલાભાઈ તેણીનો હાથ પકડીને તેણીને આશારામ પાસે લઈ ગયેલા આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા.તેઓએ તેણીના માતા પિતા અને ભાઈ બહેન વિશે પુછેલું. તેઓએ તેણીને તમારે કેટલી મિલકત છે તેવુ પણ પુછેલુ. આશારામે તેણીને ત્યા નીચે બેસી જવા કીધેલું. તેથી તેણી નીચે બેસી ગયેલી. તેણી આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે તેણીના સ્તન ઉપર હાથ ફેરવેલા જેથી તેણીએ કહેલુ કે બાપુજી આ શુ કરો છો ?. ત્યારબાદ તેઓએ ધોતી ઢીલી કરેલી અને તેણીને કહેલુ કે તેઓના ગુપ્તાંગને ચુસીલે, તેણીએ ના પાડેલી. ત્યારે આશારામે તેણીના વાળ પકડી જબરદસ્તીથી તેણીનું મોઢુ તેમના ગુપ્તાંગને અડાવેલું તેણીએ કહેલુ કે બાપુ આ ગલત છે. આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહી કોઈ આવશે નહી હું કહો તેવુ કરો ત્યારબાદ આશારામ તેણીને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને તેણીને પલંગ પર ધકકો મારી પાડી દીધેલ ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી જેથી તેણીએ તેમના ગુપ્તાંગ ઉપર લાત મારેલી અને ત્યાથી તેણી ભાગી ગયેલી. તેણી ભાગતી હતી તે વખતે તેણીએ રસોઈયા લાલાભાઈ અને સીકયુરીટીવાળા દેવેન્દ્રભાઈને જોયેલા તેઓએ તેણીને જોયેલ કે નહી તેણી તેણીને માહીતી નથી. તેણી ભાગીને સીધી બહાર રોડ ઉપર આવી ગયેલી. ત્યાં એક ટ્રકવાળો ઉભેલો હતો અને બે સ્ત્રીઓ કે જેઓ મુંબઈની હતી તે ત્યા હાજર હતી. તેમની સાથે બેસીને તેણી તેઓ જયા રોકાયેલા તે હોલ ઉપર આવી ગયેલી. ત્યારબાદ આશારામે તેણીના વાળ પકડીને તેઓનું ગુપ્તાંગ જબરદસ્તીથી તેણીના મોઢામાં નાખેલ હોવાનું આ બનાવ વખતે તેણીની ઉંમર આશરે તેવીસ –ચોવીસ વર્ષની

હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સને–૨૦૦૫ માં અમૃતભાઈ ને આશ્રમમાંથી કાઢી મુકેલા ત્યારબાદ તેમના ઉપર અનેકવાર હુમલા કરેલા અને તેણીના પતિ અમૃતભાઈનું આશારામના માણસોએ ખુન કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષ સદર સાહેદની જુબાનીથી આરોપી નં.(૧) આશારામની તેઓ સાથેના વ્યવહારની તથા તેણીના પતિ અમૃતભાઈનું આશારામના માણસોએ ખુન કરી દીધેલ હોવાની હકીકત સફળતાપુર્વક રેકર્ડ ઉપર લાવી શકેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૨૬)** સ્પે. પી.પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૭) થી પી. એસ. આઈ. તોરલ મીતેશકુમાર પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોંગદ ઉપરની જુબાનીમાં તેઓ સને–૨૦૧૩ ની સાલમાં અમદાવાદ ચાંદખેડા પો.સ્ટે.માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હોવાનું અને તે દરમ્યાન તેઓના પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૨૧૮/૨૦૧૩ ની તપાસ પી.આઈ. શ્રી ડી.બી. રવિયાનાઓ સંભાળતા હતા તે દરમ્યાન એસ. આઈ. ટી. ની રચના કરવામાં આવેલ તેમાં તેઓની નિમણુક કરવામાં આવેલ અને તેઓએ તપાસના કામે તા.–૦૯/૧૧/૨૦૧૩ ના રોજ સરોજબેન પ્રજાપતિનું, તા.૩૦/૧૨/૨૦૧૩ ના રોજ શેખર ગીરધારીલાલનાઓનું તેમજ તા.૦૧/૦૧ /૨૦૧૪ ના રોજ ભોગ બનનારનાઓનું તેઓએ નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે.

**(૨૭)** વધુમાં વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નંબર (૪૮) તરીકે દેવેન્દ્રકુમાર ભવરસિહ પ્રજાપતિનાઓ ને તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૩) માં જણાવેલ છે કે, ત્યાર બાદ એકાદ વર્ષ પછી દિવાળીના સમયમાં કોઈ એક છોકરો આશ્રમમાં

ચોરી કરતા પકડાયેલ હતો અને તેને તેઓ આશારામજી બાપુ પાસે લઈ ગયેલ હતા અને તેઓએ તેને જણાવેલ કે, '' તુમ એક કાબીલ લડકે હો, તુમ દિલ્લી કે રહેને વાલે હો તુમ બંદુકકા લાયસન્સ બનવા લો ઔર હમારે સાથે સુરક્ષામાં રહેના. અંગરક્ષક બોડીગાર્ડ બનકે રહેના.'' ત્યારબાદ તેઓએ દિલ્લી જઈને સને ૧૯૯૮ ની સાલમાં બંદુક રાખવા અંગેનું લાયસન્સ મેળવેલું. ત્યાર બાદ તેઓએ રીવોલ્વરનું પણ લાયસન્સ મેળવેલું. આ રીવોલ્વરનું લાયસન્સ મેળવવા માટે રુપીયા એક લાખ આશ્રમમાંથી તેઓને વ્યાજે આપવામાં આવેલ છે અને તે તેઓને ચુકવવાના છે તેવુ લખાણ તેઓ પાસેથી લીધેલું. આ રીવોલ્વરના લાયસન્સ તરીકે રુપીયા પચાસ હજારનો ખર્ચ આશ્રમવાળાઓએ ભોગવેલો અને ત્યાર બાદ તેઓ આશારામજી બાપુની સાથે તેમની સુરક્ષામાં તેમની સાથે હતા. ત્યારબાદ, પેરા નં.(૪) માં જણાવેલ છે કે, આશારામજી બાપુ આશ્રમમાં શાંતિ વાટીકામાં રહેતા હતા. આ શાંતિ વાટીકામાં બાપુ પહેલા છોકરાઓને ત્યાર બાદ છોકરીઓને દર્શન માટે બોલાવતા હતા. જે છોકરીઓ દર્શન માટે આવતી હતી તેમાંથી આશારામજી બાપુને જે પસંદ આવે તેના તરફ ઈશારો કરતા અને તેને ફરીથી સાંજના સેવા માટે બોલાવતા. આશ્રમની સંચાલિકાઓ જેમાં ઢેલ, મીરા, નિર્મલા કે જે લોકોને કોડવર્ડના નામથી બોલાવવામાં આવતા હતા તે આ છોકરીઓને લઈને આવતા હતા. એકાંતવાસ, મહાપ્રસાદ એવા કોડવર્ડ વાપરવામાં આવતા હતા. અને તેઓ પાસે આવે તો તેઓ આ છોકરીઓને અંદર જવા દેતા ન હતા પરંતુ સંચાલીકા લઈને આવે તો જવા દેતા હતા. વચ્ચે વચ્ચે તેઓને નારાયણ સાઈને ત્યાં પણ ફરજ ઉપર મોકલવામાં આવતા હતા. કોઈ ઘટના બની હોય તેવુ તેઓને હાલમાં યાદ આવતું નથી.ત્યારબાદ પેરા નં.(૫) માં જણાવેલ છે કે, દિલ્લી નજબગઢ ખાતેની એક ઘટના તેઓને યાદ છે તેમાં જ ટીકરા ગામમાં આશારામજી બાપુની એક એકાંત કુટીયા આવેલ છે જેમાં

તેઓ તેમની સુરક્ષા માટે હાજર હતા તે વખતે એક છોકરીના માબાપ આવેલા અને દર્શન વખતે તેઓએ દિકરીને શું બનાવવી છે ત્યારે જણાવેલ કે ડોકટર એ આઈ.એ.એસ. બનાવવાની છે ત્યારે બાપુએ કહેલ કે આને મીરા બનાવવાની છે. અને છોકરીને અલગ મૌન મંદિરમાં અને તેના ભાઈને અલગ મૌન મંદિરમાં બેસાડવાની બાપુએ તેઓને સુચના આપેલી. અને તે લોકોને ત્યાં બેસાડીને પછી તેઓની ફરજ માટે ગેટ પર પરત આવી ગયેલા. બાપુ તે કુટીયામાં પ્રદક્ષિણા કરતા હોય છે અને કેમ રાઉન્ડ પુરો થયા પછી પાછા ન આવતા તેઓને શક ગયેલો કે તેઓ ગેટથી જતા રહેલ અને રસોઈયાને પુછતા જતા રહેલ હોવાનું જણાવેલ. ત્યાર બાદ થોડીવાર પછી મૌન મંદિરમાંથી બાપુ નિકળેલા અને તેઓને જોઈને એકદમ દંગ રહી ગયેલા. તેઓને એવું લાગ્યું કે બાપુ તેઓને વઢસે કારણ કે અહીંયા સુધી આવવા માટે મનાઈ હતી. પરંતુ બાપુ ત્યાં ખુરશી મંગાવીને બેસેલા અને મારી મનોસ્થિતિ જાણવા માટે પ્રયત્ન કરેલો. તે વખતે બાપુ પણ ભયભીત હતા કે જાણે ચોરી પકડાઈ ગયેલ હોય તેમ અને તેઓ પણ ભયભીત હતા. તેઓએ કાંઈ જોયેલ નહીં પરંતુ તેઓએ તેમનો ડર જાહેર કરેલ નહીં હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પેરા નં. (૬) માં જણાવેલ છે કે, તેઓ સને ૧૯૯૬ થી સને ૨૦૦૪ અથવા ૨૦૦૫ સુધી આશ્રમ સાથે સંકળાયેલા હતા. આમ ફરીયાદપક્ષ સદર સાહેદની જુબાનીથી તેઓ આશારામના બોડીગાર્ડ (સુરક્ષા ગાર્ડ) તરીકે ફરજ બજાવેલ હોવાનું તેમજ સને –૧૯૯૬ થી ૨૦૦૪ તથા ૨૦૦૫ સુધી આશ્રમ સાથે સંકડાયેલ હોવાનું તેમજ આરોપી નં.(૧) આશારામના સ્ત્રી/છોકરીઓ સાથેના વ્યવહારની હકીકત નામદાર કોર્ટને બતાવેલ હોવાનું જણાવેલ છે.

(૨૮) વિ.સ્પે.પી.પી. કોડેકરનાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૧) તરીકે વર્ષા અખીલ ગુપ્તાનાઓને તપાસવામાં આવેલ

છે. સદર સાહેદે તેઓની સોંગદ ઉપરની જુબાનીના પેરા નં.(૧) માં જણાવેલ છે કે તેણીના માતા પિતા આશારામના અનુયાયી હતા અને તેણી સને–૧૯૯૭ થી ૨૦૦૭ સુધી આશ્રમમાં રહેતી હતી. તેણીની મમ્મીની તબીયત ખરાબ રહેતી હતી તેમજ વાતોવાતોથી આશ્રમમાં આવી બધી ગતિવીધીઓ થાય છે તેવુ જાણેલુ તેમજ તેણીએ એવુ સાંભળેલ કે છોકરીઓ આશારામની પાસે જતી હતી આ ડરના કારણે તેણીએ આશ્રમ છોડી દીધેલો. ત્યારબાદ પેરા નં.(૨) માં જણાવેલ છે કે, તેણી મહીલા આશ્રમ સીવાય શાંતીવાટીકામાં રહેતી હતી. ત્યારબાદ, તેણી આશ્રમમાંથી નીકળ્યા પછી તેણીના મામાના ઘર રાયપુર ગયેલ હતી ત્યારે બે ત્રણ દિવસ પછી ધ્રુવબેનનો ફોન આવેલ હતો કે તમે પાછા આવી જાવ અને સત્સંગ કરો પરંતુ તેણીએ ના પાડેલ હતી અને તેણીએ હવે નહી આવુ તેમ જણાવેલ. ત્યારબાદ, રક્ષાબંધનની આજુબાજુમાં સુરેશાનંદજીનો ફોન આવેલો પરંતુ તેણીએ સત્સંગ માટે ના પાડેલ હતી. ત્યારબાદ તેણીને આશારામજી સાથે ફોન ઉપર વાત થયેલ હતી ત્યારે આશારામજીએ તેણીને જણાવેલુ કે તુ આશ્રમમાંથી ના જા. હું તને પચાસ લાખ રૂપિયા આપીશ અને આશ્રમ તારા નામે કરી દઈશ, પછી તેણીએ કહેલ કે, મને આ બધી વસ્તુ નથી જોઈતી. ત્યારબાદ, પેરા નં.(૩) માં તેણીએ જણાવેલ છે કે, સને–૨૦૧૩ માં ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે જે થયેલ તે ટીવીમાં જોતા જુબાની આપવા માટે તેણી ગયેલ તે વખતે તેણી એ.ટી.એસ ઓફીસ ખાતે તેણીના પતિ અને બંને બાળકો સાથે સાત દિવસ રોકાયેલ હોવાનું અને પોલીસે તેણીનુ નિવેદન પણ લીધેલ અને તે સમયે ૧૬૪ નું નિવેદન પણ લીધેલ હોવાનું અને તે જુબાની આપવાને કારણે તેના પતિની હત્યા થયેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, સદર સાહેદણે તેણીની જુબાનીના પેરા નં.(૮) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' ત્યારબાદ ટીવીનાં માઘ્યમથી આ ફરીયાદણ યાને ભોગ બનનારે

આશારામ વિરૂધ્ધમાં ફરીયાદ કરેલ જેમાં તેણીના પતિ અખીલનું નામ આરોપી તરીકે હોઈ તેણીને અખીલ સાથે વાતચીત થયેલ કે તે જયારે આશ્રમમાં બાપુના અંગત સેવક તરીકે હતો ત્યારે બપોરના સમયે ભારતી કે જેને બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા તે ભારતી આ ફરીયાદણ યાને ભોગ બનનાર અને બીજી ટીના બંને કુટીર ઉપર આવેલી અને થોડા સમય ટીના કુટીરમાં રહયા બાદ આ ફરીયાદણ યાને ભોગ બનનાર કુટીરમાં ગયેલ અને થોડા સમયબાદ ગભરાયેલી હાલતમાં તેણી બહાર આવેલી અને તેણીને ભારતી મહીલા આશ્રમ પરત લઈ ગયેલ તેણી આશારામના પત્ની લક્ષ્મી જેઓને આશ્રમમાં બધા લક્ષ્મીમૈયા નામથી બોલાવે છે. તેમને ઓળખું છું. આશારામ બાપુના કહયા મુજબ આ મૈયા કામ નહી કરતા બાપુ ખીજાતા અને તેઓના કારણે તુ પુજાય છે તેવુ જણાવતા હતા.'' ત્યારબાદ, પેરા નં.(૧૦) માં કબુલેલ  છે કે,  એ વાત ખરી છે કે તેણીએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' આશ્રમમાં નીતીનીયમો ખુબજ સ્ટ્રીક હતા. મોબાઈલ પણ રાખવાની મનાઈ હતી અને કયારેય કોઈ છોકરી ધ્રુવબહેન કે અન્ય કોઈ સંચાલકનું કીધુ માનતી નહી તેવોની શારીરીક તેમજ માનસીક ટોર્ચર કરવામાં આવતું હતુ તેઓની સાથે રહેતી  ક્રિષ્ણા નામની છોકરી એક વાર સંધ્યાના સમયે પોણા છ વાગ્યે તે બ્રશ કરતી હતી તે વખતે આશારામ બાપુ તેને જોઈ જતા આ ક્રિષ્ણા સંધ્યા પ્રાર્થના માં પહોંચેલ ન હોઈ તેણીને બાપુએ ગડદા પાટુનો ખુબજ મારમારેલ અને તે તારની ફ્રેન્સીગમાં પડી ગયેલ તે તેણીએ નજરે જોયેલ ''હોવાનું ત્યારબાદ પેરા નં.(૧૧) માં કબુલેલ છે કે એ વાત ખરી છે કે તેણીએ તેના પોલીસ રૂબરૂના નીવેનદમા એવુ લખાવેલ છે કે'' તથા ભાગ નામની છોકરીને પણ આશારામ બાપુએ એક દિવસ તેઓ મહીલા આશ્રમમાં લાઈનમાં દર્શન કરવા માટે ઉભા હતા તે વખતે ગાડી ભાગ નામની સેવીકા પાસે ઉભી રાખેલી અને બાપુએ ગાડીની બારીમાંથી હાથ કાઢી ભાગને ગરદનનાં ભાગેથી ખેચી ગાડીની અંદર લઈ લીધેલ અને

તેના માત્ર પગ બહાર દેખાતા હતા અને તેને બાપુ શાંતીવાટીકા લઈ ગયેલ. તે પણ તેણીએ નજરે જોયેલ હોવાનું ત્યારબાદ પેરા નં.(૧૨) માં કબુલેલ છે કે,એ વાત ખરી છે કે તેણીએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' બાપુ જયારે ચાલુ શીબીરમાં હોય કે સાંજના સમયે મહિલા આશ્રમમાં ચકર મારવા આવેલ હોય ત્યારે બાપુની સાથે ઢેલ અને બગલો સાથે રહેતા તેમની સામે અલગ અલગ ઈશારાઓથી અને આખોના ઈશારાથી તેમજ ટોર્ચના ઈશારાથી છોકરીની પસંદગી કરી બાપુ પોતાની પાસે મોકલવા જણાવતા અને જો ઢેલ અને બગલાની ગેરહાજરી માં જો બાપુને છોકરી પસંદ પડેલ હોય તો ટેલીફોન દવારા આ ઢેલ અને બગલો, ધ્રુવ કે ભારતી તથા નીતા વૈધને એ છોકરીને શાંતીવાટીકામાં પોતાની પાસે બોલાવતા તેમજ બાપુનો સ્વભાવ ગુસ્સાવાળો હોવાનું અને ભારતીબેન તથા લ ક્ષ્મીમૈયાને જાહેરમાં ગાળો બોલતા મારતા કોઈના થી માર ખવડાવતા અને હાથમાં હોય તે છુટુ મારતા હતા તેવો ગુસાવાળો સ્વભાવ હોવાનું અને આશ્રમમાં અપરણીત છોકરીઓ/સ્ત્રીઓ ને બાપુ મલંગ કહેતા અને આશ્રમમાં આવી ભા,હરી,સંગી, ઢેલ, બગલો જેવી અસંખ્ય મલંગ બહેનો રહેતી હોવાનું તેમજ આશ્રમમાં સિન્ધી સાધ્વીઓને વધુ મહત્વ આપવામાં આવતું હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૧૩)માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, તેણીએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, '' આસારામની પુત્રી ભારતી સને-૧૯૯૭ માં પંચેડ રતલામ એમ.પી.માં શીબીર કરવા ગયેલા ત્યાં આ ભારતી અને નારાયણ સાંઈના લગ્ન થયેલ પછી કોઈ કારણસર આ ભારતી તથા તેના પતિના લગ્ન જીવનનું ભંગાણ થયેલ અને જાનકી મૈયા કે જે નારાયણ સાંઈના પત્ની છે. તેમની સાથે મોટેરા આશ્રમમાં મૈયા સાથે રહેતી હતી. આ આશારામ બાપુની પુત્રી ભારતી કે જેને બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા હતા અને આશ્રમનાં સર્વે માણસો તેઓને નાના ભગવાન તરીકે બોલાવતા હતા અને નારાયણ સાંઈને મોટા ભગવાન

તરીકે ઓળખતા હતા. નારાયણ સાંઈને બાપુ મોણુખા નામથી બોલાવતા હતા અને તેઓએ પોતાના આશ્રમો ઉભા કરી સત્સંગ શીબીર કરતા હતા''ત્યારબાદ પેરા નં.(૧૪) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' આજથી સાતેક દીવસ પહેલા તેણીના પતિએ તેણીને જણાવેલ કે મુજફ્ફરનગર ખાતે આવેલ આશારામ આશ્રમમાં સંચાલક શ્રી લોકેશભાઈ તથા ટ્રસ્ટી વિનોદખેડા બંને જણા તેઓની ઓફીસે આવેલા અને તેઓએ હીન્દીમાં ટાઈપ કરેલ એક એફીડેવીટ તથા આશારામ વિરૂધ્ધમાં દાખલ થયેલ એફ.આઈ.આર.ની હીન્દી ભાષામાં ટાઈપ કરેલ નકલ બતાવી અને લોકેશભાઈએ જણાવેલ કે તેમાં આરોપી તરીકે આપનું નામ છે અને તમારે ચીંતા કરવાની જરૂર નથી અને આ કેસમાં તમારા આગોતરા જામીનની વ્યવસ્થા તથા વકીલની વ્યવસ્થા પણ કરેલ છે. તમો આશ્રમ આવી જજો અમો તેનો નીકાલ કરી દઈશુ જેથી તેઓએ તેઓને આ બાબતે તેઓના વકીલ સાથે ચર્ચા કરી પછીથી જણાવીશું તેવી હકીકત કહેલ અને બીજા દીવસે પણ લોકેશભાઈ તેણીના પતિની ઓફીસમાં ગયેલા અને એફીડેવીટ કરવા રૂપિયા દસ લાખ પહોંચાડી દઈશુ તેમ કહેલુ પંરતુ તેણીના પતિએ વકીલની સલાહ લઈને જણાવીશ તેવુ તેઓને જણાવેલ જેથી તેઓ જતા રહેલા આ વાત પણ તેણીના પતિએ તેણીને બીજા દીવસે કરેલી.'' ત્યારબાદ, પેરા નં.(૧૫) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' સને-૨૦૦૧માં શરૂઆતના મહીનામા ભુકંપ આવેલ તે અરસામાં આશ્રમમાંથી દસ છોકરીઓને વકતા બનાવવાનું નકકી થયેલ અને ઢેલ ઉર્ફે નિર્મલા, બગલો ઉર્ફે મીરા આ બંને મહીલા સાધકો તેઓ દસેય છોકરીઓને જેમાં તેણી તથા ફરીયાદણ યાને ભોગ બનનાર તથા સોનલ કે જે બારડોલીની હતી તથા ભાવીની પટેલ કે જે સુરતની હતી સીતા સીંધી તથા રેખા સીંધી જે બંને ઉલ્લાસનગરની હતી તથા કિન્નરી, કિષ્ના પંચેડ રતલામ,

એમ.પી.ની.હતી તથા તૃપ્તી વલસાડ બાજુની હતી, જેઓને મોટેરા આશ્રમથી થોડે દુર શાંતીવાટીકા લઈ ગયેલ અને આશારામ બાપુએ દશેય છોકરીઓને જોઈ અમો દશેયને રોડ ઉપર ઉભા રાખેલ અને બાપુએ રૂમની બારીમાંથી જોયેલ અને તેણી તથા ફરીયાદણ યાને ભોગ બનનાર નામની છોકરીને વકતા બનાવવા માટે પસંદ કરેલ ત્યારબાદ તે બંનેને આશારામે તેમની કુટીયામાં બોલાવી વાતચીત કરીને કહેલ કે, તમારા નસીબમાં હજુ સંસાર લખેલ છે. જે મારે પહેલા મીટાવવો પડશે અને તે માટેની વિધિ કરવી પડશે હું પછી એ માટે તમને બોલાવીશ અને પછી કહેલ કે સત્સંગ કરવાનું શીખવા માંડો અને તમે લોકો ઠકકરનગર – કુબેરનગર ખાતે આશ્રમની સાધીકાઓ સાથે જઈ સત્સંગ શીખવાનુ શરુ કરો ત્યારબાદ તેઓ પાછા મોટેરા મહીલા આશ્રમમાં પરત આવેલા.'' ત્યારબાદ પેરા નં.(૧૬) કબુલેલ છે કે, એ વાત ખરી છે કે, તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' ત્યારબાદ તેણીની માતાની તબીયત બગડતાં તેમજ આશ્રમમાં ચાલતી આ ગેરકાયદેસર પ્રવૃતિઓ છોકરીઓની શંકાસ્પદ પ્રવૃતિઓ તેમજ તેણીની નાની બેન પુજા જે તે વખતે ધોરણ–૧૨ માં ભણતી હતી તેમની ઉપર પણ આશારામ બાપુએ નજર બગાડેલ હોઈ, જેથી બાપુ વારંવાર તેણીને પુજાને વકતા બનાવવા દબાણ કરતા હતા જેથી પુજાને તેણીએ તેમની નજરમાં આવવા દીધેલ નહી અને તેણીને પોતાને સત્સંગમાંથી મન ઉઠી ગયેલ અને તેણીએ ઘર સંસાર વસાવવો હોય તેણી અને તેણીના મમ્મીએ આશ્રમમાંથી જવાનું નકકી કરી લીધેલ, જેથી કોઈને ખબર ન પડે તે રીતે તેણીએ તેમનું મહેગીબા નગરવાળું મકાન સને ૨૦૦૭માં આશ્રમના સંચાલકોને ખબર ન પડે તે રીતે વેચી દીધેલ.''ત્યારબાદ, પેરા નં.(૧૭) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે,તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' ત્યારબાદ આસારામ બાપુની દશ દીવસની રજા લીધેલ અને તેઓને જણાવેલ કે તેણીના પિતાજીની વીલાસપુરની જમીન વેચાવવા

બાબતેના કાગળોમાં સહીઓ કરવાની છે તેવું કહી તેણી તથા તેણીની નાની બહેન પુજા અને તેણીની મમ્મી જતા રહેલ. '' આમ સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ કેસને સંલગ્ન મહત્વની હકીકતો તેમજ આરોપી નં.(૧) આશારામ તથા અન્ય આરોપીઓની આ ગુનામાં સંડોવણીની હકીકત તેમજ છોકરીઓ/સ્ત્રીઓ પ્રત્યેના આરોપી નં.(૧) આશારામના અભિગમની હકીકત રેકર્ડ પર લાવી શકેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૨૯)** વધુમાં વિ.સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૨) તરીકે પી.આઈ. કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, તેઓ સને-૨૦૧૩ ના અરસામાં ચાંદખેડા પોલીસ સ્ટેશન સર્વેલન્સ પી.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા. તે સમયગાળામાં ફસ્ટ ગુના રજીસ્ટર નંબર-૨૧૮/૨૦૧૩ ના કામે સીટના સભ્ય તરીકે તેઓની નિમુણક થયેલ હતી. ત્યારબાદ, ઈન્વેસ્ટીગેશન ઓફીસરની સુચના મુજબ તેઓને સોંપવામાં આવેલ કામગીરી તેઓ કરતા હતા.જેમાં તેઓએ દેવેન્દ્રભાઈ ભવરલાલ પ્રજાપતિ, દિનેશભાઈ ભાગચંદ્ર,શિલ્પીબેન ઉર્ફે જાનકી,સતીષ વાધવાણી,પ્રેમજીભાઈ સાવલીયા નાઓના નિવેદનો તેમના લખ્યા મુજબ તેઓએ લખેલ હતા. તેમજ તા.૧૨/૧૧/૨૦૧૩ ના રોજ કલાક- ૨૨:૦૦ થી ૨૨:૩૦ દરમ્યાન બે પંચોની હાજરીમાં પંચનામુ કરી તુષાર મુન્નાભાઈ વૈશ્યનાઓની મેડીકલ તપાસણી કરવા સારું રીપોર્ટ આપેલ, જે અંગેના જરૂરી નમુના લઈ સર્ટીફીકેટ આપવા અંગેની યાદી હતી, તે હેડ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ કીશોરસિંહનાઓએ મેડીકલ તપાસણી ના નમુના સીલબંધ હાલતમાં તેઓ સક્ષમ રજુ કરતા,તે પંચનામાની વિગતે તપાસના કામે સામેલ રાખેલ.ત્યારબાદ,પેરા નં.(૨) માં જણાવેલ છે કે, તેઓએ સાહેદ દેવેન્દ્રકુમાર પ્રજાપતિનું નિવેદન તા.

૧૭/૧૧/૨૦૧૩ ના રોજ સુરત ખાતે લીધેલુ. આ સાહેદે તેઓ રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ કે '' તેઓએ અંદર જઈ નજર કરતા આશારામ તથા છોકરી બંન્ને અર્ધનગ્ન કઢંગી હાલતમાં હતા.'' ત્યારબાદ, પેરા નં.(૩) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે સાહેદે તેઓ રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' આશારામની દિકરી ભારતીબેન ને તેઓએ પોતે સેકસની વાતો કરતા સાંભળેલ છે જેમાં ભારતીબેનને એક દિનેશભાઈ સિન્ધી નામના માણસ સાથે સેકસ સંબંધ હતો. જે સંબંધની આશારામને જાણ થતા આ દિનેશની બહુ મારપીટ કરાવેલ હતી.'' ત્યારબાદ, પેરા નં.(૪) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે સાહેદે તેઓ રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,''આ ત્રણેયની સાથે આશારામે અનેકવાર સંભોગ કરેલ છે. '' ત્યારબાદ, પેરા નં.(૫)માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે સાહેદે તેઓ રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,'' કોઈ કોઈ વાર ભારતીબેન પણ તેમની ગાડીમાં છોકરીઓને લઈને આવતી.'' ત્યારબાદ, પેરા નં.(૬) માં કબુલેલ છે કે, એ વાત ખરી છે કે સાહેદે તેઓ રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,''આશારામની કુટીયામાં છોકરી આવતા તેની પાસે પ્રથમ મુખ મૈથુન કરાવતા અને તે પછી સેકસ કરતા હતા. એક વખત એવું બનેલુ કે એકાદશીનો દિવસ હતો અને સાંજનો સમય હતો. તે વખતે આશારામે એક છોકરીને બોલાવેલ. બાપુએ તેને કહેલ કે તુ કયાં હતી ચાલ કુટીયામાં જેથી છોકરીએ કહેલ કે હું પીરીયડમાં છું તેવું કહેતા આશારામે કહેલ કે હુ બ્રહ્મજ્ઞાની છુ મને કોઈ પાપ લાગતુ નથી. તેમ કહી છોકરીને તેમના રુમમાં લઈ ગયેલા અને સેકસ કરેલ. તે વખતે આશારમના કપડા લોહીવાળા થયેલા છોકરી બહાર આવી રડવા લાગેલ અને કહેલા લાગેલ કે બાપુએ મને એકાંતવાસનો લાભ આપ્યો પરંતુ મારા કારણે બાપુના કપડા લોહીવાળા થયા. જેથી અફસોસ થાય છે. આવી અંધશ્રધ્ધા સાધકો ધરાવે છે. છોકરીઓને આશારામ પાસે લાવવામાં આવે તે પહેલા સેકસ માટે ઉત્તેજના થાય

તેવી કોઈ દવા પીવડાવવામાં આવતી હતી. '' આમ સદર સાહેદે તેઓએ કરેલ તપાસ સંબંધી મહત્વનો પુરાવો આપેલ હોવાનું સ્પે.પી.પી.શ્રીએ જણાવેલ છે.

**(૩૦)** ત્યારબાદ, વિ. સ્પે. પી.પી.શ્રી કોડેકરનાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૩) તરીકે અશોકસિંહ ગલતુભા ગોહીલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીના પેરા નં. (૧) માં જણાવેલ છે કે, આ કેસમાં સીટની રચના થઈ ત્યારે તેઓ સીટના સભ્ય તરીકે હતા. તેઓ સને ૨૦૧૨ –૧૩ માં ચાંદખેડા પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. આ તપાસ દરમ્યાન તેઓને ઈન્વેસ્ટીગેશન ઓફીસર દવારા સાહેદોના નીવેદન લેવા માટે તેમજ આ કામના આરોપી આસારામની શરીરસ્થિતીનું પંચનામું કરવા માટેની કામગીરી તેઓને સોંપવામાં આવેલી. તારીખ –૨૨/૧૦/૨૦૧૩ ના રોજ બે પંચોની હાજરીમાં આશારામની શરીર સ્થિતીનું પંચનામુ કરેલ હતું. જે આંક–૧૪૮ વાળું પંચનામું તેઓને બતાવવામાં આવે તો તેઓએ તે ઓળખી બતાવેલ છે. જે આ જ પંચનામુ હોવાનું અને જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી અને બે પંચોની સહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૨) માં જણાવેલ છે કે,'' ત્યારબાદ તેઓએ સાહેદ ગોવિદદાન દાદુદાન ચારણનું, સાહેદ કૌશીક કેશવલાલ પટેલનું, સાહેદ ઈશ્વરભાઈ નારાયણભાઈ નાયકનું પણ નીવેદન તેઓએ નોંધેલ હોવાનું જણાવેલ છે. '' આમ સદર સાહેદે પણ તેઓએ કરેલ કામગીરી સંબંધે પુરાવો આપેલ છે.

**(૩૧)** ત્યારબાદ, વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ આ અદાલતનુ ધ્યાન ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૪) તરીકે તપાસવામાં આવેલ ડૉ કાનન મનુભાઈ દેસાઈનાઓની જુબાની તરફ દોરેલ છે. તેઓએ તેઓની જુબાનીના પેરા નં.(૧) માં

જણાવેલ છે કે, સને–૨૦૧૩ ના અરસામાં એસ.આઈ.ટી ની રચના થઈ તે વખતે તેઓની સભ્ય તરીકે નિમણુક થયેલ હતી. જે તે વખતે તેઓ એસીપી તરીકે મહીલા સેલમાં ફરજ બજાવતી હતા. તે સમય દરમ્યાન તેઓએ અમુક સાહેદોના નીવેદનો નોંધેલા અને બે પંચનામા પંચો રૂબરૂ કરેલા. તેઓએ એ સમયે દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૧૩ ના રોજ સાહેદ તૃપ્તીબેન વા/ઓ રાકેશભાઈનું નીવેદન નોંધેલુ અને સદર સ્ટેટમેન્ટ તા.૨૯/૧૦/૨૦૧૩ ના રોજ નોંધેલું. ત્યારબાદ તેઓએ સાહેદ તૃપ્તી બેનનાઓનું સી.આર.પી.સી કલમ– ૧૬૪ મુજબ નીવેદન મેજીસ્ટ્રેટ સમક્ષ આપવા માટે સમજ કરેલી અને તેઓએ નીવેદન આપવા સહમતી આપેલ હતી. ત્યારબાદ સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૨) થી પેરા નં.(૩૯) માં સાહેદણ તૃપ્તીબેને તેઓ રૂબરૂના નીવદેનમાં જણાવેલ હકીકતો સંબંધી, ત્યારબાદ પેરા નં.(૪૦) થી પેરા નં.(૪૬) માં સાહેદ રાકેશભાઈ જયંતીભાઈ પટેલનાઓએ તેઓ રૂબરૂ જણાવેલ હકીકતો સંબંધે, ત્યારબાદ પેરા નં.(૪૭) થી પેરા નં.(૬૩) માં સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ તેઓ રૂબરૂ જણાવેલ હકીકતો સંબંધે, ત્યારબાદ પેરા નં.(૬૮) થી પેરા નં.(૭૮) માં સાહેદણ ગોપીબેન અરવિંદભાઈ પટેલ નાઓએ તેઓ રૂબરૂ જણાવેલ હકીકતો સંબંધે, ત્યારબાદ પેરા નં. (૮૦) થી (૮૫) માં સાહેદ જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલ નાઓએ તેઓ રૂબરૂ જણાવેલ હકીકતો સંબંધે, ત્યારબાદ પેરા નં.(૮૬) થી પેરા નં.(૮૮) માં સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલ નાઓએ તેઓ રૂબરૂ જણાવેલ હકીકતો સંબંધે, ત્યારબાદ પેરા નં. (૯૦) માં આરોપી મિરાબેન ઉર્ફે બગલાનાઓના રહેણાકના મકાનમાંથી કબજે કરેલ પુસ્તકો તથા લીટીવાળી નોટબુક તથા ચોપડાના કાગળો કે જે સિંધી ભાષામાં લખાણ લખેલ હતા તે કબજે લીધાના પંચનામાની હકીકત સંબંધે મહત્વનો પુરાવો આપેલ છે.

**(૩૨)** વિ. સ્પે. પી. પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૫) તરીકે તપાસનીશ અધિકારી દિવ્યા રવિયા જાડેજાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની જુબાનીના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૧૩ ની સાલમાં પી.આઈ. તરીકે વિશેષ શાખા, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તારીખ–૦૭/૧૦/૨૦૧૩ ના રોજ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ નાઓના હુકમથી ચાંદખેડા પોલીસ સ્ટેશને દાખલ થયેલ ફસ્ટ ગુના રજીસ્ટર નં.– ૨૧૮/૨૦૧૩ ના ગુનાની તપાસ તેઓએ સંભાળેલી હતી. પ્રથમ આ ફરીયાદ સુરત જહાગીરપુરા પોલીસ સ્ટેશનમાં શુન્ય નંબર થી દાખલ થયેલી, જે ફરીયાદ સુરત શહેરનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન –૪, શોભા ભુતડા મેડમ રૂબરૂ લેવામાં આવેલી. જે ફરીયાદ આંક– ૨૭૯ થી રજુ થયેલ છે. તે ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે. તે ફરીયાદ તેઓને તપાસમાં મળેલી. તેમજ આંક–૩૬૬ થી સુરત ના પોલીસ કમિશ્નરશ્રીએ સદર ફરીયાદ તબદીલ થવા સારું પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ખાતે લખેલ પત્ર ઓળખી બતાવેલ છે. તેમજ સુરત શહેર જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીએ ફરીયાદ શુન્ય નંબરથી દાખલ કરી પોલીસ કમિશ્નરશ્રીને લખેલ પત્ર અને તેનું સુચિપત્ર તૈયાર કરેલું, જે આંક–૩૬૮ થી રજુ છે. જે ઓળખી બતાવેલ છે. તેમજ તા.૦૬/૧૦/૨૦૧૩ ના રોજના દિવસે સુરત શહેરની શુન્ય નંબરની ફરીયાદ દાખલ થઈને તબદીલ થયેલી, જે આંક– ૩૬૫ થી રજુ છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ, તેઓએ તેઓની જુબાનીના પેરા નં.(૨)માં જણાવેલ છે કે, તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર–૧ નાઓને સદર તપાસ અર્થે એસ.આઈ.ટી.ની રચના કરવા અંગે પોલીસ કમિશ્નર શ્રીએ લખેલ પત્ર છે. જે માર્ક– ૧૦૬/૬ થી રજુ છે. જે પત્ર તેઓએ ઓળખી બતાવેલ છે. સદર પત્રને આંક– ૫૭૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૩)માં જણાવેલ છે કે, પોલીસ

કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓએ આ ગુનાની તપાસ તેઓ તરફ મોકલી આપેલી અને તપાસ કરનાર અધિકારી તરીકે તેઓની નિમણુક કરેલ પત્ર જે માર્ક– ૧૦૬/૭ થી રજુ છે. જેમા પોલીસ કમિશ્નરશ્રીની સહી છે. જેમા તેમના નામનો હુકમ કરેલ છે. સદર પત્ર આંક– ૫૭૪ થી રજુ થયેલ હોવાનું તેઓએ જણાવેલ છે. ત્યારબાદ, સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૪) માં જણાવેલ છે કે, જહાગીરપુરા પોલીસ સ્ટેશન, સુરતથી શુન્ય નંબરથી ફરીયાદ દાખલ થઈ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા માટે આવેલ અને એફ.આઈ.આર. ચાંદખેડા પો.સ્ટે., ફ.ગુ.ર.નં. ૨૧૮/૧૩ થી ફરીયાદ દાખલ થયેલી. જે ફરીયાદ આંક– ૩૬૯ થી રજુ છે. આ તપાસ તેઓની તરફ આવતા તેઓએ પ્રથમ ફરીયાદ તથા મળેલ કાગળો વંચાણે લીધા અને આ કામે તેઓએ તપાસ શરૂ કરી હતી. આ કામે ભોગ બનનારનાઓ સુરત મુકામે રહેતા હોય તેમની પુછપરછ તથા નીવેદન સારું સુરત મુકામે જવા માટે ઉપરી અધિકારીશ્રીની મંજુરી મેળવી અમદાવાદ થી સુરત ખાતે તેઓ તથા અન્ય પી.આઈ.શ્રી ગોહીલ તથા સરકારી વિડીયોગ્રાફર સરકારી વાહનમાં બેસી સુરત ગયેલા અને ફરીયાદ દાખલ કરી અને તપાસ સંભાળી તે બદલ ઉપરી અધિકારીને રીપોર્ટ કરેલ હતો. ત્યારબાદ, પેરા નં.(૫) માં જણાવેલ છે કે, સુરત જઈ ફરીયાદણનો સંપર્ક કરી તેણીનું પ્રાથમીક નિવેદન મેળવી, બાદ તેઓનું જાદેનું નીવેદન મેળવેલું. જેની વિડીયો ગ્રાફી કરાવેલી. ફરીયાદણ પોતાની હકીકત મેજીસ્ટ્રેટશ્રી, સુરતનાઓ સમક્ષ જણાવવા માંગતા હોય, નામદાર સુરત કોર્ટને સીઆરપીસી કલમ– ૧૬૪ મુજબનું નીવેદન નોંધવા અંગે યાદી લખી, ભોગ બનનારને કોર્ટમાં હાજર રહેવા સમજ કરેલ. ત્યારબાદ, પેરા નં.(૬) માં જણાવેલ છે કે, સુરત કોર્ટમાં કલમ–૧૬૪ મુજબનું નીવેદન નામદાર કોર્ટ તરફથી લેવામાં આવેલું અને તેની કોપી નામદાર કોર્ટ સમક્ષ રાખવામાં આવેલી. જે નીવેદન આંક–૨૮૩ થી રજુ છે. ત્યારબાદ પેરા નં.(૭) માં જણાવેલ છે કે,

તેઓને આંક–૫૭૭/૧ નો સંયુકત પોલીસ કમિશનર શ્રીએ ગુનો રજીસ્ટર કરવા બાબતે લખેલો પત્ર તેઓને બતાવવામાં આવે છે. તે પત્ર તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે.જેમાં પી.આઈ.શ્રી એ.જી.ગોહીલ નાઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. જેને **આંક–૫૭૮** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૮) માં જણાવેલ છે કે, સદરહું ગુનાની તપાસ અર્થે તપાસમાં જવા મંજુરી ચાંદખેડા પો.સ્ટે દવારા નાયબ પોલીસ કમિશ્નરશ્રીને લખેલ પત્ર તા.૦૭/૧ ૦/૨૦૧૩ નો પત્ર છે. જેમાં પી.આઈ. શ્રી ચાંદખેડા નાઓની સહી છે. તેમજ તપાસમાં જવા માટેની મંજુરી તેઓના ઉપરી અધિકારીએ આપેલ છે. જે નીશાની–૫૭૭/૨ થી રજુ છે. જેને **આંક–૫૭૯** આપવામાં આવેલ છે. ત્યારબાદપેરા નં.(૯) માં જણાવેલ છેકે, તપાસના કામે ચીફ જયુડીશીયલ મેજીસ્**ટ્રેટ સાહેબ, સુરતને જે અગાઉ કલમ–૧૬૪ મુજબના નીવેદન લેવા માટેની યાદી કરેલી, જે યાદીની ફોટો કોપી છે. જેમાં તેઓની સહી છે. જે નીશાની–૫૭૭/૩ થી રજુ છે. જેને આંક–૫૮૦ આપ**વામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, તેમ જ સુરત ખાતે મહે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ને સદરહું ગુનાના કામે ફરીયાદણના બહેનનું સી.આર.પી.સી.કલમ– ૧૬૪ મુજબનું નીવેદન નોંધવા માટે યાદી કરેલી, જે યાદી તા.૦૮/૧૦/૨૦૧૩ ના દિવસે કરેલી જેમાં તેઓની સહી છે. જે નીશાની–૫૭૭/૪ થી રજુ છે. જેને દાખલ **આંક–૫૮૧** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે, સદરહું ગુનાના કામે જહાંગીરપુરા પો.સ્ટે., સુરતના પી. આઈ. શ્રીને ગુના બાબતે માહીતી માંગેલી તે યાદીમાં તેઓની સહી છે. જે ઓળખી બતાવેલ છે. જે નીશાની–૫૭૭/૫ થી રજુ છે. જેને **આંક–૫૮૨** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે, તેમજ તપાસના કામે જહાંગીરપુરા આશ્રમ સુરતમાં આરોપી તથા જરૂરી પુરાવા એકત્રીત કરવા સારું યાદી કરેલી

જે યાદીમાં તેઓની સહી છે. જે યાદી તેઓ ઓળખી બતાવેલ છે. જે નીશાની–૫૭૭/૬ થી રજુ છે. જેને **આંક–૫૮૩** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૩) માં જણાવેલ છે કે, તેમજ તપાસના કામે જે. કે. ભટ્ટ, અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર–૧ અમદાવાદ નાઓની સુચનાથી પોલીસ સબ ઈન્સ્પેકટર કે. બી. જાડેજા ને આશારામનું ટ્રાન્સફર વોરન્ટ મેળવવાની યાદી જે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ગાંધીનગરને આપેલી. જે નીશાની–૫૭૭/૭ થી રજુ છે જેને **આંક–૫૮૪** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૪) માં જણાવેલ છે કે, નામદાર કોર્ટ તરફથી ટ્રાન્સફર વોરન્ટ આપેલ જેની કોપી જે નીશાની–૫૭૭/૮ થી રજુ છે. જેને **આંક–૫૮૫** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૫) માં જણાવેલ છે કે, આ ટ્રાન્સફર વોરન્ટ લેવા માટે અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર –૧, અમદાવાદ શ્રી જે. કે. ભટ્ટનાઓએ કરેલ હુકમની યાદી, જે તારીખ– ૦૮/૧૦/૨૦૧૩ ના રોજની છે તેમાં શ્રી જે. કે. ભટ્ટ સાહેબશ્રીની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. જે નીશાની–૫૭૭/૯ થી રજુ છે. જેને **આંક–૫૮૬** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૬) માં જણાવેલ છે કે, ફરીયાદણનું સુરત મુકામે મેજીસ્ટ્રેટ સમક્ષ સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવેલું. ત્યારબાદ ફરીયાદણનું બનાવને લગત વિગતવારનું નીવેદન એન.જી.ઓ.શ્રી મહીલા ની હાજરીમાં તેઓએ લીધેલુ. બાદ ફરીયાદણની બહેનનું પણ તેઓએ નીવેદન લીધેલું તથા ફરીયાદણના બનેવી તથા ફરીયાદણના પતિનું પણ તપાસના કામે સુરત ખાતે નીવેદન લીધેલુ. ત્યારબાદ પેરા નં.(૧૭) માં જણાવેલ છે કે, બનાવની જગ્યાનું પંચનામું અમદાવાદ ખાતે કરવું જરૂરી જણાતા ફરીયાદણ ને લઈને અમદાવાદ ખાતે આવેલા અને બનાવની જગ્યાનું પંચનામું કરવા સારું સરકારી પંચોને બોલાવવા સેલ ટેક્ષ ઓફીસ, અમદાવાદ તથા કલેકટર કચેરી, સુભાષબ્રિજ અમદાવાદને પંચો ફાળવવા માટેની યાદી કરેલી. જેની સ્થળપ્રત

નીશાની–૫૭૭/૧૦ અને નીશાની–૫૭૭/૧૧ થી રજુ છે. જેને અનુક્રમે દાખલ **આંક–૫૮૭ અને આંક–૫૮૮** આપવામાં આવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૧૮) માં જણાવેલ છે કે, મામલતદારશ્રી, અમદાવાદને આશારામ આશ્રમનો લે–આઉટ નકશો બનાવવાની યાદી આપેલી, જે યાદીની સ્થળપ્રત નીશાની–૫૭૭/૧૨ થી રજુ છે. જેમાં તેઓની સહી છે. જેને **આંક–૫૮૯** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૯) માં જણાવેલ છે કે, પંચો ફાળવતા તેઓએ ગુનાવાળી જગ્યાએ બે પંચોને લઈ તેમજ આ કામે એફએસએલ અધિકારીને સ્થળ પર બોલાવી પરીક્ષણ કરવા માટેની યાદી કરેલી, જેના આધારે એફએસએલ અધિકારી ગુનાવાળી જગ્યાએ આવેલા અને પંચો અને એફએસએલ અધિકારીની રૂબરૂમાં ફરીયાદણએ બતાવેલ જગ્યાનું વિડીયોગ્રાફી સાથે પંચનામુ કરેલુ અને એફએસએલ અધિકારીની સુચનાથી ગુનાવાળી જગ્યાએથી કુલ–૩(ત્રણ) વસ્તુઓ કબજે કરવાની સુચના થતા, તે મુજબ તેઓએ નં.(૧)– પલંગ (શેટી), નં.(૨)– ધાબળો, નં. (૩) – ટીપોઈ ગુનાવાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલી. જે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૮૦ થી રજુ છે. જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. તેમજ આ કામે એફએસએલ અધિકારીએ સ્થળ પર સ્થળ પરીક્ષણનો રીપોર્ટ તૈયાર કરી આપેલો, જે સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૧૯૪ થી રજુ છે. જે અસલ રીપોર્ટ છે. તેમાં એફએસએલ અધિકારીશ્રી એ.પી.હીંગરાજીયા સાહેબની સહી છે. જે રીપોર્ટ કામમાં સામેલ રાખેલ છે. ત્યારબાદ, પેરા નં.(૨૦) માં જણાવેલ છે કે, તપાસના કામે તેઓએ ફરીયાદણનું શરીર સ્થિતીનું પંચનામું પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કરવામાં આવેલું. જે પંચનામુ આંક– ૧૩૬ થી રજુ છે. જેમાં બે પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે .જે તેઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૨૧) માં જણાવેલ છે કે, ભોગ બનનાર ફરીયાદણનું મેડીકલ તપાસણી કરાવવા માટે મેડીકલ

ઓફીસરશ્રી, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ને યાદી લખેલી. જેની સ્થળપ્રત નીશાની– ૫૭૭/૧૯ થી રજુ છે. જેમાં તેઓની સહી છે. તેમજ યાદી ઉપર મેડીકલ ઓફીસરશ્રીનો રીસીવ કર્યા અંગેની સહી અને સમય અને તારીખ લખેલ છે. જેને **આંક– ૫૯૦** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૨) માં જણાવેલ છે કે, ભોગ બનનાર ફરીયાદણની મેડીકલ તપાસ દરમ્યાન ડૉકટરશ્રી બાદલ ગાંધી નાઓએ ઈ.પી.આર.નં. ૩૫૮૬/૫/૧૩ થી તપાસ દરમ્યાન સીલ બંધ હાલતમાં લીધેલા નમુના અને તેનું ફોર્મ ડૉકટરશ્રીએ ભરીને મુદ્દામાલ એફએસએલ અર્થે મોકલવા સારું આપેલ અને સદર ફોર્મની નકલ પુરાવા લીસ્ટ નીશાની–૧૦૬/૧૩ થી રજુ છે. જે તેઓને બતાવવામાં આવેલ છે જેને **આંક– ૫૯૧** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૩) માં જણાવેલ છે કે, તપાસના કામે ફરીયાદણ ભોગ બનનારનું મેડીકલ થયા બાદ ડૉકટરશ્રીએ જે આર્ટીકલ મેળવેલા તે એફએસએલમાં મોકલતા અગાઉ તે મુદ્દામાલ જે હતો તે એફએસએલમાં પૃથ્થકરણ માટે મોકલવા સારૂં શું મુદ્દામાલ હતો તેનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલું. તેમાં બે પંચો અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ હતી. જે પંચનામું આંક–૧૪૪ થી રજુ છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. આ મુદ્દામાલ હતો તે પી.એસ.ઓ. ને રીકવર કરી મુદ્દામાલ પાવતી ફાડી, મુદ્દામાલ સીલ બંધ હાલતમાં રાખવા ક્રાઈમ રાઈટરશ્રીને સુપ્રત કરેલો. તેમજ પેરા નં.(૨૪)માં જણાવેલ છે કે, તપાસના કામે જે મુદ્દામાલ સીવીલ હોસ્પીટલમાંથી લાવવામાં આવેલો તે પી. એસ. આઈ. શ્રી પટેલનું નીવેદન મેળવેલુ તેમજ આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરતી વખતે જે વીડીયોગ્રાફી કરવા આવનાર વ્યકિત હતા તેમનું તપાસના કામે નીવેદન પણ મેળવેલું. ત્યારબાદ પેરા નં.(૨૫) માં જણાવેલ છે કે, તપાસ ના કામે પી.એસ.આઈ. પટેલ સીટના સભ્ય શ્રીને યાદી તૈયાર કરી તેઓને આશારામ આશ્રમ ખાતે સાહેદોના નીવેદનો લેવા માટે હાજર રહેવા તથા આરોપીઓને તપાસના

કામે હાજર રહેવા અંગેની ચાદી આપેલી. જે ચાદી નીશાની–૫૭૭/૨૧ થી રજુ છે. જેમાં તેઓનીસહી છે. તેમજ રીસીવ કરનાર તરીકે પી.એસ.આઈ. પટેલની સહી છે. જેની સ્થળપ્રત છે. જે તેઓ ઓળખી બતાવેલ છે. જેને **આંક– ૫૯૨** આપવામાં આવેલ છે. તેમજ મુદ્દામાલ પાવતી ફાડવા માટે તેઓએ જે ચાદી કરેલી, જેની સ્થળપ્રત નીશાની–૫૭૭/૨૦ થી રજુ છે. જેને **આંક –૫૯૩** આપવામાં આવેલ છે તેમજ પેરા નં.(૨૬) માં જણાવેલ છે કે, મહીલા આશ્રમ અને આશારામ આશ્રમ બંને જગ્યાએ ગુનાની માહીતી મેળવવા માટે જરૂરી ચાદી કરેલી. સદર જરૂરી ચાદીઓ જે તે તપાસ કરનાર અમલદારોને આપવામાં આવેલી તથા આરોપી ભારતીબેન, લ ક્ષ્મીબેન તથા ધ્રુવબેનને તપાસના કામે હાજર રહેવા કલમ– ૧૬૦ ની નોટીસો તૈયાર કરી મહીલા આશ્રમના સંચાલકને આપવામાં આવેલી. જે ચાદીઓ નીશાની–૫૭૭/૨૩, નીશાની–૫૭૭/૨૪ અને નીશાની–૫૭૭/૨૭ થી રજુ છે. જે નોટીસમાં તેઓની સહી છે. જેની સ્થળપ્રત છે. જેને અનુક્રમે **આંક–૫૯૪, આંક–૫૯૫ અને આંક–૫૯૬** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૭) માં જણાવેલ છે કે, સીટના અધિકારી શ્રી ર્ડા કાનન દેસાઈને તપાસના કામે જીલ્લા ટ્રાન્સફરની જરૂરીયાત હોવાથી સુરત તપાસના કામે જવા માટેની ચાદી આપેલી. જે ચાદીના આધારે શ્રી મદદનીશ પોલીસ કમિશ્નર, ર્ડા કાનન દેસાઈ નાઓએ તપાસનો અહેવાલ પાઠવવા તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજનો અહેવાલ પાઠવેલ. જે નીશાની–૫૭૭/૨૨ થી રજુ છે. જેમાં શ્રી કાનન દેસાઈની સહી છે. જે તેઓએ ઓખળી બતાવેલ જેની સ્થળપ્રત રજુ છે. જે ને **આંક–૫૯૭** આપવામાં આવેલ છે તેમજ પેરા નં.(૨૮) માં જણાવેલ છે કે, આ અંગે સુરત જઈ તપાસ કરેલ અને માહીતી આપેલ હતી. તપાસના કામે આરોપી શ્રી આશારામ વિરૂધ્ધ ફરીચાદ શંકરપુરા મહીલા પો.સ્ટે, જોધપુર, રાજસ્થાન ખાતે ગુનો નોંધાચેલ હોઈ, તે ગુનાની એફ.આઈ.આર. મેળવવા સારું ચાદી કરેલી અને જે આધારે સદર ગુનાની

એફઆઈઆર મળતા કામમાં સામેલ રાખેલ. જે નીશાની–૫૭૭/૨૫ અને નીશાની–૫૭૭/૨૬ થી રજુ છે. જેને અનુક્રમને **આંક– ૫૯૮ અને આંક–૫૯૯** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૨૯) માં જણાવેલ છે કે, તપાસના કામે તેઓએ એફઆઈઆરમાં આઈ.પી.સી.ની કમલ–૩૨૩ નો ઉમેરો કરવા ગાંધીનગરની હકુમત ધરાવતી કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ આપેલો જે નીશાની–૫૭૭/૨૮ થી રજુ છે જેમાં તેઓની સહી છે જેને **આંક–૬૦૦** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૩૦) માં જણાવેલ છે કે, તપાસના કામે આરોપી આશારામ વિરૂધ્ધમાં સાબરમતી અને અડાલજ ખાતે આ અગાઉ કેટલા ગુના નોંધાયેલા તેની માહીતી મેળવવા સારુ યાદીઓ તૈયાર કરેલી જે યાદીઓમાં તેઓની સહી છે. જે નીશાની– ૫૭૭/૨૯ અને નીશાની–૫૭૭/ ૩૦ થી રજુ છે. જેને **આંક–૬૦૧ અને આંક–૬૦૨** આપવામાં આવેલ છે. સદર બાબતની માહીતી જે તે પોલીસ સ્ટેશનમાં માંગેલી માહીતી પો.સ્ટે.થી આપવામાં આવેલી. જે એફઆઈઆર નીશાની–૫૭૭/૩૧ થી રજુ છે જેને **આંક– ૬૦૩** આપવામાં આવેલ છે. સદર કામે મળેલી માહીતી તપાસના કામે સામેલ રાખેલ હતી ત્યારબાદ પેરા નં.(૩૧) માં સદર ગુનાના કામે તેઓને મળેલા પુરાવાને આધારે સદર એફઆઈઆર માં આઈ.પી.સી કલમ– ૩૭૬ (કે)(એફ) હતી તે રદ કરવા માટેની યાદી તેમજ સદર કલમ રદ કરી ગુનાના કામે આઈ.પી.સી ની કમલ–૩૭૬(૨)(ગ) દાખલ કરવા નામદાર કોર્ટ, ગાંધીનગર ખાતે યાદી કરેલી જે યાદી નીશાની–૫૭૭/૩૬ થી રજુ છે જેને **આંક– ૬૦૪** આપવામાં આવેલ છે તેમજ પેરા નં.(૩૨) માં જણાવેલ છે કે, આરોપી આશારામ જોધપુર ખાતે અન્ય ગુનામાં હોઈ તેઓને આ ગુનાના કામે લાવવાની જરૂરીયાત હોઈ, પી.એસ.આઈ . જાડેજાએ જોધપુર જેલમાંથી લાવી તેઓને તપાસના કામે સોંપતા, તે અંગેનો રીપોર્ટ અને આરોપી તેઓને સુપ્રત કરેલ. જે રીપોર્ટ નીશાની–૫૭૭/૩૨ થી રજુ છે. જેને **આંક–૬૦૫** આપવામાં

આવેલ છે. આ અંગે આરોપીને સોંપતા તેની સાથે જોધપુર કોર્ટ તરફથી આવેલ રીપોર્ટ, તેમજ જોધપુર જેલના સુપ્રિટેન્ટેન્ડ (અધ્યક્ષ) શ્રીનાઓએ પણ એક રીપોર્ટ આપેલો હતો, તેમજ પી.એસ.આઈ શ્રી જાડેજાનાઓએ જોધપુર જેલને લખેલી યાદીની સ્થળપ્રત તપાસના કામમાં સામેલ રાખેલ. જે અનુક્રમે **આંક– ૬૦૬, આંક– ૬૦૭ અને આંક– ૬૦૮** આપવામાં આવેલ છે. જે યાદીઓ તેઓએ સદર કામમાં સામેલ રાખેલ હતી. ત્યારબાદ પેરા નં.(૩૩) જણાવેલ છે કે, સદર કેસમાં તપાસના કામે પડેલા પુરાવાઓથી આરોપીને અટક કરવા જેટલો પુરાવો મળી આવતા આ ગુનાના કામે આશારામને અટક કરેલ અને તેની અટકની જાણ તેમના આશારામના સક્ષમ વ્યકિતને કરેલ. તેમજ ચાંદખેડા પો.સ્ટે. સ્ટેશન ડાયરીમાં નોંધ અટક કરવા માટેની યાદી પી.એસ.ઓ.ને આપેલી, જેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. જે યાદીને **આંક– ૬૦૯** આપવામાં આવેલ છે. સ્ટેશન ડાયરીમાં નોંધ કરી બે પંચો રૂબરૂ તપાસના કામે આરોપીનું શરીરસ્થિતીનું પંચનામું કરવાનું જરૂરી હોઈ, બે પંચોને બોલાવી, પંચોની હાજરીમાં આશારામની શરીરસ્થિતીનું પંચનામું કરવામાં આવેલું. જે પંચનામું આંક–૧૩૮ થી રજુ છે. જેમાં બે પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. સદર ગુનાના કામે આરોપીનું નીવેદન મેળવેલું તેમજ આરોપીની મેડીકલ તપાસ કરવા માટેની યાદી તૈયાર કરેલી. જે યાદી આ કામે આંક–૧૯૮ થી રજુ છે. જેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. મેડીકલ ઓફીસરશ્રીનાઓએ મેડીકલ તપાસણી કર્યા બાદ ડૉ.શ્રી સી.વી.ચોબ્બેએ લીધેલ મુદ્દામાલ એફએસએલ તપાસ અર્થે ફોર્મ ભરી આપેલ જે ફોર્મ આંક–૧૯૯ થી રજુ છે. ત્યાર બાદ પેરા નં.(૩૪) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસના કામે સોલા સીવીલથી વધુ મેડીકલ તપાસ અર્થે અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે આશારામને લઈ જઈ તપાસ કરાવવા રીપોર્ટ આપેલ. જે આંક–૨૧૮ થી રજુ છે.

જેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે તેમજ પેરા નં. (૩૫) માં જણાવેલ છે કે, સીવીલ હોસ્પીટલ, અમદાવાદમાં શ્રી આશારામને યુરોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટ, તથા ડાૅ. હેતલ પટેલ , ડાૅ કલ્પેશ કાપડીયા તથા ડાૅ એમ. એન. બેન્કર નાઓએ મેડીકલ તપાસણી કરી સારવાર સર્ટીફીકેટ આપેલું. જે સર્ટીફીકેટ તપાસના કામમાં સામેલ રાખેલ, જે આંક–૨૨૨ થી રજુ છે. તેમજ પેરા નં.(૩૬) માં જણાવેલ છે કે, તેમજ ડાૅકટરશ્રીએ આરોપી આશારામના લીધેલા મેડીકલ નમુના કબજે લઈ બે પંચોની હાજરીમાં પંચનામું કરેલ. જે પંચનામું આંક–૧૪૪ થી રજુ છે. તેમજ તેઓએ તપાસના કામે આરોપી આશારામની શરીરસ્થિતીનું પંચનામું કરેલુ તે પંચનામું આંક–૧૪૭ થી રજુ છે. જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. આ પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલું ત્યારબાદ પેરા નં.(૩૭) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસના કામે આરોપી આશારામને ૨૪ કલાકની તપાસ પુર્ણ થતા તેઓ તપાસણી અધિકારીએ આરોપી આશારામને હકુમત વાળી કોર્ટમાં જ્યુડીશીયલ કસ્ટડી માં લેવા યાદી કરેલી. જે યાદીમાં તેઓની સહી છે. જેને **આંક– ૬૧૦** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૩૮) માં જણાવેલ છે કે, આરોપી આશારામને જોધપુર જેલમાંથી લાવેલ હોય, જેલરશ્રી જોધપુરનાઓએ તેઓ તપાસણી અધિકારીને એક યાદી આપવામાં આવેલી. જે યાદી તપાસના કામે સામેલ રાખવામાં આવેલ. જેને **આંક–૬૧૧** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૩૯)માં જણાવેલ છે કે, સદર કેસમાં સરકારી પંચોની તપાસના કામે રજુઆત હોઈ, અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે બે પંચોને મેળવવા સારુ તેઓએ યાદી કરેલી જેમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે. જેને **આંક–૬૧૨ આ**પવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૪૦) માં જણાવેલ છે કે, સદર કેસમાં તપાસના કામે ફરીયાદણ યાને ભોગ બનનાર અને આરોપી આશારામને તપાસના કામે ક્રોસ ઈન્ટ્રોગેશન

કરાવવા માટે ફરીયાદણ યાને ભોગ બનનારને સુરતથી લાવવા સારું પી.એસ.આઈ. પટેલને યાદી આપવામાં આવેલી જે યાદીમાં તેઓની સહી છે જેની સ્થળપ્રત છે જેને **આંક–૬૧૩** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૭૧) માં જણાવેલ છે કે, સદરહું ગુનામાં તપાસના કામે આરોપી આશારામને સીવીલ હોસ્પીટલમાં જે ડૉકટરશ્રીને લખેલી અમદાવાદ સીવીલમાં લખેલી યાદી છે. જેમાં તેઓની સહી છે. જેને તેઓ ઓળખી બતાવેલ છે. જેને **આંક–૬૧૪** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૭૨) માં જણાવેલ છે કે, સદરહું ગુનામાં તપાસના કામે તેઓએ તા.૨૨/૧ ૦/૨૦૧૩ ના રોજ આરોપી આશારામની મેડીકલ તપાસણી કરાવેલી તે મેડીકલ કેસ પેપર્સ મેળવેલા. જે અસલ કુલ– ૪ પાનામાં છે. જેને **આંક– ૬૧૫** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૭૩) માં જણાવેલ છે કે, તપાસના કામે આરોપી આશારામનું રીઝીસ્કેન ટેસ્ટ કરાવવા યાદી કરેલી. જે આંક–૨૧૨ થી રજુ છે. ત્યારબાદ પેરા નં.(૭૪) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસ કામે આરોપી આશારામનું શરીરસ્થિતીનું પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. જે આંક–૧૪૮ રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. આરોપી આશારામને રીમાન્ડ પુરા થતા સમયની અંદર ગાંધીનગર કોર્ટમાં રજુ કરી, કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ અને તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ થયા બાદ આરોપીને જોધપુર જેલમાં મોકલી આપેલ. તેમજ પેરા નં.(૭૫) માં જણાવેલ છે કે, ફરીયાદણ/ભોગ બનનારની ફરીયાદ અને નીવેદન ના આધારે આરોપી ભારતીબેન, લક્ષ્મી બેન, ધ્રુવબેન, જશીબેન, નિર્મલાબેન, મીરાબેન આ આરોપીઓએ ગુનામાં મદદગારી કરેલ હોઈ અને તેઓને આ કામે જરૂરીયાત હોઈ, સદર આરોપીઓને નોટીસો પાઠવેલી. જેના આધારે ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાંથી તેઓએ આગોતરા જામીન મેળવેલા અને પોલીસ સ્ટેશને જામીન રજુ કરવા આવતા તપાસના કામે તેઓના રીમાન્ડ મેળવવા કોર્ટમાં કાર્યવાહી કરેલી પરંતુ નામદાર કોર્ટે

રીમાન્ડ આપેલા નહી. જેથી તેઓ તપાસણી અધિકારીએ ગુનાના કામે મોટેરા ગામની અંદર આશારામ આશ્રમ આવેલ હોય અને જમીન ત્યાં આવેલી હોય, સદર આશ્રમની માહીતી મેળવવા સારૂં યાદી પાઠવેલી, જે યાદીમાં તેઓની સહી છે. જેને **આંક– ૬૧૬** આપવામાં આવેલ છે. માંગવામાં આવેલી માહીતી તલાટી શ્રીનાઓએ આપેલ, જે કુલ–૧૮ પાનામાં રજુ છે. જે સરકારી રેકર્ડ છે, જેને **આંક– ૬૧૭** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૪૬) માં જણાવેલ છે કે, આરોપી નિર્મલાબેન ના મકાનનું પંચનામું કરવાનું હોઈ તેમને કલમ–૧૬૬ નો ઠરાવ કરેલો, જેમાં તેઓની સહી છે તે તેઓએ ઓળખી બતાવેલ છે. જેને **આંક–૬૧૮** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૪૭) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસના કામે આરોપી નિર્મલાબેન ઉર્ફે ઢેલ ના મકાનનું જડતી અંગેનું પંચનામુ તા. ૨૮/૧૧/૧૩ ના રોજ કલાક–૧૭ : ૦૦ થી ૧૮ : ૩૦ સુધી પંચો રૂબરૂ પંચનામું કરેલુ. જેમાં પંચ નં.૧ તરીકે અનુપભાઈ નવીનચંદ્ર નાણાવટીની સહી છે. અને પંચ નં.૨ તરીકે નરેશ ચમનભાઈ ઠાકોરની સહી છે. અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. જેને **આંક– ૬૧૯** આપવામાં આવેલ છે. અને આ પંચનામું વિડીયોગ્રાફી દવારા કરવામાં આવેલુ હતું. ત્યારબાદ પેરા નં.(૪૮) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસના કામે આરોપી મિરાબેન ઉર્ફે બગલો નાઓના મકાનનું પંચનામું કરવાનું હોઈ, કલમ– ૧૬૬ મુજબનો ઠરાવ એ.સી.પી, ર્ડા. કાનન દેસાઈનાઓએ કરેલો. જેઓ તેઓના ઉપરી અધિકારી હોઈ, તેઓની સહી ઓળખી બતાવેલ છે. જેને **આંક– ૬૨૦** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૪૯) માં જણાવેલ છે કે, સદર ગુનાના આરોપીઓ પૈકી આરોપી મીરાબેન ઉર્ફે બગલાની મકાનની ઝડતી અંગેનું પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. જે પંચનામુ આંક–૧૭૨ થી રજુ છે. જેમા પંચો અને રૂબરૂ તરીકે ર્ડા કાનન મેડમની સહી છે. જે તેઓના ઉપરી અધિકારી હોઈ તેઓની સહીથી તેઓ પરીચીત છે. જે પંચનામું

તપાસના કામે તેઓએ સામેલ રાખેલ છે. ત્યારબાદ પેરા નં.(૫૦) માં જણાવેલ છે કે, આશારામ આશ્રમ ના સંચાલક ઉદય સંગાણીને સીઆરપીસી કલમ– ૯૧ મુજબ માંગેલ માહીતી આપવા નોટીસ આપેલી. જેની સ્થળપ્રતમાં તેઓની સહી છે જેને **આંક– ૬૨૧** આપવામાં આવેલ છે તેમજ પેરા નં.(૫૧) માં જણાવેલ છે કે, તપાસના કામે તેઓએ આશારામ આશ્રમના ટ્રસ્ટનો દાખલો જે તે કચેરીમાંથી મેળવેલો જેમાં આશારામ આશ્રમના ટ્રસ્ટીશ્રીની સહી છે જેને **આંક–૬૨૨** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૫૨) માં જણાવેલ છે કે, સદર ગુનામાં તપાસના કામે તેઓએ આશારામ મહીલા આશ્રમ ખાતે રહેતા આરોપી લક્ષ્મીબેનની કુટીર તથા મહીલા આશ્રમના કાર્યલાયમાં ઝડતી તપાસ કરવા કલમ– ૧૬૫ નો ઠરાવ કરેલ જે ઠરાવમાં તેઓની તથા બે પંચોની સહી છે જેને **આંક–૬૨૩** આપવામાં આવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૫૩) માં જણાવેલ છે કે, તપાસના કામે આરોપી લક્ષ્મીબેનના નારાયણ વાટીકામાં આવેલ મકાન તથા ભાનુદેવી મોહનદાસ દાલવાણી બિલ્ડીંગમાં ઝડતી તપાસ કરવા કલમ–૧૬૫ નો ઠરાવ કરેલો જેની સ્થળપ્રત છે જેમાં તેઓની અને બે પંચોની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે જેને **આંક– ૬૨૪** આપવામાં આવેલ છે . ત્યારબાદ પેરા નં.(૫૪) માં જણાવેલ છે કે, તપાસના કામે તા.૮/૧૨/૨૦૧૩ ના રોજ બે પંચો સાથે આરોપી લક્ષ્મીબેનના નારાયણવાટીકામાં આવેલ મકાન તથા ભાનુદેવી મોહનદાસ દાલવાણી બિલ્ડીંગમાં ઝડતી અંગેનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલુ જેમાં બે પંચો અને તેઓની રૂબરૂ તરીકે સહી છે. પંચનામું વીડીયોગ્રાફી દવારા કરવામાં આવેલુ. જે આંક–૧ ૫૮ થી રજુ છે. તેમજ પેરા નં.(૫૫) માં જણાવેલ છે કે, તપાસના કામે આરોપી મીરાબેન ના ઘરેથી પંચનામા દરમ્યાન મળી આવેલ પત્રો, જે પત્રો સિંધી ભાષામાં લખાવેલ હોય તેનું અનુવાદ કરવા માટે બી.એમ. કેસવાણીને લખેલ પત્રની સ્થળપ્રત રજુ થયેલ છે જેને **આંક– ૬૨૫** આપવામાં આવેલ છે. ત્યારબાદ

પેરા નં.(૫૬) માં જણાવેલ છે કે તેઓએ એસ્ટેટ ઓફીસરશ્રી એસ્ટેટ વિભાગ, એ. એમ. સી. ને ઉદેશીને પત્ર લખેલ,જે પત્રને **આંક– ૬૨૬** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૫૭) માં જણાવેલ છે કે, માંગેલી માહીતી પ્રમાણે ડેપ્યુટી એસ્ટેટ પશ્ચિમ ઝોન નાઓએ શાંતી વાટીકા કુટીરના બાંધકામની માહીતી અંગે મોકલેલ પત્ર તેઓને મળેલ જે પત્રને **આંક– ૬૨૭** આપવામાં આવેલ છે ત્યારબાદ પેરા નં.(૫૮) માં જણાવેલ છે કે, આરોપી મિરાબેન ઉર્ફે બગલા નાઓના લીધેલ કુદરતી નમુના તથા દસ્તાવેજોનું પંચનામું કરેલ, જે પંચોની અને તેઓની હાજરી માં કરેલ જેમાં પંચો અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે પંચનામું આ કામે આંક–૧૬૩ થી રજુ છે ત્યારબાદ, પેરા નં.(૫૯) માં જણાવેલ છે કે, સદર ગુનાના તપાસના કામે હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીનો અભિપ્રાય મેળવવા સારું બનાવેલ રવાનગી ફોર્મ તૈયાર કરી મોકલી આપેલ જેમાં તેઓની સહી છે જે રવાનગી ફોર્મને **આંક– ૬૨૮** આપવામાં આવેલ છે તેમજ પેરા નં. (૬૦) માં જણાવેલ છે કે, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–૨, અમદાવાદ નાઓને તેઓએ મોકલેલ રવાનગી ફોર્મ તથા તકરારી દસ્તાવેજોની તપાસણી કરી અભિપ્રાય મોકલવા સારૂ એફ. એસ. એલ. માં લખેલ રીપોર્ટની નકલ તથા ચેક લીસ્ટની નકલમાં તેઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે જેની સ્થળપ્રત બે પેજ માં છે જેને **આંક– ૬૨૯** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં. (૬૧) માં જણાવેલ છે કે, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન – ૨, અમદાવાદ નાઓએ હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી, એફ. એસ. એલ. ગાંધીનગર ખાતે ફોરવર્ડીંગ લેટર સાથે મોકલી આપેલ જેમાં તેઓના નાયબ પોલીસ કમિશ્નર, ઝોન – ૨, અમદાવાદ નાઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે જેને **આંક– ૬૩૦** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં. (૬૨)માં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસના કામે જે મુદ્દામાલ તેઓએ સીલબંધ હાલતમાં મેળવેલો તે તેઓએ એફ.એસ.એલ. ખાતે મોકલવા સારું રવાનગી નોંધ તૈયાર કરેલી જેમાં

એફ.એસ.એલ ખાતે કુલ આર્ટીકલ –૧૫ મુદ્દામાલ મોકલી આપેલ જે રવાનગી નોંધ માં તેઓની તથા ઉપલા અધિકારીની સહીવાળું સત્તા અંગેનું પ્રમાણપત્ર છે. જેને **આંક–૬૩૧** આપવામાં આવેલ છે. તેમજ પેરા નં.(૬૩) માં જણાવેલ છે કે, સદર મુદ્દામાલ એફ. એસ. એલ. ને મળ્યા અંગેની પહોંચ એફ. એસ. એલ. તરફથી આપવામાં આવેલી જે એફ. એસ. એલ. ને મુદ્દામાલ મળ્યા બદલ પાઠવેલ પહોંચ છે. જે પહોંચને **આંક–૬૩૨** આપવામાં આવેલ છે ત્યારબાદ પેરા નં. (૬૪) માં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસના કામે સાયન્ટીફીક ઓફીસર, એસ.એન.બ્ર હ્ભટ્ટ નાઓએ સદર પૃથ્થકરણ તૈયાર કરી રીર્પોટ આપેલો જે રીપોર્ટ આંક–૪૧૪ થી રજુ છે. તેમજ સદર ગુનાને લગત બાયોલોજી વિભાગનો રીપોર્ટ આંક–૪૧૩ થી રજુ થયેલ છે. તેમજ સદર ગુનાને લગત સીરોલોજી વિભાગનો રીપોર્ટ આવેલો, જે તપાસના કામમાં સામેલ રાખેલ. જે આંક–૪૦૯ થી રજુ છે જે ઓળખી બતાવેલ છે. ત્યારબાદ પેરા નં.(૬૫ ) માં જણાવેલ છે કે, તેઓએ તપાસના કામે આરોપી લ ક્ષ્મીબેન ના રહેણાક તથા ઝડતી તપાસ દરમ્યાન કબજે લીધેલ મોબાઈલ ફોન જેની તપાસણી માટે તેઓએ રવાનગી નોંધનું ફોર્મ તૈયાર કરેલું. જેમાં તેઓની સહી છે. જે આંક–૪૦૫ થી રજુ છે ત્યારબાદ પેરા નં.(૬૬) મા જણાવેલ છે કે, સદર ગુનાની તપાસના કામે ડેપ્યુટી ડાયરેકટરશ્રી ડી. જી. શાહ નાઓએ મુદ્દામાલ નો અભિપ્રાય મોકલેલ જે ફોરવર્ડીગ લેટરની નકલ છે. જેને **આંક– ૬૩૩** આપવામાં આવેલ છે. ત્યારબાદ, પેરા નં. (૬૭) માં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસના કામે શ્રી ડી.જી.શાહ નાઓએ સદર મુદ્દામાલની તપાસણી કરી આપેલ અભિપ્રાય મોકલી આપેલ જે આ કામે આંક–૪૦૬ થી રજુ છે જે તેઓ ઓળખી બતાવેલ છે તેમજ આ કામે એનેક્ષર–એ ની નકલ પણ કામમાં સામેલ રાખેલ જે આંક–૪૦૭ થી રજુ છે જેમાં ડેપ્યુટી ડાયરેકટરશ્રી ડી. જી. શાહ નાઓની સહી છે. ત્યારબાદ પેરા નં. (૬૮) માં જણાવેલ છે કે, આ કામે ડી. એફ. એસ., નાયબ નિયામકશ્રી, બી. એસ. શાહ

નાઓએ મુદ્દામાલનું પૃથ્થકરણ કરી હસ્તાક્ષર નિષ્ણાંત તરફથી આવેલ અભિપ્રાયની નકલ મોકલી આપેલ જે કામમાં સામેલ રાખેલ જેને **આંક– ૬૩૪** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં. (૬૯) માં જણાવેલ છે કે સદર ગુનાની તપાસના કામે તેઓએ ફોટોગ્રાફસ પડાવડાવેલા જે ફોટાગ્રાફસ માર્ક– એ થી રજુ છે જેને કુલ –૮ ફોટોગ્રાફસને સંયુકત **આંક– ૬૩૫** આપવામાં આવે છે. ત્યારબાદ પેરા નં. (૭૦) માં જણાવેલ છે કે, તેઓએ તપાસના કામે લગતા–વળગતા સાહેદોના નીવેદનો લીધેલા, તેમજ તેઓએ સી. આર. પી. સી. કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવડાવવા માટે કાર્યવાહી કરેલી. જેમાં ફરીયાદણનું, સાહેદ વર્ષાબેનનું, અખીલનું, સરોજબેનનું, મહેન્દ્ર ચાવલા નાઓનું સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવવા માટે તજવીજ કરેલી તેમજ સાહેદ પારૂલબેન નાઓનું સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવવા સુરત કોર્ટમાં યાદી આપેલી. જેમાં નામદાર કોર્ટ તરફ તેઓનું નીવેદન નોંધવા માટે અન્ય તારીખ અને સમય ફાળવવામાં આવતા, તેઓએ એ.સી.પી. શ્રી ર્ડા. કાનન દેસાઈ નાઓને આ અંગે નીવેદન લેવડાવવા વિનંતી કરતા તેઓએ તજવીજ કરેલી. ર્ડા કાનન દેસાઈ નાઓએ સાહેદ તૃપ્તીબેનનું પણ સુરત કોર્ટમાં સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવડાવવા માટે તજવીજ કરેલી. ત્યારબાદ પેરા નં. (૭૧) માં જણાવેલ છે કે, તેમજ આ ગુનાના તપાસના કામે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી કે. બી. જાડેજાને મુઝફફરનગર ખાતે તપાસમાં જઈ કરેલ તપાસનો આપેલ રીપોર્ટ રજુ કરેલ. જેને **આંક– ૬૩૭** આપવામાં આવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૭૨) માં જણાવેલ છે કે, શાલીગ્રામ વિભાગ–૧ સોસાયટીના બાંધકામ અંગેનું જીવનજયોત સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ તપાસના કામે સામેલ રાખેલ જેને **આંક– ૬૩૮** આપવામાં આવેલ છે. ત્યારબાદ પેરા નં.(૭૩) માં જણાવેલ છે કે, શાલીગ્રામ વિભાગ–૧ સોસાયટીના બાંધકામ અંગેનું કર્મજયોત

સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ તપાસના કામે સામેલ રાખેલ જેને **આંક– ૬૩૯** આપવામાં આવે છે. ત્યારબાદ પેરા નં. (૭૪) માં જણાવેલ છે કે, તેઓએ તપાસ ના કામે સાહેદ તથા ફરીયાદણના પતિ તુષારભાઈની મેડીકલ તપાસ માટે પી. એસ. આઈ. કે. બી. જાડેજા નાઓને હુકમ કરેલો તેની યાદીની સ્થળપ્રત છે. જેને **આંક– ૬૪૦** આપવામાં આવેલ છે. ત્યારબાદ, પેરા નં.(૭૫) માં જણાવેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ફરીયાદણનું વિશેષ નીવેદન લીધેલુ. ફરીયાદણના તેઓએ અલગ અલગ પાંચ નીવેદન લીધેલા અને તેઓએ પોતાની હકીકત લખાવેલી તે પ્રમાણે લખેલ. સાહેદ પારૂલબેન, સાહેદ મંજુલત્તાબેન, તુષારભાઈ, વિમલેષભાઈ, રાહુલભાઈ, સાહેદ વર્ષાબેન, રાજુભાઈ, તુષારભાઈ દિક્ષીત, આશાબેન, જીજ્ઞાબેન નાઓના તપાસના કામે નિવેદનો લીધેલ હતા. ત્યારબાદ પેરા નં. (૭૬) માં જણાવેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન સાહેદ અમૃત પ્રજાપતિ તથા અખીલ ના નીવેદનો મેળવેલા, જે બંનેના મર્ડર થઈ ગયેલ છે તેમજ સાહેદ રાહુલ સચાનનું પણ નીવેદન મેળવેલું. જેઓના પર જોધપુર કોર્ટ ખાતે જીવલેણ હુમલો થયા બાદ ગાયબ થઈ ગયેલ છે. ત્યારબાદ પેરા નં.(૭૭) માં જણાવેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન પડેલા પુરાવાઓને ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું તેમજ નામદાર કોર્ટમાં જે મુદ્દામાલ છે તે પણ તેઓએ ઓળખી બતાવેલ છે. આમ સદર સાહેદે તેઓએ તપાસના કામે કરેલ કામગીરી સંબંધે વિસ્તૃત પુરાવો આપેલ છે.

**(૩૩)** ફરીયાદપક્ષ તર્ફે વિ. સ્પે. પી. પી. શ્રી કોડેકર નાઓએ જણાવેલ છે કે સદર કામે બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૧) તરીકે ગીતાબેન મુકેશભાઈ હીરપરાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ફરીયાદણ યાને ભોગ બનનાર સગા

બહેન છે. સદર સાહેદણની સોંગદ ઉપરની જુબાની જોતો તેઓનું આખુ ફેમેલી આશ્રમ સાથે સંકળાયેલ હોવાનું તેમજ આશ્રમના વાતાવરણથી તેઓને શાંતી મળતી હોવાનું તેમજ તેઓની ભોગ બનનાર બહેન ધોરણ દસમાં ભણતી હતી ત્યારે બોર્ડની પરીક્ષામાં બે વાર નાપાસ થયેલ હોવાનું અને ત્યારબાદ તેણીએ ભણવાનું છોડી દીધેલુ હોવાનું અને અમદાવાદ મહીલા આશ્રમમાં જ તેણી રોકાયેલ હોવાનું અને તેણીના રોકાણ દરમ્યાન સદર સાહેદ તથા તેમના કુટુંબના અન્ય સભ્યો તેણીને મળવા માટે આવતા હોવાનુ અને તેણીને ઘરે પરત આવવા જણાવતા ભોગ બનનારે ના પાડેલ હોવાનું ત્યારબાદ તેણીને વકતા બનાવેલ અને સત્સંગ કરવા જતી હોવાનું અને સને ૨૦૦૬–૨૦૦૭ માં મહીલા આશ્રમ છોડીને ઘરે આવી ગયેલ હોવાનું અને આરોપી નં.(૧) આશારામ બાપુએ તેણીને જાહેર સત્સંગમાં ઠપકો આપેલ હોવાનું અને તે વાતનું તેણીને ખોટુ લાગી ગયેલ હોવાનું તેમજ તેણી આશ્રમમાંથી પરત ઘરે આવેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદણની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેણીએ કબુલેલ છે કે, તેણીને સુરતમાં જે બનાવ બનેલો તેની કોઈ જાત માહીતી નથી અને સુરત આશ્રમમાં હોળી, જન્માષ્ટમી અને ડીસેમ્બર માસમાં નાતાલ પર્વે પ્રોગ્રામ થતા હોવાનું અને આ પ્રોગ્રામોમાં તેઓ જતા હોવાનું અને સને–૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત ખાતે નહી થયેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે સ્પે.પી.પી. શ્રી નાઓએ જણાવેલ છે કે, સદર સાહેદ ગીતાબેન હીરપરાનાઓને સુરતની સેશન્સ કોર્ટમાં આરોપી નં.(૧) આશારામ બાપુ ના પુત્ર નારાયણ સાંઈ સામેના સેશન્સ કેસ નં.૧૪૧/૨૦૧૪ ના કામે બચાવપક્ષના સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને ઉલટાનું સદર સાહેદણની જુબાનીથી ફરીયાદણ યાને ભોગ બનનાર અમદાવાદ મુકામે મહીલા આશ્રમમાં રહેતી હોવાની હકીકત નિર્વિવાદપણે સાબીત થયેલ છે. તેમજ સદર સાહેદણે તેઓની ભોગ બનનાર બહેનને આરોપી નં.(૧) આશારામ

બાપુએ જાહેર સત્સંગમાં ઠપકો આપતા ખોટું લાગી ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદણ યાને ભોગ બનનારે તેઓની સોગંદ ઉપરની સરતપાસના પેરા નં. (૧૮) માં જ જણાવેલ છે કે, આશારામ મારા ઉપર ગુસ્સે થઈ ગયેલા તેમજ ફરીયાદણ યાને ભોગ બનનારના સી. આર. પી. સી. કલમ– ૧૬૪ ના નિવેદનમાં આરોપી નં.(૧) આશારામે જાહેરમાં તેણીને ગાળો બોલેલ હોવાનું જણાવેલ છે. આમ, જાહેર સત્સંગમાં ઠપકો આપતા ખોટું લાગી ગયેલ અને તે કારણે આશ્રમ છોડી દીધેલાની હકીકત સદંતર ખોટી છે. જો ખરેખર તેમ જ હોત તો ફરીયાદણ યાને ભોગ બનનારે તે હકીકત સંબંધે મૌન સેવેલ હોત અથવા છુપાવી હોત પરંતુ તેમ બનેલ નથી.

**(૩૪)** ફરીયાદપક્ષ તરફે સ્પે. પી. પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ તરફે સાહેદ નં (૨) તરીકે વિક્રમસિંગ કિશોરસિંગ રાઠોડનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની જુબાનીમાં તેઓએ અમૃત પ્રજાપતિ અને રાજુ ચાંડકનું જે સ્ટીંગ ઓપરેશન તથા તેનું જે રેકોડીંગ કરેલ તે સંબંધે વિગતવારનો પુરાવો આપેલ છે. પરંતુ તેઓ હીત ધરાવતા સાહેદ છે કારણે કે તેઓના માતૃશ્રી સને–૨૦૦૦ ની સાલથી આશારામજીના સત્સંગમાં આવતા હતા અને તેઓ પણ તેમની સાથે જતા હતા અને દર રવિવારે કરોલબાગ આશ્રમ, દિલ્હી ખાતે જતા હતા અને ત્યાં સેવા પણ કરતા હતા અને પુનમના દિવસે જયા બાપુજીનો સત્સંગ હોય ત્યાં સાંભળવા જતા હોવાનું જણાવેલ છે. તેમજ સદર સ્ટીંગ ઓપરેશન સંબંધે ઓકટોબર – ૨૦૦૯ માં પ્રેસ કોન્ફરન્સ કરી માહીતી આપે છે.પરંતુ તે સ્ટીંગ ઓપરેશનની હકીકત પોલીસને જણાવતા નથી. તેમજ આરોપી નં.(૧) આશારામ આશ્રમ સાથે સંકળાયેલ ઈસમો દવારા પણ ઈરાદા પુર્વક તે અંગે કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવેલ નથી એટલુ જ નહી કહેવાતા સ્ટીંગ ઓપરેશનના પાંચેક વર્ષ બાદ

ખોટી હકીકત જણાવે છે અને જોધપુર કોર્ટમાં આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ચાલી ગયેલ કેસમાં તેઓને બચાવપક્ષના સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી.

**(૩૫)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૩) તરીકે સેજલ બસવરાજ તલ્લોલીનાઓને તપાસવામાં આવેલ છે અને તેઓએ પણ તેઓ તથા તેઓ પતિ વાસુ (બસવરાજ) નાઓએ કરેલ સ્ટીંગ ઓપરેશન તથા તેનું જે રેકોડીંગ કરેલ તે સંબંધે વિસ્તારપુર્વક પુરાવો આપેલ છે. પરંતુ તેઓ પણ હીત ધરાવતા સાહેદ છે કારણે કે તેઓના પતિ તથા પરીવારના સભ્યો અમદાવાદ – સુરત ખાતે આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં દર્શન કરવા જતા હતા એટલુ જ નહી તેઓના પતિ તો આશ્રમમાં સમર્પિત પણ હતા. સદર સાહેદણે સુરત કતારગામ પોલીસ સ્ટેશનમાં એક ખોટી ઉભી કરેલી અરજી આપેલ અને તે સંદર્ભે આરોપી નં. (૧) આશારામની વિરૂધ્ધ પડેલ માણસો તથા મિડીયાના માણસોનું સ્ટીંગ ઓપરેશન કરે છે. પરંતુ સ્ટીંગ ઓપરેશનની કોઈજ વિગતો પોલીસ સ્ટેશનમાં આપતા નથી તે હકીકત સાહેદના બદઈરાદા સાબીત કરે છે એટલુ જ નહી સદર સાહેદણના પતિ આ કેસના મહત્વના સાહેદ અમૃત પ્રજાપતિ ના મર્ડર કેસમાં આરોપી તરીકે સંડોવાયેલ હોય ખોટી હકીકત જણાવેલ છે.

**(૩૬)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે બચાવપક્ષ તર્ફે સાહેદ નં. (૪) તરીકે વિપુલકુમાર નરસિંહભાઈ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે.તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનાર માર્ચ–૧૯૯૫ તથા ઓકટોબર – ૧૯૯૫ માં દસમાં ધોરણની પરીક્ષામાં ફેઈલ થયેલા તે હકીકત સંબંધી પુરાવો આપેલ છે. પરંતુ સ્પે. પી. પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે કોઈપણ વ્યકિત કોઈપણ ધોરણમાં નાપાસ થાય તો

તે તે જ ધોરણમાં નાપાસ થયેલ હોવાનું કહી શકાય. દા.ત. દસમાં ધોરણમાં અભ્યાસ કરતી કોઈ વિદ્યાર્થીની દસમાં ધોરણની પરીક્ષામાં નાપાસ થાય તો તેણી ધોરણ દસ નાપાસ છે તેવુ કહેવાય તેમ જણાવેલ છે.

**(૩૭)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી. શ્રી કોડેકર નાઓએ જણાવેલ છે કે બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૫) તરીકે મનીષભાઈ મનોજભાઈ ત્રિવેદીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ એચ. ડી. એફ. સી. બેન્ક ચાંદખેડા શાખામાં ફરજ બજાવ છે. તેઓએ આરોપી નં.(૧) આશારામના પુત્રવધુ અને નારાયણ સાંઈના પત્ની જાનકીદેવી નારાયણસાંઈનું તેઓની બેન્કમાં ખાતુ હોવાનું અને તેનો ખાતા નં.૦૪૦૪૧૪૦૦૦૦૪૬૦૫૯ હોવાનું જણાવે છે. સદર સાહેદે જાનકીદેવીના ખાતામાં રકમ /રૂપિયા જમા કરાવવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ તે હકીકતને આ કેસ સાથે કોઈ લાગતુ વળતુ નથી તેમ સ્પે.પી.પી.શ્રી દવારા જણાવવામાં આવે છે.

**(૩૮)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી. શ્રી કોડેકર નાઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે, બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૬)યશવંતભાઈ નરોતમદાસ શાહનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સપ્ટેમ્બર –૧૯૯૬ માં રાજકોટથી પ્રસિધ્ધ થતા સાંજ સમાચાર દૈનીક પેપરના એડીટર હતા અને તેઓને તા.૦૩/૯/૧૯૯૬ તથા તા.૦૪/૦૯/૧૯૯૬ નું સાંજ સમાચાર દૈનીક ન્યુઝ પેપર કે જે આંક– ૬૫૪ થી રજુ થયેલ છે તે બતાવવામાં આવતા તેમા તંત્રી તરીકે તેમનું નામ હોવાનું અને તે પેપરની અસલ નકલો હોવાનું જણાવેલ છે અને બચાવપક્ષ સને–૧૯૯૬ માં જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ ખાતે યોજાનાર હોઈ તે અંગેના સમાચાર તેઓના પેપરમાં પ્રસિધ્ધ થયેલ હોવાનું જણાવી, ફરીયાદણ

યાને ભોગ બનનાર સને–૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત ખાતે યોજવામાં આવેલ હોવાનું જે જણાવે છે તે હકીકત ખોટી સાબીત કરવા હાલના સાહેદને તપાસવામાં આવેલ છે. પરંતુ સને–૧૯૯૬ ના જન્માષ્ટમીના પ્રોગ્રામ સંબંધેની સીડી કે ડીવીડી રજુ કરવામાં આવેલ નહી હોવાનું તેમજ સદર સાહેદે પણ તેઓની સરતપાસમાં તે સંબંધે કોઈ જ હકીકત જણાવેલ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ દવારા કરવામા આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે સમાચાર લખવાનું કામ તેઓ કરતા નહી હોવાનું તેમજ જે સમાચાર આવે તેની ખરાઈ પણ તેઓએ કરવાની નહી હોવાનું જણાવેલ છે. આમ, પેપરમાં પ્રસિધ્ધ થતા તમામ સમાચારો સો ટકા સાચા જ હોવાનું કહી શકાય નહી.

**(૩૯)** ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પી.પી. શ્રી કોડેકર નાઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે,બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૭)હરીશકુમાર ભાલચંદ્ર રાજપુતનાઓને તપાસવામાં આવેલા છે. તેઓ સને–૧૯૯૯ થી નોટરી તરીકે સેવા આપે છે અને સદર કામે આંક– ૩૨૩ થી રજુ થયેલ અરજી તથા આંક– ૩૨૪ થી રજુ થયેલ એફીડેવીટ અર્થે ભોગ બનનાર તારીખ–૧૭/૧૨/૨૦૧૪ ના રોજ તેઓના ત્યાં આવેલ હોવાનું અને તેઓના રજીસ્ટરમાં સીરીયલ નં.૧૦૨૪ થી તે નોંધાયેલ હોવાનું જણાવેલ છે. જોકે એફીડેવીટમાં ઓળખાણ આપનાર તરીકે કરેલ સહી ઓળખાતી નહી હોવાનું અને બ્રેકેટમાં સુમીત બી. સીકરવાર લખવામાં આવેલ હોવાનું અને તે અરજી તથા એફીડેવીટમાં દરેક પેજ ઉપર તેઓનો નોટરી તરીકેનો સીકકો હોવાનું અને અરજી ઉપર ભોગ બનનારનો ફોટો લગાવેલ છે. તે ફોટામાં ભોગ બનનારની સહી હોવાનું જણાવે છે. ત્યારબાદ સાહેદે પોતાની સ્વૈચ્છાએ જણાવેલ છે કે ફોટો પાછળથી પણ લગાડેલ હોઈ શકે કારણ કે ફોટા ઉપર તેમનો નોટરીનો સીકકો નથી. આમ, બચાવપક્ષના સાહેદ જ બચાવપક્ષ તરફે રજુ થયેલ આંક– ૩૨૩ તથા આંક– ૩૨૪

વાળા દસ્તાવેજો અંગે શંકા પ્રેરે છે. તેવી જ રીતે આંક– ૭૫૦ વાળા ડોકયુમેન્ટના દરેક પેજ ઉપર તેઓનો નોટરીનો સીકકો અને સહી હોવાનું અને તે ડોકયુમેન્ટ તારીખ– ૨૬/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં.૧૦૬૧ થી તેઓના રજીસ્ટરમાં નોંધવામાં આવેલ અને તેમાં તેમની સહી હોવાનું જણાવેલ છે. આ ડોકયુમેન્ટ હાઈકોર્ટની પીટીશન છે અને સદર ડોકયુમેન્ટના પેજ નં.(૬) ઉપર ભોગ બનનારના ફોટા ઉપર સહી હોવાનું જણાવેલ છે. પરંતુ ફોટા ઉપર તેમનો સીકકો નહી હોવાનું જણાવેલ છે. આમ આંક– ૭૫૦ થી રજુ થયેલ ડોકયુમેન્ટસ બાબતે પણ બચાવપક્ષના સાહેદ જ તેઓની સરતપાસમાં શંકા ઉપસ્થિત કરે છે. તેમજ ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં આંક– ૩૨૩ વાળા દસ્તાવેજમાં પેરા નં.(૧) થી (૩) લખેલ હકીકતો બાબતે તેઓએ ખરાઈ કરેલ નહી હોવાનું જણાવેલ છે.

**(૪૦)** વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ આ અદાલતનું ઘ્યાન બચાવપક્ષ તર્ફે સાહેદ નં. (૮) તરીકે તપાસવામાં આવેલ દિપકકુમાર મહેશચંદ્ર ગુર્જરનાઓની જુબાની તરફ દોરી જણાવેલ છે કે સદર સાહેદે ૧૯૯૭ માં આરોપી નં.(૧) આશારામ બાપુ પાસેથી મંત્ર દિક્ષા લઈ ૧૯૯૮ માં તેઓના માતા પિતાની મંજુરી મેળવ્યા બાદ સુરત આશ્રમ ખાતે સમર્પિત થયેલ અને આશારામ બાપુના પ્રવચનની કેસેટો જે ભકતોને જોઈતી હોય તેની કોપી કરીને સ્ટોલ ઉપર આપતા હોવાનું તેમજ વકતાઓ સાથે તેઓના પ્રવચનોની વિડીયોગ્રાફી પણ કરતા હોવાનું તેમજ આંક– ૭૫૩ વાળી ડી.વી.ડી. જમ્મુ, લુધીયાણા, જલંધર ખાતે જુન– ૨૦૦૬ માં જે પ્રોગ્રામ હતા તેની ડી.વી.ડી. હોવાનું અને આ સત્સંગનુ રેકોડીંગ તેઓએ જ કરેલ હોવાનું તેમજ આંક– ૭૫૪ વાળી સીડી હોશીયારપુર, પંજાબ ખાતે જુન–૨૦૦૬ ના પ્રોગ્રામ ની હોવાનું અને તે બંને સત્સંગોનું રેકોડીંગ પણ તેઓએ કરેલ હોવાનું જણાવેલ

છે અને તે સંબંધે તેઓએ ભારતીય પુરાવા અધિનીયમની કલમ- ૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ આંક- ૭૫૨ થી આપેલ હોવાનું પણ જણાવેલ છે. ત્યારબાદ, તેઓને નીશાંતભાઈએ ભોગ બનનારના સત્સંગની સીડી બાબતે પુછતા તેઓએ તેમના સ્ટોર રૂમમાં રાખવામાં આવતી ડી. વી. ડી તેમજ તેની ટ્રાન્સક્રીપ્ટ પણ નીશાંતભાઈને આપેલી. જે અનુક્રમે આંક- ૭૫૫ તથા આંક- ૭૫૬ થી રજુ થયેલ છે. તેમજ વકતાઓ જયારે સત્સંગ કરતા હોય ત્યારે તેઓના ફોટા પણ પાડવામાં આવતા હતા અને ભોગ બનનારના સત્સંગ વખતના પાડેલ ફોટાની નેગેટીવો આશ્રમના સ્ટોર રૂમમાં જમા કરાવેલી તે નેગેટીવોમાંથી સને-૨૦૦૬ માં ફોટો પ્રિન્ટ કરવામાં આવેલ અને નીશાંતભાઈને સી.ડી. ડી.વી.ડી. તથા ટ્રાન્સક્રિપ્ટ સાથે ફોટાઓ પણ આપેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં આશારામ બાપુ તેમના ગુરુ હોવાની તેમજ તેઓ તરફથી જે આદેશ કરવામાં આવે કે આદેશ આપવામાં આવે તેનું તેઓએ પાલન કરવુ પડે તેમ જ તેઓ ઓફીસીયલ વિડીયોગ્રાફર નહી હોવાનું અને વિજયભાઈ અને અશોકભાઈ ઓફીશીયલ વિડીયોગ્રાફર હોવાનું તેમજ તેઓની પાસ ે તેઓએ જે વિડીયોગ્રાફી રેકર્ડ કરી તે બતાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો નથી તેમજ તેઓએ ઓરીજનલ ડેટા ડીલીટ કરી નાખેલ છે અને તેમજ આંક- ૭૫૩ વાળી ડી.વી.ડી. બનાવ્યા પછી તેઓએ હાર્ડ ડીસ્ક રેર્કોડરમાંથી તે ડેટા કાઢી નાખેલો અને આંક -૭૫૪ વાળી સીડી તેઓએ કોમ્પ્યુટર દવારા બનાવેલી તે કોમ્પ્યુટર તેમનું પોતાનુ કે આશ્રમનું પણ ન હોવાનું તેમજ તે કોમ્પ્યુટર કોનુ હતુ તે હાલ તેઓ કહી શકે નહી. તેમજ તેઓએ આંક- ૭૫૫ તથા આંક- ૭૫૬ વાળા ટ્રાન્સક્રિપ્ટોમાં કોઈ વર્ષ મહીના કે તારીખનો ઉલ્લેખ નહી હોવાનુ તેમજ તેમાં કોઈની સહી નહી હોવાનું અને આ બંને ટ્રાન્સક્રિપ્ટો તેઓએ બનાવેલ તે દર્શાવતો કોઈ આધાર પુરાવો તેમની પાસે નહી હોવાનું તેમજ તેઓને ભારતીય પુરાવા અધિનીયમની કોઈ માહીતી નહી

હોવાનું તેમજ તેઓ અંગ્રેજી ભાષા જાણતા નહી હોવાનું તેમજ તે અંગ્રેજી ભાષા તેઓ લખી કે વાંચી પણ શકતા નહી હોવાનું તેમજ ડી.વી.ડી તથા સી.ડી. અંગેનો કોઈ સ્પેક્ટ્રોગ્રાફી રીપોર્ટ મેળવેલ નહી હોવાનું તેમજ તેઓએ પોલીસ સમક્ષ તેઓનું નીવેદન નોંધાવેલ નહી હોવાનું તેમજ આ ડી.વી.ડી., સી.ડી. તથા ટ્રાન્સક્રીપ્ટ પોલીસને આપેલ નહી હોવાનું અને તેઓએ બનાવેલ ડી.વી.ડી. તથા સી.ડી. આશ્રમના સ્ટોર રૂમમાં જમા કરાવેલી દીધેલ હોવાનું અને આંક –૭૫૩ તથા આંક–૭૫૪ વાળી ડી.વી.ડી તથા સી.ડી.માં છેડછાડ થયેલ નથી તે દર્શાવતા તેઓની પાસે કોઈ આધાર પુરાવા નહી હોવાનું જણાવેલ છે. આમ સદર સાહેદે રેકર્ડ કરેલી ડી.વી.ડી. તથા સી.ડી. અને તેની ટ્રાન્સક્રીપ્ટ અંગે શંકા ઉપસ્થિત થાય તેવો પોતાની જાતે જ પુરાવો આપેલ છે. આમ, ડી. વી. ડી., સી. ડી. અને તેના આધારે બનાવેલ ટ્રાન્સક્રિપ્ટની ગ્રાહ્યતા બાબતે ડાઉટ ક્રિએટ થાય છે. તેમજ આરોપી નં.(૧) આશારામ બાપુ સદર સાહેદના ગુરુ હોઈ અને તેઓ આશ્રમને સમર્પિત હોઈ આરોપીઓને બચાવવા માટે પાછળથી ખોટા પુરાવાઓ ઉભા કરેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૪૧)** ફરીયાદપક્ષ તર્ફે વિ.સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૯) તરીકે યુસુફભાઈ રમજાન બાગબાન નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૧૦ થી ૨૦૧૨ દરમ્યાર વિરાર પોલીસ સ્ટેશન, જી.થાના, રાજ્ય–મહારાષ્ટ્ર ખાતે ઈન્ચાર્જ સીનીયર પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તેઓના સબઓર્ડીનેટ પી. એસ. આઈ. દસરે નાઓએ ગુના રજીસ્ટર નંબર–૨૦૬/૨૦૦૮, તારીખ–૧૫/૦૮/૨૦૦૮ ની તપાસ કરેલી અને તે એફ. આઈ. આર. માં સને–૨૦૦૫ અગાઉનાં આક્ષેપો કરવામાં આવેલ હતા અને તેની

તપાસ કર્યા બાદ તેઓએ 'બી' સમરી રીપોર્ટ તેમની તરફ મોકલી આપેલ જે રીપોર્ટનો તેઓએ અભ્યાસ કરેલો અને પી.એસ.આઈ. દસરેની 'બી' સમરીની જે માંગણી હતી તે તેઓને બરાબર લાગેલ. જેથી તે રીપોર્ટ તેઓએ તા.૨૬/૦૧/૨૦૧૨ ના રોજ તેઓના રીમાર્કથી નામદાર કોર્ટમાં મોકલી આપેલ અને તેમજ સદર એફ. આઈ. આર. માં ફરીયાદણ તરીકે મહેન્દ્ર ચાવલા હતા અને તેઓએ નારાયણ સાંઈ તથા બીજા ત્રણ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ- ૪૬૪, ૪૬૫, ૪૬૮, ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૫૦૭ અને ૩૪ મુજબની ફરીયાદ હતી અને તેમાં મહેન્દ્ર ચાવલાનાઓએ એવો આક્ષેપ કરેલો કે નારાયણ સાંઈના ટ્રસ્ટમાં પ્રથમ ત્રણ ટ્રસ્ટીઓ હતા જેમાંથી એક મહેન્દ્ર ચાવલા હતો અને તેની ખોટી સહીઓ કરી બીજા લોકોએ પણ તે ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનાવી દીધેલ હતા અને તેની જબરદસ્તીથી કોરા કાગળોમાં સહી લીધેલ હતી અને પોલીસની તપાસમાં એવુ ખુલેલ કે ચેરીટી કમિશનર ખાતે ત્રણ ટ્રસ્ટીઓ વાળું કોઈપણ ટ્રસ્ટ રજીસ્ટર થયેલુ ન હતું. તેમજ સને-૨૦૦૪ માં છ વ્યકિતઓનું ટ્રસ્ટી તરીકેનું એકજ ટ્રસ્ટ રજીસ્ટર થયેલ તેમાં મહેન્દ્ર ચાવલાની પણ સહી હતી અને સને-૨૦૦૫ માં મહેન્દ્ર ચાવલા ટ્રસ્ટમાંથી રાજીનામુ આપી જતા રહેલા અને સને-૨૦૦૮ માં તે અંગેની ફરીયાદ લખાવેલી. ત્યારબાદ તપાસમાં એવુ ખુલેલ કે મહેન્દ્ર ચાવલા દવારા ખોટી ફરીયાદ કરવાનું કારણ એ હતુ કે સને-૨૦૦૪ માં નાલાસોપરા ખાતે સત્સંગ થયેલો હતો. જેમાં ભકતો દવારા જે ચઢાવો ચઢાવવામાં આવે તેમજ આશ્રમ દવારા ફરીયાદણ(મહેન્દ્ર ચાવલા) ને આ પ્રોગ્રામનુ મેનેજમેન્ટ કરવા માટે એક લાખ રૂપિયા આપવામાં આવેલા અને આશ્રમ દવારા ફરીયાદણ મહેન્દ્ર ચાવલા પાસે હીસાબ માંગતા તેઓએ હીસાબ આપેલો નહી. જેના કારણે ફરીયાદણ મહેન્દ્ર ચાવલા તેમજ નારાયણ સાંઈ વચ્ચે અણબનાવ બનેલ હોવાનું જણાવવામાં આવે છે. સદર સાહેદની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં તેઓએ મહેન્દ્ર ચાવલાઓએ કરેલ ફરીયાદની કોઈ તપાસ કરેલ નહી

હોવાનું તેમજ સદર ફરીયાદ અંગે 'બી' સમરીનો રીપોર્ટ હાલ કોર્ટમાં પડતર હોવાની અને તે અંગે કોઈ નિર્ણય લેવાયેલ નહી હોવાનું તેમજ તે અંગે મહેન્દ્ર ચાવલાના પૈસાના ગોટાળાની આશ્રમ દવારા કોઈ ફરીયાદ કરવામાં આવેલ નહી હોવાનું જણાવવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં મહેન્દ્ર ચાવલાનાઓએ કરેલ ફરીયાદ સાચી હોવાનું કહી શકાય.

**(૭૨)** ફરીયાદપક્ષ તરફે વિ. સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ તરફથી સાહેદ નં. (૧૦) તરીકે સુનીલ શ્રીયાદવસિંગજી રૈકવારનાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ખજરાના પોલીસ સ્ટેશન, ઈન્દોર ખાતે એ. એસ. આઈ. તરીકે ફરજ બજાવે છે. અને સમન્સના આધારે તેઓ આજરોજ તેઓની સાથે જાનકીબેન નારાયણ હરપાલની દવારા તારીખ–૦૮/૦૯/૨૦૧૫ ના રોજ પોલીસ અધિક્ષક, ઈન્દોર જિલ્લાને આપવામાં આવેલ એક અરજી તથા તે અરજીના આધારે જાનકીબેનનું લેવામાં આવેલ નિવેદન, જેમાં જાનકીબેનની સહી છે તથા જાનકીબેનનું ઈલેકશન કાર્ડ છે તેમજ આ અરજીના રોજકામની નકલ તથા તારીખ– ૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ધ્રુવબેન ગુરલદાસ બાલાનીને થાના પ્રભારી મારફતે આર.ટી.આઈ.માં મોકલેલ જવાબ તેઓ લાવેલ હોવાનું અને આ તમામ નકલો થાના પ્રભારી ખજરાના, જીલ્લા ઈન્દોર દવારા કરવામાં આવેલ ખરી નકલ હોવાનું અને તેમાં થાના પ્રભારી તરીકે દીનેશ વર્માનાઓની સહી હોવાનું અને તે સહી તેઓ ઓળખતા હોવાનું તેમજ તે કુલ (૧) થી (૫) પાનામાં રજુ થયેલ હોવાનું અને તે તમામને સંયુકત આંક– ૭૭૧ આપવામાં આવેલ હોવાનું અને આ કાગળોમાં, સામે અરજીમાં તથા નીવેદનમાં નારાયણ સાંઈ તેમજ આશારામ બાપુ દવારા જાનકીબેનને ધમકી આપી હોય તેવો કોઈ ઉલ્લેખ નથી અને જાનકીબેનના

નિવેદનના આધારે તારીખ–૨૦/૧૧/૨૦૧૫ ના રોજ કલાક–૧૧:૦૦ થી ૧૧:૩૦ વચ્ચે રીપોર્ટ બનાવવામાં આવેલો કે જાનકીબેન જોડે વાત થતા તેઓને સુરક્ષાની જરૂરીયાત નથી તેમ જણાવવામાં આવેલ છે. પરંતુ ખરી હકીકત એ છે કે, જાનકીબેન તે નારાયણ સાંઈના પત્ની તથા આરોપી નં.(૧) આશારામના પુત્રવધુ છે અને સદર સાહેદે તેઓની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલેલ છે કે આંક– ૭૭૧ ની શ્રીમાન પોલીસ અધિક્ષક મહોદય, ઈન્દોરને લખેલી તા.૦૮/૦૯/૨૦૧૫ ની અરજી માં નારાયણ સાંઈ આશારામજી હરપલાનીનાઓ દવારા ફેમીલી કોર્ટ, ઈન્દોરની અંદર દાખલ કરવામાં આવેલ બે કેસો બાબતે અનેક પ્ર કારની ડરાવવાની ધમકીઓ આપેલી અને તેઓના જીવને જોખમ હોવાનો ખતરો થઈ રહેલ છે તે બાબતે જાનકીબેને અરજી આપેલી. તેમજ આંક–૭૭૧ ના રોજનામામાં એવુ દર્શાવેલ છે કે જાનકીબેન દવારા જણાવવામાં આવેલુ કે તેઓ આજરોજ ફેમીલી કોર્ટમાં જવાના નથી જેથી તેઓને સુરક્ષા(સીકયુરીટી) ની જરૂરીયાત નથી આમ, બચાવપક્ષ દવારા સદર સાહેદની જુબાનીથી જાનકીબેનાઓને ધમકી આપવામાં આવેલ નહી હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. પરંતુ સદર સાહેદની ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તે અંગેનો ભાંડો ફુટી જાય છે અને જાનકીબેન ફેમીલી કોર્ટમાં મુદતે જવાના નહી હોઈ તેઓને સુરક્ષાની જરૂરીયાત નહી હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ સફળ નીવડેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૪૩)** વિદ્વાન સ્પે.પી.પી.શ્રી કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૧) તરીકે દિપક જોગીંદરપ્રકાશ ગંદોત્રાનાઓને તપાસવામાં આવેલ છે. તે ડીસેમ્બર – ૨૦૧૫ માં સ્ટેટ લો ઈન્ફોર્સમેન્ટ એજન્સીસ કોર્ડીનેટર (State Law Enforcement Agencies Coordinate), રીલાયન્સ કોમ્યુનીકેશન, જમ્મુ

એન્ડ કાશ્મીરમાં નોકરી કરતા હતા. આ દરમ્યાન સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ સીટી(નોર્થ), જમ્મુ(જે એન્ડ કે) દવારા તારીખ–૦૭/૧૨/૨૦૧૫ ના રોજનો પત્ર નંબર– ૨૧૭૪૯–૫૩/એસપીસીએન વાળો પત્ર નોડલ ઓફીસર રીલાયન્સ કોમ્યુનીકેશન, જે એન્ડ કે ને પાઠવામાં આવેલો. તે પત્રના આધારે મોબાઈલ નં. ૯ ૩૦૩૦૪૦૦૦૮ નો તા.૧/૫/૨૦૧૩ થી ૩૧/૧૨/૨૦૧૩ સુધીનો અને મોબાઈલ નં.૮૬૫૭૧૫૭૦૫૦ નો તા.૧૯/૫/૨૦૧૩ થી ૩૧/૮/૨૦૧૩ ના સી.ડી.આર. સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ સીટી (નોર્થ), જમ્મુ(જે એન્ડ કે) ને તારીખ– ૯/૧૨/૨૦૧૫ ના રોજ તેઓ દવારા નોડલ ઓફીસર તરીકે ફોરવર્ડીંગ લેટર સાથે કોલ ડીટેલ્સ રીપોર્ટ મોકલાવેલ, સી.ડી.આર.ના તમામ પેજ ઉપર તેઓની કંપનીનો સીકકો હોવાનુ અને તે આંક–૭૭૬ થી તેઓ દવારા મોકલવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર તથા સી.ડી.આર. હોવાનું અને તે આંક– ૭૭૬ થી રજુ થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ત્યારબાદ તેઓને સુપ્રિટેન્ટન્ડ ઓફ પોલીસ સીટી (નોર્થ), જમ્મુ જે એન્ડ કે દવારા મોકવામાં આવેલ પત્રમાં માંગેલ મોબાઈલ નંબરોના કોલ ડીટેલ્સ તેમજ સી.એ.એફ. અંગેનો પત્ર તેઓને મળેલો તે પત્રના આધારે તેઓએ અમુક માહીતી તા.૯/૧૨/૨૦૧૫ ના રોજ મોકલી આપેલ જે આંક–૭૭૬ થી રજુ છે. અને બાકીની માહીતી તેઓએ તારીખ–૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મોબાઈલ નં. ૯૩૧૩૫૭૬૧૫૦ તથા ૯૩૦૩૮૪૮૫૫૫ ની સી.ડી.આર. મોકલેલ,જેમાં મોબાઈલ નં.૯૩૧૩૫૭૬૧૫૦ ની સી.ડી.આર.તા.૦૧/૦૬/૨૦૧૩ થી તારીખ–૩૧/૧૨/૨૦૧૩ સુધીના સમયગાળાની તેમજ મોબાઈલ નં. ૯૩૦ ૩૮૪૮૫૫૫ ની સી.ડી.આર. તારીખ–૧૯/૫/૨૦૧૩ થી તારીખ–૩૧/૮/૨૦૧૩ સુધીના સમયગાળાની મોકલી આપેલ હતી. તા.૦૯/૧૨/૨૦૧૫ અને તા. ૧૦/૧૨/૨૦૧૫ ના રોજ તેઓ દવારા મોકલવામાં આવેલ સીડીઆર લગત તારીખ– ૧૦/૧૨/૨૦૧૫ ના રોજ ભારતીય પુરાવા અધિનીયમની કલમ – ૬૫ (બી)

નું સર્ટીફીકેટ આપેલું. જે સર્ટીફીકેટ આંક–૭૭૭ થી રજુ થયેલ છે. જે તેઓને બતાવવામાં આવતા તેમા તેઓની સહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, તેઓને આંક– ૭૭૮( પેજ નં. ૩ થી ૨૦૧) વાળો દસ્તાવેજ બતાવતા તે તારીખ– ૧૦/૧૨/૨૦૧૫ ના રોજ તેઓ દવારા મોકલવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર તથા તેની સાથે તેઓ દવારા મોકલવામાં આવેલ સી.ડી.આર. મોબાઈલ નં. ૯૩૧૩૫ ૭૬૧૫૦ ની હોવાનું અને નોડલ ઓફીસર તરીકે ફોરવર્ડીંગ લેટરમાં તેઓની સહી હોવાનું જણાવેલ છે.સદર સાહેદની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ જુબાની આપવા માટે આવેલ છે તે માટે તેઓએ તેમની કંપનીમાંથી કોઈ ઓથોરીટી લેટર મેળવેલ નથી કે રજુ કરેલ નથી તેમજ પોતે જણાવે છે કે, જુબાની આપવા માટે કંપનીને જાણ કરેલ છે હાલ તેઓ રીલાયન્સ જીઓ કંપનીમાં ફરજ બજાવ છે. આ સી.ડી.આર. રીલાયન્સ કોમ્યુનીકેશન ના છે. જે કંપનીએ મોબાઈલનો ધંધો બંધ કરી દીધેલ છે. તેમજ તેઓએ રીલાયન્સ કોમ્યુનીકેશનમાંથી રાજીનામુ આપ્યુ ત્યારે નોડલ ઓફીસર તરીકે દીલ્હીના નોડલ ઓફીસર કે જેઓ જેતે સમયે તેમના રીર્પોટીંગ મેનેજર હતા. તેઓને ચાર્જ સુપ્રત કરી દીધેલ છે અને તેઓ આજરોજ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ લાવેલ નથી અને તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ મોબાઈલ નંબર ૯૩૧ ૩૫૭૬૧૫૦ તથા ૯૩૦૩૦૪૦૦૦૮ ના વાપર ઉપભોગ (યુર્ઝસ) કરનાર કોણ હતા તે તેઓ કહી શકે નહી તેમજ સામાન્ય રીતે કોલ ડીટેલ્સની માહીતી બે વર્ષ સુધી રાખવાની હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદે જણાવેલ મોબાઈલ નંબરોના ધારણકર્તાઓ કોણ હતા તે પાયાની હકીકત જ રેકર્ડ ઉપર લાવવામાં બચાવપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ નીવડેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

(૪૪) વિ. સ્પે. પી. પી. કોડેકરનાઓએ એવી ભારપૂર્વક રજુઆત કરેલ છે કે, બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧૨) તરીકે જયોતિ મદનસિંહ ઉમઠ નાઓને તપાસવામાં આવેલ છે તેઓ જણાવે છે કે, તેઓએ જીતુ ઉર્ફે જીતેન્દ્ર સોનીના કેસની તપાસ કરેલી અને તે કેસમા તેઓએ ચાર્જશીટ દાખલ કરેલ અને તેઓને આંક- ૭૮૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તેમાં ચાર્જશીટ કરનાર અધિકારી તરીકે તેઓની સહી હોવાનું અને તે તારીખ -૨૫/૦૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ હોવાનું અને સદર ચાર્જશીટમાં તેઓએ જીતેન્દ્ર ઉર્ફે જીતુ સોનીની સામે ૫૦ થી ૫૫ જેટલા ગુનાઓ દાખલ થયેલ તે લીસ્ટ ચાર્જશીટ સાથે રજુ કરેલ તે તે જ હોવાનું તેમજ જીતુ સોની ઉપર એવી ફરીયાદ હતી કે, '' તેની હોટલ માય હોમ માંથી અદાજીત ૬૭ છોકરીઓને તેઓએ બહાર કાઢેલી અને જેના થકી આ જીતુ સોની દેહવ્યાપારનો ધંધો કરતો હતો અને તેની સામે ઈ. પી. કો. કલમ- ૩૭૦(૨), ૩૭૦(૩), ૩૭૦(૬)(૨), ૩૪૬, ૧૨૦(બી) તથા પીટા એકટની કલમ- ૩,૪,૬,૭ મુજબની ચાર્જશીટ દાખલ કરેલ અને સાથે સાથે તે કેસમાં તેઓએ કુલ- ૧૦૨ આરોપીઓ હતા જે પૈકી ૪૬ આરોપીની ધરપકડ કરવામાં આવેલી અને આ જીતુ સોનીની સામે ઉપરોકત જણાવેલ કલમ હેઠળના ગુના દાખલ થયેલા અને તે ઉપરાંત ઈ. પી. કો. કલમ- ૩૦૭, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૬, ૩૭૬(ડી) વિગેરે મુજબના ગુના પણ દાખલ થયેલા જેનું લીસ્ટ ચાર્જશીટ સાથે સામેલ હોવાનું જણાવેલ છે. આમ બચાવપક્ષ જીતુ સોની ગુનાહીત ઈતિહાસ ધરાવતો હોવાનું રેકર્ડ ઉપર લાવી શકેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ સદર સાહેદની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપી જીતુ સોની સામેની એફ. આઈ. આર. નં.- ૪૯૬ / ૨૦૧૯, સને-૨૦૧૯ ના વર્ષની હોવાનું અને જીતુ સોની સામેના જે ગુનાઓમાં તેઓએ ચાર્જશીટ રજુ કરેલ છે તે સને -૧૯૯૧ થી સને-૨૦૦૨ સુધીના હોવાનું તેમજ જીતુ સોની વિરૂધ્ધના આ ગુનાઓમાં આખરી

નિર્ણય શું આવેલ તેની તેઓને માહીતી નહી હોવાનું અને ગુના રજીસ્ટર નંબર– ૪૯૬/૧૯ ના કામે જીતુ સોની અંડર ટ્રાયલ હોવાનું જણાવવામાં આવેલ છે. તેમજ જીતુ સોનીને કોઈપણ કેસમાં સજા થયેલ હોય કે તેવો કોઈ પુરાવો કે ડોકયુમેન્ટ તેઓની પાસે નહી હોવાનું સદર સાહેદે સ્વીકારેલ છે.

**(૪૫)** વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ એવી ભારપુર્વક દલીલ કરેલ છે કે, બચાવપક્ષ તરફથી સાહેદ નંબર–(૧૩) તરીકે નીશાંત હરીશભાઈ જાદવાણી નાઓને તપાસવામાં આવેલ સદર સાહેદે તેઓની જુબાનીમાં તેઓ સને–૧૯૯૯ માં પુજય બાપુજી (આરોપી નં.(૧) આશારામ) પાસેથી સરસ્વતી મંત્રની દિક્ષા લીધેલ હોવાનું તેમજ સને–૨૦૦૨ માં પુજય બાપુ પાસેથી ગુરુમંત્ર લીધેલ હોવાનું અને સને–૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મોટેરા આશ્રમમાં સંત સાહીત્ય વિભાગમાં કે જયાં ધાર્મિક પુસ્તકો રાખવામાં આવે છે ત્યાં સેવા કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે સને–૨૦૦૮ ના વર્ષમાં આશ્રમના બે બાળકોના નદીમાં ડુબવાને કારણે આકસ્મીક મૃત્યુ થયેલ. ત્યારબાદ, તે સમય દરમ્યાન આશ્રમમાંથી અમુક ભાઈ જેમને અગાઉથી આશ્રમમાંથી કાઢી નાખેલા હતા/નીકળી ગયેલા હતા અને વેચાઈ ગયેલો મીડીયા, અમુક રાજકરણના લોકો આ તમામ નાઓએ આ બંને છોકરાઓના પિતાને એવા ભ્રમિત કરેલા કે તેઓના બાળકોનું મૃત્યુ બાપુજી દવારા તાંત્રિક વિદ્યા કરીને કરવામાં આવેલ છે. તે સમય દરમ્યાન આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ અને આશ્રમ છોડી નીકળેલ અમુક લોકો જેમાં (૧) દેવેન્દ્ર પ્ર જાપતિ (૨) રાજુ ચાંડક ઉર્ફે રાજુ લંબુ (૩) અમૃત પ્રજાપતિ (૪) ઈશ્વર નાયક (૫) નારાયણ સાંઈના આશ્રમમાંથી નીકળેલા મહેન્દ્ર ચાવલા આ તમામ લોકો મીડીયામાં આવીને આશ્રમમાં તાંત્રિક વિદ્યા થાય છે તેવુ સ્ટેટમેન્ટ આપતા હતા. ત્યારબાદ, ઉપરોકત ઘટના ઘટી તેના થોડા સમય પછી મોટેરા આશ્રમમાં ગુરુપુર્ણીમાનો કાર્યક્રમ

હતો અને તે કાર્યક્રમમાં દેશ વિદેશના હજારોની સંખ્યામાં લોકો બાપુના દર્શન – સત્સંગમાં ભાગ લેવા માટે આવેલા હતા. ઉપરોકત મીડીયા તથા આશ્રમનાં અમુક લોકો જેમને આશ્રમમાંથી કાઢી નાખેલા તે લોકોએ આશ્રમ વિરૂઘ્ધ એવું ભયનું વાતાવરણ બનાવી નાખેલુ કે જેનો લાભ લઈ ગુંડા તત્વો નાઓએ આશ્રમમાં જે લોકો ગુરૂપુર્ણિમાના દિવસે દર્શન અને સત્સંગમાં આવેલ તેમની મોટી સંખ્યામાં ગાડીઓ સળગાવી નાખેલી અને એક સાધકનું ખુન પણ કરેલું. વધુમાં સેશન્સ કેસ નં.૧૬/૨૦૦૯ ના કામે ગાંધીનગર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટના ચુકાદામાં સાત સાધકોને કોર્ટ દવારા નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ તે ચુકાદાની સ ર્ટીફાઈડ નકલ આંક– ૮૦૧ થી રજુ થયેલ છે. તેમજ સેશન્સ કેસ નં. ૬૬/૨૦૧૧ તથા ૬૭/૨૦૧૧ ના ચુકાદામાં ૨૫૦ જેટલા સાધકોને કોર્ટ દવારા નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવેલ છે તે ચુકાદાની નકલ તેમજ સને–૨૦૦૮ માં ગુરૂપુર્ણિમાના દિવસે મીડીયા દવારા થયેલ ફરીયાદોના કામે થયેલ કેસમાં કોર્ટે સાધકોને નિર્દોષ ઠરાવી છોડી મુકયા તે ચુકાદાની નકલ આંક–૮૦૩ થી ૮૦૬ સુધીની રજુ થયેલ છે. ત્યારબાદ, રાજેશ સોલંકીએ કરેલ ફરીયાદ સંદર્ભે કાલુપુર પોલીસ સ્ટેશન દવારા મે. મેટ્રોપોલીટન કોર્ટ નં.–૧૬, અમદાવાદ નાઓને તા.૧૪/૨/૨૦૦૯ ના રોજ 'બી' સમરી રીપોર્ટ મોકલવામાં આવેલ તે રીપોર્ટની સર્ટીફાઈડ નકલ આંક– ૮૦૭ થી રજુ થયેલ છે. તેમજ અમદાવાદ આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુ ના કેસમાં તેઓના પિતા દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવેલ. જે ક્રિમીનલ અપીલ નં. ૧૮૦૫/૨૦૧૨ ના ચુકાદાની ઈન્ટરનેટ કોપી આંક– ૮૦૮ થી રજુ કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસમાં મુખ્યત્વે આશારામ આશ્રમમાં ચાલતી રચનાત્મક યાને હકારાત્મક સકારાત્મક પ્રવૃતિઓ અંગે વિસ્તાર પુર્વક જણાવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ દવારા

કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ સને–૨૦૦૪ થી ૨૦૧૯ સુધી આશારામ આશ્રમમાં સમર્પિત હોવાનું તેમજ જોધપુરના કેસમાં બાપુજી (આરોપી નં.(૧) આશારામ) ને આજીવન કેદની સજા થયેલ હોવાનું અને જેની અપીલ રાજસ્થાન હાઈકોર્ટમાં પેન્ડીંગ હોવાનું તેમજ સુરતમાં નારાયણ સાંઈ પર થયેલ કેસમાં તેઓને (નારાયણ સાંઈને) આજીવન કેદની સજા થયેલ હોવાનું અને જેની અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ હોવાનું તેમજ આ કેસના સાહેદ અમૃત પ્રજાપતિ તથા અખીલ ગુપ્તાનાઓના મૃત્યુ થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ આરોપી નં.(૧) આશારામ બાપુ તથા તેઓના દિકરા નારાયણ સાંઈ તથા આશ્રમ વિરૂધ્ધ જેઓએ ષડયંત્ર રચ્યુ તેના નામ મહેન્દ્ર ચાવલા, સતીષ વાધવાણી, જીતુ સોની, રાજુ ચાંડક નાઓને તે જાણતા હોવાનું અને આ કેસમાં ભોગ બનનાર તેમજ તેમના બહેન અને તે બંનેના પતિઓ સાથે ફરીયાદ કરતા પહેલા ચાર દિવસ અગાઉ જીતુ સોની કે જેઓ ક્રિમીનલ બેગ્રાઉન્ડ ધરાવતા વ્યકિત છે તેને મળવા ગયેલ હોવાનું તેમજ સતીષ વાધવાણી અને ભોગ બનનારની બહેને ફરીયાદ કરતા અગાઉ ઘણી વખત ફોન ઉપર વાતચીત કરેલ હોવાનું અને આ સતીષ વાધવાણી મહેન્દ્ર ચાવલા, રાજુ લંબુ, અમૃત પ્રજાપતિ જોડે મળી ષડયંત્રમાં સામેલ હોવાનું જણાવેલ છે. જો કે તેઓને આ બાબતની કોઈ જાતમાહીતી નહી હોવાનું તેમજ તેઓએ પ્રત્યક્ષ હાજર રહી ભોગ બનનાર તેમજ ષડયંત્રકારીઓ વચ્ચેની વાતચીત સાંભળેલ નહી હોવાનું તેમજ ભોગ બનનાર અને ષડયંત્રકારીઓને એક સાથે જોયેલ નહી હોવાની મહત્વની કબુલાત કરેલ છે. વધુમાં દીપેશ અને અભિષેકના મૃત્યુ બાદ સમગ્ર અમદાવાદમાં આશારામ બાપુ તથા આશ્રમ વિરૂધ્ધ ઉગ્ર દેખાવો થયેલ હોવાનું તેમજ તે સમયગાળામાં આશ્રમ વિરૂધ્ધ અડાલજ પોલીસ સ્ટેશનમાં કેસો થયેલ હોવાનું તેમજ દીપેશ અને અભિષેકના અપમૃત્યુ બાદ આશારામ બાપુનું નામ ખરાબ થયેલ હોવાનું (જો કે સાહેદ મીડીયા અને ષડયંત્રકારી ઓએ નામ ખરાબ કરેલ હોવાનું ) તેમજ

દીપેશ અને અભિષેકના મૃત્યુની તપાસ અર્થે સરકારે જસ્ટીસ ડી. કે. ત્રિવેદી પંચ નીમેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદે આરોપી નં. (૧) આશારામ બાપુ વિરૂધ્ધ ષડયંત્ર રચનાર ઈસમોના નામ આપેલ છે. આમ, બચાવપક્ષ આ સાહેદની જુબાનીથી કોઈ જ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નહી હોવાનું જણાવેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લઈ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરી શકેલ હોઈ. આરોપીઓને કાયદામાં દર્શાવેલ મહતમમાં મહતામ સજા કરવા અપીલ ગુજારેલ છે.

**(૪૬)** વિ. સ્પે. પી. પી. કોડેકરનાઓએ મારી સમક્ષ ભારપુર્વક રજુઆત કરેલ છે કે ફરીયાદપક્ષના કેસ અન્વયે સને–૧૯૯૬ માં સુરત મુકામે જન્માષ્ટમીનો પ્રોગ્રામ ઉજવવામાં આવેલો હોવાનું જણાવવામાં આવેલ છે. જયારે બચાવપક્ષ સને–૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત નહી પરંતુ રાજકોટ મુકામે ઉજવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ બચાવપક્ષ દવારા માત્ર ફરીયાદણ યાને ભોગ બનનાર સીવાય અન્ય કોઈપણ સાહેદોની ઉલટતપાસમાં સને–૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત મુકામે ઉજવવામાં આવેલ નહી હોવાનું સઝેસન પણ રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૫) તરીકે તપાસવામાં આવેલ રાકેશ જયંતીભાઈ પટેલનાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૭) માં સને ૧૯૯૬માં જન્માષ્ટમીમાં આશારામનો રાજકોટમાં પ્રોગ્રામ હોવાનું જણાવેલ છે. પરંતુ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૨) માં જ જાન્યુઆરી –૧૯૯૭ થી જાન્યુઆરી –૨૦૦૯ સુધી વિડીયોગ્રાફર તરીકે સેવા આપેલ હોવાનું અને તે દરમ્યાન આરોપી નં.(૧) આશરામ બાપુની શીબીરોમાં જતા હોવાનું જણાવેલ છે. આમ સદર સાહેદ ૧૯૯૭ માં વિડીયોગ્રાફર તરીકે જોડાયેલ હોઈ તો તેઓને ૧૯૯૬ ની વાતની કેવી રીતે ખબર પડે ?. ત્યારબાદ, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૪૫)

તરીકે તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૨) માં તેઓ નારાયણ સાંઈની મદદમાં હોવાનું જણાવેલ છે. તેમજ તેઓ સને–૨૦૦૬ સુધી આશ્રમમાં રસોઈયા અને બીજી સેવા માટે રહેલ હોવાનું જણાવેલ છે. આમ સદર સાહેદે સને–૧૯૯૬ થી આશારામ સાથે જોડાઈ ગયેલ હોવાનુ જણાવેલ નથી. (વધુમાં તેઓએ તેમની જુબાનીના પેરા નં.(૩) માં તેઓ મોટેરા આશ્રમ અમદાવાદ આશરે સાત આઠ વર્ષ સુધી રહેલ હોવાનું જણાવેલ છે. પરંતુ કયા સમયથી કયા સમય સુધી તેઓ મોટેરા આશ્રમમાં રહેલ તે હકીકત જણાવતા નથી. તેમજ તેમના જણાવ્યા મુજબ સને–૧૯૯૧ થી એટલે કે સદર સાહેદ સમર્પિત થયાના સમયથી સાત આઠ વર્ષ ગણીએ તો ૧૯૯૭ – ૯૮ માં સાત–આઠ વર્ષ થાય.) વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનાર ની જન્મતારીખ–૧૨/૪/૧૯૮૦ છે. આમ સને – ૧૯૯૫ – ૯૬ માં ભોગ બનનારની ઉંમર આશરે ૧૫–૧૬ વર્ષની હશે અને તે સમયે ફરીયાદપક્ષ યાને ભોગ બનનારી બહેન અને બચાવપક્ષના સાહેદ નં. (૧) ગીતાબેનની ઉંમર આશરે ૧૩ – ૧૪ વર્ષની હશે અને તે સમયે ફરીયાદણ યાને ભોગ બનનાર દસમાં ધોરણમાં બે વાર નાપાસ થયેલ છે. વધુમાં બચાવપક્ષ તરફથી આંક– ૬૫૪ થી રાજકોટથી પ્રસિધ્ધ થતા તારીખ–૦૩/૦૯/૧૯૯૬ તથા તારીખ– ૦૪/૦૯/૧૯૯૬ ના ''સાંજ સમાચાર'' દૈનિક ન્યુઝ પેપરમાં સને–૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ મુકામે રાખવામાં આવેલ હોવાના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. અને તે સંદર્ભે બચાવપક્ષ તરફથી સદર ન્યુઝ પેપરના તંત્રીશ્રી યશવંતભાઈ નરોતમદાસ શાહનાઓને સાહેદ નં.(૬) તરીકે તપાસવામાં આવેલ છે. પરંતુ તે સમાચારનું રીપોર્ટીંગ કરનાર કોઈ પ્રેસ રીપોર્ટરને તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં સમાચાર પત્રને Evidentary value ના આપી શકાય તેમ જણાવેલ છે. એટલુ જ નહી બચાવપક્ષ પાસે તમામ સત્સંગ–શીબીર તથા પ્રોગ્રામોના વિડીયો રેકોર્ડીંગ તેમજ ફોટોગ્રાફસ હોવા છતાં સને

–૧૯૯૬ ના રાજકોટમાં યોજાયેલ જન્માષ્ટમીના પ્રોગ્રામની વીડીયોગ્રાફી કે ફોટોગ્રાફસ ઈરાદા પુર્વક રજુ કરવામાં આવેલ નથી. તેમજ તે સંબંધે તપાસનીશ અધિકારીને તેઓની ઉલટતપાસમાં પણ કોઈ સવાલ કરવામાં આવેલો નથી. એટલુ જ નહી આરોપી નં.(૧) આશારામના વડપણ હેઠળ ઋષિપ્રસાદ મેગેઝીન પણ પ્રસિધ્ધ થતુ હોવા છતાં ૧૯૯૬ ના રાજકોટના જન્માષ્ટમી ના પ્રોગ્રામ સંબંધે સદર મેગેઝીનમાં રજુ થયેલ સમાચારની નકલ પણ રજુ કરવામાં આવેલ નથી.

(૪૭) ફરીયાદપક્ષ તર્ફે સ્પે. પી. પી. શ્રી કોડેકરનાઓએ જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગબનનાર ૧૯૯૭ માં દસમાં ધોરણમાં અભ્યાસ કરતી હોવાનું જણાવે છે અને તેણીએ ૧૯૯૫ માં પણ દસમાં ધોરણની પરીક્ષા આપેલી અને તેણી ફેઈલ થયેલ.આમ, કોઈપણ વિદ્યાર્થી જે ધોરણમાં ગમે તેટણી વાર નાપાસ થાય તો પણ ધોરણમાં જ રહે. ખરેખર તો બચાવપક્ષે ફરીયાદણ યાને ભોગબનનારને તેણી રેગ્યુલર વિદ્યાર્થી ન હતી તેવુ પુછવુ જોઈએ પણ પુછેલ નથી. ફરીયાદણ તેણીના ઉલટતપાસના પેરા નં.(૩૧) માં તેણી સને–૧૯૯૭ થી આશ્રમમાં હોવાનું જણાવે છે. આમ, બચાવપક્ષ દવારા મુખ્યત્વે Omission સંદર્ભે ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ તહેસીલદારના ચુકાદા અન્વયે Omission પુરવાર કરવા માટે Previous statement લાવવા પડે. જે બચાવપક્ષ દવારા લાવવામાં આવેલ નથી.

(૪૮) વિ. સ્પે. પી. પી. કોડેકરનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ દવારા દસ છોકરીઓને વકતા બનાવવા માટે બોલાવવામાં આવેલ નહી તેઓ કોઈ સવાલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ નથી અને સને–૨૦૦૧ માં ભુકંપ સમયે વકતા અંગેની Temporary Arrangement કરવામાં આવેલ અને તે સમયે ફરીયાદ યાને ભોગ

બનનારને પણ વકતા બનાવવામાં આવેલ. વધુમાં ફરીયાદપક્ષના સાહેદ નં.(૨૩) જીગ્નેશ અરવિંદભાઈ પટેલનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે, આશારામ બાપુના રસોઈયાનુ નામ અખીલ ગુપ્તા હોવાનું તેમજ તે આશારામની રસોઈ બનાવતો હોવાનુ અને સાત થી આઠ વર્ષ આશારામની સાથે રહેલ હોવાનું અને તે રસોઈયો બાપુની સાથે જ રહેતો હોવાનું અને બાપુ બહારગામ જાય ત્યારે પણ આ અખીલ આશારામ બાપુ પાસે જતો હતો. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૪) માં શાંતી વાટીકામાં મહીલાઓને જવાનો પ્રતિબંધ હોવાનો શાંતીવાટીકામાં આશારામ બાપુ પાસે મહીલાઓ જતી હોવાનું અને તે સમયે તેઓએ વાંધો લીધેલ હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષના સાહેદ નં.(૨૬) રાજુ ચાંડકનાઓ લક્ષ્મીબેન અને ભારતીબેન મહીલા આશ્રમમાં રહેતા હોવાનું અને ભારતીબેન લગ્ન બાદ પણ મહીલા આશ્રમમાં રહેતા હોવાનું જણાવેલ છે. વધુમાં બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૧૩) નિશાંતભાઈ જાદવાણી જણાવે છે કે રેકોર્ડીગ મુજબ સતીષ વાધવાણી આશ્રમમાં કોલ ગર્લ્સ મોકલીને ખોટા કેસો ઉભા કરવાનું ષડયંત્રનો પ્રયાસ કરી રહયો હતો તેવુ તેઓએ સાંભળેલ છે અને સદર વિગતો રેકોર્ડીગને આધારે તેઓએ સાંભળેલ હોવાનું જણાવેલ છે. પરંતુ જો શાંતીવાટીકામાં મહીલાઓને જવાનો પ્રતિબંધ હોય તો કોલ ગર્લ્સ પણ કેવી રીતે જઈ શકે. આમ સને-૨૦૧૩ માં આશ્રમની વિરૂધ્ધનું સ્ટીંગ કરવામાં આવે છે અને તેમાં થર્ડ પાર્ટી ફરીયાદ કરે છે તેમજ ષડયંત્રના સુત્રોધારો પૈકી જીતુ સોની અને સતીષ વાધવાણીનો Motive શું હતો તે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તેમજ સાહેદ નિશાંતભાઈએ કોઈપણ વ્યકિત આશ્રમમાં સિકયુરીટી તરીકે ન હતા તેવુ જણાવેલ છે. આમ દેવેન્દ્ર પ્રજાપતિ સિકયુરીટી તરીકે હોવાની હકીકતનો છેદ ઉડી જાય છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૪૯) વિધ્વાન સ્પે. પી. પી. શ્રી કોડેકર નાઓએ જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની જુબાનીના પેરા નં.(૯) માં કહેવાતા બનાવ સમયે તેણીની સાથે ટીના એકયુપ્રેસરનાઓને પણ શાંતીવાટીકામાં લઈ જવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ નીચેની અદાલતના રેકર્ડમાં આંક–૪૪ થી ટીના ઉર્ફે જીગીશા શશીકાંત ગાંધીનાઓની તારીખ–૧૪/૧૦/૨૦૧૩ ની એફીડેવીટ રજુ થયેલ છે. સદર એફીડેવીટ વંચાણે લઈએ તો તેમાં ટીના એકયુપ્રેસરનું સરનામુ સતી અનસુયા આશ્રમ, સંતશ્રી આશારામજી આશ્રમ નજીક, મોટેરા, સાબરમતી દર્શાવવામાં આવેલ છે. આમ ટીના એકયુપ્રેસર આરોપી નં.(૧) આશારામ તથા તેઓના આશ્રમ સાથે જોડાયેલી છે. વધુમાં સદર એફીડેવીટ સંદર્ભે પ્રથમ તપાસનીશ અધિકારી પાસે જતા નથી. તેવી જ રીતે ઉમા પાંડેનાઓની પણ તારીખ –૧૧/૧૦/૨૦૧૩ ની એફીડેવીટ જોઈએ તો તેમાં મોરબીનું સરનામુ દર્શાવવામાં આવેલ છે. તે નોટરી રૂબરૂની એફીડેવીટ રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવામાં આવેલ. વધુમાં ચીફ કોર્ટ ગાંધીનગરનાઓએ તેણીએ કરેલ અરજી સંદર્ભે તેણીનું નીવેદન તેણીના રહેઠાણના સરનામે જઈ નોંધવાનો હુકમ કરેલો. વધુમાં તપાસનીશ અધિકારીએ અખીલને આરોપીમાંથી સાક્ષી ગણવા અંગે તપાસનીશ અધિકારીએ ચીફ કોર્ટમાં આંક– ૫૪ (પેજ નં.૭૭૭) થી રીપોર્ટ કરેલ અને તે સંદર્ભે ફરીયાદપક્ષ AIR 1968 SC Page No-938 ના ચુકાદા ઉપર આધાર રાખતા હોવાનું જણાવેલ છે. આમ, અખીલ ગુપ્તાનાઓને આરોપીમાંથી સાક્ષી બનાવવા/ ગણવા માટે બચાવપક્ષ તરફથી દલીલના સ્ટેજે આ મુદ્દો ઉઠાવવામાં આવેલ છે. પરંતુ તપાસનીશ અધિકારી દવારા ચાર્જશીટમાં પણ તે અંગે ઉલ્લેખ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારને કહેવાતા બનાવના એકાદ મહીના પછી ફરીથી ધ્રુવબેન તેણીને બોલાવવા આવેલ અને તેણીને ભારતીબેન બોલાવે છે તેવુ જણાવતા તેણી સંતાઈ ગયેલ. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર કયા સંતાઈ

ગયેલ તેનો કેસ નથી કે તે એટલુ મહત્વનું નહી હોવાની દલીલ કરવામાં આવેલ છે.

(૫૦) વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ એવી રજુઆત કરેલ છે કે, અખીલ ગુપ્તા નાઓના આંક–૮૨૬ વાળા સી. આર. પી. સી કલમ– ૧૬૪ ના નિવેદનમાં ટીનાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદણ યાને ભોગ બનનાર રોયેલ હોવાનો તેઓને અહેસાસ થયેલ તેમ જણાવેલ છે. તે વખતે અખીલનુ મર્ડર થયેલ ન હતું. અને વર્ષા પોતે શાંતીવાટીકામાં રહેતી હોવાનું કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં અખીલ જણાવે છે કે, તેઓએ ઘંટડી વાગે ત્યારે શાંતી વાટીકામાં જવાનું, પરંતુ દુષ્કર્મ વખતે ટીના હાજર ન હતી. આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૩ જોતાં જુબાનીમાં જે બોલવામાં આવે તે એવીડન્સ ગણાય. વધુમાં બચાવપક્ષ તરફે એવી તકરાર ઉઠાવવામાં આવેલ છે કે આ કેસની એકતરફી તપાસ કરવામાં આવેલ છે. પરંતુ જો ખરેખર તેમ હોત તો ફરીયાદણ યાને ભોગ બનનારના સાત થી આઠ નિવેદનો લેવાની જરૂરત જ ન ઉદભવે અને તપાસનીશ અધિકારીએ જાતે જ બધુ લખી લીધુ હોત. વધુમાં બચાવપક્ષ તરફ કહેવાતા બનાવ સમયે શાંતીવાટીકાના રૂમમાં ઘી ઢોળાયેલ તે કે તેના ડાઘા જોવા મળેલ નહી હોવાનું જણાવવામાં આવે છે. પરંતુ બચાવપક્ષની આ હકીકત સામે ફરીયાદપક્ષ જણાવે છે કે, શું અખીલ ઈન્સ્પેકટર હતો કે તે ઢોળાયેલ ઘી જોવા થાય ?. વધુમાં ફરીયાદપક્ષ તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે સને–૨૦૦૮ થી ૨૦૧૨ વચ્ચે ષડયંત્રકારીઓ મળ્યા નહી અને તે સંબંધે ચુપ રહેલ. ત્યારબાદ સને–૨૦૧૩ માં સેજલબેનનું સ્ટીંગ લઈ આવ્યા અને સેજલબેનની જુબાની મુજબ પચાસ કરોડની માંગણીનો ફેકસનો તુકકો લઈ આવ્યા. ખરી રીતે તો કહેવાતો ફેકસ કયાથી આવેલો તેની સદર સાહેદને માહીતી નહી હોવાનું તેમજ ફેકસ સને–૨૦૦૮ નો હોવાનું અને ૨૦૧૩ માં તેણીને (સેજલે) તેણીના પતિએ ફેકસ બતાવેલ હોવાનું અને સ્ટીંગ અર્થે સુરતમાં

રહેવાનું પસંદ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કહેવાતું સ્ટીંગ લીગલ નહી હોવાનું અને પ્રાઈવેટ વ્યકિતના સ્ટીંગની હકીકત સંપુર્ણપણે સાચી જ હોવાનું માની શકાય નહી. વધુમાં સાહેદ સેજલબેન કતાર પોલીસ સ્ટેશનમાં ખોટી અરજી આપે છે. પરંતુ તારીખ–૦૮/૦૮/૨૦૦૮ ના કહેવાતા રૂપિયા પચાસ કરોડના ફેકસ અંગે કંઈ જણાવતા નથી. વધુમાં જીતુ સોની અને સતીષ વાઘવાણીને આરોપી નં.(૧) આશારામ સાથે શું બન્યુ જેથી તે ષડયંત્રકારીઓ બની ગયા ?. એટલુ જ નહી બચાવપક્ષ દવારા એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે કહેવાતા બનાવ સમયે ફરીયાદણ યાને ભોગ બનનાર જે ગાડીમાં ગયેલ તે ગાડીની માલીકી સંદર્ભે કોઈ તપાસ કરવામાં આવેલ નથી જે દલીલ અુનસંધાને ફરીયાદ તરફે સ્પે. પી. પી. શ્રીનાઓએ જણાવેલ છે કે આ પ્રોહીબીશન કે એન. ડી. પી. એસ. નો કેસ નથી પરંતુ રેપનો કેસ છે.

**(૫૧)** વિ.સ્પે.પી.પી. શ્રી કોડેકરનાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદણ જયારે ફોનથી આરોપી નં.(૧) આશારામને રીપોર્ટ આપતા હતા ત્યારે તેઓ ફોન ઉપર પણ બીભસ્ત વાતો કરતા હોવાનું જણાવેલ છે. તેમજ સને–૨૦૦૫ માં મોડાસા નજીક આવેલ ગાભોઈ આશ્રમ ખાતે ફરીયાદણ યાને ભોગ બનનાર આરોપી નં.(૧) આશારામને રીપોર્ટ આપવા ગયા ત્યારે પણ તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનારના કપડામાં છાતી ઉપર હાથ નાખેલો. આ ઉપરાંત ફરીયાદણે તેની ફરીયાદમાં જણાવેલ અન્ય હકીકતો ધ્યાને લેતાં આ Continuing offence હોવાનું ફલીત થાય છે. વધુમાં સાહેદ સરોજબેનના પતિ અમૃત પ્રજાપતિનું આશારામના માણસોએ તારીખ ૨૩/૦૫/૨૦૧૪ ના રોજ ખુન કરી નાખેલ. જેથી તે ખુનની હકીકત તેઓએ તેમના નિવેદનમાં જણાવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૭) થી તપાસવામાં આવેલ સાહેદણ તૃપ્તીબેને બચાવપક્ષ દવારા કરવામાં

આવેલ ઉલટતપાસમાં આરોપી નં.(૧) આશારામે શકિતપાત કરતા હોવાનું તેમજ તેઓનું લીંગ મોઢામાં નાખીશ તો તું બહુ મહાન વકતા બનીશ તેમ જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ના સાહેદ નં.(૩૫) રાકેશ જયંતીભાઈ પટેલનાઓને આરોપી નં.(૧) આશારામનાઓએ પણ તેઓ બ્રહમજ્ઞાની ગુરૂ હોવાનું તેમજ તેઓ આ જે કંઈ પણ લીલા કરે છે તેનો દોષ તેઓને નહી લાગે. તેમજ પેરા નં.(૨૬) માં ડીસેમ્બર –૨૦૦૮ માં તેઓ દીલ્હી હતા ત્યારે આરોપી નં.(૧) આશારામે તેઓને ફોન કરીને જણાવેલ કે તેઓ સ્ત્રીઓના કારણે બદનામ છે પણ તેઓ તેમના નિજાનંદ રૂપમાં મસ્ત છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૪) તરીકે તપાસવામાં આવેલ વિમલેશભાઈ ભાઈલાલભાઈ ઠકકરનાઓની જુબાનીમાં બચાવપક્ષ દવારા સુરતની સેશન્સ કોર્ટના સેશન્સ કેસ નં. ૧૪૧/૨૦૧૪ ની જુબાનીની સર્ટીફાઈડ નકલ આંક– ૪૮૭ થી રજુ કરવામાં આવેલ છે. જે સંદર્ભે સ્પે. પી.પી.શ્રીએ જણાવેલ છે કે, અન્ય કેસની જુબાની હાલના કેસમાં લાવી ન શકાય.

**(૫૨)** સ્પે. પી. પી. કોડેકરનાઓએ રજુઆત કરેલ છે કે, સદર કામના આરોપી નં.(૧) આશારામ ને જે છોકરી/સ્ત્રી પસંદ પડે તે સંદર્ભે તેઓ દવારા Certain gesture કરવામાં આવતા હતા. જે માત્ર ઢેલ ઉર્ફે નિર્મલા, બગલો ઉર્ફે મીરા, ધ્રુવબેન, ભારતીબેન તથા લક્ષ્મીમૈયા સમજી શકતા હતા. હાલના કેસમાં પણ ફરીયાદ યાને ભોગ બનનારને એપલ આપવામાં આવેલ છે. તેમજ તેણીને મહાન વકતા બનાવવાની લાલચ પણ આપવામાં આવેલ છે. તેમજ ''મહાન નારી'' તથા ''તુ ગુલાબ હો કર મહેક'' નામના પુસ્તકો આપી તે વાંચવા જણાવેલ તેમજ ટોર્ચથી પ્રકાશ ફેકવામાં આવતો હતો તેમજ ફુલોનો હાર તથા પ્રસાદ પણ આપવામાં આવતો હતો જે એક નોંધવા લાયક હકીકત હોવાની જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના જજમેન્ટસો રજુ કરવામાં આવેલ છે.

(૨૧) ફરીયાદપક્ષ તરફથી તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબની કાયદાકીય ઓથોરીટીઓઝ રજુ કરવામાં આવેલ છે.

| Sr. No | CITATION | PARTY NAME |
|---|---|---|
| 1 | 2020(18) SCC 540 | Assessment of the criminal justice system in response to sexual offences. |
| 2 | 2013(14) SCC 266 | R.Shaji V/s State of Kerala. |
| 3 | 1997(4) SCC 161 | Ratansingh V/s State of H.P. |
| 4 | 1975(4) SCC 153 | Pedda Narayan V/s State of A.P. |
| 5 | 2011(4) SCC 336 | Ranjitsingh And others V/s State of Madhya Pradesh. |
| 6 | 2011(4) SCC 324 | State of U.P. V/s Naresh and others. |
| 7 | 2008(5) SCC 368 | A.V.Ramana V/s Public Prosecutor. |
| 8 | 2000(1) SCC 230 | State Of H.P V/s Tara Dutt. |
| 9 | 2011(6) SCC 508 | Noida Entreprenure Association V/s Noida and others. |
| 10 | 2013 (2) SCC 435 | Udai Shankar Awasthi V/s State of U.P. |
| 11 | 2007(7) SCC 394 | Japani Sahoo V/s Chandra Shekhar Mohanti. |
| 12 | 2010(9) SCC 368 | Sajjan Kumar V/s CBI. |
| 13 | 2010(2) SCC 398 | P Vijayan V/s State of Kerala. |
| 14 | 2001(6) SCC 71 | State of H.P. V/s Gian Chand. |
| 15 | 2009(1) SCC 420 | State of Himachal Pradesh V/s Prem Singh. |
| 16 | 2022(2) SCC 74 | Phool Singh V/s State of M.P. |
| 17 | 2020(10) SCC 573 | Ganeshan V/s State. |
| 18 | 2019 (16) SCC 759 | State of H.P. V/s Manga Singh. |
| 19 | 2017(6) SCC 1 | Mukesh Another V/s State (NCT of Delhi) and others. |
| 20 | 1983(3) SCC 217 | Bharwada Bhoginbhai Hirjibhai V/s State of Gujarat. |
| 21 | 1991(3) SCC 562 | Gagan Bihari Samal V/s State of Orissa. |

| | | |
|---|---|---|
| 22 | 1996(1) SCC 490 | Bodhisatwa Gautam V/s Shubra Charaborti. |
| 23 | 1996 (2) SCC 384 | State of Punjab V/s Gurmit singh and others. |
| 24 | 2000(1)SCC 247 | State Of H.P. V/s Lekh Raj and Others. |
| 25 | 2005(5) SCC 194 | Kamalanantha and others V/s State of T.N. |
| 26 | 2015 (9) SCC 588 | V.K.Mishra and others V/s State of Uttarakhand. |
| 27 | 2019(12) SCC 326 | State Of M.P. V/s Chhaakki Lal. |
| 28 | 1990 (1) SCC 550 | State of Maharastra V/s C.K. Jain. |
| 29 | 2014(6) SCC 495 | Rajat Prasad V/s CBI. |
| 30 | 1999(9) SCC 525 | Leela Ram V/s State of haryana. |
| 31 | 2004(7) SCC 775 | Sri Narayan Saha and another V/s State of Tripura. |
| 32 | 1996(8) SCC 217 | State of Rajasthan V/s Kishore . |
| 33 | 2014(3) SCC 92 | Hardeep Singh V/s State of Punjab. |
| 34 | 2002 (2) GLR 960 | Chandrasinh V/s State of Gujarat. |
| 35 | 1999 (4) SCC 621 | State of kerala V/s Babu and others. |
| 36 | 1984 GLH 233 | Nareshkumar Kikabhai Tandel V/s State of Gujarat. |
| 37 | 1967 GLR 25 | Ismile Bijalbhai V/s State of Gujarat. |
| 38 | AIR 1959 MP 391 | State of M.P V/s Kalu Kachru Keer. |
| 39 | AIR 1959 SC 1012 | Tahsildar Singh and Another V/s State of U.P. |
| 40 | 2007 (13) SCC 530 | Paramjit Singh @ Mithu Singh V/s State of Punjab . |
| 41 | 2006 (12) SCC 64 | Rotash V/s State of Rajasthan. |
| 42 | 2003 (2) SCC 518 | Amar Singh V/s Balwinder Singh and Others. |
| 43 | 2003 (1) SCC 456 | State Of UP V/s Jagdeo and others. |
| 43 | 2002 (8) SCC 381 | Gangadhar Behera and others V/s State of Orrisa. |
| 44 | 2002 (3) SCC 57 | Allarakha Mansuri V/s State Of Gujarat. |
| 45 | 2002(6) SCC 81 | Krishna Mochi And others V/s State of Bihar. |
| 46 | AIR 1965 SC 277 | Ugar Ahir and others V/s State of Bihar. |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## (૨૨) આરોપી નં.(૧) (૩)(૪)(૫) તથા (૭) તરફેની લેખિત દલીલોનો ટૂંકસાર.

**ફરીયાદપક્ષની ઉપરોકત દલીલોનો વિરોધ કરી પ્રતિ દલીલ કરતાં આરોપી નં.(૧) (૩)(૪)(૫) તથા (૭) તર્ફે વિ.વ.શ્રી સી. બી. ગુપ્તા નાઓએ મારી સમક્ષ દલીલ કરેલ છે કે,**

**(૧)** ક્રિમીનલ જયુરીસપ્રુન્ડસના સ્વીકૃત સિધ્ધાંત અન્વયે સો ગુનેગારો ભલે છુટી જાય પરંતુ એક નિર્દોષ વ્યકિતને સજા થવી જોઈએ નહી. ખોટા સાક્ષીઓ ઉભા કરી શકાય કે માણસ જુઠુ બોલી શકે, પરંતુ સંજોગો જુઠુ બોલી શકતા નથી કે સંજોગો ખોટા ઉભા કરી શકાતા નથી. ફરીયાદપક્ષના કેસ અન્વયે કહેવાતો બનાવ સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના સમયે બનવા પામેલ છે અને કહેવાતા બનાવની સને–૨૦૧૩ માં એટલે કે આશરે બાર વર્ષ જેટલી મોડી ફરીયાદ આપવામાં આવેલ છે. સદર કામે ફરીયાદણ યાને ભોગ બનનાર સને–૨૦૦૭ માં આશ્રમ છોડી પોતાના માતા પિતાને ત્યાં રહેવા જતા રહેલા. ફરીયાદણ યાને ભોગ બનનારે સને–૨૦૦૧ થી ૨૦૧૩ સુધીમાં કહેવાતા બનાવની કોઈ ફરીયાદ કે અરજી શુધ્ધા પણ કરેલ નથી. એટલુ જ નહી સને–૨૦૦૧ થી ૨૦૧૩ સુધીના બનાવો સંદર્ભેની કોઈ એફીડેવીટ કે કોઈ લખાણ પણ પોતાની પાસે રાખેલ નથી. ફરીયાદપક્ષ તરફથી આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદના પેરા નં.(૨) માં દર્શાવ્યા અનુસાર સને–૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન ફરીયાદણ યાને ભોગ બનનાર સુરત મુકામે જહાંગીરપુરા ખાતે આવેલ આશારામ બાપુના આશ્રમમાં સત્સંગ યાને શીબીરમાં ગયેલ. આમ સને–૧૯૯૬ નો બનાવ જહાંગીરપુરા, સુરત ખાતેનો છે. પરંતુ સને–૧૯૯૬ માં જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત મુકામે ઉજવવામાં આવેલ જ ન હતો. જે હકીકતને ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ રાકેશ જયંતીભાઈ પટેલનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ

ઉલટતપાસનાં પેરા નં.(૩૭) માં સ્વીકાર કરેલ છે કે, સને–૧૯૯૬ માં જન્માષ્ટમીમાં આશારામનો પ્રોગ્રામ રાજકોટ મુકામે હતો. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખનાઓ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૩૭) માં જણાવે છે કે સને–૧૯૯૬ માં જન્માષ્ટમીનો પ્રોગ્રામ આશારામે રાજકોટમાં ઉજવેલો. ત્યારબાદ બચાવપક્ષ તર્ફે સાહેદ નં. (૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન હીરપરા નાઓએ પણ તેઓની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે, સુરત આશ્રમમાં હોળી, જન્માષ્ટમી અને ડીસેમ્બર માસમાં નાતાલ પર્વે પ્રોગ્રામો થતા હતા અને આ પ્રોગ્રામોમાં તેઓને જવાનું થતુ હતું. જન્માષ્ટમીનો એક વર્ષનો પ્રોગ્રામ સુરત આશ્રમ ખાતે થયેલ ન હતો. તે આશરે –૧૯૯૬ નું વર્ષ હતું. ત્યારબાદ બચાવપક્ષ તરફે સાહેદ નં. (૬) તરીકે તપાસવામાં આવેલ સાંજ સમાચાર, રાજકોટથી પ્રસિધ્ધ થતા દૈનીક ન્યુઝ પેપર ના સને–૧૯૯૬ ના વર્ષના એડીટર યશવંતભાઈ નરોત્તમભાઈ શાહનાઓએ પણ તારીખ ૦૩/૦૯/૧૯૯૬ તથા તારીખ–૦૪/૦૯/૧૯૯૬ એમ બંને દીવસના સાંજ સમાચાર ન્યુઝ પેપરમાં જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ મુકામે ઉજવવામાં આવનાર હોવાના સમાચાર પ્રસિધ્ધ થયેલા અને જે બંને ન્યુઝ પેપર્સ સદર કામે આંક– ૬૫૪ થી રજુ કરવામાં આવેલ છે. આ તબકકે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ મારી સમક્ષ દલીલ કરેલ છે કે, ૧૯૯૬ માં આરોપી નં.(૧) આશારામને ભવિષ્યમાં એટલે કે સને– ૨૦૧૩ માં તેઓની સામે કેસ (હાલનો કેસ) થશે તે હકીકતની ખબર ન હતી. સામાન્ય:ત દર વર્ષ જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત મુકામે જ થતો હોય છે પણ સને–૧૯૯૬ માં જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ મુકામે ઉજવવામાં આવેલ. જે હકીકતને આંક–૬૫૪ થી તારીખ–૦૩/૦૯/૧૯૯૬ તથા તા.૦૪/૦૯/૧૯૯૬ ના રાજકોટથી પ્રસિધ્ધ

થતા સાંજ સમાચાર, ન્યુઝ પેપરમાં આવેલ હકીકત અન્વયે પણ ૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ ખાતે ઉજવવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી દિવ્યા રવિયા જાડેજા નાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૮) માં પણ સ્વીકાર કરેલ છે કે સને -૧૯૯૬ માં આરોપી નં.(૧) આશારામ બાપુનો સુરત ખાતે પ્રોગ્રામ હોય તેવી તપાસ કરેલી પરંતુ તે આક્ષેપના સમર્થનમાં કોઈ પુરાવો મળી આવેલ નહી. ત્યારપછી પણ તેઓએ જણાવેલ છે કે, ૧૯૯૬ માં ફરીયાદણ સુરત ખાતે જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન ગયેલ હોય તે ફરીયાદણના શબ્દો સીવાય તેઓની તપાસમાં અન્ય કોઈ પુરાવો મળી આવેલ નહી. આમ ફરીયાદપક્ષ તરફથી (૧) સાહેદ નં-(૩૫) થી તપાસવામાં આવેલ સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલ (૨) સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ (૩) સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી દિવ્યા રવિયા જાડેજા (૪) બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ગીતાબેન હીરપરા તથા (૫) બચાવપક્ષ તરફે સાહેદ નં.(૬) તરીકે તપાસવામાં આવેલ યશવંતભાઈ નરોત્તમભાઈ શાહની જુબાનીમાં આંક-૬૫૪ થી રજુ થયેલ સાંજ સમાચાર ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ થયેલ સમાચારથી પણ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે સને-૧૯૯૬ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ રાજકોટ ખાતે ઉજવવામાં આવેલ હોવા છતાં ફરીયાદણ યાને ભોગ બનનારનાઓએ ફરીયાદને અતિ ગંભીર બનાવવા માટે સને-૧૯૯૬ થી ખોટા આક્ષેપો કરેલ છે.

**(૨)** બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ મારી સમક્ષ ભારપુર્વક દલીલ કરેલ છે કે, ફરીયાદણ સને- ૧૯૯૬ માં જન્માષ્ટમીના પ્રોગ્રામમાં આરોપી નં.(૧)

આશારામ બાપુને મળ્યા જ ન હતા તો ૧૯૯૭ માં હોળીની શીબીર વખતે ''તુ તો વહી હૈ ના, જો મુઝે મીલી થી '' તેવુ કહેવાનો તેમજ અમદાવાદ મુકામે અનુષ્ઠાન કરવા જણાવેલ હોવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કારણ કે સને–૧૯૯૬ ના જન્માષ્ટમી તથા ૧૯૯૭ ના હોળીના બનાવની હકીકતો Inter related છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર દવારા સને– ૧૯૯૬ ના જન્માષ્ટમી લગત તથા સને–૧૯૯૭ ના હોળી લગત જે આક્ષેપો કરવામાં આવેલ છે તે તદન ખોટા અને ઉપજાવી કાઢેલા છે. ફરીયાદણ યાને ભોગ બનનાર ખોટી હકીકતને છુપાવવા માટે વધારે ખોટું બોલતા હોવાનું ફલીત થાય છે. જે સંદર્ભે વિ.વ.શ્રી ગુપ્તાના ઓએ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૭) થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની ઉલટતપાસના પેરા નં. (૩૫) તરફ મારૂં ઘ્યાન દોરી જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે સને–૧૯૯૭ ની સાલમાં દસમા ધોરણની પરીક્ષા આપવાની હતી તેવુ સ્વીકારેલ છે. ત્યારબાદ તેણીએ સને–૧૯૯૫ માં આઠમા ધોરણમાં અને સને–૧૯૯૬ માં નવમા ધોરણમાં ભણતી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ સને–૧૯૯૫ માં ધોરણ દસની પરીક્ષા આપેલ હોવાની હકીકત તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારપછી તેણીએ સ્વીકારેલ છે કે તેણી અંબાલાલ ગર્લ્સ હાઈસ્કુલ, સુરતમાં અભ્યાસ કરતી હતી અને તેણીનો માર્ચ –૧૯૯૫ માં દસમાં ધોરણની પરીક્ષાનો સીટ નં. બી–૦૬૦૬૧૮ યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, તેણીએ દસમાં ધોરણમાં બે વિષયમાં ફેઈલ થયેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે પરંતુ તેણીને તે સાલ યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ બે વિષયની પરીક્ષા જુલાઈ –૧૯૯૫ માં આપેલ હોવાની અને તેમા તેણીનો સીટ નં. બી–૨૨૦૯૩૩ હોવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનારે ૧૯૯૫ માં બે વખત ધોરણ દસની પરીક્ષા આપેલ હોવા છતાં તે હકીકત ખોટી હોવાનું તે કહી શકત, પરંતુ

તેણીએ તે હકીકત યાદ નહી હોવાનું જણાવેલ છે. વિ.વ.શ્રી ગુપ્તા નાઓએ ફરીયાદણ યાને ભોગ બનનારની તેઓ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૨૭) માં ભોગ બનનારે તેણીની યાદશકિત બહુ સારી હોવાનું કબુલેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદણ યાને ભોગ બનનારને આરોપી નં.(૧) એ અમદાવાદ મહીલા આશ્રમમાં અનુષ્ઠાન માટે જવાનું જણાવતા ત્યારે તેણીએ આરોપી નં. (૧) ને ''હું દસમાં ધોરણની પરીક્ષા આપ્યા બાદ વેકેશનમાં જાઉ ?'' તેમ જણાવેલ. ખરી હકીકતે તો ફરીયાદણ યાને ભોગ બનનાર માર્ચ –૧૯૯૫ તથા ઓકટોબર – ૧૯૯૫ માં દસમા ધોરણમાં બે વાર નાપાસ થયેલ હોવા છતાં તેણીએ આરોપી નં.(૧) ને દસમાં ધોરણની પરીક્ષા આ પ્યા બાદ અનુષ્ઠાન માટે અમદાવાદ મહીલા આશ્રમમાં જવાનું જણાવેલ છે. આમ સરકારી રેકર્ડ જોતા ફરીયાદણ યાને ભોગ બનનાર કેટલી હદ સુધી ખોટું બોલે છે તે સ્ પષ્ટ રીતે ફલિત થાય છે. ત્યારબાદ, વિ. વ. શ્રી ગુપ્તા નાઓએ બચાવપક્ષ તર્ફે સાહેદ નં. (૪) તરીકે તપાસવામાં આવેલ વિપુલકુમાર નરસિંહભાઈ ચૌધરીની જુબાની તરફ મારૂં ઘ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદે ફરીયાદણ યાને ભોગ બનનાર માર્ચ–૧૯૯૫ તથા ઓકટોબર– ૧૯૯૫ માં દસમાં ધોરણમાં ફેઈલ થયેલ તે મતલબનો પુરાવો આપેલ છે. જે રેકર્ડ ઉપર મોજુદ છે. એટલુ જ નહી સદર સાહેદે તેઓની જુબાની દરમ્યાન ફરીયાદણ યાને ભોગ બનનાર દસમાં ધોરણમાં ફેઈલ થયેલા તે અંગે તેઓએ ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગરની ઓફીસમાં રાખવામાં આવતા અસલ રજીસ્ટરોના ઉતારાની પ્ર માણીત નકલ અનુક્રમે આંક–૭૩૧ તથા આંક–૭૩૨ થી રજુ કરેલ છે. જે જોતા પણ ફરીયાદણ યાને ભોગ બનનાર સને–૧૯૯૫ માં દસમાં ધોરણમાં બે વખત ફેઈલ થયેલા. જેથી સને–૧૯૯૭ માં દસમાં ધોરણની પરીક્ષા આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ ભારપુર્વક જણાવેલ છે કે, જો

બચાવપક્ષને ફરીયાદણ યાને ભોગ બનનાર ૧૯૯૫ માં દસમાં ધોરણમાં બે વખત ફેઈલ થયેલાની હકીકત યાને માહીતી ના મળી હોત તો ફરીયાદણ યાને ભોગ બનનાર સને-૧૯૯૭ માં દસમાં ધોરણની પરીક્ષા આપવાના હતાં તે હકીકતને નામદાર અદાલતે Gospel truth જ માની લીધેલ હોત. આમ આરોપીઓ વિરૂધ્ધ Prejudice ઉભો કરી ખોટા આક્ષેપો કરવામાં આવેલ છે. એટલુ જ નહી બચાવપક્ષ તરફથી સાહેદ નં. (૧) તરીકે તપાસમાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન હીરપરાનાઓએ પણ તેઓની સોંગદ ઉપરની જુબાની ના પેરા નં. (૩ ) માં તેઓની મોટી બહેન યાને ફરીયાદણ / ભોગ બનનાર ધોરણ દસમાં ભણતી હતી ત્યારે બોર્ડની પરીક્ષામાં બે વાર નાપાસ થયેલાની ત્યારપછી તેણીએ ભણવાનું છોડી દીધેલ અને ઘરકામ કરતી હતી. તે મતલબનો પુરાવો આપેલ છે. એટલુ જ નહી સદર સાહેદે ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં.(૧૧) માં પણ ભોગ બનનાર ૧૯૯૫ માં ધોરણ દસમાં બે વખત નાપાસ થયેલ હોવાનું જણાવેલ છે. આમ સને-૧૯૯૭ માં ફરીયાદણ યાને ભોગ બનનારે દસમા ધોરણની પરીક્ષા આપવાની હતી તે હકીકત તેણીએ સદંતર ખોટી જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૩) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારના નાના બહેન પારૂલબેન વિમલેશકુમાર ઠકકરનાઓએ સને-૧૯૯૭ માં સુરત મુકામે તેઓ બધા હોળીની શિબિરમાં ગયેલ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી કે તે અંગેનો તેણીએ કોઈ પુરાવો પણ આપેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસ મુજબ સને-૧૯૯૭ ના બે આક્ષેપો (૧) ''તુ તો વહી હૈ ના, જો મુઝે મીલી થી'' અને (૨) સને-૧૯૯૭ માં ફરીયાદણ યાને ભોગ બનનારે ધોરણ દસની પરીક્ષા આપવાની હતી તે બંને આક્ષેપો તદન ખોટા હોવાનું નામદાર કોર્ટનાં રેકર્ડ ઉપર આવેલ છે. એટલુ જ નહી આ કામના તપાસનીશ અધિકારીએ પણ ફરીયાદણ યાને ભોગ બનનાર ધોરણ દસમા ભણતી હતી

તે અંગેનો કોઈ જ પુરાવો મેળવેલ નથી કે તપાસના કામે સામેલ રાખેલ નથી, કારણ કે જો તે અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવી જાય તો ફરીયાદપક્ષ વિરૂધ્ધ Adverse inference drawn થાય. આમ સને–૧૯૯૭ માં સુરત મુકામે જહાંગીરપુરા આશ્રમમાં હોળીની શિબિર રાખવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી અને તે સંદર્ભે એક માત્ર ફરીયાદણના શબ્દો સિવાય અન્ય જ કોઈ હકીકત કે પુરાવા મળેલ નથી. એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનારને આરોપી નં.(૧) એ ''તું અનુષ્ઠાન કરવા માટે મહીલા આશ્રમ અમદાવાદ મુકામે જા'' તેમ જણાવેલ હોવાની હકીકત પણ તદન ખોટી અને ઉપજાવી કાઢેલ છે. જયાં આરોપી નં.(૧) ફરીયાદણ યાને ભોગ બનનારને ઓળખતા જ ન હોય તો અનુષ્ઠાન માટે કહેવાનો સવાલ જ ઉભો થતો નથી. ઉલટાનું બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારના બહેન ગીતાબેન હીરપરાનાઓની સરતપાસના પેરા નં. (૪) માં '' સુરતની અમુક બહેનો અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં દસ–પંદર દિવસ માટે રહેવા જવાની હતી ત્યારે મારી બહેને/ભોગ બનનારે મારા માતા પિતાની રજા લઈને સુરતની અમુક બહેનો જોડે અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં જવાનું નકકી કરેલ હતું અને એ બહેનો દસ–પંદર દિવસ રહીને અમદાવાદ મહીલા આશ્રમથી સુરત ખાતે આવી ગયેલ હતા.'' આમ ફરીયાદણ યાને ભોગ બનનાર પોતાની મરજીથી આશ્રમમાં જવાનું સારૂં લાગતુ હોય, અનુષ્ઠાન અર્થે મહીલા આશ્રમ અમદાવાદ મુકામે ગયેલ હોવાની હકીકત બચાવપક્ષ દવારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.

**(3)** બચાવપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી ગુપ્તાનાઓએ ફરીયાદપક્ષ તરફે આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદણ યાને ભોગ બનનારની ફરીયાદના પેરા નં.(૪) માં ફરીયાદણ સને – ૧૯૯૭ માં મોટેરા મહીલા આશ્રમ, અમદાવાદ

મુકામે અનુષ્ઠાન અર્થે ગયેલ અને અનુષ્ઠાન પુરા થયા બાદ આશ્રમના સંચાલક ધ્રુવબેન પાસે ઘરે જવાની મંજુરી માંગતા તેઓએ ઘરે જવાની મંજુરી આપેલ નહી અને જણાવેલ કે ''ના તારે હજી અહીં રહેવાનું છે તારા જેવી છોકરીઓની જરૂર છે તને બાપુ મહાન વકતા બનાવવાના છે.'' તેમ જણાવી ફરીયાદણ યાને ભોગ બનનારને આશારામ બાપુની પત્ની લક્ષ્મીમૈયા પાસે લઈ જઈ તેમની સાથે મુલાકાત કરાવેલ. ત્યારે તેઓએ પણ ફરીયાદણને આશ્રમમાં રોકાઈ જવા કહેલ, જેથી ફરીયાદણ તેઓની જાતને મોટી ભાગ્યશાળી માનીને ત્યાં રોકાઈ ગયેલ. ત્યારપછી પંદરેક દિવસ પછી ફરીયાદણની મમ્મી ફરીયાદણને લેવા માટે મોટેરા આશ્રમ આવતા લક્ષ્મી મૈયાએ તેઓને કહેલ કે,'' તમારી છોકરીને ઘરે લઈ જઈને શું કરશો ? અહીં રહેવા દો, તમારી છોકરીની જીંદગી બની જશે'' તેમ કહી દબાણપુર્વક સમજાવતા ફરીયાદણના મમ્મી ફરીયાદણને આશ્રમમાં રહેવા દઈ સુરત ચાલ્યા ગયેલ તેમ જણાવવામાં આવેલ છે. આમ આરોપી નં. (૩) લક્ષ્મીબેન અને આરોપી નં. (૬) ધ્રુવબેનના ઓએ ફરીયાદણને જવા ન દીધેલ, તેથી ફરીયાદણ આશ્રમમાં રોકાઈ ગયેલા અને તે રીતે ફરીયાદણને Illegal confinment યાને ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ તેવી ફરીયાદપક્ષના કેસની હકીકત છે. પરંતુ ફરીયાદણ યાને ભોગ બનનારના તા.૯/૧૦/૨૦૧૩ ના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના આંક–૨૮૩ વાળા નિવેદનમાં પેજ નં. (૬) ઉપર '' મારુ અનુષ્ઠાન પુરુ થયા બાદ મારા ઘરે જવાનો સમય થયેલો ત્યારે લક્ષ્મી માતા કે જે આશારામના પત્ની તથા ભારતીદેવી કે જે આશારામની દિકરી છે, તેને પગે લાગવા હું તથા મારા સાથે બીજી આઠ દસ છોકરીઓ ગયેલા.'' તેમને મને પુછેલ કે '' તમને અગિયાર દિવસ અહી કેવુ લાગ્યું, આવુ વાતાવરણ તમને ઘરમાં મળે છે ?.'' મે જવાબ આપેલો તેમને મને કહેલ કે '' આ આધાત્મીક વાતાવરણ છે, અહીં જ સાધાનમાં ઉન્નતિ થાય છે, ત્યા બાજુમાં એક સંચાલીકા ધ્રુવ ઉભેલી હતી.

તેમને તેઓને કહેલ કે આ છોકરીને અહી રહેવુ હોય તો રહેવા દો, કોઈ વાંધો નથી. ધ્રુવએ મને રહેવાનું કહેલ, તો હું અહી રહી ગયેલી. ત્યારબાદ મારા માતા પંદર દિવસે મને લેવા આવેલા, તો મે કહેલુ કે મૈયા પાસે જઈએ તેઓ કહેશે તેવુ કરીએ. મમ્મીને લઈને હું મૈયા પાસે ગયેલ, તો મૈયાએ કહેલ કે '' તારે કોઈને, કોઈને તો છોકરી આપવાની જ છે. તો અમને આપી દે. આપના કુંટુંબમાં કોઈ વ્યકિત ભગવાનમાં લાગે તો તેની ૨૧ પેઢી તરી જાય છે.'' હું રડવા લાગેલી તો તેમને કહેલ કે, રડે છે શું ? તેમ કહી તેમને અમને પ્રસાદ આપેલો. હું ત્યા જ રહી ગયેલી અને મારી માતા સુરત આવી ગયેલા. આમ ફરીયાદણ યાને ભોગ બનનારે તેઓની તા.૦૬/૧૦/૨૦૧૩ ની અંાક-૨૭૯ વાળી ફરીયાદના પેરા નં. (૪) માં આરોપી નં. (૩) અને આરોપી નં. (૬) નાઓએ ઘરે જવા ના દેતા રોકાઈ ગયેલ હોવાનું જણાવવામાં આવેલ છે.આમ સને-૧૯૯૭ માં અનુષ્ઠાન પછી ફરીયાદણ યાને ભોગ બનનારને ઘરે જવા ન દીધી. તેવા આક્ષેપો તદન વાહીયાત છે અને ફરીયાદણના સી.આર.પી.સી કલમ- ૧૬૪ ના નિવેદન મુજબ ફરીયાદણને ત્યાં જ રહેવુ હતું તેવુ સ્પષ્ટ રીતે ફલીત થાય છે. આમ ફરીયાદણની તારીખ- ૦૬/૧૦/૨૦૧૩ ની ફરીયાદ બાદ ત્રણ દિવસમાં એટલે કે તારીખ-૦૯/૧૦/ ૨૦૧૩ ના સી.આર.પી.સી.કલમ :૧૬૪ ના નિવેદનમાં અનુષ્ઠાન પુરુ થયા બાદ તેઓ આરોપી નં.(૧) આશારામના પત્ની લક્ષ્મીમૈયા તથા આરોપી નં.(૧) ના દિકરી ભારતીદેવીને તેઓ પગે લાગવા માટે ગયેલા નહી કે ઘરે જવાની પરમીશન લેવા ગયેલા. આ સંદર્ભે ફરીયાદણ યાને ભોગ બનનારના માતૃશ્રીનું પણ નિવેદન લેવામાં આવેલ હોવા છતાં તેઓને ફરીયાદપક્ષ તરફથી સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. તેથી Indian Evidence Act ની કલમ- ૧૧૪ (g) અન્વયે ફરીયાદપક્ષ વિરૂધ્ધ Adverse inference drawn કરવુ જોઈએ તેવી બચાવપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ બચાવપક્ષ તરફે વિ. વ. શ્રી ગુપ્તાનાઓએ મારૂં ધ્યાન ફરીયાદણ યાને ભોગ બનનારની આંક – ૨૭૯ વાળી ફરીયાદ તરફ દોરી જણાવેલ છે કે, ફરીયાદણએ તેણીની ફરીયાદમાં જ સને–૧૯૯૬ માં જ જન્માષ્ટમી તથા સને–૧૯૯૭ ની હોળીની શિબિરમાં સુરત જહાંગીરપુરા મુકામે આવેલ આશ્રમમાં તેણીના માતા – પિતા સાથે ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફથી તેણીના માતા – પિતાને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. તેવી જ રીતે ફરીયાદણએ તેણીની ફરીયાદમાં સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અરસામાં ઢેલ અને બગલો નામની બે સિંધી સાધીકાઓએ તેણીને વકતા બનાવવાનું કહેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેણીએ સને– ૨૦૦૧ નાં કયા માસમાં અને કયા સમયે તેણીને તે હકીકત જણાવેલ તે તેણીએ જણાવેલ નથી. વધુમાં તેણીએ તેની સરતપાસનાં પેરા નં. (૮) માં આશ્રમમાંથી જે દસ છોકરીઓને વકતા બનાવવા સીલેકટ કરેલી, તેમાં તેણીને પણ સીલેકટ કરવામાં આવેલ અને આશ્રમમાંથી જે છોકરીઓને વકતા માટે સીલેકટ કરેલી તે ધ્રુવબેને કરેલી અને ધ્રુવબેન જ તેઓને શાંતીવાટીકા લઈ ગયેલા, શાંતીવાટીકામાં આશારામ મળેલા અને દસેય છોકરીઓ નીચે બેસી ગયેલ, ત્યારબાદ આશારામે વારાફરથી દરેકની હથેળી જોયેલી. તેમાં ચાર છોકરીઓને સીલેકટ કરેલી, જેમાં એક હું પણ હતી. આશારામે અમને કહેલુ કે ''તુમ્હારે હાથ મેં વકતા બનને કી રેખા હૈ, તુમ્હારે ભાગ્ય મેં જો સંસાર લીખા હૈ, ઉસે મીટાના પડેગા, ઉસકી વિધિ કરની પડેગી તેમ કહેલુ.'' આમ ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં. (૮)માં તેણીને વકતા બનાવવા માટે સીલેકશન અર્થે ધ્રુવબેન લઈ ગયેલ તેવુ જણાવેલ છે. આમ ફરીયાદણ તેણીની ફરીયાદમાં તેણીને તથા વર્ષા એમ કુલ બે છોકરીઓને અને તેણીની સરતપાસમાં ચાર છોકરીઓને વકતા અર્થે સીલેકટ કરેલ તેમ જણાવેલ છે. આમ ફરીયાદણ જુદા જુદા સમયે તેણીનું કથન બદલે છે. આમ

ફરીયાદણએ તેણીની સરતપાસ ફરીયાદ પ્રમાણે નહી પરંતુ તેણીના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નીવેદન પ્રમાણે આપેલ છે. આ તબકકે ફરીયાદણએ તેની ફરીયાદ તારીખ–૦૬/૧૦/૨૦૧૩ ના રોજ આપેલ છે અને ફરીયાદ આપ્યાના ત્રણ દિવસ બાદ એટલે કે તા.૦૯/૧૦/૨૦૧૩ ના રોજ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદન આપેલ છે. ફરીયાદણએ તેની ઉલટતપાસમાં તેણીને બધુ યાદ રહે છે તેમ જણાવેલ છે. પરંતુ ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરીયાદણને ત્રણ દિવસ પહેલાનું પણ યાદ રહેલ નથી. એટલુ જ નહી ફરીયાદણએ તેણીના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં પેજ નં. (૮) ઉપર સને–૨૦૦૨ ની સાલમાં મહીલા આશ્રમમાં ધ્રુવબેન સંચાલક દસ છોકરીઓને વકતા બનાવવાના હતા તેમને લઈને આવવાનું જણાવેલ હોવાનું જણાવે છે. આમ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ માં સદર નિવેદન અનુસાર સને–૨૦૦૨ માં વકતા બનાવવાની વાત જણાવેલ છે. આમ વકતા બનાવવા સંબંધે ફરીયાદણનો ખુદનો પુરાવો Self contradictory છે.

**(૫)** તેવી જ રીતે ફરીયાદણએ તેણીની આંક– ૨૭૯ વાળી ફરીયાદમાં તેણીની સાથે સૌપ્રથમ મુખમૈથુન કરવામાં આવેલ ત્યારબાદ બદકામ કરવામાં આવેલ હોવાનું જયારે તેણીના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના નિવેદનમાં તેણીએ તેણીની સાથે સૌપ્રથમ બદકામ કરવામાં આવેલ અને ત્યારબાદ મુખમૈથુન કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. અને ફરીયાદણએ તેણીની આંક– ૨૭૮ વાળી કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં સરતપાસના પેરા નં.(૧૦)માં સૌપ્રથમ આરોપી નં.(૧) આશારામે તેણીની સાથે બદકામ કરેલુ, ત્યારબાદ તેણીની સાથે મુખમૈથુન પણ કરવામાં આવેલ હોવાનું તેણીએ જણાવેલ છે. ત્યારબાદ,

ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં. (૨૬)માં જણાવેલ છે કે તેણીની ફરીયાદ લીધી તે વખતે તેણીનો નાનો દીકરો ખુબ રડતો હતો અને તેણીની માનસીક સ્થિતી અસ્વસ્થ હતી. તેણીએ ફરીયાદમાં પહેલા મુખમૈથુન કરેલાનું અને ત્યારબાદ બળાત્કાર કરેલાનું લખાવેલ છે, પરંતુ મેજીસ્ટ્રેટ રૂબરૂ જે નીવેદન આપેલ છે તેમાં પહેલા બળાત્કાર કરેલાનું અને ત્યારબાદ મુખમૈથુન કરેલાનું લખાવેલ છે તે ક્રમ સાચો છે. ત્યારબાદ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૫૨) માં તેણીએ જણાવેલ છે કે બનાવના દિવસે તેણીની સાથે એક વાર મુખમૈથુન થયેલુ. ત્યારબાદ તેણીએ જણાવેલ છે કે સંભોગ થયા પહેલા મુખમૈથુન થયુ હોય તેવી હકીકત તેણીએ ફરીયાદ કે નીવેદનમાં લખાવી હોય તો તે ખોટી છે. એટલે કે તેણીની એમ જણાવવા માંગે છે કે પ્રથમ બદકામ યાને સંભોગ થયેલ અને ત્યારબાદ મુખમૈથુન થયેલ. આમ ફરીયાદણ પોતે જ મુખમૈથુન સંબંધે અલગ-અલગ સમયે અલગ-અલગ પુરાવાઓ આપેલ છે. ફરીયાદણ ફરીયાદ આપતી વખતે તેણીની માનસીક સ્થિતી અસ્વસ્થ હોવાનું જણાવે છે અને તે હકીકત ક્રિ. પ્રો. કોડની કલમ : ૧૬૪ ના નિવેદન વખતે મેજીસ્ટ્રેટશ્રીને કહી શકયા હોત, પરંતુ તેણીએ તે હકીકત મેજીસ્ટ્રેટ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. આમ ફરીયાદણએ પોલીસના મેળાપીપણામાં આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે. ફરીયાદણએ તેણીની આંક-૨૭૯ વાળી ફરીયાદમાં સને-૨૦૦૧ માં ઢેલ અને બગલો નામની બે સિંધી સાધીકાઓએ તેણીને વકતા બનાવવાનું કહેલ તેમ જણાવેલ છે. જયારે ક્રિ.પ્રો.કોડ ની કલમ : ૧૬૪ મુજબના નીવેદનમાં વકતા બનાવવા સને-૨૦૦૨ માં લઈ ગયેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં-(૮૭)માં તેણી સને-૨૦૦૧ માં વકતા બનેલી કે સને-૨૦૦૨ માં તે આજે તેણીને ચોકકસ યાદ નહી હોવાનું તેણીએ જણાવેલ છે. આમ ફરીયાદણને સને-૨૦૦૧ માં બનેલ બનાવ સને-૨૦૧૩

માં પણ યાદ છે. પરંતુ તે અગાઉના વર્ષોનું તેણીને યાદ નથી. ત્યારબાદ તેણીએ ઉલટતપાસના પેરા નં.(૯૯)માં તેણીએ તેના આંક–૨૮૩ વાળા નિવેદનમાં ''એકવાર ૨૦૦૨ ની સાલમાં તેઓ (આરોપી નં. (૧) આશારામ બાપુ) એકાંતમાં રોકાયા હતા ત્યારે તેમણે મહીલા આશ્રમનાં ધ્રુવબેન સંચાલકને દસ છોકરીઓ જેમને વકતા બનાવવાનાં હતા તેમને લઈને આવવાનું કહેલ અને તેઓને ત્યાં લઈ ગયેલા ''તેવી વિગત લખાવેલી છે તે સાચી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ આંક– ૨૭૯ વાળી ફરીયાદમાં બીજા પાના ઉપર '' ત્યારબાદ સને–૨૦૦૧ માં ઢેલ તથા બગલો નામની બે સિંધી સાધીકાઓએ મને વકતા બનાવવાનું કહેલ અને આશ્રમમાંથી મારી સાથે બીજી દસ છોકરીઓને લઈને ઢેલ અને બગલો નામની સાધીકાઓ મોટેરા આશ્રમથી થોડે દુર આવેલ આશારામના શાંતીવાટીકા નામના ફાર્મ ઉપર લઈ ગયેલ'' તે વિગત લખાવેલી છે તે સાચી નથી. આમ ફરીયાદણ સને–૨૦૦૧ માં વકતા બનાવવા તેઓને શાંતીવાટીકા પર લઈ ગયેલ તે હકીકત પોતે જ સાચી નહી હોવાનું જણાવે છે. અને સને–૨૦૦૨ માં વકતા બનાવવા લઈ ગયેલા તે વિગત સાચી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ તેણીના જુદી જુદી તારીખોના નિવેદનોમાં તેણીને વકતા બનાવવા માટેના સિલેકશનમાં ઢેલ લઈ ગયેલા તે પૈકી તેણીને અને વર્ષાને સીલેકટ કરેલ અને આરોપી નં.(૧) આશારામ બાપુએ તેઓને જણાવેલ કે '' તુમ્હારે હાથ મેં વકતા બનને કી રેખા હૈ. તુમ્હારે ભાગ્ય મેં જો સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા, ઉસકી વિધી કરની પડેગી'' તેમ જણાવેલ. આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતાં વકતા બનાવવા માટે કોણ અને કયારે લઈ ગયેલ તે પુરવાર થતુ નથી. ખરી રીતે તો તપાસ કરનાર અધિકારીની પવિત્ર ફરજ છે કે તેઓએ તે સંબંધે યોગ્ય તપાસ કરવી જોઈએ નહી તો સી.આર.પી.સી કલમ: ૧૬૯ મુજબનો રીપોર્ટ કરવો જોઈએ કારણ કે કોઈની જીંદગીનો સવાલ છે, પરંતુ પોલીસ રક્ષક બનવાની જગ્યાએ ભક્ષક બનેલ

છે અને આરોપીઓને ફસાવી રાખવાની પોલીસની Modus operandi હોવાનો ફલીત થાય છે, એટલુ જ નહીં તપાસના કામે જુદી જુદી સીડીઓ રજુ કરવામાં આવેલ છે અને તે પૈકી વિટનેસ અને તપાસનીસ અધિકારી ડી.બી.રવિયા વચ્ચેનો સંવાદ ભુલથી આરોપીઓને આપી દેવામાં આવેલ છે. જે તપાસનીસ અધિકારી રવિયાનાઓએ તેણીની ઉલટતપાસના પેરા નં. (૧૩૫) માં જે વિગતો જણાવેલ છે તે જ હોવાનું જણાવેલ છે. આમ સદર હકીકત ઘ્યાને લેતાં તપાસ ગેરકાયેદસર હોવાનું ફલીત થાય છે. તેમજ ફરીયાદપક્ષના જે સાહેદો છે તે પૈકી મોટા ભાગના સાહેદો તો આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ વ્યકિતઓ છે. આમ વકતા તરીકે જે દસ છોકરીઓ હતી તે પૈકી પાંચ છોકરીઓ તો સને–૨૦૦૦ પહેલા વકતા બનેલ હોવાનું ખુલવા પામેલ છે. આમ ફરીયાદ પ્રમાણે ભોગ બનનાર અને વર્ષા એમ બે નામ વકતા તરીકે જયારે ક્રિ.પ્રો.કોડની કલમ : ૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદન પ્રમાણે (૧) ફરીયાદણ પોતે (૨) વર્ષા (૩) નીલા (૪) આશા એમ ચાર નામ જયારે સાહેદ વર્ષાના નીવેદન પ્રમાણે (૧) ફરીયાદણ (૨) વર્ષા (૩) સોનલ (૪) ભાવીની (૫) સીતા સિંધી (૬) રેખા સિંધી(૭) કિન્નરી (૮) કિષ્નાબેન (૯) તૃપ્તીબેન એમ નવ નામો વકતા તરીકે હતા. તે પૈકી નીલા અને આશાના નામ ન હતા, એટલુ જ નહી નીલાનું તો નીવેદન પણ રેકર્ડ કરવામાં આવેલ નથી. સાહેદ વર્ષાએ પણ આશા અને નીલાના નામ આપેલ નથી. સાહેદ જીજ્ઞાબેન (સોનલબેન) નાઓએ પણ સને– ૨૦૦૧ માં ભુકંપ આવ્યો ત્યારે વકતા તરીકે ગયેલ હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે તપાસનીસ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે સાહેદ તૃપ્તીએ તેઓ રૂબરૂના નીવેદનમાં એવુ જણાવેલ છે કે તેઓને સને–૧૯૯૩ માં વકતા બનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે તેઓની તપાસમાં સાહેદ જીજ્ઞા ઉર્ફે સોનલને બે sentences

વાંચવા કહેલ અને સુરેશભાઈ વકતાએ કહેલ કે આ બેન બોલી શકશે તેમ કહી જીજ્ઞા ઉર્ફે સોનલને વકતા તરીકે કચ્છ– ભુજ મોકલેલ હતી. જે હકીકત જ પ્રતિપાદીત કરે છે કે વકતાના સીલેકશનમાં આરોપી નં.(૧) આશારામનો કોઈ જ રોલ ન હતો. સાહેદ વર્ષા એ અખીલ ગુપ્તા ની પત્ની છે અને અખીલ ગુપ્તા હાલના કેસમાં આરોપી તરીકે હતો અને તેને આરોપીને બદલે સાહેદ બનાવવામાં આવેલ છે અને સાહેદ વર્ષા દવારા વકતા માટે જે નામો આપવામાં આવ્યા તે બહેનોના તપાસનીશ અધિકારીએ નીવેદનો રેકર્ડ કરેલ તે બહેનોએ ના પાડેલ કે અમો તો કોઈને લઈ જ નથી ગયા. આમ વકતા બનવા માટે આરોપી નં.(૧) આશારામ બાપુ પાસે લઈ જવાનો કોઈ પ્રોસીજર જ નથી. વધુમાં વકતા બનાવવા માટે જે દસ છોકરીઓને લઈ જવામાં આવેલ તેમાં તૃપ્તીબેન પણ હતા અને તૃપ્તીબેન તો સને–૧૯૯૩ થી જ વકતા હતા. આમ તેઓને શાંતીવાટીકા લઈ જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેવી જ રીતે રેખા સિંધી અને સીતા સિંધી પણ તૃપ્તીબેન આશ્રમમાં આવ્યા તે અગાઉથી વકતા તરીકે હતા. એટલુ જ નહી સને–૨૦૦૧ માં ભુજમાં ભુકંપ આવ્યો ત્યારે ફરીયાદણ વકતા તરીકે ગયેલા તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. સાહેદ જીજ્ઞાબેન (સોનલબેન) નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સને–૨૦૦૧ માં ભુકંપ વખતે ભોગ બનનાર વકતા તરીકે ભુજ ગયેલ હોવાની હકીકત સાચી હોવાનું જણાવેલ છે જે હકીકત ધ્યાને લેતાં ભુકંપ સમયે ફરીયાદણ વકતા તરીકે હતા તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આમ રેપ પહેલા વકતાની પસંદગીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો તે હકીકત શ્રેણી બેસાડવા જણાવવામાં આવેલ છે. ખરી રીતે તો આરોપી નં. (૧) આશારામ બાપુ સાથે જ તેઓના ડ્રાઈવર, સીકયુરીટી મેન યાને ગનમેન રહેતા હતા. વધુમાં, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૨૪) તરીકે તપાસવામાં આવેલ સાહેદણ ગોપીબેનનાઓએ પણ તેઓની સરતપાસના પેરા નં. (૫) માં આશારામ બાપુના પર્સનલ સ્ટાફમાં ખાવાનું

બનાવનાર, ડ્રાઈવર અને એક સીકયુરીટી વાળા રહેતા હતા. તે પૈકી મને કોઈના નામ ખબર નથી તેમ જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૬) તરીકે તપાસવામાં આવેલ રાજુભાઈ ચાંડકનાઓએ પણ તેઓની સરતપાસના પેરા નં. (૬) માં જણાવેલ છે કે, આશારામ બાપુ સાથે તેમનો રસોઈયો, ડ્રાઈવર અને એક ગનમેન સાથે રહેતા હતા.ત્યારબાદ,ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૬૦) માં ફરીયાદપક્ષના કેસ પ્રમાણે દેવેન્દ્ર પ્રજાપતિ સને–૧૯૯૬ થી ૨૦૦૫ સુધી સીકયુરીટી(આશારામના બોડીગાર્ડ) તરીકે ફરજ બજાવતો હતો તેમ જણાવેલ છે. તેવી જ રીતે બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ સાહેદ નિશાંતભાઈ જાદવાણીનાઓએ પણ શાંતીવાટીકામાં બાપુજી સાથે બાપુજીનો રસોઈયો, બાપુજીનો ડ્રાઈવર જીતુ પટેલ ઉર્ફે જીતુ બબાલ અને ૧૫ થી ૨૦ જેટલા આશ્રમ વાસીઓ પણ તેઓની રૂમમાં રહેતાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારી રવિયાનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૬૧) માં કબુલેલ છે કે, દેવેન્દ્ર પ્રજાપતિએ તેના નીવેદનમાં ઢેલ અને બગલો ફરીયાદણ, વર્ષા અને અન્ય છોકરીઓને લઈને બાપુ પાસે શાંતીવાટીકા આવેલ હોય તેવુ જણાવેલ નથી. વધુમાં બચાવપક્ષના સાહેદ નં. (૧૩) નિશાંત જાદવાણી જે જીતુ બબાલ (ડ્રાઈવર) વિશે વાત કરે છે તે જીતુ બબાલનાઓને પણ ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૫) તરીકે તપાસવામાં આવેલ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૩૭) માં પણ આશારામ બાપુના રસોઈયા તરીકે તેઓએ સને–૨૦૦૨ ની આજુબાજુ સુધી સેવા આપેલી અને તેઓ પછી રસોઈયા તરીકે રોહીત આવેલ તેમ જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં. (૩૯) માં સને–૨૦૦૨ થી

૨૦૦૪ સુધીના ગાળામાં રોહીત આશારામનો રસોઈયો હતો અને સને–૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે આવેલ હોવાનું જણાવેલ છે. આમ અખીલ ગુપ્તા સને–૨૦૦૧ માં રસોઈયા તરીકે હતો જ નહી,તે (અખીલ ગુપ્તા) તો સને –૨૦૦૪ માં આવેલ. અખીલ ગુપ્તાને તપાસનીશ અધિકારીએ બે સંજોગો (૧) સને–૨૦૦૪ થી રસોઈયા તરીકે આવેલ છું અને (૨) અમે કહીએ તેમ કરતો હોય તો તને સાક્ષી તરીકે બતાવીએ તેમ જણાવેલ હોય. જેથી અખીલે બીજા વિકલ્પનો સ્વીકાર કર્યો હશે.તેમજ અખીલ ગુપ્તાનાઓને આરોપીમાંથી સાક્ષી તરીકે બતાવવામાં આવેલ તે સંદર્ભે ફરીયાદણના વધારાના નિવેદનોમાં તે અંગેનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. ઉલટાનું અખીલ ગુપ્તાના સી.આર.પી.સી. કલમ : ૧૬૪ ના નિવેદન વખતે તો તે આરોપી હતો. બચાવપક્ષ તરફે ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, તપાસનીશ અધિકારીને કોઈને ઈમ્યુનીટી આપવાના પાવર કે સત્તા ન હોવા છતાં અખીલ ગુપ્તા ને આરોપી માંથી સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ છે. એટલુ જ નહી અખીલ ગુપ્તાએ સી.આર.પી.સી. કલમ : ૧૬૪ ના નીવેદનમાં પણ ધ્રુવ, ઢેલ કે બગલો પણ વકતા બનાવવા માટે દસ છોકરીઓને લઈને શાંતીવાટીકા ગયેલ હોવાનું જણાવેલ નથી. આમ વકતા સંદર્ભે પણ ફરીયાદણના શબ્દો સીવાય બીજો કોઈ જ પુરાવો આક્ષેપોના સમર્થનમાં મળેલ ન હોવા છતાં ફરીયાદપક્ષ દવારા વકતા અંગેની સ્ટોરી ખોટી રીતે ઉભી કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

(૬) વધુમાં વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી આંક– ૨૭૯ થી રજુ થયેલ ફરીયાદણ યાને ભોગ બનનારની ફરીયાદ વંચાણે લેતા સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના સમયે પ્રથમ મુખમૈથુન ત્યારબાદ સંભોગ કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફથી આંક– ૧૩૬ થી રજુ થયેલ ફરીયાદણનું શરીરસ્થિતીનું પંચનામુ વંચાણે લેતાં સદર પંચનામામાં

ફરીયાદણને સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાનાં દિવસે બોલાવેલ અને પ્રથમ બળાત્કાર અને ત્યારબાદ મુખમૈથુન કરાવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. જ્યારે ફરીયાદણ યાને ભોગ બનનારના તારીખ–૦૮/૧૦/૨૦૧૩ ના રોજ તપાસનીશ અધિકારી રૂબરૂ આપેલ નીવેદનમાં સને–૨૦૦૧ની સાલમાં જન્માષ્ટમીના દિવસે આરોપી નં.(૧) આશારામે પ્રથમ મુખમૈથુન કરેલ અને ત્યારબાદ તેની સાથે સંભોગ કરેલ તેવી હકીકત જણાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૧૨) માં તારીખ–૦૮/૧૦/૨૦૧૩ ના સવાલ – જવાબ વાળા મારા રૂબરૂના વધારાના નીવેદનમાં ફરીયાદણએ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં '' બનેલ હોવાનું જણાવેલ છે. ત્યારપછી તારીખ–૦૯/૧૦/૨૦૧૩ ના વધારાના નીવેદનમાં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે '' બનાવ(આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ પુરો થયા પછી એક દિવસે જે ચૌકકસ દીવસ તેણીને યાદ નથી'' તેમ જણાવેલ હોવાની હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે.ત્યારબાદ સદર તપાસનીશ અધિકારીએ ઉલટતપાસના પેરા નં.(૧૧૩) માં તેઓ રૂબરૂના તા.૧૭/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે,''બનાવ (આક્ષેપીત બળાત્કાર) '' સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અમદાવાદ ખાતેના કાર્યક્રમો પુરા થાય પછીના દિવસે બનેલ હોવાનું જણાવેલ છે.ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૧૪) માં તા.૦૧/૦૧/૨૦૧૪ના તેઓ રૂબરૂના વધારાના નીવેદનમાં (સવાલ–જવાબના રૂપમાં) ફરીયાદણએ ''બનાવ(આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની સાલમાં ગુરુપુર્ણિમાના દિવસો પછી જેમાં તારીખ કે વાર તેણીને યાદ નથી '' તેવુ જણાવેલ છે.ત્યારબાદ ઉલટ તપાસના પેરા નં.(૧૧૫)ના તેઓ રૂબરૂના તા.૦૩/૦૧/૨૦૧૪ ના વધારાના નિવેદન(સવાલ–જવાબના રૂપમાં) માં ફરીયાદણએ ''બનાવ

(આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં ગુરુપુર્ણિમા પછી '' તેવુ જણાવેલ છે. ત્યારબાદ, ફરીયાદણએ તેણીના સી.આર.પી.સી કલમ : ૧૬૪ ના આંક –૨૮૩ વાળા નીવેદનમાં બનાવ સને – ૨૦૦૧ માં બપોરે બે વાગ્યાના સમયે એટલુ જણાવેલ છે. તેથી વિરૂધ્ધ નામદાર કોર્ટ દવારા આરોપીઓ વિરૂધ્ધ આંક – ૯૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામામાં બનાવનો દિવસ ગુરુપુર્ણિમા હોવાનું દર્શાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી આંક – ૨૩૨ થી રજુ કરવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારના સીવીલ હોસ્પીટલ, અમદાવાદના કહેવાતા ઈન્જરી સર્ટીફીકેટમાં ફરીયાદણએ ડૉકટર સમક્ષ જણાવેલ ઈજાના ઈતિહાસમાં બનાવ સને–૨૦૦૧માં ગુરુપુર્ણિમાના પાંચ – છ દિવસ બાદ બનેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ કહેવાતા બળાત્કારનો બનાવ સને– ૨૦૦૧ ની જન્માષ્ટમી તેમજ સને – ૨૦૦૧ ની ગુરુપુર્ણિમા દરમ્યાન બનેલ હોવાની વિરોધાભાષી હકીકતો જણાવે છે. બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબહેન અને બચાવપક્ષ તરફે સાહેદ નં. (૧૩) તરીકે તપાસવામાં આવેલ સાહેદ નિશાંતભાઈ જાદવાણીનાઓની ઉલટતપાસમાં સને–૨૦૦૧ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત ખાતે ઉજવવામાં આવેલ હોવાની હકીકતને ફરીયાદપક્ષ દવારા પડકારવામાં આવેલ નથી. એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની આંક–૨૭૯ વાળી ફરીયાદમાં કહેવાતા બનાવનો મહીનો તેમજ દિવસ પણ જણાવેલ નથી અને તે એટલા માટે જણાવેલ નથી કે બનાવ જ બન્યો નથી એટલે આવુ યાદ ન હોય તે સ્વાભાવીક છે. ફરીયાદપક્ષના કેસ મુજબ કહેવાતા બનાવ સમયે ટીના એકયુપ્રેસર અને ભોગ બનનાર બંને ભારતીબેન સાથે શાંતીવાટીકામાં ગયા હતા. આ હકીકત જોતાં સદર કામે ટીના એકયુપ્રેસર મહત્વના સાક્ષી કહી શકાય તેમ છતાં તપાસનીસ અધિકારી દવારા ટીના એકયુપ્રેસરને સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી કે તેની વિરૂધ્ધ કોઈ

ખોટી માહીતી આપવા બદલ ઈ. પી. કો. ચેપ્ટર – ૧૦ની જોગવાઈઓ મુજબ કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી. એટલુ જ નહી ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૬૨) માં તેઓએ ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેના નિવેદનો લેવામાં આવેલ હોવાનું પરંતુ તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નહી હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૯૨)માં ટીનાબેન અને ઉમાબેનનાઓએ તપાસમાં શું વિગત જણાવી તે નામદાર કોર્ટમાં જાહેર ન થાય તે નિર્ણય સીટના સંયુકત સભ્યોનો હોવાનું જણાવેલ છે. તેથી વિશેષ તો ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેના નિવેદનો આજદીન સુધી નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી તેમજ ઉલટતપાસના પેરા નં.(૨૪૭)માં આરોપી નં. (૨) ભારતીબેન તેણીને એટલે કે ફરીયાદણ યાને ભોગ બનનારને અને ટીનાબેનને ગાડીમાં લઈ ગયેલ અને પરત લાવેલ તે હકીકતને ટીનાબેને સમર્થન નહી આપેલ હોવાની હકીકત સાચી હોવાનું જણાવે છે. આમ ફરીયાદણ યાને ભોગબનનારે ૧૨ વર્ષ પછી ખોટી ફરીયાદ કરેલ હોઈ તે લગત અનેક પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. સદર કામે તપાસનીશ અધિકારીએ વધારે conscious થઈને તપાસ કરવાની જરૂર હતી પરંતુ તેમ કરેલ નથી અને સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે પોતાનો પાવર યુઝ કરીને ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેની હકીકત કોર્ટને પણ જાણ થવા દીધેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૧૧૪( g ) મુજબ Adverse inference drawn કરવુ જોઈએ તેમ જણાવવામાં આવેલ છે.

**(૭)** બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદણએ તેણીની તારીખ–૦૬/૧૦/૨૦૧૩ ના રોજ કરેલ ફરીયાદમાં સૌપ્રથમ

મુખમૈથુન કરવામાં આવેલ અને ત્યારબાદ બળાત્કાર કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જયારે તા.૦૯/૧૦/૨૦૧૩ ના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના તેણીના નીવેદનમાં પ્રથમ બળાત્કાર થયેલ અને ત્યારબાદ મુખમૈથુન થયેલ તેવી હકીકત જણાવેલ છે. આમ ફરીયાદણએ મુખમૈથુન તથા બળાત્કાર સંબંધે જે હકીકત જણાવેલી છે તે તદન વિરોધાભાસી છે. એટલુ જ નહી ફરીયાદણએ તેણીની સરતપાસના પેરા નં.(૧૦) તથા (૧૧) માં જણાવેલ કેટલીક હકીકતો તેણીની ફરીયાદમાં તેમજ તેણીના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નીવેદનમાં જણાવેલ નથી. ફરીયાદણએ તેની ફરીયાદમાં તેમજ પોલીસ રૂબરૂના વધારાના નીવેદનમાં પહેલા બળાત્કાર થયેલ હોય અને પછી મુખમૈથુન કરાવેલ હોય તેવુ જણાવેલ નથી જે હકીકતનો તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ તેઓની ઉલટતપાસના પેરા નંબર-(૧૨૬) માં સ્વીકાર કરેલ છે અને તે રીતે પણ સદર હકીકત એકબીજા સાથે સુસંગત થતી નથી. વધુમાં ફરીયાદણએ તેણીની જુબાનીના પેરા નં. (૨૬) માં તેણીની ફરીયાદ લીધી તે વખતે તેણીનો નાનો દીકરો ખુબ રડતો હતો અને તેણીની માનસીક સ્થિતી અસ્વસ્થ હતી તેથી ફરીયાદમાં પહેલા મુખમૈથુન કરેલા અને પછી બળાત્કાર કરેલાનું લખાવેલ છે તેમજ મેજીસ્ટ્રેટ રૂબરૂ જે નીવેદન આપેલ છે તેમાં પહેલા બળાત્કાર કરેલાનું અને ત્યારબાદ મુખમૈથુન કરેલાનું લખાવેલ છે. તે ક્રમ સાચો હોવાનું તેણીએ જણાવેલ છે. ત્યારબાદ તેણીએ ઉલટતપાસના પેરા નં. (૪૮) માં જણાવેલ છે કે, સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદન આપ્યુ ત્યારે તેણી શારીરીક અને માનસીક રીતે સંપુર્ણ સ્વસ્થ હતી કે કેમ ? તે કહી શકે નહી. તેવી જ રીતે આંક-૯૬ થી આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલા તહોમતનામામાં પણ પ્રથમ મુખમૈથુન અને પછી બળાત્કાર થયેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. ત્યારબાદ તેણીએ તેણીની સરતપાસનાં પેરા નં.(પર)માં

જણાવેલ છે કે સંભોગ થયા પહેલા મુખમૈથુન થયુ હોય તો તેવી હકીકત મેં ફરીયાદ કે નિવેદનમાં લખાવી હોય તો તે ખોટી છે. આમ તહોમતનામુ પણ ખોટું હોવાનું પુરવાર થાય છે. તેવી જ રીતે ફરીયાદણએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૮૨)માં જણાવેલ છે કે જયારે પણ તેણીનું નિવેદન લેવામાં આવે ત્યારે તે નીવેદન તેણીને વાંચી સંભળાવવામાં આવતુ હતું અને જો તેણીના લખાવ્યા મુજબનું નીવેદનમાં ન હોય તો તેણી તેનો વિરોધ કરે તેવી કબુલાત કરેલ છે. વિશેષમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૪) થી ફરીયાદણની ફરીયાદ લેનાર શોભાબેન પુરષોતમભાઈ ભુતડા, ડી. સી.પી. ઝોન -૪, સુરતનાઓને આંક- ૪૨૩ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૯) માં જણાવેલ છે કે ફરીયાદણ તેઓની પાસે આવ્યા અને ફરીયાદ નોંધવાની કાર્યવાહી થઈ તે સમય દરમ્યાન તેઓ સ્વસ્થ હતા. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૭) માં ફરીયાદણ તેણીના તમામ નિવેદનો આપતી વખતે માનસીક રીતે સ્વસ્થ હતા તેમ જણાવે છે. આમ ફરીયાદણ ફરીયાદ આપતી વેળાએ અસ્વસ્થ હોવાની જે હકીકત જણાવેલ છે કે તે પ્રતિપાદીત કરે છે કે ફરીયાદણ કેટલી હદે ખોટુ બોલે છે તે સાબીત થાય છે.

(૮) બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીઓ ગુપ્તાનાઓએ જણાવેલ છે કે , ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૩) તરીકે તપાસવામાં આવેલ જાનકી ઉર્ફે શીલ્પીબેન હરપલાણીનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પેરા નં.(૧૮) માં તેણીએ તેણીના પોલીસ રૂબરૂના નિવેદનમાં ''અને આ દરમ્યાન શાંતીવાટીકા જે આશારામના મુખ્ય આશ્રમથી થોડે દુર આવેલ છે ત્યાં આશારામ

બાપુનો એક રૂમ હતો અને બીજો રૂમ લક્ષ્મીમૈયાનો હતો. જેથી તેઓ લક્ષ્મી મૈયાને મળવા માટે શાંતીવાટીકા કુટીયામાં જતા આવતા હતા.'' તે હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૨) તરીકે જાનકીબેન ઉર્ફે શીલ્પીબેનનું નીવેદન રેકર્ડ કરનાર કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૦) માં સાહેદ શિલ્પીબેન ઉર્ફે જાનકીનાઓએ તેઓ રૂબરૂના નીવેદનમાં '' અને આ દરમ્યાન શાંતીવાટીકા જે આશારામના મુખ્ય આશ્રમથી થોડે દુર આવેલ ત્યાં આશારામ બાપુનો એક રૂમ હતો અને બીજો રૂમ લક્ષ્મીમૈયાનો હતો, જેથી અમો લ ક્ષ્મીમૈયાને મળવા માટે શાંતીવાટીકા કુટીયામાં જતા આવતા હતા.'' તેમ જણાવેલ છે. આમ, શાંતીવાટીકામાં બે રૂમ આવેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૫૧) તરીકે તપાસવામાં આવેલ વર્ષાબેનનાઓએ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૬) માં ૧૯૯૮ ના દશેરા પછીના સમયગાળામાં સાત દિવસ માટે શાંતીવાટીકામાં આશારામજીના માતૃશ્રી મહેગીબાની સેવા માટે સજનીબેનના કહેવાથી રોકાયેલ હોવાનું જણાવેલ છે અને તે હકીકતને ફરીયાદણ યાને ભોગ બનનારની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૨૩) માં દર્શાવ્યા મુજબ આશારામની માતાની સેવામાં સજનીબેન નામની એક સ્ત્રી હોવાની હકીકત ખુલવા પામેલ છે. આમ શાંતીવાટીકામાં બે રૂમ હોવાની હકીકત ફરીયાદણ પણ તેની સરતપાસના પેરા નં.(૯) માં જણાવે છે. તેવી જ રીતે ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં.(૧૭)માં એક વર્ષા નામની છોકરી હતી તેને વકતા બનાવતા પહેલા સતત સાત દિવસ સુધી શાંતીવાટીકામાં રાખેલ હોવાનું જણાવે છે. જો કે વર્ષાબેન તેમની સાથે બદકામ થયેલ હોવાનું તેઓની જુબાનીમાં જણાવતા નથી. આમ ફરીયાદણએ આરોપી નં.(૧) વિરૂધ્ધ પ્રેઝયુડાઈઝ ઉભો કરવાનો ખોટો પ્રયત્ન

કરેલ છે. તે રીતે સાહેદ વર્ષાબેન ૧૯૯૮ માં શાંતીવાટીકા ગયેલ હતા. આમ જયારે કોઈ વ્યકિત પોતાના માતૃશ્રી તથા પોતાની પત્ની જે જગ્યાએ રહેતા હોય ત્યાં તેમની હાજરીમાં તે જગ્યાએ કોઈ વ્યકિત બદકામ જેવુ કૃત્ય કરે જ નહી તેવી બચાવપક્ષ તર્ફે ભારપુર્વકરની દલીલ કરવામાં આવેલ છે. એટલુ જ નહી અખીલ ગુપ્તાના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના આંક– ૮૨૬ વાળા નીવેદનના પેજ નં.(૫) ઉપર ''જેથી તેઓ તે ગેટની પાસે ઝાડ નીચે થોડો દુર બેસી ગયેલ '' તેમ જણાવેલ છે. જે હકીકત પણ પ્રતિપાદીત કરે છે કે, કહેવાતા બનાવ સમયે અખીલ ગુપ્તા પણ ગેટ પાસે જ બેઠેલ હતા. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૨૩) તરીકે તપાસવામાં આવેલ સાહેદ જીગ્નેશ અરવિંદભાઈ પટેલનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૭) માં ''આજુબાજુના ખેતરોમાં લગભગ સોએક લોકોનો વસવાટ છે અને તેઓ ત્યાં હાજર હોય છે. તેમજ ત્યા રહેવા માટેના તેમના કાચાપાકા મકાનો છે. '' આમ બનાવવાળા સ્થળની નજીક જ લોકો વસવાટ કરતા હતા તેવુ સ્પષ્ટ થાય છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એવો સ્વીકાર કરેલ છે કે આશારામ બાપુ ૨૦૦૧ ગુરુપુર્ણિમા વખતે તેમજ તે પછી મોટેરા આશ્રમમાં હાજર હતા તે અંગેનો કોઈ પુરાવો મળી આવેલો નહી તેમજ કહેવાતા બનાવવાળા રૂમમાંથી કેટલે દુર સુધી બુમાબુમ સંભળાય તે અંગે પણ તેઓએ તપાસ કરેલ નહી. આમ તપાસનીશ અધિકારીએ આરોપી નં.(૧) આશારામ બાપુ વિરૂઘ્ધના મહત્વના આક્ષેપની જ તપાસ કરેલ નથી. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૨૪) તરીકે તપાસવામાં આવેલ ગોપી અરવિંદભાઈ પટેલનાઓએ પણ તેઓની સરતપાસમાં જ આશારામ બાપુના પર્સનલ સ્ટાફમાં ખાવાનું બનાવનાર, ડ્રાઈવર અને એક સીકયુરીટી વાળા રહેતા હતા તે પૈકી તેઓને કોઈના નામ ખબર નથી તેમ

જણાવેલ છે. આમ આશારામની સાથે તેમનો પર્સનલ સ્ટાફ પણ સાથે જ રહેતો હોવાનું ફલીત થાય છે. ત્યારબાદ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયનાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૬૦) માં '' ફરીયાદપક્ષના કેસ પ્રમાણે દેવેન્દ્ર પ્રજાપતિ ૧૯૯૬ થી ૨૦૦૫ સુધી આશારામના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતો હોવાની વાત ખરી હોવાનું સ્વીકારેલ છે.'' આ સંજોગોમાં દેવેન્દ્ર પ્રજાપતિ તેઓની સોગંદ ઉપરની જુબાનીમા કયાંય એવુ જણાવતા નથી કે તેઓએ કહેવાતા બનાવ સમયે ફરીયાદણની બુમો સાંભળેલી એટલુ જ નહી સદર તપાસનીશ અધિકારીએ ઉલટતપાસના પેરા નં.(૧૬૧) માં દેવેન્દ્ર પ્ર જાપતિએ તેના નિવેદનમાં ઢેલ અને બગલો,ફરીયાદણ,વર્ષા અને અન્ય છોકરીઓને લઈને બાપુ પાસે શાંતીવાટીકા લઈને આવેલ હોવાનું જણાવેલ નથી. તેમજ ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અરસામાં અથવા જન્માષ્ટમી વખતે ટીના એકયુપ્રેસર અને ફરીયાદણ શાંતીવાટીકા ખાતે આવેલ હોય તેવુ પણ જણાવેલ નથી. આમ અંદરથી હા પડે પછી જ વ્યકિતને મળવા જવા દેવામાં આવે તે હકીકત સાચી નથી. દેવેન્દ્ર પ્રજાપતિ કયાંય એવુ જણાવતા નથી કે ઢેલ અને બગલો દસ છોકરીઓને લઈને બાપુ પાસે આવેલા. સદર કામે જીતુ બબાલનું પણ નીવેદન લેવામાં આવેલ છે. પરંતુ તેને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી કે તપાસવામાં પણ આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓએ પણ તેઓની સરતપાસના પેરા નં.(૫) માં જ આશારામની કુટીયામાં બહેનોનો પ્રવેશ પ્રતિબંધીત હતો તેમ જણાવેલ છે અને સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૩૭)માં જણાવેલ છે કે આશારામના રસોઈયા તરીકે તેને સને–૨૦૦૨ ની આજુબાજુ સુધી સેવા આપેલી અને તેના પછી એટલે કે સને–૨૦૦૨ થી ૨૦૦૪ ના ગાળામાં રસોઈયા તરીકે રોહીત અને સને–૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે

આવેલ તેમ જણાવેલ છે. અખીલ ગુપ્તા નાઓએ પણ તેઓના સી.આર.પી.સી કલમ : ૧૬૪ ના નીવેદનમાં પણ બાપુએ તેને રસોઈયા રોહીત સાથે તું પણ થોડું શીખતો રહે તેમ જણાવેલ. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓએ પણ તે પોતે એટલે કે પ્રજ્ઞેશ સને–૨૦૦૨ સુધી, રોહીત સને–૨૦૦૨ થી ૨૦૦૪ ના ગાળામાં અને સને–૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે આવેલ હોવાનું જણાવેલ છે. એટલુ જ નહી સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૧) માં શાંતિકુટીયામાં કોઈપણ સાધક કે સાધીકાનો પ્રવેશ ન હતો તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી આંક–૧૮૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામુ વંચાણે લેતા સદર પંચનામામાં પણ ''મહીલાઓ કે લીએ પ્રવેશ વર્જીત હૈ.'' એવુ ત્રણ જગ્યાએ બોર્ડ લગાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૮) તરીકે તપાસવામાં આવેલ દેવેન્દ્ર પ્રજાપતિનાઓએ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૨) માં સને–૨૦૦૨ સુધી આશારામજીના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાજી હતા તેમજ જણાવેલ છે. આમ ફરીયાદપક્ષના સાહેદો જ કહે છે કે સને–૨૦૦૨ સુધી પ્રજ્ઞેશ ઉર્ફે લાલો રસોઈયા તરીકે હતો.

(૯) વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ વિશેષમાં જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૨૭) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, '' ત્યારબાદ આશારામે પોતાની લુંગી કાઢી દિધેલી અને મારા બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે મારુ અડઘુ શરીર બેડ ઉપર હતુ અને અડઘુ નીચેનુ શરીર બેડની નીચે લટકતુ હતુ.મારા બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી મારા બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા. હું આખી પથારીની નીચે જવા

માટે પ્રયત્ન કરતી હતી.ત્યારબાદ આશારામે તેમના પગથી મારો એક પગ જોરથી પલંગની ઉપર ખેચેલો અને મારો એક પગ નીચે લટકતો હતો.તે વખતે આશારામે મારી ઉપર બળાત્કાર કરેલો. સદર સાહેદણએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૮)માં જણાવેલ છે કે, '' આ સમયે મારા બંને પગ જમીનને અડેલા હતા મારો કમરનો ભાગ પલંગની કીનારી પાસે હતો અને કમરથી નીચેનો ભાગ જમીન તરફ હતો વળી તેણીની અને આરોપી નં.(૧) આશારામ બાપુની હાઈટ પણ સરખી જ હોવાનું ખુલેલ છે.'' આમ ફરીયાદણ કહેવાતા બનાવ વખતની તેણીની જે શરીર સ્થિતી જણાવે છે તે શરીર સ્થિતીમાં બળાત્કાર શકય જ નથી.ફરીયાદણ યાને ભોગ બનનારની જન્મ તારીખ–૧૨/૦૪/૧૯૮૦ ની છે. કહેવાતો બનાવ જુલાઈ–૨૦૦૧ પછી બનેલ છે તે ધ્યાને લેતાં કહેવાતા બનાવ સમયે ફરીયાદણ યાને ભોગ બનનારની ઉંમર ૨૧ વર્ષની આસપાસ હશે અને આરોપી નં.(૧) આશારામ બાપુની ઉંમર આશરે ૬૪ –૬૫ વર્ષ જેટલી હશે. ફરીયાદણએ તેણીની સરતપાસનાં પેરા નં.(૯) માં બનાવવાળી જગ્યાના રૂમમાં બે દરવાજા હોવાનું જે પૈકી એક દરવાજો મચ્છર જાળીવાળો હતો તેણીએ ત્યાંથી નાસી જવા મચ્છર જાળીનો દરવાજો દોડીને ખોલી દીધેલો અને બીજો દરવાજો ખોલવા જાઉ તે પહેલા આશારામ આવી ગયેલા વિગેરે હકીકત જણાવે છે.પરંતુ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓ એ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૯૪) માં એવો સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે,''આંક–૧૮૦ વાળા ગુનાવાળી જગ્યાનાઓના પંચનામામાં મચ્છરવાળો દરવાજો મળી આવેલ નહી તેમજ ફરીયાદણએ પણ મચ્છરવાળો દરવાજો કયાં હતો તે બતાવેલ નહી.'' આમ, ફરીયાદણ યાને ભોગ બનનારે આરોપી નં.(૧) વિરૂધ્ધ પ્રેઝયુડાઈઝ ઉત્પન કરવા કાલ્પનીક સ્ટોરી રજુ કરેલ છે. ફરીયાદણની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૦૧)

માં તેણીના સીઆરપીસી કલમ : ૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં પેજ નં.(૧ ૨) ઉપર '' હું જે બારણાથી પ્રવેશેલ હતી તે બારણુ ભાગીને ખોલવા ગઈ'' તેવી જે વિગત લખેલી છે તે સાચી નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણએ તેણીની ફરીયાદમાં લખાવેલ હકીકત સાચી કે તેણીએ તેણીના સી.આર.પી.સી.કલમ : ૧૬૪ મુજબના નિવદનમાં લખાવેલ વિગત સાચી ?.આ બંને વિગતો તદન ખોટી છે કારણ કે ફરીયાદણએ તેણીના સી.આર.પી.સી.કલમ : ૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં મુખમૈથુન તથા ટબ સંબંધે જે વિગત જણાવેલ છે તે સાચી નથી. આમ ફરીયાદણના આંક– ૨૮૩ વાળા નીવેદનમા improvement કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં.(૧૦) માં બનાવ સમયે તેણીના ગુપ્ત ભાગેથી બ્લીડીંગ શરૂ થઈ ગયેલ હોવાની જે હકીકત જણાવે છે તે તદન ખોટી છે. જો ખરેખર બ્લીડીંગ શરૂ થયુ હોય તો પલંગ ઉપર તથા જમીન ઉપર ડાઘા હોવા જોઈએ. કપડા ઉપર જો લોહીના ડાઘા પડેલ હોય તો બેડ તથા જમીન ઉપર પણ લોહીના ડાઘા હોવા જોઈએ. અખીલ ગુપ્તાનાઓએ તેઓના આંક– ૮૨૬ વાળા સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં કયાંય એવુ જણાવેલ નથી કે પલંગ યાને બેડ તથા જમીન ઉપર લોહી હતું. તેમજ પલંગની ચાદર (બેડ સીટ) બદલી નાખેલ હોય તેવુ પણ તેને જણાવેલ નથી. આમ ફરીયાદણ જણાવે છે તેવો કોઈ બનાવ બનેલ નથી કારણ કે સંજોગો ઉભા કરી શકતા નથી. વળી ફરીયાદણએ તેની સરતપાસના પેરા નં.(૯) માં બનાવ સમયે તેણીના હાથમાં ઘીની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી અને ઘી નીચે ઢોળાઈ ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આંક– ૧૮૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તે અંગેનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. કહેવાતા બનાવવાળા રૂમની સાઈઝ ૧૩ બાય ૧/૨ × ૧૧ બાય ૧/૨ જેટલી છે. બનાવવાળી જગ્યા યાને રૂમમાં ટીપોઈ તથા પલંગ પણ હતો. આ સંજોગોમાં ટીપોઈ તથા પલંગની સાઈઝ કાઢી નાખીયે અગર તો તેનું

માપ બાદ કરીએ તો ખુલ્લી જગ્યા ઓછામાં ઓછી રહે, વળી વાટકીમાં ઘી હોય અને તે ઘી ઢોળાયેલ હોય તો વ્યકિત લપસી જ જવાનો. અખીલ ગુપ્તા તેઓના સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબના આંક– ૮૨૬ વાળા નીવેદનમાં કયાંય ઘી ઢોળાયેલ હોવાનું તેમજ તે તેને સાફ કરેલ હોવાનું જણાવેલ નથી. જો ખરેખર ઘી ઢોળાય તો ઘી ના ડાઘા રહે, રહે અને રહે જ. આમ ઘી ઢોળાયાની હકીકત તદન ખોટી અને ઉપજાવી કાઢેલ છે. ફરીયાદણ યાને ભોગ બનનાર બનાવ સમયે તેણીએ (૧) સલવાર (૨) કુરતો (૩) દુપટ્ટો પહેરેલ હોવાનું જણાવે છે. જયારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૨) માં તેણીએ કુરતો, પાયજામો અને દુપટ્ટા સીવાય બીજા વસ્ત્રો પણ પહેરેલા હતા અને તેણીએ બ્રા અને નીકર પણ પહેરેલ હોવાનું જણાવે છે. ફરીયાદણ તેણીની સરતપાસ, ફરીયાદ કે સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના નીવેદનમાં કોઈપણ જગ્યાએ તેની પેન્ટી પણ ઉતારવામાં આવેલ હોવાનું જણાવતા નથી. આમ ગુપ્ત ભાગના કપડા ઉતાર્યા સીવાય સંભોગ શકય બને જ નહી. ફરીયાદણ તેણીના ગુપ્ત ભાગના કપડા પણ ઉતારવામાં આવેલ હોવા અંગેનો કોઈ જગ્યાએ આક્ષેપ પણ કરેલ નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૧૧) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ સિધ્ધરાજસિંહ નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૦) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે પંચનામું અને વિડીયો સીડીમાં થોડો ફેરફાર છે અને તે આંક – ૧૮૧ વાળી અરજીમાં જણાવેલ છે તેવા ફેરફાર છે. તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૯૧)માં પણ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ વીડીયોગ્રાફીથી કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં આંક– ૧૮૧ ની અરજીમાં દર્શાવેલ તફાવત હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષના કેસ મુજબ ગુનાવાળી જગ્યાએ એટલે કે શાંતીવાટીકામાં બનાવ સમયે બે રૂમ હોવાનું જણાવવામાં આવેલ છે.

જયારે ગુનાવાળી જગ્યાના પંચનામામાં ત્રણ રૂમ દર્શાવવામાં આવેલ છે. આવો તફાવત શા માટે ?. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૯૬)માં ગુનાવાળી જગ્યાએ બળાત્કારના કોઈ ચિન્હો પણ મળી આવેલ નહી તેમજ તમામ પંચનામા દરમ્યાન કોઈપણ ગુનાહીત ચીજવસ્તુઓ મળી આવેલ નહી તેમજ આરોપી નં.(૧) ના મેડીકલ રીપોર્ટમાં ફરીયાદપક્ષને સમર્થન મળતુ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી આંક-૬૨૭ થી રજુ થયેલ પત્રમાં પણ ગુનાવાળી જગ્યાએ સને-૨૦૦૧ પછી ત્રીજો રૂમ બનાવવામાં આવ્યો હોય તેવો કોઈપણ પ્ર કારનો પુરાવો મળી આવેલ નથી તેમજ આંતરીક બાંધકામનો પણ પંચનામામાં કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. સામાન્ય:ત પંચનામું પંચો લખાવતા હોય છે. હાલના કેસમાં તો પંચનામું એફ. એસ. એલ. અધિકારી હીંગરાજીયા સાહેબે લખાવેલ છે. એટલુ જ નહી કહેવાતા બનાવ સમયે એટલે કે સને-૨૦૦૧ માં રસોઈયા તરીકે અખીલ હતો કે પ્રજ્ઞેશ હતો ?. તે સંદર્ભે તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં. (૧૪૫) માં જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેનને તેઓ રૂબરૂના તા. ૧૮/૧૨/૨૦૧૩ ના નિવેદનમાં '' સને-૨૦૦૧ માં ગુરુપુર્ણિમાના સમય દરમ્યાન પ્રજ્ઞેશ ઉર્ફે લાલો રસોઈયો હતો.'' તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં. (૪૮) દેવેન્દ્રભાઈ પ્રજાપતિનાઓ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૨) માં સને-૨૦૦૨ સુધી આશારામજીના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાજી કરીને હતા તે વાત સાચી હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૪૫) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓએ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૭) માં પણ તેઓએ સને-૨૦૦૨ ની આજુબાજુ સુધી આશારામના રસોઈયા તરીકે તેઓએ સેવા આપેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદપક્ષના સાહેદો (૧) સને-૨૦૦૨ સુધી પ્રજ્ઞેશ ઉર્ફે લાલો (૨) સને-૨૦૦૨ થી ૨૦૦૪ રોહીત અને (૩) સને-૨૦૦૪ પછી અખીલ

ગુપ્તા આશારામના રસોઈયા તરીકે હોવાનું જણાવેલ છે. આમ એકમાત્ર સાહેદણ વર્ષાબેન તેઓના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના આંક–૫૦૫ વાળા નીવેદનમાં સને – ૨૦૦૧ માં દસ છોકરીઓને વકતા બનાવવા માટે શાંતીવાટીકા લઈ ગયેલ હોવાનું જણાવે છે. આમ જે દસ છોકરીઓને લઈ ગયેલ તે પૈકી બાકીની નવ છોકરીઓ વકતા બનાવવાની વાત ખોટી હોવાનું જણાવે છે. આમ એકમાત્ર વર્ષાબેન કેમ ફરીયાદપક્ષના કેસને સપોર્ટ કરી રહયા છે ? તેનુ કારણ તેણીના પતિ અખીલ ગુપ્તાનું નામ આ કેસની એફ. આઈ. આર. માં આરોપી તરીકે હતું. આમ પોલીસે અખીલ ગુપ્તા ઉપર પ્રેશર કર્યુ હોય તે શકયતા નકારી શકાય તેમ નથી. વળી અખીલ અને વર્ષાનો સંપર્ક કોને કરાવ્યો ? તે સંદર્ભે જોઈએ તો ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૨૦) માં જણાવેલ છે કે ''તારીખ–૧૭/૧૦/૨૦૧૩ નાં પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણીએ વર્ષાબેન અને અખીલ નરેશચંદ્રનો મોબાઈલ નંબર લખાવેલ છે. ફરીયાદણ જણાવે છે કે તે મને પોલીસ મારફતે જાણવા મળેલ.'' તો વળી તપાસનીશ અધિકારી તેઓની ઉલટતપાસના પેરા નં. (૧૪૪) માં જણાવે છે કે, ફરીયાદણએ તારીખ – ૧૭/૧૦/૨૦૧૩ ના નિવેદનમાં વર્ષા અને અખીલના મોબાઈલ નંબરો જણાવેલ છે. ફરીયાદણ જોડે વર્ષા અને અખીલ કેવી રીતે સંપર્કમાં હતા અને કયારથી હતા ? તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી તે વાત સાચી હોવાનું જણાવેલ છે. આમ આખા કેસનો બેઈઝ એકમાત્ર વર્ષા અને અખીલ જ છે અને એકમાત્ર અખીલે જ કહેવાતા બળાત્કારની હકીકતને સમર્થન કરેલ છે અને સાહેદ વર્ષાનાઓ ભુકંપ પછી દસ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ ગયેલ હોવાનું જણાવે છે. ખરેખર તો હાલના કેસની એફઆઈઆર મુજબ અખીલ ગુપ્તાનું નામ આરોપીમાં હતુ પરંતુ પોલીસ સાથે સમજુતી થયેલ હોવાનું અનુમાન દોરી શકાય તેમ છે કારણ કે તપાસનીસ અધિકારી અખીલના સંપર્કમાં હતા અને તપાસનીશ અધિકારીએ પણ તેઓની

ઉલટતપાસના પેરા નંબર– (૧૬૮) માં જણાવેલ છે કે, વર્ષાબેન અને અખીલ ગુપ્તા એ. ટી. એસ. ઓફીસમાં તા.૨૦/૧૦/૨૦૧૩ થી તા.૨૪/૧૦/૨૦૧૩ સુધી રોકાયેલા તેમજ ફરીયાદણની ફરીયાદ પ્રમાણે અખીલ ગુપ્તા આરોપી હતા તેમજ સી. આર. પી. સી. કલમ–૧૫૭ ના રીપોર્ટમાં પણ અખીલ ગુપ્તા નુ નામ છે. ત્યારબાદ પેરા નં.(૧૬૯) માં જણાવેલ છે કે, ચાર્જશીટના આરોપી નં. (૨) થી (૭) દવારા નામદાર સેશન્સ કોર્ટ, ગાંધીનગર ખાતે આગોતરા જામીન અરજી દાખલ કરેલ, તેમા મારા દવારા આગોતરા જામીન અરજીનો વિરોધ કરતી તેઓએ એફીડેવીટો કરેલી અને એફીડેવીટમાં તેઓ દવારા અખીલ ગુપ્તાને આરોપી તરીકે દર્શાવેલ હતો અને તેઓના કહેવા પ્રમાણે તા.૨૦/૧૦/૨૦૧૩ થી તા.૨૪/૧૦/૨૦૧૩ સુધી અખીલ ગુપ્તા એ.ટી.એસ. ઓફીસમાં હતા તેમ છતાં તેઓએ આ ગુનામાં તેમને અટક કરેલા નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સાહેદ અખીલ ગુપ્તાને સાક્ષી તરીકે લીધેલ છે. તેઓને પોલીસ અધિકારી તરીકે કુલ–૨૧ વર્ષની નોકરી થયેલ છે. હાલ તેઓને યાદ નથી કે તેઓની નોકરી દરમ્યાન કેટલા આરોપીઓને તેઓએ સાહેદ તરીકે સી. આર. પી. સી કલમ : ૧૬૪ મુજબના નીવેદનો અપાવ્યા અને ત્યારબાદ તેઓને ચાર્જશીટમાં સાહેદ બનાવ્યા હોય તે હકીકત તેઓ જણાવી શકુ તેમ નથી. સદર હકીકત ધ્યાને લેતાં અખીલ ગુપ્તા અને તપાસનીશ અધિકારીનું મેળાપીપણા હોવાનું જણાઈ આવે છે. એટલુ જ નહી અખીલને આરોપીમાંથી સાક્ષી બનાવવામાં આવેલ તે સંદર્ભે ફરીયાદણનું કોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. વળી પોલીસને ઈમ્યુનીટી/ પાર્ડન કરવાના કોઈ જ પાવર્સ નથી તે પાવર્સ માત્ર નામદાર કોર્ટ પાસે જ છે. તારીખ– ૨૪/૧૦/૨૦૧૩ સુધી અખીલ ગુપ્તા એ. ટી. એસ. ઓફીસમાં હતા. આમ તારીખ–૨૪/૧૦/૨૦૧૩ સુધીમાં અખીલને આરોપીમાંથી સાક્ષી બનાવવા નામદાર કોર્ટની પરવાનગી લીધેલ નથી અને અખીલ ગુપ્તાની કોઈ અટક કરેલ નથી અથવા તો તે સંદર્ભે પોલીસ દવારા 'બી' સમરી પણ ભરવામાં

આવેલ નથી. આમ પોલીસે જાતે જ જજ બની જઈ અખીલ ગુપ્તાને આરોપીમાંથી સાક્ષી બનાવી દીધેલ છે. વધુમાં તપાસનીશ અધિકારી તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૭૦)માં જણાવે છે કે વર્ષાબેન અને અખીલ ગુપ્તાનો તેઓએ ટેલીફોનથી સંપર્ક કરેલો. તેઓએ તારીખ –૦૭/૧૦/૨૦૧૩ થી તા.૧૯/૧૦/૨૦૧૩ સુધી અખીલ ગુપ્તાને અટક કરવાનો કોઈ પ્રયત્ન કરેલો નહી તેમજ અખીલ ગુપ્તાએ કોઈ આગોતરા જામીન અરજી દાખલ કરેલી નહી અને અન્ય આરોપીઓને હાજર રહેવા માટે જે સમન્સ મોકલેલ તેવા કોઈ સમન્સ તારીખ– ૧૯/૧૦/૨૦૧૩ સુધી અખીલ ગુપ્તાને મોકલેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અખીલ ગુપ્તાનું પુરુ સરનામુ મળી આવેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૭૧) માં જણાવેલ છે કે અખીલ ગુપ્તાને સાક્ષી બનાવતા પહેલા મે નામદાર કોર્ટમાં અખીલ ગુપ્તાને આરોપીમાંથી સાક્ષી બનાવવા માટે અરજી આપી કોઈ પરવાનગી મેળવેલ નહી તેમજ અખીલ ગુપ્તાને ચાર્જશીટના કોલમ નંબર–(૨) માં પણ ઈન્સાફી કાર્યવાહી માટે નહી મોકલવા માટેના કોલમમાં તેનું નામ દર્શાવેલ નથી. ચાર્જશીટના કોલમ નં.(૨) માં ટ્રાયલ માટે નહી મોકલવાના હોય તેવા આરોપીઓ તથા Abscond આરોપીઓના નામ હોય છે. તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૨૦૮) માં પોલીસને આરોપીને માફી આપવાની કોઈ સત્તા નથી તેવી સ્પષ્ટ કબુલાત કરેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૧) થી તપાસવામાં આવેલ વર્ષાબેન અખીલ ગુપ્તાનાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૯) માં ભોગ બનનારે જે ફરીયાદ કરી તેમાં તેણીના પતિને આરોપી તરીકે બતાવેલ હોવાની વાત સાચી હોવાનું જણાવેલ છે. આમ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે અખીલ જોડે ગોઠવણ કરી નામદાર કોર્ટની પરવાનગી વિના તેને આરોપીમાંથી સાહેદ બનાવેલ છે. વધુમાં સાહેદ વર્ષાબેનનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા

નં.(૪૦)માં તેણીના પિતાજી વકીલ હોવાનું જણાવે છે તેમજ તેણી સી.આર.પી.સી. કલમ : ૧૬૧ તથા ૧૬૪ ની જોગવાઈઓથી વાકેફ હોવાનું જણાવેલ છે. સાહેદ વર્ષાબેનના બે થી ત્રણ વખત નીવેદનો રેકર્ડ કરવામાં આવેલ હોવા છતાં અને તે સંબંધે વિડીયોગ્રાફી પણ કરવામાં આવેલ હોવા છતાં તે અંગેની કોઈ સીડી રજુ કરવામાં આવેલ નથી. જો ખરેખર સ્ટેટમેન્ટ મુજબની સીડી હોત તો તે ચોકકસ રજુ કરેલ હોત. સાહેદ વર્ષાનાઓએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૧૯)માં ઓકટોબર ૨૦ થી ૨૭ સુધીના સમયગાળા દરમ્યાન તેઓ એ. ટી. એસ ઓફીસમાં રોકાયેલ હોવાનું જણાવેલ છે. એટલુ જ નહી સદર સાહેદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૦) માં તેણી એ. ટી. એસ. ઓફીસમાં રોકાયેલ હતી તે સમય દરમ્યાન એ. ટી. એસ. ઓફીસ બહાર ગયેલ નથી તેવુ જણાવેલ છે. સદર કામે તપાસનીશ અધિકારીની બચાવપક્ષ દવારા કરવામા આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૭૩)માં પણ વર્ષાબેનનું બે –ત્રણ વાર વીડીયોગ્રાફીથી નિવેદન લેવામાં આવેલ હોવાની હકીકત પણ સાચી નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૨૫૧) માં તેઓ સાહેદ વર્ષાબેન અખીલ ગુપ્તાનાઓનું નિવેદન વિડીયો રેકોડીંગ કરેલ પરંતુ તે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ ન હોવાનું કબુલ કરેલ છે. આમ તપાસનીશ અધિકારી સોંગદ ઉપર ખોટું બોલવા માટે ટેવાયેલ છે. એટલુ જ નહી તપાસનીશ અધિકારી પાસે અખીલ ગુપ્તાનો મોબાઈલ નંબર કયાંથી આવ્યો ? તે પણ સ્પષ્ટ થતુ નથી. વળી ફરીયાદણ યાને ભોગ બનનારનું તા.૧૭/૧૦/૨૦૧૩ નું તપાસનીશ અધિકારી રૂબરૂનું વિશેષ નીવેદન વંચાણે લેતા તેમાં વર્ષા તથા અખીલના મોબાઈલ નંબર લખવામાં આવેલ છે. બચાવપક્ષ દવારા તપાસનીશ અધિકારીની ઉલટતપાસના પેરા નં.(૧૪૪) તરફ આ અદાલતનું ધ્યાન દોરેલ છે. જેમાં ફરીયાદણએ તારીખ–૧૭/૧૦/૨૦૧૩ ના નીવેદનમાં વર્ષા અને અખીલના

મોબાઈલ નંબરો જણાવેલ છે. તેમજ ફરીયાદણ જોડે વર્ષા અને અખીલ કઈ રીતે સંપર્કમાં હતા અને કયારથી હતા તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નહી હોવાનું સ્વીકાર કરેલ છે. ફરીયાદણ યાને ભોગ બનનારે પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૦) માં તા.૧૭/૧૦/૨૦૧૩ ના પોલીસ રૂબરૂના નીવેદનમાં તેણીએ વર્ષાબેન અને અખીલ નરેશચંદ્રનો મોબાઈલ નંબર લખાવેલ હોવાની વાત સાચી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદણએ તે તેણીને પોલીસ મારફત જાણવા મળેલ હોવાનો પણ ખુલાસો કરેલ છે જે હકીકત પ્રતિપાદીત કરે છે કે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસ. આઈ. ટી.) ના સભ્યો અખીલ અને વર્ષાના સંપર્કમાં હતા અને તેઓએ વર્ષા અને અખીલનો ધાર્યા પ્રમાણે ઉપયોગ કરેલ છે.

**(૧૦)** બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ મારું ધ્યાન અખીલ ગુપ્તાના આંક- ૮૨૬ વાળા નીવેદન તરફ દોરી જણાવેલ છે કે અખીલ ગુપ્તા એ દસ છોકરીઓને વકતા બનાવવા માટે સીલેકટ કરવા લઈ ગયેલ હોવાની તેમજ મહીના પછી આરોપી નં.(૨) ભારતીબેન ફરીયાદણ ને લઈને આવ્યા હોય તેમજ તેઓએ ફરીયાદણના લોહીવાળા કપડા અગર તો લોહીવાળા ડાઘ જોયેલ હોય તે હકીકત કયાંય જણાવતા નથી અને ઉલટાનું કહેવાતા બનાવ સમયે અખીલ ગેટની પાસે ઝાડ નીચે થોડે દુર હોવાની હકીકત જણાવે છે. તેમજ સાહેદ વર્ષાબેનને તેણીનો સંસાર કાપવો પડશે વિગેરે હકીકતો જણાવેલ નથી. વળી સાહેદ વર્ષા ખુદ કયાંય જણાવતી નથી કે તેણીની સાથે ખરાબ કામ કરવામાં આવેલ, સાહેદ વર્ષા તો ૨૦૦૦ ની સાલથી વકતા તરીકે હતી જો વર્ષા સાથે આરોપી નં.(૧) આશારામે કંઈક ખોટુ કર્યુ હોત તો અખીલને તેની જાણ હોત જ અને અખીલ વર્ષા જોડે લગ્ન પણ ના કરત. કહેવાતા બનાવ સમયે અખીલ ગુપ્તા પુરુષ આશ્રમમાં

અને વર્ષાબેન મહીલા આશ્રમમાં રહેતા હતા અને સાહેદ વર્ષાબેનનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧) માં તેણીના લગ્ન સને–૨૦૦૯ માં ફેબ્રુઆરીમાં જ થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૭) તરીકે તપાસવામાં આવેલ તૃપ્તીબેનનાઓએ તેઓની જુબાનીના પેરા નં.(૧૦) માં તેણીને ૧૯૯૩ માં વકતા બનાવેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૫) તરીકે તપાસવામાં આવેલ રાકેશભાઈનાઓએ પણ તેઓ સને–૧૯૯૧ થી આશ્રમમાં રહેતા હોવાનું જણાવેલ છે. સાહેદ રાકેશભાઈનાઓએ પણ તેઓની સરતપાસના પેરા નં.(૨) માં તેઓની પત્ની (તૃપ્તીબેન) સાથે તેઓનો પરીચય આશારામ આશ્રમમાં સને–૨૦૦૮ માં થયેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦) માં તેઓના પરીચયમાં આવેલ તૃપ્તી સાથે તારીખ–૧૨/૦૫/૨૦૦૯ ના રોજ આર્યસમાજ હોલ, સુરત ખાતે લગ્ન કરેલ હોવાનું જણાવે છે. વધુમાં સાહેદ રાકેશભાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૧) માં કબુલેલ છે કે, તેઓને તેમની પત્ની તૃપ્તીબેન ઉપર અતિશય વિશ્વાસ છે અને તેઓ તેમની પત્નીને કંઈ પણ પુછે તો તે તેઓને ૧૦૦ % સાચી વાત જણાવે અને વારીશ શર્માએ તેઓને જે વાત કરેલ તે અંગે તેઓએ તેમની પત્નીની પુછપરછ કરેલી અને તેમની પત્નીએ જણાવેલ કે આ બધા ખોટા આક્ષેપો (સને–૨૦૦૧ ના કહેવાતા બનાવ સંબંધે કરવામાં આવેલ આક્ષેપો સહીતના આક્ષેપો) છે અને કહેલુ કે આશ્રમમાં આવુ કંઈ જ નથી.

**(૧૧)** ત્યારબાદ બચાવપક્ષ તર્ફે વિ. વ. શ્રી ગુપ્તાનાઓ જણાવે છે કે ફરીયાદપક્ષના સાહેદો જ જણાવે છે કે આરોપી નં.(૧) આશારામ બાપુ ૨૦૦૨ પછી શાંતીવાટીકામાં રહેવા ગયેલા. આમ આરોપી નં.(૧) આશારામ

બાપુ સને–૨૦૦૧માં શાંતીવાટીકામાં રહેતા જ ન હતા. જેથી ફરીયાદણએ આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ કરેલા આક્ષેપો તદન ખોટા અને ઉપજાવી કાઢેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

**(૧૨)** બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએએ વિશેષમાં રજુઆત કરેલ છે કે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૭) તરીકે તપાસવામાં આવેલ સદર કામના ફરીયાદણ યાને ભોગ બનનાર તેઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૮)માં જણાવે છે કે, મોટેરા આશ્રમમાં ગુરુપુર્ણિમાનો તહેવાર એક દિવસ ઉજવાય છે. સને–૨૦૦૦–૨૦૦૧ તથા ૨૦૦૨માં મોટેરા આશ્રમમાં લાખો લોકો આશારામના દર્શન કરવા આવતા હતા. તેમજ ગુરુપુર્ણિમા વખતે શિબિર થતી હતી અને આ શિબિર ત્રણ – ચાર દિવસની હતી. ત્યારબાદ તેણીએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૧૦૦)માં ગુરુપુર્ણિમાનો તહેવાર ચાર – પાંચ દિવસ સુધી મોટેરા આશ્રમમાં ઉજવવામાં આવતો હોવાનું કબુલેલ છે. આમ જયારે લાખો લોકો આરોપી નં.(૧) આશારામના દર્શન કરવા આવતા હોય ત્યારે બપોરના સમયે ટાઈમ કેવી રીતે મળે ?. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૪) તરીકે તપાસવામાં આવેલ સાહેદણ ગોપીબેન નાઓએ પણ તેઓની સરતપાસના પેરા નં.(૬) માં જણાવેલ છે કે, બાપુ અમદાવાદ આવતા ત્યારે આશ્રમમાં શીબીર હોય તો ચાર–પાંચ દિવસ રહેતા તે સિવાયના દિવસોમાં આશારામ બાપુ પ્રવાસમાં રહેતા હતા અને તેમની સાથે તેમનો સ્ટાફ રહેતો હતો. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈનાઓને પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૦) માં આશારામ ગુરુપુર્ણિમાનો તહેવાર મોટેરા આશ્રમમાં ઉજવતા હતા અને ગુરુપુર્ણિમાના તહેવાર વખતે દેશ–વિદેશ માંથી આશરે પાંચ થી છ લાખ લોકો આવતા હતા. ગુરુપુર્ણિમાના બે –ત્રણ દિવસ પહેલા અને ત્રણ – ચાર દિવસ

પછી સુધી આશારામના ચાહકોની અને શિષ્યોની દર્શન માટે લાઈન લાગતી હતી. આ સમય દરમ્યાન આશારામનું રોકાણ આશ્રમની કુટીયામાં રહેતુ હતું. આ મુદ્દા સંબંધે ફરીયાદપક્ષ તરફથી કંઈ જ જણાવવામાં આવેલ નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૪) થી તપાસવામાં આવેલ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમના એક સભ્ય ડાૅ. કાનનબેન દેસાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૬) માં કબુલેલ છે કે તેઓની તપાસ દરમ્યાન જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓના નિવેદન પ્રમાણે એવુ ખુલેલુ કે સને–૨૦૦૨ પછી આશારામનાઓએ ૩ કીમી દુર શાંતીવાટીકામાં રહેવા ગયેલા અને એવુ પણ ખુલેલ કે આશારામ બાપુનો મુખ્ય ડ્રાઈવર જીતુ બબાલ હતો. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૩) તરીકે તપાસવામાં આવેલ જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓએ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૨) માં એવી કબુલાત કરેલ છે કે તેઓએ પોલીસને બાપુ શાંતીવાટીકમાં વર્ષ –૨૦૦૨ પછી રહેવા ગયેલા અને તે આશ્રમથી ત્રણ–ચાર કીમી દુર છે તેમ જણાવેલુ હતું. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૫૦ થી તપાસવામાં આવેલ સાહેદ આશાબેનનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૧) માં સ્વીકારેલ છે કે ગુરુપુર્ણિમાના દિવસે લાખોની સંખ્યામાં સાધકો અને સાધીકાઓ આવતા હતા. સામાન્ય રીતે ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ બે – ત્રણ દિવસ ચાલતો હતો તેમજ ગુરુપુર્ણિમાના પ્રોગ્રામમાં મોટા ભાગનો સમય બાપુ વ્યાસપીઠ ઉપર જોવા મળતા હતા અને બાપુનો આરામનો કક્ષ વ્યાસપીઠની પાછળના ભાગે હતો. સદર સાહેદણે ફરીયાદપક્ષ તરફે કરવામાં આવેલ ફેરતપાસમાં જણાવેલ છે કે, તેણી સવારે જઈ સાંજે પરત જતી હતી જે હકીકત આરોપીની તરફેણમાં છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૩) તરીકે તપાસવામાં આવેલ સાહેદ જાનકીબેન ઉર્ફે શિલ્પીબેનનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૭) માં આશારામ દિવસ દરમ્યાન સત્સંગ કરવા આશ્રમમાં આવતા હતા તે સિવાય રાત્રીના

સમયે આશ્રમથી ત્રણેક કીમી દુર શાંતીવાટીકા આવેલી હતી ત્યાં આશારામ રહેતા હતા. ફરીયાદણ યાને ભોગ બનનારના આક્ષેપ અન્વયે કહેવાતા બનાવનો સમયે બપોરના અઢી વાગ્યાનો છે. જો લાખોની સંખ્યામાં લોકો આવતા હોય ત્યાં આરોપી નંબર (૧) આશારામ બપોરે કેવી રીતે નીકળે ?. ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીની સરતપાસના પેરા નં.(૧૦)માં જણાવે છે કે, ત્યારબાદ થોડી વાર માં ભારતીબેનની ગાડી આવી ગયેલી અને તેમાં તેણીને બેસાડી દીધેલી અને મહીલા આશ્રમ પાસે શાલીગ્રામ સોસાયટી આવેલી છે ત્યાં તેણીને ઉતારી દીધેલ. સદર હકીકત સંદર્ભે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૧૭)માં જણાવેલ છે કે '' ભોગ બનનારે કહેવાતા બનાવ પછી તેઓને શાલીગ્રામ – ૧ કે શાલીગ્રામ– ૨ એમ કયા વિભાગ નજીક ઉતારેલા તે અંગે તેણીએ કોઈ સ્પષ્ટતા કરેલી નથી તેમજ તેઓની તપાસ દરમ્યાન ભોગ બનનારના આક્ષેપ મુજબ તેણીને શાલીગ્રામ બંગ્લોઝ ખાતે ઉતારેલા તે શાલીગ્રામ –૧ હતુ કે શાલીગ્રામ – ૨ હતુ તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલી નહી તેમજ શાલીગ્રામ બંગ્લોઝવાળો રોડ જાહેર રસ્તો હોવાનું જણાવેલ છે. તેમજ ભોગ બનનારને શાલીગ્રામ બંગ્લોઝ પાસે કહેવાતા બનાવ પછી ઉતારેલ હોય તેવો કોઈ સ્વતંત્ર સાહેદ મળેલ નહી. તેમજ તેઓની તપાસ દરમ્યાન કહેવાતા બનાવ પછી ભોગ બનનારને શાલીગ્રામ બંગ્લોઝ પાસે ઉતારેલા હોય અને તેણીએ કોઈ બુમો પાડી પબ્લીકના માણસો ભેગા કરેલ હોય તેવુ તપાસ દરમ્યાન મળી આવેલ નહી. તેમજ કહેવાતા બનાવ પછી ભોગ બનનારને શાલીગ્રામ બંગ્લોઝ ઉતાર્યા પછી ત્યાંથી ભાગી જવાનો પ્રયત્ન કરેલ હોય કે પોલીસને ફોન કરેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ કહેવાતા બનાવ પછી તેણીને શાલીગ્રામ બંગ્લોઝ ઉતાર્યા બાદ ભોગ બનનારે પોલીસને ફોન ન કરેલ હોય અને ભાગવાનો પ્રયત્ન પણ ન કરેલ હોય

તે અંગે તેઓએ તપાસમાં તેણીનો કોઈ ખુલાસો મેળવેલો નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફથી આંક–૧૮૦ થી કહેવાતી ગુનાવાળી જગ્યાનું વિડીયોગ્રાફીવાળુ પંચનામુ રજુ કરવામાં આવેલ છે. તેમાં ફરીયાદણને શાલીગ્રામ ઉતારેલ હોય તેવુ કોઈ જ જણાવતા નથી. આમ જો ખરેખર ફરીયાદણ યાને ભોગ બનનારને તેણી જણાવે છે તે મુજબ શાલીગ્રામ ઉતારેલ હોય તો તે જાહેર રસ્તો છે અને ત્યા સોસાયટી પણ આવેલી છે અને તે જગ્યા ઉપર ઉતાર્યા બાદ તેણી ભાગી પણ શકી હોત અને ભાગી ના હોત તો તેણી બુમો પણ પાડી શકી હોત પરંતુ તેણીએ તેમ કરેલ નથી. તેમજ તેણીએ તેણીની સરતપાસના પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે, તેણી ચાલીને મહીલા આશ્રમ પાસે આવેલી ત્યાં ગેટ ઉપર બગલો અને ઢેલ બેઠેલ હતા અને તેઓ તેણીને જોઈને કહેવા લાગેલ કે તારો કુર્તો કયાં ભીનો થઈ ગયો તેમ કહી હસવા લાગેલ. સદર કામે આંક – ૧૮૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં મહીલા આશ્રમની પશ્ચિમે ઓટલાવાળા વડની ઝાડ પાસે તેઓ બેઠેલ હોવાનું જણાવે છે. જયારે તેણી તેણીની જુબાનીનાં પેરા નં.(૯૫)માં તેણીને મહીલા આશ્રમમાં પ્રવેશી તમારા રૂમમાં જતા વચ્ચે ઓટલાવાળું ઝાડ આવે નહી ? તેવો સવાલ કરતા તેણીએ પ્રવેશ દવારથી તેણીના રૂમ ઉપર જવાના બે રસ્તા હોવાનું અને એક રસ્તેથી જઈએ તો ઓટલાવાળું વડનું ઝાડ આવે અને બીજા રસ્તે ન આવે તેવો તેણીએ જવાબ આપેલ છે. વધુમાં તેણીએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૯૬) માં સને–૨૦૦૧ માં બનાવના દિવસે તેણી શાલીગ્રામ સોસાયટીથી આવી તેણીના રૂમ ઉપર ગયેલ તે વખતે વચ્ચે ઓટલાવાળો વડ આવેલો નહી તે હકીકત સાચી હોવાનું જણાવેલ છે. આમ તેણીએ આશ્રમનાં વધુમાં વધુ માણસોને ખોટા ગુનામાં સંડોવવા ઢેલ અને બગલા વિશે જણાવેલ છે. ખરેખર તો ગુનાવાળી જગ્યાના પંચનામામાં ઓટલો નહી હોવાનું જણાયેલ છે.ત્યારબાદ તેણીએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૭૮)માં પણ તેણીએ તેના તા.૧૭/૧૦/૨૦૧૩ ના

પોલીસ રૂબરૂના વિશેષ નિવેદનમાં તેણીને રાખેલી તે રૂમમાં તેણીની સાથે રમિલા ફોઈ, અનીતા, સારીકા અને કસ્તુરીબેન વિગેરે રહેતા હતા તે હકીકત ખોટી લખાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. બચાવપક્ષના વિ.વ.શ્રીએ રૂમ પાર્ટનર તો હોય ને ? તેવી દલીલ કરેલ છે. તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૫૪) માં જણાવેલ છે કે, તેઓએ મહીલા આશ્રમમાં આવેલ ફરીયાદણના રૂમ પાર્ટનર કસ્તુરીબેનનું તારીખ–૦૮/૧૦/૨૦૧૩ ના રોજ નીવેદન લીધેલું ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે ફરીયાદણને બે દિવસ સુધી સતત તાવ આવેલ તેમજ ફરીયાદણ ખુબ ગભરાઈ ગયેલ હતી અને રૂમની બહાર નીકળેલ નહી. ત્યારે ઢેલ ફરીયાદણ પાસે આવેલ અને કહેલ કે તુજે બાપુ સે જો મીલા હે, ઉસે સંભાલ કર રખના ઔર ખુદ સંભલ જાના અને ઢેલ જયારે આવી ત્યારે ફરીયાદણ માટે દુધ અને સફરજન લઈને આવેલ અને ફરીયાદણને કહેલ કે બાપુને ભીજવાયા હે અને ત્યારબાદ ફરીયાદણને વકતા બનાવવાની પ્રેકટીસ શરૂ કરેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, કસ્તુરીબેનનું નીવેદન લીધેલ તે સમયે તેઓ આશારામ આશ્રમમાં સમર્પિત હતા. ત્યારબાદ તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં. (૨૧૧) માં કબુલેલ છે કે કસ્તુરીબેને તેમના નિવેદનમાં એવુ જણાવેલ નથી કે, ફરીયાદણને બે દિવસ સુધી સતત તાવ આવેલો તેમજ ફરીયાદણ ખુબ ગભરાઈ ગયેલ હતી અને રૂમની બહાર નીકળેલ નહી. ત્યારે ઢેલ ફરીયાદણ પાસે આવેલ અને કહેલ કે '' તુજે બાપુ સે જો મીલા હે , વો ઉનકી મહાન કૃપા હે, ઉસે સંભાલ કર રખના ઔર ખુદ સંભલ જાના '' અને ઢેલ જયારે આવી ત્યારે ફરીયાદણ માટે દુધ અને સફરજન લઈને આવેલ અને ફરીયાદણને કહેલ કે, '' બાપુને ભીજવાયા હે '' અને ત્યારબાદ ફરીયાદણને વકતા બનાવવાની પ્રેકટિસ શરૂ કરેલી. આમ કસ્તુરીબેનના નિવેદનમાં ફરીયાદણએ કરેલ આક્ષેપોને સમર્થન મળતુ નથી તેમજ ફરીયાદણ યાને ભોગ બનનારના રૂમ પાર્ટનરોના નિવેદનોમાં પણ

ફરીયાદણએ કરેલા આક્ષેપોને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને ફરીયાદણએ માત્ર કાલ્પનીક આક્ષેપો કરેલા છે. એટલુ જ નહી તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૧૨)માં જણાવેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ચાલીસ – પીસ્તાલીસ મહીલા આશ્રમની મહીલાઓના નિવેદન નોંધેલા અને આ મહીલાઓના નિવેદનમાં તેઓએ તેમની સાથે કોઈ દુષ્કર્મ થયેલ હોય તેવુ જણાવેલ નથી તેથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૧૧૪ ( g ) મુજબ ફરીયાદપક્ષ વિરૂધ્ધ Adverse inference drawn કરવુ જોઈએ.

**(૧૩)** વિ.વ.વ. શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણની સગી બહેન ગીતાબેન નાઓએ પેરા નં.(૬)માં તેઓ અમદાવાદ આશ્રમમાં દર વર્ષે એક– બે પ્રોગ્રામોમાં ગુરુપુર્ણિમા તથા દિવાળીના તહેવારો દરમ્યાન તેઓ સહપરીવાર સાથે આશ્રમે જતા હતા. બાપુજી ચાર–પાંચ દિવસ રોકાતા એટલા દિવસ ભોગ બનનાર સાથે અમે રોકાતા હતા ત્યારે ભોગબનનાર એટલે કે મારી બહેનને મળતા હતા ત્યારે પણ અમે ભોગબનનાર એટલે કે મારી બહેનને કહેતા કે તુ ઘરે આવી જા. ત્યારે પણ ભોગ બનનાર એટલે કે મારી બહેન ઘરે આવાની ના પાડતી હતી. વધુમાં સદર સાહેદે ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે તેણી તથા તેણીના માતૃશ્રી પ્રોગ્રામો વખતે ફરીયાદણની રૂમમાં જ રહેતા હતા. આમ છતાં ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની સાથે બનેલ બનાવની તેણીની બહેન(ગીતાબહેન), તેણીના માતૃશ્રીને કોઈ વાત કરેલ નથી. ખરેખર જો કોઈ વ્યકિતને પોતાના ગુરુ પ્રત્યે અંધવિશ્વાસ હોય તો પણ ફરીયાદણ જણાવે છે તેવુ કૃત્ય બને તો તેના વાલી

તે વ્યકિતને આશ્રમમાંથી લઈ જાય, લઈ જાય અને લઈ જ જાય. ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીની સરતપાસના પેરા નં.(૧૨) માં જણાવે છે કે,'' ત્યારબાદ આશરે એકાદ મહીના પછી ફરીથી ધ્રુવબેન તેણીને બોલાવવા માટે આવેલા અને તેણીને કહેલુ કે, તને ભારતીબેન બોલાવે છે. મારી સાથે મહીના પહેલા જે થયેલ હતુ તેથી હું ડરેલી હતી. મને થયેલુ કે ફરીથી મારી સાથે આવુ થશે, તે વખતે મેં નાઈટ ડ્રેસ પહેરેલ હતો તેથી મે કહેલુ કે હું કપડા બદલીને આવુ છું. ત્યારબાદ ધ્રુવબેન જતા રહેલા અને મને મોકો મળતા ત્યાં બગીચાની વાડ છે ત્યાં જઈને હું છુપાઈ ગયેલ હતી. ત્યારબાદ ભારતીબેન, મૈયા અને ચોકીવાળી જસીબેન મને શોધતા હતા.'' આમ ફરીયાદણ યાને ભોગ બનનારે કેસને ગંભીર બનાવવા માટે એક મહીના પછી આવો ખોટો આક્ષેપ લગાવેલ છે. ફરીયાદણ તેણીના આંક– ૨૮૩ વાળા સીઆરપીસી કલમ– ૧૬૪ મુજબના નિવેદનમાં તેણી ઝાડ પાસે, જયારે ગુનાવાળી જગ્યાના પંચનામામાં તેણી ઝુપડીમાં સંતાયેલ હોવાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૫૫) માં કબુલેલ છે કે, ફરીયાદણના આક્ષેપ મુજબ મહીના પછી બીજી વાર જયારે ફરીયાદણને બોલાવવામાં આવેલ ત્યારે ફરીયાદ પ્રમાણે ફરીયાદણ બગીચાની વાડ પાછળ સંતાઈ ગયેલ, ફરીયાદણના સી. આર. પી. સી કલમ : ૧૬૪ મુજબના નીવેદન પ્રમાણે ગાર્ડનમાં ઝાડ પાસે સંતાઈ ગયેલી, જયારે ગુનાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન ફરીયાદણએ તેણી ઝુપડીમાં સંતાઈ ગયેલ તે લગત તેઓએ ફરીયાદણનો કોઈ ખુલાસો મેળવેલ નથી. આમ ફરીયાદણના સંતાઈ જવાનું સ્થળ પણ બદલાઈ જાય છે. જે હકીકત જોતા ફરીયાદણએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું માલુમ પડે છે. એટલુ જ નહી કહેવાતા બનાવના આશરે બાર વર્ષ પછી પોલીસે એફ. આઈ. આર. ફાડેલ છે. મેડીકલ તથા ફોરેન્સીક એવીડેન્સ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આમ સદર

કામે એક માત્ર ફરીયાદણના મૌખીક શબ્દો સિવાય અન્ય કોઈ જ પુરાવો મળેલ ન હોવા છતાં આરોપીઓ વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે. ફરીયાદણ તેણીને એક માસ પછી ફરીથી ભારતીબેન શાંતીવાટીકા લઈ ગયેલ હોવાનું જણાવે છે પરંતુ સદર હકીકતને ફરીયાદપક્ષના (૧) અખીલ ગુપ્તા, (૨) દેવેન્દ્ર પ્રજાપતિ (૩) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ તથા (૪) જીતુ બબાલ નાઓ પણ સમર્થન કરતા નથી. જો ખરેખર ફરીયાદણને ભારતીબેન ફરીથી શાંતીવાટીકા લઈ ગયા હોત તો ફરીયાદણ ભારતીબેનને કહી શકયા હોત કે મને ફરીથી ના લઈ જાવ. આમ પ્લાનીંગથી ડ્રાફટ કરીને ફરીયાદ આપવામાં આવેલ છે.

**(૧૪)** ત્યારબાદ વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૪) થી તપાસવામાં આવેલ શોભાબેન પુરષોતમભાઈ ભુતડાનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, તેઓ એ વાત સાથે સહમત નથી કે,'' સેકસ સંબંધી કોઈપણ ફરીયાદ હોય તો તે વિડીયોગ્ર ાફીથી નોંધવી જોઈએ. જો સી. આર. પી. સી. કલમ : ૧૫૪ માં આવી જોગવાઈ હોય તો હું તે જોગવાઈ સાથે સહમત છું. તેઓએ ફરીયાદણની ફરીયાદ લીધી તે વખતે તેઓને સેકસ સંબંધી ફરીયાદ વિડીયોગ્રાફીથી નોંધવી પડે તેવી કોઈ કાયદાકીય જોગવાઈની માહીતી ન હતી.'' બચાવપક્ષ તરફથી એવી ભારપુર્વક દલીલ કરવામાં આવે છે કે સી. આર. પી.સી કલમ : ૧૫૪ માં તારીખ–૦૩/૦૨/૨૦૧૩ ના સુધારા પછી ઈ. પી. કો. કલમ– ૩૫૪, ૫૦૯ તથા ૩૭૬ ની ફરીયાદ વિડીયોગ્રાફી થી જ લેવાની જોગવાઈ છે. કહેવાતા બનાવની તા.૦૬/૧૦/૨૦૧૩ ના રોજ ફરીયાદ આપવામાં આવેલ છે.તે સમયે નવા સુધારા મુજબ વિડીયોગ્રાફીથી જ ફરીયાદ લેવાની મેન્ડેટરી જોગવાઈ હોવા છતાં તેનું પાલન કરવામાં આવેલ નથી. ખરી હકીકત તો એ છે કે સદર સાહેદને તા.૦૩/૦૨/૨૦૧૩ ના સી.આર.પી.સી.ની કલમ–૧૫૪

(બી) ની જોગવાઈની ખબર હોવા છતાં તેનુ ઉલ્લંઘન કરવામાં આવેલ છે કારણ કે જો વિડીયોગ્રાફીથી ફરીયાદ રેકર્ડ કરવામાં આવે તો ફરીયાદણએ તેણીની ફરીયાદમાં જે આક્ષેપો કીધા તે રેકર્ડ ઉપર આવી જાય. જેથી ઈરાદા પુર્વક વિડીયોગ્રાફી દવારા ફરીયાદ લેવામાં આવેલ નથી અને ફરીયાદણએ લાલચ માટે ખોટા આક્ષેપો કરેલાનું રેકર્ડ ઉપર આવેલ છે. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રીએ મારુ ધ્યાન ફરીયાદણ યાને ભોગ બનનારની ઉલટતપાસના પેરા નં. (૯૫) તરફ ધ્યાન દોરી જણાવેલ છે કે, સુરતના પોલીસ કમિશ્નર આસ્થાના સાહેબે સુરતના હીરાના મોટા વેપારી સવજીભાઈને ભલામણ કરી તેણીના પતિને નોકરી અને રહેવા માટે મકાન ભાડે અપાવેલ. શું પોલીસનું કામ નોકરી અને મકાન અપાવવાનું છે ?. જે હકીકત ધ્યાને લેતાં ફરીયાદણ અને પોલીસ વચ્ચે મેળાપીપણા હોવાનું ફલીત થાય છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં-(૧૩૮) માં કબુલ કરેલ છે કે તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનારના બેન્ક એકાઉન્ટ ડીટેલ્સ અંગે તપાસ કરેલ નથી તેમજ બેન્ક એકાઉન્ટ ડીટેલ્સ તેઓએ ચાર્જશીટ સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. તેનું બીજુ એક કારણ એ છે કે ફરીયાદણના એકાઉન્ટમાં રૂપિયા જમા થયેલ હોવા જ જોઈએ એટલે તો તે વિગત ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. ફરીયાદણએ તેણીની સરતપાસના પેરા નં.(૧૫)માં જણાવેલ છે કે, તેણીએ તેણીની વકતા તરીકેની કામગીરીનો આરોપી નં.(૧) આશારામને રીપોર્ટ કરવાનો હતો અને તેણી તે માટે આરોપી નં.(૧) આશારામને ફોન કરે ત્યારે પણ તેઓ ફોન ઉપર તેણીની સાથે બિભસ્ત વાતો કરતા હતા તેમ જણાવે છે. પરંતુ તે અંગે ફરીયાદપક્ષ પાસે મૌખીક પુરાવા સીવાય બીજા કોઈ આધાર પુરાવો નથી. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારે સદર પેરામાં જણાવેલ છે કે, '' તેણી આટલા વખતથી આશ્રમમાં રહેતી હતી અને જોતી હતી

કે આરોપી નં.(૧) આશારામ પાસે ઘણી મોટી મોટી હસ્તીઓ આવતી હતી અને તેમની ખુબ મોટી વગ હતી અને તેણી સામાન્ય મજુર વર્ગની હતી અને તેણીને ધમકી પણ આપેલી હતી કે કોઈને કહીશ તો તને જીવતી રહેવા નહી દઉ, તેથી તેણીએ આ વાત કોઈને કહેલ નહી તેમ જણાવેલ છે. પરંતુ ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની ફરીયાદ કે વધારાના નિવેદનોમાં કે બીજી કોઈ જગ્યાએ પણ આશ્રમમાં આવતી હાઈપ્રોફાઈલ વ્યકિતઓના નામ આપ્યા નથી. ફરીયાદણ યાને ભોગ બનનાર સને-૨૦૦૭ માં ચોરીછુપીથી આશ્રમ પાછળના રસ્તેથી રોડ ઉપર થઈ જતી રહેલ હોવાનું જણાવે છે. તેમજ તેણીને ગોંધી રાખવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે હકીકત ગુનાની ગંભીરતા વધારવા માટે જણાવેલ છે. ફરીયાદણ તેણીની ઉલટતપાસના પેરા નં. (૬૩) માં જણાવે છે કે તેઓ સત્સંગ માટે જતા હતા ત્યારે એક આખી ટીમ જતી હતી જેમાં તેણી ટીમની મુખ્યા હતી. ત્યારબાદ તેણીએ જણાવેલ છે કે, તેણીએ ગુજરાતમાં ગોંડલ, જુનાગઢ, મોડાસા, લીંમડી, અમદાવાદમાં, તેમજ રાજય બહાર નાગપુર, મધ્યપ્રદેશમાં સાગર, દિલ્હી, ચંડીગઢ, સીમલા અને સોલોન વિગેરે જગ્યાએ પ્રવચનોમાં જતી અને તેણી મહીનામાં આશરે સાત થી આઠ દીવસ જ આશ્રમમાં રહેતી અને બાકીના દીવસોમાં સત્સંગ શીબીરમાં જવુ પડતુ હતું. આમ ફરીયાદણએ સને-૨૦૦૧ થી ૨૦૦૭ સુધી ગુજરાત તેમજ ગુજરાત બહાર અનેક પ્રોગ્રામો કરેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. આમ જો તેણીએ તેણીના ઘરે જવુ હોય તો તેણી માટે માત્ર બે મીનીટનું કામ હતું પરંતુ કેસને વધુ ગંભીર બનાવવા માટે તેણીએ સદર હકીકત જણાવેલ છે. વધુમાં ફરીયાદણએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૩૧) માં તેણીએ સને-૨૦૦૭ માં આશ્રમ છોડયો ત્યાં સુધી તેણી આશ્રમમાં જ રહેલ તેમજ સને -૧૯૯૭ થી સને - ૨૦૦૭ દરમ્યાન તેણી આશરે બે વખત સુરત તેણીના ઘરે ગયેલ હોવાનું જણાવે છે. ત્યારબાદ તેણીએ તેણીની ઉલટતપાસના પેરા

નં.(૬૫)માં તેણી મહારાષ્ટ્ર અને અન્ય રાજયોમાં સત્સંગ માટે ગયેલ હોવાનું અને અમદાવાદથી મહારાષ્ટ્ર જવુ હોય તો વચ્ચે સુરત પણ આવે આમ છતાં તેણીએ સુરત રોકાઈ જવાનું ઉચિત માનેલ નથી એટલુ જ નહી ફરીયાદણએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૮૮) માં પણ કબુલ કરેલ છે કે, પાંડેસરા સુરતમાં આવેલુ છે અને વ્યારા, માંડવી અને સોનગઢ પણ સુરત જીલ્લામાં આવેલ છે. તેણીએ તેણીની ઉલટતપાસના પેરા નં.(૧૧૦) માં તેણીને આંક–૩૨૧ ના લીસ્ટ સાથે રજુ થયેલ ફોટોગ્રાફ્સ બતાવવામાં આવતા તેણીએ તે દરેક ફોટોગ્રાફ્સમાં તેણીનો ફોટો હોવાનો તેમજ માર્ક– ૩૨૧/૧ થી રજુ થયેલ ત્રણેય ફોટોગ્રાફ્સ પાંડેસરા , સુરત ખાતેની શીબીરના હોવાનું જણાવેલ છે તેમજ તેણીએ શીબીર દરમ્યાન ગરીબ લોકોને રોકડમાં દાન પણ આપતી હોવાનું કબુલેલ છે. ત્યારબાદ તેણીની ઉલટતપાસના પેરા નં. (૬૫) માં તેણીના માતા પિતા અને ભાઈ–બહેન સુરત રહેતા હોવાનું તેમજ તેણીને સુરતમાં પ્રવચન કરવા માટે કયારેય મોકલેલ નહી. જેથી ત્યાંથી એટલે કે સુરતથી તેણીના ઘરે રહેવાનો તેણીને વિચાર આવ્યાનો સવાલ ઉત્પન થતો નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણએ સોંગદ ઉપર પોતાની જુબાની બદલેલ છે. ત્યારબાદ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૪૬)માં તા.૦૯/૧૦/૨૦૧૩ ના તેઓ રૂબરૂના નિવેદનમાં તેણી એ '' અવાર નવાર તેણીના મમ્મી વાર તહેવારે શિબિર સત્સંગમાં આશારામ આશ્રમ ખાતે આવતા ત્યારે તેણીને ૫૦૦/– રૂપિયા આપી જતા હોવાનું જણાવેલ છે.'' બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેનને તેઓની સરતપાસના પેરા નં.(૭) માં જણાવેલ છે કે થોડા સમય પછી ભોગ બનનાર એટલે કે તેઓની બહેન વકતા બની ગયેલ હતી અને સત્સંગો કરતી હતી ત્યારે તે સુરત અને આજુબાજુના ગામડાઓમાં પણ સત્સંગ કરવા આવતી હતી ત્યારે તેઓ

પણ સત્સંગમાં જતા હતા અને તેઓની બહેન એટલે કે ભોગ બનનારને મળતા હતા અને તેઓની બહેન તેઓના ઘરે પણ આવતી હતી ત્યારે તેણીને તેઓ ઘરે રહેવાનું જણાવતા પરંતુ તેણી ઘરે આવવાની ના પાડતી હતી તેમ જણાવે છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૮) માં '' ત્યારબાદ ભોગ બનનાર એટલે તેઓની બહેનને ટીબીની બીમારી થઈ ગયેલ હતી ત્યારે તે સારવાર કરાવવા માટે ઘરે એટલે કે સુરત ખાતે આવેલ હતી અને તેણીને સારવાર દરમ્યાન સારુ થઈ ગયેલ હતું.'' ત્યારે પણ તેઓ તેમની બહેન (ફરીયાદણ યાને ભોગ બનનાર)ને કહેતા કે,'' હવે અહીં જ રહી જા સુરત ખાતે હવે તારે મહીલા આશ્રમ, અમદાવાદ ખાતે જવાનું નથી.'' તેમ છતાં ભોગ બનનારે એટલે કે તેઓની બહેને ના પાડેલી અને અમદાવાદ મહીલા આશ્રમમાં જતી રહેલ. ત્યારબાદ સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૯)માં પણ '' ભોગ બનનારને ટી. બી. ની બીમારી તેઓના લગ્ન ૨૦૦૩ માં થયેલા તે અરસામાં થયેલ. ત્યારબાદ ભોગ બનનાર એટલે કે તેઓની બહેન સને ૨૦૦૬–૨૦૦૭ માં મહીલા આશ્રમ છોડીને ઘરે આવી ગયેલ હતી. ત્યારબાદ તેઓ તેમના પિયર ગયા ત્યારે તેઓએ ભોગ બનનારને પુછેલ કે'' તમે કેમ પાછા આવી ગયેલ છો ? '' ત્યારે ભોગ બનનારે તેણીને કહેલ કે '' બાપુજીએ તેણીને જાહેર સત્સંગમાં ઠપકો આપેલો અને તેણી સત્સંગ કરતી હતી એટલે તે વાતનું ખોટું લાગી ગયેલ એટલે તેણી પરત ઘરે આવી ગયેલી'' હોવાનું જણાવેલ છે. ફરીયાદણ યાને ભોગ બનનારને આંક–૭૫૪ થી રજુ થયેલ સી.ડી. બતાવવામાં આવતા તેમાં તેણીની સ્પીચ હોવાનું જણાવે છે. એટલુ જ નહી ફરીયાદણએ અગાઉ જણાવ્યુ કે તેણી મહીનામાં સાત – આઠ દિવસ જ આશ્રમમાં રહેતી હતી તેથી તેણીને ત્યાંથી પણ ભાગી જવુ હોત તો ભાગી જઈ શકત, પરંતુ તેણીએ તેમ કરેલ નહી હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની ઉલટતપાસના પેરા નં. (૧૦૭) માં તેણીને માર્ક–૩૧૨/૭ વાળી સીડી કોર્ટ

રૂબરૂ લેપટોપ માં રન કરી બતાવવામાં આવતા તેમાં વ્યાખ્યાન કરનાર વ્યકિત તેણી જ હોવાનું અને આ સીડી તેણીએ આખી જોયેલ અને સાંભળેલ હોવાનું તેમજ આ સીડીમાં તમામ વ્યાખ્યાન અને ભજન તેણીએ કરેલ હોવાનું તેમજ સદર સીડીમાં તેણીએ માતા– પિતા તથા ગુરૂમહીમા ઉપર વ્યાખ્યાન આપેલ હોવાનું અને આ સીડીમાં ભજન ગવાતા હાજર લોકો ઝુમી રહયા હોવાનું તેણીએ જણાવેલ છે. જેથી તેણીને જો ત્યાંથી સુરત જવુ હોય તો પણ તેણી જઈ શકે તેમ હતી. વધુમાં બચાવપક્ષ તરફે સાહેદ નં.(૮) થી તપાસવામાં આવેલ સાહેદ દિપકકુમાર ઉર્ફે દિપક ભાટી મહેશચંદ્ર ગુર્જરનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૪) માં તેઓને નીશાની–૩૧૨/૫ (આંક– ૭૫૩) વાળી ડી. વી. ડી. બતાવવામાં આવતા તે જમ્મુ – લુધીયાણા – જલંધર ખાતે જુન –૨૦૦૬ માં પ્રોગ્રામ હતા તેની ડી.વી.ડી હોવાનું અને આ સત્સંગનું રેકોર્ડીંગ તેઓએ કરેલ તે જ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેઓને નીશાની– ૩૧૨/૭ (આંક–૭૫૪) વાળી સીડી બતાવવામાં આવતા તે હોશીયારપુર – પંજાબ ખાતે જુન–૨૦૦૬ માં પ્રોગ્રામ હતા તેની ડીવીડી છે અને સત્સંગનું રેકોર્ડીંગ તેઓએ કરેલ તે જ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ તે સમય દરમ્યાન પણ તેણીના ઘરે સુરત મુકામે જઈ શકી હોત, પરંતુ તેણીએ તમે કરેલ નથી. આમ તેણીને ગોંધી રાખવામાં આવેલ તેમજ તેણી સને–૨૦૦૭ માં કોટ કુદીને જતી રહેલ હોવાના જે આક્ષેપો કરેલ છે તે ખોટા હોવાનું પુરવાર થાય છે.

**(૧૫)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગબનનારે તેણીના સરતપાસના પેરા નં.(૧૬) માં '' ત્યારબાદ પ્રોગ્રામમાંથી રીપોર્ટ આપવા માટે તેણી એક વખત મોડાસા ગયેલી જયાં આશારામ રોકાયેલા હતા તેણી રીપોર્ટ આપવા રૂમમાં ગયેલી ત્યાં આશારામ બેડ ઉપર બેઠેલા હતા અને ત્યાં નીચે ઢેલ અને

બીજી ત્રણ- ચાર છોકરીઓ બેસેલી હતી તે વખતે આશારામે માત્ર ઉપરના ભાગે કુર્તો પહેરેલો હતો અને નીચેના ભાગે કાંઈ પહેરેલ ન હતું અને કહેલુ કે ''ઢેલ ઈસકો બતા સમપર્ણ કીસે કહેત હે.'' આવુ કહેતા ઢેલ આશારામનું લિંગ પોતાના મોઢામાં નાખીને ગંદુ કરવા લાગેલી. ત્યારબાદ આશારામે પોતાનું લીંગ ત્યાં હાજર બીજી છોકરીઓના મોઢા માં નાખેલું અને તેમ કરતા એક છોકરીના ગળામાં જોરથી ધકકો લાગેલો તેથી તે છોકરીને ત્યાં જ ઉલટી થઈ ગયેલી ત્યારબાદ આશારામે બધાને બહાર કાઢી મુકેલા તેણીએ રીપોર્ટ આપવાનો બાકી હતો આશારામ રૂમમાંથી બહાર આવેલા અને તેણી પાસે આવી કહેલુ કે, મારી સાથે ચાલતી જા અને રીપોર્ટ આપતી જા, તેણી પ્રોગ્રામનો રીપોર્ટ આપતી હતી ત્યારે રીપોર્ટ વિશે સાંભળવાની જગ્યાએ આશારામે તેમનો હાથ તેણીના કપડામાં નાખીને હાથ છાતી ઉપર નાખેલો. ત્યારબાદ તેણી મોડાસાથી મોટેરા આશ્રમ પરત આવી ગયેલી. મોડાસામાં આશારામનો આશ્રમ હાઈવે ઉપર આવેલો છે તે ગામનું નામ આજે યાદ નથી તેવુ તેણીએ જણાવેલ છે. પરંતુ આ પેરા નં.(૧૬) ના તમામ આક્ષેપો ફરીયાદમાં પણ નથી, તેમજ ફરીયાદણએ ખુદ તેણીની ઉલટતપાસના પેરા નં.(૬૧) માં '' તેણીને જુબાનીના પેરા નં.(૧૬) વંચાવવામાં આવતા તેણીએ તેની જુબાનીના પેરા નં.(૧૬) માં જે વિગતો લખાવેલી છે તે તેણીએ તેણીની ફરીયાદમાં લખાવેલ નહી હોવાની વાત ખરી હોવાનું જણાવેલ છે. '' ઉપરોકત સરતપાસના પેરા નં. (૧૬) માં કરેલ આક્ષેપો પ્રથમ ફરીયાદણના તારીખ-૦૯/૧૦/૨૦૧૩ ના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ ના આંક-૨૮૩ વાળા નિવેદનમાં કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણનું તારીખ-૦૮/૧૦/૨૦૧ ૩ નું વધારાનું નીવેદન વંચાણે લેતાં તેણીને ફરીયાદમાં જણાવ્યા સિવાય બીજા કોઈ આક્ષેપો છે ?. તેમ પુછતા જવાબમાં ''ના'' હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં-(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ

દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૫૧) માં તા.૦૮/૧૦/૨૦૧૩ ના રોજ સવાલ– જવાબવાળા નીવેદનમાં તેઓ દવારા ફરીયાદણને તમે વધુ કઈ કહેવા માંગો છો ? તમે તમારી ફરીયાદ વિશે વધુમાં કંઈ કહેવા માંગો ? તે સવાલના જવાબમાં ફરીયાદણએ બીજા કોઈ આક્ષેપ કરતી ઘટના કે હકીકત જણાવેલ નથી અને ફરીયાદણએ તા.૦૯/૧૦/૨૦૧૩ ના સી.આર.પી.સી કલમ : ૧૬૪ મુજબના આંક– ૨૮૩ વાળા નિવેદનમાં તેનો ઉમેરો કરેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબના નીવેદનમાં તેણી મોડાસાની હકીકત ભુલી ગયેલ હોવાનો કોઈ જ ઉલ્લેખ નથી. આમ ફરીયાદણને જયારે જે સારુ લાગેલ તે કહેવા તેણીની ટેવાયેલ છે. વધુમાં તપાસનીશ અધિકારી તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૫૨) માં કબુલેલ છે કે તેઓએ મોડાસા ખાતે જઈ મોડાસા આશ્રમ લગત ફરીયાદણએ જે આક્ષેપો કરેલ છે તેની કોઈ તપાસ કરેલી નહી. તેમજ મોડાસા આશ્રમ કયારે બન્યો તેની પણ તેઓએ કોઈ તપાસ કરેલી નહી. આમ માત્ર આરોપીઓને ખોટી રીતે સંડોવવા માત્ર ખોટા જ આક્ષેપો કરવામાં આવેલ છે. ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં.(૧૭) માં સુરતની એક સુમન નામની છોકરીએ કંટાળીને આશ્રમમાં એસિડ પીને મરી ગયેલી સુમને એસિડ પીધુ તે વખતે બપોરનો સમય હતો અને તેણી ત્યાં જ હતી સુમનને ત્યારબાદ ઉપાડીને રીક્ષામાં સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા હોવાનું જણાવેલ છે. પરંતુ ત્યારબાદ ફરીયાદણએ ખુદ તેણીની ઉલટતપાસના પેરા નં.(૬૧ ) માં કબુલેલ છે કે, તેણીએ '' બીજી એક છોકરી સુરતની કે જેનુ નામ સુમન હતુ તેને કંટાળીને આશ્રમમાં જ એસિડ પીને મરી ગયેલી. સુમને એસિડ પીધુ તે વખતે બપોરનો સમય હતો તેણી ત્યાં જ હતી, સુમનને ત્યારબાદ ઉપાડીને રીક્ષામાં સીવીલ હોસ્પીટલ લઈ ગયેલ હોવાની હકીકત ફરીયાદમાં લખાવેલ નથી અને ફરીયાદણના સી. આર. પી. સી કલમ : ૧૬૪ મુજબના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં જણાવેલ છે. પરંતુ ફરીયાદણની ફરીયાદ કે નીવેદનમાં તે હકીકત

જણાવેલ નથી. તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૮૩) માં કબુલેલ છે કે, તેઓએ ફરીયાદણના સી. આર. સી. પી. કલમ : ૧૬૪ મુજબના નીવેદનમાં સુમન નામની સ્ત્રીએ એસિડ પીવાનો જે આક્ષેપ કરેલ છે તે લગત સુમનબેનનું કોઈ નિવેદન લીધેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તે અંગે તપાસ કરેલી, પરંતુ મળી આવેલી નહી. આમ ફરીયાદણએ મોડાસા લગત કરેલ તમામ આક્ષેપો ખોટા હોવાનું જણાઈ આવે છે તેવી બચાવપક્ષે દલીલ કરવામાં આવેલ છે.

**(૧૬)** વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૦૨) માં કબુલ કરેલ છે કે, તેણીને તેનું સ્વમાન, સ્વાભીમાન ખુબ વાહલુ છે અને આશારામે જાહેર સભામાં તેણીને ખરાબ શબ્દો કહેલા તેથી તેણીનું સ્વાભીમાન ઘવાયેલું. તેમજ જાહેરમાં તેણીનું સ્વમાન ઘવાયાથી તેણીને દુ:ખ થયેલુ. તપાસનીશ અધિકારી ડી. બી. રવિયનાઓની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૩૦) માં કબુલેલ છે કે, ફરીયાદણએ આંક–૨૮૩ વાળા સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં એવુ જણાવેલ છે કે '' ૨૦૦૬ માં મારી જોડે કાર્યક્રમમાં જતા તબલાવાળા દિપકભાઈ તથા આશાબેનનો એકબીજા સાથે પ્રેમ સંબંધ થતા અને આ વાત બાપુને ખબર પડતા બાપુએ જાહેર સભામાં મને ખુબ ઠપકો આપેલ અને ગુસ્સે થયેલ અને કહેલુ કે તું ગુરૂનો પ્રચાર કરવા જાય છે કે આવા ધંધા કરવા ?. '' '' જે પછી મેં આશ્રમ છોડવાનું નકકી કરેલુ અને આશ્રમ છોડયો.'' સદર હકીકત ફરીયાદણએ તેણીના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં પણ જણાવેલ છે. આમ આશ્રમ છોડવાનું ખરૂ કારણ આ છે. તપાસનીશ અધિકારીની બચાવપક્ષ

દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૩૨) માં – ફરીયાદણના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદન પ્રમાણે નીલા અને આશાને પણ વકતા તરીકે પસંદ કરેલા તેવુ જણાવેલ છે. તેમાં તેઓએ નીલાનું કોઈ નીવેદન લીધેલું નહી પરંતુ આશાનું નીવેદન લીધેલુ પરંતુ આશાને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી તેમજ આશાને ચાર્જશીટમાં સાક્ષી તરીકે નહી દર્શાવવા બાબતે કોઈ વ્યાજબી કારણ પણ ચાર્જશીટમાં જણાવેલ નથી. તેમજ આશાબેને ફરીયાદણ સાથે દસ જણામાં વકતા તરીકેની પસંદગીમા સાથે ગયા હોય તેવુ તેમણે તેમના નીવેદનમાં જણાવેલ નથી. ત્યારબાદ તપાસનીશ અધિકારીએ ઉલટતપાસના પેરા નં.(૧૩૪) માં દિપક તબલાવાળાનું નિવેદન લીધેલુ પરંતુ તેને સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલ નથી. તેમજ ચાર્જશીટ દાખલ કરતી વખતે દિપક તબલાવાળાને સાહેદ તરીકે નહી દર્શાવવા માટેનું કોઈ વ્યાજબી કારણ ચાર્જશીટમાં જણાવેલ નહી હોવાનું કબુલેલ છે. આમ આશાબેન અને દિપકભાઈએ નિવેદનમાં કહેલુ હોવુ જોઈએ અને તેમની વચ્ચે નિવેદન લીધેલ હોવા છતાં ચાર્જશીટનો પાર્ટ બતાવેલ નથી. તેથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૧૧૪ ( g ) મુજબનું Adverse inference drawn કરવુ જોઈએ. ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની ઉલટતપાસના પેરા નં.(૧૨૦) માં – તેણી આશ્રમની ભૌગોલિક પરીસ્થિતીથી વાકેફ હતી અને આશ્રમમાં રહેતી હતી ત્યારે મહીલા આશ્રમને કોઈ કમ્પાઉન્ડ વોલ ન હતી અને મુખ્ય આશ્રમના મેઈન ગેટ આગળનો રસ્તો પબ્લીક રસ્તો હોવાનું તેણીએ જણાવેલ છે. તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૬૪) માં બંને આશ્રમો વચ્ચે ૩૦૦ થી ૩૫૦ મીટરનો જાહેર રસ્તો હોવાનું અને આશારામ બાપુ મુખ્ય આશ્રમમાં સત્સંગ આપે ત્યારે મહીલા આશ્રમની છોકરીઓ પણ સત્સંગ સાંભળવા જતી હોવાની વાત સાચી હોવાનું જણાવેલ છે.

આમ સદર જાહેર રસ્તે થી પણ ભાગવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૬૨) માં એવુ કબુલેલ છે કે ફરીયાદણ ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર ૨૦૦૭ સુધી સત્સંગો કરવા જતા હતા તેમજ તેઓની તપાસ દરમ્યાન ફરીયાદણને ગેરકાયદેસર ગોંધી રાખી હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી તેમ જણાવેલ છે. આમ ફરીયાદણએ માત્ર ખોટા આક્ષેપો જ કરેલ છે. ત્યારબાદ તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૯૧) માં – તપાસ સંભાળી તેના એક માસની અંદર ઉમાબેનને મળવાનું થયેલ, ઉમાબેનની પુછપરછ અમારા તથા સીટના સભ્યો દવારા કરવામાં આવેલ તેમજ ઉમાબેનના બે નિવેદનો નોંધવામાં આવેલા અને જે બે નિવેદનો નોંધવામાં આવેલ તે બંને નિવેદનો વચ્ચેનો સમય આશરે દોઢ મહીનાનો હતો અને આ ઉમાબેને તપાસના કામે શું વિગત જણાવી તે કોઈપણ તબકકે નામદાર કોર્ટમાં જાહેર કરવામાં આવેલ નહી તેમજ ફરીયાદણના આક્ષેપો સંબંધે ઉમાબેનની પુછપરછ કરવામાં આવતા આક્ષેપોને સમર્થન મળેલ નહી તેવુ જાહેર થયેલ. તેમજ ઉમાબેનની પુછપરછ અને નિવેદન બાદ પણ ફરીયાદણને એફ. એસ. એલ. માં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે કે નહી તે બાબતે વૈજ્ઞાનીક ઢબની તપાસ કરવામાં આવેલ નહી.

**(૧૭)** વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ એવી પણ ભારપુર્વક દલીલ કરેલ છે કે, (૧) વકતાના સીલેકશન અંગે (૨) રેઈપ સંબંધે તથા (૩) આશ્રમમાંથી ભાગી જવાના સંબંધે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા મહત્વના તમામ સાહેદોની જુબાનીમાં કોઈજ પુરાવો મળી આવેલ નથી. તેમજ એક મહીના પછી ફરીયાદણ યાને ભોગ બનનારને શાંતીવાટીકા બોલાવેલ યાને લઈ ગયેલ તે લગત પણ ફરીયાદપક્ષના સાહેદો કંઈ જ જણાવતા નથી. ખરેખર તો ફરીયાદણનો લાઈવ ડીટેકશન ટેસ્ટ કરાવવાની જરૂર હતી પણ તેમ કરવામાં આવેલ નથી. ત્યારબાદ

તપાસનીશ અધિકારી તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૮) માં જણાવે છે કે, ઉમાબેનની પુછપરછ અને નિવેદન બાદ પણ ફરીયાદણને એફ. એસ. એલ.માં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે કે નહી તે બાબતે વૈજ્ઞાનીક ઢબની તપાસ કરવામાં આવેલ નહી તેમજ ફરીયાદણને એફ. એસ. એલ. માં લઈ જવાની તજવજ કરી વૈજ્ઞાનીક ઢબે પુછપરછ એટલે કરેલી નહી કે ફરીયાદણએ જણાવેલા આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતોવાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતું. આમ તપાસનીશ અધિકારી દવારા એકતરફી યાને એકપક્ષીય તપાસ કરવામાં આવેલ છે. તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં. (૧૯૨) માં ટીનાબેન અને ઉમાબેનનાઓએ તપાસમાં શું વિગત જણાવી તે નામદાર કોર્ટમાં જાહેર ન થાય તે નિર્ણય સીટના સંયુકત સભ્યોનો હોવાનું જણાવેલ છે. તેમજ પેરા નં. (૧૯૩) માં ટીનાબેનની પુછપરછ અને નીવેદનમાં આક્ષેપીત દુષ્કર્મની ઘટનાને સમર્થન પ્રાપ્ત થયેલ નહી તેવી કબુલાત કરે છે. આમ ફરીયાદણ દવારા ગુનાને વધુ ગંભીર બનાવવા પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવેલા છે. તપાસનીશ અધિકારી તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૬૨) માં જણાવેલ છે કે ફરીયાદ પ્રમાણે ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડે મહત્વના સાક્ષી છે અને તેઓએ ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેના લાઈવ ડીટેકશન ટેસ્ટ માટે પણ નામદાર કોર્ટમાં અરજી કરેલી. આમ તપાસનીશ અધિકારી સાક્ષીઓના લાઈવ ડીટેકશન ટેસ્ટ માટે નામદાર કોર્ટમાં અરજી આપે છે અને તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવતા પણ નથી. તેમજ ફરીયાદણનો લાઈવ ડીટેકશન ટેસ્ટ પણ કરાવતા નથી.

**(૧૮)** વધુમાં વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ તેઓની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં.(૧૯) માં જણાવે છે કે, તેણીની નાની બહેન પારૂલ કે જે ગાંભોઈ ગામે નારાયણ સાંઈનો આશ્રમ આવેલ છે ત્યાં રહેતી હતી.

તેણી જયારે સુરત તેઓના ઘરે ગઈ તે વખતે તેણીની નાની બહેન પારૂલ પણ ઘરે આવેલી હતી. અને તેણીએ પારૂલને બધી વાત કરેલી અને પારૂલે પણ તેણીને તેની વાત કરેલી અને તે બંને બહેનોએ નકકી કરેલુ કે મમ્મી પપ્પાને આ વાત કરવી નથી અને આપણે આ વાત બીજા કોઈને પણ કરવી નથી કારણ કે આપણે તેમના સુધી પહોંચી શકીએ તેમ નથી. ત્યારબાદ તેઓ શાંતીથી તેમનું જીવન જીવવા લાગેલા. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૩) થી તપાસવામાં આવેલ પારૂલબેને તેઓના નીવેદનમાં તેણી ૨૦૦૫ સુધી નારાયણ સાંઈના આશ્રમમાં ગાંભોઈ મુકામે રહેલ અને સુરતથી બે – ત્રણ વાર અમદાવાદ આશ્રમમાં ભોગ બનનારને મળવા ગયેલી હતી પરંતુ ભોગ બનનારે તેણી સાથે થયેલ વ્યવહાર અંગે વાત કરેલી નહી અને તેણીએ પણ તેણી સાથે થયેલ વ્યવહારની વાત કરેલી નહી. આમ પારૂલ સને–૨૦૦૨ માં નારાયણ સાંઈના આશ્રમમાં જાય છે. તે વખતે ભોગ બનનારે પારૂલને નારાયણ સાંઈના આશ્રમમાં જવાની ના પાડેલ નથી. ખરી રીતે તો ફરીયાદપક્ષના જણાવ્યા અનુસાર કહેવાતા દુષ્કર્મનો બનાવ સને–૨૦૦૧ માં બનેલ હોય તો ભોગ બનનારની બહેન પારૂલ સને–૨૦૦૨ માં નારાયણ સાંઈના આશ્રમમાં જાય ત્યારે તે બંને વચ્ચે કહેવાતા દુષ્કર્મની કોઈ વાત થયેલ નથી તેમજ ૨૦૦૫ માં પણ તે સંબંધે બે બહેનો કંઈ જણાવતા નથી. પારૂલે સને– ૨૦૦૫ માં આશ્રમ છોડયો ત્યારે પણ ભોગ બનનારને જણાવી શકી હોત કે તું અહીંયા ના રહીશ, પરંતુ તેમ બનેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૧૩)માં ભોગ બનનારના બહેન પારૂલબેનનાઓએ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં એવુ જણાવેલ છે કે, તેણી અહીંથી બે –ત્રણ વાર ભોગ બનનારને મળવા અમદાવાદ આશ્રમમાં ગઈ હતી પરંતુ તેણીને ભોગ બનનારે તેની સાથે થયેલ વ્યવહારની કયારેય કોઈ વાત કરી ન હતી. ફરીયાદણ ચાને

ભોગ બનનાર તેણીની ઉલટતપાસના પેરા નં. (૧૨૩) માં જણાવે છે કે, તેણીની બહેન પારૂલ સને – ૨૦૦૨ માં નારાયણ સાંઈના આશ્રમમાં ગયેલી અને તેણીએ તેણીની બહેન પારૂલને નારાયણ સાંઈના આશ્રમમાં જતા રોકેલી નહી. તેણી ખુલાસામાં જણાવે છે કે તેણી તથા તેણીની બહેન પારૂલની કોઈ મુલાકાત જ થતી ન હતી તેથી રોકેલ નહી. ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની મમ્મી થકી પણ પારૂલને પાછી ઘરે બોલાવવાની વાત કરેલ હોય તેવુ પણ બનેલ નથી અને સને–૨૦૧૩ માં સૌપ્રથમ વાર બંને બહેનોએ તેમના પતિદેવોને વાત કરેલી. ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીની સરતપાસના પેરા નં.(૨૦) માં જણાવે છે કે, સને–૨૦૦૯ માં તેણીના લગ્ન તુષાર સાથે થયેલા તેઓ સુરેન્દ્રનગરમાં થાનગઢ ગામે રહેતા હતા. આ દરમ્યાન જોધપુરમાં બનેલ બનાવ અંગે તેણીએ ટીવીના માધ્યમથી જાણેલું કે, આશારામને અટક કરી દીધેલા છે અને સુપ્રિમ કોર્ટે પણ તેમને છોડેલા નથી તેથી તેણીએ પારૂલને ફોન કરેલો કે, આશારામ અટકમાં છે તો આપણે પણ હીંમત કરીએ તેથી તેણીની બહેનને કહેલુ કે આપણે પહેલા આ વાત આપણા હસબન્ડને કરીએ તેથી તેણીએ તેના હસબન્ડને બધી વાત કરેલી તેમને તેણીને સહયોગ આપેલો અને કહેલ કે ,'' જો ખરેખર આવુ બનેલુ છે તો આપણે પોલીસમાં જાણ કરવી જોઈએ.'' આમ સામાન્ય:ત કોઈપણ પત્ની પોતાના પતિને તેણીની સાથે થયેલ દુષ્કર્મની વાત કરે તો પતિનું રીએકશન ગુસ્સાવાળું જ હોય અગર તો આશ્ચર્ય પમાડે તેવુ હોય તેને બદલે આ કીસ્સામાં સહયોગવાળું રીએકશન જોવા મળેલ છે.

**(૧૯)** ત્યારબાદ વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ વધુ દલીલ કરેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૨) માં જણાવેલ છે કે, આશ્રમ છોડીને ગયા બાદ તેણી ન્યુઝ પેપર અને ટીવીમાં ન્યુઝ

કયારેક કયારેક વાંચતી અને જોતી હતી અને સને–૨૦૦૮ થી ૨૦૧૨ સુધીમાં ન્યુઝ પેપરમાં અને ટીવી ન્યુઝમાં દીપેશ અને અભિષેકના મૃત્યુ બાબતે અનેક વાર સમાચાર આવેલા અને આ ન્યુઝમાં આશ્રમ સંદર્ભે ઘણી વાતો કહેવામાં આવતી હતી તેમ જણાવેલ છે. ત્યારબાદ તેણીએ સને–૨૦૦૯ માં સી. આઈ. ડી. ક્રાઈમ મારફત જાહેર નોટીસ આપવામાં આવી હતી કે આશારામ આશ્રમ બાબતમાં કોઈને કોઈ માહીતી હોય અને આપવી હોય તો સી. આઈ. ડી ક્રાઈમને જણાવવુ, માહીતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે. આમ જોધપુર કેસની તારીખ–૨૦/૦૮/ ૨૦૧૩ ની એફ.આઈ.આર. પહેલા કોઈ વ્યકિતએ કોઈપણ જગ્યાએ આશારામના આશ્રમમાં આવા કૃત્યો થાય છે તેવા કોઈ જ આક્ષેપો કરેલા નથી. ફરીયાદણ યાને ભોગ બનનાર તે સમયે નનામી અરજી પણ મોકલી શકયા હોત કે કરી શકયા હોત પરંતુ તેણીએ તેમ કરેલ નથી કારણ કે ફરીયાદણ જણાવે છે તેવો કોઈ બનાવ જ બનવા પામેલ ન હતો અને તે રીતે જોઈએ તો પોલીસ અને ફરીયાદણ વચ્ચે આશારામ વિરૂધ્ધ ખોટા કેસ કરવા અંગેની સહમતી સંધાયેલી જેના ભાગ રૂપે હાલની આ ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે.

**(૨૦)** બચાવપક્ષ તર્ફે વિ. વ. શ્રી ગુપ્તાનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૩)થી તપાસેલ પારૂલબેને તેઓની સરતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે સેશન્સ કોર્ટે અને હાઈકોર્ટે આશારામને જામીન આપ્યા નથી તેથી અમને લાગેલુ કે આપણે પણ હીંમત કરી આગળ આવવુ જોઈએ. જેથી અમે અમારા પતિને વાત કરેલી અને અમારા પતિએ અમારી વાત સાંભળી, તમારે પણ હીંમત કરી તમારી સાથે જે બનાવ બનેલ છે તે જણાવી કેસ કરવો જોઈએ તેવુ કહેલું તેમ જણાવે છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૩) થી તપાસવામાં આવેલ જાનકી ઉર્ફે શીલ્પીબેનનાઓએ તેઓની

ઉલટતપાસના પેરા નં.(૨૪) માં જણાવેલ છે કે, આશારામ તા.૩૧/૦૮/ ૨૦૧૩ ના રોજ અટક થયેલ હતા. એ વાત ખરી છે કે, ત્યારથી તેઓ જેલમાં છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૮) થી તપાસવામાં આવેલ તુષારભાઈ વૈશ્યનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, '' આશારામની જોધપુર જેલમાં ધરપકડ થયેલી તેના ત્રણ દિવસ પછી તેઓની પત્નીએ તેઓને વાત કરેલી કે ઘણી બધી છોકરીઓ સાથે આ રીતે બળાત્કાર થયેલો છે. તેમાંથી તેણી પણ એક છું અને તેણીની સાથે પણ આશારામે બળાત્કાર કરેલો. જયારે ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન પારૂલબેને તેઓની સરતપાસના પેરા નં. (૮) માં સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટે આશારામને જામીન આપેલ નહી. તેથી તેમને લાગેલુ કે આપણે પણ હીંમત કરી આગળ આવવુ જોઈએ. જેથી અમે અમારા પતિને વાત/જાણ કરેલી તેમ જણાવે છે. આમ આશારામની અટક તારીખ-૩૧/૦૮/૨૦૧૩ ના ત્રણ દિવસ પછી એટલે કે તારીખ-૦૩/૦૯/૨૦૧૩ થી કહેવાતા બનાવની તેઓને ખબર પડેલ હોવા છતાં છેક તારીખ -૦૬/૧૦/૨૦૧૩ ના રોજ ફરીયાદ આપેલ છે.

**(૨૧)** બચાવપક્ષના વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ સાહેદ નિશાંત હરીશભાઈ જાદવાણીનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૫) થી (૧૪) માં સને-૨૦૦૮ થી આશ્રમ તથા આશ્રમના સાધકો વિરૂધ્ધ જુદા જુદા ગુનાઓ, એફ. આઈ. આર. તથા કેસો થયેલા અને દિપેશ તથા અભિષેકના અપમૃત્યુ બાદ આશ્રમ તથા આશારામ બાપુ વિરૂધ્ધ ઉગ્ર દેખાવો થયેલા, એટલુ જ નહી રાજેશ સોલંકી નામના એક ઈસમે તેણીની પત્નીને ગોંધી રાખ્યાની કાલુપુર પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધાવતા પોલીસે આશારામ વિરૂધ્ધ ૨૦૦૮ માં એફ. આઈ. આર. ફાડેલી

અને ત્યારબાદ રાજેશ સોલંકીની ફરીયાદમાં 'બી' સમરી ફાઈલ કરવામાં આવેલ. દિપક અને અભિષેકના તા.૦૩/૦૭/૨૦૦૮ ના બનાવ બાદ આશ્રમ વિરૂધ્ધ અસંખ્ય એફ. આઈ. આર. થયેલી, ફરીયાદણ તે સમયે ફરીયાદ કરી શકયા હોત અને તે સંદર્ભે બચાવપક્ષ તરફથી આંક–૭૮૬ થી પબ્લીક નોટીસ સહીતના જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણએ તેણીની સરતપાસના પેરા નં.(૨૧) માં જણાવેલ છે કે, '' ત્યારબાદ તેઓએ આશારામ વિરૂધ્ધ રજુઆત કરવાનું નકકી કરેલું અને સુરતમાં શોભાબેન ભુતડા જેઓ કમિશનર ઓફીસમાં બેસે છે તેમને અમારી વાત સાંભળેલી અને ત્યારબાદ મારી ફરીયાદ લીધેલી.'' તારીખ ૦૪/૧૦/૨૦૧૩ ના રોજ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવેલી. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૮) તરીકે તપાસવામાં આવેલ તુષારભાઈ વૈશ્યનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૨) માં જણાવેલ છે કે, તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ તેઓ તથા તેમના પત્ની, તેઓની સાળી પારૂલબેનના સુરત ખાતેના ઈ.એસ. આઈ. કવાર્ટર પર આવેલા ત્યાં તેઓ તેમના સાઢુભાઈ વિમલેશભાઈને મળેલા અને તેઓએ વિમલેશભાઈને તેમની પત્ની સાથે જે દુષ્કર્મ થયેલુ તેની વાત કરેલી, વિમલેશભાઈએ તેમની પત્ની સાથે જે દુષ્કર્મ થયુ તેની વાત તેઓને કરેલી. ત્યારબાદ તેઓ તથા તેમની પત્ની પારૂલબેન અને તેમના પતિ એમ ચારે જણા જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયેલા ત્યાં આશારામ, તેમનો રસોઈયો, આશારામની દીકરી ભારતી, તેમની પત્ની લક્ષ્મીબેન, ધ્રુવબેન, ઢેલ અને બગલા વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલી અને આ ફરીયાદ તેઓના પત્નીએ આપેલી અને પારૂલબેને નારાયણ સાંઈ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. સાહેદ વિમલેશભાઈએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે તારીખ–૦૪/૧૦/૨૦૧૩ ના રોજ તેમની પત્નીએ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલી, શોભાબેનને મળ

યા ત્યારે તેઓ રૂમની બહાર બેઠા હતા, તેઓ પહેલી વખત શોભાબેનને મળેલા તે વખતે તેઓ તેમની પત્ની સાથે ત્યાં હાજર હતા. બીજી વખત શોભાબેનને મળેલા હતા તે વખતે તેઓ રૂમની બહાર બેઠેલ હતા. આમ ફરીયાદણએ તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ જહાંગીરપુરા પોલીસ સ્ટેશન માં ફરીયાદ/અરજી આપેલી. તે ફરીયાદ/અરજીના Contents કોઈને ખબર નથી અને તે ફરીયાદ અરજી મીસપ્લેસ કરી દેવામાં આવેલ છે. જો તે ફરીયાદ/અરજીમાં contents હોત તો તારીખ–૦૪/૧૦/૨૦૧૩ ના રોજ એફ. આઈ. આર. પણ ફાડી દીધેલ હોત અને તે સંદર્ભે તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ તારીખ–૦૮/૧૦/૨૦૧૩ ના રોજ જહાંગીરપુરા પોલીસ સ્ટેશન , સુરત ના પોલીસ ઈન્સ્પેકટરને તેઓના તાબાના પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ કોઈ ગુનો નોંધાયેલ હોય તો તે ગુનાની ફરીયાદની સર્ટીફાઈડ નકલો માંગેલી અને તે અંગે લખેલ યાદીની નકલ આંક–૫૮૨ થી રજુ કરવામાં આવેલ છે. પરંતુ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાંથી આંક–૫૮૨ યાદી સંદર્ભે શું જવાબ આવ્યો તે રજુ કરવામાં આવેલ નથી. તે અંગે બે વસ્તુ હોઈ શકે (૧) ફરીયાદણને ફરીયાદની કોપી આપવી જોઈએ (૨) નામદાર કોર્ટના રેકર્ડમાં ન આવે તે માટે તે વિગત છુપાવવામાં આવેલ હોય અથવા (૩) ફરીયાદ આવી નથી તેવો જવાબ જહાંગીરપુરા પોલીસ સ્ટેશને મોકલેલ હોત. વધુમાં તા.૦૪/૧૦/૨૦૧૩ ની કહેવાતી ફરીયાદમાં તારીખ–૦૬/૧૦/૨૦૧૩ ની ફરીયાદમાં કરેલા આક્ષેપો નથી. તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં–(૨૧૬) માં જણાવેલ છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન તા.૪/૧૦/૨૦૧૩ ના રોજ ભોગ બનનાર, તેમના પતિ તથા અન્ય લોકો સાથે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગયા હોય અને બનાવ અંગેની કોઈ ફરીયાદ કરેલ હોય તેવુ તપાસમાં ખુલેલું, પરંતુ તે અંગે કોઈ માહીતી મેળવેલ નથી. તેમજ કોગ્નીઝેબલ ગુના અંગેની જાહેરાત કોઈપણ પોલીસ રૂબરૂ જાહેર થાય તો તેની ફરીયાદ લેવી પડે.

તા.૦૪/૧૦/૨૦૧૩ ની ફરીયાદ જે ભોગ બનનાર તથા તેમના પતિ તથા અન્ય લોકોએ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં કરવા ગયેલા તે ફરીયાદ કયા સંજોગોમાં લેવાયેલ નહી તેની તપાસ કરેલ ન હતી. તેમજ તારીખ –૦૯/૧૦/૨૦૧૩ ના સાહેદ તુષાર મુન્નાભાઈ વૈશ્યનાઓના નિવેદનમાં એવુ ખુલેલ કે તેઓ જહાગીરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા માટે ગયેલા તેમજ ફરીયાદ અનુસંધાને માત્ર એકતરફી તપાસ કરવા સારુ આ કેસમાં તટસ્થ રીતે તારીખ–૦૪/૧૦/૨૦૧૩ ની ફરીયાદ અંગે સાહેદ તુષારભાઈની જાહેરાત અંગે જાણી જોઈને તપાસ કરેલ નથી. આમ ખરેખર જોઈએ તો તા.૦૪/૧૦/૨૦૧૩ વાળી ફરીયાદ મુખ્ય ફરીયાદ કહી શકાય અને તારીખ–૦૬/૧૦/૨૦૧૩ વાળી ફરીયાદએ ફરીયાદ નહી પરંતુ માત્ર સ્ટેટમેન્ટ જ કહેવાય. ફરીયાદણ યાને ભોગ બનનારે તેઓની ઉલટતપાસના પેરા નં.(૨૯) માં જણાવેલ છે કે, તેણીની ફરીયાદ તા.૬/૧૦/૨૦૧૩ ના રોજ લીધેલી, તેણીની ફરીયાદ સવારે લીધેલી તેણીએ સી.પી.ઓફીસમાં ફરીયાદ આપી તે અગાઉ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ આપેલી નહી. ફરીયાદણ યાને ભોગ બનનારના બહેન પારૂલબેનનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે, તેણી તથા તેણીના પતિ, ભોગ બનનાર અને તેણીના પતિ એમ ચારે જણા તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ ભેગા થયેલા અને તારીખ–૦૪/૧૦/૨૦૧૩ ના રોજ અમે ભેગા મળીને ફરીયાદ કરવાનું નકકી કરેલ કે કેમ ? તે તેણીને યાદ નથી. આમ સાહેદ પારૂલબેન પણ તા.૦૪/૧૦/૨૦૧૩ ની ફરીયાદ કેટલી હદે છુપાવે છે તે ફલીત થાય છે. આ સંદર્ભે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૪) થી તપાસવામાં આવેલ સાહેદ વિમલેશ ઠકકરનાઓએ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૭) માં જણાવેલ છે કે તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ તેઓ તથા તેમની પત્ની, તેમના સાળી અને સાઢુભાઈ જહાંગીરપુરા પોલીસ સ્ટેશને ગયેલા કે કેમ

તે તેઓને યાદ નથી. વધુમાં ફરીયાદપક્ષ દવારા પણ તારીખ–૦૪/૧૦/૨૦૧૩ વાળી ફરીયાદ/અરજી રજુ કરવામાં આવેલ નથી અને કોઈ ગુનો બનતો ન હોવાથી જ એફ.આઈ.આર. ફાડેલ નથી અને ફરીયાદણ યાને ભોગ બનનાર તેમજ તેણીની બહેન પારૂલ નાઓએ સાચી હકીકત છુપાવી પોલીસ જોડે મળી ખોટી ફરીયાદ નોંધાવેલ છે. વધુમાં શોભાબેન પાસે જ કેમ જવાનું ?. ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૬૮) માં તેણી શોભાબેન ભુતડાને ઓળખતી ન હોવાનું અને શોભાબેન ભુતડાને મળવા જવા માટે તેણીના પતિના એક મિત્ર જેઓ પોલીસમાં છે તેમને જણાવેલું અને તેઓ શોભાબેન ભુતડા ખુબ પ્રામાણીક છે તેમને મળો, તેથી અમે શોભાબેનને મળેલા. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૨૮) થી તપાસવામાં આવેલ તુષારભાઈ નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૫) માં જણાવેલ છે કે, સુરતમાં કોઈ પોલીસવાળો મારો ભાઈબંધ નથી, હું સુરતમાં કોઈ પોલીસને ઓળખતો નથી. સાહેદ જણાવે છે કે, યોગી ચોકડી પર પાનની દુકાને જતો હતો ત્યાં એક પોલીસવાળા આવતા હતા તેમની સલાહ લીધેલી કે બળાત્કારનો કેસ હોય તો મારે કયાં ફરીયાદ કરવાની ?. યોગી ચોકડી સુરત ખાતે આવેલી છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૪) થી તપાસવામાં આવેલ વિમલેશભાઈ ઠકકરનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૯) માં જણાવેલ છે કે તેઓએ તેમના તા.૦૯/૧૦/૨૦૧૩ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, '' તે પછી તારીખ– ૦૬/૧૦/૨૦૧૩ ના રોજ અમો સલાહ સુચન મેળવી પોલીસ કમિશનર કચેરી ખાતે ગયેલા.'' આ સંદર્ભે તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૫૮) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે સાહેદ વિમલેશ ભાઈલાલભાઈ ઠકકરનું તા.૦૯/૧૦/૨૦૧૩ વાળું નીવેદન તેઓએ નોંધેલું અને સાહેદ વિમલેશે તેના

નિવેદનમાં એવુ જણાવેલુ કે '' તા.૦૬/૧૦/૨૦૧૩ ના રોજ અમો સલાહ સુચનો મેળવી, પોલીસ કમીશનર કચેરી ખાતે ગયેલા.'' જો કે તપાસનીશ અધિકારીએ સદરહું પેરામાં જ તેઓએ સાહેદ વિમલેશ દવારા કોની સલાહ સુચનો મેળવવામાં આવેલી તેની કોઈ તપાસ કરેલ નહી હોવાનું જણાવે છે. આમ બનાવ સમયે સુરતના પોલીસ કમિશનર આસ્થાના સાહેબ અને ફરીયાદણ વચ્ચે ફરીયાદણના પતિને નોકરી તથા ભાડાનું મકાન આપવા અંગેની સમજુતી થયા બાદ આરોપી નં.(૧) આશારામ બાપુ તથા તેમના પરીવારના સભ્યો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવાનું નકકી થયેલ અને જેના ભાગરૂપે પોલીસે ફરીયાદણના પતિને સુરતના જાણીતા હીરાના વેપારી સવજીભાઈનાઓ મારફતે નોકરી તથા ભાડાનું મકાન અપાવેલ અને તે સંદર્ભે ફરીયાદણએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૫૫) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે તેણી હીરાના વેપારી સવજીભાઈને ઓળખે છે અને સુરતના કમિશ્નર આસ્થાના સાહેબે સવજીભાઈને ભલામણ કરી મારા પતિને નોકરી અને રહેવા માટે મકાન અપાવેલું અને તેથી જ શોભાબેન ભુતડાનાઓએ વિડીયોગ્રાફીથી ફરીયાદ લીધેલ નથી અને તે અંગે થયેલ સુધારાની તેઓને ખબર નહી હોવાનું જણાવે છે જે ઘણી સુચક બાબત છે.

**(૨૨)** ત્યારબાદ, વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, સને–૨૦૦૯ થી (૧) રાજુ ચાંડક (૨) મહેન્દ્ર ચાવલા (૩) ઈશ્વર નાયક (૪) અમરત વૈદ્ય (૫) સતીષ વાઘવાણી તથા (૬) દેવેન્દ્ર પ્રજાપતિ નાઓ આશારામ તથા તેમના પરીવારના સભ્યો વિરૂધ્ધ તથા આશ્રમ લગત ખોટા આક્ષેપો કરી ખોટી ફરીયાદ કરવા માંગતા હતા. જેથી સને–૨૦૦૯ માં બચાવપક્ષ તરફે સાહેદ નં– (૨) થી તપાસવામાં આવેલ વિક્રમસિંગ કિશોરસિંગ રાઠોડ નાઓએ દિલ્હી ખાતે રાજુ

ચાંડક વિરૂધ્ધ સ્ટીંગ ઓપરેશન કરેલુ અને સદરહુ સ્ટીંગ ઓપરેશનમાં રાજુ ચાંડક દવારા તેઓને રેપની એફ. આઈ. આર. કરી શકે તેવી છોકરી જોઈએ છે, પૈસા અમો આપીશું તેમ જણાવેલ. આમ સને–૨૦૦૯ તથા ૨૦૧૦ થી આશ્રમમાંથી આશારામ બાપુએ કાઢી મુકેલ સાધકોએ ભેગા મળી ખોટી ફરીયાદ કરાવવાની પેરવી કરી રહયા હતા અને ફરીયાદણને હાથો બનાવી હાલની આ ખોટી ફરીયાદ કરાવેલ છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનાર તથા તેણીની બહેન પારૂલનાઓનું પણ સી.આર.પી.સી કલમ : ૧૬૪ મુજબનું જે નિવેદન નોંધવામાં આવેલ છે તે સોંગદ ઉપર લેવામાં આવેલ નથી. સી. આર. પી. સી કલમ : ૧૬૪ ની જોગવાઈ અન્વયે સાહેદનું નીવેદન ઓથ/સોંગદ લેવડાવી લેવુ જોઈએ તેવી કાયદાકીય જોગવાઈ છે. આ સંદર્ભે તપાસનીશ અધિકારી ડી. બી. રવિયનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૯૪) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે, આ બંનેના એટલે કે ફરીયાદણ અને તેણીની બહેન પારૂલના સી.આર.પી.સી કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં નીવેદન લેતા પહેલા સોંગદ આપવામાં આવેલ હોય તેવુ જણાવેલ નથી. સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદનએ Conclusive Proof નથી તે માત્ર corroboration માટે જ છે. આમ ફરીયાદણ તથા તેણીની બહેન પારૂલના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નીવેદનો તે અન્વયેના નીવેદનો કહી શકાય નહી. કારણ કે તે ઓથ/સોંગદ લેવડાવી નોંધવામાં આવેલ નથી. ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની સરતપાસના પેરા નં.(૨૫) માં તેણીને આરોપી નં.(૧) આશારામે આપેલ ''**મહાન નારી**'' અને ''**તુ ગુલાબ હો કર મહેક**'' આ બંને પુસ્તક ગુજરાતી ભાષામાં હતા અને તેણીની હાજરીમાંથી આરોપી નં.(૩) લક્ષ્મીબેનના ઘરેથી કબજે લેવામાં આવેલ તે તેજ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી આંક–૧૫૮ થી આરોપી નં.(૩) લક્ષ્મીબેનના રહેણાકના મકાનમાંથી તેમજ સતી

અનસુયા મહીલા આશ્રમના કાર્યાલયમાંથી સદર ગુનાના કામે જરૂરી ચીજવસ્તુઓ ઝડતી તપાસ કરી કબજે કર્યાનું પંચનામુ રજુ કરવામાં આવેલ છે જે રેકર્ડ ઉપર મોજુદ છે. સદર પંચનામુ ફરીયાદણ યાને ભોગ બનનારની હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદણ યાને ભોગ બનનારની હાજરીમાં ચોપડીઓ પણ કબજે કરવામાં આવેલ નથી અને આરોપી નં.(૩) લક્ષ્મીબેનના મકાન તથા મહીલા આશ્રમના કાર્યાલયમાં સરલાબેનની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ છે. આમ ફરીયાદણ સદર પંચનામા વખતે હાજર જ નથી. આમ આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ સાધકોએ ભેગા મળી આરોપી નં.(૧) તથા તેમના પરીવારના સભ્યો વિરૂધ્ધ ગુનાહીત ષડયંત્ર રચી ખોટી એફ. આઈ. આર. દાખલ કરાવેલ છે અને તે હકીકતને બચાવપક્ષ દવારા તપાસવામાં આવેલા સાહેદોના પુરાવા થકી સમર્થન પ્રાપ્ત થાય છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૪) થી તપાસવામાં આવેલ સાહેદ વિમલેશભાઈ ઠકકર નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૨) માં જણાવેલ છે કે, તેઓની સુરત કોર્ટ ખાતે જુબાની થયેલી, જે આંક- ૪૮૭ થી રજુ થયેલ તે બતાવતા તે તેઓની જુબાનીની નકલ હોવાનું જણાવે છે અને સદર જુબાનીની નકલના પેરા નં.(૮) માં તેઓ સતીષ વાધવાણીને પ્રથમ વખતે પુરોહીત હોટલમાં મળેલા અને ત્યારથી ઓળખતા હોવાનું તેમજ તેની સાથે તેઓની ઓળખાણ તેમની પત્નીએ કરાવેલી ત્યારબાદ પેરા નં-(૯) થી (૧૪) માં તેઓ જીતુ સોની (પ્રેસ રીપોર્ટર) ને મળવા ઈન્દોર મુકામે ગયેલ હોવાનું અને એફ.આઈ. આર. પહેલા જીતુ સોનીને મળવા ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.તેમજ જીતુ સોની જે પ્રમાણે ગાઈડ કરે તે પ્રમાણે ફરીયાદ આપવામાં આવેલ હોવાની બચાવપક્ષ દવારા દલીલ કરવામાં આવેલ છે. વધુમાં સાહેદ વિમલેશભાઈએ સુરત કોર્ટમાં જુબાની આપી ત્યારે તેઓને બધુ યાદ હતુ અને અત્રેની કોર્ટની જુબાનીમાં તેઓ મહત્વની હકીકતો યાદ નહી હોવાનું જણાવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૯) માં તેણી જીતુ સોનીને તેમજ સતીષ વાધવાણીને પણ ઓળખતી નથી તેવુ જણાવેલ છે. તેમજ તેણી ફરીયાદ આપતા અગાઉ ચાર-પાંચ દિવસ પહેલા ઈન્દોર ગયેલ નહી હોવાનું જણાવે છે. આમ સાહેદ વિમલેશભાઈએ તેઓ ઈન્દોર ગયેલ હોવાનું ખોટું જણાવવાનું માટે કોઈ કારણ ન હતું. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર તથા વિમલેશભાઈ જીતુ સોની (પ્રેસ રીપોર્ટર) બાબતે તેમજ ઈન્દોર જવા બાબતે વિરોધાભાસી હકીકતો જણાવે છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૩) થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન પારૂલબેન તેઓની ઉલટતપાસના પેરા નં. (૨૦) માં ફરીયાદ દાખલ કરતા પહેલા તેણી, તેણીના પતિ, આ કામની ભોગ બનનાર તથા તેણીના પતિ ઈન્દોર મુકામે સતીષ વાધવાણી અને જીતુ સોનીને મળવા ગયેલ હોવાની વાત ખરી નહી હોવાનું તેમજ તે લોકોએ તેઓને કહેલુ કે સુરતના પોલીસવાળા સાથે તેઓને સારા સંબંધો છે તમે શોભાબેન ભુતડા તથા બીજા પોલીસવાળાને મળજો અને અમારી તેઓની સાથે વાત કરાવજો અને તેઓ તમારી ફરીયાદ લઈ લેશે તેમજ તારીખ-૦૬/૧૦/૨૦૧૩ પહેલા સતીષ વાધવાણી સુરત મુકામે આવેલ અને તેઓની પોલીસ સાથે રૂબરૂ મુલાકાત કરાવેલ અને સુરત મુકામે પુરોહીત હોટલમાં ''સલાખે'' ઈન્ટરવ્યુ લેવામાં આવેલ અને તે વખતે સતીષ વાધવાણી ત્યાં હાજર હોવાની અને ઈન્દોર મુકામે પણ હાજર હોવાની તેમજ ઈન્દોર મુકામે પણ તેણીનું તથા તેણીની બહેનનું ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હોવાની વાત પણ ખરી નહી હોવાનું જણાવેલ છે. આ હકીકત ધ્યાને લેતાં સાહેદ વિમલેશભાઈ ખોટું બોલતા હોવાનું ફરીયાદણ કે તેણીની બહેન પારૂલબેને કોઈ જગ્યાએ જણાવેલ નથી. તેમજ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૮) થી તપાસવામાં આવેલ સાહેદ તુષારભાઈનાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે ફરીયાદ

આપતા અગાઉ તેઓ તથા તેમના પત્ની તથા તેઓના સાળી અને તેના પતિ ઈન્દોર ગયેલ હોવાની તેમજ તેઓએ પ્લાન બનાવી પોલીસના સંપર્કમાં રહી આ ખોટી ફરીયાદ કરેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે. બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૨) થી તપાસવામાં આવેલ સાહેદ જયોતિ મદનસિંહ ઉમઠ (ડી.વાય.એસ.પી.) નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧) માં તેઓએ જીતુ ઉર્ફે જીતેન્દ્ર સોનીના કેસની તપાસ કરેલ અને તે કેસમાં તેઓએ ચાર્જશીટ દાખલ કરેલ અને તેઓને માર્ક–૬૮૫/ ૧૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને જણાવેલ છે કે તેમાં ચાર્જશીટ કરનાર અધિકારી તરીકે તેઓની સહી છે અને તે તારીખ–૨૫/૦૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલી. આ ચાર્જશીટની સાથે તેઓએ જીતેન્દ્ર ઉર્ફે જીતુ સોની ની સામે ૫૦ થી ૫૫ અંદાજીત ગુનાઓ દાખલ થયેલા તે લીસ્ટ તેઓએ ચાર્જશીટની સાથે રજુ કરેલ છે. તેમજ જીતુ સોનીના કેસમાં એવી ફરીયાદ હતી કે '' તેની હોટલ ''માય હોમ'' માંથી અંદાજીત ૬૭ છોકરીઓને તેઓએ બહાર કાઢેલી જેના થકી આ જીતુ સોની દેહવ્યાપારનો ધંધો કરતો હતો અને તેની સામે ઈ. પી. કો. કલમ– ૩૭૦(૨), ૩૭૦(૩) ૩૭૦(૬)(૨), ૩૪૬, ૧૨૦(બી) તથા પીટા એકટની કલમ– ૩, ૪, ૬, ૭ મુજબની ચાર્જશીટ દાખલ કરેલી અને તે કેસમાં કુલ –૧૦૨ આરોપીઓ પૈકી ૪૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ. આ જીતુ સોની વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૭, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૬, ૩૭૬(ડી) વિગેરે મુજબના ગુના પણ દાખલ થયેલા જેનુ લીસ્ટ ચાર્જશીટ સાથે રજુ કરેલ છે. આમ જીતુ સોની ગુનાહીત ઈતિહાસ ધરાવતી વ્યકિત હોવાનું જણાવવામાં આવેલ છે. વધુમાં તપાસનીશ અધિકારીની ફરીયાદણ યાને ભોગ બનનારના કોલ ડીટેલ્સની તપાસ કરવાની ફરજ હતી. સદર કામે તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૮૫) માં જણાવેલ છે કે, તેઓએ સાહેદ તૃપ્તીબેન, રાકેશભાઈ, મહેન્દ્ર ચાવલા અને ઈશ્વર નાયકના જે નીવેદનો ડાૅ. કાનન

દેસાઈ સાહેબે લીધેલા તે લગત તેઓની તપાસમાં કોઈ પુરાવો મળી આવેલો નહી. વધુમાં તેઓએ (૧) ફરીયાદણ (૨) વર્ષાબેન ગુપ્તા(૩) અખીલ ગુપ્તા (૪) રાજુભાઈ ચાંડક (૫) અમૃતભાઈ પ્રજાપતિ (૬) રાહુલ સહચાદ (૭) શેખર ગીરધારીલાલ (૮) ઈશ્વર નાયક (૯) પારૂલબેન (ફરીયાદણના બહેન) (૧૦) સતીષ વાઘવાણી (૧૧) મહેન્દ્ર ચાવલા (૧૨) દેવેન્દ્ર પ્રજાપતિ (૧૩) તૃપ્તીબેન તથા (૧૪) રાકેશભાઈની કોઈ કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૯૮) માં જણાવેલ છે કે, '' તેઓની જાણમાં છે કે મોબાઈલનો સી. ડી. આર. રીપોર્ટ કઢાવતા સંબંધીત મોબાઈલ ધારકે કોની સાથે કેટલી વાત કરી અને વાત કરનારનું સ્થળ લોકેશન શું હોય તેની જાણ થાય તેમજ ચાર્જશીટના કાગળો જોતાં આ મુજબની કોઈ સી. ડી. આર. મેળવવા કોઈ કાર્યવાહી થયેલ હોય તેવુ જણાઈ આવેલ નથી. તેવી જ રીતે ઉલટતપાસના પેરા નં.(૨૦૩) માં સને–૨૦૦૭ થી ૨૦૧૩ સુધી (ફરીયાદ નોંધાઈ) ત્યાં સુધી ભોગબનનાર જે જે સ્થળે રહેતા અને કામકાજ કરતા તે સ્થળોની તેઓએ મુલાકાત કરેલ નહી. ત્યારબાદ તેઓએ તે મુજબની તપાસ કામગીરી એટલે નહી કરેલી કે આ ફરીયાદણની ફરીયાદ હકીકત ખોટી છે તેવુ પહેલાથી જ તેઓને ખબર હોવાની વાત ખોટી હોવાનું જણાવે છે. વધુમાં ફરીયાદણના પિતાને હીસ્ટીરીયા કે અન્ય કોઈ બીમારી હોય તેવી કોઈ વિગત દર્શાવતો દસ્તાવેજી પુરાવો ચાર્જશીટના કાગળો સાથે સામેલ રાખેલ નથી. તેવી જ રીતે ઉલટ તપાસના પેરા નં.(૨૧૯) માં જણાવેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન તેઓએ ફરીયાદ કરતા પહેલા ફરીયાદણ કઈ કઈ જગ્યાએ કયા કયા લોકોને મળેલા તે અંગે કોઈ તપાસ કરેલી નહી. વધુમાં ફરીયાદણનાઓએ અન્ય સાથે ષડયંત્ર રચી ખોટો કેસ કરેલ હોઈ જેથી આ દીશામાં તપાસ નહી કરેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે.

**(૨૩)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદણ યાને ભોગ બનનારે ફરીયાદ દાખલ કરી ત્યારથી એટલે કે શરૂઆતથી પોલીસ પ્રોટેકશનમાં હતા. ફરીયાદણએ તપાસનીશ અધિકારીને સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદન ફરીથી લેવડાવવા માટે અરજી મોકલેલી ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનારે ચીફ કોર્ટ, ગાંધીનગર માં આંક–૩૨૩ થી અરજી આપી અને આંક–૩૨૪ થી એફીડેવીટ કરેલ તથા આંક– ૩૨૫ થી વકીલાતપત્ર રજુ કરવામાં આવેલ. આરોપીઓ દવારા જો કોઈ ધમકી આપવામાં આવેલ હોય કે પ્રેસર યાને દબાણ લાવવાના પ્રયત્ન કરેલ હોત તો ફરીયાદણની ઉલટતપાસમાં તે હકીકત ચોકકસપણે બહાર આવત એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનાર તે હકીકત સ્પે.પી.પી. કોડેકર સાહેબને પણ ધમકીની વાત કરી હોત તેમજ સ્પે.પી.પી. કોડેકર નાઓએ પણ તે સંદર્ભે અરજી આપી હોત પરંતુ તેવુ બનેલુ નથી. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૯) માં જણાવેલ છે કે, તેણીએ ફરીયાદ આપી ત્યારથી આજદીન સુધી તેણીને સીકયુરીટી તરીકે પોલીસ પ્રોટેકશન આપેલુ છે અને પોલીસ પ્રોટેકશન સીવાય તેણી ઘરની બહાર કયાંય જઈ શકે નહી કે નીકળી શકે નહી. ત્યારબાદ તેણીએ થોડા સમય અગાઉ સીકયુરીટી ઓફીસરને તેણી સામાજીક કામે બહાર જાવ છું તેમ કહી સીકયુરીટી લીધા વિના ઘરની બહાર ગયેલ હોવાની હકીકત તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણી ૧૫ – ૨૦ દિવસ ઘરની બહાર રહેલી એ સમય દરમ્યાન તેણી તેના વકીલશ્રીને મળેલી તેમ જણાવેલ છે. ત્યારબાદ તેણીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન, અમદાવાદ કે રવિયા મેડમને કોઈ લેખીત અરજી કરેલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ ફરીથી મુકત મને સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદન આપવા માંગુ છું તેવી રજુઆત કરી હોય તેવુ તેણીએ યાદ આવતુ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં ગાંધીનગરના ચીફ

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ તેણી સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નિવેદન આપવા માંગે છે તેવી રજુઆત વકીલશ્રી મારફત કરેલ હોવાની વાત ખરી હોવાનું જણાવેલ છે. જો કે તે અરજીમાં તેણીએ સુરતના મેજીસ્ટ્રેટ રૂબરૂ ડર અને ભય હેઠળ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નીવેદન આપેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે. વધુમાં તેણીની તે અરજી ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરનાઓએ નામંજુર કરેલ હોવાનું જણાવેલ છે અને તે હુકમ વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવા તેણીએ પીટીશન તૈયાર કરાવેલી અને તે અનુસંધાને તેણીએ એફીડેવીટ કરાવેલી તે હકીકત તેણીએ યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણી ઘરેથી ૧૫ દિવસ બહાર રહેલી તે દરમ્યાન પોલીસ તેણીને શોધી શકેલ નહી હોવાની વાત ખરી હોવાનું જણાવેલ છે. આ ૧૫ દિવસના સમયગાળામાં તેણી ઈન્દોર ગયેલ હોય તેવુ બનેલ નહી હોવાનું તેણીએ જણાવેલ છે અને તેણીએ આ ૧૫ દિવસના ગાળામાં ટી. વી. ચેનલનાં એન્કર તેણીને મળેલ હોવાનું અને તેણીએ ટી. વી. ન્યુઝ ચેનલને ઈન્ટરવ્યુ પણ આપેલ હોવાનું તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ ટી.વી. ચેનલના એન્કર સમક્ષ તેણી સાથે આવો કોઈ બનાવ બનેલ નહી હોવાનો અને આશારામ અને તેના કુંટુંબના સભ્યોએ તેણીની સાથે કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી તેમ જણાવેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે. ખરેખર તો આ ૧૫ દિવસના સમયગાળા દરમ્યાન તેણી ઈન્દોર ગયેલ અને 'ZEE' ન્યુઝ ચેનલવાળાએ તેણીનો ઈન્ટરવ્યુ પણ લીધેલ. ત્યારબાદ તેણીને માર્ક– ૩૨૨/૧ બતાવવામાં આવતા તેના પર લગાવેલ ફોટો તેણીનો હોવાનું અને તેના પેજ નં.(૩) ઉપર નીચે તેણીની સહી હોવાનું જણાવેલ છે. વધુમાં તેણીએ તે અરજી તારીખ–૧૭/૧૨/૨૦૧૪ ના રોજ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરની કોર્ટમાં રજુ કરેલ હોવા સંદર્ભે તેણીએ જણાવેલ છે કે અરજી દાખલ કરેલી, પરંતુ

ચોકકસ તારીખ તેણીને યાદ નથી. તેમજ માર્ક– ૩૨૨/૨ બતાવવામાં આવતા તેમાં નીચે તેણીની સહી હોવાનું તેમજ માર્ક–૩૨૨/૧ વાળી અરજીના સમર્થનમાં માર્ક–૩૨૨/૨ વાળી એફીડેવીટ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ તે અરજી દાખલ કરતા પહેલા તેણીએ તપાસનીશ અધિકારી રવિયા મેડમને આર.પી.એડી. થી એક પત્ર મોકલેલ કે તેણીને કલમ : ૧૬૪ મુજબનું નિવેદન આપવુ છે તે તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. તેણીએ તે પત્રમાં સુરતના મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂ તેણીએ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું જે નીવેદન આપેલ છે. તે ડર, ભય અને ત્રાસના કારણે આપેલ હોવાની હકીકત સાચી નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીને માર્ક– ૩૨૨/૩ બતાવવામાં આવતા તે ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં દાખલ કરેલ અરજીના કામે રજુ કરેલ વકીલાતનામું હોવાનું અને તેમાં તેણીની સહી હોવાનું જણાવેલ છે. તેણીને માર્ક–૩૨૨/૪ બતાવવામાં આવતા નીચે તેણીની સહી હોવાનું જણાવેલ છે. તેણીને માર્ક– ૩૨૨/૭ બતાવવામાં આવતા તેમાં છેલ્લા પાના ઉપર તેણીની સહી હોવાનું અને પેજ નંબર–(૬) ઉપર લગાવેલ ફોટો તેણીનો હોવાનું જણાવેલ છે. આ પેજ ઉપર નીચે કરેલી સહી વંચાતી ન હોઈ તે સહી તેણીની છે કે કેમ ? તે તેણી કહી શકે નહી તેમ જણાવેલ છે. ત્યારબાદ માર્ક–૩૨૨/૭ બતાવવામાં આવતા તે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ગાંધીનગરના હુકમ વિરૂધ્ધ નામદાર હાઈકોર્ટમાં જવા માટે તેણીએ આ પીટીશન મેમો અને એફીડેવીટ તૈયાર કરાવેલ હોવાનું તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ દર વખતે પોતાને સુટેબલ થાય તેવા કથનો કરવા ટેવાયેલા છે. વધુમાં બચાવપક્ષ તરફથી સાહેદ નં. (૭) તરીકે એડવોકેટશ્રી હરીશકુમાર ભાલચંદ્ર રાજપુતનાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદે આંક– ૩૨૩ તથા આંક–૩૨૪ થી રજુ થયેલ અરજી તથા એફીડેવીટમાં તેઓની સહી તથા સિકકો હોવાનું કબુલ કરેલ છે. આમ આરોપીઓ

દવારા ફરીયાદણ યાને ભોગ બનનારને કોઈ ધમકી આપવામાં આવેલ નથી કે કોઈ પ્રેસર પણ કરવામાં આવેલ નથી. સદર કામે ફરીયાદણએ ગાંધીનગર મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબનું નિવેદન ફરીથી નોંધવા માટે જે અરજી કરી તે અરજી નામંજુર કરતા તે હુકમ વિરૂધ્ધ ફરીયાદણએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જે પીટીશન દાખલ કરવા માંગતા હતા તે પીટીશનની એફીડેવીટ સાથેની નકલ આંક– ૭૫૦ થી રજુ કરવામાં આવેલ છે. સદર પીટીશનમાં ફરીયાદણ યાને ભોગ બનનારે આરોપી નં. (૧) કે અન્ય આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો મુજબનો કહેવાતો કોઈ ગુનો કરેલ નહી હોવાનું જણાવેલ છે અને તે પીટીશનમાં ફરીયાદણની સહી પણ છે અને નોટરીના સિકકા પણ છે અને સદરહુ નોટરીની ઉલટતપાસમાં ફરીયાદપક્ષ દવારા તે સંબંધે કોઈ સવાલ પણ પુછવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૨૮) તરીકે તપાસવામાં આવેલ તુષાર મુન્નાભાઈ વૈશ્યનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૧૦) માં તેઓએ જણાવેલ છે કે, આ ફરીયાદ આપ્યા બાદ તેઓના ઘરે પોલીસ સીકયુરીટી મુકવામાં આવેલી છે. તેઓ ૨૪ કલાક સીકયુરીટી માં રહે છે. તેમજ તે તથા તેમની પત્ની એટલે ફરીયાદણ યાને ભોગ બનનાર સીકયુરીટીને સાથે લઈને જ બહાર જઈ શકે તેમજ તેઓ નોકરી ધંધામાં જાય ત્યાં પણ સીકયુરીટી સાથે હોય છે. વધુમાં તેઓના પત્ની સામાજીક પ્રસંગે બહાર જાવ છું તેમ જણાવી પંદર દિવસ સુધી ઘરની બહાર રહેલ હોવાની હકીકત ખોટી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર સીનીયર અધિકારીઓને પણ ઉલ્લુ બનાવી પોલીસ પ્રોટેકશન સીવાય ઘરની બહાર જતા રહેલા અને ન્યુઝ ચેનલોમાં સમાચાર આવેલ કે ફરીયાદણ ઘરેથી ગાયબ થઈ જતા 'ZEE' ન્યુઝવાળાએ તેણીને ઈન્દોરથી શોધેલ અને સુરતની પોલીસ ઈન્દોર ગઈ અને ફરીયાદણને પકડી સુરત લાવેલ. આ તબકકે બચાવપક્ષના વિ.વ.શ્રીએ મારૂ ધ્યાન

તપાસનીશ અધિકારીની ઉલટતપાસના પેરા નં.(૧૩૯) તરફ દોરી જણાવેલ છે કે ફરીયાદણએ ચાંદખેડા પો.સ્ટે. માં તારીખ– ૧૩/૧૨/૨૦૧૪ ના રોજ પણ સ્પીડ પોસ્ટ / રજીસ્ટર એડીથી તેણીનું ફરીથી સી. આર. પી. સી. કલમ : ૧ ૬૪ મુજબનું નીવેદન નોંધાવવા માટે પત્ર લખેલો તે વાત તેઓને ખ્યાલ નહી હોવાનું તેમજ ફરીયાદણ દવારા મોકલવામાં આવેલો પત્ર તેઓને મળેલ નહી તેમ તેઓએ જણાવેલ છે. ફરીયાદણની સીઆરપીસી કલમ : ૧૬૪ મુજબની અરજી લગત બે નિવેદનો નોંધવામાં આવેલ જેમાં પણ ફરીયાદણએ આરોપીઓએ ગુનો કરેલો નથી તેમ લખવામાં આવેલ હોય તે ઈરાદાપુર્વક રજુ કરવામાં આવેલ નથી. સદર કામે જાન્યુઆરી–૨૦૧૪માં ચાર્જશીટ કરવામાં આવેલ છે અને ફર્ધર ઈન્વેસ્ટીંગેશનનો રાઈટ ખુલ્લો રાખવામાં આવેલ આમ છતા ફર્ધર ઈન્વેસ્ટીંગેશનનો રીપોર્ટ યાને કાગળો રજુ કરેલ નથી. તેમાં ફરીયાદણના લીધેલા બે નિવેદનો પણ રજુ કરવા પડે તેમ હોઈ ફર્ધર ઈન્વેસ્ટીંગેશનનો રીપોર્ટ રજુ કરવામાં આવેલો નથી અને તપાસનીશ અધિકારી જે પેપર્સ રજુ કરે તે જ નામદાર કોર્ટને જોવાના માટે બે સ ટેટમેન્ટ વિથેલ્ડ કરેલ છે. જેથી ફરીયાદપક્ષ વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનીયમની કલમ : ૧૧૪( g ) મુજબનું અનુમાન દોરવુ જોઈએ. આમ આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ અસંતુષ્ટો એક થઈ ગયેલ અને નામદાર કોર્ટમાં જુબાની પણ અપાઈ.

**(૨૪)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ એવી ભારપુર્વક રજુઆત કરેલી છે કે સમગ્ર કેસનો બેઈઝ ઈન્દોર છે અને ફરીયાદણના બનેવી વિમલેશ ઠકકરનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં (૧૫) માં તેઓ જીતુ સોનીને મળવા ઈન્દોર ગયેલ અને ત્યાં એક દિવસ રોકાયેલા અને જીતુ સોની પ્રેસ રીપોર્ટર છે તેમજ જીતુ સોનીની તેઓની પત્નીની બહેન એટલે કે

ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે ફોન ઉપર વાત થયેલી અને પછી તેઓ તેને મળવા ગયેલા અને તેઓ મળવા ગયા ત્યારે ફરીયાદણ યાને ભોગ બનનાર પણ સાથે હતી અને જીતુ સોનીએ ફરીયાદણ યાને ભોગ બનનારને જણાવેલ કે તમે ખાલી તેઓને મળવા આવજો અને તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનારને તેણી જીતુ સોનીને કેવી રીતે ઓળખે છે તે બાબતે પુછતા તેણીએ જણાવેલ કે તેનો સામેથી ફોન આવેલો ત્યારથી તેણી તેઓને ઓળખે છે તેવુ તેણીએ તેઓને જણાવેલું અને ફરીયાદણ યાને ભોગ બનનાર તેમજ તેણીની બહેને જીતુ સોનીને જે માહીતી આપી તેનું તેણે સ્ટીંગ ઓપરેશન કરેલુ અને તેઓ જે માહીતી આપી રહયા હતા તેનું સ્ટીંગ ઓપેરેશન થઈ રહયુ હતુ તેની તેઓને ખબર ન હતી અને ફરીયાદ નોંધાયાના એકાદ દિવસ બાદ તેઓને તેઓનું સ્ટીંગ ઓપેરેશન થયેલાની ખબર પડેલી અને આ ખબર ન્યુઝમાં આવતા તેઓને ખબર પડેલી અને આ ન્યુઝ તેઓએ જોયેલા પણ ખરા. આમ આશ્રમ વિરૂધ્ધના કાવતરાખોરોએ ષડયંત્ર રચી આરોપીઓને હાલના કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૨૫)** બચાવપક્ષના વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ વધુમાં જણાવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનાર સમગ્ર દેશમાં સત્સંગ માટે ગયેલા છે અને તેણીના જ જણાવ્યા અનુસાર તેઓ આઠ- નવ દિવસ જ આશ્રમમાં રહેતા હતા અને તેણીને તેણીના પ્રવચનનો તથા સીડી બતાવતા તેમા તે બોલી રહેલ હોવાનું જણાવેલ છે. તેમજ ફરીયાદણ ૨૦૦૧ માં ભુકંપ વખતે વકતા તરીકે હતા. આમ વકતા બનાવવા માટે બદકામ કર્યુ તે આક્ષેપ પાયાવિહોણો છે. ફરીયાદણ યાને ભોગ બનનાર બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૬૦) માં જણાવે છે કે, વકતા બનવા માટે કોઈ ઈસમ ટ્રેનીંગ આપતુ ન હતું. તેમજ વકતા બનવા

માટે સમુહમાં ચર્ચા વિચારણા થતી હોય તેવુ પણ બનેલ નથી અને અમોને વકતા બનવા કેસેટ સાંભળવા આપતા હતા અને પુસ્તકો વાંચવા જણાવતા હતા. કેસેટો સાંભળી અને પુસ્તકો વાંચી તેણી તેણીની જાતે વકતા તરીકે તૈયાર થયેલી. બચાવપક્ષના વિ. વ. શ્રીએ ફરીયાદણ યાને ભોગ બનનારની જુબાનીમાં ફરીયાદણએ ફરીયાદમાં જણાવેલ હકીકત સીવાય ના '' Omissions'' તરફ આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે એવી દલીલ કરવામાં આવેલ છે કે ''Omissions'' ધ્યાને લેવા જોઈએ કારણ કે ફરીયાદમાં દરેક હકીકત વર્ણવવી જરૂરી નથી તે હકીકત સાથે બચાવપક્ષ પણ સમંત થાય છે. પરંતુ તુરતજ યાને તાજા બનેલ બનાવ અને તરત તપાસ થયેલ હોય તેવા કીસ્સામાં '' Omissions'' ધ્યાને લેવાય નહી, હાલના કેસમાં તો ફરીયાદણએ આશરે બાર વર્ષ પછી ફરીયાદ કરેલ છે જેથી હાલનો કેસ યુનીક કહી શકાય અને ઉલ્ટાનું મોડી ફરીયાદ કરવામાં આવેલ હોય ત્યારે પોલીસે conscious રહી તપાસ કરવી જોઈએ કારણે કે મોડી ફરીયાદ હોય એટલે ખોટા આક્ષેપો થવાની પુરેપુરી શકયતા હોય અને સદર કામે તો વિચારવિમર્શ તથા સલાહ સુચન બાદ ફરીયાદ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને પોલીસે ફરીયાદણને તૈયાર કરવા માટે મહેનત પણ કરી હોય તે શકયતા નકારી શકાય તેમ નથી કારણ કે ફરીયાદ લેતી વખતે વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી.

**(૨૬)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૮) તરીકે તપાસવામાં આવેલ દેવેન્દ્રભાઈ પ્રજાપતિની જુબાની તરફ આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે તેઓ સને-૨૦૦૫ સુધી સીકયુરીટી ગાર્ડ હતા અને સને-૨૦૦૬ માં તેઓએ સુરત લેબર કોર્ટમાં અરજી/કેસ કરેલો અને તે કામે રજુ થયેલ અરજીના જવાબના પેરા નં. (૫) માં તેઓને નોકરીમાંથી કાઢી મુકતા જમા

પગારના નાણા આપવા બાબતે વિવાદ થયો હતો. તેમજ પેરા નં.(૬) નોકરીમાંથી કાઢી મુકતા રીકવરી અરજ કરવી પડેલ તેમ જણાવે છે. આમ સાહેદ દેવેન્દ્રભાઈએ સુરત લેબર કોર્ટમાં સને–૨૦૦૬ માં કરેલ અરજી યાને કેસમાં તેઓએ આશ્રમમાં દુષ્કર્મ થતા હોવાની હકીકત જણાવેલ નથી તેમજ તેઓના વકીલશ્રીને પણ દુષ્કર્મ અંગે કઈ જણાવેલ નથી. આમ દેવેન્દ્રભાઈએ તેઓની અરજી નામંજુર થતા તેની અદાવત રાખી પોલીસના મેળાપીપણામાં ખોટું નીવેદન લખાવેલ છે. આ તબકકે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૨) તરીકે તપાસવામાં આવેલ પી.એસ.આઈ. કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજા કે જેઓએ દેવેન્દ્રભાઈ પ્રજાપતિનું નીવેદન લીધેલ તેઓએ તેમની જુબાનીના પેરા નં.(૮) માં એવી સ્પષ્ટ કબુલાત કરે છે કે આ કેસના સાહેદોએ તેઓના નીવેદનમાં જે આક્ષેપો કરેલા તે બાબતે તેઓએ કોઈ જ તપાસ કરેલ નથી તેમજ કોઈ પુરાવો પણ મેળવેલ નથી. તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૭૯) માં દેવેન્દ્ર પ્રજાપતિ આશારામબાપુના બોડીગાર્ડ તરીકે કામ કરતા હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૮૦) માં તેઓએ દેવેન્દ્ર પ્રજાપતિ ના નીવેદનમાં જે ઢસા ઉર્ફે ક્રીષ્નાબેનના નામનો જે ઉલ્લેખ આવે છે તે ઢસાબેનનું નીવેદન લીધેલ પરંતુ તેઓનું ચાર્જશીટમાં સાહેદ તરીકે નામ દર્શાવેલ નથી અને ચાર્જશીટ સાથે તેઓનું નીવેદન પણ રજુ રાખેલ નથી અને તે રજુ નહી રાખવા માટે કોઈ વ્યાજબી કારણ પણ જણાવેલ નથી. આમ આરોપીઓને બદનામ કરવા માટે ખોટા એલીગેસનો કરવામાં આવેલ છે.

**(૨૭)** બચાવપક્ષે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૪૮) થી તપાસવામાં આવેલ સાહેદ દેવેન્દ્રભાઈ

પ્રજાપતિનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૪) માં તેઓ મીડીયામાં આવી ગયેલ હોઈ, પોલીસે તેમનો સંપર્ક કરેલો તેમજ પોલીસનો ફોન આવેલો કે તમે કયાં રહો છો ? તમને મળવુ છે પોલીસ દિલ્હી આવેલ હતી. જો કે સદર સાહેદને તેઓએ ABP News અને News India માં ઈન્ટરવ્યુ આપેલ કે કેમ તે અંગે પુછતા તે તેઓને ચોકકસ યાદ નહી હોવાનું જણાવેલ છે. આમ આશ્રમ વિરોધીઓ ભેગા મળી મીડીયામાં ઈન્ટરવ્યુ આપતા હતા અને તે લગત તેઓને પૈસા પણ આપવામાં આવતા હતા અને તે હકીકત નામદાર કોર્ટના રેકર્ડ પર પણ લાવવામાં આવેલ છે. તે સંદર્ભે બચાવપક્ષ તરફે સાહેદ નં.(૩) થી તપાસવામાં આવેલ સેજલબેન નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૩) માં તેઓને આઝમ કરીને ગુજરાત સમાચારનો રીપોર્ટર મળવા માટે આવેલ અને બે – બે હજાર રૂપિયા તેઓને આપેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સરતપાસના પેરા નં.(પ) માં જણાવેલ છે કે, '' ત્યારબાદ આ એૈતીયાઝ શેખ રીપોર્ટનાઓએ તેણીનું, તેણીના પતિ વાસુનું, પારૂલબેન અને સતીષ વાધવાણીનું પણ ઈન્ટરવ્યુ લીધેલ અને ત્યારબાદ સલાખે નામનો એક એપીસોડ બનાવેલો, ત્યારે રૂમમાં આ રીપોર્ટરે તેણીને, પારૂલબેનને, સતીષ વાધવાણીને કવરમાં પૈસા આપેલા અને જે તેણીએ ઘરે જઈને જોયેલ તો ૫૦ હજાર રૂપિયા હતા.'' આમ આશ્રમમાંથી કાઢવામાં આવેલ લોકોએ આરોપી નં.(૧) તથા તેઓના પરીવારના સભ્યો તથા તેઓના પરીવાર સાથે સંકળાયેલ લોકો વિરૂધ્ધ કાવતરુ ઘડેલ અને તે સંદર્ભે આંક–૭૭૮ થી રજુ થયેલ દેવેન્દ્ર પ્રજાપતિનાઓની કોલ ડીટેલ્સ જોઈએ તો – (૧) દેવેન્દ્ર પ્રજાપતિ અને મહેન્દ્ર ચાવલા વચ્ચે તારીખ – ૦૮/૦૭/૨૦૧૩ થી તારીખ–૦૨/૧૨/૨૦૧૩ સુધી કુલ–૧૪૪ કોલ/એસ. એમ. એસ. થયેલ છે. (૨) દેવેન્દ્ર પ્રજાપતિ અને અમૃત પ્રજાપતિ વચ્ચે તારીખ– ૦૨/૦૯/૨૦૧૩ થી તારીખ–૦૨/૧૨/૨૦૧૩ સુધી કુલ–૪૫ કોલ/એસ. એમ. એસ. થયેલ છે. (૩)

દેવેન્દ્ર પ્રજાપતિ અને સતીષ વાઘવાણી વચ્ચે તારીખ–૦૭/૧૦/૨૦૧૩ થી તારીખ–૦૨/૧૨/૨૦૧૩ સુધી કુલ –૧૫ કોલ/એસ. એમ. એસ. કરેલ છે. (૪) દેવેન્દ્ર પ્રજાપતિ અને ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન પારૂલ વચ્ચે તારીખ–૨૨/૧૦/૨૦૧૩ થી તારીખ–૦૨/૧૨/૨૦૧૩ સુધી કુલ –૪ કોલ્સ કરવામાં આવેલ છે. વધુમાં સદર કામે સતીષ વાઘવાણીનાઓને ચાર્જશીટમાં સાહેદ નં.(૬૦) થી દર્શાવવામાં આવેલ છે અને તેઓ એક મહત્વના તેમજ સ્ટાર વિટનેસ હોવા છતાં ફરીયાદપક્ષ તરફે તેઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને આંક–૬૭૭ થી રજુ થયેલ પુરસીસમાં તેઓ આશારામ આશ્રમમાં સમર્પિત હોઈ તેઓને ડ્રોપ કરવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. આમ ડ્રોપીંગ પુરસીસમાં કયા પુરાવાના આધારે સદર હકીકત લખવામાં આવેલ છે તે સ્પષ્ટ ફલીત થતુ નથી. ખરેખર તો કોઈ સાહેદને ડ્રોપ કરવા માટે જે તે સાહેદની ઈન્કવાયરી કરેલ હોવી જોઈએ. સદર સતીષ વાઘવાણીનાઓએ તેઓના નિવેદનમાં તેઓ સમર્પિત હોવાનો કોઈ ઉલ્લેખ પણ કરેલ નથી અને પોલીસ સાથેના મેળાપીપણાના કારણે સદર સાહેદને તેઓ સમર્પિત હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**(૨૮)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૪૬) થી તપાસવામાં આવેલ સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિનાઓની સરતપાસના પેરા નં.(૨) તરફ અત્રેની અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદે '' તેણી દીલ્હીથી પાછી આવતી હતી ત્યારે રેવાડી ગયેલ, તે વખતે સને–૨૦૦૦માં ઉનાળાનો સમય હતો રેવાડીમાં સત્સંગ હતો અને મહીલા માટે રહેવાની વ્યવસ્થા કરેલ હતી. તેણી ત્યાં રોકાયેલી, સત્સંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતો. તેણી આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યાં રાતના સમયે તેણીને કહેવામાં આવેલુ કે આશારામ તેણીને ધ્યાન માટે બોલાવે છે. તેણીને ઢેલ નામની સ્ત્રીએ આ

વાત કરેલી. તેણી આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલ અને રાતના ૯ થી ૧૦ નો સમય હતો. તેણી આશ્રમની એન્ટ્રી પર પહેલા બેસેલી ત્યારબાદ તેણીને બાથરૂમમાં લઈ ગયેલા અને તેણીને બાથરૂમમાં બંધ કરી દીધેલ બાથરૂમમાં અંધારુ હતું. તેણીને થયેલુ કે તેણીને આશારામ પાસે લઈ જવાના હતા અહીં શા માટે લાવ્યા ? તે વખતે ત્યાં આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહેલુ કે આની સાથે જાવ. ત્યારબાદ લાલાભાઈ તેણીનો હાથ પકડીને તેણીને લઈ ગયેલા, તેઓ તેણીને આશારામ પાસે લઈ ગયેલા આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેમને તેણીને તેણીના માતા– પિતા અને ભાઈ બહેન વિશે પુછેલું. તેમને તેણીને તમારે કેટલી મિલકત છે તેવુ પણ પુછેલુ અને આશારામે તેણીને ત્યાં નીચે બેસી જવા કહેલુ તેથી તેણી નીચે બેસી ગયેલી. આશારામે તેણીના સ્તન ઉપર હાથ ફેરવેલા તેણીએ કહેલુ કે બાપુજી આ શું કરો છો ? તેમણે ધોતી ઢીલી કરેલી અને તેણીને કહેલુ કે મારા ગુપ્તાગને ચુસીલે, તેણીએ ના પાડેલી ત્યારે આશારામે તેણીના વાળ પકડી જબરજસ્તીથી તેણીનું મોઢું તેમના ગુપ્તાગને અડાવેલું. તેણીએ કહેલુ કે બાપુ આ ગલત છે, આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહીં કોઈ આવશે નહી. હું કહું તેવુ કરો. ત્યારબાદ આશારામ તેણીને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને તેણીને પલંગ પર ધકકો મારીને પાડી દીધેલ ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી, જેથી તેણીએ તેમના ગુપ્તાગ પર લાત મારેલી અને ત્યાંથી ભાગી ગયેલી. તેણી ભાગતી હતી તે વખતે તેણીએ રસોઈયા લાલાભાઈ અને સીકયુરીટી દેવેન્દ્રભાઈને જોયેલા તેઓએ તેણીને જોઈએ કે નહી તેની તેણીને માહીતી નથી. તેણી ભાગીને સીધી રોડ ઉપર આવી ગયેલી. ત્યાં એક ટ્રક વાળો ઉભેલ હતો અને બે સ્ત્રીઓ કે જેઓ મુંબઈની હતી તે ત્યાં હાજર હતી તેમની સાથે બેસીને તેણી તેઓ જયાં રોકાયેલ તે હોલ પર આવી ગયેલી. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૨)

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

માં સાહેદણ સરોજબેને એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે, રેવાડી મુકામે તેણીએ આશારામ અને તેમના માણસો વિરૂધ્ધ કોઈ ફરીયાદ લખાવેલ ન હતી. તેમજ તારીખ–૦૯/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં તેણી એવુ લખાવેલુ છે કે, મારે હાલમાં કોઈ જ ફરીયાદ કરવી નથી. સદર હકીકત સંદર્ભે સાહેદ સરોજબેનનું નીવેદન નોંધનાર પી.એસ.આઈ. તોરલ એમ. પટેલનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩) માં એવુ કબુલેલ છે કે સાહેદ સરોજબેનનું નીવેદન તેઓએ તારીખ–૦૯/૧૧/૨૦૧૩ ના રોજ લીધેલુ અને સીટના મેમ્બર તરીકે તેઓએ માત્ર સાહેદોના નીવેદન નોંધેલ છે તે સંદર્ભે કોઈ તપાસ કરેલી નથી તેમજ રેવાડી ખાતે સત્સંગ હોવા બાબતે તેઓએ જાતે કોઈ તપાસ કરેલી નહી, તેવી જ રીતે તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિના કહેવાતા નિવેદનમાં જે રેવાડી (હરીયાણા) લગતના આક્ષેપો છે તે લગત રેવાડીમાં આશારામ બાપુનો કોઈ પ્રોગ્રામ હતો તે કેમ તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલી નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૭૫) માં '' પ્રજ્ઞેશ ઉર્ફે લાલાના નિવેદન મુજબ આશારામ બાપુનો રેવાડી ખાતે કોઈ પ્રોગ્રામ થયેલ હોય અને ત્યાં સરોજબેન લગત કોઈ ઘટના બનેલ હોય તેવુ કશુ જ જણાવેલ નથી. તેમજ તેઓએ સરોજબેન પ્રજાપતિ તથા પ્રજ્ઞેશ ઉર્ફે લાલાના નીવેદનનો અભ્યાસ કરેલો અને તેઓએ રેવાડીના આક્ષેપો લગત સરોજબેનના નીવેદન બાદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. તેમજ તેઓએ સરોજબેન પ્રજાપતિના રેવાડી ખાતેના આશારામ બાપુ લગત કરેલા આક્ષેપો સંદર્ભે રેવાડી(હરીયાણા)ખાતે જઈ કોઈ તપાસ કરેલી નહી. વધુમાં સરોજબેન અમૃત પ્રજાપતિના પત્ની છે. તેઓએ તેમના પતિને તો વાત કરી હોવી જોઈએ. આશારામના રસોઈયા પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ અને સીકયુરીટી ગાર્ડ દેવેન્દ્રભાઈ પ્રજાપતિ તે અંગે કંઈ જ જણાવતા

નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૬) માં તેઓ આશારામ સાથે કયારેય રેવાડી ગયેલ નહી હોવાનું જણાવે છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૯) થી તપાસવામાં આવેલ સાહેદ જીજ્ઞા ઉર્ફે સોનલબેનનાઓએ સરોજબેન વિરૂધ્ધ કોઈ આક્ષેપો કરેલ નથી. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયા નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૭૬) માં જીજ્ઞાનું નામ સરોજબેનના સી.આર.પી.સી કલમ : ૧૬૪ ના નિવેદનમાં ખુલેલ હોવાનું અને તેમજ જીજ્ઞાબેને તેઓ રૂબરૂના તારીખ– ૧૮/૧૨/૨૦૧૩ ના નિવેદનમાં જીજ્ઞાબેન રેવાડી ગયેલ હોય અને ત્યાં આશારામ બાપુનો પ્રોગ્રામ હોય અને સરોજબેન પ્રજાપતિ પણ ત્યાં હોય અને ત્યાં સરોજબેન પ્રજાપતિ સાથે કોઈ ઘટના બનેલ હોય તેવુ કશું જ જણાવેલ નથી. તેમજ તેઓની તપાસ દરમ્યાન રેવાડી પોલીસ સ્ટેશન ખાતેથી સરોજબેને કરેલ અરજીની કોઈ વિગતો મળી આવેલ નહી અને તે અંગે રેવાડી પોલીસ સ્ટેશન દવારા લેખીતમાં જાણ કરેલ હોવાનું જણાવેલ છે. આમ સરોજબેનના રેવાડી લગતના આક્ષેપોને અન્ય સાહેદોની જુબાનીથી પણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. સાહેદ સરોજબેનના આંક–૪૩૬ થી રજુ થયેલ સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં તેઓ રેવાડી પછી પુષ્કર અને ત્યારબાદ અમદાવાદ પણ ગયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આમ સરોજબેન પોતાના ઘરેથી રેવાડી ગયા, ત્યારબાદ પુષ્કર ગયા અને પછી અમદાવાદ આશ્રમમાં આવ્યા. આમ જો કોઈ વ્યકિત જોડે આવો બનાવ બન્યો હોય તો તે વ્યકિત શું કામ કોઈ વ્યકિત સામે સમર્પિત થાય કે આશ્રમમાં રહેવા આવે ?. સાહેદણ સરોજબેને બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૧)માં જણાવેલ છે કે તેઓ ૨૦૦૧ માં ઘરે પરત આવ્યા પછી તેઓ આશારામના સત્સંગમાં બહુ ઓછું જતા હતા, કયારેક કયારેક દિલ્હી

આશ્રમમાં જતા હતા. ત્યારબાદ તેઓના સી. આર. પી. સી. કલમ :૧૬૪ મુજબના નિવેદનમાં અંબાલા મુકામે ગયાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. સરોજબેને તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૩)માં તેઓ અમૃત વૈધના સંપર્કમાં રહેતી હોવાનું અને સને–૨૦૦૭ માં તેણીએ અમૃત વૈધ સાથે લગ્ન કરેલ હોવાનું અને તેઓ કરતા અમૃતભાઈની ઉમંર વીસ વર્ષ વધારે હોવાનું કબુલેલ છે. અમૃત પ્રજાપતિ રાજકોટમાં વૈધ તરીકેનું કામકાજ કરતા હતા. સાહેદ સરોજબેને તેઓની સરતપાસના પેરા નં.(૭) માં જણાવેલ છે કે, સને–૨૦૦૫ માં અમૃતભાઈને આશ્રમમાંથી કાઢી મુકેલા ત્યારબાદ તેમના ઉપર અનેક વાર હુમલા થયેલા અને તેઓના પતિ અમૃતભાઈનું આશારામના માણસોએ ખુન કરી દીધેલ હોવાનું જણાવેલ છે. તે સંદર્ભે બચાવપક્ષ તરફથી અમૃત પ્રજાપતિએ તેઓના ડાઈંગ ડેકલેરેશનમાં ખોટા નામ લખાવેલ હોવાનું જણાવેલ છે.

**(૨૯)** વધુમાં વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૬૬) માં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, વર્ષાના કહેવાતા નીવેદન પ્રમાણે આશારામ બાપુ ઢેલ, બગલો, ધ્રુવબેન, ભારતીબેન આશ્રમમાં આવતા તે લગત જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપોમાં કોઈ છોકરીનું નામ, ઉંમર, સમય જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓએ આ અંગે તપાસ કરેલી પરંતુ કોઈ છોકરી મળી આવેલી નહી. આમ વર્ષાબેનના નિવેદનને કોઈ પુરાવા દવારા સમર્થન મળતુ નથી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૭૧) માં જણાવેલ છે કે, વર્ષાએ જે કંઈ પણ દુષ્કૃત્યના આક્ષેપો કહેવાતા નીવેદન તથા સીઆરપીસી કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં કરેલ છે. તેમાં કોઈ છોકરીનું નામ, તારીખ, મહીનો અને વર્ષ જણાવેલ

નથી ? તે સવાલના જવાબમાં તપાસનીશ અધિકારીએ હા જી, નીવેદનમાં વર્ષાએ પોતાની નાની બહેન પુજા ધોરણ–૧૨ માં ભણતી હતી ત્યારે આશારામે તેના ઉપર નજર બગાડેલ તેવુ લખાવેલ છે. વધુમાં પુજાનું નીવેદન લેવામાં આવેલ અને ચાર્જશીટમાં સાહેદ નં.(૫૫) તરીકે તેણીને દર્શાવવામાં આવેલ છે. પરંતુ તેણી આશારામ આશ્રમમાં સમર્પિત હોઈ તેણીને ડ્રોપ કર્યા અંગેનો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ આંક–૬૭૭ ની પુરસીસમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ વર્ષાના સી. આર. પી. સી. કલમ :૧૬૪ મુજબના નિવેદનમાં કરવામાં આવેલ આક્ષેપોને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી. સાહેદ વર્ષાએ તેણીના નિવેદનમાં તેણીના પતિને રૂપિયા દસ લાખની ઓફર કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયા નાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૭૨) માં વર્ષાબેને તેણીના નિવેદનમાં તેના પતિને રૂપિયા દસ લાખની ઓફર સંદર્ભે લોકેશભાઈ તથા વિનોદભાઈ ખેડા લગત જે જણાવેલ છે તેનો કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. આમ રૂપિયા દસ લાખની વાત તપાસનીશ અધિકારીની ઉપજ હોવાનું જણાવેલ છે. વધુમાં વર્ષાના પિતા આશ્રમમાં રહેતા હતા અને સાહેદ વર્ષાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૧) માં તેણીના લગ્ન અખીલ સાથે થયા બાદ તેઓ આશારામજીના આશીર્વાદ લેવા દીલ્હી જયાં તેમનો સત્સંગ ચાલતો હતો ત્યાં ગયેલા. આમ જો સાહેદ વર્ષા સાથે જો કાંઈ અજુગતુ બનેલ હોત તો તેઓ લગ્ન બાદ આશારામ બાપુના આશીર્વાદ લેવા માટે દિલ્હી જાય નહી. તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૬૫) માં જણાવેલ છે કે સાહેદ વર્ષા અખીલભાઈ ગુપ્તાનું નીવેદન તેઓએ લીધેલુ અને તેણીએ આશ્રમ છોડવા માટે જે ચીઠ્ઠી લખેલી તેમાં તેણીની મમ્મીની તબીયત સારી રહેતી ન હોવાથી તેમજ તેઓની આર્થીક પરીસ્થિતી સારી ન હોઈ તેમજ તેઓની બહેનના અભ્યાસ બાબતેની

બાબતો લખેલી હતી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૦) તરીકે આશાબેન તુષારભાઈ દીક્ષીત નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ગાયનેકોલોજીસ્ટ ડૉકટર છે. તેઓએ તેમની સરતપાસના પેરા નં.(૧)માં તેઓ અનુષ્ઠાન કરવા માટે આશ્રમમાં જતા હોવાનું, તેમજ પેરા નં.(૨) માં તેઓની હોસ્પીટલનું નામ શ્રી આશારામકૃપા હોસ્પીટલ રાખવામાં આવેલ હોવાનું અને તેઓએ હોસ્પીટલ ચાલુ કર્યા બાદ અમદાવાદ આશ્રમમાં આશીર્વાદ લેવા ગયેલા તે વખતે તેઓએ આશારામ બાપુને ભેટ ધરાવવા માટે થોડા પૈસા લઈને ગયેલા અને તે ભેટ આપતા આશારામજી ગુસ્સે થઈ ગયેલા અને જણાવેલુ કે તમે લોકો ગાયનેકોલોજીસ્ટ છો એટલે એર્બોસન કરતા હશો એટલા માટે આ પૈસા મારે જોઈએ નહી. ત્યારબાદ તેઓએ નકકી કરેલ કે તેઓ લીંગલ એર્બોસન પણ કરશે નહી અને તે કામગીરી બંધ કરી દીધેલ. આમ આશારામે ગાયનેક ડૉકટરના પૈસા પણ લીધેલ નથી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે, અનુષ્ઠાન કરનાર વ્યકિત સ્વૈચ્છાથી સાત દીવસ, અગિયાર દિવસ, એકવીસ દિવસનું અનુષ્ઠાન કરતા હોય છે અને અનુષ્ઠાનમાં સવારે વહેવા ઉઠી પુજા કરવાની, જપ માળા કરવાની અને આશ્રમમાં જેનાથી જે કામ થાય તે કરવાનું હોય છે તેમજ મહીલા આશ્રમમાં સાધીકાઓ સેવા, જપ, ધ્યાન અને પુજાપાઠમાં વ્યસ્ત રહેતા હોય છે તેમજ ઉલટતપાસના પેરા નં. (૯) માં જણાવેલ છે કે બાપુ જયારે પ્રવચન આપતા ત્યારે ગીતા, વેદ, શાસ્ત્ર, ભાગવત ગીતા વિગેરે પર આપતા હતા અને પ્રવચનમાં બાપુ કહેતા કે ગર્ભપાત એ મહાપાપ છે અને તે બાબતે ગર્ભપાત – મહાપાપ નામની બુકલેટ પણ આપતા હતા અને મહીલા સાધીકાઓ સ્વૈચ્છાથી અનુષ્ઠાનમાં આશ્રમમાં આવે અને અનુષ્ઠાનનો સમય પુર્ણ થતા સ્વૈચ્છાથી ઘરે જતા રહેતા. તેમજ મહીલા આશ્રમમાં જે સ્ત્રી રહેતી તે સ્વૈચ્છાથી રહેતી હતી. આમ વેલ–એજયુકેટેડ વ્યકિતઓ પણ આશ્રમમાં અનુષ્ઠાન કરવા આવતા હતા.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૩૦)** વિ.વ.શ્રીનાઓએ એવી પણ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈનાઓએ કે જેઓ ૨૦૦૨ સુધી આશારામના રસોઈયા હતા તેઓએ તેમની સરતપાસના પેરા નં.(૫) માં સ્પષ્ટ જણાવેલ છે કે આશારામની કુટીયામાં બહેનોનો પ્રવેશ પ્રતિબંધીત હતો. તેમજ સરતપાસના પેરા નં. (૮) માં આશારામ શાંતીવાટીકામાં હોય ત્યારે સ્ત્રી –પુરુષો મુલાકાત માટે આશ્રમની ગાડીમાં જતા હતા અને સવારનો સત્સંગ ત્યાં થતો હતો. કુટીયાની બહાર મંડપ બનાવેલો હતો ત્યાં મુલાકાત થતી હતી. ગાડીમાં આશ્રમના સંચાલકો લઈને આવતા હતા. પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ અલગ ગાડીની વ્યવસ્થા હતી. વધુમાં સાહેદ પ્રજ્ઞેશ નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૩૬) માં તેઓ સને –૨૦૦૬ સુધી આશ્રમમાં રસોઈયા અને બીજી સેવા માટે રહેલ હોવાનું જણાવેલ છે. આમ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાની જુબાની જોતાં પ્રોસીકયુશનના આક્ષેપો ખોટા હોવાનું જણાઈ આવે છે.

**(૩૧)** બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૪) થી તપાસવામાં આવેલ સાહેદણ – ગોપીબેનનાઓએ તેમની સરતપાસના પેરા નં.(૨) માં તેણી આશ્રમમાં રહેતી અને સાબરમતી કન્યા શાળામાં ભણવા જતી હોવાનું જણાવેલ છે. આમ આશારામ જણાવતા કે ભણીને શું કરશો ? વિગેરે હકીકત સાહેદણ ગોપીબેનની જુબાનીથી ખોટી હોવાનું પુરવાર થાય છે. સાહેદણ ગોપીબેન એજયુકેટેડ ફેમીલીમાંથી આવતા હોવા છતાં સને–૨૦૦૮ સુધી આશ્રમમાં રહેલ. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૪) માં કબુલેલ છે કે, તેઓના

આશ્રમ નિવાસ સ્થાન દરમ્યાન તેઓએ કોઈ ગેરરીતી કે દુષ્કૃત્ય અંગેની કોઈ હકીકત જાણેલ નથી કે જોયેલ નથી કે સાંભળેલ નથી અને તેઓ હાલમાં પણ આશ્રમની નજીક રહેતા હોવાનું તેમજ બાપુએ સત્સંગમાં જે ઉપદેશો આપેલ હતા તે ઉપદેશોનું આજે પણ તેઓની જીંદગીમાં તેઓ પાલન કરતા હોવાનું અને તેઓ જયાં સુધી બાપુના આશ્રમમાં રહયા ત્યાં સુધી વાતાવરણ શુધ્ધ અને પવિત્ર હતું અને હાલમાં પણ શુધ્ધ અને પવિત્ર હશે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૩) તરીકે જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસના પેરા નં.(૨) માં તેઓ સને-૨૦૦૭ - ૨૦૦૮ સુધી આશ્રમમાં રહેલ હોવાનું અને પેરા નં.(૩) માં સને-૨૦૦૩ માં કોલેજમાં અભ્યાસ કરતા હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનારને તેણીની દસમાં ધોરણની પરીક્ષા આપીને શું કરીશ ? તેવુ આશારામે તેણીને જણાવેલ હોવાની હકીકત ખોટી હોવાનું ફલીત થાય છે.

**(૩૨)** બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૩) થી જાનકી ઉર્ફે શીલ્પી નારાયણ સાંઈ હરપલાનીનાઓને તપાસવામાં આવેલ છે. તેણી આરોપી નં.(૧) આશારામની પુત્રવધુ તથા તેઓના દિકરા નારાયણ સાંઈની પત્ની થાય છે. તેણીએ સરતપાસના પેરા નં.(૧૨)માં જણાવેલ છે કે સને-૨૦૧૩ માં નારાયણ સાંઈ ફરાર હતા તે વખતે સુરત પોલીસે તેણીને બોલાવેલી તેથી તેણી સુરત ગયેલી અને પોલીસના પુછવાથી તેણીએ જણાવેલ કે તેણી નારાયણ સાંઈ સાથે રહેતી નથી. તેમને ઘણી છોકરીઓ સાથે અવૈધ સંબંધો છે અને ઘણા અનૌરસ સંતાનો છે. મીડીયા મારફત આશારામ અને નારાયણ સાંઈને તેણીના નીવેદન વિશે જાણ થતા તેણીને આ નીવેદન પાછુ લઈ લેવા ધમકીઓ આપેલ હતી. સદર સાહેદણે બચાવપક્ષ દવારા

કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૨૪) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે આશારામ તારીખ–૩૧/૦૮/૨૦૧૩ ના રોજ અટક થયેલા અને ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે. ત્યારબાદ સદર સાહેદણ તેણીની ઉલટતપાસના પેરા નં.(૧૬) માં પોલીસે તેનું નીવેદન તારીખ–૨૯/૧૧/૨૦૧૩ ના રોજ ઈન્દોર મુકામે લીધેલ હોવાનું જણાવે છે. આમ સદર સાહેદણ તેણીને ધમકી આપેલ હોવાનું જણાવે છે પરંતુ ધમકીનો જે સમય જણાવે છે તે સમય તો આરોપી નં.(૧) આશારામ જોધપુર જેલમાં હતા અને હાલ પણ છે. આ સંજોગોમાં આરોપી નં.(૧) આશારામ જેલમાંથી કેવી રીતે ધમકી આપી શકે ?. ત્યારબાદ સદર સાહેદણે તેણીની ઉલટતપાસના પેરા નં. (૨૪) માં નારાયણસાંઈ તારીખ–૦૬/૧૨/૨૦૧૩ ના રોજ સુરત કેસમાં અટક થયેલા અને ત્યારથી તેઓ જેલમાં છે અને તેણી ડર વગર ઈન્દોર કોર્ટમાં આવન જાવન કરે છે અને તેણીએ ઈન્દોર કોર્ટમાં સને–૨૦૧૪માં ભરણપોષણનો કેસ કરેલો છે અને તેણીને આશારામ તથા નારાયણસાંઈ મારફત ધમકીઓ મળી હોવાની અને તેણીએ તેના રક્ષણ માટે પોલીસ પ્રોટેકશન માંગેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેણીને આ કેસમાં નીવેદન આપ્યુ તે સંદર્ભે નહી પણ કેસ પરત ખેંચવા સંબંધેની ધમકી હોવાનું બચાવપક્ષ દવારા જણાવવામાં આવેલ છે. સદર કામે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧૦) તરીકે સુનીલભાઈ શ્રીયાદવસિંગ રૈકવારનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ જાનકીબેન નારાયણસાંઈ હરપલાની દવારા તારીખ–૦૮/૦૯/૨૦૧૫ ના રોજ પોલીસ અધિક્ષક, ઈન્દોર જીલ્લાને આપવામાં આવેલ એક અરજી તથા તે અરજીના આધારે જાનકીબેનનું લેવામા આવેલ નીવેદન તથા જાનકીબેનનું ઈલેકશન કાર્ડ તથા આ અરજીના રોજકામની નકલ તથા તારીખ–૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ધ્રુવબેન ગુરલદાસ બાલાનીને થાણા પ્રભારી મારફતે આર. ટી. આઈ. માં મોકલેલ જવાબની ખરી નકલ કુલ–૧ થી ૫ પાનામાં રજુ કરેલ છે. જેને આંક– ૭૭૧ આપવામાં આવેલ

છે. તે કાગળો વંચાણે લેતાં તેમાં ધમકી આપ્યાનો કોઈ ઉલ્લેખ નથી અને તે નિવેદન વિડીયોગ્રાફીથી રેકર્ડ કરવામાં આવેલ છે. વધુમાં સાહેદણ જાનકીબેનની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.-(૨૮) માં શાંતીવાટીકા કુટીયામાં કોઈ છોકરી આવતી નહી હોવાનું જણાવેલ છે. તેમજ સાહેદણ જાનકીબેનનું નીવેદન નોંધનાર પી. આઈ. કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૧) માં એવું સ્પષ્ટ જણાવેલ છે કે આ નીવેદન આપતા સમયે સાહેદ (જાનકીબેન ઉર્ફે શીલ્પીબેન) મુકત મને અને કોઈપણ જાતના દબાણ વગર નિવેદન આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં સાહેદણજાનકી ઉર્ફે શિલ્પીબેનને આરોપી નં.(૨) ભારતીબેન તથા આરોપી નં.(૩) લક્ષ્મીબેન મારફત પૈસા મોકલવામાં આવતા હતા અને તે બચાવપક્ષના સાહેદ નં.(૫) મનીષભાઈ મનોજભાઈ ત્રિવેદી, એચ. ડી. એફ. સી. બેન્ક, ચાંદખેડાનાઓની જુબાનીથી પુરવાર કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

**(33)** વધુમાં વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૬) થી રાજુભાઈ કિશનલાલ ચાંડકનાઓને તપાસવામાં આવેલ છે. તેઓને સને-૨૦૦૪ ની સાલમાં આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ ત્યારથી તેઓ અગ્રેસર રહી આશ્રમ વિરૂધ્ધ જુદા જુદા કૃત્યો કરી રહેલ છે અને ફાયરીંગના કેસમાં સાબરમતી પોલીસ સ્ટેશનમાં આશારામ બાપુનું નામ ખોટી રીતે સંડોવી દીધેલ છે. તેમજ સદર સાહેદે ડી. કે. ત્રિવેદી કમિશન/પંચ સમક્ષ પણ જુબાની આપેલ છે. તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ તેઓની ઉલટતપાસના પેરા નં.(૯૭) માં કબુલ કરેલ છે કે રાજુ ચાંડકના તારીખ-૨૭/૧૨/૨૦૧૩ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે '' આજરોજ આપ સાહેબે સ્ટીંગ ઓપરેશન વિશે પુછતા લખાવુ છુ કે જે સ્ટીંગ ઓપરેશન મારા ઉપર

થયેલ તે સ્ટીંગ ઓપરેશનની ડપ કર્યા વગરની ઓરીજનલ સીડી બહાર આવે તે અગત્યની છે. મે મારું નીવેદન આપેલ છે અને જે તે વખતે છોકરીએ જે નીવેદન આપેલ છે અને તે ખરેખર સ્ટીંગ ઓપરેશન હતુ કે તે છોકરી ઉપર બળાત્કાર થયેલ તેની હકીકત હતી ? હું કોઈ એડવોકેટને મળેલ નથી, આ જે સ્ટીંગ ઓપરેશન કરેલાની સીડી ડપ કરેલ છે, જેની ઓરીજનલ સીડી કટ કર્યા વગરની મંગાવવામાં આવે તો સાચી વાત સામે આવે તેમ છે અને આ ઓરીજનલ સીડી ડપ કર્યા વગરની આવે જે એફ. એસ. એલ. માં મોકલી તપાસ કરવામાં આવે તેવુ મારું માનવું છે.'' તેમ લખાવેલ હોવાની વાત સાચી હોવાનું જણાવેલ છે. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૯૮) માં તેઓને '' રાજુ ચાંડકના સ્ટીંગ ઓપરેશન દરમ્યાન રાજુ ચાંડક આશારામ વિરૂધ્ધ બળાત્કારની ખોટી ફરીયાદ કરવા માટે છોકરીઓ લાવી આપવાની વાત કરતો હતો અને આ સ્ટીંગ ઓપરેશન સને–૨૦૦૯ ની વખતનું '' હોવાનો પ્રશ્ન કરતા તેઓએ તે હકીકત તેમણે ખબર નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૯૯)માં કબુલેલ છે કે, આ સ્ટીંગ ઓપરેશનની વાત તેમના ધ્યાન ઉપર આવતા તેઓએ તે લગત કોઈ કાર્યવાહી કરેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૦૦)માં વિડીયોગ્રાફી દરમ્યાન રાજુ ચાંડક ફરીયાદણને ફેસ ટુ ફેસ ઓળખતો નથી તેમ જણાવેલ છે તેમજ રાજુ ચાંડકના નિવેદનમાં ફરીયાદણને ફેસ ટુ ફેસ ઓળખતો નથી તેવુ નીવેદનમાં લખેલ નથી અને રાજુ ચાંડક ફરીયાદણને ઓળખે છે તેવી હકીકત મારા રૂબરૂના નિવેદનમાં લખેલ છે તેમજ રાજુ ચાંડકના નીવેદન વખતે વિડીયોગ્રાફી ચાલુ હોવાનું જણાવેલ છે. તપાસનીશ અધિકારી ડી.બી. રવિચાનાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦૧) માં જણાવેલ છે કે, રાજુ ચાંડકના નીવેદનમાં એવુ ખુલેલ કે મહીલા આશ્રમના સંચાલીકા પદમાબેન છે અને તેઓએ તેમની તપાસના

કામે પદમાબેનનું કોઈ નીવેદન લીધેલુ નથી. તેમજ પદમાબેનનું નીવેદન લેવા માટે તેઓએ કોઈ પ્રયત્ન કરેલ નહી. તેમજ રાજુ ચાંડકના કહેવાતા નીવેદનમાં નીવઈ–રાજસ્થાન ખાતે આશ્રમ આવેલ હોવા અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નહી અને નીવઈ–રાજસ્થાનની ઘટના અંગે રાજુ ચાંડકે જે કહેવાતા નીવેદનમાં જણાવેલ તે સંબંધે રસોઈયો પ્રજ્ઞેશ ઉર્ફે લાલાએ તેના નીવેદનમાં જણાવેલ નથી. તેમજ રાજુ ચાંડકના નીવેદનમાં પ્રજ્ઞેશ ઉર્ફે લાલા રસોઈયાનો જે ઉલ્લેખ આવે છે. તે માટે તેઓએ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનું વધારાનું કોઈ નીવેદન લીધેલ નથી તેમજ રાજુ ચાંડકના નીવેદનમા નીવઈ – જયપુર, રાજસ્થાન આશ્રમમાં પ્રજ્ઞેશ ઉર્ફે લાલા લગત જે જણાવેલ છે તે માટે તેઓ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનું કોઈ વિશેષ નીવેદન લેવા પ્રયત્ન કરેલ નહી અને રાજુ ચાંડકે તારીખ–૧૦/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે આશારામ બાપુનો રસોઈયો લાલો મને જોઈ મારા મોઢા ઉપરથી હાવભાવ બદલાઈ ગયેલ હોય જેથી તે આશ્ચર્ય ચકીત થઈ ગયેલ પણ મારે રસોઈયા લાલા સાથે કોઈ ચર્ચા થયેલ નહી. ત્યારબાદ તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦૨) માં જણાવેલ છે કે, નીવઈ–જયપુર આશ્રમ ખાતેના આશારામ બાપુ વિરૂધ્ધ રાજુ ચાંડકે તેના નિવેદનમાં જે આક્ષેપ કરેલા છે. તેના વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટમાં તેણે જણાવેલ છે કે તે કહેવાતી સ્ત્રીને ઓળખતો નથી તેમજ જે વસ્તુ વિડીયોગ્રાફીમાં જણાવી તે તેઓ રૂબરૂના રાજુ ચાંડકના નીવેદનમાં જણાવેલ નથી. તેવી જ રીતે ઉલટતપાસના પેરા નં.(૧૦૩) માં જણાવેલ છે કે આશારામ બાપુ સને–૨૦૦૨ માં નીવઈ – જયપુર, રાજસ્થાન ખાતે રોકાયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી અને બ્રેઈનવોસ લગત રાજુ ચાંડકે કોઈ છોકરીઓના નામ આપેલ નહી તેમજ તેઓએ તેવી કોઈ છોકરીઓની તપાસ કરી તેવી છોકરીઓના નીવેદન પણ લીધેલ નથી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૦૪) માં જણાવેલ છે કે સાહેદ રાજુ ચાંડકે

તેઓ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે તે સ્ત્રીને હું ઓળખુ પરંતુ તેનું નામ હું આપી શકુ નહી. તેમજ ઉલટતપાસના પેરા નં.(૧૦૬) માં જણાવેલ છે કે, રાજુ ચાંડકના નીવેદનમાં તેઓની તપાસ દરમ્યાન એવુ ખુલેલ કે આરોપી નં.(૨) ભારતીબેનના લગ્ન સને–૧૯૯૭ માં થયેલા. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૦૮) માં જણાવેલ છે કે, રાજુ ચાંડકે કરેલા આક્ષેપો લગત કોઈ પુરાવો તેઓની તપાસમાં મળી આવેલ નહી. ત્યારબાદ સાહેદ રાજુભાઈ ચાંડકનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૬) માં તમો દિલ્હી રેલ્વે સ્ટેશન સામે રીગલ હોટલમાં રોકાયેલા ? તેવો સવાલ પુછતા તેઓએ તે દિલ્હી રેલ્વે સ્ટેશન સામે એક હોટલમાં રોકાયેલ પરંતુ તે હોટલનું નામ આજે તેઓને યાદ નથી તેમ જણાવ્યુ છે. સાહેદ રાજુ ચાંડક તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૩) માં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદન દરમ્યાન અધિકારીએ દિલ્હી ખાતેની હોટલમાં તેઓના સ્ટીંગ ઓપરેશન અંગેના સવાલો પુછેલા અને તેઓએ તેમના તારીખ–૨૭/૧૨/૨૦૧૩ ના પોલીસ રૂબરૂના નીવેદનમાં ''આજરોજ આપ સાહેબે સ્ટીંગ ઓપરેશન વિશે પુછતા લખાવુ છું કે જે સ્ટીંગ ઓપરેશન મારા ઉપર થયેલ તે સ્ટીંગ ઓપરેશનની ડપ કર્યા વગરની ઓરીજીનલ સીડી બહાર આવે તે અગત્યનું છે. અને જે તે વખતે છોકરીએ જે નીવેદન આપેલ છે અને તે ખરેખર સ્ટીંગ ઓપરેશન હતું કે તે છોકરી ઉપર બળાત્કાર થયેલ તેની હકીકત હતી ?. તેઓ કોઈ એડવોકેટને મળ્યા નથી. જે સ્ટીંગ ઓપરેશન કરેલાની સીડી ડપ કરેલ છે. જેની ઓરીજીનલ સીડી કટ કર્યા વગરની મંગાવવામાં આવે તો સાચી વાત સામે આવે તેમ છે અને આ ઓરીજીનલ સીડી ડપ કર્યા વગરની આવે જે એફ. એસ. એલ. માં મોકલી તપાસ કરવામાં આવે એવુ મારુ માનવુ છે'' ‘‘ લખાવેલ કે કેમ ? હું વિક્રમ રાઠોડ અને અનીતાબેનને ઓળખતો નથી. તેમજ દિલ્હીની હોટલમાં મારુ જે સ્ટીંગ ઓપરેશન કરેલુ તે વખતે તે રૂમમાં વિક્રમ રાઠોડ અને અનીતાબેન હાજર હોવાની તેમજ તે સ્ટીંગ

ઓપરેશનની સીડી મે જોયેલ હોવાની વાત ખરી નથી. તેમજ હું તેવી કોઈ સીડી જોવા માંગતો નથી અને મે અને બીજા માણસોએ ગુનાહીત કાવતરુ રચીને આશારામને ફસાવેલા અને આ બાબત સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કબુલ રાખેલી. આમ સાહેદ રાજુ ચાંડક તેઓના નિવેદનમાં સ્ટીંગ થયાનું જણાવે છે, જયારે જુબાનીમાં તે તેઓને યાદ નથી તેમ જણાવે છે. સાહેદ રાજુ ચાંડકે તેઓની સરતપાસના પેરા નં.(૨) માં તે સને–૧૯૮૩ થી ૨૦૦૨ સુધી બાપુ સાથે સમર્પિત અને આશ્રમમાં જ રહેતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પેરા નં.(૧૦) માં તેઓએ જુલાઈ માસમાં બનેલ ઘટના બાદ એક મહીના પછી ઓગસ્ટમાં આશ્રમ છોડી દીધેલ હોવાનું જણાવેલ છે. તેમજ ઉલટતપાસના પેરા નં.(૩૯) માં તે સમય દરમ્યાન આશારામના રસોઈયા તરીકે લાલો હોવાનું જણાવેલ છે અને ઉલટતપાસના પેરા નં.(૪૩)ની હકીકત ધ્યાને લેતાં સ્ટીંગ દરમ્યાન ગુનાહીત કાવતરું રચવામાં આવેલ હોવાનું ફલીત થાય છે. આમ સદર હકીકત ધ્યાને લેતાં સને–૨૦૦૧ માં અખીલ ગુપ્તા કે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ રસોઈયા તરીકે હતા તે સ્પષ્ટ થતુ નથી. તેમજ ફરીયાદણ યાને ભોગ બનનારને આરોપી નં.(૩) લક્ષ્મીબેને જે લાફો મારી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે તેને ફરીયાદપક્ષના કોઈપણ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. સામાન્ય:ત કોઈપણ દીકરી પોતાના પિતા માટે તેમજ કોઈપણ પત્ની પોતાના પતિ માટે બદકામ અર્થે છોકરીઓ લઈ જાય એ હકીકતનો વિચારસુધ્ધા ન આવે તેવા વાહીયાત આક્ષેપો ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારની સાથે રૂમમાં રહેતી બીજી અન્ય છોકરીઓના નિવેદનો લેવામાં આવેલ છે પરંતુ તેઓને સાક્ષી તરીકે ચાર્જશીટમાં દર્શાવેલ નથી કારણ કે આક્ષેપો પાયાવિહોણા હોઈ શકે. વધુમાં આરોપી નં.(૭) જસીબેન ઉર્ફે જશવંતીબેનનો સમગ્ર કાંડમાં કોઈ રોલ ન હોવા છતાં તેઓને આરોપી બનાવવામાં આવેલ છે. આમ આરોપી નં.(૧) આશારામ બાપુ તથા તેઓના આશ્રમ

વિરૂધ્ધ સને–૨૦૦૮ અને તે પહેલા તેઓને ખોટા કેસમાં સંડોવવા મોટુ ષડયંત્ર રચવામાં આવેલ અને તે અંગેના પુરતા પુરાવાઓ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. જુલાઈ–૨૦૦૮ માં દીપેશ અને અભિષેકના અપમૃત્યુ બાદ આશ્રમમાં તાંત્રીક વિધી થાય છે તેવા આક્ષેપો કરવામાં આવેલ અને તે બંને બાળકોના પિતાએ સી. બી. આઈ. તપાસની માંગણી પણ કરેલી. પરંતુ બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૧૩) નિશાંતભાઈ જાદવાણીનાઓએ એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, સી. આઈ. ડી. ક્રાઈમ ને તે અંગેના એટલે કે તાંત્રિક વિધી અંગેના કોઈ એવીડન્સ મળી આવેલા નહી. વધુમાં બચાવપક્ષ તરફથી આંક– ૭૮૬ થી રજુ થયેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નંબર–૭૭૦/૨૦૦૯ ની નકલના પેરા નં.(૧૧) માં દર્શાવ્યા મુજબ તે સમયે પ્રિન્ટ મીડીયા તથા ઈલેકટ્રોનીક મીડીયાને પણ આશ્રમમાં ચાલતી પ્રવૃતીઓ અંગે કોઈ રજુઆત કરવી હોય તો સી. આર. પી. સી. કલમ– ૧૬૦ મુજબના સમન્સો ઈસ્યુ કરવામાં આવેલ તથા તે અંગેની પ્રેસનોટ પણ આપવામાં આવેલ પરંતુ આશ્રમમાં ચાલતી પ્રવૃતી અંગે કોઈએ કોઈ જ હકીકત જણાવેલ નહી. એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનાર પોતે પણ ન્યુઝ જોતા હોવા છતાં અને પેપર વાંચતા હોવા છતાં સને–૨૦૦૮ માં સી. આઈ. ડી. ક્રાઈમ પાસે ગયેલ નથી. વધુમાં ૮મી ઓગસ્ટ –૨૦૦૮ માં આશ્રમનાં ઓફીસીયલ નંબર પર બરોડાના ગણેશ એસ.ટી.ડી. પી.સી.ઓ. પરથી એક ફેકસ મોકલવામાં આવેલ, જેમાં રૂપિયા પચાસ કરોડની માંગણી કરવામાં આવેલ અને તે સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનમાં અરજી પણ આપવામાં આવેલ અને સદર ફેકસમાં દર્શાવેલ શબ્દો સને–૨૦૧૩ માં પુરવાર થતા દેખાય છે.વધુમાં તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૩૦) માં તેઓએ તપાસના કામે આશારામ વિરૂધ્ધ સાબરમતી અને અડાલજ ખાતે આ અગાઉ કેટલા ગુના નોંધાયેલા તેની માહીતી મેળવવા સારુ યાદીઓ તૈયાર કરેલી. જે યાદીઓ અનુક્રમે આંક–૬૦૧ તથા આંક–૬૦૨ થી રજુ

થયેલ છે અને જે તે પોલીસ સ્ટેશનમાંથી માંગેલ માહીતી પોલીસ સ્ટેશન દવારા આપવામાં આવેલી. જે એફ.આઈ.આર.ની નકલ આંક– ૬૦૩ થી રજુ થયેલ છે. તેમાં ફરીયાદણ તરીકે રાજુ ચાંડકનું નામ છે અને તહોમતદારના કોલમમાં સંત આશારામ બાપુ તથા અજાણ્યા બે મોટર સાયકલ ચાલકોના નામ છે. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૨૯) માં કબુલ કરેલ છે તેઓએ તેમની તપાસમાં આશ્રમના સાધકોનાઓએ કરેલ ફરીયાદ અંગેની કોઈ માહીતી માંગેલ નહી. આમ તપાસનીશ અધિકારીએ આરોપી નં.(૧) આશારામ અને તેમના સાધકો વિરૂધ્ધ નોંધાયેલ ગુનાઓની માહીતી માંગેલ છે પરંતુ સાધકોએ કરેલ ફરીયાદ અંગેની કોઈ માહીતી નહી માંગી એકપક્ષીય તપાસ કરેલ છે.

**(૩૪)** ત્યારબાદ, વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ રજુઆત કરેલ છે કે, બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૨) વિક્રમસિંગ કીશોરસિંગ રાઠોડનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૫) માં જણાવેલ છે કે, ત્યારબાદ સને ૨૦૦૮ માં તે વર્ષે અમદાવાદ ગુરુકુળમાં બે બાળકો આકસ્મીક મૃત્યુ પામેલ હતા. ત્યારબાદ બાપુજી ઉપર મીડીયામાં તંત્રવિદ્યા તેમજ અન્ય ખોટા આરોપો લગાવવાનું શરૂ થઈ ગયેલ હતુ અને આશ્રમમાંથી નીકળેલ અમુક લોકો જેમાં મુખ્યત્વે રાજુ ચાંડક, અમૃત પ્રજાપતિ, મહેન્દ્ર ચાવલા, અવીન વર્મા, વિણા ચૌહાણ જેવા લોકો મીડીયામાં આવી બાપુજીના વિરૂધ્ધમાં ખરાબ બોલતા હતા. સદર સાહેદે તેમની સરતપાસના પેરા નં.(૬) માં જણાવેલ છે કે, ઓગસ્ટ –૨૦૦૮ માં તેઓ ગુડગાવમાં એક મલ્ટીનેશનલ કંપનીમાં સોફટવેર ઈજનરે તરીકે કાર્યરત હતા તે સમયે તેઓને જાણવા મળેલુ કે બાપુજી રજોકરી આશ્રમ, દીલ્હીમાં આવ્યા હતા તેથી મેં વિચાર્યુ કે ત્યાં સત્સંગ સાંભળીને ઘરે જવું. તેઓ જયારે આશ્રમ પહોંચ્યા

ત્યારે બાપુજીનો સત્સંગ ચાલી રહયો હતો ત્યારે બાપુજીને કોઈએ સુચના આપેલ અને પછી બાપુ સત્સંગ રોકીને શાંત થઈ ગયેલા ત્યારબાદ જયારે બાપુજીએ ફરી સત્સંગ શરૂ કરયો ત્યારે તેમની આંખોમાં આસુ હતા અને બાપુજી રડી રહયા હતા. ત્યારે તેમણે કહ્યુ કે કોઈને મારી સાથે દુશ્મની કાઢવી હોય તો મારી જોડે બદલો લે, મારા નિર્દોષ બાળકોને મારે નહી કે હેરાન ન કરે. ત્યારે મે તપાસ કરેલ ત્યારે મને જાણવા મળેલ કે છીંદવાડા ગુરુકુળમાં કોઈ બાળકનું આકસ્મીક મૃત્યુ થયેલ હતું ત્યારબાદ મને લાગેલ કે બાપુજી વિરૂધ્ધ કોઈને કોઈ ષડયંત્ર રચી રહયા છે તેમને ફસાવવા માટે કોઈ કાવતરુ રચી રહયા છે. જેથી મને લાગેલ કે મારે આનો ભાંડો ફોડવો જોઈએ. ત્યારબાદ હું આશ્રમથી ઘરે આવી ગયેલ હતો. તે પછી સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૭) માં જણાવેલ છે કે,''ત્યારબાદ સાંજના સમયે તેઓ ઘરે આવી, ટીવી ઉપર ન્યુઝ જોઈ રહયા હતા ત્યારે અમૃત પ્રજાપતિનું ઈન્ટરવ્યુ ચાલતુ હતુ અને નીચે ચેનલમાં તેના નંબર સાથે પટ્ટી આવતી હતી કે કોઈને પણ બાપુજી વિરૂધ્ધ ફરીયાદ હોય તો આ નંબર ઉપર સંપર્ક કરી શકે છે. ત્યારબાદ બીજા દિવસે તેઓ એસ. ટી. ડી. ઉપર ગયેલા અને તે નંબર ઉપર ફોન કરેલો અને સામેથી તેઓને જણાવેલ કે હું અમૃત પ્રજાપતિ બોલુ છું ત્યારે મે કહેલ કે હું તમારા લોકો સાથે જોડાવવા માંગુ છું અને બાપુજી વિરૂધ્ધ આરોપ મુકવા માંગુ છું. ત્યારે અમૃત પ્રજાપતિએ જણાવેલ કે અગર તું એવી કોઈ છોકરીની વ્યવસ્થા કરી આપે કે જે બાપુજી વિરૂધ્ધ ખોટો બળાત્કારનો આરોપ મુકી શકે તો તું અમારી સાથે કામ કરી શકે છે. ત્યારે મેં જણાવેલ કે મારી નાની બહેન અનીતાથી હું ખોટો કેસ કરાવી શકુ છું.પરંતુ આ કામ માટે મારે દસ લાખ રૂપિયા જોઈશે.ત્યારે અમૃત પ્રજાપતિ એ આ રૂપિયા આપવાની હા પાડેલી, હું નામદાર કોર્ટને જણાવવા માંગુ છું કે મારે જે તે વખતે પૈસાની જરૂરીયાત ન હતી. માત્ર આવા લોકો જે હીન્દુ સંતોને બદનામ કરે છે તેમનો ભાંડો ફોડવા માંગતો હતો. અમૃત પ્રજાપતિએ પછી મારો મોબાઈલ

નંબર માંગેલો પરંતુ મે જણાવેલ કે, હું ખુબજ ગરીબ માણસ છું મારી પાસે મોબાઈલ નથી. અમૃત પ્રજાપતિએ જણાવેલ કે તું મોબાઈલ ખરીદી લે, તેના પૈસા હું ચુકવી આપીશ. ત્યારપછી હું દિલ્હીમાં આવેલ ગફાર માર્કેટમાં ગયેલો અને ત્યાંથી મે સેકન્ડહેડ મોબાઈલ ખરીદેલો અને મેં દુકાનવાળાને જણાવેલ કે, મારી પાસે આઈડી પ્રુફ નથી પરંતુ મારે મોબાઈલ સીમ જોઈએ છે. મેં આ દુકાનવાળાને મારુ આઈ.ડી પ્રુફ આપેલ નહી કારણ કે જો મારુ અસલ આઈ.ડી. આપુ તો મારા મોબાઈલ નંબરના આધારે મારુ અસલ નામ અને સરનામુ ખબર પડી જાય. ત્યારપછી દુકાનદારે મારી પાસેથી રૂપિયા ૨૦૦/− લઈ મને ચાલુ સીમકાર્ડ આપી દીધેલ. તે સીમ કોના નામનું હતુ તેની મને ખબર નથી. ત્યારપછી આ સીમ કાર્ડ મારા મોબાઈલમાં નાખી, આ અમૃત પ્રજાપતિનાઓને મારો નંબર આપેલો. ત્યારપછી આ અમૃત પ્રજાપતિના ઓએ જણાવેલ કે તેમના બોસ રાજુ ચાંડક દિલ્હી આવશે અને તેઓ તમારો કેસ જોશે. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે, ત્યારપછી થોડા દીવસ પછી અમૃત પ્રજાપતિનાઓનો મારા ઉપર ફોન આવેલો અને જણાવેલ કે બે દિવસપછી રાજુ ચાંડક દિલ્હી આવી રહયા છે. ત્યારે મે ખરેખર વિચારેલ કે મારી તો કોઈ બહેન નથી. તે સમયે મેં આ અમૃત પ્રજાપતિને જણાવેલ કે આપણે રેલ્વે સ્ટેશન કાં તો બસ સ્ટેશન મળશું કારણ કે મારી બહેન અંબાલાથી આવશે. ખરેખરમાં આવી કોઈ મારી બહેન હતી નહી. પરંતુ મારે વિચારવાનો સમય જોઈતો હતો. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૯) માં જણાવેલ છે કે, મને વિચાર આવેલ કે હું અમુક બહેનોને મદદ માટે કહી શકું તેમાંથી મને દુર્ગાબહેનનું નામ ખ્યાલ આવેલ. ત્યારપછી હું દુર્ગાબહેનને મળ્યો હતો. આ દુર્ગાબેનનાઓ પોતે હીન્દુવાદી સત્સંગોમાં આવતા જતા હોઈ જેતે વખતે તેણી દિલ્હીમાં જ હતી. ત્યારે હું તેમને મળેલો અને તેમને જણાવેલ કે, બાપુજી વિરૂઘ્ઘ આ લોકો ષડયંત્ર રચી રહયા છે અને તમે જો આ લોકોનો ભાંડો ફોડવામાં આવો ખોટો

આરોપ લગાવવા માટે રાજી થઈ જાવ તો આપણે આ લોકોને એટલે કે ઉપરોકત જણાવેલ વ્યકિતઓને ખુલ્લા પાડી શકીએ. ત્યારપછી મારી વાત સાંભળી દુર્ગાબેનનાઓએ મને મદદ કરવા માટે હા પાડેલ હતી પછી બીજા દીવસે મેં તેણીને લોનીગોલ ચકકરા દિલ્હી ખાતે મળવા કહેલ હતું. ત્યારે અમે લોકો રીક્ષા કરીને આઈ.એસ.બી.ટી. કશ્મીરી ગેટ, દિલ્હી ખાતે પહોંચેલા કારણ કે ત્યાં આ રાજુ ચાંડક મળવા આવવાના હતા. બપોરે આશરે બે વાગેના અરસામાં આ રાજુ ચાંડકનાઓ નકકી થયેલ સ્થળ ઉપર પહોંચેલ નહી. જેથી મેં અમૃત પ્રજાપતિ નાઓને ફોન કરીને જણાવેલ કે કોઈ આવેલ નથી. આ સમયે અમૃત પ્રજાપતિના ઓએ ફોન ઉપર જણાવેલ કે થોડીવારમાં રાજુભાઈ આવે છે. ત્યારપછી એક દીનેશ નામની વ્યકિત ચાલતા ચાલતા અમારા બંને પાસે આવેલી અને તેણે મારુ નામ પુછેલ હતું. ત્યારે મેં આ વ્યકિતને મારુ નામ સંદીપ અને મારી બહેનનું નામ અનીતા હોવાનું જણાવેલ હતું. પછી તે અમારી સાથે વાત કરતો હતો અને આજુબાજુમાં નીરીક્ષણ કરતો હતો કે કોઈ સાથે તો નથી. ત્યારે આ દિનેશનાઓ કોઈને ફોન કરેલ અને કહેલ કે બંને ભાઈ અને બહેન આવી ગયેલ છે તમે પણ આવી જાવ. ત્યારપછી એક ક્રિમીશ કલરની કવોલીસ ગાડી આવી ઉભી રહેલ અને તેમાંથી એક છ ફુટનો વ્યકિત ઉતરેલ, પછી તેણે પોતાનું નામ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક બતાવેલ હતું અને અમને કહેલ કે બંને જણા ગાડીમાં બેસી જાવ. ગાડીમાં બેસ્યા પછી આ રાજુનાઓએ ગાડી ચલાવતા વ્યકિતનો પરીચય પહાડી તરીકે કરાવેલ અને તે શેખરનો નાનો ભાઈ છે તેવુ જણાવેલ હતું અને આ સમયે ગાડીમાં ત્રીજી સીટ ઉપર એક પચાસેક વર્ષ ના વ્યકિત બેઠેલ હતા અને તેમનું નામ રમેશ બોરીયા જણાવેલ હતું અને તે રમેશ બોરીયા શ્રી રામસુખદાસજી ના ત્યાં સેવાપુજા કરે છે. ત્યારપછી વાતો કરતા કરતા ગાડી જુની દિલ્હી રેલ્વે સ્ટેશન પાસે પહોંચી ગયેલ અને ત્યાં ગાડીમાંથી રમેશ બોરીયા અને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ઉતરીને બહાર જતા

રહેલા અને થોડીવાર પછી આ બંને જણા ગાડી ઉપર પરત આવેલ અને અમોને જણાવેલ કે હોટલનો રૂમ તમારી માટે બુક કરાવી દીધેલ છે. ત્યારપછી આ લોકો અમોને હોટલ રીગલ ના રૂમ નં.૫ માં લઈ ગયેલ. હોટલ પહોંચ્યા પછી રૂમમાં આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને જણાવેલ કે હું એક સ્ક્રીપ્ટ આપીશ તેની તૈયારી કરી નાખજો આજે થાકેલા છો તો આરામ કરો. આ સમયે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જતા જતા દીનેશને કહેલ કે તુ આમની સાથે રોકાઈ જા અને આમનું ધ્યાન રાખજે. ત્યારપછી અમે રાત્રે હોટલમાં સુઈ ગયેલા હતા. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, બીજા દિવસે સવારે રાજુ ચાંડક અને રમેશ બોરીચા અમારા રૂમ પર આવેલ હતા ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ આ દુર્ગાબેન જેઓને મે અનીતા તરીકે ઓળખાણ આપેલી, તેણીને કહેલ કે એક બુક અને પેન આપો. હું તમને સ્ક્રીપ્ટ લખાવીશ. આ સમયે આ દુર્ગાબેને જણાવેલ કે મારી પાસે પેન અને કોપી નથી ત્યારે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ મને અને દીનેશને જણાવેલ કે તમે બંને જઈને પેન અને કોપી લઈને આવો. ત્યારપછી અંદાજે અડધો કલાક પછી હું અને દીનેશ પેન અને કોપી લઈને રૂમ ઉપર પરત લઈને આવેલ હતા. અમે લોકો પરત આવ્યા પછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ મને જણાવેલ કે, રાજુએ મારી બહેનને સ્ક્રીપ્ટ સમજાવી દીધેલ છે. પરંતુ તું પણ યાદ રાખ અને અમુક લાઈનો તેમા ખાસ આવી જોઈએ. જેમાં ત્રણ મહીલાઓ જેના નામ ઢેલ, બગલો અને ધ્રુવ તેના નામ આવવા જોઈએ અને આ લોકો તારી બહેનને ગુલકંદનું પાણી પીવડાવી અંદર રૂમમાં આશારામજી બાપુ પાસે મોકલેલ, જ્યાં તેણી ઉપર બળાત્કાર કરવામાં આવેલ અને ત્યાંથી બહાર આવ્યા બાદ ઉપરોકત ત્રણેય મહીલાઓએ એવુ કહેલ કે તારુ કલ્યાણ થઈ ગયેલુ છે અને બાપુએ સ્પર્શ કર્યા છે. ત્યારબાદ આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ કહેલ કે આ બધી વિગતો લખીને સ્ક્રીપ્ટ તૈયાર રાખજો હું

સાંજે આવીને પુછીશ. ત્યારપછી રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ત્યાંથી જતા રહેલા વિગેરે હકીકત સાબીત કરે છે કે કાવતરાખોરો કેટલા સક્ષમ છે.

**(૩૫)** ત્યારબાદ, બચાવપક્ષ ના વિ.વ.શ્રીએ આંક-૭૦૧ થી રજુ કરવામાં આવેલ સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૧૫૯૨૦/૧૦ ના પેજ નં-(૭) તરફ આ અદાલતનું ધ્યાન દોરી જણાવેલ છે કે સદર પેરામાં છએક જેટલા કાવતરાખોરાનાં નામ જાહેર કરવામાં આવ્યા છે. તેમજ પેરા નંબર (૧૦) માં જુલાઈ/ઓગસ્ટ -૨૦૦૮ માં અમૃત પ્રજાપતિના ઈન્ડીયા ટી.વી. ચેનલ પર આવેલ ઈન્ટરવ્યુ સંબંધેની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ આંક-૭૦૩ ધ્યાને લેતાં રાજુ ચાંડકનું કેટલુ vested interest છે તે ફલીત થાય છે.

**(૩૬)** ત્યારબાદ બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ દલીલ કરેલ છે કે, બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૨) તરીકે તપાસવામાં આવેલ વિક્રમસિંગ કિશોરસિંગ રાઠોડ નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૨) માં સને- ૨૦૦૮ માં તેઓ દવારા કરવામાં આવેલ સ્ટીંગ ઓપરેશનની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ આંક-૭૦૬ થી રજુ થયેલ ટ્રાન્સક્રીપ્ટના પેજ નં.(૯૦)માં વકીલ રોકવા સંબંધે જણાવેલ હકીકત તેમજ પેજ નં.(૯૧) માં રહેવાની સગવડ અંગે જણાવેલ હકીકતનો ઉલ્લેખ જોવા મળેલ છે. આમ સદર હકીકત ધ્યાને લેતા આંક-૬૫૫ થી રજુ થયેલ ફેકસમાં દર્શાવ્યા મુજબ ખોટા મુદ્દાઓ તૈયાર છે તે હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. આંક-૭૦૬ થી રજુ થયેલ ટ્રાન્સક્રિપ્ટ અમૃત પ્રજાપતિ તથા દીનેશ વચ્ચેની ટેલીફોનીક વાતચીતનું હીન્દીમાં રૂપાતંર છે. જે સ્ટીંગ ઓપરેશનનો એક ભાગ છે. સદર સ્ટીંગ પણ સને-૨૦૦૮ નું છે. વધુમાં આંક - ૭૦૧ થી રજુ થયેલ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નંબર- ૧૫૯૨૦/૧૦ ના પેરા નં.(૧૦) થી (૧૬) માં સ્ટીંગ

અંગે વિગતે જણાવવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષ તર્ફે આંક–૭૧૩ થી ડૉ. કે. ડી. પટેલ નાઓએ સી. આઈ. ડી. ક્રાઈમ, ગાંધીનગરનાઓને આરોપી નં. (૧) સંદેશ પ્રેસ (૪) રાજુભાઈ ચાંડક (૬) અમૃત પ્રજાપતિ (૭) મહેન્દ્ર ચાવલા (૯) દીનેશ ઉર્ફે ભાનાભાઈ કાનપરીયા (૧૦) કૌશીક પટેલ (૧૧) રાજેશ સોલંકી વિગેરે નાઓ પર કરેલ ફરીયાદની નકલ રજુ કરવામાં આવેલ છે. સદર ફરીયાદના પેરા નં.(૧૬) તથા (૨૩) માં રાજુ લંબુના સ્ટીંગ ઓપરેશન અંગેની મહત્વની હકીકતો જણાવવામાં આવેલ છે. બચાવપક્ષ તરફથી આંક–૭૦૨ થી ડૉ. કે. ડી. પટેલનાઓએ અમદાવાદના મે.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સમક્ષ સંદેશ પ્રેસ વિગેરે વિરૂધ્ધ દાખલ કરેલ પરચુરણ અરજી નં. ૫૬/૧૦ તારીખ– ૨૦/૦૩/૨૦૧૦ ની નકલ તથા તે અરજી લગત થયેલ હુકમોની નકલ રજુ કરવામાં આવેલી છે. આમ સને–૨૦૦૯ માં સી.આઈ.ડી ક્રાઈમને અરજી/ફરીયાદ કરવામાં આવેલ અને સને–૨૦૧૦ માં મેટ્રો કોર્ટ અમદાવાદમાં ફરીયાદ કરવામાં આવેલ. આ તબકકે તપાસનીશ અધિકારીની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૨૬) વંચાણે લેતાં તપાસનીશ અધિકારીના ધ્યાન ઉપર આવેલ કે વિક્રમ રાઠોડનાઓએ રાજુ ચાંડકનું સ્ટીંગ ઓપરેશન કરેલ આમ છતાં વિક્રમ રાઠોડનાઓનું કોઈ નિવેદન નોંધવામાં આવેલ નથી કે તે સ્ટીંગ લગત કોઈ કાર્યવાહી પણ કરવામાં આવેલ નથી.

**(૩૭)** વધુમાં વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે, બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૩) તરીકે સેજલ બસવરાજ તલ્લોલીનાઓને તપાસવામાં આવેલ છે. આમ સેજલ અને વાસુનાઓએ સતીષ વાઘવાણીનું સ્ટીંગ કરેલ તેનું ટ્રાન્સક્રિપ્ટ આંક– ૭૧૯, ૭૨૦, ૭૨૧, ૭૨૨ થી રજુ થયેલ છે. સદર ટ્રાન્સક્રીપ્ટના સંવાદો વંચાણે લેતાં કાવતરાખોરો(ષડયંત્રકારીઓ)નું કેટલુ મજબુત નેટવર્ક છે તેની પ્રતિતિ

થાય છે અને બચાવપક્ષના સાહેદ નં.(૧૧) દિપક જોગીંદરપ્રકાશ ગંદોત્રાનાઓની જુબાનીમાં  સતીષ વાઘવાણીની કોલ ડીટેલ્સ આંક–૭૭૬ થી રજુ કરવામાં આવેલ છે.  ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૪૩) થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન પારૂલબેનની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૦) ધ્યાને લેતાં સદર કેસની ફરીયાદ દાખલ કરતા પહેલા અને ત્યારબાદ પણ પારૂલબેન સતીષ વાઘવાણીના સંપર્કમાં હોવાનું ફલીત થાય છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૪) થી તપાસવામાં આવેલ વિમલેશ ઠકકરનાઓની પણ સુરતની કોર્ટમાં જુબાની થયેલ છે અને તે જુબાનીના પેરા નં.(૫) અને (૧૯)માં રાજપુરોહીત હોટલમાં મળેલ અને તારીખ–૧૭/૦૯/૨૦૧૩ (એફ. આઈ. આર. પહેલા) ના રોજ સતીષ વાઘવાણીએ વિમલેશ ઠકકર સાથે વીસ મીનીટ જેટલી વાતચીત થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

**(૩૮)** વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે,આંક–૭૭૬ થી રજુ થયેલ દસ્તાવેજ વંચાણે લેતાં તારીખ ૧૦/૦૯/૨૦૧૩ થી તારીખ૩૧/૧૨/૨૦૧ ૩ સુધીમાં સતીષ વાઘવાણી અને મહેન્દ્ર ચાવલા વચ્ચે ૨૪૪ કોલ્સ/ એસ. એમ. એસ. થયેલ છે. તેવી જ  રીતે તારીખ૧૬/૦૯/૨૦૧૩ થી તારીખ ૨૯/૧૨/૨૦૧૩ સુધી સતીષ વાઘવાણી અને પારૂલ વચ્ચે આ કેસની એફ. આઈ. આર. દાખલ થતા પહેલા અને પછી ૯૬ કોલ્સ/ એસ. એમ. એસ. થયેલ છે. ત્યારબાદ તારીખ–૨૦/૧૨/૨૦૧૩ થી તારીખ–૨૬/૧૨/૨૦૧૩ સુધી સતીષ વાઘવાણી અને રાજુ ચાંડક વચ્ચે ૨૪ કોલ્સ/ એસ. એમ. એસ. થયેલ છે. ત્યારબાદ તારીખ–૦૪/૧૧/૨૦૧૩ થી તારીખ–૨૬/૧૨/૨૦૧૩ સુધી સતીષ વાઘવાણી અને અમૃત પ્રજાપતિ વચ્ચે ૧૦ કોલ્સ/ એસ. એમ. એસ. થયેલ છે. ત્યારબાદ તારીખ–૦૭/૧૦/૨૦૧૩ થી તારીખ– ૧૮/૧૨/૨૦૧૩ સુધી સતીષ વાઘવાણી

અને દેવેન્દ્ર પ્રજાપતિ વચ્ચે ૧૬ વખત કોલ અને એસ. એમ. એસ. થયેલ છે. તેમજ તારીખ– ૧૭/૦૯/૨૦૧૩ ના રોજ સતીષ વાધવાણી અને વિમલેશ ઠકકર વચ્ચે વીસ મીનીટ જેટલી વાતચીત થયેલ છે.

**(૩૯)** ત્યારબાદ વિ.વ.શ્રી ગુપ્તાનાઓએ જણાવેલ છે કે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૩) તરીકે તપાસવામાં આવેલ સેજલ બસવરાજ તલ્લોલી અને સતીષ વાધવાણી વચ્ચે તા.૨૫/૧૨/૨૦૧૩ થી તારીખ– ૩૧/૧૨/૨૦૧૩ સુધી ૬૫ કોલ્સ/એસ.એમ.એસ. થયેલ છે. તેમજ સતીષ વાધવાણી અને સેજલ વચ્ચે ઈન્દોર આવી જાવ તે સંદર્ભે ફસ્ટ કોલ રેકોડીંગ આશરે ૨૫૫ સેકન્ડ સુધીનું છે. આમ આશ્રમ છોડયા બાદ પણ ષડયંત્રકારીઓ એકબીજાના સંપર્કમાં હોવાનું પુરવાર થાય છે અને ફરીયાદણ યાને ભોગબનનારની એકપણ ઈવેન્ટ પુરવાર થતી નથી અને ફરીયાદણની જુબાનીમાં ઈમ્પ્રુમેન્ટ તથા સેલ્ફ કોન્ટ્રાડીકસન જોવા મળે છે. તેમજ ફરીયાદપક્ષના એક સાહેદની હકીકતને બીજા સાહેદ થકી પણ સમર્થન પ્રાપ્ત થતુ નથી. ઉલટાનું બચાવપક્ષે circumstantial evidence ની ચેઈન પુરવાર કરેલ છે અને સદર કામે રજુ થયેલ તમામ કોલ ડીટેલ્સ બધા ષડયંત્રકારીઓને connect કરે છે અને સદર કેસની એફ. આઈ. આર. ફાઈલ થતા પહેલા ષડયંત્રકારીઓ એકબીજાના સંપર્કમાં હોવાનું અને ફરીયાદ દાખલ કરતા પહેલા ચાર – પાંચ દિવસ અગાઉ ફરીયાદણ તથા અન્ય સાહેદો ઈન્દોર ગયેલ હોવાનું રેકર્ડ પર આવેલ હોવા છતાં સદર હકીકત છુપાવવાનો પ્રયત્ન કરેલ છે.

**(૪૦)** બચાવપક્ષના વિ. વ. શ્રી ગુપ્તાનાઓએ એવી પણ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૧) થી તપાસવામાં આવેલા ઈશ્વર નાયક નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૯) માં તેઓ

નીવેદન આપતા અગાઉ રાજુ ચાંડક, અમૃત વૈદ્ય(પ્રજાપતિ) તથા મહેન્દ્ર ચાવલાઓને ઓળખતા હોવાનું તેમજ તેઓ સાથે બે –ત્રણ વખત ટેલીફોન ઉપર વાતચીત થયેલાનું કબુલેલ છે. તેવી જ રીતે ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૪) માં તેણીએ ફરીયાદ આપ્યા બાદ ઘણી જગ્યાએ ન્યુઝ/મીડીયામાં ઈન્ટરવ્યુ આપેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૮) થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગબનનારના પતિ તુષારભાઈ વૈશ્ય નાઓએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૧) માં તેઓની પત્નીએ ટી.વી. ન્યુઝમાં ઘણા ઈન્ટરવ્યુ આપેલ હોવાનું જણાવેલ છે. આમ મીડીયાવાળા પણ કાવતરાખોરોને સમર્થન કરતા હોવાનું અને ઈન્વેસ્ટીંગેશન ટીમ પર દબાણ ઉભુ કરતા હોવાનું તેમજ ઈન્ટરવ્યુ આપવાના પણ પૈસા આપતા હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૨) થી મહેન્દ્રસિંહ ચાવલાનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૦) માં વિક્રમ અને દુર્ગાને મળેલ હોવાનું તથા વિણા ચૌહાણને દિલ્હીમાં મળેલ હોવાનું તેઓને યાદ નહી હોવાનું જણાવેલ છે. તેમજ રાજેશ સોલંકી કે જેઓએ આશારામ બાપુ તથા નારાયણસાંઈ વિરૂધ્ધ તેઓની પત્નીને ગોંધી રાખ્યા અંગેની કાલુપુર પોલીસ સ્ટેશન માં ફરીયાદ કરે છે. તેની સાથે મહેન્દ્ર ચાવલા તથા અવીન વર્મા પ્રેસ કોન્ફરસ કરે છે.

**(૪૧)** બચાવપક્ષના વિ.વ.શ્રીએ સદર કામે (૧) આંક–૭૦૧ થી રજુ થયેલ દસ્તાવેજ સંદર્ભે જણાવેલ છે કે, બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડનાઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તા.૧૬/૧૨/૨૦૧૦ ના રોજ ફાઈલ કરેલ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૧૫૯૨૦/૨૦૧૦ ની સર્ટીફાઈડ નકલ છે. (૨) આંક–૭૦૨ થી ડૉ. કે. ડી. પટેલ નાઓએ નામદાર મેટ્રોપોલીટન કોર્ટ, અમદાવાદ

ખાતે બચાવપક્ષના સાહેદ નં. (૨) વિક્રમ રાઠોડનાઓએ કરેલ સ્ટીંગ ઓપરેશન અંગે ફાઈલ કરેલ ફરીયાદ/ક્રિમીનલ પરચુરણ અરજી નંબર ૫૬/૧૦ ની સર્ટીફાઈડ નકલ હોવાનું જણાવેલ છે. (૩) આંક– ૭૦૩, બચાવપક્ષના સાહેદ નં. (૨) વિક્રમ રાઠોડનાઓએ રીગલ હોટલ ખાતે સને–૨૦૦૮ માં રાજુ ચાંડકનું જે સ્ટીંગ ઓપરેશન કરેલ તેની ઓરીજનલ વિડીયો અંગેની ડી. વી. ડી. હોવાનું જણાવેલ છે. (૪) આંક–૭૦૪, રીગલ હોટલ થી ઈન્ડીયા ગેટ સુધીનું ઓરીજનલ વિડીયો રેકોડીંગની ડી.વી.ડી. હોવાનું જણાવેલ છે. (૫) આંક– ૭૦૫, દિનેશ અને અમૃત પ્રજાપતિ વચ્ચે વિક્રમ રાઠોડના ફોનમાં ખોટી ફરીયાદ કરવા સંદર્ભે થયેલ રેકોડીંગની સીડી હોવાનું જણાવેલ છે. (૬) આંક–૭૦૬, તે આંક–૭૦૫ ની ટ્રાન્સક્રિપ્ટ હોવાનું જણાવેલ છે. અને આ ઉપરોકત આંક– ૭૦૩ થી ૭૦૫ સુધી રજુ થયેલ ડી. વી. ડી. તથા સી. ડી. ઓરીજીનલની બીજી કોપી હોવાનું અને ઓરીજીનલ ડી. કે. ત્રિવેદી કમિશનમાં રજુ કરવામાં આવેલ હોવાનું તેમજ તેના ખરાપણા બાબતે ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી)(૪) મુજબનું સર્ટીફીકેટ આંક–૭૦૭ થી રજુ કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. (૭) આંક–૭૦૮ થી તા.૨૩/૦૭/૨૦૧૦ નો એડીટેડ સીડી તે ઓરીજીનલ ડી. વી. ડી.નો ભાગ હોવા લગતનો એફ. એસ. એલ.,ગાંધીનગરનો રીપોર્ટ હોવાનું જણાવેલ છે. (૮) આંક– ૭૦૯ થી ઓરીજીનલ ડી. વી. ડી. માં જે ડેટા છે તે અને હાર્ડ ડીસ્કમાં જે ડેટા છે તે બંને સરખા હોવા અંગેનું તેમજ ડી. વી. ડી. માં કોઈ સુધારો કરવામાં આવેલ નહી હોવા અંગેની તારીખ–૨૮/૦૨/૨૦૧૧ નો એફ. એસ. એલ.,ગાંધીનગરનો રીપોર્ટ હોવાનું તેમજ તે એફ. એસ. એલ.નો એકસપર્ટ રીપોર્ટ હોવાનું જણાવેલ છે. વધુમાં બચાવપક્ષના સાહેદ નં. (૨) વિક્રમ રાઠોડનાઓએ જે સ્ટીંગ ઓપરેશન કરેલ તે લગત જે ડી. વી. ડી અને સી. ડી. જે ડી. કે. ત્રિવેદી કમીશનમાં રજુ કરવામાં આવેલ અને કમિશને તે એફ. એસ. એલ. ગાંધીનગરમાં મોકલાવેલ

અને તે બંને એફ.એસ.એલ. નાં રીપોર્ટ હોવાનું જણાવવામાં આવેલ છે. (૯) આંક–૭૧૩ એ ર્ડા. કે. ડી. પટેલ નાઓએ સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમ ગાંધીનગરને કરેલ ફરીયાદની સર્ટીફાઈડ નકલ હોવાનું જણાવેલ છે. (૧૦) આંક–૭૧૭ તે બચાવપક્ષના સાહેદ નં. (૩) સેજલબેન અને તેમના પતિએ કતાર ગામ પોલીસ સ્ટેશનમાં સને–૨૦૧૩ માં આપેલ ખોટી અરજી કે જે સેજલબેનના હસ્તાક્ષરમાં છે અને તેમાં કતારગામ પોલીસ સ્ટેશનના પી. એસ. ઓ. એ રીસીવ કર્યા બદલની તેમાં સહી કરેલ નકલ હોવાનું જણાવવામાં આવેલ છે.(૧૧)આંક–૭૧૮ બચાવપક્ષના સાહેદ નં. (૩) સેજલબેન અને તેમના પતિએ કરેલ Telephonic conversation ની તારીખ–૨૫/૧૨/૨૦૧૩ સતીષ અને વાસુ વચ્ચેનું Telephonic conversation, અન્નપુર્ણા મંદીરમાં સતીષ– વાસુ તેમજ સેજલનું તા.૨૯/૧૨/૨૦૧૩ નું ઓડીયો રેકોડીંગ કરેલ તે તથા રાજપુરોહીત હોટલમાં રાજુ ચાંડક અને સતીષ વચ્ચેનું રેકોર્ડીંગ તેમજ વાસુ અને સતીષ વાધવાણી વચ્ચે તારીખ ૧૦/૦૧/૨૦૧૪ ના રોજ થયેલ વાતચીતની ઓડીયો સી. ડી. હોવાનું તેમજ તેના ઓથર સાહેદ નં.(૩) સેજલબેન પોતે જ હોવાનું અને તે સંદર્ભે આંક–૭૨૩ થી ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. (૧૨) આંક–૭૧૯ સતીષ વાધવાણી અને વાસુ વચ્ચે થયેલ સંવાદની ઓડીયો ટ્રાન્સક્રિપ્ટની નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. (૧૩) આંક–૭૨૦, સતીષ – વાસુ અને સેજલ વચ્ચે અન્નપુર્ણા મંદીરમાં તા.૨૯/૧૨/૨૦૧૩ ના રોજ ડ્રગ્સ/અફીણ અંગેની તથા કોલગર્લ્સ મોકલવા અંગેની વાતચીતની ઓડીયો ટ્રાન્સક્રિપ્ટની નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. (૧૪) આંક–૭૨૧, સતીષ વાધવાણી અને રાજુ ચાંડક વચ્ચે વાસુના મોબાઈલમાં થયેલ રેકોર્ડીંગની ટ્રાન્સક્રીપ્ટ હોવાનું જણાવેલ છે. (૧૫) આંક–૭૨૨, વાસુ અને સતીષ વાધવાણી વચ્ચે સ્પીકર ચાલુ રાખીને સાંભળતા સંવાદ કે જેમાં જીતુ સોનીનો

રેફરન્સ હોવાના સંવાદની ટ્રાન્સક્રિપ્ટ હોવાનું જણાવેલ છે. (૧૬) આંક–૭૨૩ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫ (બી) અંગેનું સર્ટીફીકેટ હોવા અંગેનું અને તેના ઓથર બચાવપક્ષના સાહેદ નં.(૩) સેજલબેન પોતે જ હોવાનું જણાવવામાં આવેલ છે. (૧૭) આંક– ૭૫૦ તે ફરીયાદણ યાને ભોગ બનનારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સી. આર. પી. સી કલમ : ૧૬૪ મુજબના બીજા વખતના નિવેદન સંદર્ભે ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદનાઓએ કરેલ હુકમ વિરૂધ્ધ તૈયાર કરેલ પીટીશનની નકલ હોવાનું જણાવવામાં આવેલ છે અને સદર દસ્તાવેજ સાબીત કરવા માટે બચાવપક્ષ તરફથી બચાવપક્ષના સાહેદ નં.(૭) તરીકે એડવોકેટ હરીશ રાજપુતનાઓને તપાસવામાં આવેલા છે. તેમાં તેઓએ તેમના સહી –સિકકા ઓળખી બતાવેલ છે અને તારીખ– ૨૬/૧૨/૨૦૧૪ ના રજીસ્ટરમાં એન્ટ્રી થયેલ હોવાનું અને ફરીયાદણ યાને ભોગ બનનારનો ફોટો અને સહી હોવાનું અને છેલ્લા પેજ ઉપર આઈડેન્ટીફાઈ કરેલ હોવાનું અને ફરીયાદપક્ષ તરફથી સદર સાહેદની ઉલટતપાસમાં કોઈ પ્રશ્નો પુછવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે. (૧૮) આંક–૭૫૩ ફરીયાદણના (૧) જમ્મુ (૨) લુધીયાણા (૩) જલંધરના સત્સંગની ડી.વી.ડી. હોવાનું તથા આંક– ૭૫૪ ફરીયાદણના હોશીયાપુરના સત્સંગની સી.ડી. હોવાનું અને ફરીયાદણની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૦૬) તથા (૧૦૭) માં તે તેણીનું જ વ્યાખ્યાન/પ્રવચન/ભજન હોવાનું એડમીટ કરેલ છે. તેમજ બચાવપક્ષના સાહેદ નં.(૮) દીપકભાઈ ભાટીનાઓએ પણ પોતે સને–૨૦૦૬ માં આ રેકોર્ડીગ કરેલ હોવાનું અને ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫ (બી) મુજબનું સર્ટીફીકેટ આપેલ હોવાનું જણાવેલ છે. (૧૯) આંક– ૭૫૫ તથા આંક – ૭૫૬ તે ઉપરોકત આંક– ૭૫૩ ની ડી. વી. ડી. તથા આંક–૭૫૪ ની સી. ડી. ની ટ્રાન્સક્રિપ્ટ હોવાનું અને તે બચાવપક્ષના સાહેદ નં. (૮) દિપકભાઈ ભાટીનાઓએ પોતે બનાવેલ હોવાનું

અને ફરીયાદણએ તે એડમીટ કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આંક–૭૬૫ મહેન્દ્ર ચાવલાનાઓએ આરોપી નં.(૧) આશારામના પુત્ર નારાયણ સાંઈ વિરૂધ્ધ કોરા કાગળમાં સહી લીધા અંગે કરેલ ફરીયાદની મરાઠીમાં 'બી' સમરી ફાઈલ કરેલ તેના હીન્દી અનુવાદની નોટરાઈઝ નકલ હોવાનું તેમજ બચાવપક્ષના સાહેદ નં.(૯) યુસુફભાઈ રમઝાન બાગવાન નાઓએ કોર્ટમાં તેઓની સહીથી સમરી ફાઈલ કરવામાં આવેલ હોવાનું અને તેનું મરાઠીમાંથી હીન્દીમાં ટ્રાન્સલેટ કરવામાં આવેલ અને તે ખરુ અને બરાબર હોવા અંગેનું તેમાં સિકકો મારવામાં આવેલ છે. (૨૦) આંક– ૭૭૬ થી સતીષ વાધવાણીના કોલ્સ ડીટેલ્સ રીપોર્ટ (મોબાઈલ નં. ૯૩૦૩૦૪૦૦૦૮) ની નકલ (૨૧) આંક– ૭૭૭ બચાવપક્ષના સાહેદ નં.(૧૧) તરફથી ઈસ્યુ થયેલ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર હોવાનું જણાવવામાં આવેલ છે. (૨૨) આંક– ૭૭૮, દેવેન્દ્ર પ્રજાપતિના કોલ્સ ડીટેલ્સ રીપોર્ટ (મોબાઈલ નંબર–૯૩૧૩૫૭૬૧૫૦) અને દેવેન્દ્ર પ્રજાપતિએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓનો મોબાઈલ નંબર –૯૩૧૩૫૭૬૧ ૫૦ સ્વીકારેલ હોવાનું જણાવેલ છે. (૨૩) આંક– ૭૮૩, જીતુ સોનીના ચાર્જશીટની સર્ટીફાઈડ કોપી તથા તેની વિરૂધ્ધ દાખલ થયેલ અન્ય બીજા ૫૦ થી ૫૫ ગુનાઓનું લીસ્ટ પણ સામેલ હોવાનું, તેમજ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) અંગેનું સર્ટીફીકેટ પણ આપવામાં આવેલ હોવાનું અને જીતુ સોની પણ એક ષડયંત્રકાર હોવાનું જણાવવામાં આવેલ છે. (૨૪) આંક– ૭૮૪ તથા આંક– ૭૮૫ આરોપી નં.(૬) ધ્રુવબેન દવારા લાજપોર જેલ, સુરત તથા સેન્ટ્રલજેલ, જોધપુરમાં નારાયણસાંઈ તથા આશારામ બાપુનાઓને જાનકીબેન નારાયણસાંઈ મળવા ગયેલ તે અંગેની જેલ સત્તાવાળા તરફથી આપવામાં આવેલ માહીતીની નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. આંક– ૭૮૬, દિપેશ અને અભિષેકના અપમૃત્યુ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં

આવેલ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીશન નંબર– ૭૭૦/૨૦૦૯ ની પીટીશનની નકલ તથા સદર પીટીશન સંદર્ભે સી. આઈ. ડી ક્રાઈમે નામદાર હાઈકોર્ટમાં જે જવાબ રજુ કર્યા તે જવાબની કોપી સહીતની નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. (૨૫) આંક– ૭૮૭ ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનાઓએ ટ્રસ્ટી પદેથી રાજીનામુ આપવા સંદર્ભે આશ્રમને લખેલ પત્રની ચેરીટી કમીશ્નરની કચેરીમાંથી મેળવવામાં આવેલ નકલ તથા આંક–૭૮૮ તે રાજીનામા લગત ટ્રસ્ટી મંડળની બેઠકમાં થયેલ ઠરાવ તથા આંક– ૭૮૯ થી ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનાઓએ કરેલ એફીડેવીટની નકલ પણ સાથે હોવાનું જણાવવામાં આવેલ છે તથા આંક– ૭૯૦ ભારતીબેન નાયકનાઓએ મહીલા આશ્રમના ટ્રસ્ટી તરીકે હતા તે લગતનો ફેરફાર રીપોર્ટ તથા આંક–૧ લગત કરેલ હુકમની સર્ટીફાઈડ નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. (૨૬) આંક–૮૨૩, JMFC કોર્ટ, ગાંધીનગરમાં ડૉ. (વૈદ્ય) વંદનાબેનનાઓએ મહેન્દ્ર ચાવલા વિરૂધ્ધ દાખલ કરેલ ફરીયાદ(ક્રિમીનલ ઈન્કવાયરી નંબર–૧/૨૦૧૪) ની સર્ટીફાઈડ નકલ હોવાનું જણાવવામાં આવેલ છે. વધુમાં બચાવપક્ષ તરફે આ સંદર્ભે 1989 (1) GLH Page No. 82 (Head Note -B) ના જજમેન્ટ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**(૪૨)** વધુમાં બચાવપક્ષ તરફથી ફરીયાદપક્ષે રજુ કરેલ તમામ કાયદાકીય ઓથોરીટીઓઝ હાલના કેસમાં એપ્લીકેબલ થતી નહી હોવાનું તેમજ તે કેસો તથા હાલના કેસની હકીકતમાં કોઈ similarity જણાતી નહી હોવાનું જણાવેલ છે.

**(૪૩)** બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી સી.બી. ગુપ્તાનાઓએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, જો કોઈ કેસમાં મૃતકની ડેડબોડી જ ન મળે તો કેસ કેવી રીતે પુરવાર કરી શકે ?. હાલના કેસમાં પણ તેવી જ પરીસ્થિતી હોવાનું તેઓશ્રીએ જણાવેલ

છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૫) તરીકે રાકેશ જયંતિલાલ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ સને–૧૯૯૭ થી આશારામના આશ્રમમાં સમર્પિત થયેલ છે. તેઓ મુળ સુરતના રહેવાસી છે. તેઓ જાન્યુઆરી–૧૯૯૭ થી વિડીયોગ્રાફર તરીકે સેવા આપતા હોઈ તેઓને સને–૧૯૯૬ ના જન્માષ્ટમી લગત બનેલ બનાવની કેવી રીતે ખબર હોય ?. ફરીયાદપક્ષના સાહેદ નં.(૪૫) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈનાઓ પણ સને– ૧૯૯૧ થી આશ્રમમાં સમર્પિત થયેલ અને તે પણ સુરતના રહેવાસી છે. વધુમાં બચાવપક્ષ તર્ફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ગીતાબેન હીરપરાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૧) માં જણાવેલ છે કે જન્માષ્ટમીનો એક વર્ષનો પ્રોગ્રામ સુરત આશ્રમ ખાતે થયેલ ન હતો, તે વર્ષ આશરે –૧૯૯૬ નું હોવાનું જણાવેલ છે. આમ સને–૧૯૯૬ માં ભવિષ્યમાં એટલે કે ૨૦૧૩ માં આરોપી નં.(૧) આશારામ બાપુનાઓને તેમની વિરૂધ્ધ ફરીયાદ દાખલ થવાની છે તેની કેવી રીતે ખબર પડે. વધુમાં બચાવપક્ષ તરફથી રાજકોટ મુકામેથી પ્રસિધ્ધ થતા ''સાંજ સમાચાર'' દૈનિક વર્તમાનપત્રની તારીખ –૦૩/૦૯/૧૯૯૬ તથા તારીખ – ૦૪/૦૯/૧૯૯૬ ના ઓરીજીનલ ન્યુઝ પેપર્સની નકલો રજુ કરવામાં આવેલ છે અને જણાવવા આવે છે કે, સદર ન્યુઝ પેપર્સથી વધારે શું પુરાવો જોઈએ ?. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં. (૧૮૪) માં પી.એસ.આઈ. જાડેજા રૂબરૂ સાહેદ પ્રેમજીભાઈનું નિવેદન લેવામાં આવેલ અને તેઓએ તેમના નીવેદનમાં સને–૧૯૯૬ માં અને સને– ૨૦૦૦ ના વર્ષમાં રેસક્રોસ ગ્રાઉન્ડ ખાતે આશારામ બાપુનો પ્રોગ્રામ હોવાનું જણાવેલ છે. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ

દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૮૪) માં કબુલ કરેલ છે કે તેઓએ ચાર્જશીટ સાથે સીલબંધ કવરમાં કેસ ડાયરી રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૩૫) માં તેણીના ધોરણ–૮, ૯ તથા ૧૦ સંદર્ભે આરોપી વિરૂઘ્ઘ પ્રેઝયુડાઈઝ ઉભો કરવા ખોટી હકીકત જણાવેલ છે. આમ ફરીયાદપક્ષના કેસની પાયાની હકીકત જ પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૩) થી તપાસવામાં આવેલ સાહેદ જીગ્નેશભાઈ પટેલનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૪) માં જણાવેલ છે કે તેઓએ શાંતિવાટીકામાં મહિલા આશ્રમની મહીલા કે અન્ય કોઈ મહીલાઓને આશ્રમના સંચાલીકા સાથે રાત્રીના કે દિવસના સમયે જતા આવતા જોયેલ નહી. વધુમાં સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૬) માં કબુલ કરેલ છે કે, શાંતિવાટીકામાં બાપુ જયારે કોઈ મહીલા સાધકને બોલાવતા ત્યારે મંડપમાં જ ભેગા થવાનું કહેતા. તેમજ ઉલટતપાસના પેરા નં.(૩૭) વંચાણે લેતાં આરોપી નં.(૧) આશારામ બાપુ શાંતીવાટીકાના મંડપમાં મહીલાઓને મળતા હોવાનું ફલીત થાય છે નહી કે શાંતીવાટીકામાં. સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૦) માં જણાવેલ છે કે, બહારગામથી આવતી મહીલા સાધકો કે જેમને બાપુ પાસે જવાનું હોય કે મળવાનું હોય તો તેમને મહીલા આશ્રમના મહીલા સાધક લઈને જતા હતા. બચાવપક્ષના વિ.વ.શ્રીએ સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૪૧) તરફ અત્ર ેની અદાલતનું ઘ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૪૧)માં શાંતીવાટીકા શબ્દ લખાયેલ છે, ખરેખર શાંતીવાટીકા નહી પરંતુ તે શાંતીકુટીયા છે. સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૨૯) માં જણાવેલ છે કે, લક્ષ્મીબેનનું મકાન લાલવાણી ફાર્મમાં આવેલ છે અને તે ફાર્મ શાંતિવાટીકાથી એકાદ કી.મી.ના અંતરે છે. આમ ફરીયાદપક્ષ તર્ફે આરોપી નં.(૩)

લક્ષ્મીબેન મહીલા આશ્રમમાં રહેતા હોવા અંગેના કોઈ જ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૬) થી તપાસવામાં આવેલ રાજુ ચાંડકનાઓએ તેઓની સરતપાસના પેરા નં. – (૪) માં જણાવેલ છે કે આશારામ બાપુના પત્ની પહેલા વાસણા ત્યારબાદ ચાંદખેડા અને પછી મહીલા આશ્રમ ખાતે રહેતા હતા. પરંતુ આશારામના પત્ની લક્ષ્મીબેન કયા વર્ષમાં અને કયાં સુધી મહીલા આશ્રમમાં રહયા તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૩) થી તપાસવામાં આવેલ જાનકીબેન ઉર્ફે શીલ્પીબેનનાઓએ પણ આરોપી નં.(૩) લક્ષ્મીબેન શાંતી વાટીકા(આક્ષેપવાળી જગ્યા)માં રહેતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદોએ પ્રજ્ઞેશ ઉર્ફે લાલો સને–૨૦૦૨ સુધી આરોપી નં.(૧) આશારામના રસોઈયા તરીકે સેવા આપતો હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષના સાહેદ નં.(૨૬) થી રાજુ ચાંડકનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૨) માં જણાવેલ છે કે, તેઓએ સને–૨૦૦૨ના ઓગષ્ટ મહીનામાં આશ્રમ છોડેલો. આમ તેઓને ઓગષ્ટ–૨૦૧૨ નાં બનાવની કેવી રીતે ખબર હોય ?. વધુમાં બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૩) તરીકે તપાસવામાં આવેલ સેજલબેન બસવરાજ તલ્લોલીનાઓની સરતપાસના પેરા નં.(૩) માં જણાવેલ છે કે, આ સમયે સતીષ વાઘવાણીનાઓએ મારા પતિ વાસુનાઓને કહેલુ કે તુ હાલમાં જ આશ્રમમાંથી આવેલ છે, તો આશ્રમમાં કોલગર્લ્સ મોકલાવી દઈએ અને આશ્રમવાસીઓના તેની સાથે વિડીયો લેવડાવી દઈએ અને તે આપણે મીડીયામાં આપી તેઓ વિરૂઘ્ધ કેસ બનાવી દઈએ. વધુમાં અખીલ ગુપ્તાનાઓએ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના તેના નિવેદનમાં જુન – ૨૦૦૧ થી રસોઈયો હોવા અંગેની વાત જણાવેલ છે. આમ અખીલ સને–૨૦૦૧ ના ગુરૂપુર્ણિમા વખતે દસ છોકરીઓને વકતા બનાવવા

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

માટે શાંતીવાટીકામાં લાવવામાં આવી ત્યારે તે રસોઈયા તરીકે હતો કે કેમ? તે સંદર્ભે તથા રૂપિયા દસ લાખની ઓફર વિશે કંઈ જ જણાવતો નથી. ખરી રીતે તો એફ.આઈ.આર. મુજબ અખીલ આરોપી હતો તે વખતે તે સંજોગોમાં રૂપિયા આપવાનો સવાલ જ કયાથી ઉભો થાય ?. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૧)થી તપાસવામાં આવેલ સાહેદણ વર્ષાબેન ગુપ્તાનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૨) માં જણાવેલ છે કે, '' તેણી મહીલા આશ્રમ સીવાય શાંતીવાટીકામાં રહેતી હતી એટલે શાંતીવાટીકામાં છોકરીઓને રાખવામાં આવે છે. ફરીયાદણ યાને ભોગ બનનારે તેણી શાંતીવાટીકામાં રહેતી હોવાનું જણાવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ચાર્જશીટમાં દર્શાવેલ સાહેદ નં.(૫૫) પુજાબેનને ડ્રોપ કરેલ છે અને આંક– ૬૭૭ વાળી પુરસીસમાં તેઓ આશ્રમમાં સમર્પિત હોઈ ડ્રોપ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ નીશાંત જાદવાણીનાઓએ ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૮) માં તેઓ સને–૨૦૦૪ થી ૨૦૧૯ સુધી આશ્રમમાં સમર્પિત હોવાનું તેમજ પેરા નં.(૩૬) માં તેઓએ ભારતીબેનને આશ્રમમાં જોયેલ નહી હોવાનું જણાવેલ છે. સાહેદણ વર્ષાબેનનાઓએ તેઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૧) માં કબુલેલ છે કે, તેઓના અખીલ સાથે લગ્ન થયા બાદ આશારામજીના આર્શીવાદ લેવા માટે દિલ્હી કે જયાં તેમનો સત્સંગ ચાલતો હતો ત્યાં ગયેલા. બચાવપક્ષ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અમૃત પ્રજાપતિએ તેઓના મરણોન્મુખ નિવેદનમાં નિર્દોષ લોકોને ફસાવવાની દાનતથી છ ઈસમોના નામ ખોટા લખાવેલ છે. અમૃત પ્રજાપતિ વર્ષો સુધી આશ્રમમાં રહેલ છે તેથી તેઓને આશ્રમમાં ચાલતી પ્રવૃતિઓની ખબર હોય છતાં સરોજબેન સાથે લગ્ન કરે ?. તે હકીકત પણ માની શકાય તેમ નથી. વધુમાં અમૃત પ્રજાપતિના મર્ડર

કેસમાં હાલના એકપણ આરોપી, તે કેસના આરોપીઓ નથી. અખીલ ગુપ્તાના કેસનું સી.બી.આઈ.એ ઈન્વેસ્ટીગેશન કરેલ છે અને સી. બી. આઈ. દવારા મુઝફફરનગર કોર્ટમાં, ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે. આમ હાલના કેસના એકપણ આરોપી અખીલ ગુપ્તાના મર્ડર કેસમાં પણ આરોપી તરીકે નથી. વધુમાં બચાવપક્ષ તરફે આંક– ૭૯૨ થી સુરત આશ્રમના ભદ્રેશભાઈ મનહરભાઈ પટેલનાઓ તરફથી સુરત શહેરના પોલીસ કમિશનરને ડી. સી. પી. શોભા ભુતડાને આપેલ ધમકી અંગે યોગ્ય પગલા ભરવા તેમજ તેવા અસામાજીક તત્વો સાથે આશ્રમને કોઈ સંબંધ નથી તે અંગેનો પત્ર પણ લખવામાં આવેલ. એટલુ જ નહી ખુદ આરોપી નં–(૧) આશારામ બાપુએ તારીખ– ૧૯/૦૯/૨૦૧૩ ના રોજ સાધકોને શાંતી રાખવાની અપીલ કરતો પત્ર પણ લખેલો. વધુમાં બચાવપક્ષ તરફથી ફરીયાદણના પતિને સુરત શહેરના જે તે વખતના પોલીસ કમિશનર રાકેશ આસ્થાનાઓએ સવજીભાઈ હીરાવાળા થકી નોકરી તેમજ ભાડાનું મકાન અપાવેલુ તે રીહેબીલેશનના એક ભાગ તરીકેનું હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ પોલીસ કમીશ્નરને છાવરવા માટે સદર હકીકત જણાવવામાં આવેલ છે. ખરેખર તો કાયદેસરની પ્રક્રિયા કરીને જ રીહેબીલેશન આપી શકાય. વધુમાં ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેનાઓની ઈન્ટ્રોગેશન કરવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષ તરફથી તેઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમાં તારીખ–૧૩/૦૧/૨૦૧૪ ના રોજ આ સાહેદોના બ્રેઈનમેપીંગ અને લાઈવ ડીટેકશન ટેસ્ટની અરજીમાં તેઓ સાચુ નથી કહી રહયા તેવુ પણ દર્શાવવામાં આવેલ નથી. આ કામના તપાસનીશ અધિકારીની બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૯૨) માં જણાવવામાં આવેલ છે કે ટીનાબેન અને ઉમાબેનનાઓએ તપાસમાં શું વિગત જણાવી તે નામદાર કોર્ટમાં જાહેર ન થાય તે નિર્ણય સીટના સંયુકત સભ્યનો હોવાનું તેમજ પેરા નં. (૧૯૩) માં

તપાસનીશ અધિકારીએ જણાવેલ છે કે, ટીનાબેનની પુછપરછ અને નિવેદનમાં આક્ષેપીત દુષ્કર્મની ઘટનાને સમર્થન પ્રાપ્ત થયેલ નહી. આમ સદર હકીકત હોવા છતાં તપાસનીશ અધિકારીએ સદર સાહેદો વિરૂધ્ધ ગુનો નોંધી કોઈ કાયદેસરની પ્રક્રિયા પણ કરેલ નથી. ખરેખર તો ટીના એકયુપ્રેસરને ખબર જ નથી કારણ કે તે ફરીયાદણ યાને ભોગ બનનારની સાથે કોઈ જગ્યાએ ગઈ જ ન હતી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ વિરૂધ્ધમાં Adverse inference drawn દોરવુ જોઈએ તેમ જણાવવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારે પ્રથમ બળાત્કાર કરવામાં આવ્યો કે મુખમૈથુન કરવામાં આવ્યુ. તે સંબંધે ખુદ તેણી પોતે જ વિરોધાભાષી હકીકતો જણાવી રહયા છે. વધુમાં તપાસનીશ અધિકારીએ અખીલ ગુપ્તાનાઓને આરોપીમાંથી સાક્ષી બનાવવા માટે નામદાર કોર્ટની કોઈ પરવાનગી લીધેલ નથી. આમ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક અરજ કરેલ છે.

## (૨૩) <u>આરોપી નં.(૨) તર્ફે વિ.વ.શ્રી એસ.વી. ઠકકરનાઓની લેખીત દલીલોનો ટુંકસાર તથા મૌખીક દલીલો :-</u>

આરોપી નં.(૨) તર્ફે **આંક-૮૯૮** થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે, તેમજ મૌખીક દલીલો પણ કરવામાં આવેલ છે. જેનો ટુંકસાર નીચે મુજબ છે.

**(૧)** આરોપી નં.(૨) ના વિ.વ.શ્રી એસ. વી. ઠકકર નાઓએ મારી સમક્ષ એવી ભારપુર્વક રજુઆત કરેલ છે કે, આરોપીઓ વિરૂધ્ધ આંક-૯૬ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. પરંતુ ઉપયુકત ચર્ચા અન્વયે ફરીયાદપક્ષ સને-૧૯૯૬ ના જન્માષ્ટમી તથા સને-૧૯૯૭ ના હોળીના

તહેવાર દરમ્યાનની હકીકતો સાબીત કરી શકેલ નથી. તેમજ તે સમયે આરોપી નં.(૨) ભારતીબેન હાજર હોવાનો ફરીયાદપક્ષનો કેસ પણ જ નથી. વધુમાં સને–૨૦૦૧ ના કહેવાતા બનાવની સને–૨૦૧૩ માં એટલે કે આશરે ૧૨ વર્ષ બાદ લેઈટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને મોડી ફરીયાદ અંગે ફરીયાદપક્ષ દવારા કોઈ Plausible explanation કરવામાં આવેલ નથી. આમ બાર વર્ષનો પીરીયડ ઈગ્નોર કરી શકાય નહી. તેમજ આરોપીઓ વચ્ચે કોઈ મીટીંગ ઓફ માઈન્ડ થયેલ નથી અને તે સંદર્ભેનો કોઈ પુરાવો પણ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧ ૨૮) માં કબુલેલ છે કે સને – ૧૯૯૬ માં ફરીયાદણ સુરત ખાતે જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન ગયેલ હોય તે ફરીયાદણના શબ્દો સીવાય મારી તપાસમાં અન્ય કોઈ પુરાવો મળી આવેલ નહી. વધુમાં સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૧૯૭)માં જણાવવામાં આવેલ છે કે સને–૧૯૯૬ના અરસામાં આરોપી ભારતીબેન જહાંગીરપુરા આશ્રમ તથા સને–૧૯૯૭ ની હોળીની શીબીરમાં ગયેલ હોય તેવો કોઈ પુરાવો ફલીત થતો નથી. તેમજ ફરીયાદણની માતા અમદાવાદ આશ્રમમાં ફરીયાદણને લેવા આવેલ હોય ત્યારે આરોપી નં.(૨) નાએ તેણીને રોકવા સંબંધે કોઈ કૃત્ય કરેલ હોય તેવુ પણ ચાર્જશીટના કાગળોથી ફલીત થતુ નથી. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનાર તથા તેની બહેન પારૂલબેનનાઓ આરોપી નં.(૧) આશારામ બાપુ તથા નારાયણસાંઈ વિગેરેનાઓને રાજકારણીયાઓ તથા પોલીસ સાથે સારા સંબંધો હોવાનું જણાવેલ છે. પરંતુ આ સંબંધો કયા વર્ષમાં હતા, કયા રાજકરણી અને પોલીસ અધિકારી સાથે સંપર્કો તથા સારા સંબંધો હતા વિગેરે કોઈ હકીકત ફરીયાદપક્ષ દવારા તેઓના સાહેદોની જુબાની થકી રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તેમજ

તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૯૭)માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારની એ મુજબની રજુઆત કે આરોપી મોટા માણસો અને અધિકારીઓ અને પોલીસ અધિકારીઓના સંપર્કવાળા છે તે આક્ષેપના સમર્થનમાં પણ ચાર્જશીટના કાગળો ધ્યાને લેતા કોઈ પુરાવાઓ મળી આવેલા નહી. ત્યારબાદ તપાસનીશ અધિકારી એ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૦૩) માં જણાવેલ છે કે, ફરીયાદણના પિતાને હીસ્ટેરીયા કે અન્ય કોઈ બિમારી હોય તેવી કોઈ વિગત દર્શાવતો દસ્તાવેજી પુરાવો ચાર્જશીટના કાગળો સાથે સામેલ રાખેલ નથી. વધુમાં તપાસનીશ અધિકારીની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૦૭) મા જણાવવામાં આવેલ છે કે, આરોપી ભારતીબેનના લગ્ન સને-૧૯૯૭ માં થઈ ગયેલ અને લગ્ન બાદ આરોપી ભારતીબેન તેમની સાસરીમાં થલતેજ રહેતા હતા અને સને-૨૦૦૫ સુધી આરોપી ભારતીબેન થલતેજ વિસ્તારમાં સાસરીમાં રહેતા હતા. તેવુ તપાસમાં ખુલેલ અને તે હકીકત આરોપીએ જણાવેલ હતી. તેમજ આરોપીએ આ મુજબની જણાવેલ હકીકત ખોટી છે તે દર્શાવતો કોઈ પુરાવો ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી. વધુમાં હાલના કેસના કોઈ આરોપીને બીજા આરોપી સાથે વાત થઈ હોય કે તેઓને મળ્યા હોય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. તેવી જ રીતે આંક-૯૬ થી આરોપીઓ વિરૂધ્ધ જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ તે તહોમતનામાના પેરા નં.(૨) માં કહેવાતો બનાવ વર્ષ-૨૦૦૧ ની સાલમાં ગુરુપુર્ણિમાના દિવસે તેમ દર્શાવવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષના કેસ મુજબ કહેવાતો બનાવ સને-૨૦૦૧ માં ગુરુપુર્ણિમાના દિવસે બનવા જ પામેલ નથી. આમ ફરીયાદપક્ષ દવારા ચાર્જ ઓલ્ટર કરવાની અરજી પણ આપવામાં આવેલ નથી.એટલુ જ નહી ચાર્જમાં ફરીયાદણ યાને ભોગ બનનારની સાથે અન્ય છોકરી

તેમ જણાવવામાં આવેલ છે. ખરેખર તો ફરીયાદપક્ષના કેસ મુજબનું કોઈ કૃત્ય કોઈની પણ સાથે બનેલ હોય તો તે માણસ તે દિવસને તો કયારેય ન ભુલી શકે હાલના કેસમાં તો ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની સરતપાસના પેરા નં. (૯) માં કહેવાતા બનાવનો સમય સાંજનો હોવાનું જણાવેલ છે. પરંતુ ફરીયાદપક્ષના કેસ મુજબ કહેવાતા બનાવનો સમય બપોરનો છે અને તપાસનીશ અધિકારી ડી. બી. રવિયા નાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૯૬) માં કબુલેલ છે કે, આક્ષેપીત દુષ્કર્મના સમય બાબતેની વિસંગતા જણાઈ આવેલ, જો કે આ વિસંગતા બાબતે તેઓએ ફરીયાદણના નીવેદનમાં તે અંગેનો ખુલાસો મેળવેલ નહી હોવાનું જણાવે છે. વધુમાં ટીનાને પરત લઈ જતી વખતે ફરીયાદણ યાને ભોગ બનનારને પણ તેણીને લઈ જવા કહેલ હોવાનું જણાવેલ છે. તેમજ ફરીયાદણની તેણીની સરતપાસના પેરા નં. (૧૦) માં તેણીને ગાડીમાં સાથે લઈ જાય તો આશ્રમનાં બીજા કોઈ જોઈ લે કે આને ગાડીમાં શાંતીવાટીકા લઈ ગયેલા તેથી તેણીને શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી દીધેલ અને કહેલુ કે તુ ચાલતી આશ્રમમાં આવ. આમ આરોપી નં.(૨) ભારતીબેન ફરીયાદણ યાને ભોગ બનનાર તથા ટીનાને ગાડીમાં શાંતીવાટીકા લઈ ગયેલા અને પરત લાવેલા તે હકીકતને ટીનાબેને સમર્થન આપેલ નહી હોવાનું તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૯૦) માં જણાવેલ છે. વધુમાં તપાસનીશ અધિકારીએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૯૩) માં ભારતીબેને મહીલા આશ્રમથી ભોગ બનનાર તથા ટીનાબેનને ગાડીમાં બેસાડયા હોય તેવુ કોઈએ જોયેલ તેવો કોઈ પુરાવો છે ? તેવા પ્રશ્નનો જવાબ 'ના' આપેલ છે. તેવી જ રીતે તપાસનીશ અધિકારીને મહીલા આશ્રમથી આ ગાડી બે કીમી ના અંતરે ગયેલ હોય અને આ ગાડીમાં

ભારતીબેનને અને ભોગ બનનારને સાથે બેહેલા જોયેલ હોય તેવો કોઈ પુરાવો છે ? તેવા પ્રશ્નનો જવાબ પણ 'ના' આપેલ છે. વધુમાં કહેવાતા બનાવમાં ઉપયોગમાં લેવામાં આવેલ ગાડી કોની હતી ? તે ગાડીનો નંબર કયો હતો ? તથા તે ગાડી કેવી રીતે આવી ? તેમજ ફરીયાદપક્ષ દવારા કહેવાતા બનાવ સમયે આરોપી નં.(૨) ની કસ્ટડીમાં ગાડી હોવાનો કોઈ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી. આમ ફરીયાદણ યાને ભોગ બનનારને ભારતીબેન લઈ ગયેલ હોવાની વાત જ સાબીત થતી ન હોય તો આગળની વાતના પુરાવાની કોઈ ચર્ચા કરવાનું ઉચિત નથી. આમ ટીનાબેન વિરૂઘ્ધ ઈ. પી. કો. પ્રકરણ (ચેપ્ટર) -૧ ૦ની જોગવાઈ મુજબ કોઈ ગુનો નોંધવો પડે તેવી કોઈ જરૂરીયાત કે સંજોગો ઉદભવેલ નહી હોવાનું તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૯૦) માં કબુલેલ છે. આમ ઉપરોકત ચર્ચા અન્વયે ફરીયાદણની જુબાની વિશ્વસનીય જ જણાઈ આવતી નથી.

**(૨)** આરોપી નં.(૨) તર્ફે વિ.વ.શ્રી ઠકકરનાઓએ જણાવેલ છે કે, સદર કામે સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબ (૧) ફરીયાદણ યાને ભોગ બનનાર (૨) તૃપ્તીબેન રાકેશભાઈ પટેલ (૩) પારૂલબેન વિમલેશ ઠકકરના નીવેદનો સોંગદ ઉપર નોંધવામાં આવેલ નથી. જયારે (૧) મહેન્દ્ર ચાવલા (૨) સરોજબેન પ્રજાપતિ (૩) વર્ષાબેન અખીલ ગુપ્તા તથા (૪) અખીલ નરેશચંદ્ર ગુપ્તા નાઓના સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનો સોંગદ ઉપર નોંધવામાં આવેલ છે. આમ સી. આર. પી. સી. કલમ : ૧૬૪ મુજબના કોઈના પણ નિવેદનમાં આરોપી નં.(૨) ભારતીબેનનું નામ ખુલતુ નહી હોવાની દલીલ કરવામાં આવેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩) ત્યારબાદ આરોપી નં.(૨) તરફે વિ.વ.શ્રી ઠકકરનાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની સરતપાસના પેરા નં– (૧૨) માં જણાવેલ છે કે,'' ત્યારબાદ આશરે એકાદ મહીના પછી ફરીથી ધ્રુવેબેન તેણી પાસે આવેલા અને તેણીને કહેલુ કે તેણીને ભારતીબેન બોલાવે છે. તેણી સાથે મહીના પહેલા જે થયેલ હતુ તેથી તેણી ડરેલ હતી, તેણીને થયેલુ કે ફરીથી તેણી સાથે આવુ થશે. તે વખતે તેણીએ નાઈટ ડ્રેસ પહેરેલ હતો તેથી તેણીએ કહેલુ કે તેણી કપડા બદલીને આવે છે. ત્યારબાદ ધ્રુવબેન જતા રહેલા અને તેણીને મોકો મળતા ત્યાં બગીચાની વાડ છે ત્યાં જઈને તેણી છુપાઈ ગયેલી. ત્યારબાદ ભારતીબેન, મૈયા, ચોકીવાળી જશીબેન, આખી રાત તેણીને શોધતા હતા. સવારે સાત વાગે તેણી ત્યાંથી બહાર નીકળી તેણીના રૂમમાં જઈને નાહીને પુજા કરતી હતી તે વખતે ચોકીવાળા જસીબેન ત્યાં આવેલા અને તેણીને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલા, તેઓ તેણીને જોઈને એકદમ ગુસ્સામાં આવી ગયેલા, અને તેણીના ગાલ ઉપર બે તમાચા મારી દીધેલા અને કહેલુ કે તુ આખી રાત હતી કયા ? તારે લીધેલ મને બાપુની ડાટ ખાવી પડેલી.બાપુએ મને કહયુ કે દો ટકેકી લડકી કો નહી સંભાલ શકતી, તો આશ્રમ કયા સંભાલેગી, આવુ બધુ મારે સાંભળવું પડયુ છે. ત્યારબાદ તેણી ત્યાંથી જતી રહેલી. સદર હકીકત સંદર્ભે બચાવપક્ષના વિ.વ.શ્રી ઠકકર નાઓએ રજુઆત કરેલ છે કે, ખોવાયેલ યાને ગુમ થયેલ વ્યકિતને શોધીએ તો ક્રિમીનલ ચાર્જમાં આવી જાય ? ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનારની સરતપાસના પેરા નં.(૧૩) માં જણાવવામાં આવેલ છે કે, '' તે જ દિવસે બપોર પછી ફરીથી ભારતીબેને તેણીને બોલાવેલી કે તારે શાંતીવાટીકા જવાનું છે તેમ કહીને તેણીને ગાડીમાં લઈ ગયેલા, તેણી અંદર ગઈ ત્યારે આશારામ પલંગ પર બેઠેલા હતા, તેઓ તેણીને જોઈને એકદમ ગુસ્સામાં આવી ગયેલા અને કહેલુ કે તું

કલ રાત કહા થી, મેને તેરે લીયે ખાના નહી ખાયા, આખી રાત સોયા નહી અને તેમની પથારી પાસે થાળી વાટકા બધુ પડેલુ હતું તેને જોરથી ધકકો મારીને પછાડેલા અને તેણીને કહેલુ કે, નીકલ જા મેરી કુટીયા કે બહાર ત્યારબાદ તેણી બહાર નીકળી ગયેલી અને ત્યાંથી ફરી આશ્રમ આવી ગયેલી. આ બનાવ વખતે ભારતીબેન રૂમમાં આવેલા નહી. પરંતુ બહાર બારી પાસે ઉભા હતા. સદર હકીકતને પણ ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા અન્ય સાહેદોની જુબાની/ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમ જણાવેલ છે.

**(૪)** ત્યારબાદ આરોપી નં.(૨) તરફે વિ.વ.શ્રી ઠકકરનાઓએ દલીલ કરેલ છે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૧) થી તપાસવામાં આવેલ સાહેદ વર્ષાબેન અખીલ ગુપ્તાનાઓએ પણ તેઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૬) માં જણાવેલ છે કે, સને–૨૦૦૧ માં ભુકંપ આવ્યો તે સમયે તેણી તથા બીજી અન્ય મહીલા આશ્રમની છોકરીઓ સત્સંગ માટે તથા ભુકંપ પીડીતોને સાત્વના આપવા માટે સાત દિવસ કચ્છ રોકાયલા, આ વખતે ભોગ બનનાર પણ તેણીની સાથે હતા. વધુમાં જણાવેલ છે કે નામદાર કોર્ટે એ હકીકતની ન્યાયીક નોંધ લેવી જોઈએ કે, કચ્છ – ભુજમાં ૨૬મી જાન્યુઆરી–૨૦૦૧ ના દિવસે ભુકંપ આવેલો અને તે સમયે ફરીયાદણ યાને ભોગ બનનાર વકતા તરીકે ગયેલા અને વકતા તરીકેની કામગીરી કરેલી.

**(૫)** વધુમાં આરોપી નં.(૨) તરફે વિ.વ.શ્રી ઠકકરનાઓએ દલીલ કરેલ છે કે ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીની સરતપાસના પેરા નં.(૯) માં કહેવાતા ૨૦૦૧ માં શાંતીવાટીકા જવાના બનાવ સમયે તેણીની સાથે ટીના એકયુપ્રેસ પણ સાથે હોવાનું જણાવેલ છે. પરંતુ તપાસનીશ અધિકારી ડી.બી.

રવિચાનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૯૦) માં જણાવેલ છે કે, ફરીયાદણનો એ મુજબનો આક્ષેપ કે આરોપી નં.(૨) તેણીને તથા ટીનાબેનને ગાડીમાં લઈ ગયેલા અને પરત લાવેલા તેને ટીનાબેને સમર્થન આપેલ નથી. આમ ફરીયાદણ યાને ભોગ બનનારની credibility બાબતે શંકા ઉપસ્થિત થાય છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનાર પણ ખરેખર તેણીની સાથે દુષ્કર્મ બન્યુ હોત તો તેણી તેણીની બહેન ગીતાને જણાવી શકી હોત કે તું આશારામ બાપુને ત્યાં જવાનું બંધ કરી દે તે અંગેનો તપાસનીશ અધિકારીએ કોઈ ખુલાસો મેળવેલ નથી. વધુમાં ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ અન્વયે કોઈપણ ડોકયુમેન્ટના કન્ટેન્સ પુરવાર કરી દસ્તાવેજ સાબીત કરી શકાય. પરંતુ હાલના કામે અખીલ હયાત ન હોઈ, બચાવપક્ષને અખીલની ઉલટતપાસની કોઈ તક મળેલ નથી. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૧) તરીકે વર્ષાબેન અખીલ ગુપ્તાનાઓને તપાસવામાં આવેલ સદર સાહેદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૦) માં તેણી એ.ટી.એસ. ઓફીસ ખાતે રોકાયેલ હોવાનું અને તે વખતે પોલીસે તેણીનું નીવેદન લીધેલ હોવાનું તેમજ તેણી એ.ટી.એસ. ઓફીસ ખાતે રોકાઈ તે સમય દરમ્યાન એ. ટી. એસ. ઓફીસ બહાર નહી ગયેલ હોવાનું જણાયેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૬) થી તપાસવામાં આવેલ રાજુ ચાંડકનાઓની ઉલટ તપાસના પેરા નં.(૩૯) અન્વયે આરોપી નં.(૧) આશારામના રસોઈયા તરીકે સૌપ્રથમ (૧) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ (૨) રોહીત અને ત્યારબાદ (૩) અખીલ ગુપ્તા ફરજ બજવાતા હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૫) તરીકે તપાસવામાં આવેલ રાકેશભાઈ પટેલનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે, તેઓ મોટેરા આશ્રમમાં હતા તે વખતે બાપુનો રસોઈયો પ્રજ્ઞેશ

ઉર્ફે લાલો હતો અને તે પછી અખીલ હતો. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૪૮) થી તપાસવામાં આવેલ દેવેન્દ્ર પ્રજાપતિનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૨) માં જણાવેલ છે કે, સને–૨૦૦૨ સુધી આશારામજીના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાજી હતા. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નંબર– (૩૯) માં સને–૨૦૦૨ થી ૨૦૦૪ ના ગાળામાં રોહીત અને ત્યારબાદ સને–૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે આવેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ અખીલ નરેશચંદ્ર ગુપ્તાના ઓએ તેઓના સી.આર.પી.સી.કલમ : ૧૬૪ મુજબના આંક– ૮૨૬ થી રજુ થયેલ નીવેદનના પેજ નં.(૪) ઉપર જણાવેલ છે કે તે વખતે બાપુએ તેને કહેલ કે રસોઈયા રોહીત સાથે તું પણ થોડુ શીખતો રહે અને એક દિવસ બાપુએ તેને કહેલ કે આજથી તું મારો રસોઈયો છે, જે મે અથવા જુન –૨૦૦૧ ની વાત છે ત્યારથી તે બાપુની અંગત સેવામાં લાગી ગયેલો. આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ કહેવાતા બનાવવાળી ઘટના સને–૨૦૦૧ ની છે જ નહી અને જો ફરીયાદપક્ષ ૨૦૦૧ ને વળગી રહે તો ૨૦૦૧ માં અખીલની હાજરી નથી. એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનાર શાંતીવાટીકામાંથી બહાર નીકળ્યા પછી અખીલને જોયેલ હોવા સંબંધે કોઈ પુરાવો પણ આપતા નથી. આમ સને–૨૦૦૧ ની સાલમાં આરોપી નં.(૧) આશારામના રસોઈયા તરીકે અખીલ ગુપ્તા ફરજ બજાવતો જ ન હતો તેવુ પ્રસ્થાપ્તિ થાય છે. વધુમાં આરોપી નં.(૨) ભારતીબેન તે આરોપી નં.(૧) આશારામની દિકરી થાય છે તે સંબંધે તેઓને કોઈ તકરાર નહી હોવાનું જણાવેલ છે. વધુમાં કહેવાતા બનાવ સમય ફરીયાદણ યાને ભોગ બનનાર આરોપી નં. (૧) આશારામના પ્રભુત્વમાં હોવાની દલીલ કરવામાં આવેલ છે. પરંતુ જો કોઈ વ્યકિત કોઈના પ્રભુત્વમાં હોય તો તેને કોઈપણ માણસ કંઈ પણ

કહે તો તે 'હા' જ પાડી દે ?. વધુમાં રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬ અન્વયે હકીકતો કે જે મુદામાની ન હોય છતાં મુદામાની હકીકત સાથે કેવી રીતે સંકળાયેલી હોય કે એક જ વ્યવહારનો ભાગ બને તે હકીકત પ્રસ્તુત છે. પછી ભલે તે એક જ સમય અને સ્થળ ઉપર બની હોય કે અલગ સ્થળ અને સમયે. વધુમાં ફરીયાદપક્ષના મહત્વના સાહેદ રાજુ ચાંડક, સરોજબેન તથા આશાબેનનાઓ પણ આરોપી નં. (૨) ભારતીબેન વિરૂઘ્ઘ કંઈ જ પુરાવો આપતા નથી. વધુમાં તપાસનીશ અધિકારી પણ સને – ૨૦૦૧ માં અખીલ રસોઈયો હોવાનું બતાવી શકેલ નથી. વધુમાં સાહેદ વર્ષાના સીઆરપીસી કલમ : ૧૬૪ મુજબના આંક–૫૦૫ વાળા નીવેદનના પેજ નં.(૬) ની છેલ્લી લીટીમાં તથા પેજ નં.(૭) માં '' સને–૨૦૦૧ માં ભુકંપ પછી તેઓ કચ્છ – ભુજ લોકોને સાત્વના આપવા ગયા હતા. ત્યારથી તેઓની વકતાની સેવા શરૂ થઈ ગઈ. ત્યારે તેણી ફરીયાદણ યાને ભોગ બનનારના સંપર્કમાં આવેલી, આના પહેલા સેવા કરતા સમયે તેણી જાણતી હતી કે ફરીયાદણ યાને ભોગ બનનાર ચુર્ણ હોલમાં ઘંટીની સેવામાં આવે છે. બાપુએ અમને દસ છોકરીઓને વકતા બનાવવા માટે શાંતીવાટીકામાં બોલાવેલ, ફરીયાદણ યાને ભોગ બનનાર અને તેણીને બોલાવી કહેવા લાગેલ કે તમને બંનેને હું વકતા બનાવીશ, હજુ તમારા ભાગ્યમાં સંસાર લખાયેલ છે. જેને મીટાવવાની મારે વિધી કરવી પડશે. આવુ સાંભળી અમે દસેય છોકરીઓ મહીલા આશ્રમ ચાલ્યા ગયેલા. ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે આવી ઘટના બની છે તેવુ મેં મહીલા આશ્રમની બહેનોને વાત કરતા સાંભળેલી'' તેમ જણાવેલ છે. જયારે સદર સાહેદણે તેણીની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૫) માં જણાવેલ છે કે, '' સને–૨૦૦૧ માં શરૂઆતના મહીનામાં ભુકંપ આવેલો તે અરસામાં આશ્રમમાંથી દસ છોકરીઓને વકતા બનાવવાનું નકકી થયેલ

અને ઢેલ ઉર્ફે નિર્મલા, બગલો ઉર્ફે મીરા આમ બધી મહીલા સાધીકાઓ અમને દસેય છોકરીઓને જેમાં તેણી તથા ફરીયાદણ યાને ભોગબનનાર તથા સોનલ કે જે બારડોલીની હતી તથા ભાવીની પટેલ કે જે સુરતની હતી તથા સીતા સિંધી અને રેખા સિંધી જે બંને ઉલ્લાસનગરની હતી તથા કિન્નરી, ક્રિષ્ના પંચેડ રતલામ, એમ.પી.ની હતી તથા તૃપ્તી વલસાડ બાજુની હતી. જેઓને મોટેરા આશ્રમથી થોડે દુર શાંતીવાટીકા લઈ ગયેલા અને આશારામ બાપુએ દસેય છોકરીઓને જોઈ અમો દસેયને રોડ ઉપર ઉભા રાખેલ અને બાપુએ રૂમની બારીમાંથી જોયેલ અને તેણીને તથા ફરીયાદણ યાને ભોગ બનનાર નામની છોકરીને વકતા બનાવવા માટે પસંદ કરેલ. આમ સદર હકીકત ધ્યાને લેતાં તેણીને સને–૨૦૦૧ ના કચ્છ –ભુજના ભુકંપ પછી વકતા માટે પસંદ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે.

**(૬)** ત્યારબાદ આરોપી નં.(૨) તરફે વિ.વ.શ્રી ઠકકરનાઓએ દલીલ કરેલ છે કે સદર કામે ફરીયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલા મહત્વના સાહેદોનો પુરાવો પણ એક સમાન હોવાનું જણાઈ આવતુ નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબનો જો કોઈ બનાવ બને તો ભોગ બનનારને ભયની લાગણી ઉત્પન્ન થાય, પરંતુ તે લગતનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. એટલુ જ નહી કહેવાતા બનાવ પછી ફરીયાદણ યાને ભોગબનનારની લાઈફ પણ રૂટીન હોવાનું જણાઈ આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૭)** આરોપી નં.(૨) ના વિ.વ.શ્રી ઠકકરનાઓએ **આંક–૮૫૭** થી રજુ થયેલ ફરીયાદપક્ષની લેખીત દલીલો તરફ મારૂં ધ્યાન દોરી જણાવેલ છે કે,ફરીયાદપક્ષ તરફે સ્પે. પીપીશ્રીએ રજુ કરેલ લેખીત દલીલમાં ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે અન્ય એક છોકરી તેમ જણાવવામાં આવેલ છે. એટલે કે ટીના એકયુપ્રેસરનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ગીતાબેન હીરપરાનાઓની ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં હીસ્ટેરીયાની બિમારી અંગે કોઈ સજેશન કરવામાં આવેલ નથી. તેમજ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ જોતાં ફરીયાદ મોડી કરવામાં આવે તો વિશ્વસનીયતા ઘટે ઘટે અને ઘટે જ. વધુમાં ફરીયાદપક્ષ ફરીયાદણ યાને ભોગ બનનારને ટેમ્પરરી વકતા તરીકે નીમવવામાં આવેલ હોવાની વાત કરે છે તે હકીકત જ સુચવે છે કે, ફરીયાદપક્ષ ખુદ પોતાના સાહેદોને પુરાવો નહી માનવાનું જણાવી રહયા છે. અખીલ ગુપ્તા નાઓએ તેઓના સી. આર. પી. સી. કલમ– ૧૬૪ ના નિવેદનમાં ફરીયાદણ યાને ભોગ બનનાર રોયેલ (રડતી) હોવાનો તેઓને જે અહેસાસ થયેલો તે સંદર્ભે ખુદ ફરીયાદણ યાને ભોગ બનનારે પોતાની જુબાનીમાં તે હકીકત જણાવેલ નથી.

## (૨૪) <u>આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી એન.ટી.ગાંધીનાઓની દલીલો :–</u>

**(૧)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી એન.ટી. ગાંધીનાઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે સદર કામે ફરીયાદણ યાને ભોગ બનનારના બે નિવેદનો તપાસનીસ અધિકારી દવારા રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેતાં સદર કામે ટીના અને ઉમા પાંડે મહત્વના સાહેદો હોવા છતાં ફરીયાદપક્ષ તરફથી આ બંને સાહેદોને તપાસવામાં આવેલ નથી. એટલુ જ

નહી ફરીયાદપક્ષ નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી અને એકતરફી તપાસ કરવામાં આવેલ છે. સને – ૨૦૦૮– ૨૦૦૯ માં બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડ દવારા અમૃત પ્રજાપતિ તથા રાજુ ચાંડક વિરૂધ્ધ કરવામાં આવેલ સ્ટીંગ ઓપરેશન ખોટું હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરીયાદણ યાને ભોગ બનનાર આશરે બારેક વર્ષ સુધી મૌન રહેલ છે. જેથી ફરીયાદપક્ષ વિરૂધ્ધ વિરૂધ્ધનું અનુમાન કરવુ જોઈએ. એટલુ જ નહી ફરીયાદપક્ષ તરફથી કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને એકમાત્ર ફરીયાદણ યાને ભોગબનનારની જુબાની વિશ્વસનીય તેમજ સ્ટ્રોંગ હોવાનું તેમજ તેણી સાચુ જ બોલતી હોવાનું માની શકાય નહી કારણ કે તેણીએ જુદા જુદા સમયે પોતાના કથનોમાં સમય અનુસાર તેના ફેરફાર કરી ખોટી હકીકત જણાવેલ છે અને તે આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આંક–૮૨૬ થી ગુજરનાર અખીલ ગુપ્તાનું સીઆરપીસી કલમ : ૧૬૪ મુજબનું નીવેદન રજુ થયેલ છે. પરંતુ બચાવપક્ષને તેની ઉલટતપાસ કરવાની તક મળેલ ન હોઈ તે નિવેદન વંચાણે લઈ શકાય નહી. તેમજ હાલના કેસમાં ફરીયાદણ યાને ભોગ બનનારના મેરેજ થયા બાદ તેણીની મેડીકલ તપાસણી થયેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૧) ઈશ્વરભાઈ નાયકનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ પેરા નં.(૩૯) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે, તેઓ ભોગ બનનારને વ્યકિતગત રીતે ઓળખતા નથી તેમજ ભોગ બનનારના કેસ અંગે તેઓને કોઈ જાતમાહીતી નથી. વધુમાં સદર સાહેદના તારીખ–૧૫/૧૧ /૨૦૧૩ તથા તારીખ–૨૧/૧૧/૨૦૧૩ એમ બે વખત નીવેદનો નોંધવામાં આવેલ છે. જે પૈકી તેઓનાં તારીખ–૧૫/૧૧/૨૦૧૩ ના પોલીસ રૂબરૂનાં નિવેદનમાં મારે કંઈ કહેવુ નથી તેમ જણાવે છે તથા તે જ નીવેદનના પેજ નં. (૩) ઉપર છેલ્લે '' આ સીવાય આશારામ વિશે હું કાંઈ જાણતો નથી.'' તેવુ લખાવેલ છે

તથા સદર સાહેદની ઉલટતપાસના પેરા નં. (૪૦) માં તે હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૪) તરીકે તપાસવામાં આવેલ ડાૅ.કાનન દેસાઈનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૫૫) માં કબુલેલ છે કે તેઓએ ઈશ્વર નાયકનું નીવેદન નોંધ્યુ તે અગાઉ તેને નીવેદન આપેલ કે કેમ ? તે અંગે તેઓએ કોઈ તપાસ કરેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૫૬) માં કબુલ કરેલ છે કે ઈશ્વર નાયકના મારા રૂબરૂ ના નીવેદનમાં '' મને ગઈ તારીખ–૧૫/૧૧/૨૦૧૩ ના રોજ સીટ/વિશેષ શાખા અમદાવાદ રૂબરૂ પી. આઈ. શ્રી એ. જી.  ગોહીલના રૂબરૂ લખાવેલ નીવેદન બતાવી વાંચી સંભળાવ્યુ, આમ ઈશ્વર નાયકનાઓને તેઓનું તારીખ–૧૫/૧૧/૨૦૧૩ નું પી.આઈ. એ.જી. ગોહીલના રૂબરૂનું નિવેદન બતાવી વાંચી સંભળાવવામાં આવેલ હોવા છતાં તેઓએ ઉલટતપાસના પેરા નં.(૧૫૫) માં તે અંગે કોઈ તપાસ કરેલ નહી હોવાનું જણાવેલ છે. તેમજ ઉલટતપાસના પેરા નં.(૧૫૭)માં ઈશ્વરભાઈ નાયકને નિવેદન લખાવવા માટે કોઈ સમન્સ પણ મોકલવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે. તેમજ ઉલટતપાસના પેરા નં.(૧૫૮) માં જણાવેલ છે કે,  તારીખ–૧૫/૧૧/૨૦૧૩ ના નિવેદન બાદ તપાસમાં એવી કંઈ જરૂર લાગેલી નહી કે ઈશ્વર નાયકનું તારીખ–૨૧/૧૧/૨૦૧૩ ના રોજ વધારાનું નિવેદન લેવુ પડે. વધુમાં સાહેદ ઈશ્વરભાઈ નાયકનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૪૬) માં જણાવેલ છે કે તેઓએ તેમની સરતપાસના પેરા નં.(૨) માં સુરતના ઉદ્યોગપતિ તેમના પત્ની સાથે આવેલા તે સંબંધી જે વિગતો જણાવેલી છે તેની સ્ પષ્ટ તારીખ– સમય તેમજ તે ઉદ્યોગપતિ અને તેમના પત્નીનું નામ, સરનામું તેઓના પોલીસ રૂબરૂના નીવેદનમાં જણાવેલ નથી. તેમજ આ ઉદ્યોગપતિની પત્ની સાથે તેઓની રૂબરૂમાં કોઈ વાત થયેલી નહી. આમ સદર સાહેદે હવામાં

નીવેદન આપેલ છે. તેવી જ રીતે સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૮) માં જણાવેલ છે કે, '' મારી દિકરી અમીએ કયા પેશન્ટોના રોગ સારા કર્યા તે બતાવવા માટે મે કોઈ કેસપેપર્સ પોલીસ રૂબરૂ રજુ કરેલા નથી. તેમજ મારી દીકરી અમીબેને જે પીડીતાને ટ્રીટમેન્ટ આપેલાનું મે સરતપાસના પેરા નં.(૪) માં જણાવેલ છે તે પીડીતાનું નામ સરનામું તેમજ તેની ટ્રીટમેન્ટનો સમયગાળો તેમજ તે પેશન્ટની કેસ હીસ્ટ્રીના કોઈ પેપર્સ તેમજ સરતપાસના પેરા નં.(૪) માં જે બીજી પીડીતા વિશે ઉલ્લેખ કરેલ છે તેનું નામ સરનામું અને તેની સારવારનો સમયગાળો તેમજ તે પીડીતાની કેસ હીસ્ટ્રીના કોઈ પેપર્સ મે પોલીસ રૂબરૂ રજુ કરેલા નથી. વધુમાં સદર સાહેદના પત્ની ભારતીબેન નાયક મહીલા આશ્રમના ટ્રસ્ટી હતા અને તેઓ તેમની સેવાઓ તથા જવાબદારી યોગ્ય રીતે સમયસર નીભાવી શકે તેમ ન હોઈ રાજીનામુ સ્વીકારવા લખેલ પત્ર આંક– ૭૮૭ થી રજુ થયેલ છે. આમ ભારતીબેને ત્રાસના કારણે નહી પરંતુ આંક– ૭૮૯ વાળા સોંગદનામામાં દર્શાવ્યા મુજબ તેઓની કૌટુંબીક તથા સામાજીક જવાબદારી વધી જવાથી રાજીનામુ આપેલ હોવાનું જણાવેલ છે અને તેથી તે રાજીનામુ ટ્રસ્ટી મંડળે મંજુર રાખેલ. એટલુ જ નહી કે ફરીયાદપક્ષ તરફથી ઈશ્વરભાઈ નાયકના પત્ની તથા તેમની પુત્રીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને આંક– ૬૭૭ થી રજુ થયેલ પુરસીસમાં તે બંને આશ્રમમાં સમર્પિત સાધક હોવાથી તેઓને તપાસવામાં આવેલ નથી તેમ જણાવવામાં આવેલ છે. ખરેખર તો ઈશ્વર નાયકે સને–૨૦૦૬ માં આશ્રમ છોડી દીધેલ અને ત્યારથી તેઓ તેમના પરીવાર સાથે તેમના નિવાસ સ્થાને રહેતા હતા અને તેઓ સને–૧૯૯૯ થી ૨૦૦૬ સુધી ઘણા બધા નેતા, સરકારી અધિકારીઓને તેમજ પોલીસ અધિકારીઓને મળેલા છે. પરંતુ તેઓએ સને–૨૦૧૩ માં પોલીસ રૂબરૂ નીવેદનો આપ્યા તે અગાઉ આ નીવેદનની વિગતો તે લોકોને જણાવેલ નહી હોવાનું

ઉલટતપાસના પેરા નં.(૩૨) માં સ્વીકાર કરવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૩૩)માં વાપીની જમીન તેઓના માતૃશ્રીના નામે માલીકી હકકે હોવાનું જણાવેલ છે. તેમની માતાએ વાપી વાળી જમીન રજીસ્ટર ગીફટ ડીડથી આશારામના આશ્રમે આપેલ હોવાની અને કહેવાતા ગીફટ ડીડમાં તેઓએ સાક્ષી તરીકે સહી કરેલ હોવાની હકીકત ખોટી હોવાનું જણાવેલ છે. પરંતુ આંક– ૬૭૩ થી રજુ થયેલ ગીફટ ડીડ વંચાણે લેતાં સને–૧૯૯૯ માં ઈશ્વર નાયકની માતાએ આશ્રમને જમીન આપેલ હોવાનું અને તે ગીફટ ડીડમાં ઈશ્વર નાયકની સાક્ષી તરીકે સહી હોવાનું ફલીત થાય છે. તેમજ ૧૯૯૯ માં કે ત્યારબાદ ગીફટ ડીડ ખોટી રીતે ઉભુ કરવામાં આવેલ હોય તેવુ જણાવવામાં આવેલ નથી અને ઉલટાનું ઉલટતપાસના પેરા નં.(૬૨) માં તેઓને ગીફટ ડીડની પ્રમાણીત નકલ બતાવવામાં આવતા તે ગીફટ ડીડમાં બક્ષીસ આપનાર તરીકે તેઓની માતા રતનબેન નીચ્છાભાઈ રઘનાથજી દેસાઈનું નામ હોવાનું અને તે બક્ષીસ કરારમાં પાના નં.૧૨ ઉપર સાક્ષી તરીકે તેઓની સહી હોવાનું ઓળખી બતાવેલ છે. આમ સદર સાહેદે પેરા નં. (૩૩) માં જમીન સંદર્ભે જણાવેલ હકીકત પ્રથમ વાર ખોટી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ પેરા નં.(૬૨) માં ફેરતપાસમાં સદર જમીન સંદર્ભે સાચી હકીકત જણાવેલ છે. આંક– ૬૭૩ થી રજુ થયેલ ગીફટ ડીડના પેજ નં. (૭) માં ભકિતભાવ અને વૈરાગ્ય જાગવાથી બક્ષીસ આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે.આમ સદર સાહેદ ખોટુ બોલવાની ટેવ ધરાવે છે. વધુમાં સાહેદ ઈશ્વરભાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૫૪) માં સુષ્માબેન તેઓના ભાણી થતા હોવાનું અને તેઓ મહીલા આશ્રમમાં રહેતા હોવાનું જણાવેલ છે. પરંતુ તેઓ કયારથી રહે છે તેને તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ

ઉલટતપાસના પેરા નં.(૨૧૮) માં તેઓએ કબુલેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન તેઓએ ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનું નીવેદન લીધેલુ અને તેઓની તપાસમાં એવુ ખુલેલ કે સને–૨૦૦૪ –૨૦૦૫ માં ગુરુપુર્ણિમાનાં સમયે મોટેરા આશ્રમમાં આશારામ સત્સંગમાં બેસેલા હતા ત્યારે અમારૂ તથા અમારા પરીવારનું માઈક ઉપર અપમાન કરી કહેલ કે ઈશ્વર નાયકના પુત્ર અનંગ પરદેશથી બધી વસ્તુઓ મંગાવે છે પરંતુ પૈસા આપતો નથી જેના કારણે અનંગની પત્ની બીના તેને છોડી ચાલી ગયેલ હોવાનું જણાવતા અને તેનો આઘાત લાગતા તેઓની શ્રધ્ધા નષ્ટ થઈ જતા તેઓએ આશ્રમ છોડેલ હોવાનું જણાવેલ છે. આમ તપાસનીશ અધિકારીની ઉલટતપાસમાં સાચી હકીકત ખુલવા પામેલ છે.

(૨) આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૩૨) તરીકે તપાસવામાં આવેલ સાહેદ મહેન્દ્રસિંહ કીશોરીલાલ ચાવલાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં. (૩૨) માં કબુલેલ છે કે, '' આ કામની ફરીયાદ સાચી છે કે ખોટી તે ફરીયાદણ કહી શકે, હું કહી શકુ નહી.'' સદર સાહેદ થોડક ટાઈમ મોટેરા આશ્રમમાં રહેલા ત્યારબાદ સને–૨૦૦૧ થી ૨૦૦૫ સુધી ગાંભોઈ નારાયણસાંઈના આશ્રમમાં રહેતા હતા. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં. (૪૫) માં જણાવેલ છે કે, '' તેઓ જુન – જુલાઈ – ૨૦૦૧ સુધી રાજસ્થાન આશ્રમમાં રહેતા હતા.'' વધુમાં ઉલટતપાસના પેરા નં.(૫૮) માં જણાવેલ છે કે'' સને–૨૦૦૧ ના નીર્જળા પ્રોગ્રામથી સને–૨૦૦૫માં આશ્રમ છોડયો ત્યાં સુધી નારાયણસાંઈ સાથે રહેતા હોવાનું જણાવેલ છે. આમ તેઓ તે સમયગાળા દરમ્યાન મોટેરા આશ્રમમાં રહેતા ન હતા. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૬) થી તપાસવામાં આવેલ રાજુ ચાંડકનાઓને તેઓની જુબાનીના પેરા નં.(૪) માં

જણાવેલ છે કે '' તેઓએ ૨૦૦૮ માં વિરાર પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી.'' આમ તેઓ હીત ધરાવતા સાહેદ છે. અને તેઓએ આશારામ વિરૂધ્ધ કોઈ જાતીય સતામણીના પુરાવા રજુ કરેલ નથી અને આંક– ૭૬૫ માં દર્શાવેલ કાગણોસર આશ્રમ છોડી ચાલ્યા ગયેલ છે. બચાવપક્ષ તરફથી સાહેદ નં. (૯) તરીકે તપાસવામાં આવેલ યુસુફભાઈ રમઝાનભાઈ બાગવાનનાઓએ તેઓની જુબાનીના પેરા નં.(૬) માં એવુ જણાવેલ છે કે, '' તેઓની તપાસમાં એવુ ખુલેલુ કે મહેન્દ્ર ચાવલા દવારા ખોટી ફરીયાદ કરવાનું કારણ એ હતુ કે સને–૨૦૦૪ માં નાલાસોપારા ખાતે સત્સંગ થયેલ હતો જેમાં ભકતો દવારા જે ચઢાવો ચઢાવવામાં આવેલ તેમજ આશ્રમ દવારા ફરીયાદણ (મહેન્દ્ર ચાવલા)ને આ પ્રોગ્રામનું મેનેજમેન્ટ કરવા માટે એક લાખ રૂપિયા આપવામાં આવેલા. જેનો આશ્રમ દવારા ફરીયાદણ મહેન્દ્ર ચાવલા પાસે હીસાબ માંગતા તેઓએ હીસાબ આપેલ નહી. જેના કારણે ફરીયાદણ મહેન્દ્ર ચાવલા તેમજ નારાયણસાંઈ વચ્ચે અણબનાવ થયેલો. આ કારણથી ફરીયાદણ મહેન્દ્ર ચાવલાએ બનાવના ત્રણ વર્ષ બાદ ખોટી ફરીયાદ દાખલ કરેલી. આમ કોની જોડે શું બનેલુ તે મહેન્દ્ર ચાવલાએ જણાવેલ નથી. વધુમાં ડૉ. વંદનાબેનનાઓએ મહેન્દ્ર ચાવલા ઉપર આંક– ૮૨૩ માં દર્શાવેલ વિગતે ફરીયાદ કરેલી. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૫૪) તરીકે તપાસવામાં આવેલ ડૉ કાનન દેસાઈ નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૭૬)માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે મહેન્દ્ર ચાવલાના તેઓ રૂબરૂના નિવેદનમાં ૧૯૯૬ નો આશારામ બાપુનો પાનીપતના પ્રોગ્રામ વિશે જણાવેલ છે તે બાબતે ત્યાં પ્રોગ્રામ હતો કે કેમ તે અંગેની તેઓએ કોઈ તપાસ કરેલી નહી. તેમજ મહેન્દ્ર ચાવલાના ભાઈ અને ભાભીના કોઈ નીવેદન લીધેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૭૭) માં એમ જણાવેલ છે કે '' મહેન્દ્ર ચાવલાના તેઓ રૂબરૂના નિવેદન લગત

તેઓએ પાનીપતમાં યોગ વેદાંત સેવા સમિતિ લગત તેઓએ કોઈ તપાસ કરેલી નહી તેમજ સને–૧૯૯૭ માં પાનીપતના ડોડલા ગામે બાપુજીનો આશ્રમ બનેલો કે કેમ તેની તપાસ પણ કરેલી નહી તેમજ નરસિંહાનંદજીની કોઈ પુછપરછ કરેલી નહી.'' ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૭૮) માં જણાવેલ છે કે '' ૧૯૯૮ – મે/જુન માં મહેન્દ્ર ચાવલા મોટેરા આશ્રમમાં આવેલ તે લગત મોટેરા આશ્રમ જઈ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાની તપાસ કરેલી નહી. તેમજ તેઓ રૂબરૂના નિવેદનમાં મહેન્દ્રભાઈ ચાવલાએ ભાણાભાઈ અને ઉદયભાઈ લગત જે જણાવેલ છે તે લગત તેઓએ ભાણાભાઈ અને ઉદયભાઈની કોઈ તપાસ કરેલી નહી. તેમજ કોઈ નીવેદન લીધેલું નહી. ત્યારબાદ સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૮૦) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે મહેન્દ્ર ચાવલાના તેઓ રૂબરૂના નીવેદનમાં જે પણ કંઈ આક્ષેપો કરવામાં આવેલ છે. તે લગત તેઓએ કોઈ તપાસ કરેલી નહી. મહેન્દ્ર ચાવલાના નિવેદન આધારે તપાસ કરનાર અધિકારી રવિયાને તપાસનું તેઓએ સુચન કરેલું અને મહેન્દ્ર ચાવલાનાઓને આશ્રમમાં રહયા અંગેનો પુરાવો તેઓ સમક્ષ રજુ કરેલો નહી તેમજ આ લગત તેઓએ પણ કોઈ તપાસ કરેલી નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૮૧) માં જણાવેલ છે કે મહેન્દ્ર ચાવલનાઓએ તેઓ રૂબરૂના નિવેદનમાં આશારામ બાપુ આશ્રમમાં બેસીને સત્સંગ કરતા અને ત્યાંથી છોકરીઓને મા– બેન સમાન ગંદી ગાળો બોલતા હતા તે લગત મહેન્દ્ર ચાવલાનાઓએ તારીખ – મહીનો – વર્ષ જણાવેલ નથી તેમજ તેઓની તપાસ દરમ્યાન આવી કોઈ છોકરીઓ મળી આવેલી નહી. ત્યારબાદ ઉલટ તપાસના પેરા નં.(૧૮૨) માં એમ જણાવેલ છે કે, મહેન્દ્ર ચાવલાના નીવેદનમાં કરનાલ અને અંબાલા નદી કીનારેના જે આક્ષેપો કરવામાં આવેલ તે લગત તેઓએ કોઈ તપાસ કરેલી નહી. તેમજ ઉલટતપાસના પેરા નં.(૧૮૩) માં મહેન્દ્ર

ચાવલાનાએ તેના નિવેદનમાં તેને ૨૦૦૮ માં ધમકીઓ મળતી હતી અને તે માટે પાનીપત પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી હતી અને પોલીસ પ્રોટેકશન માંગેલ. તે અંગે પાનીપત પોલીસ સ્ટેશન પાસેથી કોઈ માહીતી મળેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૮૪) માં એવી કબુલાત કરેલ છે કે, '' મહેન્દ્ર ચાવલાનાઓએ તેઓ રૂબરૂના નીવેદનમાં આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત કરાવવામાં આવતા હતા તે બાબતે કોઈ છોકરીઓનું નામ–સરનામું આપેલ નહી. તેમજ તેઓએ તપાસ દરમ્યાન પણ આવી કોઈ છોકરી કે જેનો ગર્ભપાત કરાવેલ હોય તે મળી આવેલ નહી. ત્યારબાદ ઉલટતપાસનાં પેરા નં.(૧૮૫) માં જણાવેલ છે કે મહેન્દ્ર ચાવલાએ તેના નિવેદનમાં કરેલા આક્ષેપ બાબતે તેઓએ કોઈ તપાસ કરેલી નહી. ત્યારબાદ તેઓએ સ્વૈચ્છાએ જણાવેલ છે કે તે અંગેની જરૂરી તપાસ કરેલી.

**(૩)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૩૩) તરીકે તપાસવામાં આવેલ જાનકી ઉર્ફે શીલ્પી નારાયણસાંઈ હરપલાનીનાઓનું સને–૨૦૧૩ માં વિડીયોગ્રાફીથી તેમના ઘરે નિવેદન લેવામાં આવેલ છે અને આરોપીને સમર્થન કરતી વિગતો નિવેદનમાં નોંધવામાં આવેલ નથી. તેમજ સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૮), (૩૦) અને (૩૧) વિડીયોગ્રાફી/ સીડીમાં તે હોવાનું જણાવેલ છે. તેમજ પ્રશ્ન જવાબની વિગતમાં સદર સાહેદે તેઓને પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબમાં તેઓએ આવુ કંઈ જોયેલ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદ જયારે જુબાની આપવા આવ્યા ત્યારે તેઓની ભરણપોષણની મેટર ચાલતી હતી અને તેઓ જોધપુર મુકામે આવેલ સેન્ટ્રલ જેલમાં આરોપી નં.(૧) આશારામ તથા સુરત મુકામ

આવેલ લાજપોર જેલમાં નારાયણસાંઈને મળવા ગયેલા અને તે હકીકત આર.ટી.આઈ. અન્વયે કોર્ટનાં રેકર્ડ પર પણ લાવવામાં આવેલ છે અને તે અનુક્રમે આંક– ૭૮૪ તથા આંક– ૭૮૫ થી રેકર્ડ ઉપર રજુ થયેલ છે.

(૪) આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૩૭) થી તૃપ્તીબેન રાકેશભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેણી વકતા હતી અને તેણીએ આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ શારીરીક સતામણીના કોઈ એલીગેશન કરેલા નથી. તેમજ તેણીની સરતપાસના પેરા નં.(૨) માં વકતા બનાવવા માટે ગ્રંથો વાંચવાનું કહેવામાં આવતુ હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદણે તેણીની સરતપાસના પેરા નં.(૩) માં વકતા બનાવ્યા બાદ તેણીને સત્સંગ તથા સેવા કરવાનું કામ સોંપેલુ અને શરૂઆતમાં તેણી અમદાવાદમાં સત્સંગ કરતી હતી અને પાંચેક વર્ષ પછી અમદાવાદમાંથી બહાર સત્સંગ કરવા જતી હોવાનું અને તેણી ભારતના જુદા જુદા રાજયમાં સત્સંગ કરવા ગયેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેદણે ફરીયાદપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, '' તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે તેણી મહીલા આશ્રમની સંચાલીકા પદમાબેનને મળેલી અને આશ્રમમાં જ રોકાઈ ગયેલી હતી, જયાં તેણી સેવાસાધના કરતી હતી, તેણીને જપ કરવામાં ખુબજ રૂચી હતી. જેથી તેણી મંત્ર – જપ અને અનુષ્ઠાન કરતી હતી, આશ્રમમાં વધુ સમય તેણી મૌન રહેતી હતી અને આશ્રમમાં તેણી સમર્પિત થયેલી હતી. સને–૧૯૯૩ માં તેણીને વકતા બનાવેલી હતી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૫૪) થી તપાસવામાં આવેલ ડૉ. કાનનબેન દેસાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.

(૧૧૫) માં જણાવેલ છે કે,''તૃપ્તીબેને તેઓ રૂબરૂ ના નીવેદનમાં આશ્રમમાં ચાલતી પ્રવૃતિ તથા આશ્રમની વિવિધ સેવાઓની હકીકત લખાવેલ છે.'' ત્યારબાદ સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં.(૯૭) થી (૧૧૭ )તથા પેરા નં.(૧૩૩) માં કબુલ કરેલ છે કે તૃપ્તીબેને કરેલા આક્ષેપોના સમર્થનના કોઈ પુરાવાઓ મળી આવેલા નહી. તેમજ તે અંગે તેઓએ કોઈ તપાસ પણ કરેલી નહી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓને બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલાત કરેલ છે કે, સાહેદ તૃપ્તીબેન, રાકેશભાઈ, મહેન્દ્ર ચાવલા અને ઈશ્વર નાયકના જે નીવેદનો ડી કાનન દેસાઈ સાહેબે લીધેલા તે લગત તેઓની તપાસમાં કોઈ પુરાવો મળી આવેલ નહી. વધુમાં ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૭) તૃપ્તીબેન નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૫) માં જણાવેલ છે કે, તેના ઉપર દાનદક્ષિણાની રકમ લેવા અંગે આક્ષેપ મુકેલ તેથી મનદુ:ખ તથા તેણીએ આશ્રમ છોડી દીધેલ.

**(૫)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૪૮) તરીકે દેવેન્દ્ર પ્રજાપતિ નાઓને તપાસવામાં આવેલ છે.તેઓ આશારામના બોડીગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં. (૨૬) માં એવી કબુલાત કરેલ છે કે, તેઓએ ૨૦૦૭ ની સાલમાં આશારામ ટ્રસ્ટ વિરૂઘ્ધ સુરત મજુર અદાલતમાં કેસ દાખલ કરેલો, તેઓની અરજી રદ કરવામા આવેલી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૯) થી તપાસવામાં આવેલ સાહેદણ જીજ્ઞાબેનનાઓએ આશ્રમ તરફથી મહેતાણુ ચુકવામાં આવતુ નથી તેવુ જણાવેલ છે તેમજ સાહેદ નંબર– (૩૨)થી તપાસવામાં આવેલ મહેન્દ્રસિંહ

ચાવલાનાઓએ પણ જણાવેલ છે કે આશ્રમમાં પગાર ચુકવામાં આવતો નથી અને ખર્ચના પૈસા ઘરેથી લાવવાના હોય છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૩) થી તપાસવામાં આવેલ સાહેદ જીગ્નેશભાઈએ તેઓની જુબાનીના પેરા નં.(૭) માં કબુલ કરેલ છે કે આશ્રમ તરફથી પગાર આપવામાં આવતો નથી અને ખાવા પીવાનું મળી રહેતુ નથી. સદર સાહેદ ઈન્ટ્રેસ્ટેડ વિટનેસ છે. સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૩૧) માં તેઓ કોઈ છોકરીનું નામ–વર્ણન જાણતા નથી તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૭૯) માં જણાવેલ છે કે, દેવેન્દ્ર પ્રજાપતિ આશારામ બાપુના બોડીગાર્ડ તરીકે કામ કરતો હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી. તેમજ દેવેન્દ્ર પ્ર જાપતિએ પી.એસ.આઈ. કે.બી.જાડેજા રૂબરૂના નિવેદનમાં નઝફગઢ આશ્રમ ખાતેના જે આક્ષેપ કરેલ તે લગત તે છોકરી તથા તેના ભાઈ તથા તેના મા–બાપ તેઓની તપાસમા મળી આવેલા નહી તથા તે આશ્રમમાં પીરામીડ હોય તે અંગે પણ તપાસ કરેલી નહી. તેમજ દેવેન્દ્ર પ્રજાપતિના નીવેદનમાં શ્રવણકુમાર રોહતકવાળો તથા તે અંગેની જે હકીકત જણાવેલ છે. તે લગત તેઓએ શ્રવણકુમાર રોહતકવાળાનું તથા તેની બહેનનું કોઈ નીવેદન લીધેલ નથી અને આ બંને જણાની તેઓએ કોઈ તપાસ કરેલી નહી તેમ જણાવેલ છે.

**(૬)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૫૧) થી વર્ષાબેન ગુપ્તા નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૩૪) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે તેઓની સરતપાસના પેરા નં.(૮)

તથા (૧૦) થી (૧૭) માં જે હકીકતો જણાવેલ છે તે ખરી છે. આમ સદર સાહેદે તેઓના સી.આર.પી.સી. કલમ : ૧૬૪ મુજબના નિવેદનમાં જણાવેલ હકીકતોથી બહારની વિગત કોર્ટમાં જણાવેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે.

**(૭)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ એવી પણ દલીલ કરેલ છે. કે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. (૧૨) તરીકે રાહુલભાઈ મહેશભાઈ સોલંકીનાઓને તપાસવામા આવેલ છે. સદર સાહેદ દવારા ગુનાવાળી જગ્યાનું વિડીયો રેકોડીંગ કરવામાં આવેલ છે. સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૨૨) માં જણાવેલ છે કે, તેઓએ આજરોજ જે સીડી ઉતારેલી તે જોયેલ છે. તેઓની સીડીમાં પીડીતા ગૌશાળા પાસે ઉભી રહેલી તેવો ઉલ્લેખ નથી તેમજ પીડીતા યાને ભોગ બનનાર આશ્રમનાં કયા દરવાજા પાસેથી નીકળેલ તેનો પણ સીડીમાં ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આમ પોલીસ અધિકારીએ આપેલ સુચના મુજબ સદર સાહેદે વિડીયો શુટીંગ કરેલ છે અને તે મુજબ સીડી તૈયાર કરેલ છે. વધુમાં સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૨૩) માં જણાવેલ છે કે મૈયા(આરોપી નં.૩ લક્ષ્મીબેન) ની કુટીયા કયાં આવેલી છે તેનો તેઓની સીડીમાં કોઈ ઉલ્લેખ નથી. આમ મૈયાએ ઝાંપા પાસે ફરીયાદણ યાને ભોગ બનનારને લાફો મારેલ હોવાની ભોગ બનનારની હકીકતને ખોટી ઠરાવે છે.

**(૮)** આરોપી નં.(૬) તર્ફે વિ.વ.શ્રી ગાંધીનાઓએ એવી પણ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૧૩) થી એફ.એસ.એલ. અધિકારી અમૃતલાલ વસરામભાઈ હીંગરાજીયાનાઓને તપાસવામાં આવેલા છે. તેઓ જણાવે છે કે ગુનાવાળી જગ્યાના પંચનામાના સમયે તેઓ હાજર હતા. સદર

સાહેદની સરતપાસના પેરા નં.(૧૦) માં એવુ જણાવવામાં આવેલ છે કે આ ઘટના બાદ આ કામના ફરીયાદણ પોતાના રૂમમાંથી બીજા કપડા લઈ નાહવા માટે જે બાથરૂમમાં ગયેલ તે જગ્યા બતાવતા સદર જગ્યાએ હાલમાં કોઈ બાથરૂમ સંડાસ આવેલ નથી આમ ફરીયાદણ ગુનાવાળી જગ્યાનું જે સ્થળ જણાવે છે તે સ્થળ અંગેની હકીકત એફ. એસ. એલ. અધિકારી ખોટી ઠરાવે છે. સદર સાહેદ તેઓની સરતપાસના પેરા નં.(૧૪) માં જણાવે છે કે, ફરીયાદણ આશ્રમ છોડીને ભાગી ગયેલ તે જગ્યા બતાવતા સદર જગ્યા કોમન બાથરૂમ સંડાસવાળી જગ્યાએ આવા બાથરૂમ જોવા મળેલ ન હતા. તેની પાસેની ઝાંપલીના દરવાજાથી ભાગેલ તે જગ્યા પરનો રોડ મોટેરાના મુખ્ય રોડ તરફનો હતો. જેથી તેણીને બીજી બેગ આપવા ઉમા આવેલ તેમ જણાવેલ છે. તે ઝાંપલીની જગ્યાવાળી જગ્યાએ આજરોજ આવી કોઈ ઝાંપલી જોવા મળેલ નથી. પરંતુ તે જગ્યાએ દરવાજો મળેલ હતો. સદર દરવાજાવાળી જગ્યાએ અગાઉ ઝાંપલી હોય તેવા કોઈ ચિન્હો જોવા મળેલા નહી. આમ ભોગ બનનાર ઝાંપલીના દરવાજાથી ભાગેલ હોવાના એલીગેશન ખોટા સાબીત થાય છે તેમજ ઉમા પણ ભોગ બનનારના આક્ષેપોને ડીનાઈલ કરે છે. વધુમાં સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૮) માં જણાવેલ છે કે પંચનામાની કાર્યવાહીની શરૂઆતથી અંત સુધી તેઓ હાજર હતા ભેદવાળી જગ્યાનું કોઈ સેમ્પલ લેવાની સુચના તેઓએ આપેલી નહી. તેમજ ભેદવાળી જગ્યાની બાજુમાંની જગ્યામાંથી કન્ટ્રોલ સેમ્પલ લેવાની સુચના તેઓએ આપેલી નહી. વધુમાં આંક– ૧૯૩ વાળી યાદીમાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે ગુનાવાળી જગ્યાએ આવી અભિપ્રાય આપવો પરંતુ અભિપ્રાયની શા માટે જરૂર છે તેવો કોઈ ઉલ્લેખ યાદીમાં કે મૌખીક રીતે પણ જણાવવામાં આવેલ નહી તેમજ નવા કન્સ્ટ્રકશનનાં સેમ્પલ પણ સ્થળ ઉપરથી લેવામાં આવેલ નથી.

આમ ફરીયાદણ યાને ભોગ બનનાર ગુનાવાળી જગ્યા અંગે જે હકીકત જણાવે છે તેનાથી વિરૂધ્ધની હકીકત સદર સાહેદની જુબાનીમાં પ્રદર્શીત થયેલ છે.

(૯) વિ.વ.શ્રી ગાંધીનાઓએ એવુ પણ જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૧૪) તરીકે ડાઁ. શૈલેષ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે તારીખ–૧૬/૧૦/૨૦૧૩ ના રોજ અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે તેઓ ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન તેઓના સી.એમ.ઓ. ડાઁ સી. બી. ચૌબ્બે ફરજ પણ ઉપર હાજર હતા. હાલમાં તેઓ મરણ ગયેલ છે. તેઓએ ડાઁ. ચૌબ્બે સાથે સાતેક વર્ષ કામ કરેલ છે. જેથી તેઓ તેમના હસ્તાક્ષર તેમજ તેમના હસ્તાક્ષરમાં લખાયેલ હસ્તાક્ષરો તેઓ ઓળખી શકે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૩) માં જણાવેલ છે કે, આરોપીની તપાસ કરતા તેઓની ઓળખની નીશાની (૧) જમણા પગના અંગુઠા ઉપર જુનુ વાગેલાનું નીશાન હતુ (૨) પેટ ઉપર જમણી બાજુ તલનુ નીશાન હતુ તેઓનું વજન ૭૧ કે.જી. અને હાઈટ ૧૬૫ સેમી હતી. તેઓની તપાસ માટે કેસ પેપર્સમાં લેખીત સંમતી લેવામાં આવેલી. બનાવની વિગતો તેઓના હસ્તાક્ષરમાં કેસ પેપર્સમાં ગુજરાતીમાં લખવામાં આવેલ, જેનું ઈંગ્લીંશમાં પરીવર્તન કરીને સર્ટીફીકેટ નોંધવામા આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓ એટલે કે આરોપી નં.(૧) આશારામ બ્રહમચર્યમાં ખુબ માને છે. લગભગ દોઢ કરોડ પુસ્તકો પણ આશ્રમે વિતરણ કરી તેઓના ભકતો પણ તેમના સંસ્કારથી સંયમી થયેલા છે. બાર વર્ષ પહેલા આવુ નીચ કર્મ કર્યુ છે તે ભયંકર જુઠાણુ છે. ભગવાન સૌને સદબુધ્ધી આપે, આવુ કોઈ કૃત્યકર્મ કર્યુ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૧૫) ડાઁ ચિંતન સોલંકી નાઓને તપાસવામાં આવેલા છે. સદર સાહેદે જણાવેલ છે કે, તેઓ સમક્ષ એક દર્દી નામે આશારામ બાપુને તેઓની

હોસ્પીટલમાં માનસીક તપાસ અને શારીરીક સંભોગ અંગેની સક્ષમતા માટે તપાસ કરવા મોકલવામાં આવેલ સદરહુ દર્દીને તેઓએ તપાસેલ તેમની માનસીક સ્થિતીની તપાસ કરતા તેઓ માનસીક રીતે સંપુર્ણ સ્વસ્થ હતા તેમજ શારીરીક સંભોગ કરવાની સક્ષમતાની તપાસ કરતા તેમને આપેલ માહીતી મુજબ તેમને કયારેય પણ હસ્તમૈથુન કરેલ ન હતુ. સવારના સમયે પથારીમાં જયારે જાગે ત્યારે જે સ્વયંમ ઉથ્થાન થાય તેવુ તેમને જોયેલ નથી તેમ જણાવેલ, દર્દીને સ્વપ્નદોષ અંગેની પુછપરછ કરતા તેઓએ તેઓને જણાવેલ કે તેઓ નિયમીત સર્વાંગ આસન કરતા હોવાથી વિર્ય બહાર નીકળે નહી તેમ જણાવેલ છે.

**(૧૦)** વધુમાં વિ. વ. શ્રી ગાંધીનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૪) તરીકે ગોપી અરવિંદભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૫) માં ગુરુપુર્ણિમાના દિવસે સાધીકાનાઓના માતા– પિતા અને આશ્રમમાં રહેતી મહીલાઓના માતા પિતા બાપુ પાસે આવતા અને દક્ષિણા તેમજ ભેટસોંગાદ પોતાની ઈચ્છા મુજબ આપતા હતા. ચોકકસ રકમ કોઈ નકકી ન હતી. ભેટ સોંગાદ આપનાર વ્યકિતને આશારામ બાપુ તરફથી પ્રસાદ આપવામાં આવતો હતો. સત્સંગની પ્રવૃતિ મોટેરા આશ્રમ ખાતે થતી હતી. આમ બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧) તરીક તપાસવામાં આવેલ ગીતાબેને જણાવેલ હકીકતોને તેમજ પરીવાર સાથે દર્શન કરવા જતા હોવાની હકીકતોને પણ સદર સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થાય છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.(૨૬) તરીકે રાજુભાઈ કીશનલાલ ચાંડકનાઓને તપાસવામા આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૯) માં જણાવેલ છે કે પોલીસે તેઓને જે બનાવ વિશે નીવેદન માટે બોલાવેલ તે બનાવ અંગે તેઓને માહીતી ન

હતી. ત્યારબાદ સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં. (૩૪)માં કબુલેલ છે કે તારીખ-૦૭/૬/૨૦૧૭ ના રોજ તેઓએ જે જુબાની આપેલી તે સાચી અને ખરી આપેલી, તેમજ તારીખ-૦૭/૦૬/૨૦૧૭ ના રોજ તેઓએ સરતપાસમાં પોલીસ `તેઓને જે બનાવ વિશે નીવેદન માટે બોલાવેલ તે બનાવ અંગે તેઓને માહીતી ન હતી તે વિગત સાચી જણાવી છે. સદર સાહેદ આરોપી નં.(૧) આશારામને ફસાવવા માટેની રૂચી ધરાવતા હોવાનું સ્પષ્ટ થાય છે. તેઓ તેમના નિવેદનમાં ફરીયાદણને ઓળખતા નથી તેમ જણાવેલ છે જયારે જુબાનીમાં ઓળખતા હોવાનું જણાવે છે. વધુમાં તપાસનીશ અધિકારી સમક્ષ સદર સાહેદે ફરીયાદણ યાને ભોગ બનનારને ઓળખતા હોવાનું કથન કરેલ નથી. સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૦) માં જણાવેલ છે કે, અધિકારીએ મને પુછેલુ કે આ ફરીયાદ કરી છે તે ઈસમને તમે ઓળખો છો ? તે પ્રશ્નનો મે એવો જવાબ આપેલો કે ના એ બહેનને ફેશ ટુ ફેશ નથી ઓળખતો પણ એવા બહેન હોય છે જે ઘણા વકતા હતા તે ટાઈમમાં કે જે લોકો પ્રવચન કરતા ફેશ ટુ ફેશ ઓળખુ નહી. તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૦૦) માં જણાવેલ છે કે, રાજુ ચાંડક ફરીયાદણને ઓળખતા નથી તેવો વિડીયોગ્રાફી દરમ્યાન જવાબ આપે છે. આમ વિડીયોગ્રાફીમાં ડીનાયલ કરે છે જયારે સી.આર.પી. સી કલમ : ૧૬૧ મુજબનાં નિવેદનમાં રાજુ ચાંડક ફરીયાદણને ઓળખે છે. તેવી હકીકત તેઓ રૂબરૂના નિવેદનમાં લખાવેલ હોવાનું તપાસનીશ અધિકારી કબુલ કરેલ છે. આમ તપાસનીશ અધિકારી દવારા Unfair Practices નો આશરો લેવામાં આવેલ છે. સાહેદ રાજુ ચાંડકનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૨) માં જણાવેલ છે કે, તે સને ૧૯૮૩ થી વર્ષ ૨૦૦૨ સુધી બાપુ સાથે સમર્પિત હતા અને આશ્રમમાં જ

રહેતા હતા. ત્યારબાદ સદર સરતપાસના પેરા નં.(૫) માં જણાવે છે કે ગૌશાળા રાજસ્થાન ખાતે જયપુરથી ૮૦ કી. મી. દુર ટોક જીલ્લાના ગામ નીવાઈ ખાતે આવેલ છે. સદર ગૌશાળા ૫૦ વીઘા જમીનમાં આવેલ છે. જેમાં ૪૦૦૦ પશુઓ હતા. તેઓ સાથે મદદનીશ તરીકે ગજાનંદભાઈ, વ્યવસ્થાપક અને કેશીયર તરીકે રામસ્વરૂપ રહે. કીશનગઢ, જિ.અજમેરનાઓ હતા અને સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં. (૧૦) માં જણાવેલ છે કે, '' સદરહુ સ્ત્રી બહારથી આવેલ દર્શનાર્થી હતા અને તેઓ એકલા જ આવેલા. ઉપરોકત ઘટના જુલાઈ માસમાં બનેલી અને ત્યારબાદ એક મહીના પછી ઓગસ્ટમાં તેઓએ આશ્રમ છોડી દીઘેલ. ત્યારબાદ સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે તેઓએ આશારામ બાપુને તેમની કુટીયામાં કોઈ સ્ત્રી સાથે કઢંગી હાલતમાં જોયેલા. જે સ્ત્રીને તેઓ ઓળખે છે પરંતુ તેમનું નામ તેઓ આપી શકે નહી. સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૩૯) માં જણાવેલ છે કે, આ વીડીયોગ્રાફી દરમ્યાન જયપુર આશ્રમમાં આશારામ સાથેની સ્ત્રીને તમે જોયેલા અને ઓળખો છો તેવુ પુછવામાં આવતા તેઓએ જણાવેલ કે, તેઓએ તેમને જોયેલા નહી અને ઓળખતા નથી. એ વાત ખરી છે કે,આ સવાલ પછી અધિકારીએ મને પુછેલુ કે, એ બહેનને તમે ઓળખતા નથી એમ ? એ વાત ખરી છે કે,મે એવો જવાબ આપેલો કે,અગાઉ પણ નીવેદનમાં મે જણાવેલ છે કે,એ બહેનને તેઓ ઓળખતો નથી અને તે બહેનને ફેશ ટુ ફેશ તેઓ જોયેલા નથી. એ વાત ખરી છે કે તે સમય દરમ્યાન આશારામના રસોઈયા તરીકે લાલો હતો. સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૪૧) માં જણાવેલછે કે, આશારામને કોઈ છોકરી સાથે કઢંગી હાલતમાં જોયેલા તે વિગત તેઓએ જયપુર ખાતે ત્રિવેદી પંચ સમક્ષ જણાવેલી. આમ ડી. કે. ત્રિવેદી કમિશનમાં ટોંક જણાવેલ છે. આમ સાહેદ પોતે જ વિરોધાભાસી

નીવેદનો જણાવે છે. તપાસનીશ અધિકારી ડી.બી. રવિયા નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં.(૧૦૨) માં જણાવેલ છે. કે નીવાઈ, જયપુર આશ્રમ ખાતેના આશારામના આશ્રમ વિરૂધ્ધ રાજુ ચાંડકે તેના નિવેદનમાં જે આક્ષેપ કરેલા છે તે લગત તેના વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટમાં તેણે જણાવેલ છે કે તે કહેવાતી સ્ત્રીને ઓળખતો નથી. તેમજ એ સ્ત્રી ને ઓળખતો નથી. તે વસ્તુ વિડીયોગ્રાફીમાં જણાવી તે મે તેઓ રૂબરૂના રાજુ ચાંડકના નિવેદનમાં જણાવેલ નથી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૦૪) માં જણાવેલ છે કે સાહેદ રાજુ ચાંડકે તેઓ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે તે સ્ત્રીને તે ઓળખે પરંતુ તેનું નામ તે આપી શકુ નહીં. સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૪૦) માં જણાવેલ છે કે, સને–૨૦૦૪ સુધી ટોંક જીલ્લાના નીવાઈ ગામે કોઈ આશ્રમ ન હતો અને ત્યાં જંગલ હતુ. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૫) થી તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાએ પોતાની જુબાનીમાં આ અંગે કોઈ એલીગેશન કરેલ નથી કે જણાવેલ નથી. આમ સાહેદ પ્રજ્ઞેશ, રાજુ ચાંડકે જણાવેલ હકીકતોને અનુમોદન આપતો નથી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૯) તરીકે જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેન પરીખનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદણે તેઓની સરતપાસના પેરા નં.(૬) માં કબુલ કરેલ છે કે તેઓએ શાંતીવાટીકા જોયેલ નથી. આમ ફરીયાદપક્ષનો દસ છોકરીઓને શાંતીવાટીકા લઈ જવાનો આક્ષેપ હતો તેમાં જીજ્ઞા ઉર્ફે સોનલબેન પણ હતા. સદર સાહેદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૯) માં જણાવેલ છે કે તેણી આશ્રમમાં અગિયારેક વર્ષ જેટલુ રહેલી તે દરમ્યાન તેણી સાથે કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી.

**(૧૧)** ત્યારબાદ વિ.વ.શ્રી ગાંધીનાઓએ જણાવેલ છે કે, તપાસનીશ

અધિકારી ડી. બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૦૧) માં કબુલ કરેલ છે કે, રાજુ ચાંડકના કહેવાતા નીવેદનમાં નીવાઈ, રાજસ્થાન ખાતે આશ્રમ આવેલ હતો તે બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ નથી તેમજ નીવાઈ રાજસ્થાનની કહેવાતી ઘટના અંગે રાજુ ચાંડકે જે કહેવાતા નીવેદનમાં જણાવેલ છે તે સંબંધે રસોઈયા પ્રજ્ઞેશ ઉર્ફે લાલાએ તેના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ રાજુ ચાંડકના નિવેદનમાં પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનો જે રસોઈયા તરીકેનો ઉલ્લેખ આવે છે. તે માટે તેઓએ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી કે નિવેદન લેવા કોઈ પ્રયત્ન પણ કરેલ નથી. તેમજ રાજુ ચાંડકે તારીખ–૧૦/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, આશારામ બાપુનો રસોઈયો લાલો તેમને જોઈને તેના મોઢા ઉપરના હાવભાવ બદલાઈ ગયેલ હોય જેથી તે આશ્ચર્યચકીત થઈ ગયેલ પણ તેઓને રસોઈયા લાલા સાથે કોઈ ચર્ચા થયેલ નહી. ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસના પેરા નં.(૧૦૨) નીવાઈ, જયપુર આશ્રમ ખાતેના આશારામ બાપુ વિરૂધ્ધ રાજુ ચાંડકે તેના નિવેદનમાં જે આક્ષેપો કરેલા છે તે લગત તેના વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટમાં તેને જણાવેલ છે કે તે કહેવાતી સ્ત્રીને ઓળખતો નથી અને જે વસ્તુ વિડીયોગ્રાફીમાં જણાવી તે તેઓ રૂબરૂના રાજુ ચાંડકના નિવેદનમાં જણાવેલ નથી. તેમજ સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦૩) માં જણાવેલ છે કે, આશારામ બાપુ સને–૨૦૦૨ માં નીવાઈ– જયપુર, રાજસ્થાન ખાતે રોકાયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી. તેમજ બ્રેઈન વોશ લગત રાજુ ચાંડકે કોઈ છોકરીઓના નામ આપેલ નહી તેમજ તેઓએ તેવી કોઈ છોકરીઓની તપાસ કરી તેવી છોકરીઓના નિવેદન પણ લીધેલ નથી. ત્યારબાદ સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦૭) માં જણાવેલ છે કે, રાજુ ચાંડક ઉપર થયેલ એફ. આઈ.આર. માટે તેઓએ તે પોલીસ સ્ટેશનોથી

વિગતો મેળવવાનો કોઈ પ્રયત્ન કરેલ નહી. ત્યારબાદ ઉલટતપાસના પેરા નં.(૧૦૮) માં જણાવેલ છે રાજુ ચાંડકે કરેલા આક્ષેપો લગત કોઈ પુરાવો તેઓની તપાસમાં મળી આવેલ નહી. આમ પ્રજ્ઞેશ ઉર્ફે લાલો રાજુ ચાંડકની વાતને ખોટી ઠરાવે છે. વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૭૫) તરીકે તપાસવામાં આવેલ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈનાઓની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસનાં પેરા નં.(૩૮) માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે નીવાઈની ગૌશાળામાં આશરે ચાર થી પાંચ હજાર જેટલી ગાયો હતી. ગૌશાળાની ચારેય બાજુ જંગલ આવેલ હતું. આ ગૌશાળામાં કોઈ આશ્રમ ન હતો. ત્યાં કોઈ બાંધકામ કે બાંધકામ ચાલુ હોય તેવી પણ જગ્યા ન હતી અને સને-૨૦૦૨ માં આશારામ નીવાઈ આવેલ ન હતા. આમ રાજુ ચાંડકે કરેલા આક્ષેપોને સદર સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૨)** વધુમાં વિ.વ.શ્રી ગાંધીનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૧) થી તપાસવામાં આવેલ સાહેદ વર્ષાબેન ગુપ્તાનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧) માં જણાવેલ છે કે, તેઓ આશ્રમમાં હતા ત્યારે આશરે બસો થી ત્રણસો મહીલાઓ આશ્રમમાં સેવા આપતી હતી. બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ સાહેદ નિશાંત જાદવાણી નાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૫) માં જણાવેલ છે કે મહીલા આશ્રમમાં અંદાજીત દોઢસો થી બસો મહીલાઓ રહે છે. આમ વર્ષાબેનની ઉપરોકત હકીકતને નિશાંત જાદવાણીની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં બચાવપક્ષના વિ. વ. શ્રીએ એવી ભારપુર્વક દલીલ કરેલ છે કે આશ્રમમાં સેવા બદલ કોઈ પગાર આપવામાં આવતો નથી તેમજ વેતન પણ આપવામાં આવતુ નથી. બધા એજયુકેટેડ લોકો રહે છે અને સારા સારા ફેમીલીથી

આવેલ લોકો પણ આશ્રમમાં રહે છે. વધુમાં બચાવપક્ષના સાહેદ નંબર (૨) વિક્રમ રાઠોડનાઓએ જે સ્ટીંગ ઓપરેશન કર્યુ તે અંગે ડૉ. કે. ડી. પટેલે મેટ્રોપોલીટન કોર્ટ અમદાવાદમાં જે ફરીયાદ કરી તેની પ્રમાણીત નકલ આંક– ૭૦૨ થી રજુ કરવામાં આવેલ છે તેમજ આંક–૭૧૩ થી ડૉ. કે. ડી. પટેલ નાઓએ સી. આઈ. ડી. ક્રાઈમ ને કરેલ ફરીયાદ/ અરજીની નકલ રજુ કરવામાં આવેલ છે. **આંક–૮૨૩ થી વંદનાબેને કરેલ** ફરીયાદની નકલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૨૫) અરવિંદભાઈ પટેલ એન્જીનીયર હતા તેઓ સોળ – સત્તર વર્ષ આશ્રમમાં રહેલા. ફરીયાદપક્ષના સાહેદ નં. (૨૯) જીજ્ઞાબેન ફાર્માસીસ્ટ છે. ફરીયાદપક્ષના સાહેદ નં. (૫૦) આશાબેન ડૉકટર છે. તેઓ નાનપણથી આશ્રમ પ્રત્યે શ્રધ્ધા ધરાવે છે. ફરીયાદપક્ષના સાહેદ નં. (૨૬) રાજુ ચાંડક એન્જીનીયર છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૧) ઈશ્વર નાયક એમ. બી. એ. હતા. આમ જે લોકો આશ્રમ છોડી ગયેલ તે પાછળ કોઈને કોઈ રીઝન હતા. આશ્રમ તરફથી તેઓને વકતા તથા સંચાલકોની પદવી આપવામા આવેલ અને આરોપી નં.(૧) આશારામના લાખોની સંખ્યામાં અનુયાયીઓ છે અને તેઓને બહુમાન તથા સન્માન મળતુ હતું. આરોપી નં. (૧) આશારામનો સ્વભાવ ખુબ કડક હતો. કોઈની પણ ભુલ થાય તો ઠપકો આપતા હતા અને બોલતા પણ હતા. જેથી અમુક સાધકોને બદનામી મળેલ અને તે કારણે તેઓએ આશ્રમ છોડેલો. સને–૧૯૭૧ માં આરોપી નં. (૧) આશારામ દવારા સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આમ વિશાળ વર્ગમાંથી માત્ર દસથી પંદર જેટલા લોકો સંસ્થા છોડીને નીકળી ગયેલ છે. અગર તો તેઓને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ છે અને તેઓની સાથેના અનુયાયીઓ આશ્રમમાં સેવા પુજા કરે છે અને હાલની તારીખે દસ –પંદર લોકોને છોડીને બાકીના અનુયાયીઓ બાપુની સ્પીચ ફોલો કરે છે. સંસ્થા હાલ પણ કાર્યરત છે. આશ્રમમાં સૌ પોતાની મરજીથી સેવાપુજા કરે છે.

કોઈને પકડીને સેવા માટે બોલાવવામાં આવતા નથી. કહેવાતા બનાવના ઘણા વર્ષો સુધી ફરીયાદણ યાને ભોગ બનનાર મૌન રહેલ છે. આશ્રમમાં મંત્ર–દીક્ષા તથા સત્સંગ દરમ્યાન ગીતા– મહાભારત અંગે પ્રવચન આપવામાં આવે છે અને લાભ મળેલા લોકો સંસ્થા સાથે જોડાયેલા છે.

**(૧૩)** ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૯) થી તપાસવામાં આવેલ જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેન પરીખનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૩) માં જણાવેલ છે કે આશ્રમમાં સવારે પાંચ વાગે ઉઠવાનું હતું ત્યારબાદ પુજાપાઠ કરવાનું અને આઠ વાગ્યાની આસપાસ નાસ્તો આપતા અને ત્યારબાદ સેવા કરવાની હતી. તેણી ફાર્માસીસ્ટ હોઈ દવાખાનામાં સેવા આપવા જતી હતી. ત્યારબાદ સદર સાહેદ તેઓની જુબાનીના પેરા નં.(૧૬)માં જણાવે છે કે તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, તેણી સને–૨૦૦૧ માં કચ્છ–ભુજ ખાતે ભુકંપ આવેલ ત્યારે આશ્રમના સંચાલક અરવિંદભાઈ હતા અને તેઓએ હેલીકોપ્ટરની વ્યવસ્થા કરતા સામાન સાથે મદદ અને આશ્વાસન – પ્રવચન આપવા સારુ વકતા તરીકે ગયેલી. હેલીકોપ્ટરમાં તેણી તથા જશોદા ભુજની, હીરલ સૌરાષ્ટ્રની, ભાવની, ફરીયાદણ યાને ભોગ બનનાર, વર્ષા વિગેરે ગયેલા, આમ અસરગ્રસ્ત લોકોને મદદરૂપ થવા માટેની સેવાકીય પ્રવૃતિઓ પણ આશ્રમ દવારા કરવામાં આવે છે અને તેમાં ભોગ બનનાર પણ અન્ય સ્ત્રીઓ સાથે સેવા અર્થે ગયેલ. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૨૫) તરીકે અરવિંદભાઈ પટેલનાઓને તપાસાવમાં આવેલ છે. સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૮) માં જણાવેલ છે કે મહીલા આશ્રમની મહીલાઓ સત્સંગ કરવા માટે આવતી હતી. ત્યારબાદ સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૪)માં જણાવેલ છે કે તેઓના

આશ્રમ નિવાસસ્થાન દરમ્યાન તેઓએ કોઈ ગેરરીતી કે દુષ્કૃત્ય અંગેની કોઈ હકીકત જાણેલ નથી કે જોયેલ નથી કે સાંભળેલ નથી અને હાલમાં પણ તેઓ આશ્રમની નજીકમાં રહે છે અને બાપુએ સત્સંગમાં જે ઉપદેશો આપેલા તે ઉપદેશોનું આજે પણ તેઓની જીંદગીમાં પાલન કરે છે. તેમજ તેઓ જયાં સુધી બાપુના આશ્રમમાં રહયા ત્યાં સુધી વાતાવરણ શુધ્ધ અને પવિત્ર હતુ. ત્યારબાદ સાહેદે પોતે જણાવેલ છે કે હાલમાં પણ આશ્રમનું વાતાવરણ શુધ્ધ અને પવિત્ર હશે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૨૪) તરીકે ગોપી અરવિંદભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૪)માં જણાવેલ છે કે મહીલા આશ્રમમાં મહીલાઓને રાખવાનું કારણ અનુષ્ઠાન, સત્સંગ વિગેરે પ્રવૃતિ માટે રાખવામાં આવતા. અનુષ્ઠાન દરેક સાધીકાઓ જાતે જ કરતી હતી અને અનુષ્ઠાન પુરા થયા બાદ બાપુ પાસે લઈ જવામાં આવતી નહી. સદર સાહેદે બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટતપાસના પેરા નં. (૧૦) માં જણાવેલ છે કે અમારુ સમગ્ર કુંટુંબ આશ્રમમાં સેવા માટે અને સત્સંગ તથા આત્મઉન્નતિ માટે રહેલા અને ધાર્મિક પ્ર વૃતિ કરતા હતા. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૨૩) તરીકે જીગ્નેશ જયંતીભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૫) માં આશારામ બાપુના આશ્રમમાં રામાયણ, મહાભારત ઉપર સત્સંગ થતો હતો. તે થકી આત્મકલ્યાણનો માર્ગ મળેલો તેમજ આશ્રમનું વાતાવરણ શાંત જોયેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૦) થી તપાસવામાં આવેલ આશાબેન દીક્ષીતનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧) માં અનુષ્ઠાનમાં જવા માટે કોઈ ચોકકસ ફોર્મ ભરવાની કે એવી કોઈ પ્રક્રિયા ન હતી. ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૮) માં જણાવેલ છે કે અનુષ્ઠાન કરનાર

વ્યકિત સ્વૈચ્છાથી સાત દિવસ, અગિયાર દિવસ તથા એકવીસ દિવસનું અનુષ્ઠાન કરતા હોય છે તેમજ અનુષ્ઠાનમાં સવારે વહેલા ઉઠી પુજા કરવાની, જપ માળા કરવાની અને આશ્રમમાં જેનાથી જે કામ થાય તે કરવાનું હોય છે અને આ હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ છે. તેમજ મહીલા આશ્રમમાં સાધીકાઓ સેવા, જપ , ઘ્યાન અને પુજાપાઠમાં વ્યસ્ત રહેતા હોય છે. ત્યારબાદ સદર સાહેદે ઉલટતપાસમાં પેરા નં.(૯) માં જણાવેલ છે કે, બાપુ જયારે પ્રવચન આપતા ત્યારે ગીતા, વેદશાસ્ત્ર, ભગવત ગીતા વિગેરે પર આપતા હતા અને પ્રવચનમાં બાપુ કહેતા હતા કે ગર્ભપાત મહાપાપ છે અને તે બાબતે ''ગર્ભપાત મહાપાપ'' નામની બુકલેટ પણ આપતા હતા અને મહીલા સાધીકાઓ સ્વૈચ્છાથી અનુષ્ઠાન માટે આશ્રમમાં આવે અને અનુષ્ઠાનનો સમય પુર્ણ થતા સ્વૈચ્છાથી ઘરે જતા રહેતા હતા અને મહીલા આશ્રમમાં જે સ્ત્રીઓ રહેતી તે પોતાની સ્વૈચ્છાથી રહેતી હતી. ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૫) થી પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૩)માં જણાવેલ છે કે, તેઓએ આશારામનો મોટેરા, અમદાવાદ ખાતેનો આશ્રમ જોયેલ છે. તેઓ આ આશ્રમમાં આશરે સાત–આઠ વર્ષ રહેલો, તેઓ સવારે ઉઠીને સંઘ્યામાં જતા હતા ત્યારબાદ આશ્રમમાં સેવાનું કામ કરતા હતા આમ સદર સાહેદ ૧૯૯૧ થી ૨૦૦૬ સુધી આરોપી નં.(૧) આશારામ જોડે જ રહેતા હતા. તેમજ સને–૨૦૦૨ ની આજુબાજુ સુધી આશારામના રસોઈયા તરીકે સેવા આપેલ છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૭) થી તૃપ્તીબેન પટેલનાઓને તપાસવામાં આવેલ તેઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૬૬) માં જણાવેલ છે કે, આશ્રમમાં રહીને ગુરુભકિત કરી, ઈશ્વર પ્રાપ્તી માટે ઘ્યાન ઘર્યુ અને ચંદ્રાયણ વ્રત પણ કર્યુ. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૪)

તરીકે તપાસવામાં આવેલ ડૉ. કાનન દેસાઈનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૧૫) માં જણાવેલ છે કે, તૃપ્તીબેને તેઓ રૂબરૂના નિવેદનમાં સવારે વહેલા ઉઠી આસન, યમ, નિયમ, પ્રાણાયમ તથા ભજન કરતા હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૨) તરીકે મહેન્દ્ર કિશોરીલાલ ચાવલાનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા નં.(૧૨) માં જણાવેલ છે કે, તેઓ પ્રાર્થનાના સમયે વહેલા ઉઠતા અને પ્રાર્થનામાં જતા હતા અને પ્રાર્થનામાં જવાનું ફરજીયાત હતું. પ્રાર્થનામાં ન જાય તો તેને રાતનું ભોજન મળતુ ન હતું. બચાવપક્ષ તરફે સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ નીશાંત જાદવાણીનાઓએ તેઓની સરતપાસ ના પેરા નં.(૧૬) માં આશ્રમની વિવિધ એકટીવીટી અંગે વિગતવાર જણાવેલ છે. તેમજ ગરીબ આદીવાસી વિસ્તારમાં ધર્માંતરણને રોકવા આશ્રમ દવારા ''ભજન કરો, ભોજન કરો'' યોજના પણ ચલાવવામાં આવે છે અને જેમાં ગરીબ આદીવાસી લોકો આશ્રમમાં આવી સવારે ભજન કરે, બપોરે તેમને જમવાનું આપવામાં આવે અને ફરી ભજન કરે અને સાંજે તેમને દક્ષીણા પણ આપવામાં આવે. આમ ગરીબીવાળા વિસ્તારોમાં દિવાળીમાં કેમ્પ યોજી ભંડારા કરવામાં આવતા હતા. તેમજ સ્વામી વિવેકાનંદજી દવારા અમેરીકામાં ભારત તરફે જે પ્રવચન આપવામાં આવેલ હતું. જેનો આજથી અંદાજે સોએક વર્ષ અગાઉ આયોજન થયેલ હતું. તે જ ધર્મસભામાં આપણા ભારત દેશનું પ્રતિનિધીત્વ બાપુજીએ કરેલ. વધુમાં આશ્રમમાં ચાલતી સેવાકીય પ્રવૃતિઓ અંગે ફરીયાદપક્ષ દવારા સદર સાહેદની જુબાનીમાં કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૪)** ત્યારબાદ વિ.વ.શ્રી ગાંધીનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, આરોપી નં.(૧) આશારામ બાપુને જોધપુરની સેશન્સ કોર્ટ દવારા જયારે આરોપી

નં.(૧) આશારામના પુત્ર નારાયણ સાંઈને સુરતની સેશન્સ કોર્ટ દવારા સજા કરવામાં આવેલી છે. આ બંને હુકમોને હકુમત ધરાવતી નામદાર હાઈકોર્ટમાં ચેલેન્જ કરવામાં આવેલ છે. દરેક કેસની ફેકટ અલગ અલગ હોય છે. હાલના કેસમાં અખીલ ગુપ્તાને સાત દિવસ સુધી એ.ટી.એસ. ઓફીસમાં રાખ્યાનું તેઓની પત્ની વર્ષાબેન કબુલ કરે છે. આમ અખીલ ગુપ્તા મહત્વના સાક્ષી હતા. તેઓ વર્ષાને શાંતીવાટીકા લઈ ગયેલ નથી. તેમજ વાટીકામાં જઈ તેની પરીસ્થિતી નોંધવામાં આવેલ નથી. ફરીયાદપક્ષના તમામ સાહેદો Interested witnesses છે. બચાવપક્ષે જરૂરી તમામ દસ્તાવેજી પુરાવા રજુ કરીને ફરીયાદપક્ષનો કેસ ખોટો હોવાનું સાબીત કરેલ છે. ફરીયાદણ યાને ભોગ બનનાર અનુષ્ઠાન પછી તેણીને સુરત જવા દીધેલ નહી તેમ જણાવે છે. જયારે તેની સગી બહેન ગીતા તેણીએ એટલે કે વીકટીમે(ફરીયાદણે)આવવાની ના પાડી તેમ જણાવેલ છે. આ સંજોગોમાં ફરીયાદણ યાને ભોગ બનનારના માતૃશ્રી મહત્વના સાક્ષી છે. તેઓનું નીવેદન પણ રેકર્ડ કરવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફથી તેઓને વિટનેશ બોક્ષમાં રજુ કરવામાં આવેલ નથી કારણ કે ફરીયાદપક્ષને ખબર છે કે તે ફરીયાદપક્ષના કેસને મદદ નહી કરે. માતા તરીકે ભોગ બનનારના વર્જનને માનેલ નથી. વીકટીમની સત્સંગની સીડી એકઝીબીડેડ સીડી છે. તેમા તેણી સત્સંગ કરતી દેખાઈ આવે છે. સદર સીડી જોતા બહુજ સારી રીત ફ્રી માઈન્ડથી સત્સંગ કરતા હોવાનું દેખાઈ આવે છે. આમ, **action speech, more than words** . વધુમાં વિકટીમે આશરે ૮૦ જેટલા સવાલોના જવાબો યાદ નહી હોવાનું જણાવેલ છે. જે એવોઈડ કરવુ હોતુ તે યાદ નહી હોવાનું જણાવેલ છે.

**(૧૫)** આરોપી નં.(૬) ધ્રુવબેન ભાવનગર જીલ્લાના વતની છે. તેઓના પિતાશ્રી ગુરુમલ રાધેમલ બાલાની પુર્વ ડેપ્યુટી મેયર હતા. તેઓનું સને–૨૦૧૮ માં

નિધન થયેલ છે. તેઓ વિવિધ કમીટીના સભ્ય હતા. ૧૯૮૫ થી ૧૯૮૬ સુધી મેયર તરીકે નિમણુક પામેલ, આમ ધ્રુવબેન સારુ ફેમીલી બેકગ્રાઉન્ડ ધરાવેલ છે. જો આશ્રમમાં કઈ ખોટુ થતુ હોય તો તેના વાલી/પેરેન્ટસ સંસ્થામાં તેઓના બાળકને રહેવા જ ન દે. ખોટા કૃત્યો કરવાનું ઉભુ જ થતુ નથી. સદર કેસમાં ફરીયાદપક્ષના કેસને કોઈ મેડીકલ એવીડેન્સ પણ સપોર્ટ કરતો નથી. ફરીયાદણ યાને ભોગ બનનારે ડૉકટર સમક્ષ જણાવેલ ઈતિહાસમાં ઈ. પી. કો. કલમ– ૩૭૭ લગતના કોઈ આક્ષેપો જણાવેલ નથી. સાહેદ પારૂલબેન કે પોતાના પતિને પણ તે લગત કઈ જણાવવામાં આવેલ નથી. ફરીયાદણની ફરીયાદ અને તેણીના નિવેદનના પહેલા પાર્ટમાં –૩૭૭ લગત અને સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબના મેજીસ્ટ્રેટ રૂબરૂ ના નિવેદનમાં અને અત્રેની કોર્ટમાં આપેલ જુબાનીનાં બીજા પાર્ટમાં તે અંગે એલીગેસન કરેલ છે. વધુમાં સ્પે.પીપી જણાવે છે કે અનચેલેન્જ ક્રોસ થયેલ છે તે માટે વીકટીમની જુબાનીના પેરા નં–(૪૩), (૧૧૭) તથા (૧૨૫) માં બધીજ વિગતો પર સ્પેશીફીક ડીનાયલ કરવામાં આવેલ છે. તેમજ એલીગેશન સંદર્ભે પણ વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે.

**(૨૫)** બચાવપક્ષ તરફથી નીચે મુજબની કાયદાકીય ઓથોરીટીઓઝ ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**(1) <u>CITATIONS ON BEHALF OF ACCUSED NO - (1), (3), (4), (5), (7)</u>**

**(A) CITATIONS RELATING TO EVENTS NARRATED BY COMPLAINANT**

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | AIR 1968 Supreme Court 1413 | Gopal Krishnaji ketkar Vs. Mohammed |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| | | Haji Latif and others. |
| 2 | 2010 (3) SCC (Cri) 230 | Sanjeev Kumar Vs. State of Punjab. |
| 3 | 2014 (7) Supreme Court Cases 716 | Adambhai Sulemanbhai Ajmeri Vs. State of Gujarat. |
| 4 | 2016 (3) GLR 2530 | State of Gujarat Vs Krushnasinh and Bapalal Chandrasinh and Chandubha Rana and Ors. |
| 5 | 2010(1) SCC (Cri.) 1445: 2009 (14) SCC 541 | Mussauddin Ahmed Vs State of Assam. |
| 6 | 2014 (14) Supreme court Cases 22 | Deny Bora Vs. State Of Assam. |
| 7 | 2015(3) SCC Cri. 82 | Mohd. Ali alias Guddu Vs. State of Uttar Pradesh. |
| 8 | 1992 (1) GLH 509 | Ashok Shankerbhai Vs. State of Gujarat. |
| 9 | Cri.A No. 1796 of 2018 with Cri.A No 1804 of 2008 with Cri.A. No 1723 of 2008 | State of Gujarat Vs Akhtarkhan Abdulsattarkhan Pathan. |
| 10 | 2015 (1) SCC (Cri.) 59 : 2014 (10) SCC 254 | Munna Vs State of Madhya Pradesh. |
| 11 | 2018 (3) GLR 2102 | Zala Ranubha Nanubha Vs. State Of Gujarat. |
| 12 | 2019 (0) AIJEL- HC 240436 | Ajitkumar Kumarsinh Bhagora Vs State of Gujarat. |
| 13 | 2012 CRI. L.J 4119 | Rai Sandeep Alias Deepu V. State of NCT of Delhi, Hari Singh V. State (NCT) of Delhi. |
| 14 | 2008 (15)SCC 133 | Raju and others Vs. State of Madhya Pradesh. |
| 15 | 2011 (7) SCC 130 | Krishan Kumar Malik Vs. State of Haryana. |
| 16 | 1994 AIR SCW 1500 | Rampal Pithwa Rahidass (Appellant) and others Vs.State of Maharashtra (Respondent) with state of Maharashtra (Appellant) Vs. Basawan and others ( Respondents) . |
| 17 | Cri.A No 120 Of 2000 | Shaikh Mohammed Sk. Oman Vs. State of Maharashtra. |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| 18 | 1974 Cri. L.J 1 | Kali Ram V. State of Himachal Pradesh. |
| 19 | Cri.A No 611 of 2022 with Cri.A No 612-613 of 2022 with Cri.A No 614-615 of 2022 | Rahul vs State of Delhi Ministry of Home Affairs & Anr. With Ravi Kumar Vs State Of Nct Of Delhi with vinod @ Chhotu vs The State Govt. Of Nct Of delhi Home Affairs. |
| 20 | 2001 (0) GLHEL -HC- 206357 | Keshvanand Harinarayan Swami @ Kamal Vishweshwar Sharma Vs. State of Gujarat. |
| 21 | AIR 2004 SC 3249 | Narendra Singh Vs State Of M.P. |
| 22 | AIR 1971 SC 1898 | Gian Mahtani Vs State of Maharshtra. |
| 23 | AIR 1975 Supreme Court 258 | State of Punjab Vs Bhajan Singh and Others. |
| 24 | 2018 (2) SCC 342 | State of Himachal Pradesh Vs. Trilok Chand and Anothers. |

## (B) CITATIONS REGARDING DELAY IN FILING FIR

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | AIR 1973 Supreme Court 501 | Thulia Kali Appellant Vs. The State Of T.N. Respondent. |
| 2 | 2014(3) GLR 2334 | Rakesh Kumar Damodarji Acharya And others Vs. State of Gujarat . |
| 3 | 2018 GLR 512 | Mahavirsinh Bharatsinh Gharasiya Vs. State Of Gujarat. |
| 4 | 2020 (1) GLR 27 | Ajitkumar Kumarsinh Bhagora Vs State of Gujarat. |
| 5 | 2019(0) AIJEL - HC-240436 | Ajitkumar Kumarsinh Bhagora Vs. State of Gujarat. |
| 6 | 2018 (1) SCC Cri 381,(2017) 13 SCC 491 | Machindra Vs. Sajjan Galfa Rankhamb. |
| 7 | 2010(14) SCC 534 | Jai Krishna Mandal and Another Vs. State of Jharkhan. |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## (C) CITATIONS RELATED TO LAPSES IN INVESTIGATION AND ILLEGAL INVESTIGATION:

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | 2017 CR.LJ 4595 | Kavinaben Tejasbhai Sayar Vs. State of Gujarat. |
| 2 | (2012) 1 SCC (CRI) 717 | Kailash Gour And others Vs. State of Assam. |
| 3 | (2018) 3 SCC (CRI) 245 : (2018) 7 SCC 536 | Kumar Vs. State Represented By Inspector of Police. |
| 4 | (2013) 2 SCC (CRI) 427: (2013) 4 SCC 422 | Sunil Kundu and Another Vs. State of Jharkand wiht Hira Lal Yadav Vs. State of Jharkhand with Nageshwar Prasad Sah Vs. State Of Jharkhand. |
| 5 | 2013 (3) G.L.H. 272 | Mahadevgiri Mohangiri Goswami Vs. State Of Gujarat. |

## (2) LIST CITATIONS ON BEHALF OF ASSUSED NO - (2)

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | 1999 (5) SCC 33 | Ram Prasad Vs State of Maharashtra. |

## (3) LIST CITATIONS ON BEHALF OF ASSUSED NO - (6)

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | 2014(2) AICLR 437: 2014(27) R.C.R. (CRIMINAL 657) | Chandan Giri Vs. State of West Bengal . |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

| | | |
|---|---|---|
| 2 | 2013(3) GCD 1687 : 2013(8) R. C. R (CRIMINAL) 2465 | State of Gujarat Vs Patel Babu Dungerbhai. |
| 3 | 2011 AIR (SCW) 3104 | Bhaiyamiya @ Jardar Khan and another Vs. State Of Madhya Pradesh . |
| 4 | 2010(12) SCC 155 | Abbas Ahmad Chaudhary Vs. State Of Assam. |
| 5. | 2013(4) Cri. CC 300 : 2014(8) R.C.R. (Criminal) 1061 : 2013(3) Cri. L.R.( Raj.) 1303 | Virendra Singh Vs. State of Rajasthan. |
| 6 | Criminal Appeal No 106 of 1970 Supreme Court of India | Ram Kishan Singh Vs. Harmit Kaur and another. |
| 7 | 2009(2) Crimes 156 : 2009 ALL MR (Cri) 359 :2008 Mh.LJ (Cri.) 419 : 2008(24) R.C.R.(Criminal) 902 | Shivaji Gaonkar Vs. State (Quepem Police Station). |
| 8 | 1992 CriLJ 2080 : 1992 Cri. L.R. (Guj.) 269 | Koli Jaga Rana Vs. State of Gujarat. |
| 9 | 2012(3) ECrc 234 | Narender Kumar Vs State (NCT of Delhi). |
| 10 | 2005(1) Mh.L.J 371 | Orsu Venkat Rao Vs. State Of A.P. |
| 11 | Criminal Appeal No. 204 Of 2021 | Vishnu Vs State of U.P. |

## (A) CITATIONS REGARDING INTERESTED WITNESS:

| Sr. No | CITATIONS | PARTY NAME |
|---|---|---|
| 1 | AIR 1984 SC 1622 (1) | Sharad Biridhichand Sarda Vs. State Of Maharashtra. |

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## ફરીયાદપક્ષની કેસ પુરવાર કરવાની તથા બચાવપક્ષની તેઓ નિર્દોષ હોવાની સંભાવનાની શકયતા સબંધેની જવાબદારી.

(૨૬) આરોપીઓ સામેના ગુનાના આવશ્યકત તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે. ફરીયાદપક્ષ તરફે પુરાવાની માત્રા, ગુણવત્તા એ પ્રકારની તથા કક્ષાની હોવી જોઈએ કે ગુન્હો નિ:શંકપણે તમામ શંકાથી પર પુરવાર થાય કારણ કે ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે અને આ બોજો ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કયારેય ખસતો નથી કે હળવો થતો નથી. ફોજદારી કાર્યવાહીમાં અગત્યનું તત્વ ઈરાદાનું તત્વ છે. ઈરાદાનું તત્વ માનસિક પ્રક્રિયાના કારણે બંધાતી માનસિક અવસ્થા છે. અને આ માનસિક અવસ્થા બાબતે જવલ્લે જ લેખિત પુરાવો ઉપલબ્ધ થાય. માનસિક અવસ્થા તથા ગુન્હો કરવાના સમયની માનસિક પ્રક્રિયા વ્યકિતના વર્તન ઉપરથી તથા સમય અને સંજોગો ઉપરથી ફલીત થાય છે. જેથી ફોજદારી કાર્યવાહીમાં મૌખિક પુરાવો અગત્યનો ભાગ ભજવે છે.પુરાવો મૌખિક હોય કે લેખિત હોય કે સાંયોગીક હોય નિર્ણાયક પરિબળ પુરાવાની વિશ્વસનીયતા છે, અને જયારે કોઈપણ પુરાવો હોય અને તેમાં શંકાનું તત્વ પ્રવેશે તેમાં જયારે શંકાને સ્થાન હોય ત્યારે આવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરિણમે, એ પણ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે, શંકા આખરે શંકા છે તે ગમે તેટલી દ્રઢ હોય તો પણ સાબિતીનું સ્થાન લઈ શકે નહી. પ્રત્યેક કિસ્સામાં આરોપીનું વર્તન અલગ અલગ પ્રકારનું હોય છે. હકીકત, સંજોગો,ભોગ બનનારની સ્થિતિ, સ્થળ,સમય,ઈજા, હથિયાર, મૃત્યુનું કારણ વિગેરેમાં

ભિન્નતા હોય છે અને તે કારણે પ્રત્યેક કેસનો નિર્ણય,વ્યકિતગત કેસના સંજોગો અને પુરાવાઓ તથા હકીકત ઉપરથી કરવાનો રહે છે. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનું તહોમત સાબિત કરવા માટે આરોપીને આરોપ સાથે સાંકળતો પુરાવો રજુ કરવો પડે અને તે કોઈપણ શંકારહિત પુરવાર કરવો પડે.આવો પુરાવો લેખિત, મૌખિક કે સાંયોગીક પણ હોઈ શકે. સાંયોગીક પુરાવો એટલે કે જેમાં બનાવ અંગે પ્રત્યક્ષ પુરાવો ન હોય, પરંતુ એક પછી એક એવા સંજોગો આવતા જાય અને જેની કડીબધ્ધતાના કારણે આખરે આરોપી દોષિત હોવાની તારવણી કાઢી શકાય. આ પ્રકારના સંજોગોમાં પણ ફરીયાદપક્ષે ગુન્હો તો નિ:શંકપણે જ પુરવાર કરવાનો રહે છે. થયેલો ગુન્હો આરોપીએ જ કર્યો છે તે બાબત અંગે અન્ય વિકલ્પ, અન્ય કારણ કે કોઈ શંકાને સ્થાન રહેવુ જોઈએ નહી. જે સંજોગો પુરવાર થાય તે સંજોગો, તમામ સંજોગો મળીને આરોપી વિરૂધ્ધ એક મજબુત સાંકળ ઉભી થાય છે કે જેમાં અન્ય કોઈ વ્યકિત નહિ કે અન્ય કોઈ કારણ નહિ. માત્ર આરોપી જ દોષિત પુરવાર થાય. કોઈ એક સંજોગ નહિ કે એક વિધાનના કારણે નહિ, પરંતુ તમામ સંજોગોની એકંદર અસરના કારણે ગુન્હો પુરવાર થાય ત્યારે તે સાંયોગીક પુરાવો બની રહે.

(૨૭) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે તેમજ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ભોગ બનનારનો પુરાવો તે મહત્વનો પુરાવો છે. વ્યથીતાનો પુરાવો માનવા લાયક અને સંતોષકારક જણાતો હોય તો વ્યથીતાના એકલાના પુરાવા પર આધાર રાખી, આરોપીઓને સજા કરી શકાય. સામાન્ય રીતે બળાત્કારનો ગુનો એ એવી જગ્યાએ થતો ગુન્હો હોય કે જયાં સામાન્ય રીતે નજરે જોનાર સાહેદો હોવાની અપેક્ષા રાખી શકાય નહી. એવા સંજોગોમાં ભોગ બનનારનો પુરાવો અદાલતને વિશ્વાસ પ્રે

રે તેવો હોવો જોઈએ અને જો આ પુરાવામાં થોડી પણ શંકા ઉપસ્થિત થતી હોય તો વ્યથીતાના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળે તે ઈચ્છનીય બની રહે છે અને તે ડહાપણના નિયમ તરીકે પણ ઈચ્છનીય છે અને જો આવો સમર્થન કારક પુરાવો પણ અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો ન હોય અને તેવા પુરાવામાં મહત્વની બાબતમાં વિરોધાભાસ કે વિસંગતતા ઉપસ્થિત થતી હોય તો એવા સંજોગોમાં આરોપીઓ આવી મહત્વની બાબતમાં વિસંગતતા અને વિરોધાભાસનો લાભ મેળવવા હકકદાર ઠરે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો આ આ સામાન્ય નિયમ ધ્યાને રાખીને હાલની અદાલતે પુરાવાનું મુંલ્યાંકન કરવાનું રહે છે. આ તબકકે હું ફરીયાદપક્ષની કેસ સાબિત કરવાની જવાબદારી સંદર્ભે નીચે મુજબના ચુકાદાઓનો ઉલ્લેખ કરવાનું ઉચિત માનુ છુ.

**Citations relating to prosecution**

**1. Sunil Kundu & Anr V/s. State of Jharkhand reported in AIR-2014(Suppl.)-223.**

It has been held by the Hon'ble Supreme Court of India that when the prosecution is not able to prove its case beyond reasonable doubt It cannot take advantage of the fact that the accused have not been able to probablise their defence. It is well settled that the prosecution must stand or fall on its own feet. It cannot draw support from the weakness of the case of the accused, if it has not proved its case beyond reasonable doubt.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**2. Dhanapal & Ors V/s. State by Public Prosecutor reported in (2009)10-SCC-401.**

It has been held by the Hon'ble Supreme Court of India that the High Court, in our considered view, could not have shifted the burden of proof on the accused.
According to the fundamental principles of the Evidence Act, it is for the prosecution to have proved its own case……

……………………………………….

……………………………………….

35. In Bhagwan Singh & Others V/s. State of M.P reported in (2002)4-SCC-85, the Court repeated one of the fundamental principles of criminal jurisprudence that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. The Court,
observed as under :-

7…The golden thread which runs through the web of administration of justice in criminal case is that if two views are possible on the evidence adduced in the case, one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favourable to the accused should be adopted. Such is not a jurisdiction

limitation on the appellate Court but a Judge made guidelines for circumspection. The paramount consideration of the Court is to ensure that miscarriage of justice is avoided.

**3. Toran Singh V/s. State of Madhya Pradesh reported in 2002(2)-UJ-1183-SC.**

It has been held by the Hon'ble Supreme Court of India that as is evident from the above para, the High Court instead of giving benefit of doubt to the appellant, placed the burden on the defence and found that there was absence of plausible defence and explanation by the appellant. The case of the prosecution should rest on its strength not on the absence of explanation or plausible defence by the accused.

**4. Jumni & Ors V/s. State of Haryana reported in 2014(2)-Cr. Court Cases-490-SC.**

It has been held by the Hon'ble Supreme Court of India that it is no doubt true that when an alibi is set up, the burden is on the accused to lend credence to the defence put up by him or her. However the approach of the Court should not be such as to pick holes in the case of the accused person. The defence evidence has to be tested like any other testimony, always keeping in mind that a

person is presumed innocent until he or she is found guilty.

26 . . . . . . . . .

27. On the standard of proof, it was held in Mohinder Singh v. State[4] that the standard of proof required in regard to a plea of alibi must be the same as the standard applied to the prosecution evidence and in both cases it should be a reasonable standard. Dudh Nath Pandey goes a step further and seeks to bury the ghost of disbelief that shadows alibi witnesses, in the following words: "Defence witnesses are entitled to equal treatment with those of the prosecution. And, courts ought to overcome their traditional, instinctive disbelief in defence witnesses. Quite often, they tell lies but so do the prosecution witnesses."

**5. Daulat Ram vs State Of Punjab reported in (1997) 10 SCC 236.**

It has been held by the Hon'ble Supreme Court of India that the learned Sessions Judge devoted more than half of his judgment in critically examining the defence version as if it required the standard of proof as that of a prosecution case. The High Court however avoided pursuing that course and confined itself to the prosecution case. If holes can be picked in the defence

that doesn't lead to the prosecution story being automatically proved. The prosecution has to stand on its own legs and can derive no advantage from the weakness of the defence. Keeping that in view, we proceed further.

**6. Ashish Batham vs State Of Madhya Pradesh reported in (2002) 7 SCC 317.**

It has been held by the Hon'ble Supreme Court of India that realities or Truth apart, the fundamental and basic presumption in the administration of criminal law and justice delivery system is the innocence of the alleged accused and till the charges are proved beyond reasonable doubt on the basis of clear, cogent, credible or unimpeachable evidence, the question of indicting or punishing an accused does not arise, merely carried away by heinous nature of the crime or the gruesome manner in which it was found to have been committed. Mere suspicion, however, strong or probable it may be is no effective substitute for the legal proof required to substantiate the charge of commission of a crime and grave the charge is greater should be the standard of proof required. Courts dealing with criminal cases at least should constantly remember that there is a long mental distance between `may be true' and `must be true' and this basic and golden rule only helps to maintain the vital

distinction between `conjectures' and `sure conclusions' to be arrived at on the touch stone of a dispassionate judicial scrutiny based upon a complete and comprehensive appreciation of all features of the case as well as quality and credibility of the evidence brought on record.

**7. R.V.E. Venkatachala Gounder vs Arulmigu Viswesaraswami & V.P. reported in (2003) 8 SCC 752.**

It has been held by the Hon'ble Supreme Court of India that -

28. whether a civil or a criminal case, the anvil for testing of 'proved', 'disproved' and 'not proved', as defined in Section 3 of the Indian Evidence Act, 1872 is one and the same. A fact is said to be 'proved' when, if considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of a particular case, to act upon the supposition that it exists. It is the evaluation of the result drawn by applicability of the rule, which makes the difference.

"The probative effects of evidence in civil and criminal cases are not however always the same and it has been laid down that a fact may be regarded as proved for purposes of a civil suit, though the evidence may not be considered sufficient for a conviction in a

criminal case. BEST says : There is a strong and marked difference as to the effect of evidence in civil and criminal proceedings. In the former a mere preponderance of probability, due regard being had to the burden of proof, is a sufficient basis of decision: but in the latter, especially when the offence charged amounts to treason or felony, a much higher degree of assurance is required. (BEST, S. 95). While civil cases may be proved by a mere preponderance of evidence, in criminal cases the prosecution must prove the charge beyond reasonable doubt." (See Sarkar on Evidence, 15th Edition, pp.58-59) In the words of Denning LJ (Bater Vs. B, 1950, 2 All ER 458,459)

"It is true that by our law there is a higher standard of proof in criminal cases then in civil cases, but this is subject to the qualification that there is no absolute standard in either case. In criminal cases the charge must be proved beyond reasonable doubt, but there may be degrees of proof within that standard. So also in civil cases there may be degrees of probability."

Agreeing with this statement of law, Hodson, LJ said "Just as in civil cases the balance of probability may be more readily fitted in one case than in another, so in criminal cases proof beyond reasonable doubt may more readily be attained in some cases than in others."

(Hornal V. Neuberger P. Ltd., 1956 3 All ER 970, 977).

(૨૮) આ કોર્ટ એ હકીકતથી પુરેપુરી વાકેફ છે કે આરોપીઓ પર તેનો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો નથી અને આરોપીઓ પરનો બોજો તેની નિર્દોષતા અંગે માત્ર સંભાવના દર્શાવવાનો છે. આ તબકકે હું બચાવપક્ષની નિર્દોષતા સાબિત કરવાની સંભવીતતાની જવાબદારી સંદર્ભે નીચે મુજબના ચુકાદાઓનો ઉલ્લેખ કરવાનું ઉચિત માનુ છુ.

**Citations relating to defence**

**1. Adambhai Sulemanbhai Ajmeri V/s. Gujarat State reported in (2014)7-SCC-716.**

It has been held by this Court in a catena of cases that while examining the witnesses on record, equal weightage shall be given to the defence witnesses as that of the prosecution witnesses. In the case of Munshi Prasad & Ors. V/s. State of Bihar, this Court held as under :

3...Before drawing the curtain on this score however, we wish to clarify that the evidence tendered by the defence witnesses cannot always be termed to be a tainted one by reason of the factum of the witnesses being examined by the defence. The defence witnesses are entitled to equal respect and treatment as that of the prosecution.

The issue of credibility and the trustworthiness ought also to be attributed to the defence witnesses on a par with that of the prosecution – a lapse on the part of the defence witness cannot be differentiated and be treated differently than that of the prosecutors witnesses.

Further, it has been held in the case of State of Haryana V/s. Ram Singh as under :-

19........... Incidentally, be it noted that the evidence tendered by defence witnesses cannot always be termed to be a tainted one – the defence witnesses are entitled to equal treatment and equal respect as that of the prosecution. The issue of credibility and the trustworthiness ought also to be attributed to the defence witnesses on a par with that of the prosecution. Rejection of the defence case on the basis of the evidence tendered by the defence witness has been effected rather casually by the High Court. Suggestion was there to the prosecution witnesses, in particular PW 10 Dholu Ram that his father Manphool was missing for about 2/3 days prior to the day of the occurrence itself – what more is expected of the defence case : a doubt or a certainty – jurisprudentially a doubt would be enuogh when such a suggession has been made the prosecution has t bring on record the availability of the deceased during those 2/3 days with some independent evidence. Rejection of the defence case only by reason thereof is far too strict and

rigid a requirement for the defence to meet – it is the prosecutor's duty to prove beyond all reasonable doubts and not the defence to prove its innocence – this itself is a circumstances, which cannot but be termed to be suspicious in nature.

**2. Anand Kumar V.s, State of U.P & Ors reported in 2013(4)-Criminal Court Cases-512 (Allahabad).**

It has been held by the Hon'ble Allahabad High Court that it is trite law that witnesses of the defence should not and can not be looked with a prejudicial eye and they have to be treated on the same footing as witnesses of the prosecution. Their testimony has to be adjudged impartially and due weight has to be accorded to them if their testimonies qualify the known and accepted norms of credibility.

**3. State of Haryana V/s. Ram Singh reported in (2002)2-SCC-426.**

It has been held by the Hon'ble Supreme Court of India that incidentally be it noted that the evidence tendered by defence witnesses cannot always be termed to be a tainted one – the defence witnesses are entitled to equal treatment and equal respect as that of the prosecution. The issue of credibility and the trustworthiness ought

also to be attributed to the defence witnesses as par with that of the prosecution. Rejection of the defence case on the basis of the evidence tendered by defence witness has been effected rather casually by the High Court.

**4. Bhola Pal V/s. State reported in 2016(1)-Criminal Court Cases-142 (Allahabad)(DB).**

It has been held by the Hon'ble Allahabad Hige Court that -

19. Law is settled on the point that evidence of defence witness has to be considered in the same manner as the evidence of a prosecution witness and the evidence of a defence witness cannot be brushed aside without assigning any reason.

(૨૯) **મુદ્દા નં. ૧ થી ૬**

મુદ્દા નં. (૧) થી (૬) એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુન:રોકિત નિવારવા માટે તમામ મુદ્દાની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

ઉભયપક્ષની ઉપરોકત દલીલો તથા ટ્રાયલ દરમ્યાન પ્રોસીકયુશન તરફથી તપાસવામાં આવેલ સાહેદોની જુબાની,જુબાની દરમ્યાન રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવા તથા બચાવપક્ષે તપાસેલ સાહેદોની જુબાની દરમ્યાન રજુ દસ્તાવેજી પુરાવા આધારે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ ફરીયાદ હકીકત આધારે ફરમાવવામાં આવેલ આંક–૯૬ ના તહોમતનામા મુજબના

ઉપરોકત મુદ્દા મુજબના આક્ષેપિત ગુનાઓ થયેલ હોવાનું પ્રોસીકયુશન તરફે નિ:શંકપણે પુરવાર થયેલ છે કે કેમ ? તે સબંધેની ચર્ચા કરતા પુર્વે પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલ સાહેદો તેમજ બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની દરમ્યાન રેકર્ડ ઉપર આવવા પામેલ બાબતોને ટુંકમાં નોંધવી હું આવશ્યક ગણુ છુ. જે નીચે મુજબ છે.

**(૩૦) સદર કામે ફરીયાદપક્ષનો જે મૌખિક પુરાવો રજુ થયેલ છે તેની ચર્ચા નીચે મુજબના છ ભાગમાં વહેંચવામાં આવેલ છે.**

(૧) પંચ સાહેદોની જુબાનીની ચર્ચા.

(૨) વીડીયોગ્રાફર સાહેદની જુબાનીની ચર્ચા.

(૩) તબીબી સાહેદોની જુબાનીની ચર્ચા.

(૪) ભોગબનનાર તથા તેના સગાઓની જુબાનીની ચર્ચા.

(૫) એફ.એસ.એલ.સાહેદોની જુબાનીની ચર્ચા.

(૬) પોલીસ સાહેદોની જુબાનીની ચર્ચા.

## <u>પંચ સાહેદોની જુબાનીની ચર્ચા :</u>

**(૩૧)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં પંચ **સાહેદ નં.૧ તરીકે અરવિંદભાઈ મુળજીભાઈ શ્રીમાળીનાઓને આંક –૧૩૫** થી સોગંદ

ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો સદર પંચ સાહેદે તેમના પુરાવામાં તા.૧૦–૧૦–૧૩ ના રોજ ચાંદખેડા પો.સ્ટે.ને થી તેમને પંચમાં રહેવા બાબતે ફોન આવતાં તેઓ ચાંદખેડા પોલીસ સ્ટેશને ગયેલા ત્યારે ત્યા ફરિયાદણ ભોગબનનાર હાજર હતા. ફરિયાદણને પોલીસ સ્ટાફના માણસોએ પુછપરછ કરેલી તેમાં ફરીયાદણ ભોગ બનનારે આશારામબાપુએ તેણીની ઉપર બળજબરીથી દુષકર્મ આચરેલ હોવાનું પોલીસને જણાવેલ તે તેઓએ સાંભળેલ જે બાબતનું ભોગ બનનારના શરીર સ્થિતિનું પંચનામુ તેમની હાજરીમાં કરવામાં આવેલ તે પંચનામામાં તેઓએ સહી કરેલી હોવાની હકીકત જણાવેલી છે.

**(૩૧.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ઘ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પેરા(૭)... હુ સરકારી નોકરી કરૂ છુ. સરસપુર મારા રહેઠાણથી મારી નોકરીનુ અંતર પાંચેક કી.મી. જેટલુ છે. મારી નોકરીના સ્થળથી હુ સહી કરવા ગયો તેનુ અંતર લગભગ સાત થી આઠ કી.મી. જેટલુ છે. મારા ઉચ્ચ અધિકારીએ મને પંચમાં રહેવા જવાનુ છે તેવો કોઈ લેખીત હુકમ આપેલો નહી. મને ફોન આવતા મે મારા ઉપરી અધિકારીને લેખીત રીપોર્ટ કરેલો નહી કે મારે પંચ તરીકે રહેવા માટે ફોન આવેલો છે. પેરા (૮)... હુ જે જગ્યાએ ગયો ત્યા ઉત્તર દિશા તરફનો મુખ્ય દરવાજો હતો. તે જગ્યાએ પ્રવેશ કરીએ તો પીઢ ઉત્તર દિશાએ આવે અને મોઢુ દક્ષિણ દિશામાં આવે તેવુ હતુ. મને એ વાતની ખબર નથી કે, હુ જે બીલ્ડીંગમાં ગયો ત્યા મુખ્ય દરવાજા પર પોલીસની ડયુટી હતી કે કેમ? તે બીલ્ડીંગમાં કોઈ પોલીસવાળાએ મારી પુછપરછ કરેલી નહી મે ત્યા જઈ એવુ કહેલુ કે, મને પી.આઈ.શ્રી રવીયાનો ફોન આવેલો છે અને મારે તેમને મળવુ છે. ફરજ પરના પોલીસવાળાએ મારૂ નામ, સરનામુ લખી કોઈ રજીસ્ટરમાં મારી સહી લીધેલી ન હતી. પેરા (૯) ...અંદર ગયા બાદ હુ

રવીયા સાહેબને મળેલો. એ વાત ખરી છે કે, ભોગબનનારને હુ પહેલાથી ઓળખતો ન હતો. એ વાત ખરી નથી કે, ભોગબનનારે મોઢે દુપટ્ટો બાંધેલો હતો અને ફકત તેની આંખો દેખાતી હતી. ભોગબનનારની ઓળખાણ રવીયા સાહેબે અને તેમના સ્ટાફના માણસોએ કરાવેલી હતી. પેરા (૧૦ )... મે તે બહેનની પુછપરછ કરેલી નહી. મે તે ભોગબનનાર બહેનની એવી પુછપરછ કરેલી નહી કે, તેઓ ભોગબનનાર છે કે કેમ? જે રીતે મે અને વંદના બેને જે રીતે સહીઓ કરી તે રીતે વંદનાબેને સહીઓ કરેલી નહી. પંચનામા દરમ્યાન વિડીયોગ્રાફી કરવામાં આવેલી નહી. પેરા (૧૧).... પંચનામામાં જે લખાણ છે તે મારા કે વંદનાબેનના હસ્તાક્ષરમાં નથી. તે લખાણના હસ્તાક્ષર પોલીસવાળાના છે. એ વાત ખરી છે કે, જે પોલીસવાળા આ લખાણ લખતા હતા તેનુ શારીરિક વર્ણન હુ જણાવી શકુ નહી. એ વાત ખરી છે કે, જે ભોગબનનાર બહેનની ઓળખાણ કરાવેલી તેમનુ શારીરિક વર્ણન હુ જણાવી શકુ નહી. પેરા (૧૨ )... એ વાત ખરી છે કે, ફરિયાદી ભોગબનનારને પુછીપુછીને પી.આઈ.શ્રી રવીયા લખાવતા હતા. એ વાત ખરી છે કે, લખાણમાં ભોગબનનાર બહેને જે કાઈ કહ્યુ તે લખવામાં આવેલ છે. રવીયાસાહેબ વચ્ચે કાઈ બોલતા ન હતા ફકત ભોગબનનાર બહેનને પ્રશ્ન પુછતા જતા હતા. એ વાત ખરી નથી કે, પી.આઈ.શ્રી રવીયાએ શુ સવાલો પુછયા તે મને ખબર નથી. આ સવાલ જવાબના ફોર્મમાં કોઈ લખાણ થયેલુ નહી. જે બહેન જવાબ આપતા હતા તેમની સહી પંચનામામાં લીધેલી નહી. પેરા (૧૩)... આ લખાણ લખાયુ તે વખતે અમે બે પંચો, પી.આઈ.શ્રી રવીયા, લખાણ લખનાર અને આ ભોગબનનાર બહેન સિવાય કોઈ હાજર ન હતા. સદર પંચ સાહેદે પેરા (૧૪)માં જણાવેલ છે કે મે તે દિવસે મારા ઘરે ફોન કરીને એવુ જણાવેલુ હતુ કે, સરકારી કામે જાઉ છુ તેથી ઘરે આવતા મોડુ થશે. એ વાત ખરી છે કે, સરકારી કર્મચારી તરીકે મે જે લખાણમાં સહી કરી હોય તે મુજબ મારે બોલવુ પડે અને જો ન બોલુ તો ખાતાકીય કાર્યવાહી થઈ શકે. પેરા

(૧૫ ) ... મને પંચમાં રહેવા અંગેના સમાચાર મળ્યા બાદ હુ મારી ઓફીસેથી છ વાગે નીકળેલો. હુ ભાડાની રીક્ષા કરીને ગયેલો. મને ત્યા પહોંચતા સાડા છ થી પોણા સાત જેટલો સમય લાગેલો. મે ચાંદખેડા પો.સ્ટે. જોયેલુ હતુ. મારા સગા રહેતા હોઈ, મારે અવારનવાર ચાંદખેડા પો.સ્ટે. તરફ જવાનુ થાય. પેરા (૧૬)...ચાંદખેડા પો.સ્ટે.માં ગયો ત્યા પ્રવેશતા કોઈ બેઠેલુ ન હતુ. હુ જે ઈન્સ્પેકટરની વાત કરતો હતો તેમને અગાઉ ઓળખતો ન હતો. ત્યા એક જેન્સ કોન્સ્ટેબલ હતા મે તેમને કહેલુ કે મારે રવીયા સાહેબને મળવુ છે તેથી તેમને કહેલુ કે સામે રવીયા સાહેબ બેઠેલા છે. હુ ત્યા સામે ગયેલો તો તેમણે પુછેલુ કે કયાંથી આવો છો તેથી મે કહેલુ કે, તમે ફોન કરેલો તે હુ છુ. તેમ કહી મારી ઓળખાણ આપેલી. (૧૭)... એ વાત ખરી નથી કે, ત્યા તૈયાર પંચનામુ લખેલુ હતુ જે મને વાંચી સંભળાવેલુ. પંચનામુ લખતા અડધી કલાક જેટલો સમય થયો હતો. એ વાત ખરી નથી કે, પંચનામામાં ભારતીબેન અને અખીલભાઈ વીશે જે મે કહેલ છે તેની સમજણ પોલીસે આપેલી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે બહેને આ પ્રમાણે જણાવેલુ હતુ. એ વાત ખરી નથી કે, પંચનામામાં મે જે વાત જણાવેલ છે તે પોલીસના કહેવાથી જણાવેલ છે. પેરા (૧૮)...એ વાત ખરી છે કે, મારી રૂબરૂમાં ભોગબનનાર બહેનની શરીર સ્થિતિનુ પંચનામુ થયેલુ નહી. સદર પંચ સાહેદની બચાવપક્ષ તરફથી જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં સદર પંચ સાહેદ સરકારી નોકરી કરે છે તે બાબતે , તેમના રહેઠાણથી નોકરીનું અંતર કેટલુ થાય તે બાબતે તેમજ તેઓ જે જગ્યાએ ગયેલા તેની ચર્તુદિશા બાબતે તેમજ જે બીલ્ડીંગમાં ગયા ત્યાં મુખ્ય દરવાજા પર પોલીસની ડયુટી હતી કે કેમ?તે બાબતે તેમજ ફરજ પરના પોલીસવાળાએ તેમનું નામ, સરનામુ લખી કોઈ રજીસ્ટરમાં મારી સહી લીધેલી ન હતી તે બાબતે ઉલટ તપાસ કરવામાં આવેલી છે.

**(૩૧.૨)** બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં આ પંચ સાહેદની

હાજરીમાં ભોગ બનનારના શરીરસ્થિતિનું પંચનામુ નહી થયેલ હોવાની કોઈ તકરાર ઉપસ્થિત કરી શકેલ ન હોઈ જેથી ફરીયાદપક્ષ આંક-૧૩૬ ના પંચનામાની હકીકત આ પંચ સાહેદની જુબાની થકી સાબિત યા ને પુરવાર કરી શકેલ છે.

(૩૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **પંચ સાહેદ નં.૨ તરીકે ભરતકુમાર દશરથલાલ ત્રિવેદીનાઓને આંક-૧૩૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદનો પુરાવો વંચાણે લેતાં સદર પંચ સાહેદને તા.૧૪/૧૦/૧૩ના રોજ સોલા એ.ટી.એસ. ખાતે બોલાવેલ. ત્યા એક ઉંમર લાયક વ્યકિત હતા ત્યા તેમનુ નામ પુછવામાં આવેલુ . તેમણે તેમનું નામ આશારામ થાઉમલ સીન્ધી હરપલાણી જણાવેલુ. તેઓએ શરીરે સફેદ ઝભ્ભો, સફેદ ધોતી તથા માથે લાલ ટોપી પહેરેલ હતી. તેમની શારીરિક સ્થિત પુછતા તેમને કોઈપણ જાતની બીમારી હોવાનુ તેમણે જણાવેલુ નહી અને તેમના શરીરના ભાગે કોઈપણ પ્રકારના વાઘેલાના નિશાન જણાયેલા નહી.

(૩૨.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પેરા **નં.**(૬)...એ વાત ખરી છે કે, આંક-૧૩૮ વાળુ પંચનામુ મારા કે બીજા પંચના હસ્તાક્ષરમાં નથી. જે માણસને અમે ઓળખી બતાવેલો તેની પંચનામામાં કોઈ સહી લીધેલી નહી. ભોગબનનારની જે હકીકત આંક-૧૩૮માં લખેલ છે તે ભોગબનનાર હાજર ન હતી.(૭)...આ ફરિયાદી ભોગબનનારની પરિસ્થિતિ અમને ત્યાના અધિકારીએ જણાવેલ હતી. આ અધિકારી કોણ હતા તેનુ નામ મને હાલ યાદ નથી. આ અધિકારી જેન્સ હતા હવે જણાવુ છુ કે, ત્યા જેન્સ પણ હતા અને લેડીઝ અધિકારી પણ હતા. મને આ હકીકત જેન્સ

અધિકારીએ જણાવેલી. આ જેન્સ અધિકારીએ ચશમા પહેરેલા હતા અને શરીરનુ બાંધો ઉંચો હતો, તેમનો કલર ઘઉંવર્ણો હતો. લેડીઝ અધિકારી હતા તે થોડા ગોરા જેવા અને પાતળા દુબળા હતા. પેરા નં.(૮) ... હુ સલેટેક્ષ ઓફીસમાં ઈન્સ્પેકટર તરીકે છુ. હાલ સેલ્સટેક્ષ ખાતુ તે વેઈટ ખાતુ તરીકે ઓળખાય છે.મને મારા અધિકારીએ પંચ તરીકે રહેવા જણાવેલુ. મને કયા અધિકારીનો ફોન આવેલો, કેટલા વાગે ગયેલો અને ત્યા શુ કાર્યવાહી થયેલી તે અંગેનો રીપોર્ટ બીજા દિવસે મે મારી ઓફીસમાં આપેલો. પેરા નં.(૯)... એ વાત ખરી નથી કે, ભોગબનનારની જે હકીકત લખેલ છે તે જેન્સ ઓફીસર અને લેડીઝ ઓફીસર ચર્ચા કરી લખાવતા હતા. એ વાત ખરી નથી કે, તેઓ ભોગબનનારની હકીકત તેમની પાસેના કાગળમાંથી જોઈ જોઈને લખાવતા હતા. તેઓ કોઈ ટેપરેકોર્ડ સાંભળતા હોય અને લખવાતા હોય તેવુ બનેલુ નહી. તેઓ કોઈ વિડીયોગ્રાફી જોતા હોય અને લખાવતાહોય તેવુ પણ બનેલુ નહી. પેરા નં.(૧૦) ... એ વાત ખરી નથી કે, પંચનામાનુ તમામ લખાણ શરૂ થી અંત સુધી એક સાથે લખવામાં આવેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અમે જેમ જેમ વર્ણન કરતા હતા તેમ લખવામાં આવતુ હતુ. પેરા નં.(૧૧)... હુ બીજા પંચ મહેન્દ્રભાઈને અગાઉથી ઓળખતો ન હતો તેઓ પંચ તરીકે રહયા તે રીતે ઓળખુ છુ. હુ સરતપાસમાં જે તારીખ અને બીજા પંચનુ નામ જણાવ્યુ તે મે કોઈ જગ્યાએ લખી રાખેલુ નહી. પેરા નં.(૧ ૨) ... હુ સરકારી નોકરીમાં જુનીયર કલાર્ક તરીકે તા.૨૫-૫-૮૮ ના રોજથી જોડાયેલ છુ. મને અત્યાર સુધીમાં બે પ્રમોશન મળેલા છે. મને સી.કલાર્ક તરીકેનુ પ્રમોશન તા.૧-૪-૦૬ના રોજ મળેલુ અને વાણીજય વેરા નિરિક્ષક તરીકે તા.૩-૪-૧૦ના રોજ મળેલુ છે. પેરા નં.(૧૩) ...ભોગબનનાર વિશે પંચનામામાં જે લખાણ લખવામાં આવેલુ તે બાબતે અમો પંચોની હાજરીમાં ભોગબનનારે આવુ કાઈ જણાવેલુ નથી તેથી અમારા લખાવેલ પંચનામામાં આવી

હકીકત કેમ લખો છો તેવુ મે જણાવેલ ન હતુ.પેરા નં.(૧૪)... એ વાત ખરી છે કે, અમોને આરોપી નં.૧ આશારામના શરીર સ્થિતિના પંચનામા માટે બોલાવેલા. એ વાત ખરી છે કે, તે સિવાયની કોઈ હકીકતથી હુ માહિતગાર નથી. એ વાત ખરી છે કે, પોલીસે લખાણ લીધા પછી મને અને મહેન્દ્રભાઈને સહી કરવાનુ કહેતા અમોએ સહી કરેલી અને જતા રહેલા.

**(૩૨.૨)** આમ બચાવપક્ષ ધ્વારા સદર પંચ સાહેદની લંબાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ સદર પંચ સાહેદે તેમની સરતપાસમાં આરોપી નં.(૧) આશારામનું શરીર સ્થિતિનું પંચનામુ તેમની હાજરીમાં થયેલ હોવાની હકીકત જણાવેલી છે તેમજ સદર પંચ સાહેદે જુબાની દરમિયાન જોધપુર સેન્ટ્રલ જેલ ખાતેથી વીડીયો કોન્ફરન્સથી ઓનલાઈન સ્ક્રીન પર હાજર આરોપી નં.(૧) ને બતાવતાં તેઓએ આશારામ ને ઓળખી બતાવેલ છે તેવા સંજોગોમા સદર પચ સાહેદની જુબાની આધારે ફરીયાદપક્ષ આંક-૧૩૮ ના પંચનામાની હકીકત આ પંચ સાહેદની જુબાની થકી સાબિત યા ને પુરવાર કરી શકેલ છે.

**(૩૩)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૩ તરીકે બાબુભાઈ નાનજીભાઈ બજાતનાઓને આંક ૧૪૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદનો પુરાવો જોવામાં આવે તો સદર પંચ સાહેદને તા.૧૧-૧૦-૧૩ના રોજ ચાંદખેડા પો.સ્ટે. ખાતે પી.એસ.આઈ. શ્રી પટેલ અને પી.આઈ.શ્રી રવીયા સાહેબે આશારામના દુષ્કર્મના કેસમાં ફરિયાદી ભોગબનનારના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ કબજે કરવાના કામે બોલાવેલા અને તેઓની હાજરીમાં મેડીકલના નમૂના પી.એસ.આઈ.શ્રી પટેલે રજૂ કરેલા. તે નમૂનામાં ચાર બોટલમાં બ્લડનો નમૂનો, નખનો નમૂનો,

લાળનો નમૂનો અને કવરમાં વાળનો નમૂનો હતા તે તેમની રૂબરુમાં કબજે કરેલાની હકીકત આ સાહેદે જણાવેલી છે.

**(૩૩.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ દ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પેરા નં.(૬)... મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ થી ૭ની બોટલો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, તેમાં કઈ તારીખે અને કોણે આ બોટલોમાં લોહી, વાળ, નખ અને લાળ લીધા તેનો ઉલ્લેખ નથી. આ સેમ્પલો કોના લીધા છે? તેનો ઉલ્લેખ પણ મુદ્દામાલ આર્ટીકલ નં.૪ થી ૭ની બોટલો પર નથી. એ વાત ખરી છે કે, આ મુદ્દમાલ આર્ટીકલ નં.૪ થી ૭ ની બોટલોને આજે જે સીલ છે તે સીલ જોયેલા. પેરા નં.(૭) ... એ વાત ખરી છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૪ થી ૮ મારી રૂબરૂ કબજે કરવામાં આવ્યુ તે અંગેનુ લખાણ આંક-૧૪૨ના પંચનામામાં કરવામાં આવેલ છે તે સિવાય પંચનામામાં લખવામાં આવેલ હકીકતો બાબતે મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, આંક-૧૪૨ ના પંચનામાનુ લખાણ કોના હસ્તાક્ષરમાં છે તે મને ખબર નથી. પેરા નં.(૮) .. આ બનાવ અગીયાર - બાર વર્ષ પહેલાનો છે તેવી કોઈ વાત પોલીસે મને કરેલી નહી. આ આંક-૧૪૨ વાળા પંચનામાનુ લખાણ પી.એસ.આઈ.શ્રી પટેલ લખાવતા હતા તેવી વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

**(૩૩.૨)** આમ આ પંચ સાહેદે ફરિયાદી ભોગબનનારના મેડીકલ તપાસ બાદ લીધેલા નમુનાઓ તેઓની હાજરીમાં પી.એસ.આઈ.શ્રી પટેલે રજૂ કરેલા જે કબજે લીધાની હકીકત જણાવેલી હોઈ તેમજ આંક-૧૪૨ વાળા પંચનામાની વિગત વંચાણે લેતાં ફરીયાદપક્ષ સદર સાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષ આંક-૧૪૨ વાળા પંચનામાની હકીકત સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪ તરીકે ઉમેશભાઈ મીઠાલાલ શર્માઓને આંક –૧૪૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદર પંચ સાહેદ તા.૧૬–૧૦–૧૩ના રોજ સોલા સીવીલ હોસ્પિટલમાં તેમની ફરજ પર હાજર હતા ત્યા તેમના ઓફીસના આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટે તેમને ફોન કરીને નીચે હાજર થઈ જે સેમ્પલ લીધા હતા તે એ.ટી.એસ. ઓફીસમાં સુપ્રત કરવા માટેનુ કામ સોંપેલુ. આ મેડીકલ સેમ્પલ આશારામ બાપુના હતા. આ મેડીકલ નમૂના સી.એમ.ઓ.એ હેડકોન્સ્ટેબલ મહાવીરને સોંપલા હોવાની હકીકત પંચ સાહેદે જણાવેલી છે.

(૩૪.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, (૬)...એ વાત ખરી છે કે, અમે બંને પંચો સોલા સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવીએ છીએ. એ વાત ખરી છે કે, આ કવરો સીવીલ હોસ્પિટલના છે. એ વાત ખરી છે કે, આ સહીઓ કરી તે અરસામાં સોલા સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવતા હતા. સોલા સીવીલ હોસ્પિટલથી સોલા એ.ટી.એસ. કચેરી પાંચ–છ કી.મી. દુર આવેલી છે. (૭)...એ વાત ખરી છે કે, મે સહીઓ કરી તે વખતે આ ચારેય કવર આજ રોજ મને બતાવવામાં આવ્યા તે જ રીતે બંધ હતા. મને એ વાતની ખબર નથી કે, મે સહીઓ કરી ત્યારે આ ચારેય ખાખી કવર પર સફેદ કાગળ ચોટાડેલ હતા કે કેમ? એ વાત ખરી છે કે, આ ખાખી કવરની અંદર શું છે તેની અમને ખબર ન

હતી.(૮)...એ વાત ખરી છે કે, કયા ડોકટરે, કઈ તારીખે, કોના સેમ્પલો લીધા તેવુ લખાણ આ કવરો ઉપર નથી. એ વાત ખરી છે કે, આ કવર પર આજરોજ જે રીતના સીલ છે તે જ રીતના સીલ તે વખતે પણ હતા. હવે જણાવુ છુ કે, મને ખ્યાલ નથી કે, આ જ સીલ તે વખતે હતા કે કેમ?(૯)...એ વાત ખરી છે કે, આંક-૧૪૪ વાળા પંચનામાનુ લખાણ પી.આઈ.શ્રી રવીયા લખાવતા હતા. એ વાત ખરી છે કે, પંચનામામાં જે કાઈ લખાણ છે તેમાં આ ચાર કવર વિશેના લખાણ સિવાયની હકીકતો બાબતે મને કાઈ ખબર નથી. એ વાત ખરી છે કે, આ બનાવ અગીયાર-બાર વર્ષ જુનો હતો તેવી કોઈ વાત મને પી.આઈ.શ્રી રવીયા એ કરેલ ન હતી.

**(૩૪.૨)** આમ સદર પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ આંક-૧૪૪ વાળા પંચનામાની વિગતે આરોપી નં.(૧) આશારામના શરીર પરથી મેડીકલ તપાસ દરમ્યાન બ્લડ સેમ્પલ, સલાઈવા, પ્યુબીક હેર,નખ વિગેરેના નમુના લીધેલા હોવાની હકીકત રેકર્ડ પર સાબિત કરી શકેલ છે. સદર પંચ સાહેદની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસ દરમિયાન આંક-૧૪૪ વાળુ પંચનામુ સદર પંચ સાહેદની હાજરીમાં થયેલ ન હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૩૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૫ તરીકે ગુલાબસિંહ ગોકુલસિંહ ચૌહાણનાઓને આંક -૧૫૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદ હોસ્ટાઈલ થયેલા છે તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. પરંતુ સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...એ વાત ખરી નથી કે,

મને તા.૭–૧૨–૧૪ના કલાક ૧૦:૩૦ વાગે ચાંદખેડા પો.સ્ટે.ના પોલીસ અધિકારીશ્રીએ પંચમાં રહેવા માટે બોલાવેલા. એ વાત ખરી નથી કે, મારી સાથે બીજા પંચ અમીત પ્રદિપભાઈ ત્રીવેદી હતા. એ વાત ખરી નથી કે, આશ્રમમાં અમો બંને પંચો સાથે એક વીડીયોગ્રાફર પણ પોલીસ સાથે હાજર હતા. એ વાત ખરી નથી કે, તે સમયે આશ્રમની અંદર આવેલ સતી અનસુયા મહીલા આશ્રમના ગેટ પાસે અમો બધા આવેલા અને આશ્રમમાંથી સરલાબેન ડો./ઓ આવાસનંદ, જયોતિરામ દલાલ જેઓ પોતે મહીલા આશ્રમના સંચાલક હોવાનુ જણાવેલુ અમોને તથા પોલીસના માણસોને શ્રીમતી લક્ષ્મીબેન વા/ઓ. આસુમલનાઓના મકાનની તથા મહિલા આશ્રમના કાર્યાલયની જડતી તપાસ કરવા સંમતિ બતાવતા અમો બંને પંચો તેમજ પોલીસના માણસો મહીલા આશ્રમમાં આવેલ લ ક્ષ્મીમૈયાની કુટીરમાં પ્રવેશેલ. એ વાત ખરી નથી કે, મકાનની અંદર પ્રવેશતા પ્રથમ ઓસરીનો ભાગ અને ત્યારબાદ લાકડાનો દરવાજો ઓળંગતા એક બીજી રૂમમાં અમો પ્રવેશેલ જેમાં એક ખાખી કલરના પુંઠાવાળુ બોકસ પડેલ હતુ. જેમાં ધાર્મીક પુસ્તકો તથા કેસેટો તથા અન્ય લખાણ લખેલ કાગળો વિગેરે પડેલ હતા. એ વાત ખરી નથી કે, સદરહુ જગ્યાએ માળીયા ઉપરની પ્લાસ્ટીકની બેગો તપાસતા ખાલી જણાયેલી. એ વાત ખરી નથી કે, અંદરના રૂમમાં પ્રવેશતા એક કબાટ આવેલ હતુ. જે લાકડાનુ હતુ તેમજ જે રૂમમાં સોફા, પલંગ, પ્લાસ્ટીકની ખુરશી વિગેરે પડેલ હતુ અને ઓસરીના પૂર્વના દરવાજાથી બહાર નીકળી ડાબી બાજુ ઉપરના માળે જવા માટે મકાનની પૂર્વ તરફ સીડી આવેલ હતી અને ઉપરના માળે સીડી વાટે જતા એક ગેલેરી આવેલ હતી જયાં દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કરતા પ્રથમ બેઠક રૂમ હોલ આવેલ હતો અને એ બેઠક હોલના દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કરતા એક રૂમ આવેલ હતો. એ વાત ખરી નથી કે, રૂમની અંદર એક લોખંડની તીજોરી અને પૂર્વની દિશાએ એક પલંગ ગોઠવેલ હતો. સદર

રૂમમાંથી પશ્ચિમ દિશાએથી બીજા રૂમમાં જવાનો દરવાજો આવેલ હતો જે રૂમની પશ્ચિમની દિવાલે લાકડાના કબાટ આવેલા હતા. એ વાત ખરી નથી કે, રૂમની પશ્ચિમે આવેલ બીજા રૂમમાં પ્રવેશ કરતા એક પેટીપલંગ ગોઠવાયેલ હતો તેમજ ઉત્તરની દિવાલે લોખંડની જાળીવાળો દરવાજો આવેલ હતો અને પૂર્વની તરફે એક લાકડાનુ કબાટ આવેલુ છે સદરહુ રૂમની ઉત્તરે દરવાજાથી પાછળની ગેલેરીમાં જવાનો દરવાજો આવેલ હતો. જે ગેલેરી ઓસરીના ઉત્તરના ભાગે લોખંડની જાળી તથા કાચના પાટીશન લગાવવાથી ઉભી થયેલ એવુ જણાઈ આવેલ. એ વાત ખરી નથી કે, સદરહુ ઓરસીના દક્ષિણની દિવાલે પૂર્વની દિવાલ પાસે એક લાકડાનુ કબાટ આવેલ છે તેમજ ઉત્તરે દિવાલ પાસે એક સોફા પડેલ છે. એ વાત ખરી નથી કે, ઉપરના માળે આવેલ પ્રથમ બેઠક રૂમમાં આવતા પૂર્વે રસોડુ આવેલ છે. એ વાત ખરી નથી કે, પ્રથમ રૂમમાં પડેલ ખાખી કલરના બોકસમાંથી નીચે જણાવેલ વસ્તુઓ પોલીસે તપાસ અર્થે અમો પંચો રૂબરૂ કબજે લીધેલ. (૫)..સદર મુદ્દામાલ મને બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ બતાવવામાં આવે છે તે 'મહાન નારી'ચોપડી જે હીન્દી ભાષામાં છાપેલ છે જેના પ્રથમ પાના ઉપર નીચેના ભાગે હીન્દીમાં પ્રાત: સ્મરણીય પુજય મહાન સંતશ્રી આશારામબાપુ કે સતસંગ પ્રવચન લખેલ છે જે ચોપડી જુના જેવી છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૫ એક જન્મપત્રીકાની ચોપડી જેના મુખ્ય પૃષ્ઠ ઉપર રા.રા.શ્રી આસુમત થાવરદાસના પુત્રના જન્મ ઉપર લખેલ છે. તે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૬ જે એક કવર શીવમ સ્ટુડીયો એન્ડ કલર લેબ ઉદમપુર લખેલ છે જે કવર ઉપર મીસીસ જાનકી હરપલાની રહે.બી ૨૦૨, સ્વાગત સ્ટેટસ-૧ વિગેરે લખેલ છે જે કવરમાં કુલ ત્રણ કુલ સાઈઝના ફોટોગ્રાફ જાનકી હરપલાનીના છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ

આર્ટીકલ નં.૨૭ બતાવવામાં આવે છે તે જે ખાખી પુઠુ ચડાવેલ છે જેના પ્રથમ પાને અંગ્રેજીમાં લીવીંગ ફ્રી થ્રોવેદાંત લખેલ છે જે ચોપડી અંગ્રેજી ભાષામાં લખેલ છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૮ બતાવવામાં આવે છે જે ડ્રાઈવીંગ લાયસન્સ હરપલાની જાનકીદેવી નારાયણ ના નામનુ છે જેનો નં.જીજે–૧/૧૯૩૭૦૬/૦૬ના છે તથા તે ડ્રાઈવીંગ લાયસન્સ નકલ નંગ–૨ છે જે ગુજરાત સ્ટેટ ધવારા જારી કરવામાં આવેલ છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૯ બતાવવામાં આવે છે જે એક મેગેઝીન છે જેનુ નામ ઋષીપ્રસાદ છે જેના મુખ પૃષ્ઠ ઉપર સંત શ્રી આશારામજી આશ્રમ ધ્વારા પ્રકાશીત મુલ્ય રૂા.૬ અંક. ૧૬૭ નવેમ્બર જે હીન્દીમાં લખેલ છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને આર્ટીકલ નં.૩૦ બતાવવામાં આવે છે જે ઋષીપ્રસાદ નામનુ મેગેઝીન જેના મુખ્યપૃષ્ઠ ઉપર આશારામનો ફોટો છે તથા હીન્દીમાં સંત શ્રી આસારામજી આશ્રમ ધ્વારા પ્રકાશીત ગુરૂ પુર્ણીમાં મહોત્સવ વર્ષ ૧૨ અંક ૧૦૩ જુલાઈ ૨૦૦૧ શ્રાવણમાસ હીન્દીમાં લખેલ છે જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને આર્ટીકલ નં.૩૧ બતાવવામાં આવે છે જે ઋષીપ્રસાદ મેગેઝીન જેના મુખ્ય પૃષ્ઠ ઉપર આશારામનો ફોટો છે તથા હીન્દીમાં સંતશ્રી આશારામજી આશ્રમ ધ્વારા પ્રકાશીત વર્ષ ૧૧ અંક ૧૦૨ જુન ૨૦૦૧ અસાઢ માસ હીન્દીમાં લખેલ છે. જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને આર્ટીકલ નં.૩૨ બતાવવામાં આવે છે જે કૃષ્ણભગવાનના ફોટાવાળુ ઋષીપ્રસાદ મેગેઝીન જેના મુખ્ય પૃષ્ઠ ઉપર આશારામનો ફોટો છે તથા હીન્દીમાં સંતશ્રી આશારામજી આશ્રમ ધ્વારા પ્રકાશીત વર્ષ ૧૨ અંક ૧૦૪ ઓગષ્ટ ૨૦૦૧ માસ વિક્રમ સંવત ૨૦૫૮ લખેલ છે. જેની કી.રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૩ બતાવવામાં આવે છે જે એક ઓજસ્વીની નામની ચોપડી જેના મુખ્ય પૃષ્ઠ ઉપર મે ૨૦૧૦ મુલ્ય રૂા.૨૦ સ્ત્રી શકિતની અભિવ્યકિત

મમતામહી મહાકુંભ હીન્દીમાં છે જેની કી.રૂ.૧.૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૪ બતાવવામાં આવે છે જે મૈયાજી કી ગહરાઈ લખેલ છે જેની ઉપર લક્ષ્મીજીનો ફોટો છે જે ચોપડી હીન્દીમાં લખેલ છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૫ બતાવવામાં આવે છે જેના મુખ્ય પૃષ્ઠ ઉપર જન્મ પત્રીકા હીન્દીમાં લખેલ છે જે ફાઈલ જેમાં કુલ ૧૨ જન્મ પત્રીકા અંગેનો કાગળો છેજેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૬ બતાવવામાં આવે છે જે નોટબુક તથા ચોડાના લીટીવાળા નાના મોટા પાના જે કાગળો હીન્દી સંસ્કૃત ગુજરાતી ભાષામાં લખાણ લખેલ છે જે જુના જેવા કુલ પાના નંગ ૧૩ જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૭ બતાવવામાં આવે છે સંતશ્રી આશારામમ આશ્રમ હીન્દીમાં લખેલ લેટરપેડના પાના નંગ –૧ જેમા રજીસ્ટર નં.ઈર૩૪૫ તા.ર૪/૭/૭૩ લખેલ છે જે લટેલપેડ ઉપર લખાણ લખેલ નથી જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૮ બતાવવામાં આવે છે એક નેશનલ કંપનીની સીડી જેના ઉપર ૧૬×૪.૭ જીબી અંગ્રેજીમાં લખેલ છે છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૯ બતાવવામાં આવે છે જે સંતશ્રી નારાયણ સાઈની ઓડીયો કેસેટ નં. ૧ છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૦ બતાવવામાં આવે છે ગુરુ ભકિત (ઘ્યાન) સંતશ્રી આશારામ મહીલા ઉત્થાન આશ્રમની સાધના શીરીર અમદાવાદની ઓડીયો કેસેટ ૧ છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૧ બતાવવામાં આવે છે ઓફીઠો કેસેટ જેના ઉપર બાપુનો ફેન લખેલ છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૨ બતાવવામાં આવે છે જે એક ઓડીયો કેસેટ જેના ઉપર પ્રભુ પ્રેરણા સપ્તદીપોત્સવ લખેલ છે જેની કી રૂ.૧.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૩

બતાવવામાં આવે છે જે ઓડીયો કેસેટ બતાવવામાં આવે છે જેની ઉપર મહામૃત્યુજંય મંત્ર ભારતીદેવી લખેલ છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૪ બતાવવામાં આવે છે એક ઓડીયો કેસેટ જના ઉપર ભારતીબેન નો ફોટો જેના પાછળના ભાગે અચ્યુનાષ્ટકમ શ્લોક રાધે ગોવીંદ (ડીતેન) લખેલ છે લખેલ છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૫ બતાવવામાં આવે છે જે ભારતીબેનના ફોટોવાળી ઓડીયો કેસેટ છે જેના ઉપર હરીનેમવ કેવલમ લખેલ છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૬ બતાવવામાં આવે છે જે ભારતીબેનના ફોટોવાળી ઓડીયો કેસેટ છે જેના પાછળ એ સાઈડ પર શ્રી નંદકુમાર ષ્ટકમ બી શ્રી કૃષ્ણાષ્ટકમ લખેલ છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૭ બતાવવામાં આવે છે જે ૧૪ ફેબ્રુઆરી પેરેટમ વર્શીસ ડેનુ કાર્ડ જેમાં આશારામ તથા નારાયણ સાઈ ના ફોટા છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૮ શ્રી નારનાયણ પ્રેમસાઈનો ફોટો નંગ૧ જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪૯ બતાવવામાં આવે છે જેવી.સી. કંપનીની રેકોડીંગ ડેટાવાળી કેસેટ નંગ.૨ છે જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૫૦ બતાવવામાં આવે છે ટી.ડી.કે. કંપનીનીની રેકોડીંગ ડેટાવાળી કેસેટ નંગ -૧ જેની કી રૂા.૦૦/૦૦ ગણી શકાય.

**(૩૫.૨)** આમ આ પંચ સાહેદે ઉપરોકત મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. જે જોતાં આંક-૧૫૮ વાળા પંચનામાની વિગતે આરોપી નં.(૩) લક્ષ્મીબેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ ના રહેણાંક મકાન તથા સતી અનસુયા મહિલા

આશ્રમના કાર્યાલયમાંથી ધાર્મિક પુસ્તકો તથા કેસેટો અને અન્ય વસ્તુઓ કબજે લીધેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ છે.

(૩૬) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૬ તરીકે જીતુભાઈ રસીકભાઈ ચાવડાનાઓને આંક –૧૫૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદની જુબાની જોતાં તેમને તા.૮–૧૨–૧૩ ના રોજ ચાંદખેડા પો.સ્ટે.ના અધિકારી ઘરે બોલાવવા આવેલા અને ત્યાથી પો.સ્ટે. ખાતે ગયેલ અને ત્યાંથી નારાયણવાટીકા જે મોટેરા સ્ટેડીયમની નજીક આવેલા છે ત્યા પંચનામુ કરવા માટે લઈ જવામાં આવેલ. તે સમયે તેમની સાથે પોલીસના માણસો હતા અને બીજા પંચ તરીકે ભરતભાઈ હતા. તેઓ નારાયણસાઈના બંગ્લે ગયેલા. પોલીસે સદરહુ મકાનમાં જડતી કરેલી. પોલીસે ત્યાથી એક નોકીયા કંપનીનો મોબાઈલ જે ચાલુ હાલતમાં હતો તે તથા તેનુ ચાર્જર, એક ફાઈલ અને એક નોટબુક મળેલા જે પોલીસે કબજે લીધેલાની હકીકત જણાવેલી છે. આમ આ પંચ સાહેદની જુબાની જોતાં ફરીયાદપક્ષ આંક–૧૬૧ વાળા પંચનામાની વિગતે આરોપી નં.(૧) આશારામના પુત્ર નારાયણ સાંઈના બંગ્લેથી એક નોકીયા મોબાઈલ,ચાર્જર, એક ફાઈલ અને એક નોટબુક કબજે લીધાની હકીકત રેકર્ડ પર સાબિત કરી શકેલ છે.

(૩૬.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,

(૭)...એ વાત ખરી છે કે, પોલીસવાળા મને અગાઉથી ઓળખતા હોઈ મારા ઘરે બોલાવવા આવેલા. પોલીસવાળા મને બે ત્રણ વર્ષથી ઓળખે છે. એ વાત ખરી છે કે, પોલીસવાળા મને કામ હોય તો બોલાવે. એ વાત ખરી છે કે, મને જે નોકીયા ફોન બતાવવામાં આવ્યો તેવા જ નોકીયા ફોન અને ચાર્જર

બજારમાં ઘણા મળે છે. હુ એ હકીકત જાણતો નથી કે, પોલીસવાળાએ ઉપરોકત ચાર મુદ્દામાલ આર્ટીકલ કબજે લીધા તેની પહોંચ ત્યા હાજર મહીલા અથવા પુરુષને આપેલી કે કેમ? એ વાત ખરી છે કે, ત્યા વિડીયોગ્રાફી કરવામાં આવેલી. સદરહુ આર્ટીકલનો કોઈ વીડીયો ઉતારવામાં આવેલ કે કેમ? તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, જે કાર્યવાહી પોલીસે સ્થળ પર કરેલી તેની વીડીયોગ્રાફી કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, આ તમામ આર્ટીકલ નં. ૫૬ થી ૫૯ ઉપર મારી કે બીજા પંચની સહીઓ નથી.(૮) ... એ વાત ખરી છે કે, પંચનામુ અમે લખાવેલુ નહી. એ વાત ખરી નથી કે, પંચનામામાં સહીઓ પો.સ્ટે.માં કરેલી.

**(૩૬.૨)** સદર પંચ સાહેદની હાજરીમાં નારાયણસાંઈના બંગલેથી મોબાઈલ , ચાર્જર તથા એક ફાઈલ અને નોટબુક કબજે કરવામાં આવેલ છે પરંતુ તેને હાલના કેસમાં કાંઈ લાગતુ વળગતુ ન હોઈ તેની ચર્ચા કરવી અસ્થાને છે. પરંતુ બચાવપક્ષ આંક-૧૬૧ વાળુ પંચનામુ આ પંચ સાહેદની રૂબરુમાં થયેલ નહી હોવાની કોઈ હકીકત રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૩૭)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં પંચ **સાહેદ નં.૭ તરીકે મયુરભાઈ જશવંતભાઈ શ્રીમાળીનાઓને આંક -૧૬૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે પરંતુ ફરીયાદપક્ષ તરફથી સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પેરા-૪ માં જણાવેલ છે કે એ વાત ખરી છે કે, મને તા.૨૪-૧૨-૧૩ના રોજ પો.સ્ટે. બોલાવેલા તે સમયે એક બહેન હાજર હતા. તે બહેનનુ નામ પુછતા તેમનુ નામ મીરાબહેન ઉર્ફે બગલો હોવાનુ જણાવેલ. તેમણે એવુ પણ જણાવેલુ કે, તેઓ સરદાર નગર હાંસોલ ખાતે રહે છે. તે બહેને તેમની રાજીખુશીથી એક નોટબુક રજૂ

કરેલી. તે નોટબુકમાં બોલપેનથી સીધીભાષામાં લખાણ હતુ. સદર પંચ સાહેદે પેરા (૫) માં જણાવેલ છે કે મને મુદ્દામાલ આર્ટીકલ નં.૬૦ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ લખાણ છે જે ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૬૧ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તે તે જ લખાણ છે જે ઓળખી બતાવુ છુ.

(૩૭.૧) આમ આ પંચ સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આંક–૧૬૩ વાળા પંચનામાની વિગતે આરોપી મીરાબેન ઉર્ફે બગલોના ઘરની ઝડતી કરી સીંધી ભાષામાં લખેલુ લખાણ જે કાગળોમાં લખેલુ હતુ તે કાગળો કબજે લીધાની હકીકત રેકર્ડ પર પુરવાર કરી શકેલ છે.

(૩૮) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૮ તરીકે મેહુલ રમણભાઈ મકવાણાનાઓને આંક –૧૬૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર પંચ સાહેદની જુબાની જોતાં તેમને તા.૨૪–૧૨–૧૩ના રોજ ચાંદખેડા પો.સ્ટે. માં પંચનામા માટે બોલાવેલા. તેમની સાથે બીજા પંચ તરીકે મયુરભાઈ હતા. તેમની રૂબરૂ સીંધી ભાષામાં લખેલુ લખાણ જે કાગળોમાં લખેલુ હતુ તે કાગળો કબજે લેવામાં આવેલ. પો.સ્ટે.માં એક બહેન સાદા કપડામાં હતા. પોલીસે તેમની હાજરીમાં તેમનુ નામ પુછતા તેમને મીરાબેન હોવાનુ જણાવેલુ હોવાની હકીકત સરતપાસમાં જણાવેલી છે.

(૩૮.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૫)... એ વાત ખરી છે કે, મને અત્યારે કોઈ નોટબુક બતાવવામાં આવેલ નથી. પંચનામાની

જે કાર્યવાહી થઈ તેની વીડીયોગ્રાફી થયેલી કે કેમ? તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, સદરહુ કાગળો (મુદ્દામાલ આર્ટીકલ નં.૬૦ અને ૬૧) કેદીએ આપેલા જે પુરુષ હતો. .(૬) ... એ વાત ખરી છે કે, હુ અને મયુર બંને મિત્રો છીએ. એ વાત ખરી છે કે, પંચનામાના કાગળોમાં મે સહીઓ કરી ત્યા સુધી હુ અને મયુર સાથે હતા. એ વાત ખરી છે કે, આ તમામ સહીઓ પો.સ્ટે.માં લેવામાં આવેલી.

(૩૮.૨) આ પંચ સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં. ૬૦ તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૬૧ વાળા લખાણ બતાવવામાં આવતાં તેમની રૂબરુમાં કબજે કરવામાં આવેલ તે લખાણ હોવાની હકીકત જણાવેલી છે. આમ આ પંચ સાહેદની જુબાની જોતા આંક-૧૬૩ વાળું પંચનામુ સદર પંચ સાહેદ તેમજ પંચ સાહેદ નં.(૭) મયુરભાઈની હાજરીમાં કરવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

(૩૯) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં પંચ **સાહેદ નં.૯ તરીકે અમીતભાઈ પ્રદિપભાઈ ત્રિવેદીનાઓને આંક-૧૭૦** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદની જુબાની જોતાં સદર પંચ સાહેદ તેમજ તેમની સાથેના બીજા પંચ નં.૧ ગુલાબસિહની ચાની કીટલી પર બેઠા હતા ત્યારે ચાંદખેડા પો.સ્ટે.ના અધિકારીએ તેમને ચાંદખેડા પો.સ્ટે.માં સવારે ૧૦:૦૦ વાગે બોલાવેલા. તે સમયે ડો.કાનન દેસાઈ, અને જાડેજા સાહેબ અને બીજા પોલીસના માણસો હતા. તેમને આશારામના આશ્રમમાં લઈ ગયેલા ત્યા ગેટ પાસે સૌ પ્રથમ સરલાબેનને બોલાવેલા અને ત્યાથી લક્ષ્મીબેનની કુટીયા પાસે ગયેલા. ત્યાથી પોલીસે તેમની હાજરીમાં એક મહાનનારીનો લેટરપેડ, આશારામના પુત્ર નારાયણસાઈની જન્મ પત્રીકા, એક મોટુ કવર હતુ જેમાં જાનકીબેન હરપાલાની

ત્રણ મોટીસાઈઝના ફોટા હતા તે પાંચ વસ્તુ કબજે કરેલી હોવાની હકીકત જણાવેલી છે. વધુમાં સદર પંચ સાહેદે તેઓ પંચો અને પોલીસવાળા અનસુર્યા મહીલા આશ્રમમાં ગયેલા. ત્યા પોલીસે તેમની રૂબરૂ ૨૭ વસ્તુઓ કબજે કરેલી. જેમાં આશારામના સાત થી આઠ મેગેઝીન હતા અને લક્ષ્મીબેનના ફોટાવાળા મેગેઝીન, સાત–આઠ સીડીઓ જેમાં મહામૃત્યુંજય અને લક્ષ્મીબેન માતાજીની સીડીઓ હતી. ઉપરોકત વસ્તુઓ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલી હોવાની હકીકત તેમજ પંચનામુ કર્યુ તે વખતે તેઓ, બીજા પંચ અને પોલીસવાળા તથા એક વીડીયોગ્રાફર મહેન્દ્રભાઈ પણ હાજર હતા તેઓએ સમગ્ર પંચનામાની વિડીયોગ્રાફી કરેલી તેવી હકીકત જણાવેલી છે.

(૩૯.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે(૭)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા–૩ માં જે વસ્તુઓ જે જે જગ્યાએથી કબજે કરેલી તે અંગેની પહોંચ ત્યા હાજર વ્યકિત કે જેની હાજરીમાં તેની કુટીયામાંથી કબજે કરેલ તેની પહોંચ આપવામાં આવેલી નહી. (૮).. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા–૪ માં જે વસ્તુઓ જે જે જગ્યાએથી કબજે કરેલી તે અંગેની પહોંચ ત્યા હાજર વ્યકિત કે જેની હાજરીમાં તેની કુટીયામાંથી કબજે કરેલ તેની પહોંચ આપવામાં આવેલી નહી.(૯).. એ વાત ખરી છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ થી ૫૫ કબજે કર્યા તેની ઉપર અમારી કોઈ સહીઓ લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, પંચનામુ કોણ લખાવતુ હતુ અને કોણે લખેલુ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, વીડીયોગ્રાફી કરતી વખતે મારી કોઈ હાજરી જ ન હતી. એ વાત ખરી નથી કે, અમોએ પંચ તરીકે પો.સ્ટે.માં સાથે ગયેલા અને ત્યાં જ સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે,

મારી સરતપાસના પેરા–૩ અને પેરા–જમાં જણાવેલ વસ્તુઓ મારી હાજરીમાં કબજે કરવામાં આવેલ નથી.

(૩૯.૨) સદર પંચ સાહેદે જુબાની દરમિયાન મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ થી ૫૫ બતાવવામાં આવતાં સદર પંચ સાહેદે તેમની રૂબરુમાં કબજે લીધેલ તે જ મુદ્દામાલ હોવાનું ઓળખી બતાવેલ હોઈ આંક–૧૫૮ વાળુ પંચનામુ સદર પંચ સાહેદની હાજરીમાં કરવામાં આવેલ હોવાની અને સદર પંચ સાહેદની રૂબરુમાં મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ થી ૨૫ વાળો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

(૪૦) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં પંચ **સાહેદ નં.૧૦ તરીકે કીશનલાલ નાથુજી ચૌધરીનાઓને આંક –૧૭૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદની જુબાની જોતાં તેમને ચાંદખેડા પો.સ્ટે. ખાતે પોલીસવાળાએ પંચમાં રહેવા માટે તા.૨૯–૧૧ ના રોજ બપોરના કલાક ૪:૩૦ વાગે બોલાવેલ. તે સમયે પો.સ્ટે.માં આરોપી મીરાબેન હાજર હતા અને તેમને પો.સ્ટે. થી પંચો, પોલીસવાળા અને આરોપી મીરાબેન સરકારી વાહનમાં બેસાડેલા. આરોપી મીરાબેન આગળ વચ્ચે બેઠેલા હતા. ત્યાંથી મીરાબેને જે રસ્તો બતાવેલો તે મુજબ ન્યુસી.જી.રોડથી મોટેરાથી કોટેશ્વર અને ત્યાથી ઈન્દીરાબ્રીજ થઈ સરદારનગર ખાતે આવેલ સમરથનગર ખાતે ગયેલા હોવાની હકીકત સદર પંચ સાહેદે જણાવેલી છે. વધુમાં સદર પંચ સાહેદે એવી પણ હકીકત જણાવેલી છે કે ત્યા સરકારી વાહન ઉભુ રાખી મીરાબેન તેમના ઘરે તેમને પહેલા માળે લઈ ગયેલા. તેમનુ ઘર બંધ હતુ જે મીરાબેને ચાવીથી ખોલેલુ અને ઘરમાં તેઓ બધા દાખલ થયેલા અને પોલીસે ઝડતી કરેલી.

ત્યાથી બે બુક અને ૧૪ કાગળીયા સીંધી ભાષામાં લખેલા હતા.તે વસ્તુઓ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ.

(૪૦.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૭)... એ વાત ખરી છે કે, સ્થળ પર વિડીયોગ્રાફી પણ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, જે કામગીરી કરવામાં આવેલી તે તમામ કામગીરીની વીડીયો રેકોર્ડીંગ કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે, મુદ્દ્માલ આર્ટીકલ નં.૨૦, ૨૧, ૨૨ અને ૨૩ મીરાબેનના મકાનમાંથી કબજે કરવામાં આવેલ નથી. જે મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦,૨૧,૨૨ અને ૨૩ બતાવ્યા તેની વિડીયોગ્રાફી કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે,ઉપરોકત મુદ્દામાલ કબજે કર્યાની હકીકતોનો કોઈ ઉલ્લેખ વિડીયોગ્રા ફી માં નથી.એ વાત ખરી નથી કે, હુ ત્યા હાજર હતો તેનો પણ કોઈ ઉલ્લેખ વિડીયોગ્રાફીમાં નથી. (૮) ... આ મકાન કોના કબજામાં હતુ, કોણ માલીક હતુ તે અંગેનો કોઈ પુરાવો તે મકાનમાંથી મળેલ નહી તે અંગે હુ કહી શકુ નહી. મકાન ખોલવા માટે ચાવી મીરાબેન પાસે હતી. એ વાત ખરી છે કે, મે બે સહીઓ એક જ વખતે અને એક જ સમયે કરેલી. (૯) ...એ વાત ખરી છે કે, સદર કાગળો કોને રજુ કર્યા તેની કોઈ પહોંચ મારી હાજરીમાં પોલીસે આપેલી નહી. હુ રોડ ઉપર ચાની કીટલી ચલાવુ છુ. મે ચાની કીટલી ચલાવવા માટે લાયસન્સ લીધેલ નથી. એ વાત ખરી નથી કે, પોલીસવાળાની રહેમ નજર નીચે હુ મારી કીટલી ચલાવુ છુ. એ વાત ખરી છે કે, પોલીસે મારી સામે કોઈ ગેરકાયદેસર કીટલી ચલાવવાની ફરિયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે, ઉપરોકત તમામ વસ્તુઓ પો.સ્ટે.માં જ પડેલ હતી અને તેનુ પંચનામુ પો.સ્ટે.માં કરવામાં આવેલુ અને અમારી સહીઓ પણ પો.સ્ટે.માં લેવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે, હુ અને મારી સાથેના

બીજા પંચ પોલીસવાળા સાથે કયાંય ગયેલા નથી કે, કોઈની હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી કે કોઈ વસ્તુ રજૂ કરવામાં આવેલ નથી તેમ છતા હુ આજરોજ નામ.કોર્ટમાં ખોટી હકીકત જણાવુ છુ.(૧૦) ... એ વાત ખરી છે કે, પંચનામુ કોણે લખેલુ અને કોણે લખાવેલુ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, પો.સ્ટે.માં પંચનામુ લખેલુ તૈયાર હતુ. એ વાત ખરી છે કે, હુ ગુજરાતી ભાષા જાણતો નથી તે બાબતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે .

**(૪૦.૨)** પરંતુ સદર પંચ સાહેદને મુદ્દમાલ આર્ટીકલ નં. ૨૦ અને ૨૧ તથા મુદ્દમાલ આર્ટીકલ નં. ૨૨ (માર્ક ડી–૧ થી ડી–૪) બતાવવામાં આવેલ જેમાં સીંધી ભાષામાં લખાણ છે જે કુલ–૪ પાના તથા મુદ્દમાલ આર્ટીકલ નં. ૨૩ (માર્ક–ડી–૫) કુલ–૧૦ કાગળો છે સીંધી ભાષામાં લખેલ છે તે તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ તે જ મુદ્દામાલ હોવાનું ઓળખી બતાવેલ હોઈ ફરીયાદપક્ષ સદર પંચ સાહેદની જુબાની થકી આંક–૧૭૨ વાળા પંચનામાની હકીકત સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

**(૪૧)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૧ તરીકે સિધ્ધરાજસિંહ પ્રવિણસિંહ ચાવડાનાઓને આંક ૧૭૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદની જુબાની જોતાં સદર પંચ સાહેદ તા.૧૦–૧૦–૧૩ ના રોજ તેમની ફરજ ઉપર હતા ત્યારે તેમને ચાંદખેડા પો.સ્ટે.માંથી બે પોલીસવાળા બોલાવવા આવેલા. તેમને સરકારી પંચમાં જવાનુ હતુ તેવી સમજ કરવામાં આવેલી. તેમને આશારામનો આશ્રમ હતો ત્યા લઈ ગયેલા. તેઓ પો.સ્ટે. પહોંચ્યા ત્યારે પી.એસ.આઈ., બે કોન્સ્ટેબલ અને તેમનો સ્ટાફ હાજર હતો. તેઓ પો.સ્ટે.ને ગયેલા ત્યારે ત્યા એફ.એસ.એલ.ના અધિકારી,

વિડીયોગ્રાફર પણ હાજર હતા. તેમને આશારામના કેસમાં બનાવવાળી જગ્યા જે ચાંદખેડા પો.સ્ટે.થી ૩ કી.મી. દુર આશ્રમમાં આવેલી છે તે જગ્યાએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવા બોલાવેલા હોવાની હકીકત જણાવેલી છે. વઘુમાં સદર પંચ સાહેદે એવી પણ હકીકત જણાવેલ છે કે ત્યા એક બેન હાજર હતા અને તેઓએ જગ્યા બતાવેલી. આશ્રમમાં પહોંચ્યા પછી તેઓએ આશારામ બાપુની બેસવાની જગ્યા હતી તે જગ્યા બતાવેલી. ત્યાંથી ફરિયાદણબેનને રહેવા માટે જે રૂમ આપેલ તે જગ્યાએ બેન લઈ ગયેલા. ફરિયાદણબેન જોડે જે બનાવ બનેલો તે બનાવવાળી કુટીર બેને બતાવેલી. તે કુટીરમાં જે રૂમ હતો તે રૂમ બતાવેલો. તે રૂમમાં જે વસ્તુઓ પડેલી તે વસ્તુ બતાવેલી જેમાં એક ટીપોઈ, એક પલંગ હતો અને ઓઢવાનો બ્લેકકેટ હતો તે એક બહેન પોતાનુ નામ ભોગબનનાર સાથે બનેલ ગુનામાં વપરાયેલ હોવાનું જણાવતા તે તપાસ અર્થે કબજે લેવામાં આવેલ અને ત્યાથી કુટીરમાં બહારની જગ્યાઓ પણ બતાવેલી તે જગ્યાએ આવેલ આશ્રમની બહાર ઉત્તર દક્ષિણના રોડ ઉપર ઉત્તરે આગળ મોટેરાનો મુખ્ય રોડ આવેલ છે. સદર પંચનામાની વિડીયોગ્રાફી પણ કરવામાં આવેલી. તેમની સાથે બીજા પંચ તરીકે મનનભાઈ પરમાર હતા. ત્યા પંચનામુ પુરૂ કરી પાછા પો.સ્ટે. આવેલા.

**(૪૧.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૮)... મે ગ્રેજયુએટ સુધી અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે, આંક-૧૮૦ વાળા પંચનામામાં પંચનામુ કરવા અંગેની વિગતવારની સમજ અમને આપવામાં આવેલી જે પેરા નં.૧ અને પેરા નં.૨ માં જણાવેલ છે તેનો ઉલ્લેખ પંચનામામાં નથી. એ વાત ખરી નથી કે, અમે સીધા આશ્રમ પર પહોંચી ગયા હોય તેવુ બનેલુ. જો

પંચનામામાં એવુ લખેલુ હોય કે અમે સીધા આશ્રમ પર પહોંચી ગયા તો તે હકીકત ખોટી છે. (૯) ... એ વાત ખરી નથી કે, પંચનામાનુ લખાણ મે લખાવેલ નથી. સદરહુ લખાણ એક પો.કોન્સ્ટેબલ લખતા હતા. તેમનુ નામ મને ખબર નથી પરંતુ કોન્સ્ટેબલને મુછો હતી અને તેની સાડા પાંચ ફુટ જેટલી ઉંચાઈ હતી. પંચનામુ અમે જયાંજયાં ફરતા હતા તે તે જગ્યાનુ કરવામાં આવતુ. એ વાત ખરી છે કે, સાથે સાથે વિડીયોગ્રાફી પણ ચાલુ હતી. એ વાત ખરી છે કે, પંચનામુ લખતી વખતે જે બોલવામાં આવતુ હતુ તે વિડીયોગ્રાફીમાં રેકોર્ડ થાય. મે પંચનામાની વિડીયોગ્રાફી જોયેલી છે. એ વાત ખરી છે કે, વિડીયોગ્રાફીમાં હુ બોલતો હોઉ તેવુ મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ. અધિકારી સ્થળ પર હાજર હતા અને તેઓ બોલતા હતા. એ વાત ખરી છે કે, વિડીયોમાં તેમનો અવાજ અને તેમનો ફોટો રેકોર્ડ થયેલા છે. (૧૦)... એ વાત ખરી છે કે, વિડીયોની સીડીને ધ્યાનમાં લેતા તેમાં એફ.એસ.એલ. અધિકારી બોલતા હતા તેવુ રેકર્ડ થયેલ છે. એ વાત ખરી નથી કે, ફરિયાદી બેન પણ એક શબ્દ બોલેલા હોય તેવુ વિડીયોમાં નથી. પોલીસ અધિકારીઓ યુનિફોર્મ માં હતા. એ વાત ખરી નથી કે, પોલીસ અધિકારીઓ સ્થળ પર એવી ચર્ચા કરતા હતા કે ફરિયાદી બેન કન્ફુઝ થઈ ગયેલા છે. (૧૧) ... એ વાત ખરી છે કે, ફરિયાદી સાથે બીજા એક બેન પણ હતા. એ વાત ખરી નથી કે, ફરિયાદી બેન સિવાય બીજા એક બેન પણ સાથે હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પી.એસ.આઈ. બેન હતા. એ વાત ખરી નથી કે, સમગ્ર વિડીયોગ્રાફીમાં પંચનામુ શરૂ થયુ ત્યારથી પુર્ણ થયુ તેનો કોઈ ઉલ્લેખ નથી. (૧૨) ... એવુ પણ બનેલુ નહી કે, એફ.એસ.એલ. અધિકારી બોલતા હોય અને તેનુ નોટીંગ માપ વિગેરે કરવામાં આવેલ હોય. એ વાત ખરી છે કે, અમે બે પંચો ચુપચાપ ઉભેલા છીએ એવુ વિડીયોગ્રાફીમાં દેખાય છે. એ વાત ખરી નથી કે, આખુ પંચનામુ પો.સ્ટે.માં

લખાયેલ હોય. એ વાત ખરી નથી કે, અમે પંચોએ આશ્રમના કોઈપણ ભાગમાં પંચનામામાં સહીઓ કરતા હોય તેવો કોઈ ઉલ્લેખ વિડીયોગ્રાફીમાં નથી. (૧૩)... પંચનામુ કેટલા ભાગમાં લખાયેલુ તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, પંચનામાનો પહેલો ભાગ કેટલાવાગે શરૂ થયો અને તે કેટલા વાગે પૂર્ણ થયો તે રીતે તમામ ભાગો કેટલા વાગે શરૂ કરવામાં આવ્યા અને કેટલા વાગે પૂર્ણ કર્યા તેના સમય હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, આખુ પંચનામુ કેટલા સમયમાં પૂર્ણ થયેલુ તે સમય હુ કહી શકુ નહી. (૧૪) ... અમે જયારે આશ્રમમાં ગયા ત્યારે અમારી સાથે આશ્રમનો સીકયોરીટીવાળો માણસ અમારી જોડે હતો. અમે જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કરેલો તે રૂમ અમે ગયા ત્યારે લોક હતો. સ્થળ પર અમે પહોંચ્યા ત્યારે સદરહુ રૂમમાં કોઈ ગુનાહીત મુદ્દામાલ છે તે અંગેનો કોઈ ઠરાવ કરવામાં આવેલો કે કેમ? તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, પલંગ, ટીપોઈ અને બ્લેકકેટ પર કોઈ પણ જાતના ગુનાહીત અવશેષો કે નિશાની મળી આવેલ નહી.(૧૫) ... જે રૂમમાંથી મુદ્દામાલની ત્રણ વસ્તુઓ કબજે લેવામાં આવેલ તે અંગેની પહોંચ પોલીસવાળાએ સીકયોરીટીવાળાને આપેલી. તે પહોંચમાં અમારી બે પંચોની સહીઓ પણ કરવામાં આવેલી. સદરહુ મુદ્દામાલની વસ્તુઓ કોર્ટમાં રજૂ કરવા માટેનુ કોઈ લખાણ કરવામાં આવેલ કે કેમ? તે મને હાલ યાદ નથી. સદરહુ લખાણમાં અમારી સહીઓ લેવામાં આવેલી તે મને યાદ છે. (૧૬) ... એ વાત ખરી નથી કે, ટીપોઈ અને પલંગ સાવ ભંગાર હાલતમાં હતા. એ વાત ખરી છે કે, સદરહુ પલંગ અને ટીપોઈની હાલત સારી ન હતી. એ વાત ખરી નથી કે, પલંગ અને ટીપોઈ વાપરવા યોગ્ય ન હતા. એ વાત ખરી નથી કે, પલંગ પર કોઈ ગાદલુ કે કાઈ બીછાવેલ ન હતુ. એ વાત ખરી છે કે, ગાદલા ઉપર કોઈ ગુનાહિત અવશેષો ન હતા. એ વાત ખરી નથી કે, સદરહુ ગાદલુ ઘણા લાંબા સમયથી વણવપરાયેલ અને ગંદુ હતુ. એ વાત ખરી છે કે, સદરહુ મુદ્દામાલ જેવી વસ્તુઓ

બજારમાં પણ મળે. (૧૭) ..એ વાત ખરી નથી કે, વિડીયોમાંજે વસ્તુ છે તે વસ્તુ પંચનામામાં નથી. એ વાત ખરી નથી કે, પંચનામામાંજે વસ્તુ છે તે વસ્તુ વિડીયોમાં નથી. એ વાત ખરી નથી કે, એફ.એસ.એલ. અધિકારીએ આખુ પંચનામુ લખાવેલુ તે હકીકત વિડીયોમાં નથી.(૧૮) ...એ વાત ખરી નથી કે, બ્લેકકેટ જે મને આજરોજ બતાવેલ તેના ઉપર સીલ પો.સ્ટે.માં કરવામાં આવેલ. એ વાત ખરી નથી કે, આ સીલ વિડીયોગ્રાફીમાં કોઈ જગ્યાએ દર્શાવેલ નથી. (૨૦)...મે વીડીયો સીડી જોયેલી છે. એ વાત ખરી છે કે, મે આંક–૧૮૧ વાળી અરજી વાંચેલી. એ વાત ખરી છે કે, મે વીડીયો સી.ડી. જોતી વખતે સદરહુ અરજી સાથે કમ્પેર કરેલ. એ વાત ખરી છે કે, પંચનામુ અને વીડીયોસી.ડી.માં થોડો ફેરફાર છે. એ વાત ખરી છે કે, આંક–૧૮૧વાળી અરજીમાં જણાવેલ છે તેવો ફેરફાર છે. (૨૧) ...એ વાત ખરી છે કે, સ્થળ પર એફ.એસ.એલ.ના અધિકારી હીંગરાજીયા હાજર હતા. જે હુ ફોટો જોઈને ઓળખી બતાવુ છુ. જે **ફોટોગ્રાફસ ને માર્ક–એ** આપવામાં આવે છે.

**(૪૧.૨)** બચાવપક્ષ ધ્વારા સદર પંચ સાહેદની ઉલટ તપાસ દરમિયાન મુદ્દામાલ બાબતે બચાવ લેવા પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ સદર પંચ સાહેદને મુદ્દામાલ આર્ટીકલ નં.(૨) વાળી પંચ સ્લીપ બતાવતાં તેમની રૂબરુ ટીપોઈ, પલંગ અને બ્લેકકેટ કબજે લેવામાં આવેલ તેમાં પંચ નં.૧ તરીકે સદર પંચ સાહેદે સહી કરેલી તે ઓળખી બતાવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ સદર પંચ સાહેદની જુબાનીથી સદર પંચ સાહેદની રૂબરુમાં બનાવવાળી જગ્યાએથી આંક –૧૭૯ વાળા પંચનામાની વિગતે ટીપોઈ, પલંગ અને બ્લેકકેટ કબજે લેવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ હોઈ ફરીયાદપક્ષ આંક–૧૭૯ વાળુ પંચનામુ પુરવાર યાને સાબિત કરી શકેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## વીડીયોગ્રાફર સાહેદની જુબાનીની ચર્ચા :

(૭૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧ર તરીકે રાહુલભાઈ મહેશભાઈ સોલંકીનાઓને આંક –૧૮૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં સદર સાહેદને તા. ૧૦–૧૦–૧૩ ના રોજ ચાંદખેડા પો.સ્ટે. વિડીયોગ્રાફી કરવા માટે પોલીસે બોલાવેલ. તે જ દિવસે પોલીસ સાથે તેઓ સાબરમતી ખાતે આવેલ આશારામ બાપુના આશ્રમમાં પોલીસના વાહનમાં ગયેલ. ત્યાં બે પંચો તથા એફ.એસ.એલ.ના અધિકારી અને પોલીસ સ્ટાફ હાજર હતો. તેમને સ્થળ પર એફ.એસ.એલ.ના અધિકારી અને પોલીસવાળાએ જે નિર્દેશન આપેલ તે મુજબ તેઓએ સ્થળ પર વિડીયોગ્રાફી કરેલી. જે લખાણ થતુ હતુ તેની વિડીયોગ્રાફી થતી નહી. તેમને આશ્રમમાં જુદા જુદા સ્થળે જે બે થી ત્રણ જગ્યાએ લઈ ગયેલા ત્યા વિડીયોગ્રાફી કરવાનુ હતુ. તેમણે પોતાના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'ગુનાવાળી જગ્યાએ તેઓએ તેમના વિડીયો શુટીંગના કેમેરાથી જે શુટીંગ આશારામ મહીલા આશ્રમ તેમજ શાંતિવાટીકા કુટીર ખાતે ઉતારેલ જે વિડીયોશુટીંગની સી.ડી. કેસેટો બનાવી આ કામે તપાસ અર્થે તપાસ અધિકારીએ તેઓએ રજૂ કરેલ છે.' વધુમાં સદર સાહેદે જુબાનીમાં જણાવેલ છે કે જણાવેલ છે કે તા.૧૦–૧૦–૧૩ના રોજ નિવેદન લખાવ્યુ તે પહેલા પોલીસવાળા તેમને સુરત ખાતે પોલીસ સ્ટેશને લઈ ગયેલા.પોલીસ તેમને સુરત ખાતે બેનનુ નિવેદન લેવા માટે અને તેનુ વિડીયો શુટીંગ કરવા માટે લઈ

ગયેલા.તેઓએ જે બેન બોલતા હતા તેનુ પણ વિડીયો શુટીંગ કરેલુ. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે તેમને આશારામ આશ્રમમાં લઈ ગયેલા ત્યા જે પંચનામુ થતુ હતુ ત્યા તેમને જે સ્થળોનો નિર્દેશ કરેલો તેનુ તમામનુ તેઓએ વિડીયો રેકોડીંગ કરેલુ. વિડીયો રેકોડીંગની સાથે ઓડીયો રેકોડીંગ પણ કરવામાં આવતુ હતુ. તેઓ પોલીસ ફોટોગ્રાફર નથી. તેઓ પ્રાઈવેટ ફોટોગ્રાફીનો વ્યવસાય કરે છે.

(૪૨.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૮)...તા. ૧૦-૧૦-૧૩ ના રોજ મારૂ નિવેદન સાબરમતી પો.સ્ટે.માં વિડીયોગ્રાફીનુ કામ પુર્ણ થયા બાદ તે જ દિવસે લીધેલુ. મારૂ નિવેદન રાત્રીના આઠ વાગે લેવામાં આવેલુ. સાબરમતી આશારામ બાપુના આશ્રમથી સીધા પોલીસ સ્ટેશન લઈ ગયેલ. મારૂ નિવેદન નોંધતા આશરે ૧૫ મીનીટ જેટલો સમય થયેલો.(૯)... હુ સુરત પોલીસ સાથે મારૂ નિવેદન લીધુ તેના ત્રણ ચાર દિવસ પહેલા ગયેલો. અમે સુરત જવા માટે રાત્રે બાર વાગે નીકળેલા. જે અમે પોલીસ સાથે અને તેમના વાહનમાં નીકળેલા અને અમારી સાથે આઈ.ઓ. હાજર હતા. અમે સુરત ખાતે બેનનુ જે નિવેદન લીધેલુ તેટલા પુરતી જ વિડીયોગ્રાફી કરેલી. અમે બેનનુ નિવેદન સાંજે સાડા પાંચની આજુબાજુ લીધેલુ અને તેની વિડીયોગ્રાફી કરેલી. બેનનુ નિવેદન લેખીતમાં લખવામાં આવેલુ.(૧૦).. બેન કયા કેસના ભોગબનનાર હતા તેની મને ખબર નથી. તે બેનનુ શારીરિક વર્ણન હુ આપી શકુ નહી. સદરહુ નિવેદન પો.સ્ટે.માં લેવામાં આવેલુ. પરંતુ તે કયા વિસ્તારનુ પો.સ્ટે. હતુ તેની મને ખબર નથી. બેનનો વિડીયો લીધેલો તે માત્ર જે બેનનુ નિવેદન લેવામાં આવેલુ તે જ બહેનનુ વિડીયો શુટીંગ કરવામાં આવેલુ. ત્યા હાજર સરકારી વર્દીવાળા બેનનુ વિડીયો લીધેલ નથી. (૧૧)..અમારૂ વિડીયો

શુટીંગ ચાલતુ હતુ તેનાથી સરકારી વર્ધીવાળા બેન બે ત્રણ ફુટ દુર હતા. મારી હાજરીમાં માત્ર એક જ નિવેદનનુ રેકોર્ડીંગ કરવામાં આવેલુ. એ વાત ખરી છે કે, સદરહુ કામગીરી પુરી થયા બાદ તપાસ કરનાર અધિકારી બેન મને અમદાવાદ પરત લઈને આવેલા. અમે બીજા દિવસે સવારે સાડા સાત વાગ્યાની આજુબાજુ અમદાવાદ પરત આવેલા. એ વાત ખરી છે કે, ત્યારબાદ હુ મારા ઘરે જતો રહેલો. (૧૨)... મારી પાસે નેશનલ પેનાસોનીક કંપનીનો હેન્ડી લેટેસ્ટ વિડીયો ઉતારવા માટેનો કેમેરો છે. એ વાત ખરી છે કે, મારો કેમેરો ઝુમ વાળો લેન્સ ધરાવતો કેમેરો છે. એ વાત ખરી છે કે, વિડીયોગ્રાફી કરવામાં આવે તે કેમેરાનો લેન્સ ૧૮૦ં નો વિસ્તાર કવર કરે છે. એ વાત ખરી નથી કે, સાથે ફોટોગ્રાફી પણ વિડીયોમાં આવે. એ વાત ખરીછે કે, મને વિડીયોગ્રાફીનો અનુભવ છે. મારા કેમેરામાં ઝુમ કરવામાં આવે તો દસેક ફુટ જેટલો વિસ્તાર કવર થાય. એ વાત ખરી નથી કે, મારા વિડીયોગ્રાફીમાં સ્થળનુનામ પણ ફીટ કરી શકાય. મારો વિડીયો ડીઝીટલ નથી. એ વાત ખરી નથી કે, વીડીયો કેમેરામાં શુટીંગ કરતી વખતે ઓટોમેટીક તારીખ અને સમય આવે. એ વાત ખરી છે કે, મારા કેમેરામાં વિડીયો રેકોડીંગ કરતા પહેલા તારીખ અને સમય જો સેટ કરવામાં આવે તો વિડીયોમાં તે આવી શકે.(૧૩)...હુ સુરત ગયો તે પહેલા તે હકીકત જાણતો ન હતો કે મને ભારતનો ચર્ચાસ્પદ કેસનુ વિડીયો રેકોડીંગ માટે લઈ જવામાં આવે છે. હુ એ હકીકત તે વખતે જાણતો ન હતો કે, કયા પ્રકારના ગુના અંગેના કેસમાં મારે વિડીયો રેકોંડીગ કરવાનુ છુ અને તે હકીકત મે મારા નિવેદનમાં પણ લખાવેલી નથી. મે મારા નિવેદનમાં હુ કયા ગુનાના કામે સુરત ગયો તેવી હકીકત જણાવેલી નથી. મને મારૂ નિવેદન વાંચી બતાવવામાં આવેલ. એ વાત ખરી છે કે, મારા નિવેદનમાં ગુનાનો નંબર અને કલમ લખેલી છે તે મે લખાવેલી નથી.(૧૪ )...એ વાત ખરી છે કે, પોલીસે મારી જે પુછપરછ કરેલી તેના

મે જવાબો આપેલા. તા.૧૦–૧૦–૧૩ના રોજ મે જે વિડીયોગ્રાફી જે અમદાવાદ ખાતે આશ્રમમાં કરેલી તે આશરે સવા બે વાગે શરૂ કરેલી અને સાડા છ વાગે પૂરી થયેલી. એ વાતખ રી છે કે, પોલીસ, બે પંચો, ભોગબનનાર, એફ.એસ.એલ. અધિકારી અને પોલીસઅધિકારી જે જગ્યાઓ બતાવતા હતા તે તમામ જગ્યાની મે વિડીયોગ્રાફી કરેલી. એ વાત ખરી છે કે, પંચનામાની કાર્યવાહી અને વિડીયોગ્રાફીની કાર્યવાહી સાથે સાથે થતી હતી. એ વાત ખરી છે કે, વિડીયોગ્રાફી સાથે ઓડીયો પણ ચાલુ હતો જેથી ત્યા જે અધિકારી (એફ.એસ.એલ. અધિકારી) બોલતા હતા તે પણ રેકોડીંગ થયેલ છે. એ વાત ખરી નથી કે, સમગ્ર પંચનામા દરમ્યાન માત્ર એફ.એસ.એલ. અધિકારી જ બોલતા હતા. એ વાત ખરી છે કે, ઉપરોકત તમામ લોકો વાતચીત કરતા હતા. હુ વિડીયોરેકોડીંગ કરતો હતો સાથે ઓડીયો ચાલુ હતો એટલે જે કાંઈ વાતચીત થતી હતી તે તમામ તેમાં રેકોર્ડ થયેલી છે. એ વાત ખરી નથી કે, બે પંચો માત્ર તેમની સાથે જ ચાલતા હતા.(૧૫).. એ વાત ખરી છે કે, પંચનામુ શરૂ થી અંત સુધી લખાયુ હોય તેની મે વીડીયોગ્રાફી કરેલી નહી. એ વાત ખરી છે કે, પોલીસ અધિકારીએ પણ મને પંચનામુ લખાતુ હોય તેનુ વિડીયોરેકોડીંગ કરવાનુ જણાવેલુ નહી. (૧૬)... મારા વિડીયોની કેસેટ દોઢ કલાકની છે. મારા વિડીયોની એક જ કેસેટમાં તમામ રેકોડીંગ થયેલુ. એ વાત ખરી નથી કે, મે પોલીસને ઓરીજીનલ કેસેટ આપેલી નહી. મે પોલીસને સી.ડી. પણ આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, વિડીયોગ્રાફી પૂર્ણ થયા બાદ પોલીસે મારી કેસેટ લઈ લીધેલી ત્યારબાદ બે પોલીસવાળા મારી પાસે કેસેટ લઈને આવેલા અને તેના ઉપરથી બીજી સીડી તૈયાર કરી આપવાનુ જણાવતા મે તેમની હાજરીમાં બીજી સીડી તૈયાર કરી આપેલી. એ વાત ખરી છે કે, મે વિડીયોગ્રાફીનુ કામ પૂર્ણથયા બાદ તુર્તજ પોલીસને વિડીયોકેસેટ આપી દીધેલી. પોલીસવાળા તે કેસેટ

લઈને બીજા દિવસે સવારના અગીયાર વાગે મારી પાસે સી.ડી. તૈયાર કરવા લઈને આવેલા અને મે તેમને સીડી તૈયાર કરી આપેલી.(૧૭)... મારી પાસે કેસેટમાંથી સી.ડી. તૈયાર કરવાના સાધન છે.મારી પાસે કોમ્પ્યુટર છે. તે સિવાય બીજા સાધન નથી. એ વાત ખરી નથી કે, કોમ્પ્યુટરમાં કેસેટ મુકવા માટેની કોઈ જગ્યા હોતી નથી. સાહેદસ્વેચ્છાએ જણાવે છે કે, કેસેટ કેમેરામાં રાખી તેને સી.પી.યુ. સાથે જોડી પ્લે કરવામાં આવે તો સી.ડી.નુ રેકોડીંગ થાય. સદરહુ રેકોડીંગ કરવા માટે કેપ્ચર કાર્ડ જે કોમ્પ્યુટરમાં આવે તેના ધ્વારા થાય. એ વાત ખરી છે કે, દરેક કોમ્પ્યુટરના સી.પી.યુ.માં કેપ્ચર કાર્ડ આવે નહી. એ વાત ખરી છે કે, હાલ મારી પાસે કેપ્ચર કાર્ડ ખરીદવાનો કોઈ પુરાવો નથી. (૧૮)...એ વાત ખરી છે કે, જે દિવસે વિડીયોરેકોડીંગ થયુ તે દિવસે મે સી.ડી. તૈયાર કરી આપેલી નહી. કેસેટમાંથી સી.ડી. તૈયાર કરતા પહેલા મે જે કેસેટ પોલીસને આપેલી તે જ હતી કે કેમ? તે અંગે મારે જોવાનુ થયેલુ નહી. (૧૯).. એ વાત ખરી છે કે, મે મારા વિડીયો કેમેરામાં કઈ કંપનીની કેસેટ હતી અને કયા નંબરની હતી તે હાલ હુ કહી શકુ નહી. બીજા દિવસે પોલીસ વાળા સી.ડી. બનાવવા મારી પાસે કેસેટ લાવેલા તે કેસેટ ઉપર મે કોઈ માર્કીંગ કરેલુ ન હતુ જેથી હુ કહી શકુ નહી કે તે કઈ કંપની અને કયા નંબરની હતી.(૨૦).. એ વાત ખરી છે કે, વિડીયો કેસેટ અને સી.ડી.માં એડીટીંગ થઈ શકે.

સવાલ–તમારી પાસે પોલીસે જે કેસેટ આપેલી તેમાં એડીટીંગ કરેલુ હતુ કે કેમ? તે તમે કહી શકો નહી.

જવાબ– સદરહુ સવાલ કોર્ટ ધ્વારા પુછી શકાય નહી તેવુ જણાવી રીજેકટ કરવામાં આવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૨૧)...તા.૮–૧૦–૧૩ ના રોજ સુરત ખાતે જે સાહેદનુ નિવેદન લેવામાં આવેલ તે સાહેદ કઈ રીતે પોતાનુ નિવેદન લખાવતા હતા તે હુ વિડીયોગ્રાફી કરતો હોઈ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, નિવેદન હુ સાંભળતો ન હતો. એ વાત ખરી છે કે, સદરહુ સાહેદનુ બીજીવાર કોઈ નિવેદન લેવામાં આવેલ હોય તેવુ મારી હાજરીમાં બનેલુ નહી.(૨૨ )... મે આજરોજ મે જે સી.ડી. ઉતારેલી તે જોયેલ છે. એ વાત ખરી છે કે, મારી સીડીમાં પીડીતા ગૌશાળા પાસે ઉભી રહેલી તેવો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, વાટીકામાંથી પરત આવતા શાલીગ્રામ સોસા. પાસ ે પીડીતાને કઈ જગ્યાએ ઉતારી તેનો ઉલ્લેખ સી.ડી.માં નથી. એ વાત ખરી છે કે, વર્ષ ૨૦૦૭માં પીડીતા આશ્રમના કયા દરવાજાથી નીકળી ગયેલી તેનો ઉલ્લેખ સી.ડી.માં કરવામાં આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,મને જે રીતે કહેવામાં આવેલ તે રીતે સી.ડી. ઉતારેલ છે. મને સી.ડી.ઉતારવા માટે પોલીસ અધિકારીઓએ જે સુચના આપેલી તે પ્ર માણે મે સી.ડી. ઉતારેલી.(૨૩)... એ વાત ખરી છે કે, મૈયાની કુટીયા કયાં આવેલી છે તેનો ઉલ્લેખ મારી સી.ડી.માં નથી. એ વાત ખરી છે કે, વાટીકાનુ બોર્ડ સી.ડી.માં દેખાતુ નથી. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ.ના ડાયરેકટર શ્રી હીંગરાજીયા જે સુચના આપતા હતા તેની વીડીયોગ્રાફી થતી હતી.(૨૫).. એ વાત ખરી છે કે, રૂમમાં કોઈ ટેલીફોનની લાઈન હોય અને તે ખોલીને જોવામાં આવેલ હોય તેવા પ્રકારનો કોઈ વિડીયો લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી વિડીયોગ્રાફીમાં કોઈ નવુ બાંધકામ કરવામાં આવેલ હોય અને તેના કોઈ સેમ્પલ લેવામાં આવેલ હોય તેવુ સ્થળ પર બનેલુ નહી. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં વીડીયોગ્રાફી વખતે અમુક સ્થળો પર અંતર માપવાનુ કામ પણ કરવામાં આવતુ હતુ. હુ એ હકીકત જાણતો નથી કે, શાલીગ્રામ સોસાયટીએ પીડીતાને ઉતારી ત્યાંથી મહીલા આશ્રમનો મેઈન ગેટ અને ગૌશાળા વચ્ચે કેટલુ અંતર

છે તે માપવામાં આવેલુ નહી. હુ એ હકીકત પણ જાણતો નથી કે, શાલીગ્રામ સોસા. થી મહીલા આશ્રમનુ અંતર માપવામાં આવેલુ કે નહી. હુ એ હકીકત પણ જાણતો નથી કે, શાલીગ્રામ સોસા. થી વડનુ ઝાડ જયાં આરોપી ઢેલ અને બગલો બેઠેલા તેનુ અંતપ પણ માપવામાં આવેલુ કે કેમ? એ વાત ખરી છે કે, શાલીગ્ર ામ સોસા.થી ફરિયાદીના ઘરનુ અંતર પણ માપવામાં આવેલુ નહી. (૨૭)....પીડીતાબેને જે નિવેદન આપેલુ તે તેમણે જે સવાલો પુછતા હતા તે પ્ર માણે તેઓ જણાવતા હતા. હુ એ હકીકત કહી શકુ નહી કે, સવાલ પુછાયા બાદ અમુક સમય રોકાયા પછી પીડીતા કોઈને જોઈ જવાબ આપતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સી.ડી.માં બધુ રેકર્ડ છે. સુરત ખાતે જે સી.ડી. ઉતારેલી તેને ચાર વર્ષ થયેલ હોઈ તમામ હકીકત મને યાદ આવતી નથી.(૨૮)..એ વાત ખરી છે કે, આશ્રમની સી.ડી. ઉતારી તેને પણ ચાર વર્ષ થયા છે. એ વાત ખરી નથી કે, તે સી.ડી.ની હકીકત પણ મને યાદ આવતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આશ્રમની સી.ડી.મે આજરોજ જોયેલ છે.(૨૯)... વર્ષ ૨૦૧૩માં મે સી.ડી. ઉતારી તેનુ બીલ મે હજી સુધી મુકેલ નથી. તે અંગે બીજો કોઈ ખુલાશો નથી પરંતુ મારે બીલ મુકવાનુ બાકી છે. મારે બીલ બનાવવાનુ બાકી છે. હુ મારા ધંધામાં ઉધારી રાખુ છુ. હુ સામાન્ય રીતે મારો કેમેરો ભાડે આપતો નથી કયારેક ઈમરજન્સીમાં મિત્રને આપુ છુ. એ વાત ખરી છે કે, અમે મિત્રતામાં કોઈ ભાડુ લેતા નથી. એ વાત ખરી નથી કે, મારો વિડીયો પોલીસવાળા લઈ ગયેલા અને જાતે વિડીયોગ્રાફી કરેલી અને હુ કોર્ટમાં પોલીસને મદદ કરવા મે વીડીયો ઉતારૂ છુ તેવી હકીકત જણાવુ છુ.

**(૪૨.૨)** આમ સદર વીડીયોગ્રાફર સાહેદની બચાવપક્ષ તરફથી જે લંબાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં બચાવપક્ષ

બનાવવાળી જગ્યાની વીડીયોગ્રાફી સદર સાહેદે કરેલી નહી હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ ન હોઈ ફરીયાદપક્ષ આ સાહેદની જુબાની થકી બનાવવાળી જગ્યાની વીડીયોગ્રાફી સદર સાહેદ ધ્વારા તપાસ અધિકારીની સુચના મુજબ તપાસના ભાગરૂપે કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ છે.

## તબીબી સાહેદોની જુબાનીની ચર્ચા

(૪૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૪ તરીકે શૈલેષભાઈ ચેલાભાઈ પટેલનાઓને આંક–૧૯૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે સદર સાહેદનો પુરાવો જોતાં સદર સાહેદ તા.૧ ૬. ૧૦. ૨૦૧૩ ના રોજ અમદાવાદ સોલા સીવીલ હોસ્પીટલ ખાતે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન તેમના સી.એમ.ઓ તરીકે ડો.સી.ડી.ચોંબે ફરજ ઉપર હાજર હતા.હાલમાં તેઓ મરણ ગયેલ છે.તેઓએ ડો.ચોંબે સાહેબ સાથે સાતેક વર્ષ કામ કરેલ છે. જેથી તેઓ તેમના હસ્તાક્ષર ઓળખી તેમ જણાવેલ છે.વધુમાં તા.૧૬.૧૦.૨૦૧૩ના દિવસે પોલીસ ઈન્સપેકટર શ્રી ડી.બી. રવીયા, એસ.આઈ.ટી (વિશેષ શાખા)અમદાવાદનાઓની પોલીસ યાદી સાથે કલાક–૧૧ . ૦ વાગે એક આરોપી નામે આશુમલ ઉર્ફે સંત શ્રી આશારામ સન ઓફ થાઉમુલ સીંધી,ઉ.વ.૭૪ના ઓને તપાસ માટે લઈ આવેલા હતા જેનો એમ.એલ.સી.કેસ નં.૩૩૨૧/૨૦૧૩ નાઓ થી તપાસ કરવામાં આવેલ હતી.આરોપીની તપાસ કરતા તેઓની ઓળખની નીશાની નં.૧ જમણા પગના

અંગુઠા ઉપર જુનુ વાગેલાનું નીશાન હતુ, ૨. પેટ ઉપર જમણી બાજુ તલનું નીશાન હતુ. તેઓનું વજન ૭૧ કે.જી અને હાઈટ ૧૬૫ સે.મી ની હતી.તેઓને તપાસ માટે ની લેખિત સંમતી કેસ પેપર્સમાં લેવામાં આવેલી.બનાવની વિગત તેઓના હસ્તાક્ષરમાં કેસ પેપર્સમાં ગુજરાતીમાં લખવામાં આવેલ હતી. જેનુ ઈંગ્લીશમાં પરીવર્તન કરીને સર્ટીફીકેટમાં નોંધવામાં આવેલ છે.તેઓના જણાવ્યા મુજબ તેઓ બ્રહમચાર્યમાં ખુબ માને છે લગભગ દોઢ કરોડ પુસ્તકો પણ આશ્રમે વિતરણ કરી મારા ભકતો પણ મારા સંસ્કાર થી સંયમી થયેલા છે.૧૨ વર્ષ પહેલા આવુ નીચ કર્મ કર્યુ છે તે ભંયકર જુઠ્ઠાણુ છે ભગવાન સૌને સદબુધ્ધિ આપે આવુ કોઈ કૃત્યક્રમ કર્યુ નથી.શરુઆતમાં તેઓએ મેડીકલ તપાસ માટે મનાઈ કરતા હતા પરંતુ તેઓના સમજાવટથી મેડીકલ તપાસ માટે અને સેમ્પલ આપવા માટે સંમત થયા હતા.પરંતુ વીર્ય અને ગ્લાન્સ વોશ અને ગુપ્ત ભાગની તપાસ માટે તૈયાર થયા ન હતા.તેઓની તપાસ કરતા તેઓ સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા.તેઓના સેકેન્ડરી સેકસયુઅલ કેરેકટર પૂર્ણ વીકસીત હતા અને તેઓના શરીર ઉપર કોઈ ઈજાના નીશાન જણાયેલા ન હતા.તેઓના ગુપ્ત ભાગ અને તેની આજુબાજુ કોઈ બળજબરી કે ઈજાના નીશાન જણાયા ન હતા.તેઓના શરીર અને કપડા ઉપર કોઈ ડાઘા જણાયેલા ન હતા.ગુપ્ત ભાગના વાળ ચોટેલા ન હતા.તેઓની શારીરીક સંભોગની ક્ષમતા ની તપાસણી માટે માનસીક રોગોના નીષ્ણાત પાસે રીફર કરવામાં આવેલા હતા.જેઓની તપાસ ડો.ચીંતનભાઈ સોલંકી,આસી.પ્રોફેસર માનસીક રોગ વિભાગના ઓએ કરેલી.તેઓના ગુપ્ત ભાગે ઈજાઓ માટે સર્જીકલ રેફરન્સ કરવામાં આવેલ હતો જે ડો.પીનાકીન સુતરીયા,આસી.પ્રોફેસર,સર્જરી વિભાગનાઓએ તપાસ કરેલી હતી અને તેઓના જણાવ્યા મુજબ કોઈ ઈજાના નીશાન ગુપ્ત ભાગે કે તેની આજુબાજુ જણાઈ આવેલ ન હતા.તેઓએ હસ્તમૈથુન કરી વીર્ય આપવાની ના

મરજી દર્શાવી હતી અને તે માટે ડોપ્લર ટેસ્ટ કરવાનું પણ ઈન્કાર કરેલ હતો. જેથી તેમને માનસીક રોગોના ડો.ચીંતનભાઈએ સીવીલ હોસ્પીટલ,અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરેલા હતા.તેઓના નીચે મુજબના સેમ્પલ લેવામાં આવેલા હતા અને હોસ્પીટલના શીલથી શીલ કરી મહાવીરસિંહ,હે.કો,બ.નં.૩૨૫૮, ચાંદખેડા પો.સ્ટેનાઓને એફ.એસ.એલ તપાસણી માટે મોકલી આપવામાં આવેલ.૧. બ્લડ ૨. સલાઈવા૩. પ્યુબીક હેર ૪. નખ .તેઓના કપડા તા.૧૫.૧૦.૨૦૧૩ના રોજ બદલવામાં આવેલ હતા.તેઓએ છેલ્લે સ્નાન તા.૧૫.૧૦.૨૦૧૩ના રોજ લીધુ હતુ તથા છેલ્લે ઝાંડો તા.૧૫.૧૦.૨૦૧૩ ના રોજ સાંજે કરેલ હતો અને છેલ્લે પેશાબ તા.૧૬.૧૦.૨૦૧૩ ના રોજ સવારે કરેલ હતો.આમ આ સાહેદે આંક–૧૯૮ વાળી યાદી આધારે આરોપી ન.(૧) આશારામની મેડીકલ તપાસણી તેમનાઓફીસર શ્રી ડો.ચોંબે સાહેબે કરેલી હોવાની તેમજ આંક–૧૯૯ વાળા ફોરવડીંગ પત્રની વિગતે આરોપી નં.(૧) આશારામના શરીર પરથી ૧. બ્લડ ૨. સલાઈવા૩. પ્યુબીક હેર ૪. નખ એફ.એસ.એલ.પરીક્ષણ અર્થે લેવામાં આવેલ હોવાની હકીકત તેમજ ડો. ચૌબે સાહેબે આરોપી નં.(૧) આશારામને તપાસેલ તે અંગે આંક–૨૦૦ વાળુ મેડીકલ સર્ટીફીકેટ તેમજ આંક–૨૦૧ વાળા એમ.એલ.સી.કેસ નં. **નં.૩૩૨૨/૨૦૧૩** જે તા.૧૭.૧૦.૨૦૧૩ થી આરોપીને ફીઝીશીયન દવારા તપાસ કરેલ વિગતનું સર્ટીફીકેટ છે ડો.ચોબે સાહેબના હસ્તાક્ષરમાં આપેલ તેમાં તેમની સહી હોવાની હકીકત જણાવેલી છે.

**(૪૩.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૧)...એ વાત ખરી છે કે,હું પુરાવો આપવા આવ્યો તે કેસ પેપર્સના આધારે મે પુરાવો આપેલ

છે.મને અંગત કોઈ જાત માહીતી નથી.એ વાત ખરી છે કે,આરોપીને મે તપાસેલા નથી.એ વાત ખરી નથી કે,ડો.ચોંબે સાહેબ શું પદવી ધરાવતા હતા તે મને ખબર નથી.એ વાત ખરી છે કે,આંક.૧૯૮ની અમોએ પોલીસ યાદી રજુ કરેલ છે તેમાં કહેવાતો બનાવ સને.૨૦૦૧ની સાલમાં બનેલાનો ઉલ્લેખ છે. (૧૨)...એ વાત ખરી છે કે,૧૨ વર્ષ અગાઉ જો કોઈ બળજબરી થી સંભોગ થયેલ હોય તો તેનો પુરાવો સ્ત્રી કે પુરુષના શરીર ઉપરથી મળી શકે નહી.એ વાત ખરી નથી કે,ડો.ચોંબે સાહેબને ગુજરાતી ભાષા આવડતી નહોતી.એ વાત ખરી છે કે,ડો.ચોંબે સાહેબ ગુજરાતી ભાષા લખી શકતા નહોતા. સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે સાહેબ વાતચીત ગુજરાતીમાં કરી શકતા હતા.એ વાત ખરી નથી કે,કેસનો ઈતીહાસ ગુજરાતીમાં લખેલ નથી.સાહેદ જણાવે છે કે કેસ પેપર્સમાં ગુજરાતીમાં નોધ કરવામાં આવેલ છે.એ વાત ખરી છે કે,ગુજરાતીમાં લખેલા કેસ પેપર્સમાં લખેલા અક્ષરો ચોંબે સાહેબના નથી.એ વાત ખરી છે કે,સદરહું અક્ષરો દર્દીએ જાતે લખીને સહી કરી આપેલ.(૧૩)...એ વાત ખરી છે કે,ડો.ચોંબે સાહેબના યુનીટમાં લેડીઝ નર્શ પણ ફરજ બજાવતી હતી.એ વાત ખરી છે કે,મે આરોપી–આશારમને હોસપીટલમાં જોએલા નહી.અમારી હોસ્પીટલમાં પુરુષના વીર્ય ભેગુ કરવા માટે(સેમ્પલ લેવા માટે) હેન્ડ પ્રેકટીશ (હસ્તમૈથુન) સિવાય બીજો કોઈ સાધન નથી.એ વાત ખરી નથી કે,વોર્ડમાં પુરુષની સારવાર કરવામાં આવે ત્યારે લેડીઝ નર્શ હાજર હોય.એ વાત ખરી છે કે,આવુ કોઈ રેકર્ડ નથી. સાહેદ જણાવે છે મેઈલની તપાસણી અમો જાતે જ કરતા હોઈએ છીએ.(૧૪) ...એ વાત ખરી નથી કે,ગુપ્ત ભાગની તપાસ માટે સંતે એટલા માટે ના પાડેલી કે, મહીલા નર્શની હાજરી હતી. એ વાત ખરી છે કે,જે સેમ્પલ લેવામાં આવ્યા તે પૈકી પ્યુબીક હેર ગુપ્ત ભાગેથી લેવામાં આવેલા.

સવાલ–તમોએ પેરા નં.૪ અને પેરા નં.પ માં વિરોધા ભાષી હકીકતો સોગંદ ઉપર જણાવેલ છે તે બાબતે તમારે શું કહેવુ છે.

નોધ– સદરહું સવાલ મંજુર કરી શકાય નહી. સાહેદ પર્સનલ નોલેજ ઉપર પુરાવો આપતા નથી.તેઓ માત્ર રેકર્ડના આધારે પુરાવો આપેલ છે.જેથી સદરહું સવાલ ના–મંજુર કરવામાં આવે છે.

(૧૫)...એ વાત ખરી છે કે,સદરહું આરોપી (શખ્સ)કોઈ માનસીક રોગો થી પીડાતા હોય કે ડીપ્રેશનમાં હોય તેવી કોઈ નોધ કેસ પેપર્સમાં નથી.ડોપ્લર ટેસ્ટ એ ગુપ્ત ભાગે લોહીના પરશીભ્રમણ માપવા માટેનો ટેસ્ટ ગણાય.હું એ હકીકત અંગે ચોકકસ કહી શકુ નહી કે,ડોપ્લર ટેસ્ટ ઉપરથી વ્યકિત શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ છે કે કેમ તે નિર્ણીત થઈ શકે.ડોપ્લર ટેસ્ટ વિષે હું કહી શકુ નહી કારણ કે તે બાબતે હું પુરતુ જ્ઞાન ધરાવતો નથી.(૧૭)...એ વાત ખરી છે કે,હું આજ રોજ જે કેસ પેપર્સ લઈને આવેલ છું તે આ કેસને લગતા કેસ રેકોર્ડ છે.એ વાત ખરી છે કે, સદરહું દર્દીની ગુપ્ત ભાગના માપની કોઈ નોધ કેસપેપર્સમાં નથી. સાહેદ જણાવે છે કે તેમણે તપાસણી અંગે ઈન્કાર કરેલ હોય એટલે કોઈ નોધ કરવામાં આવેલી નથી.એ વાત ખરી છે કે,મે આજરોજ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તે ડો.ચોંબે સાહેબે જે રેકર્ડ તૈયાર કરેલુ તે તેમના અક્ષરો ઓળખી અને રેકર્ડના આધારે પુરાવો આપેલ છે.(૧૯)...આંક.૧૯૮ વાળી યાદી વાંચીને જણાવુ છું કે તેમાં આરોપી શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ છે કે કેમ તે અંગેનો અભીપ્રાય માગવામાં આવેલો છે. (૨૦)...હું આજરોજ મારી સાથે અમારી હોસ્પીટલના કેસ પેપર્સ લાવેલ છું. જે ના.કોર્ટમાં અસલ રજુ કરુ છું. **જે અસલ કેસ પેપર્સ રજુ દાખલ આંક.૨૦૨ આપવામાં આવે છે.**

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૪૩.૨ આમ સદર તબીબી સાહેદની જુબાનીમાં જણાવેલ સરતપાસ બાબતે બચાવપક્ષ ધ્વારા લંબાણપૂર્વકની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેમ છતાં સદર તબીબી સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ આ કામના આરોપી નં.(૧) ની ડો.ચૌબેનાઓએ મેડીકલ તપાસણી કરેલ હોવાની હકીકત રેકર્ડ પર પુરવાર યાને સાબિત કરી શકેલ છે.

(૪૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૫ તરીકે ડો. ચિંતન કમલેશકુમાર સોલંકીનાઓને આંક –૨૦૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદ તા.૧૬.૧૦.૨૦૧૩ ના રોજ જયારે તેમની ફરજ ઉપર હાજર હતા દરમ્યાન તેમની સમક્ષ દર્દી નામે આશારામ બાપુને તેમની હોસ્પીટલમાં માનસીક તપાસ અને શારીરીક સંભોગ અંગેની સક્ષમતા માટે તપાસ કરવા મોકલવામાં આવેલ.સદરહું દર્દીને તેઓએ તપાસેલ તેમની માનસીક સ્થીતીની તપાસ કરતા તેઓ માનસીક રીતે સંપૂર્ણ સ્વસ્થ હતા તેમજ શારીરીક સંભોગ કરવાની ક્ષમતાની તપાસ કરતા તેમણે આપેલી માહીતી મુજબ તેમને કયારેય પણ હસ્તમૈથુન કરેલુ નહોતુ.સવારના સમયે પથારીમાં જયારે જાગે ત્યારે જે સ્વયમ ઉત્થાન થાય તેવુ તેમણે જોએલ નથી તેમ જણાવેલ.દર્દીને સ્વપ્ન દોષ અંગેની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે,તેઓ નીયમીત સર્વાગ આશન કરતા હોવાથી વીર્ય બહાર નીકળે નહી.આ તપાસને આધારે શારીરીક સંભોગ કરવાની ક્ષમતા બાબતની નીરપેક્ષ તપાસ કરવા માટે તેમને સીવીલ હોસ્પીટલ,ન્યુરોલોઝી વિભાગમાં રીફર કરવામાં આવેલા.સદરહું દર્દીને તેમની સમક્ષ તપાસ માટે ડો.ચોબે સાહેબે રીફર કરેલા.તેઓએ સદરહું દર્દીની સંભોગ ક્ષમતા બાબતે માત્ર મૌખીક તપાસ કરેલી તે સિવાય બીજી કોઈ તપાસ કરેલી નહી.દર્દીને સીવીલ હોસ્પીટલમાં રીફર કરવા

માટેનું કારણ પેનાઈલ ડોપ્લર ટેસ્ટ કરવા માટે ન્યુરોલોઝી વિભાગમાં રીફર કરેલા.તે સમયે અમારી સોલા સીવીલ હોસ્પીટલમાં આવી સગવડ નહોતી.

(૪૪.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...એ વાત ખરી છે કે,આંક.૨૦૪માં મારી સહી નથી.એ વાત ખરી છે કે,મે મારી સરતપાસના પેરા નં.૧માં જે હકીકત જણાવેલ છે તે મારી પુછપરછ દરમ્યાન દર્દીએ જે હકીકત જણાવી તેના આધારે અમારા ફાઈડીંગ્સ છે અને તે જ રીતે અમોએ તપાસ કરેલ છે.(૫)...હું એમ.બી.બી.એસ અને એમ.ડી સાઈકયાટ્રીસ્ટ તરીકેની પદવી ધરાવુ છું.એ વાત ખરી છે કે,મે સદરહું દર્દી ઉપર બીજા કોઈ મનોવૈજ્ઞાનીક ટેસ્ટ કરેલ નથી.

સવાલ—ઉપરોકત દર્દીએ હસ્તમૈથુન કરવાથી વીર્ય બહાર આવતુ નહોતુ તેવી કોઈ હકીકત તમારી તપાસ દરમ્યાન ખુલેલી

જવાબ—સાહેદ જણાવે છે કે,દર્દીએ સ્પષ્ટ જણાવેલ કે, તેમણે કયારેય હસ્તમૈથનુ કરેલ નથી તેવુ જણાવેલુ.

(૬)...એ વાત ખરી છે કે,જાતીય સંભોગ કરવા માટે માનસીક અવસ્થા કે માનસીક તૈયારી જરુરી ગણાય.જે માનસીકતા ઉપર આધાર રાખે.એ વાત ખરી નથી કે,કોઈ વ્યકિત સામાજીક ડર,સામાજીક બદનામી કે બ્લેક મેઈલીંગ ના સંજોગોમાં સેકસ (ફ્રીલી સેકસ) કરી શકે નહી.સાહેદ જણાવે છે કે,ફ્રીલી અષ્ટ પષ્ટ શબ્દ છે જેથી તે અંગે અભીપ્રાય આપી શકાય નહી.

સવાલ–સામાન્ય સંજોગોમાં બંને વ્યકિતઓ જાતીય આનંદ કોઈપણ જાતના ડર,ભય,કે સામાજીક બદનામી કે બ્લેકમેઈલીંગ ના સંજોગોમાં તમામ રીતે સેકસ માણી શકે.

જવાબ–સામાન્ય રીતે ડર,ભય કે સામાજીક બદનામી કે બ્લેકમેઈલીંગ ના સંજોગો અંગે તપાસ થયાબાદ જ તે અંગે નિર્ણય આપી શકાય.

(૭)...એ વાત ખરી નથી કે,કોઈ વ્યકિત જાતીય આનંદ માણવા માટે સામાન્ય રીતે પોતાની સ્ટેટસને અનુરુપ પાત્ર શોધતા હોય છે.એ વાત ખરી નથી કે,સદરહું કેસ પોલીસ કેસ હોવાના કારણે હું માનસીક ચીકીત્સક તરીકે મારા ખોટા અભીપ્રાય આપી રહેલ છું.

**(૭૪.૨)** આમ આ તબીબી સાહેદની બચાવપક્ષ ધ્વારા લંબાણપૂર્વકની ઉલટ તપાસ જાતીય સંભોગ સબંધે કરવામાં આવેલ છે તેમાં કોઈ વ્યકિત જાતીય આનંદ માણવા માટે સામાન્ય રીતે પોતાની સ્ટેટસને અનુરૂપ પાત્ર શોધતા હોય છે તેવી હકીકતનો આ સાહેદે ઈન્કાર કરેલ છે અને સદર તબીબી સાહેદના પુરાવા આધારે ફરીયાદપક્ષ સદર તબીબી સાહેદે ડો. ચૌબે ધ્વારા આપવામાં આવેલ **આંક–૨૦૪ વાળી ટ્રાન્સફર ચીટ** આધારે સદર તબીબી સાહેદે આરોપી નં.(૧) ની માનસીક અવસ્થા અંગે તપાસ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે.

**(૭૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૬ તરીકે ડો. ઉપેન્દ્રકુમાર ગોપાલભાઈનાઓને આંક –૨૦૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો વંચાણે લેતાં તેઓ તા.૧૮–૧૦–૧૩ના રોજ સવારના ૮:૦૦ થી બપોર ૨:૦૦ વાગ્યા સુધી મેડીકલ ઓફીસર

તરીકે સીવીલ હોસ્પિટલ, સોલા, અમદાવાદ ખાતે ફરજ પર હાજર હતા તે દરમ્યાન કલાક ૧૧:૪૫ વાગે એસ.આઈ.ટી. અમદાવાદ (શહેર) તરફથી પો.ઈ.શ્રી ડી.બી.રાવીયાની યાદી સાથે આવેલા. જે યાદી રીસીવ કરીને કેસ કઢાવી ને એમ.એલ.સી.નં.૩૩૫૪/૨૦૧૩ થી એ.ટી.એસ. બીલ્ડીંગ જે એસ.જી.હાઈવે પર છે ત્યા જઈને યાદીમાં લખેલ દર્દી નામે આશુમલ ઉર્ફે સંતશ્રી આશારામ સ/ઓ થાઉમલ સીંધી મોટેરા આશ્રમ જેઓની ઉ.વ.૭૪, તા.૧૮–૧૦–૧૩ ના રોજ કલાક ૧૨:૨૫ વાગે તપાસેલ.દર્દીનુ સામાન્ય તપાસણી નોર્મલ હતી તેઓ ભાનમાં હતા. તેઓને સ્થળ, સમય અને માણસની ઓળખાણ પડતી હતી. તેઓના શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા. તેઓની હીસ્ટ્રી લેતા તેઓ ટ્રાઈઝીમીનલના રોગથી પીડાતા હતા જેમાં દર્દીને બંને ગાલ પર દુખાવાથી પીડાતા હતા તેવુ જણાવેલ. તેઓ હાઈપોથાયોરીઝમની ગોળી છેલ્લા દસ વર્ષથી લેતા હતા. તેઓને ડાયબીટીસ કે બી.પી. ન હતા. તેઓએ બેક પેઈનની ફરિયાદ કરેલ. તેઓને તેમની સાથે આવેલ ફીઝીશીયન ડો.પી.કે. સોલંકીનાઓએ તપાસેલ. તેમજ તેઓને લોહીના ટેસ્ટ કરાવવા તેમજ હાડકાના ડોકટરને, ન્યુરોફીઝીશીયન તેમજ સાઈક્રાઈટીશ ડોકટરને બતાવવાનુ કહેલ. પરંતુ દર્દીએ કોઈપણ પ્રકારના ટેસ્ટ કરાવવા નથી તેમજ કોઈપણ બીજા ડોકટરને બતાવવુ નથી તેમ કહીને સારવાર લેવાની મનાઈ કરેલી. તા.૧૯–૧૦–૧૩ના રોજ ફરી તેમની હોસ્પિટલમાં પોલીસ યાદી સાથે આવેલ અને કેસ કઢાવી એ.ટી.એસ. બીલ્ડીંગમાં જઈને જેઓને ડો.કીંજલબેન જોષીએ તપાસેલ. જે એમ.એલ.સી. નં.૩૩૫૪/૧૩ તપાસેલ તે જ પ્રમાણે ફાઈન્ડીંગ હતા.દર્દીને સાઈક્રાઈટીશ તેમજ ઓર્થોપેડીકમાં તપાસવા માટે રીફર કરવામાં આવેલ. ત્યા દર્દીએ તેમને સારવાર નથી કરાવવી તેમ જણાવી ઈન્કાર કરેલ. દર્દીને સાઈક્રાઈટીશનાઓએ તપાસેલ. કોઈ સાઈક્ર ાઈટીશ ની સારવારની જરૂર નથી તેવુ ડો.ચીંતનભાઈનાઓએ જણાવેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૪૫.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૧૦)...એ વાત ખરી છે કે, દર્દી આશારામ બાપુની તપાસ એ.ટી.એસ. ઓફીસમાં કરવામાં આવેલી. તેઓને ટ્રાઈઝીમીનલ રોગમાં તેઓને મોઢાના જડબા ઉપર સતત દુખાવો રહે તેવુ તેઓએ જણાવેલ. સદરહુ રોગથી પીડાતી વ્યકિત સામાન્ય રીતે મોઢુ પુરતુ ખોલી શકે નહી, વાતચીત કરવામાં તકલીફ પડે, માથાનો દુખાવો રહે. હાઈપોથાયોરીઝમની ગોળીને સતત લાંબા સમય સુધી લેવાથી પલ્સ રેટ વધી શકે. અને ગેસની તકલીફ થઈ શકે, શરીરમાં ધ્રુજારી આવી શકે. સદર ગોળી હાઈપોથાયોરીઝમ માટેના રોગની ગોળી છે. (૧૧)...એ વાત ખરી છે કે, હુ જયાં બેસુ છુ ત્યાથી ઓર્થોપેડીક, સાઈક્રાઈટીશ, ન્યુરોફીઝીશીયન અને ફીઝીશીયન ડો.સોલંકીની ચેમ્બર્સ દુર આવેલી છે. એ વાત ખરી છે કે, દર્દી અને ઉપરોકત ડોકટરશ્રીઓ વચ્ચે શુ વાતચીત થઈ તે હુ કહી શકુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ડોકટરે તપાસેલ નથી. એ વાત ખરી છે કે, મે જે પુરાવો આપ્યો તે અમારા રેકર્ડ પરથી આપેલ છે.

૪૫.૨) આમ આ તબીબી સાહેદના ઉપરોકત પુરાવા આધારે સદર સાહેદે રેકર્ડ આધારીત પુરાવો આપેલ છે પરંતુ આરોપી નં.(૧) ની રીમાન્ડ સમય દરમ્યાન **આંક-૨૦૭** વાળી યાદી આધારે મેડીકલ તપાસણી સદર તબીબી સાહેદે ડો.પી.કે.સોલંકી ધ્વારા એમ.એલ.સી.નં.૩૩૫૪/૧૩, સોલા જનરલ હોસ્પિટલના કેસ પેપર્સ માં લખાયેલ હસ્તાક્ષર મુજબ કરવામાં આવેલ હોવાની અને આરોપી નં.(૧) આશારામે **આંક-૨૦૮** વાળા સંમતિપત્રકમાં લોહી આપવાની ના પાડેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ છે.

(૪૬) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૭ તરીકે ડો.ક્રીપા અમરતભાઈ પટેલનાઓને આંક–૨૧૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં તેણી તા.૨૧–૧૦–૧૩ના રોજ સોલા સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ફરજ બજાવતી હતી તે દરમ્યાન બપોરે ૧૨:૪૫ વાગે એસ.આઈ.ટી.અમદાવાદ તરફથી પોલીસ યાદી સાથે એક આરોપી નામ આશુમલ ઉર્ફે સંતશ્રી આશારામ સ/ઓ. થાઉમલનાઓને તેમની સમક્ષ રીમાન્ડ દરમ્યાન શારીરિક તપાસણી માટે લઈને આવેલા. (૩)...તા.૨૧–૧૦–૧૩ના રોજ પી.આઈ.શ્રી રવીયા તરફથી રીમાન્ડ ઉપરના આરોપીને સારવાર કરવા બાબતની પોલીસ યાદી તેઓને કલાક ૧૨:૪૫ વાગે મળેલ જેમાં તેઓએ રીસીવ કરીને આંક–૨૧૧ વાળી યાદીમાં તેમની સહી હોવાની તેમજ તે જ દિવસે પી.આઈ.શ્રી રવીયા તરફથી આરોપીનુ રીજી સ્કેન ટેસ્ટ કરવા બાબતની આંક–૨૧૨ વાળી **પોલીસ યાદી તેમને** કલાક ૧૨:૪૫ વાગે મળેલ જેમાં તેઓએ રીસીવ કરીને તેમની સહી કરેલ છે આ રીજીસ્કેન ટેસ્ટ સોલા સીવીલ હોસ્પિટલ તેમજ અસારવા હોસ્પિટલ ખાતે થતો ન હોઈ આ કારણે ચાંદખેડા પો.સ્ટે.ના પી.આઈ.શ્રીને ડો.પારસ શાહ પાસે તપાસ કરાવવા અંગેની મંજૂરી માંગેલી. જે અંગે તેમના સોલા સીવીલ હોસ્પિટલના અધિક્ષક સાહેબશ્રીએ સેક્રેટરી શ્રી રાજેશ કીશોર પાસેથી ડો.પારસ શાહ સોલા સીવીલ હોસ્પિટલ ખાતે આવીને આ રીજીસ્કેન ટેસ્ટ કરે તે માટે મંજુરી મેળવેલી. સદર નોંધ પર સોલા હોસ્પિટલના અધિક્ષક શ્રી એચ.કે.ભાવસારના હસ્તાક્ષર છે જે તેણી ઓળખે છે.વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે ઓળખની નીશાની તરીકે સદર આરોપીને તપાસતા પેટના ભાગે બે લાલ કલરના તલ હતા. તેમને કમરનો દુખાવો અને અનીદ્રા અને ટ્રાઈઝેમીનલ અથવા થાઈરોડગ્રંથીની બીમારી હતી. તેઓના બ્રાહ્ય શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા. તેઓને તપાસતા સંપુર્ણ સભાન

અવસ્થામાં હતા. તેમને સમય, સ્થળ અને વ્યકિતનુ ભાન હતુ. શરીરનુ તાપમાન, પલ્સ, શ્વાસોશ્વાસ સામાન્ય હતા. તેઓનુ બ્લડપ્રેશર નોર્મલ હતુ. વધુ તપાસ માટે ફીઝીશીયન રેફરન્સ કરાવેલ. તેઓના બ્લડ ટેસ્ટ તથા ઈલેકટ્રોકાર્ડીયોગ્રામ કરાવવા માટે જણાવેલુ. પરંતુ આરોપીએ સંમતી આપેલ નહી. આરોપીની ઓર્થોપેડીક ડોકટરનાઓએ તપાસ કરેલી. જેમને એકસ–રે કરાવવાનુ જણાવેલ. તે માટે પણ આરોપીએ સંમતિ આપેલ નહી. આ ઉપરાંત રીજીસ્કેન ટેસ્ટ માટે પણ સંમતી આપેલ નહી હોવાની હકીકત જણાવેલી છે.

(૪૬.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૧૦) ...મારી સરતપાસના પેરા નં.૪માં જે રીજીસ્કેન અંગેનો ઉલ્લેખ કરેલ છે તે રીજીસ્કેન ટેસ્ટ શા માટે કરવામાં આવે છે તે હુ કહી શકુ નહી અથવા તે ટેસ્ટ શુ છે તે હુ કહી શકુ નહી. મારી સરતપાસના પેરા નં.૬ માં જણાવેલ ઓર્થોપેડીક ડોકટરશ્રીએ એકસ–રે માટે જણાવેલ જે એકસ–રે રેકર્ડ પર જોતા કમરની ઉપરના કરોડરજુના છેડા ઉપરના એકસ–રે છે. (૧૧)...એ વાત ખરી નથી કે, મારી સરતપાસના પેરા નં.૭ માં જે દર્દીએ જોધપુર પોલીસના ત્રાસની હકીકત લખાવેલ છે તેનાથી તેમની સ્થિતિ ગંભીર થઈ ગયેલ હતી. એ વાત ખરી છે કે, ઘણા દિવસને અનિદ્રા હોય તો તેવી વ્યકિત અનઈઝીનેશથી પીડાતી હોય. સાઈટ્રીકા એ થાપાના ભાગે આવેલ નસ દબાતી હોય તે અંગેનો રોગ ગણાય. ટ્રાઈઝેમીનલન્યુરાલઝીયા એ ચહેરા ઉપરની સાઈડની નસ દબાતી હોય તેઅંગેનો રોગ ગણી શકાય. એ વાત ખરી નથી કે, આ બીમારીનો કોઈ ઈલાજ નથી. એ વાત ખરી છે કે, ઉપરોકત બંને બીમારી માટે ઓર્થોપેડીકને રીફર કરવામાં આવેલ.

(૪૬.૨) સદર તબીબી સાહેદની બચાવપક્ષ ધ્વારા જે તકરાર ઉપસ્થિત કરવામા આવેલ છે તેને સદર સાહેદે સમર્થન આપેલ નથી.સદર સાહેદેને એમ.એલ.સી.કેસ નં.૩૩૯૩/૧૩, તા.૨૧–૧૦–૧૩ના રોજના કેસ પેપર્સ બતાવતાં જણાવેલ છે કે, તે દિવસે દર્દીને કલાક ૧૨:૪૫ વાગે તેમની સમક્ષ સોલા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમણે જાતે પોતાના હસ્તાક્ષરમાં ગુજરાતી ભાષામાં લખાણ લખેલુ જે તેઓ વાંચીને બતાવેલ છે કે, 'છેલ્લા દોઢ મહીનાથી જોધપુર પોલીસ તેમજ જેલના ત્રાસથી શારીરિક જુની તકલીફો અને અનિદ્રા તેમજ સાઈટીકા ટ્રાઈઝેમીનલન્યુરાઝીયા જેની ભયંકરતાનુ વર્ણન વેબસાઈટ પર મલી શકે છે. તમામ પીડાઓથી વધુમાં વધુ પીડા આની છે. તેમ વૈધે સમજાવ્યુ છે તેથી હુ રીજીસ્કેન ટેસ્ટ કે જે પેનાઈલડોપ્લર તપાસ માટે સમજાવેલ છે. હુ સંમત થઈ શકુ તેમ નથી.– વિનંતી છે.' જેના પર તા.૨૧–૧૦–૧૩ના રોજ દર્દીએ કરેલા હસ્તાક્ષર છે તેમજ ડાબા હાથનો અંગુઠાનુ નિશાન પણ કરી આપેલ છે. સદર સાહેદે તા.૨૧–૧૦–૧૩ના રોજ કલાક ૧:૨૦ વાગેના સુમારે દર્દીને ઓર્થોપેડીક ડો.વીપુલ કુવાડનાઓએ તપાસીને કરેલ નોંધ છે. જેમાં એકસ–રે કરવા માટે ભલામણ કરેલ છે. પરંતુ આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં એકસ–રે તેમજ બીજી તપાસ કરાવવાની ના પાડેલ જેની નીચે આરોપી નં.(૧)ની અંગ્રેજીમાં સહી છે અને ડાબા હાથના અંગુઠાનુ નિશાન હોવાની હકીકત તેમજ એમ.એલ.સી. નં.૩૩૯૩/૧૩ના દર્દીને તેમની સમક્ષ રજુ કરવામાં આવેલ તેની નોંધ દર્શાવતા રીપોર્ટ પાછળના પાને ડો.જયેશ પટેલ, ફીઝીશીયનનાઓએ દર્દીને તપાસેલ તેની નોંધ છે જે ડો.જયેશ પટેલના હસ્તાક્ષરમાં લખાયેલ છે. જે તેણી ઓળખી બતાવે છે. જેમાં તેમણે બ્લડ ટેસ્ટ તેમજ ઈ.સી.જી. વિગેરેની તપાસ કરવા માટે ભલામણ કરેલ નોંધ છે. પરંતુ દર્દીએ ઉપર દર્શાવેલ બ્લડ તેમજ મેડીકલ ચકાસણી કરવા માટે સંમતી આપેલ નહી.

જે આ દર્દી પોતાના હસ્તાક્ષરમાં નામરજી બતાવેલ છે જેની નીચે દર્દીની અંગ્રેજીમાં સહી અને ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે જે **આંક–૨૧૩ થી રકર્ડ પર રજુ છે .**તે તમામ હકીકતને સમર્થન આપેલ હોઈ ફરીયાદપક્ષ આંક–૨૧૧ થી ૨૧૩ વાળા દસ્તાવેજની હકીકત પુરવાર યાને સાબિત કરી શકેલ છે.

(૪૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૮ તરીકે ડો.હેતલબેન ચિનુભાઈ પટેલનાઓને આંક–૨૧૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં તેણી મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ફરજ પર હાજર હતી ત્યારે તારીખ ૧૬–૧૦–૧૩ ના રોજ સાંજે ૬:૫૩ વાગે તેણીની સમક્ષ આરોપી આશુમલ ઉર્ફે સંતશ્રી આશારામ થાઉમલ સીંધી ને મેડીકલ તપાસ માટે પોલીસ યાદી સાથે લાવવામાં આવેલા. જે પોલીસ યાદીમાં બળાત્કારના ગુનાના આરોપીની મેડીકલ તપાસણી કરવા બાબતે જણાવવામાં આવેલ. જે યાદી તેમને તા.૧૬–૧૦–૧૩ ના રોજ મળેલી અને તે મળ્યા અંગે તેઓએ તેમની સહી અને સમય લખેલ છે. જે યાદી તેઓ ઓળખી બતાવતા હોઈ આંક–૨૧૮ થી રેકર્ડે દાખલ થયેલ છે.તેઓઅ વધુમાં જણાવેલ છે કે સદર યાદી સાથે આંક–૨૧૯ વાળી **સોલા સીવીલ હોસ્પિટલની ટ્રાન્સફર ચીટ** પણ હતી તેમાં દર્દીને ન્યુરોલોજી ડીપાર્ટમેન્ટ સીવીલ હોસ્પિટલ અમદાવાદમાં પોટેન્સીના ઓબ્જેકટીવ ઈવાલ્યુએશન માટે રીફર કરવામાં આવેલ. સદર સાહેદે આરોપીના ઓળખ ચિહનો (૧) પેટ ઉપર જમણી બાજુએ બે કાળા તલ હતા અને જમણા પગ ઉપર અંગુઠાના મુળ પાસે એક જુનુ વાગેલાનુ નિશાન હતુ. આરોપીની સંમતિ તથા ડાબા અંગુઠાનુ નિશાન લીધેલુ અને ઈ.પી.આર. નં. ૩૬૮૩/૫/૧૩થી તપાસ કરેલી દર્દીએ શારીરિક તપાસણી અંગે સંમતિ આપેલ છે જેની

નીચે તેમને અંગ્રેજીમાં સહી કરેલ છે અને ડાબા હાથના અંગુઠાનુ નિશાન પણ કરેલ છે. જે આંક–૨૨૦ થી રજુ છે. દર્દીને વિર્યના કલેકશન માટે એક ટ્રાયલ આપવામાં આવેલ હતુ પણ ત્યા વિર્ય કલેકટ ન થઈ શકયુ. ત્યારબાદ દર્દીને યુરોલોજી વિભાગમાં વધુ તપાસ માટે રીફર કરેલ. યુરોલોજી વિભાગમાં તેમની વધુ તપાસ અંગેના રીપોર્ટ માં ઈતિહાસમાં (૧)..દર્દીને છેલ્લા પંદર વર્ષથી ઈરેકશન અને ઈજેકયુલેશન થયુ ન હતુ.(૨)..તેમની મેરેજ લાઈફ ૫૦ વર્ષની હતી. જેમાં બે બાળકો હતા. એક પુત્ર ૪૦ વર્ષનો અને એક પુત્રી ૩૮ વર્ષની છે. (૩)..તેમને કોઈ પેશાબમાં કોઈ તકલીફ ન હતી. પેશાબમાં બળતરાની કોઈ ફરિયાદ ન હતી કે લોહી પડવાની પણ ફરિયાદ હતી. (૪)..તેમને કોઈ ડાયબીટીસ, હાઈ બ્લડપ્રેશર, ટી.બી. કે સામાન્ય તાવ જેવી કોઈ બીમારી ન હતી. (૫).. તેમને ભુતકાળમાં કોઈ ઓપરેશન કરાવેલ ન હતુ તેવુ જણાવેલ. દર્દીની તપાસમાં (૧)..દર્દીના દ્રિતિય જાતિય અંગો સુવિકસીત હતા. (૨)..દર્દીના બાહય ગુપ્તભાગ સામાન્ય હતા. ૩)..બંને બાજુના અંડકોષ એટલે કે ટેસ્ટીસ સામાન્ય હતા. (૪)..પેશાબના અગ્રભાગે મીચેટશ સામાન્ય હતુ. (૫)..બંનેબાજુ એપીડીડામીસ અને વાસ સામાન્ય હતા. (૬)..તેમની ઝાડાના ભાગે તપાસ કરતા તેમનો એનલટોન સામાન્ય હતો ને રેડ હતો. (૮)...તેમની વધુ તપાસ માટે વીર્યનુ એનાલીસીસ અને પેનાઈલકલર ડોપ્લરનામની તપાસ કરવા માટે જણાવ્યુ હતુ. જેમાં પેનાઈલકલરડોપ્લરની તપાસ રેડીયોલોજી ડીપાર્ટમેન્ટમાં થઈ શકે.આ ઉપરથી યુરોલોજી વિભાગ તારણ આપેલ હતુ દર્દીને ઈમ્પોટન્ટ કહી શકાય તેવુ કશું જ મળ્યુ નથી. પરંતુ વિર્યના કુત્રીમ રીતે કલેકશન માટેની સગવડ વિભાગમાં છે નહી.ત્યારબાદ દર્દીને પેનાઈલકલરડોપ્લરની તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરેલ. પરંતુ દર્દીએ તે તપાસ માટે ના પાડેલ અને તેને લેખીતમાં સંમતિ આપી ન હતી. યુરોલોજી વિભાગમાં

દર્દીનો ઈતિહાસ ડો.કલ્પેશ કાપડીયાનાઓએ લખેલો જેના અક્ષરો સાથે નોકરી કરતા હોઈ ઓળખે છે જે **યુરોલોજી વિભાગના કેસ પેપર્સ** માં ડો.કાપડીયાના હસ્તાક્ષર છે અને તેમાં દર્દીએ પેનાઈલકલરડોપ્લર કરાવવા માટે અસંમતિ દર્શાવેલ જેમાં દર્દીની અંગ્રેજીમાં સહી છે ડો.કલ્પેશ કાપડીયાની પણ સહી કરેલ છે અને રેડીયોલોજી વિભાગના ડો.એન.એમ.બેન્કરની પણ સહી હોવાની હકીકત જણાવેલી છે.

**(૪૭.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૪)...એ વાત ખરી છે કે, મને જે પોલીસ યાદી મળેલી તેમાં અનનેચરલ ઓફેન્સના પણ આક્ષેપો હતા. એ વાત ખરી છે કે, યાદીમાં અનેચરલ ઓફેન્સ અંગે કોઈ ઉલ્લેખ ન હતો. એ વાત ખરી નથી કે, તે યાદીમાં બનાવ કયારે બનેલો તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, બળજબરી પુર્વકના સંભોગ અંગેના આક્ષેપ હોય તો તેવા સંજોગોમાં પેનીસની સુસુપ્ત અવસ્થાની લંબાઈ અને જાગૃત અવસ્થાની લંબાઈ નોંધવી પડે. એ વાત ખરી છે કે, તેની ડાયામીટરની પણ માપણી કરવી પડે. (૧૫)... મે મારી સરતપાસના પેરા–૬ સુધી જે હકીકત જણાવેલ છે તે તપાસ મે કરેલી બાકીની તપાસ યુરોલોજી વિભાગે કરેલી. એ વાત ખરી છે કે, ડો.કાપડીયા હાલ સીવીલ હોસ્પિટલમાં ફરજ બજાવે છે. એ વાત ખરી છે કે, પેરા–૬ માં જે હકીકત જણાવેલ છે તે પછીની જે હકીકત જણાવેલ છે તે અંગે મને પર્સનલ નોલેજ નથી.

**(૪૭.૨)** આમ સદર તબીબી સાહેદો પુરાવો જોતાં સદર સાહેદ સમક્ષ આરોપી નં.(૧) આશારામને પોટેન્સીના ઓબ્જેકટીવ ઈવાલ્યુએશન માટે રીફર કરવામાં આવતાં સદર સાહેદે આરોપી નં.(૧) ના ઓળખના ચિન્હો લીધેલા તેમજ વીર્ય

કલેકશન માટે એક ટ્રાયલ આપવામાં આવેલ હોવાની તેમજ આરોપી નં.(૧) ને યુરોલોજી વિભાગમાં વધુ તપાસ માટે રીફર કરવામાં આવતાં યુરોલોજી વિભાગ ના ડો. કલ્પેશ કાપડીયા ધ્વારા પણ શારીરીક તપાસણી કરવામાં આવેલ તેમાં આરોપીએ અસંમતિ દર્શાવેલ હોવાની હકીકત જણાવેલી હોઈ ફરીયાદપક્ષ **આંક–૨૨૧ થી રજુ થયેલ યુરોલોજી વિભાગના કેસ પેપર્સ તથા આંક–૨૨૨** થી રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટ સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

(૪૮) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૯ તરીકે ડો. નીકુંજભાઈ મહેશભાઈ બેન્કરનાઓને આંક –૨૨૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે તા.૧૬–૧૦–૧૩ ના રોજ તેમની સમક્ષ દર્દી નામે આશુમલ ઉર્ફે સંત આશારામ થાઉમલ સીંધીને પેનાઈલડોપ્લરની તપાસ માટે રીફર કરવામાં આવેલ. દર્દીએ તપાસ માટે સંમતિ માંગતા તેમણે સંમતિ આપેલી નહી અને સંમતિ પર સહી કરવાની પણ ના પાડેલી. તેમની સંમતિ ન હોવાથી તેઓએ દર્દીની તપાસ કરેલી નહી. દર્દીના કેસ પેપર્સ અસલ આંક–૨૨૧ થી રજુ થયેલ છે અને તેમાં દર્દીએ યુરોલોજી વિભાગમાં વિર્યના સેમ્પલ કલેકટ કરવા માટે પેનાઈલડોપ્લર કેસ માટે સમજણ આપતા તેઓએ તે માટે ઈન્કાર કરેલ જેની નોંધ કેસ પેપર્સમાં કરવામાં આવેલ અને જે નીચે તેઓએ તેમની રૂબરૂમાં સહી કરેલી.

(૪૮.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...એ વાત ખરી છે કે, માણસના શરીરમાં પેનીસ એ સેન્સીટીવ ઓર્ગેન ગણાય. એ વાત ખરી

છે કે, પેનીસ મસલ્સ અને વેઈનનો બનેલ હોય છે. એ વાત ખરી છે કે, વેઈનનુ એક જાળુ પેનીસમાં હોય. એ વાત ખરી છે કે, ડોપ્લર ટેસ્ટ કરતા પહેલા પેનીસમાં એક ઈજેકશન આપવામાં આવે. એ વાત ખરી નથી કે, ડોપ્લર ટેસ્ટમાં જે ઈજેકશન આપવામાં આવે તેની સોયનુ માપ / પ્રમાણ કોઈ ઉલ્લેખ મેડીકલ જયુરીપ્રુડન્સમાં નથી. મેડીકલ લીટરેચરમાં સદરહુ હકીકતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. નીડલનુ માપ સામાન્ય રીતે લંબાઈ ૧ સે.મી. હોય. (૫)...નીડલની જાડાઈ અમે નિર્ણય કરતા નથી તે કંપની પોતાની પ્રોડકટ પ્રમાણે કરે છે. સદરહુ ઈજેકશન આપવા માટે પેનીસમાં આવેલ વેઈનના જાળામાં ( Corpora cavernosa)માં આપવામાં આવે. એ વાત ખરી છે કે, સદરહુ ઈન્જેકશનનો ડોઝની પેનીસમાં અસર વધારે થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોઈક કોઈક દર્દીમાં આવી અસર થાય. (૬)...હુ એ હકીકત ના કહી શકુ કે, વ્યકિત પરણિત અને સંતાનો ધરાવતી હોય એટલે તે પુરુષત્વ ધરાવે છે તેવુ માનવુ પડે. હુ એ હકીકત કહી શકુ નહી કે, મારી સમક્ષ ઉપરોકત દર્દીને લાવવામાં આવેલ તે પુરુષત્વ ધરાવતો ન હતો. એ વાત ખરી છેકે, પુરુષત્વનો ટેસ્ટ લેવામાં આવેલ નથી.

(૪૮.૨) સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં તેમની સમક્ષ આરોપી આશારામને પેનાઈલડોપ્લરની તપાસ માટે રીફર કરવામાં આવેલ પરંતુ આરોપીએ સંમતિ ન આપતાં પેનાઈલડોપ્લરની તપાસ થઈ શકેલ નહી હોવાની હકીકત જણાવેલ છે.જેથી બચાવપક્ષની ઉલટ તપાસ ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી. આમ ફરીયાદપક્ષ **આંક-૨૨૧ થી રજુ થયેલ કેસ પેપર્સ જોતાં સાબિત યાને પુરવાર કરી શકેલ છે.**

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૪૯) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૨૦ તરીકે ડો. કલ્પેશભાઈ કાન્તીભાઈ કાપડીયાનાઓને આંક–૨૨૮થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ તા.૧૬/૧૦/૧૩ના રોજ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે યુરોલોજી વિભાગમાં તેમની ફરજ પર હાજર હતા તે સમયે દર્દી નામે આશારામ, ઉ.વ.૭૪ નાઓને પ્રોટેન્સી એકઝામીનેશ અને વીર્ય કલેકશન માટે લાવવામાં આવેલા.પેનાઈલકલરડોપ્લર અને સીમન કલેકશન એન્ડ રીપોર્ટની તેમના તરફથી સલાહ આપવામાં આવેલી. તેમની સલાહ મુજબ રીપોર્ટ થયેલા નથી. તેમજ તેમની હોસ્પિટલમાં તે સમયે ઈલેકટ્રોઈજેકયુલેટર કે પેનાઈલવાઈબ્રેટરની સગવડતા ન હતી.સદરહુ દર્દીને જે રીપોર્ટ માટે તેઓએ ભલામણ કરેલી તે રીપોર્ટ સંબંધે દર્દીએ તપાસની ના પાડતા તેમની સમક્ષ ફરી રીફર કરવામાં આવેલ નથી. **ઈ.પી.આર.કેસ નં.૩૬૮૩/૫/૧૩** નો કેસ પેપર રજુ આખેલ છે.

(૪૯.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૮)...એ વાત ખરી છે કે, આંક–૨૨૨માં મારી સહી નથી. એ વાત ખરી છે કે, તે લખાણ મારી હાજરીમાં થયેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૨૨૯ માં મારી સહી નથી. એ વાત ખરી નથી કે, સદરહુ લખાણ મારી હાજરીમાં નોંધાયેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે મારૂ તા.૧૬–૧૦–૧૩ના રોજ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, આંક–૨૨૯ નુ નિવેદન મારી હાજરીમાં લખાયેલ છે તેવી હકીકત મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી.

(૪૯.૨) આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદે આરોપી આશારામના પેનાઈલકલરડોપ્લર અને સીમન કલેકશન એન્ડ રીપોર્ટ કરવા આપેલ જે સલાહ

આપવામાં આવેલી તેવા ટેસ્ટ આરોપી આશારામની સંમતિ ન હોઈ થઈ શકેલા ન હોઈ સદર તબીબી સાહેદ સમક્ષ આરોપીને ફરી વાર લાવવામાં આવેલા નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી આશારામે પેનાઈલકલરડોપ્લર અને સીમન કલેકશનના ટેસ્ટ કરાવવા માટે સહકાર આપેલ નથી તેવી હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર સાબિત કરી શકેલ છે.

(૫૦) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૧ તરીકે ડો. બાદલભાઈ ધીરૂભાઈ ગાંધીનાઓને આંક–૨૩૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર તબીબી સાહેદનો પુરાવો જોતાં તેઓ તા.૧૦–૧૦–૧૩ ના રોજ સીવીલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતો ત્યારે તેમની પાસે પી.એસ.આઈ. શ્રી ટી.એન.પટેલ,ચાંદખેડા પો.સ્ટે. ની પોલીસ યાદી સાથે રાત્રીના ૧૦:૧૨ કલાકે ભોગબનનારને લઈને આવેલ હતા. ભોગબનનાર સંપુર્ણ સભાન હાલતમાં હતા તથા તેમની તપાસણી માટે તેણીની પુર્વ મંજુરી લીધેલ હતી. તેણીના શરીર પરના ઓળખચિહનો લીધેલ હતા.ભોગબનનારને પુછતા જણાવેલ કે, તે આશારામ બાપુના મહિલા આશ્રમ મોટેરા,સાબરમતી ખાતે વર્ષ ૧૯૯૭ થી વર્ષ ૨૦૦૭ સુધી ત્યા રહી હતી. તે જયારે વર્ષ ૨૦૦૧ ગુરુપુનમમાં આશરે જુન–જુલાઈ મહીના દરમ્યાન ગુરુપુર્ણીમાના પાંચ–છ દિવસ બાદ તેને આશારામની પુત્રી ભારતીબેને આશ્રમથી લઈને તેમની પોતાની ગાડીમાં તે પોતે જ ગાડી ચલાવીને આશ્રમથી બે ત્રણ કી.મી. દુર આવેલ શાંતિ વાટીકાનામના ફાર્મ હાઉસ પર લઈ ગયેલ હતી. તે વખતે બપોરના બે વાગેલ હતા. ત્યારબાદ તે તેને આશ્રમથી ફાર્મ હાઉસ પર મુકીને જતી રહેલ હતી. ત્યારબાદ આશારામ બાપુએ તેને તેમના રૂમ પર બોલાવી અને પછી તેને ત્યા પડેલ ઘીની વાટકીથી

તેની પાસે તેમના માથા પર માલીસ કરવા કહેલ હતુ. અને તે માલીસ કરતી હતી. ત્યારે તેની જોડે શારીરિક અડપલા ચાલુ કરેલ હતા. ત્યારબાદ તેણીનો દુપટ્ટો તથા તેણીનો પાયજામો જબરજસ્તીથી તેણીની મરજી વિરૂધ્ધ ઉતારી દીધેલ હતા. ત્યારબાદ આશારામ બાપુશ્રીએ તેણીની જોડે તેણીની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શારીરિક સંભોગ કરેલ હતો. તે દરમ્યાન તેણીએ તેના સ્વબચાવ માટે બુમો પાડેલ હતી અને તેણીના ગુપ્ત ભાગમાંથી લોહી નીકળેલ હતુ. આ બનાવ બાદ એક મહીના પછી તેને ભારતી બેન રાત્રે સાડા દસે બોલાવેલ હતી પરંતુ તે છુપાઈ ગયેલ હતી. ત્યારબાદ બીજા દિવસે સવારે સાત વાગે તે પાછી આવી ત્યારે આશારામની પત્નીએ તેને બોલાવીને બે લાફા મારીને તેને ધમકાવી હતી. અને તેને કહ્યુ કે ફરીથી ફોન આવે તો તારે ત્યા જવાનુ અને પછી એક દિવસ તેને ફરીથી ભારતીબેન બપોરે બાર વાગે આવીને તેને શાંતિવાટીકા ફાર્મ હાઉસ પર લઈ ગયેલ હતા ત્યારબાદ તેને આશારામ બાપુએ ધમકાવેલ હતી અને તેને મારવા ઉભા થતા તેણી ત્યાથી ભાગી ગયેલ હતી. ત્યારબાદ બે ત્રણ વખતે આશારામે તેણીની જોડે શારીરિક અડપલા જેવા કે છાતી પર હાથ ફેરવવો તથા ખભા પર હાથ મુકતા હતા તેવી હકીકત જણાવેલી છે. વધુમાં તેણી ધો.૧૦ સુધી ભણેલ હોવાની અને તેના લગ્નને ચાર વર્ષ થયેલ હોવાની તેમજ તા.૧૦-૧૦-૧૩ ના સવારના તેણીએ સ્નાન કરેલ હતુ અને તેના કપડા બદલેલ હતા. તેણીને માસીક ૧૫ વર્ષની ઉંમરથી આવતુ હતુ. છેલ્લુ માસીક ૧૫ દિવસ પહેલા તા. ૨૬-૯-૧૩ ના રોજ આવેલ હતુ. માસીક ત્રણ દિવસ રહેતુ. ત્રીસ દિવસે આવતુ, નિયમિત પ્રમાણસર અને દુખાવા વગરનુ હતુ. તેણીને એક બાળક હતુ. જેની ડીલીવરી નોર્મલ થયેલ હતી. જે બાળક પુરુષ હતુ ત્રણ વર્ષનુ હતુ અને હોસ્પિટલમાં ડીલીવરી થયેલી હોવાની હકીકત જણાવેલી. વધુમાં ભોગબનનારના શરીર પર કે ગુપ્ત ભાગ પર કે કપડા પર કોઈપણ જાતના ઈજાના

નિશાન જોવા મળેલ ન હતા. તેના સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર પૂર્ણ વિકસીત હતા. ગુપ્તભાગે વાળ હતા જે ચોટેલા ન હતા. ગુપ્તભાગની તપાસ કરતા ભોગબનનારને ખુબ બધા જુના હાઈમન ટીયર જોવા મળેલ હતા. તેણીની ગુપ્તભાગની તપાસ બે આંગળીથી સહેલાઈથી થઈ શકતી હતી.ત્યારબાદ તેણીને સ્ત્રી રોગના નિષ્ણાંત ડો.એલ.ડી.કાપડીયાના યુનીટમાં રીફર કરવામાં આવેલ અને ત્યાંથી તેણીને તા.૧૧-૧૦-૧૩ના રોજ રાત્રીના એક વાગે રજા આપવામાં આવેલ.ભોગબનનારના (૧) લોહી (૨) લાળ(૩) ગુપ્તભાગનાવાળ (૪)નખ (૫) વજાઈનલ સ્વોબ (બે)(૬)વજાઈનલ સ્મીયર (બે)(૭) યુરેથ્રલ સ્વોબ (એક)(૮)યુરેથ્રલ સ્મીયર (એક)ના નમૂના લઈ તેને રેપર લગાવી તેમના સીલથી સીલ કરીને હાજર પી.એસ.આઈ.શ્રી ટી.એમ.પટેલ, ચાંદખેડા પો.સ્ટે. નાઓને આપેલ હતા.

**(૫૦.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, (૧૧) ...એ વાત ખરી નથી કે, મે મારી સોગંદ ઉપરના પુરાવાના પેરા-૩ માં જે હકીકત જણાવેલ છે તે હકીકત મને પી.એસ.આઈ.શ્રી પટેલનાઓએ જણાવેલ તે જણાવેલ છે. એ વાત ખરી છે કે, સદરહુ હીસ્ટ્રીમાં અડપલાનો ઉલ્લેખ છે તે અંગેનો કોઈ સમય કે સ્થળનો ઉલ્લેખ નથી. એ વાત ખરી નથી કે, કયા શારીરિક અંગ પર અડપલા કરેલ તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૧ ની સાલમાં પહેલી વખતના બનાવ વખતે શારીરિક અડપલા નો ઉલ્લેખ છે તે કયા ભાગ પર કરેલ તેનો ઉલ્લેખ નથી. (૧૨)...એ વાત ખરી છે કે, મેડીકલ સાયન્સમાં કોઈપણ સ્ત્રીને માસીક ધર્મના સમયે માત્ર ત્રણ દિવસ હોય તેવુ જરૂરી નથી. એ વાત ખરી છે કે, મે જયારે ભોગબનનારની તપાસેલ

ત્યારે તેણીના લગ્ન ચાર વર્ષ અગાઉ થયેલા હતા અને એક બાળક પણ હતુ. એ વાત ખરી છે કે, તેણી પરણિત હોવાના કારણે તેની શારીરિક સંબંધો વારંવાર થયેલા હોય તેવુ કહી શકાય. (૧૩)...એ વાત ખરી છે કે, મે ભોગબનનારને બનાવ બાદ બાર વર્ષ પછી તપાસેલ છે. એ વાત ખરી છે કે, ભોગબનનારને બાર વર્ષ બાદ તપાસ કરેલ હોય બાર વર્ષ અગાઉના બનાવના કોઈ પુરાવા મળી શકે નહી. એ વાત ખરી છે કે, મે ભોગબનનારના હાઈમનની તપાસ કરેલી અને તે મલ્ટીપલતુટેલ હતુ. તે શારીરિક સંબંધના કારણે તુટેલુ ગણાય. (૧૪)...એ વાત ખરી છે કે, અમારી હોસ્પિટલમાં મહીલા મેડીકલ ઓફીસર પણ ફરજ બજાવે છે. હુ એ હકીકત જાણતો નથી કે, માનવ અધિકાર પંચ ધ્વારા બળાત્કાર અને બળજબરી અંગેના મહીલાના કીસ્સામાં તેની મેડીકલ તપાસ માત્ર મહીલા ડોકટર કરી શકે તેવી માર્ગદર્શીક બહાર પાડવામાં આવેલ છે.(૧૫)...મને આંક–૨૩૩ બતાવવામાં આવે છે તેમાં ઈપીકોની કલમ–૩૭૭ જણાવેલ છે. સાહેદ જણાવે છે કે, સદરહુ કલમનો ગુનો શુ કહેવાય તે હુ જાણતો નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારે પોતાના ઈતિહાસમાં જે હકીકત જણાવેલી તે હકીકત સંપુર્ણપર્ણે મે લખી લીધેલી. એ વાત ખરી છે કે, એવી કોઈ હકીકત કે જે ભોગબનનારે જણાવેલ હોય અને મે નોંધેલ ન હોય તેવુ બનેલ નથી.

**(૫૦.૨)** સદર સાહેદની બચાવપક્ષ તરફથી તેની હીસ્ટ્રીમાં તેણીની સાથે થયેલ અડપલાનો ઉલ્લેખ છે તેમાં સમય કે સ્થળનો ઉલ્લેખ નથી તેમજ કયા ભાગ પર અડપલા કરેલા તે સબંધે તેમજ બાર વર્ષ પછી તપાસ કરેલ હોઈ બાર વર્ષ અગાઉના બનાવના કોઈ પુરાવા મળી શકે નહી તે સબંધે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.પરંતુ તે ઉલટ તપાસ ધ્વારા બચાવપક્ષ સદર સાહેદે ભોગબનનારની કોઈ મેડીકલ તપાસ કરેલ નહી હોવાની હકીકત માની શકાય તેમ નથી. જેથી

ફરીયાદપક્ષ સદર તબીબી સાહેદના પુરાવા થકી **આંક–૨૩૧** વાળી મેડીકલ સર્ટી આપવા બાબતની યાદી તેમજ ભોગ બનનારને તપાસ્યા બદલના **આંક–૨૩૨** વાળા મેડીકલ સર્ટીફીકેટની તેમજ ભોગબનનારના મેડીકલ તપાસણી માટેની આંક–૨૩૩ વાળી પોલીસ યાદીની હકીકતો સાબિત યાને પુરવાર કરી શકેલ છે.

## ભોગબનનાર તથા તેના સગાઓની જુબાનીની ચર્ચા

**(૫૧)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૭ તરીકે ભોગ બનનાર તુષારભાઈનાઓને આંક –૨૭૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદ આ કામના અગત્યના સાહેદ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

(૧)... મે ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલો છે.મારી જન્મ તારીખ.૧૨.૪.૧૯૮૦ છે.મારા પિતાજીનું નામ માવજીભાઈ રત્નાભાઈ વઘાસીયા છે.બનાવના અરશામા મારા પિતાજી સુરત મુકામે હીરા ઘસવાની મજુરી કામ કરતા હતા.બનાવના અરશામા મારા પિતાજી સુરત મુકામે અમરોલી એરીયામા રહેતા હતા.બનાવના અરશામા હું મારા માતા પિતા સાથે રહેતી હતી.બનાવના અરશામા મારા માતા પિતા**,**મારી બે નાની બહેનો અને એક ભાઈ સાથે હું રહેતી હતી.મારી બહેનોના નામ ગીતાબેન અને પારુલબેન છે.મારા ભાઈનુ નામ ઘવલ છે.

(૨)...હું નાની હતી ત્યારથી મારા માતા પિતા આશારામના અનુયાયી હતા અને સુરત સ્થીત જહાગીરપુરા ખાતે આવેલ આશારામના આશ્રમમા જતા હતા.મારુ આખુ કુંટુબ આશારામમા આસ્થા ઘરાવતા હતા અને સુરત મુકામે આશારામની શીબીર હોય ત્યારે જરુરી સામાન લઈને અમારુ આખુ કુંટુબ આશારામના આશ્રમમા શીબીર દરમ્યાન રહેતુ હતુ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩)...સુરત મુકામે જહાગીરપુરા ખાતે આશારામનો આશ્રમ આવેલો છે ત્યા ૧૯૯૬માં જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે હું મારા માતા પિતા સાથે આશારામના આશ્રમમા ગયેલી.સંત્સંગ પુરુ થયાબાદ આશારામના નજીકથી દર્શન કરવા હોય તો લાઈનમા ઉભુ રહેવુ પડતુ હતુ.આશરે સવારે અગીયાર સાડા અગીયાર વાગે સંત્સંગ પુરો થયાબાદ હુ પણ લાઈનમા ઉભી રહેલી.આશારામથી ૫ ફુટ દુર બે ભકતો પ્રસાદ વેચતા હતા અને જેને આશારામની નજીકથી દર્શન કરી વાત કરવી હોય તેને આશારામની પાસે ઉભેલી બે સ્ત્રીઓ જેમના નામ બંગલો ઉર્ફે મીરા અને ઢેલ ઉર્ફે નીર્મલા હતુ તે આશારામ જેને પાસે લાવવા ઈશારો કરે તેને આશારામની પાસે લઈ જતા હતા.હું દર્શન કરવા ગયેલી ત્યારે આશારામે મને પણ ઈશારાથી આગળ બોલાવેલી.તે વખતે ઢેલ મને આશારામની પાસે લઈ ગયેલી અને આશારામે મને પુછેલુ કે,તુ કહાકી હૈ.મે કહેલુ કે હુ સુરતની છું ત્યારબાદ આશારામે મને એક પુસ્તક આપેલુ જેનુ નામ મહાન નારી હતુ અને મને એક સફરજન પણ આપેલુ.આ લઈને હુ મંડપમા જઈ બેસી ગયેલી. હુ બેસી પુસ્તક જોતી હતી ત્યારે થોડીકવારમા ઢેલ મારી પાસે આવેલી. અને મને કહેલુ કે,આ સફરજન જે તમને આપ્યુ છે તે પ્રસાદીનુ છે તુ જ ખાજે અને બાપુએ મને કહેલુ છે કે આને મહાન વકતા બનાવવાની છે તેમ કહીને ઢેલ જતી રહેલી.

(૪)...તે જ દિવસે સાંજના સંત્સંગ પછી લાઈન લાગેલી ત્યારે પણ હુ લાઈનમા જોડાયેલી.તે વખતે આશારામે મને નજીક બોલાવી તું ગુલાબ હોકર મહેક નામનુ પુસ્તક મને આપેલુ.ત્યારબાદ શીબીર પુરી થતા અમે અમારા ઘરે પરત ફરેલા.

(૫)...ત્યારબાદ જહાગીરપુરા ખાતેના આશ્રમમા ૧૯૯૭મા હોળીની શીબીર લાગેલી.તે વખતે પણ અમે ઘરના બધા આ શીબીરમા ગયેલા.ત્યારે સત્સંગ પુરો

થયાબાદ સાંજના આશરે સાડા આઠથી નવના ગાળામા આશારામ હાથમા ટોર્ચ લઈને શીવ મંદિર પાસે આટો મારવા નીકળેલા.ત્યા શીવ મંદિર પાસે બંને સાઈડે દર્શન કરવા મહીલા ભકતો બેઠેલી હતી જેમા હું પણ બેઠેલી હતી.તે વખતે આશારામ એક એક સ્ત્રીઓના મોઢા ઉપર ટોર્ચનો પ્રકાશ મારતા મારતા આવતા હતા અને મારા મોઢા ઉપર પણ પ્રકાશ મારેલો અને મને કહેલુ કે,તુ તો વહી હૈ ના જો મુઝે મીલી થી.મે કહેલુ કે હા.તેમણે મને કહેલુ કે,અમદાવાદમા મોટેરામા જે આશ્રમ છે ત્યા તુ અગીયાર દિવસનો અનુષ્ઠાન કરવા જા.મે કહેલુ કે,હાલમા હું ૧૦મા ધોરણમા ભણુ છું મારી એકઝામ પુરી થાય પછી હું જઈશ.તેમણે મને કહેલુ કે,પઢાઈ કર કે કયા કરેગી.કીતને ડોકટર હૈ,કીતને વકીલ હૈ,કૌન કીસકો પુછતા હૈ.મીરાને કૌનસી ડોકટરી કી થી,શબરીને કૌન શી પઢાઈ કી થી,તુઝે તો મહાન વકતા બનાયેગે.તુ અનુષ્ઠાન કરને જા.મારા માતા પિતાને વર્ષોથી આશારામમા આસ્થા હતી અને તેઓ આશારામને માનતા હતા તેથી મને એકલીને અમદાવાદ મોટેરા ખાતેના આશ્રમમા અનુષ્ઠાન કરવા મોકલેલી.

(૬)...મોટેરા આશ્રમમા દાખલ થવા માટે ગેટ આવેલો છે ત્યા કાર્યાલય આવેલો છે ત્યા મે મારુ નામ કહેલુ હું સુરતથી અગીયાર દિવસનો અનુષ્ઠાન કરવા આવેલી છુ તેવુ કહેલુ ત્યારે કાર્યાલય ખાતે હાજર વ્યકિતએ મને કહેલુ કે હા બાપુનો ફોન આવી ગયો છે.ત્યારબાદ મને એન્ટ્રી આપેલી મે રુપિયા.૩૫૦/- એન્ટ્રી ફી ભરેલી.ત્યારબાદ મને અનુષ્ઠાન માટે ૫ છોકરીઓ હતી તેમની સાથે રુમમાં રાખેલી.મે અગીયાર દિવસના અનુષ્ઠાનમાં મારો હરીઓમ મંત્ર હતો તેનો ૩ લાખ વાર જપ કરેલા.ત્યારબાદ મારો અગીયાર દિવસનો અનુષ્ઠાન પુરો થતા હું પરત જવા માટે મહિલા આશ્રમના સંચાલક ધ્રુવબેન હતા તેમની પાસે મંજુરી લેવા

માટે ગયેલી કે, મારા અગીયાર દિવસના અનુષ્ઠાન પુરા થઈ ગયેલા છે. તેમણે મને મંજુરી આપેલી નહી અને કહેલુ કે,તારે તો હજુ અહીયા રોકવવાનુ છે તને બાપુ વકતા બનાવવા છે. ત્યારબાદ મને લઈને લક્ષ્મીમૈયા પાસે ગયેલા. લક્ષ્મીમૈયા આશારામની પત્ની છે.તેમણે પણ મને કહેલુ કે,તુ રોકાઈ જા. ત્યારબાદ પંદર દિવસ પછી મારી મમ્મી મને સુરતથી લેવા માટે મોટેરા આશ્રમ આવેલા.હું મારી માતાને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલી.તેમણે મારી માતાને કહેલુ કે,તારે તારી છોકરી કોઈને તો આપવાની જ છે તો તુ અહીયા આપી દે.આપણા કુંટુબમાથી કોઈ એક વ્યકિત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જાય છે.ત્યારબાદ હું મારી માતા લેવા આવેલા હોય રડવા લાગેલી.મૈયાએ મને પ્રસાદ આપેલો અને કહેલુ કે,રડે છે કેમ.ત્યારબાદ મારી માતા મને લીધા વીના સુરત પરત જતા રહેલા.ત્યારબાદ હું આશ્રમમા ચુર્ણ હોલમા સેવા આપતી હતી અને મહીલા આશ્રમમા રહેતી હતી.ચુર્ણ હોલમા મે છ મહીના સેવા આપેલી ત્યારબાદ મને ઘંટીની જવાબદારી સોપેલી.અમે સંતકૃપા ચુર્ણ,અશ્વગંધા ચુર્ણ,ધુપ વિગેરે બનાવતા હતા.ચુર્ણ બનાવવાની કામગીરી સવારે ૮.૦૦ થી બપોરના ૧ ૨.૩૦ અને બપોરે ૧.૩૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી ચાલતી હતી.આ માટે મને કોઈ મહેનતાણુ આપતા ન હતા.મારા માસીક ખર્ચ માટે મારી માતા દર મહીને મને રુા.૫૦૦/– મોકલતા હતા તેમાંથી હું મારો ખર્ચ કરતી હતી.

(૭)...એક વખત આશારામ ગાડી લઈને મહીલા આશ્રમમા ચકકર મારવા આવેલા.તે વખતે તેમણે મને કહેલુ કે,તુ તો સુરતવાલી હૈ ના.મે હા પાડેલી.તે વખતે તેમણે મને ફુલનો હાર આપેલો.સને.૨૦૦૧ સુધી હું ચુર્ણ બનાવવાનુ કામ કરતી હતી.

(૮)...સને.૨૦૦૧માં ગુરુપૂર્ણિમાની શીબીર હતી.તે વખતે વકતા બનાવવા આશ્રમમાંથી દસેક છોકરીઓને સીલેકટ કરીને શાંતીવાટીકા લઈ ગયેલા.બાપુને રહેવા માટેનુ ફાર્મ હાઉસ છે તેમા એક કુટીયા છે જેને શાંતીવાટીકા તરીકે ઓળખવામા આવે છે.આ ફાર્મ હાઉસ મોટેરા આશ્રમથી થોડે દુર આવેલુ છે.મોટેરા આશ્રમથી શાંતી વાટીકા અમને ગાડીમા લઈ જતા ત્યારે ૨૫ થી ૩૦ મીનીટનો સમય થતો હતો તેટલે દુર આવેલુ છે.જે ૧૦ છોકરીઓને સીલેકટ કરેલી તેમા મને પણ સીલેકટ કરેલી હતી.આશ્રમમાંથી જે છોકરીઓને વકતા માટે સીલેકટ કરેલી તે ધ્રુવબેને કરેલી અને ધ્રુવબેન જ અમને શાંતીવાટીકા લઈ ગયેલા.શાંતીવાટીકામા આશારામ મળેલા.અમે દસેક છોકરીઓ નીચે બેસી ગયેલી અને ત્યારબાદ આશારામે વારાફરતી દરેકની હથેળી જોયેલી.તેમા ચાર છોકરીઓને સીલેકટ કરેલી જેમા એક હું પણ હતી.આશારામે અમને કહેલુ કે, તુમ્હારે હાથમે વકતા બનનેકી રેખા હૈ.તુમ્હારે ભાગ્ય મે જો સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા ઉસકી વિધી કરની પડેગી તેમ કહેલુ ત્યારબાદ અમે ત્યાથી નીકળી ગયેલા.

(૯)...ત્યારબાદ થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન મને બોલાવવા આવેલા અને કહેલુ કે,તને ભારતીબેન બોલાવે છે.ભારતીબેન આશારામની પુત્રી છે. હું ભારતીબેન પાસે ગયેલી. તેમણે મને કહેલુ કે, તારે અને ટીના એકયુપ્રેશરે હમણા શાંતીવાટીકા આશારામ બાપુ પાસે જવાનુ છે. તેમ કહીને મને અને ટીનાને તેમની ગાડીમા આશારામના ફાર્મ હાઉસ શાંતીવાટીકા લઈ ગયેલા.અમે ત્યા પહોચેલા ત્યા અખીલ નામનો આશારામનો રસોઈયો હતો તેણે અમારી આવવાની જાણ અંદર કરેલી.ત્યારબાદ રસોઈયાને ત્યા મોકલી દિધેલો.ત્યારબાદ અંદરથી મોટા અવાજે કહેલુ કે,એક કે બાદ એક અંદર આજા.પહેલે ટીના આવે.ત્યારબાદ ટીના અંદર ગયેલી.શાંતીકુટીયા બે રુમની

બનેલી છે.પહેલા રુમમા હું અને ટીના હતા ત્યાથી ટીના વચ્ચે બાથરુમ પડે છે ત્યા હાથ પગ ધોઈને તેના પછી આવેલી બીજી રુમમા ગયેલી.ત્યારબાદ દસેક મીનીટ પછી ટીના બહાર આવેલી અને મને અંદર જવા માટે કહેલુ.બહાર ભારતી ગાડી લઈને ઉભી હતી તેને ટીનાને લઈને જતા રહેવા કહેલુ.મે કહેલુ કે,મને પણ જોડે લઈ જાવ.ભારતીબેને કહેલુ કે,થોડીવાર પછી હુ તને લેવા આવુ છું તેમ કહીને ટીનાને લઈને ભારતીબેન જતા રહેલા.ત્યારબાદ અંદરના રુમમાંથી જોરથી કહેલુ કે,હાથ પેર ધો કે અંદર આ જાવો.ત્યારબાદ હું બાથરુમના દરવાજે થઈને અંદરના રુમમા ગયેલી.હું રુમમા ગઈ ત્યારે અંદર આશારામ હતા અને તેમણે મને કહેલુ કે,બારી પાસે ઘી ની વાટકી છે તે લઈ આવ અને મારા માથે માલીસ કર.બાપુ શેટી ઉપર બેઠા હતા.મને માલીસ કરવાનુ કહી તેઓ શેટી ઉપર લાંબા થઈ સુઈ ગયેલા.હુ ત્યા જમીન ઉપર નીચે બેસીને આશારામના માથા ઉપર ઘી થી માલીસ કરતી હતી.હુ માલીસ કરતી હતી તે વખતે આશારામે તેના હાથથી મારા મોઢા ઉપર,ગળા ઉપર,છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા.મે કહેલુ કે મને આવુ ગમતુ નથી મને આવુ ન કરો. તેમણે કહેલુ કે,તેરે ભાગ્ય મે સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા તભી તો તુ મહાન વકતા બનેગી.આવુ કહી તેમણે તેમના અડપલા ચાલુ રાખેલા અને મને કહેલુ કે તારો દુપટ્ટો સાઈડ ઉપર મુકી દે મે ના પાડેલી ત્યારે તેમણે જબરજસ્તી થી મારો દુપટ્ટો ખેચી નાખેલો અને સાઈડ ઉપર ફેકી દિધેલો.તેમણે દુપટ્ટો ખેચેલો તે વખતે મારા હાથમા ઘી ની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી.અને ઘી નીચે ઢોળાઈ ગયેલુ અને તે વખતે આશારામ એકદમ ગુસ્સે થઈને ઉભા થઈ ગયેલા અને કહેલુ કે,સાલી તુને મેરી કુટીયા ગંદી કર દી.હું આશારામનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયેલી અને રડવા લાગેલી.તેમણે કહેલુ કે,તુ જીતના જલ્દી સમર્પણ કરેગી ઉતના હી તેરે લીયે અચ્છા હૈ.મે હાથ જોડીની ખુબ વિનંતી કરેલી કે,મને છોડી દો મને જવા દો.તેમ છતા

આશારામે મને જબરજસ્તીથી પકડીને તેમના બેડ ઉપર ધકકો મારીને પાડી દિધેલી.ત્યારબાદ તેમણે મારી પાસે આવીને મારી સલવારનુ નાડુ એકદમ જોરથી ખેચેલુ જેથી નાડુ તુટી ગયેલુ.આશારામે મારી સલવાર ખેચીને કાઢી નાખેલી.તે રુમને બે દરવાજા હતા જે પૈકી એક દરવાજો મચ્છર જાડીવાળો હતો મે ત્યાથી નાશી જવા મચ્છર જાડીનો દરવાજો દોડીને ખોલી દિધેલો અને બીજો દરવાજો ખોલવા જાવુ તે પહેલા આશારામ આવી ગયેલા અને મને જોરથી ખેચીને ફરીથી તેમની પથારી ઉપર પાડી દિધેલી.મને પથારી ઉપર ફેકેલી તે વખતે મને હાથની કોણી પાસેઅને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો તેથી મારાથી જોરથી ચીસ પડાઈ ગયેલી. તે વખતે આશારામે કહેલુ કે,ચીલ્લા જોર સે ચીલ્લા જીતના ચીલ્લાના હો ઉતના ચીલ્લા યહા કોઈ નહી આયેગા.મે બચવા માટે ખુબ બુમો પાડેલી,રડેલી પરંતુ મને બચાવવા માટે શાંતીવાટીકા પાસે કોઈ આવેલુ નહી.

(૧૦)...ત્યારબાદ આશારામે પોતાની લુંગી કાઢી દિધેલી અને મારા બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે મારુ અડધુ શરીર બેડ ઉપર હતુ અને અડધુ નીચેનુ શરીર બેડની નીચે લટકતુ હતુ.મારા બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી મારા બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા.હું આખી પથારીની નીચે જવા માટે પ્રયત્ન કરતી હતી.ત્યારબાદ આશારામે તેમના પગથી મારો એક પગ જોરથી પલંગની ઉપર ખેચેલો અને મારો એક પગ નીચે લ ટકતો હતો.તે વખતે આશારામે મારી ઉપર બળાત્કાર કરેલો.તે વખતે મને અશહ્ય દુખાવો થતો હતો.હું ચીસ પાડતી હતી અને મારા ગુપ્ત ભાગેથી બ્લીડીગ શરુ થઈ ગયેલુ.ત્યારબાદ થોડીવાર પછી આશારામે મને છોડી દિધેલી.અને મને કહેલુ કે,તુને મુઝે સહયોગ નહી દીયા ઐશે તેરા સંસાર નહી કટેગા.તેમણે મને કહેલુ કે,તુ

રાત કો સ્વસ્થ હોકે ફીરસે આયેગી મે ના પાડેલી.તેમણે મને કહેલુ કે,બાથરુમમે જા ઔર એક ટબમે પાની લેકે આ.તે વખતે મારુ શરીર એકદમ કાપતુ હતુ અને બ્લીડીગ ચાલુ હતુ મે તે વખતે સફેદ કપડા પહેરેલા હતા અને તેના ઉપર પણ લોહીના ડાઘા પડેલા.તે વખતે મારા શરીર ઉપર કુર્તો હતો.આશારામે એક બે મીનીટ સુધી બદકામ કરેલુ ત્યારબાદ મને છોડી દિઘેલી.મને બ્લીડીગ ચાલતુ હતુ તેથી મારા પગ ઉપર પણ લોહી પડેલુ તેથી બાથરુમમા જઈને સૌપ્રથમ મે મારુ શરીર ધોયેલુ અને ત્યારબાદ ટબમા પાણી લઈને હું અંદર ગયેલી.તેઓ બેડ ઉપર બેસી ગયેલા અને ટબનુ પાણી હાથમા લીધેલુ અને તેમનુ લીંગ સાફ કરેલુ અને મને કહેલુ કે,તુ નીચે બેઠ જા.ત્યારબાદ તેમણે મને કહેલુ કેતેમનુ લીંગ બતાવેલુ અને કહેલુ કે,યે અમૃત હૈ સબકે ભાગ્ય મે નહી હોતા.તેમ કહી આશારામે મારુ મોઢુ પકડીને જબરજસ્તી થી તેમનુ લીંગ મારા મોઢામા નાખેલુ.અને જોર જોરથી મોઢામા લીંગ નાખતા હતા જે મારા ગળા સુધી જતુ હતુ જેથી મને ઉપકા આવતા હતા અને લીંગ મોઢામાંથી બહાર નીકળી જતુ હતુ.ત્યારે આશારામ જબરજસ્તીથી મારુ મોઢુ પકડીને તેમનુ લીંગ મારા મોઢામા નાખતા હતા.આવુ ત્રણ ચાર મીનીટ સુધી તેમણે કરેલુ અને મને કહેલુ કે,જા બાથરુમ મે જા કે બાથરુમ કર લે નહી તો કુછ રહે જાયેગા.ત્યારબાદ હું બાથરુમમા ગયેલી અને આશારામે મારી સલવાર અને મારો દુપટ્ટો ત્યા આવીને મને આપી દિઘેલો.સલવારનુ નાડુ તુટી ગયેલુ હતુ મારી પાસે સેપ્ટીપીન હતી તેનાથી સલવારનુ નાડુ નાખીને મે સલવાર પહેરેલી.ત્યારબાદ આશારામે મને કહેલુ કે,મેરા કોડલેશ લા અને ત્યારબાદ મને બીજા રુમમા જવા માટે કહેલુ.મે કપડા પહેરી કોડલેશ લઈને તેમને આપેલો ત્યારે તેમણે મને કહેલુ કે,યહા જો હુઆ હૈ ઉસકી ભનક કીસી કો નહી હોની ચાહીયે નહી તો ભસ્મ કર દુંગા ઔર બહાર ઈસકા ગલત મેસેજ જાયેગા.ત્યારબાદ હું બીજા રુમમા જતી રહેલી.ત્યારબાદ થોડીકવારમા

ભારતીબેનની ગાડી આવી ગયેલી અને તેમા મને બેસાડી દિધેલી અને મહીલા આશ્રમ પાસે શાલીગ્રામ સોસાયટી આવેલી છે ત્યા મને ઉતારી દિધેલી.મને ગાડીમાં સાથે લઈ જાય તો આશ્રમમા બીજા જોઈ લે કે આને ગાડીમા શાંતીવાટીકા લઈ ગયેલા તેથી મને શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી દિધેલી અને કહેલુ કે,તુ ચાલતી આશ્રમમા આવ.

(૧૧)...હું ચાલીને મહીલા આશ્રમ પાસે આવેલી ત્યા ગેટ ઉપર બગલો અને ઢેલ બેઠેલા હતા અને મને જોઈને કહેલુ કે,તારો કુર્તો કયા ભીનો થઈ ગયો તેમ કહીને હસવાલાગેલા અને કહેલુ કે,બાપુ કયારે આવે છે.મે તેમને કાંઈ જવાબ આપેલો નહી.પછી હુ મારા રુમમા ગયેલી અને ત્યારબાદ નાહવા ગયેલી.મને આ બનાવથી ખુબ આઘાત લાગેલો તેથી બે દિવસ સુધી મારુ શરીર ધ્રુજતુ રહેલુ અને મને તાવ આવી ગયેલો અને મગજ સુન્ન પડી ગયેલુ અને હું બે દિવસ સુધી રુમની બહાર પણ નીકળેલી નહી.તે સમય દરમ્યાન મારી પાસે ઢેલ આવેલી અને મને કહેલુ કે,તુઝે જો બાપુ સે મીલા હૈ ઉસે સંભાલ કે રખના વો બાપુ કી કૃપા હૈ તેમ કહી મને સફરજન અને દુધ આપેલુ અને કહેલુ કે,આ બાપુએ મોકલાવેલુ છે.

(૧૨)...ત્યારબાદ આશરે એકાદ મહીના પછી ફરીથી ધ્રુવબેન મારી પાસે આવેલા અને મને કહેલુ કે,તને ભારતીબેન બોલાવે છે.મારી સાથે મહીના પહેલા જે થયેલુ હતુ તેથી હું ડરેલી હતી મને થયેલુ કે,ફરીથી મારી સાથે આવુ થશે તે વખતે મે નાઈટ ડ્રેસ પહેરેલો હતો તેથી મે કહેલુ કે,હું કપડા બદલીને આવુ છું.ત્યારબાદ ધ્રુવબેન જતા રહેલા અને મને મોકો મળતા ત્યા બગીચાની વાડ છે હું ત્યા જઈને છુપાઈ ગયેલી.ત્યારબાદ ભારતીબેન,મૈયા,ચોકીવાળી જશીબેન આખી રાત મને શોધતા હતા.સવારે સાત વાગે હું ત્યાથી બહાર નીકળી મારા રુમમા જઈને

નાહીને પુંજા કરતી હતી તે વખતે ચોકીવાળી જશીબેન ત્યા આવેલા અને મને લ ક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલા.તેઓ મને જોઈને એકદમ ગુસ્સામા આવી ગયેલા અને મારા ગાલ ઉપર બે તમાચા મારી દિધેલા અને કહેલુ કે,તુ આખી રાત હતી કયા તારા લીધે મને બાપુની ડાટ ખાવી પડેલી છે.બાપુએ મને કહયુ કે દો ટકે કી લ ડકી કો નહી સંભાલ સકતી તો આશ્રમ કયા સંભાલેગી આવુ બધુ મારે સાંભળવુ પડયુ છે.ત્યારબાદ હું ત્યાથી જતી રહેલી.

(૧૩)...તે જ દિવસે બપોર પછી ફરીથી ભારતીબેને મને બોલાવેલી કે તારે શાંતીવાટીકા જવાનુ છે તેમ કહીને મને ગાડીમા લઈ ગયેલા.હું અંદર રુમમા ગઈ ત્યારે આશારામ પલંગ ઉપર બેઠેલા હતા.તેઓ મને જોઈને એકદમ ગુસ્સામા આવી ગયેલા અને કહેલુ કે,તુ કલ રાત કહા થી મૈંને તેરે લીયે ખાના નહી ખાયા આખી રાત સોયા નહી.તેમની પથારી પાસે થાળી,વાટકા બધુ પડેલુ હતુ તેને જોરથી ધકકો મારીને પછાડેલા અને મને કહેલુ કે,નીકલ જા મેરી કુટીયા કે બહાર. ત્યારબાદ હું બહાર નીકળી ગયેલી.અને ત્યાથી ફરી આશ્રમ આવી ગયેલી. આ બનાવ વખતે ભારતીબેન રુમમા આવેલા નહી પરંતુ બહાર બારી પાસે ઉભા રહેલા હતા.

(૧૪)...તે જ દિવસે સાંજે આશારામ આશ્રમમા આવેલા અને મારી સાથે શાંતીથી વાતો કરવા લાગેલા અને કહેલુ કે,ગુરુ–શીષ્યકા સંબધ તો સમર્પણ કા હોતા હૈ.તેમ કહીને મને સમજાવેલી અને ત્યારબાદ ત્યાથી જતા રહેલા.

(૧૫)...થોડા સમયબાદ મને વકતા બનવા માટે આશારામે કહેલુ.અને પછી મને વકતા બનાવેલી અને અલગ અલગ જગ્યાએ પોગ્રામમા મોકલેલી.પોગ્રામમા કેટલા માણસો આવ્યા,કેટલુ સાહીત્ય વેચાયુ,કેટલી દક્ષીણા આવી તેનો મારે ફોનથી આશારામને રીપોર્ટ કરવાનો હતો.હું તેમને આ માટે ફોન કરુ ત્યારે પણ

તેઓ ફોન ઉપર મારી સાથે બીભત્સ વાતો કરતા હતા.હું તેમને કેટલી દક્ષીણા આવી અને કેટલા માણસો આવ્યા તે વિશે જણાવુ ત્યારે તેઓ મને કહેતા હતા કે વો સબ રહેને દે યહા કીતના અચ્છા વાતાવરણ હૈ ઔર તુ મેરે પાસ નહી હૈ.આવી બધી બીભત્સ વાતો કરતા હતા.હું આટલા વખતથી આશ્રમમા રહેતી હતી અને જોતી હતી કે તેમની પાસે ઘણી મોટો મોટી હસ્તી આવતી હતી અને તેમની ખુબ મોટી વગ હતી અને હું સામાન્ય મજુર વર્ગની હતી અને મને ધમકી પણ આપેલી હતી કે,કોઈને કહીશ તો તને જીવતી રહેવા નહી દઉ તેથી મે આ વાત કોઈને કરેલી ન હતી.

(૧૬)...ત્યારબાદ પોગ્રામમાંથી રીપોર્ટ આપવા માટે હું એક વખત મોડાસા ગયેલી જયા આશારામ રોકાયેલા હતા.હું રીપોર્ટ આપવા રુમમા ગયેલી ત્યા આશારામ બેડ ઉપરબેઠા હતા અને ત્યા નીચે ઢેલ અને બીજી ત્રણચાર છોકરીઓ બેસેલી હતી. તે વખતે આશારામે માત્ર ઉપરના ભાગે કુર્તો પહેરેલો હતો અને નીચેના ભાગે કાંઈ પહેરેલુ ન હતુ. અને કહેલુ કે ઢેલ ઈસકો બતા સમર્પણ કીસે કહેતે હૈ. આવુ કહેતા ઢેલ આશારામનુ લીંગ પોતાના મોઢામા નાખીને ગંદુ કરવા લાગેલી.ત્યારબાદ આશારામે પોતાનુ લીંગ ત્યા હાજર બીજી છોકરીના મોઢામા નાખેલુ અને તેમ કરતા તે છોકરીના ગળામા જોરથી ધકકો વાગેલો તેથી તે છોકરીને ત્યાજ ઉલ્ટી થઈ ગયેલી.ત્યારબાદ આશારામે બધાને બહાર કાઢી મુકેલા.મારે રીપોર્ટ આપવાનો બાકી હતો.આશારામ રુમમાંથી બહાર આવેલા અને મારી પાસે આવી કહેલુ કે,મારી સાથે ચાલતી જા અને રીપોર્ટ આપતી જા.હું પોગ્રામનો રીપોર્ટ આપતી હતી ત્યારે રીપોર્ટ વિશે સાંભળવાની જગ્યાએ આશારામે તેમનો હાથ મારા કપડામા જ નાખીને હાથ છાતી ઉપર નાખેલો.ત્યારબાદ હું મોડાસા થી મોટેરા આશ્રમ પરત

આવી ગયેલી.મોડાસામા આશારામનો આશ્રમ હાઈવે ઉપર આવેલો છે તે ગામનુ નામ આજે યાદ નથી.

(૧૭)...મારી સાથે જે ૧૦ છોકરીઓ સીલીકેટ થયેલી તેમા એક વર્ષા નામની છોકરી હતી તેને વકતા બનાવતા પહેલા સતત સાત દિવસ સુધી શાંતીવાટીકા રાખેલા હતી અને બીજી એક છોકરી સુરતની કે જેનુ નામ સુમન હતુ તેણે કંટાળીને આશ્રમમા જ એસીડ પીને મરી ગયેલી.સુમને એસીડ પીધુ તે વખતે બપોરનો સમય હતો હું ત્યા જ હતી સુમનને ત્યારબાદ ઉપાડીને રીક્ષામા સીવીલ હોસ્પીટલમા લઈ ગયેલા.

(૧૮)...આ બધુ જોઈને મારુ મગજ કંટાળી ગયેલુ હતુ અને થતુ હતુ કે,કયા તો મરી જવુ કયા અહીથી બહાર નીકળી જવુ.મારા પોગ્રામમા એક તબલા વગાડવાવાળા ભાઈ હતા તેમને આશ્રમની જ એક છોકરી સાથે પ્રેમ થઈ ગયેલો અને તેઓ બંનેને લગ્ન કરવા હતા આશારામને આ અંગે જાણ થતા પોગ્રામ ચાલુ હતો ત્યારે જ આશારામ મારા ઉપર ખુબ ગુસ્સે થઈ ગયેલા અને તારા જ પોગ્રામમા મારા આશ્રમની છોકરી આવુ કામ કરે છે.તુ મારો પ્રચાર કરવા જાય છે કે આવા કામ કરવા જાય છે તેમ કહીને મારા ઉપર ખુબ ગુસ્સો કરેલો.મે કહેલુ કે,મારે હવે અહીયા રહેવુ નથી. મને રજા આપી દો હું મારા ઘરે જાવુ છું.પરંતુ આશારામે મને ઘરે જવા માટે રજા આપેલી નહી.આશારામે રજા આપેલી નહી તેથી હું ત્યાથી ભાગી જવાનો મોકો શોધતી હતી.મારે આશ્રમમાંથી જવુ હતુ તે અંગે આશ્રમમા ઉમા પાંડે કે જે મારી મીત્ર હતી તેને પણ મે વાત કરેલી કે,હું આશ્રમમાંથી જાવુ તો મને કાંઈક મદદ જોઈતી હોય તો તુ કરજે.તેણે મને હા કહેલી.ત્યારબાદ મારી બે બેગ તૈયાર કરી દિધેલી અને મહીલા આશ્રમનો પાછળનો ગેટ કે જયા નાની ઝાંપલી બનાવેલી છે ત્યા બેગ લઈને ગયેલી.હું એક બેગ

લઈને બહાર નીકળેલી અને ઉમાને કહેલુ કે,તુ મારી બીજી બેગ રીક્ષા સુધી પહોચાડી દે જે.ઉમાએ મારી બીજી બેગ રીક્ષા સુધી પહોચાડી દિધેલી.હું રીક્ષામા બેસી કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલી અને ત્યાથી ટ્રેનમા બેસીને સુરત મારા ઘરે ગયેલી.

(૧૯)...મારી નાની બહેન પારુલ કે જે ગાંભોઈ ગામે નારણસાંઈનો આશ્રમ આવેલો છે ત્યા રહેતી હતી.હું જયારે સુરત મારા ઘરે ગઈ તે વખતે મારી નાની બહેન પારુલ પણ ઘરે આવેલી હતી.મે પારુલને બધી વાત કરેલી.અને પારુલે મને તેની વાત કરેલી.અમે બંને બહેનોએ નકકી કરેલુ કે,મમ્મી–પપ્પાને આ બધી વાત કરવી નથી.અને આપણે આ વાત બીજા કોઈને પણકરવી નથી કારણ કે, આપણે તેમના સુધી પહોચી શકીએ તેમ નથી.ત્યારબાદ અમો શાંતીથી અમારુ જીવન જીવવા લાગેલા.

(૨૦)...સને.૨૦૦૯માં મારા લગ્ન તુષાર સાથે થયેલા.અમે સુરેન્દ્દનગરમાં થાનગઢ ગામે રહેતા હતા.આ દરમ્યાન જોધપુરમા બનેલા બનાવ અંગે મે ટીવીના માદયમથી જાણેલુ કે,આશારામને અટક કરી દિધેલા છે અને સુપ્રિમ કોર્ટે પણ તેને છોડેલો નથી તેથી મે પારુલને ફોન કરેલો કે,આશારામ અટકમા છે તો આપણે પણ હિંમત કરીએ તેથી મારી બહેને કહેલુ કે,આપણે પહેલા આ વાત આપણા હસ્બન્ડને કરીએ તેથી મે મારા હસ્બન્ડને બધી વાત કરેલી.તેમણે મને સહયોગ આપેલો અને કહેલુ કે,જો ખરેખર આવુ બનેલુ છે તો આપણે પોલીસમા જાણ કરવી જોઈએ.ત્યારબાદ હું અને મારા પતિ થાનગઢ થી સુરત મારી બહેનના ઘરે આવેલા.

(૨૧)...ત્યારબાદ અમે આશારામ વિરુધ્ધ રજુઆત કરવાનુ નકકી કરેલુ અને સુરતમા  શોભાબહેન ભુતડા જેઓ કમીશ્નર ઓફીસમા બેસે છે  તેમની પાસે

ગયેલા. તેમણે અમારી વાત સાંભળેલી અને ત્યારબાદ મારી ફરીયાદ લીધેલી.આશ્રમ છોડયાબાદ મને અનેકવાર આશારામની વિરુધ્ધ ફરીયાદ કરવાનો વીચાર આવેલો કારણ કે,આશારામના કારણે મારી જીંદગીના ૧૬ વર્ષની ઉંમર થી ૨૬ વર્ષની ઉંમર સુધીની મારી જીંદગી બરબાદ થયેલી.મારો અભ્યાસ પણ અધુરો રહેલો પરંતુ આશારામની વગ અને અમે નાના માણસ હોય ફરીયાદ કરવાની હિંમત કરેલી નહી.આશારામની ખુબ વગ હતી તેથી મને તેમનાથી ડર લાગતો હતો. મારી સાથે મારી ફેમીલીની જીંદગી પણ ભયમા હતી.તેથી જે તે સમયે ફરીયાદ કરેલી નહી.

(૨૨)...મને **માર્ક–૧૦૬/૪ વાળી અસલ ફરીયાદ** બતાવવામાં આવે છે જે તારીખ.૬.૧૦.૨૦૧૩ના રોજ આપેલી તે જ ફરીયાદ છે જેમાં દરેક પાના ઉપર અને લખાણના અંતે મારી સહી છે અને ફરીયાદ લેનાર તરીકે શોભાબહેન ભુતડા,નાયબ પોલીસ કમીશ્નરશ્રી ની પણ સહી છે.જે **ફરીયાદ આંક.૨૭૯ થી રજુ થયેલ** છે.

(૨૩)...આ ફરીયાદ મારા લખાવ્યા મુજબ ટાઈપ કરેલી અને ફરીયાદ ટાઈપ થયાબાદ મને વાંચી સંભળાવેલી અને ત્યારબાદ મે તેના ઉપર મારી સહી કરેલી.આ ફરીયાદ આપ્યાબાદ અમદાવાદની પોલીસ આવેલી અને મારુ નીવેદન રેકર્ડ કરેલુ.પોલીસે મારા અવાર નવાર નીવેદન નોધેલા પરંતુ તે નીવેદન નોદયાની તારીખો મોઢે યાદ નથી.મને સુરતની કોર્ટમાં મેજીસ્ટ્રેટ સાહેબ રુબરુ નીવેદન આપવા લઈ ગયેલા.મે ત્યા મારી સ્વેચ્છાએ મેજીસ્ટ્રેટ સાહેબ રુબરુ મારુ નીવેદન નોધાવેલુ.મને પોલીસ મેડીકલ તપાસ માટે અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા.ત્યા ડોકટરશ્રીએ મારી સ્વેચ્છાએ મારી મેડીકલ તપાસ કરેલી.તપાસ દરમ્યાન પોલીસ ગુનાવાળી જગ્યાએ પંચનામુ કરવા મને સાથે લઈ ગયેલી.ત્યા

મે બતાવેલી જગ્યાનું પોલીસે પંચનામુ કરેલુ.મારી સાથેનો બનાવ સને.૨૦૦૧માં બનેલો અને મે ફરીયાદ ૨૦૧3મા આપેલી આ સમય દરમ્યાન બનાવ વખતે પહેરેલ અને લોહીવાળા થયેલ તે કપડા જે તે વખતે મે ધોઈ નાખેલા હતા અને ફરીયાદ કરી ત્યારે તે કપડા મારી પાસે ન હતા તેથી મે પોલીસમા રજુ કરેલા નથી.આજે કોર્ટમાં આશારામ જાતે હાજર નથી પરંતુ હુ તેઓને જોયે તથા નામથી ખુબ સારીરીતે ઓળખુ છું.આરોપી નં.૩ લક્ષ્મીબેન આજરોજ કોર્ટમા હાજર નથી(આરોપી નં.૩ તર્ફે ઓળખની તકરાર લેવામા આવે નહી તે શરતે કોર્ટ હાજરીમાંથીમાફી મેળવેલ છે.).આજરોજ કોર્ટમા ભારતીબેન,ધ્રુવબેન,ઢેલ,બગલો અને જશીબેન હાજર છે.તેઓને હું જોયે તથા નામથી સારીરીતે ઓળખુ છું. ફરીયાદણએ કોર્ટમા હાજર પાંચેય આરોપીઓને સારી રીતે ઓળખી બતાવેલા છે.

(૨૪)...સામે સ્ક્રીનપર જે આરોપી દેખાય છે તે આશારામ પોતે છે. મને કોર્ટ રૂબરૂ સીલબંધ કવર ખોલી તેમાંથી નીકળેલ મારૂ સી.આર.પી.સી.કલમ-૧૬૪નુ કુલ-૨૧ પેજમાં લખેલ નિવેદન બતાવવામાં આવે છે. તેના દરેક પાને અને લખાણના અંતે મારી સહીઓ છે. આ નિવેદન સુરતની કોર્ટમાં જજ સાહેબ રૂબરૂ મે સ્વેચ્છાપુર્વક આપેલ મારૂ નિવેદન છે. જે મારા લખાવ્યા મુજબ જજ સાહેબે નોંધેલુ. જે **સી.આર.પી.સી.કલમ-૧૬૪ હેઠળ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નોંધાયેલ નિવેદન આંક-૨૮૩ થી રજુ થયેલ છે.** મને આંક-૨૮૩ વાળુ મારૂ નિવેદન બતાવવામાં આવેલ છે તે મે આપેલ અને મે લખાવેલ તે જ છે. તેના દરેક પાના પર અને લખાણના અંતે મારી સહી છે.

(૨૫)...મને આશારામે આપેલ મહાનનારી અને તુ ગુલાબ હોકર મહેક બંને પુસ્તક ગુજરાતી ભાષામાં હતા. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯,

૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬ બતાવવામાં આવે છે તે મારી હાજરીમાં લક્ષ્મીબેનના ઘરેથી કબજે લીધેલ તે જ મુદ્દામાલ છે.

(૨૬)...મને મેડીકલ તપાસ માટે ડોકટર પાસે લઈ ગયેલા ત્યારે તેમણે મને હીસ્ટ્રી પુછેલી અને મે તમામ વિગતો તેમને પણ જણાવેલી. ડોકટરે મને લોહી કઈ રીતે નીકળેલુ તે બાબતે પુછેલુ અને તે અંગે પણ મે ડોકટરને વિગતે જણાવેલુ. મે જે તે સમયે પોલીસને પણ આ અંગે જણાવેલુ. મે ડોકટરને અને પોલીસને જણાવેલુ કે, આશારામે તેમનો ગુપ્તાંગ બળજબરાઈ પુર્વક મારા ગુપ્તાંગમાં નાખી બળાત્કાર કરેલો તેથી લોહી નીકળેલુ. મારી ફરિયાદ લીધેલી તે વખતે મારો નાનો દિકરો ખુબ રડતો હતો અને મારી માનસીક સ્થિતિ થોડી અસ્વસ્થ હતી તેથી ફરિયાદમાં પહેલા મુખમૈથુન કરેલાનુ અને ત્યારબાદ બળાત્કાર કરેલાનુ લખાવેલ છે. પરંતુ મેજીસ્ટ્રેટ રૂબરૂ મે જે નિવેદન આપેલ છે તેમાં પહેલા બળાત્કાર કરેલાનુ અને ત્યારબાદ મુખમૈથુન કરેલાનુ લખાવેલ છે તે ક્રમ સાચો છે.

**(૫૧.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨૭)...એ વાત ખરી છે કે, મારી યાદ શકિત બહુ સારી છે.

સવાલ–તમને દરેક વસ્તુ ક્રમમાં યાદ રહે છે.

જવાબ–મારી સાથે જે ઘટના બનેલી તે પ્રસંગ મને ક્રમમાં યાદ છે.

(૨૮)...એ વાત ખરી નથી કે, મારી યાદ શકિત ટેપરેકર્ડ જેવી છે. હુ સમજણી કઈ ઉંમરે થયેલી તે કહી શકુ નહી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં મહાન નારી

નામનુ પુસ્તક મને આપેલુ તેવુ લખાવેલુ છે. એ વાત ખરી છે કે, આ પુસ્તક કઈ ભાષામાં લખાયેલુ હતુ તે મે ફરિયાદમાં કે નિવેદનમાં સ્પષ્ટ જણાવેલુ નથી. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૪ વાળી ચોપડી બતાવવામાં આવે છે તેના છેલ્લા પાને જે લખાણ છે તે કોના હસ્તાક્ષરમાં છે? તે હુ કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, પંચનામા દરમ્યાન જે પુસ્તકો અને કાગળો કબજે લીધેલા તે મે પંચનામા વખતે જોયેલા. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩૬ વાળા લખાણ બતાવવામાં આવેછે તે મે પંચનામા વખતે પ્રથમ વખત જોયેલા. એ વાત ખરી છે કે, આ લખાણ અંગે મને કોઈ જાત માહિતી નથી.

(૨૯)...મને આંક-૨૩૨ બતાવવામાં આવે છે તેમાં જે હીસ્ટ્રી લખેલી છે તે મે સ્વેચ્છાએ લખાવેલી છે અને ખરી છે. એ વાત ખરી છે કે, આ હીસ્ટ્રીમાં મે ટીના એકયુપ્રેશર અને ઉમા પાંડેનુ નામ લખાવેલુ નથી. એ વાત ખરી નથી કે, મે ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં મને લોહી કઈ રીતે નીકળેલુ તે વિગતે જણાવેલ નથી. મારૂ વિડીયોગ્રાફીથી નિવેદન કેટલીવાર નોંધેલુ તે આજે યાદ નથી. મારી ફરિયાદ સી.પી.ઓફીસ, સુરતમાં લીધેલી કેટલા વાગે તે સમય આજે યાદ નથી. મારી ફરિયાદ તા.૬-૧૦-૧૩ના રોજ લીધેલી. મારી ફરિયાદ કદાચ સવારે લીધેલી. મે સી.પી. ઓફીસમાં ફરિયાદ આપી તે અગાઉ જહાંગીરપુરા પોલીસને કોઈ ફરિયાદ આપેલ નથી. મે પાંચમી તારીખે રાતના સમયે ફરિયાદ આપી હોય તેવુ બનેલુ નથી. મે પાંચમી તારીખે ટી.વી. ચેનલ વાળાને મે આશારામ વિરૂધ્ધ ફરિયાદ આપેલી છે તેવી કોઈ જાણ કરેલી નથી. ફરિયાદની વિગત હુ બોલતી હતી તેમ કોમ્પ્યુટર ઉપર ટાઈપ થતી હતી. મે ફરિયાદ આપી તે વખતે શોભાબેન ભુતડા સાહેબ અને બીજા બે ત્રણ અધિકારી ત્યા હાજર હતા તેઓના નામ મને ખબર નથી. મે ફરિયાદ આપેલી તે વખતે કોઈ વિડીયોગ્રાફી થયેલ ન હતી. ફરિયાદની

હકીકત હુ બોલી હોઉ અને સીધી કોઈ રજીસ્ટરમાં લખાઈ હોય તેવુ બનેલુ નથી. મે ફરિયાદ આપી તે વખતે શોભાબેન ભુતડા સિવાય મારા ઘરના કોઈ સગા સંબંધી કે સ્ત્રી મિત્ર ત્યાં હાજર ન હતા. હુ જીતુ પ્રેસરીપોટર ને ઓળખતી નથી. હુ સતીશ વાઘવાણીને ઓળખતી નથી. હુ ફરિયાદ આપતા અગાઉ ચાર–પાંચ દિવસ પહેલા ઈન્દોર ગઈ હોય તેવુ બનેલુ નથી. મને આજે યાદ નથી કે, ફરિયાદ આપી તેના ચાર–પાંચ દિવસ પહેલા ઈન્દોર મુકામે જીતુ પ્રેસ રીપોર્ટર અને સતીશ વાઘવાણીએ મારૂ, મારી બહેન પારૂલ અને મારા બનેવી વીમલેશકુમારનુ સ્ટીંગ ઓપરેશન કર્યુ હોય. એ વાત ખરી છે કે, મે ફરિયાદ આપી ત્યારથી આજ દિન સુધી મને  સીકયુરીટી તરીકે પોલીસ પ્રોટેકશન આપેલુ છે.  એ વાત ખરી છે કે, પોલીસ પ્રોટેકશન સિવાય હુ ઘરની બહાર કયાંય જઈ શકુ નહી કે નીકળી શકુ નહી. મને યાદ નથી કે, થોડા સમય અગાઉ હુ સીકયુરીટી ઓફીસરને હુ સામાજીક કામે બહાર જાઉ છુ તેમ કહી સીકયુરીટી લીધા વિના ઘરની બહાર ગયેલી. એ વાત ખરી છે કે, હુ ૧૫–૨૦ દિવસ ઘરની બહાર રહેલી. એ સમય દરમ્યાન હુ મારા વકીલશ્રીને મળેલી. મે ચાંદખેડા પોલીસ, અમદાવાદ પોલીસ કે રવીયા મેડમને કોઈ લેખીત અરજી કરેલી નથી. મે ફરીથી હુ મુકતમને સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન આપવા માંગુ છુ તેવી રજુઆત કરી હોય તેવુ યાદ આવતુ નથી. એ વાત ખરી છે કે, ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ હુ સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન આપવા માંગુ છુ તેવી રજુઆત વકીલશ્રી મારફત કરેલી. એ વાત ખરી નથી કે, તે અરજીમાં મે એવુ જણાવેલુ કે, સુરતના મેજીસ્ટ્રેટ રૂબરૂ મે ડર અને ભય હેઠળ સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન આપેલુ છે. એ વાત ખરી છે કે, મારી તે અરજી ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરનાએ નામંજુર કરેલી. મને યાદ નથી કે, તે હુકમ વિરૂધ્ધ નામ.ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવા

મે પીટીશન તૈયાર કરાવેલી અને તેની એફીડેવીટ કરાવેલી. એ વાત ખરી છે કે, હુ ઘરેથી પંદર દિવસ બહાર રહેલી તે દરમ્યાન પોલીસ મને શોધી શકેલી નહી. આ પંદર દિવસના ગાળામાં હુ ઈન્દોર ગઈ હોઉ તેવુ બનેલુ નથી. મને આજે યાદ નથી કે, આ પંદર દિવસના ગાળામાં ટી.વી. ચેનલના એન્કર મને મળેલા. મને આજે યાદ નથી કે, આ પંદર દિવસના ગાળામાં મે ટી.વી.ન્યુઝ ચેનલને ઈન્ટરવ્યુ આપેલા. એ વાત ખરી નથી કે, મે ટી.વી., ચેનલના એન્કર સમક્ષ મારી સાથે આવો કોઈ બનાવ બનેલ નથી અને આશારામ તથા તેમના કુટુંબના સભ્યોએ મારી સાથે કોઈ ગુનાહીત કૃત્ય કરેલ નથી તેવુ જણાવેલુ. એ વાત ખરી નથી કે, મે ટી.વી. ચેનલ પર ઈન્ટરવ્યુ આપેલા તેથી પોલીસને જાણ થતા સુરત પોલીસ અને અમદાવાદ પોલીસ મારી પાસે આવી ગયેલી. આ પંદર દિવસના સમય દરમ્યાન પોલીસ મારી પાસે આવી હોય તેવુ બનેલુ નથી. પંદર દિવસ પછી પોલીસ મારી પાસે આવેલી નહી. ફરિયાદી જણાવે છે કે, અમે પોલીસ પાસે ગયેલા.એ વાત ખરી નથી કે, પોલીસ મને સાથે લઈને વકીલ પાસે ગયેલી અને મે તૈયાર કરાવેલ પીટીશન અને એફીડેવીટ વકીલ પાસેથી કબજે લીધેલી. એ વાત ખરી છે કે, ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે કરેલ હુકમ વિરૂધ્ધ હુ હાઈકોર્ટમાં ગયેલ નથી.

(૩૦)...એ વાત ખરી છે કે, તા.૬–૧૦–૧૩ના રોજ મારી ફરિયાદ લખવામાં આવેલી. એ વાત ખરી છે કે, તા.૭–૧૦–૧૩ના રોજ સુરત પોલીસે મારૂ નિવેદન નોંધેલુ. આ નિવેદન વિડીયોગ્રાફીથી લીધેલ કે કેમ? તે આજે યાદ નથી. તા.૭–૧૦–૧૩ના રોજ મારૂ નિવેદન લીધેલુ તે વખતે મારી બહેન પારૂલ મારી સાથે હતી. મને આજે યાદ નથી કે, તા.૮–૧૦–૧૩ના રોજ રવીયા સાહેબે મારૂ નિવેદન લીધેલુ. ફરિયાદી જણાવે છે કે,રવીયા સાહેબે મારૂ નિવેદન લીધેલુ પરંતુ તારીખ

આજે યાદ નથી. રવીયા સાહેબે મારૂ નિવેદન કઈ તારીખે અને કેટલા લીધેલા તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, રવીયા સાહેબે મારા બંને નિવેદન સુરત મુકામે લીધેલા. એ વાત ખરી છે કે, આ નિવેદન વિડીયોગ્રાફીથી નોંધેલા. આ વખતે મારી સાથે મારા પતિ હતા. મને આજે યાદ નથી કે, તા.૯–૧૦–૧૩ના રોજ રવીયા સાહેબે ફરીથી મારૂ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, ૧૦મી તારીખે હુ અમદાવાદમાં હતી અને મારી હાજરીમાં પંચનામુ થયેલુ. એ વાત ખરી છે કે, પંચનામાની કાર્યવાહી વિડીયોગ્રાફીથી થયેલી. ૧૦મી તારીખે મારી શરીર સ્થિતિનુ પંચનામુ કરેલુ કે કેમ? તે આજે યાદ નથી. મને આજે યાદ નથી કે, તા.૧ ૭–૧૦–૧૩ના રોજ ફરીથી મારૂ નિવેદન લીધેલ કે કેમ? મને આજે યાદ નથી કે, તા.૧–૧–૧૪ અને તા.૩–૧–૧૪ના રોજ પોલીસે મારૂ નિવેદન લીધેલ કે કેમ? એ વાત ખરી છે કે, તમામ નિવેદન વિડીયોગ્રાફીથી થયેલા કે કેમ? તે આજે યાદ નથી. અમુક નિવેદન વખતે મારી બહેન મારી સાથે હાજર હતી દરેક નિવેદન વખતે કોઈ સ્ત્રી સભ્ય હાજર જ હોય તેવુ બનેલુ નથી.

(૩૧)...હુ સને ૧૯૯૭માં હોળીના તહેવાર પછી અનુષ્ઠાન કરવા સૌપ્રથમવાર મોટેરા આશારામના આશ્રમમાં આવેલી. મે સને ૨૦૦૭માં આશ્રમ છોડયો ત્યા સુધી હુ આશ્રમમાં જ રહેલી. સને ૧૯૯૭ થી ૨૦૦૭ દરમ્યાન હુ આશરે બે વખત સુરત મારા ઘરે ગયેલી. હુ આ સમયગાળા દરમ્યાન બીમાર પડેલી અને બીમારીના કારણે મારા ઘરે ગયેલી.મને ત્રીજા તબકકાનો ટી.બી. થઈ ગયેલો. મને આશ્રમમાં સંતકૃપાચુર્ણ વિગેરે ચુર્ણ બનાવવાની ઘંટીની કામગીરી સોંપેલી તે દરમ્યાન આ ટી.બી. થયેલો. ઘંટીની કામગીરી કયા વર્ષમાં સોંપેલી તે સાલ આજે યાદ નથી. એ વાત ખરી નથી કે, મને ટી.બી. સને ૨૦૦૭માં થયેલો. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૭માં ટી.બી.ની બીમારીના કારણે હુ સુરત

જતી રહેલી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૭માં સુરત ગયા બાદ ફરીથી હુ આશ્રમમાં રહેવા આવેલી નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૭માં આશ્રમ છોડયા બાદ અને તા.૬–૧૦–૧૩ના રોજ ફરિયાદ આપી તે અગાઉ મે બનાવ અંગે કોઈ જવાબદાર અધિકારી સમક્ષ વાત કરેલી નથી.

સવાલ–સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન તમે કેટલી વખતે સુરત ગયેલા?

જવાબ–હુ ૧૯૯૭ થી ૨૦૦૭ દરમ્યાન બે વખત સુરત ગયેલી. કયા વર્ષના ગાળામાં તે આજે યાદ નથી.

(૩૨)...સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન મારે સુરત મુકામે કોઈની સાથે અઘટીત બનાવ અંગે કોઈ વાત થયેલ નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન મારી સાથે બનેલ બનાવ અંગે મારે કોઈની સાથે વાત થઈ હોય તેવી વ્યકિત મળેલ નથી.

(૩૩)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'સતસંગ પુરુ થયા બાદ આશારામના નજીકથી દર્શન કરવા હોય તો લાઈનમાં ઉભુ રહેવુ પડતુ હતુ. આશરે સવારે અગીયાર–સાડા અગીયાર વાગે સતસંગ પુરુ થયા બાદ હુ પણ લાઈનમાં ઉભી રહેલી. આશારામથી પાંચ ફુટ દુર બે ભકતો પ્રસાદ વહેચતા હતા અને જેને આશારામની નજીકથી દર્શન કરી વાત કરવી હોય તેને આશારામની પાસે ઉભેલી બે સ્ત્રીઓ જેમના નામ બગલો ઉર્ફે મીરા અને ઢેલ ઉર્ફે નીર્મલા હતુ તે આશારામ જેને પાસે લાવવા ઈશારો કરે તેને આશારામની પાસે લઈ જતા હતા હુ દર્શન કરવા ગયેલી ત્યારે આશારામે મને પણ ઈશારાથી આગળ બોલાવેલી તે વખતે ઢેલ મને આશારામની પાસે લઈ ગયેલી અને આશારામે મને પુછેલુ કે, તુ કહા કી હે મે કહેલુ કે હુ સુરતની છુ.'

(૩૪)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'આ લઈને હુ મંડપમાં જઈ બેસી ગયેલી. હુ બેસી પુસ્તક જોતી હતી ત્યારે'. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'તે જ દિવસે સાંજના સતસંગ પછી લાઈન લાગેલી ત્યારે પણ હુ લાઈનમાં જોડાયેલી તે વખતે આશારામે મને નજીક બોલાવી તુ ગુલાબ હો કર મહેક નામનુ પુસ્તક મને આપેલુ.' એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'તે વખતે પણ અમે ઘરના બધા આ શીબીરમાં ગયેલા ત્યારે સતસંગ પુરો થયા બાદ સાંજના આશરે સાડા આઠ થી નવના ગાળામાં આશારામ હાથમાં ટોર્ચ લઈને શીવમંદિર પાસે આટો મારવા નીકળેલા ત્યાં શીવમંદિર પાસે બંને સાઈડે દર્શન કરવા મહિલા ભકતો બેઠેલી હતી જેમાં હુ પણ બેઠેલી હતી તે વખતે આશારામ એક એક સ્ત્રીઓના મોઢા ઉપર ટોર્ચનો પ્રકાશ મારતા મારતા આવતા હતા અને મારા મોઢા ઉપર પણ પ્રકાશ મારેલો અને મને કહેલુ કે, તુ તો વહી હે ન જો મુજે મીલી થી મે કહેલુ કે હા.' એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મે કહેલુ કે હાલમાં હુ દસમા ધોરણમાં ભણુ છુ. મારી એકઝામ પુરી થયા પછી હુ જઈશ તેમણે મને કહેલુ કે પઢાઈ કર કે કયાં કરેગી. કીતને ડોકટર હે કીતને વકીલ હે કોન કીસકો પુછતા હે મીરાને કોન સી ડોકટરી કી થી શબરીને કોન સી પઢાઈ કી થી તુજે તો મહાન વકતા બનાયેગે.'

(૩૫)...એ વાત ખરી છે કે, ૧૯૯૭ની સાલમાં મારે દસમા ધોરણની પરીક્ષા આપવાની હતી. એ વાત ખરી છે કે, હુ સને ૧૯૯૫માં આઠમા ધોરણમાં અને સને ૧૯૯૬માં નવમા ધોરણમાં ભણતી હતી. મને આજે યાદ નથી કે, સને૧૯૯૫માં મે ધો.૧૦ની પરીક્ષા આપેલી. એ વાત ખરી નથી કે, હુ અંબાલાલ ગર્લ્સ હાઈસ્કુલ સુરતમાં અભ્યાસ કરતી હતી. મને આજે યાદ નથી કે, માર્ચ–૧૯૯૫માં

મારો દસમા ધોરણની પરીક્ષાનો સીટ નંબર બી–૦૬૦૬૧૮ હતો. એ વાત ખરી છે કે, હુ દસમા ધોરણમાં બે વિષયમાં ફેલ થયેલી. મને તેની સાલ યાદ નથી. એ વાત ખરી નથી કે, મે તે બે વિષયની પરીક્ષા જુલાઈ–૧૯૯૫માં આપેલી. એ વાત ખરી નથી કે, જુલાઈ–૧૯૯૫માં બે વિષયની પરીક્ષા આપેલી તેમાં મારો સીટ નં.બી–૨૨૦૯૩૩ હતો.

(૩૬)...મને આજે યાદ નથી કે, મે મારી ફરિયાદમાં 'મોટેરા આશ્રમમાં દાખલ થવા માટે ગેટ આવેલો છે ત્યા કાર્યાલય આવેલો છે. ત્યા મે મારૂ નામ કહેલુ હુ સુરતથી અગીયાર દિવસનો અનુષ્ઠાન કરવા આવેલી છુ તેવુ કહેલુ ત્યારે કાર્યાલય ખાતે હાજર વ્યકિતએ મને કહેલુ કે હા બાપુનો ફોન આવી ગયો છે. ત્યારબાદ મને એન્ટ્રી આપેલી. મે રૂા.૩૫૦/– એન્ટ્રી ફી ભરેલી. ત્યારબાદ મને અનુષ્ઠાન માટે પાંચ છોકરીઓ હતી તેમની સાથે રૂમમાં રાખેલી' તે હકીકત લખાવેલી કે કેમ? એ વાત ખરી છે કે, અનુષ્ઠાન પુરા થયા બાદ હુ ઘરે ગયેલી નહી તેથી મારી માતા મને લેવા આવેલા. એ વાત ખરી નથી કે, તે વખતે મે મારી માતાને કહેલુ કે, મારે ઘરે આવવુ નથી. એ વાત ખરી નથી કે, મારી માતા મને લીધા વિના પરત ગયેલા ત્યારબાદ મારા સગા સંબંધીઓ પણ મને સમજાવવા અને લેવા આશ્રમમાં આવેલા. મને આજે યાદ નથી કે, મે મારી ફરિયાદમાં 'હુ મારી માતાને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલી' તેવુ લખાવેલ કે કેમ? એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'હુ મારી માતાને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલી તેમણે મારી માતાને કહેલુ કે તારે તારી છોકરી કોઈને તો આપવાની જ છે તો તુ અહીયા આપી દે આપણા કુટુંબમાંથી કોઈ એક વ્યકિત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જાય છે. ત્યારબાદ હુ મારી માતા લેવા આવેલા હોય રડવા લાગેલી મૈયાએ મને પ્રસાદ આપેલો અને કહેલુ કે રડે છે કેમ?'

મને આજે યાદ નથી કે, મે મારીફરિયાદમાં 'ચુર્ણ હોલમાં મે છ મહિના સેવા આપેલી ત્યારબાદ મને ઘંટીની જવાબદારી સોંપેલી અમે સંતકૃપા ચુર્ણ, અશ્વગંધાચુર્ણ, ધુપ વિગેરે બનાવતા હતા' તે હકીકત લખાવેલ છે કે કેમ?

(૩૭)...એ વાત ખરી છે કે, મહીલા આશ્રમમાં માત્ર મહિલાઓ જ રહે છે. એ વાત નથી કે, મહિલા આશ્રમમાં કોઈ પુરુષને પ્રવેશ આપવામાં આવતો નથી. હુ આશ્રમમાં રહેતી હતી તે વખતે આશારામ કઈ કાર વાપરતા હતા તેની મને માહિતી નથી. આશારામ આશ્રમમાં કાર લઈને આવતા ત્યારે ડ્રાયવરની બાજુની સીટમાં બેસતા હતા તેવુ મે જોયેલુ છે. એ વાત ખરી છે કે, આશારામ બેસતા તેની ડાબી બાજુ દરવાજે કાચની બારી હતી. તે કાચની બારીનુ માપ હુ કહી શકુ તેમ નથી. આશારામને મે મોટી ગાડીમાં ડ્રાયવરની બાજુની સીટમાં બેસેલા જોયેલા છે. આશારામ બે ચાર ડ્રાયવર રાખતા હતા તેમના નામ મને ખબર નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'એક વખત આશારામ ગાડી લઈને મહિલા આશ્રમમાં ચકકર મારવા આવેલા તે વખતે તેમણે મને કહેલુ કે'.

(૩૮)...ગુરુપુર્ણિમા કયા મહિનામાં આવે છે તેનો મને ખ્યાલ નથી. હુ કહી શકુ નહી કે ગુરુપુર્ણિમાં જુલાઈ મહિનામાં આવે છે. જન્માષ્ટમી કયા મહિનામાં આવે છે તેનો મને ખ્યાલ નથી. હુ કહી શકુ નહી કે જન્માષ્ટમી સપ્ટેમ્બર મહિનામાં આવતી હોય છે. પહેલા ગુરુપુર્ણિમાનો તહેવાર આવે કે જન્માષ્ટમીનો તે હુ કહી શકુ તેમ નથી. મોટેરા આશ્રમમાં ગુરુપુર્ણિમાનો તહેવાર એક દિવસ ઉજવાય છે. એ વાત ખરી છે કે, સને ૨૦૦૦, ૨૦૦૧ અને ૨૦૦૨માં મોટેરા આશ્રમમાં લાખો લોકો આશારામના દર્શન કરવા આવતા હતા. એ વાત ખરી નથી કે, દર્શન કરવા આવનાર વ્યકિતઓની બે–ત્રણ માઈલ લાંબી લાઈન લાગતી હતી. એ વાત ખરી

છે કે, ગુરુપુર્ણિમાં વખતે શીબીર થતી હતી આ શીબીર ત્રણ ચાર દિવસની થતી હતી. મને વકતા બનવાની ટ્રેનીંગ કયા મહિનામાં અને કઈ સાલમાં આપેલી તે આજે યાદ નથી. કચ્છ ભુજમાં ભુકંપ થયેલો તે વખતે મને સૌપ્રથમવાર વકતા તરીકે મોકલવામાં આવેલી. એ વાત ખરી છે કે, તે વખતે મારી સાથે વર્ષાબેન પણ હતા. એ વાત ખરી નથી કે, ભુકંપ પીડીત વ્યકિતઓને મદદ મોકલવા મને હેલીકોપ્ટર ધ્વારા ભુજ મોકલેલી. એ વાત ખરી છે કે, મને ચાર્ટરપ્લેનમાં મોકલેલી. મને આજે યાદ નથી કે, કચ્છ–ભુજમાં ભુકંપ તા.ર૬–૧–ર૦૦૧ના રોજ આવેલો. એ વાત ખરી નથી કે, હુ ચાર્ટરપ્લેનથી કચ્છ–ભુજ ગયેલી તે વખતે હુ વકતા હતી. એ વાત ખરી નથી કે, મે ત્યા ભુકંપ પીડીતોને સહાય આપેલી. એ વાત ખરી છે કે, મે ત્યાં સતસંગ આપેલો. સાહેદ જણાવે છે કે, શાત્વન આપેલુ. હુ વકતા કયારે બનેલી તે સાલ આજે યાદ નથી. એ વાત ખરી નથી કે, મને ર૦૦૧માં વકતા બનાવવા ટ્રેનીંગ આપવામાં આવેલી. મને કચ્છ ભુજ ભુકંપ વખતે મોકલેલ તે વખતે આશારામે કહેલુ કે, જેના શબ પડેલા હોય ત્યા તમારે ઉભા રહેવાનુ અને મૃત્યુંજય મહામંત્ર બોલવાનો આ અમારી ટ્રેનીંગ હતી. સને ર૦૦૧માં ગુરુપુર્ણિમાની શીબીર હતી તે વખતે વકતા બનાવવાની ટ્રેનીંગ આપવાનો કોઈ માહોલ સર્જાયો હોય તેવુ બનેલુ નથી. સને ર૦૦૧ની ગુરુપુર્ણિમા વખતે દસેક છોકરીઓને વકતા બનાવવા માટે કાર્યવાહી શરૂ કરેલી.

(૩૯)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મોટેરા આશ્રમથી શાંતિવાટીકા અમને ગાડીમાં લઈજતા ત્યારે ર૫ થી ૩૦ મીનીટનો સમય થતો હતો એટલે દુર આવેલુ છે'. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'આશ્રમમાંથી જે છોકરીઓને વકતા માટે સીલેકટ કરેલી તે ધ્રુવબેને કરેલી અને ધ્રુવબેન જ અમને શાંતિવાટીકા લઈ ગયેલા શાંતિવાટીકામાં

આશારામ મળેલા અમે દસે છોકરીઓ નીચે બેસી ગયેલી અને ત્યારબાદ આશારામે વારા ફરતી દરેકની હથેળી જોયેલી'. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મારો હાથ જોયા પછી આશારામે કહેલુ કે તુમ્હારે હાથ મે વકતા બનને કી રેખા હૈ'.

(૪૦)...અમે આશ્રમમાં પાછા આવીગયેલા ત્યારબાદ ધ્રુવબેન ફરી કયારે મને બોલાવવા આવેલા તે આજે યાદ નથી. હુ આશરે પણ તેનો મહિનો કે વર્ષ કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નહી કે, 'ત્યારબાદ થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન મને બોલાવવા આવેલા અને કહેલુ કે તને ભારતીબેન બોલાવે છે'. એ વાત ખરી નથી કે, મને અને ટીના એકયુપ્રેશરને શાંતિવાટીકા લઈ ગયેલા તેવી હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, ટીના એકયુપ્રેશર કયારેય મારી સાથે શાંતિવાટીકા આવેલી નથી. એ વાત ખરી નથી કે, ટીના મારી સાથે શાંતિવાટીકા આવેલી નહી તેથી મે ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં ટીનાનુ નામ લખાવેલુ નથી. મને આજે યાદ નથી કે, મે મારી ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં ટીનાનુ નામ લખાવેલુ કે કેમ? એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'ત્યારબાદ અંદરના રૂમમાંથી જોરથી કહેલુ કે હાથ પેર ધોકે અંદર આ જાઓ ત્યારબાદ હુ બાથરૂમના દરવાજે થઈને અંદરના રૂમમાં ગયેલી.' એ વાત ખરી છે કે, મહેંગીબા આશારામની માતા છે. એ વાત ખરી નથી કે, આશારામ અમદાવાદ કે ગાંધીનગરમાં ન હોય ત્યારે તેમની માતા શાંતિવાટીકામાં રોકાતા હતા. એ વાત ખરી નથી કે, મહેંગીબા શાંતિવાટીકામાં સાફસફાઈ માટે મહિલા આશ્રમમાંથી સાધકોને બોલાવતા હતા. એ વાત ખરી નથી કે, મહેંગીબાની સેવા માટે અને સાફ સફાઈ માટે હુ પણ ઘણી વખત શાંતિવાટીકા

ગયેલી. એ વાત ખરી નથી કે, હુ શાંતિવાટીકાની ભૌગોલીક પરિસ્થિતિથી માહિતગાર હતી. જે રૂમમાં બનાવ બનેલો તે રૂમને બે દરવાજા હતા. એ વાત ખરી છે કે, આ રૂમના એક દરવાજેથી સીધા રૂમની બહાર જઈ શકાય તેવો હતો. બીજો દરવાજો ખોલીએ તો બાથરૂમ આવતુ હતુ. જે દરવાજો ખોલતા રૂમની બહાર જઈ શકાતુ હતુ તે દરવાજાનો મે બનાવના દિવસે બહાર જવા ઉપયોગ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ દરવાજો હતો તેની મને માહિતી હતી.

(૪૧)...એ વાત ખરી છે કે, શેટી અને પલંગ એ બંનેમાં ફેર છે. મે રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે આશારામ શેટી ઉપર બેઠા હતા કે પલંગ ઉપર તે હુ આજે ચોકકસ કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'બાપુ શેટી ઉપર બેઠા હતા મને માલીસ કરવાનુ કહી તેઓ શેટી પર લાંબા થઈ સુઈ ગયેલા હુ ત્યા જમીન ઉપર નીચે બેસીને આશારામના માથા ઉપર ઘી થી માલીસ કરતી હતી. હુ માલીસ કરતી હતી તે વખતે આશારામે તેના હાથથી મારા મોઢા ઉપર, ગળા ઉપર, છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા'. ફરિયાદી જણાવે છે કે, મે મારી ફરિયાદમાં મારા શરીર સાથે બીભત્સ ચેષ્ઠાઓ કરવા લાગેલા તેવુ લખાવેલ છે. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મને આવુ ન કરો'. જે દરવાજાથી રૂમની બહાર જઈ શકાય તેમ હતુ તે દરવાજો કઈ દિશામાં આવેલો હતો તે દિશા હુ કહી શકુ તેમ નથી. જે દરવાજાથી રૂમની બહાર જઈ શકાય તેમ હતો તે દરવાજાથી રૂમમાં આવીએ તો શેટી પલંગ ડાબા હાથે મુકેલો હતો. રૂમમાં એક જ ચારપાઈ હતી તેને શેટી કહેવાય કે પલંગ તે હુ ચોકકસ કહી શકુ તેમ નથી. હુ શેટી અને પલંગ બંનેને ચારપાઈ તરીકે ઓળખુ છુ. રૂમમાં જે શેટી હતી તેને ચાર પાયા હતા. પલંગમાં પણ પાયા હોય. આ શેટીની લંબાઈ, પહોળાઈ કેટલી હતી તે હુ કહી શકુ તેમ નથી.

(૪૨)...એ વાત ખરી છે કે, પોલીસે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ ત્યારે હુ ત્યા હાજર હતી. પોલીસે આ રૂમમાંથી એક ચારપાઈ અને એક ઘુસો કબજે કરેલો. ચારપાઈને ચાર પાયા હતા અને ઉપર લાકડાની શીટ લગાવેલી હતી.આ ચારપાઈનુ માપ હુ કહી શકુ તેમ નથી. મને એ વાતની ખબર નથી કે, હુ આશ્રમમાં રહેતી હતી તે દરમ્યાન આશારામને ઘણી બધી બીમારીઓ હતી. એ વાત ખરી નથી કે, આશારામ તે વખતે વૃધ્ધ ઉંમરના હતા. એ વાત ખરી નથી કે, બનાવના દિવસે મે સફેદ કુર્તો અને સફેદ પાયજામો એમ માત્ર બે જ વસ્ત્રો શરીર પર પહેરેલા હતા. એ વાત ખરી છે કે, મારા શરીર પર દુપટ્ટો હતો. કુર્તો, પાયજામો અને દુપટ્ટો સિવાય પણ બીજા વસ્ત્રો મે પહેરેલા હતા. મે બ્રા અને નીકર પણ પહેરેલા હતા. (૪૩)...૧૯૯૭માં હુ આશ્રમમાં રહેવા આવી તે વખતે મારી બ્રાની સાઈઝ શુ હતી તે આજે યાદ નથી. હુ હાલમાં ૩૪ની સાઈઝની બ્રા પહેરૂ છુ. લગ્ન પહેલા મારી બ્રાની સાઈઝ શુ હતી તે આજે યાદ નથી. મને મેડીકલ તપાસ માટે લઈ ગયેલા તે વખતે મારી છાતી પર કોઈ નિશાન જણાયેલા નહી કે મે પણ ડોકટરને બતાવેલા નહી. મેડીકલ તપાસ દરમ્યાન મારા બંને હોઠ કેટલા માપમાં ખુલે છે તેવુ કોઈ માપ લીધેલુ નહી. હુ આશારામના લીંગનુ માપ લંબાઈ પહોળાઈમાં કહી શકુ તેમ નથી. હુ મારા હોઠથી મારા ગળા સુધીની લંબાઈ કેટલી છે તે કહી શકુ તેમ નથી. મને દાંતના ડોકટર પાસે તપાસ માટે મોકલેલ હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં અને તપાસ દરમ્યાન આશારામે મારી સાથે મુખમૈથુન અને અડપલા કરેલા તેવુ જણાવેલુ છે તેવા કોઈ બનાવો મારી સાથે બનેલા નથી કે આશારામે કરેલા નથી. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં, ફરિયાદમાં અને નિવેદનોમાં જે બનાવો જણાવેલા છે તેવા કોઈ બનાવો મારી સાથે બનેલા નથી કે આશારામે કરેલા નથી. એ વાત ખરી છે કે,

બનાવ દરમ્યાન મને હાથની કોણીના ભાગે અને કમરના ભાગે જે ઈજા થયેલી તે અંગે મે કયારેય કોઈ સારવાર લીધેલ નથી.

(૭૪)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં 'તેમના બેડ પર ધકકો મારીને પાડી દીધેલી' તેવુ લખાવેલુ નથી. ફરિયાદી જણાવે છે કે, મે મારી ફરિયાદમાં 'મને પકડી તેના પલંગ ઉપર નાંખી કહેવા લાગેલ' તેવા શબ્દો લખાવેલ છે. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં એવુલખાવેલ નથી કે, 'તે રૂમને બે દરવાજા હતા તે પૈકી એક દરવાજો મચ્છરજાળી વાળો હતો મે ત્યાંથી નાસી જવા મચ્છરજાળીનો દરવાજો દોડીને ખોલી દીધેલો અને બીજો દરવાજો ખોલવા જાઉ તે પહેલા આશારામ આવી ગયેલા અને મને જોરથી ખેંચીને ફરીથી તેમની પથારી પર પાડી દીધેલી'. ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયુ તે વખતે મે દરવાજો બતાવેલો આ મચ્છરજાળીવાળો દરવાજો તે સમયે ત્યા હતો કે કેમ? તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે,'મને પથારી ઉપર ફેકલ તે વખતે મને હાથની કોણી પાસે અને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો તેથી મારાથી જોરથી ચીસ પડાઈ ગયેલી.'

(૭૫)...એ વાત ખરી છે કે, સને ૨૦૦૧ની સાલમાં હુ તંદુરસ્ત હતી. એ વાત ખરી છે કે, મને જે વસ્તુ ન ગમતી હોય તેનો હુ વિરોધ કરૂ. મને કોઈ વસ્તુ કે વ્યકિત ગમતી ન હોય તો હુ સંજોગ પ્રમાણે તેનો વિરોધ કરૂ. એ વાત ખરીછે કે, બનાવના દિવસે મારી સાથે દુષ્કર્મ કરનાર વ્યકિતની છાતી ઉપર મે નખોરીયા મારેલા નહી કે તેને ધકકો મારેલો નહી. ફરિયાદી ખુલાસામાં જણાવે છે કે, આશારામે મારા બંને હાથ માથા પાસે ઉંચા કરી ઓશીકા નીચે દબાવી દીધેલા હતા.

સવાલ–તમારા બંને હાથ દુષ્કર્મ કરનારે તેમના બંને હાથથી દબાવેલા?

જવાબ–આશારામે તેમના એક હાથથી મારા બંને હાથ ઓશીકા નીચે દબાવેલા.

(૪૬)...એ વાત ખરી છે કે, મારા બંને હાથ દબાવેલા તે વખતે મારૂ માથુ ફ્રી હતુ.

(૪૭)...હુ કહી શકુ નહી કે, મારી અને આશારામની ઉંચાઈ સરખી છે કે નાની મોટી. બનાવ વખતે મારા ચહેરા પર આશારામનો ચહેરો આવી ગયેલો હતો. મે મારા મોઢાના ભાગથી આશારામના મોઢાના ભાગે પ્રહાર કરવા પ્રયત્ન કરેલો. હુ પ્રહાર કરવામાં સફળ થયેલી નહી. મે મારા ધડ અને શરીરના નીચેના ભાગના હલનચલન માટે પણ પ્રયત્ન કરેલો. એ વાત ખરી નથી કે, મારા પગ ફ્રી હતા. એ વાત ખરી નથી કે, આ તમામ બનાવ વખતે હુ પલંગ પર સુઈ રહેલી. મે મારી ફરિયાદમાં જબરજસ્તીથી મને પલંગ પર નાખી તેવુ લખાવેલુ છે તે આશારામે જબરજસ્તીથી મને પલંગ પર ફેકેલી તે સંદર્ભમાં લખાવેલ છે. મને પલંગ પર ફેકેલી ત્યારે મારૂ આખુ શરીર પલંગ પર ન હતુ.

(૪૮)...હુ કહી શકુ નહી કે, મે સી.આર.પી.સી. કલમ–૧૬૪નુ નિવેદન આપ્યુ ત્યારે શારીરિક અને માનસીક રીતે સંપુર્ણ સ્વસ્થ હતી. મે કલમ–૧૬૪નુ નિવેદન આપતી વખતે મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ એવી કોઈ રજુઆત કરેલ નથી કે, મારે કલમ–૧ ૬૪નુ નિવેદન આપવુ છે પરંતુ હુ શારીરિક અને માનસીક રીતે સંપુર્ણ સ્વસ્થ નથી. એ વાત ખરી છે કે, કલમ–૧૬૪ના નિવેદનમાં મેજીસ્ટ્રેટ સાહેબ મને સવાલ પુછતા હતા તેનો હુ સમજી વિચારી જવાબ આપતી હતી. એ વાત ખરી નથી કે, હુ જે જવાબ આપતી હતી તે સાહેબ બોલીને લખાવતા હતા. ફરિયાદી જણાવે છે કે, સાહેબ જાતે લખતા હતા. મારૂ સંપુર્ણ નિવેદન લખાઈ ગયા બાદ સાહેબે વાંચી સંભળાવ્યુ હોય તેવુ બનેલુ નથી. સાહેબે મને નિવેદન વાંચવા આપેલુ. એ વાત ખરી છે કે, મે સંપુર્ણ નિવેદન વાંચેલુ. એ વાત ખરી છે કે, આ સંપુર્ણ નિવેદનનુ લખાણ મારા લખાવ્યા મુજબનુ હતુ. આ નિવેદન વાંચતા મે

ન લખાવ્યુ હોય તેવી કોઈ વિગત સાહેબે લખી નાખી હોય તેવુ મારા ધ્યાનમાં આવેલુ નથી. મને આજે યાદ નથી કે, મે કલમ–૧૬૪ના નિવેદનમાં 'મને પકડીને તેણે પલંગ પર સુવડાવી દીધેલ' તેવી વિગત લખાવેલ કે કેમ? મને આંક–૨૮૩નુ નિવેદન બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે, તેના પેજ નં.૧૧ પર આ વિગત લખાવેલી છે. મે લખાવેલી આ વિગત સાચી છે. મે મારા આંક–૨૮૩ના નિવેદનમાં 'મારા બંને હાથ ઓશીકા પાસે દબાવી દીધેલા' તે વિગત સાચી લખાવેલી છે. એ વાત ખરી છે કે, 'મારૂ અડધુ શરીર પલંગની ઉપર અને અડધુ નીચે હતુ' તે વિગત મે મારી ફરિયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, આ સમયે મારા બંને પગ જમીનને અડેલા હતા. મારો કમરનો ભાગ પલંગની કીનારી પાસે હતો. એ વાત ખરી છે કે, કમરથી નીચેનો ભાગ જમીન તરફ હતો. શરીરની આ પરિસ્થિતિ કેટલા સમય સુધી રહેલી તે હુ આજે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, આ વખતે કઈ થયેલુ નહી. આ પરિસ્થિતિમાં મારૂ માથુ પલંગનો એક ભાગ દિવાલને અડીને હતો તેની સાઈડે હતુ. એ વાત ખરી નથી કે, મારા બંને પગ બાથરૂમ સાઈડે હતા. મારો એક પગ જમીન પર અને એક પગ પલંગ પર ઉંચો હતો તેવી પરિસ્થિતિ તેણે મારી સાથે કૃત્ય કર્યુ ચાર–પાંચ મીનીટ સુધી રહેલો. એ વાત ખરી નથી કે, એક પગ જમીન પર અને એક પગ પલંગ પર ઉંચો હતો તે દરમ્યાન કોઈ અજુગતુ કૃત્ય થયેલુ નહી.

(૪૯)...એ વાત ખરી નથી કે, હુ શાંતિવાટીકાથી પરત મહિલા આશ્રમ ગયેલી તે વખતે મારા સલવારનુ નાડુ તુટેલુ ન હતુ અને બાંધેલુ હતુ. શાંતિવાટીકામાં બનેલ બનાવ વખતે મારી પાસે સેપ્ટીપીન હતી. એ વાત ખરી છે કે,આ સેપ્ટીપીન થી મે નાડુ સલવારમાં નાંખેલુ.એ વાત ખરી છે કે, સેપ્ટીપીનથી નાડુ સલવારમાં મહિલા આશ્રમ પહોંચતા પહેલા નાખેલુ. ભોગબનનાર જણાવે છે કે,

શાંતિવાટીકામાં જ નાંખેલુ. એ વાત ખરી નથી કે, મારી સલવાર શરીર પરથી કાઢી નાખ્યા બાદ સંભોગ કરવો શકય ન હતો. એ વાત ખરી છે કે, ગુપ્ત ભાગ પર કોઈ વસ્ત્ર પહેર્યુ હોય તો સંભોગ શકય ન બને. એ વાત ખરી નથી કે, જે રૂમમાં હુ ગયેલી ત્યા મારી સલવાર કાઢવાથી મારી સાથે સંભોગ થયેલો નહી.

(૫૦)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મારા બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી મારા બંને પગ ઉપર ખેંચવા પ્ર યત્ન કરતા હતા હુ આખી પથારીની નીચે જવા માટે પ્રયત્ન કરતી હતી ત્યારબાદ આશારામે તેમના પગથી મારો એક પગ જોરથી પલંગની ઉપર ખેંચેલો અને મારો એક પગ નીચે લટકતો હતો.

(૫૧)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'ત્યારબાદ થોડીવાર પછી આશારામે મને છોડી દીધેલ અને મને કહેલુ કે તુને મુજે સહયોગ નહી દીયા એસે તેરા સંસાર નહી કટેગા તેમણે મને કહેલુ કે તુ રાત કો સ્વસ્થ હોકે ફીરસે આયેગી મે ના પાડેલી. તેમણે મને કહેલુ કે બાથરૂમમે જા ઔર એક ટબ મે પાની લે કે આ તે વખતે મારૂ શરીર એકદમ કાંપતુ હતુ.' એ વાત ખરી છે કે, મને બ્લીડીંગ થયેલુ અને મારા સફેદ કપડા લોહીવાળા થયેલા. એ વાત ખરી છે કે, ધોવાથી કપડા પરનુ લોહી સાફ થઈ ગયેલુ. એ વાત ખરી છે કે, મે શાંતિવાટીકામાં કપડા પરના ડાઘ ધોયેલા. મે બનાવ વખતે પહેરેલ કપડા કયા મટીરીયલના હતા તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, મે ફરિયાદ અને નિવેદન લખાવેલ તે વખતે પણ કપડાનુ મટીરીયલ કયુ હતુ તે યાદ ન હતુ. એ વાત ખરી નથી કે, કોઈપણ મટીરીયલનુ કપડુ હોય તેના પરથી તે જ દિવસે લોહીના ડાઘ સાફ થઈ શકે નહી. એ વાત ખરી નથી કે, મે લોહીવાળા કપડા થયેલાનું મારા કેસને પુષ્ટી આપવા ખોટુ ઉભુ કરેલુ છે.

(૫ર)...બનાવના દિવસે મારી સાથે મુખમૈથુન એક વાર થયેલુ. એ વાત ખરી નથી કે, મારી સાથે તે દિવસે મુખમૈથુન બે વાર થયેલુ. મારી સાથે સંભોગ થયો તે અગાઉ અને સંભોગ થયા બાદ એમ બે વખત મુખમૈથુન થયુ હોય તેવુ બનેલુ નથી. સંભોગ થયા પહેલા મુખમૈથુન થયુ હોય તેવી હકીકત મે ફરિયાદ કે નિવેદનમાં લખાવી હોય તો તે ખોટી છે.

(૫૩)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, મને બ્લીડીંગ ચાલતુ હતુ તેથી મારા પગ ઉપર પણ લોહી પડેલુ તેથી બાથરૂમમાં જઈને સૌપ્રથમ મે મારૂ શરીર ધોયેલુ અને ત્યારબાદ ટબમાં પાણી લઈને હુ અંદર ગયેલી તેઓ બેડ ઉપર બેસી ગયેલા અને ટબનુ પાણી હાથમાં લીધેલુ અને તેમનુ લીંગ સાફ કરેલુ અને મને કહેલુ કે તુ નીચે બેઠ જા ત્યારબાદ તેમણે મને તેમનુ લીંગ બતાવેલ અને કહેલુ કે યે અમૃત હૈ સબકે ભાગ્ય મે નહી હોતા તેમ કહી આશારામે મારૂ મોઢુ પકડીને જબરજસ્તીથી તેમનુ લીંગ મારા મોઢા માં નાખેલુ અને જોરજોરથી મોઢામાં લીંગનાખતા હતા જે મારા ગળા સુધી જતુ હતુ જેથી મને ઉબકા આવતા હતા અને લીંગ મોઢામાંથી બહાર નીકળી જતુ હતુ ત્યારે આશારામ જબરજસ્તીથી મારૂ મોઢુ પકડીને તેમનુ લીંગ મારા મોઢામાં નાખતા હતા આવુ ત્રણ ચાર મીનીટ સુધી તેમણે કરેલ.

(૫૪)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મારી પાસે સેપ્ટીપીન હતી તેનાથી સલવારનુ નાડુ નાખીને મે સલવાર પહેરેલી.'

(૫૫)...શાલીગ્રામ સોસાયટીથી ચાલીને મહિલા આશ્રમ જતા આશરે દસ પંદર મીનીટ થાય.એ વાત ખરી નથી કે, હુ શાલીગ્રામ સોસાયટીથી ચાલીને મહિલા આશ્રમ ગયેલી તે દરમ્યાન કોઈ બ્લીડીંગ ચાલુ ન હતુ.

(૫૬)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મને ગાડીમાં સાથે લઈ જાય તો આશ્રમમાં બીજા જોઈ લે કે આને ગાડીમાં શાંતિવાટીકા લઈ ગયેલા તેથી મને શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી દીધેલી અને કહેલુ કે તુ ચાલતી આશ્રમમાં આવ.' એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'બે દિવસ સુધી મારૂ શરીર ધ્રુજતુ રહેલુ અને મગજ સુન્ન પડી ગયેલુ.'

(૫૭)...એવાતખરી છે કે, હુ સંતાયેલી તે બગીચાની વાડ કેટલી ઉંચી અને કેટલી પહોળી હતી તે મે ફરિયાદમાં સ્પષ્ટ જણાવેલ નથી.

(૫૮)...બનાવના દિવસે આશ્રમથી શાંતિવાટીકા મને લઈગયેલા ત્યા હુ બપોરના અશારે બેઅઢીના ગાળામાં પહોંચેલી. હુ શાંતિવાટીકાથી આશ્રમ બપોરના આશરે ચાર સાડા ચાર વાગે પરત ફરેલી. હુ ચોકકસ કહી શકુ નહી કે બનાવના દિવસે હુ શાંતિવાટીકા ખાતે પોણા બે કલાક જેટલુ રોકાયેલી. એ વાત ખરી નથી કે, હુ બનાવના દિવસે બપોરના બે વગ્યાથી ચાર–સાડાચાર વાગ્યા સુધી શાંતિવાટીકામાં જ હતી.

(૫૯)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસમાં પેરા નં.૧૪માં 'તે જ દિવસે સાંજે આશારામ આશ્રમમાં આવેલા અને મારી સાથે શાંતિથી વાતોકરવા લાગેલા અને કહેલુ કે ગુરુ શિષ્ય કા સંબંધ તો સમર્પણ કા હોતા હૈ' તે વિગત જણાવેલી છે તે ફરિયાદમાં લખાવેલી નથી.

(૬૦)...એ વાત ખરી છે કે, તમામ બનાવ પછી મને વકતા બનાવવાની કામગીરી શરૂ થયેલી. આના માટે કોઈ ટ્રેનીંગ સેન્ટર રાખવામાં આવેલ ન હતુ. વકતા બનાવ માટેની કોઈ ઈસમ ટ્રેનીંગ આપતુ ન હતુ. વકતા બનાવ માટે સમુહમાં ચર્ચા

વિચારણા થતી હોય તેવુ બનેલુ નથી. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, અમને કેસેટ સાંભળવા આપતા હતા અને પુસ્તકો વાંચવા કહેતા હતા. એ વાત ખરી છે કે, કેસેટ સાંભળી અને પુસ્તકો વાંચી હુ મારી જાતે વકતા તરીકે તૈયાર થયેલી.

(૬૧)...મને જુબાનીનો પેરા નં.૧૬ વંચાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, મે મારી જુબાનીના પેરા નં.૧૬માં જે વિગતો લખાવેલી છે તે મારી ફરિયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, 'વકતા બનાવતા પહેલા સતત સાત દિવસ સુધી વર્ષા નામની છોકરીને શાંતિવાટીકા રાખેલી હતી' તે વિગત મે ફરિયાદમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'બીજી એક છોકરી સુરતની કે જેનુ નામ સુમન હતુ. તેણે કંટાળીને આશ્રમમાં જ એસીડ પીને મરી ગયેલી સુમને એસીડ પીધુ તે વખતે બપોરનો સમય હતો હુ ત્યાં જ હતી. સુમનને ત્યારબાદ ઉપાડીને રીક્ષામાં સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા.

(૬૨)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'મારા પ્રોગ્રામમાં એક તબલા વગાડવાવાળા ભાઈ હતા તેમને આશ્રમની જ એક છોકરી સાથે પ્રેમ થઈ ગયેલો અને તેઓ બંનેને લગ્ન કરવા હતા આશારામને આ અંગેની જાણ થતા પ્રોગ્રામ ચાલુ હતો ત્યારે જ આશારામ મારા ઉપર ખુબ ગુસ્સે થઈ ગયેલા અને તારા જ પ્રોગ્રામમાં મારા આશ્રમની છોકરી આવુ કામ કરે છે તુ મારો પ્રચાર કરવા જાય છે કે આવા કામ કરવા જાય છે તેમ કહીને મારા ઉપર ખુબ ગુસ્સો કરેલો. મે કહેલુ કે મારે હવે અહીયા રહેવુ નથી. મને રજા આપી દો હુ મારા ઘરે જાઉ છુ પરંતુ આશારામે મને ઘરે જવા માટે રજા આપેલી નહી. આશારામે રજા આપેલ નહી તેથી હુ ત્યાથી ભાગી જવાનો મોકો શોધતી હતી.

(૬૩)...એ વાત ખરી નથી કે, સને ૨૦૦૭માં મે આશ્રમ છોડયો તે અગાઉ હુ ભારતના દરેક સ્ટેટમાં સતસંગ માટે ગયેલી. એ વાત ખરી છે કે, જયારે સતસંગ માટે અમે જતા ત્યારે એક આખી ટીમ જતી હતી જેમાં હુ ટીમની મુખ્યા હતી. એ વાત ખરી છે કે, મે તા.૧૭–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે,' ગુજરાત રાજયમાં મે ગોંડલ, જુનાગઢ, મોડાસા, લીંબડી, અમદાવાદમાં તેમજ રાજય બહાર મહારાષ્ટ્રમાં નાગપુર, મધ્યપ્રદેશમાં સાગર, દિલ્હી, ચંડીગઢ, સીમલા અને સોલાન વિગેરે જગ્યાએ સતસંગ પ્રવચનોમાં જતી અને હુ મહિનામાં આશરે સાતથી આઠ દિવસ આશ્રમમાં જ રહેતી બાકીના દિવસોએ સતસંગ શીબીરમાં રહેવુ જવુ પડતુ હતુ.

(૬૪)...એ વાત ખરી નથી કે, મારે આશ્રમમાંથી જવુ હતુ તે અંગે આશ્રમમાં ઉમા પાંડે કે જે મારી મિત્ર હતી તેને પણ મે વાત કરેલી કે હુ આશ્રમમાંથી જાઉ તો મને કાઈક મદદ જોઈતી હોય તો તુ કરજે તેણે મને હા કહેલી. ત્યારબાદ મારી બે બેગ તૈયાર કરી દીધેલી અને મહિલા આશ્રમનો પાછળનો ગેટ કે જયા નાની ઝાપલી બનાવેલી છે ત્યા બેગ લઈને ગયેલી હુ એક બેગ લઈને બહાર નીકળેલી અને ઉમાને કહેલુ કે તુ મારી બીજી બેગ રીક્ષા સુધી પહોંચાડી દેજે. ઉમાએ મારી બીજી બેગ રીક્ષા સુધી પહોંચાડી દીધેલી હુ રીક્ષામાં બેસી કાલુપુર રેલ્વે સ્ટેશન ગયેલી અને ત્યાથી ટ્રેનમાં બેસીને સુરત મારા ઘરે ગયેલી' તે વિગત ખોટી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, ઉમા પાંડેએ હુ જણાવુ છુ તેવી કોઈ મદદ મને કરેલી નહી.

(૬૫)...એ વાત ખરી છે કે, મારૂ મુળ ગામ જુનાગઢ પાસે આવેલુ છે. એ વાત ખરી છે કે, મારા માતા–પિતા, બહેન, ભાઈ સુરત રહે છે. મને સુરતમાં પ્રવચન કરવા માટે કયારેય મોકલેલ નથી તેથી ત્યાથી મારા ઘરે જતા રહેવાનો મને વિચાર

આવ્યાનો સવાલ ઉત્પન્ન થતો નથી. મને એ વાતની ખબર નથી કે, સુરત મુકામે યોગવેદાંત સમિતિ આશ્રમ વતી કામ કરે છે. એ વાત ખરી નથી કે, યોગવેદાંત સમિતિ ધ્વારા સુરત અને તેની આજુબાજુના ગામડાઓમાં પ્રોગ્રામો ગોઠવવામાં આવતા હતા અને તેમાં હુ જતી હતી. એ વાત ખરી છે કે, અમદાવાદથી મહરાષ્ટ્ર જવુ હોય તો વચ્ચે સુરત આવે. એ વાત ખરી છે કે, સને ૨૦૦૬ અગાઉ હુ મહારાષ્ટ્ર અને અન્ય રાજયોમાં સતસંગ માટે ગયેલી.

(૬૬)...એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં પેરા નં.૧૯માં જે વિગતો જણાવેલ છે તેવો પ્રસંગ કયારેય ઉભોથયેલો નથી તેમ છતા મારી ફરિયાદને સમર્થન આપવા ખોટી વિગતો ઉભી કરેલી છે. જે દસ છોકરીઓને વકતા બનાવવા સીલેકટ કરેલી તેમાં હુ અને વર્ષા હતા તે સિવાયની બાકીની આઠ છોકરીઓના નામ આજે યાદ નથી. એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં આઠ છોકરીઓના નામ લખાવેલા નથી.

(૬૭)...મારા લગ્ન તા.૧૨–૮–૨૦૦૯ના રોજ થયેલા. અમે લગ્ન બાદ હનીમુન માટે ગયેલ ન હતા.

(૬૮)...આશારામ જોધપુરના કેસમાં કઈ તારીખે અટક થયેલા તે તારીખ આજે યાદ નથી. સેશન્સ કોર્ટે અને નામ.હાઈકોર્ટે કઈ તારીખે જામીન અરજી નામંજુર કરેલી તે તારીખ મને ખબર નથી. નામ.સુપ્રિમકોર્ટે કઈ તારીખે જામીન અરજી નામંજુર કરેલી તે તારીખ પણ મને ખબર નથી. મારી બહેન પારૂલનો મારા પર ફોન આવેલો પરંતુ કઈ જામીન અરજી નામંજુર થયા બાદ તે હુ કહી શકુ તેમ નથી. નામ.સુપ્રિમકોર્ટમાં જામીન અરજી નામંજુર થયા બાદ કેટલા સમય બાદ મે ફરિયાદ આપેલી તે પણ હુ કહી શકુ તેમ નથી. મને આજે યાદ નથી કે, નામ.સુપ્રીમકોર્ટે જામીન અરજી નામંજુર કરેલી તે અગાઉ આ ફરિયાદ કરી હોય.

નામ.રાજસ્થાનની હાઈકોર્ટમાં જામીન અરજી પેન્ડીંગ હોય તે દરમ્યાન હુ ઈન્દોર ગઈ હોઉ તેવુ બનેલુ નથી. નામ.જોધપુર હાઈકોર્ટમાં જામીન અરજી નામંજુર થયા બાદ પણ હુ ઈન્દોર ગઈ હોઉ તેવુ બનેલુ નથી. નામ.સુપ્રિમકોર્ટમાં જામીન અરજી નામંજુર થયા બાદ હુ ઈન્દોર ગઈ હોઉ તેવુ બનેલુ નથી. હુ શોભાબેન ભુતડાને અગાઉથી ઓળખતી ન હતી. શોભાબેન ભુતડાને મળવા જવા માટે મને કોઈએ કહેલુ. અમારે બનાવની વાત કરવી હતી તેથી મારા પતિના એક મિત્ર જેઓ પોલીસમાં છે તેમને મળેલા. તેમણે કહેલુ કે હાલમાં કમિશનર ઓફીસમાં શોભાબેન ભુતડા બેસે છે તેઓ ખુબ પ્રમાણિક છે તેમને મળો તેથી અમે શોભાબેનને મળેલા. મારા પતિના આ મિત્રનુ નામ, સરનામુ મને ખબર નથી. એ વાત ખરી નથી કે, જીતુ પ્રેસ રીપોર્ટરે અમને શોભાબેન ભુતડાને મળવા કહેલુ. એ વાત ખરી છે કે, મારા પતિના મિત્ર પોલીસ ખાતામાં નોકરી કરતા હતા. તેઓ સુરત ખાતે પોલીસમાં હતા કયાં પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે મને ખબર નથી. તેમનો હોદ્દો શુ હતો તે પણ મને ખબર નથી. અમે સુરતમાં આવ્યા બાદ મારા પતિના મિત્રએ શોભાબેનને મળવાનુ કહેલુ. મે ફરિયાદ કરી તેના આગળના દિવસે એટલે કે પાંચમી તારીખે બપોરના સમયે હુ શોભાબેનને મળેલી ચોકકસ સમય આજે યાદ નથી. હુ, મારા પતિ, મારી બહેન, મારા બનેવી અને મારો નાનો દિકરો અમે પાંચ જણા શોભાબેન પાસે ગયેલા. મારી અને મારી બહેન પારૂલની રજુઆત સાંભળીને શોભાબેને ફરિયાદ લેવાની હા પાડેલી.એ વાત ખરી નથી કે, મારી અને મારી બહેનની રજુઆત સાંભળીને શોભાબેને કહેલુ કે આમા કોઈ ગુનો બનતો નથી. હુ અને મારી બહેન પોલીસ કમિશનર અસ્થાના સાહેબને મળેલા અને તેમને પણ અમારી રજુઆત કરેલી. શોભાબેને અમારી રજુઆત સાંભળીને કહેલુ કે આશારામ આટલા બધા આશ્રમ ચલાવે છે અને દેશ દુનિયામાં તેમનુ નામ છે તેથી તેમની સામે કાર્યવાહી

કરતા અગાઉ મારે કમિશનર સાહેબને વાત કરવી પડે તેમ કહી મને અને મારી બહેનને અસ્થાના સાહેબ પાસે લઈ ગયેલા. એ વાત ખરી છ`કે, અસ્થાના સાહેબે અમારી રજુઆત સાંભળ્યા બાદ શોભાબેનને અમારી ફરિયાદ લેવાનુ કહેલુ. અસ્થાના સાહેબે શોભાબેનને અમારી ફરિયાદ લેવાનુ કહ્યુ હોય તે વખતે કેટલા વાગ્યા હતા તે આજે કહી શકુ તેમ નથી. તે વખતે સાંજનો સમય હશે. એ વાત ખરી છે કે, પાંચમી તારીખે અમારી ફરિયાદ લખવામાં આવેલ ન હતી. એ વાત ખરી છે કે, ફરિયાદ લખવાની કામગીરી છઠ્ઠી તારીખે સવારથી શરૂ થયેલી. તે વખતે કેટલા વાગ્યા હશે તે સમય આજે યાદ નથી. પહેલા મારી બહેન પારૂલની ફરિયાદ લખાયેલી. તે ફરિયાદ લખવાનુ કામ કેટલા વાગે પુરુ થયુ તે સમય આજે યાદ નથી. મારી બહેન પારૂલની ફરિયાદ લખાઈ તે વખતે હુ તે રૂમમાં હાજર ન હતી. મારી ફરિયાદ લખવાની શરૂઆત કેટલા વાગે થયેલી તે સમય આજે યાદ નથી. સવારે, બપોરે કે સાંજે તે પણ આજે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, હુ અંગ્રેજી ભાષામાં સહી કરૂ છુ. એ વાત ખરી છે કે, હુ ફકત શીતલ લખુ છુ.

(૬૯)...છઠ્ઠી તારીખે ફરિયાદ આપ્યા બાદ કઈ તારીખ સુધી હુ સુરત ખાતે હતી તે આજે યાદ નથી. હુ કઈ તારીખે સુરતથી અમદાવાદ આવેલી તે તારીખ પણ આજે યાદ નથી.

(૭૦)...એ વાત ખરી છે કે, મે મારી ફરિયાદમાં એવુ લખાવેલ નથી કે, 'આશ્રમ છોડયા બાદ મને અનેક વાર આશારામની વિરૂધ્ધ ફરિયાદ કરવાનો વિચાર આવેલો કારણ કે આશારામના કારણે મારી જીંદગીના ૧૬ વર્ષની ઉંમરથી ૨૬ વર્ષની ઉંમર સુધીની મારી જીંદગી બરબાદ થયેલી મારો અભ્યાસ પણ અધુરો રહેલો. પરંતુ આશારામની વગ અને અમે નાના માણસ હોય ફરિયાદ કરવાની

હિમંત કરેલી નહી. આશારામની ખુબ વગ હતી તેથી મને તેમનાથી ડર લાગતો હતો. મારી સાથે મારી ફેમીલીની જીંદગી પણ ભયમાં હતી.

(૭૧)...એ વાત ખરી નથી કે, મે મારીસરતપાસના પેરા નં.૨૩ના સને ૨૦૦૧માં બનેલ બનાવ વખતે મારા લોહીવાળા કપડા થયેલા તે શા કારણસર મે પોલીસમાં રજુ કરેલા નહી તે અંગે જે વિગત જણાવેલ છે તે મારી ફરિયાદને સમર્થન કરવા ખોટી ઉભી કરેલ છે.

(૭૨)...એ વાત ખરી નથીકે, તા.૮-૧૦-૧૩ના મારા નિવેદનમાં આશારામની પત્ની અને પુત્રી ભારતી આશ્રમમાં બ્રેઈનવોશ કરવાની સીસ્ટમ ચલાવે છે તેવી વિગત જણાવેલી છે તેવી કોઈ સીસ્ટમ આશ્રમમાં ચાલતી નથી. પોલીસે તપાસ દરમ્યાન મારો કોઈ માનસીક ટેસ્ટ કરાવેલો નથી.

(૭૩)...મારી સમજ મુજબ બ્રેઈનવોશ એટલે તમને કહેવામાં આવે કે તમારો આત્મા બહુ પુણ્ય છે કે તમે મારી નજીક આવ્યા તેમજ એટલા બધા સાધકોની વચ્ચે ફુલનો હાર આપેલો અને મને સફરજન આપેલુ. એવી સ્પીચ આપે કે જેથી માણસો તેમનામાં ફસાય.

(૭૪)...એ વાત ખરી નથી કે, હુ વકતા તરીકે જે સતસંગ આપતી હતી ગુરૂ મહિમા અંગે જે કાઈ કહેતી હતી અને ગુરુ આરતી ગાતી હતી તેમ કરીને હુ હાજર લોકોનુ બ્રેઈનવોશ કરતી હતી. એ વાત ખરી છે કે, મારા સતસંગ સાંભળીને દિવસે દિવસે લોકોની સંખ્યા વધતી હતી. એ વાત ખરી નથી કે, મારો સતસંગ સાંભળીને હાજર લોકો ઝુમી ઉઠતા હતા અને નાચતા હતા.

(૭૫)...એ વાત ખરી છે કે, સુમન નામની છોકરીએ કઈ તારીખે, કઈ સાલમાં, કયા મહિનામાં અને કયા સમયે એસીડ પીધેલુ તે મે તા.૮-૧૦-૧૩ના મારા

નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા તા.૮–૧૦–૧૩ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'સને ૨૦૦૧ની સાલમાં હુ મોટેરા આશારામ બાપુના આશ્રમમાં હતી તે વખતે મારી ઉંમર આશરે વીસેક વર્ષની હતી અને જન્માષ્ટમીના દિવસે બપોરના સમયે આશારામની પુત્રી ભારતીબેન મને તથા ટીનાને તેમની ગાડીમાં બેસાડી ફાર્મ હાઉસ શાંતિવાટીકામાં લઈ ગયેલા અને ત્યા શાંતિવાટીકામાં એક રૂમમાં આશારામે મને બોલાવી બળજબરીથી પ્રથમ મુખમૈથુન કરેલ અને ત્યાર પછી જબરજસ્તીથી મે પહેરેલ સલવાર (લેંઘો) ખેચી કાઢી બળજબરીથી મારી સાથે સંભોગ કરેલ હતો.

(૭૬)...એ વાત ખરી નથી કે, આશારામે મને વકતા બનાવવા માટે કહેલુ નહી. એ વાત ખરી છે કે, ઢેલ અને બગલાએ મને વકતા બનાવવાની વાત કરેલી. ભોગબનનાર સ્વેચ્છાએ જણાવે છે કે, આશારામે પણ કરેલી. એ વાત ખરી નથી કે, તા.૯–૧૦–૧૩ના સ્ટેટમેન્ટમાં મે 'ત્યારબાદ આશારામ બાપુએ મને ફરીથી બોલાવી મારી સાથે મીઠી મીઠી વાતો કરેલી અને મને વિશ્વાસ અને ભરોસો આપી આ વાત કોઈને નહી કહેવા સમજાવેલી.' તે વિગત ખોટી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, મે તા.૯–૧૦–૧૩ ના મારા નિવેદનમાં શીખાબેન નામની વ્યકિતનો જે ઉલ્લેખ કરેલ છે તે વ્યકિત કાલ્પનિક ઉભી કરેલી વ્યકિત છે.

(૭૭)...એ વાત ખરી છે કે, પોલીસે જયારે જયારે મારા સ્ટેટમેન્ટ લીધેલા ત્યારે ત્યારે મે પોલીસે પુછેલ સવાલોના સમજીને જવાબ આપેલા. એ વાત ખરી છે કે, મહાન નારી અને ગુલાબ હોકે મહેક તે બંને ચોપડી ગુજરાતી ભાષામાં હતી. એ વાત ખરી છે કે, આ બંને ચોપડીઓ મે પોલીસમાં રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આ બંને ચોપડીઓની વાત મે ખોટી ઉભી કરેલી છે.

(૭૮)...એ વાત ખરી નથી કે, અનુષ્ઠાન પુરા થયા બાદ મે આશ્રમમાંથી જવાની પરવાનગી માંગેલી ત્યારે આશારામે કે લક્ષ્મીબેને મને ના પાડેલી નથી. ધ્રુવબેને મને ના પાડેલી. એ વાત ખરી છે કે, ધ્રુવબેને મને મંજુરી આપેલી નહી તે હકીકત મે તા.૧૭–૧૦–૧૩ના મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી છે. એ વાત ખરી નથી કે, મે તા.૧૭–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં 'મને રાખેલી તે રૂમમાં મારી સાથે રમીલા ફોઈ, અનીતા, સારીકા અને કસ્તુરીબેન વિગેરે રહેતા હતા' તે હકીકત ખોટી લખાવેલી છે. એ વાત ખરી નથી કે, આશારામ મહિલા આશ્રમમાં આવવાના હોય ત્યારે ઢેલ અને બગલો આશ્રમની છોકરીઓને લાઈનમાં ઉભા રાખતા હતા અને આશારામ આવી જે છોકરી સામે ઈશારો કરે તે છોકરીને ઢેલ અને બગલો આશારામ પાસે શાંતિવાટીકા કુટીરમાં લઈ જતા હતા તેવી હકીકત ખોટી ઉભી કરેલી છે.

(૭૯)...એ વાત ખરી નથી કે, ફોરવ્હીલર ગાડીમાં ડ્રાઈવરની જોડેની સીટમાં બેસી બારીના ગ્લાસમાંથી કોઈપણ છોકરીને ખેંચીને ગાડીમાં અંદર લઈ શકાય નહી. ભાગ નામની છોકરી હાલમાં કયાં છે તેની મને માહિતી નથી. તા.૧૭–૧૦–૧૩ના રોજ મે નિવેદન આપેલુ તે વખતે ભાગ નામની છોકરી અમદાવાદમાં રહેતી હતી તેવી જાણકારી હતી. મે પોલીસ રૂબરૂના નિવેદનમાં ભાગનો મોબાઈલ નંબર કે તેનુ સરનામુ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, ભાગ નામની છોકરી કાલ્પનિક ઉભી કરેલી છે અને આવો કોઈ બનાવ આશ્રમમાં બનેલો નથી.

(૮૦)...સને ૨૦૦૧માં મહિલા આશ્રમમાં કેટલી છોકરીઓ રહેતી હતી તે અંગે મે પોલીસને જણાવેલ કે કેમ? તે આજે યાદ નથી. મે સને ૨૦૦૭માં આશ્રમ છોડયો તે વખતે મહિલા આશ્રમમાં કેટલી છોકરીઓ રહેતી હતી તે અંગે પોલીસને જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, ઓકટોબર–૨૦૧૩માં હુ

મહિલા આશ્રમમાં ગયેલી. ઓકટોબર–૨૦૧૩માં મે આશ્રમમાં પુસ્તકો અને ચોપડાઓ વિગેરે કયાં રાખવામાં આવે છે તે જગ્યા બતાવેલ કે કેમ? તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયુ ત્યારે પંચનામાની સમગ્ર કાર્યવાહી દરમ્યાન હુ ત્યાં હાજર હતી. એ વાત ખરી નથી કે, આખુ પંચનામુ મે લખાવેલુ. મને આજે યાદ નથી કે, પંચનામાની વિગત પંચોએ લખાવેલી. મને આજે ખ્યાલ નથી કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન એફ.એસ.એલ. અધિકારી હાજર હતા. મને એ વાતની ખબર નથી કે, પંચનામાની વિગતો એફ.એસ.એલ. અધિકારીએ લખાવેલી. ફરિયાદી જણાવે છે કે, હુ જે તે જગ્યા અને જે તે વસ્તુ કયા પડેલી હતી તે બતાવતી હતી.

(૮૧)...એ વાત ખરી છે કે, હુ ગુજરાતના મોટા મોટા શહેરોમાં સતસંગ કરવા જતી હતી. હવે હુ કહુ છુ કે, મોટા મોટા શહેરોમાં નહી પરંતુ ગુજરાતના અમુક અમુક ગામડાઓમાં જતી હતી. એ વાત ખરી નથી કે, હુ ગુજરાતના મોટા મોટા શહેરોમાં ધાર્મીક પુસ્તકોનુ વિતરણ કરવા જતી હતી. એ વાત ખરી છે કે, ગોંડલ, જુનાગઢ, અમદાવાદ, મોડાસા અને લીંમડી મોટા શહેરો ગણાય. એ વાત ખરી છે કે, હુ પ્રોગ્રામોમાં ખુબ વ્યસ્ત રહેતી હતી તેથી આશ્રમમાં સાત થી આઠ દિવસ રોકાતી હતી. એ વાત ખરી છે કે, હુ જે પ્રોગ્રામોમાં જતી હતી ત્યા વિડીયોગ્રાફી પણ થતી હતી. અમુક અમુક પ્રોગ્રામમાં ફોટોગ્રાફી પણ થતી હતી. હુ કોઈક કોઈક વિડીયોગ્રાફીની સીડી અને ફોટોગ્રાફસ મારી પાસે રાખતી હતી બધા પ્રોગ્રામની નહી. સને ૨૦૦૧ ના કચ્છ ભુકંપ પછી સને ૨૦૦૭ સુધીમાં મે કેટલા પ્રોગ્રામ એટેન્ડ કર્યા હશે તે કહી શકુ તેમ નથી. હુ આજે કહી શકુ નહી કે, સને ૨૦૦૧ થી ૨૦૦૭ના ગાળા દરમ્યાન મે ૨૦૦ થી ૨૫૦ પ્રોગ્રામ એટેન્ડ કર્યા હશે.

મને આજે યાદ નથી કે, પોલીસ રૂબરૂ નિવેદન લખાવતી વખતે મે આવી કોઈ સી.ડી. કે વ્યાખ્યાનના પુસ્તકો રજુ કરેલ કે કેમ?

સવાલ: તમે તમામ પોલીસ નિવેદન આપ્યા તે વખતે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હતા.

જવાબ: મે સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન આપેલુ તે વખતે શારીરિક અને માનસિક રીતે સંપુર્ણ સ્વસ્થ હતી તે સિવાયના નિવેદનો વખતે સંપુર્ણ સ્વસ્થ હતી કે કેમ તે આજે યાદ નથી.

(૮૨)...એ વાત ખરી છે કે, જયારે પણ મારૂ નિવેદન લેવામાં આવે ત્યારે તે નિવેદન મને વાંચી સંભળાવવામાં આવતુ હતુ. એ વાત ખરી છે કે, જો મારા લખાવ્યા મુજબનુ નિવેદનમાં ન હોય તો હુ તેનો વિરોધ કરૂ. મને આજે યાદ નથી કે, તા.૧૭–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં મે 'હુ શીબીરમાં પ્રવચનો આપતી તે અંગેના ફોટા તથા સી.ડી. આ બરાબર રજુ કરૂ છુ.' તે વિગત લખાવેલ કે કેમ? એ વાત ખરી છે કે, મે તા.૧૭–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે 'સને ૨૦૦૧ની સાલમાં કચ્છમાં ભુકંપ આવેલો ત્યારે આશારામે મને તથા વર્ષા અને અન્ય સાધકોને હેલીકોપ્ટર દ્વારા ભુકંપ પીડીતોને મદદ કરવા માટે મોકલેલ હતા અને અમોએ કચ્છ–ભુજ, ભચાઉ વગેરે સ્થળોએ જઈ પીડીતોને મદદ કરેલી.

(૮૩)...એ વાત ખરી છે કે, સંભોગ માટે પુરુષનુ લીંગ જાગૃત અવસ્થામાં હોવુ જોઈએ. એ વાત ખરી નથી કે, સંભોગ કર્યા બાદ પુરુષનુ લીંગ સુશ્રુપ્ત અવસ્થામાં આવી જાય છે. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, વિકૃત લોકો માટે આ સાચુ નથી. એ વાત ખરી છે કે, પુરુષનુ લીંગ સુશ્રુપ્ત અવસ્થામાં હોય તો મુખમૈથુન થઈ

શકે નહી. ફરિયાદી ખુલાસામાં જણાવેછે કે, બનાવ વખતે આશારામનુ લીંગ મુખમૈથુન વખતે પણ જાગૃત અવસ્થામાં હતુ. એ વાત ખરી નથી કે, હુ આ ખોટો ખુલાસો કરૂ છુ.

(૮૪)...એ વાત ખરી નથીકે, હુ શરૂઆતમાં આશ્રમમાં આવેલી તે વખતે મારા માતા–પિતાની આર્થીક સ્થિતિ ખુબ જ ખરાબ હતી. એ વાત ખરી નથી કે, આશારામને માત્ર વી.આઈ.પી. લોકો જ મળી શકતા હતા. એ વાત ખરી છે કે, આશારામને મળવા માટે રૂા.૫૦૦૦/–નુ કવર આપવુ પડતુ હતુ. એ વાત ખરી નથી કે, સને ૧૯૯૭માં હુ સૌ પ્રથમવાર આશારામને મળેલી તે વખતે રૂા.૫૦૦૦/–નુ કવર આપવાની અમારી આર્થીક સ્થિતિ ન હતી.

(૮૫)...એ વાત ખરી નથી કે, આશારામ શીવમંદિર પાસે ચકકર મારવા નીકળેલા તે વખતે તેમના હાથમાં ટોર્ચ હતી તે હકીકત મે સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદન સિવાય બીજા કોઈ નિવેદનમાં લખાવેલ નથી. મને આજે યાદ નથી કે, મારૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪નુ નિવેદન તા.૯–૧૦–૧૩ના રોજ નોંધવામાં આવેલુ. એ વાત ખરી છે કે, તા.૯–૧૦–૧૩ અગાઉ 'આશારામ શીવ મંદિર પાસે ચકકર મારવા નીકળેલા તે વખતે તેમના હાથમાં ટોર્ચ હતી' તે વિગત મે પોલીસ રૂબરૂ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, મે સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદનમાં આશારામે મને તુલસીદાસની એક શાખી કહેલ તે વિગત મે ખોટી ઉપજાવી કાઢેલી છે. એ વાત ખરી નથી કે, ટોર્ચનો પ્રકાશ કોઈ વ્યકિતના મોઢા પર મારવામાં આવે તો તેનાથી તે વ્યકિત આકર્ષાય સરન્ડર થઈ જાય. આશારામે મારા પર ટોર્ચનો પ્રકાશ નાખેલો તેનાથી હુ તેમને સરન્ડર થયેલી નહી પરંતુ પ્રભાવીત થયેલી. એ વાત ખરી નથી કે, ટોર્ચના પ્રકાશથી મારૂ મગજ એકદમ બદલાઈ ગયેલુ. એ વાત ખરી છે કે, ટોર્ચનો પ્રકાશ

મારા મોઢા પર નાખવાથી મને થયેલુ કે માત્ર અગીયાર દિવસ માટે જ નહી પરંતુ જો આ વ્યકિત મને કહે તો હુ આખી જીંદગી માટે તેની ગુલામ બની જાઉ. ફરિયાદી જણાવે છે કે, માત્ર થોડા સમય માટે આવો વિચાર આવેલો. થોડીક મીનીટો અને ક્ષણો માટે આવો વિચાર આવેલો. એ વાત ખરી નથી કે, એવુ બનેલુ કે મારા વિચારો તદ્દન બદલાઈ ગયેલા અને મારા માટે મારા માતા–પિતા, ઘર બધુ ગૌણ થઈ ગયેલુ અને મને થયેલુ કે આ જેમ કહેશે હુ તેમ જ કરીશ. એ વાત ખરી નથી કે, મે મારા સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદનમાં એવુ લખાવેલ કે, 'મારા માટે મારા માતા–પિતા, ઘર બધુ ગૌણ થઈ ગયેલુ અને મારા વિચારો તદ્દન બદલાઈ ગયેલા અને મને થયેલુ કે આ જેમ કહેશે હુ તેમ જ કરીશ.

(૮૬)...એ વાત ખરી છે કે, મે મારા આંક–૨૮૩ના નિવેદનમાં મારા પર બાપુનો ફોન આવી ગયેલ છે તેવી વિગત લખાવેલી નથી. ફરિયાદી જણાવે છે કે, મારા પર ફોન આવી ગયેલ છે તેવુ લખાવેલુ. એ વાત ખરી છેકે, અનુષ્ઠાન પુરા થઈ ગયા બાદ ધ્રુવબેને મને આશ્રમમાં રહેવા કહેલુ. એ વાત ખરી છે કે, ધ્રુવબેનના કહેવાથી હુ આશ્રમમાં રોકાઈ ગયેલી.

(૮૭)...હુ સને ૨૦૦૧માં વકતા બનેલી કે સને ૨૦૦૨માં તે આજે ચોકકસ યાદ નથી.

સવાલ–એવુ બનેલુ કે સને ૨૦૦૨માં આશારામ આશ્રમમાં આવ્યા હોય અને તેઓ એકાંતમાં રોકાયા હોય ત્યા દસ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ જવામાં આવી હોય.

જવાબ–દસ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ ગયેલા પરંતુ કઈ સાલમાં તે આજે યાદ નથી.

(૮૮)...મને માર્ક ૩૧૨/૧ બતાવવામાં આવે છે તેમાં જણાવેલ સ્થળોએ મે સતસંગ કરેલો પરંતુ તેની તારીખ આજે યાદ નથી. મને માર્ક ૩૧૨/૨ બતાવવામાં આવે છે તેમાં જણાવેલ સ્થળોએ મે સતસંગ કરેલ કે કેમ? તે આજે યાદ નથી. મને માર્ક ૩૧૨/૩ બતાવવામાં આવે છે તેમાં જણાવેલ સ્થળોએ મે સતસંગ કરેલા કે કેમ? તે આજે યાદ નથી. મને માર્ક ૩૧૨/૪ બતાવવામાં આવે છે તેમાં જે સ્ત્રીનો ફોટો છે તે મારો છે. મને આજે યાદ નથી કે, આમા જણાવેલ તારીખોએ તેમાં જણાવેલ સ્થળોએ મે સતસંગ કરેલ કે કેમ? એ વાત ખરી છે કે, પાંડેસરા સુરતમાં આવેલુ છે. એ વાત ખરી છે કે, વ્યારા, માંડવી અને સોનગઢ સુરત જિલ્લામાં આવેલા છે. મને માર્ક ૩૧૨/૬ બતાવવામાં આવે છે તે જોઈ જણાવુ છુ કે, તેમાં જણાવ્યા મુજબનુ સતસંગ મે આપેલુ પરંતુ કયા સ્થળે તે આજે યાદ નથી. હુ કહી શકુ નહી કે, માર્ક ૩૧૨/૫ વાળી સીડી માર્ક ૩૧૨/૬ વાળા લખાણની જ છે.

(૮૯)...સુરતથી રાજકોટનુ અંતર કેટલુ હશે તે હુ કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે, હુ સુરતથી જુનાગઢ વાયા રાજકોટ થઈને ઘણી વખત ગયેલી છુ. હુ અમદાવાદથી જુનાગઢ કદાચ ગઈ હોઈશ. એ વાત ખરી છે કે, અમદાવાદથી જુનાગઢ હુ ગયેલ કે કેમ? તે ચોકકસ કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે, ૧૯૯૬માં જન્માષ્ટમી વખતે આશારામનો સુરતમાં કોઈ પ્રોગ્રામ ન હતો. એ વાત ખરી નથીકે, ૧૯૯૬ની જન્માષ્ટમી વખતે હુ મારા માતા-પિતા, ભાઈ, બહેન સાથે સુરત આશ્રમમાં ગયેલી નથી. એ વાત ખરી નથી કે, ૧૯૯૬ની જન્માષ્ટમી વખતે સુરત આશ્રમમાં આશારામ સાથે મારે કોઈ વાતચીત થયેલી નથી. એ વાત ખરી નથી કે, ૧૯૯૬ની જન્માષ્ટમી વખતે સુરત આશ્રમમાં આશારામ કે તેના મોટેરાના કોઈ સાધકો હાજર ન હતા. એ વાત ખરી નથી

કે, ૧૯૯૬માં જન્માષ્ટમીના દિવસે આશરામે મને મહાન નારી અને તુ ગુલાબ હોકે મહક નામના કોઈ પુસ્તક આપેલા નથી. એ વાત ખરી છે કે, ૧૯૯૬ની જન્માષ્ટમી વખતે આશારામે મને મોટેરા આશ્રમમાં આવવાનુ અને અનુષ્ઠાન કરવા આવવાનુ કહેલ નથી. ફરિયાદી જણાવે છે કે, ૧૯૯૭ની હોળી શીબીરમાં આ વાત મને કરેલી. ૧૯૯૬માં પહેલા હોળીનો તહેવાર આવેલો અને ત્યારબાદ જન્માષ્ટમીનો તહેવાર આવેલો. એ વાત ખરી નથી કે, ૧૯૯૬માં જન્માષ્ટમી વખતે આશારામનો પ્રોગ્રામ રાજકોટમાં હતો. મને એ વાતની ખબર નથી કે, ૧૯૯૬માં જન્માષ્ટમીના રાજકોટ ખાતેના પ્રોગ્રામ માટે જરૂરી પોલીસ કાર્યવાહી આશારામે કરેલી.

સવાલ–૧૯૯૭માં તમે અનુષ્ઠાન માટે મોટેરા આશ્રમમાં રૂા.૩૫૦/– ફી ભરી હોય તો તે અંગેના કોઈ પુરાવા તમારી પાસે નથી અને તમે પોલીસમાં તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી.

જવાબ–મારી પાસેથી રૂા.૩૫૦/– લીધેલા અને તેમના રજીસ્ટરમાં નોંધ કરેલી તે અંગે મને કોઈ પહોંચ કે લખાણ આપેલ ન હતુ.

(૯૦)...એ વાત ખરી નથી કે, આશ્રમમાં આવા કોઈ રજીસ્ટર રાખવામાં આવતા નથી અને મે આપેલ પૈસાની કોઈ નોંધ રજીસ્ટરમાં કરેલ નથી તેમ છતાં હુ આ હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, આશારામના દરેક પ્રોગ્રામ ઋષિપ્રસાદ નામના મેગેઝીનમાં પ્રસિધ્ધ થતા હતા. એ વાત ખરી છે કે, મે કઈ તારીખથી કઈ તારીખ સુધીના અગીયાર દિવસના અનુષ્ઠાન કરેલા તે તારીખ મે પોલીસને જણાવેલી નથી. એ વાત ખરી છે કે, મે ત્રણ લાખ જાપ કઈ તારીખથી કઈ તારીખ સુધીમાં કરેલા તે તારીખ પોલીસને જણાવેલ નથી. મે જે મંત્રનો જાપ

કરેલો તે મંત્રના ૧૦૮ મણકા ફરાવતા કેટલો સમય લાગે તે હુ કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે, મે આવા કોઈ ત્રણ લાખ મંત્રનો જાપ કરેલો નથી.

(૯૧)...મહિલા આશ્રમમાં હુ રહેતી હતી તે વખતે થોડા ફ્લેટસ આવેલા હતા. એ વાત ખરી છે કે, હુ જે રૂમમાં રહેતી હતી ત્યા નીચે ભોજનાલય આવેલ હતો. એ વાત ખરી છે કે, ભોજનાલયની ઉપર પ્રથમમાળે સતસંગ હોલ આવેલ હતો. એ વાત ખરી નથી કે, ભોજનાલય પાસેની સીડીથી ઉપરના માળે જઈએ ત્યા બે રૂમો આવેલ હતી. ફરિયાદી જણાવે છે કે, એક રૂમ આવેલ હતો. એ વાત ખરી નથી કે, તે રૂમમાં હુ રહેતી હતી. એ વાત ખરી નથી કે, સતસંગ હોલની ઉપર કોઈ માળ કે રૂમ આવેલ ન હતા. એ વાત ખરી છે કે, મારા રૂમમાં બાથરૂમ ન હતો. એ વાત ખરી નથીકે, મહિલા આશ્રમમાં એ, બી, સી, ડી, ઈ એમ પાંચ બ્લોક આવેલા હતા. એ વાત ખરી છે કે, સતસંગ હોલવાળા બાંધકામ પછી પાછળ તરફ જે બાંધકામ આવેલ હતા તે ભોયતળીયા ત્ર પ્રથમમાળ તે રીતેનુ બાંધકામ હતુ. એ વાત ખરી નથી કે, છેલ્લો બ્લોક પુરો થયા પછી મહિલા આશ્રમની દરવાજાવાળી કોટની દિવાલ પછી રોડ આવેલો હતો. ફરિયાદી જણાવે છે કે, તે વખતે તે જગ્યાએ કોઈ કાચો કે પાકો રોડ બનાવેલો ન હતો પરતુ ખુલ્લી જગ્યા હતી તેમાં ફલેટનુ બાંધકામ ચાલતુ હતુ. એ વાત ખરી છે કે, આ પાછળની કોટની દિવાલ વચ્ચે આવેલ દરવાજામાંથી નીકળી હુ રીક્ષામાં બેસીને ગયેલી. એ વાત ખરી છે કે, આ જાળીવાળા દરવાજાની ડાબી તરફના અંદરના ભાગે બાથરૂમ, સંડાસ બનાવેલા હતા.

(૯૨)...એ વાત ખરી નથી કે, આ બાંધકામવાળી રૂમમોમાં રૂમની સાઈઝ પ્ર માણે દરેક રૂમમાં ચાર થી પાંચ છોકરીઓ રોકાતી હતી. હુ જે રૂમમાં રહેતી હતી ત્યાથી આ કોમન સંડાસ બાથરૂમ કેટલા અંતરે આવેલા હશે તે હુ કહી શકુ તેમ

નથી. મને ખબર નથી કે, હુ જે રૂમમાં રહેતી હતી ત્યાથી કોમન સંડાસ બાથરૂમ આશરે પાંચસો થી છસો મીટરના અંતરે આવેલા હશે.

(૯૩)...હુ કહી શકુ નહી કે, બનાવના દિવસે શાંતિવાટીકાથી આવીને શાલીગ્ર ામ સોસાયટી પાસે હુ ઉતરેલી ત્યાથી મારો રૂમ આશરે પાંચસો થી સાડા પાંચસો મીટર દુર હશે. એ વાત ખરી છે કે, બનાવના દિવસે હુ શાંતિવાટીકાથી નીકળી અને મહિલા આશ્રમના બાથરૂમમાં ગઈ તે દરમ્યાન બ્લીડીંગ ચાલુ હતુ. ફરિયાદી ખુલાસામાં જણાવે છે કે, માસીકમાં આવે તે રીતનુ બ્લીડીંગ ચાલતુ ન હતુ પરંતુ સામાન્ય બ્લીંડીગ થતુ હતુ. એ વાત ખરી નથી કે, મારી આખી વ્હાઈટ સલવાર લોહીથી ખરડાઈ ગયેલી. એ વાત ખરી છે કે, શાંતિવાટીકાવાળા બનાવ અંગે મે સને ૨૦૦૭ સુધી મારી આશ્રમમાંની ખાસ મિત્રને પણ વાત કરેલી નહી. એ વાત ખરી છે કે, મારી રૂમમાં રહેતી મહિલાઓને પણ મે સને ૨૦૦૭ સુધી આ વાત કરેલી નહી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૭ સુધી મે મારા માતા-પિતા અને ભાઈ-બહેનને પણ આ બનાન અંગે કોઈ વાત કરેલી નહી.

(૯૪)...એ વાત ખરી છે કે, સને ૨૦૦૭માં આશ્રમ છોડયાબાદ હુ ડ્રીમ્સપાવર નામની કંપનીમાં નોકરીમાં જોડાયેલી. એ વાત ખરી છે કે, તે પહેલા હુ આર.સી.એમ. નામની કંપનીમાં પણ નોકરીમાં જોડાયેલી. મે આર.સી.એમ.માં આશરે એક થી દોઢ વર્ષ નોકરી કરેલી. મે ડ્રીમ્સપાવરમાં આશરે એકાદ વર્ષ નોકરી કરેલી. એ વાત ખરી નથી કે, આ બંને કંપનીઓ બંધ થઈ ગયેલ છે. ફરિયાદી જણાવે છે કે, આર.સી.એમ.કંપની ચાલુ છે. તેની ઓફીસ ભીલવાડા, રાજસ્થાન ખાતે આવેલી છે.

(૯૫)...એ વાત ખરી નથી કે, સને ૨૦૧૦ પછી હુ સુરતમાં રહેતી હતી. હુ મારા લગ્ન બાદ સુરેન્દ્રનગર મારા સાસરે રહેતી હતી. એ વાત ખરી છે કે, મારા

પતિ અગાઉ મારા પિતાજીના સુરત ખાતેના મકાનમાં ભાડે રહેતા હતા. એ વાત ખરી નથી કે, મારા માતા–પિતાએ મારા પતિને ભાડવાત તરીકેથી કાઢી મુકેલા. એ વાત ખરી નથી કે, મારા પિતાજીનુ ઘર છોડયા બાદ તુષારભાઈ સુરેન્દ્રનગરના થાનગઢ ગામે ગયેલા અને ત્યા સ્વામિનારાયણના કોઠારીબાપુને મળેલા અને તેમણે તુષારભાઈને મકાન અપાવેલુ અને તે મકાનમાં તુષારભાઈ રહેતા હતા. એ વાત ખરી નથી કે, કોઠારીબાપુ ગુજરી જતા મારા પતિને તે મકાનમાંથી કાઢી મુકેલા. હુ હીરાના વેપારી સવજીભાઈને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, સુરત કમિશનર આસ્થાના સાહેબે સવજીભાઈને ભલામણ કરી મારા પતિને નોકરી અને રહેવા માટે મકાન અપાવેલુ.

સવાલ–મહિલા આશ્રમમાં પ્રવેશી તમારા રૂમમાં જતા વચ્ચે ઓટલાવાળુ વડનુ ઝાડ આવે નહી.

જવાબ–પ્રવેશદ્વાર થીમારા રૂમ પર જવાના બે રસ્તા છે એક રસ્તેથી જઈએ તો ઓટલાવાળુ વડનુ ઝાડ આવે બીજા રસ્તે ન આવે.

(૯૬)...એ વાત ખરી નથી કે, કાર્યાલયથી ડાબા હાથે ચોરસ ઓટલો આવે અને ત્યાથી આગળ જતા મારી રૂમ આવે. એ વાત ખરી છે કે, સને ૨૦૦૧માં બનાવના દિવસે હુ શાલીગ્રામ સોસાયટીથી આવી મારા રૂમ પર ગયેલી તે વખતે વચ્ચે ઓટલાવાળો વડ આવેલો નહી.

(૯૭)...સને ૨૦૦૭ સુધી મારી પાસે મારો પોતાનો કોઈ મોબાઈલ ફોન ન હતો. સને ૨૦૦૭માં આશ્રમ છોડયા બાદ મે આશરે અઢી વર્ષ સુધી નોકરી કરી તે દરમ્યાન મારી પાસે મારી માલીકીનો મોબાઈલ ફોન હતો. તે મોબાઈલ ફોનનો નંબર આજે યાદ નથી. સને ૨૦૧૦ પછી મારી પાસે મારી માલીકીનો કોઈ

મોબાઈલ ફોન ન હતો. સને ૨૦૧૩માં ફરિયાદ લખાવી ત્યા સુધી મારી પાસે મારી માલીકીનો કોઈ મોબાઈલ ફોન ન હતો. એ વાત ખરી છે કે, હુ મારા પતિનો મોબાઈલ ફોન વાપરતી હતી. તે મોબાઈલ નંબર આજે યાદ નથી. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં અને મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં કોઈ મોબાઈલ ફોન નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મે ફરિયાદમાં ૮૮૬૬૩૧૩૧૫૪ નંબર લખાવેલો છે. એ વાત ખરી છે કે, આ સીમકાર્ડ મારા પતિના નામે હતુ. આ સીમકાર્ડવાળો નંબર હાલમાં ચાલુ છે કે કેમ? તેનો મને ખ્યાલ નથી.

(૯૮)...હુ સને ૨૦૦૭ સુધી આશ્રમમાં હતી તે દરમ્યાન મે કોઈ બેન્કમાં મારા નામે ખાતુ ખોલાવેલ નથી. સને ૨૦૦૭માં આશ્રમ છોડયા બાદ આશરે અઢી વર્ષ સુધી નોકરી કરી તે દરમ્યાન મે મારા નામનુ બેન્કમાં ખાતુ ખોલાવેલુ. હુ તે બેન્કનુ નામ અને એકાઉન્ટ નંબર આપી શકુ તેમ નથી. મે નોકરી છોડયાબાદ મારા નામે બીજુ કોઈ ખાતુ બેન્કમાં ખોલાવેલ ન હતુ. મે ફરિયાદ આપી તેના ત્રણેક મહિના અગાઉ કે ફરિયાદ આપ્યા બાદ મારા નામનુ બેન્કમાં કોઈ ખાતુ ખોલાવેલ નથી. મને આજે યાદ નથી કે, મે મારા પતિ સાથે જોઈન્ટમાં કોઈ બેન્ક એકાઉન્ટ ખોલાવેલ હોય. એ વાત ખરી નથી કે, હુ બેન્ક એકાઉન્ટ ધરાવુ છુ તેમ છતા કોઈ ખાસ કારણસર બેન્કનુ નામ અને એકાઉન્ટ નંબર આપતી નથી.

(૯૯)...એ વાત ખરી છે કે, મે મારા આંક–૨૮૩ના નિવેદનમાં 'એક વાર ૨૦૦૨ની સાલમાં તેઓ એકાંતમાં રોકાયા હતા ત્યારે તેમણે મહિલા આશ્રમમાં ધ્રુવબેન સંચાલકને ૧૦ છોકરીઓ જેમને વકતા બનાવવાના હતા તેમને લઈને આવવાનુ કહેલુ અમને ત્યાં લઈ ગયેલા.' તેવી વિગત લખાવેલી છે એ સાચી છે. એ વાત ખરી છે કે, આંક–૨૭૯ ની ફરિયાદમાં બીજા પાન પર 'ત્યારબાદ સને ૨૦૦૧માં ઢેલ તથા બગલો નામની બે સીંધી સાધકોએ મને વકતા

બનાવવાનુ કહેલ અને આશ્રમમાંથી મારી સાથે બીજી દસ છોકરીઓને લઈને ઢેલ અને બગલો નામની સાધકો મોટેરા આશ્રમથી થોડેદુર આવેલ આશારામના શાંતિવાટીકા નામના ફાર્મ હાઉસ પર લઈ ગયેલ.' તે વિગત લખાવેલ છે તે સાચી નથી.

(૧૦૦)... એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં જે બાથરૂમના દરવાજામાંથી હુ રૂમમાં ગયેલી તે ખુલ્લા હતા તેને તાળુ મારેલ ન હતુ. એ વાત ખરી છે કે, બાથરૂમનો દરવાજો નકુચાવાળો હતો. એ વાત ખરી નથી કે, નકુચાવાળો દરવાજો હોય તો ઓટોમેટીક બંધ ન થાય. એ વાત ખરી નથી કે, બનાવના દિવસે પહેલા રૂમનો અને બાથરૂમનો એમ બંને દરવાજા ખુલ્લા હતા. મને એ વાતની ખબર નથી કે, બાથરૂમનો દરવાજો ડોરકલોઝર લગાવેલ હતો કે કેમ? એ વાત ખરી છે કે, હુ બાથરૂમનો દરવાજો આડો કરીને અંદર ગયેલી. એ વાત ખરી નથી કે, બનાવ વખતે હુ રૂમના બે દરવાજા પૈકી કોઈમાંથી સ્પીડથી બહાર નીકળી શકુ તેમ હતી. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૧ની ગુરુપુર્ણિમા વખતે આશારામ શાંતિવાટીકામાં રોકાયેલ જ ન હતા. એ વાત ખરી છે કે, ગુરુપુર્ણિમાનો તહેવાર ચાર પાંચ દિવસ સુધી મોટેરા આશ્રમમાં ઉજવાય છે.

(૧૦૧)... આંક–૨૮૩ના નિવેદનમાં પેજ નં.૧૨ પર 'હુ જે બારણાથી પ્રવેશેલ હતી તે બારણુ ભાગીને ખોલવા ગઈ' તેવી જે વિગત લખેલી છે તે સાચી નથી. મે મારા આંક–૨૮૩ના નિવેદનમાં પેજ નં.૧૯ પર 'એક માસ બાદ ૨૦૦૬માં મારો કાર્યક્રમ ચંદીગઢ, દિલ્હી, સીમલામાં ગોઠવાયેલ તો મારી જોડે આશાને મોકલેલ હતી. તે દરમ્યાન આશાને તબલા વાદક દિપક જોડે પ્રેમસંબંધ થતા બંને લગ્નગ્રંથીથી જોડાવા વિચારતા હોવાનુ જણાવતા કાર્યક્રમ પુરો કરીને હુ અમદાવાદ આવેલ. અમદાવાદમાં આશારામને આ બધુ ખબર પડતા એક શીબીર

દરમ્યાન તેમણે જાહેરમાં મને ખુબ ગાળો બોલેલ અને મને આ બધા માટે જવાબદાર ઠેરવેલ.' ની વિગત સાચી લખાવેલ છે. મે મારા આંક–૨૮૩ના નિવેદનમાં પેજ નં.૨૦ પર 'તે સમયે ત્યા મોટી સભા ભરાયેલ હતી હુ ખુબ જ કંટાળેલ અને ત્રાસેલ હતી. તેથી મે તેમને વિનમ્રતાથી કહેલ કે હુ આશ્રમમાંથી જવા માંગુ છુ તો તેમણે ના પાડેલી સતસંગ સભા બાદ તેણે મને કહેલ કે એસા તો હોતા રહેતા હૈ હુ મોકાની શોધમાં હતી મારી એક મિત્ર ઉમા પાંડેની બધુજ કહેતી મે તેની મદદથી આશ્રમ છોડી દીધેલ. તે મારી બેગ રીક્ષા સુધી મુકવા આવેલી હુ બધાથી છુપાઈને ત્યાથી નીકળી હતી.' તે વિગત સાચી લખાવેલી છે.

(૧૦૨)... એ વાત ખરી છે કે, મને મારૂ સ્વમાન સ્વાભિમાન ખુબ વ્હાલુ છે. એ વાત ખરી છે કે, આશારામે જાહેર સભામાં મને ખરાબ શબ્દો કહેલા તેથી મારૂ સ્વાભિમાન ઘવાયેલુ. એ વાત ખરી છે કે, જાહેરમાં મારૂ સ્વમાન ઘવાયાથી મને દુખ થયેલુ. એ વાત ખરી નથી કે, જાહેર સભામાં મારૂ સ્વમાન ઘવાવાથી મે નકકી કરેલુ કે મારે હવે આશ્રમમાં રહેવુ નથી. ફરિયાદી જણાવે છે કે, ઘણી બાબતો ભેગી થયેલી હતી. એ વાત ખરી છે કે, જાહેર સભામાં જે બનાવ બનેલો તેના કારણે હુ ખુબ જ ત્રાસી ગયેલી અને કંટાળી ગયેલી.

(૧૦૩)... બનાવના દિવસે ઢેલ અને બગલો મને આશ્રમના ગેટ પાસે મળેલા. બનાવના દિવસે ઢેલ અને બગલો મને વડવાળા ઓટલા પાસે મળ્યા હોય તેવી વાત ખરી નથી. મને આંક–૧૮૦ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેના પેજ નં.૧૦ પર 'જેથી અમો પંચો તથા આપ સાહેબ ફરિયાદી સાથે તે જ રીતે ત્યાંથી ચાલતા આવતા મહિલા આશ્રમ પાસે તથા મહિલા આશ્રમના પશ્ચિમે આવેલ ઓટલા વાળા વડના ઝાડ પાસે ઉભાર રહી ફરિયાદીએ જણાવેલ

કે જે તે વખતે મને સદર જગ્યાએ ઢેલ તથા બગલો બંને સેવીકા ત્યા બેસેલ હતી.' તે વિગત લખેલ છે તે સાચી છે.

(૧૦૪)... એ વાત ખરી નથી કે, આશ્રમ છોડયા બાદ મે જે બે કંપનીમાં નોકરી કરેલી ત્યાથી મને મહેનતાણુ ચેકથી મળતુ હતુ. એ વાત ખરી છે કે, મારા બેન્ક એકાઉન્ટમાં મહેનતાણુ જમા થતુ હતુ.

(૧૦૫)... એ વાત ખરી છે કે, જેને ધર્મમાં શ્રઘ્ધા હોય તેઓ સતસંગ અને પ્રવચનમાં આવતા હોય છે. એ વાત ખરી છે કે, સતસંગ અને પ્રવચનમાં કહેવામાં આવેલ ધાર્મિક બાબતોથી હાજર રહેલ લોકો પ્રભાવિત થતા હતા. મને એ વાતની ખબર નથી કે, પ્રવચન આપનાર અને સાંભળનાર આ દરમ્યાન પ્રભુ સાથે તનમય થવાનો પ્રયત્ન કરતા હતા. એ વાત ખરી છે કે, સંગીત સાથે ભજન ગવાય તો લોકો ઝુમી ઉઠતા હતા. કયારેક કયારેક પ્રવચન કરતા અને ભજન ગાતા હુ પણ ઝુમી ઉઠતી હતી. એ વાત ખરી નથી કે, હુ ઝુમી ઉઠતા હાજર હજારો લોકો પણ મારી સાથે ઝુમી ઉઠતા હતા. ફરિયાદી જણાવે છે કે, હાજર લોકો તો ભજન શરૂ થાય ત્યારથી ઝુમવા લાગતા હતા.

(૧૦૬)...મને કોર્ટ રૂબરૂ માર્ક ૩૧૨/૫ વાળી સી.ડી. લેપટોપમાં રન કરી બતાવવામાં આવે છે તેમાં જે સ્ત્રી વ્યાખ્યાન કરે છે તે હુ છુ. હુ કહી શકુ નહી કે, આ વ્યાખ્યાન હુ એકદમ ફ્રી માઈન્ડથી મુકત મને કરી રહી છુ. એ વાત ખરી નથી કે, આ વ્યાખ્યાન મે ગુરુમહિમા, ગુરુભકિત, સત્ય ઉપર આપેલુ. ફરિયાદી જણાવે છે કે, તેમાં ઘણા મુદ્દાઓ હતા. એ વાત ખરી છે કે, માર્ક ૩૧૨/૬ ની સ્ક્રીપ્ટ મુજબનુ વ્યાખ્યાન મે કરેલુ.

(૧૦૭)... મને માર્ક ૩૧૨/૭ વાળી સી.ડી. કોર્ટ રૂબરૂ લેપટોપમાં રન કરી બતાવવામાં આવે છે તેમાં વ્યાખ્યાન કરનાર વ્યકિત હુ છુ. આ સી.ડી.મે આખી જોઈ અને સાંભળી છે. એ વાત ખરી છે કે, આ સી.ડી. માં તમામ વ્યાખ્યાન અને ભજન મે કરેલા છે. એ વાત ખરી છે કે, આ સી.ડી.માં મે માતા–પિતા, ગુરુ મહિમા ઉપર વ્યાખ્યાન આપેલ છે. એ વાત ખરી છે કે, આ સી.ડી.માં ભજન ગવાતા હાજર લોકો ઝૂમી રહયા છે. એ વાત ખરી નથી કે, આ સી.ડી.માં ભજન ગાતા ગાતા હુ પણ ઝુમી રહી છુ. હુ કહી શકુ નહી કે, મારા આ વ્યાખ્યાન દરમ્યાન પવિત્ર અને શુધ્ધ વાતાવરણ હતુ. હુ કહી શકુ નહી કે, આ ભજન ગાતા હાજર લોકો મારી સાથે તનમય થઈ ગયેલા. એ વાત ખરી છે કે, આ સી.ડી.ની સ્ક્રીપ્ટ માર્ક ૩૧૨/૮ મે વાંચેલી છે. એ વાત ખરી છે કે, જે સી.ડી.માં છે તે સ્ક્રીપ્ટમાં ટાઈપ થયેલ છે. એ વાત ખરી નથી કે, સી.ડી. અને સ્ક્રીપ્ટમાં જે છે તે મારૂ સતસંગ અને પ્રવચન છે. ફરિયાદી જણાવે છે કે, મને આપેલ સ્ક્રીપ્ટ મુજબ મે વ્યાખ્યાન કરેલ છે. સ્ક્રીપ્ટ આખી ટાઈપ કરીને આપવામાં આવતી હતી. એ વાત ખરી છે કે, સ્ટેજ પર હુ સ્ક્રીપ્ટ વાંચી વાંચીને વ્યાખ્યાન કરતી ન હતી.

(૧૦૮)...મને માર્ક ૩૧૮/૧ થી રજુ થયેલ ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે તે મારા છે. આ ફોટા મે પોલીસમાં રજુ કરેલા. એ વાત ખરી છે કે, મે પોલીસમાં આ ફોટા સાથે એક સી.ડી. પણ રજુ કરેલી. આ ફોટોગ્રાફસ કયા સમય દરમ્યાનના છે તે હુ કહી શકુ નહી. આ ફોટોગ્રાફસ કયા સ્થળના છે તે પણ હુ આજે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, મે સતસંગ આપેલ તે સ્થળોના આ ફોટોગ્રાફસ છે. આ સી.ડી. સતસંગ પ્રવચન જે મે કરેલા તે સંબંધિત છે. આ સી.ડી. કયા સમયગાળા દરમ્યાનની છે તે પણ હુ કહી શકુ તેમ નથી. આ સી.ડી. કયા સ્થળની છે તે પણ હુ આજે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, આ

સી.ડી.માં મે આપેલ પ્રવચનો અને ભજનનો સંગ્રહ છે. હુ કહી શકુ નહી કે, આ સી.ડી.માં મે મુકતપણે અને વિશ્વાસ સાથે ધર્મ અંગે પ્રવચન કરેલ છે. એ વાત ખરી છે કે, આ સી.ડી.માં પ્રવચન આપતી વખતે મારા ચહેરા પર કોઈ ડર, ભય, ટેન્શન, ત્રાસ જણાતો નથી. એ વાત ખરી નથી કે, આ સી.ડી. મે તૈયાર કરાવેલી છે. હુ જયાં પ્રવચન કરતી ત્યાના સ્થાનિક લોકો પોતાના વિડીયોગ્રાફર મારફત સી.ડી. તૈયાર કરાવતા હતા અને કયારેક એ સી.ડી.ની નકલ અમને પણ આપતા હતા. એ વાત ખરી છે કે, હુ પ્રવચન આપવા જતી ત્યાના ભકતજનોએ પાડેલ ફોટોગ્રાફસ અમને આપતા તે માર્ક ૩૧૮/૧ થી રજુ કરેલ ફોટોગ્રાફસ છે.

(૧૦૯)...એ વાત ખરી નથી કે, હુ આશ્રમમાં રહેતી હતી તે દરમ્યાન મારા માતા-પિતા અને મારી બહેન ગીતા મોટેરા આશ્રમમાં ધાર્મિક પ્રસંગે ઉજવણીમાં હાજર રહેતા હતા. એ વાત ખરી નથી કે, મારા માતા પિતા અને બહેન મોટેરા આશ્રમમાં આવતા હતા અને મારા રૂમમાં મારી સાથે રોકાતા હતા. એ વાત ખરી છે કે, અમો ત્રણ બહેનો અને ભાઈ વચ્ચે સારા સંબંધો છે.

(૧૧૦)...મને આંક-૩૨૧ના લીસ્ટ સાથે રજુ થયેલ ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે તે દરેકમાં મારો પણ ફોટો છે. એ વાત ખરી છે કે, માર્ક ૩૨૧/૧ થી રજુ થયેલ ત્રણેય ફોટોગ્રાફસ પાંડેસરા, સુરત ખાતેની શીબીરના છે. એ વાત ખરી છે કે, શીબીર દરમ્યાન ગરીબ લોકોને હુ રોકડમાં દાન પણ આપતી હતી.

(૧૧૧)...સને ૨૦૦૧માં દસ છોકરીઓને વકતા બનાવવા માટે બોલાવેલી તે વાત સાચી છે ૨૦૦૨ની નહી. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૨ની સાલમાં દસ છોકરીઓને વકતા બનાવવા બોલાવેલી તેવી વિગત મે કયાંય લખાવેલી નથી. મે આંક-૨૮૩ના નિવેદનમાં સને ૨૦૦૨ની સાલમાં દસ છોકરીઓને વકતા બનાવવા બોલાવેલી તેવુ લખાવેલુ છે તેમાં સાલ ખોટી લખાવેલી છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૧૧૨)...એ વાત ખરી છે કે, જન્માષ્ટમીના તહેવાર સુરત ખાતે જહાંગીરપુરામાં ઉજવાતા હતા જે આશારામ ઉજવતા હતા. એ વાત ખરી નથી કે, જન્માષ્ટમીનો તહેવાર સુરત ખાતે ઉજવવાનુ ૧૯૯૭થી શરૂ થયેલુ.

(૧૧૩)...મને આજે યાદ નથી કે, સને ૨૦૦૧ની સાલમાં જન્માષ્ટમીનો તહેવાર સુરત ખાતે ઉજવાયેલો.

(૧૧૪)...મને માર્ક ૩૨૨/૧ બતાવવામાં આવે છે તેના પર લગાવેલો ફોટો મારો છે. તેના પેજ નં.૩ પર નીચે મારી સહી છે. મને આજે યાદ નથી કે, આ અરજી મે તા.૧૭–૧૨–૧૪ના રોજ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરની કોર્ટમાં રજુ કરેલી. સાહેદ જણાવે છે કે, અરજી દાખલ કરેલી પરંતુ ચોકકસ તારીખ આજે યાદ નથી. મને માર્ક ૩૨૨/૨ બતાવવામાં આવે છે તેમાં નીચે મારી સહી છે. એ વાત ખરી છે કે, માર્ક ૩૨૨/૧ વાળી અરજીના સમર્થનમાં માર્ક ૩૨૨/૨ વાળી એફીડેવીટ કરેલી હતી. મને આજે યાદ નથી કે, આ અરજી દાખલ કરતા પહેલા મે રવીચા મેડમને આર.પી.એ.ડી.થી એક પત્ર મોકલેલ કે, મારે કલમ–૧૬૪નું નિવેદન આપવું છે. એ વાત ખરી નથી કે, તે પત્રમાં મે એવુ જણાવેલ કે, સુરતના મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂ મે સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ જે નિવેદન આપેલ છે તે ડર, ભય અને ત્રાસના કારણે આપેલુ છે. મને માર્ક ૩૨૨/૩ બતાવવામાં આવે છે તે ગાંધીનગર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં દાખલ કરેલ અરજીના કામે રજુ કરેલ વકાલાતનામુ છે તેમાં મારી સહી છે. મને માર્ક ૩૨૨/૪ બતાવવામાં આવે છે તેમાં નીચે મારી સહી છે. મને માર્ક ૩૨૨/૭ બતાવવામાં આવે છે તેમાં છેલ્લા પાન પર મારી સહી છે અને તેના પેજ નં.૬ પર લગાવેલ ફોટો મારો છે. આ પેજ પર નીચે કરેલી સહી વંચાતી ન હોઈ તે મારી છે કે કેમ? તે હુ કહી શકુ તેમ નથી. મને માર્ક ૩૨૨/૭ બતાવવામાં આવે છે મને આજે યાદ નથી કે,

ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરના હુકમ વિરૂધ્ધ નામ.હાઈકોર્ટમાં જવા માટે મે આ પીટીશન મેમો અને એફીડેવીટ તૈયાર કરાવેલા. એ વાત ખરી નથી કે, તે પીટીશનમાં મે એવુ સ્પષ્ટ જણાવેલુ કે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો બનેલો નથી. હુ આજે કહી શકુ નહી કે, આ એફીડેવીટ મારા જણાવ્યા મુજબ મારા વકીલશ્રીએ તૈયાર કરેલી. એ વાત ખરી નથી કે, મારો આખો કેસ ખોટો સાબીત થઈ જાય તેથી હુ આંક–૩૨૨ સાથે રજુ કરેલ દસ્તાવેજો અંગે સાચી વિગત જણાવતી નથી.

(૧૧૫)...એ વાત ખરી નથી કે, હુ સુરતથી ૧૫ દિવસ ગાયબ રહેલી અને તે દરમ્યાન ઝી–ન્યુઝ ચેનલ વાળાએ મને શોધી કાઢેલી. મને આજે યાદ નથી કે, મે તા.૨૭–૧૨–૧૪ના રોજ ઝી–ન્યુઝ ચેનલને ઈન્ટરવ્યુ આપેલો.

(૧૧૬)...મને નામ.કોર્ટ રૂબરૂ માર્ક ૩૨૯/૧ થી રજુ થયેલ સી.ડી. લેપટોપમાં રન કરી બતાવવામાં અને સંભળાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, તેમાં ઈન્ટરવ્યુ આપનાર સ્ત્રી હુ છુ અને તે મારા અવાજમાં છે. મને માર્ક ૩૨૯/૨ વાળી સ્ક્રીપ્ટ બતાવવામાં આવે છે તેમાં પીડીતા તરીકે જે લખાણ છે તે હુ ટી.વી. ઈન્ટરવ્યુમાં બોલેલ તે વિગત છે. મને માર્ક ૩૨૧/ ૪ /૧ વાળો ફોટો બતાવવામાં આવે છે તેમાં મારી પાછળ જે સ્ત્રી ઉભેલી છે તે આશ્રમમાંથી મારી સાથે મોકલવામાં આવેલ સાધ્વી છે જેનુ નામ ભાવીની છે.

(૧૧૭)...એ વાત ખરી નથી કે, દિપેશ અને અભિષેકનુ જુલાઈ–૨૦૦૮માં ખુન થયેલ તે વખતે હુ આશારામના આશ્રમમાં વકતા તરીકે રહેતી હતી. એ વાત ખરી નથી કે, હુ જણાવુ છુ તેવો મારી સાથે આશ્રમમાં કોઈ જ બનાવ બનેલ નથી તેમ છતાં રાજકારણીઓ, પોલીસ ખાતાના માણસો અને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ માણસોએ આ ખોટો બનાવ ઉભો કરી મારી મારફત આ ખોટી ફરિયાદ

કરાવેલી છે. એ વાત ખરી નથી કે, હુ આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલા માણસોના સંપર્કમાં હતી તેથી હુ મારો મોબાઈલ નંબર જણાવતી નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદ આપતા અગાઉ હુ, મારી બહેન પારૂલ અને પારૂલના પતિ ઈન્દોર ગયેલા અને ત્યા ષડયંત્ર રચેલુ અને ત્યારબાદ સુરત આવી મે અને મારી બહેને ખોટી ફરિયાદો દાખલ કરાવેલી છે.

(૧૧૮)... મે સને ૨૦૦૭માં આશ્રમ છોડયા બાદ આગળ અભ્યાસ માટે કોઈ પ્રયત્ન કરેલો નથી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૬માં મારી ફેમીલીમાં કુલ–૬ સભ્યો હતા. એ વાત ખરી છે કે, માત્ર મારા પિતાજી કમાનાર વ્યકિત હતા. એ વાત ખરી નથી કે, જે તે વખતે મારા કુટુંબની આર્થીક સ્થિતિ સારી ન હતી તેથી મારી બહેન પારૂલ તેમનો આગળ અભ્યાસ કરી શકેલા નહી. એ વાત ખરી છે કે, મારા પિતાજી હાલમાં બીમાર છે. એ વાત ખરી છે કે, હુ તપાસ દરમ્યાન કે કોર્ટમાં જુબાની દરમ્યાન મારા પિતાજીને સાથે રાખેલ નથી. એ વાત ખરી છે કે, મારી નાની બહેન ગીતા હાલમાં પણ આશ્રમમાં જતી હોય છે.

(૧૧૯)...એ વાત ખરી નથી કે, આશ્રમમાં મને ચુર્ણ બનાવવાની કામગીરી સોંપેલી ત્યારે હુ તે અંગેના સમયનો ચુસ્તપણે પાલન કરતી હતી. એ વાત ખરી છે કે, ૧૯૯૬માં મારૂ ફેમીલી ભાડાના મકાનમાં રહેતુ હતુ. એ વાત ખરી છે કે, મારા માતા–પિતા પહેલે થી આશારામના અનુયાયી હતા અને આશ્રમમાં જતા આવતા હતા. એ વાત ખરી નથી કે, હુ આશ્રમમાં રહેવા આવ્યા બાદ મારા પિતાજીનો આર્થીક બોજો ઓછો થઈ ગયેલો હતો. એ વાત ખરી નથી કે, આશ્રમમાં જે બહેનો રહેતી હતી તેમને રહેવા જમવાનુ આશ્રમમાં મફત હતુ.

(૧૨૦)... એ વાત ખરી છે કે, હુ આશ્રમની ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ હતી. એ વાત ખરી છે કે, હુ આશ્રમમાં રહેતી હતી ત્યારે મહિલા આશ્રમને કોઈ કમ્પાઉન્ડ

વોલ ન હતી. હુ કહી શકુ નહી કે, મહિલા આશ્રમ અને મુખ્ય આશ્રમ વચ્ચેનુ અંતર પાંચસો–છસો મીટર જેટલુ હશે. એ વાત ખરી છે કે, મુખ્ય આશ્રમના મેઈન ગેટ આગળનો રસ્તો પબ્લીક રસ્તો છે. મને એ વાતની ખબર નથી કે, આરોપી ભારતીબેનના લગ્ન ૧૯૯૭માં થયેલા. એ વાત ખરી નથી કે, આરોપી ભારતીબેન તેમના લગ્ન બાદ તેમની સાસરીમાં રહેતા હતા. એ વાત ખરી નથી કે, આશ્રમ છોડયા બાદ પણ હુ વર્ષા અને અખીલના સંપર્કમાં હતી. એ વાત ખરી છેકે, તા.૧૭–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં મે વર્ષાબેન અને અખીલ નરેશચન્દ્રનો મોબાઈલ નંબર લખાવેલો છે. ફરિયાદી જણાવે છે કે, તે મને પોલીસ મારફત જાણવા મળેલ હતો.એ વાત ખરી નથી કે, સને ૨૦૦૧માં અખીલ નામનો કોઈ રસોઈયો આશારામ સાથે ન હતો.

(૧૨૧)...મને આજે યાદ નથી કે, તા.૯–૧૦–૧૩ના રોજ મે ચાંદખેડા પો.સ્ટે.માં રવીયા મેડમ રૂબરૂ મારૂ નિવેદન આપેલુ. એ વાત ખરી નથી કે, તા.૯–૧૦–૧૩ના મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં મે મારા મમ્મી અવાર નવાર અમદાવાદ ખાતે વાર તહેવારે શીબીર સતસંગમાં આશારામ આશ્રમ ખાતે આવતા હતા તેવુ લખાવેલુ છે. ફરિયાદી જણાવે છે કે, આ વિગત મે આશાબેન ભગવાનભાઈ પટેલના મમ્મી સંદર્ભે લખાવેલી છે. મને આજે યાદ નથી કે, તા.૯–૧૦–૧૩ના રોજ મારૂ નિવેદન લેવામાં ચાર થી પાંચ કલાકનો સમય ગયેલો. મને આજે યાદ નથી કે, આ નિવેદન બપોરના સમયે નોંધવામાં આવેલુ. મને આજે યાદ નથી કે, આ નિવેદન નોંધાયુ તે વખતે મારી બહેન પારૂલ મારી સાથે હાજર હતી. મને આજ યાદ નથી કે, સુરત પોલીસે તા.૭–૧૦–૧૩ના રોજ મારૂ નિવેદન નોંધેલુ તેમાં ચાર થી પાંચ કલાકનો સમય ગયેલો.

(૧૨૨)...આશ્રમ છોડીને ઘરે ગયા બાદ હુ ન્યુઝ પેપર અને ટી.વી.માં ન્યુઝ કયારેય કયારેય વાંચતી અને જોતી હતી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૮ થી ૨૦૧૨ સુધીમાં ન્યુઝ પેપરમાં અને ટી.વી. ન્યુઝમાં દીપેશ અને અભિષેકના મૃત્યુ બાબત અનેક વાર સમાચાર આવેલા. એ વાત ખરી છે કે, આ ન્યુઝમાં આશ્રમ સંદર્ભમાં ઘણી વાતો કહેવામાં આવતી હતી. મને એ વાતની ખબર નથી કે, સને ૨૦૦૯માં સી.આઈ.ડી.ક્રાઈમ મારફત જાહેર નોટીસ આપવામાં આવેલી કે, આશારામ આશ્રમ બાબતમાં કોઈને કોઈ માહિતી હોય અને આપવી હોય તો સી.આઈ.ડી.ક્રાઈમને જણાવવુ માહિતી આપનારનુ નામ ગુપ્ત રાખવામાં આવશે.

(૧૨૩)... એ વાત ખરી છે કે, મારી બહેન પારૂલ સને ૨૦૦૨માં નારાયણસાઈના આશ્રમમાં ગયેલી. એ વાત ખરી છે કે, મે મારી બહેન પારૂલને નારાયણસાઈના આશ્રમમાં જતા રોકેલી નહી. સાહેદ ખુલાસામાં જણાવે છેક`, મારી અને મારી બહેન પારૂલની કોઈ મુલાકાત જ થતી ન હતી તેથી રોકેલ નથી. એ વાત ખરી છે કે, રેખાબેન, સીતા સીંધી અને કૃષ્ણાબેન મારી અગાઉથી આશ્રમમાં વકતા તરીકે સેવા આપતા હતા. હવે હુ કહુ છુ કે, સીતા સીંધી વકતા ન હતા. મને એ વાતની ખબર નથી કે, મે આશ્રમ છોડયો ત્યારબાદ પણ આ ત્રણેય સ્ત્રીઓ આશ્રમમાં રહેતી હતી. એ વાત ખરી છે કે, આશારામની માતાની સેવામાં સજનીબેન નામની એક સ્ત્રી હતી.

(૧૨૪)...એ વાત ખરી છે કે, આ ફરિયાદ આપ્યા બાદ મે ઘણી જગ્યા ન્યુઝ મીડીયામાં મારા ઈન્ટરવ્યુ આપેલા છે. એ વાત ખરી નથી કે, હુ ન્યુઝ મીડીયામાં ઈન્ટરવ્યુ આપતી હતી તેના બદલામાં મને મીડીયા તરફથી પૈસા મળતા હતા.

(૧૨૫)...એ વાત ખરી નથી કે, મને અને ટીનાબેનને લઈ ભારતીબેન શાંતિવાટીકા પર જવાનુ છે તેવુ કહેલ તે હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં, તમામ નિવેદનોમાં અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી ભારતીબેન વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરેલા છે. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમાં અને તમામ નિવેદનોમાં ખોટી વિગતો લખાવેલી છે. એ વાત ખરી નથી કે, હુ જણાવુ છુ તેવો કોઈ બનાવ બનેલો નથી તેમ છતા મે ખોટી સ્ટોરી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, આશ્રમ પાસેથી આર્થીક લાભ મેળવવા મે આ ખોટી સ્ટોરી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, હુ ખોટી જુબાની આપુ છુ.

## (૫૧.૨) સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના પર્વ સબંધે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન.

(૧) આ કામના ફરીયાદણ/ભોગબનનારે તેણીની આંક-૨૭૮ થી આપેલ સોગંદ ઉપરની સરતપાસમાં પેરા(૩) માં જણાવેલુ છે કે '' સુરત મુકામે જહાંગીરપુરા ખાતે આશારામનો આશ્રમ આવેલો છે ત્યાં ૧૯૯૬ માં જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે તેણી તેણીના માતા - પિતા સાથે આશારામના આશ્રમમાં ગયેલ. સત્સંગ પુરુ થયા બાદ આશારામના નજીકથી દર્શન કરવા હોય તો લાઈનમાં ઉભુ રહેવુ પડતુ હતુ. આશરે સવારે અગિયાર સાડા અગિયાર વાગે સત્સંગ પુરો થયા બાદ તેણી પણ લાઈનમા ઉભી રહેલી. આશારામથી પાંચ ફુટ દુર બે ભકતો પ્રસાદ વેચતા હતા અને જેને આશારામની નજીકથી દર્શન કરી વાત કરવી હોય તેને આશારામની પાસે ઉભેલી બે સ્ત્રીઓ જેમના નામ બગલો ઉર્ફે મીરા અને ઢેલ ઉર્ફે નિર્મલા હતુ. તે આશારામ જેને પાસે લાવવા ઈશારો કરે તેને આશારામની પાસે લઈ જતા હતા. તેણી દર્શન કરવા ગયેલી ત્યારે આશારામે તેણીને ઈશારાથી આગળ બોલાવેલી. તે વખતે ઢેલ

તેણીને આશારામ પાસે લઈ ગયેલી અને આશારામે તેણીને પુછેલ કે, તું કહાં કી હૈ ? તેણીએ કહેલ કે તેણીની સુરતની છે. ત્યારબાદ આશારામે તેણીને એક પુસ્તક આપેલુ. જેનું નામ મહાન નારી હતુ અને તેણીને એક સફરજન પણ આપેલુ. આ લઈને તેણીની મંડપમાં જઈ બેસી ગયેલી. તેણીની બેસી પુસ્તક જોતી હતી. થોડવારમાં ઢેલ તેણીની પાસે આવેલી અને તેણીને કહેલુ કે આ સફરજન તમને આપેલુ છે તે પ્રસાદીનું છે. તુ જ ખાજે અને બાપુએ તેણી (ઢેલ) ને કહેલ કે આને મકાન વકતા બનાવવાની છે તેમ કહી ઢેલ જતી રહેલી.

(૨) ત્યારબાદ ફરીયાદણે તેણીની સરતપાસમાં પેરા(૪) માં '' તે જ દિવસે સાંજના સત્સંગ પછી લાઈન લાગેલી ત્યારે પણ તેણી લાઈનમા જોડાયેલી તે વખતે આશારામે તેણીને નજીક બોલાવી અને '' તુ ગુલાબ હોકર મહેક '' નામનું પુસ્તક તેણીને આપેલુ. ત્યારબાદ શીબીર પુરી થતાં તેઓ તેમના ઘરે પરત ફરેલ હોવાનું જણાવેલ છે.

(૩) ફરીયાદણે તેણીની તા. ૦૬/૧૦/૨૦૧૩ ની આંક-૨૭૯ થી રજુ થયેલ ફરીયાદમાં જણાવેલ છે કે સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન તેણી તેણીના માતા-પિતા સાથે સુરત જહાંગીરપુરા ખાતે આવેલ આશારામ બાપુના આશ્રમમાં સત્સંગ તથા શીબીરમાં ગયેલ.

(૪) ફરીયાદણે તેણીના તા. ૧૭/૧૦/૧૩ ના તપાસનીશ અધિકારી ડી.બી. રવિયા રૂબરુ આપેલ નિવેદનમાં '' તેણી સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર વખતે સુરત જહાંગીરપુરા ખાતે આવેલ આશારામ બાપુના આશ્રમમાં સત્સંગ તથા શીબીરમાં ગયેલ '' હોવાનું જણાવેલ છે.

(૫) ફરીયાદણે તેણીના તા. ૦૯/૧૦/૧૩ ના મેજીસ્ટ્રેટ રૂબરુના આંક–૨૮૩ વાળા નિવેદનમાં તેણીએ '' તેણી એક જન્માષ્ટમી શીબીરમાં ગયેલ હોવાનું જણાવેલ છે. ત્યારપછી તેણીએ '' આ ૧૯૯૬ નો બનાવ છે '' તેમ જણાવેલ છે.

(૬) આ તબકકે સને ૧૯૯૬ ના જન્માષ્ટમી સંદર્ભે બચાવપક્ષ તરફથી તેવી તકરાર ઉઠાવવામાં આવેલ છે કે, સને ૧૯૯૬ ના વર્ષ નો જન્માષ્ટમીનો પોગ્રામ સુરત મુકામે નહી પરંતુ રાજકોટ મુકામે યોજવામાં આવેલ અને તે અનુસંધાને બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૬)થી રાજકોટથી પ્રસિધ્ધ થતા સાંજ સમાચાર દૈનિકના ઓડીટર શ્રી યશંવતભાઈ નરોતમદાસ શાહનાઓને આંક–૭૪૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીમાં તા. ૦૩/૦૯/૧૯૯૬ તથા તા. ૦૪/૦૯/૧૯૯૬ ના રોજનું આંક–૬૫૪ થી રાજકોટથી પ્રસિધ્ધ થયેલ સાંજ સમાચાર દૈનીક વર્તમાનપત્રો રજુ કરવામાં આવેલ છે. આ બંને વર્તમાનપત્રો વંચાણે લેતાં રાજકોટ મુકામે ૧૯૯૬ માં જન્માષ્ટમી મહોત્સવ ઉજવવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧) તરીકે આંક–૬૯૮ થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન મુકેશભાઈ હીરપરાનાઓને ઉલટ તપાસના પેરા(૧૧ ) માં જન્માષ્ટમીનો એક વર્ષનો પોગ્રામ સુરત આશ્રમ ખાતે થયેલ ન હતો. તે વર્ષ આશરે ૧૯૯૬ નું વર્ષ હતુ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૫) તરીકે આંક–૩૬૧ થી તપાસવામાં આવેલ રાકેશ જયંતીભાઈ પટેલનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા (૩૭) માં સ્વીકારેલ છે કે, સને ૧૯૯૬ માં જન્માષ્ટમીમાં આશારામનો રાજકોટમાં પોગ્ર ામ હતો. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૪૫) થી તપાસવામાં

આવેલ સાહેદ પ્રગ્નેશભાઈ ઉર્ફે લાલાભાઈ પારેખનાઓએ પણ તેઓની ઉલટ તપાસના પેરા(૩૭) માં આશારામ જન્માષ્ટમીનો તહેવાર આશ્રમમાં ઉજવતા હતા . સને ૧૯૯૬ માં જન્માષ્ટમીનો તહેવાર આશારામે રાજકોટમાં ઉજવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (પપ) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૨૮) માં સ્વીકારેલ છે કે, સને ૧૯૯૬ માં આરોપી નં.(૧) આશારામ બાપુજીનો સુરત ખાતે પોગ્રામ હોય તેવી તપાસ કરેલી પરંતુ તે આક્ષેપના સમર્થનમાં કોઈ પુરાવો મળી આવેલ નહિ. તેમજ ૧૯૯૬ માં ફરીયાદણ સુરત ખાતે જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન ગયેલ હોય તેવા ફરીયાદણના શબ્દો સિવાય મારી તપાસમાં અન્ય કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીની આંક–૨૭૮ વાળી જુબાનીમાં ૧૯૯૬ની જન્માષ્ટમી લગત તથા આંક–૩૬૫ વાળી ફરીયાદમાં સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન તેણી તેણીના માતા પિતા સાથે સુરત જહાંગીરપુરા ખાતે આવેલ આશારામ બાપુના આશ્રમમાં સત્સંગ તથા શીબીરમાં ગયેલ ત્યારે તેણી સત્સંગ પછી આશારામ બાપુને પગે લાગવા ગયેલ ત્યારે આશારામ બાપુએ તેણીને '' મહાન નારી '' નામની બુક વાંચવા આપેલી અને તેની સાથે એક એપલ પણ આપેલુ અને '' મહાન નારી ''બુક વાંચી મને મળજો તેવુ આશારામ બાપુએ તેણીને કહેલ અને ત્યારે તેણીની શીબીરમાં રોકાયેલ તો ઢેલ અને બગલો નામની બે મહીલા સીંધી સાધકોએ તેણીને કહેલ કે, બાપુએ તને આપેલ એપલ તારા માટે ખાસ છે તે તારે જ ખાવાનુ છે અને આશારામ બાપુએ ઢેલને કહેલ કે, ઈસકો હમ મહાન વકતા બનાયેંગે '' તેમ જણાવેલ હોવાની હકીકત સદંતર ખોટી છે. બચાવપક્ષ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે તેઓ ધ્વારા આંક–૬૫૪ થી રાજકોટથી પ્રસિધ્ધ

થયેલ તા. ૦૩/૦૯/૧૯૯૬ તથા તારીખ ૦૪/૦૯/૧૯૯૬ ના સાંજ સમાચાર વર્તમાનપત્રો વંચાણે લેતાં સને ૧૯૯૬ ના વર્ષનો જન્માષ્ટમીનો પોગ્રામ રાજકોટ ખાતે યોજવામાં આવેલ અને કહેવાતા બનાવની ફરીયાદ તા. ૦૬/૧૦/૧૩ ના રોજ આપવામાં આવેલ છે. આમ ફરીયાદણની ફરીયાદ અગાઉ આશરે ૧૭ વર્ષ પહેલાં ૧૯૯૬ ના જન્માષ્ટમી અંગેના પોગ્રામના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. આરોપી નં.(૧) આશારામ બાપુને સને ૧૯૯૬ માં ભવિષ્યમાં એટલે કે ૨૦૧૩ માં તેમના વિરૂધ્ધ ફરીયાદ દાખલ થશે તેવી લેશમાત્ર ખબર ન હતી. આમ બચાવપક્ષે જરૂરી પુરાવા ધ્વારા ૧૯૯૬ ના વર્ષનો જન્માષ્ટમીનો પોગ્રામ રાજકોટ મુકામે યોજવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. જે હકીકત ધ્યાને લેતાં ફરીયાદણ સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના પોગ્રામ સબંધે તેમજ તે લગત બનાવ સબંધે જે કંઈ હકીકતો જણાવે છે તે ખોટી હોવાનું કહે છે. જો કે ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૮૯) માં ૧૯૯૬ માં જન્માષ્ટમી વખતે આશારામનો સુરતમાં કોઈ પોગ્રામ ન હતો તે વાત ખરી નહિ હોવાનું જણાવે છે. ત્યારબાદ તેણીએ ૧૯૯૬ માં જન્માષ્ટમી વખતે આશારામનો પોગ્રામ રાજકોટમાં હોવાની વાત ખરી નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સાહેદ નં. (૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૨૯) માં સને ૧૯૯૬ નો જન્માષ્ટમીનો આશારામ બાપુનો પોગ્રામ સુરત ખાતે નહી પણ રાજકોટ ખાતે હોવાની હકીકતે તે કંઈ કહી શકે નહી તેમ જણાવેલ છે.

(૫૧.૩) **આમ સને ૧૯૯૬ ના જન્માષ્ટમી સંદર્ભે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાની સમીક્ષા કરતાં** (૧) ફરીયાદણે તેણીની ફરીયાદમાં સને ૧૯૯૬ ના

જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન (૨) તા. ૧૭/૧૦/૧૩ ના તપાસનીશ અધિકારી ડી.બી. રવિયા રૂબરુ આપેલ નિવેદનમાં સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર વખતે (૩) ફરીયાદણે તેણીની આંક–૨૭૮ વાળી જુબાની દરમ્યાન સરતપાસના પેરા(૩) માં સને ૧૯૯૬ ના જન્માષ્ટમી પ્રસંગે (૪) ફરીયાદણે તેણીના ક્રિ.પ્રો. કોડ કલમ–૧૬૪ ના મેજીસ્ટ્રેટ રૂબરુના આંક–૨૮૩ વાળા નિવેદનમાં જન્માષ્ટમી શીબીરમાં ગયેલ હોવાનું અને આ ૧૯૯૬ નો બનાવ છે તેમ જણાવેલ છે. આમ ફરીયાદણે તેણીની ફરીયાદ, પોલીસ તથા મેજીસ્ટ્રેટ રૂબરુના નિવેદન કે સોગંદ ઉપરની સરતપાસમાં ૧૯૯૬ ના ચોકકસ જન્માષ્ટમીના દિવસે જ તેમ જણાવેલ નથી. બચાવપક્ષ તરફે સા.નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૦) માં સુરત આશ્રમમાં હોળી, જન્માષ્ટમી અને ડિસેમ્બર માસમાં નાતાલ પર્વના પોગ્રામ થતા હતા અને આ પોગ્રામમાં અમારે જવાનું થતુ હતુ તેમ જણાવેલ છે. તે જોતાં ચોકકસ જન્માષ્ટમીના દિવસે જ નહિ પરંતુ જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન યાને તે વખતે એટલે કે જન્માષ્ટમી પૂર્વે–જન્માષ્ટમી દરમ્યાન કે જન્માષ્ટમી પછીના અરસામાં થતાં પોગ્રામનો સમાવેશ ગણી શકાય. વળી, ફરીયાદણે ૧૯૯૬ ના વાર્ષિક પોગ્રામની ઉજવણી સંદર્ભે નહિ પરંતુ સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના તહેવાર પુર્વે , દરમ્યાન કે વખતે ઉજવવામાં આવેલ સત્સંગ શીબીર તેમ જણાવેલ છે. આમ ચોકકસ વર્ષ અગત્યનું નથી છતાં એક તબકકે એવુ માની લેવામાં આવે કે ફરીયાદણ ૧૯૯૬ ના જન્માષ્ટમીના સત્સંગ શીબીર લગતની હકીકત ખોટી અગર જુઠ્ઠી વાત કરી રહયા છે તો પણ કહેવાતા દુષ્કર્મનો બનાવ સને ૨૦૦૧ ના અરસામાં બનેલો અને બચાવપક્ષ તરફે સા.નં.(૧) તરીકે તપાસવામાં આવેલ ભોગ બનનારની સગી બહેન ગીતાબેને જ ભોગ બનનાર તેણીની બહેન અમદાવાદ

મુકામે આશારામ બાપુના મહિલા આશ્રમમા રોકાયેલ હોવાની તેમજ તેણીને સુરતમાં જે બનાવ બનેલો તેની કોઈ જાત માહિતી નહિ હોવાનું જણાવેલ છે. વળી, ફરીયાદણે પોલીસના મેળાપીપણામાં કે પોલીસે ફરીયાદણના મેળાપીપણામાં ખોટી ફરીયાદ કે ખોટુ પોલીસ નિવેદન લખાવેલ હોવાનું માની લેવામાં આવે તો પણ ફરીયાદણે મેજીસ્ટ્રેટ રૂબરુ આપેલ નિવેદનમાં પણ સને ૧૯૯૬ ના જન્માષ્ટમીની શીબીરમાં ગયેલ હોવાનું લખાવેલ છે. આમ મેજીસ્ટ્રેટ જેવા નિષ્પક્ષ સાહેદ તેઓની રૂબરુ જણાવવામાં આવે તે હકીકતથી વધારે હકીકતે કે ખોટી હકીકત લખી છે તેવુ બની શકે નહી. આમ સદર હકીકતને પણ નજર અંદાજ કરી શકાય નહી. સને ૧૯૯૬ ના બનાવના સને ૨૦૧ ૩ માં એટલે કે ૧૭ વર્ષ બાદ મૌખિક પુરાવા સિવાય અન્ય પુરાવા મળવા તે અત્યંત મુશ્કેલ છે.

**(૫૧.૪) <u>સને ૧૯૯૭ ના હોળી પર્વ સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં</u>,**

(૧) સૌ પ્રથમ ફરીયાદણે તેણીની આંક–૨૭૮ થી આપેલ સોગંદ ઉપરની સરતપાસના પેરા(૫) માં જણાવેલ છે કે '' ત્યારબાદ જહાંગીરપુરા ખાતેના આશ્રમમાં ૧૯૯૭ માં હોળીની શીબીર લાગેલ તે વખતે પણ તેણીના ઘરના બધા આ શીબીરમાં ગયેલા ત્યારે સત્સંગ પુરો થયા બાદ સાંજના આશરે સાડા આઠથી નવના ગાળામાં આશારામ હાથમાં ટોર્ચ લઈને શીવ મંદિર પાસે આંટા મારવા નીકળેલા. ત્યાં શીવ મંદિર પાસે બંન્ને સાઈડ દર્શન કરવા મહિલા ભકતો બેઠેલી હતી. જેમાં હું પણ બેઠેલી હતી તે વખતે આશારામ એક એક સ્ત્રીઓના મોઢા ઉપર ટોર્ચનો પ્રકાશ મારતા મારતા આવતા હતા અને મારા મોઢા ઉપર પણ પ્રકાશ મારેલો અને મહે કહેલુ કે, '' તુ તો વહી કૈ ના જો મુઝે મીલી થી '' મેં કહેલુ કે ''હા '' તેમણે મને કહેલુ કે, અમદાવાદમાં મોટેરામાં જે આશ્રમ

છે ત્યાં તુ અગીયાર દિવસના અનુષ્ઠાન કરવા જા. મેં કહેલુ કે, હાલમાં હું ૧૦ મા ધોરણમાં ભણુ છે. મારી એકઝામ પુરી થાય પછી હું જઈશે. તેમણે મને કહેલુ કે, ' પઢાઈ કર કે કયા કરેગી. કીતને ડોકટર હૈ, કીતને વકીલ હૈ, કૌન કીસીકો પુછતા હૈફ મીરાને કૌન શી ડોકટરી કી થી, શબરીને કૌન શી પઢાઈ કી થી, તુઝે તો મહાન વકતા બનાયેંગે, તુ અનુષ્ઠાન કરને જા. મારા માતા પિતાને વર્ષોથી આશારામમાં આસ્થા હતી અન તેઓ આશારામને માનતા હતા તેથી મને એકલીને અમદાવાદ મોટેરા ખાતેના આશ્રમમાં અનુષ્ઠાન કરવા મોકલેલી.

(૨) ફરીયાદણે તેણીની સરતપાસના પેરા(૬) માં જણાવેલ છે કે, મોટેરા આશ્રમમાં દાખલ થવા ગેટ આવેલો છે ત્યાં કાર્યાલય આવેલ છે.ત્યાં મેં મારુ નામ કહેલુ. હું સુરતથી અગીયાર દિવસના અનુષ્ઠાન કરવા આવેલી છું તેવુ કહેલુ ત્યારે કાર્યાલય ખાતે હાજર વ્યકિતએ મને કહેલુ કે હા બાપુનો ફોન આવી ગયો છે. ત્યારબાદ મને એન્ટ્રી આપેલી. મેં રૂપીયા ૩૫૦/– એન્ટ્રી ફી ભરેલી. ત્યારબાદ મને અનુષ્ઠાન માટે ૫ (પાંચ) છોકરીઓ હતી તેમની સાથે રૂમમાં રાખેલી. મેં અગિયાર દિવસના અનુષ્ઠાનમાં મારો હરીઓમ મંત્ર હતો. તેના ત્રણ લાખ જપ કરેલા. ત્યારબાદ મારો અગીયાર દિવસનો અનુષ્ઠાન પુરો થતાં હું પરત જવા મહીલા આશ્રમના સંચાલક ધ્રુવબેન હતા તેમની પાસે મંજુરી લેવા ગયેલી કે, મારા અગીયાર દિવસના અનુષ્ઠાન પુરા થઈ ગયેલ તેમણે મને મંજુરી આપેલી નહી અને કહેલુ કે તારે તો હજુ અહીંયા રોકાવવાનું છે. તને બાપુ વકતા બનાવવાના છે. ત્યારબાદ મને લઈને લક્ષ્મીમૈયા પાસે ગયેલા. લક્ષ્મીમૈયા આશારામની પત્ની છે. તેમણે પણ મને કહેલુ કે , તું રોકાઈ જા. ત્યારબાદ પંદર દિવસ પછી મારી મમ્મી મને સુરતથી લેવા માટે મોટેરા આશ્રમ આવેલા. હું મારી માતાને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલી. તેમણે મારી માતાને કહેલુ કે, તારે તારી છોકરી કોઈને તો આપવાની

જ છે. તો તું અહીંયા આપી દે. આપણા કુટુંબમાંથી કોઈ એક વ્યકિત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જાય છે. ત્યારબાદ હું મારી માતા લેવા આવેલ હોઈ રડવા લાગેલી. મૈયાએ મને પ્રસાદ આપેલ અને કહેલુ કે રડે છે કેમ ? ત્યારબાદ મારી માતા મને લીધા વિના સુરત પરત જતા રહેલા. ત્યારબાદ હું આશ્રમમાં ચુર્ણહોલમાં સેવા આપતી હતી અને મહિલા આશ્રમમાં રહેતી હતી. ચુર્ણ હોલમાં મેં છ મહીના સેવા આપેલી. ત્યારબાદ મને ઘંટીની જવાબદારી સોંપેલી. અમે સંતકૃપા ચુર્ણ, અશ્વગંધા ચુર્ણ, ધુપ વિગેરે બનાવતા હતા. ચુર્ણ બનાવવાની કામગીરી સવારે આઠ થી બપોરના સાડાબાર અને બપોરે દોઢથી સાંજના સાત વાગ્યા સુધી ચાલતી હતી. આ માટે મને કોઈ મહેનતાણુ આપતા ન હતા. મારા માસિક ખર્ચ માટે મારી માતા દર મહીને રૂપિયા ૫૦૦/– મોકલતા હતા તેમાંથી હું મારો ખર્ચ કરતી હતી.

(૩) ત્યારબાદ ફરીયાદણે તેણીની સરતપાસના પેરા(૭) માં જણાવેલ છે કે, એક વખત આશારામ ગાડી લઈને મહિલા આશ્રમમાં ચકકર મારવા આવેલા. તે વખતે તેમણે મને કહેલુ કે તુ તો સુરતવાલી હૈ ના, મેં હા પાડેલી તે વખતે તેમણે મને ફુલનો હાર આપેલો. સને ૨૦૦૧ સુધી હું ચૂર્ણ બનાવવાનું કામ કરતી હતી.

(૪) ફરીયાદણે તેણીની તા.૦૬/૧૦/૨૦૧૩ ની આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદમાં, તેણીના તા. ૧૭/૧૦/૧૩ ના તપાસનીશ અધિકારી ડી.બી. રવિયા રૂબરુ આપેલ નિવેદનમાં તથા તેણીના તા. ૦૯/૧૦/૧૩ ના મેજીસ્ટ્રેટ રૂબરુના આંક–૨૮૩ વાળા નિવેદનમાં પણ સને ૧૯૯૭ ના હોળીના શીબીર વખતના તથા તે લગત અને ત્યારબાદ સને ૨૦૦૧ ની ગુરૂપૂર્ણિમાની શીબીર પહેલાં બનેલ બનાવોની ઘટનાક્રમ જણાવેલ છે.

(૫) બચાવપક્ષના જણાવ્યા મુજબ ઉપરોકત સને ૧૯૯૭ ના વર્ષનો ઘટનાક્રમ અને તેમાંય મુખ્યત્વે આરોપી નં(૧) આારામ બાપુએ ફરીયાદણ યાને ભોગ બનનારને ' તું તો વહી હૈ ના જો મુઝે મીલી થી'' મેં કહેલુ કે '' હા '' વિગેરે હકીકત સને ૧૯૯૬ ના વર્ષ સાથે સીધી સંકળાયેલ છે. અને ઉપયુકત ચર્ચા અન્વયે જયારે ફરીયાદપક્ષ ૧૯૯૬ ના જન્માષ્ટમી પર્વનો પોગ્રામ સુરત મુકામે ઉજવવામાં આવેલ હોવાની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને બચાવપક્ષ ૧૯૯૬ ના જન્માષ્ટમી અંગેનો પોગ્રામ રાજકોટ ખાતે ઉજવવામાં આવેલ હોવાની હકીકત દસ્તાવેજી પુરાવા દ્વારા સફળતાપૂર્વક રેકર્ડ ઉપર લાવી શકેલ અને તે અન્વયે આરોપી નં(૧) આશારામ બાપુ ફરીયાદણ યાને ભોગ બનનાર સને ૧૯૯૬ ના વર્ષમાં એકબીજાને મળેલ ન હોઈ તેમની વચ્ચેના સંવાદનો કે ઓળખનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

(૬) ફરીયાદણ વધુમાં તેણીની સરતપાસના પેરા(૫) માં તેણી દસમા ધોરણમાં ભણતી હોવાની અને તેણી તેણીના દસમા ધોરણની એકઝામ પુરી થયા પછી અનુષ્ઠાનમાં જઈશ તેવી જે હકીકત જણાવેલ છે. તે આરોપી નં.(૧) વિરૂધ્ધ પુર્વગ્રહ ઉભો કરવા જણાવેલ હોવાની બચાવપક્ષની દલીલ છે. આ સંદર્ભે સદર સાહેદની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૩૫) માં તેણીએ સને ૧૯૯૭ ની સાલમાં તેણીએ દસમા ધોરણની પરીક્ષા આપવાની વાત તેમજ સને ૧૯૯૫ માં આઠમા ધોરણમાં અને સને ૧૯૯૬ માં નવમા ધોરણમાં ભણતી હોવાની વાત ખરી હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ તેણીએ સને ૧૯૯૫ માં ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ હોવાની વાત તેમજ માર્ચ ૧૯૯૫ માં તેણીના દસમા ધોરણની પરીક્ષાનો સીટ નં. બી-૦૬૦૬૧૮ હોવાની હકીકત તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેણીએ તેણી દસમા ધોરણમાં

બે વિષયમાં ફેઈલ થયેલ હોવાની વાત ખરી હોવાનું જણાવેલ છે. પરંતુ તે સાલ તેણીને યાદ નહિ હોવાનું જણાવેલ છે તેમજ તેણીએ તે બે વિષયની પરીક્ષા જુલાઈ–૧૯૯૫ માં આપેલ અને તેમાં તેણીનો સીટ નં. ૨૨૦૯૩૩ હોવાની વાત ખરી નહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ સને ૧૯૯૫ માં આઠમા ધોરણમાં અને સને ૧૯૯૬ માં નવમા ધોરણમાં ભણતી હોવાની વાત ખોટી હોવાનું તેણીની ઉલટ તપાસમાં કહી શકી હોત પણ તેણીએ તેમ કરેલ નથી અને તેણી તેણીની પોતાની જાળમાં સપડાઈ ગયેલ છે. ફરીયાદણે તેણી સને ૧૯૯૭ ની સાલમાં દસમા ધોરણની પરીક્ષા આપવા માંગતી હોવાનું પરંતુ આરોપી નં.(૧) એ તેણીને પરીક્ષા આપવા દીધેલ નહિ હોવાની ખોટી હકીકત હોવાનું ફલીત થાય છે. આ સંદર્ભે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૪) તરીકે ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડના આસીસ્ટન્ટ સેક્રેટરી વિપુલ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે અને સદર સાહેદે અસલ રીઝલ્ટ રજીસ્ટર્ડમાં બેઠક/સીટ નં. બી–૦૬૦૬૧૮ ની એન્ટ્રીમાં ભોગ બનનારનું નામ અને તે માર્ચ–૧૯૯૫ નું એસ.એસ.સી.નું રીઝલ્ટ હોવાનું અને તેમાં તેણી ફેઈલ થયેલ અને તેની પ્રમાણીત નકલ આંક–૭૩૧ થી તેમજ બેઠક/સીટ નં. બી–૨૨૦૯૩૩ ની એન્ટ્રીમાં પણ ભોગ બનનારનું નામ અને તે ઓકટોબર ૧૯૯૫ એસ.એસ.સી. નું રીઝલ્ટ હોવાનું અને તેમાં તેણી ફેઈલ થયેલ હોવાનું અને તેની પ્રમાણીત નકલ આંક–૭૩૨ થી રજુ થયેલ છે. જે દર્શાવે છે કે ફરીયાદણના કોર્ટ સમક્ષ આરોપી નં (૧) પ્રત્યે પ્રેજયુડાઈસ ઉભો કરવાના બદઆશયથી સોગંદ ઉપર ખોટો પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૨૯) માં સને ૧૯૯૬ અને સને ૧૯૯૭ લગત ફરીયાદણએ જે ફરીયાદ અને નિવેદનોમાં

જણાવેલ છે તે લગત કોઈ પુરાવો મળી આવેલ નહિ હોવાની વાત ખરી હોવાનું તેમજ ફરીયાદણ ૧૯૯૭ માં દસમા ધોરણમાં અભ્યાસ કરતા હોય તે સબંધે તેઓએ કોઈ તપાસ કરેલ નહી અને ફરીયાદણએ કેટલો અભ્યાસ કરેલ છે તે લગત તેઓએ તેણીની સ્કૂલમાં જઈ કોઈ રેકર્ડ મેળવેલ નહી હોવાની તેમજ ફરીયાદણ કઈ સ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે પણ ફરીયાદણએ તેની ફરીયાદ અને તેના નિવેદનમાં જણાવેલ નહિ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે અને તેઓએ પણ ફરીયાદણને પુછેલ નહી કે તેણી કઈ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. ખરી રીતે તો તપાસનીશ અધિકારીની ફરજમાં આવે છે કે તેમણે આ સંદર્ભે તપાસ કરી સચોટ પુરાવા એકત્ર કરવા જોઈએ. પરંતુ તેમ કરેલ નથી અને ફરીયાદણે તેણીની ફરીયાદ અને નિવેદનોમાં જણાવેલ હકીકતો સનાતન સત્ય હોવાનું માની લઈ ફરીયાદણના ખોટા કેસને સમર્થન કરી એક તરફી તપાસ કરેલ છે તેમજ વિશ્વસનીય અને અગત્યના પુરાવા મેળવેલ નથી અને જો તેમ થાય તો આરોપીની તરફેણમાં કેસ આવી જાય અને ફરીયાદનો કેસ ધ્વંશ થઈ જાય તેવી બચાવપક્ષ તરફથી દલીલ કરવામાં આવેલ છે.

(૭) વધુમાં ફરીયાદણે સને ૧૯૯૭ ની હોળીની શીબીરમાં તેણીના માતા–પિતા અને ભાઈ–બહેન સાથે હાજર રહેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેણીની માતા અને ભાઈનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ હોવા છતાં તેઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ તેણીના પિતાનું તો કોઈ નિવેદન પણ નોંધવામાં આવેલ નથી. એટલું જ નહી ફરીયાદપક્ષ તરફથી નામદાર કોર્ટમાં આંક–૬૭૭ થી રજુ કરવામાં આવેલ પુરસીસમાં ફરીયાદણના માતૃશ્રી સંત શ્રી આશારામ બાપુના સમર્પિત સાધક હોઈ તેઓને ડ્રોપ કરવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. જે હકીકત રેકર્ડથી વિરૂધ્ધ છે. ફરીયાદણના માતૃશ્રી

કયારેય આશ્રમના સમર્પિત સાધક ન હતા અને તેવો ફરીયાદપક્ષનો કેસ પણ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૧૪(જી)મુજબ વિરૂધ્ધનું અનુમાન દોરવુ જોઈએ.

(૮) બચાવપક્ષ તરફે સા.નં.(૧) તરીકે ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન હીરપરાને આંક–૬૯૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદણે પણ તેણીની સરતપાસના પેરા(૩) માં જણાવેલ છેકે '' મારી મોટી બહેન/ભોગ બનનાર ધોરણ–૧૦ માં ભણતી હતી ત્યારે બોર્ડની પરીક્ષામાં બે વાર નાપાસ થયેલ હતી. ત્યારપછી ભોગ બનનાર/ મારી બહેને ભણવાનું છોડી દીધેલ હતુ અને મારી બહેન/ભોગ બનનાર ઘરકામ કરતી હતી. ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૧) માં તેણીએ જણાવેલ છે કે ભોગ બનનાર ધોરણ–૧૦ માં બે વાર નાપાસ થયેલ તે હકીકત જણાવુ છુ. તે સને ૧૯૯૫ ની વાત છે.

(૯) આ તબકકે એ હકીકત નોંધપાત્ર છે કે બચાવપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ સા.નં. (૧) ગીતાબેન ફરીયાદણ યાને ભોગ બનનારની સગી બહેન થાય છે. ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત અન્વયે ફરીયાદપક્ષના સાહેદો તેમજ બચાવપક્ષના સાહેદોના પુરાવાનું મુલ્યાંકન એક સરખી રીતે કરવુ જોઈએ. હાલના કેસમાં પ્રોસીકયુશન તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે બચાવપક્ષના સાહેદો આરોપી નં (૧) આશારામ બાપુના અનુયાયીઓ છે અને તેઓને બચાવપક્ષ ધ્વારા જીતવામાં આવેલ છે. અને તેઓ આરોપીઓને બચાવવા માટે તેઓની જુબાનીમાં ખોટા નિવેદનો આપેલ છે. આ થીયરી ફરીયાદપક્ષના સાહેદો સંદર્ભે પણ તેટલી જ લાગુ પડે છે. કારણ કે ફરીયાદપક્ષના મોટાભાગના સાહેદોએ આરોપી નં.(૧)

સાથે દુશ્મનાવટભર્યા સબંધો વિકસાવેલ છે અને તેઓને કહેવાતા બનાવ અંગે કોઈ જાતમાહિતી ધરાવતા ન હોવા છતાં તેમજ તે પૈકી કેટલાક સાહેદો તો ફરીયાદણ યાને ભોગ બનનારને ઓળખતા પણ ન હોવા છતાં આરોપીઓ વિરૂધ્ધ પુર્વગ્રહ ઉભો કરવાના આશયથી ખોટો પુરાવો આપેલ છે.

(૧૦) ફરીયાદણે તેણીની આંક–૨૭૮ વાળી જુબાનીના પેરા(૫) માં ૧૯૯૭ ના હોળીના અરસામાં આરોપી નં (૧) આશારામ બાપુને મળેલ તે સમયે આરોપી નં (૧) આશારામ બાપુએ તેણીને ઓળખી ' તુ તો વહી હૈ ના જો મુઝે મીલી થી ' મેં કહેલુ કે 'હા' તે વાત સને ૧૯૯૬ ના જન્માષ્ટમીના અરસા સમયે તેણીની સૌ પ્રથમવાર આરોપી નં (૧) આશારામને મળેલ તે લગત સંકળાયેલી છે અને અગાઉ કરેલ ચર્ચા અન્વયે સને ૧૯૯૬ માં સુરત જહાંગીરપુરા ખાતે જન્માષ્ટમીનો પોગ્રામ ઉજવવામાં આવેલ ન હોઈ, સને ૧૯૯૭ માં આરોપી નં (૧) આશારામબાપુ એ ફરીયાદણને ઓળખી તે લગત જે વાત કરેલ તેવી ફરીયાદપક્ષની હકીકત સબંધે સચોટ પુરાવો રજુ થયેલ ન હોઈ તે હકીકત માની શકાય તેમ નથી અને આરોપી નં (૧) આશારામ બાપુએ તે સમયે તેણીને અમદાવાદ આશ્રમમાં ૧૧ દિવસના અનુષ્ઠાન કરવા જા તેમ જણાવેલ તે હકીકત પણ ફરીયાદપક્ષ સચોટ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

બચાવપક્ષ તરફે સાહેદ નં (૧) તરીકે તપાસવામાં આવેલ ગીતાબેન હીરપરા કે જેઓ ફરીયાદણ યાને ભોગ બનનારના સગા બહેન થાય છે તેઓએ તેમની જુબાનીના પેરા(૪) માં '' મારી બહેન/ભોગ બનનારને આશ્રમમાં જવાનું સારુ લાગતુ હતુ એટલે કે અવાર નવાર સુરત આશ્રમે જતી હતી. ત્યારબાદ સુરતની અમુક બહેનો અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં ૧૦–૧૫ દિવસ માટે રહેવા જવાની હતી ત્યારે મારી બહેન ભોગ

બનનારે મારા માતા–પિતાની રજા લઈને સુરતની અમુક બહેનો જોડે અમદાવાદ ખાતે મહિલા આશ્રમમાં જવાનું નકકી કરેલ '' તેમ જણાવેલ છે. આમ ભોગ બનનાર આરોપી નં (૧) આશારામ બાપુની સુચના કે ડાયરેકશન/નિર્દેશ અન્વયે અમદાવાદ મુકામે અનુષ્ઠાન અર્થે ગયેલ નહી આ હકીકત ભોગ બનનારની બહેન પારૂલના પોલીસ રૂબરુના નિવેદનમાં ખુલવા પામેલ છે. જે સંદર્ભે તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ પણ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પેરા (૨૧૪) માં સ્વીકારેલ છે કે પારૂલબેને તેઓના તા. ૦૯/૧૦/૧૩ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે '' મારી મોટી બહેન આજથી આશરે સોળેક વર્ષ પહેલાં સને ૧૯૯૭ ની સાલમાં અનુષ્ઠાનના જપ માટે અમદાવાદ મોટેરા ખાતે આવેલ સંત આશારામ બાપુના આશ્રમમાં ગયેલી અને ત્યાં આશારામ બાપુએ મારી બહેનને અગીયાર દિવસના અનુષ્ઠાનમમાં હરીઓમ મંત્રના જપ કરવા જણાવેલુ.'' આમ ફરીયાદણ યાને ભોગ બનનાર સને ૧૯૯૭ ની સાલમાં અનુષ્ઠાન અર્થે અમદાવાદ આશ્રમમાં ગયેલ અને ત્યાં તેણીને આરોપી નં(૧) આશારામ બાપુએ અગીચાર દિવસના અનુષ્ઠાનમાં હરીઓમ મંત્રના જાપ કરવા જણાવેલ હોવાની હકીકત બચાવપક્ષ ધ્વારા રેકર્ડ પર લાવવામાં આવે છે.જે હકીકતથી સ્પષ્ટ થાય છે કે આ કામના ભોગ બનનાર આરોપી નં.(૧) આશારામ બાપુના આશ્રમમાં અગિયાર દિવસના અનુષ્ઠાન માટે ગયેલા. આમ સદર રીતે પણ ફરીયાદપક્ષે સને ૧૯૯૭ લગત જણાવેલ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

**(૫૧.૫) સને ૨૦૦૧ ના કહેવાતા બનાવ સંદર્ભે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં,**

ભોગ બનનારે તેમની સરતપાસના પેરા નં.(૯)(૧૦) તથા પેરા નં.(૧૬) માં નીચે મુજબ જણાવેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**પેરા નં(૯)**

... ત્યારબાદ થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન મને બોલાવવા આવેલા અને કહેલુ કે, તને ભારતીબેન બોલાવે છે. ભારતીબેન આશારામની પુત્રી છે. હું ભારતીબેન પાસે ગયેલી. તેમણે મને કહેલુ કે, તારે અને ટીના એકયુપ્રેશરે હમણા શાંતીવાટીકા આશારામ બાપુ પાસે જવાનુ છે તેમ કહીને મને અને ટીનાને તેમની ગાડીમા આશારામના ફાર્મ હાઉસ શાંતીવાટીકા લઈ ગયેલા.અમે ત્યા પહોચેલા ત્યારે અખીલ નામનો આશારામનો રસોઈયો હતો તેણે અમારી આવવાની જાણ અંદર કરેલી.ત્યારબાદ રસોઈયાને બહાર મોકલી દિધેલો.ત્યારબાદ અંદરથી મોટા અવાજે કહેલુ કે,એક કે બાદ એક અંદર આજા.પહેલે ટીના આવે.ત્યારબાદ ટીના અંદર ગયેલી.શાંતીકુટીયા બે રુમની બનેલી છે.પહેલા રુમમા હું અને ટીના હતા ત્યાંથી ટીના વચ્ચે બાથરુમ પડે છે ત્યાં હાથ પગ ધોઈને તેના પછી આવેલી બીજી રુમમા ગયેલી.ત્યારબાદ દસેક મીનીટ પછી ટીના બહાર આવેલી અને મને અંદર જવા માટે કહેલુ.બહાર ભારતી ગાડી લઈને ઉભી હતી તેને ટીનાને લઈને જતા રહેવા કહેલુ.મે કહેલુ કે,મને પણ જોડે લઈ જાવ.ભારતીબેને કહેલુ કે,થોડીવાર પછી હુ તને લેવા આવુ છું તેમ કહીને ટીનાને લઈને ભારતીબેન જતા રહેલા.ત્યારબાદ અંદરના રુમમાંથી જોરથી કહેલુ કે,હાથ પેર ધો કે અંદર આ જાવો.ત્યારબાદ હું બાથરુમના દરવાજે થઈને અંદરના રુમમા ગયેલી.હું રુમમા ગઈ ત્યારે અંદર આશારામ હતા અને તેમણે મને કહેલુ કે,બારી પાસે ઘી ની વાટકી છે તે લઈ આવ અને મારા માથે માલીસ કર.બાપુ શેટી ઉપર બેઠા હતા.મને માલીસ કરવાનુ કહી તેઓ શેટી ઉપર લાંબા થઈ સુઈ ગયેલા.હુ ત્યા જમીન ઉપર નીચે બેસીને આશારામના માથા ઉપર ઘી થી માલીસ કરતી હતી.હુ માલીસ કરતી હતી તે વખતે આશારામે તેના હાથથી મારા મોઢા

ઉપર, ગળા ઉપર, છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા.મે કહેલુ કે મને આવુ ગમતુ નથી મને આવુ ન કરો. તેમણે કહેલુ કે,તેરે ભાગ્ય મે સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા તભી તો તુ મહાન વકતા બનેગી.આવુ કહી તેમણે તેમના અડપલા ચાલુ રાખેલા અને મને કહેલુ કે તારો દુપટ્ટો સાઈડ ઉપર મુકી દે મે ના પાડેલી ત્યારે તેમણે જબરજસ્તી થી મારો દુપટ્ટો ખેચી નાખેલો અને સાઈડ ઉપર ફેકી દિધેલો.તેમણે દુપટ્ટો ખેચેલો તે વખતે મારા હાથમા ઘી ની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી.અને ઘી નીચે ઢોળાઈ ગયેલુ અને તે વખતે આશારામ એકદમ ગુસ્સે થઈને ઉભા થઈ ગયેલા અને કહેલુ કે,સાલી તુને મેરી કુટીયા ગંદી કર દી.હું આશારામનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયેલી અને રડવા લાગેલી.તેમણે કહેલુ કે,તુ જીતના જલ્દી સમર્પણ કરેગી ઉતના હી તેરે લીયે અચ્છા હૈ.મે હાથ જોડીની ખુબ વિનંતી કરેલી કે,મને છોડી દો મને જવા દો.તેમ છતા આશારામે મને જબરજસ્તીથી પકડીને તેમના બેડ ઉપર ધકકો મારીને પાડી દિધેલી.ત્યારબાદ તેમણે મારી પાસે આવીને મારી સલવારનુ નાડુ એકદમ જોરથી ખેચેલુ જેથી નાડુ તુટી ગયેલુ.આશારામે મારી સલવાર ખેચીને કાઢી નાખેલી.તે રુમને બે દરવાજા હતા જે પૈકી એક દરવાજો મચ્છર જાડીવાળો હતો મે ત્યાથી નાશી જવા મચ્છર જાડીનો દરવાજો દોડીને ખોલી દિધેલો અને બીજો દરવાજો ખોલવા જાવુ તે પહેલા આશારામ આવી ગયેલા અને મને જોરથી ખેચીને ફરીથી તેમની પથારી ઉપર પાડી દિધેલી.મને પથારી ઉપર ફેકેલી તે વખતે મને હાથની કોણી પાસે અને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો તેથી મારાથી જોરથી ચીસ પડાઈ ગયેલી. તે વખતે આશારામે કહેલુ કે,ચીલ્લા જોર સે ચીલ્લા જીતના ચીલ્લાના હો ઉતના ચીલ્લા યહા કોઈ નહી આયેગા.મે બચવા માટે ખુબ બુમો પાડેલી,રડેલી પરંતુ મને બચાવવા માટે શાંતીવાટીકા પાસે કોઈ આવેલુ નહી.

**પેરા નં(૧૦)**

... ત્યારબાદ આશારામે પોતાની લુંગી કાઢી દિઘેલી અને મારા બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે મારુ અડધુ શરીર બેડ ઉપર હતુ અને અડધુ નીચેનુ શરીર બેડની નીચે લટકતુ હતુ.મારા બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી મારા બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા.હું આખી પથારીની નીચે જવા માટે પ્રયત્ન કરતી હતી.ત્યારબાદ આશારામે તેમના પગથી મારો એક પગ જોરથી પલંગની ઉપર ખેચેલો અને મારો એક પગ નીચે લટકતો હતો.તે વખતે આશારામે મારી ઉપર બળાત્કાર કરેલો. તે વખતે મને અશહ્ય દુખાવો થતો હતો.હું ચીસ પાડતી હતી અને મારા ગુપ્ત ભાગેથી બ્લીડીગ શરુ થઈ ગયેલુ. ત્યારબાદ થોડીવાર પછી આશારામે મને છોડી દિઘેલી.અને મને કહેલુ કે,તુને મુઝે સહયોગ નહી દીયા ઐશે તેરા સંસાર નહી કટેગા.તેમણે મને કહેલુ કે,તુ રાત કો સ્વસ્થ હોકે ફીરસે આયેગી મે ના પાડેલી. તેમણે મને કહેલુ કે,બાથરુમમે જા ઔર એક ટબમે પાની લેકે આ.તે વખતે મારુ શરીર એકદમ કાપતુ હતુ અને બ્લીડીગ ચાલુ હતુ મે તે વખતે સફેદ કપડા પહેરેલા હતા અને તેના ઉપર પણ લોહીના ડાઘા પડેલા.તે વખતે મારા શરીર ઉપર કુર્તો હતો.આશારામે એક બે મીનીટ સુધી બદકામ કરેલુ ત્યારબાદ મને છોડી દિઘેલી.મને બ્લીડીગ ચાલતુ હતુ તેથી મારા પગ ઉપર પણ લોહી પડેલુ તેથી બાથરુમમા જઈને સૌપ્રથમ મે મારુ શરીર ધોયેલુ અને ત્યારબાદ ટબમા પાણી લઈને હું અંદર ગયેલી.તેઓ બેડ ઉપર બેસી ગયેલા અને ટબનુ પાણી હાથમા લીઘેલુ અને તેમનુ લીંગ સાફ કરેલુ અને મને કહેલુ કે,તુ નીચે બેઠ જા.ત્યારબાદ તેમણે મને કહેલુ કે તેમનુ લીંગ બતાવેલુ અને કહેલુ કે,યે અમૃત હૈ સબકે ભાગ્ય મે નહી હોતા.તેમ કહી આશારામે મારુ મોઢુ પકડીને જબરજસ્તી થી

તેમનુ લીંગ મારા મોઢામા નાખેલુ.અને જોર જોરથી મોઢામા લીંગ નાખતા હતા જે મારા ગળા સુધી જતુ હતુ જેથી મને ઉપકા આવતા હતા અને લીંગ મોઢામાંથી બહાર નીકળી જતુ હતુ.ત્યારે આશારામ જબરજસ્તીથી મારુ મોઢુ પકડીને તેમનુ લીંગ મારા મોઢામા નાખતા હતા.આવુ ત્રણ ચાર મીનીટ સુધી તેમણે કરેલુ અને મને કહેલુ કે,જા બાથરુમ મે જા કે બાથરુમ કર લે નહી તો કુછ રહ જાયેગા.ત્યારબાદ હું બાથરુમમા ગયેલી અને આશારામે મારી સલવાર અને મારો દુપટ્ટો ત્યા આવીને મને આપી દિધેલો.સલવારનુ નાડુ તુટી ગયેલુ હતુ મારી પાસે સેપ્ટીપીન હતી તેનાથી સલવારનુ નાડુ નાખીને મે સલવાર પહેરેલી.ત્યારબાદ આશારામે મને કહેલુ કે,મેરા કોડલેસ લા અને ત્યારબાદ મને બીજા રુમમા જવા માટે કહેલુ.મે કપડા પહેરી કોડલેસ લઈને તેમને આપેલો ત્યારે તેમણે મને કહેલુ કે,યહા જો હુઆ હૈ ઉસકી ભનક કીસી કો નહી હોની ચાહીયે નહી તો ભસ્મ કર દુંગા ઔર બહાર ઈસકા ગલત મેસેજ જાયેગા.ત્યારબાદ હું બીજા રુમમા જતી રહેલી.ત્યારબાદ થોડીકવારમા ભારતીબેનની ગાડી આવી ગયેલી અને તેમા મને બેસાડી દિધેલી અને મહીલા આશ્રમ પાસે શાલીગ્રામ સોસાયટી આવેલી છે ત્યા મને ઉતારી દિધેલી.મને ગાડીમાં સાથે લઈ જાય તો આશ્રમમા બીજા જોઈ લે કે આને ગાડીમા શાંતીવાટીકા લઈ ગયેલા તેથી મને શાલીગ્રામ સોસાયટી પાસે ઉતારી દિધેલી અને કહેલુ કે,તુ ચાલતી આશ્રમમા આવ.

**<u>પેરા નં(૧૬)</u>**

...ત્યારબાદ પોગ્રામમાંથી રીપોર્ટ આપવા માટે હું એક વખત મોડાસા ગયેલી. જયાં આશારામ રોકાયેલા હતા. હું રીપોર્ટ આપવા રૂમમાં ગયેલી. ત્યાં આશારામ હતા અને ત્યા નીચે ઢેલ અને બીજી ત્રણ ચાર છોકરીઓ બેસેલી હતી. તે વખતે આશારામે માત્ર ઉપરના ભાગે કુર્તો પહેરેલો હતો અને નીચેના

ભાગે કાંઈ પહેરેલુ ન હતુ. અને કહેલુ કે ઢેલ ઈસકો બતા સમર્પણ કીસે કહેતે હૈ. આવુ કહેતા ઢેલ આશારામનુ લીંગ પોતાના મોઢામા નાખીને ગંદુ કરવા લાગેલી.ત્યારબાદ આશારામે પોતાનુ લીંગ ત્યા હાજર બીજી છોકરીના મોઢામા નાખેલુ અને તેમ કરતા તે છોકરીના ગળામા જોરથી ધકકો વાગેલો તેથી તે છોકરીને ત્યાજ ઉલ્ટી થઈ ગયેલી.ત્યારબાદ આશારામે બધાને બહાર કાઢી મુકેલા.મારે રીપોર્ટ આપવાનો બાકી હતો.આશારામ રુમમાંથી બહાર આવેલા અને મારી પાસે આવી કહેલુ કે,મારી સાથે ચાલતી જા અને રીપોર્ટ આપતી જા.હું પોગ્રામનો રીપોર્ટ આપતી હતી ત્યારે રીપોર્ટ વિશે સાંભળવાની જગ્યાએ આશારામે તેમનો હાથ મારા કપડામા જ નાખીને હાથ છાતી ઉપર નાખેલો.ત્યારબાદ હું મોડાસા થી મોટેરા આશ્રમ પરત આવી ગયેલી.મોડાસામા આશારામનો આશ્રમ હાઈવે ઉપર આવેલો છે તે ગામનુ નામ આજે યાદ નથી.

**(૫૧.૬)** ફરીયાદણ યાને ભોગ બનનારની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૪૦) માં તેણીએ જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મને અને ટીના એકયુપ્રેશરને શાંતીવાટીકા લઈ ગયેલા તેવી હકીકત હું ખોટી જણાવુ છે. પેરા(૭૧) માં જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મેં મારી સરતપાસના પેરા(૨૩) માં સને ૨૦૦૧ માં બનેલ બનાવ વખતે મારા કપડા લોહીવાળા થયેલા તે શા કારણસર મેં પોલીસમાં રજુ કરેલા નહી તે અંગે જે વિગત જણાવેલ છે તે મારી ફરીયાદને સમર્થન કરવા ખોટી ઉભી કરેલ છે, પેરા(૧૦૦) માં જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, આરોપી ભારતીબેન તેમના લગ્ન બાદ તેમની સાસરીમાં રહેતા હતા તેમજ એ વાત ખરી નથી કે સને ૨૦૦૧ માં અખીલ નામનો કોઈ રસોઈઓ આશારામ સાથે ન હતો.

**(૫૧.૭)** આમ મહદઅંશે ફરીયાદણ યાને ભોગ બનનારે કહેવાતા બનાવ સંદર્ભે જણાવેલ/ ઉલ્લેખેલ બનાવો તથા ઘટનાઓને બચાવપક્ષ ધ્વારા ઉલટ તપાસમાં જરૂરી બચાવ રજુ કરી પડકારવામાં આવેલ હોવાનું ગર્ભિત રીતે ફલીત થાય છે. કહેવાત બનાવ સંદર્ભે તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૮૬) તથા (૧૧૧) થી (૧૧૮) માં જણાવેલ છે કે :

**પેરા (૮૬)** એ વાત ખરી છે કે**,**ફરીયાદણના શરીરસ્થિતિના પંચનામા આંક-૧૩૬ માં આ ગુનાનો કહેવાતો બનાવ સને ૨૦૦૧ માં ગુરુપૂર્ણિમાના દિવસનો જણાવેલ છે.

**પેરા(૧૧૧)** ફરીયાદણએ તેની ફરીયાદમાં કહેવાતો ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ ની ગુરુપુર્ણીમાના સમયે પ્રોગ્રામ પછી'' એવુ જણાવેલ છે. સી.આર.પી.સી કલમ-૧૫૭ ના રીપોર્ટ મુજબ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ નાં ગુરુપુર્ણીમાના દિવસે'' બનેલો છે તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છેકે**,** તા.૦૮/૧૦/૨૦૧૩ ના મારા રૂબરૂના વધારાના નિવેદનમાં ફરીયાદણએ ''૨૦૦૧ ના જન્માષ્ટમીના દીવસનો બનાવ (આક્ષેપીત બળાત્કાર)'' જણાવેલ છે.

**પેરા(૧૧૨)** એ વાત ખરી છે કે**,** તા.૦૮/૧૦/૨૦૧૩ ના સવાલ-જવાબ વાળા મારા રૂબરૂ ના વધારાના નિવેદનમાં ફરીયાદણએ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને-૨૦૦૧ માં '' બનેલ તેવું જણાવેલ છે. એ વાત ખરી છે કે મારા રૂબરૂ ના તા.૦૯/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદણએ એવું જણાવેલ છે કે ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને-૨૦૦૧ માં ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ પુરો થયા પછી એક દીવસે જે ચોકકસ દિવસ મને યાદ નથી.''

**પેરા(૧૧૩)**એ વાત ખરી છેકે મારા રૂબરૂ ના તા.૧૭/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદણએ એવું જણાવેલ છે કે,'' બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની ગુરુપુર્ણિમાના અમદાવાદ ખાતેના કાર્યક્રમો પુરો થયા પછીના દીવસે''

**પેરા(૧૧૪)** એ વાત ખરી છેકે તા.૦૧/૦૧/૨૦૧૪ ના વધારાના નિવેદન (સવાલ–જવાબના રૂપ)માં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે,''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની સાલમાં ગુરુપુર્ણિમાંના દીવસો પછી જેના તારીખ કે વાર મને યાદ નથી.'

**પેરા(૧૧૫)** એ વાત ખરી છેકે મારા રૂબરૂના તા.૦૩/૦૧/૨૦૧૪ ના વધારાના નિવેદન (સવાલ–જવાબના રૂપ)માં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે, ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં ગુરુપુર્ણિમાં પછી.''

**પેરા(૧૧૬)**આંક–૨૮૩ ના સી. આર. પી. સી. કલમ–૧૬૪ ના નીવેદનમાં ફરીયાદણએ બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં બપોરે બે વાગ્યાના સમયે એટલું જણાવેલ છે.

**પેરા(૧૧૭)**એ વાત ખરી છે કે, ફરીયાદણની ફરીયાદ તથા તેના તમામ નિવેદનો અને સી. આર. પી. સી. ની કલમ–૧૬૪ ના નિવેદનો માં બનાવ સંબંધે વિસંગતતા હોય તે માટે ફરીયાદણને આ તમામ નીવેદનો વાંચી સંભળાવી તેનો કોઈ ખુલાસો મેળવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા.૧૩/૧/૨૦૧૪ ના અમારા રૂબરૂના ફરીયાદણના વધારાના નીવેદનમાં બનાવ બાબતે જણાવેલ છે કે સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાં પછી બનાવ (આક્ષેપીત બળાત્કાર) બનેલ છે.

**પેરા (૧૧૮)** એ વાત ખરી છે કે, તા. ૮/૧૦/૨૦૧૩ નું ફરીયાદણનું મે વધારાનું નીવેદન લીધુ તે પહેલા મેં ફરીયાદણને તેની ફરીયાદ વાંચી સંભળાવી હતી. એ વાત ખરી છે કે, મે ફરીયાદણને ફરીયાદ વાંચી સંભળાવી તેમ છતાં ફરીયાદણએ '' તા.૮/૧૦/૨૦૧૩ ના મારા રૂબરૂ ના નીવેદનમાં ફરીયાદણએ બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ ના જન્માષ્ટમીના દીવસે '' તેવુ જણાવેલ છે.

**(૫૧.૮)** આ ઉપરાંત ફરીયાદણ યાને ભોગ બનનારના આંક–૨૩૨ થી રજુ થયેલ ઈન્જરી/મેડીકલ તપાસણીના સર્ટીફીકેટમાં ડો. બાદલ ગાંધી સમક્ષ જણાવેલ ઈજાના ઈતિહાસમાં ૨૦૦૧ માં આશરે જુન–જુલાઈ મહિના દરમ્યાન ગુરુપુર્ણિમાના પાંચ–છ દિવસ બાદ બનાવ (આક્ષેપીત બળાત્કાર) બનેલ હોવાનુ જણાવેલ છે. બચાવપક્ષ ધ્વારા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૨૭) માં તેણીએ તેણીની યાદશકિત સારી હોવાનું તેમજ તેણીની સાથે જે ઘટના/બનાવ બનેલ તે પ્રસંગો તેણીને ક્રમમાં યાદ હોવાનું જણાવેલ છે.પરંતુ ફરીયાદણે તેણીની ફરીયાદ, સી.આર.પી.સી. કલમ–૧૬૧ ના નિવેદનો, મેજીસ્ટ્રેટ રૂબરુના સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનો, ડોકટર સમક્ષ આપેલ ઈતિહાસમાં, ફરીયાદણની હાજરીમાં કરવામાં આવેલ પંચનામા કે જેએક બે દિવસ કે. એક બે માસના અંતર દરમ્યાન/બાદ થયેલ હોવા છતાં તેણીના તે કથનો/નિવેદનોમાં સુસંગતતા જોવા મળતી ન હોઈ તે માની શકાય નહિ. એટલું જ નહિ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૫) થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓએ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર હકીકતો કબુલ રાખેલ હોવા છતાં ફરીયાદણ

યાને ભોગ બનનારે જણાવેલ હકીકતો સનાતન સત્ય હોવાનું માની તે સંદર્ભે તેણીનો કોઈ ખુલાસો મેળવવામાં આવેલ નહી હોવાનું કબુલેલ છે અને તારીખ ૦૩/૦૧/૧૪ ના નિવેદનમાં ફરીયાદણ યાને ભોગ બનનારે કહેવાતો બનાવ ગુરૂપુર્ણિમા પછી બનેલ હોવાનું જણાવેલ હોવાનો લુલો બચાવ લીધેલ છે.

**(૫૧.૯)** ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનારને તેણીની ઉલટ તપાસના પેરા(૪૦) માં તેઓ આશ્રમમાં પરત આવ્યા બાદ ધ્રુવબેને તેઓને બીજી વખત (ફરીયાદણના જણાવ્યા મુજબ પ્રથમ વખત વકતાની પસંદગી અર્થે અને બીજી વખત કહેવાતા બનાવના દિવસે) કયારે બોલાવેલ તે પ્રશ્નના જવાબમાં તેણીએ જણાવેલ છે કે, અમે આશ્રમમાં પાછા આવી ગયેલા ત્યારબાદ ધ્રુવબેન ફરી કયારે મને બોલાવવા આવેલા તે આજે યાદ નથી. હું આશરે પણ તેનો મહીનો કે વર્ષ કહી શકુ નહી. સદર હકીકત પ્રતિપાદિત કરે છે કે ફરીયાદણ યાને ભોગ બનનાર સાચા સાહેદ નથી અને આરોપીઓ વિરૂઘ્ધ પ્રેજયુડાઈઝ ઉભુ કરવા ખોટી, બનાવટી અને મનઘડત સ્ટોરી ઉભી કરેલ છે તેમજ વકતા બનાવવાની પસંદગી સંદર્ભે અને તેના કેટલા દિવસ બાદ આ કહેવાતો બનાવ બનેલો તે તપાસ કરવા તપાસનીશ અધિકારી બંધાયેલ હોવા છતાં તેમજ તપાસ દરમ્યાન ફરીયાદપક્ષના સમર્થનમાં કે બચાવપક્ષ/આરોપીની તરફેણમાં જે કાંઈ પુરાવો મળ યો હોય તે રેકર્ડ પર રજુ કરવાની તેઓની ફરજ હોવા છતાં તેમ કરવામાં આવેલ નથી અને આ સંદર્ભે તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ ઘ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૨૨) માં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદણ, સાહેદ વર્ષા તથા અન્ય છોકરીઓને વકતા બનાવવાન પસંદગી માટે લઈ ગયેલા તથા કહેવાતો બળાત્કારનો બનાવ કેટલા અંતરમાં બનેલ તે ફરીયાદણએ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં પણ આ લગત કોઈ તપાસ

કરેલ નહી. વધુમાં નામદાર કોર્ટ ધ્વારા આંક–૯૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામામાં પણ કહેવાતો બનાવ ગુરૂપુર્ણિમાના દિવસે દર્શાવવામાં આવેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો ચાર્જ પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ હોવાની બચાવપક્ષ ધ્વારા ભારપૂર્વક દલીલ કરવામાં આવેલ છે.

**(૫૧.૧૦)** વધુમાં, ફરીયાદપક્ષ તરફથી તા. ૦૬/૧૦/૧૩ ની આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદમાં કહેવાતો બનાવ ગુરૂપુર્ણિમા પછી બનેલ હોવાનું જણાવવામાં આવેલ છે. જયારે બે દિવસ પછી એટલે કે ૦૮/૧૦/૧૩ ના ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ ના નિવેદનમાં કહેવાતો બનાવ સને ૨૦૦૧ ના જન્માષ્ટમીના દિવસે બનેલ હોવાનું જણાવેલ છે અને સને ૧૯૯૬ સિવાય દરેક વર્ષના જન્માષ્ટમીના પોગ્રામ સુરત મુકામે ઉજવવામાં આવતા હોવાની હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે. તેથી જન્માષ્ટમીના દિવસે આશારામ બાપુ અમદાવાદમાં જ ન હોઈ જન્માષ્ટમીના દિવસે અમદાવાદ મુકામે શાંતિવાટીકામાં કહેવાતો બનાવ બનેલ હોવાનો પ્રશ્ન  જ ઉપસ્થિત થતો નથી. એટલુ જ નહી ફરીયાદણે તેણીના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ ના નિવેદનમાં પણ આવી શીબીરો સુરતમાં ત્રણ વાર, પ્રથમ વાર હોળી–જન્માષ્ટમી તથા ડીસેમ્બરમાં એમ કમસેકમ ત્રણવાર થતા હોવાનું જણાવેલ છે અને દરેક વર્ષે જન્માષ્ટમીના પોગ્રામ સુરત મુકામે ઉજવવામાં આવતા હોવાની હકીકતથી ફરીયાદણ માહિતગાર હોઈ ખોટી ફરીયાદના અનુસંધાને તેણીના સી.આર.પી.સી.કલમ–૧૬૪  ના નિવેદનમાં કહેવાતા બનાવના ચોકકસ સમય બાબતે મૌન રહેલ છે અને ઉપર જણાવ્યુ તેમ તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટ તપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે. ફરીયાદણે તેણીની ઉલટ તપાસના પેરા(૧૧૨) માં જહાંગીરપુરા સુરત ખાતે જન્માષ્ટમીના પોગ્રામ ઉજવવામાં આવતા હોવાનો સ્વીકાર કરેલ છે. પરંતુ

આ સમયે ફરીયાદણ જાણતા હતા કે તેણીના તા. ૦૮/૧૦/૨૦૧૩ ના એક નિવેદનમાં કહેવાતા બનાવનો સમય જન્માષ્ટમીના દિવસનો બતાવવામાં આવેલ છે અને તેણીએ તેણીની ઉલટ તપાસના પેરા(૭૫) માં તે હકીકતનો સ્વીકાર કરેલ છે અને તે કારણે તેણીની ઉલટ તપાસના પેરા (૧૧૩) માં તેણીએ પેરા (૧૧૨) માં પોતે જ જણાવેલ હકીકત ટવીસ કરવાનો પ્રયત્ન કરેલ છે અને ૨૦૦૧ માં સુરત ખાતે જન્માષ્ટમીનો પોગ્રામ ગોઠવવામાં આવેલ કે કેમ તે તેણીને યાદ નહિ હોવાનું જણાવેલ છે અને આ જન્માષ્ટમી અંગેની હકીકત ફરીયાદણની ઉલટ તપાસના પેરા(૭૫)(૧૧૨) તથા (૧૧૩) માં તથા બચાવપક્ષ તરફે સા.નં. (૧) થી તપાસવામાં આવેલ સાહેદ ગીતાબેન હીરપરાની ઉલટ તપાસના પેરા(૧૧) તથા બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૧૩) થી તપાસવામાં આવેલ નિશાંત જાદવાણીની સરતપાસના પેરા(૨) માં તે અંગેનો ઉલ્લેખ જોવા મળે છે.

**(૫૧.૧૧)** ભોગ બનનારની જુબાનીની ઉપરોકત હકીકતને આંક-૨૭૯ થી રજુ થયેલ ભોગ બનનારની પોલીસ ફરીયાદ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારે તેમની પોલીસ રૂબરુની ફરીયાદમાં ઉપરોકત તમામ હકીકતો જણાવેલી છે. ભોગ બનનારની જુબાનીથી ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ છે તે જ રીતે ભોગ બનનારે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સુરતનાઓ સમક્ષ આંક-૨૮૩ થી જે સી.આર.પી.સી.કલમ -૧૬૪ મુજબનું નિવેદન નોંધાવેલ છે. જેમાં નીચે મુજબની વિગત જણાવવામાં આવેલ છે.

**(૫૧.૧૨) <u>ફરીયાદણ યાને ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે. :</u>**

**....૨૦૦૧માં બપોરે ર વાગ્યાના સમયે મને મારા રૂમ પર ધ્રુવબેન ખોલાવવા આવેલ કે તને મૈયા અને ભગવાન(આશારામની દિકરી) બોલાવે છે. હું ગઈ**

તો ત્યાં એકયુપ્રેસર વાળી ટીના પણ હાજર હતી. ભગવાનએ મને કહેલ કે અત્યારે તારે તથા ટીનાએ વાટીકા જવાનું છે. તું તૈયાર થઈ જા. મેં સફેદ કપડા પહેર્યા કારણ કે બાપુ પાસે જવાનું હોય તો સફેદ કપડાજ પહેરવા પડતા હતા. હું મારા રૂમમાં કપડા બદલ્યા બાદ માથુ ઓળતી હતી ત્યારે ધ્રુવ મને કહેવા આવેલ કે, ભગવાન ગાળી લઈ ગૌશાળાની પાસે ઉભી છે. તું ત્યાં પહોંચી જા અને ગાડીમાં બેસી જજે. હું તથા ટીના ગયા અને ગૌશાળાની આગળ ગાડીમાં બેસી ગયેલા.ભગવાન ડ્રાઈવીંગ કરતી હતી.''ગાડી ફાર્મ હાઉસ પાસે પહોંચે ત્યારે જો આશ્રમનો કોઈ માણસ દેખાય તો મોઢું નીચુ કરી દેવુ કોઈને દેખાવુ જોઈને નહી કે ગાડીમાં તમે બેઠા છો'' તેવુ ભગવાનએ કહેલ ગાડી સીધી ફાર્મ હાઉસ પાસે પહોંચી ત્યારે અમોને ઉતારીને અમને બેને કુટીયાની અંદર મોકલેલ. ફાર્મ હાઉસમાં રસોઈયા અમને જોઈને નીકળી ગયેલો. અમો પ્રથમ રૂમમાં ગયા તો બાપુએ અંદરના રૂમમાંથી બુમ પાડેલ કે, '' ટીના હાથ પૈર ધોકે આ જા'' તો ટીના બાપુના રૂમ સુધી પહોંચતા પહેલા જે બાથરૂમ હતુ તેમાં જઈને તેણે હાથ પગ ધોઈ નાખેલ અને તેની પોતાની ઓઢણીથી લુછી લીધેલ. તે અંદર ના રૂમમાં ગયેલ અને ૧૦ એક મિનીટ બાદ તે બહાર આવી ગયેલ અને મને કહેલ કે મારે જવાનું છે. બાપુએ બારી માંથી તેની દિકરી (ભગવાન) ને સિંધીમાં કહેલ કે, '' પટટો ઈનન કે અણીવન'' એટલે કે લઈ જા. ટીના બારણુ ખોલીને બહાર નીકળવા જતા મેં ભગવાનને કહેલ કે, મને પણ લઈ જાવ, મે તેમને ખુબ આજીજી કરેલી પરંતુ તેમણે મને ના પાડેલ અને કહેલ કે '' હું આને મુકીને તને લેવા આવુ છું'' તેમ કહી તેઓ જતા રહેલા.

....હું તે રૂમમાં હતી ત્યારે આશારામ એ બુમ પાડેલ કે '' આજા શીતલ, હાથ, પૈર, મુંહ ધો કે આના.'' હું પણ ત્યાં ગયેલી. તે રૂમમાં પલંગ પર બેઠો હતો. તેણે કહેલ કે, '' વહા પર ઘી કી કટોરી પડી હૈ લે કે આ ઔર શિર પર માલિશ કર દે.'' મેં કટોરી લઈને પલંગ પાસે નીચે બેસીને ઘી લઈને આશારામનાં માથામાં માલિશ કરવા લાગેલી. તો તે અડપલા કરવાનો શરૂ થઈ ગયેલ અને મને મોઢે, માથે, ગળા પર હાથ ફેરવા લાગેલ તો હું પાછી હટતા તેણે ગાળામાંથી મારૂ ખમીસ પકડીને ખેંચી લીધેલ. મને કહેલ કે '' તારો દુપટ્ટો મુકી દે'' મેં ન મુકતા તેણે મારો દુપટ્ટો ખેંચીને ફેંકી દીધેલ. મને બિભત્સ અડપલા કરવા લગતા અને મારી છાતીમાં હાથ ફેરવવા માંડતા હું હટીને દુર ઉભી થઈ ગયેલ અને કહેલ કે ''બાપુ મને આવુ ગમતુ નથી.'' ઘીની વાટકી નીચે ઢોળાઈ ગયેલ તો તે એકદમ પલંગ પર બેઠો થઈ ગયેલો અને ગુસ્સે થઈને કહેલ કે '' સાલી મેરી કુટીયા ગંદી કરતી હૈ, જીતના જલ્દી સમર્પણ કરેગી ઉતના અચ્છા હૈ. તુઝે વકતા બનાના હૈ, તો તેરે ભાગ્ય સે સંસાર તો મિટાના પડેગા''. તે એકદમ જબરજસ્તી કરવા લાગેલ. મને પકડીને તેણે પલંગ પર સુવડાવી દીધેલ મેં ઘણી આજીજી કરવા લાગેલ અને મારો કુર્તો આખો ઉંચો કરી નાંખેલ. મને સમજાવવા જતા હું ન માનતા તેણે કહેલ કે '' તુ સમઝેગી નહી''

તેણે મારા સલવારનું નાળુ તોડી નાખેલ અને મારી સલવાર કાઢીને ફેંકી દીધેલ. હું જે બારણાથી પ્રવેશેલ હતી તે બારણું ભાગીને ખોલવા ગઈ તો તેણે મને પાછળથી ખેંચીને પલંગ સાઈડ પર ધકકો મારેલો. હું જોર –જોરથી રડવા માંડી અને ચીસ પડી ગયેલ તે સમય મારુ અડધુ શરીર પલંગની ઉપર અને અડધુ નીચે હતું. મને કમ્મરમાં વાંગતા મારાથી ચીસ પડતા, તેણે કહેલ કે, '' જીતના ચિલ્લાના હૈ ચિલ્લા યહાં કોઈ નહી આયેગા.'' તેણે તેની લુંગી કાઢી નાખેલી અને મને પલંગ પર ખેંચીને મારા બંને હાથ ઓશિકા પાસે દબાવી દીધેલા ત્યારે મારુ શરીર નો અડધો પલંગની નીચેજ લટકતો હતો તો તેણે મારા પગ પણ ઉપર લાવવા પ્રયાસ કરેલો પરંતુ હું જોર કરીને તેમ થતા અટકાવેલ તો, તેણે એના એક પગથી મારા એક પગ પલંગ પર ઉંચો ખુબજ જોરથી ખેંચી લીધેલ અને એક પગ નીચે જ લટકેલ હતો. તે સમયમાં તેણે મારી સાથે શરીર સંબંધ કરેલ. હું ખુબજ રડવા લાગેલ મને ડર લાગતો હતો મને ખુબ દુખાવો થતો હતો અને મને ખુબ લોહી ગુપ્તાંગના ભાગેથી આવતુ હતું બે–ત્રણ મીનીટ બાદ તેણે મને છોડી દીધેલ અને ઉભો થઈ ગયેલો કારણ કે મને ખુબ લોહી ચાલુ થઈ ગયેલુ હતું મને તેણે મારા કપડા આપવાની ના પાડેલી અને પોતે પલંગની બીજી સાઈડે બેસી ગયેલો અને મને કહેલ કે, જા ''ટબ મેં પાની લે કર આ'' હું ટબમાં પાણી લઈ આવી અને ટબ મેં તેની પાસે મુકયુ તો તેણે મને તેનાં પગ પાસે બેસવાનું કહેલુ. તેણે મને કહેલ કે '' તુને મુઝે સહયોગ નહી દીયા તેરા સંસાર કૈસે કટેગા તુ ફિર સે રાત કો સ્વસ્થ હોકર આયેગી ?'' તો મેં ઈશારાથી માથુ હલાવીને ના પાડેલી. તો તેણે ટબનાં પાણીમાં તેનું ગુપ્તાંગ ધોઈ નાખેલ અને તેના ગુપ્તાંગ માટે મને કહેલ કે'' લે યે અમૃત હૈ યે સબકે ભાગ્ય મેં નહી હોતા. તુને અપના કામ પુરા નહી કીયા હૈ પુરા કરકે જા'' તેમ કહીને તેણે તેનુ ગુપ્તાંગ લિંગ મારા મોઢામાં જબરજસ્તી નાંખી દીધેલ અને જોર જોરથી તેના લિંગને મારા મોઢામાં ધકકા મારતો હતો મને વોમિટ જેવી લાગતી હતી તેનું લિંગ મારા મોઢામાં ગળા સુધી જતુ હતું, હું મોઢું હટાવી લેતી તો તે મને કહેતી કે, '' તુ અભી ધ્યાન મેં બહોત કચ્ચી હૈ.'' હું મોઢું ખસેડી લેતી તો તેને બહુ ગુસ્સો આવતો અને તે મારુ મોઢું જબરજસ્તી પકડીને ફરીથી તેમાં પોતાનું લિંગ નાંખી દેતો અને ઉપર જણાવ્યા મુજબ જ કરતો. પાંચેક મીનીટ પછી તેણે મને કહેલ કે '' બાથરૂમ મેં જા, તેરે કપડે ધોલે'' હું બાથરૂમમાં ગઈ અને મારા કપડા ધોતી હતી ત્યારે આવીને તેણે મને મારી સલવાર અને દુપટ્ટો તેના હાથથી આપેલો. સલવારનું નાળું તુટેલુ હોઈ તેને ગાંઠ મારીને પહેરેલ અને દુપટ્ટો લઈને બીજા રૂમમાં જતી હતી ત્યારે તેણે મને પાછી બોલાવેલ અને મને કહેલ કે, '' કોડલેસ લા'' મેં તેને આપ્યો, તો તેણે મને નિકળી જવાનો ઈશારો કર્યો. થોડીવાર બાદ ભગવાન/ભારતી ગાડી લઈને આવેલી અને મને લઈને શાલીગ્રામ સોસા. પાસે ઉતારી દીધેલ હું ત્યાંથી ચાલતી આશ્રમ માં આવેલી તો ગેટ પર સિંધી મહીલાઓ ઢેલ અને બગલો હતી તેઓ મને જોઈને હસવા લાગેલ અને મને પુછેલ કે, '' યે કુર્તા કહાં ભીગા'' હુઆ. બાપુ કબ આયેગે. કહા હૈ અભી '' મે કંઈ જવાબ નહી આપેલો અને અંદર મારા રૂમમાં જતી રહેલી આશારામ એ મને ધમકી

આપી હતી કે કોઈને કંઈ કહેશે તો તને મારી નાખીશ.તારા માટે સારૂ થશે નહી.

....આશારામને ખુબજ મોટા– મોટા પોલીસ અધિકારીઓ અને રાજનૈતિક સતાધીશોનો સપોર્ટ રહેતો કોઈ તેમની વિરૂધ્ધ બોલવાની હિંમત કરતુ નહી.

....લગભગ ૨૦૦૫ થી સાલમાં મને આશારામએ મોડાસા તેના આશ્રમમાં બોલાવેલ ત્યાં તેમણે છ જેટલી છોકરીઓ, બંગલો, ઢેલ, ત્યાં હાજર હતા મને રૂમમાં બોલાવેલી આશારામ એ માત્ર કુર્તો પહેર્યો હતો નીચેના ભાગે કંઈ પહેરેલ હતુ નહી તેઓ વારા ફરતી બધાના મોઢામાં લિંગ નાંખતા હતા. મને જોઈને તેમણે ઢેલને કહેલ કે ''ઈસે બતા સમર્પણ કૈસે કરતે હૈ.'' ઢેલ બાપુનું લિંગ મોઢામાં લઈને પ્રક્રિયા કરવા લાગેલ. ત્યારબાદ એક બીજી છોકરીના મોઢામાં લિંગ નાખેલ. તેના મોઢામાં થોડોક વધારે ધકકો લાગી જવાથી, તેને ત્યાંજ વોમીટ થતા, બાપુ ગુસ્સે થઈ ગયેલા અને અમને બહાર કાઢી મુકેલા. આ તમામ બધાને ખબર હોવા છતાં કોઈ કોઈને કંઈ કહેતુ હતુ ન હતું.

....સાંજે તેઓ આશ્રમ, મોડાસામાં બગીચામાં ચકકર લગાવતા હતા ત્યારે તેમણે મને બોલાવેલ અને મને એકઝાડ પાસે ખુણામાં લઈ ગયેલ અને મારા કપડામાં અંદર હાથ નાંખીને મારી છાંતી દબાવેલ. પછી મને બહાર મોકલી દીધેલ. ત્યારબાદ હું અમદાવાદ આવી ગયેલ.

....એક વાર ૨૦૦૬ માં મારો કાર્યક્રમ ચંડીગઢ, દિલ્લી, શિમલામાં ગોઠવાયેલ તો મારી જોડે આશાને મોકલેલ હતી તે દરમ્યાન આશાને તબલાવાદક દિપક જોડે પ્રેમસંબંધ થતા બંને લગ્નગ્રંથીથી જોડાવા વિચારતા હોવાનું જણાવતા કાર્યક્રમ પુરા કરીને હું અમદાવાદ આવેલ. અમદાવાદમાં આશારામને આ બધુ ખબર પડતા, એક શિબિર દરમ્યાન તેમણે જાહેરમાં મને ખુબ ગાળો બોલેલ અને મને આ બધા માટે જવાબદાર ઠેરવેલ. તેમણે મને ''સલી, રાંડ, કુતિયા યહાં તક નૌબત આ ગયી તુ ગુરૂ કા પ્રચાર કરને જાતી હૈ યા યે ધંધે કરને જાતી હૈ.'' તેવુ કહેલ. તે સમયે ત્યાં મોટી સભા ભરાયેલ હતી. હું ખુબજ કંટાળેલ અને ત્રાસેલ હતી. તેથી મેં તેમને વિનમ્રતાથી કહેલ કે હું આશ્રમમાંથી જવા માંગુ છુ. તો તેમણે ના પાડેલી. સત્સંગ સભા બાદ તેણે મને કહેલ કે ઐસા તો હોતા રહતા હૈ.'' હું મૌકાની શોધમાં હતી. મારી એક મિત્ર ઉમા પાંડે ને હું બધુ જ કહેતી. મેં તેની મદદથી આશ્રમ છોડી દીધેલ તે મારી બેગ રીક્ષા સુધી મુકવા આવેલી. હું બધાથી છુપાઈને ત્યાંથી નીકળી હતી.

.... હાલમાં આશારામ સામે છિંદવાડાનો જે કેસ નોંધાયો અને તેની સામે જે રીતની નિષ્પક્ષ કાર્યવાહી થયેલ છે તેથી અમો ન્યાય મેળવવા માટેની હીંમત

**કરી શકયા છીએ અને અમારા પતિને વાત કરતા, તેમની સહાનુભુતિ અને સમર્થન મળતા અમો એ કાર્યવાહી કરેલ છે.**

**(૫૧.૧૩)** ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની સરતપાસના પેરા(૫) માં તેણીને આરોપી નં.(૧) આશારામે અમદાવાદ મોટેરા આશ્રમમાં ૧૧ દિવસના અનુષ્ઠાન કરવા જણાવતાં તેણી હાલ દસમા ધોરણમાં ભણે છે અને તેની એકઝામ પુરી થયા પછી જઈશ તેમ જણાવતાં આરોપી નં.(૧) આશારામે તેણીને '' પઢાઈ કરકે કયા કરેગી ? કીતને ડોકટર હૈ , કીતને વકીલ હે, કૌન કીસી કો પુછતા હૈ ? મીરાને કૌન સી ડોકટરી કી થી, શબરીને કૌન સી પઢાઈ કી થી, તુઝે તો મકાન વકતા બનાયૈગે તુ અનુષ્ઠાન કરને જા, ત્યારબાદ તેણીના માતા પિતાને વર્ષોથી આશારામમાં આસ્થા હોઈ અને તેઓ આશારામમાં માનતા હોઈ તેણીને એકલીને અમદાવાદ મોટેરા આશ્રમમાં અનુષ્ઠાન કરવા મોકલેલ હોવાનું તેણીએ જણાવેલ છે. આમ તેણી ૧૯૯૭ ના વર્ષમાં ધોરણ–૧૦ માં અભ્યાસ કરતી હોવાનું તેણીએ જણાવેલ છે. સદર હકીકત ફરીયાદણ યાને ભોગ બનનાર ખોટી જણાવે છે તે પુરવાર કરવા માટે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૪) તરીકે ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના આસીસ્ટન્ટ સેક્રેટરી વિપુલભાઈ નરસિંહભાઈ ચૌધરીનાઓને તપાસવામા આવેલા છે તેઓએ તેમની જુબાનીમાં પેરા(૨) માં તેઓને Candidate No-B 060618 ની એન્ટ્રી બતાવતાં તેમાં ભોગ બનનારનું નામ હોવાનું તેમજ તેણી માર્ચ ૧૯૯૫ માં એસ.એસ.સી.માં ફેઈલ થયેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ તેઓને Candidate No-B 220933 નંબરની એન્ટ્ર બતાવતાં તેમાં ભોગ બનનારનું નામ હોવાનું અને તેણી ઓકટોબર–૧૯૯૫ માં એસ.એસ.સી.માં ફેઈલ થયેલ હોવાનું સદર સાહેદે જણાવેલ છે. આ તબકકે ભોગ બનનાર યાને ફરીયાદણની બચાવપક્ષ

ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેણીની સને ૧૯૯૫ માં ૮ મા ધોરણમાં અને સને ૧૯૯૬ માં નવમા ધોરણમાં ભરતી હોવાનું તેણીએ જણાવેલ છે. ત્યારબાદ તેણીએ સને ૧૯૯૫ માં દસમા ધોરણની પરીક્ષા આપેલ કે કેમ ? તેપુછતા તે તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે તેણીનો માર્ચ ૧૯૯૫ માં દસમા ધોરણની પરીક્ષાનો સીટ નંબર B 060618 હોવાનું પુછતાં તે તેણીને યાદ નહી હોવાનું તેણીએ જણાવેલ છે. ત્યારબાદ તેણીએ દસમા ધોરણમાં બે વિષયમાં ફેઈલ થયેલ હોવાનું પંરતુ તેની સાલ તેણીને યાદ નહી હોવાનું જણાવેલ છે. તેમજ તેણીએ તે બે વિષયની પરીક્ષા જુલાઈ–૧૯૯૫ માં આપેલ હોવાનું અને તેમાં તેણીનો સીટ નં. -B 220933 હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે.આમ ફરીયાદણ યાને ભોગ બનનાર માર્ચ ૧૯૯૫ તથા ઓકટોબર ૧૯૯૫ માં દસમા ધોરણમાં બે વાર નાપાસ થયેલ હોવા છતાં આરોપી નં.(૧) આશારામને દસમા ધોરણની પરીક્ષા આપ્યા બાદ અનુષ્ઠાન માટે અમદાવાદ મહીલા આશ્રમમાં જવાનું જણાવેલ છે. જે બચાવપક્ષના સાહેદ નં.(૪) વિપુલભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર તથા સરકારી રેકર્ડ અનુસાર ખોટુ હોવાનું બચાવપક્ષે ઠોસ રીતે પુરવાર કરેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબેન હીરપરાનાઓને બચાવપક્ષના સાહેદ નં.(૧) તરીકે તપાસવામાં આવેલ છે. તે ફરીયાદણીની સગી બહેન છે અને તેણીએ તેણીની જુબાનીના પેરા(૩) માં ફરીયાદણ યાને ભોગ બનનાર ધોરણ–૧૦ ની બોર્ડની પરીક્ષામાં બે વાર નાપાસ થયેલ. ત્યારબાદ તેણીએ ભણવાનું છોડી દીધેલ હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનાર કેટલી હદ સુધી જુઠ્ઠુ બોલે છે તે રેકર્ડ જોતાં સ્પષ્ટ થાય છે તેવુ બચાવપક્ષ ધ્વારા જણાવવામાં આવેલ છે.જેથી તેણીની જુબાની વિશ્વસનીય જણાઈ આવતી ન હોઈ માની શકાય નહી તેવી ભારપૂર્વક દલીલ

કરવામાં આવેલ છે. આમ ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરીયાદણ માર્ચ તથા ઓકટોબર ૧૯૯૫ માં એસ.એસ.સી.ની પરીક્ષામાં બે વિષયમાં નાપાસ થઈ હોવાની હકીકત બચાવપક્ષ ધ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનારે ખુદ તેણીદસમા ધોરણમાં બે વિષયમાં ફેઈલ થઈ હોવાનું તેણીની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. જે હકીકત તેણીએ ખોટી જણાવેલ નથી તે નોંધવા લાયક છે. વધુમાં ફરીયાદણે તેણીની ઉલટ તપાસમાં ૧૯૯૭ ની સાલમાં તેણીને દસમા ધોરણની પરીક્ષા આપવાનું હોવાનું જણાવેલ છે. એટલે એવુ કહી શકાય કે તેણી સને ૧૯૯૫ ની એસ.એસ.સી.ની પરીક્ષામાં બે વખત નાપાસ થયેલ હોવા છતાં તેણી ૧૯૯૭ માં પરીક્ષા આપવા માંગતી હતી.જો કે તે ંઅગેના કોઈ પુરાવા બચાવપક્ષ તરફથી રજુ કરવામાં આવેલા નથી. આમ ફરીયાદણ યાને ભોગ બનનારે આરોપી નં.(૧) આશારામને અનુષ્ઠાનમાં જવાનું ટાળવા માટે પણ ૧૯૯૭ ની સાલમાં દસમા ધોરણની પરીક્ષા આપવાની હોવાનું જણાવેલ હોવાનું પણ બની શકે. સામાન્યત: કોઈપણ વ્યકિત બીજી વ્યકિત સમક્ષ પોતાની શૈક્ષણિક લાયકાત ઓછી હોય તો તે છુપાવવાનો પ્રયત્ન કરતી હોય છે. જેથી શૈક્ષણિક લાયકાત ખોટી જણાવવાથી તેણીએ જણાવેલ બધી જ વાત ખોટી હોવાનું માની શકાય નહી.

**(૫૧.૧૪)** ત્યારબાદ ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ ધ્વારા કરવામાં ઉલટ તપાસના પેરા(૩૫) માં તેણી જીતુ પ્રેસ રીપોર્ટ તથા જીતુ વાધવાણીને ઓળખતી નહી હોવાનું તેમજ ફરીયાદ આપતા અગાઉ ચાર-પાંચ દિવસ પહેલાં ઈન્દોર ગયેલ નહી હોવાનું જણાવેલ છે તેમજ ઈન્દોર મુકામે જીતુ પ્રેસ રીપોર્ટર અને સતીષ વાધવાણીએ તેણીનું, તેણીની બહેન પારૂલ તથા તેણીના બનેવી વિમલેશકુમારનું સ્ટીંગ ઓપરેશન કરેલ કે કેમ ? તે અંગે સવાલ

કરતાં તે તેણીને યાદ નહી હોવાનું તેણીએ જણાવેલ છે. જયારે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૩૪) તરીકે તપાસવામાં આવેલ સાહેદ વિમલેશભાઈ ઠકકરનાઓએ તેઓની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પ્ર થમવાર ફરીયાદ દાખલ થઈ તે અગાઉ તેઓ પોતે, તેઓના પત્ની અને તેઓની સાળી ઈન્દોર ગયેલા અને સુરતમાં તેઓ જીતુ પ્રેસ રીપોર્ટરને મળેલ હોવાનું યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની ઉલટ તપાસમાં ફરીયાદ દાખલ થઈ તે અગાઉ જીતુ પ્રેસ રીપોર્ટ વિગરે સાથે ૧૫૦ વખત આ કેસ બાબતે ચર્ચા કરેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ઈન્દોર મુકામે તેઓનું સ્ટીંગ ઓપરેશન થયેલ હોવાનું અને ચીટીંગ થયેલ હોવાનું તેઓને યાદ નહી હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદે તેઓની સુરત કોર્ટ ખાતે સેસન્સ કેસ નં. ૧૪૧/૨૦૧૪ ના કામે તેઓની જુબાની થયેલ હોવાનું અને તે જુબાનીના પેરા(૯) માં જીતુ સોનીને મળવા ઈન્દોર મુકામે ગયેલ હોવાનું અને ત્યાં એક દિવસ રોકાયેલ હોવાનું તેમજ જીતુ સોનીને તેઓની પત્નીની બહેન ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે ફોન ઉપર વાતચીત થયેલ હોવાનું અને પછી તેઓ તેમને મળવા ગયેલ હોવાનું અને જીતુ સોનીએ ફરીયાદણ યાને ભોગ બનનારને તમે મને ખાલી મળવા આવજો જેથી તેઓ ગયેલ હોવાની હકીકત તથા જુબાનીમાં જણાવેલ અન્ય હકીકતો ધ્યાને લેતાં ફરીયાદણ યાને ભોગ બનનાર જીતુ સોની પ્રેસ રીપોર્ટરને મળવા ગયેલ.આમ જીતુ સોની અને સતીષ વાધવાણીને આશ્રમ વિરૂધ્ધના ષડયત્રકારીઓની ચઢવણીથી હાલની આ ખોટી ફરીયાદ આપવામાં આવેલ હોવાની બચાવપક્ષની દલીલ સાથે આ અદાલત સંમત થતી નથી. કારણ કે જીતુ સોની આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં રહેલ નથી કે તેઓ સાધક પણ ન હતા માત્ર તેઓ એક પ્રેસ રીપોર્ટર છે. આમ છતાં એક તબકકે એવુ માની લેવામાં આવે કે આશ્રમ વ્રિુધ્ધના ષડયંત્રકારીઓ તથા સતીસ

વાઘવાણીની ખોટી ચઢવણીથી હાલની આ ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે પરંતુ તે હકીકત પણ એટલા માટે સાચી મનાતી નથી કે કહેવાતા બનાવ બાદ ફરીયાદણ યાને ભોગ બનનાર આશ્રમમાં પ્રવેશ કરતા હતા તે સમયે તેમને ઢેલ ઉર્ફે નિર્મલા અને બગલો ઉર્ફે મીરાબેનનાઓએ તેણીને આશ્રમના ગેટ પાસે જોઈને જણાવેલ કે **તારો કુર્તો કયાં ભીનો થઈ ગયેલ ?** જે હકીકત જ પ્રતિપાદીત કરે છે કે ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે દુષ્કર્મ થયેલ છે. આ તબકકે અપીલ ગુપ્તાનાઓનું સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું નિવેદન ધ્યાને લેતાં સદર નિવેદનમાં ફરીયાદણ યાને ભોગ બનનાર તથા ટીના એકયુપ્રેસર આરોપી નં.(૧) આશારામની કુટીયામાં જુલાઈ ૨૦૦૧ માં આવેલ હોવાનું અને તે સમયે આરોપી નં.(૧) આશારામે સદર સાહેદને તમે જાઓ તેમ જણાવતા સદર સાહેદ ગેટની પાસે ઝાડ નીચે થોડે દુર બેસી ગયેલ.ત્યારબાદ તેઓને ફરીયાદણ યાને ભોગ બનનાર ગભરાયેલી હોવાનું તેમજ તેણીની રોયેલ હોવાનું તેઓને અહેસાસ થયેલો. જે હકીકત કુર્તો ભીનો થયાની હકીકત સાથે મળતી હોવાનું સ્પષ્ટ થાય છે.આ તબકકે એ હકીકત ખુબ નોંધપાત્ર છે કે બચાવપક્ષ ધ્વારા ફરીયાદણ યાને ભોગબનનારની ઉલટતપાસમાં તેણીનો કુર્તો ભીનો નહી થયેલ હોવા અંગેનો કોઈ સ્પેશીફીક બચાવ લેવામાં આવેલ નથી.

**(૫૧.૧૫)** બચાવપક્ષ ધ્વારા એવી ભારપૂર્વક રજુઆત કરવામાં આવેલ છે કે સને ૨૦૦૧ ની સાલમાં અખીલ ગુપ્તા આરોપી નં.(૧) ના રસોઈયા તરીકે ફરજ બજાવતા ન હતા અને તે હકીકતને ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૫) તરીકે તપાસવામાં આવેલ સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાની ઉલટ તપાસ જોતાં સ્પષ્ટ ફલીત થાય છે કે તેઓએ સને ૨૦૦૨ ની આજુબાજુ સુધી રસોઈયા તરીકે સેવા આપેલી અને તેના પછી એટલે કે સને ૨૦૦૨ થી ૨૦૦૪ ના ગાળામાં રસોઈયા

તરીકે રોહીત અને સને ૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે આવેલ હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૪૮) તરીકેતપાસવામાં આવેલ સાહેદે દેવેન્દ્ર પ્રજાપતિનાઓએ તેઓની ઉલટ તપાસના પેરા નં.(૩૨) માં સને ૨૦૦૨ સુધી આશારામના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલો હતો તેમ જણાવેલ છે. આમ ફરીરયાદપક્ષના સાહેદો જ જણાવે છે કે સને ૨૦૦૨ સુધી પ્રજ્ઞેશ ઉર્ફે લાલો રસોઈયા તરીકે હતો. આમ બચાવપક્ષે કહેવાતા બનાવના અરસામાં એટલે કે સને ૨૦૦૧ ની સાલમાં અખીલ ગુપ્તા આશારામના રસોઈયા તરીકે ફરજ બજાવતા નહી હોવાનું સ્પષ્ટપણે પુરવાર કરેલ છે. જેથી અખીલ ગુપ્તાના સી.આર.પી.સી.કલમ-૧૬૪ ના નિવેદનમાં જણાવેલ હકીકત ખોટી હોવાનું સાબિત થાય છે જેથી તે નિવેદનને વંચાણે લઈ શકાય નહી તેવી દલીલ કરવામાં આવેલ છે. પરંતુ બચાવપક્ષની આ દલીલ સાથે આ અદાલત સંમત થતો નથી, કારણ કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૧) તરીકે તપાસવામાં આવેલ વર્ષા ગુપ્તા કે જે અખીલ ગુપ્તાની પત્ની છે તેણીની ઉલટ તપાસમાં આ અંગેનું કોઈ જ સુચન કરવામાં આવેલ નથી ઉલ્ટાનું ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેણીએ કહેવાતા બનાવની હકીકત પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવેલ હોવાનું જણાઈ આવે છે. જો કે, અખીલ ગુપ્તાનું મર્ડર થયેલ હોઈ ફરીયાદપક્ષ તરફથી અખીલ ગુપ્તાને સાહેદ તરીકે તપાસવામાં આવેલ ન હોઈ બચાવપક્ષને અખીલ ગુપ્તાની ઉલટ તપાસની તક મળેલ નહી હોવાની દલીલ સાથે આ અદાલત બિલકુલ સંમત છુ પરંતુ એ હકીકત પણ નોંધનીય છે કે અખીલ ગુપ્તાએ સી.આર.પી.સી.કલમ-૧૬૪ ના નિવેદન પોલીસ સમક્ષ નહી પરંતુ મેજીસ્ટ્રેટ રૂબરુ આપેલ છે અને મેજીસ્ટ્રેટ કે જેઓને હાલના કેસ સાથે કાંઈ લાગતુ વળગતુ નથી કે તેઓ ધ્વારા ખોટી હકીકત તે સાહેદે જણાવેલ તે ઉપરાતની હકીકત લખી દે તે વાત માની શકાય નહી. વધુમાં મેજીસ્ટ્રેટ કે જેમની

રૂબરુ અખીલ ગુપ્તાનું નિવેદન નોંધવામાં આવેલ છે તેઓને સને ૨૦૦૧ ની સાલ કેવી રીતે યાદ આવી ? તેનો એક માત્ર જવાબ તે હકીકત અખીલે જણાવેલ છે તે જ હોઈ શકે. વધુમાં કહેવાતા બનાવ સમયે આરોપી નં.(૧) ધ્વારા અખીલને બહાર જવા માટે જણાવેલ છે તે તેઓની ગુનાહીત માનસીકતા પણ છતી કરે છે.

**(૫૧.૧૬)** આ કામે **આંક– ૮૨૬ થી** અખીલ નરેશચંદ્ર ગુપ્તાનાઓનુ જે સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ મુજબનું મેજીસ્ટ્રેટ રૂબરુનું જે નિવેદન રજુ થયેલ છે. **(સાહેદ અખીલ ગુપ્તાનાઓના નિવેદનમાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ છે પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર. ૨૦૦૪ એસ.સી. પાના નં. ૪૩૩ કે જે સ્ટેટ ઓફ કર્ણાટક વિ. પુત્તારના ચૂકાદામાં બળાત્કાર અથવા તો સ્ત્રીઓ વિરૂધ્ધના કિસ્સાઓમાં ભોગ બનનાર મહિલાનું નામ જજમેન્ટમાં લખવુ જોઈએ નહી કે જેથી કરીને ભોગ બનનાર મહિલા (સ્ત્રી) ની ગરીમા જળવાઈ રહે તેવા પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લઈ આ સાહેદે તેમના નિવેદનમાં જે જગ્યાએ ભોગ બનનારનું નામ જણાવેલ છે તે જગ્યાએ ભોગ બનનાર તેવા શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે.)**

સાહેદ અખીલ ગુપ્તાએ તેમના સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદનમાં જણાવેલ છે કે , મેં સને –૧૯૯૬ માં આશારામજી બાપુ પાસેથી દિક્ષા અંબાલા હરીયાણા મુકામે લીધેલી મારાથી અગાઉ જુલાઈ –૧૯૯૬ માં મારા માતા – પિતાએ પણ દિલ્હીમાં બાપુ પાસેથી દિક્ષા લીધેલી. ત્યારબાદ, માતા – પિતા સાથે મુઝફરનગરની ૧૦૦ થી ૨૦૦ કિલોમીટરની આસપાસ જયાં આશારામ બાપુના સત્સંગ કાર્યક્રમ થતો હતો ત્યાં હું આવતો જતો હતો. હું ૧૯૯૭ ની જાન્યુઆરીમાં અમદાવાદ સાબરમતી આશ્રમ આવેલ છે. ત્યાં ઉતરાયણ ધ્યાન યોગ શીબીર બાપુજી ધ્વારા આયોજીત હતી તેમાં માતા – પિતા તથા અમારા વિસ્તારના સાધકો સાથે આવેલા. જે શીબીર ૫ થી ૭ દિવસ ચાલેલી અને ત્યારબાદ અમો બધા મુઝફ્ફરનગર પરત આવેલા. તે વખતે ૧૯૯૬ માં હું

બી.એસ.સી ના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. તે સાથે સાથે મને આધ્યાત્મીક રૂચી થઈ જવાથી ધ્યાન– શિબીર પણ કરતો હતો. જેથી મારી આધ્યાત્મીક રૂચી વધી ગઈ હતી. ફેબ્રુઆરી ૧૯૯૭ માં મને આશ્રમમાં જઈ રહેવાની ઈચ્છા થયેલી તે વખતે બાપુજીનો રાયપુર છત્તીસગઢમાં પ્રોગ્રામ હતો. ત્યાં માતા–પિતા સાથે ગયેલો. રાત્રે સત્સંગ બાદ બાપુને મળવા માતા–પિતાની સાથે ગયેલ. જયાં મારે આશ્રમમાં રહેવુ હોઈ મારા માતા –પિતા ને જણાવતા શરૂઆતમાં તેમણે ના કહેલી પરંતુ બાદમાં બાપુને વાત કરતાં બાપુએ મને આશ્રમમાં રહેવા માટે સંમતિ આપેલી બાપુએ મને આશ્રમમાં સ્વામી સુરેશાનંદ સાથે રહેવા જણાવેલુ. ૮ થી ૧૦ દિવસ સુરેશાનંદ સાથે રહેલો. માર્ચ ૧૯૯૭ માં ઉજજૈન મુકામે મહાશિવરાત્રીની બાપુની શીબીર હતી જયાં હું બીમાર થઈ ગયેલો જેથી સુરેશાનંદે મને સાહીત્ય સ્ટોલ સંભાળતા અનિલભાઈ પાસે રાખેલો. ત્યારબાદ સાહીત્ય પ્રચાર સેવામાં લગભગ સાડા ત્રણ વર્ષ દેશમાં ભ્રમણ કરેલું. અવાર –નવાર હું બાપુને ચીઠ્ઠી લખતો. તે સમય દરમ્યાન મને બાપુએ સુરત આશ્રમ આવી જવા જણાવેલ. સુરત આશ્રમમાં મને એકાઉન્ટ અને કેસની સેવામાં રાખવામાં આવેલો. જયાં હું નવ મહીના રહેલો. બાપુ જયારે સુરત આશ્રમ આવતા ત્યારે મારે બાપુ સાથે વાતચીત થતી હતી એપ્રિલ –૨૦૦૧ માં મને બાપુએ પુષ્કર રાજસ્થાન બોલાવી લીધેલ. તે વખતે બાપુની સેવામાં દિપક પાંકી રહેતા હતા. જેઓ શાસ્ત્રવાંચનની સેવામાં હતા. તેમની સાથે બાપુએ મને રાખેલો. ત્યારબાદ બાપુ જયાં જતા હતા ત્યાં દિપક પાંકી જતા હતા અને દિપક પાંકી સાથે હું પણ જતો હતો. તે વખતે બાપુએ મને કહેલ કે રસોઈયા રોહીત સાથે તું પણ થોડું શીખતો રહે. એક દિવસ બાપુએ મને કહેલ કે આજથી તું મારો રસોઈયો છે. જે મે અથવા જુન –૨૦૦૧ ની વાત છે. ત્યારથી હું બાપુની અંગત સેવામાં લાગી ગયેલ. સને –૨૦૦૧ માં બાપુ ગુરુપુર્ણિમા જે જુલાઈ માસમાં મહોત્સવ થાય છે.

તે વખતે અમદાવાદમાં હતા. અમદાવાદમાં મોટેરા ગામ સાબરમતી આશ્રમ આવેલ છે. તેનાથી ૨ થી ૩ કિલોમીટર એક ફાર્મ હાઉસ છે. જે બાપુનું છે. જેને શાંતીવાટીકા તરીકે ઓળખવામાં આવે છે. ગુરુપુર્ણિમાં ના સમય પછી ૧૫ – ૨૦ દિવસ અમદાવાદ આશ્રમમાં જ રહે છે. ચોકકસ દિવસની ખબર નથી. પરંતુ ગુરુપુર્ણિમા પછીના સમયે બાપુ શાંતીવાટીકામાં આવેલ કુટીયામાં બાપુ હતા. તે સમયે બાપુની પુત્રી ભારતીજી જેને અમો છોટા ભગવાન કહેતા હતા. તે એક સફેદ ગાડીમાં ભોગ બનનાર અને ટીના જે એકયુપ્રેશરનું કામ કરતી હતી તે આવેલ. હું સેવામાં હોઈ મેં બાપુને કુટીયામાં જઈ જણાવેલ કે ભારતીજી ભોગબનનાર તથા ટીના એકયુપ્રેશરને લઈ આવેલ છે. જે જુલાઈ ૨૦૦૧ ની વાત છે. બાપુએ તેઓને અંદર મોકલી આપવા જણાવેલ. જેથી મેં બાપુની કુટીયાની પાસે આવેલ રૂમમાં ભોગ બનનાર તથા ટીના એકયુપ્રેસરને બેસાડેલ. ત્યારબાદ બાપુએ મને કહેલ કે તમે જાઓ. જેથી હું ગેટની પાસે ઝાડ નીચે થોડે દુર બેસી ગયેલ. તે વખતે ભારતીજી ગાડીની પાસે બેહેલ હતી. લગભગ દસ મીનીટ પછી ટીના રૂમની બહાર આવી ગયેલ અને ભારતીજી ટીનાને ગાડીમાં બેસાડી લઈ ગયેલી. **લગભગ અડધો કલાક પછી ભારતીજી ગાડી લઈ આવેલી. જે રૂમમાં ભોગ બનનાર બેઠેલી તે રૂમમાં જઈને કહેલુ કે ભારતીજી આવી ગયેલ છે. તે વખતે ભોગ બનનાર મને ગભરાયેલી લાગેલી. પરંતુ તે મારો વિષય ન હતો. પરંતુ મને અહેસાસ થયેલો કે ભોગ બનનાર રોયેલી છે. ત્યારબાદ ભારતીજી ભોગ બનનારને ગાડીમાં લઈ જતા રહેલા. ત્યારબાદ બાપુ રૂટીન પ્રમાણે** કુટીયાની બહાર હરવા – ફરવા નીકળેલા તે વખતે હું કુટીયાની સાફ સફાઈ કરતો હતો. બાથરૂમમાં બાપુજીએ તેમના કપડા ધોઈને રાખેલા જે કપડા મે સુકવી નાખેલા. અલગ – અલગ છોકરીઓ અવાર નવાર બાપુ પાસે આવતી જતી રહેતી હતી જે મને સારૂ લાગતુ ન હતુ. જે વાત બાપુને પણ મે કહેલી

ત્યારે બાપુ મને સમજાવી દેતા હતા. પરંતુ મને બાપુની હરકતો ગમતી ન હોય અને અવાર નવાર આવી પ્રક્રિયા ચાલતી હોઈ મારુ મન ઉઠી ગયેલું. બાપુએ અવાર નવાર મારે ઘરે જવા કહેતો ત્યારે શામ, દામ દંડથી બાપુ મને ઘરે જવા દેતા નહી. તેઓ કહેતા કે તું મારી અંગત સેવામાં જ રહે. પરંતુ મારુ મન ઘરે જવા નકકી કરેલ હતું. ત્યારબાદ ૨૦૦૮ ના જાન્યુઆરીના પ્રથમ અઠવાડીયામાં હું બાપુની આજ્ઞાથી આશ્રમ છોડી દીધેલો. હું મારા ઘરે જતો રહેલો. થોડા દિવસ હું વડોદરા મારા મોટા ભાઈને ત્યાં રહેલો. બાદમાં મુઝફ્ફરનગર શીફટ થઈ ગયેલો. બાદમાં મેં વર્ષાની સાથે લગ્ન કરેલા. મારા પિતા પણ મારી સાથે મુઝફ્ફરનગર રહે છે. બાપુનો સ્વભાગ બહુ ઉગ્ર હતો અને વારંવાર મારપીટ અને ગાળો પણ બોલતા હતા.

**(૫૧.૧૭)** આમ સાહેદ અખીલ ગુપ્તાનું જે સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન રજુ થયેલ છે તે વંચાણે લેતાં ભોગ બનનારને સદર સાહેદે આરોપી નં.૧ ની શાંતિવાટીકા નામની કુટીયા યાને બનાવવાળી જગ્યાએ સને ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાની ઉજવણીના તહેવાર આસપાસ ટીના એકયુપ્રેશર નામની મહીલા સાથે આવેલા હોવાની હકીકતને તેમજ ભોગ બનનાર તેમજ ટીના એકયુપ્રેશન નામની મહીલાઓ કુટીયામાં આવી ગયેલાની જાણ સદર સાહેદે આરોપી નં.(૧) ને કરતાં આરોપી નં.(૧) નાએ પહેલાં ટીના એકયુપ્રેશરને આરોપી નં.(૧) ની રૂમમાં મોકલી આપવા જણાવેલ હોવાની તેમજ ત્યારબાદ ભોગ બનનાર પણ આરોપી નં.(૧) ની કુટીયામાં ગયેલાની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપેલ છે. આમ ભોગ બનનાર અને આરોપી નં.(૧) ની હાજરી સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના ઉત્સવ દરમિયાન આરોપી નં.(૧) ના આશ્રમમાં આવેલ શાંતિવાટીકા નામની કુટીયામાં હોવાની હકીકત ફરીયાદપક્ષ સ્પષ્ટપણે પુરવાર કરી શકેલ છે. બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે બનાવ સમયે

સાહેદ અખીલ ગુપ્તા આરોપી નં.(૧) ની સેવામાં હતા જ નહી પરંતુ સદર સાહેદે જે નિવેદન આપેલ છે તે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ છે ત્યારે તે નહી માનવા માટે કોઈ કારણ જણાતું નથી.બચાવપક્ષ તરફથી એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે અખીલ ગુપ્તાએ ફરીયાદણના લોહીવાળા કપડા અગર તો લોહીવાળા ડાઘ જોયેલ હોય તે હકીકત કયાંય જણાવેલ નથી. પરંતુ સાહેદ અખીલ ગુપ્તાનું ૧૬૪ નું મેજીસ્ટ્રેટ રૂબરુનું નિવેદન વંચાણે લેતાં તેઓએ આરોપી નં.(૧) આશારામે પોતાના કપડા ધોઈ નાખેલા તે તેઓએ સુકવેલા હોવાની હકીકતને સમર્થન આપેલ છે. આમ જયારે ભોગ બનનારે આરોપી નં.(૧) ધ્વારા તેણીની ઉપર કરવામાં આવેલ દુષ્કર્મ વખતે તેણીને જે લોહી નીકળેલ તેનાથી તેનો કૃર્તો લોહીવાળો થયેલ હોવાની હકીકત જણાવેલી છે ત્યારે સાહેદ અખીલ ગુપ્તા કે જે આરોપી નં.(૧) આશારામના અંગત સેવક હતા તેમની પાસેથી લોહીના ડાઘ વિગેરે જોયેલાની હકીકત જણાવે તે સબંધે અપેક્ષા રાખવી તે અતિશયોકિતભર્યુ ગણાય. સામાન્ય રીતે દુષ્કર્મના જે બનાવો બનતા હોય છે તે કોઈ વ્યકિત જોઈ ન લે તે રીતે સાવચેતી પુર્વક અને યોજનાબધ્ધ રીતે બનતા હોઈ કોઈ નજરે જોનાર સાહેદની અપેક્ષા રાખી શકાય નહી.

**(૫૧.૧૮)** બચાવપક્ષ તરફથી એવો બચાવ લેવામાં આવેલ છે કે આમ, એકમાત્ર સાહેદણ વર્ષાબેન તેઓના સી.આર.પી.સી કલમ– ૧૬૪ ના આંક–૫૦૫ વાળા નીવેદનમાં સને – ૨૦૦૧ માં દસ છોકરીઓને વકતા બનાવવા માટે શાંતીવાટીકા લઈ ગયેલ હોવાનું જણાવે છે. આમ, જે દસ છોકરીઓને લઈ ગયેલ તે પૈકી બાકીની નવ છોકરીઓ વકતા બનાવવાની વાત ખોટી હોવાનું જણાવે છે. આમ, એક માત્ર વર્ષાબેન કેમ ફરીયાદપક્ષના કેસને સાપોર્ટ કરી રહયા છે ? તેનુ કારણ

તેણીના પતિ અખીલ ગુપ્તાનું નામ આ કેસની એફ. આઈ. આર. માં આરોપી તરીકે હતું. આમ, પોલીસે અખીલ ગુપ્તા ઉપર પ્રેસર કર્યુ હોય તે શકતા નકારી શકાય તેમ નથી. વળી, અખીલ અને વર્ષાનો સંપર્ક કોને કરાવ્યો ? તે સંદર્ભે જોઈએ તો ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૦)માં જણાવેલ છે કે '' તારીખ–૧૭/૧૦/૨૦૧૩ નાં પોલીસ રૂબરૂ ના નિવેદનમાં મેં વર્ષાબેન અને અખીલ નરેશચંદ્રનો મોબાઈલ નંબર લખાવેલ છે. ફરીયાદણ જણાવે છે કે તે મને પોલીસ મારફતે જાણવા મળેલ.'' તો વળી તપાસનીશ અધિકારી તેઓની ઉલટ તપાસના પેરા નં.(૧૪૪) માં જણાવે છે કે, ફરીયાદણએ તારીખ – ૧૭/૧૦/૨૦૧૩ ના નિવેદનમાં વર્ષા અને અખીલના મોબાઈલ નંબરો જણાવેલ છે. ફરીયાદણ જોડે વર્ષા અને અખીલ કેવી રીતે સંપર્કમાં હતા અને કયારથી હતા તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી તે વાત સાચી હોવાનું જણાવેલ છે. આમ, આખા કેસનો બેઝ એક માત્ર વર્ષા અને અખીલ જ છે અને એક માત્ર અખીલ જ કહેવાતા બળાત્કારની હકીકતને સમર્થન કરેલ છે અને સાહેદ વર્ષાનાઓ ભુકંપ પછી દસ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ ગયેલ હોવાનું જણાવે છે. ખરેખર તો હાલના કેસની એફઆઈઆર મુજબ અખીલ ગુપ્તાનું નામ આરોપીમાં હતુ પરંતુ પોલીસ સાથે સમજુતી થયેલ હોવાનું અનુમાન દોરી શકાય તેમ છે. કારણ કે તપાસનીસ અધિકારી અખીલ ના સંપર્કમાં હતા અને તપાસનીશ અધિકારીએ પણ તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૬૮) માં જણાવેલ છે કે, વર્ષાબેન અને અખીલ ગુપ્તા એ. ટી. એસ. ઓફીસમાં તા.૨૦/૧૦/૨૦૧૩ થી તા.૨૪/૧૦/૨૦૧૩ સુધી રોકાયેલા તેમજ ફરીયાદણની ફરીયાદ પ્રમાણે અખીલ ગુપ્તા આરોપી હતા, તેમજ સી.આર. પી. સી. કલમ–૧૫૭ ના રીપોર્ટમાં પણ અખીલ ગુપ્તાને આરોપી તરીકે બતાવેલ.ત્યારબાદ પેરા નં.(૧૬૯)માં જણાવેલ છે કે, ચાર્જશીટના

આરોપી નં.ર થી ૭ દવારા નામદાર સેશન્સ કોર્ટ,ગાંધીનગર ખાતે આગોતરા જામીન અરજી દાખલ કરેલ,તેમા મારા દવારા આગોતરા જામીન અરજીનો વિરોધ કરતી મે એફીડેવીટો કરેલી અને એફીડેવીટમાં મારા દવારા અખીલ ગુપ્તા ને આરોપી તરીકે દર્શાવેલ હતો અને મારા કહેવા પ્રમાણે તા.૨૦/૧૦/૨૦૧૩ થી તા.૨૪/૧૦/૨૦૧૩ સુધી અખીલ ગુપ્તા એ.ટી.એસ. ઓફીસમાં હતા. તેમ છતાં મેં આ ગુનામાં તેમને અટક કરેલા નહી તેવો બચાવ લેવામાં આવેલ છે.

(૫૧.૧૯) વધુમાં અખીલ ગુપ્તા હાલના કેસમાં આરોપી તરીકે હતા અને તેઓને આરોપીમાંથી સાહેદ બનાવવાની પોલીસ સાથે સમજુતિ થતાં તે અન્વયે અખીલ ગુપ્તાએ મેજીસ્ટ્રેટ રૂબરુ ખોટુ નિવેદન આપેલ હોવાની દલીલ એક તબકકે સાચી માની લેવામાં આવે તો પણ ફરીયાદણ યાને ભોગ બનનારનો કુર્તો ભીનો થયેલ હોવાની હકીકત ધ્યાને લેતાં ફરીયાદણ યાને ભોગ બનનારે આશ્રમ વિરૂધ્ધના ષડયંત્રકારીઓ સાથે ભેગા મળી હાલની આ ખોટી ફરીયાદ કરવામાં આવેલ હોવાની હકીકત જલ્દીથી ગળે ઉતરે તેમ નથી.

(૫૧.૨૦) વધુમાં બચાવપક્ષ ધ્વારા એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદણ યાને ભોગ બનનાર વકતા બન્યા પછી જુદા જુદા સ્થળોને સત્સંગ–શીબીર–પોગ્રામો કરતી હતી અને તેણીના પોગ્રામમાં સામેલ એક તબલા વગાડવાવાળા એક ભાઈ હતા તેઓને આશ્રમની એક છોકરી સાથે પ્રેમ થઈ ગયેલો અને તે બંનેને લગ્ન કરવા હતા તેની આરોપી નં.(૧) આશારામને જાણ થઈ જતાં ચાલુ પોગ્રામમાં તેઓ ફરીયાદણ યાને ભોગબનનાર ઉપર ગુસ્સે થઈ ગયેલા અને તેણીને જણાવેલ કે, તારા જ પોગ્રામમાં મારા આશ્રમની છોકરી આવુ કામ કરે છે તુ મારો પ્રચાર કરવા જાય છે કે આવા કામ કરવા જાય છે તેમ કહી તેણી ઉપર ખુબ જ ગુસ્સો કરેલો. જેથી તેણીને આરોપી નં.(૧) આશારામને મારે અહીંયા

રહેવુ નથી મને રજા આપી દો, મારે ઘરે જાવુ છે તેમ જણાવેલ, પરંતુ આશારામે તેણીને ઘરે જવા માટે રજા આપેલી નહી જેથી તેણી ત્યાંથી ભાગી જવાનો મોકો શોધતી હતી.આમ ઉપરોકત ચર્ચા અન્વયે આશારામે આપેલ ઠપકાના કારણે તેણીને ખોટુ લાગી ગયેલ તેમજ મનદુ:ખ થયેલ જેને ધ્યાને રાખી તેણીએ આશ્રમ વિરૂધ્ધના ષડયંત્રકારીઓ સાથે ભેગા મળી હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે અને નામદાર કોર્ટમાં સોગંદ ઉપર આરોપીઓ વિરૂધ્ધ ઘડવામાં આવેલ કાવતરાના ભાગરૂપે ખોટો પુરાવો આપેલ છે તેવી દલીલ સાથે હું જરા પણ સંમત થતો નથી, કારણ કે સદર હકીકત તો ફરીયાદણ યાને ભોગ બનનારે પોતાની સ્વેચ્છાએ સરતપાસના પેરા (૧૮) માં જણાવેલ છે.એટલું જ નહી બચાવપક્ષ ધ્વારા કરવામાં ઉલટતપાસના પેરા (૧૦૨) માં પણ તેણીએ કબુલેલ છે કે તેણીને તેનું સ્વમાન/સ્વાભીમાન ખુબ વ્હાલુ છે અને આશારામે જાહેરમાં તેણીને ખરાબ શબ્દો કહેલા અને તેથી તેણીનું સ્વામીભાન ઘવાયેલુ તેમજ જાહેરમાં તેણીનું સ્વમાન ઘવાયાથી તેણીને ખુબ દુ:ખ થયેલુ તેમજ જાહેર સભામાાં જે બનાવ બનેલો તેના કારણે તેણી ખુબ ત્રાસી ગયેલી અને કંટાળી ગયેલી. આ તબકકે એ હકીકત નોંધપાત્ર છે કે જો ખરેખર જાહેરમાં ઠપકો આપવાથી ફરીયાદણ યાને ભોગબનનારે આશ્રમ તથા આશારામ વિરૂધ્ધમાં ષડયંત્રકારીઓ સાથે ભેગા મળી હાલની આ ફરીયાદ કરેલ હોય તો તે હકીકત તેણીએ સરતપાસ તથા ઉલટતપાસમાં જણાવી જ ન હોત. તેમજ તે હકીકત છુપાવવાનો પ્રયાસ કરેલ હોય પરંતુ તેમ બનેલ નથી. વધુમાં તેણીએ તેણીની ઉલટ તપાસમાં જાહેર સભામાં તેણીનું સ્વમાન ઘવાવાથી તેણીએ આશ્રમમાં રહેવુ જ નથી તેમ નકકી કરેલ હોવાની વાત ખોટી હોવાનું જણાવેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૫૧.૨૧)** વધુમાં બચાવપક્ષ ધ્વારા આંક–૭૫૦ થી રજુ થયેલ દસ્તાવેજ તરફ મારુ ધ્યાન દોરી જણાવેલ છે કે ફરીયાદણ યાને ભોગબનનારે તેણીનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન બીજી વખત યાને ફરીથી નોંધાવવા માટે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ગાંધીનગરની કોર્ટમાં અરજી કરેલી.જે અરજી નામંજુર થતાં તે હુકમ વિરૃધ્ધ નામદાર હાઈકોર્ટમાં જવા માટે તેણીએ જે રીટ પીટીશન દાખલ કરેલ તે પીટીશન મેમાની આ નકલ છે. અને સદર પીટીશનના પેરા નં.(૩.૪) તેણીની ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ જ ગુનો કોઈ જ આરોપીઓ ધ્વારા આચરવામાં આવેલ નહી હોવાનું દર્શાવવામાં આવેલ છે અને આ પીટીશન સબંધે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૭) તરીકે એડવોકેટશ્રી હરીશકુમાર ભાલચંદ્ર રાજપુતનાઓને આંક–૭૪૯ થી તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેઓની સરતપાસના પેરા (૩) માં આંક–૩૨૩ તથા આંક–૩૨૪ થી રજુ થયેલ અરજી તથા એફીડેવીટની નકલ તેઓને બતાવતાં તે સંદર્ભે તા. ૧૭/૧૨/૨૦૧૪ ના રોજ ફરીયાદણ યાને ભોગબનનાર તેઓને ત્યાં એફીડેવીટ અર્થે આવેલ હતા અને તે હકીકત તેઓના રજીસ્ટરમાં તા. ૧૭/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં. ૧૦૨૪ થી નોંધેલ હોવાનું અને તેમાં ભોગબનનારની સહી બાદ તેઓએ સહી કરેલ હોવાનું જણાવેલ છે.ત્યારબાદ સદર સાહેદે તેઓની જુબાનીના પેરા(૩) માં આંક–૭૫૦ વાળા નોટરાઈઝ ડોકયુમેન્ટની સાત પાનાવાળી ઝેરોક્ષ નકલ બતાવતાં તેના દરેક પાના ઉપર તેમની નોટરીનો સીકકો અને સહી હોવાનો તેમજ આ ડોકયુમેન્ટ તા. ૨૬/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં. ૧૦૬૧ થી તેમના રજીસ્ટરમાં નોંધવામાં આવેલ હોવાનું અને તેમાં તેમની સહી હોવાનું તેમજ આ ડોકયુમેન્ટ હાઈકોર્ટની પીટીશન હોવાનું અને તેના પેજ નં. ૧,૨,૪,૬ અને ૭ નંબરના પેજ ઉપર ભોગબનનારની સહી હોવાનું અને પેજ નં.(૬) ઉપર ભોગ બનનારના ફોટા

ઉપર સહી હોવાનું જણાવેલ છે. આમ ફરીયાદણ યાને ભોગ બનનારે પોતાની સ્વેચ્છાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવા તૈયાર કરેલ પીટીશનમાં, તેણીની એફ.આઈ.આર.માં દર્શાવેલ કોઈ આરોપીઓએ તેણી જણાવે છે તેવો કોઈ ગુનો કરેલ નહી હોવાનું સ્વીકારેલ છે જે હકીકત ધ્યાને લેતાં આરોપીઓએ કોઈ ગુનો આચરેલ નહી હોવાની બચાવપક્ષની દલીલ સાથે હું સંમત થતો નથી, કારણ કે સદર સાહેદે તેઓની જુબાનીના પેરા નં.(૨) માં જણાવેલ છે કે અરજીમાં ફોટો પાછળથી પણ લગાવેલ હોઈ શકે કારણ કે, ફોટા ઉપર તેમની નોટરી અંગેના કોઈ સીકકો નથી. તેવી જ રીતે સદર સાહેદે તેઓની સરતપાસના પેરા(૩) માં આંક–૭૫૦ વાળા દસ્તાવેજમાં ભોગબનનારના ફોટા ઉપર સહી હોવાનું સ્વીકારેલ છે.પરંતુ તે ફોટા ઉપર તેઓનો સીકકો નહી હોવાનું જણાવેલ છે. એટલુ જ નહી બચાવપક્ષ ધ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૬) માં તેઓએ આંક–૩૨૩ વાળા દસ્તાવેજના પેરા નં.(૧) થી (૩) માં લખેલ હકીકત બાબતે કોઈ જ ખરાઈ કરેલ નહી હોવાનું કબુલેલ છે. આ તબકકે આંક–૭૫૦ થી રજુ થયેલા દસ્તાવેજની કાળજીપૂર્વક ચકાસણી કરતાં સદર દસ્તાવેજમાં પીટીશનરના એડવોકેટની કોઈ જ સહી નથી તેમજ સદર પીટીશનના પેજ નં.(૩) તથા (૫) ઉપર ભોગબનનારની પણ સહી નહી હોવાનું જણાઈ આવે છે.એટલુંજ નહી ફરીયાદણ યાને ભોગબનનારે ખુદ તેણીની ઉલટતપાસના પેરા (૧૧૪) માં આંક–૭૫૦ વાળી પીટીશનમાં ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો બનેલ નહી હોવાની વાત ખોટી હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. આમ આંક–૩૨૩ તથા આંક–૭૫૦ વાળા દસ્તાવેજોની આધારભુતતા બાબતે ખુદ બચાવપક્ષના સાહેદે જ શંકા ઉપસ્થિત કરે છે. જે હકીકતને નજર અંદાજ કરી શકાય નહી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૫૧.૨૨)** વધુમાં ફરીયાદણ યાને ભોગબનનારે તેણીની સોગંદ ઉપરની જુબાનીમાં તેણીને વકતા બનાવવા આરોપી નં.(૧) નાએ જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે. તેમજ તેણીએ વકતા બનાવવા માટે જે દસ છોકરીઓને સીલેકટ કરેલી તેમાં તેણી તથા વર્ષા હોવાનું જણાવેલ છે.જે હકીકત તદ્દન ખોટી હોવાની બચાવપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદો પૈકી અમુક સાહેદોએ ફરીયાદણ યાને ભોગબનનાર કહેવાતા બનાવ સમયે વકતા હતી જ હોવાનું જણાવેલ છે. એટલું જ નહી રેકર્ડ પર પણ એવો પુરાવો આવેલ છે કે તેણી જાન્યુઆરી ૨૦૦૧ માં કચ્છ–ભુજમાં ભુકંપ આવ્યો ત્યારે તેણીની વકતા તરીકે ત્યાં આશ્વાસન આપવા ગયેલ.જો કે વકતા સંદર્ભે રેકર્ડ ઉપર ભિન્ન ભિન્ન પુરાવો આવેલ છે.પરંતુ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૫૧) તરીકે તપાસવામાં આવેલ સાહેદણ વર્ષાનાઓએ તેણીની જુબાનીના પેરા(૧૦) માં તેણીએ તેણીના પોલીસ રૂબરુના નિવેદનમાં તેણી તથા ફરીયાદણ યાને ભોગબનનારને પસંદ કરેલ હોવાનું જણાવેલ છે.કહેવાતો બનાવ ગુરૂપૂર્ણિમા વખતે એટલે કે જુલાઈ–૨૦૦૧ માં બનવા પામેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે અને તા.૨૬/૧/૨૦૦૧ ના અરસામાં કચ્છમાં ભુકંપ આવેલ હતો તે વખતે ભોગબનનારને વકતા તરીકે મોકલવામાં આવેલ. આમ તેણી કહેવાતા બનાવ પહેલાં વકતા હોવાની બચાવપક્ષની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૯) થી તપાસવામાં આવેલ સાહેદણ જીજ્ઞાબેનનાઓએ તેઓની જુબાનીના પેરા(૬) માં આશ્રમમાં વકતા તરીકે એટલે કે કોઈ વકતા હાજર ન હોય ત્યારે તેમના બદલામાં તેણી જતી હોવાનું જણાવેલ છે.આમ સદર હકીકત ધ્યાને લેતા ફરીયાદણ યાને ભોગબનનાર અન્ય કોઈ વકતાની જગ્યાએ ભુજમાં ભુકંપ વખતે ગયેલ હોવાનું પણ બની શકે. કારણ

કે આરોપી નં.(૧) આશારામના આશ્રમ તરફથી વકતા અંગેના કોઈ નિમણૂંક પત્ર આપવામાં આવતા નથી. હું વકતા તરીકે અન્ય સાહેદોએ આપેલ પુરાવાનું વિસ્તારપૂર્વક ચર્ચા કરવાનું ઉચિત માનતો નથી.

**(૫૧.૨૩)** વધુમાં ભોગબનનારને વકતા તરીકે તેણીએ આપેલ સત્સંગ/પ્રવચનની તેણીની ઉલટ તપાસ દરમિયાન આંક–૭૫૪ તથા આંક–૭૫૬ વાળી સીડી બતાવતાં તે સીડીમાં તેણીએ વ્યાખ્યાન અને ભજન કરેલ હોવાનું અને તેણીએ માતા પિતા તથા ગુરુ મહીમા ઉપર વ્યાખ્યાન આપેલ હોવાનું અને આ સીડીમાં ભજન ગવાતા હાજર લોકો ઝુમી રહયા હોવાનું તેણીએ ખુદ સ્વીકારેલ છે.તેવી જ રીતે તેણીને આંક–૭૫૩ તથા આંક–૭૫૫ વાળી સીડી લેપટોપમાં રન કરી બતાવતાં તેમાં જે સ્ત્રી વ્યાખ્યાન કરે છે તે તે જ હોવાનું અને તે વ્યાખ્યાન તેણીએ ગુરુમહીમા/ગુરુભકિત તથા શકિત ઉપર આપેલ હોવાનું સ્વીકારેલ છે.ત્યારબાદ તેણીએ તેણીની ઉલટતપાસના પેરા(૧૦૫) માં કયારેક કયારેક પ્રવચન કરતા અને ભજન ગાતા તેમાં તેણી પણ ઝુમી ઉઠતી હોવાનું તેણીએ જણાવેલ છે.જેથી બચાવપક્ષ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે જો ખરેખર ફરીયાદણ યાને ભોગબનનાર જણાવે છે તેવો કોઈ બનાવ બનેલ હોય તો તેણીની આશ્રમમાં રહે જ નહી.એટલું જ નહી તેણી સ્વસ્થ રીતે વ્યાખ્યાન/ પ્રવચન પણ આપી શકે નહી. હાલના કેસમાં ફરીયાદણ યાને ભોગબનનારે તેણીએ ગુજરાત રાજય ઉપરાંત મહારાષ્ટ્ર સહીત અનેક રાજયમાં વ્યાખ્યાન અને પ્રવચન આપેલ છે. તે વખતે પણ તેણી તેણીના વતન સુરત મુકામે જઈ શકી હોત પરંતુ તેણીએ તેમ કરેલ નથી અને રજુ થયેલ સીડી તથા આંક–૮૮૧ થી આંક–૮૮૪ વાળા ફોટોગ્રાફ જોતાં તેણી એકદમ સ્વસ્થ દેખાય છે તે હકીકત ધ્યાને લેવાનેપાત્ર

હોવાની હકીકત સાથે આ અદાલત સંમત થતી નથી, કારણ કે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૧૦૬) માં તેણીને સીડી બતાવતાં તે તેણી હોવાનું જણાવેલ છે પરંતુ તેણી તે વ્યાખ્યાન ફ્રી માઈન્ડથી મુકતપણે કરી રહી હોવાનું તેણી કહી શકે તેમ નથી તેમ જણાવેલ છે. **વધુમાં એ હકીકતની પણ નોંધ લેવી ઘટે કે આશ્રમોમાં સારુ અને આધ્યાત્મીક વાતાવરણ હોય છે તેમજ ઘર કરતાં પણ વધુ સ્વતંત્રતા હોય છે. તેમજ કોઈનો અંકુશ પણ નહી હોવાના કારણે આશ્રમનું વાતાવરણ થોડી ઘણી તકલીફ હોવા છતાં સારુ લાગતુ હોય છે.**

**(૫૧.૨૪)** ફરીયાદણ યાને ભોગ બનનારે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ તેણીની ઉલટતપાસના પેરા(૧૨૨) માં જણાવેલ છે કે આશ્રમ છોડીને ગયા બાદ તેણી ન્યુઝ પેપર અને ટી.વી.માં કયારેક કયારેક ન્યુઝ વાંચતી હતી અને જોતી હતી અને સને ૨૦૦૮ થી સને ૨૦૧૨ સુધીમાં ન્યુઝપેપર તથા ટી.વી.માં દીપેશ અને અભિષેકના મૃત્યુ બાબતના અનેકવાર સમાચાર આવેલા અને આ ન્યુઝમાં આશ્રમની ઘણી વાતો કહેવામાં આવેલ હતી. આ હકીકત તેણીએ સ્વીકારેલ હોવા છતાં તેમજ સને ૨૦૦૯ માં સી.આઈ.ડી.ક્રાઈમ ધ્વારા જાહેર નોટીસ પણ આપવામાં આવેલ કે, આશારામ આશ્રમ બાબતમાં કોઈની પાસે કોઈ માહીતી હોય અને આપવી હોય તો સી.આઈ.ડી.ક્રાઈમને જણાવવી અને તે માહીતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમ છતાં ફરીરયાદણ યાને ભોગબનનારે આશારામ વિરૂધ્ધ નનામી પણ અરજી કરેલ નથી. જે હકીકત જોતાં ફલીત થાય છે કે ફરીયાદણ યાને ભોગબનનાર સને ૨૦૦૮ માં જ આશ્રમ વિરૂધ્ધના સમાચારોની હકીકત જાણતી હોવા છતાં તેણીએ તે સમયે ફરીયાદ આપેલ નથી.જે હકીકત સાથે આ અદાલત સંમત જ નથી, કારણ કે સને ૨૦૦૮ માં દીપેશ અને અભિષેકનો જે બનાવ બનેલો તે તેઓના અપમૃત્યુ બાબતનો હતો નહી

કે દુષ્કર્મ બાબતનો. વધુમાં ફરીયાદણે તેણીની ઉલટ તપાસના પેરા(૧૨૨) માં સ્વીકારેલ છે કે સને ૨૦૦૯ માં સી.આઈ.ડી.ક્રાઈમ દ્વારા આશ્રમ બાબતમાં માહીતી આપવાની નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોવાનું તેણીને ખબર નહી હોવાનું જણાવેલ છે.જેથી તે અંગે હું વધુ ચર્ચા કરવાનું ઉચિત માનતો નથી.

**(૫૧.૨૫)** ફરીયાદણ યાને ભોગબનનારે બનાવ સમયે (૧) સલવાર (૨) કુર્તો અને દુપટ્ટો પહેરેલ હોવાનું જણાવેલ છે. જયારે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં.(૭૨) માં તેણીએ કુર્તો, પાયજામો અને દુપટ્ટા સ્વિાય બીજા વસ્ત્રો પણ પહેરેલ હતા અને તેણીએ બ્રા અને નીકર પણ પહેરેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદણ તેણીની ફરીયાદ, સરતપાસ તે સિવાય સી.આર.પી.સી.કલમ-૧૬૪ ના નિવેદનમાં કોઈપણ જગ્યાએ તેની પેન્ટી પણ ઉતારવામાં આવેલ હોવાનું જણાવતા નથી. આમ ગુપ્ત ભાગના કપડ઼ા ઉતાર્યા સિવાય સંભોગ શકય બને જ નહી. ફરીયાદણ તેણીના ગુપ્ત ભાગના કપડા પણ ઉતારવામાં આવેલ હોવાની કોઈ જ હકીકત કોઈ જગ્યાએ જણાવતા નથી.બચાવપક્ષની આ દલીલ સાથે હુ જરા પણ સંમત થતો નથી. આ માત્ર વાહીયાત દલીલ છે અને તે બચાવપક્ષને મદદરૂપ થતી નથી.

**(૫૧.૨૬)** બચાવપક્ષ દ્વારા એવી પણ તકરાર ઉઠાવવામાં આવેલ છે કે ફરીયાદપક્ષના કેસને સપોર્ટ કરવાનો જે સાહેદોએ પ્રયત્ન કરેલ છે તે મોટા ભાગે આશ્રમમાંથી કાઢી મુકેલ અથવા તો તેમના દુષ્કૃત્યો બહાર આવતાં અથવા તો સ્વેચ્છીક રીતે આશ્રમ છોડી ચાલી ગયેલ વ્યકિતઓ પૈકીના સાહેદો છે અને આ સાહેદો ફરીયાદપક્ષના કેસ સંદર્ભે કોઈ વ્યકિતગત માહીતી ધરાવતા નથી અને આરોપીઓ વિરૂધ્ધ પૂર્વગ્રહ ઉપસ્થિત કરવાનો અને તેઓની બદનામી થાય તેવો તેમનો ઉદ્દેશ છ અને તેઓએ નામદાર કોર્ટ સમક્ષ કાલ્પનીક વાર્તાઓ જેવી

જુબાની આપેલી છે. બચાવપક્ષની આ દલીલ સાથે હુ સહમત થતો નથી કારણ કે જે સાહેદોને જે બનાવની માહીતી ન હતી તે સાહેદોએ તેમની ઉલટ તપાસમાં ભોગબનનારના કેસ વિશે તેઓને કોઈ જ માહિતી ન હોવાનું કબુલેલ છે એટલું જ નહી બચાવપક્ષની તેઓની ઉલટતપાસ કરવાની તક પણ સાંપડેલ હોઈ સાહેદોએ જણાવેલ બધી જ હકીકત ખોટી હોવાનુ માની શકાય નહી. બીજી રીતે જોવા જઈએ તો ફરીયાદપક્ષના સાહેદોએ તેઓની સરતપાસમાં તેઓના આશ્રમ નિવાસ દરમિયાન જોયેલ તથા જાણેલ ગતિવિધિઓ અંગે પ્રકાશ પાડેલ છે.

**(૫૧.૨૭)** બચાવપક્ષ તરફથી એવો મુખ્ય બચાવ લેવામાં આવેલ છે કે આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ/આશ્રમ છોડી દીધેલ સાધકો ધ્વારા આરોપી નં(૧) આશારામ બાપુ તથા તેમના પરીવારજનોને ફસાવવા માટેનું આ ષડયંત્ર /કાવતરુ છે. બચાવપક્ષ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. (૨૭) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારનાઓએ તેઓની સરતપાસના પેરા નં.(૧૦) માં જણાવેલ છે કે, '' ત્યારબાદ આશારામે પોતાની લુગી કાઢી દીધેલ અને મારા બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે મારુ અડધુ શરીર બેડ ઉપર હતુ અને અડધુ નીચેનું શરીર બેડની નીચે લટકતુ હતુ. મારા બંને પગ જમીન ઉપર હતા અને આશારામે તેમના પગથી મારા બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા, હું આખી પથારીની નીચે જવા પ્રયત્ન કરતી હતી ત્યારબાદ આશારામે તેમના પગથી મારો એક પગ જોરથી પલગની ઉપર ખેચેલો અને મારો એક પગ નીચે લટકતો હતો. તે વખતે આશારામે મારી ઉપર બળાત્કાર કરેલો.'' સદર સાહેદણએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૪૮)માં જણાવેલ છે કે, '' આ સમયે મારા બંને પગ જમીનને અડેલા હતા મારો કમરનો ભાગ પલંગની

કીનારી પાસે હતો અને કમરથી નીચેનો ભાગ જમીન તરફ હતો, વળી તેણીની અને આરોપી નં.(૧) આશારામ બાપુની હાઈટ પણ સરખી જ હોવાનું ખુલેલ છે.'' આમ, ફરીયાદણ કહેવાતા બનાવ વખતની તેણીની જે શરીરસ્થિતિ જણાવે છે, તે શરીરસ્થિતીમાં બળાત્કાર શકય જ નથી. ફરીયાદણ યાને ભોગ બનનારની જન્મ તારીખ–૧૨/૦૪/૧૯૮૦ ની છે. કહેવાતો બનાવ જુલાઈ–૨૦૦૧ પછી બનેલ છે. તે ધ્યાને લેતાં કહેવાતા બનાવ સમયે ફરીયાદણ યાને ભોગ બનનારની ઉંમર ૨૧ વર્ષની આસપાસ હશે અને આરોપી નં.(૧) આશારામ બાપુની ઉંમર આશરે ૬૪ –૬૫ વર્ષ જેટલી હશે. ફરીયાદણે તેણીની સરતપાસમાં પેરા નં.(૯) માં બનાવવાળી જગ્યાના રૂમમાં બે દરવાજા હોવાનું જે પૈકી એક દરવાજો મચ્છર જાડી વાળો હતો, તેણીએ ત્યાંથી નાસી જવા મચ્છર જાળીનો દરવાજો દોડીને ખોલી દીધેલો. અને બીજો દરવાજો ખોલવા જાઉ તે પહેલા આશારામ આવી ગયેલા વિગેરે હકીકત જણાવે છે. પરંતુ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૯૪ )માં એવો સ્પષ્ટ સ્વીકાર કરેલ છે કે,'' આંક–૧૮૦ વાળા ગુનાવાળી જગ્યાનાઓના પંચનામામાં મચ્છર વાળો દરવાજો મળી આવેલ નહી તેમજ ફરીયાદણએ પણ મચ્છર વાળો દરવાજો કયા હતો તે બતાવેલ નહી.'' આમ, ફરીયાદણ યાને ભોગ બનનારે આરોપી નં.(૧) વિરૂધ્ધ પ્રેઝયુડાઈઝ ઉભો કરવા કાલ્પનીક સ્ટોરી રજુ કરેલ છે. ફરીયાદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૧૦૧) માં તેણીના સીઆરપીસી કલમ– ૧૬૪ ના આંક– ૨૮૩ ના નીવેદનમાં પેજ નં.(૧૨) ઉપર '' હું જે બારણાથી પ્રવેશેલ હતી તે બારણુ ભાગીને ખોલવા ગઈ'' તેવી જે વિગત લખેલી છે તે સાચી નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદણે તેણીની ફરીયાદમાં લખાવેલ હકીકત સાચી કે તેણીએ તેણીના સી. આર. પી. સી. કલમ–૧૬૪ માં લખાવેલ વિગત સાચી ?.

આ બંને વિગતો તદન ખોટી છે. કારણ કે ફરીયાદણે તેણીના સી. આર. પી. સી. કલમ– ૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં મુખમૈથુન તથા ટબ સંબંધે જે વિગત જણાવેલ છે તે સાચી નથી. આમ, ફરીયાદણના આંક– ૨૮૩ વાળા નીવેદનમા ઈમ્પ્રુવમેન્ટ કરવામાં આવેલ છે. તેમજ ફરીયાદણ તેણીની સરતપાસના પેરા નં.(૧૦) માં બનાવ સમયે તેણીના ગુપ્ત ભાગેથી બ્લીડીંગ શરૂ થઈ ગયેલ હોવાની જે હકીકત જણાવેલ છે. તે તદન ખોટી છે. જો ખરેખર બ્લીડીંગ શરૂ થયુ હોય તો પલંગ ઉપર તથા જમીન ઉપર ડાઘા હોવા જોઈએ. કપડા ઉપર જો લોહીના ડાઘા પડેલ હોય તો બેડ તથા જમીન ઉપર પણ લોહીના ડાઘા હોવા જોઈએ. અખીલ ગુપ્તાનાઓએ તેઓના આંક– ૮૨૬ વાળા સી.આર.પી.સી.કલમ– ૧૬ ૪ ના નિવેદનમાં કયાંય એવુ જણાવેલ નથી કે પલંગ યાને બેડ તથા જમીન ઉપર લોહી હતું. તેમજ પલંગની ચાદર (બેડ સીટ) બદલી નાખેલ હોય તેવુ પણતેને જણાવેલ નથી. આમ, ફરીયાદણ જણાવે છે તેવો કોઈ બનાવ બનેલ નથી. કારણ કે સંજોગો ઉભા કરી શકતા નથી. વળી, ફરીયાદણે તેની સરતપાસના પેરા નં.(૯) માં બનાવ સમયે તેણીના હાથમાં ઘીની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી અને ઘી નીચે ઢોળાઈ ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આંક– ૧૮૦ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તે અંગેનો કોઈ ઉલ્લેખ જોવા મળતો નથી. કહેવાતા બનાવ વાળા રૂમની સાઈઝ ૧૩ બાય ૧ /૨ × ૧૧ બાય ૧/૨ જેટલી છે. બનાવવાળી જગ્યા યાને રૂમમાં ટીપોઈ તથા પલંગ હતો. આ સંજોગોમાં ટીપોઈ તથા પલંગની સાઈઝ કાઢી નાખીયે અગર તો તેનું માપ બાદ કરીએ તો ખુલ્લી જગ્યા ઓછામાં ઓછી રહે, વળી,વાટકીમાં ઘી હોઈ અને તે ઘી ઢોળાયુ હોય તો વ્યકિત લપસી જ જવાનો. અખીલ ગુપ્તા તેઓના સી.આર.પી.સી. કલમ– ૧૬૪ વાળા આંક– ૮૨૬ વાળા નીવેદનમાં કયાંય ઘી ઢોળાયેલ હોવાનું તેમજ તે તેને સાફ કરેલ હોવાનું જણાવેલ

નથી. જો ખરેખર ઘી ઢોળાય તો ઘી ના ડાઘા રહે, રહે અને રહે જ. આમ, ઘી ઢોળાયાની હકીકત તદન ખોટી અને ઉપજાવી કાઢેલ છે.

**(૫૧.૨૮)** આરોપી નં.(૧) તરફથી એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી આંક– ૨૭૯ થી રજુ થયેલ ફરીયાદણ યાને ભોગ બનનારની ફરીયાદ વંચાણે લેતા સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના સમયે પ્રથમ મુખમૈથુન ત્યારબાદ સંભોગ કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તરફથી આંક–૧૩૬ થી રજુ થયેલ ફરીયાદણનું શરીરસ્થિતીનું પંચનામુ વંચાણે લેતાં સદર પંચનામામાં ફરીયાદણને સને–૨૦૦૧ના ગુરુપુર્ણિમાનાં દિવસે બોલાવેલ અને બળાત્કાર તથા મુખમૈથુન કરાવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. જયારે ફરીયાદણ યાને ભોગ બનનારના તા.૦૮/૧૦/૨૦૧૩ ના રોજ તપાસનીશ અધિકારી સમક્ષ આપેલ નીવેદનમાં સને–૨૦૦૧ની સાલમાં જન્માષ્ટમીના દિવસે આરોપી નં.(૧) આશારામે પ્રથમ મુખમૈથુન કરેલ અને ત્યારબાદ તેની સાથે સંભોગ કરેલ તેવી હકીકત જણાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.૫૫ થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૧૧૨) માં તા.૦૮/૧૦/૨૦૧૩ ના સવાલ– જવાબ વાળા મારા રૂબરૂના વધારાના નીવેદનમાં ફરીયાદણએ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં '' બનેલ હોવાનું જણાવેલ છે. ત્યારપછી, તા.૦૯/૧૦/૨૦૧૩ ના વધારાના નીવેદનમાં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે '' બનાવ(આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ પુરો થયા પછી એક દિવસે જે ચોકકસ દીવસ મને યાદ નથી'' તેમ જણાવેલ હોવાની હકીકત ખરી હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ, ઉલટ તપાસના પેરા નં. (૧૧૩)

માં, મારા રૂબરૂ ના તા.૧૭/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદણએ એવુ જણાવેલ છે કે, '' બનાવ (આક્ષેપીત બળાત્કાર) '' સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અમદાવાદ ખાતેના કાર્યક્રમો પુરા થાય પછીના દિવસે બનેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, ઉલટતપાસના પેરા નં. (૧૧૪) માં તા.૦૧/૦૧/૨૦૧૪ ના મારી રૂબરૂના વધારાના નીવેદનમાં (સવાલ–જવાબના રૂપમાં) ફરીયાદએ '' બનાવ(આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની સાલમાં ગુરુપુર્ણિમાના દિવસો પછી જેમાં તારીખ કે વાર મને યાદ નથી '' તેવુ જણાવેલ છે. ત્યારબાદ, ઉલટ તપાસના પેરા નં.(૧૧૫) ના મારી રૂબરૂના તા. ૦૩/૦૧ /૨૦૧૪ ના વધારાના નિવેદન(સવાલ – જવાબના રૂપમાં) માં ફરીયાદણએ '' બનાવ( આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં ગુરુપુર્ણિમા પછી '' તેવુ જણાવેલ છે. ત્યારબાદ, ફરીયાદણે સી.આર.પી.સી કલમ–૧૬૪ ના આંક– ૨૮૩ વાળા નીવેદનમાં બનાવ સને–૨૦૦૧ માં બપોરે બે વાગ્યાના સમયે એટલુ જણાવેલ છે. તેથી વિરૂધ્ધ નામદાર કોર્ટ દવારા આરોપીઓ વિરૂધ્ધ આંક– ૯૬ થી ફરમાવવામાં આવેલ તહોમતનામામાં બનાવનો દિવસ ગુરુપુર્ણિમા હોવાનું દર્શાવવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી આંક– ૨૩૨ થી રજુ કરવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારના સીવીલ હોસ્પીટલ, અમદાવાદના કહેવાતા ઈન્જરી સર્ટીફીકેટમાં ફરીયાદણએ ડૉકટર સમક્ષ જણાવેલ ઈજાના ઈતિહાસમાં બનાવ સને–૨૦૦૧માં ગુરુપુર્ણિમાના પાંચ – છ દિવસ બાદ બનેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદણ કહેવાતા બળાત્કારનો બનાવ સને– ૨૦૦૧ ની જન્માષ્ટમી તેમજ સને – ૨૦૦૧ ની ગુરુપુર્ણિમા દરમ્યાન બનેલ હોવાનું જણાવે છે. બચાવપક્ષ તરફે સાહેદ નં. (૧) તરીકે તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગ બનનારની બહેન ગીતાબહેન અને બચાવપક્ષના સાહેદ નં. (૧૩) તરીકે તપાસવામાં આવેલ નિશાંતભાઈ જાદવાણીનાઓની ઉલટ તપાસમાં

સને–૨૦૦૧ નો જન્માષ્ટમીનો પ્રોગ્રામ સુરત ખાતે ઉજવવામાં આવેલ હોવાની હકીકતને ફરીયાદપક્ષ દવારા પડકારવામાં આવેલ નથી. એટલુ જ નહી ફરીયાદણ યાને ભોગ બનનારે તેણીની અંક–૨૭૯ વાળી ફરીયાદમાં કહેવાતા બનાવનો મહીનો તેમજ દિવસ પણ જણાવેલ નથી અને તે એટલા માટે જણાવેલ નથી કે બનાવ જ બન્યો નથી એટલે આવુ યાદ ન હોય તે સ્વાભાવીક છે. ફરીયાદપક્ષના કેસ મુજબ કહેવાતા બનાવ સમયે ટીના એકયુપ્રેસર અને ભોગ બનનાર બંને ભારતીબેન સાથે શાંતીવાટીકામાં ગયા હતા. આ હકીકત જોતાં સદર કામે ટીના એકયુપ્રેસર મહત્વના સાક્ષી કહી શકાય તેમ છતાં તપાસનીસ અધિકારી દવારા ટીના એકયુપ્રેસરને સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી કે તેની વિરૂધ્ધ કોઈ ખોટી માહીતી આપવા બદલ ઈ. પી. કો. ચેપ્ટર ૧૦ની જોગવાઈઓ મુજબ કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી. એટલુ જ નહી ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૫૫)થી તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી.બી.રવિયાનાઓએ પણ બચાવપક્ષ દવારા કરવામાં આવેલી ઉલટ તપાસના પેરા નં.(૧૬૨) માં તેઓએ ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેના નિવેદનો લેવામાં આવેલ હોવાનું સ્વીકારેલ છે. પરંતુ તેઓને ચાર્જશીટમાં સાહેદ તરીક દર્શાવેલ નથી. ત્યારબાદ પેરા નં.(૧૯૨) ટીનાબેન અને ઉમાબેનનાઓએ તપાસમાં શું વિગત જણાવી તે નામદાર કોર્ટમાં જાહેર ન થાય તે નિર્ણય સીટના સંયુકત સભ્યોનો હોવાનું જણાવેલ છે. તેથી વિશેષ તો ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેના આજદીન સુધી નીવેદન નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ પેરા નં.(૨૪૭)માં આરોપી નં. (૨) ભારતીબેન તેણીને એટલે કે ફરીયાદણ યાને ભોગ બનનારને અને ટીનાબેનને ગાડીમાં લઈ ગયેલ અને પરત લાવેલ તે હકીકતને ટીનાબેનને સમર્થન નહી આપેલ હોવાની હકીકત સાચી હોવાનું જણાવે છે. આમ, ફરીયાદણ યાને ભોગબનનારે ૧૨ વર્ષ પછી ખોટી ફરીયાદ કરેલ

હોય તે લગત અનેક પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે. સદર કામે તપાસનીશ અધિકારીએ વધારે કોન્સીયસ થઈને તપાસ કરવાની જરૂર હતી, પરંતુ તેમ કરેલ નથી અને સ્પે.ઈન્વેસ્ટીગેશન ટીમે પોતાનો પાવર યુઝ કરીને ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેની હકીકત કોર્ટને પણ જાણ થવા દીધેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનીયમની કલમ- ૧૧૪(g) મુજબ એડવન્સ ઈન્ફરન્સ દોરવુ જોઈએ. વધુમાં આરોપી તરફે એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદણે તેણીની તારીખ-૬/૧૦/૨૦૧૩ ની ફરીયાદમાં સૌપ્રથમ મુખમૈથુન કરવામાં આવેલ અને ત્યારબાદ બળાત્કાર કરેલ હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદણે તેણીના તા.૦૯/૧૦/૨૦૧૩ ના સી. આર. પી. સી. કલમ- ૧૬૪ મુજબના નીવેદનમાં પ્રથમ બળાત્કાર થયેલ અને ત્યારબાદ મુખ મૈથુન થયેલ તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદણએ મુખમૈથુન તથા બળાત્કાર સંબંધે જે હકીકત જણાવેલી છે. તે તદન વિરોધાભાષી છે. એટલુ જ નહી ફરીયાદણે તેણીની સરતપાસના પેરા નં.(૧૦) તથા (૧૧) માં જણાવેલ કેટલીક હકીકતો તેણીની ફરીયાદમાં તેમજ તેણીના સી. આર. પી. સી કલમ- ૧૬૪ મુજબના નીવેદનમાં જણાવેલ નથી. ફરીયાદણએ તેની ફરીયાદમાં તેમજ પોલીસ રૂબરૂ ના વધારાના નીવેદનમાં પહેલા બળાત્કાર થયેલ હોય અને પછી મુખમૈથુન કરાવેલ હોય તેવુ જણાવેલ નથી. જે હકીકતનો તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ તેઓની ઉલટતપાસના પેરા નંબર-(૧૨૬) માં સ્વીકાર કરેલ છે અને તે રીતે સદર હકીકત એકબીજા સાથે સુસંગત થતી નથી. ફરીયાદણે તેણીની જુબાનીના પેરા નં. (૨૬) માં તેણીની ફરીયાદ લીધી તે વખતે તેણીનો નાનો દીકરો ખુબ રડતો હતો અને તેણીની માનસીક સ્થીતી અસ્વસ્થ હતી. તેથી ફરીયાદમાં પહેલા મુખમૈથુન કરેલા અને બળાત્કાર કરેલાનું લખાવેલ છે. તેમજ મેજીસ્ટ્રેટ રૂબરૂ જ નીવેદન આપેલ છે તેમાં પહેલા

બળાત્કાર કરેલાનું અને ત્યારબાદ મુખમૈથુન કરેલાનું લખાવેલ છે. તે ક્રમ સાચો હોવાનું તેણીએ જણાવેલ છે. ત્યારબાદ, તેણીએ ઉ×ત ના પેરા નં. (૪૮) માં જણાવેલ છે કે, સીઆરપીસી કલમ– ૧૬૪ નું નીવેદન આપ્યુ ત્યારે તેણી શારીરીક અને માનસીક રીતે સંપુર્ણ સ્વસ્થ હતી કે કેમ ? તે કહી શકે નહી. તેવી જ રીતે આંક–૯૬ થી આરોપી વિરૂધ્ધ ફરમાવવામાં આવેલા તહોમતનામા પણ પ્ર થમ મુખમૈથુન અને પછી બળાત્કાર થયેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. ત્યારબાદ, તેણી તેણીની ઉલટતપાસમાં પેરા નં.(પર)માં જણાવેલ છે કે સંભોગ થયા પહેલા મુખમૈથુન થયુ હોય તો તેવી હકીકત મે ફરીયાદ કે નિવેદનમાં લખાવી હોય તો તે ખોટી છે. આમ, તહોમતનામુ પણ ખોટું હોવાનું પુરવાર થાય છે. તેવી જ રીતે ફરીયાદણે બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૮૨)માં જણાવેલ છે કે જયારે પણ મારું નિવેદન લેવામાં આવે ત્યારે તે નીવેદન મને વાંચી સંભળાવવામાં આવતુ હતું અને જો મારા લખાવ્યા મુજબનું નીવેદનમાં ન હોય તો હું તેનો વિરોધ કરું તેવી કબુલાત કરેલ છે. વિશેષમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. ૪૪ થી ફરીયાદણની ફરીયાદ લેનાર શોભાબેન પુરષોતમભાઈ ભુતડા, ડી.સી.પી. ઝોન –૪, સુરત નાઓને આંક–૪૨૩ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૯) માં જણાવેલ છે કે ફરીયાદણ મારી પાસે આવ્યા અને ફરીયાદ નોંધવાની કાર્યવાહી થઈ તે સમય દરમ્યાન તેઓ સ્વસ્થ હતા. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. પપ તરીકે તપાસવામાં આવેલ તપાસનીશ અધિકારી ડી. બી. રવિયાનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૧૨૭) માં ફરીયાદણ તેના તમામ નિવેદનો આપતી વખતે માનસીક રીતે સ્વસ્થ હતા તેમ જણાવે છે. આમ, ફરીયાદણ ફરીયાદ આપતી વેળાએ અસ્વસ્થ હોવાની જે હકીકત જણાવેલ છે કે તે પ્રતિપાદીત

કરે છે કે ફરીયાદણ કેટલી હદે ખોટુ બોલે છે તે સાબીત થાય છે. વધુમાં એવો પણ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. (૧૧) તરીકે તપાસવામાં આવેલ પંચ સાહેદ સિધ્ધરાજસિંહ નાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૨૦)માં એવી સ્પષ્ટ કબુલાત કરેલ છે કે પંચનામુ અને વિડીયો સીડીમાં થોડો ફેરફાર છે અને તે આંક- (૧૮૧) વાળી અરજીમાં જણાવેલ છે તેવા ફેરફાર છે. તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં.(૯૧)માં પણ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તેમજ વીડીયોગ્રાફીથી કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં આંક- (૧૮૧) ની અરજી માં દર્શાવેલ છે તે તફાવત હોવાનું ત્યારબાદ ફરીયાદપક્ષના કેસ મુજબ ગુનાવાળી જગ્યાએ એટલે કે શાંતીવાટીકામાં બનાવ સમયે બે રૂમ હોવાનું જણાવવામાં આવેલ છે. જયારે ગુનાવાળી જગ્યાના પંચનામામાં ત્રણ રૂમ દર્શાવવામાં આવેલ છે. આવો તફાવત શા માટે ?. વધુમાં તપાસનીશ અધિકારીએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં. (૯૬)માં ગુનાવાળી જગ્યાએ બળાત્કારના કોઈ ચિન્હો પણ મળી આવેલ નહી હોવાનું તેમજ તમામ પંચનામા દરમ્યાન કોઈપણ ગુનાહીત ચીજવસ્તુઓ મળી આવેલ નહી હોવાનું તેમજ આરોપી નં.(૧) ના મેડીકલ રીપોર્ટમાં ફરીયાદપક્ષને સમર્થન મળતુ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફથી આંક-(૬૨૭) થી રજુ થયેલ પત્રમાં પણ ગુનાવાળી જગ્યાએ સને-૨૦૦૧ પછી ત્રીજો રૂમ બનાવવામાં આવ્યો હોય તેવો કોઈપણ પ્રકારનો પુરાવો મળી આવેલ નહી હોવાનું તેમજ આતંરીક બાંધકામનો પણ પંચનામામાં કોઈ ઉલ્લેખ જોવા મળતો નહી હોવાનું જણાવેલ છે. સામાન્ય તહ પંચનામું પંચો લખાવતા હોય છે. હાલના કેસમાં તો પંચનામું એફ. એસ. એલ. અધિકારી હીંગરાજીયા સાહેબે લખાવેલ છે. એટલુ જ નહી કહેવાતા બનાવ

સમયે એટલે કે સને–૨૦૦૧ માં રસોઈયા તરીકે અખીલ હતો કે પ્રજ્ઞેશ હતો ?. તે સંદર્ભે તપાસનીશ અધિકારીએ તેઓની ઉલટ તપાસના પેરા નં. (૧૪૫) માં જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેનને તેઓ રૂબરૂના તા. ૧૮/૧૨/૨૦૧૩ ના નિવેદનમાં '' સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાના સમય દરમ્યાન પ્રજ્ઞેશ ઉર્ફે લાલો રસોઈયો હતો.'' તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં. (૪૮) દેવેન્દ્રભાઈ પ્રજાપતિનાઓ પણ તેઓની ઉલટ તપાસમના પેરા નં.(૩૨) માં સને–૨૦૦૨ સુધી આશારામજી ના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાજી કરીને હતા. તે વાત સાચી હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૪૫) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાનાઓએ પણ તેઓની ઉલટ તપાસના પેરા નં.(૩૭) માં પણ તેઓએ સને–૨૦૦૨ ની આજુબાજુ સુધી આશારામના રસોઈયા તરીકે તેઓએ સેવા આપેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષના સાહેદો (૧) સને–૨૦૦૨ સુધી પ્રજ્ઞેશ ઉર્ફે લાલો (૨) સને–૨૦૦૨ થી ૨૦૦૪ રોહીત અને (૩) સને–૨૦૦૪ પછી અખીલ ગુપ્તા આશારામના રસોઈયા તરીકે હોવાનો બચાવ લેવામાં આવેલ છે.

**(૫૧.૨૯)** બચાવપક્ષ દ્વારા ફરીયાદણ યાને ભોગબનનારની ઉલટતપાસમાં લેવામાં આવેલ અન્ય તકરારો યાને બચાવો એટલા આકર્ષક જણાતા ન હોઈ હું તેની ચર્ચા કરવાનું ઉચિત માનતો નથી.

**(૫૧.૩૦** આમ ભોગ બનનારની આંક–૨૭૮ ની સોગંદ ઉપરની જુબાનીને ભોગ બનનારની આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદ તેમજ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સુરતનાઓ સમક્ષ આપેલ આંક–૨૮૩ વાળા સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદનથી સંપુર્ણપણે સમર્થન પ્રાપ્ત થયેલ છે.અને તે રીતે ફરીયાદપક્ષે આંક–૨૭૯ વાળી ફરીયાદની હકીકત સાબિત કરેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(પર) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૨૮ તરીકે તુષારભાઈ મુન્નાભાઈ વૈશ્યનાઓને આંક–૩૩૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતા તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,(૧) ...ફરિયાદી તેમના પત્ની છે. તેમના લગ્ન સને ૨૦૦૯માં થયેલા. તેમને લગ્ન જીવનથી એક દિકરો છે. જે હાલમાં સાત વર્ષનો છે. આશારામની જોધપુર જેલમાં ધરપકડ થયેલી તેના ત્રણ દિવસ પછી તેમના પત્નીએ તેમને વાત કરેલી કે, ઘણી બધી છોકરીઓ સાથે આ રીતે બળાત્કાર થયેલો છે. તેમાંથી હુ પણ એક છુ અને મારી સાથે પણ આશારામે બળાત્કાર કરેલો. મે મારા પત્નીને પુછેલુ કે, તારી સાથે કઈ રીતે આ બનાવ બનેલો. ત્યારે મારા પત્નીએ મને કહેલુ કે, ૧૯૯૭માં સુરતખાતે જહાંગીરપુરા ખાતેના આશ્રમમાં હોળીની શીબીરમાં હુ ગયેલી ત્યારે આશારામે મને અમદાવાદ ખાતેના મોટેરા આશ્રમમાં અગીયાર દિવસના અનુષ્ઠાન કરવા માટે કહેલુ. ત્યારબાદ હુ અનુષ્ઠાન કરવા મોટેરા આશ્રમમાં ગયેલી હુ ત્યા ચુરણ બનાવવાની કામગીરી કરતી હતી. મારા પત્નીએ એવુ પણ કહેલુ કે, સને ૨૦૦૧માં ગુરુપુર્ણીમાંના દિવસે મને વકતા બનાવવા માટે આશારામે કહેલુ. મારા પત્નીએ મને એવુ પણ કહેલુ કે, આશ્રમથી ત્રણેક કી.મી. દુર શાંતિવાટીકા ફાર્મ પર મને આશારામે બોલાવેલી અને ત્યા બળજબરીથી મારી સાથે બળાત્કાર કરેલો. મારા પત્નીએ એવુ પણ કહેલુ કે આ વાત મે મારી બહેન પારૂલને કરેલી ત્યારે મારી બહેને એમ કહેલુ કે, આશારામના પુત્ર નારાયણસાઈએ પણ મારી સાથે દુષ્કર્મ કર્યુ છે. આ દુષ્કર્મ જહાંગીરપુરા ખાતે આવેલા આશ્રમમાં કરેલુ.(૨)...તેઓએ તેમના પત્નીની વાત સાંભળ્યા બાદ તેમને કહેલુ કે, આપણે પણ આ બાબતે ફરિયાદ કરવી જોઈએ. તા.૪–૧૦–૧૩ ના રોજ તેઓ અને તેમના પત્ની તેમના સાળી પારૂલબેનના સુરત ખાતેના

ઈ.એસ.આઈ.કવાર્ટસ પર આવેલા. તેઓ ત્યા તેમના સાઢુભાઈ વીમલેશભાઈ ને મળેલા.તેઓએ વીમલેશભાઈને તેમના પત્ની સાથે જે દુષ્કર્મ થયેલુ તેની વાત કરેલી. વીમલેશભાઈએ તેમની પત્ની સાથે જે દુષ્કર્મ થયેલુ તેની વાત તેમને કરેલી. ત્યારબાદ તેઓ, તેમના પત્ની, પારૂલબેન અને તેમના પતિ ચારેય જણા જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ આપવા ગયેલા. ત્યા આશારામ, તેમનો રસોઈયો, આશારામની દિકરી ભારતી, તેમના પત્ની લક્ષ્મીબેન અને ધ્રુવબેન, ઢેલ અને બગલો વિરૂધ્ધ અમે ફરિયાદ આપેલી. આ ફરિયાદ તેમના પત્નીએ આપેલી અને પારૂલબેને નારાયણસાઈ વિરૂધ્ધ ફરિયાદ આપેલી. આ બાબતે પોલીસે તેમની પુછપરછ કરી નિવેદન લીધેલુ.તેઓ આશારામ સિવાય બીજા આરોપીઓને નામથી જોયે ઓળખતા નથી. આશારામ વિડીયોકોન્ફરન્સથી હાજર છે તે જ છે.

**(૫૨.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...હુ અંદાજે કહી શકુ નહી કે, ફરિયાદીને હુ સને ૨૦૦૪-૦૫ થી ઓળખુ છુ કે કેમ? એ વાત ખરી નથી કે, લગ્ન અગાઉ મારે ફરિયાદી સાથે ફોનથી વાતચીત થતી હતી. મેરેજ પહેલા ફરિયાદી પાસે કયા નંબરનો મોબાઈલ ફોન હતો તેની મને ખબર નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે, લગ્ન અગાઉ ફરિયાદી નોકરી કરતા હતા. એ વાત ખરી નથી કે, ફરિયાદીના પિતાજીના મકાનના પાછળના ભાગે હુ, મારોભાઈ અને મારા પિતાજી ભાડે રહેતા હતા. એ વાત ખરી છે કે, લગ્ન અગાઉ હુ ફરિયાદીના મકાનમાં ઉપરના માળે રહેતો હતો. એ વાત ખરી નથી કે, મારા પિતાશ્રી અને ભાઈએ તે મકાન ખાલી કરી દીધેલુ. એ વાત ખરી નથી કે, મારા પિતાજી અને ભાઈએ મકાન ખાલી કરી દીધેલુ તેથી હુ થાનગઢ જતો રહેલો. મને આજે યાદ નથી

કે, મારા પિતાજી અને ભાઈએ તે મકાન કયારે ખાલી કરેલુ. એ વાત ખરી નથી કે, મારે ફરિયાદી સાથે પ્રેમસંબંધ હતો અને તે કારણે ફરિયાદીના પિતાએ મકાન ખાલી કરાવેલુ.(૫)...એ વાત ખરી છે કે, થાનગઢમાં સ્વામીનારાયણ મંદિર આવેલુ છે. એ વાત ખરી નથી કે, તે મંદિરના કોઠારીને હુ ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, કોઠારી સાથેના સંબંધના કારણે હુ મંદિરમાં રહેલો અને કોઠારીએ મને મંદિરમાં નોકરી અપાવેલી. એ વાત ખરી નથી કે, તે કોઠારી ગુજરી ગયેલા છે. એ વાત ખરી નથી કે, કોઠારીના ગુજરી જવાથી મને મંદિરમાંથી કાઢી મુકેલો. સાહેદ જણાવે છે કે, હુ આવા કોઈ કોઠારીને ઓળખતો જ નથી. એ વાત ખરી નથી કે, મને મંદિરમાંથી કાઢી મુકેલો તેથી હુ પાછો સુરત રહેવા આવેલો. સુરતમાં કોઈ પોલીસવાળો મારો ભાઈબંધ નથી. હુ સુરતમાં કોઈ પોલીસને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે, સુરતમાં કોઈ પોલીસવાળો મારો ભાઈબંધ છે અને તેણે મને શોભાબેન ભુતડા સાહેબને મળવાનુ કહેલુ. સાહેદ જણાવે છે કે, યોગીચોકડી પર પાનની દુકાને જતો હતો ત્યા એક પોલીસવાળા આવતા હતા મે તેમની સલાહ લીધેલી કે બળાત્કારનો કેસ હોય તો મારે કયાં ફરિયાદ કરવાની. યોગી ચોકડી સુરત ખાતે આવેલી છે. મારા પત્નીએ ફરિયાદ આપી તેના કેટલા દિવસ પહેલા આ પોલીસની સલાહ લીધેલી તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, હુ પાન–મસાલો ખાતો નથી અને બીડી સીગરેટ પણ પીતો નથી. સાહેદ જણાવે છે કે, હુ કયારેક કયારેક મીઠુ પાન ખાઉ છુ. એ વાત ખરી નથી કે, પાનના ગલ્લા પર પોલીસવાળા પાસે સલાહ લીધેલી તે વાત મે ખોટી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, તે પોલીસ મારો ભાઈબંધ છે અને તેનુ નામ હુ જાહેર કરવા માંગતો નથી તેથી પાનના ગલ્લાની વાત ખોટી ઉભી કરેલી છે.(૬)...એ વાત ખરી છે કે, અમે સુરતમાં જે મકાનમાં રહેતા હતા તે મકાન અસ્થાના સાહેબે તેમના ઓળખીતા હીરાના વેપારી પાસેથી ભાડે અપાવેલુ.

પાનના ગલ્લા પર વાતચીત થઈ તેના કેટલા સમય અગાઉ થી અમે સુરતમાં રહેતા હતા તે આજે યાદ નથી. મને આજે યાદ નથી કે, ભાઈબંધ પોલીસવાળો મને શોભાબેન પાસે લઈ ગયેલો. પાનના ગલ્લા પર વાતચીત થયેલી તેના કેટલા દિવસ પછી હુ શોભાબેનને મળેલો તે આજે કહી શકુ તેમ નથી.(૭)...આશારામ જોધપુર જેલમાં કઈ તારીખે ગયા તે તારીખ આજે યાદ નથી. મારા પત્નીએ આશારામ કઈ તારીખે જેલમાં ગયા તે તારીખ મને જણાવેલી નથી. આશારામ જોધપુર જેલમાં ગયા તેના કેટલા દિવસ પછી અમે શોભાબેનને મળેલા તે આજે યાદ નથી. એ વાત ખરી છેક`, મારા પત્ની અને મારા સાળી પારૂલબેને જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ લખાવેલી.  મને આજે યાદ નથી કે, ફરિયાદી બોલતા ગયેલા તે મુજબ પોલીસવાળાએ હાથે ફરિયાદ લખેલી. મને આજે ખ્યાલ નથી કે, ફરિયાદ લખાવી ગયા બાદ મારા પત્નીએ અને સાળીએ ફરિયાદ પર સહી કરેલી. એ વાત ખરી નથી કે, ફરિયાદીની ફરિયાદ લખાતી હતી તે વખતે હુ ત્યાં સાથે હાજર હતો. મને આજે યાદ નથી કે, ફરિયાદીએ મને કહ્યુ હોય કે, મારી ફરિયાદ લખાઈ ગઈ છે, મે સહી કરી દીધેલી છે અને પોલીસે હવે પછી બોલાવીશુ તેવુ કહેલુ છે. મને આજે યાદ નથી કે, ફરિયાદની નકલ પોલીસે મારા પત્નીને આપેલી કે કેમ? મને આજે યાદ નથી કે, જહાંગીરપુરા પો.સ્ટે. માં ફરિયાદ લખાવ્યા બાદ અમે કેટલા દિવસ પછી શોભાબેનને મળેલા? (૮)...એ વાત ખરી છે કે, તા.૪–૧૦–૧૩ના રોજ મારી પત્નીએ જહાંગીપુરા પો.સ્ટે.માં  ફરિયાદ લખાવેલી. શોભાબેનને મળ્યા ત્યારે હુ રૂમની બહાર બેઠો હતો. અમે પહેલી વખત શોભાબેનને મળેલા તે વખતે હુ મારા પત્ની સાથે ત્યા હાજર હતો. બીજી વખત શોભાબેનને મળેલા તે વખતે હુ રૂમની બહાર બેઠેલો હતો. આ બે મુલાકાત વચ્ચે કેટલા દિવસનો ગેપ હતો તે આજે કહી શકુ તેમ નથી. મને આજે યાદ નથી કે, શોભાબેનને પ્રથમ વખત મળેલા

તે વખતે તા.૪–૧૦–૧૩ ના રોજ જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ આપેલાનુ જણાવેલ કે કેમ? (૯)...મને ખ્યાલ નથી કે, આશારામ તા.૩૧–૮–૧૩ના રોજ જોધપુર જેલમાં ગયેલા.એ વાત ખરી નથી કે, મારૂ નિવેદન અમદાવાદ મુકામે લેવામાં આવેલુ. મને આજે યાદ નથી કે, તા.૯–૧૦–૧૩ના રોજ મારૂ નિવેદન લીધેલુ. મારૂ નિવેદન કઈ જગ્યાએ અને કોણે લીધેલુ તે હુ કહી શકુ તેમ નથી. મારૂ નિવેદન પુરુષ અધિકારીએ લીધેલુ કે સ્ત્રી અધિકારીએ લીધેલુ તે પણ હુ કહી શકુ તેમ નથી.(૧૦)...એ વાત ખરી છે કે, મારા પત્ની કરતા મારી ઉંમર ચાર વર્ષ નાની છે. એ વાત ખરી નથી કે, મારા મારા પત્ની સાથેના લવમેરેજ છે. એ વાત ખરી છે કે, લગ્ન અગાઉથી હુ ફરિયાદીને ઓળખતો હતો. આ ફરિયાદ આપ્યા બાદ અમારા ઘરે પોલીસ સીકયુરીટી મુકવામાં આવેલી છે. ફરિયાદ આપ્યા બાદ કેટલા દિવસ પછી પોલીસ સીકયુરીટ મુકેલી તે આજે કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, અમારા ઘરે ચોવીસે કલાક સીકયુરીટી રહે છે. એ વાત ખરી છે કે, હુ અને મારા પત્ની સીકયુરીટીને સાથે લઈને જ બહાર જઈ શકીએ. એ વાત ખરી છે કે, હુ નોકરી ધંધા પર જાઉ ત્યા પણ સીકયુરીટી સાથે હોય છે. એ વાત ખરી નથી કે, સામાજીક પ્રસંગે બહાર જાઉ છુ તેમ સીકયુરીટીને કહીને મારા પત્ની પંદર દિવસ સુધી ઘરની બહાર રહેલા.(૧૧)...મને ખ્યાલ નથી કે, મારા પત્નીએ ગાંધીનગરના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં એક અરજી દાખલ કરેલી. એ વાત ખરી છે કે, મારા પત્નીનુ કલમ–૧૬૪ નુ નિવેદન લેવામાં આવેલુ. મને એ વાતની ખબર નથી કે, કલમ–૧૬૪ નુ નિવેદન આપ્યા બાદ ઘણા સમય પછીથી મારા પત્નીએ રવીયા મેડમને એક અરજી આપેલી કે હુ ફરીથી કલમ–૧૬૪નુ નિવેદન આપવા માંગુ છુ. મને ખ્યાલ નથી કે, મારા પત્નીની ગેરહાજરીમાં કોઈ પોલીસ મારા પત્નીની ઈન્કવાયરી કરવા મારા ઘરે આવી હોય. મારા પત્નીએ ટી.વી.ન્યુઝમાં ઘણા ઈન્ટરવ્યુ આપેલા છે તેથી ઝી–ન્યુઝ

ચેનલને ઈન્ટરવ્યુ આપેલ કે કેમ? તે હુ કહી શકુ તેમ નથી. મને એ વાતની ખબર નથી કે, તા.૨૭–૧૨–૧૪ના રોજ મારા પત્નીએ ઝી–ન્યુઝ પર ઈન્ટરવ્યુ આપેલ કે હુ કલમ–૧૬૪નુ નિવેદન ફરી આપવા માંગુ છુ. મને આજે યાદ નથી કે, તા.૯–૧૦–૧૩ થી તા.૧૧–૧૦–૧૩ સુધી હુ મારા પત્ની સાથે અમદાવાદ મુકામે હતો. એવુ કહી શકાય નહી કે, આ બનાવની વિગત અંગે તારીખ સહીતની મને કોઈ માહિતી નથી. (૧૨)...એ વાત ખરી નથી કે, મારા પત્નીની ખોટી ફરિયાદને સમર્થન આપવા હુ ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, આ ફરિયાદ આપતા અગાઉ હુ, મારા પત્ની, મારા સાળી અને તેના પતિ ઈન્દોર ગયેલા. અમે ઈન્દોર ગયેલા જ નથી તેથી ત્યા જીતુભાઈ પ્રેસ રીપોટર વિગેરે સાથે મળી ખોટી ફરિયાદો દાખલ કરવાનો કોઈ પ્લાન બનાવેલાનો સવાલ પેદા થતો નથી. એ વાત ખરી નથી કે, અમે પ્લાન બનાવી પોલીસના સંપર્કમાં રહી આ ખોટી ફરિયાદ દાખલ કરાવેલી છે.

**(૫૨.૨)** આમ આ સાહેદની જુબાની જોતાં સદર સાહેદ એ ફરીયાદણ યાને ભોગ બનનારના પતિ થાય છે. સદર સાહેદે ભોગબનનારે તેણીની સાથે દુષ્કર્મની વાત આરોપી નં.(૧) આશારામની જોધપુર મુકામે ધરપકડ થયા બાદ જણાવતાં સદર સાહેદે ભોગ બનનારને બનાવ બાબતે પુછતાં સમગ્ર ઘટનાની જાણ થયેલ હોવાની હકીકત રેકર્ડ પર ઉપર ઉપસ્થિત કરી શકેલ છે. સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૫૩)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૪ તરીકે વિમલેશકુમાર ભાઈલાલભાઈ ઠકકરનાઓને આંક –૩૫૬ થી**

સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે , આ કામના ફરિયાદી તેમના સાળી થાય છે. તેમના પત્નીનુ નામ પારૂલ છે. મારા લગ્ન સને ૨૦૧૦માં થયેલા. સને ૨૦૧૩માં આશારામ વિરૂધ્ધ જોધપુર કોર્ટમાં કેસ ચાલતો હતો અને તેને જામીન મળતા ન હતા તે વખતે મારા પત્નીએ મને વાત કરેલી કે આશારામના પુત્ર નારાયણસાઈએ પણ મારી સાથે દુષ્કર્મ કરેલા છે. જે સને ૨૦૦૨ના અરસામાં કરેલાનુ જણાવેલુ. મારા પત્નીએ આ કામના ફરિયાદી સાથે ફોન પર વાતચીત કરતા હતા. મારા પત્નીએ મને કહેલુ કે મારી બહેન ભોગબનનાર સાથે પણ આશારામે દુષ્કૃત્ય કરેલા છે. મે આ અંગે મારા પત્ની સિવાય બીજા કોઈ સાથે વાત કરેલી નથી. મે મારા પત્નીને હિમંત આપેલ કે આપણે ફરિયાદ દાખલ કરાવવી જોઈએ. ત્યારબાદ આ કામના ફરિયાદી અને તેમના પતિ સુરત મારા ઘરે આવેલા. મે અને મારા સાઢુભાઈએ મારા પત્ની અને આ કામના ફરિયાદીને સમજાવેલા કે આપણે એફ.આઈ.આર. દાખલ કરાવવી જોઈએ.(૨)...ત્યારબાદ અમે સુરત પોલીસ કમિશનરશ્રીની ઓફીસમાં ગયેલા. અમે તા.૬–૧૦–૧૩ના રોજ ગયેલા. અમે ત્યા ડી.સી.પી. શોભાબેન ભુતડાને મળેલા. ત્યા મારા પત્નીએ તથા મારી સાળીએ પોલીસ ફરિયાદ આપેલી. ત્યારબાદ મારા સાળીની ફરિયાદ અમદાવાદ ટ્રાન્સફર થયેલી. પોલીસે આ બાબતે મારી પુછપરછ કરી નિવેદન લીધેલુ. હુ આ કામના આરોપીઓને મોઢેથી ઓળખતો નથી માત્ર આશારામના ફોટા જોયેલા છે તેથી તેને ઓળખી શકુ તેમ છુ. મને ચાર્જશીટ સાથેના આરોપીઓના ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે જે પૈકી અનુક્રમ નં.૧ પર જે ત્રણ ફોટા લગાવેલા છે તે આશારામના ફોટા છે. હુ તે સિવાયના આરોપીઓને ઓળખી શકુ તેમ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૫૩.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...મને આજે યાદ નથી કે, તા.૬-૧૦-૧૩ના રોજ આ ફરિયાદ દાખલ થઈ તે અગાઉ હુ, મારા પત્ની અને મારા સાળી ઈન્દોર ગયેલા. મને યાદ નથી કે, સુરતમાં હુ જીતુ પ્રેસ રીપોર્ટર વિગેરેને મળેલો. એ વાત ખરી નથી કે, આ ફરિયાદ દાખલ થઈ તે અગાઉ જીતુ પ્રેસ રીપોર્ટર વિગેરે સાથે અમે ઈન્દોર મુકામે દોઢસો કરતા વધુ વખત આ કેસ બાબતે ચર્ચા કરેલી. મને યાદ નથી કે, ઈન્દોર મુકામે મારી સાથે ચીટીંગ થયેલુ અને મારૂ સ્ટીંગ ઓપરેશન થયેલુ.(૬)...મારી સાળી અને સાઢુભાઈ ફરિયાદ દાખલ કરતા અગાઉ તા.૪-૧ ૦-૧૩ ના રોજ મારા ઘરે આવેલા. એ વાત ખરી છે કે, તે અગાઉ મારે આ બાબતે મારા સાળી કે સાઢુભાઈ સાથે કોઈ વાત થયેલી નહી. (૭)...મને યાદ નથી કે, તા.૪-૧૦-૧૩ના રોજ હુ, મારા પત્ની, મારા સાળી અને સાઢુભાઈ જહાંગીરપુરા પો.સ્ટે. ગયેલા. એ વાત ખરી નથી કે, તા.૪-૧૦-૧૩ના રોજ મારા સાળીએ અમારા બધાની હાજરીમાં જહાંગીરપુરા પો.સ્ટે. આ ગુનાની ફરિયાદ લખાવેલી. એ વાત ખરી નથી કે, તે જ દિવસે મારા પત્નીએ પણ જહાંગીરપુરા પો.સ્ટે. ફરિયાદ લખાવેલી.(૯)...મને આજે યાદ નથી કે, મે મારા તા.૯-૧૦-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલુ કે 'તે પછી તા.૬-૧૦-૧૩ના રોજ અમો સલાહ સુચનો મેળવી પોલીસ કમિશનર કચેરી ખાતે ગયેલા.' એ વાત ખરી છે કે, મારા સાળીએ મોટેરા આશ્રમથી ત્રણ ચાર કી.મી. દુર તેની સાથે દુષ્કૃત્ય થયુ હોય તેવુ મને જણાવેલુ નથી. (૧૨)...એ વાત ખરી છે કે, મારી સુરત કોર્ટ ખાતે જુબાની થયેલી. જે મને આજરોજ બતાવવામાં આવે છે. એ વાત ખરી છે કે મેં મારી સરતપાસના પેરાગ્રાફમાં એવું જણાવેલ છે કે '' મારા લગ્ન ૨૦૧૦ ની જાન્યુઆરી મહીનામાં સામાજીક રીતીરીવાજ મુજબ

થયેલા.લગ્ન બાદ શરૂઆતમાં અમે અમદાવાદ ખાતે રહેતા હતા. ડીસેમ્બર–૨૦૧૧માં બદલી થતાં અમો સુરત ખાતે શીફ્ટ થયેલાં. મારા કુંટુંબના બધા જ સ્વામીનારાયણ સંપ્રદાયમાં માને છે. જેથી, હું અમદાવાદ રહેતો હતો. તે દરમ્યાન મારે કયારેય આસારામ આશ્રમમાં જવાનો પ્રસંગ બનેલો ન હતો. આ ઉપરાંત ભોગ બનનારે પણ મને કયારેય જણાવેલ ન હતું. જેથી અમે કયારેય ગયેલ ન હતાં. લગ્ન બાદ મારી પત્ની એ મને જણાવેલ કે તેણી ૨૦૦૧ –૦૨ ની આસપાસ ગાંભોઈ આશ્રમ રહેતી હતી તેવું જણાવેલું. પરંતુ દુષ્કર્મ થયું તે સંબંધેની મને કશી જાણકારી આપેલ નહી. (૧૩)... એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં (સેશન્સ કેસ નં.૧૪૧/૨૦૧૪) એવું પણ જણાવેલ છે કે'' મેં ફરીયાદ આપી તે અગાઉ મારે નારાયણ સાંઈને મળવાનો પ્રસંગ બનેલો. જેમાં એક વખત અમે કોસંબા ગયેલા. એ વાત ખરી છે કે મેં એવુ પણ લખાવેલ છે કે '' આ સિવાય અમારે એક વખત બાલાસિનોર જવાનું થયેલું.'' એ વાત ખરી છે કે મેં મારા પ્રથમ નિવેદનમાં મારો મોબાઈલ નંબર–૯૭૨૭૭ ૭૮૮૮૪ લખાવેલ છે જયારે બીજા નિવેદનમાં મારો મોબાઈલ નંબર– ૯૬૮૭૨ ૦૯૦૪૧ લખાવેલ છે.'' એ વાત ખરી છે કે મે મારા નિવેદનમાં એવુ પણ લખાવેલ છે કે '' હું સતીષ વાધવાનીને પ્રથમ વખત પુરોહીત હોટલમાં મળ્યો, ત્યારથી ઓળખુ, તેની સાથે મારી ઓળખાણ, તે સતીષ વાધવાણી છે તે રીતે મારી પત્નીએ કરાવેલી.(૧૫)...હાલમાં મને યાદ નથી કે મેં મારી ઉલટ તપાસમાં પેરા નં.૯ માં એવું જણાવેલ છે કે, બીજા કોઈ લોકોને મળવા ઈન્દ્રોર ગયેલા કે કેમ, તેનાં જવાબમાં જણાવું છું કે, એક જીતુ સોનીને મળવા ઈન્દ્રોર ગયેલા. અમે બંને સાથે ગયેલા. અમે ત્યાં એક દિવસ રોકાયેલા.જીતુ સોની પ્રેસ રિપોર્ટર છે, તે વાત હું જાણું છું.

સવાલ:– જીતુ સોનીની મુલાકાત તમને કોણે કરાવેલી ?

જવાબ:– જીતુ સોનીની મારી પત્નીની બહેન શીતલ સાથએ ફોન ઉપર

વાત થયેલી અને પછી અમે તેને મળવા ગયેલા. અમે મળવા ગયાં ત્યારે શીતલ પણ સાથે હતી.

સવાલ:- શીતલે કયાં કારણસર જીતુ સોનીને ઈન્દોર મળવા જવુ છે,તેનું કોઈ કારણ જણાવેલું ?

જવાબ:- શીતલ જયારે સુરત આવી ત્યારે અમારી જે વાતચીત થયેલી, તે દરમ્યાન તેની જીતુ સોની સાથે જે વાત થયેલી, જેમાં જીતુ સોનીએ શીતલને જણાવેલ કે, તમે ખાલી મને મળવા આવજો, શીતલે જીતુ સોનીને મળવા જવા માટેનું કોઈ કારણ અમને જણાવેલ નહી.

હાલમાં મને યાદ નથી કે સુરત કોર્ટમાં મારી જે જુબાની થયેલી તે મને વાંચી સંભાળેલી કે કેમ .

(૧૬)...મારી યાદશકિત હાલમાં સારી છે. (૧૭)...હાલમાં મને યાદ નથી કે, મેં મારી જુબાનીમાં પેરા નં.૧૧ માં જે હકીકતો જણાવેલ છે કે '' મે શીતલને શા માટે મળવા જવું છે તે બાબતે કાંઈ પુંછેલ નહીં. મેં શીતલને તેણી જીતુ સોનીને કેવી રીતે ઓળખે છે તે બાબતે પુંછતાં તેણે કહેલ કે, તેનો સામેથી ફોન આવેલો. એ વાત ખરી છે કે મારા કહેવા મુજબ જીતુ સોનીનો શીતલ ઉપર ફોન આવેલો. શા માટે શીતલ ઉપર જીતુ સોનીનો ફોન આવેલો, તે બાબતે કોઈ વાતચીત થયેલી નહી. મારે શીતલ સાથે વાત થઈ તે મુજબ તેણે જીતુ સોનીનો તેનાં ઉપર ફોન આવ્યો ત્યારથી તે તેને ઓળખે છે. તેવું તેણે જણાવેલું. અમે આ કેસમાં ૪-૫ દિવસ પહેલાં ઈન્દોર ગયેલા, ચોકકસ તારીખ યાદ નથી. કેસનાં ૪-૫ દિવસ પહેલાં એટલે કે તા.૦૬/૧૦/૨૦૧૩ નાં રોજ ફરીયાદ લખાવી તેનાં ૪-૫ દિવસ પહેલાં. ઈન્દોર અમે બસમાં ગયેલા. ઈન્દોર પહોંચતાં આશરે કેટલો સમય લાગેલો, તેનાં જવાબમાં જણાવું છું કે, રાત્રે બસમાં બેઠેલા

અને સવારે ઈન્દોર પહોંચેલા.

સવાલઃ– ઈન્દોર જવા નીકળ્યા તે બસ સુરતથી ડાયરેકટ ઈન્દોરની હતી કે વાયા અમદાવાદ થઈને ગયેલા ?

જવાબઃ– અત્યારે તે યાદ નથી. તેવું લખાવેલુ છે કે કેમ.

(૧૮)...હાલમાં મને ચોકકસ પુરેપુરુ યાદ નથી કે મેં મારી જુબાનીમાં પેરા નં.૧૨ અને ૧૩ માં જણાવ્યા મુજબ '' જીતુ સોની બસ ઉપર લેવા આવેલ હોય,તેમ બનેલ નથી. સતીષ વાઘવાની કે તેનાં કોઈ માણસોને બસ ઉપર લેવા માટે મોકલેલ હોય, તેમ ન હતું.

સવાલઃ– તમારી પાસે જીતુ સોનીનું સરનામું હતું ?

જવાબઃ– મારી પાસે ન હતું, શીતલને આપેલ હતું.

સવાલઃ– તમે સુરતથી ઈન્દોર જવા નીકળ્યા ત્યારે જીતુ સોનીને ફોન કરી, વાત કરેલી કે, તમો ઈન્દોર જાઓ છો.

જવાબઃ– શીતલની વાત થઈ હશે. હવે કહું છું કે, શીતલે ફોન કરેલો.

પેરા નં.૧૩ ઈન્દોર પહોચી જીતુ સોની સાથે શું વાતચીત થઈ તેનાં જવાબમાં જણાવું છું કે, જીતુ સોનીએ અમારી સાથે હમદર્દી કેળવવા વાત કરેલી અને ત્યાં તેણે સ્ટીંગ કરીને અમે જે કેસ સંબંધેની વિગતો આપી, તેનું સ્ટીંગ કરેલું.

(૧૯)...એ વાત ખરી છે કે, મે મારી જુબાનીમાં પેરા નં.૧૪ માં એવુ લખાવેલ છે કે એ વાત ખરી છે કે, ભોગ બનનાર અને શીતલે જીતુ સોનીને આ જે માહીતી આપી, તેનું તેણે સ્ટીંગ ઓપરેશન કરેલું. અમે જે માહિતી આપી રહયા છે, તેનું સ્ટીંગ ઓપરેશન થઈ રહયુ છે, તેની અમને ખબર ન હતી. અમારું સ્ટીંગ ઓપરેશન થઈ ગયુ, તેની ખબર અમને અમે ફરીયાદ નોંધાવી ત્યાર બાદ અમને થયેલી. ફરીયાદ નોંધાવ્યાનાં એકાદ–બે દિવસ બાદ અમને અમારું સ્ટીંગ ઓપરેશન થયેલાની ખબર પડેલી. અમને આ ખબર ન્યુઝમાં આવતું હતું તેનાથી

ખબર પડેલી. એ વાત ખરી છે કે આ ન્યુઝ અમે જોયેલા. (૨૦)...હાલમાં મને યાદ નથી કે મેં સુરત કોર્ટમાં મારી જુબાનીમાં એવુ લખાવેલ છે કે,.

સવાલ:– તમે જીતુ સોની પાસેથી સ્ટીગં ઓપરેશન કરી તેમણે તે વિગતો ન્યુઝ ચેનલો ઉપર આપી તે જાણ્યા બાદ તેની પાસેથી તે સીડીની માંગણી કરેલી ?

જવાબ: – ના,

સવાલ:– તમે જીતુ સોની પાસે આવી કોઈ માંગણી કેમ ન કરેલી, તેનું કોઈ કારણ કહેશો ?

જવાબ:– તે વ્યકિતએ ચીટીંગ કરેલું, ત્યાર બાદ મેં તેની સાથે કયારેય વાત કરેલી નથી.

સવાલ:– તે વ્યકિતએ કઈ રીતે ચીટીંગ કરેલું ?

જવાબ:– સ્ટીંગ ઓપરેશન, એ ચીટીંગ જ કહેવાય.

(૨૧)...એ વાત ખરી છે કે સુરત કોર્ટમાં મારી જુબાની થઈ ત્યાં સુધી મને યાદ હતું. (૨૨)...હાલમાં મને યાદ નથી કે, મેં સુરત કોર્ટમાં જુબાનીમાં એવુ લખાવેલ છે કે,

સવાલ:– તમે ૪ જણાં ગયા, આવવા–જવાનો તથા હોટલનો ખર્ચ તમે કરેલો ?

જવાબ:– રહેવાનું તેમના ઘરમાં હતું, આવવા– જવાનો ખર્ચ અમે ઉઠાવેલો.

સવાલ:– તેમનાં ઘરે એટલે જીતુ સોનીનાં ઘરે રોકાયેલા ?

જવાબ:– તેમનું એટલે બીજુ ઘર હતું ત્યાં. તેની માલિકી સંબંધે ખ્યાલ નથી.

(૨૩)...હાલમાં મને યાદ નથી કે મે મારા પુરાવામાં એવું જણાવેલ છે કે..

સવાલઃ– ઈન્દ્રોરથી નીકળી તમે સીધાં ડી.સી.પી. શોભાબેન ભુતડાને મળવા ગયેલા ?

જવાબઃ– ઈન્દોરથી આવ્યા બાદ ૪–૫ દિવસ પછી ડી.સી.પી. શોભાબેન ભુતડા પાસે ફરીયાદ આપવા માટે ગયેલા.

ઈન્દોરમાં અમારું સ્ટીંગ થઈ ગયેલ છે, તેવી ફરીયાદ ઈન્દોરમાં પોલીસ સમક્ષ લખાવેલી નથી.

સવાલઃ– અહી પોલીસને ફરીયાદ આપી, તેમાં ઈન્દોરમાં તમારું સ્ટીંગ થઈ ગયેલ છે, તેવી કોઈ ફરીયાદ આપી ?

જવાબઃ– જયારે અમારા સ્ટીંગ ઓપરેશનનું ટેલિકાસ્ટ થઈ રહયુ હતું ત્યારે સુરત પોલીસને ફોન કરી, જાણ કરેલી કે, આ ટેલીકાસ્ટ બંધ કરાવો.

સવાલઃ– ફરીયાદ આપ્યાનાં કેટલા દિવસ બાદ આ ટેલિકાસ્ટ બંધ કરાવવા સુરત પોલીસને ફોન કરેલો.

જવાબઃ– ફરીયાદ આપ્યાનાં ૧–૨ દિવસ બાદ જ આ બાબતે જયારે ટેલિકાસ્ટ ચાલતું હતું. તે દરમ્યાન જ ફોન કરેલો.

આ ટેલિકાસ્ટ ઈન્ડીયા ન્યુઝ ચેનલ ઉપર જોયેલું. આ ટેલિકાસ્ટ બંધ કરાવવા માટે પી.આઈ.–ચૌધરીને ફોન કરેલો. પી.આઈ.– ચૌધરીને મેં જાતે ફોન કરેલો. (૨૪)...હાલમાં મને યાદ નથી કે મે મારા પુરાવામાં એવુ જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે અમારા ઈન્ટરવ્યુ ટીવી ન્યુઝમાં આવ્યા ત્યારબાદ જીતુ સોનીએ સ્ટીંગ ઓપરેશનવાળી સીડી ન્યુઝમાં બતાવેલી. એ વાત ખરી છે કે,પી.આઈ.– ચૌધરીનો ફોન નંબર મારી પાસે હતો.(૨૮)...એ વાત ખરી છે કે, મે મારી જુબાનીમાં એવું જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે, મારા સાસરી પક્ષના કોઈએ તેમની સાથે ઉપર મુજબનું કાંઈ બનેલ હોય, તેવી કોઈ વાત

મને કરેલ નથી. એ વાત ખરી છે કે મેં મારી જુબાનીમાં એવું પણ લખાવેલ છે કે, એ વાત ખરી છે કે, લગ્ન પહેલા અને લગ્ન પછી આજદીન સુધી મને મારી પત્નીનાં ચારીત્ર્ય સંબંધે કોઈ જ શંકા નથી. એ વાત ખરી છે કે, લગ્નની પ્રથમ રાત્રીએ પણ તમને તમારી પત્નીનાં ચારીત્ર્ય વિષે કોઈ શંકા થયેલી નહી.

(૨૯)...હાલમાં મને યાદ નથી કે મે મારા પુરાવામાં એવુ જણવોલ છે કે ''

સવાલ:- તમારા લગ્ન થયા ત્યારથી અને આ ગુના કામની ફરીયાદ દાખલ કરી, તે કામે તમે સ્ટેટમેન્ટ આપ્યા ત્યાં સુધીમાં તમારા કે તમારા સાસરીપક્ષનાં કોઈ ઉપર હુમલો થયેલો ન હતો કે કોઈ ધમકી મળેલ ન હતી.

જવાબ:- હું મારા પુરતું કહી શકું કે આ વાત સાચી છે, સાસરીપક્ષના કોઈને આમ થયેલ કે કેમ તે કહી શકુ નહી.

**(૫૩.૨)** આમ સદર સાહેદનો ઉપરોકત રજુ થયલ પુરાવો જોતાં તેઓએ ભોગ બનનાર યાને ફરીયાદણ તેમના સાળી થતા હોવાની અને તેમના સાળી સાથે દુષ્કર્મનો બનાવ બનેલ તે બાબતે ફરીયાદ નોંધાવેલ હોવાની હકીકત જણાવેલી છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં ભોગબનનારે ખોટી ફરીયાદ આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ હોઈ બચાવપક્ષ કોઈ મહત્વનો બચાવ લઈ શકેલ ન હોઈ સદર સાહેદની જુબાનીથી પણ ફરીયાદપક્ષ આ કામના ભોગબનનારે જે ફરીયાદ આપેલ છે તેને સમર્થન કરેલ હોવાની હકીકત સાબિત કરી શકેલ છે.

**(૫૪)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૩ તરીકે પારૂલબેન વીમલેશભાઈ ઠકકરનાઓને આંક-૪૧૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે સને ૧૯૯૭માં

ભોગબનનારને આશારામે અનુષ્ઠાન કરવા અમદાવાદ આશ્રમમાં બોલાવેલી. તેમની બહેનને હરીઓમના ત્રણ લાખ જપ કરવા માટે અગીયાર દિવસના અનુષ્ઠાન પર બોલાવેલી. તેમની બહેને આ જપ અગીયાર દિવસમાં પુરા કરી દીધેલા. અનુષ્ઠાન પુરા થયા બાદ તેમની બહેને સંચાલક ધ્રુવબેનને પોતે ઘરે જવા માંગે છે તેવુ કહેલુ. ધ્રુવબેને ના પાડેલી અને કહેલુ કે તારા જેવી છોકરીઓની અહીયા જરૂર છે. તેઓ લક્ષ્મીમૈયા પાસે મારી બહેનને લઈ ગયેલા અને તારે વકતા બનવાનુ છે તેવુ કહેલુ. અને સંસારમાં રહીને શુ કરશો અહીંયા રહેશો તો ગુરુની ભકિત કરશો. તેથી તેમની બહેન ત્યા રોકાઈ ગયેલી. ત્યારબાદ પંદર દિવસ પછી તેમની મમ્મી ભોગબનનારને લેવા અમદાવાદ આશ્રમ ગયેલા. તે વખતે લક્ષ્મીબેને તેમની બહેનને મોકલેલ નહી અને તેને અહીયા જ રહેવા દો તેવુ કહેલુ. ત્યારબાદ તેમની બહેનને ચુર્ણહોનુ કામ સોંપેલુ.સને ૨૦૦૭માં ભોગબનનાર આશ્રમ છોડીને ઘરે આવી ગયેલી. ત્યારબાદ તેમની બહેને તેમને આશ્રમમાં આશારામે તેની સાથે જે દુષ્કર્મો કરેલા તેની વાત કરેલી. તેણીએ પણ તેમની સાથે જે કાઈ થયેલુ તેની વાત તેમની બહેનને કરેલી. તેમની બહેને તેને કહેલુ કે સને ૨૦૦૧માં ધ્રુવબેને તેને બોલાવેલી અને શાંતિવાટીકા લઈ ગયેલા. શાંતિવાટીકામાં દસ છોકરીઓમાંથી બે છોકરીઓને વકતા તરીકે પસંદ કરેલી. ભોગબનનારને શાંતિવાટીકા લઈ જવા ભારતી આવેલી.સને ૨૦૦૧માં ગુરુપુર્ણીમાના પ્રોગ્રામ પછી એક દિવસ તેમની બહેનને અને ટીના એકયુપ્ર ેશરને શાંતિવાટીકા બોલાવેલી. તે વખતે ભારતી તેમની બહેનને અને ટીનાને શાંતિવાટીકા લઈ ગયેલી.ત્યા આશારામનો રસોઈયો અખીલ હાજર હતો તેણે આશારામને જાણ કરેલી કે આ લોકો આવી ગયા છે. આશારામે કહેલુ કે એક કે બાદ એક કો ભેજો. પહેલા ટીનાને જવાનુ કહેલુ. ટીના દસ મીનીટમાં રૂમમાંથી બહાર આવેલી. ત્યારે ભારતી ટીનાને ગાડીમાં

લઈને આશ્રમ જતી હતી તેથી તેમની બહેને પણ કહેલુ કે મને પણ સાથે લઈ જા પરંતુ ભારતી તેમની બહેનને સાથે લઈ ગયેલી નહી. ત્યારબાદ આશારામે મારી બહેનને રૂમમાં બોલાવેલી અને વાટકીમાં ઘી હતુ તેનાથી માલીશ કરવા કહેલુ અને આશારામે બીભત્સ ચેષ્ટા અને અડપલા ચાલુ કરેલા. મારી બહેને વિરોધ કરતા ધકકામુકકીમાં ઘીની વાટકી નીચે પડી ગયેલી. તેથી આશારામે ગુસ્સે થઈને ગાળો બોલેલા. ત્યારબાદ મારી બહેનને પલંગ પર પટકીને આશારામે તેની પર બળાત્કાર કરેલો. મારી બહેનને બ્લીડીંગ બહુ થયેલુ. ત્યારબાદ ભારતીને બોલાવી મારી બહેનને આશ્રમમાં મોકલેલી. આશ્રમના ગેટ પર ઢેલ અને બગલો બેસેલા હતા. તેઓ મારી બહેનને જોઈને હસવા લાગેલા અને કહેલુ કે કુર્તા કહા સે ભીના કરકે આઈ બાપુ કહા હે કબ આયેંગે. ત્યારબાદ મારી બહેન રૂમમાં જતી રહેલી. તેની પાછળ ઢેલ અને બગલો પણ ગયેલા અને મારી બહેનને કહેલુ કે બાપુ સે જો મીલ રહા હૈ ઉસે સંભાલ કે રખના બાપુ કૃપા બરસા રહે હૈ અને તને વકતા બનાવવા માંગે છે. ત્યારબાદ મારી બહેનને સફરજ અને દુધ આપેલુ.

(૫)...ત્યારબાદ એકાદ મહિના પછી રાતના સાડા દસેક વાગે ધ્રુવબેન ભોગબનનારને બોલાવવા તેની રૂમ પર ગયેલા અને લક્ષ્મીબેન પાસે જવાનુ છે તેવુ કહેલુ. મારી બહેન સમજી ગયેલી કે આશારામ પાસે મોકલશે. મારી બહેને ગાઉન પહેરેલુ હતુ તેથી કહેલુ કે હુ કપડા બદલીને આવુ છુ. ત્યારબાદ તે આશ્રમની વાડમાં સંતાઈ ગયેલી. સવાર સુધી તે ત્યા સંતાયેલી રહેલી અને સવારે પોતાની રૂમમાં ગયેલી. રૂમમાં ગયા બાદ નાહી ધોઈને મારી બહેન પુજા કરતી હતી ત્યારે તેને બળજબરીથી લક્ષ્મીબેન પાસે લઈ જવામાં આવેલી. આશ્રમના જશીબેન ભોગબનનારને લક્ષ્મીબેન પાસે લઈ ગયેલા. લ ક્ષ્મીબેને ભોગબનનારને બે લાફા મારેલા અને કહેલુ કે તેરે લીયે મુજે બાપુ કી દાટ ખાની પડી તુ દો ટકે કી લડકી કો સંભાલ નહી શકતી મેરે પાસ ભેજ નહી શકતી

અને મારી બહેનને કહેલુ કે હવે હુ તને જોઈ લઈશ. (૬)...ત્યારબાદ મારી બહેનને વકતા બનાવેલી અને અલગ અલગ જગ્યાએ તે સતસંગ કરવા જતી હતી. આશારામના પુસ્તકો, ચુર્ણ, સી.ડી. વિગેરેનુ જે વેચાણ થાય તે અંગેની માહિતી મારી બહેન ફોન પર આશારામને આપતી હતી. આશારામ ફોન પર પણ મારી બહેન સાથે ખરાબ વાતો કરતા હતા અને અવાર નવાર ઘણી વખત મારી બહેન સાથે આવી ચેષ્ટા કરેલી.(૭)...ત્યારબાદ કંટાળીને મારી બહેન ઉમા પાંડે નામની બહેનની મદદથી ભાગીને આશ્રમમાંથી ઘરે આવેલી અને ઘરે આવ્યા બાદ મને આ વાત કરેલી. અમે વિચારેલુ કે આ બાપ–દિકરા પાસે અઢળક પૈસો છે, રાજકીય વગ છે, પોલીસમાં પણ દબદબો છે અમારૂ કોઈ સાંભળશે નહી અને અમારી બદનામી થશે તેથી અમે કોઈને આ વાત જણાવેલી નહી. અમે ઘણી વખત અનેક રાજકારણીઓ અને નેતાઓને આશારામના આશ્રમમાં આવતા જોયેલા છે. આશારામ અને તેના દિકરાની વિરૂધ્ધમાં કોઈ કાઈ બોલે તો તેને તેઓ મરાવી નાખતા હતા. મારા પિતાજીને હીસ્ટેરીયાની બીમારી છે અને તેમની તબીયત સારી રહેતી ન હોય અમે કોઈને આ વાત જણાવેલી નહી.(૮)...જોધપુરની એક છોકરીએ આશારામ પર કેસ કરેલો ત્યારે પણ લાગેલુ કે આ લોકોને કોઈ પકડી શકશે નહી. ત્યારબાદ પોલીસે તેમને પકડેલા ત્યારે લાગેલુ કે આ લોકો છુટી જશે. પરંતુ સેશન્સ કોર્ટે અને હાઈકોર્ટે આશારામને જામીન આપેલા નહી તેથી અમને લાગેલુ કે આપણે પણ હિંમત કરી આગળ આવવુ જોઈએ. જેથી અમે અમારા પતિને વાત કરેલી. અમારા પતિએ વાત સાંભળી તમારે પણ હિંમત કરી તમારી સાથે જે બનાવ બનેલ છે તે જણાવી કેસ કરવો જોઈએ તેવુ કહેલુ. મારી સાથે અને મારી ભોગબનનાર બહેન સાથે તથા બીજી અનેક છોકરીઓ સાથે આશારામ અને તેના છોકરાએ ખરાબ કાર્ય કરેલા છે. (૯)...ત્યારબાદ મારી બહેને આશારામ વિરૂધ્ધ ફરિયાદ આપેલી. તપાસ કરનાર અમલદારે આઠમી

તારીખે અને નવમી તારીખે એમ મારા બે નિવેદનો લીધેલા. મે આ કામે સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ નિવેદન પણ આપેલુ છે. મને કોર્ટના રેકર્ડમાંથી સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનુ પાંચ પેજમાં લખેલ નિવેદન બતાવવામાં આવે છે તેના દરેક પાને તથા લખાણના અંતે મારી સહી છે. આ નિવેદન મે લખાવેલ તે જ છે જે સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદનને રજુ દાખલ **આંક–૪૧૮** આપવામાં આવે છે.

**(૫૪.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૧)...એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે જે બનાવ બનેલ તે અંગે મે તેના કહેવાથી જાણેલુ છે. એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે આશ્રમમાં જે કાઈ થયેલ તે અંગે મને જાત માહિતી નથી. (૧૨)...મને આજે યાદ નથી કે, હુ, મારા પતિ, ભોગબનનાર અને તેના પતિ અમે ચારેય જણા તા.૪–૧૦–૧૩ના રોજ ભેગા થયેલા. મને આજે યાદ નથી કે, તા.૪–૧૦–૧૩ના રોજ અમે ભેગા મળી ફરિયાદ કરવાનુ નકકી કરેલુ. એ વા તખરી નથી કે, તા.૪–૧૦–૧૩ના રોજ અમે ચારેય જણા ભેગા મળી જહાંગીરપુરા પો.સ્ટે. ગયેલા. એ વાત ખરી નથી કે, તે દિવસ ે મે તથા મારી બહેને જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ લખાવેલી. એ વાત ખરી નથી કે, ત્યારબાદ અમે શોભાબેન ભુતડાને મળેલા. સાહેદ જણાવે છે કે, અમે સીધા શોભાબેનને મળેલા હતા. એ વાત ખરી નથી કે, તા.૫–૧૦–૧૩ના રોજ મે અને મારી બહેને શોભાબેન ભુતડા રૂબરૂ ફરિયાદ લખાવેલી. (૧૩)...એ વાત ખરી છે કે, હુ વર્તમાનપત્ર વાંચુ છુ અને ટી.વી. પણ જોઉ છુ. એ વાત ખરી નથી કે, અમારી બંને બહેનોની ફરિયાદ તા.૫–૧૦–૧૩ના રોજ ટી. વી. પર જાહેર

થચેલી. એ વાત ખરી છે કે, તા.૮–૧૦–૧૩ અને તા.૯–૧૦–૧૩ ના રોજ રવીયા મેડમ અમને સુરતમાં મળેલા. મને આજે યાદ નથી કે, તે વખતે ભોગબનનાર બહેન પણ મારી સાથે હાજર હતી. મને આજે યાદ નથી કે, મારૂ નિવેદન વિડીયોગ્રાફીથી લીધેલુ. એ વાત ખરી છે કે, સુરત મુકામે સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ મારૂ નિવેદન લેવામાં આવેલુ. (૧૪)...એ વાત ખરી છે કે, હુ હિંમતવાળી મહિલા છુ. એ વાત ખરી છે કે, મે સને ૨૦૦૪માં ગાંભોઈ આશ્રમ છોડેલુ અને ભોગબનનારે સને ૨૦૦૭માં મોટેરા આશ્રમ છોડેલુ. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન હુ ભોગબનનારના સતસંગમાં હાજરી આપતી હતી. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન ભોગબનનાર ઘણી વખત સુરત આવેલા અને હુ તેને મળેલી. મને આજે યાદ નથી કે, સને ૨૦૧૩ અગાઉ મારા અને ભોગબનનાર વચ્ચે આ અંગે કોઈ વાતચીત થચેલી નહી. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૪ થી ૨૦૦૭ દરમ્યાન હુ મોટેરા આશ્રમમાં આવેલી. મને આજે ચોકકસ યાદ નથી કે, મે ગાંભોઈ આશ્રમ સને ૨૦૦૪માં છોડેલો કે સને ૨૦૦૫? (૧૫)...એ વાત ખરી છે કે, મે આંક–૪૧૮ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''હુ ૨૦૦૪માં કાયમી ધોરણે સુરત મારા ઘરે આવી ગચેલી. કારણ કે ત્યાં મને બીલકુલ ગમતુ ન હતુ અને હુ ત્યાથી ગમેતેમ નીકળવા માંગતી હતી. હુ મારા ભાઈને બોલાવીને બહાનાથી તેની સાથે સુરત આવી ગઈ હતી.(૧૬)...મને આજે યાદ નથી કે, મે આંક–૪૧૮ના નિવેદનમાં ''હુ અહીંથી બે ત્રણ વાર ભોગબનનારને મળવા અમદાવાદ આશારામના આશ્રમમાં ગઈ હતી પરંતુ મને ભોગબનનારે તેની સાથે થચેલ વ્યવહારની કયારેય કોઈ વાત કરી હતી નહી.'' તેવી હકીકત લખાવેલ કે કેમ? (૧૮)...એ વાત ખરી છે કે, તા.૮–૧૦–૧૩ના રોજ રવીયા મેડમે મારૂ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૨ થી ૮ માં જણાવેલી વિગતો તા.૮–૧૦–૧૩ના

પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી.(૧૯)...એ વાત ખરી છે કે, ભોગબનનારને ટી.બી. થયેલો. તે કઈ સાલમાં થયેલો તે આજે યાદ નથી. મને આજે યાદ નથી કે, મારી બહેનને ટી.બી. થયેલો તે વખતે મોટેરા આશ્રમ છોડીને સુરત આવી ગયેલા. મારી બહેનને ટી.બી. થયેલો તે દરમ્યાન હુ સુરત મુકામે તેને મળી હોય તેવુ બનેલુ નથી. મારા ધ્યાનમાં નથી કે મારી બહેનને ટી.બી. થયેલો તે વખતે તે બે-અઢી વર્ષ સુધી સુરત મુકામે રહેલી.(૨૦)...મને યાદ નથી કે, તા.૧૬-૯-૧૩ થી તા.૨૯-૧૨-૧૩ દરમ્યાન મારે સતીષ વાધવાણી સાથે વાત થયેલી. આ સમય ગાળા દરમ્યાન મારી પાસે ૯૬૮૭૨૦૯૦૪૧ નંબરનો મોબાઈલ ફોન હતો. સતીષ વાધવાણીનો મોબાઈલ નંબર મને ખબર નથી. મને ખબર નથી કે, વાધવાણીનો નં.૯૩૦૩૦૪૦૦૦૮ છે. મને યાદ નથી કે, આ સમયગાળા દરમ્યાન સતીષ વાધવાણીએ મને ૬૧ વખત કોલ્સ અને એસ.એમ.એસ. કરેલા. મને યાદનથી કે, આ સમય ગાળા દરમ્યાન મે સતીષ વાધવાણીને ૩૫ કોલ્સ અને એસ.એમ.એસ. કરેલા. મારે સતીષ વાધવાણી સાથે એકવખત રૂબરૂ મુલાકાત થયેલી. એ વાત ખરી નથી કે, તે મુલાકાત ઈન્દોર મુકામે થયેલી. સાહેદ જણાવે છે કે સુરત મુકામે થયેલી. એ વાત ખરી નથી કે, ફરિયાદ દાખલ કરતા પહેલા હુ, મારા પતિ, ભોગબનનાર અને તેના પતિ ઈન્દોર મુકામે સતીષ વાધવાણી અને જીતુ પ્રેસ રીપોર્ટરને મળવા ગયેલા. એ વાત ખરી નથી કે, આ લોકોએ અમને કહેલુ કે સુરતના પોલીસવાળા સાથે અમારે સારા સંબંધો છે તમે શોભાબેન ભુતડા અને બીજા પોલીસવાળાને મળજો અને અમારી સાથે તેમની વાત કરાવજો તેઓ તમારી ફરિયાદ લઈ લેશે. એ વાત ખરી નથી કે, તા.૬-૧૦-૧૩ પહેલા સતીષ વાધવાણી સુરત મુકામે આવેલા અને અમારી પોલીસ સાથે રૂબરૂ મુલાકાત કરાવેલી. એ વાત ખરી નથી કે, સુરત મુકામે પુરોહીત હોટલમાં સલાખે

ઈન્ટરવ્યુ લેવામાં આવેલ અને તે વખતે સતીષ વાઘવાણી ત્યા હાજર હતા. એ વાત ખરી નથી કે, ઈન્દોર મુકામે પણ મારૂ અને મારી બહેનનુ ઈન્ટરવ્યુ લીધેલુ. (૨૨)...એ વાત ખરી છે કે, મારા પતિ સ્વભાવે સરળ અને સાચુ બોલનાર વ્યકિત છે. એ વાત ખરી નથી કે, મારા બહેનના કેસમાં સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, હુ જણાવુ છુ તેવો કોઈ બનાવ મારી બહેન સાથે બનેલ ન હોવા છતા આશારામ પાસેથી પૈસા પડાવવા અને ખોટી ખ્યાતિ મેળવવા મારી બહેને આ ખોટો કેસ કરેલો છે.

**(૫૪.૨)** સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમ છતાં સદર સાહેદે ભોગબનનાર તેણીની બહેન હોવાની અને તેણીની બહેને આશારામ આશ્રમ છોડયા બાદ ૨૦૦૭ તેમના ઘરે સુરત આવેલી ત્યારે ભોગબનનાર તેણીની બહેને તેણીની સાથે આરોપી નં.(૧) આશારામે દુષ્કર્મ કરેલ હોવાની હકીકત સદર સાહેદને જણાવેલી ત્યારે સદર સાહેદે પણ તેણીની સાથે નારાયણસાંઈએ કરેલ દુષ્કર્મની વાત કરેલી હોવાની હકીકતનું બચાવપક્ષ ખંડન કરી શકેલ ન હોઈ સદર સાહેદની જુબાનીની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર સાબિત કરી શકેલ છે.

## <u>સ્વતંત્ર તથા અન્ય સાહેદોની જુબાનીની ચર્ચા</u>

**(૫૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૨૨ તરીકે વિષ્ણુભાઈ રતિલાલ પટેલનાઓને આંક–૨૩૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ વર્ષ ૨૦૦૧ થી શાલીગ્રામ સોસાયટી ખાતે રહે છે અને ઓ.એન.જી.સી. ખાતે સરકારી નોકરી કરે છે. તેમની સોસાયટી વર્ષ ૧૯૯૯માં અસ્તિત્વમાં આવેલી. આશરે વર્ષ ૨૦૦૧

થી તેમની સોસાયટીમાં લોકો રહેવા આવેલા. તેઓ વર્ષ ૨૦૦૭–૦૮ થી તેમની સોસાયટીના ચેરમેન તરીકે ફરજ બજાવે છે તેમની સોસાયટીના ઝાંપાથી જે રોડ પસાર થાય છે તે આશારામ બાપુની શાંતિવાટીકા તરફ જાય છે. આશારામ બાપુ પર કેસ ચાલે છે તે હકીકત તેઓ જાણે છે વધારે કાઈ જાણતા નથી. પોલીસેપોલીસે તેમનું નિવેદન લીધેલુ તેવી હકીકત જણાવેલી છે.

**(૫૫.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩)...એ વાત ખરી છે કે, અમારી સોસાયટીથી આગળ પૂર્વ–પશ્ચિમ નો મુખ્ય રસ્તો જાય છે. એ વાત ખરી છે કે, સદરહુ રોડથી આશ્રમ બાજુ જઈઓ તો જમણા હાથે અમારી સોસાયટી આવે. એ વાત ખરી છે કે, સૌ પ્રથમ જમણી બાજુ શાલીગ્રામ સોસાયટી નં.૧ આવે. (૪)...એ વાત ખરી છે કે, શાલીગ્રામ સોસા.વાળાઓએ અંદરની બાજુએ ફલેટ બનાવેલા છે. એ વાત ખરી છે કે, ત્યારબાદ શાલીગ્રામ સોસા. નં.ર આવે છે. એ વાત ખરી છે કે, શાંતિવાટીકા અને શાંતિ કુટીર કયા આવેલી છે તે હુ જાણતો નથી.(૫)...એ વાત ખરી છે કે, વર્ષ ૨૦૦૧ની સાલમાં અમે કયા મહિનામા અને કઈ તારીખે સદર સોસાયટીમાં રહેવા આવેલા તે હકીકત પોલીસને જણાવેલ નથી અને અમે કયારે આવ્યા તે હાલ મને યાદ નથી. બીજા લોકો કયારે આવેલા તે હુ કહી શકુ નહી.

**(૫૫.૨)** સદર સાહેદ માત્ર શાલીગ્રામ સોસાયટીમાં રહેતા હોઈ અને તેઓ સદર સોસાયટીના ચેરમેન છે સદર કહેવાતા બનાવમાં ભોગબનનારે તેણીની સાથે થયેલ દુષ્કર્મ બાદ આરોપી નં.(ર) ભારતીબેન ધ્વારા તેણીને શાલીગ્રામ સોસાયટી પાસે ગાડીમાંથી ઉતારી દીધેલ હોવાની હકીકત સબંધે તપાસવામાં

આવેલ સદર સાહેદે જે જુબાની આપેલ છે તેનાથી ફરીયાદપક્ષને કોઈ સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૫૬) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૨૩ તરીકે જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓને આંક-૨૩૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં જણાવેલ છે કે તેમને સાહેદી પુરાવા આપવા માટે કોઈ ધાક-ધમકી મળેલ નથી કે મને કોઈ ડર નથી.તેઓ આશારામ બાપુને સંત તરીકે ઓળખે છે.તેઓ વર્ષ ૧૯૯૧ની આસપાસ આશારામ આશ્રમમાં રહેતા હતા તેઓ સને ૨૦૦૭-૦૮ સુધી સાધક તરીકે ત્યા રહેતા હતા. તેમના ઘરના અન્ય સભ્યો તેમના બહેન, માતા અને પિતા પણ ત્યા આશ્રમમાં જાતે મકાન બનાવી તેમાં રહેતા હતા. વર્ષ ૧૯૯૧માં તેમની ઉંમર આશરે ૧૨ થી ૧૩ વર્ષની હશે. તેઓ આશ્રમમાં રહેતા હોઈ આશ્રમની ભુગોળથી સંપુર્ણ પરીચિત હતો. આશારામ બાપુ આશ્રમમાં હોય ત્યારે શાંતિ કુટીયા જે આશ્રમમાં આવેલ છે ત્યા રહેતા અને આશ્રમમાં ન હોય ત્યારે શાંતિવાટીકા જે આશ્રમથી ત્રણ કી.મી. દુર છે ત્યા રહેતા હતા. આશારામ બાપુના પત્ની અને દિકરી આશ્રમથી અડધો કી.મી. દુર મહીલા આશ્રમમાં રહેતા હતા. ભારતીબેન આશારામ બાપુના દિકરી થાય અને લક્ષ્મીબેન તેમના પત્ની થાય છે. આશારામ બાપુના દિકરા નારાયણ સ્વામી આશારામ બાપુની સાથે રહેતા હતા.શાંતિવાટીકામાં એક માત્ર આશારામ બાપુ રહેતા હતા અને તેમનો પર્સનલ સ્ટાફ ત્યા રહેતો અને જતો આવતો હતો. આશારામ બાપુ જમવા અને આરામ કરવા શાંતિ કુટીયામાં જતા હતા. તેઓ આશારામ બાપુના આશ્રમમાં રામાયણ, મહાભારત ઉપર સતસંગ થતો હતો. સતસંગમાં મહીલાઓ અને પુરુષો પણ હાજર હોય. આશ્રમમાં સતસંગ સમયે સંચાલનમાં ધ્રુવબેન, નીતાબેન, મીરાબેન અને બીજા લોકો પણ

હતા. પરંતુ મહીલા આશ્રમમાં જે રહે તે લોકો હોય બધાના નામ તેમને યાદ નથી. આશારામ બાપુના અંગત સ્ટાફમાં મહિલા સેવીકાઓ હતી નહી.મહીલા આશ્રમમાં સંચાલક તરીકે ધ્રુવબેન અને નીતાબેન હતા. મહીલા આશ્રમમાં પ્રવૃત્તિઓ થતી જેવી કે, આમળા ચુરણ, ગૌમુત્રઅર્ક, બાગબગીચાની સેવા થતી હતી. સદરહુ સેવીકાઓ પગારદાર ન હતી. સદરહુ સેવીકાનુ ભરણપોષણ કેવી રીતે થતુ તેની તેમને ખબર નથી. ખાવા-પીવાનુ આશ્રમમાં મળી રહેતુ. ગુરુપુર્ણિમાના દિવસે આશારામ બાપુને મળવા માટે અનેક લોકો જુદીજુદી જગ્યાએથી આવતા. ગુરુપુર્ણિમાના દિવસે આવતા લોકો બાપુને જાહેરમાં અને ખાનગીમાં મળતા હતા. આશારામ બાપુને મળવા આવનાર પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવતો નહી. પરંતુ લોકો પ્રસાદ લઈને આવતા.મહીલા આશ્રમના ચોકીદાર તરીકે મહીલા રહેતી અને તે ગેટ પર બેસતી. મહીલા આશ્રમમાં રહેનાર સાધીકાઓ કે મહિલા આશ્રમના જવાબદાર વ્યકિતની રજા વિના જઈ શકે નહી તેમને કહેવુ પડે. શાંતિવાટીકામાં આશારામ બાપુ પાસે મહીલાઓ જતી ત્યારે ત્યા જવા માટે બસની વ્યવસ્થા પણ હતી અને જાતે પણ જતી હતી. શાંતિવાટીકામાં મહીલા આશ્રમની મહીલાઓ કઈ રીતે જતી હતી તે તેઓ ચોકકસ કહી શકે નહી પરંતુ રીક્ષામાં જતી આવતી હતી.તેઓ એ હકીકત જાણતા નથી કે, મહીલા આશ્રમની મહીલાને બાપુ પાસે જવુ હોય તો તેમને મહીલા આશ્રમની સંચાલીકા કે અન્ય કોઈ વ્યકિત લઈ જતી કે જાતે તેમની રજા લઈને જતી હતી. આશારામ બાપુનો રસોઈઓ જેનુ નામ અખીલ ગુપ્તા હતુ જે આશારામ બાપુની રસોઈ બનાવતો હતો અને સાત થી આઠ વર્ષ આશારામ બાપુ સાથે રહેલો. તે રસોઈઓ બાપુની સાથે જ રહેતો. આશારામ બાપુ બહારગામ જાય ત્યારે પણ આ અખીલ આશારામ બાપુ સાથે જતો હતો.સતસંગ સમયે કોઈ સાધક કે ભકત કે અન્ય વ્યકિત બાપુને કોઈ ભેટસોગાદ કે કોઈ

વસ્તુ આપે તો તે બાપુ જાતે સ્વીકારતા હતા. અને તે ભેટ–સોગાદ બાપુ પોતાની પાસે રાખતા હતા. આશ્રમમાં કૌશિકભાઈ વાણી, કૌશિક કેસીયર અને શોભરાજ નામની વ્યકિત કેસીયર તરીકે કામ કરતા હતા અને જે ભેટસોગાદમાં નાણા આવેલા હોય તે બાપુ કેશીયરને આપતા હતા.શાંતિવાટીકામાં મહિલાઓને જવાનો પ્રતિબંધ હતો. તેઓએ શાંતિવાટીકામાં મહિલા આશ્રમની મહીલા કે અન્ય કોઈ મહીલા આશ્રમના સંચાલીકા સાથે રાત્રીના કે દિવસના સમયે જતા આવતા જોયેલ નહી.તેઓ વર્ષ ૨૦૦૮ પછી આશ્રમ છોડીને ત્યાથી બે કી.મી. દુર ફલેટમાં રહેવા જતા રહેલા કારણ કે પૈસા કમાવવાના હતા. તેઓએ વર્ષ ૨૦૧૩માં પોલીસ રૂબરૂ નિવેદન આપેલુ. નિવેદન લેવા માટે પોલીસ તેમના ઘરે આવેલી.તેઓએ તા.૫–૧ ૨–૧૩ના રોજના પોલીસને જે નિવેદન લખાવેલુ તેમાં મે એવી હકીકત લખાવેલ કે,

સવાલ–સાહેદ સદરહુ હકીકત જે '' લખાવેલ છે તે નિવેદનમાં લખાવેલ છે તેવુ જણાવેલ છે.'આશારામ બાપુની સેવીકાઓમાં ઢેલ અને બગલો નામની બે અંગત સેવીકાઓ હતી જે આશારામ બાપુનો સતસંગ ચાલતો હોય અને તે બહારગામ જાય ત્યારે તેની સાથે રહેતી જતી હતી અને રહેતી હતી?

જવાબ– સાહેદ સદરહુ હકીકત નિવેદનમાં લખાવ્યાનુ સ્વીકારેલ છે.

સવાલ–સાહેદ સદરહુ હકીકત જે '' લખાવેલ છે તે નિવેદનમાં લખાવેલ છે તેવુ જણાવેલ છે.'અને તેઓને કોઈ પગાર કે વેતન આપતા નહી જે છોકરીઓ ત્યા રહેતી તેમના ઘરેથી રૂપિયા મંગાવવામાં આવતા હતા અને આશારામ તથા તેમની સેવીકાઓ આશ્રમને સમર્પિત હોય તેવી બહેનોને કહેતા કે તમારા લગ્ન થયા હોય તો તમારા મા–બાપને ખર્ચ આપવો પડતો કે નહી? તેમ કહી ખર્ચ પેટે રૂપિયા મંગાવવામાં આવતા.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

જવાબ– સાહેદ સદરહુ હકીકત નિવેદનમાં લખાવ્યાનુ સ્વીકારેલ છે.

સવાલ–'ગુરુપુર્ણિમાના દિવસે અલગથી તેઓના મા–બાપ પાસે રૂપિયા પાચેક હજારથી લાખો રૂપીયા આશારામને મળવા માટે લેતા હતા. '

જવાબ– સાહેદ સદરહુ હકીકત નિવેદનમાં લખાવેલ નથી તેવુ જણાવે છે. સવાલ–'મહીલા આશ્રમમાં ચોકીયાત તરીકે જશીબેન હતા?'

જવાબ– સાહેદ જણાવે છે કે, પોલીસે માત્ર જશીબેનને ઓળખો છો તેટલુ જ જણાવેલ જે અંગે મે હા કહેલી.

સવાલ–'શાંતિવાટીકામાં આશારામ તેમના ફોનથી ફોન કરી મહીલા આશ્રમના સંચાલીકા ધ્રુવબેન તથા તેમની અંગત સેવીકા ઢેલ અને બગલોને ફોન કરી અલગ અલગ ગૃપોમાં છોકરીઓને શાંતિવાટીકામાં લઈ આવવા કહેતા અને ઢેલ અને બગલો સવાર સાંજ અને રાત્રે શાંતિવાટીકામાં છોકરીઓનેલઈ જતી આવતી હતી અમુક રાત્રીના સમયે પાછળ ગેરેજવાળા ગેટની પાસે એક જાળીવાળો દરવાજો હતો જયાંથી આ ઢેલ અને બગલો અમુક છોકરીઓને શાંતિવાટીકામાં આશારામ બાપુ પાસે લઈ જતી હતી?'

જવાબ– સાહેદ જણાવે છે કે, પોલીસને મે માત્ર એવુ લખાવેલ કે, મહીલા આશ્રમમાંથી બોલાવવા હોય તો બાપુ કોડલેસ ફોનથી ફોન કરતા અને પુરુષને બોલાવવાના હોય તો મોટા આશ્રમમાંથી બોલાવવા કોડલેસથી ફોન કરતા એવુ જણાવે છે.

સવાલ– સને ૨૦૦૬ માં એક દિવસ આશારામ બાપુ સાથે રહેતી તેમની અંગત સેવીકાઓ ઢેલ અને બગલો શાંતિકુટીયામાં પાછળના ગેટથી ત્રણ ચાર

છોકરીઓને સાંજના સમયે છોકરીઓને લાવતા જોયેલા અને શાંતિકુટીયાની આજુબાજુમાં છોકરીઓને લાવવાની મનાઈ હોય અને છોકરીઓને આશારામ બાપુની શાંતિકુટીયામાં જતા મને પ્રશ્ન થયેલ કે શાંતિકુટીયામાં છોકરીઓ કેમ આવી હશે? જે બાબતે મે આશારામ બાપુને વાત કહેલ કે ઢેલ અને બગલો છોકરીઓને કેમ લઈને આવેલ હતી? તેમ કહેતા બાપુ ઉશ્કેરાઈ ગયેલ અને મને કાઢી મુકેલ અને બહાર મને હીમંતનગર ખાતેના આશારામ આશ્રમમાં મોબાઈલ ડીસ્પેન્સરીમાં ડ્રાઈવીંગ કરવા કહેલ અને બહાર આશારામનો પાર્ટ ટાઈમ રસોઈઆ આશીષે કહેલ કે બાપુથી માફી માંગી લે પછી મે બાપુથી માફી માંગેલ અને બાપુએ મને માફી આપેલ જયારે પણ બાપુનેછોકરી પહોંચાડવાનુ કામ હોય ત્યારે ખાસ સેવીકાઓ ઢેલ અને બગલો અને જીતુ બબાલ ડ્રાઈવર જ આ કામ કરતા હતા.'

જવાબ– સાહેદ જણાવે છે કે, પોલીસને મે માત્ર એવુ લખાવેલ કે, સદરહુ ઢેલ અને બગલો બાપુના વી.આઈ.પી. હોલમાં તેમને ગેસ્ટ હોય તેને ઢેલ અને બગલો જ લઈ જતા અને બપોરના સમયે બાપુ આરામમાં હતા ત્યારે છ–સાત લેડીઝ જેમાં મોટી ઉંમરની વ્યકિત એટલે કે સ્ત્રીઓ અને તેમની સાથે બે એક છોકરીઓ હતી તે બપોરના સમયે આવેલા મે વાંધો લીધેલો તેવુ મે પોલીસને જણાવેલ. ઉપરોકત સવાલમાં લખેલ હકીકત જણાવેલ નથી.

સવાલ–'સને ૨૦૦૮માં મે આશ્રમ છોડી દીધેલ હતો મારે લગ્ન કરવા હોય અને મારે ધંધો કરવો હોય મે આશ્રમ છોડી દીધેલ અને બાદ આશ્રમ જતો આવતો હતો. આશ્રમમાં દુષકર્મ અને બળાત્કાર જેવા બનાવો બનતા હોવાનુ અમો સાંભળેલ હતુ. તથા આવા કાર્યોમાં આશારામની પત્ની લક્ષ્મી તથા દિકરી ભારતી

અને દિકરો નારાયણ બધુ જ જાણતા હોવા છતા સહકાર આપતા હતા અને તેમના સેવકો જનુની હોઈ જો આશારામ બાપુની વિરૂધ્ધમાં કોઈ કાઈ બોલતુ નહી.'

જવાબ–સાહેદ જણાવે છે કે, હુ સને ૨૦૦૮માં આશ્રમમાંથી નીકળી ગયેલો અને લગ્ન કરવા અને ધંધો કરવાનો હોઈ તેવુ જણાવેલુ અને જતો આવતો હતો તેવી હકીકત પણ જણાવેલી. તે સિવાય સવાલમાં લખેલી હકીકત મે પોલીસને જણાવેલી નથી.

(૧૮)...હુ આજની તારીખમાં પણ આશ્રમમાં જાઉ– આવુ છુ. (૧૯)...મારા ઘરથી મહીલા આશ્રમ અડધો કી.મી. દુર હતો. હુ કોલેજથી આવ્યા બાદ મારા ઘરે જ રહેતો હતો. હુ આશ્રમની ગતીવીધીથી માહીતગાર હતો. ગતિવીધી સંબંધે જે સ્પષ્ટતા કરેલ છે કે, હુ આશ્રમમાં ચાલતી પ્રવૃત્તિઓથી માહીતગાર હતો જેમાં જાહેરપ્રવચન દરમ્યાન અને ત્યારબાદ સેવકો સાધીકાઓ તરફથી થતી ચર્ચાઓ અને અવરજવર સંબંધે માહીતગાર હતો. (૨૦)...સતસંગની કાર્યવાહી લગભગ આખો દિવસ બાપુ હોય ત્યારે ચાલતી હતી. સતસંગ દરમ્યાન દરેક સાધક અને સાધીકાઓને હાજર રહેવાનુ ફરજિયાત ન હતુ. મે જે વાંધો લીધેલો તે બાપુને આરામમાં ખલેલ ન પહોંચે તે હેતુથી લીધેલો. અને એટલે જ મે બાપુને આ હકીકત જણાવેલી. બાપુ ગુસ્સે થયા તે સંબંધે સાહેદ જણાવે છે કે, બાપુ શા માટે ગુસ્સે થયા તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, મને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલો. એ વાત ખરી છે કે, મે બાપુની માફી માંગેલી. એ વાત ખરી છે કે, બાપુએ મને માફી પણ આપી દીધેલી.(૨૧)...એ વાત ખરી નથી કે, આશ્રમમાં બળાત્કારની અને દુષકર્મની હકીકત મે સાંભળેલી તેવુ પોલીસને જણાવેલુ. એ વાત ખરી છે કે, હુ ભારતીબેન અને લક્ષ્મીબેનને ઓળખુ છુ. હુ ધ્રુવબેન, ઢેલ, બગલો અને જશીબેનને પણ ઓળખુ છુ. આજરોજ

નામ.કોર્ટમાં લક્ષ્મીબેન અને આશારામ બાપુ સિવાયના તમામ હાજર છે.(૨૨)...એ વાત ખરી નથી કે, હુ આશ્રમમાં હાલ જતો હોઈ બાપુને અનેઅન્ય આરોપીઓને બચાવવા માટે ઈરાદા પુર્વક મારા પોલીસ નિવેદનથી અલગ હકીકત જણાવેલ છે.

**(૫૬.૧)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે (૧૯)..મારા ઘરથી મહીલા આશ્રમ અડધો કી.મી. દુર હતો. હુ કોલેજથી આવ્યા બાદ મારા ઘરે જ રહેતો હતો. હુ આશ્રમની ગતીવીધીથી માહીતગાર હતો. ગતિવીધી સંબંધે જે સ્પષ્ટતા કરેલ છે કે, હુ આશ્રમમાં ચાલતી પ્રવૃત્તિઓથી માહીતગાર હતો જેમાં જાહેરપ્રવચન દરમ્યાન અને ત્યારબાદ સેવકો સાધીકાઓ તરફથી થતી ચર્ચાઓ અને અવરજવર સંબંધે માહીતગાર હતો. (૨૦)..સતસંગની કાર્યવાહી લગભગ આખો દિવસ બાપુ હોય ત્યારે ચાલતી હતી. સતસંગ દરમ્યાન દરેક સાધક અને સાધીકાઓને હાજર રહેવાનુ ફરજિયાત ન હતુ. મે જે વાંધો લીધેલો તે બાપુને આરામમાં ખલેલ ન પહોંચે તે હેતુથી લીધેલો. અને એટલે જ મે બાપુને આ હકીકત જણાવેલી. બાપુ ગુસ્સે થયા તે સંબંધે સાહેદ જણાવે છે કે, બાપુ શા માટે ગુસ્સે થયા તે હુ કહી શકુ નહી. **એ વાત ખરી છે કે, મને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલો.** એ વાત ખરી છે કે, મે બાપુની માફી માંગેલી. એ વાત ખરી છે કે, બાપુએ મને માફી પણ આપી દીધેલી.(૨૧)એ વાત ખરી નથી કે, આશ્રમમાં બળાત્કારની અને દુષકર્મની હકીકત મે સાંભળેલી તેવુ પોલીસને જણાવેલુ. એ વાત ખરી છે કે, હુ ભારતીબેન અને લક્ષ્મીબેને ઓળખુ છુ.

હુ ધ્રુવબેન, ઢેલ, બગલો અને જશીબેનને પણ ઓળખુ છુ. આજરોજ નામ.કોર્ટમાં લક્ષ્મીબેન અને આશારામ બાપુ સિવાયના તમામ હાજર છે.

(૫૬.૨) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, (૨૩)...એ વાત ખરી છે કે, હુ બાળપણથી જ આશ્રમમાં જતો હતો. એ વાત ખરી છે કે, હુ લગભગ સત્તરથી અઠાર વર્ષ આશ્રમમાં રહેલો. એ વાત ખરી છે કે, હુ આશ્રમમાં એટલા માટે જતો હતો કે, મને ભગવાનનુ નામ, જાપ, મારા આત્મકલ્યાણ માટેનો હતો. એ વાત ખરી છે કે, મને ધાર્મીક અને આત્મ કલ્યાણનો માર્ગ આશારામ બાપુના પ્રવચનમાંથી મળેલો. એ વાત ખરી છે કે, મારા સત્તરથી અઠાર વર્ષ ચોવીસ કલાક આશ્રમમાં જ વીતાવેલા છે. એ વાત ખરી છે કે, મે ઉપરોકત સમયગાળા દરમ્યાન આશ્રમનુ વાતાવરણ શાંત, પવિત્ર જોવા મળેલુ. (૨૪)...એ વાત ખરી છે કે, અનેક ભકતો, સાધકો, લોકો વિગેરે વિદેશ અને દુરદેશાવરથી આવતા રહેતા હતા. એ વાત ખરી છે કે, આશારામ બાપુના પ્ર વચન દરમ્યાન સ્ત્રી અને પુરુષોની બેઠક વ્યવસ્થા અલગ અલગ હતી. એ વાત ખરી છે કે, પ્રવચનમાં લાખોની સંખ્યા રહેતી હતી. એ વાત ખરી છે કે, પ્રવચન દરમ્યાન સ્ત્રી અને પુરુષ વિભાગમાં શાંતિ જળવાય અને વ્યવસ્થા જાળવવા અલગ અલગ વોલીન્ટીયર્સ પણ રાખવામાં આવતા હતા. (૨૫)...એ વાત ખરી છે કે, આશારામનો આશ્રમ રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે તે હુ જાણુ છુ. એ વાત ખરી છે કે, આશારામ બાપુ તેના મુખ્ય ટ્રસ્ટી હતા. એ વાત ખરી છે કે, જે ભેટસોગાદો અને કેસ આવતી તે બાપુ કૌશીકભાઈ વાણીને આપતા હતા. એ વાત ખરી છે કે, કૌશીકભાઈ વાણી ટ્રસ્ટનુ સંચાલન કરતા હતા. હુ એ હકીકત જાણુ છુ કે, બાપુએ અઠાર વર્ષ દરમ્યાન પોતાના નામે મીલકત ખરીદેલ હોય કે પોતાના

ખાતામાં બેન્ક બેલેન્સ કરેલ હોય તેવુ બનેલ નથી. હુ એ હકીકત જાણતો નથી કે, તમામ મીલ્કતો ટ્રસ્ટની માલીકીની છે.(૨૬)...એ વાત ખરી છે કે, હુ લગભગ સારા માર્કસ થી પાસ થતો હતો. એ વાત ખરી છે કે, મારી ૧૨–૧૩ વર્ષની ઉંમરથી સમજણ હતી. હુ બી.સી.એ. સુધી ભણેલો છુ. એ વાત ખરી છે કે, મારી પાસે ફોર વ્હીલર ગાડી હતી અને હુ તેનુ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવુ છુ. એ વાત ખરી છેકે, આશારામ બાપુના અંગત ડ્રાઈવર ન હોય તો મને ડ્રાઈવર તરીકે બોલાવતા હતા. એ વાત ખરી છે કે, હુ બાપુને શાંતિવાટીકામાં પણ મુકવા ગયેલો છુ. એ વાત ખરી છેકે, હુ શાંતિવાટીકાની ભૌગોલિક પરિસ્થિતિથી માહીતગાર છુ.(૨૭)...એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં પ્રવેશ માટે ઉત્તર દક્ષિણ રોડ આવેલો છે અને ત્યા પ્ર વેશ માટે લોખંડનો દરવાજો છે. એ વાત ખરી છે કે, મુખ્ય દરવાજાથી બાપુની શાંતિવાટીકાવાળી રૂમ સાતસો થી આઠમો ફુટ દુર છે. એ વાત ખરી છે કે, રોડના મુખ્ય દરવાજાથી ૩૦૦ ફુટ અંદર એક મંડપ શાંતિવાટીકા પહેલા બનાવેલ છે એ વાત ખરી છે કે, આ મંડપ શાંતિવાટીકાથી પશ્ચિમ દિશામાં ૪૦૦ ફુટ ના અંતરે છે. (૨૮)...એ વાત ખરી છે કે, સાધીકાઓને બોલાવવામાં આવતા ત્યારે ઉપરોકત જણાવેલ મંડપમાં ભેગા કરવામાં આવતા હતા. એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં કોઈ મહીલાને પ્રવેશની પરવાનગી ન હતી. એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં કોઈ મહીલા ગયેલ હોય તેવુ મે આ સત્તર થી અઠાર વર્ષ માં સાંભળેલ નથી. (૨૯)...એ વાત ખરી છે કે, લક્ષ્મીબેનનુ મકાન લાલવાણી ફાર્મમાં આવેલ છે. એ વાત ખરી છે કે, તે ફાર્મ શાંતિવાટીકાથી એકાદ કી.મી.ના અંતરે છે. એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં જવુ હોય તો એક જ મુખ્ય દરવાજો છે. એ વાત ખરી છે કે, શાંતિવાટીકાનો મુખ્ય દરવાજો હંમેશા બંધ રહે છે અને દરવાજાની ડાબી બાજુ અંદરના ભાગે ચોકીદારની રૂમ છે. એ વાત ખરી છે કે, શાંતિવાટીકાની ચારેબાજુ પાકો કોટ કરેલ છે.(૩૦)...હુ એ હકીકત જાણતો

નથી કે, શાંતિવાટીકામાં બાપુ વર્ષ ૨૦૦૨ની સાલ પછી રહેવા માટે ગયેલા. પોલીસે મારી પુછપરછ કરવા પ્રથમ મારા ઘરે આવેલા અને ત્યા મે ના પાડતા મને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. એ વાત ખરી છે કે, હુ પો.સ્ટે.માં નિવેદન આપવા ગયેલ ત્યારે ત્યાં મહેન્દ્ર ચાવલા અને અમરત પ્રજાપતિ હાજર હતા. (૩૧ )...મને પો.સ્ટે.માં પુછપરછ કાનન બેને કરેલી. એ વાત ખરી નથી કે, મારા નિવેદન દરમ્યાન હુ જવાબ આપી ના શકુ તો મહેન્દ્ર ચાવલા અને અમરત પ્ર જાપતિ જવાબ આપતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારૂ નિવેદન જે રૂમમાં લેવામાં આવેલ ત્યા મારા સિવાય અન્ય કોઈ ન હતુ.(૩૨)...એ વાત ખરી છે કે, પોલીસે મને નિવેદન નોંધતી વખતે શાંતિવાટીકા કઈ જગ્યાએ આવેલ છે કેટલા અંતરે આવેલ છે અને બાપુ કયારે રહેવા ગયા તે પુછેલુ. એ વાત ખરી છે કે, મે પોલીસે બાપુ શાંતિવાટીકામાં વર્ષ ૨૦૦૨ પછી રહેવા ગયેલા અને તે આશ્રમથી ત્રણ કી.મી. દુર છે તેવુ જણાવેલુ. મારૂ નિવેદન પો.સ્ટે.મા હાથથી લખવામાં આવતુ હતુ. મારૂ નિવેદન લીધેલુ તેમાં મારી લગભગ સહી લીધેલી ચોકકસ મને યાદ નથી. મને નિવેદન વાંચવા માટે આપેલુ. એ વાત ખરી છે કે, શાંતિકુટીયા મોટેરા આશ્રમની અંદર છે.(૩૩)...એ વાત ખરી નથી કે, બાપુ જયારે રોડ માર્ગે મુસાફરી કરતા ત્યારે તેમની ગાડીમાં ડ્રાઈવર અને બાપુ સિવાય કોઈ હાજર રહેતુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એક જ ગાડીમાં સીકયોરીટી અને રસોઈઓ સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે, કોઈ સ્ત્રી ગાડીમાં સાથે રહેતી નહી. હુ એ હકીકત જાણતો નથી કે, બાપુ દિલ્લી, પંજાબ વિગેરે પ્લેનમાં જતા ત્યારે તેઓ એકલા જ જતા હતા કે કેમ?(૩૪)...એ વાત ખરી છે કે, નીતાબેનનુ આખુ નામ નીતાબેધ વૈધ હતુ અને તેઓ આયુર્વેદિક ડોકટર હતા. એ વાત ખરી છે કે, આશ્રમના વહીવટી માળખા અંગે મને જાત માહિતી નથી. (૩૫)...ગુરુપુર્ણિમાના દિવસે આશારામ બાપુ પાસે જે ભકતો આવતા તેઓ

પ્રસાદમાં ફ્રુટ, ડ્રાયફ્રુટ, મીઠાઈ વિગેરે લઈને આવતા. એ વાત ખરી નથી કે, કરન્સી કોઈ લાવતા નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લોકો પોતાની મનોઈચ્છા પુરી થાય તે પ્રમાણે રોકડ રકમ પણ લાવતા હતા અને જે લોકોની માનતા પુરી થયેલ હોય તેવા લોકો રોકડ રકમ આપતા હતા.(૩૬)...એ વાત ખરી છે કે, શાંતિવાટીકામાં બાપુ જયારે કોઈને પણ મહીલા સાધકને બોલાવતા ત્યારે મંડપમાં જ ભેગા થવાનુ કહેતા. એ વાત ખરીછે કે, બાપુ સવારે પાંચ-સાડા પાંચ વાગે બોલાવે, બધાને પ્રવચન આપ્યા બાદ ત્યા મેદાનમાં હેલ્થ માટે દોડાવતા પણ હતા.(૩૭)...એ વાત ખરી છે કે, શાંતિવાટીકા અને મંડપની ચારે બાજુએ ખેતરો આવેલા છે જે ઘણો મોટો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, ત્યા તુલસીનુ સૌથી વધારે વાવેતર છે. એ વાત ખરી છે કે, આજુબાજુના ખેતરોમાં લગભગ સોએક લોકોનો વસવાટ છે અને તેઓ ત્યા હાજર હોય છે. એ વાત ખરી છે કે, ત્યા રહેવા માટેના કાચા-પાકા તેમના મકાનો છે. એ વાત ખરી છે કે, હેલ્થ માટે દોડાવ્યા બાદ બાપુ મહીલા સાધકોને વોકીંગ કરી મહીલા આશ્રમમાં જવાનુ પણ કહેતા. એ વાત ખરી છે કે, આ કાર્યક્રમમાં પુરુષ અને મહીલા સાધકો સાથે હાજર રહેતા. એ વાત ખરી છે કે, આશ્રમમાં શીસ્ત સારી હતી. એ વાત ખરી છેકે, તમામ સાધકોએ શીસ્તમાં રહેવુ પડે.(૩૮)...એ વાત ખરી છે કે, અમારા ફેમીલીએ આ આશ્રમ સ્વેચ્છાએ ધન કમાવવા અને બાળકોના લગ્ન અને ઠરીઠામ થવા માટે છોડેલો. એ વાત ખરી છે કે, સુરત ખાતે પણ આશારામ બાપુનો આશ્રમ આવેલો છે અને તે પણ ઘણો જુનો છે. એ વાત ખરી છે કે, આશ્રમના રસોઈઆ ડોકટર વિગેરેની અરસપરસ બદલી એક આશ્રમમાંથી બીજા આશ્રમમાં થતી. (૩૯)...એ વાત ખરી છે કે, રસોઈઆ અખીલ ગુપ્તા મોટેરા આશ્રમથી અગાઉ અન્ય આશ્રમમાં હતા. પરંતુ કયા આશ્રમમાં હતા તે સાહેદને ખબર નથી. હુ એ હકીકત જાણતો નથી કે, અખીલ ગુપ્તા

નવેમ્બર–૨૦૦૧માં મોટેરા આશ્રમમાં આવેલા. એ વાત ખરી છે કે, મને નામ.કોર્ટમાં જે નિવેદન વાંચી બતાવવામાં આવેલ તે કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ થયેલ હતુ. એ વાત ખરી છે કે, મારૂ નિવેદન જે હાથથી લખેલુ તે મે વાંચેલુ અને તે મારા લખાવ્યા મુજબ લખવામાં આવેલુ. એ વાત ખરી છે કે, જે હાથથી લખવામાં આવેલ નિવેદન હતુ તે નિવેદન મારા લખાવ્યા મુજબ લખવામાં આવેલુ અને મે જે સરતપાસમાં સવાલોના જવાબો લખાવ્યા તે મુજબ લખવામાં આવેલ હતુ.(૪૦)...એ વાત ખરી છે કે, બાપુને પુરુષ આશ્રમમાંથી કોઈને બોલાવવા હોય તો જ તેઓ કોડલેસ ફોનથી ફોન કરતા હતા. એ વાત ખરી છે કે, બહારગામથી આવતા મહીલા સાધકો કે જેમને બાપુ પાસે જવાનુ હોય કે મળવાનુ હોય તો તેમને મહીલા આશ્રમના મહીલા સાધક લઈને જતા હતા. એ વાત ખરી છે કે, બગલો અને ઢેલ બહારગામથી આવેલ મહીલા અને મહીલા સાધકોને બાપુ પાસે લઈને જતા હતા. એ વાત ખરીછ`કે, બગલો અને ઢેલ આશ્રમને સમર્પિત હતા અને ત્યા જ આશ્રમમાં રહેતા હતા.(૪૧)...એ વાત ખરી છે કે, મે મુખ્ય તપાસમાં જે મોટી ઉંમરની મહીલા અને બે છોકરીઓને લઈને બપોરે બાપુની શાંતિવાટીકામાં લાવેલ ત્યારે મે એટલા માટે વાંધો લીધેલો કે બાપુ બપોરે આરામમાં હતા. એ વાત ખરી છે કે, મે બાપુને ઉપરોકત હકીકત જણાવી એટલે બાપુએ મને માફ કરી દીધેલ.(૪૨)...એ વાત ખરી છે કે, મારા આશ્રમમાં રહેવાના સમયગાળા દરમ્યાન મે આશ્રમમાં ઓઈ અશ્લીલ હરકતો થતી હોય તેવુ સાંભળેલુ પણ નહી કે જોયેલુ પણ નહી. એ વાત ખરી છે કે, લક્ષ્મીબેન સાત્વીક જીવન જીવતી અને તદ્દન ધાર્મિક પ્રકારની સ્ત્રી છે. એ વાત ખરી છે કે, તે જ રીતે ભારતીબેન પણ તદ્દન સાત્વીક અને ધાર્મિક પ્રકારની સ્ત્રી છે. એ વાત ખરી છે કે, નારાયણસાઈ પણ તદ્દન ધાર્મીક અને સાત્વીક વ્યકિત છે.(૪૩)...એ વાત ખરી છે કે, હુ હાલ પણ ધાર્મીકવૃત્તિનો વ્યકિત છુ અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરૂ છુ. એ વાત ખરી નથી કે,

હુ હાલમાં ધાર્મીક પ્રવૃત્તિ માટે આશ્રમમાં જાઉ છુ પરંતુ જો તેઓ મને બોલાવે તો હુ જાઉ છુ અને મારી ધાર્મીકપ્રવૃત્તિ બહાર અને ઘરમાં કરૂ છુ. એ વાત ખરી છે કે, આયુર્વેદિક વસ્તુ અને દવા માટે હુ આશ્રમમાં જાઉ છુ. (૪૪)...હુ એ હકીકત કહી શકુ નહી કે આશ્રમમાં રહેતી સાધીકાઓ તેમને કોઈ પોતાના માટે વસ્તુ ખરીદવી હોય કે આશ્રમમાંથી વસ્તુ ખરીદવી હોય તો તે માટેના પૈસા પોતાના ઘરેથી મંગાવતી હતી. એ વાત ખરી છે કે, પોલીસે મને જવાબ લેવા બોલાવેલ ત્યારે બગલો, ઢેલ, ધ્રુવબેન, ભારતીબેન, લક્ષ્મીબેન વિગેરે બાબતે નામ જણાવીને અને પુછેલ કે તમે ઓળખો છો. (૪૫)...એ વાત ખરી છે કે, આશ્રમમાં સમર્પિત મહીલા અને પુરુષ સાધકોને જમવાનુ અને નાસ્તો આશ્રમ તરફથી આપવામાં આવતો. એ વાત ખરી છે કે, કોઈ છોકરીને બાપુની શાંતિવાટીકા કુટીયામાં એકલી કે કોઈની સાથે જતા કે આવતા જોયેલી નથી. (૪૬)...હુ બહાર ગામ બગલો અને ઢેલ ગયેલ હોય તેવા સતસંગના કાર્યક્રમમાં ગયેલ છુ. એ વાત ખરી છે કે, બાપુ તેમની સાથે રૂમમાં અન્ય કોઈ વ્યકિત સિવાય કે રસોઈઓ અને સીકયોરીટી વાળી વ્યકિતને રહેવા દેતા નહી. એ વાત ખરી છે કે, બાપુ પોતાની વ્યાસપીઠ અને પોતાનો રૂમ છોડી અન્ય કોઈની રૂમમાં જતા ન હતા. હુ એ હકીકત જાણતો નથી કે, બાપુ એકાંતમાં કોઈ મહીલા સાધકને મળતા હતા કે કેમ? એ વાત ખરી છે કે, મે બાપુને એકાંતમાં કોઈ મહીલા સાધકને મળતા કે વાતચીત કરતા જોયેલ નથી.

**સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે ફેરતપાસ કરવામાં આવેલ છે તેમાં તેમને સવાલ પુછવામાં આવેલ છે કે** તમને પોલીસ નિવેદન હાથથી લખેલુ તે વંચાવવામાં આવેલ તેવુ તમે જણાવેલ છે તે નિવેદનમાં કોઈ સુધારો વધારો

કરવાનુ તે સમયે તમે નિવેદન લખનારને જણાવેલ નથી? તેના જવાબમાં સદર સાહેદે એ વાત ખરી છે તેમ જણાવેલ છે.

**(૫૬.૩)** સદર સાહેદનો પુરાવો જોતા તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેમ છતાં તેઓ આશારામ આશ્રમમાં રહેતા હતા અને આરોપી નં.(૧) ગુરુપુર્ણિમાના સમયગાળા દરમિયાન શાંતિવાટીકામાં રહેતા હતા અને તેમના રસોઈયા તરીકે અખીલ ગુપ્તા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે.

(૫૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૪ તરીકે ગોપી અરવિંદભાઈ પટેલનાઓને આંક–૨૪૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,(૧)...તેમને કોર્ટ સમક્ષ પુરાવો આપવા કોઈ લાલચ કે ધાક ધમકી આપવામાં આવેલ નથી.તેઓ શરુઆતમાં નડીયાદ મુકામે રહેતા અને ત્યારબાદ મોટેરા આશ્રમ ખાતે સને.૧૯૯૨–૧૯૯૩માં રહેવા માટે આવેલા.તેમના પિતાને બાપુએ એવુ જણાવેલ કે,તમો કુંટુબ સાથે મારા આશ્રમમાં રહેવા માટે આવો જેથી તેઓ બધા આશ્રમમાં રહેવા માટે આવેલા.(૨)...હું આશ્રમમાં રહેતી અને સાબરમતી કન્યા શાળામાં ભણવા જતી હતી.હું ભણતી હતી ત્યારે મારી સાથે એક જાનકી નામની છોકરી હતી જે પણ અભ્યાસ કરતી હતી.હું મોટેરા આશ્રમ ખાતે ૧૫ થી ૧૬ વર્ષ સુધી રહેલા અને સને.૨૦૦૭–૨૦૦૮માં સંગાથ પ્લેટીનામાં રહેવા માટે ગયેલા.મારા પિતા આશારામ બાપુના સમર્પીત હતા.આશારામ બાપુના કુંટુબના વ્યકિતઓ સાથે પણ અમારે પરીચીત હતો. આશારામ બાપુના કુટુબમાં તેમની પત્ની લક્ષ્મીબેન,દિકરી નામે ભારતીબેન,દિકરો નામે નારાયણ સાંઈ હતા.મારા પિતા આશ્રમમાં જમીનનું કામ કરતા હતા.તે પહેલા મારા પિતા શ્રી કોરી વર્કસ કરતા હતા.(૩)...બાપુના આશ્રમમાં એક મહિલા આશ્રમ પણ હતુ.જેમાં મહિલાઓ રહેતી હતી તેઓએ રહેવાના અને ખાવા પીવાના અમુક મહિલાઓ પૈસા

આપતી હતી અને અમુક મહિલાઓ પૈસા નહોતી આપતી.આશ્રમમાં રહેતી મહિલાઓને આશ્રમના નિયમોનું ચુસ્ત પાલન કરવુ પડે.મહિલા આશ્રમના નિયમો શું હતા તે હું કહી શકુ નહી.મારા ભાઈ ઘણીવાર બાપુના ડ્રાઈવર ન હોય તો ડ્રાઈવર તરીકે બાપુ સાથે ગાડીમાં જતા હતા અને ગાડી ચલાવતા હતા.મે એવી હકીકત જાણેલી કે,આશ્રમમાં ભારતીબેન જે મહિલાઓ પૈસાવાળા હોય તેમને જ મળતા હતા.જે મહિલાઓ આશ્રમના નીયમોનું પાલન ન કરે તો તેમની સામે સખ્તી વર્તવામાં આવતી અને તેના ઉપર આક્ષેપો પણ કરવામાં આવતા હતા અને તે મહિલાઓનું મોરલ ડાઉન કરવા માટે આવતુ.(૪)...બાપુના આશ્રમમાં બગલો,ઢેલ,વિગેરે સાધીકાઓ હતી બધાના નામ મને હાલ યાદ નથી.સદરહું સાધીકાઓનો કોઈ ખાસ રોલ હોય તો તે અંગેની મને કોઈ માહિતી નથી.ભારતીબેન આશ્રમમાં સંચાલનું પણ કાર્ય કરતા હતા.આશ્રમમાં રહેતી સાધિકાઓને ચુર્ણ બનાવવાનું અને બીજી સેવાઓનું કામ કરવુ પડે.આ સિવાય ની કોઈ અન્ય પ્રવૃતિની મને કોઈ જાણ નથી.મહિલા આશ્રમમાં મહિલાઓને રાખવાનું કારણ અનુષ્ઠાન,સંત્સંગ વિગેરે પ્રવૃતિ માટે રાખવામાં આવતુ.અનુષ્ઠાન દરેક સાધિકાઓ જાતે જ કરતી હતી અને અનુષ્ઠાન પુરા થયાબાદ બાપુ પાસે લઈ જવામાં આવતી નહી.સાધિકાઓ ચુર્ણ બનાવવાનું કામ કે અન્ય કોઈ કામ કરે તો તેમને કોઈ મહેનતાળુ કે વેતન આપવામાં આવતુ નહી.તેમની પાસેથી કોઈ ભાડુ લેવામાં આવતુ હતુ કે કેમ તે મને ખબર નથી.(૫)...ગુરુપર્ણિમાના દિવસે સાધિકાઓના માતા પિતા અને આશ્રમમાં રહેતી મહિલાઓના માતા પિતા બાપુ પાસે આવતા અને દક્ષીણા અને ભેટ–સોગાદ પોતાની ઈચ્છા મુજબ આપતા હતા.ચોકકસ રકમ કોઈ નકકી નહોતી.ભેટ–સોગાદ આપનાર વ્યકિતને આશારામ બાપુ તરફથી પ્રસાદ આપવામાં આવતો હતો.સંત્સંગની પ્રવૃતિ મોટેરા આશ્રમ ખાતે આવેલ હોલમાં થતી હતી. જયારે શીબીર હોય ત્યારે વંકતાઓ જેમાં સ્ત્રી અને પુરુષ બંને પહેલા બોલે અને ત્યારબાદ આશારામ બાપુનું પ્રવચન ચાલુ

થાય.મહિલા વકતામાં એક વર્ષાબેન કરીને હતા અને રેખાબેન મહિલા વકતા તરીકે હતા અને તે સિવાય બીજા નામો હાલ મને યાદ નથી.આશારામ બાપુને રહેવા માટે આશ્રમમાં એક કુટીયા પણ બનાવેલી હતી.આશારામ બાપુ અમદાવાદ ખાતે હોય ત્યારે તેઓ આશ્રમમાં પણ રહેતા અને આશ્રમથી દુર પણ એક કુટીયા બનાવેલી હતી તેમાં રહેતા હતા.આશ્રમમાં એક આયુર્વેદીક દવાખાનું પણ આવેલુ છે.હું આશ્રમમાં હોમીયોપેથી દવાખાનું હતુ તેમાં સેવા કરવા જતી હતી. આશ્રમમાં હોમીયોપેથી દવાખાનામાં કનકબેન કરીને ડોકટર હતા અને આયુર્વેદીક દવાખાનામાં એક વૈદરાજ ડોકટર હતા.દવાખાનામાં હોમીયોપેથી માં હોમીયોપેથી પધ્ધતી થી અને આયુર્વેદીકમાં આયુર્વેદીક પધ્ધતી પ્રમાણે સારવાર આપવામાં આવતી હતી.આશારામ બાપુના પર્સનલ સ્ટાફમાં ખાવાનું બનાવનાર અને ડ્રાઈવર અને એક સીકયોરીટી વાળા રહેતા હતા તે પૈકી મને કોઈના નામ ખબર નથી. (૬)...બાપુને જે ભેટ–સોગાદો મળતી અને રોકડ રકમ મળતી તે બાપુ પોતાની પાસે રાખતા કે કેમ તેની મને ખબર નથી.બાપુ અમદાવાદ આવતા ત્યારે આશ્રમમાં શીબીર હોય તો ૪ થી ૫ દિવસ રહેતા હતા.તે સિવાયના દિવસોમાં આશારામ બાપુ પ્રવાસમાં રહેતા હતા અને તેમની સાથે તેમનો સ્ટાફ રહેતો હતો.આશ્રમમાં રહેતા સાધકો ઘણીવાર પ્રચાર માટે બહારગામ પણ જતા હતા.વકતાઓ બધા બહાર જતા પરંતુ તેમના નામ મને હાલમાં યાદ નથી.આશ્રમમાં મહિલાઓમાં ભારતીબેનનું પણ ગ્રુપ હતુ અને બીજી મહિલાનું પણ ગ્રુપ હતુ. (૭)...આશ્રમમાંથી અમો મારા પિતાજીના કહેવાથી બહાર રહેવા માટે ગયેલા કારણ કે અમોને આશ્રમમાં ગમતુ નહોતુ કારણ કે અમો આશ્રમમાં ઘણા વર્ષો રહેલા.કોઈ ખાસ ઘટના બની હોય તેના કારણે આશ્રમ છોડેલ હોય તેવુ બનેલ નથી. આશ્રમમાં કોઈ અઘટીત બનાવ બનેલ હોય તેવુ મને યાદ નથી.પોલીસે બનાવ સંબધીત મારુ નીવેદન લીધેલુ.પોલીસે મારુ નીવેદન આશ્રમમાં થતી પ્રવૃતિઓ સંબધે મને જે જાણકારી હોય તે અંગે નીવેદન લીધેલુ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮)...મે તા.૪–૧૨–૧૩ના રોજના પોલીસને જે નિવેદન લખાવેલુ કે,

સવાલ– '' આશારામના મોટેરા આશ્રમ ખાતે આશ્રમ તરફથી મહિલા આશ્રમમાં રહેતી છોકરીઓ પાસેથી જમવા તથા રહેવાના તથા લાઈટબીલના રુપિયા તેમના માતા પિતા પાસેથી મંગાવવામાં આવતા હતા અને ગુરુપૂર્ણિમાંમાં દક્ષીણા તેમના માતા પિતા પાસેથી લેવામાં આવતા હતા અને જો કોઈ છોકરી આશ્રમ વિરુધ્ધમાં બોલે તો તેને બદનામ કરવામાં આવતી હતી અને બહારનું જમવાનું નહી,બહાર જવુ નહી, વિગેરે જેવા નિયમો પળાવવામાં આવતા હતા. ''

જવાબ–મે નીવેદનમાં તેમના માતા પિતા પાસે મંગાવવામાં આવતા હતા તેવુ લખાવેલુ નથી.તે સિવાયનું લખાવેલ છે.

સવાલ– '' ભારતી પોતે શીબીર હોય ત્યારે બીજી સાધિકાઓને કહેતી કે,તમારે એવી બહેનોને મારી પાસે મળવા લાવવાની કે જેમના કાનમાં અને હાથમાં સોનુ પહેરેલ હોય અને હીરાના દાગીના પહેરેલ હોય તેને મુલાકાત આપવી જેથી તેમની અમીરીનો લાભ લઈ શકાય. ''

જવાબ– આવુ મે લખાવેલ નથી.

સવાલ– '' અને સને.૨૦૦૭ની આસપાસ અમોએ મારા પિતાના કહેવાથી પરીવાર સાથે આશ્રમ છોડી દિધેલ અને અમારા પરીવાર સાથે આશ્રમ બહાર રહેવા ગયા હતા બાદ આશારામ આશ્રમમાં દિપેશ અને અભીષેકના અપમૃત્યુનો બનાવ બનેલ અને અમોને આશ્રમમાં રહેતા હતા તે દરમ્યાન વાતો થતી હતી કે,આશારામ આશ્રમમાં ખરાબ કાર્યો થાય છે.''

જવાબ– મે પોલીસને માત્ર જે હકીકતો સાંભળેલી તેના અનુસંધાને ઉપરોકત હકીકત જણાવેલી.હું જાણુ છું તે રીતે જણાવેલી નહી.

સવાલ– ''આશારામ બાપુની ખાસ સેવિકા તરીકે ઢેલ અને બગલો હંમેશા તેની

સાથે રહેતી હતી અને મંલંગોનું ગ્રુપ ઢેલ અને બગલો ચલાવતી હતી.મંલંગ ગ્રુપ એટલે કે સીંધી સ્ત્રીઓનું ગ્રુપ જેમાં આશારામની નજીક હોય તેવી સ્ત્રીઓ અને છોકરીઓ રહેતી હતી અને આ મંલંગ ગ્રુપની સેવિકાઓ આશારામને છોકરીઓ સપ્લાય કરતા હતા આશારામ પોતે ઢેલ અને બગલો નામની સેવિકા સાથે શારીરીક સંબઘ રાખતા હતા. ''

જવાબ– મે પોલીસને ઉપરોકત હકીકત જણાવેલ નથી પરંતુ બગલો અને ઢેલ ખાસ સેવિકા હતી તેવુ પોલીસને મે જણાવેલુ અને મંલંગ ગ્રુપ એટલે સીંઘીઓનું ગ્રુપ તે સિવાયની કોઈ હકીકત મે પોલીસને લખાવેલ નથી.

સવાલ– ''ભારતી પોતે પણ તેના પિતાને છોકરીઓ પહોચાડવાની કામગીરી કરતી હતી.''

જવાબ– મે પોલીસ જવાબમાં ઉપરોકત હકીકત જણાવેલ નથી.

સવાલ– ''આશારામના સંતસંગ દરમ્યાાન જે છોકરી પંસદ પડે તેને આ મંલંગ ગ્રુપની સેવિકાઓ આશારામની સુચના મુજબ મહિલા આશ્રમમાં અનુષ્ઠાન માટે ૧૧ દિવસ કે ૨૧ દિવસ બોલાવતા હતા અને જે છોકરી પંસદ હોય તેને અલગથી અનુષ્ઠાન માટે કહેતા અને જયારે અનુષ્ઠાન માટે આવે ત્યારે તે છોકરીને મહિલા આશ્રમની સંચાલીકા ઘુંવબેન વઘુ અનુષ્ઠાન માટે ફરી આવજો તેમ કહેતા અને આશારામ બાપુ પાસે અનુષ્ઠાન કરવાથી ઈશ્વરની પ્રાપ્તિ થશે તેમ કહી છોકરીઓને આશ્રમમાં સમર્પીત કરવા તૈયાર કરતા અનુષ્ઠાનના બહાને આશારામ છોકરીઓ સાથે દુષ્કર્મ કરતો તેવુ અમે જયારે આશારામ આશ્રમમાં રહેતા હતા ત્યારે વાતો થતી હતી અને જાણવા મળેલ હતુ.''

જવાબ– મે ઉપરોકત હકીકત પોલીસ જવાબમાં લખાવેલી નથી. સાહેદ જણાવે છે કે, અનુષ્ઠાન માટે છોકરીઓ આવતી અને તેને શું સુચનાઓ આપવામાં

આવતી તેની મને ખબર નથી.

સવાલ– ''આશારામ આશ્રમમાં શાંતીકુટીર આવેલ છે જયા આશારામ મોટે ભાગે રહે છે તેમજ શાંતી વાટીકા ફાર્મ હાઉસ પણ આશ્રમની અંદર આવેલ છે શાંતી કુટીયામાં આશારામ બાપુ તમારા નસીબમાં પારબ્ધ ધોવાઈ જશે તેમ કહી સ્ત્રી સાધિકાઓને તથા વકતાઓને બોલાવતા હતા. ''

જવાબ– આશારામ બાપુ ઉપરોકત હકીકત તમામને કહેતા હતા તેવુ મે પોલીસને જણાવેલુ.

સવાલ– '' આશારામ આશ્રમમાં ચાલતા આયુર્વેદીક દવાખાનામાં ટીના નામની છોકરી કામ કરતી હતી અને હું પણ દવાખાનામાં મદદ કરતી હતી રવીવારે દવા પણ પેક કરવા જતી હતી એકવાર આશ્રમમાં એકયુપ્રેશરનો કેમ્પ થયેલ જેમાં તમામને એકયુપ્રેશરની સારવાર પધ્ધતી શીખવવામાં આવેલી જેમાં ટીના અને અમો એકયુપ્રેશર સારવાર શીખેલા ત્યારથી ટીનાનું નામ ટીના એકયુપ્રેશર પડેલ હતુ ટીના એકયુપ્રેશરનું કામ જાણતી હોય આશારામની સેવા કરવા જતી હતી અને તેમને એકયુપ્રેશરની સારવાર કરતી. ''

જવાબ–મે પોલીસને ટીના આશારામની સેવા કરવા જતી હતી અને તેમને એકયુપ્રેશરની સારવાર કરતી તેવુ લખાવેલ નથી અને તે સિવાયની હકીકત જણાવેલી છે.

સવાલ– '' આશારામના રસોઈયા તરીકે અખીલ નામનો સેવક જે મુઝફફરનગરનો હતો જે રસોઈયા તરીકે કામ કરતો હતો તેની પહેલા આશારામ બાપુના રસોઈયામાં લાલો હતો આશારામની રસોઈની જવાબદારી તે સંભાળતો હતો અને આશારામ બાપુ પ્રવાસમાં જાય ત્યારે જોડે રહેતો હતો અને તે શાંતીકુટીયાની આજુબાજુમાં રશહેતો હતો અને સંત્સંગમાં જે કાંઈ નાણા આવે તે વર્ષા કે અન્ય કોઈ વકતા અખીલને આપતા અને અખીલ આ નાણા

કેશીયર વાણીભાઈને આપતો હતો અને જયારે આશારામ બાપુ ટુરમાં હોય ત્યારે ફોનથી જાણ કરી વકતાઓ હિસાબ આપતા હતા.. ''

જવાબ–મે ઉપરોકત હકીકત પોલીસ જવાબમાં લખાવેલી જે મે સાંભળેલુ.

સવાલ– ''આશારામની દિકરી ભારતી મહિલા આશ્રમમાં પોતાનું ગ્રુપ બનાવી ફરતી હતી અને તેને પટટ્રો કહેતા હતા આ નામ આશારામે આપેલ હતુ તે નામ આપવા પાછળ પટટ્રાચાર્ય નામના બૌધ્ધ ધર્મમાં અનુયાયી હતા તેઓએ બૌધ્ધ ધર્મમાં અલગ પંથ બનાવેલો હતો અને આશારામને શંકા હતી કે ભારતી તેનાથી કોઈ અલગ પંથ ન બનાવે તે માટે તેને પટટ્રો કહીને બોલાવતા હતા અને આશારામે ભારતી કોઈ બળવો ન પોકારે તેનો ડર હતો. ''

જવાબ– મે માત્ર ભારતીને પટટ્રો કહેતા હતા તેટલુ જ લખાવેલુ.

સવાલ– ''દુષ્કર્મની વાત ગુપ્ત રાખતા હતા અને જો જાહેરાત થાય તો દરેક છોકરીઓના ગ્રુપના અંદરો અંદર વાત કરતા અને તારા ઉપર બાપુની કૃપા થઈ છે અને કુંડલી શકિત જાગ્રૃત થઈ છે તેમ કહીને ગુપ્ત રાખતા હતા અને જો કોઈ દુષ્કર્મ થાય તો તેને દુષ્કર્મ ગણતા નહી અને તેને સાધના ગણતા હતા અને શીબીરમાં કોડવર્ડમાં અંદરો અંદર સમજી લેતા હતા. ''

જવાબ– મે ઉપરોકત હકીકત પોલીસ સમક્ષ લખાવેલ નથી.

(૯)...હું આરોપીઓને ઓળખુ છું તે પૈકી આરોપી નં.૧ અને ૩ સિવાયના આરોપીઓ હાજર છે.

**(૫૭.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૦)...આશ્રમમાં આવતા સાધક સાધિકાઓ તથા અન્ય કોઈ વ્યકિતઓ આવતા હતા જે ધાર્મીક પ્રવૃતિ તથા સંત્સંગ,આત્મકલ્યાણ અને આત્મઉન્ન્તી

માટે આવતા હતા કે કેમ તે હુ કહી શકુ નહી.એ વાત ખરી છે કે,અમારુ કુટુબ સમગ્ર આશ્રમમાં સેવા માટે અને સંત્સંગ અને આત્મઉન્ન્તી માટે રહેલા.એ વાત ખરી છે કે,અમો જયારે આશ્રમમાં આવ્યા ત્યારે હું અને મારો ભાઈ બાળપણની ઉંમરના હતા.એ વાત ખરી છે કે,હું અને મારા ભાઈ પુખ્તવયના થતા કમાવવા માટે આશ્રમ છોડેલો.એ વાત ખરી છે કે,આશ્રમમાંથી નીકળ્યાબાદ મારા ભાઈએ વેપાર શરુ કરેલો અને લગ્ન કરેલા.એ વાત ખરી છે કે,અમો આશ્રમમાં રહયા તે દરમ્યાન અમો અમારી રીતે ધાર્મીક પ્રવૃતિ અને જપ,અનુષ્ઠાન વિગેરે કરતા હતા.એ વાત ખરી છે કે,આશ્રમમાં રહેનાર વ્યીકતઓ માટે નિયમો હતા.એ વાત ખરી છે કે,આશ્રમના નિયમોનું ચુસ્તપણે પાલન કરવુ તમામ સાધક અને સાધિકા માટે ફરજીયાત હતુ.એ વાત ખરી છે કે,સવારે સાડા પાંચ વાગ્યાનો સંદયા કાર્યક્રમ મારા પિતાજી ભાઈઓના આશ્રમમાં સંભાળતા હતા.એ વાત ખરી છે કે,આશ્રમ તરફથી કોઈ વ્યકિતને તામશી ખોરાક જેવા કે,લશણ,ડુંગળી,વધારે મરચુ ખોરાક માં આપવામાં આવતા નહી.હું એ હકીકત સંબધે કહી શકુ નહી કે,તામશી ખોરાકથી એસીડીટી અને અનુષ્ઠાન વિગેરેના કામમાં અડચણ ઉભી થાય.એ વાત ખરી છે કે,આશ્રમના નીયમોનો ભંગ થાય તો ઠપકો આપવામાં આવતો હતો.(૧૧ )...આશ્રમમાં જો કોઈ વ્યકિત નિયમોનો ભંગ કરે તો ઠપકો આપવામાં આવતો અને અપમાનીત કરવામાં આવતો.સાહેદ જણાવે છે કે,જાહેરમાં ઉતારી પાડવામાં આવતા નહી.આશ્રમમાં ઠપકો આપવાથી બીજા લોકોને પણ તેની જાણ થાય તે હેતુથી આપવામાં આવતો તે અંગે હું કાંઈ કહી શકુ નહી.એ વાત ખરી છે કે,આક્ષેપો અંગે મે કાંઈ જણાવેલ નથી.એ વાત ખરી છે કે,આક્ષેપો અંગેની હકીકત મે પોલીસને જણાવેલી નહી.એ વાત ખરી છે કે,આક્ષેપો અંગેની મને કોઈ જાત માહિતી નથી.(૧૨)...એ વાત ખરી છે કે,સંત્સંગમાં એવો ઉપદેશ આપવામાં આવતો હતો કે,અનુષ્ઠાન અને જાપ કરવાથી કુંડલીની શકિત જાગૃત થાય અને પ્ર

ારબ્ધ કપાય.એ વાત ખરી છે કે,કુટીયા આશ્રમમાં જ હતી.એ વાત ખરી છે કે,મહિલા અને પુરુષ વકતાઓ બંને આશ્રમમાં હતા.એ વાત ખરી છે કે,સ્ત્રી સાધિકા અને પુરુષ સાધકો પણ આશ્રમમાં હતા.હું એ હકીકત જાણતી નથી કે,વકતાઓ ને બહાર મોકલવાની સુચના આપવા કુટીયામાં બોલાવવામાં આવતા હતા.(૧૩)...હું એ હકીકત જાણતી નથી કે,સાધક અને સાધિકાઓના માતા પિતા ગુરુપુર્ણિમાના દિવસે જે ભેટ-સોગાદ કે દક્ષીણા આપતા તે તેમની ઈચ્છા મુજબ આપતા હતા.મને એ હકીકત યાદ નથી કે,મારી હાજરીમાં કોઈ સાધક સાધિકા વિરુધ્ધ આક્ષેપ કરવામાં આવેલ હોય.એ વાત ખરી છે કે,મે આવી આક્ષેપોવાળી હકીકત મે પોલીસને જણાવેલી નહી.એ વાત ખરી છે કે,મારે મહિલા આશ્રમ સાથે કોઈ લેવા દેવા નહોતી.એ વાત ખરી છે કે,ઢેલ અને બગલો આશ્રમમાં રહેતી નહોતી.એ વાત ખરી નથી કે,પોલીસે મારા અને મારા ભાઈ અને મારા પિતા અને ભાભીના નીવેદનો એકજ દિવસે લીધેલા.

**(૫૭.૨)** આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં તેમના માતા - પિતા અને ભાઈ સાથે રહેતી હોવાની તેમજ આરોપીના આશ્રમમાં ચાલતી પ્રવૃતિઓ વિશે જુબાની આપેલ છે. તે સિવાય સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**(૫૮)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૫ તરીકે અરવિંદભાઈ છોટાભાઈ પટેલનાઓને આંક -૨૪૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં તેઓ સને.૧૯૯૨-૧૯૯૩ની સાલમાં મોટેરા આશ્રમ ખાતે અમદાવાદ ખાતે રહેવા આવેલા અને સને.૨૦૦૭ની સાલ સુધી રહેલા.તેઓ સમગ્ર પરીવાર સાથે આશ્રમમાં રહેતા હતા.તેઓએ મહીલા આશ્રમની બહાર પોતાનું મકાન

બનાવીને રહેતા હતા.તઓ માનદ સેવા આપવા માટે સમર્પીત થયેલ હતા.તેમને પી.આર.ઓ તરીકે કામગીરી કરવાની હતી.તે સિવાય તેમને જો કોઈ સેવા આપે તો કરવાની હતી.મહિલા આશ્રમનુ સંચાલન ધ્રૂવબેન કરતા હતા.આશ્રમના ઘણા બધા સંચાલકો રામભાઈ,કૌશીક વાણી,કૌશીક પટેલ,વિગેરે હતા.તેઓ રહેવા આવ્યા ત્યારે બાપુ શાંતી કુટીયા એક જ રહેઠાણ હતુ તેમાં રહેતા હતા.મહિલા આશ્રમમાં મુખ્ય સેવીકાઓ કોણ હતી તે હું કહી શકુ નહી.મહિલા આશ્રમમાં જે મહિલાઓ આવતી હતી તેમાં અનુષ્ઠાન કરવા આવનાર માટે કોઈ ચોકકસ પધ્ધતી નહોતી પરંતુ અનુષ્ઠાન એ જ પધ્ધતી હતી.અનુષ્ઠાન માટે પંસદ કરવાની કોઈ પધ્ધઘતી નહોતી.જે મહિલાઓને અનુષ્ઠાન માટે આવતી તેવો સેવા પણ કરતી હતી.આશ્રમમાં ચાલતી વિવીધ પ્રવૃતિઓમાં મહિલાઓ સેવા આપતી.આશ્રમમાં જે કાયમી સમર્પીત સાધિકાઓ હતી તેમને રહેવા માટે રહેઠાણની વ્યવસ્થા હતી અને જે અનુષ્ઠાન કરવા માટે આવે તેમને પણ મહિલા આશ્રમમાં રાખવામાં આવતી અને બીજી વ્યવસ્થા ત્યા જ કરવામાં આવતી.સમર્પીત મહિલા સાધિકાઓ પાસેથી કોઈ ખર્ચ વસુલ કરવામાં આવતો કે કેમ તે મને ખબર નથી.મેઈન આશ્રમમાં દવાખાનું પણ ચાલતુ.દવાખાનામાં મહિલાની જરુર હોય ત્યા મહિલાઓ સેવા કરે અને જયા પુરુષોની સેવાની જરુર હોય ત્યા પુરુષો સેવા કરે.મહિલાઓ જે સેવા કરતી તેના નામ મને ખબર નથી.મારી દિકરી પણ દવાખાનામાં સેવા આપતી હતી.હું એ હકીકત જાણતો નથી કે, બાપુને દવાની કોઈ જરુરત હોય તો મહિલા સાધિકાઓ જે દવાખાનામાં સેવા આપતી હોય તે બાપુ પાસે જતી કે કેમ.બાપુના ભોજનની વ્યવસ્થા તેઓ જયા રહેતા હતા ત્યા જ કરવામાં આવતી અને ભોજન બનાવવામાં આવતુ.બાપુની રસોઈ ભાઈઓ બનાવતા હતા.મને બાપુના કોઈ રસોઈયાના નામ યાદ નથી.બાપુને જે કોઈ ભેટ–સોગાદો આપવામાં

આવે તે બાપુ સંચાલકોને સોપી આપતા.પોલીસે મારુ નીવેદન નોધેલુ.જે શીતલબેન નામની સાધિકાના અનુસંધાને નોધેલુ.

(૫૮.૧) સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે (૪)...એ વાત ખરી છે કે,હું આણંદ જીલ્લાનો વતની છું અને મારી જમીનો આણંદ ખાતે આવેલ છે.એ વાત ખરી નથી કે,હું આશ્રમમાં સમર્પીત થયો અને આશ્રમના અડધા ઉપરાંતની જમીન મારા નામે લેવામાં આવેલી.મે આશ્રમમાં જે મકાન બનાવેલ તે જમીન આશ્રમે મને આપેલી.મારા જેવા ૪ થી ૫ સંચાલકો આશ્રમમાં હતા.અમો તમામ માનદ સેવાઓ આપતા હતા.એ વાત ખરી છે કે,મારા સિવાયના સંચાલકોને મકાનો ફાળવવામાં આવેલ નહી કે જમીન આપવામાં આવેલી નહી.સાહેદ જણાવે છે કે,તેઓ આશ્રમની કુટીયાઓ બનાવેલી હતી તેમાં રહેતા હતા.એ વાત ખરી છે કે,આશ્રમની આજુબાજુની જમીનો સંબધે વિવાદો થયેલા અને તેના કેસ ચાલતા હતા.એ વાત ખરી છે કે,તે અંગેના કેસમાં મારે કોર્ટમાં જવુ પડતુ હતુ. એ વાત ખરી છે કે,મારે આશ્રમની દેખરેખ માટે અવાર નવાર ૧૨ થી ૧૮ કલાક સુધી સેવા આપવાની આવતી હતી.મારી પાસે માત્ર જમીનોનું સંચાલન હતુ નાણાનું સંચાલન નહોતુ.હું એ હકીકત જાણતો નથી કે, મહિલા આશ્રમમાં બે પ્રકારની મહિલાઓને રાખવામાં આવતી જેમાં એક સંપૂર્ણ સમર્પીત હોય અને બીજા અનુષ્ઠાન માટે આવતી મહિલા.એ વાત ખરી નથી કે,આશ્રમમાં જો કોઈ ગંભીર બીમાર પડે તો મારે આજુબાજુની હોસ્પીટલમાં દર્દીને લઈ જવાની જવાબદારી રહેતી હતી.એ વાત ખરી છે કે,બાપુ જયારે સંત્સંગ માટે હોલમાં હોય ત્યારે મારી કોઈ વિશેષ જવાબદારી રહેતી નહી.એ વાત ખરી છે કે,મારે માત્ર સંત્સંગમાં હાજર

આપવાની રહેતી હતી.એ વાત ખરી છે કે,મારે કોઈ ગૌશાળા અંગેની કોઈ જવાબદારી નહોતી.એ વાત ખરી છે કે,મારી કોઈ ચુર્ણ કે દવા બનાવવાની જવાબદારી સોપવામાં આવેલ નહોતી.એ વાત ખરી છે કે,અચાશ્રમમાંથી કોઈ પ્ર કાશતી થતા પ્રકાશનો અંગેની જવાબદારી મારી નહોતી.એ વાત ખરી છે કે,રસોડાની જવાબદારી પણ મારી નહોતી.એ વાત ખરી છે કે,બાપુનો અંગત સ ટાફ હતો.એ વાત ખરી છે કે,બાપુના કોઈ અંગત સ્ટાફ સાથે મારે કોઈ પરીચય નહોતો.મારે સંચાલકો સાથે પરીચય હતો.મારે સંચાલન માટે સંચાલકો સાથે દિવસમાં કેટલી વાર મળવુ પડતુ હતુ તે હુ કહી શકુ નહી અને મહીનામાં કેટલી વખત સંચાલકોને મળવુ પડતુ હતુ તે બકહી શકુ નહી.તે જ રીતે વર્ષમાં કેટલી વખત સંચાલકોને મળવુ પડતુ હતુ તે બકહી શકુ નહી.સાહેદ જણાવે છે કે, જરુરીયાત પડે ત્યારે સંચાલકોને મળવુ પડે.સંચાલકો સાથે આશ્રમની વિવીધ પ્ર વૃતિઓ અંગે મળવુ પડે.હવે હું કહુ છું કે,સંચાલક તરીકે મારો અભીપ્રાય લેવા મને અન્ય સંચાલકો બોલાવતા હતા.જયા જરુર પડે ત્યા નીષ્ણાત તરીકે હું અભીપ્ર ાય આપતો હતો.હું જમીનોના કામમાં નીષ્ણાત છું.હું બીજી કોઈ પ્રવૃતિમાં નીષ્ણાત નથી.એ વાત ખરી નથી કે ,હું માત્ર જમીનોના માટે જ આશારામ બાપુના આશ્રમમાં સમર્પીત થયેલો.એ વાત ખરી છે કે,મે સંત્સંગ કે કોઈ શીબીરનું સંચાલન કરેલ નથી.(૫)...એ વાત ખરી છે કે મેં મારી પોલીસ રૂબરૂના નીવેદનમાં એવી હકીકત લખાવી છે કે ''આશારામબાપુ એ અમોને શીબીરો તથા સંત્સંગનું સંચાલન કરવુ તેમજ સરકારી કોઈ કોર્ટની કાર્યવાહી હોય તેમજ આશારામ બાપુને આશ્રમ માટે જમીન લેવાની હોય તેનું કામકાજ તેમજ અન્ય જમીન અંગેનું કામકાજ હોય તો માર્ગદર્શન આપવાનું હોય વિગેરે કામકાજ કરતા હતા.(૬)...એ વાત ખરી નથી કે,હું સંચાલક તરીકે મહીલા આશ્રમની બાજુમાં રહેતો હોય તમામ પ્રવૃતિઓ ઉપર મારી ચાંપતી નજર રહેતી.કોઈ વકતાની

નીમણૂક કરવાની હોય તો એકાએક ન થાય હું તે અંગે કાંઈ કહી શકુ નહી તેવુ સાહેદ જણાવે છે.વકતાની કામગીરી ભકતો સામે પ્રવચન કરવાની હોય છે.વકતા પાંચ પંદર સંત્સંગીઓ સામે અને પાંચસો હજાર સામે પણ વંકતવ્ય આપવાનું હોય.વકતા અંગે કોઈ ટ્રેઈનીંગ આપવામાં આવે કે કેમ તે અંગે મારી પાસે કોઈ માહિતી નથી.મે મારા આશ્રમ સમય દરમ્યાન સંતસંગમાં બે ચાર વકતાઓને સાંભળેલા.મે પુરુષ વકતાઓને સાંભળેલા.મે મહિલા વકતાઓને મે સાંભળેલા નથી.મે ભારતીબેનને પણ સાંભળેલા નથી. તેજ રીતે મે લક્ષ્મીમૈયાને પણ સાંભળેલા નથી.એ વાત ખરી છે કે,મારે જમીનો સિવાયની બીજી કોઈ પ્રવૃતિઓ અંગેની માહિતી મારી પાસે નથી.એ વાત ખરી છે કે,મહિલા સાધક કાયમી અને અનુષ્ઠાન કરનારની માહિતી પણ મારી પાસે નથી.એ વાત ખરી છે કે,આશ્રમમાં મહિલા મુખ્ય સેવીકાઓ કોણ છે તેની માહિતી નથી.(૭)...એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવી હકીકત જણાવેલ કે, ''અમદાવાદ ખાતેના મોટેરા આશારામ આશ્રમમાં બાપુ સંતસંગ કરતા ત્યારે ઢેલ અને બગલો નામની સેવિકાઓ તેમની સાથે રહેતી તેમના અસલ નામની મને ખબર નથી પરંતુ હું તેમને સારી રીતે ઓળખુ છું. '' એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવી હકીકત જણાવેલ કે, ''મહિલાઓને આશ્રમમાં અનુષ્ઠાન કરાવવામાં આવતુ .....મહિલા આશ્રમમાં રાખવામાં આવતી. ''(૮)...હું એ હકીકત જાણતો નથી કે, મહિલા આશ્રમમાં આવતી મહિલાઓ અનુષ્ઠાન કરવા માટે આવતી નહી.એ વાત ખરી છે કે,મહિલા આશ્રમની મહિલાઓને માત્ર ચુર્ણ બનાવવા માટે આવતી તેવુ નહોતુ.એ વાત ખરી નથી કે,તે બદલ તેમને વેતન પણ આપવામાં આવતુ હતુ.એ વાત ખરી નથી કે,મહિલા આશ્રમની મહિલાઓ ધાર્મીક પ્રવૃતિ કરવા માટે આવતી નહોતી.એ વાત ખરી છે કે,મહિલા આશ્રમની મહિલાઓ સંતસંગ કરવા માટે આવતી

હતી.(૯)...ચુર્ણ બનાવવાની પ્રવૃતિ એ ધાર્મીક પ્રવૃતિ ગણાય.એ વાત ખરી છે કે,અનુષ્ઠાન અને સંતસંગ ધાર્મીક પ્રવૃતિ ગણાય.એ હીકત હું જાણતો નથી કે,મહિલા આશ્રમની મહિલાઓ અલગ અલગ રહેતી.મારી પાસે એ માહિતી પણ નથી કે,મહિલાઓ પાસેથી આશ્રમમાં રહેવા અને ખાવા પીવા માટે ખર્ચ લેવામાં આવતો હતો કે કેમ.(૧૦)...મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, ''મહિલા આશ્રમમાં જે છોકરીઓ સમર્પીત થયેલ હોય તે ત્યાજ રહેતી હતી અને બહારથી સેવા કરવા માટે તથા અનુષ્ઠાન માટે આવતી છોકરીઓનો અલગ રહેવાની વ્યવસ્થા હતી.સમર્પીત થયેલ છોકરીઓ ત્યા કાયમી રહેતી હતી રહેવા અને જમવાના નાણા તેમના વાલી પાસેથી લેવામાં આવતા હતા. (૧૧)...મહિલા આશ્રમની કોઈ ચોકીદાર નહોતી.શાંતીકુટીયા મેઈન આશ્રમમાં આવેલી છે અને શાંતીકુટીર કયા આવેલી છે તેની મને માહિતી નથી.શાંતીવાટીકા મેઈન આશ્રમથી જ એક કી.મી દુર આવેલ છે.આશારામ બાપુ બંને જગ્યાએ રહેતા હતા.શાંતીવાટીકામાં બાપુ સાથે તેમના રસોઈયા અને સીકયોરીટીવાળા રહેતા હતા.આશ્રમના ખર્ચ અને આવકનો હિસાબ આશારામ બાપુને કૌશીકભાઈ વાણી આપતા હતા.સદરહું વ્યકિત બાપુ સાથે સતત સંપર્કમાં રહેતી હતી કે કેમ તે હું કહી શકુ નહી.મે એવી કોઈ ઘટતા વિષે સાંભળેલ નથી કે, જેમાં કોઈ મહિલાને ગર્ભપાત કરાવવા માટે બહાર લઈ જવા પડયા હોય.મે એવી હકીકત પણ સાંભળેલી નહી કે,કોઈ મહિલા ઉપર દુષ્કર્મ થયેલ હોય.પોલીસે મને આશ્રમમાં કોઈ બીના ઘટેલી હોય જેવી કોઈ હકીકત જણાવેલી નહી.મે પણ પોલીસને કોઈ બીના અંગેની માહિતી આપેલી નહી.મે શીતલબેનના બનાવ વિશે મે નીવેદન આપેલુ.(૧૨)...મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવી હકીકત જણાવેલી નથી કે, ''૧૫ વર્ષ પહેલા ।આશારામના આશ્રમમાં ......છતા સહકાર આપતા હતા. ''એ વાત ખરી છે કે,હું આજે પણ આશારામ

બાપુનો સાધક છું.એ વાત ખરી નથી કે,આજે પણ આશારામબાપુના આશ્રમની ઘણી જમીનો મારા નામે બોલતી હોય અને તેમને બચાવવા ખોટી જુબાની આપુ છું.

(૫૮.૨) સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૩)...હું આશ્રમમાં રહયો તે સમય દરમ્યાન આશ્રમમાં કેટલા સાધકો અને કેટલી સાધિકાઓ હતા તે હું કહી શકુ નહી.તેમજ હું આશ્રમમાંથી બહાર રહેવા માટે ગયો ત્યારે પણ કેટલા સાધકો અને સાધિકાઓ હતી તે હું કહી શકુ નહી.એ વાત ખરી છે કે, બાપુના આશ્રમમાં હજારોની સંખ્યામાં પુરુષ અને મહિલા સાધકો હતા.એ વાત ખરી છે કે,આશ્રમમાં ઘણા જુદાજુદા વિભાગો હતા.એ વાત ખરી છે કે,દરેક વિભાગનું સંચાલન અલગ અલગ વ્યકિત કરતી હતી.એ વાત ખરી છે કે,એક વિભાગના સંચાલકે બીજા કોઈ વિભાગના સંચાલનમાં હસ્તક્ષેપ કરવાનો રહેતો નહોતો.એ વાત ખરી છે કે,કોઈ ટેકનીકલ મુદૃો ઉભો થાયતો મારા જેવા સંચાલકને બોલાવવામાં આવતા હતા.એ વાત ખરી છે કે,વહીવટી બાબતે મારે માથુ મારવાનુ રહેતુ ન હતુ.એ વાત ખરી છે કે,આશ્રમમાં આવતા અને રહેતા મહિલા સાધકો કે પુરુષ સાધકો પાસેથી રહેવા ખાવા પીવાના કોઈ ચાર્જ લેવામાં આવતા કે કેમ તે અંગે મને કોઈ માહિતી ન હોય.એ વાત ખરી છે કે,બાપુ દરેક સંતસંગમા લોકોએ સત્ય બોલવુ જોઈએ તેવો ઉપદેશ આપતા હતા.એ વાત ખરી છે કે,મે સત્ય બોલવાનો સીધ્ધાત સ્વીકારેલ છે.એ વાત ખરી છે કે,મે આજે સત્યના સોગંદ ઉપર સાચી જુબાની આપેલ છે.(૧૪)...એ વાત ખરી છે કે,મારા આશ્રમનીવાસ્થાન દરમ્યાન મે કોઈ ગેરરીતી કે દુષ્કૃત્ય અંગેની કોઈ હકીકત જાણેલ નથી કે જોએલ નથી કે સાંભળેલ નથી.એ વાત ખરી છે કે,હાલમાં પણ હું આશ્રમની નજીકમાં રહુ છું.એ વાત ખરી છે

કે,બાપુએ સંતસંગમાં જે ઉપદેશ આપેલા તે ઉપદેશો આજે પણ મારી જીંદગીમાં પાલન કરુ છું.એ વાત ખરી છે કે,હું જયા સુધી બાપુના આશ્રમમાં રહયો ત્યા સુધી વાતાવરળ શુધ્ધ અને પવિત્ર હતુ.સાહેદ જણાવે છે કે,હાલમાં પણ આશ્રમનું વાતાવરણ શુધ્ધ અને પવિત્ર હશે.(૧૫)...એ વાત ખરી છે કે,મે મારા નીવેદનમાં જે હકીકત વાંચી સંભળાવવામાં આવી તેવી કોઈ હકીકત મારા રહેઠાણ દરમ્યાન બનેલી નથી કે,મે પોલીસને જણાવેલી નથી.એ વાત ખરી છે કે,હું આશ્રમમાં સમર્પીત થતા બાપુએ મને રહેવા માટે મારી વિનંતીથી બાપુએ મને જમીન આપેલી.હું સતીષ વાઘવાણી નામના કોઈ માણસને ઓળખતો નથી.એ વાત ખરી છે કે,સતીષ વાઘવાણી નામનો વ્યકિત મારા સમય દરમ્યાન આશ્રમમાં હતો તેવુ બનેલ નથી.મને એ હકીકત યાદ નથી કે,અજય ભીમાણીનો વ્યકિત બાપુની સીકયોરીટીમાં હતો કે કેમ.(૧૬)...એ વાત ખરી છે કે,આશ્રમની વ્યાસપીઠની પાછળ બાપુની જે જગ્યા હતી તે બાપુની કુટીયા તરીકે ઓળખાતી હતી.બાપુની અમદાવાદ ખાતે આશ્રમમાં આવેલી કુટીયા સિવાય અન્ય કોઈ કુટીયા હતી નહી.એ વાત ખરી નથી કે,પોલીસે મારુ,મારીપત્ની અને મારા પુત્ર અને દિકરીનું નીવેદન એકજ દિવસે લીધેલા.

**(૫૮.૩)** આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં તેમના પરિવાર સાથે રહેતા હોવાની તેમજ આરોપીના આશ્રમમાં ચાલતી પ્રવૃતિઓ વિશે જુબાની આપેલ છે.તે સિવાય સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને કોઈ ખાસ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**(૫૯)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૬ તરીકે રાજુભાઈ કિશનલાલ ચાંડકનાઓને આંક-૨૪૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે તે આશારામ

બાપુનો સમર્પિત શિષ્ય હતો. તે સને ૧૯૮૩ થી વર્ષ ૨૦૦૨ સુધી બાપુ સાથે સમર્પિત હતો અને આશ્રમમાં જ રહેતો હતો. તે સમયે તે પરણિત ન હતો અને એકલો જ રહેતો હતો. તે આશ્રમમાં એક બિલ્ડીંગ કોમ્પ્લેક્ષ બનેલ હતુ તેના પહેલા માળે રહેતો હતો. તેને આશ્રમમાં તેમના કાર્યક્રમમાં સંચાલનમાં તેમજ છેલ્લે ગૌશાળાના સંચાલક તરીકે સેવા આપતો હતો.તે આશારામ બાપુ સાથે અમદાવાદ કે અમદાવાદથી બહાર જયારે કાર્યક્રમો હોય ત્યારે તે કાર્યક્રમના સંચાલક તરીકે તેમની સાથે  કામગીરી કરતો હતો.તેને આશારામ બાપુ સાથેના સમયગાળા દરમ્યાન તેમની સાથે જ જે જગ્યાએ તેઓ જતા ત્યા કાર્યક્રમ હોય ત્યા જ રોકાવવાનુ થતુ હતુ. તેમને મોટેરા આશ્રમ ખાતે પણ સંચાલનની જવાબદારી કયારેક કયારેક આપવામાં આવતી હતી. તેમની સાથે આશ્રમમાં અન્ય લોકો પણ સંચાલનની કામગીરી સમર્પિત સેવક તરીકે સંભાળતા હતા અને આશ્રમમાં રહેતા હતા. જેવા કે રસીકભાઈ પટેલ, કશમીરીલાલ ગીરધર, દિનેશભાઈ કાનપરીયા ઉર્ફે ભાણાભાઈ અને મહીલા વ્યવસ્થાપકમાં નિર્મલાબેન, બગલો અને ઢેલ રહેતા હતા.આશ્રમમાં એક મહિલા આશ્રમ પણ આવેલ છે. મહીલા આશ્રમના સંચાલક તરીકે શરૂઆતમાં આશારામ બાપુના પત્ની હતા, પદમાબેન, ભારતીબેન, ધ્રુવબેન સંભાળતા હતા.  એક ગૌશાળા રાજસ્થાન ખાતે જયપુર થી ૮૦ કી.મી. દુર ટોકજીલ્લાના ગામ નીવાઈ ખાતે આવેલ છે. સદર ગૌશાળા ૫૦ વીઘા જમીનમાં આવેલ છે. જેમાં ૪૦૦૦ પશુઓ હતા. મારી સાથે મદદનીશ તરીકે એક ગજાનંદભાઈ વ્યવસ્થાપક તરીકે અને કેશીયર તરીકે રામસ્વરૂપ રહે.કીશનગઢ, જિ.અજમેરનાઓ હતા. ગૌશાળામાં ગૌમુત્ર અને છાણમાંથી ધુપ બનાવવામાં આવતુ હતુ. વર્ષમાં એક વખત આશારામ બાપુ ત્યા આવતા હતા. તેઓ અંદર એક કુટીયા બનાવેલી તેમાં રહેતા હતા. આશારામ બાપુ સાથે તેમનો રસોઈઓ, ડ્રાઈવર અને એક ગનમેન સાથે રહેતા હતા. ગૌશાળામાં આશારામ બાપુ

માટે એક અલગ રૂમ જેમાં સંડાસ બાથરૂમ એટેચ્ડ હતા અને એક રસોડુ પણ તેમાં હતુ. આશારામ બાપુની રસોઈ લાલભાઈ કરતા હતા. આશારામ બાપુ ગૌશાળમાં આવે ત્યારે મારે તેમને મળવાનુ થતુ હતુ. ગૌશાળામાં કોઈ બાંધકામ જેવી કાર્યવાહી માટે મારે આશારામ બાપુને મળવાનુ થતુ હતુ. હીસાબ બાબતે રામકીશનભાઈ હતા.આશારામ બાપુ ગૌશાળમાં આવેલા ત્યારે જે ઘટના બનેલી તે અંગે તેઓએ ત્રિવેદીપંચમાં સને ૨૦૦૯માં લખાવેલી છે. તેઓએ આશારામ બાપુને તેમની કુટીયામાં કોઈ સ્ત્રી સાથે કઢંગી હાલતમાં જોયેલા. જે સ્ત્રીને તેઓ ઓળખે પરંતુ તેમનુ નામ તે આપી શકે નહી તેમ જણાવેલ છે. વધુમાં આ ઘટના વિશે જે અન્ય કોઈને વાત કરેલી નહી પરંતુ ત્રિવેદીપંચ સમક્ષ લખાવેલ અને તે અંગેના સમાચાર સંદેશ સમાચારપત્રમાં પ્રસિધ્ધ થયેલા જેના કારણે તા.૫-૧૨-૦૯ના રોજ રાત્રે નવ વાગે મારા ઉપર ત્રણ ગોળીબાર કરવામાં આવેલા. જેની એફ.આઈ.આર. તેઓએ સાબરમતી પો.સ્ટે. ખાતે નોંધાવેલી. શાલ હોસ્પિટલ ખાતે મારા ઓપરેશન પહેલા નિવેદન પણ નોંધાવામાં આવેલ.ઉપરોકત ઘટના ઘટી તેની જાણકારી તેને થઈ ગયેલ છે તે અંગે બાપુને વહેમ જતા તેમને ગૌશાળામાં માર મારેલ અને ત્યારબાદ અમદાવાદ ખાતે તે આવેલ ત્યારે પણ તેને માર મારવામાં આવેલ જેથી હુ મારૂ મોઢુ ખોલુ નહી. ગૌશાળાની કુટીયા નવી બનાવેલી હતી તેની ફરતે સામાન્ય રીતે બાપુ દિવાલ કરાવતા પરંતુ તેની દિવાલ હજુ ઉભી થયેલી ન હતી અને કાપડથી ખાલી કોર્ડન કરવામાં આવેલ. અને હુ ત્યા જતા ઘટના જોયેલી. સદરહુ ઘટના મે સવારે ૯ થી ૧૦ વાગ્યાના સમયગાળામાં જોયેલી. આશારામ બાપુ પાસે સામાન્ય રીતે કોઈ પરવાનગી વિના જતા નહી પરંતુ સંચાલકો આશારામ બાપુની પરવાનગી વિના પણ સીધા તેમની પાસે કુટીયામાં જઈ શકતા. રસોઈયાને પુછીને જતા. પરંતુ તે દિવસે રસોઈઓ ત્યા હતો નહી.સદરહુ સ્ત્રી બહારથી આવેલ દર્શનાર્થી હતા

અને તેઓ એકલા જ આવેલા. ઉપરોકત ઘટના જુલાઈ માસમાં બનેલી અને મે ત્યારબાદ આશ્રમ એક મહીના પછી તેમના પિતાજી બિમાર હોઈ ઓગસ્ટમાં છોડી દીધેલ. તેઓ આશરે ૧૯ વર્ષ આશ્રમમાં રહેલા હોવાની હકીકત જણાવેલી છે.વધુમાં સદર સાહેદે આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર હોવાની હકીકત જણાવેલી છે. વધુમાં સદર સાહેદે વકતાઓ પૈકી પુરુષ વકતામાં સુરેશ, વાસુદેવાનંદ સ્ત્રી વકતાઓમાં વર્ષાબેન, તેમના દિકરી ભારતીબને, ધ્રુવબેન, ઉલ્લાસનગરના બે એક બહેનો હોવાની આશ્રમની અંદર બહેનો ચુરણબનાવવાનુ, મેગેઝીન પેક કરીને મોકલવાનુ, ગૌશાળામાં કામ કરવાનુ વિગેરે કામગીરીઓ કરતા. ઉપરોકત કામગીરી સમર્પિત સાધકોની કામગીરી હતી. મહીલાઓ ધ્વારા અનુષ્ઠા, મંત્રોચ્ચાર જેવી પ્રવૃત્તિઓ આંશીકરૂપે થતી હતી. મહીલા આશ્રમમાં રહેતી મહીલાઓને આશારામ બાપુને મળવાની છુટ રહેતી અને તેઓ જાતે મળી શકતા હતા. આ બહેનો તેમની કુટીયામાં, વ્યાસપીઠ પર તેમજ જાહેરમાં પણ વાત કરતા હતા. તેઓ એકલાપણ મળી શકતા હતા. અમુક મહિલા સાધકો કે જેઓ વ્યવસ્થાપક હોય અને મહિલા આશ્રમમાં સમર્પિત જુની શિષ્યાઓ હોય તે આશારામ બાપુને મળી શકતી હતી હોવાની હકીકત જણાવેલી છે. તેઓએ વધુમાં શરૂઆતમાં જયારે આશ્રમ બનાવેલો ન હતો ત્યારે ત્યા એક પતરાની કુટીર અને ભોયરુ હતુ ત્યા આશારામ બાપુ હતા. ત્યારબાદ ત્યાથી આશરે દોઢસો મી. દુર શાંતિકુટીયા બનાવેલી અને ત્યા બે ચાર રૂમો પણ બનાવેલી અને ત્યા આશારામ બાપુ રહેતા. ત્યારબાદ આશારામ બાપુએ આશ્રમથી ત્રણ થી ચાર કી.મી. દુર એક ફાર્મ હાઉસ બનાવેલુ ત્યા એક કુટીયા હતી તેમાં રહેતા હતા. આશ્રમની કુટીયા આશ્રમમાં અને બીજી કુટીયા ફાર્મહાઉસમાં હતી. છેલ્લા દસ વર્ષ એટલે કે વર્ષ ૧૯૯૫ થી દસ વર્ષ આશારામ બાપુ ફાર્મહાઉસમાં બનાવેલ કુટીયામાં રહેતા હતા. હુ આ ફાર્મહાઉસની કુટીયા પર

ઘણી વખત જતો હતો. મને ત્યા બોલાવવામાં પણ આવતો અને હુ જાતે પણ જતો હતો.સદરહુ ફાર્મ હાઉસમાં બહેનોને જવાની પણ પરવાનગી હતી. આશારામ બાપુ જે મહીલા સાધકને બોલાવેલ તે મહીલા સાધક ફાર્મહાઉસની કુટીયામાં જઈ શકતી હતી. તે ધ્રુવબેન, આશારામ બાપુની પત્ની, શીતલબેન નિવાસી પુના, આશારામ બાપુની દિકરી ભારતીબેન મારફતે જતી હતી. સદરહુ સ્ત્રી સાધીકાઓ જાય નહી તો તેમને ઉપરોકત બહેનો મારફતે સમજાવવામાં આવતી અને બાપુ તેમને અનુષ્ઠાન માટે બોલાવે છે તેવુ જણાવવામાં આવતુ. તેમને શું સમજાવવામાં આવતા તે હુ પર્સનલ કોન્ટેકટ ન હોઈ કહી શકુ નહી. પરંતુ સમજાવવામાં આવતા.ફાર્મહાઉસની અંદર આશારામ બાપુની કુટીયા, નાનો આશ્રમ અને બીજી રૂમો પણ બનાવવામાં આવેલી. આ બાંધકામનુ મુખ્ય કામ દિનેશભાઈ કાનપરીયા ઉર્ફે ભાણાભાઈ કરતા હતા. મહીલા આશ્રમમાં રહેનાર કે આવનાર વ્યકિત માટે અમુક ચોકકસ નિયમ હતા કે કેમ? તે હુ કહી શકુ નહી. મહીલા આશ્રમમાં સગીરવયની છોકરીઓને પણ રાખવામાં આવતી હતી. સદરહુ સગીર વયની છોકરીઓને એવુ શીખવાડવામાં આવતુ કે તમને ધ્યાન શીખવવામાં આવશે અને અનુષ્ઠાન શીખવવામાં આવશે. સગીરવયની છોકરી સાથે કયારેક તેમના માતા કે મોટા બહેનને પણ રાખવામાં આવતા.આશ્રમના એક સાધક નરેશભાઈ ત્રીવેદીએ મને વાત કરેલી કે આશારામ બાપુએ તેમને શાસ્ત્રમાં એવુ વંચાવેલુ કે, જો કોઈ મોટીઉંમરની વ્યકિત સગીરવયની છોકરી સાથે શારીરિક સંબંધ કરે તો તેનુ પુરુષત્વ અને આયુષ્ય બંને વધે.આશારામ બાપુનો લાલાભાઈ સિવાય બીજો પણ રસોઈઓ હતો જે મુજફ્ફરનગર, ઉત્તરપ્રદેશનો હતો અને તેનુ ખુન થઈ ગયેલ છે. તેનુ નામ મને હાલ યાદ નથી આવતુ. પરંતુ તે પણ રસોઈઓ હતો અને અન્ય રસોઈઆ પણ બદલાતા હતા. આશારામ બાપુના અંગત સ્ટાફના નામ મને હાલ યાદ આવતા નથી.(૧૯)...પોલીસે ચાંદખેડા પો.સ્ટે.માં ભોગબનનારે આશારામ

બાપુ સામે જે ફરિયાદ કરેલી તેના અનુસંધાને પોલીસે તેમનું નિવેદન બે વખત લીધેલ હોવાની તેમજ તે ફરિયાદી તથા વર્ષાબેનને તેમજ રસોઈયા અખીલ ગુપ્તાને ઓળખતા હોવાની હકીકત જણાવેલી છે. સદર સાહેદે વધુમાં .આ કામના આરોપી મીરાબેન જેઓ બંગલો તરીકે ઓળખાય છે અને આરોપી બીજા નીર્મલાબેન જેઓ ઢેલ તરીકે ઓળખાય છે તેઓ આ કામના ભોગબનનાર બહેનોનુ બ્રેઈનવોશ કરી આશારામના નિવાસે મોકલતા હતા. જે બહેનો આશારામ પાસે જવાની ના પાડતા તેના ફોટા પાડવામાં આવતા હતા અને એક રજીસ્ટરમાં તે ફોટા ચોટાડવામાં આવતા હતા તેવી હકીકત જણાવેલ છે.

(૫૯.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩૮)...એ વાત ખરી છે કે,મારા પિતાજી સને.૨૦૦૩માં ગુજરી ગયેલા.એ વાત ખરી નથી કે,અમદાવાદમાં ગૌશાળા છે.એ વાત ખરી છે કે,મહિલા આશ્રમનો વહીવટ આરોપી–ભારતીબેન સંભાળતા હતા તેવી હકીકત હું સૌપ્રથમવાર કોર્ટમાં જણાવુ છું.મને આજે યાદ નથી કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં સરતપાસના પેરા નં.૫માં જણાવેલી વિગતો લખાવેલ છે કે કેમ.મને આજે યાદ નથી કે,મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં ‘‘ જે સ્ત્રીને હું ઓળખુ પરંતુ તેમનુ નામ હું આપી શકુ નહી’’. તે વિગત લખાવેલી કે કેમ.એ વાત ખરી છે કે,તા.૧૦.૧૧.૨૦૧૩નું નીવેદન પો.ઈન્સ. ડી.બી.રવીચા એ લીધેલુ.એ વાત ખરી છે કે,તા.૨૭.૧૨.૨૦૧૩નું નીવેદન પણ પો.ઈન્સ. ડી.બી.રવીચાએ લીધેલુ.(૩૯)...આ વીડીયોગ્રાફી ચાંદખેડા પો.સ્ટેમાં કરવામાં આવેલી.તા.૧૦.૧૧.૧૩ નું સ્ટેટમેન્ટ કયા સમયે વીડીયોગ્રાફ કરેલ તે આજે યાદ નથી.તા.૨૭.૧૨.૨૦૧૩ નું સ્ટેટમેન્ટ કયા સમયે વીડીયોગ્રાફ કરેલ તે સમય પણ આજે યાદ નથી.એ વાત ખરી છે કે,આ

સીડીમાં મને સવાલ પુછનાર વ્યકિત તરીકે પુરુષ અધિકારીનો અવાજ છે.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,પુરુષ અધિકારી પુછતા હતા અને રવીયા મેડમ ત્યા હાજર હતા.એ વાત ખરી છે કે,આ સીડીમાં સવાલ પુછનાર અધિકારી તથા રવીયા મેડમનો ફોટો જોવાતો નથી.એ વાત ખરી છે કે, આ વીડીયોગ્રાફી દરમ્યાન જયપુર આશ્રમમાં આશારામ સાથેની સ્ત્રીને તમે જોએલા અને ઓળખો છો તેવુ પુછવાામાં આવતા મે જણાવેલ કે, મે તેમને જોએલા નહી અને ઓળખતો નથી.એ વાત ખરી છે કે,આ સવાલ પછી અધિકારીએ મને પુછેલુ કે,એ બહેનને તમે ઓળખતા નથી એમ ? એ વાત ખરી છે કે,મે એવો જવાબ આપેલો કે,અગાઉ પણ નીવેદનમાં મે જણાવેલ છે કે,એ બહેનને હું ઓળખતો નથી અને તે બહેનને ફેશ ટુ ફેશ મે જોએલા નથી.એ વાત ખરી છે કે,તે સમય દરમ્યાન આશારામના રસોઈયા તરીકે લાલો હતો.આ રસોઈયો લાલો કયા સુધી આશારામના રસોઈયા તરીકે હતો તેની મને માહિતી નથી.એ વાત ખરી છે કે,હું પણ આશ્રમમાં રસોઈયા તરીકે રહેલો.મને આજે યાદ નથી કે,હું કયા વર્ષથી કયા વર્ષ સુધી રસોઈયા તરીકે હતો.મને આજે યાદ નથી કે,લાલા પછી રસોઈયા તરીકે કોણ આવેલુ.હું રોહીત કલકત્તા વાળાને ઓળખુ છું.મને આજે યાદ નથી કે, લાલો સને.૨૦૦૨ સુધી રસોઈયા તરીકે હતો.હું કહી શકુ નહી કે ત્યારબાદ દોઢ વર્ષ સુધી રોહીત કલકત્તા વાળો રસોઈયા તરીકે હતો.(૪૧)...એ વાત ખરી છે કે,હું આશારામને સમર્પિત થયાબાદ તેઓ જયા જયા જતા હતા ત્યા ત્યા હું જતો હતો.એ વાત ખરી છે કે,મે મારા તા.૧૦.૧૧.૨૦૧૩ ના પોલીસ રુબરુના નીવેદનમાં ''અમો અમારા સમય દરમ્યાન સુરત, વડોદરા, મુંબઈ, રાયપુર, દીલ્હી, હરદવાર, પુષ્કર, ઉદયપુર, જોધપુર,જયપુર, અમૃતસર,લુધીયાણા, પાનીપત,હીસાર,બહાદુરગઢ,મુઝઝફરનગર,મેરઠ,ગાઝીયાબાદ,રાજકોટ, લીંમડી, હિંમતનગરખાતે જાહેર આશારામના પ્રવચનો હોય ત્યારે અમો

કામકાજ,વ્યવસ્થાપક તરીકે હાજર રહી પોગ્રામનું હેન્ડલીંગ કરતા હતા '' તેવી વિગત લખાવેલી છે.એ વાત ખરી છે કે,મે મારા તા.૧૦.૧૧.૨૦૧૩ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,'' અમો એ સને.૨૦૦૮માં ત્રીવેદી પંચ સમક્ષ મે મારુ નીવેદન આપેલ તે વખતે ત્રીવેદી સાહેબ સીટના અદયક્ષ હોય અમારુ નીવેદન ત્યા લખાવેલ છે'' .એ વાત ખરી છે કે,આશારામને કોઈ છોકરી સાથે કઢંગી હાલતમાં જોએલા તે વિગત મે જયપુર ખાતે ત્રીવેદી પંચ સમક્ષ જણાવેલી.એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,'' આશારામ પાસે સામાન્ય રીતે કોઈ પરવાનગી વિના જતા નહી પરંતુ સંચાલકો આશારામની પરવાનગી વિના પણ સીધા તેમની પાસે કુટીયામાં જઈ શકતા''.એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,'' પરંતુ તે દિવસે રસોઈયો ત્યા હતો નહીં''.(૪૨)...એ વાત ખરી નથી કે,ગુરુપૂર્ણિમાં દર વર્ષે જુલાઈ મહીનામાં આવતી હોય છે.મને આજે યાદ નથી કે,મે આશ્રમ છોડયો તે વર્ષે ગુરુપૂર્ણિમાં કયા મહીનામાં આવેલી.એ વાત ખરી છે કે,મે આશ્રમ સને.૨૦૦૨ના ઓગષ્ટ મહીનામાં છોડેલો.હું આજે કહી શકુ નહી કે સને.૨૦૦૨માં મે આશ્રમ છોડયો તેના કેટલા સમય અગાઉ ગુરુપૂર્ણિમાં નો તહેવાર આવેલો.એ વાત ખરી છે કે, મને આશ્રમમાં પરત આવવાની ધમકી કઈ તારીખે અને કઈ જગ્યા એ અને કયા મહીનામાં આપેલી તે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં કે વીડીયોગ્રાફી દરમ્યાન જણાવેલ નથી.એ વાત ખરી છે કે,મારા પિતાજીને પણ ધમકી કઈ તારીખે,કઈજગ્યાએ અને કયા મહીનામાં આપેલી તે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં કે વીડીયોગ્રાફી દરમ્યાન જણાવેલ નથી. એ વાત ખરી છે કે,મારી વિરુધ્ધ દાખલ થયેલી ફરીયાદો અંગેની સર્ટીફાઈડ નકલો મે પોલીસ સમક્ષ રજુ કરેલ ન હતી.મારા પાસે એક કરતા વધુ લેપટોપ હતા.એ વાત ખરી નથી કે, મે મારા લેપટોપમાં આશારામના આશ્રમમાં કુદરતી રીતે કે અકસ્માતે કે આત્મ

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

હત્યા કરીને માણસ મર્યા હોય તે બનાવો ફીડ કરીને રાખતો હતો.એ વાત ખરી છે કે,ત્રીવેદી પંચ સમક્ષની કાર્યવાહીમાં મારુ લેપટોપ રજુ કરવાનો મને આદેશ કરેલો પરંતુ મે રજુ કરેલ નહી.(૪૩)...મને આજે યાદ નથી કે,પોલીસ રુબરુના નીવેદન દરમ્યાન અધિકારીએ દીલ્હી ખાતેની હોટેલમાં મારા સ્ટીંગ ઓપરેશન અંગેના સવાલો પુછેલા.મને આજે યાદ નથી કે,મે મારા તા.૨૭.૧૨.૨૦૧૩ના પોલીસ રુબરુના નીવેદનમાં ‘‘ આજરોજ આપ સાહેબે સ્ટીંગ ઓપરેશન વિષે પુછતા લખાવુ છું કે જે સ્ટીંગ ઓપરેશન મારા ઉપર થયેલ જે સ્ટીંગ ઓપરેશનની સીડી ડબ કર્યા વગરની ઓરીજીનલ સીડી બહાર આવે તે અગત્યની છે મે મારુ નીવેદન આપેલ છે અને જે તે વખતે છોકરીએ જે નીવેદન આપેલ છે અને તે ખરેખર સ્ટીંગ ઓપરેશન હતુ કે તે છોકરી ઉપર બળાત્કાર થયેલ તેની હકીકત હતી હું કોઈ એડવોકેટને મળેલો નથી આ જે સ્ટીંગ ઓપરેશન કરેલાની સીડી ડબ કરેલ છે જેની ઓરીજીનલ સીડી કટ કર્યા વગરની મંગાવવામાં આવે તો સાચી વાત સામે આવે તેમ છે અને આ ઓરીજીનલ સીડી ડબ કર્યા વગરની આવે જે એફ.એસ.એલમાં મોકલી તપાસ કરવામાં આવે એવુ મારુ માનવુ છે’’ લખાવેલ કે કેમ. હું વિક્રમ રાઠોડ અને અનીતાબેનને ઓળખતો નથી.એ વાત ખરી નથી કે, દીલ્હીની હોટેલમાં મારુ જે સ્ટીંગ ઓપરેશન કરેલુ તે વખતે તે રુમમાં વિક્રમ રાઠોડ અને અનીતાબેન હાજર હતા.એ વાત ખરી નથી કે,તે સ્ટીંગ ઓપરેશનની સીડી મે જોએલી છે.હવે હું કહુ છું કે આ સીડી મે જોએલી કે કેમ તે આજે યાદ નથી.હું તેવી કોઈ સીડી જોવા માંગતો નથી.એ વાત ખરી છે કે,મે અને બીજા માણસોએ ગુનાહીત કાવતરુ રચીને આશારામને ફસાવેલા અને આ બાબત મે સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કબુલ રાખેલી.એ વાત ખરી નથી કે, આ કારણસર હું સીડી જોવાનો ઈન્કાર કરુ છું.એ વાત ખરી છે કે,મારુ નામ રાજેશ્વરસ્વામી પણ છે.એ વાત ખરી છે કે,હું રાજેશ્વરસ્વામીના નામે આશારામના

અમુક આશ્રમોમાં ટ્રસ્ટી તરીકે હતો.મને માર્ક–૨૬૬/૧ બતાવવામાં આવે છે તેના દરેક પાને રાજેશ્વર તરીકેની અંગ્રેજીવાળી સહી મારી છે.મને માર્ક–૨૬૬/૨ બતાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે,તા.૨.૩.૨૦૦૩ના રોજ મે તેમાં જણાવેલ ટ્રસ્ટોમાંથી મારુ નામ ટ્રસ્ટી તરીકે દુર કરવા કૌશીકભાઈ પટેલને પત્ર લખેલો.એ વાત ખરી નથી કે, આ લખાણની નીચે રાજેશ્વર તરીકે ની સહી મારી છે.એ વાત ખરી નથી કે,મે તમામ ટ્રસ્ટોમાંથી રાજીનામા આપેલા છે.મને એ વાતની ખબર નથી કે,હાલમાં પણ હું આશારામના ટ્રસ્ટોમાં ટ્રસ્ટી તરીકે ચાલુ છું.એ વાત ખરી છે કે,સને.૨૦૦૨માં આશ્રમ છોડયાબાદ આ ટ્રસ્ટોની કામગીરી અંગે કે તેના અસ્તીત્વ અંગેની મે કોઈ તપાસ કરેલી નથી.(૪૪) ...એ વાત ખરી છે કે,માર્ક–૨૬૬/૧ વાળુ ટ્રસ્ટડીડ રજીસ્ટરર્ડ હતુ.એ જરુરી નથી કે, રજીસ્ટર્ડ ટ્રસ્ટ હોય તો દર વર્ષે ઓડીટ માટે એકાઉન્ટસ અને ઓડીટ રીપોર્ટ રજુ કરવા પડે.એ વાત ખરી છે કે, સને.૨૦૦૨માં આશ્રમ છોડયાબાદ મારી સહી થી મે આવા કોઈ ટ્રસ્ટના ઓડીટ રીપોર્ટ કે એકાઉન્ટસ રજુ કરેલા નથી.એ વાત ખરી છે કે, ચેરીટી કમીશ્નરમાં મારી વિરુધ્ધ કોઈ ફરીયાદ થઈ હોય તેવો કોઈ સમન્સ ચેરીટી કમીશ્નર તરફથી આજદીન સુધીમાં મને મળેલ નથી.એ વાત ખરી નથી કે,મે તમામ ટ્રસ્ટોમાંથી રાજીનામા આપી દિધેલા છે તેથી મારી વિરુધ્ધ ચેરીટી કમીશ્નરમાં ઓડીટ રીપોર્ટ કે એકાઉન્ટસ રજુ નહી કરવા અંગે કોઈ ફરીયાદ થયેલ નથી.સાહેદ જણાવે છે કે,મુખ્ય ટ્રસ્ટી આશારામ હતા હું માત્ર મેનેજીંગ ટ્રસ્ટી હતો.મને એ વાતની ખબર નથી કે,ટ્રસ્ટ એકટ હેઠળ તમામ જવાબદારી ટ્રસ્ટ અંગેની મેનેજીગ ટ્રસ્ટીની હોય છે.મને માર્ક–૨૬૬/૩ બતાવવામાં આવે છે તેમાં નીચે અંગ્રેજીમાં જે સહી છે તે મારી નથી.મને એ વાતની ખબર નથી કે આવી કોઈ અરજી ઉપર ડી.કે.ત્રીવેદી પંચે કોઈ ઓર્ડર પાસ કર્યો હોય.મને આજે યાદ નથી કે,તા.૫.૫.૨૦૧૧ના રોજ મે જસ્ટીસ ડી.કે.ત્રીવેદી તપાસ પંચ સમક્ષ પોલીસ

રક્ષણ હથીયાર સાથે પુરુ પાડવા બાબત કોઈ અરજી આપેલ કે કેમ.મને આજે યાદ નથી કે,તા.૧૩.૦૭.૨૦૧૧ના રોજ મારે જસ્ટીસ ડી.કે.ત્રીવેદી પંચ સમક્ષ થયેલ હુકમ આધારે લેપટોપ સાથે હાજર રહેવાનું હતુ.એ વાત ખરી છે કે,મારી બાપુનગર ની ઓફીસે એક કરતા વધુ લેપટોપ રાખવામાં આવે છે.એ વાત ખરી છે કે,મે બાપુનગર પો.સ્ટેમાં મારા એક લેપટોપની ચોરી બાબતે ફરીયાદ આપેલી.એ વાત ખરી છે કે,જસ્ટીસ ડી.કે.ત્રીવેદી પંચે જે લેપટોપ રજુ કરવાનો હુકમ કરેલો તે જ લેપટોપની ચોરી અંગેની ફરીયાદ હતી.મને આજે યાદ નથી કે મે વ્રુપ્તી હોસ્પીટલમાં જુલાઈ–૨૦૧૧માં સારવાર લીધેલી.મને માર્ક–૨૬૬/૪ બતાવવામાં આવે છે તેમાં નીચે અંગ્રેજીમાં મારી સહી છે.(૪૫)...મને એ વાતની ખબર નથી કે દીલ્હીની હોટેલમાં મારા ઉપર થયેલ સ્ટીંગ ઓપરેશન સંદર્ભે ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ શ્રી,અમદાવાદની કોર્ટમાં કેસ દાખલ થયેલો છે.મને એ વાતની ખબર નથી કે દીલ્હીની હોટેલના સ્ટીંગ ઓપરેશનની ડી.વી.ડી અને કેમેરો એફ.એસ.એલમાં જસ્ટીસ ડી.કે.ત્રીવેદી પંચે મોકલાવેલો.જેના એફ.એસ.એલના રીપોર્ટસ માર્ક–૨૬૬/૬ થી રજુ થયેલ છે તે છે.(૪૬)...હું સતીષ વાધવાનીને ઓળખતો નથી.એ વાત ખરી નથી કે સતીષ વાધવાની સાથે સુરતની પુરોહીત હોટેલમાંથી મારી સાથે ફોન ઉપર વાતચીત થયેલી. મને એ વાતની ખબર નથી કે સતીષ વાધવાની, પ્રેસ રીપોર્ટરો અને ઈલેકટ્રો નીકસ ચેનલોના એન્કરોએ ભેગા મળી આશારામ અને તેના પુત્ર નારાયણ સાંઈ,પત્ની,પુત્રી તમામને આવા ઉભા કરેલા ખોટા કેસોમાં ફસાવડાવી તમામ આશ્રમોનો કબજો કરી લેવા માટેનુ કાવતરુ ઘડેલુ અને આના પરીણામરુપે જોધપુરનો કેસ અને અહીનો કેસ અને સુરત ના કેસ દાખલ કરાવેલા.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૫૯.૨)** આમ સદર સાહેદની જુબાની જોતાં આ કેસના કહેવાતા બનાવ સમય આરોપી નં.(૧) આશારામના રસોઈયા તરીકે અખીલ ગુપ્તા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે.બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં આરોપીઓ સામે ષડયંત્ર રચી ખોટા કેસોમાં ફસાવી દેવામાં આવેલ હોવાની હકીકતનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.જેથી સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને આંશીક રીતે સમર્થન પ્રાપ્ત થયેલ છે.

**(૬૦)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૨૯ તરીકે જીજ્ઞાબેન ભરતકુમાર પરીખનાઓને આંક –૩૩૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં જણાવેલ છે કે **તે** ૧૯૯૪–૯૫ પછી આશારામના મોટેરા ખાતેના મહિલા આશ્રમમાં આવેલી. સને ૧૯૯૪–૯૫માં બારડોલી પાટીદાર જીન ખાતે આશારામનો સતસંગ હતો. તે સતસંગમાં ગયેલી હતી. ત્યા આશારામની પત્ની લક્ષ્મીબેન અને દિકરી ભારતીબેન પણ આવેલા હતા. તે તેમના ઉતારામાં સેવામાં હતી. તે તેમની મિત્રની મમ્મીના કહેવાથી આ સતસંગમાં દિક્ષા લેવા ગયેલી. તેણીએ દિક્ષા લીધેલી. ત્યારબાદ તે આશારામના મોટેરા ખાતેના મહિલા આશ્રમમાં અનુષ્ઠાન કરવા આવેલી. તે લક્ષ્મીબેનના કહેવાથી અનુષ્ઠાન કરવા આવેલી હતી. તે તેમના ઘરના વડીલોની પરમીશન લઈને મહિલા આશ્રમ આવેલી. તે વખતે ચાલીસ દિવસ આશ્રમમાં રોકાયેલી. તે વખતે એક દિવસના રૂા.૧૦/– લેખે ફી ભરેલી.ત્યા સવારે પાંચ વાગે ઉઠવાનુ હતુ, ત્યારબાદ પુજા પાઠ કરવાની, આઠ વાગ્યાની આસપાસ નાસ્તો આપતા અને ત્યારબાદ સેવા કરવાની હતી. તે ફાર્માસીસ્ટ હોઈ આશ્રમના દવાખાનામાં સેવા આપવા જતી હતી. અનુષ્ઠાન પુરા થયા બાદ હુ મારા ઘરે પાછી ગયેલી. ત્યારબાદ તે ફરીથી તેઓ અભ્યાસ પુરો કર્યા

બાદ આશારામના આશ્રમમાં પાછી આવેલી. જે આશરે એક વર્ષ પછી પાછી આવેલી. તે વખતે પણ તેમના વડીલોની સલાહ મેળવી પરમીશન લઈને આવેલી. તે વખતે ફુલ ટાઈમ સેવીકા તરીકે આવેલી હતી. તે વખતે કોઈ ફી ભરવાની ન હતી. આશ્રમમાં સવારનો નાસ્તો અને સવારે અને રાતના એમ બે ટાઈમ જવાનુ આપવામાં આવતુ હતુ. અમે જે સેવા આપીએ તેનુ કોઈ મહેનતાણુ આપવામાં આવતુ ન હતુ. તેણીએ આશરે અગીયાર વર્ષ આશ્રમમાં સેવા આપેલી. આ સમય દરમ્યાન બે થી અઢી વર્ષ જેટલો સમય તેણીએ આશ્રમના દવાખાનામાં સેવા આપેલી. તે સિવાય ઋષિપ્રસાદ મેગેઝીનમાં સેવા આપેલી. તે વખતે આશ્રમમાં બીજી ઘણી બહેનો સેવીકા તરીકે હતી. તેમના નામ આજે યાદ નથી. મને દવાખાનામાં ભારતીબેને રખાવેલી. તે દરમ્યાન ભારતીબેને શાંતિવાટીકા વિશે તેમને કાઈ કહેલુ નહી.સને ૨૦૦૧માં ભુકંપ આવેલો તે વખતે પણ તે આશ્રમમાં સેવા આપતી હતી. તે વખતે મારી પાસે ઋષિપ્રસાદની સેવા હતી. ભુકંપના સમયે તેમને અને આશ્રમની બીજી સેવીકાઓને કયાંક લઈ જવામાં આવેલા કે કેમ? તે આજે યાદ નથી. તે વખતે જે વ્યકિત શંકરભગવાનને માનતી હોય તે આશારામને, જે વ્યકિત માતાજીને માનતી હોય તે લક્ષ્મીબેનને, જે વ્યકિત કૃષ્ણ ભગવાનને માનતી હોય તે ભારતીબેનની તે રીતે દરેક પોતાની શ્રધ્ધા મુજબ આ લોકોને પુજતા હતા. હુ ભારતીબેનને પુજતી હતી. એ વાત ખરી છે કે, હુ આજે પણ ભારતીબેનને પુજુ છુ. તે આશ્રમમાં આશ્વાસન વકતા તરીકે એટલે કે કોઈ વકતા હાજર ન હોય ત્યારે તેમના બદલે હુ વકતા તરીકે જતી હતી. હુ કુબેરનગર, ઠકકરનગરમાં વકતા તરીકે જતી હતી. હુ ઋષિપ્રસાદ મેગેઝીનમાં સેવા આપતી હતી તે વખતે બીજી કોઈ સેવા આપતી ન હતી. હુ વકતા તરીકે બરોડામાં પણ ગયેલી છુ. તે વખતે મારી સાથે બીજા કોઈ વકતા આવતા ન હતા. મે શાંતિવાટીકા જોયેલી નથી. મે નારાયણવાટીકા જોયેલી છે. જે

લાલવાણીના બંગલા પાસે આવેલી છે. હુ નારાયણવાટીકામાં આરોપી ભારતીબેનના કહેવાથી સતસંગ કરવા ગઈ હોય તેવુ બનેલુ નથી. બીજી મહિલાઓ નારાયણવાટીકામાં જતી હતી કે કેમ? તે આજે યાદ નથી. હુ કીકો સ્ ટુડીયો વાળાને ઓળખતી નથી. આશારામનો સતસંગ ચાલે ત્યારે હુ હાજર રહેતી હતી. આશારામનો સતસંગ ચાલે ત્યારે આગળના ભાગે આશ્રમની સાધ્વીઓ ઉભી રહેતી હતી. તેમના નામ આજે યાદ નથી. આશારામને મળવુ હોય તો કોના મારફત મળી શકાતુ હતુ તેની મને માહિતી નથી. આશ્રમનુ દવાખાનુ ગૌરીબેન સંભાળતા હતા. ડોકટર બહારથી આવતા હતા.ત્યા બી.એચ.એમ.એસ. એટલ ે કે હોમીયોપેથીક અને આયુર્વેદિક ડોકટરો આવતા હતા. તે સમયે દવાખાનામાં મારી સાથે ગૌરીબેન કામ કરતા હતા. તેઓ આશ્રમમાં ચાલતી ઘટનાઓ વિશે મને કોઈ વાત કરતા ન હતા.છેલ્લા બે વર્ષ દરમ્યાન આશ્રમની બહાર આવેલી સોસાયટીમાં મારૂ મકાન ખરીદ કરેલુ. ત્યારથી હુ મહેગીબાનગરમાં રહેતી હતી. હુ મહિલા આશ્રમમાં રહેતી હતી તે વખતે આશ્રમમાં બારડોલી સમીતીનો રૂમ હતો તેમાં હુ રહેતી હતી. તે વખતે મારી સાથે આ રૂમમાં બીજી બે ત્રણ બહેનો પણ રહેતી હતી તે બદલાતી જતી હતી તેથી આજે તેમના નામ યાદ નથી. તે વખતે આશારામે વકતાની પસંદગી માટે કોઈને બોલાવેલા હોય તો તે બાબતે મને ખબર નથી. વકતા તરીકે કોઈ છોકરીઓમાં બોલાવવામાં આવતી હતી કે કેમ? તેની પણ મને માહિતી નથી.હુ આશ્રમમાં રહેતી હતી તે દરમ્યાન મારી સાથે સારૂ વર્તન કરવામાં આવેલુ. આશારામ આશ્રમમાં આવે ત્યારે કઈ મહિલાઓને વિશેષ મહત્વ આપવામાં આવતુ હતુ તેની પણ મને ખબર નથી. આશારામ પાસે કોઈ છોકરીને જવુ હોય તો તે માટે શુ પ્રોસીઝર હતી તેની મને ખબર નથી. મને આશારામના સ્વભાવ વિશે માહિતી નથી. હુ આશ્રમમાં રહેતી હતી તે વખતે મારા નામે કોઈ બેન્ક એકાઉન્ટ ખોલાવ્યુ હોય તો તેની

મને માહિતી નથી. પોલીસે પુછપરછ કરી મારૂ નિવેદન લીધેલુ. હુ અગીયાર–બાર વર્ષ આશ્રમમાં રહેલી અને ત્યારબાદ આશ્રમમાંથી નીકળી ગયેલી તેથી આશ્રમ વિશે પોલીસે મારી પુછપરછ કરેલી.

(૬૦.૧) સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે (૧૨) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ મહિલા આશ્રમમાં બારડોલી સેવા સમિતિએ લીધેલ બારડોલી રૂમમાં રહેતી હતી. અને મારી સાથે ટીના રહેતી હતી અને તે વખતે અમારી રોજ સવારે સાડા પાંચ વાગે હાજરી પુરવામાં આવતી હતી અને હાજરી ન પુરાવો તો બપોરનુ જમવાનુ આપતા નહી.' (૧૩) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અને સવાર સાંજ સેવા કરતા હતા તેનુ કોઈ વેતન આપવામાં આવતુ નહી.' (૧૪) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી તે વખતે આયુર્વેદિક દવાખાનામાં ફાર્માસીસ્ટ તરીકે સેવા આપતી હતી. આ સેવા બે અઢી વર્ષ સુધી મે કરેલ છે. હુ આશ્રમમાં હતી તે વખતે શીતલ વકતા હતી અને ભાવીની પટેલ સુરતની જે મારી બાજુમાં રહેતી હતી તથા શીખા કલકતાની હતી અને દવાખાનામાં વંદનાબેન, નીતાબેન હતા અને હોમીયોપેથીક દવાખાનામાં કનકબેન હતા. હુ, શીખા અને ગોપી દવાખાનામાં સેવા આપતા હતા અને શીબીર વખતે તથા રવિવાર પુનમે અમૃત વૈદરાજ સુરતથી આવતા હતા. અને દર ગુરુપુર્ણિમાંએ આશારામ મોટેરા આશ્રમમાં આવતા હતા.(૧૫) મને આજે યાદ નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં 'ભારતીબેન અમોને કહેતા

કે આશારામ શાંતિવાટીકામાં બોલાવેલ છે તમારે જવુ છે ત્યારે પણ અમે જતા નહી.' તેવુ લખાવેલુ કે કેમ? (૧૬) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ' હુ સને ૨૦૦૧માં કચ્છ–ભુજ ખાતે ભુકંપ આવેલ ત્યારે આશ્રમના સંચાલક અરવીંદભાઈ હતા અને તેઓએ હેલીકોપ્ટરની વ્યવસ્થા કરતા સામાન સાથે મદદ અને આશ્વાસન પ્રવચન સારૂ વકતા તરીકે ગયેલી. હેલીકોપ્ટરમાં હુ તથા જશોદા ભુજની, હીરલ સૌરાષ્ટની, ભાવીની, શીતલ, વર્ષા વિગેરે ગયેલા.' (૧૭) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મને વકતા બનાવેલ પણ મને સતસંગ પ્રવચન આપેલ નહી અને મારા માટે કોઈ સ્ટેજ કે વ્યવસ્થા કરવામાં આવતા નહી અને ત્યા અમો ઘરમાં રોકાયેલા અને ભુજવાળા લોકો ટેન્ટમાં રહેતા હતા અને મારી સાથે કોમલ, ભાવીની સેવામાં હતા. સાહેદ જણાવે છે કે, શીલ્પીબેન સેવામાં હતા તેવુ મે લખાવેલુ નથી. (૧૮) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અને અમો રીટર્ન થયા ત્યારે ગાંધીધામ ગયેલા. શીતલ અને વર્ષાનુ ગૃપ અમોને કોઈ માહિતી કહેતા નહી કેમ કે આશારામ ગૃપના હતા અને આશારામ ગૃપની વકતા બહેનોની વેલ્યુ વધુ હતી. હુ ભારતીના ગૃપમાં હતી.'(૧૯)એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે, 'તે વખતે પ્રાર્થના હોલામાં અમોને બેસાડી બે સેન્ટેન્સ વાંચવા કહેલ બે શબ્દો વાંચવાનુ કહી ભારતી તથા નીતાબેનના કહેવાથી સુરેશભાઈ વકતાએ કહેલ કે, આ બહેન બોલી શકશે તેમ કહી મને વકતા તરીકે કચ્છ–ભુજ મોકલેલ હતી.' (૨૦) એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલુ કે, 'મહિલા આશ્રમમાંથી આશારામ અમોને શાંતિવાટીકા ખાતે બોલાવેલ ત્યારે અમો બધી મહિલાઓ જતા હતા અને અમોને નારાયણવાટીકામાં લાલવાણીના બંગલા પાસે અનુષ્ઠાન

માટે બેસાડતા હતા.' (૨૧) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ સને ૨૦૦૧માં વકતા તરીકે ચુર્ણહોલ, ઋષિપ્રસાદ, અનાજ વીણવા, તથા હોમીયોપેથીક દવાખાનામાં સેવા આપતી હતી અને સતસંગ માટે કોઈ વકતા ન હોય તો વકતાની જરૂર પડે તો અખીલભારતીય સેવા ધ્વારા આશારામ વકતા માટે ધ્રુવબેનને કહેતા અને ધ્રુવબેન ભારતી તથા લક્ષ્મીને કહેતા તેઓ કયા વકતાને કયાં મોકલવા તે નકકી કરતા હતા અને હુ વકતા તરીકે ડીસા, વલસાડ, બરોડા ખાતે તૃપ્તી વકતાની જગ્યાએ સતસંગ કરવા ગયેલ છુ.'(૨૨) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી ત્યારે મારી કોઈ વેલ્યુ ન હતી.' (૨૩)એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ આશારામ સાથે કોઈ કોન્ટેકટમાં જ ન હતી અને મે શાંતિવાટીકા પણ જોયેલ નથી અને મારા પપ્પા મરણ ગયેલ તે વખતે હુ ગયેલી ત્યારે પણ આશારામને તરત ખબર પડી ગયેલ કે સોનલ વકતા આવતી નથી તે સમયે મને ખુબ દુ:ખ લાગેલ.' સાહેદ જણાવે છે કે, મે એવુ લખાવેલુ કે, 'મને ધ્રુવબેને સતસંગ કરવા વકતા તરીકે આવવા કહેલુ પરંતુ મારા પિતાજીને મરણને બાર દિવસ પુરા થયા ન હતા અને હુ એકની એક સંતાન હતી તેથી મને દુ:ખ થયેલુ અને હુ ગયેલી નહી.' (૨૪) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ વકતા તરીકે સતસંગ કરવા જતી તે વખતે મારી સાથે ભાવીની તથા હીરલ બ્રાહમણ આવતા હતા.(૨૫)એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અમો ભુજ ભુકંપ વખતે પંદરેક દિવસ રોકાયેલા તે વખતે કીકો સ્ટુડીયોવાળાને ત્યા ગયેલા તે વખતે કીકો સ્ટુડીયોવાળાની છોકરી દસેક વર્ષની હતી તે આશારામની છોકરી હતી તેવુ સાંભળેલ. અને પરત આવી અમો બહેનો

અનાજ વીણતા હતા તે વખતે એક જુના બહેને કહેલ કે કીકો સ્ટુડીયોવાળાની છોકરી ભારતીની બહેન છે.' (૨૬) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ઢેલ અને બગલો નામની સાધીકાઓ આશ્રમના સતસંગ સમયે આગળના ભાગે ઉભા રહેતા હતા અને તેઓ બહેનોને આશારામ સાથે મુલાકાત પણ કરાવતા હતા અને કોઈપણ બહેનોને આશારામને મળવુ હોય તો પહેલા ઢેલ અને બગલોને મળવુ પડતુ હતુ. ઢેલ અને બગલો તેઓના ઘરેથી આશ્રમમાં આવતા હતા.' (૨૭) એ વાત ખરી છે કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'શીતલબેન તે વખતે સતસંગ કરતા હતા. તેઓ સુરતના હતા તે ઋષિપ્રસાદ, અનાજમાં સેવા આપતા હતા અને એક માસમાં બે ત્રણ સતસંગ કરતા હતા. તેઓ હિન્દી બોલતા હતા અને ગુજરાત બહાર પણ સતસંગમાં જતા હતા.' (૨૮) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમના દવાખાનામાં રક્ષાબેન હતા. તેઓએ આ શીતલ સાથે બનેલ બનાવની વાત મને કરેલી અને આશારામ બહેનોના શરીરે હાથ ફેરવે છે તેવુ જણાવેલ.'(૨૯)એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આ રક્ષાબેન પણ કામ બાબતે મને ખુબ ટોર્ચર કરતા હતા તેઓ કહેતા હતા કે આ નથી કર્યુ પેલુ નથી કર્યુ હુ માતાજીને કહી દઈશ આશારામને કહી દઈશ તેમ ટોર્ચર કરતા હતા.'(૩૦) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી તે વખતે સને ૨૦૦૧માં બપોરના સમયે બારડોલી રૂમમાં હુ, ઈન્દુ તથા ટીના હતા તે વખતે વકતા તરીકે પસંદગી કરવા ભારતીએ ધ્રુવબેનને કહેવડાવતા ધ્રુવબેન અમારા રૂમે આવેલા અને કહેલ કે વકતા પસંદગી કરવા દસ વકતાઓને આશારામે શાંતિવાટીકા ખાતે બોલાવેલ છે તૈયાર રહેજો ગાડી આવશે તો જઈશુ. જેથી

અમોને ઢેલ તથા બગલો નામની સેવીકાઓ શાંતિવાટીકા લઈ ગયેલા.'(૩૧) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અને આશારામે બારીમાંથી જોઈને શીતલ અને વર્ષાને વકતાની પસંદગી માટે બોલાવેલ અને તે શાંતિવાટીકામાં ગયેલા.' (૩૨) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અને આશારામ છોકરીઓને બોલાવતા હતા અને છોકરીઓમાંથી કેટલી આશારામ પાસે રહી અને કેટલી પરત આવી તેની ખબર અમોને પડતી હતી. અને આશ્રમમાં ખરાબ કામ થતા હતા.'(૩૩) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'સને ૧૯૯૬–૯૭માં હુ વંદનાબેન તથા રક્ષાબેન સાથે દવાખાનામાં સેવા આપતી હતી તે વખતે રક્ષાબેને મને કહેલ કે આશારામ છોકરીઓના ગાલ પર હાથ ફેરવે છે તુ આશારામ પાસે જવાની કોશીશ કરતી નહી.(૩૪)એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં મહિલાઓના એર્બોશન થતા હતા તેની ચર્ચા થતી તેની મને ખબર છે. મહિલાઓને ધ્રુવબેન દવાખાને લઈ જતા હતા અને એર્બોશન બાબતે કોમલ તથા કંચનબેનને પુછો તો માહિતી મળશે. ગીતા ભાવસાર દવાખાનામાં આવતા જતા હતા. જશીબેન ચોકીયાતને હુ ઓળખુ છુ તે સુરત બાજુના હતા.' (૩૫) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ મહિલા આશ્રમમાં આવતા હતા ત્યારે જે મહિલાઓ આશારામની આગળ પાછળ દોડે અને સતસંગમાં જવા ઉત્સુકતા બતાવે તેનુ માન વધારે હોય તો લાગે કે આશારામની ખાસ મહિલાઓ છે.' (૩૬) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ખાસ બહેનોમાં કોમલ, વર્ષા વકતા, શીતલ વકતા, તૃપ્તી વકતા વિગેરે હતા અને અમીષાબેન સુરતના હતા.(૩૭) એ વાત ખરી નથી

કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ મહિલા આશ્રમમાં ગાડીમાં મહિલાઓને દર્શન આપવા આવતા હતા અને ભાગ નામની છોકરીને ગાડીમાં ખેંચેલ તે મે સાંભળેલ છે.(૩૮) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'અને ભારતીબેન છોકરીઓને ગાડીમાં આશારામ પાસે લઈ જતા હતા.(૩૯) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામનો સ્વભાવ એકદમ ઉગ્ર હતો અને કોઈ પૈસાની ગરબડ કરે તો અખીલ ભારતીય બીલ્ડીંગ પાસે રીમાન્ડ હોમ હતો ત્યા સાધકોને માર મારતા હતા.(૪૦) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં જે વિરોધ કરે તેને તથા કોઈ વાત જાણી જાય તેને બદનામ કરી કાઢી મુકતા હતા તેની મને ખબર છે.(૪૧) એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં હુ હતી તે વખતે સ્ટેટ બેન્કમાં મારૂ ખાતુ ખોલાવેલ અને બ્લેન્ક ચેક બુક ઉપર ધ્રુવબેન મારી સહી કરાવતા હતા મને એકાઉન્ટ નંબરની ખબર નથી.(૪૨)આશારામ કોર્ટમાં વિડીયોકોન્ફરન્સથી હાજર છે તે જ છે. આરોપી ભારતી કોર્ટમાં હાજર છે. ઢેલ અને બગલો પણ કોર્ટમાં હાજર છે. ધ્રુવબેન અને જશીબેન પણ હાજર છે. તેઓને હુ જોયે તથા નામથી સારી રીતે ઓળખુ છુ. હુ આશારામની પત્ની લક્ષ્મીબેનને પણ જોયે તથા નામથી સારી રીતે ઓળખુ છુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર નથી. (૪૩) એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નિવેદન લીધેલુ તે વખતે વિડીયોગ્રાફી પણ થતી હતી. એ વાત ખરી નથી કે, હુ આજે પણ આશારામ અને આરોપી ભારતીમાં આસ્થા ધરાવુ છુ તેથી તેઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૬૦.૨) સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪૪)...મારા પિતાજીનુ અવસાન સને ૨૦૦૬માં થયેલુ. મારા પિતાજીના અવસાન વખતે હુ એકાદ મહિનો માનસિક રીતે અસ્વસ્થ હતી. પોલીસે મારૂ વિડીયોગ્રાફીથી નિવેદન નોંધેલુ તે વખતે મારી સાથે મારા કોઈ સગાસંબંધી કે કોઈ સ્ત્રી મિત્ર હાજર ન હતા. મારૂ નિવેદન ચાંદખેડા પો.સ્ટે.માં લીધેલુ. હુ તે વખતે મોટેરા ખાતે ફલેટમાં રહેતી હતી. તે વખતે મારી સાથે રહેતા મારા મિત્રને પોલીસે મારી સાથે હાજર રાખવા કહેલ ન હતુ. મારા ઘરથી ચાંદખેડા પો.સ્ટે. વચ્ચેનુ અંતર કેટલુ હશે તે હુ કહી શકુ તેમ નથી. હુ ઘરેથી પો.સ્ટે. રીક્ષામાં ગયેલી. મને રીક્ષામાં પો.સ્ટે. પહોંચતા આશરે દસ થી પંદર મીનીટનો સમય થયો હશે. (૪૫)...વિડીયોગ્રાફી કરવાનુ થોડીક પુછપરછ થયા બાદ શરૂ કરેલુ. મારૂ નિવેદન અંગે પુછપરછની શરૂઆત સવારે આશરે અગીયાર વાગે શરૂ થયેલી. એ વાત ખરી છેકે, વિડીયોગ્રાફી આશરે બાર વાગે શરૂ થયેલી. એ વાત ખરી નથી કે, પોલીસ અધિકારીના સવાલમાં એવી વિગતો આવતી હતી કે જેના જવાબમાં હુ હા પાડતી હતી. એ વાત ખરી છે કે, નિવેદનની શરૂઆત થયેલી ત્યારે હુ ડરી ગયેલી હતી. એ વાત ખરી છે કે, નિવેદનમાં મને જે પુછવામાં આવતુ તેના જવાબ મે ડરેલી અવસ્થામાં આપેલા છે. એ વાત ખરી છે કે, તે જ વસ્તુ વિડીયોગ્રાફીમાં પણ રેકર્ડ થયેલી. મારૂ આખુ નિવેદન લખાઈ ગયા બાદ મે વિડીયોગ્રાફની સી.ડી. જોઈ તેની સાથે નિવેદન કમ્પેર કરેલ નથી. પોલીસે મારૂ લેખીત નિવેદન આપી સી.ડી. ચાલુ કરી જયાં વિરોધ દર્શાવવો હોય ત્યા ધ્યાન દોરવા કહ્યુ હોય તેવુ બનેલુ નથી. પોલીસે આશરે એક વર્ષ પહેલા મને મારા પોલીસ રૂબરૂના નિવેદનની ઝેરોક્ષ નકલ આપેલી પરંતુ વિડીયોગ્રાફીની સી.ડી. આપેલી નથી. પોલીસે તે વખતે મને કહેલુ કે, તમને કોર્ટમાં બોલાવવામાં આવશે ત્યારે આ રીતે બોલવાનુ છે. એ વાત ખરી છે કે, આ રીતે બોલવાનુ

છે એટલે કે સ્ટેટમેન્ટ પ્રમાણે. મે તે વખતે વિડીયોગ્રાફીની સી.ડી.ની માંગણી કરેલ નથી. પોલીસે તે વખતે મને જરૂર પડે તો સી.ડી. માંગજો તેવુ પણ કહેલુ નથી. એ વાત ખરી છે કે, આ નિવેદન મહિલા અધિકારીએ નોંધેલુ છે. એ વાત ખરી નથી કે, વિડીયોગ્રાફી થતી હતી તે વખતે મહિલા પોલીસ અધિકારી અને પુરુષ પોલીસ અધિકારી બંને પુછતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, માત્ર રવીયા મેડમ પુછતા હતા. મારૂ નિવેદન નોંધાયેલુ તે વખતે થોડા સમય માટે રવીયા મેડમ સિવાય બીજા પણ એક બહેન ત્યાં હાજર હતા.તે વખતે મારી પાછળના ભાગે ત્રણ જણા ઉભા હતા તેઓ પુરુષ હતા કે સ્ત્રી તેનો ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, પીઠ પાછળ ઉભા રહીને પણ કોઈ બોલે તો તે સ્ત્રીનો અવાજ છે કે પુરુષનો તે જાણી શકાય. વિડીયોગ્રાફી દરમ્યાન કોઈ પુરુષ વ્યકિતએ મને સવાલો પુછયા હોય તેવુ બનેલુ નથી. રવીયા મેડમે કોઈ પુરુષ અધિકારીને સવાલો પુછવા કહ્યુ હોય તેવુ પણ બનેલુ નથી. (૪૬)...પોલીસે મને મારા નિવેદનની નકલ આપી તે આજદિન સુધીમાં મે વાંચેલી નથી. આ એક વર્ષ દરમ્યાનમાં પોલીસે મને મારૂ નિવેદન વાંચી સંભળાવ્યુ હોય તેવુ પણ બનેલુ નથી.એ વાત ખરી છે કે, જે તે વખતે નિવેદન નોંધ્યુ ત્યારે પણ પોલીસે મને તે વાંચી સંભળાવેલુ નહી. એ વાત ખરી નથી કે મારા નિવેદનમાં શુ લખેલુ છે તેની આજદિન સુધી મને ખબર પડેલ નથી. સાહેદ જણાવે છે કે, ગયા શનિવારે ખબર પડેલી છે કે નિવેદનમાં શુ લખેલુ છે. મે આ નિવેદન મારી જાતે વાંચેલુ. આ નિવેદનમાં મે લખાવ્યુ ન હોય તેવી વિગતો નોંધાઈ હોય તે બાબતે મે શનિવારથી આજદિન સુધીમાં પોલીસનુ ઘ્યાન દોરેલુ નથી. એ વાત ખરી છે કે, આજરોજ મને કોર્ટ રૂબરૂ નિવેદન વાંચી સંભળાવતા જાણ થયેલી છે કે, કેટલી વિગતો મે લખાવેલી નથી.(૪૭)સને ૨૦૦૦ની સાલમાં હુ ધ્રુવબેનના કહેવાથી શીતલ સાથે વાપી મુકામે આસીસ્ટન્ટ તરીકે સતસંગમાં ગઈ હોય તેવુ બનેલુ નથી.

તે વખતે દિપક તબલાવાળો તથા હીરલ, આશા તથા ભાવીની, ઉર્વશીબેન જે સુરતના છે વિગેરે શીતલ સાથે ગયા હોય અને ભજન ગાતા હોય અને રોકાવવાનુ થાય તો જે લઈ જાય તે સમિતિવાળા ઉતારાની વ્યવસ્થા કરતા હોય તેવુ પણ બનેલુ નથી. આવી કોઈ વિગત પોલીસ રૂબરૂના નિવેદનમાં મે લખાવી નથી. મને એ વાતની ખબર નથી કે, સને ૨૦૦૧ની સાલમાં આશારામનો રસોઈયો લાલો હતો. મને એ વાતની પણ ખબર નથી કે, લાલા પછી રોહીત કલકતાવાળો રસોઈયો હતો. (૪૮)એ વાત ખરી છે કે, સને ૨૦૦૧ના ભુકંપ વખતે શીતલ વકતા તરીકે ભુજ ગયેલી. રાજસ્થાનમાં પુષ્કર નામનુ કોઈ સ્થળ આવેલુ છે કે કેમ? તેની મને ખબર નથી. મે કયારેય પોલીસને કહેલુ નથી કે, હુ, શીતલ અને વર્ષા પુષ્કર સતસંગ માટે ગયેલા અને સતસંગ પુરો કરી અમે ત્રણેય જણા આશારામના પુષ્કર ખાતેના આશ્રમમાં ગયેલા. (૪૯) એ વાત ખરી નથી કે, આશ્રમમાં મારી પાસે કચરા-પોતુ અને વાસણ સાફ કરવાનુ કામ કરાવવામાં આવતુ હતુ જે મને ગમતુ ન હતુ જેથી મે આશ્રમ છોડેલો. એ વાત ખરી છે કે, હુ આશ્રમમાં અગીયારેક વર્ષ જેટલુ રહેલી તે દરમ્યાન મારી સાથે કોઈ અનઈચ્છનીય બનાવ બનેલો નથી. એ વાત ખરી છે કે, હુ કયારેય શાંતિવાટીકા ગયેલ નથી કે તે સ્થળ મે જોયેલુ નથી.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી સદર સાહેદની જુબાનીની વધુ કોઈ ચર્ચા કરવી હુ ઉચિત માનતો નથી.

(૬૧) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.30 તરીકે મંજુલતાબેન રાજેશકુમાર જીતમલનાઓને આંક -૩૩૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર સાહેદનો પુરાવો જોતાં જણાવેલ છે કે તે

સામાજીક કાર્યકર છે તે ગરીબ બાળકોને જરૂર પડે મદદ કરે છે અને પોલીસ ખાતાને પણ કોઈ મદદની જરૂર હોય તો મદદ પુરી પાડે છે તે તેરાપંથ મહિલા મંડળની સભ્ય છે તે અગાઉ તેમાં બોર્ડ મેમ્બર હતી હાલમાં પણ સમિતિમાં સભ્ય તરીકે છે. તેમના પતિ મીલકત લે વેચનો ધંધો કરે છે. શીતલચોકી સુરતથી તેમના પર ફોન આવેલો કે કોઈ બહેન છે અને નિવેદન આપવા માંગે છે. તેથી તે શીતલચોકી સાંજના સમયે ગયેલી ચોકકસ સમય આજે યાદ નથી. તે દિવસે નવ ઓકટોબર, ૨૦૧૩ તારીખ હતી. ત્યા દિવ્યા મેમ આવેલા હતા. ત્યાં ભોગબનનાર હાજર હતા. તેમની રૂબરૂમાં ભોગબનનારે દિવ્યા મેમ રૂબરૂ નિવેદન લખાવેલુ. ભોગબનનારે તેમની ઉપર આશારામે બળજબરીથી બળાત્કાર કરેલો તે બાબતે નિવેદન આપેલુ. આ નિવેદન ગુજરાતી ભાષામાં આપેલુ.આ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

**(૬૧.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩)...મારી પાસે તે વખતે એક જ મોબાઈલ નંબર હતો જે મે નિવેદનમાં લખાવેલો છે. એ વાત ખરી છે કે, શીતલ પોલીસચોકી પરથી કયા નંબરથી ફોન આવેલો તે નંબર મે મારા નિવેદનમાં લખાવેલો નથી. એ વાત ખરી નથી કે, તે વખતે મારો મોબાઈલ નંબર કયો હતો તે મને આજે યાદ નથી. સાહેદ જણાવે છે કે, મારો મોબાઈલ નં.૯ ૮૨૫૪૦૦૭૮૮ હતો. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા આ ફોન કેટલા વાગે આવેલો તે સમય લખાવેલો નથી. ફોન આવેલો તે વખતે હુ મારા ઘરે હતી. મારા ઘરથી શીતલ પોલીસ ચોકી આશરે અડઘો કી.મી. દુર હશે. મારા પર કેટલા વાગે ફોન આવેલો તે સમય આશરે પણ યાદ નથી. મારા પર ફોન આવ્યા બાદ આશરે પંદરથી વીસ મીનીટમાં હુ શીતલ પોલીસ ચોકી ગયેલી

તે વખતે કેટલા વાગેલા હતા તે આજે યાદ નથી. હુ આશરે ચાર–સાડા ચાર કલાક જેટલો સમય શીતલ પોલીસ ચોકી રોકાયેલી. (૪)...જે કાર્યવાહી થયેલી તેની તે વખતે કોઈ વિડીયોગ્રાફી કરવામાં આવેલ ન હતી. દિવ્યાબેન સાથે રાઈટર હતા તે નિવેદન લખતા હતા. દિવ્યા મેમ ભોગબનનારને સવાલ પુછતા હતા તેનો ભોગબનનાર જે જવાબ આપે તે દિવ્યા મેમ લખાવતા હતા. એ વાત ખરી છે કે, આ લખાણ સવાલ જવાબના રૂપમાં થયેલુ. આ લખાણ કરવામાં આશરે સાડા ત્રણ – ચાર કલાક જેટલો સમય ગયો હશે. મને ત્યા બોલાવેલી અને મારી રૂબરૂમાં લખાણ થયેલુ તેથી આ નિવેદન મારી રૂબરૂમાં લખાયેલુ છે તેવો તેમાં ઉલ્લેખ કર્યો હશે. મે ભોગબનનારનુ નિવેદન જાતે વાંચેલુ નથી. મે દિવ્યા મેમને આ નિવેદન વખતે હુ હાજર છુ તેવો તેમાં ઉલ્લેખ કરેલ છે કે કેમ તે બાબતે કાઈ પુછેલુ નહી.(૫)...મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં શીતલ પોલીસ ચોકીથી મારા પર ફોન આવેલો કે એક બહેન નિવેદન આપવા માંગે છે તમે આવો તેવી વિગત લખાવેલી કે કેમ? તે આજે યાદ નથી. મને ખ્યાલ નથી કે, પોલીસે મારૂ નિવેદન લીધેલુ કે કેમ? (૬)...હુ ભોગબનનારને પહેલેથી ઓળખતી ન હતી. એ વાત ખરી છે કે, ભોગબનનાર સાથે મારા કોઈપણ પ્રકારના સંબંધો ન હતા. હુ સામાજીક કાર્યકર તરીકે કામ કરતી હોઈ મારો મોબાઈલ નંબર શીતલ પોલીસ ચોકીના ઓફીસર પાસે હતો. એ વાત ખરી નથી કે, હુ તે વખતે હાજર ન હોવા છતાં પોલીસ સાથેના મારા સંબંધોને કારણે તેમને મદદ કરવા ખોટી જુબાની આપુ છુ.

**(૬૧.૨)** સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ એ સામાજીક કાર્યકર છે તેમની હાજરીમાં ભોગબનનારે તેણીની સાથે થયેલ દુષ્કર્મ બાબતે નિવેદન નોંધાવેલ હોવાની હકીકત જણાવેલી હોઈ બચાવપક્ષ દ્વારા જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં સદર સાહેદ રૂબરુ ભોગબનનારે કોઈ નિવેદન તપાસ

અધિકારીને નોંધાવેલ નહી હોવાની હકીકત રેકર્ડ પર સાબિત કરી શકેલ ન હોઈ સદર સાહેદની જુબાનીથી ભોગબનનારે સદર સાહેદની હાજરીમાં દુષ્કર્મ બાબતે તપાસ અધિકારીને નિવેદન નોંધાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પરવાર યાને સાબિત કરી શકેલ છે.

**(૬૨)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૩૧ તરીકે ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓને આંક –૩૩૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

(૧)... મે બી.ઈ.મીકેનીકલ,એમ.બી.એ. ફોર્મે આઈ.આઈ.એમ,અમદાવાદ અને સી.એ ફોર્મે કેનેડા થી અભ્યાસ કરેલો છે.મે અભ્યાસ પુરો કર્યાબાદ કેનેડા ખાતે ધંધો શરુ કરેલો.અને ત્યારબાદ થી હુ કેનેડા ખાતે રહેતો હતો.મારા કુટુબના સભ્યો મારી સાથે કેનેડા ખાતે રહેતા હતા.હુ કેનેડાનો સીટીઝન છુ.

(૨)...આશારામ સાથે મારી મુલાકાત સને.૧૯૮૬મા કેનેડા ના ઓટાવા ખાતે થયેલી. મારી આશારામ સાથે મુલાકાત જગદીશભાઈ વ્યાસે કરાવેલી. જે મુલાકાત મારા ઘરે થયેલી.મારા કુટુબમા એક દુખદ ઘટના ઘટેલી તેની વાત મે જગદીશભાઈ વ્યાસ સાથે કરેલી.આશારામ મારા ઘરે આવેલા તે પહેલા જગદીશભાઈ વ્યાસે મારા કુટુબમા બનેલ દુખદ ઘટનાની વાત આશારામને કરેલી હતી.મારા સાઢુભાઈ કિશોરભાઈનુ આખુ કુટુબ સને.૧૯૮૫મા એયર ઈન્ડિયાના પ્લેન ક્રેસમા અવસાન પામેલુ.આશારામે મારા ઘરે આવતાની સાથે મને કહેલુ કે,તારા સાઢુભાઈનુ કુટુબ હું અત્યારે પ્રેત રુપે જોઈ રહયો છું અને તે લોકો તને લઈ જવા માગે છે તેવુ મને કહે છે.મે કહેલુ કે,મને આમા કોઈ અનુભવ નથી.છતા આશારામે આશ્વાસન આપતા કહેલુ કે,હુ તને પ્રેતયોનીમા જતો બચાવીશ તે માટે તુ અત્યારે ને અત્યારે મંત્રદીક્ષા લઈ લે.આમ કહીને મંત્રદીક્ષા

આપીને આશારામ ચાલ્યા ગયેલા.ત્યારબાદ સતત ત્રણ વર્ષ સુધી કેનેડા ટાઈમ રાત્રે ૨ વાગે ભારત થી ફોન કરીને આશારામ મને ડરાવતા રહયા કે,તુ જેટલો બને એટલો વહેલો પ્રેતયોનીમા જવા કરતા આશ્રમમા સમર્પિત થઈ જા.ત્રણ વર્ષના સતત ટેલીફોનથી અમે ડરીને કેનેડાની બધી માલ મીલકત વેચીને અમે અમદાવાદના મોટેરા ખાતેના આશારામના આશ્રમમા આવી ગયેલા.હું સને.૧૯૯૦મા મારા આખા કુટુબ સાથે આશારામના આશ્રમમા આવી ગયેલો.ત્યા આશારામે મને મારુ પોતાનુ મકાન બનાવીને મારા ખર્ચે રહેવાનુ કીધુ અને દરેક સંત્સંગોમા એક હકીકત વારંવાર દોહરાવતા હતા કે સતગુરુના ચરણમા આ લોકો આવી જવાથી પ્રેતયોનીમા જતા બચી ગયા.શરુઆતમા મને જુદાજુદા આશ્રમોમા એક પ્રદર્શન રુપે રજુ કરીને પોતાની વાહ વાહ કરાવતા.અમારી ગુજરાત બહાર પહેલી વીઝીટ રતલામ નજીક આવેલ પંચેડ આશ્રમમા થઈ.પંચેડ આશ્રમમા રોજ બપોરે ત્યાના સ્વીમીગ પુલમા શ્નાન કરી દરેક સાધકો ને આશારામ કહેતો હતો કે,આ ભ્રહમશ્નાન કરેલુ પાણી છે એને માથે ચઢાવો તો તમને બ્રહમશ્નાનનુ પુણ્ય મળશે.ત્યારબાદ આશારામ છોકરી છોકરાઓ ને જુદા કરી દેતા અને જુવાન છોકરીઓના સ્તન ઉપર પાણીની પીચકારીઓ મારતા.આ જોયા પછી મને વિચાર આવ્યો આ એક વીકૃત માનસ છતુ થાય છે.એ જ વીઝીટ દરમ્યાન એક સાંજે સુરતના એક ઉધ્ધીગપતિ એમના પત્ની જોડે આવેલા.ઉધ્ધીગપતિના પત્ની દેખાવડી હતી અને સાંજે આશારામે એને એકલીને કુટીયામા બોલાવેલી.અને એને કહયુ કે તુ દયાન કર હું આવુ છુ.આશારામ અડધી કલાક પછી આવ્યા અને સ્ત્રીની સામે ઉભા રહયા અને લુંગી ઉચી કરી એ સ્ત્રીને મુખ મૈથુન કરવા કહયુ.એ સ્ત્રી ડરી ગઈ ત્યાથી ભાગીને પોતાનો સામાન આશ્રમમા છોડીને એના પતિને લઈ રતલામ સ્ટેશને પહોચેલી.થોડા દિવસ પછી આશ્રમના એક પ્રતિસ્ઠીત સાધક અને પ્રતિસ્ઠીત ઉધ્ધીગપતિ કેશવલાલ વિઠૃલદાસ

પટેલને ફોન કરીને એને સુરત બોલાવ્યા અને શ્રી પટેલ સાહેબે મને પણ ફોન કરીને સુરત બોલાવ્યો અમારી ત્રણ ની મીટીગ સુરતમા બેલ્જીયમ ટાવરમા થઈ.સુરતના ઉધીોગપતિએ મને અને વિઠૃલભાઈ પટેલને કહેલુ કે,તમને મારી વાતમા જો વિશ્વાસ ન હોય તો હું મારી પત્નીને અત્યારે જ બોલાવુ અને તમે એમના મોઢે સાંભળો.મે નમ્રતા પૂર્વક ના પાડી. અને તે વખતે મારે અને પટેલ સાહેબ જોડે વાત થઈ એક વિકૃત માનસનુ દ્દષ્ટાત છે.આશારામને થોડા વખત પછી ખબર પડી કે,સુરતના ઉધીોગપતિએ મને આ વાત જણાવી ત્યારે આશારામે મને જબર જસ્ત ધમકાવ્યો.

(૩)...હું ફીઝીકલી આશારામના આશ્રમમા ૨૦૦૬ સુધી રહયો પરંતુ માનસીક રીતે માત્ર ૧૦ વર્ષ રહયો.હુ આશારામના આશ્રમમા રહેલો તેથી આશ્રમની ઘણી ગતી વીધીઓથી વાકેફ છુ.આશારામ વ્યાસપીઠ ઉપર બેસે ત્યારે પોતાને ભગવાન કહેવડાવે.વ્યાસપીઠ પર થી નીચે ઉતર્યાબાદ સાધકો ને કોઈને કોઈ બહાના હેઠળ મારે,ધમકાવે અને ગાળો આપે.આ રીતે સાધકોને હંમેશા ભયમા રાખવાની કાર્યપ્ર ણાલી હતી.આશારામે ત્રણ જાતના સાધકોના ગ્રુપ બનાવેલા.જેમા પૈસાવાળાઓ,વી.આઈ.પી કેટેગરીમા રહેતા,એજયુકેટેડ અને મીડલ કલાસ ને એ આશ્રમનો વહીવટ સંભાળવાનુ કહેતા અને અભણ સાધકોની પાસે કાળી મજુરી કરાવતા.પહેલા પ્રકારના સાધકો પાસેથી પૈસા પડાવવાનો કારશો કરતા અને પછીના બે કલાકસના સાધકો પાસેથી કામ કરાવી અઢળક પૈસો બચાવી પોતાનુ ખીસુ ભરતા.મારા કેસમા દર ગુરુપૂર્ણિમાએ બે દિવસ પહેલા ફોન કરી મારા પત્નીને પુછતો કે તુ ગુરુદક્ષીણામા શુ આપવાની.જયારે મારી પત્નીએ કહ્યુ કે અગીયાર હજાર રુપિયા અમારા દરેક તરફથી ત્યારે આશારામે કહ્યુ કે,ના

તારે મને પંદર હજાર રુપિયા જ આપવા.આશારામની નજર હંમેશા પૈસા ઉપર જ રહેતી.

(૪)...મારે સંતાનમા એક દિકરો અને એક દિકરી છે.મારો દિકરો અત્યારે જર્મનીમા રહે છે.મારી દિકરી અમીબહેન મારી સાથે રહે છે.અમીએ ન્યુરોસાઈકો સાયન્સનુ ભણીને એનીથેરાપીસ્ટ બની અને ૧ ૫૦ જાતના રોગો વગર દવાએ અને ઓપરેશને સારા કરી શકે છે.એની પાસે આખા ભારતમાંથી નહી પણ પ્રદેશ થી પણ લોકો ટ્રીટમેન્ટ માટે આવે છે.અને એક પીડીતા જેની જોડે આશારામે ઘણા લાંબા સમય સુધી દુષ્કર્મ કર્યુ તે માનસીક રીતે ખુબજ ડીસ્ટર્બ હતી.અને એ પીડીતાએ મારી દિકરીનો સંપર્ક કર્યો પછી એને ટ્ રીટમેન્ટ આપી સારી કરી.આ પીડીતાએ અમીના મનોવીષ્લેષણમા ખુલાસો કર્યો કે,આશારામે મારુ અનેકવાર યોનશોષણ કરેલુ છે.એ સિવાય બીજી એક પીડીતાને અમીએ ટ્રીટમેન્ટ આપીને સારી કરી એ પીડીતાનુ પણ આશારામે યોનશોષણ કરેલુ હતુ.

(૫)...૧૯૯૯માં એકવાર મળશ્કે આશારામે મારી પત્નીને ફોન કર્યો અને કહ્યુ કે,બ્રહમમુરતમા સાધકો ગુરુસ્મરણ કરે છે જયારે તુ કેટલી નસીબદાર કે ગુરુ તને યાદ કરે છે.આશારામે મારી પત્નીને કહ્યુ કે,અનંગના લગ્ન બીના ભટ્ટ જોડે કરી દેવાના.બીના ભટ્ટ એ આશ્રમના એક સાધક પ્રફુલ ભટ્ટના ભત્રીજી હતા અને ઈગ્લેન્ડ વાસી હતા.આશારામે મારી પત્નીને સ્પષ્ટ શબ્દોમા કહ્યુ કે,આ ગુરુઆજ્ઞા છે.લગ્ન આશ્રમમા લેવાયા.અને અમે આશારામના પુત્ર નારાયણને આમંત્રણ નહોતુ આપ્યુ છતા નારાયણ ત્યા આવી ગયો અને મારા દિકરાની જગ્યાએ આશારામે બીનાની શેથીમા શીંદુર પુર્યુ અને મંગલશુત્ર પહેરાવ્યુ.લગ્નવીધી બાદ જયારે અમો બીનાને ઘરે લઈ આવ્યા

ત્યારે બીનાએ અનંગને સ્પષ્ટ શબ્દોમા કહયુ કે,તુ મારો ભાઈ છે અને નારાયણ મારો પતિ છે.બીના અમારા ઘરે રહી વારંવાર નારાયણને મળવા જતી અને નારાયણ જયારે બોલાવે ત્યારે પણ બીના જતી.પછી થી અમે બીનાના ભાઈ જોડે વાત કરી તે ભાઈ બીનાને ઈંગ્લેન્ડ લઈ ગયા અને અમારા પુત્રથી બીનાના છુટાછેડા લીધેલા.

(૬)...આ બનાવ પછી તરત જ બીજે દિવસે સવારે છ વાગે મારા પત્નીએ આશારામને ફોન કરેલો.આશારામે મારા પત્નીને કહયુ કે,હુ નારાયણને વાત કરીશ.નારાયણ બીજે દિવસે અમારે ઘરે આવ્યો અને અમને કહયુ કે પહેલાના જમાનામા રુષીસંતો અનેક પત્નીઓ રાખતા તો મારા માટે આ કાંઈ નવાઈનુ નથી.નારાયણના આ વકતવ્ય અને આશારામની બીન જવાબદાર વર્તણૂકે અમોને હચમચાવી દિધા.અને તે દિવસથી અમોએ આશ્રમ જોડે અંતર રાખવાનુ ચાલુ કરી દીધુ.અમારાથી તરત ને તરત આશ્રમ છોડાય તેવુ હતુ નહી કારણ કે,આશારામની સામે પડનારનો કેવો અંજામ આવે છે તે મે નજરો નજર જોયેલો છે ત્યારથી અમો ડરમા રહેવા લાગ્યા.

(૭)...મારી પોતાની મીલકતમાંથી આશારામ વારંવાર એક યા બીજા બહાને કોઈને કોઈ પ્રોઝેકટમા મને પૈસા નાખવા કહેતા હતા.અને ૨૦૦૨ સુધીમા હું નાણાકીય રીતે ભાંગી પડેલો.મારા પૈસા સૌથી પહેલા મે મોટેરા આશ્રમમા ઘર બનાવ્યુ તેમા ચાર પાંચ લાખ રુપિયા ખર્ચાઈ ગયેલા બીજુ મારી પાસે સુરત આશ્રમની બાજુમા જમીન લેવડાવી પરંતુ તે સુરત આશ્રમની જમીનનો દસ્તાવેજ ન થઈ શકયો.કારણ કે તે વખતના કાયદા મુજબ ૮કી.મી ના વીસ્તારમા આવતી જમીન જ ખેડુત તરીકે લઈ શકાય.હું અમારી પૈતુક સંપતી જે વાપીમા છે તે સુરત થી ૮ કી.મી કરતા વધારે દુર હતી એટલે આશારામે તે જમીન મનહર પુરષોત્તમ

પટેલના નામે કરાવેલી. અને આજે પણ એના કબજામા છે એ જમીનના પણ મે ૫ લાખ રુપિયા આપેલા હતા.

(૮)...આશારામના આશ્રમમા જુદાજુદા વિભાગોનુ સંચાલન જુદીજુદી વ્યકિતઓ કરતી હતી જેમ કે,પ્રચારપ્રસાર હુ કરતો હતો એ સિવાય રામભાઈ ઠકકર,અરવિંદ પટેલ,કૌશીક પટેલ,ભાણાભાઈ પટેલ,રાજુ ચંડક જુદાજુદા વિભાગો સંભાળતા હતા.અને મહીલા આશ્રમના મુખ્ય સંચાલીકા ધ્રુવબહેન હતા.બધાજ સંચાલકો એ આશારામના આદેશનુ અક્ષરસહ પાલન કરવુ પડતુ.નહી કરનારને આશારામ જાહેરમા પણ ફટકારતા,ઠપકો આપતો,ગુસ્સે થતો.હું પ્રચારપ્રસારના કામના સંદર્ભે રુષીપ્રસાદ મેગેઝીન ચલાવતો અને બાળ સંસ્કાર કેન્દ્રની પ્રવૃતિ પણ સંભાળતો.રુષીપ્રસાદના પ્રથમ અંકના બધાજ લેખો મે લખ્યા હતા એટલે સત્યની દૃષ્ટિએ મે લેખક તરીકે મારુ નામ લખ્યુ.એડીટીગ કરતા આશારામે લેખકમા મારુ નામ જોતા આશારામ ખુબ ભડકી ગયો.અને સ્પષ્ટ આજ્ઞા કરીકે,રુષીપ્રસાદના બધાજ લેખોમા લેખક તરીકે આશારામનુ જ નામ લખવુ.હકીકતમા આશારામ પાસે ભ્રમજ્ઞાનનુ નોલેજ નહીવત હતુ.એ ભાડુતી નોલેજનો વધારે ઉપયોગ કરતો.શરુ શરુમા આશારામ રજનીશ(ઓશો)ના પ્રવચનો વાંચી પ્રવચનો આપતો.અને એણે ફરમાન બહાર પાડયુ હતુ કે,આશ્રમના કોઈપણ સાધકે રજનીશના પુસ્તકો વાચવા નહી.ત્રણ ચોપડી ભણેલો આશારામ ખરેખર પોતાને ભ્રહમજ્ઞાની કહેવડાવતો પરંતુ વાક પટુતા થી લોકોના બ્રેઈનવોશ કરતો.એને સંતસંગમા શુ કહેવુ તેનુ પણ તેને ભાન ન હતુ.એટલે મને સંદેશો મોકલે કે મને મસાલો જોઈએ છે.હુ અને મારા પત્ની એના માટે મસાલો તૈયાર કરતા અને મોકલતા.મસાલો એટલે પ્રવચન માટેનુ મટીરીયલ.

(૯)...આશ્રમની ગતીવીધીઓમા સાધકોએ સવારે વહેલા ઉઠી ત્રીકાળસંદયા કરવી પડતી.આશારામે પૈસા બચાવવાનો એક કારશો શોધી કાઢેલો જેમા સંદયામા ન આવનારને ભોજન નહી અને જયારે પણ ગ્રહણ હોય ત્યારે રસોડુ સંપૂર્ણ રીતે બંધ કરી દેતો.

(૧૦)...જો કોઈ સાધક બીમાર પડે તો આશારામ તેની દવા કરાવતા નહી અને તે સાધકને ઘરે મોકલી દેતા અને તે રીતે પૈસા બચાવતા હતા. જે સાધકો આશારામને ભેટ સોગાદો મુકતા તે આશારામ વાપરતો નહી પરંતુ દુકાનમાં મુકીને વેચી મારતો. પૈસા બનાવવાના બીજા કારસામાં વાપીમાં ડો.આશા અને ડો.તુષાર દિક્ષીતની જોડે સ્પર્મબેન્ક ચાલુ કરી સ્પર્મ વેંચવાનુ પ્રપોઝલ આશારામે આપેલુ અને એ સ્પર્મમાંથી જે ઈનકમ થાય તે આશારામ અને બંને ડોકટરો અડધી અડધી વેંચી લેતા.એ સ્પર્મમાં સ્પર્મનુ દાન આશારામ,નારાયણ અને સુરેશ કરીને એક સાધક કરશે એવુ સુચવેલુ. પરંતુ આ બંને ડોકટરોએ એ પ્રસ્તાવ સ્વીકાર્યો નહી. અમે જયારથી આશ્રમથી અંતર રાખવા માંડયા એટલે મારા દિકરો અને દિકરીએ અમદાવાદમાં નોકરી શોધી, મારી દિકરી એક સ્કુલમાં ટીચરોને અંગ્રેજી શીખવવા માટે ગઈ તો આશ્રમમાંથી ટેલીફોન ઓપરેટર ગોકુલે ફોન કર્યો અને મારી દિકરીને કહયુ કે આશારામ વાત કરવા માંગે છે. અમીને પ્રપોઝલ આપ્યો કે તુ આશ્રમના શિક્ષિકાઓને અંગ્રેજી શીખવ ત્યારે મારી દિકરીએ એટલુ જ કહયુ કે આશારામે અમને પૈસાથી ખાલી કરી દીધા એટલે મારે નોકરી કરવી પડે છે જો આશારામ મને મહિને રૂા.૩૦,૦૦૦/– આપે તો હુ એ સેવા આશ્રમને આપુ. રૂા.૩૦,૦૦૦/–ની વાત આવતા જ આશારામે ફોન કાપી નાખ્યો.

(૧૧)...એ સિવાય મે જોયેલી ગતિવિધીઓમાં અને જાણેલી ગતિવિધીઓમાં મારા પત્નીએ મને જણાવ્યુ કે નારાયણની પત્નીની મોટી બહેન કોમલ ક્રિષ્ના નીને ગર્ભપાત કરાવવો પડયો. આશ્રમમાં મુખ્ય એક ગતિવિધી ઢેલ, બગલો, ધ્રુવ, ભારતી આ લોકો આશારામ માટે  છોકરીઓને સપ્લાય કરવાનુ કામ કરતા હતા. ઢેલ અને બગલાની આશારામ જોડેની નીકટતામાં આશારામ જે જુવાન છોકરી ગમતી તેને કયાં તો ફ્રુટ આપે અથવા એના ઉપર ટોર્ચથી લાઈટ ફેંકે. ઢેલ અને બગલો આશારામના એ ઈશારા સમજી જતા અને આ ચારમાંથી પ્લાનીંગ કરીને તે છોકરીને શાંતિવાટીકા અથવા તો નારાયણ વાટીકા પહોંચાડી દેતા. કોઈ છોકરી જો માથાભારે હોય અને દાદ ન આપે તો લક્ષ્મીબેન ઉર્ફે આશારામના પત્ની તેને ધમકાવીને મોકલતા.

(૧૨)...આશ્રમમાં વ્યવસ્થિત રીતે બે વિભાગ પાડેલા. ઉંમરવાન અનુષ્ઠાન કરવા આવતી બહેનોને એક જગ્યાએ અનુષ્ઠાન કરવા દેતા જયારે જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતિવાટીકામાં મોકલવામાં આવતી. અને એમને દિવ્ય શકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભૂતિ થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતો.

(૧૩)...છોકરીઓ મેળવવાનો એક બીજો ઉપાય જે સાધક છોકરી આશારામને ગમતી અને જો તે રૂપાળી હોય વધુ માં તે સીંધી હોય તો આશારામ તે છોકરીને નારાયણ જોડે લગ્નની લાલચ આપી આશ્રમમાં કાયમ માટે રાખી લેતો. મારૂ પોતાનુ અનુમાન છે જે મે આશ્રમમાં જોયુ અને સાંભળ્યુ કે આશારામે અનેક અનેક છોકરીઓ જોડે દુષ્કર્મ કર્યા છે.

(૧૪)...આશારામની એક ફીલોસોફી પ્રમાણે એ કદી પણ એસ.સી., એસ.ટી. છોકરાને પોતાના રસોઈયા તરીકે કદી પણ ન રાખતો. તેણે આ વાત સતસંગમાં

પણ કરી હતી. આશારામ જયારે સાધકોને ગાળો દેતો મારતો તો બહાનુ બતાવતો કે આ ગુરુ લીલા છે તમારી પરીક્ષા છે અને ગુરૂ તમારા કર્મો કાપી રહયા છે.

(૧૫)...આશ્રમમાં એ સતસંગમાંથી એ હંમેશા કહેતો કે શાદી હે બરબાદી એ ધુન ગવડાવી નચાવતો. અને કોઈપણ સાધકને પરણાવતા અટકાવતો. પરંતુ બેવડા ધોરણવાળા આશારામે તેના જ પુત્ર અને પુત્રીને પરણાવી દીધા.

(૧૬)...આશારામ જુઠુ બોલવામાં ખુબ જ માહીર હતો. એની પોતાની છપાવેલી પુસ્તીકા આશારામાયણમાં લખાવ્યુ હતુ કે તેના જન્મ વખતે એક સોદાગર ઝુલો લઈને આવ્યો હતો. મારો દિકરો અનંગ મહેંગીબાની ખુબ જ સેવા કરતો હતો. અનંગે ઘણી વાતો મહેંગીબાને પુછી હતી અને તેની અંદર એક દિવસ ઝુલાની વાત નીકળી. મહેંગીબાએ ઘરાર ના પાડી દીધી કે કોઈ ઝુલો આવ્યો ન હતો. મારા દિકરા અનંગે એનુ વિડીયો રેકોર્ડીંગ કર્યુ તે સમયે ભારતી ત્યા હાજર હતી. ભારતીએ આ વાત તરત આશારામને કરી. આશારામે થોડા ગુંડા ટાઈપના સાધકોને મોકલી અનંગ પાસેથી વિડીયો કબજે કરી નષ્ટ કરી દીધો.

(૧૭)...આશારામના બેવડા ધોરણમાં મારી માનુ જયારે મૃત્યુ થયુ ત્યારે મને ના તો મારી માના મૃત્યુ સમયે જવા દીધો ના તો તેની કોઈ ઉત્તરક્રિયામાં ભાગ લેવા દીધો. આવા અનેક બનાવો અમને ખુબ જ પરેશાન કર્યા. અમારી આશારામ તરફની ધૃણા, નફરત વધતી ગઈ અને અમે સને ૨૦૦૬માં અમારૂ મહેંગીબાનુ ઘર વેંચી કોઈને કહયા વિના આશ્રમ છોડી ભાગી ગયા.

(૧૮)...મહિલા આશ્રમ પુરુષ આશ્રમની બાજુમાં જ હતો. ત્યાં બહેનો પાસે ધ્રુવબેન જેવા સંચાલક ધ્વારા કાળી મજુરી કરાવતો હતો. હું મહિલા આશ્રમની ઘણી છોકરીઓને ઓળખતો હતો જેમ કે તૃપ્તીબેન, વર્ષાબેન, શીતલબેનના

નામ યાદ છે. મારા કુટુંબે જે મકાન બનાવેલુ તે મહિલા આશ્રમના પરીસરમાં જ હતુ અને અમારા ઘરની બારીઓમાંથી બધી ગતિવિધીઓ મારા પત્ની અને મારા બાળકો જોતા હતા. અને જે જોયુ તેનાથી અમારો આશારામ પ્રત્યેનો વિશ્વાસ અને શ્રધ્ધા ખુબ જ ઓછા થઈ ગયા. એટલે કેનેડા જે કારણે મે છોડેલુ તે કારણ ફળીભુત ન થયુ મને મુર્ખ બનાવવામાં આવ્યો અને આવા ઢોંગી, દુષ્કર્મી, ધુતારા પરિવારથી છુટકારો મેળવવા અમે અમારી રીતે નવી જીંદગી શરૂ કરી.

(૧૯)...આશારામે શીતલબેન અને તૃપ્તીબેન જોડે દુષ્કૃત્ય કર્યુ હતુ. તૃપ્તીબેન જોડે થયેલા દુષ્કૃત્યોની માહિતી મને રાકેશ પટેલે આપેલી અને શીતલબેન જોડે થયેલા દુષ્કૃત્યો વિશે મે પાછળથી જાણેલુ. આવી ઘણી છોકરીઓ સાથે આશારામે દુષ્કૃત્યો કરેલા.

(૨૦)...હુ કોર્ટમાં હાજર તમામ આરોપીઓને ઓળખુ છુ. હુ તેઓને જોયે તથા નામથી સારીરીતે ઓળખુ છુ. વિડીયોકોન્ફરન્સથી આશારામ હાજર છે તે સિવાય કોર્ટમાં ભારતી, ઢેલ, બગલો, ધ્રુવ અને જશી હાજર છે. લક્ષ્મીબેન હાજર નથી. આરોપી જશી સીકયુરીટીમાં ચોકીદાર હતી. આરોપી ધ્રુવ મહિલા આશ્રમમાં સંચાલીકા તરીકે હતા. આરોપી ઢેલ અને બગલો આશ્રમને સમર્પીત ન હતા પરંતુ આશારામની ખુબ જ નજીક રહી જયારે આશારામ વ્યાસપીઠ પર હોય અથવા લટાર મારવા નીકળ્યા હોય તે વખતે તેમની ખુબ જ નજીક રહી આશારામના ઈશારાઓને સમજીને છોકરીઓને ફસાવી, ફોંસલાવીને આશારામની વાટીકા સુધી પહોંચાડવાનુ કામ કરતા હતા. આ કાર્યમાં ભારતી પણ છોકરીઓને લઈ જવાનુ અને લાવવાનુ કામ કરતી હતી.

(૨૧)...આશારામની વાટીકા મુખ્ય આશ્રમથી લગભગ ઈશાન ખુણે બે થી ત્રણ કી.મી.ના અંતરે આવેલી છે. શાંતિવાટીકામાં આશારામ વ્યકિતગત રીતે રહેતા

હતા. હુ જયારે એક વખત શાંતિવાટીકા કુટીયાના ઓટલા પર બેઠો હતો ત્યારે આશારામ કોડલેસ ફોનનો ઉપયોગ કરતા કરતા વાતો કરતા રહેતા. બીજી જે વાટીકા જે તદ્દન નજીકમાં હતી જે આશરે સો–દોઢસો ફુટ દુર તે જ રોડ પર તેનુ નામ આપવામાં આવેલુ હતુ નારાયણવાટીકા. અને આશ્રમમાં ચાલતી ચર્ચાઓ મુજબ આશારામ અને નારાયણની રાસલીલાઓ નારાયણ વાટીકામાં વધુ રમાતી હતી. એ નારાયણ વાટીકામાં કોઈપણ પુરુષ સાધકને અનુષ્ઠાન માટે અનુમતિ મળતી ન હતી. માત્ર ને માત્ર જુવાન છોકરીઓને જ ત્યાં અનુષ્ઠાનના નામે રાખવામાં આવતી. રાસલીલા એટલે મારા માનવા મુજબ ઐયાશી એટલે કે સેકસ્યુઅલ એકટીવીટી. નારાયણ વાટીકામાં આશારામનો છોકરો નારાયણ તાં ત્રીક વિધીઓ પણ કરતો.

(૨૨)...મે વ્યકિતગત રીતે ઢેલ અને બગલાને છોકરીઓને નારાયણવાટીકા લઈ જતા જોયા છે અને મારા પત્નીએ ભારતીને પણ છોકરીઓને નારાયણવાટીકા લઈ જતા જોયેલા છે. પોલીસે મારી પુછપરછ કરી નિવેદનો નોંધેલા છે. પોલીસે બે વાર મારી પુછપરછ કરેલી. મારૂ પહેલુ નિવેદન ચાંદખેડા પો.સ્ટે.માં લેવામાં આવેલુ. બીજુ નિવેદન મારા બરોડાના રહેઠાણે લેવામાં આવેલુ. મારૂ પહેલુ નિવેદન ચાંદખેડા પો.સ્ટે.માં શ્રી ગોહીલ સાહેબે લીધેલુ અને બીજુ નિવેદન ડો.કાનન દેસાઈએ લીધેલુ.

**(૬૨.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ દ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨૯). એ વાત ખરી છે કે, સને ૧૯૯૧માં હુ આશારામના આશ્રમમાં હતો. મને આજે યાદ નથી કે, સને ૧૯૯૧ માં એક અમેરીકન લેડીએ આશ્રમમાં અંગ્રેજીમાં ભાષણ આપેલુ જે મે ગુજરાતીમાં અનુવાદ કરી સાધકોને સંભળાવેલુ. મને એ વાતની

ખબર નથી કે,આ કાર્યક્રમની વિડીયોગ્રાફી થયેલી. મને જો આ વિડીયોગ્રાફીની સીડી બતાવવામાં આવે તો કદાચ યાદ આવે. (૩૧) મને આજે યાદ નથી કે, મે આશારામના કયા કયા આશ્રમમાં સંચાલક તરીકે કામગીરી કરેલી. હુ આશરે પણ કેટલા આશ્રમમાં સંચાલક તરીકે રહેલો તે કહી શકુ તેમ નથી. હુ ઈન્દોરના આશ્રમમાં સંચાલક તરીકે રહેલો પરંતુ કેટલા વર્ષ સુધી તે આજે યાદ નથી. એ વાત ખરી છે કે, હુ સને ૧૯૯૧ થી ૧૯૯૪ સુધી ઈન્દોર આશ્રમમાં સંચાલક તરીકે હતો. હવે હુ કહુ છુ કે, સને ૧૯૯૧ થી ૧૯૯૪ સુધી તે ચોકકસ યાદ નથી. હુ સને ૧૯૯૧ થી ૧૯૯૪ના સમયગાળા દરમ્યાન કેનેડા કયારે ગયેલો તે પણ આજે યાદ નથી.મને આજે યાદ નથી કે, હુ સને ૧૯૯૨ થી ૧૯૯૩ના સમયગાળા દરમ્યાન કેનેડા ગયેલો. સાહેદ જણાવે છે કે, હુ કેનેડા ગયેલો પરંતુ કયા સમયે તે આજે યાદ નથી. મને એ વાતની ખબર નથી કે, સ્નાનાગાર અંગે સરકારી લાયસન્સ મેળવવુ પડે. એ વાત ખરી છે કે, ઈન્દોરના આશ્રમમાં કોઈ સ્નાનાગાર ન હતુ. એ વાત ખરી છે કે, પંચેડ આશ્રમમાં હુ કયારેય સંચાલક તરીકે રહેલો નથી. એ વાત ખરી છે કે, પંચેડ આશ્રમની કાર્યવાહી અંગે મને કોઈ નોલેજ નથી. મને ચોકકસ યાદ નથી કે, આશારામના જે જે આશ્રમોમાં હુ સને ૧૯૯૦ થી ૨૦૦૬ દરમ્યાન ગયેલો ત્યાં મહિલાઓ અને પુરુષો માટેના આશ્રમો અલગ અલગ હતા. મને સુરત આશ્રમ વિશે થોડી ઘણી માહિતી છે. એ વાત ખરી છે કે, સુરત આશ્રમમાં માત્ર પુરુષો માટેનો આશ્રમ છે. એ વાત ખરી છે કે, મોટેરા આશ્રમમાં પુરુષો અને મહિલાઓ માટેના આશ્રમો જુદા જુદા છે. એ વાત ખરી છે કે, શાંતિવાટીકા અને નારાયણવાટીકામાં કોઈ આશ્રમ નથી. એ વાત ખરી છે કે, ઈન્દોર આશ્રમમાં જે તે વખતે માત્ર પુરુષો માટેનો આશ્રમ હતો. એ વાત ખરી છે કે, પંચેડ આશ્રમમાં પણ માત્ર પુરુષો માટેનો આશ્રમ હતો. (૩૨) હુ આશારામના આશ્રમમાં રહેલો તે દરમ્યાન મને સરતપાસમાં જણાવેલ વિગતોની

માહિતી મળેલી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૬માં આશ્રમ છોડયા બાદ સને ૨૦૧૩ સુધી હુ આશ્રમ બહાર સ્વતંત્ર રીતે મારા પરિવાર સાથે રહેતો હતો. એ વાત ખરી છે કે, સને ૨૦૧૩માં મે પોલીસ રૂબરૂ નિવેદનો આપ્યા તે અગાઉ આ નિવેદનની વિગતો મે પોલીસને જણાવેલી ન હતી. એ વાત ખરી છે કે, સને ૨૦૧૩માં મે પોલીસ રૂબરૂ નિવેદનો આપ્યા તે અગાઉ આશ્રમ અંગેની વિગતો મે લેખીતમાં પણ સરકારશ્રીને કે કોઈ સરકારી અધિકારીને આપેલ ન હતી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૦ થી ૨૦૦૬ સુધીના ગાળામાં હુ નેતાઓને, સરકારી અધિકારીઓને અને પોલીસ અધિકારીઓને પણ મળેલો હતો. એ વાત ખરી છે કે, હુ આ લોકોને એક થી વધુ વખત મળેલો. એ વાત ખરી છે કે, મે સરતપાસમાં જે વિગતો જણાવી તે અંગે કોઈ લેખીત નોંધ રાખેલ ન હતી. (૩૩) એ વાત ખરી છે કે, વાપીની જમીન મારા માતૃશ્રીના નામે માલીકીહકે હતી. એ વાત ખરી નથી કે, મારા માતાએ વાપી વાળી જમીન રજીસ્ટર્ડ ગીફ્ટ ડીડથી આશારામના આશ્રમને આપેલી. એ વાત ખરી નથી કે, આવા કહેવાતા ગીફ્ટડીડમાં મે સાક્ષી તરીકે સહી કરેલી. એ વાત ખરી છે કે, આશારામે મારી સુરતની જમીન મનહર પરષોત્તમ પટેલના નામે કરાવેલી તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મે પોલીસમાં કે આ કામે રજુ કરેલ નથી.

સવાલ– તમે જમીનના રૂપિયા પાંચ લાખ ચુકવેલા તે અંગે કોઈ પહોંચ મેળવેલ નહી કે પોલીસમાં રજુ કરેલ નહી.

જવાબ–મને આશ્રમ તરફથી કોઈ પહોંચ આપવામાં આવેલ ન હતી તેથી તે મે પોલીસમાં રજુ કરેલ નથી.

(૩૫) એ વાત ખરી નથી કે, સને ૧૯૯૨માં કુંભમેળામાં આશારામના તમામ કાર્યક્રમો મે સંભાળેલા અને તેનુ આયોજન પણ મે કરેલુ. સાહેદ જણાવે છે કે,

અમુક કાર્યક્રમોનુ આયોજન મે કરેલુ અને સંભાળેલુ. એ વાત ખરી નથી કે, જાન્યુઆરી–૧૯૯૮ થી સને ૨૦૦૦ સુધી છીંદવાડાના આશ્રમનુ સંચાલન મે સંભાળેલુ. એ વાત ખરી છે કે, સને ૧૯૯૫ થી ૧૯૯૮ સુધી મે અમદાવાદથી સુરત આવન જાવન કરેલી અને વોટરવર્કસ પાસેથી જમીન સંપાદન અંગેની કાર્યવાહી કરેલી. સાહેદ જણાવે છે કે, સાલ ચોકકસ યાદ નથી. એ વાત ખરી નથી કે, મારી દિકરીએ રૂ.૩૦,૦૦૦/– પગારની માંગણી કરેલી જે આપવાની આશારામે ના પાડેલી તેથી મે આશ્રમ છોડી દીધેલો. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૪–૨૦૦૫ના ગુરૂપુર્ણિમાના પ્રસંગે માઈક ઉપર અમારૂ અપમાન કરી કહેલ કે ઈશ્વર નાયકના પુત્ર  અનંગ પરદેશથી બધી વસ્તુઓ મંગાવે છે પૈસા આપતો નથી તેના કારણે અનંગની પત્ની બીના તેને છોડીને ચાલી ગઈ અને હવે કેવો ફરે છે તેવુ કહેલ જે મને મારૂ અપમાન લાગેલુ તેથી આશ્રમ છોડવાનુ નકકી કરેલુ.  એ વાત ખરી નથી કે, આ વાકયથી મારી શ્રધ્ધા તુટી ગયેલી. એ વાત ખરી નથી કે, આ કારણસર કોઈને કહયા વિના મે આશ્રમ છોડી દીધેલો. એ વાત ખરી છે કે, સને ૧૯૯૯માં મારી શ્રધ્ધા તુટી ગયેલી. એ વાત ખરી છે કે, શ્રધ્ધા તુટી જવાથી મે નકકી કરેલુ કે હવે આશ્રમમાં રહેવુ નથી. એ વાત ખરી છે કે, તેમ છતાં હુ સને ૨૦૦૬ સુધી આશ્રમમાં રહેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આશારામની સામે પડનારને આશારામ તમામ રીતે નષ્ટ કરી દે છે તેથી તેવા ડરના કારણે મે છ વર્ષ સુધી કોઈને કાઈ કહેલુ નહી અને આશ્રમમાં રહેલો. એ વાત ખરી છે કે, આ ખુલાસો હુ આજરોજ પ્રથમ વખત કરૂ છુ.(૩૭)   એ વાત ખરી છે કે, મારા પત્ની મહિલા આશ્રમમાં ટ્રસ્ટી હતા. મને આજે યાદ નથી કે, મારા પત્ની કયા વર્ષથી કયા વર્ષ દરમ્યાન મહિલા આશ્રમમાં ટ્રસ્ટી હતા. મને આજે યાદ નથી કે, મારા પત્ની મહિલા આશ્રમમાં ટ્રસ્ટી હતા તે દરમ્યાન આશ્રમની આક્ષેપિત વાતો મને કયા વર્ષ કે સમયગાળા દરમ્યાન કરેલી. મારા પત્નીએ મને મહિલા

આશ્રમની આક્ષેપિત વાતો જણાવેલી તે અંગે મે જે તે વખતે કોઈ લેખીત નોંધ કરેલી ન હતી. એ વાત ખરી છે કે, મારા પત્ની અને દિકરી બંને મહિલા આશ્રમમાં રહેતા હતા. મારા પત્ની અને દિકરી મહિલા આશ્રમમાં પાણી ટાંકીની બાજુના પોતાના મકાનમાં રહેતા હતા. હુ કહી શકુ નહી કે મહિલા આશ્રમનો મેઈન ગેટ ડામર રોડથી બસો–અઢીસો ફુટના અંતરે આવેલો હતો. એ વાત ખરી નથી કે, હુ અને મારો પુત્ર અનંગ બંને જણા પુરુષના આશ્રમમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, મહિલા આશ્રમમાંથી શાંતિવાટીકા કોણ વ્યકિત જાય આવે છે તે મહિલા આશ્રમમાં રહેતી વ્યકિત જોઈ શકે નહી. (૩૯) એ વાત ખરી છે કે, મારૂ પ્રથમ નિવેદન તા.૧૫–૧૧–૧૩ના રોજ ચાંદખેડા પોલીસે નોંધેલુ. આ નિવેદન આપવા આવવા માટે પોલીસે મને કયારે માહિતી આપેલી તે આજે યાદ નથી. પોલીસે મને રૂબરૂમાં કે ફોનથી કે પત્રથી આ માહિતી આપેલી તે આજે યાદ નથી. મને આશરે અઠવાડીયુ–દસ દિવસ અગાઉ પોલીસે માહિતી આપેલી. નિવેદન આપવા આવવા માટે મે સામેથી પોલીસનો સંપર્ક કરેલ ન હતો. હુ રાજુ ચાંડક, અમરત વૈદ્ય અને મહેન્દ્ર ચાવલાને ઓળખુ છુ. હુ આશ્રમમાં આવ્યો ત્યારથી રાજુ ચાંડકને ઓળખતો હતો. એ વાત ખરી છે કે, રાજુ ચાંડક સાબરમતી ખાતે રહેતો હતો. મને આજે યાદ નથી કે પોલીસે નિવેદન આપવા મને બોલાવ્યો તે અગાઉ મારે રાજુ ચાંડક સાથે ટેલીફોન પર વાતચીત કરવાના સંબંધો હતા. હવે હુ કહુ છુ કે, મે પોલીસમાં નિવેદન આપ્યુ તે અગાઉ મારે રાજુ ચાંડક, અમરતભાઈ અને મહેન્દ્રભાઈ સાથે બે ત્રણ વખત ટેલીફોન પર વાતચીત થયેલી. એ વાત ખરી નથી કે, આ ત્રણેયને પણ આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલા હતા. એ વાત ખરી છે કે, મારી સાથે વાતચીત થઈ તે દરમ્યાન આ ત્રણેય ઈસમો આશ્રમમાં રહેતા ન હતા. પોલીસે મને શી બાબતમાં નિવેદન લેવાનુ છે તે અંગે માહિતી આપેલી. મને આજે યાદ નથી કે, તે વખતે પોલીસે મને શુ કહેલુ. એ વાત ખરી

છેકે, ભોગબનનારના કેસ અંગે મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, મે પોલીસમાં નિવેદન આપેલુ તે દરમ્યાન મારે ભોગબનનાર સાથે કોઈ વાતચીત થયેલ ન હતી. એ વાત ખરી છે કે, હુ ભોગબનનારને વ્યકિતગત રીતે ઓળખતો નથી.(૪૦)એ વાત ખરી છે કે, ચાંદખેડા પોલીસે મારૂ નિવેદન વિડીયોગ્રાફીથી નોંધેલુ. પોલીસે મને નિવેદન આપવા આવવા બોલાવેલો ત્યાથી લઈને મે પોલીસમાં મારૂ પ્રથમ નિવેદન આપેલુ તે દરમ્યાન મે મારી સાથે બનેલ પ્રસંગો અંગે કોઈ લેખીત યાદી તૈયાર કરેલ ન હતી. એ વાત ખરી છે કે, મને તમામ પ્રસંગો યાદ હતા. એ વાત ખરી છે કે, તા.૧૫–૧૧–૧૩ના નિવેદનમાં મે જે કાઈ લખાવેલુ તે તમામ હકીકતો મને યાદ હતી. એ વાત ખરી નથી કે, આ નિવેદનમાં લખાવ્યા સિવાય હુ આશારામ અંગે કાઈ જાણતો ન હતો. એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નિવેદન નોંધી લીધા બાદ મને વંચાવેલુ. એ વાત ખરી છે કે, તે નિવેદનમાં લખેલી તમામ વિગતો મારા લખાવ્યા મુજબની સાચી હતી. એ વાત ખરી છે કે, આ નિવેદનમાં લખેલી વિગતો અંગે મે પોલીસને કોઈ ફરિયાદ કરેલી નહી. મને તા.૧૫–૧૧–૧૩નુ મારૂ પોલીસ રૂબરૂનુ નિવેદન બતાવવામાં આવે છે તેમાં પેજ નં.૩ પર છેલ્લે 'આ સિવાય આશારામ વિશે હુ કાઈ જાણતો નથી' તેવુ લખાવેલુ છે. (૪૧)એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'મે કહેલુ કે મને આમા કોઈ અનુભવ નથી.' એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'ત્યા આશારામે મને મારૂ પોતાનુ મકાન બનાવીને મારા ખર્ચે રહેવાનુ કીધુ.' એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'શરૂઆતમાં મને જુદા જુદા આશ્રમમોમાં એક પ્રદર્શનરૂપે રજુ કરીને પોતાની વાહ વાહ કરાવતા.' એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ

લખાવેલ નથી કે, 'પંચેડ આશ્રમમાં રોજ બપોરે ત્યાંના સ્વીમીંગ પુલમાં સ્નાન કરી દરેક સાધકોને આશારામ કહેતો હતો કે બ્રહમસ્નાન કરેલુ પાણી છે એને માથે ચડાવો તો તમને બ્રહમસ્નાનનુ પુણ્ય મળશે.' એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.3માં જણાવેલી વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'એ સિવાય બીજી એક પિડીતાને અમીએ ટ્રીટમેન્ટ આપીને સારી કરી એ પિડીતાનુ પણ આશારામે યૌનશોષણ કરેલુ હતુ.' નોંધ:– આ તબકકે સરતપાસના પેરા નં.૫ માં લાઈન નં.૬ માં 'મારા દિકરાની જગ્યાએ નારાયણે બીનાની સેથીમાં સીંદુર પુર્યું.' તે વાકયમાં નારાયણને સ્થાને આશારામ શરતચુકથી ટાઈપ થયેલાનુ ધ્યાને લાવવામાં આવતા બંને પક્ષની સંમતિથી આશારામની જગ્યાએ નારાયણ શબ્દ વંચાણે લેવા નોંધ રાખવામાં આવે છે. (૪૨) એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'બીના અમારા ઘરે રહી વારંવાર નારાયણને મળવા જતી અને નારાયણ જયારે બોલાવે ત્યારે પણ બીના જતી.(૪૩)એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'આ બનાવ પછી તરત જ બીજે દિવસે સવારે છ વાગે મારા પત્નીએ આશારામને ફોન કરેલો. આશારામે મારા પત્નીને કહયુ કે, હુ નારાયણને વાત કરીશ. નારાયણ બીજા દિવસે અમારે ઘરે આવ્યો અને અમને કહયુ કે પહેલાના જમાનામાં ઋષિ સંતો અનેક પત્નીઓ રાખતા તો મારા માટે આ કાઈ નવાઈનુ નથી. નારાયણના આ વકતવ્ય અને આશારામની બીનજવાબદાર વર્તણૂકે અમોને હચમચાવી દીધા.' એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'કારણ કે,

અશારામની સામે પડનારનો કેવો અંજામ આવે છે તે મે નજરોનજર જોયેલો છે ત્યારથી અમો ડરમાં રહેવા લાગ્યા.' એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૭માં જે વિગતો જણાવેલી છે તે મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા સરતપાસના પેરા નં.૮ માં 'અને મહિલા આશ્રમના મુખ્ય સંચાલિકા ધ્રુવબેન ................ મસાલો એટલે પ્રવચન માટેનુ મટીરીયલ.' લખાવેલ છે તે વિગત તા.૧૫-૧૧-૧ ૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. (૪૪) એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૯ માં લખાવેલ વિગતો મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૦ માં જે વિગતો લખાવેલી છે તે મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૧માં 'આશ્રમમાં મુખ્ય એક ગતિવિધી ઢેલ, બગલો, ધ્રુવ, ભારતી આ લોકો આશારામ માટે ... લક્ષ્મીબેન ઉર્ફે આશારામના પત્ની તેને ધમકાવીને મોકલતા.' ની વિગત લખાવેલી છે તે વિગતો મે તા.૧૫-૧૧-૧ ૩ના મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૨માં લખાવેલી વિગતો મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૩માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫-૧૧ -૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૩માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૪માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫-૧૧-૧૩ના પોલીસ રૂબરૂના

નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧ ૫માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૬ માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૭માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૮માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૯માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'આરોપી જશી સીકયુરીટીમાં ચોકીદાર હતી.' એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'ઢેલ, બગલો આશ્રમને સમર્પિત ન હતા પરંતુ આશારામની ખુબ જ નજીક રહી જયારે આશારામ વ્યાસપીઠપર હોય અથવા લટાર મારવા નીકળ્યા હોય તે વખતે તેમની ખુબ જ નજીક રહી આશારામના ઈશારાઓને સમજીને છોકરીઓને ફસાવી, ફોંસલાવીને આશારામની વાટીકા સુધી પહોંચાડવાનુ કામ કરતા હતા. આ કાર્યમાં ભારતી પણ છોકરીઓને લઈ જવાનુ અને લાવવાનુ કામ કરતી હતી.(૪૫)એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૨૧ માં જે વિગતો લખાવેલી છે તે વિગતો મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા તા.૧૫–૧૧–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'મે વ્યકિતગત રીતે ઢેલ

અને બગલાને છોકરીઓને નારાયણ વાટીકા લઈ જતા જોયા છે અને મારા પત્નીએ ભારતીને પણ છોકરીઓને નારાયણ વાટીકા લઈ જતા જોયેલા છે.(૪૬)...એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.રમાં 'આશારામે મારા ઘરે આવતાની સાથે  મંત્ર દિક્ષા આપીને આશારામ ચાલ્યા ગયેલા.' આ હકીકત મે ખોટી જણાવી છે. એ વાત ખરી છે કે, આશારામ અમદાવાદથી મને કેનેડા મુકામે રાતના બે વાગે કયા નંબર પરથી મારા કયા નંબર પર ફોન કરતા હતા તે ફોન નંબર મે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. મને આજે યાદ નથી કે, કેનેડા મુકામે મારા જે ફોન નંબર હતા તેના ઈનકમીંગ અને આઉટ ગોઈંગ ફોન કોલ્સના બીલો મને મળતા હતા. એ વાત ખરી છે કે, કેનેડામાં મારી પાસે જે ફોન નંબર હતા તેના કોઈ દસ્તાવેજી પુરાવા મે પોલીસ રૂબરૂ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, હુ સને ૧૯૯૦માં મારા આખા કુટુંબ સાથે કેનેડાથી અમદાવાદ આવેલો તે અંગેના ટીકીટ કે બીજા કોઈ પુરાવા મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા ખર્ચે મકાન બનાવેલ તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવા મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, દરેક સતસંગોમાં આશારામ સતગુરૂના ચરણમાં આ લોકો આવી જવાથી પ્રેતયોનીમાં જતા બચી ગયા તે હકીકત વારંવાર દોહરાવતા હતા તેવી હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે, ગુજરાત બહાર પહેલી વીઝીટ રતલામ નજીક આવેલ પંચેડ આશ્રમમાં કયારે થયેલી તે મે પોલીસ રૂબરૂના નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પંચેડ આશ્રમમાં આવેલ સ્વીમીંગ પુલ સંબંધી મે જે પુરાવો આપેલ છે તે અંગે કોઈ સ્પષ્ટ સમય કે તારીખ પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે સરતપાસના પેરા નં.ર માં સુરતના ઉદ્યોગપતિ તેમના પત્ની સાથે આવેલા તે સંબંધી જે વિગતો જણાવેલી છે તેનો સ્પષ્ટ તારીખ સમય પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ

નથી. એ વાત ખરી છે કે, તે ઉદ્યોગપતિ અને તેના પત્નીનુ નામ, સરનામુ મે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, સરતપાસના પેરા નં.૨માં ઉદ્યોગપતિને પત્ની સંબંધી મે જે પુરાવો આપેલ છે તે માત્ર આશારામને બદનામ કરવાના ઈરાદેથી ખોટો આપેલ છે. એ વાત ખરી છે કે, આ ઉદ્યોગપતિની પત્ની સાથે મારે રૂબરૂમાં કોઈ વાત થયેલી નથી. (૪૭)...એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૩ માં જે વિગતો જણાવેલી છે તે આશારામ અને તેના આશ્રમને બદનામ કરવાના બદઈરાદાથી ખોટી દર્શાવેલી છે. એ વાત ખરી છે કે, આશ્રમમાં સાધકોની ત્રણ કેટેગરી હતી તેવી હકીકત મે સૌપ્રથમ વાર કોર્ટ સમક્ષ જણાવેલી છે. એ વાત ખરી છે કે, ગુરૂપુર્ણિમાના બે દિવસ પહેલા ફોન કરીને મારા પત્નીને તુ દક્ષિણામાં શુ આપવાની અગીયાર હજાર રૂપિયા આપવાની મારી પત્ની વાત કરતા ત્યારે આશારામ પંદર હજાર રૂપિયા આપવા પડશે તેવુ કહેતા તે હકીકત મે સૌપ્રથમ વાર કોર્ટ રૂબરૂ જણાવેલી છે. એ વાત ખરી છે કે, આશારામની નજર હંમેશા પૈસા ઉપર જ રહેતી તે હકીકત મે સૌપ્રથમવાર કોર્ટ રૂબરૂ જણાવેલી છે.(૪૮)...મારો પુત્ર અનંગ જર્મની ઘણી વખત આવતો જતો હતો તેથી ચોકકસ તારીખ હુ કહી શકુ તેમ નથી. એ વાત ખરી છે કે, મારી દિકરી અમીબેન કયા પેશન્ટોના રોગ સારા કરી શકે તે બતાવવા મે કોઈ કેસ પેપર્સ પોલીસ રૂબરૂ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી દિકરી અમીબેને જે પિડીતાને ટ્રીટમેન્ટ આપેલાનુ મે સરતપાસના પેરા નં.૪માં જણાવેલ છે તે પિડીતાનુ નામ સરનામુ મે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલુ નથી. એ વાત ખરી છે કે, તેની ટ્રીટમેન્ટનો સમયગાળો પણ મે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તે પેશન્ટની કેસ હિસ્ટ્રીના કોઈ પેપર્સ મે પોલીસ રૂબરૂ રજુ કરેલ નથી. એ વાત ખરી છેકે, મે સરતપાસના પેરા નં.૪માં જે બીજી પિડીતા વિશે ઉલ્લેખ કરેલ છે તેનુ નામ સરનામુ અને તેની

સારવારનો સમયગાળો મે પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તે પિડીતાની કેસ હિસ્ટ્રીના કોઈ પેપર્સ મે પોલીસ રૂબરૂ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આશારામને બદનામ કરવા આ બંને પિડીતાની હકીકતો મે ખોટી ઉપજાવી કાઢેલી છે. (૪૯)...એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.પમાં ખોટી વિગતો જણાવેલ છે. એ વાત ખરી નથી કે, સને ૧૯૯૦માં મળસ્કે આશારામે મારી પત્નીને ફોન કરેલો તેવી હકીકત ખોટી છે. હુ આશ્રમમાં રહેતા સાધક પ્રફુલ ભટ્ટને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, મારા દિકરા સાથે જે બીના ભટ્ટના લગ્ન થયેલા તે પ્રફુલ ભટ્ટની ભત્રીજી હતી. એ વાત ખરી છે કે, અનંગના લગ્ન અંગે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી થયેલી. એ વાત ખરી છે કે, તે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સી.ડી. મે પોલીસ રૂબરૂ રજુ કરેલા નથી. એ વાત ખરી નથી કે, મે આ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સી.ડી. એટલા માટે રજુ કરેલ નથી કે, મારી સરતપાસના પેરા નં.પની વિગતો ખોટી ઠરે તેમ છે. હુ જરૂર પડે તે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સી.ડી. રજુ કરવા તૈયાર છુ. હુ તે ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની સી.ડી.સરકારી વકીલશ્રી અને તપાસ કરનાર અમલદારને મોકલવા તૈયાર છુ. એ વાત ખરી છે કે, આ ફોટોગ્રાફી અને વિડીયોગ્ર ાફીની સી.ડી. સુરત કોર્ટમાં ચાલતા કેસમાં રજુ થયેલ છે. એ વાત ખરી છે કે, સુરત કોર્ટમાં મારી જુબાની થયેલી છે. (૫૧) ...એ વાત ખરી નથી કે, મારી માતાના મૃત્યુ સમયે અને તેમની ઉત્તરક્રિયામાં મને જવા દિધેલો નહી તે હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે, મહિલા આશ્રમના પરીસરમાં મારૂ મકાન આવેલુ હતુ તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો મે પોલીસમાં રજુ કરેલો નથી. આશારામે મને ડરાવેલો કે તુ પ્રેતયોનીમાં જશે તે કારણે મે કેનેડા છોડેલુ હતુ. એ વાત ખરીછે કે, તે કારણ ફળીભુત થયેલુ નહી. એ વાત ખરી નથી કે, મને હજુ પણ પ્રેતયોનીનો ભય સતાવે છે. કેનેડા છોડયુ ત્યારથી મને પ્રેતયોનીનો ભય

નથી તે વાત અડધી સાચી છે. એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૧૯માં ખોટી અને ઉપજાવી કાઢેલી વિગતો જણાવેલી છે. એ વાત ખરી છે કે, તૃપ્તીબેનના નાની મારી બહેન થાય છે. (૫૨)...એ વાત ખરી છે કે, મે તા.૨૧ -૧૧-૧૩ના મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, 'આ કામના ફરિયાદી ભોગબનનાર આશ્રમમાં વકતા તરીકે હતી તેની મને ખબર છે. તેની સાથે બનેલ બનાવ સંબંધે કાઈ જાણતો નથી.' એ વાત ખરી નથી કે, તૃપ્તીબેન જોડે દુષ્કર્મ કે સેકસ્યુઅલ એસોલ્ટનો કોઈ બનાવ બનેલો નથી. ભોગબનનાર સાથે દુષ્કર્મ થયેલો કે કેમ? તેની મને માહિતી નથી. રાકેશભાઈ પટેલ તૃપ્તીબેનના પતિ થાય છે.(૫૭)...એ વાત ખરી નથી કે, મે કોર્ટમાં જુબાની કોઈકના કહેવાથી અથવા વાતોવાતથી આપેલી છે. એ વાત ખરી છે કે, આરોપી ભારતીને છોકરીઓને લઈ જતા કે લાવતા મે જાતે જોયેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ પિડીતાએ તેને આશારામ પાસે લઈ ગયા હોય તેવુ મારી પત્નીને કહયુ હોય તેવી કોઈ પિડીતાના નામ સાથે મારા પત્નીએ મને વાત કરેલી નથી. મને એ વાતની ખબર નથી કે, જે બે પિડીતાની ટ્રીટમેન્ટ મારી દિકરી અમીએ કરેલી તે પિડીતાઓએ આરોપી ભારતી તેમને આશારામ પાસે લઈ ગયેલી તેવુ કહેલુ કે કેમ? એ વાત ખરી છે કે, મારી દિકરી અમીએ ભારતીનુ નામ મને જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, હુ ખોટી જુબાની આપુ છુ.

**(૬૨.૨)** સદર સાહેદે બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે ભોગ બનનારના કેસ અંગે તેમને કોઈ જાત માહિતી નથી. આ સાહેદને સદર કેસ બાબતે ભલે કોઈ જાત માહિતી ન હોય પરંતુ આરોપી નં.(૧) તથા તેના પુત્ર નારાયણ સાંઈને જે છોકરી પસંદ પડે તે આરોપી નં.૨,૩

તથા ૪ અને ૫ નાઓ ધ્વારા તેમની પાસે પહોંચાડવામાં આવતી હોવાની હકીકત જણાવેલી છે.

**(૬૨.૩** સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા(૫૯) માં તેઓને આંક–૬૬૮ તથા ૬૬૯ વાળી વીડીયો કેસેટો બતાવતાં તેઓ નોર્મ તથા એક સ્ત્રી કે જે અંગ્રેજીમાં બોલતા હતા તેનું તેઓએ ગુજરાતી ભાષામાં અનુવાદ કરી રહયા અંગેનો સ્વીકાર કરેલ છે અને તેવી જ રીતે આંક–૬૭૦ બતાવતાં તેમાં તેઓ ગુજરાતી ભાષાામાં બોલી રહેલ હોવાનો સ્પષ્ટ સ્વીકાર કરેલ છે. આમ માત્ર તેઓએ નોર્મ તથા એક સ્ત્રી અંગ્રેજીમાં બોલતા હતા તેનું ગુજરાતીમાં અનુવાદ કરેલ છે આમ તેઓ બોલનાર જે હકીકત જણાવે છે તે જ હકીકત તેઓ ગુજરાતી ભાષામાં જણાવે છે તેથી બોલનાર વ્યકિતનું વકતવ્ય બોલવાથી તેઓ બોલનાર વ્યકિતના મંતવ્ય સાથે સંમત હોવાનું કહી શકાય નહી. જો કે બચાવપક્ષ ધ્વારા સદર સદર સાહેદની આંક–૬૭૩ થી રજુ થયેલ ગીફ્ટ ડીડ બતાવતાં તેમાં બક્ષીસ આપનાર તરીકે તેઓના માતા રતનબેનનું નામ હોવાનું અને તે કરારના પેજ નં.(૧ ૨) ઉપર સહી હોવાનું શરુઆતમાં ઈન્કાર કર્યા બાદ પાછળથી તે હકીકત કબુલેલ છે. આમ માત્ર એક હકીકત ખોટી જણાવવાથી સદર સાહેદ તેઓના નિવેદનમાં જણાવે છે તે તમામ હકીકત ખોટી હોવાનું માની શકાય નહી.

**(૬૩)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૨ તરીકે મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલાનાઓને આંક –૩૪૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,** (૧)...હુ મારી માતા સાથે રહુ છુ. હુ જયારથી આ કેસમાં સાક્ષી બનેલો છુ ત્યારથી આશારામના ગુંડાઓ તરફથી મને ધમકીઓ આપવામાં આવે છે. અને સને ૨૦૧

પમાં આશારામના ગુંડાઓએ મારા પર ફાયરીંગ કરેલુ અને મને ડાબા ખભાના ભાગે ગોળી વાગેલી. આ કારણસર મારો ધંધો બંધ થઈ ગયેલો છે અને હુ બેકાર છુ. ફાયરીંગના આ બનાવ અંગે મે પાનીપતના થાનાસદરમાં ફરિયાદ કરેલી.(૨)...અમે ચાર ભાઈઓ હતા તેમાંથી એક ભાઈ અને ભાભીનુ મૃત્યુ થયેલ છે. હાલમાં મારા બે ભાઈઓનુ કુટુંબ અને મારી માતા તથા હુ એટલા સભ્યો છીએ. હુ બાર ધોરણ સુધી ભણેલો છુ. (૩)...સને ૧૯૯૬માં આશારામનો પાનીપતમાં કાર્યક્રમ થયેલો તેમાં હુ ગયેલો. તે કાર્યક્રમમાં ઘણી ભીડ હતી તેથી અમે પણ આકર્ષાયેલા અને મારા ભાઈ– ભાભીએ મંત્ર દિક્ષા લેવાનુ નકકી કરેલુ. તેમની સાથે મે પણ મંત્ર દિક્ષા લેવાનો નિર્ણય કરેલો. જે દિવસે મંત્ર દિક્ષાનો કાર્યક્રમ હતો તે દિવસે સવારે અમે પણ તે સ્થળે ગયેલા અને લાઈનમાં ઉભા રહેલા અને તે અંગેનુ જરૂરી ફોર્મ ભરેલુ. અમે એક સો વીસ રૂપિયા ભરેલા અને મંત્ર દિક્ષાનો સેટ લીધેલો. આ સેટમાં આશારામનો ફોટો, ગૌમુખી, આસન, માલા અને પંચામૃત હતા. મંત્રદિક્ષા સેટ લઈને અમે પંડાલમાં ગયેલા. પંડાલમાં એક તરફ સ્ત્રીઓ અને બીજી તરફ પુરુષો બેઠેલા હતા. ત્યા સ્વામી સુરેશાનંદ માળા કરવાની અને પુજા કરવાની વિધી બતાવતા હતા. થોડીવાર પછી આશારામ ત્યા આવેલા અને સાત–આઠ મંત્ર બતાવેલા અને કહેલુ કે તમને જે મંત્ર પસંદ પડે તે તમારો ગુરુમંત્ર. આ રીતે મંત્રદિક્ષા પુરી થયેલી. (૪)...ત્યારબાદ હુ પાનીપતના યોગવેદાંત સેવા સમિતિના સંપર્કમાં રહેવા લાગેલો અને ત્યા અઠવાડીયે પંદર દિવસે સતસંગ, ભજન કે બીજા કોઈ કાર્યક્રમ હોય તો હુ તેમાં આવતો જતો હતો. સને ૧૯૯૭માં પાનીપતના ડાડોલા ગામે આશારામનો આશ્રમ બનાવનો શરૂ થયેલો. ત્યા સ્વામી નરસિંહાનંદને સંચાલક બનાવીને મોકલેલા હતા. હુ તેમના સંપર્કમાં આવેલો. નરસિંહભાઈએ મને પ્રેરિત કરેલો કે આપણે આશ્રમમાં રહીને ગુરુ ભકિત, ગુરુસેવા કરવી જોઈએ અને ગુરુસેવાથી

આપણે સાક્ષાત્કાર કરવો જોઈએ અને બ્રહમજ્ઞાન મેળવવુ જોઈએ જેથી ગુરુસેવાથી આપણે મુકિતનો પ્રયત્ન કરવો જોઈએ. આ સમય દરમ્યાન આશારામ ત્યા આવેલા ન હતા. આ કારણથી નરસિંહભાઈના લીધે મારૂ આશ્રમમાં આવવા જવાનુ ચાલુ રહેલુ.(૫)...સને ૧૯૯૮માં જાન્યુઆરી તા.૧૨ થી ૧૫ દરમ્યાન અમદાવાદ મોટેરા આશ્રમમાં ધ્યાનયોગ શિબિરનુ ઉતરાયણ નિમિતે આયોજન થયેલુ. તે વખતે હુ મોટેરા આશ્રમમાં આવેલો હતો અને શિબિર પુરી કરી મારા ગામ પાછો ફરેલો. ત્યારબાદ હુ મે–૧૯૯૮માં પાનીપતના ડાડોલા આશ્રમમાં રહેવા આવી ગયેલો જે નરસિંહભાઈની પ્રેરણાથી આવેલો હતો. તે વખતે આશ્રમનુ બાંધકામ ચાલતુ હતુ તેથી નરસિંહભાઈએ મને કહેલુ કે હાલમાં અહી વધારે માણસોની જરૂર નથી અમદાવાદના આશ્રમમાં હોશિયાર માણસોની જરૂર છે તેથી તમે અમદાવાદના આશ્રમમાં જાઓ. તેથી હુ હેડઓફીસ અમદાવાદ, મોટેરા આશ્રમમાં આવેલો. હુ મે કે જુન, ૧૯૯૮માં મોટેરા આશ્રમમાં આવેલો.(૬)...નરસિંહભાઈએ મને મોટેરા આશ્રમમાં ભાણાભાઈને મળવાનુ કહેલુ હતુ તેથી હુ ભાણાભાઈને મળેલો. ભાણાભાઈનુ આખુ નામ દિનેશભાઈ છે. ભાણાભાઈએ અસ્થાયી નિવાસ પાસ બનાવડાવેલો અને અખીલભારતીય બીલ્ડીંગમાં મારી રહેવાની વ્યવસ્થા કરેલી. આશ્રમમાં કન્સ્ટ્રકશનનુ કામ ચાલતુ હતુ તેથી મને દિવાલોને પાણી પીવડાવવાનુ, સાફ સફાઈનુ અને બાગ કામ સોંપેલુ. આશ્રમથી આશરે ત્રણ–ચાર કી.મી. દુર આશારામનુ ફાર્મ હાઉસ બનતુ હતુ જેને હાલમાં શાંતિવાટીકા કહે છે. થોડા સમય પછી આશારામનુ મોટેરા આશ્રમમાં આવવાનુ થયેલુ. ભાણાભાઈએ આશારામ સાથે મારો પરીચય કરાવેલો અને આશ્રમમાં રહેવા માટેની પરવાનગી માંગેલી અને આશારામની પરવાનગી પછી મને આશારામના આશ્રમના સમર્પિત સાધક માનવામાં આવેલ હતો. ત્યારબાદ મારી પાસે સમર્પિત થવા માટેનુ એક ફોર્મ ભરાવેલુ. ત્યારબાદ

આશારામની પરવાનગીથી આશ્રમમાં એક ગોડાઉન હતુ તેમાં અગરબત્તી, ચુર્ણ, માળા વિગેરે વેચાતુ હતુ તેનુ ડીસપેચીંગનુ કામ મને સોંપવામાં આવેલુ. ગોડાઉનને આશ્રમમાં ભોયરા તરીકે ઓળખવામાં આવતુ હતુ. જે વ્યકિતઓને સામાન ખરીદવો હોય તેનુ લીસ્ટ આવતુ હતુ તે મુજબ અમે સામાન પેક કરીને ટ્રાન્સપોર્ટ કરતા હતા અને તે અંગેનુ કાચુ બીલ બનાવતા હતા. હુ આશ્રમમાં હતો તે દરમ્યાન મહિલા આશ્રમમાં મારે આવવા જવાનુ થતુ હતુ. મહિલા આશ્રમમાં પુરુષોના પ્રવેષ પર પ્રતિબંધ હતો પરંતુ ચુર્ણ, માળા વિગેરે લાવવા માટે અમારે મહિલા આશ્રમમાં ઘણીવાર આવવુ જવુ પડતુ હતુ. ધ્રુવબહેન મહિલા આશ્રમના સંચાલક હતા. તેમનો સ્વભાવ બહુ તેજ હતો તેઓ બધાને ડાંટતા હતા. હુ સમયાનુસાર આશારામના પત્ની લક્ષ્મીબેન અને તેમની પુત્રી ભારતીના દર્શન કરવા મહિલા આશ્રમમાં જતો હતો. મારી સાથે બીજા પુરુષો પણ દર્શને આવતા હતા. ત્યા લક્ષ્મીબેન, ભારતી અને ધ્રુવબેન જેવી રીતે નરસિંહભાઈએ મને પ્રેરિત કરેલો તે રીતે આ લોકો બીજી છોકરીઓને ત્યાં પ્રેરિત કરતા હતા અને કહેતા હતા કે વધુ ભણીને શુ કરશો ગુરુના આશ્રમમાં રહો સેવા કરો. ગુરુની પ્રશન્નતાથી ગુરુકૃપા પ્રાપ્ત કરો. જેવીરીતે બાપુને છે તેવી રીતે તમને પણ સાક્ષાત્કાર થશે જેવી રીતે દુનિયા બાપુના ચરણોમાં ઝુકે છે તેવી રીતે તમારા ચરણોમાં પણ ઝુકશે તેવુ કહેતા હતા. આશારામે માત્ર ત્રણ ચોપડી ભણેલા છે છતાં દુનિયા તેમના ચરણોમાં ઝુકે છે તો તમારા ચરણોમાં પણ ઝુકશે.(૭)...હુ આશ્રમમાં રહેતો હતો ત્યા મને કોઈ પગાર ચુકવતા ન હતા. હુ મારા ખર્ચના પૈસા મારા ઘરેથી મંગાવતો હતો. આશ્રમની બીજી છોકરીઓ અને છોકરાઓ પણ પોતાના ઘરેથી પોતાનો ખર્ચો મંગાવતા હતા. આજદિન સુધી આશારામના આશ્રમમાં મને કોઈ પગાર આપેલો નથી અને મે માંગેલો નથી. (૮)...આરોપી ભારતીને ભારતી દીદી, છોટે ભગવાન, પ્રભુજીના નામે પણ ઓળખતા હતા. મોટેરા પુરુષ આશ્રમમાં

આરોપી ભારતી ગમે ત્યારે આવી શકતા હતા. અમને કહેવામાં આવતુ કે ભારતી આશ્રમમાં ઓડીટ કે ચેકીંગ કરવા આવેલા છે. આશારામ જયારે આશ્રમમાં આવતા ત્યારે આશ્રમમાં શાંતિકુટીયા બનાવેલી હતી ત્યાં પણ રહેતા હતા અને શાંતિવાટીકા જે તેમનો ફાર્મહાઉસ હતો તેમાં પણ રહેતા હતા. કુટીયાની આસપાસ ડ્રાયવર કે રસોઈયા રહેતા હતા. ઢેલ અને બગલો બીજી છોકરીઓ સાથે કુટીયાની આસપાસ છુપાઈને ફરતી રહેતી હતી. (૯)...ડીસપેચીંગની કામગીરી બાદ મને પ્રચારની કામગીરી માટે ટાટા ગાડીમાં મોકલતા હતા. ટાટા ગાડીમાં જઈને આશ્રમમાંનો સામાન વેંચવામાં આવતો હતો. અમે ટાટા ગાડી લઈને ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને સુચના મુજબ બીજા સ્ટેટમાં પણ સામાન વેચવા જતા હતા. આ સામાનના વેચાણનો હિસાબ આશ્રમમાં ઉદય સંઘાણી અને રામસુખભાઈને આપતા હતા તેઓ વાણીભાઈને હિસાબ આપતા હતા. ટાટા ગાડીના સંચાલક નવનીતભાઈ છાબડા હતા અને તેઓ આશારામને રીપોર્ટ કરતા હતા. આ રીપોર્ટ એસ.ટી.ડી. પી.સી.ઓ. થી અથવા સમિતિના કોઈ સભ્યના ઘરે જઈએ તો તેમના ફોનથી કરતા હતા. વેચાણ લાખો કરોડોમાં થતુ હતુ. જે વેચાણ બ્લેકમાં થતુ હતુ તેનો કોઈ ટેકસ ભરવામાં આવતો ન હતો કે પાકા બીલ બનાવવામાં આવતા ન હતા. (૧૦)...હુ ટાટા ગાડીમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન આશારામનો સતસંગ હોય ત્યા સુચના મુજબ સ્ટોલ લગાવવા જતા હતા. કેટલાક સાધકો અને જયભાઈ તથા ગીરીશભાઈનામના સાધક કે જેઓ આશ્રમ છોડીને ગયા હતા તેઓ આશ્રમ વિશે ઘણી માહિતી ધરાવતા હતા તેઓ અમને કહેતા હતા કે આશારામ અને નારાયણસાઈ આશ્રમમાં છોકરીઓ પર દુષ્કર્મ કરે છે અને બળાત્કાર કરે છે તેઓ બંને વ્યભીચારી અને ચારીત્યહિન છે તેવુ કહેતા હતા પરંતુ મને આશારામ પર અતુટ વિશ્વાસ હતો તેથી હુ તેમની વાતો સાચી માનતો ન

હતો.(૧૧)...હુ સને ૨૦૦૫ સુધી આશ્રમમાં રહેલો. હુ મોટેરા આશ્રમમાં સમર્પિત થયાના સાત આઠ મહિના સુધી રહેલો. જે ટાટા ગાડીમાં અમે પ્રચાર કરતા હતા અને સામાન વેચતા હતા તે ગાડી પણ આશ્રમના અન્ડરમાં હતી આવી કુલ–૬ ટાટા ગાડી હતી.

(૧૨)...મોટેરા આશ્રમમાં સવારે સીઝન પ્રમાણે પ્રાર્થનાના સમયે વહેલા ઉઠતા હતા અને પ્રાર્થનામાં જતા હતા. પ્રાર્થનામાં જવાનુ ફરજીયાત હતુ અને પ્રાર્થનામાં ન જાય તેને રાતના ભોજન મળતુ ન હતુ. આશારામનો સતસંગ થતો ત્યારબાદ પ્રસાદ વહેચવાનુ કામ થતુ. ઢેલ અને બગલો પ્રસાદ વિતરણનુ કામ સંભાળતા હતા. જો પ્રસાદ વિતરણ દરમ્યાન આશારામને કોઈ છોકરી પસંદ આવે તો તેના પર આશારામ ફળ ફેકતા હતા. જે છોકરીને ફળ વાગતુ તેથી ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરીને આશારામની કુટીયામાં મોકલવાની છે. રાતના જમ્યા બાદ આશારામ રાઉન્ડમાં નીકળતા તે વખતે બધી છોકરીઓ પર ટોર્ચનો પ્રકાશ ફેકતા હતા અને જે છોકરી તેમને પસંદ આવે તેના પર ટોર્ચથી ડીપર કરતા હતા. ત્યારે ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરી આશારામને પસંદ આવેલી છે તેને આશારામની કુટીયામાં મોકલવાની છે. ત્યારબાદ ઢેલ અને બગલો તે છોકરીને સમજાવી પટાવીને આશારામની કુટીયામાં મોકલતા હતા.(૧૩)...આશારામ અમદાવાદ આશ્રમમાં જયાં બેસીને સતસંગ કરતા હતા ત્યાથી છોકરીઓને મા–બહેન સમાન ગંદી ગાળો બોલતા હતા અને કહેતા હતા કે સાલી રાંડ ચીપકજાતી હૈ પીછા નહી છોડતી હૈ. ભુજમાં ભુકંપ આવ્યો તે અગાઉની દિવાળી સુધી હુ ટાટા ગાડી પર ફરજ બજાવતો હતો. તે દિવાળી વખતે આશારામની પરવાનગીથી મને રાજસ્થાનના કોટાના લખાવા ગામમાં આવેલ આશારામના આશ્રમમાં સંચાલક બનાવીને મોકલેલો. તે આશ્રમ ઉજજડ

પડેલો હતો મે તેને ખુબ સારી રીતે ડેવલપ કરેલો. હુ આ આશ્રમમાં હતો તે દરમ્યાન અઠવાડીયામાં એક કે બે વાર આશારામને ફોનથી રીપોર્ટ કરતો હતો. મે આશ્રમને ડેવલપ કરવાની જે કામગીરી કરેલી તેની જાણ આશારામ અને નારાયણસાઈને થયેલી. આ આશ્રમમાં હુ ભુજમાં ભુકંપ આવેલો તે વર્ષની નિર્જલા એકાદશી સુધી રહેલો. હુ કોટા આશ્રમનો રીપોર્ટ આપતો હતો તે વખતે આશારામનો ફોન તેમનો રસોઈયો અખીલ ગુપ્તા રાખતો હતો અને તે આશારામ સાથે મારી વાત કરાવતો હતો.(૧૪)...નિર્જલા એકાદશી વખતે હુ હરીધ્વાર ગયેલો ત્યા મારી માતા પણ આવેલા હતા તેમણે મને કહેલુ કે અંબાલાની બે છોકરીઓએ આશારામ પર દુષ્કર્મ કર્યાનો આરોપ મુકેલો છે. તેની અસર કરનાલ, પાનીપત, અંબાલા થયેલી છે અને લોકોએ આશારામનો વિરોધ કરેલો છે. નિર્જલા એકાદશી વખતે હરીધ્વારમાં પંતધ્વીપનામની જગ્યાપર આશારામનો સતસંગ હતો જે ચાર-પાંચ દિવસનો હતો. આ સતસંગ પુરો થયા બાદ નારાયસાઈએ જાબુઆ મધ્યપ્રદેશમાં સો એકર જમીન પર આશ્રમ ડેવલપ કરવા મને મોકલેલો. ભુજમાં ભુકંપ આવેલો તે વર્ષની દિવાળીની આગળની રાતે મે નારાયણસાઈને તંત્રવિધ્યા કરતા જોયેલા. અમે જે ઓરડીમાં રહેતા હતા તેનો દરવાજો પુર્વ દિશાનો હતો અને તેની સામે નદી પડતી હતી. હુ મોડી રાત્રે પેશાબ કરવા ઉઠેલો અને પેશાબ કરીને હેડપમ્પ પર હાથ ધોવા ગયેલો તે વખતે મે જોયેલુ કે નદીના કિનારે કોઈ વ્યકિત આગ લગાવીને બેઠો છે જેથી હુ હાથ ધોઈને તે ઈસમની નજીક ગયેલો તેનુ મોઢુ નદી તરફ હતુ. હુ તે ઈસમની પાછળની સાઈડ જોઈને ઓળખી ગયેલો કે તે નારાયણસાઈ છે. ત્યારબાદ હુ તેમની થોડે નજીક ગયેલો અને આશ્રમની પધ્ધતિ મુજબ નારાયણસાઈને પ્રણામ કરીને બેસી ગયેલો. હુ નારાયણસાઈની જમણી તરફ થોડે દુર બેઠો હતો. નદીના કિનારે નાના પથ્થરો હતા તેથી નારાયણસાઈને મારા ચાલવાથી પથ્થરના

અવાજથી ખબર પડી ગયેલી કે કોઈ આવ્યુ છે. જેથી નારાયણસાઈએ પુછેલુ કે કોણ મે કહેલુ કે જી મહેન્દ્રજી. ત્યારે નારાયણસાઈએ મને કહેલુ કે જાઓ વિઘ્ન મત કરો. નારાયણસાઈ આગ સળગાવીને હવન કરતા હતા અને તેમની બાજુમાં એક બાળક સુતુ હતુ જેની છાતી પર ખોપડી મુકેલી હતી. નારાયણસાઈએ મને જવાનુ કહેલુ તેથી હુ મારી ઓરડીમાં જઈને સુઈ ગયેલો. ત્યારબાદ બીજી સવારે મળસ્કે નારાયણસાઈ તેમની કવોલીસ ગાડી લઈને આવેલા અને મારા રૂમનો દરવાજો ખખડાવેલો જેથી મે દરવાજો ખોલતા મને કહેલુ કે ચાલો ગાડીમાં બેસો. આ ગાડી નારાયણસાઈ જાતે ચલાવતા હતા અને હુ વચ્ચેની સીટે બેઠો હતો. ગાડીમાં અમે બે જ જણા હતા. ત્યારબાદ થોડે આગળ ગયા બાદ નારાયણસાઈએ મને પુછેલુ કે રાતના શુ જોયુ? મે જે જોયેલુ તે તેમને જણાવેલુ. નારાયણસાઈએ મને કહેલુ કે આવી ક્રિયા જોવાવાળા કાતો પાગલ થઈ જાય છે કા તો મરી જાય છે પરંતુ તારા પર ગુરુકૃપા છે અને તારૂ મનોબળ મજબુત છે તેથી તને કઈ થાય નહી અને નારાયણસાઈએ મને કહેલુ કે તે બાળક પહેલેથી મરેલુ હતુ. તેમણે મને કહેલુ કે તારા મનમાં કોઈ શંકા છે કાઈ પુછવુ છે? અમને ગુરુગીતા પુસ્તક આશ્રમમાં વંચાવતા હતા જેમાં કહેલુ હતુ કે ગુરુ કર્મ કરે તેમાં શંકા કરવી જોઈએ નહી તેથી મને નારાયણસાઈ પર કોઈ શંકા ન હતી કે કોઈ પ્રશ્ન ન હતા. મને નારાયણસાઈએ તેમના લેટરપેડ પર તેમના હસ્તાક્ષરમાં લખેલા તંત્રમંત્ર વિદ્યાના પેપર આપેલા જેમાં મોહનમંત્ર, મારણમંત્ર, વશીકરણ વિગેરે અંગે લખેલુ હતુ. (૧૫)...હુ નારાયણસાઈ સાથે જુદા જુદા આશ્રમમાં જતો હતો ત્યાના સાધુઓ કહેતા હતા કે તમે જે વ્યકિત સાથે રહો છો તે બાપ-બેટા ચરીત્યહિન અને વ્યભિચારી છે તમે જેને ગુરુ માનો છો તેઓ સંત નથી. હુ માનતો હતો કે બીજા સાધુઓ આશારામથી ઈર્ષા કરે છે તેથી આવુ બોલે છે તેથી હુ તેમની વાતો સાચી માનતો ન હતો.(૧૬)...હુ આશારામ અને નારાયણસાઈ

સાથે તેમના મોટાભાગના સતસંગમાં ગયેલો છુ. મે આશારામના જુદા જુદા સ્થળોના ઘણા સતસંગોમાં ઢેલ અને બગલોને તેમની આસપાસ જોયેલા. મોટેરા આશ્રમમાં દવાખાનુ હતુ તે દવાખાનુ વૈધરાજ અમૃતભાઈપ્રજાપતિ ચલાવતા હતા. આશ્રમના છોકરાઓને તેઓ બીમાર હોય તો વ્યવસ્થિત સારવાર આપવામાં આવતી ન હતી અને જો કોઈને ગંભીર બીમારી થાય તો આશારામના નિર્દેષથી તેને આશ્રમમાંથી મોકલી આપવામાં આવતો હતો. આશ્રમમાં છોકરાઓને લઠ્ઠા અને છોકરીઓને મલંગના નામથી ઓળખવામાં આવતા હતા અને મહિલા આશ્રમને મલંગ આશ્રમ કહેતા હતા. મોટેરા આશ્રમ સિવાયના આશ્રમો સંતશ્રી આશારામ આશ્રમના નામે ચાલતા હતા કેટલાક આશ્રમ નારાયણસાઈએ બનાવેલા હતા. નારાયણસાઈના આશરે દસ–બાર આશ્રમ હશે. નારાયણસાઈ કહેતા હતા કે જો ઈનકમટેક્ષની રેડ થાય તો આશ્રમો જુદા જુદા નામે હોય તો એક આશ્રમમાં રેડ થાય તો બીજા આશ્રમો બચી શકે તેથી જુદા જુદા નામે આશ્રમો ચલાવતા હતા.(૧૭)...મે ઓગષ્ટ–૨૦૦૫માં આશ્રમ છોડેલુ. મે નારાયણસાઈને ઘણી વખત જુદી જુદી છોકરીઓ સાથે સંપુર્ણ નગ્ન અવસ્થામાં શરીર સંબંધ બાંધતા જોયેલા હતા. અને આશારામના ચારીત્ય વિશે જુદા જુદા આશ્રમમાં પણ અનેક વખત સાંભળેલ હતુ અને મારી માતાએ પણ અંબાલામાં આશારામના ચારીત્ય પર આરોપ લાગેલા જણાવેલ હતુ. તેથી મારૂ આશ્રમ છોડવાનુ કારણ આ બાપ–બેટાની ચારીત્યહિનતા અને વ્યભિચારી જીવન હતુ. મે આશ્રમ છોડયો તે વખતે હુ નારાયણસાઈ સાથે કામ કરતો હતો તેથી મે નારાયણસાઈની આશ્રમ છોડવા અંગે પરવાનગી લીધી હતી. તેમણે મને પરવાનગી આપેલી. (૧૮)...મે આશ્રમ છોડયા બાદ સને ૨૦૦૮માં આશ્રમમાં બે બાળકોના મૃત્યુ થયેલા અને તેમના પરિવારના સભ્યોએ આશારામ પર આરોપ લગાવેલો કે તેમના બાળકોની તંત્રવિદ્યાથી બલી

ચઢાવેલી છે.આશારામ આશ્રમે કહેલુ કે તેમના આશ્રમમાં તંત્ર વિદ્યા થતી જ નથી પરંતુ નારાયણસાઈને યાદ હતુ કે મે તેમને તંત્ર વિદ્યા કરતા જોયેલા છે અને તેમણે મને તંત્ર વિદ્યા અંગેના પેપર્સ આપેલા છે તેથી નારાયણસાઈનો મારા પર ફોન આવેલો કે તંત્રવિદ્યાના પેપર્સ મને પાછા આપી દો. મે નારાયણસાઈને કહેલ કે મારા સહી કરેલા જે પાંચ કોરા કાગળ તમારી પાસે છે તે મને આપી દો અને તમારા કાગળ લઈ લો. આ પાંચ કોરા કાગળ નારાયણસાઈએ મારાથી વિરાર મહારાષ્ટ્રમાં જબરજસ્તી સહી કરાવેલા હતા. કારણ કે નારાયણસાઈએ ત્યા મારી ખોટી સહીઓ કરી એક ટ્રસ્ટ બનાવેલુ હતુ જે અંગેની જાણકારી પછી મે ખોટી સહી કરવાવાળા નારાયણસાઈનો વિરોધ કરેલો હતો. તે સમયે નારાયણસાઈએ મને ખુબ માર મારેલો અને પાંચ કોરા કાગળ પર મારી સહીઓ કરાવેલી અને ધમકી આપેલી કે બહાર જઈને આશ્રમ બાબતમાં કઈપણ કહેશો તો આ પાંચ કોરા કાગળ તમારી સુસાઈડ નોટના રૂપમાં ઉપયોગ કરવામાં આવશે અને તમારી લાશ તમારા ઘરવાળાને પણ મળે નહી. જે પાંચ કોરાકાગળ મે તે વખતે નારાયણસાઈ પાસે માંગેલા તે વખતે નારાયણસાઈએ મને ખુબ ધમકી આપેલી. (૧૯)...સને ૨૦૦૮માં મને ધમકીઓ આપેલી તે અંગે મે પાનીપત પોલીસમાં અરજી આપેલી અને પોલીસ પ્રોટેકશન માંગેલુ. અને આશારામ અને નારાયણસાઈ વિરૂધ્ધ કાર્યવાહીની માંગ કરેલી અને તે અરજીમાં જે જે લોકોએ મને ધમકી આપેલી તે તમામ સામે કાર્યવાહી કરવાની માંગણી કરેલી. આશારામના પ્રભાવના કારણે પાનીપત પોલીસે પોતાની રીતે મારો જવાબ લખી મારી સહી લઈ અરજી ફાઈલે કરી દીધેલી.(૨૦)...મારી જેમ અમૃત પ્રજાપતિ, દિનેશ ભાગચંદાણી, રાજુ ચાંડક ઉપર પણ આશારામના ગુંડાઓએ હુમલો કરેલો. પોલીસે સને ૨૦૧૩માં મને બોલાવી મારૂ વિગતવાર નિવેદન લીધેલુ. મને મીડીયા મારફત જાણકારી મળેલી કે આશારામ પર બીજો

કેસ પણ દાખલ થયેલો છે અને મીડીયામાં મારૂ નામ આવતુ હતુ અને મે જોધપુર કેસમાં નિવેદન આપેલુ હતુ તેથી પોલીસે મને ફોન કરી આ કેસ બાબતે જે કઈ માહિતી ધરાવતા હોય તે અંગે નિવેદન આપવા મને જણાવેલુ.(૨૧)...હુ અમદાવાદ આવેલો ત્યારે મને આ કેસની એફ.આઈ.આર. બતાવેલી જેમાં ભોગબનનારે કેસ કરેલો હતો. જે આશ્રમમાં વકતા તરીકે સતસંગ પ્રચારમાં જતા હતા. મે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ નિવેદન પણ આપેલુ છુ.(૨૨)...હુ આશ્રમમાં રહેતો હતો તે દરમ્યાન આરોપી ભારતી, ઢેલ અને બગલો બીજી છોકરીઓને લઈને શાંતિકુટીયા અને શાંતિવાટીકામાં આવતા જતા હતા. અને અન્ય સ્ત્રીઓની પણ ત્યા અવર જવર રહેતી હતી. આ બાબત મે જાતે જોયેલી છે. આશ્રમમાં જગદીશ ફટફટી નામનો છોકરો રહેતો હતો જે આશારામની ગાયના ઘીથી માલીસ કરતો હતો અને તેની બહેન જશી પણ આશ્રમમાં રહેતી હતી. મને એવુ પણ જાણવા મળેલુ કે આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત પણ કરાવવામાં આવતા હતા. મને એવુ પણ જાણવા મળેલુ કે અમૃત પ્ર જાપતિની પત્ની સરોજબેને આશારામ વિરૂધ્ધ સને ૨૦૦૮ કે સને ૨૦૦૯માં હરીયાણાના કોઈ શહેરમાં બળાત્કારની પોલીસ ફરિયાદ કરેલી. આ સરોજબેન આશ્રમના મોબાઈલ ડીસ્પેન્સરીમાં કામ કરતા હતા. મને એવુ પણ જાણવા મળેલુ કે આરોપી ભારતી, ઢેલ અને બગલો જે છોકરીઓ અને સ્ત્રીઓને લઈને આશારામની કુટીયામાં જતા હતા ત્યા આશારામ તે છોકરીઓ અને સ ્ત્રીઓ સાથે બળાત્કાર કરતો હતો. (૨૩)...હુ આશારામના સતસંગ અને શિબિરમાં જતો હતો ત્યાં પણ ઢેલ અને બગલો છોકરીઓને આશારામની કુટીયામાં લઈ જતી હતી અને મોડી રાતે પાછી આવતી હતી. આમ ઢેલ અને બગલો આશારામને છોકરીઓ સપ્લાય કરવાનુ કામ કરતી હતી.(૨૪)...આશારામ વિરૂધ્ધનો આ કેસ સુરતમાં ફરિયાદ થયેલી જે પાછળથી

અહી ટ્રાન્સફર થયેલી તેવુ જાણેલુ. આ કેસ આશ્રમની વકતા ભોગબનનારે કરેલો છે. હુ આ કેસના તમામ આરોપીઓને જોયે તથા નામથી સારી રીતે ઓળખુ છુ. આજરોજ કોર્ટમાં આશારામના પત્ની લક્ષ્મીબેન હાજર નથી. આશારામ વી.સી. થી હાજર છે. મારૂ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન પણ નોંધાયેલુ છે. મને આજરોજ કોર્ટના રેકર્ડમાંથી સીલબંધ ખાખી કવર ખોલી તેમાંથી નીકળેલ ખાખી કવરમાંથી નીકળેલ એક નિવેદન બતાવવામાં આવે છે જે હિન્દી ભાષામાં નોંધાયેલુ છે. જે કુલ–૧૪ પેજમાં છે તેના દરેક પાને મારી સહી છે આ નિવેદન મે લખાવેલુ. જે **સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદન આંક–૩૪૬** થી રેકર્ડ પર રજુ થયેલ છે.

**(૬૩.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨૫)...મારો મોબાઈલ નં.૭૪૦૪૧૦૪૧૪૧ છે. મે બે મહિના પહેલા એક બીજો મોબાઈલ નંબર મેળવેલ છે જે નં.૮૬૦૭૬૦૪૧૪૧ છે.(૨૬)... હુ સતીશ વાઘવાણી નામની વ્યકિતને ઓળખુ છુ. મને તેનો મોબાઈલ નંબર હાલમાં ખબર નથી ભૂતકાળમાં જાણતો હતો. મને આજે કોઈ નંબર જણાવવામાં આવે તો તે સતીશ વાઘવાણીનો જ છે કે કેમ તે હુ કહી શકુ નહી. હુ કૌશિક પટેલ નામની વ્યકિતને ઓળખુ છુ. તેનો મોબાઈલ નંબર હાલમાં યાદ નથી. મે પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમનો મોબાઈલ નંબર મારા મોબાઈલમાં જોઈને લખાવેલો. હુ ભાણાભાઈને ઓળખુ છુ. તેમનો મોબાઈલ નંબર પણ હાલમાં યાદ નથી. હુ દિનેશ સીંધીને ઓળખુ છુ. તેનો મોબાઈલ નંબર પણ હાલમાં યાદ નથી. હુ

રાહુલ સચાનને ઓળખુ છુ તેનો મોબાઈલ નંબર પણ હાલમાં યાદ નથી. હુ રાજુ ચાંડકને ઓળખુ છુ તેનો મોબાઈલ નંબર પણ હાલમાં યાદ નથી. હુ દેવેન્દ્ર પ્ર જાપતિને ઓળખુ છુ તેનો મોબાઈલ નંબર પણ હાલમાં યાદ નથી. એ વાત ખરી નથી કે, આ તમામ વ્યકિતઓને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ હતી. મને આજે યાદ નથી કે, મે સપ્ટેમ્બર–૨૦૧૩ થી ડીસેમ્બર–૨૦૧૩ દરમ્યાન સતીશ વાઘવાણીને મારા મોબાઈલ નં.૭૪૦૪૧૦૪૧૪૧ થી ૧૦૯ કોલ્સ અને એસ.એમ.એસ. કરેલા. મને આજે યાદ નથી કે, આ સમયગાળા દરમ્યાન સતીશ વાઘવાણીએ મને ૧૦૬ ફોન અને એસ.એમ.એસ. કરેલા. એ વાત ખરી નથી કે, ઉપર જણાવેલ વ્યકિતઓ સાથે મારે ફોન પર અને એસ.એમ.એસ.થી વાતચીત થતી રહેતી હતી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં દિનેશભાઈ ભાગચંદાણી, કૌશિકભાઈ પટેલ અને રાહુલ સચાનના મોબાઈલ નંબર લખાવેલા છે. એ વાત ખરી છે કે, આ સાચા નંબર છે.(૨૭)...એ વાત ખરી છે કે, આશ્રમમાંથી ઋષિપ્રસાદ નામની પત્રીકા નીકળતી હતી. સાહેદ જણાવે છે કે, તે માસીક પત્રીકા હતી. એ વાત ખરી છે કે, આ પત્રીકામાં આશારામ અને નારાયણસાઈના પ્રોગ્રામોની માહિતી પ્રસિઘ્ધ થતી હતી. આ પત્રીકામાં આશારામના બધા પ્રોગ્રામોની પ્રસિઘ્ધિ થતી હતી પરંતુ નારાયણસાઈના નાના નાના પ્રોગ્રામોની પ્રસિઘ્ધિ થતી ન હતી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં 'આશ્રમમાં ઋષિપ્રસાદ પુસ્તક મારફતે આશારામ તથા નારાયણસાઈના પ્રોગ્રામોની ડીટેઈલ્સ મળી શકે તેમ છે અને તેઓના ભવિષ્યના પ્રોગ્રામો પણ તેમાં છાપવામાં આવે છે' તેવી વિગત લખાવેલી છે. એ વાત ખરી છે કે, મે પોલીસ રૂબરૂના નિવેદનમાં દેવેન્દ્ર પ્ર જાપતિનો મોબાઈલ નંબર પણ લખાવેલો છે.(૨૮)...એ વાત ખરી છે કે, આશારામના કીચનમાં રસોઈયા તરીકે લાલો ઉર્ફે પ્રગ્નેશ સોની હતો. હુ ચોકકસ

કહી શકુ નહી કે, પ્રગ્નેશ પછી રસોઈયા તરીકે રોહીત હતો. હુ કહી શકુ નહી કે રોહીત પછી રસોઈયા તરીકે અખીલ હતો. સાહેદ જણાવે છે કે, આ બંને રોહીત અને અખીલ પણ આશારામના રસોઈયા હતા પરંતુ તેમનો ક્રમ હુ ચોકકસ કહી શકુ નહી. હુ કહી શકુ નહી કે અખીલ પછી રસોઈયા તરીકે લોકેશ હતો. સાહેદ જણાવે છે કે, લોકેશ રસોઈયો હતો પરંતુ કોના પછી તે ચોકકસ કહી શકુ નહી.(૨૯)...મને આંક–૩૪૬નુ સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન બતાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, તેમાં પેજ નં.૭ પર મે 'બાપુ કે રસોઈમે લાલા ઉર્ફે જીગ્નેશ સોની ઈશકે બાદ રોહીત, અખીલ ગુપ્તા, લોકેશ રસોઈયે કે તૌર પર ક્રમાનુસાર કામ કરતે થે.' તેવી વિગત લખાવેલી છે.(૩૦)...એ વાત ખરી નથી કે, હુ વિક્રમ રાઠોડ અને દુર્ગા નામની વ્યકિતને ઓળખુ છુ. મને આજે યાદ નથી કે, હુ, વિક્રમ રાઠોડ, દુર્ગા અને વીણા ચૌહાણ અમે ચારેય દિલ્હીમાં મળેલા. એ વાત ખરી નથી કે, સને ૨૦૦૮માં હુ, રાજુ ચાંડક, અમરત પ્રજાપતિ, વીણા ચૌહાણ અને અવીન વર્મા કોઈ છોકરી આશારામ વિરૂધ્ધ જાતિય હુમલો અને બળાત્કારની ફરિયાદ કરે તેની શોધમાં હતા. મને એ વાતની ખબર નથી કે, દિલ્હીની હોટલ રીગલમાં વિક્રમ રાઠોડ અને દુર્ગાએ રાજુ ચાંડકનુ સ્ટીંગ ઓપરેશન પણ કરેલુ. મને યાદ નથી કે, સને ૨૦૦૮માં હુ, વીણા ચૌહાણ અને અવની વર્મા અમદાવાદમાં હતા. મને આજે યાદ નથી કે, અમે અમદાવાદમાં પ્રેસ કોન્ફરન્સ પણ કરેલી. અમે પ્રેસકોન્ફરન્સ કરેલી કે કેમ તે જ યાદ નથી તેથી તે કોન્ફરન્સમાં રાજેશ સોલંકી નામની વ્યકિતને ખરીદીને ખોટો હાજર રાખેલ કે કેમ તે કહી શકુ નહી. હુ કહી શકુ નહી કે, એવી કોઈ કોન્ફરન્સમાં રાજેશ સોલંકીએ તેમની પત્નીને આશ્રમમાં ગોંધી રાખેલ છે તેવી વિગત કહેલી કે કેમ? હુ રાજેશ સોલંકીને ઓળખતો નથી તેથી આવી કોઈ પ્રેસ કોન્ફરન્સ પછી તેની કોઈ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલી કે કેમ

તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, તે ફરિયાદના કામે પોલીસે સંપુર્ણ તપાસ કર્યા બાદ સમરી ભરેલી તે હકીકત હુ જાણુ છુ. આવી કોઈ પ્રેસ કોન્ફરન્સ થયેલી કે કેમ? તે મને યાદ નથી તેથી તેમાં કોણ કોણ હાજર રહેલા તે હુ કહી શકુ નહી. હુ આવી કોઈ સી.ડી. જોવા પણ માંગતો નથી. મને યાદ નથી કે, બીજી કોઈ કોન્ફરન્સમાં અમૃત પ્રજાપતિએ પોતાની પત્નીને બુરખો પહેરાવીને હાજર રાખેલ અને તેના પર આશારામે બળાત્કાર કરેલો તેવુ જણાવેલુ. મને યાદ નથી કે, ત્યારબાદ અમૃત પ્રજાપતિએ જાહેર કરેલુ કે આ મારા પત્ની છે. (૩૧)...એ વાત ખરી નથી કે, મે મારા ભાઈ અને સાળીના કહેવાથી સને ૧૯૯૬માં દિક્ષા લીધેલી. એ વાત ખરી છે કે, સને ૧૯૯૮માં હુ સમર્પિત થયેલો.(૩૨)...એ વાત ખરી છે કે, નારાયણસાઈ આ કેસમાં આરોપી નથી. એ વાત ખરી નથી કે, નારાયણસાઈ માટે પુર્વગ્રહ ઉભો કરવા આ કેસમાં તેમના વિશે પુરાવો આપેલો છે. એ વાત ખરી છેકે, જોધપુર કોર્ટમાં આશારામ વિરૂધ્ધના કેસમાં મારો પુરાવો નોંધવામાં આવેલો. એ વાત ખરી છે કે, સુરત કોર્ટમાં નારાયણસાઈ વિરૂધ્ધના કેસમાં મારો પુરાવો નોંધવામાં આવેલો. એ વાત ખરી છે કે, તે બે કેસ કરતા આ કેસમાં મે અલગ પુરાવો આપેલો છે. સાહેદ જણાવે છે કે, તે બંને કેસો અલગ હતા અને આ કેસની વિગતો અલગ છે. આ ત્રણેય કેસોમાં હુ મુખ્ય સાક્ષી છુ કે કેમ? તે હુ કહી શકુ નહી કોર્ટ નકકી કરશે. એ વાત ખરી નથી કે, આ ત્રણેય કેસોમાં આશારામ અને તેમના કુટુંબના સભ્યો વિરૂધ્ધ ખોટી જુબાની આપવાની મે સોપારી લીધેલી છે. એ વાત ખરી નથી કે, મે તથા અન્યો એ મળીને આશારામ અને તેના કુટુંબના સભ્યો વિરૂધ્ધ ષડયંત્ર રચેલા છે અને આ ખોટા કેસો ઉભા કરેલા છે. એ વાત ખરી નથી કે, આશારામ તેના પત્ની, પુત્ર અને પુત્રીને સજા થાય તો અમે ષડયંત્ર રચનાર તેમના આશ્રમોના માલીક બની જઈએ તે હેતુથી ષડયંત્ર રચેલુ છે. એ વાત ખરી નથી કે, મે તથા બીજા ઈસમોએ અને આ કામના ફરિયાદી તથા સુરત કેસના

ફરિયાદીએ ઈન્દોરમાં ભેગા મળી આ ષડયંત્ર રચેલુ છે. એ વાત ખરી નથી કે, ઈન્દોરથી આ બંને બહેનો સુરત આવેલી અને રાજકીય દબાણમાં શોભાબેને આ બંને બહેનોની ફરિયાદ નોંધેલી. આ કામની ફરિયાદ સાચી છે કે ખોટી તે ફરિયાદી કહી શકે હુ કહી શકુ નહી.(૩૩)...એ વાત ખરી છે કે, સને ૨૦૧૫માં મારા પર જે બનાવ બનેલો તેની ફરિયાદની ખરી નકલ મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, તે ફરિયાદમાં આશારામ આરોપી નથી કે તેના પર કોઈ આક્ષેપ નથી. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧માં ખોટી વિગતો લખાવેલી છે. એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૩ થી ૫ માં ખોટી વિગતો લખાવેલી છે. મને એ વાતની ખબર નથી કે, આશારામના આશ્રમમાં જે વ્યકિતઓ અનુષ્ઠાન માટે  આવે તે અંગેનુ રજીસ્ટર રાખવામાં આવે છે અને તેઓ પાસેથી ચાર્જ લેવામાં આવે છે. મને એ વાતની ખબર નથી કે, અનુષ્ઠાન માટે આવનાર વ્યકિતને રહેવા માટે પાસ આપવામાં આવે છે અને તે અંગેનુ રજીસ્ટર રાખવામાં આવે છે.(૩૭)...એ વાત ખરી નથી કે, સતસંગ પછી આશારામ વ્યાસપીઠ પર બેસતા હતા અને ત્યાંથી હાથોહાથ પ્રસાદ આપતા હતા. સાહેદ જણાવે છે કે, ફેંકતા પણ હતા. એ વાત ખરી નથી કે, ઢેલ અને બગલો પ્રસાદ વહેચતા હતા. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧૨માં 'જો પ્રસાદ વિતરણ દરમ્યાન.... .... આશારામની કુટીયામાં મોકલતા હતા.' તે વિગત ખોટી જણાવી છે. (૩૮)...એ વાત ખરી છે કે, કઈ છોકરીઓને આશારામની કુટીયામાં લઈ ગયેલા તેના નામ, સરનામા અને સમય મે પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા કલમ-૧૬૪ ના નિવેદનમાં લખાવેલા નથી. એ વાત ખરી છે કે, આશારામ વ્યાખ્યાન હેતુ માટે ભારતભરમાં પ્રવાસ કરતા હતા. મને એ વાતની ખબર નથી કે, તેઓ વ્યાખ્યાન હેતુ માટે વિદેશ પ્રવાસ પણ કરતા હતા. હુ ઈશ્વર નાયક નામની વ્યકિતને ઓળખુ છુ. તેમની સાથે મારે વાતચીતના સંબંધો હતો. મને એ વાતની

ખબર નથી કે, ઈશ્વર નાયકની આશારામ સાથે કયારે અને કયાં મુલાકાત થયેલી અને તેઓ કયારે કેનેડા છોડીને ભારત આવેલા. એ વાત ખરી નથી કે, આશારામ સાથે આક્ષેપ કરવા છોકરીઓની વિગતો ખોટી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, છોકરીઓની વિગત હુ કોર્ટમાં પ્રથમવાર જણાવુ છુ.(૩૯)...એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧૩માં 'આશારામ અમદાવાદ આશ્રમમાં .......... પીછા નહી છોડતી હૈ.' તે વિગત ખોટી જણાવેલી છે અને સૌપ્રથમવાર આ કોર્ટમાં જણાવેલી છે. (૪૦)...હુ કોટા આશ્રમના વહીવટમાં ભુજમાં ભુકંપ આવ્યો તેની આગળની દિવાળીથી લઈને ભુજમાં ભુકંપ આવ્યો તે વર્ષના નિર્જલા એકાદશી સુધી હતો. નિર્જલા એકાદશી હોળી પછી આવતી હોય છે અને ગુરુપુર્ણિમા પહેલા આવતી હોય છે. ભુજમાં ભુકંપ ૨૬મી જાન્યુઆરીએ આવેલો સાલ આજે યાદ નથી. એ વાત ખરી નથી કે, હુ કોટા આશ્રમના સંચાલક તરીકે ત્રણ થી ચાર મહિના રહેલો. એ વાત ખરી નથીકે, મે મારી સરતપાસના પેરા નં.૧૪માં 'નિર્જલા એકાદશી વખતે હુ ...... દુષ્કર્મ કર્યાનો આરોપ મુકેલો છે.' તેવી વિગત કોર્ટમાં સૌપ્રથમવાર જણાવેલી છે. મે મારા મિત્રવર્તુળમાં અને બીજે પણ આ વાત જણાવેલી છે. એ વાત ખરી નથી કે, આ વિગત કાલ્પનિક છે. એ વાત ખરી નથી કે, તેની અસર કરનાળ, પાનીપત અને અંબાલામાં થયેલી અને લોકોએ આશારામનો વિરોધ કરેલો છે તે વિગત ખોટી અને કાલ્પનિક છે. એ વાત ખરી નથી કે, નિર્જલા એકાદશીનો પ્રોગ્રામ પુરો થયા બાદ નારાયણસાઈએ મને જાબુઆ મધ્યપ્રદેશનો આશ્રમ ડેવલપ કરવા મોકલી દીધેલ તે હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧૪ માં નારાયણસાઈ વિશે ખોટી વિગતો જણાવેલી છે. મે મંત્રતંત્ર વિદ્યાના પેપર્સ પોલીસમાં રજુ કરેલા તે અંગે પોલીસે મને કોઈ પહોંચ આપેલી નહી. તે અંગે પોલીસે કોઈ પંચનામુ કરેલુ કે કેમ? તેની મને જાણકારી નથી.

પોલીસે આ બાબતે મારા કોઈ હસ્તાક્ષરના નમુના લીધા હોય તેવુ પણ બનેલુ નથી. એ વાત ખરી છે કે, મે મંત્રતંત્ર વિદ્યાના કાગળો સુરત પોલીસને આપેલા. એ વાત ખરી નથીકે, મે સરતપાસના પેરા નં.૧૫માં ખોટી વિગતો જણાવેલી છે. એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૧૬માં આશારામ અને નારાયણસાઈ વિરૂધ્ધ પુર્વગ્રહ ઉભો કરવા ખોટી જણાવેલી છે. એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૧૭ની વિગતો કાલ્પનિક ખોટી ઉભી કરેલી છે. એ વાત ખરી નથી કે, આ વિગતો ખોટી ઉભી કરેલી છે તેથી તેના ચોકકસ સમય અને સ્થળ જણાવતો નથી.(૪૧)...એ વાત ખરી ની કે, ટ્રસ્ટના પૈસાથી મારા નામે જમીન ખરીદવામાં આવેલી. એ વાત ખરી નથી કે, ટ્રસ્ટના પૈસાથી મે ફોરવ્હીલર ગાડી ખરીદ કરેલી અને તે આજે પણ મારી પાસે છે. એ વાત ખરી છે કે, મારા નામની ખરીદ કરેલ જમીન અને ગાડી આશ્રમના નામે કરી આપવા મને કહેવામાં આવેલુ. એ વાત ખરી નથી કે, જમીન અને ગાડી આશ્રમને પરત કરવી ન પડે તે કારણસર હુ આશ્રમ છોડીને ભાગી ગયેલો. (૪૨)...એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧૮માં 'મે આશ્રમ છોડયા બાદ સને ૨૦૦૮માં... પેપર્સ મને પાછા આપી દો. ' તે વિગત ખોટી જણાવેલી છે. મને યાદ નથી કે, બે બાળકોના મૃત્યુ અંગે સ્ટેટ સી.આઈ.ડી.એ તપાસ કરેલી. મને યાદ નથી કે, તેમણે રીપોર્ટ કરેલ કે આશ્રમમાં આવી કોઈ તંત્રમંત્ર વિદ્યા થતી નથી. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસના પેરા નં.૧૮માં 'મે નારાયણસાઈને કહેલ કે મારા સહી કરેલા ...... નારાયણસાઈએ મને ખુબ ધમકી આપેલી' તે વિગત ખોટી જણાવેલી છે. એ વાત ખરી નથી કે, મારા સહી કરેલા કોઈ કોરા કાગળ નારાયણસાઈ પાસે નથી. એ વાત ખરી છેકે, મે આ મુદ્દા અંગે વીરાર, મુંબઈ પો.સ્ટે.માં ફરિયાદ કરેલી. તે અંગેની ફરિયાદ કોર્ટમાં ચાલુ છે. એ વાત ખરી નથી કે, પોલીસે તપાસ કર્યા બાદ બી સમરી કોર્ટમાં રજુ કરેલી

છે અને કોર્ટે તે મંજુર કરી દીધેલી છે. એ વાત ખરી છે કે, તે ફરિયાદના કામે પોલીસે બી સમરી રજુ કરેલી છે. કોર્ટેમાં બી સમરીની કાર્યવાહી પેન્ડીંગ છે તે બતાવવા મારી પાસે કોઈ લેખીત પુરાવો નથી તેથી તે રજુ કરી શકુ તેમ નથી. (૭૩)... એ વાત ખરી છે કે, પાનીપત પોલીસમાં મે કરેલી અરજીના કામે પોલીસે મારૂ નિવેદન લીધેલુ. સાહેદ જણાવેછે કે, આશારામના પ્રભાવના કારણે મારૂ નિવેદન મારા લખાવ્યા મુજબ નોંધેલુ નહી પરંતુ પોલીસે પોતાની રીતે જાતે લખી નાખેલુ. એ વાત ખરી છે કે, તે નિવેદનની ખરી નકલ મે સુરત પોલીસ રૂબરૂ રજુ કરેલી. મારૂ નિવેદન મારા લખાવ્યા મુજબ નોંધેલુ નહી તે અંગે મે ઉચ્ચ પોલીસ અધિકારીને રજુઆત કરેલી કે કેમ? તે આજે યાદ નથી. મને એ વાતની ખબર નથી કે, પાનીપત પોલીસે એવો રીપોર્ટ કરેલો કે આશ્રમના પૈસાથી મારા નામે ખરીદ કરેલ જમીન અને ગાડી પરત સોંપવી ન પડે તે હેતુથી આ ખોટી ફરિયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે, જમીન અને કાર પરત કરવી ન પડે તેથી મે ખોટી ફરીયાદ કરેલી છે તેવો રીપોર્ટ વીરાર પોલીસે પણ કરેલો છે. (૭૪)... એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૨૦માં ખોટી વિગતો જણાવેલી છે. એ વાત ખરી છે કે, આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત પણ કરવામાં આવતા હતા તે વિગત મને કયારે, કયાં અને કોના મારફત જાણવા મળેલી તે મે સ્પષ્ટ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કઈ છોકરીઓના ગર્ભપાત થયેલા તેમના નામ પણ મે જણાવેલા નથી. એ વાત ખરી છેકે, અમૃત પ્રજાપતિની પત્નીએ આશારામ વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ કરેલી તે બતાવવા મે કોઈ લેખીત આધાર રજુ કરેલો નથી. એ વાત ખરી નથી કે, મે સરતપાસના પેરા નં.૨૨ અને ૨૩માં જે વિગતો જણાવેલી છે તે આશારામ અને તેમના કુટુંબના સભ્યોને તથા તેમના આશ્રમને બદનામ કરવા ખોટી ઉભી કરી ખોટી જણાવેલી છે. (૭૫)...મને આંક-૩૪૬નુ મારૂ નિવેદન બતાવવામાં આવે છે. એ વાત ખરી

છે કે, મે તે નિવેદનમાં '૧૯૯૮ મે પાનીપત કે ડાડોલા ગાવમે આશારામ બાપુ (પેજ નં.૨) .......રાજસ્થાન આશ્રમ કા સંચાલક બનાકર ભેજ દીયા (પેજ નં.૪)' ની વિગત મે લખાવેલી છે. એ વાત ખરી છેકે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં 'આ વખતે હુ જુન–જુલાઈ ૨૦૦૧ સુધી રાજસ્થાન આશ્રમમાં (પેજ નં.૬) ........ નારાયણસાઈએ મને ત્યાં મોકલેલ.(પેજ નં.૭)' ની વિગત લખાવેલી છે. (૪૬)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧માં 'હુ જયારથી આ કેસમાં સાક્ષી બનેલો છુ ... થાનાસદરમાં ફરિયાદ કરેલી.' તે વિગત લખાવેલી છે તે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસરૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'આ સમય દરમ્યાન આશારામ ત્યા આવેલ ન હતા આ કારણથી નરસિંહભાઈના લીધે મારૂ આશ્રમમાં આવવા જવાનુ ચાલુ રહેલુ.'(સરતપાસ પેરા નં.૪) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'ગોડાઉનને આશ્રમમાં ભોચરા તરીકે ઓળખવામાં આવતુ હતુ. જે વ્યકિતઓને સામાન ખરીદવો હોય તેનુ લીસ્ટ આવતુ હતુ તે મુજબ અમે સામાન પેક કરીને ટ્રાન્સપોર્ટ કરતા હતા.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'હુ સમયાનુસાર આશારામના પત્ની લક્ષ્મીબેન અને તેમની પુત્રી ભારતીના દર્શન કરવા મહિલા આશ્રમમાં જતો હતો. મારી સાથે બીજા પુરુષો પણ દર્શને આવતા હતા.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂનાનિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'આશારામ જયારે આશ્રમમાં આવતા ત્યારે આશ્રમમાં શાંતિકુટીયા બનાવેલી હતી ત્યા પણ રહેતા હતા અને શાંતિવાટીકા જે તેમનુ ફાર્મ હાઉસ હતુ તેમા પણ રહેતા હતા. કુટીયાની આસપાસ ડ્રાયવર કે રસોઈયા રહેતા હતા.' એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં 'ઢેલ અને બગલો બીજી છોકરીઓ સાથે કુટીયાની આસપાસ છુપાઈને ફરતી રહેતી હતી.' તે વિગત લખાવેલી નથી.

એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'વેચાણ લાખો કરોડોમાં થતુ હતુ જે વેચાણ બ્લેકમાં થતુ હતુ તેનો કોઈ ટેકસ ભરવામાં આવતો ન હતો કે પાકા બીલ બનાવવામાં આવતા ન હતા.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'જયભાઈ તથા ગીરીશભાઈનામના સાધક કે જેઓ આશ્રમ છોડીને ગયા હતા તેઓ આશ્રમ વિશે ઘણી માહિતી ધરાવતા હતા તેઓ અમને કહેતા હતા કે આશારામ અને નારાયણસાઈ આશ્રમમાં છોકરીઓ ઉપર દુષ્કર્મ કરે છે અને બળાત્કાર કરે છે તેઓ બંને વ્યભિચારી અને ચરીત્યહિન છે.' એ વાત ખરી છે કે, હુ મોટેરા આશ્રમમાં સમર્પિત થયાના સાત-આઠ મહિના સુધી રહેલો તેવી વિગત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી.(૪૭)...એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'ઢેલ અને બગલો પ્રસાદ વિતરણનુ કામ સંભાળતા હતા.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'રાતના જમ્યા બાદ આશારામ રાઉન્ડમાં નીકળતા હતા ે વખતે બધી જ છોકરીઓ ઉપર ટોર્ચનો પ્રકાશ ફેકતા હતા અને જે છોકરી તેમને પસંદ આવે તેના પર ટોર્ચથી ડીપર કરતા હતા ત્યારે ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરી આશારામને પસંદ આવેલી છે તેને આશારામની કુટીયામાં મોકલવાની છે.(૪૮)... એ વાત ખરી છે કે, મે પોલીસ રૂબરૂના નિવેદનમાં રાજસ્થાનના કોટાનો આશ્રમ ઉજ્જડ પડેલો હતો અને મે તેને ખુબ સારી રીતે ડેવલપ કરેલો તેવુ લખાવેલુ નથી. સાહેદ જણાવે છે કે, મે કોટાના આશ્રમમાં જે જે કામગીરી કરેલી તે વિગતવાર લખાવેલી છે. એ વાત ખરી નથી કે, મે આશ્રમને ડેવલપ કરવાની જે કામગીરી કરેલી તેની જાણ આશારામ અને નારાયણસાઈને થયેલી તે હકીકત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, 'હુ કોટા આશ્રમનો રીપોર્ટ આપતો હતો

તે વખતે આશારામનો ફોન તેમનો રસોઈયો અખીલ ગુપ્તા રાખતો હતો અને તે આશારામ સાથે મારી વાત કરાવતો હતો' તે વિગત મે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'નિર્જલા એકાદશી વખતે હુ હરીધ્વાર ગયેલો ત્યા મારી માતા પણ આવેલા હતા તેમણે મને કહેલુ કે અંબાલાની બે છોકરીઓ આશારામ પર દુષ્કર્મ કર્યાનો આરોપ મુકેલો છે. (૪૯)...એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથીકે,'ભુજમાં ભુકંપ આવેલો તે વર્ષની દિવાળીની આગળની રાતે મે નારાયણસાઈને તંત્ર વિદ્યા કરતા જોયેલા અમે જે ઓરડીમાં રહેતા હતા તેનો દરવાજો પુર્વ દિશાનો હતો અને તેની સામે નદી પડતી હતી.(૫૦)...એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'જેથી હુ હાથ ધોઈને તે ઈસમની નજીક ગયેલો તેનુ મોઢુ નદી તરફ હતુ હુ તે ઈસમની પાછળની સાઈડ જોઈને ઓળખી ગયેલો કે તે નારાયણસાઈ છે.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'હુ નારાયણસાઈની જમણી તરફ થોડે દુર બેઠો હતો નદીના કિનારે નાના પથ્થરો હતા તેથી નારાયણસાઈને મારા ચાલવાથી પથ્થરના અવાજથી ખબર પડી ગયેલી કે કોઈ આવ્યુ છે.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં હુ પરત આવીને મારી રૂમમાં સુઈ ગયેલો તેવુ લખાવેલુ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'મારા રૂમનો દરવાજો ખખડાવેલો જેથી મે દરવાજો ખોલતા મને કહેલુ કે ચાલો ગાડીમાં બેસો.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથીકે, 'ગાડીમાં અમે બે જ જણા હતા.(૫૧)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૫માં જણાવેલી વિગતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વા તખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ

લખાવેલ નથી કે 'હુ આશારામ અને નારાયણસાઈ સાથે તેમના મોટાભાગના સતસંગમાં ગયેલો છુ.' એ વાત ખરી છે કે, આશ્રમમાં છોકરાઓને લટ્ટાના નામથી ઓળખવામાં આવતા હતા તે હકીકત મે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી.(પર)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૭માં 'મે નારાયણસાઈને ઘણી વખત ... તેમણે મને પરવાનગી આપેલી.' તે વિગત લખાવેલી છે તે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૮માં જે વિગતો લખાવેલી છે તે પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'આશારામ અને નારાયણસાઈ વિરૂધ્ધ કાર્યવાહીની માંગ કરેલી અને તે અરજીમાં જે જે લોકોએ મને ધમકી આપેલી તે તમામ સામે કાર્યવાહી કરવાની માંગણી કરેલી. આશારામના પ્રભાવના કારણે પાનીપત પોલીસે પોતાની રીતે મારો જવાબ લખી મારી સહી લઈ અરજી ફાઈલે કરી દીધેલી.(પ૩)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૨૨ માં ત્રીજી લાઈનમાં 'આ બાબત મે જાતે જોયેલી છે' તેવુ લખાવેલ છે તે વિગત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે 'મને એવુ પણ જાણવા મળેલુ કે આરોપી ભારતી,ઢેલ અને બગલો જે છોકરીઓ અને સ્ત્રીઓને લઈને આશારામની કુટીયામાં જતા હતા ત્યાં આશારામ તે છોકરીઓ અને સ્ત્રી ઓ સાથે બળાત્કાર કરતો હતો.' એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૨૩ માં જણાવેલ વિગતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. (પ૪)...એ વાત ખરી છે કે, મે આંક-૩૪૬ના મારા નિવેદનમાં 'સને ૧૯૯૮ માં જાન્યુઆરી તા.૧૨ થી ૧૫ દરમ્યાન અમદાવાદ મોટેરા આશ્રમમાં ધ્યાનયોગ શિબિરનુ ઉતરાયણ નિમિતે આયોજન થયેલુ તે વખતે હુ મોટેરા આશ્રમમાં

આવેલો હતો અને શિબિર પુરી કરી મારા ગામ પાછો ફરેલો.' આ વિગત લખાવેલી નથી. સાહેદ જણાવે છે કે, સાલ ૧૯૯૭ લખાવેલી છે તે સિવાયની વિગતો મે કલમ–૧૬૪ના નિવેદનમાં લખાવેલી છે. એ વાત ખરી છે કે, મે આંક–૩૪૬ના મારા નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'નરસિંહભાઈએ મને કહેલુ કે હાલમાં અહી વધારે માણસોની જરૂર નથી અમદાવાદના આશ્રમમાં હોશિયાર માણસોની જરૂર છે.' એ વાત ખરી છે કે, મે આંક–૩૪૬ના મારા નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, ' ગોડાઉનને આશ્રમમાં ભોયરા તરીકે ઓળખવામાં આવતુ હતુ જે વ્યકિતઓને સામાન ખરીદવો હોય તેનુ લીસ્ટ આવતુ હતુ તે મુજબ અમે સામાન પેક કરીને ટ્રાન્સપોર્ટ કરતા હતા અને તે અંગેનુ કાચુ બીલ બનાવતા હતા. હુ આશ્રમમાં હતો તે દરમ્યાન મહિલા આશ્રમમાં મારે આવવા જવાનુ થતુ હતુ.' એ વાત ખરી નથી કે, મે સરતપાસમાં જે પુરાવો આપેલ છે તે વિગતો આંક–૩૪૬ના મારા નિવેદનમાં લખાવેલ નથી.(૫૫)...વંદના શાહુ નામના ડોકટરે જયારે મારા પર કેસ કરેલો ત્યારથી હુ તેમને ઓળખુ છુ તે અગાઉ ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે, વંદના શાહુએ મારી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૫૪ અને ૫૦૯ના ગુના અંગે ફરિયાદ કરેલી છે. સાહેદ જણાવે છે કે, તદૃન ખોટી ફરિયાદ કરેલી છે. એ વાત ખરી છે કે, તે કેસનો સમન્સ મને બજતા હુ કોર્ટમાં હાજર થયેલો છુ. હુ સરપંચ પ્રિયંકા શર્માને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, પ્રિયંકા શર્માએ મારી વિરૂધ્ધ પાનીપત પોલીસમાં ઈ.પી.કો. કલમ–૩૫૪ અને ૫૦૬(૨)ની ફરિયાદ આપેલી છે અને તે અંગે પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલો છે. એ વાત ખરી નથી કે, હુ નાનપણથી અનકન્ટ્રોલ આદમી છુ. (૫૬)...મને આજેયાદ નથી કે, સને ૨૦૦૪ની સાલમાં નાલાસોપારામાં નારાયણસાઈનો પ્રોગ્રામ હતો. એ વાત ખરી છે કે, નારાયણસાઈને તેમના પ્રોગ્રામમાં ભેટ–સોગાદો ગુરુદક્ષિણામાં મળતી હતી. એ વાત ખરી નથી કે, પ્રોગ્રામનો વહીવટ મારા હસ્તક રહેતો હતો. એ વાત

ખરી નથી કે, નારાયણસાઈને મળેલ ભેટ–સોગાદો અને ગુરુદક્ષિણા લઈને હુ મુંબઈ ભાગી ગયેલો. એ વાત ખરી છે કે, વિરાર આશ્રમની સમિતિ હતી. એ વાત ખરી નથી કે, આશ્રમ માટે કેમેરો ખરીદવા મે વિરાર આશ્રમની સમિતિ પાસેથી રૂપિયા એક લાખ લીધેલા. એ વાત ખરી નથી કે, નાલાસોપારાના પ્રોગ્રામામાં મળેલી ભેટ–સોગાદો અને વિરાર આશ્રમમાંથી લીધેલ રૂપિયા એક લાખ પરત આપવા ન પડે તે હેતુસર મે વિરાર પો.સ્ટે.માં ફરિયાદ કરેલી. વિરાર પો.સ્ટે.માં મે જે ફરિયાદ કરેલી તે કામે પોલીસે તૈયાર કરેલ રીપોર્ટ મે વાંચેલો નથી. મે વિરાર પોલીસની બી સમરી વિરૂધ્ધ વાંધા આપતા પહેલા તે રીપોર્ટ વાંચેલો.મને આજે યાદ નથી કે,તે રીપોર્ટમાં પોલીસે નાલાસોપારા અને વિરાર આશ્રમના રૂપિયા એક લાખ વિશે પણ ઉલ્લેખ કરેલો છે.(૫૭)...એ વાત ખરી નથી કે, સને ૨૦૦૫માં આશ્રમ છોડયા બાદ હુ ગુજરાતમાં પાછો આવેલો નથી. હુ પોલીસ રૂબરૂ નિવેદન આપવા ગુજરાત આવેલો તે અગાઉ કયારે કયારે ગુજરાત આવેલો તે આજે યાદ નથી. હુ સુરતના ડી.સી.પી. શોભાબેન ભુતડાને ઓળખુ છુ. મને આજે યાદ નથી કે, હુ અને અમૃત પ્રજાપતિ શોભાબેન સાથે મોટેરા આશ્રમમાં આવેલા. મને હુ મોટેરા આશ્રમમાં શોભાબેન સાથે આવેલો તે જ યાદ નથી તેથી મે તે વખતે મોઢે રૂમાલ બાંધેલો કે કેમ? તે અંગે કાઈ કહી શકુ તેમ નથી.(૫૮)...એ વાત ખરી નથી કે, મે–૨૦૧૮માં મે પ્રિયંકા શર્મા વાળા કેસમાં જામીન લીધેલા. એ વાત ખરી છે કે, સને ૨૦૦૧ના નિર્જલા પ્રોગ્રામથી સને ૨૦૦૫માં મે આશ્રમ છોડયો ત્યાં સુધી હુ નારાયણસાઈ સાથે હતો. એ વાત ખરી નથી કે, મહિલા આશ્રમમાં ચુર્ણ, અગરબત્તી વિગેરેનુ ગોડાઉન ન હતુ. એ વાત ખરી નથી કે, મહિલા આશ્રમમાં મારી ખોટી એન્ટ્રી બતાવવા મહિલા આશ્રમમાં ચુર્ણ વિગેરેનુ ગોડાઉન હતુ તેવી હકીકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે, મહિલા આશ્રમને બદનામ કરવા અને છોકરીઓને બદનામ કરવા મહિલા

આશ્રમમાં મારી એન્ટ્રી હોવાનુ ખોટુ જણાવુ છુ. (૫૯)... મને એ વાતની ખબર નથી કે, રફતાર ઈલેકટ્રોનીક નામની ચેનલ છે. એ વાત ખરી નથી કે, આશારામ અને તેના કુટુંબના સભ્યોને તથા આશ્રમને બદનામ કરવા મને ખુબ મોટી રકમ આપવામાં આવેલી છે અને મળી રહેલી છે. મને આજે યાદ નથી કે, મે જુલાઈ–૨૦૧૩ મે પ્રિન્ટ મીડીયા અને ઈલેકટ્રોનિક મીડીયામાં આશારામ, નારાયણસાઈ, તેમના કુટુંબના સભ્યો અને આશ્રમ વિશે તથા છોકરીઓ સાથે દુષ્કર્મો વિશે માહિતી જાહેર કરેલી કે કેમ? એ વાત ખરી છે કે, જુલાઈ–૨૦૧૩ પહેલા મે આશારામ અને નારાયણસાઈના દુષ્કર્મો વિશે પોલીસમાં કે રાજકારણીઓને કોઈ લેખીત અરજી કે ફરિયાદ કરેલી નથી. એ વાત ખરી છે કે, નારાયણસાઈની પત્ની જાનકી દેવી હતા તેની મને માહિતી છે. એ વાત ખરી નથી કે, અમે કાવતરૂ ઘડેલ છે અને તેમાં નારાયણસાઈની પત્ની જાનકીને પણ સામેલ કરેલ છે. એ વાત ખરી નથી કે, મે આ કામના આરોપીઓ તથા નારાયણસાઈને કોર્ટ મારફત ખોટી સજા કરાવવા તેમના વિરૂધ્ધ ખોટો પુરાવો આપેલો છે.

(૬૩.૨) સદર સાહેદે સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું જે નિવેદન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરનાઓ સમક્ષ લખાવેલ તે આ કામે આંક–૩૪૬ થી રજુ થયેલ છે જે વંચાણે લેતાં તેમાં પણ સત્સંગ બાદ જે પ્રસાદી વહેંચવામાં આવતી તેમાં આશારામને જે છોકરી પસંદ પડે તેના પર ફળ ફેંકતા જેથી આરોપી ઢેલ અને બગલો સમજી જતા કે બાપુને તે છોકરી પસંદ છે. સદર સાહેદને ૨૦૦૧ ની દિવાળી પહેલાં કોટા રાજસ્થાન આશ્રમનું સંચાલન કરવા મોકલી દીધેલ ત્યારે તેઓએ બાપુને ફોન કરતાં તેમનો રસોઈયો ફોન ઉપાડતો હતો લેન્ડ લાઈન અને મોબાઈલ પરથી બાપુ સાથે વાત થતી હતી. તે જયારે અમદાવાદ આવ્યો

ત્યારે કેટલીય વખત રાજુભાઈ યાદવે તેમને રાત્રે ભારતી દીદી તેમજ તેની સાથે એક છોકરી બાપુની કુટીયામાં આવેલ અને બે ત્રણ કલાક રોકાઈને જતા રહેલાની વાત જણાવેલી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદે તેમના સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદનમાં જણાવેલ છે કે બાપુના રસોઈયા તરીકે લાલો તેના પછી રોહીત, અખીલ ગુપ્તા, લોકેશ કામ કરતા હોવાની હકીકત જણાવેલી હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

(૬૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૩ તરીકે જાન્કી ઉર્ફે શીલ્પી નારાયણસાંઈ હરપલાનીનાઓને આંક-૩૫૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણીએ આખો આશારામનો આશ્રમ જોયેલો છે. આશારામના આશ્રમમાં જે ગતિવિધીઓ ચાલતી હતી તેનાથી હુ માહિતગાર છુ. આશારામ દિવસ દરમ્યાન સતસંગ કરવા આશ્રમમાં આવતા હતા તે સિવાય રાત્રીના સમયે આશ્રમથી ત્રણેક કી.મી. દુર શાંતિવાટીકા આવેલી હતી ત્યા આશારામ રહેતા હતા. તે વખતે આશ્રમનુ સંચાલન ધ્રુવબેન કરતા હતા અને આશારામના પત્ની તથા ભારતી પણ વહીવટ સંભાળતા હતા. આશારામ અમદાવાદની બહાર સતસંગમાં જતા ત્યારે હુ પણ તેમના પત્ની સાથે જતી હતી અને આશારામ સાથે બગલો, ઢેલ અને બીજી સાધીકાઓ પણ સાથે જતી હતી. જેમાં બગલો અને ઢેલ આશારામની આગળ પાછળ રહેતા હતા. કોઈપણ સ્ત્રીને આશારામ સાથે મુલાકાત કરાવવાની હોય તો ઢેલ અને બગલો કરાવતા હતા.તે મહિલા આશ્રમમાં રહેવા આવેલી ત્યારબાદ જોયેલુ કે, આશારામ અમદાવાદમાં હોય અને આશ્રમમાં સતસંગ કરવા આવે ત્યારબાદ સતસંગ પુરો થયા પછી ઢેલ અને બગલો તથા ધ્રુવબેન કોઈ છોકરીઓને લઈને આશારામની પત્ની સાથે વાત કરવા આવતી અને ત્યારબાદ

છોકરીઓને લઈને જતા રહેતા. તે છોકરીઓ કોઈ છોકરીઓ આશારામની પત્ની પાસે આવીને રડતી હતી અને તેઓ તેને શાંત્વના આપતા હતા. શરૂઆતમાં મને ખબર પડેલી નહી પરંતુ પાછળથી છોકરીઓની વાતચીતથી જાણવા મળેલુ કે ઢેલ, બગલો અને ધ્રુવબેન છોકરીઓને રાતના સમયે શાંતિવાટીકામાં આશારામ પાસે લઈ જતા હતા.તે એક વાર હુ ઢેલ અને બગલો સાથે આશારામના સતસંગમાં પુષ્કર ગયેલી તે વખતે પણ જોયેલુ કે ઘણીવાર રાતના સમયે ઢેલ અને બગલો રૂમમાં હાજર ન હતા. તેઓ તે વખતે કયા જતા હતા તેની મને માહિતી નથી. મે એવુ સાંભળેલુ કે આશારામ સગીર ઉંમરની છોકરીઓ સાથે ખોટા કામો કરતા હતા અને તેને કોડવર્ડમાં ઘ્યાન કરવુ તેમ કહેતા હતા. મે એવુ પણ જાણેલુ કે જો કોઈ છોકરી આશારામનો વિરોધ કરે તો ઢેલ, બગલો અને ધ્રુવ તેને ચુપ કરાવી દેતી હતી. મે એવુ પણ જાણેલુ કે, જો કોઈ છોકરી ગર્ભવતી થઈ જાય તો સાબરમતી એરીયામાં આવેલ કોઈ દવાખાનામાં લઈ જઈ તેનો ગર્ભપાત કરાવી દેતા હતા. મને આ વાતો જાણીને શરૂઆતમાં ખુબ ધકકો લાગેલો ત્યારબાદ મે આશારામના પત્નીને આ બાબતે પુછેલુ તેમણે કહેલુ કે જે થાય છે તે જોયા કરો. આશારામ કઈ પણ કરી શકે તેમ છે. અને જો સુરક્ષા ચાહતી હોય તો કોઈને આ વાત કરશો નહી.તેણીએ ઘણીવાર એવુ પણ જોયેલુ કે, ભારતી રાતના મહિલા આશ્રમમાં હોતા ન હતા અને સવારે પણ બહાર જાય ત્યારે એક બે કલાક પછી પાછા આવતા હતા. મે આ બાબતે ભારતીને પુછેલુ તેણે કહેલુ કે, બાપુ કહે છે કે તુ છોકરીઓને લઈને મારી પાસે આવ નહી તો હુ સતસંગમાં જાહેરમાં એવુ કહીશ કે આ ચારીત્યહિન છે અને તારી બદનામી થઈ જશે તેથી મારે જવુ પડે છે. ભારતીએ મને એવુ પણ કહેલુ કે હુ અને મૈયા વરસોથી આ જોઈએ છીએ અને સહન કરીએ છીએ પરંતુ અમે કયાંય જઈ શકતા નથી અને જો વિરોધ કરીશુ તો કદાચ અમે પણ જીવતા રહીશુ નહી.આશારામ ખુબ ઉગ્ર સ્વભાવના હતા.

આશારામ ગમે ત્યારે ફોન કરીને મૈયાને અને ભારતીને ડાંટતા હતા. અમે ફોનથી થોડા દુર ઉભા હોઈએ ત્યા પણ આશારામનો મોટો અવાજ સંભળાતો હતો. આશારામ સતસંગ દરમ્યાન પણ ઘણીવાર માઈક પર મૈયા અને ભારતીને ગમે તેમ બોલીને ડાંટતા હતા. જેથી મૈયા અને ભારતી પણ આશારામથી ડરીને રહેતા હતા. સને ૨૦૧૩ માં નારાયણસાઈ ફરાર હતા તે વખતે સુરત પોલીસે મને બોલાવેલી તેથી હુ સુરત ગયેલી. પોલીસના પુછવાથી મે જણાવેલુ કે હુ નારાયણસાઈ સાથે રહેતી નથી. તેમને ઘણી છોકરીઓ સાથે અવૈધ સંબંધો છે અને ઘણા અનૌરસ સંતાનો છે. મીડીયા મારફત આશારામને અને નારાયણસાઈને મારા નિવેદન વિશે જાણ થતા તેઓએ આ નિવેદન પાછુ લઈ લેવા મને પણ ધમકીઓ આપેલી હતી. મારી માતા અને બહેનોને પણ ધમકીઓ આપતા હતા તેથી અમે ઘણા દબાવમાં હતા તે વખતે અમદાવાદની પોલીસ મારી પુછપરછ કરવા ઈન્દોર આવેલી. તે વખતે આ બધી વાત મે પોલીસને બતાવેલી ન હતી. (૧૩)...મહિલા આશ્રમમાં સ્ત્રીઓને કોઈ સન્માન મળતુ ન હતુ. આશારામની પત્ની અને ભારતીને પણ કોઈ સન્માન મળતુ ન હતુ. મને મૈયા અને ભારતી સારી રીતે રાખતા હતા. નારાયણસાઈ મને પત્ની તરીકે બહુ મહત્વ આપતા ન હતા. (૧૪)...તે સને ૨૦૦૬ સુધી આશ્રમમાં રહેલી તે દરમ્યાન આશ્રમમાં વકતા તરીકે સુરેશભાઈ, ભોગબનનાર, રેખા, વર્ષા હતા. આશારામ સતસંગ દરમ્યાન પણ કયારેક કયારેક આશ્રમવાસીઓ ઉપર ગુસ્સે થઈ જતા હતા. વ્યાસપીઠનુ સંચાલન મહિલાઓ તરફે ઢેલ, બગલો અને ધ્રુવ સંભાળતા હતા. તે સિવાયના નામ આજે યાદ નથી. મારા પિતાજીએ આશારામના પ્રભાવમાં આવીને પોતાની તમામ સંપતિ આશ્રમને આપી દીધેલી. સને ૨૦૧૩માં મારા પિતાજીનુ મૃત્યુ થયેલુ તે વખતે આશારામ ભોપાલ આવેલા તે વખતે તેમણે મને કહેલુ કે નારાયણસાઈના અવૈધ સંતાનને તુ

અપનાવી લે પરંતુ મે ના પાડેલી. આશારામ વી.સી. થી હાજર છે. આજરોજ કોર્ટમાં ધ્રુવ, ઢેલ, બગલો, ભારતી પણ હાજર છે તેઓને પણ હુ જોયે તથા નામથી સારી રીતે ઓળખુ છુ. કોર્ટમાં જશીબેન પણ હાજર છે તેમને પણ હુ જોયે તથા નામથી ઓળખુ છુ. આશારામના પત્ની હાજર નથી પરંતુ તેઓને પણ હુ સારીરીતે ઓળખુ છુ. (૧૫)...પોલીસે ભોગબનનાર પર થયેલ બળાત્કારના કેસમાં મારી પુછપરછ કરી નિવેદન લીધેલુ. તે કેસમાં હુ આજરોજ જુબાની આપવા આવેલ છુ.

**(૬૪.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૬)...એ વાત ખરી છે કે, પોલીસે મારૂ નિવેદન તા.૨૯–૧૧–૧૩ના રોજ ઈન્દોર મુકામે લીધેલો. એ વાત ખરી છે કે, તે વખતે હુ સી.એ.નો કોર્ષ કરતી હતી. મારૂ સી.એ.નુ ફાઈનલ યર બાકી છે. એ વા તખરી છે કે, હુ ઈન્દોરમાં જે મકાનમાં રહુ છુ તે નારાયણસાઈએ ખરીદીને આપેલુ છે. એ વાત ખરી નથી કે, તે ડુપ્લેક્ષ મકાન છે. સાહેદ જણાવે છે કે, તે ફ્લેટ છે. એ વાત ખરી છે કે, ઘરમાં જરૂરી સરસામાન છે. એ વાત ખરી નથી કે, મારી જોડે ફોરવ્હીલર ગાડી છે. એ વાત ખરી છે કે, નારાયણસાઈએ મને ફોરવ્હીલર ગાડી ખરીદ કરી આપેલ હતી. એ વાત ખરી નથી કે, ભારતી અને મૈયા મને ભરણપોષણના પૈસા મોકલતા હતા. એ વાત ખરી છે કે, ઈન્દોરમાં આશ્રમની સમિતિ છે. એ વા તખરી નથી કે, સમિતિ તરફથી પણ મને પૈસા મોકલવામાં આવતા હતા. એ વાત ખરી છે કે, મારૂ બેન્કમાં ખાતુ છે. હુ ઈન્દોરમાં રહેતી હતી તે વખતે ઘણી વાર માંગણી કર્યા બાદ મારા ખાતામાં પૈસા મોકલવામાં આવતા હતા. એ વાત ખરી છે કે, મારૂ બેન્ક એકાઉન્ટ જાનકી હરપલાનીના નામે આવેલુ છે. એ વાત ખરી નથી કે, ફ્રેબુઆરી–૨૦૧૨ થી ઓકટોબર–૨૦૧૨ દરમ્યાન મારા બેન્ક ખાતામાં રૂા.૧,૬૦,૦૦૦/–ની રકમ

જમા કરાવેલી હતી.(૧૭)...ગાંભોઈ આશ્રમની સેવીકા દ્રોપદીને હુ ઓળખુ છુ. એ વા તખરી છે કે, અમારા સમાજમાં લગ્ન બાદ પુત્રીનુ નામ બદલી નાખવામાં આવે છે એ વાત ખરી છે કે, લગ્ન પછી મારૂ નામ જાનકી રાખવામાં આવેલુ. એ વાત ખરી છે કે, મારા પિતાજીનુ મૃત્યુ આશ્રમમાં સંચાલક તરીકે થયેલુ. એ વાત ખરી છે કે, મારા પિતાજીની મરણની તમામ વિધી આશારામે કરેલી. એ વા તખરી છે કે, આશ્રમનો તમામ વહીવટ લક્ષ્મીમૈયા અને ભારતી સંભાળતા હતા. હવે હુ કહુ છુ કે, મહિલા આશ્રમનો વહીવટ તેઓ સંભાળતા હતા. એ વાત ખરી નથી કે, ભારતી તેના લગ્ન બાદ તેની સાસરીમાં રહેતી હતી અને અમદાવાદ આશ્રમમાં આવતા જતા હતા. એ વાત ખરી નથી કે, શાંતિવાટીકામાં આશારામની રૂમની બાજુમાં લક્ષ્મીમૈયાનો રૂમ આવેલો હતો. (૧૮)...એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, 'અને આ દરમ્યાન શાંતિવાટીકા જે આશારામ મુખ્ય આશ્રમથી થોડે દુર આવેલ છે ત્યા આશારામ બાપુનો એક રૂમ હતો અને બીજો રૂમ લક્ષ્મીમૈયાનો હતો જેથી અમો લ ક્ષ્મીમૈયાને મળવા માટે શાંતિવાટીકા કુટીયામાં જતા આવતા હતા.' સાહેદ જણાવે છે કે, મે મહેગીબાનો રૂમ આવેલાનુ જણાવેલુ. એ વાત ખરી છે કે, આ ખુલાસો હુ આજરોજ પ્રથમ વખત કરૂ છુ. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'એક વખત લક્ષ્મીમૈયાજી બીમાર પડી ગયેલ તો તેમની સેવામાં સજનીબેન નામની સેવીકા પણ ત્યા હતી અને ત્યા અમો એક વખત શાંતિવાટીકા કુટીયાની બાજુમાં આવેલ સાત કુટીયા ખાતે હાજર હતા. ' શાંતિવાટીકામાં લક્ષ્મીમૈયા રહેતા જ ન હતા. શાંતિવાટીકામાં લ ક્ષ્મીમૈયા રહેતા જ ન હતા તેથી ત્યા તેઓ બીમાર પડયા હોય તેવો સવાલ ઉતપન્ન થયેલ નથી તેથી તે વખતે હુ ત્યા ગઈ હોય તેવો પ્રસંગ રહેતો નથી. મે શાંતિવાટીકા જોયેલી છે. શાંતિવાટીકામાં મહેગીબા રહેતા હતા તેથી મારે ત્યા

જવાના પ્રસંગ બનેલા છે. મારા લગ્ન બાદ જયારે આશારામ શાંતિવાટીકામાં ન હોય ત્યારે અમે માતાજીને મળવા શાંતિવાટીકા જતા હતા. મારા લગ્ન બાદ એક વર્ષની અંદર આ રીતે જવાના પ્રસંગ બન્યા હશે. શાંતિવાટીકાની બહાર કોઈ પંડાલ આવેલ ન હતો. એ વાત ખરી છે કે, સાત કુટીયા શાંતિવાટીકાથી અલગ છે. એ વાત ખરી છે કે, સાત કુટીયાની નજીકમાં પંડાલ આવેલો હતો. (૧૯)...સને ૨૦૦૧માં કચ્છમાં ભુકંપ આવેલો તે વખતે આશારામે મદદ કરેલી તે અંગેનો હિસાબ શીતલ પાસે માંગેલો કારણ કે શીતલ કચ્છમાં સતસંગ કરવા ગયેલી હતી. એ વાત ખરી છે કે, આશારામનો સ્વભાવ બહુ જ કડક હતો. એ વાત ખરી છે કે, સેવક, સાધક, સાધીકા, પત્ની કે પુત્રી કોઈપણ વ્યકિતની ભુલ થાય તો આશારામ વ્યાસપીઠ પરથી તેને ધમકાવતા હતા. એ વાત ખરી છે કે, આ બધુ મે મારી નજરોથી જોયુ અને સાંભળ્યુ છે. એ વાત ખરી છે કે, હુ અમદાવાદ મોટેરા આશ્રમમાં આશારામના સતસંગમાં હાજર રહેતી હતી. એ વાત ખરી છે કે, સતસંગમાં બહેનો માટે અને પુરુષો માટે અલગ બેઠક વ્યવસ્થા રહેતી હતી. એ વાત ખરી છે કે, બેઠક વ્યવસ્થામાં અવ્યવસ્થા ન થાય તે માટે બહેનો અને ભાઈઓમાં પ્રતિનિધી રહેતા હતા. એ વા તખરીછે કે, સતસંગ પુરો થયા બાદ કોઈને આશારામને મળવુ હોય તો બહેનોમાંથી બહેનોના પ્રતિનિધી અને ભાઈઓમાંથી ભાઈઓના પ્રતિનિધી તેમને લઈ જતા હતા. એ વાત ખરી છે કે, હુ આશારામથી બહુ ડરતી હતી. એ વાત ખરી છે કે, મે આશારામથી રૂબરૂમાં કોઈ વાતચીત કરેલી નથી.(૨૧)...એ વાત ખરી છે કે, લગ્ન બાદ નારાયણસાઈ એક પતિએ પત્નીને જેટલો સમય આપવો જોઈએ એટલો સમય મને આપતા ન હતા. એ વાત ખરી છે કે, આ વાતનુ મને મનદુખ રહેતુ હતુ. એ વાત ખરી છે કે, હુ આજે પણ નારાયણસાઈની પત્ની છુ. હુ સને ૨૦૧૩માં પીયર ગયેલી. લગ્ન થયા બાદ હુ આશ્રમમાં રહેતી હતી તે દરમ્યાન નારાયણસાઈ સાથે બે ત્રણ વખત

ફરવાના સ્થળે ગઈ હોઈશ. સને ૨૦૧૩માં નારાયણસાઈએ મને અમારી વચ્ચેના પ્રોબલેમ વિશે વાતચીત કરવા મને લેહલડાખ બોલાવેલી. તેમણે મને કહેલુ કે અહીયા સતસંગ છે અને ઓછા લોકો છે તેથી આપણને વાતચીત કરવા પુરતો સમય મળી જશે. એ વાત ખરી છે કે, મોબાઈલમાં સેલ્ફી લેવાની સગવડ હોય છે. એ વાત ખરી છે કે, મોબાઈલમાં વીડીયો રેકોર્ડીંગની પણ સગવડ હોય છે.(૨૨)...એ વાત ખરી છે કે, લગ્ન બાદ હુ સાસરીમાં રહેલી તે દરમ્યાન મા બનેલી નથી. એ વાત ખરી છે કે, આ વાતનુ પણ મને ઘણુ દુખ છે. એ વાત ખરી છે કે, મારૂ નિવેદન વીડીયોગ્રાફીથી નોંધેલુ. એ વાત ખરી નથી કે, મારૂ વિડીયોગ્ર ાફીનુ નિવેદન અને ચાર્જશીટ સાથે રજુ થયેલ નિવેદનમાં જુદી જુદી વિગતો છે. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લગ્ન બાદ હુ આશારામની પત્ની અને દિકરી ભારતી સાથે રહેતી હતી તેવી વિગત લખાવેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'ભારતી તેમની સાસરીમાં રહેવા ગયેલા નહી અને અમદાવાદ આશ્રમમાં જ રહેતા હતા. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, 'જેમાં બગલો અને ઢેલ આશારામની આગળ-પાછળ રહેતા હતા.' (પેરા નં.૭) એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૮માં જણાવેલ વિગતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે, મને આશારામ અને નારાયણસાઈ તરફથી ધમકીઓ મળતી હતી તેથી હુ ખુબ તનાવમાં હતી. (૨૩)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૯ માં જણાવેલ વિગતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે, તે વખતે હુ દબાવમાં હતી તેથી જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૦માં જણાવેલ વિગતો પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે,

'આશારામ સતસંગ દરમ્યાન પણ ઘણીવાર માઈક પર મૈયા અને ભારતીને ગમે તેમ બોલીને ડાંટતા હતા. જેથી મૈયા અને ભારતી પણ આશારામથી ડરીને રહેતા હતા. (૨૪)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસના પેરા નં.૧૨માં 'સને ૨૦૧૩માં નારાયણસાઈ ફરાર થતાધમકીઓ આપેલ હતી.' તે વિગત પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલી નથી. એ વાત ખરી છે કે, આશારામ તા.૩૧–૮–૧૩ના રોજ અટક થયેલ હતા. એ વાત ખરી છે કે, ત્યારથી તેઓ જેલમાં છે. એ વાત ખરી નથી કે, મને ધમકીઓ મળતી હતી તે અંગે મે પોલીસમાં કે કોર્ટમાં કોઈ અરજી કરેલ ન હતી. મે સને ૨૦૧૪માં ઈન્દોર પોલીસને આ બાબતે અરજી કરેલી. એ વાત ખરી છે કે, નારાયણસાઈ તા.૬–૧૨–૧૩ ના રોજ સુરત કેસમાં અટક થયેલા અને ત્યારથી તેઓ જેલમાં છે. એ વાત ખરી છે કે, હુ ડર વગર ઈન્દોર કોર્ટમાં આવુ–જાવુ છુ. એ વાત ખરી છે કે, મે ઈન્દોર કોર્ટમાં સને ૨૦૧૪માં ભરણપોષણનો કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે, મે મારા સ્વરક્ષણ માટે પોલીસ પ્રોટેકશનની માંગણી કરતી કોઈ અરજી ઈન્દોર પોલીસને કરેલ નથી. મે સને ૨૦૧૪માં આ અરજી કરેલી અને આશારામ તથા નારાયણસાઈ મારફત ધમકીઓ મળે છે જેથી મારા રક્ષણ માટે પોલીસ પ્રોટેકશન માંગેલુ. એ વાત ખરી નથી કે, પોલીસે મારી માંગણી નામંજૂર કરેલી.

સવાલ:–પોલીસ પ્રોટેકશન મળવા છતા તમે તેનો ઉપયોગ કરેલ નથી.

જવાબ:–અમે આશારામના માણસોને ખબર ન પડે તે રીતે કોર્ટે આવતા–જતા હતા અને પોલીસ પ્રોટેકશન સાથે જઈએ તો તેઓને ખબર પડે તેથી ઉપયોગ કરેલ નથી. એ વાત ખરી નથી કે, આ હકીકત હુ ખોટી જણાવુ છુ.

(૨૫)...એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે 'આશારામની પત્ની અને ભારતીને પણ કોઈ સન્માન મળતુ ન હતુ.' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે,

'વ્યાસપીઠનુ સંચાલન મહિલાઓ તરફે ઢેલ, બગલો અને ધ્રુવ સંભાળતા હતા. મારા પિતાજીએ અશારામના પ્રભાવમાં આવીને પોતાની તમામ સંપતિ આશ્રમને આપી દીધેલી. સને ૨૦૧૩માં મારા પિતાજીનુ મૃત્યુ થયેલુ તે વખતે આશારામ ભોપાલ આવેલા તે વખતે તેમણે મને કહેલુ કે નારાયણસાઈના અવૈધ સંતાનને તુ અપનાવી લે પરંતુ મે ના પાડેલી.(૨૬)...એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે 'આશારામ અમદાવાદની બહાર સતસંગમાં જતા હતા ત્યારે આશારામ સાથે બગલો, ઢેલ અને બીજી સાધીકાઓ પણ સાથે જતી હતી. (૨૭)...એ વાત ખરી છે કે, આ કેસમાં પોલીસે મારૂ તા.૨૯–૧૧–૧૩ના રોજ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, સને ૨૦૦૮ થી તા.૧૫–૮–૧૩ દરમ્યાન મે આશારામ, નારાયણસાઈ કે લ ક્ષ્મીમૈયા વિરૂધ્ધ કોઈ ફરિયાદ કરેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, નારાયણસાઈએ ધમકી આપેલી હતી તેથી કરેલ ન હતી. એ વાત ખરી છે કે, મારા પિતાજીનો સ્વર્ગવાસ ઓગષ્ટ–૨૦૧૩માં થયેલો. એ વાત ખરી છે કે, મારા પિતાજી તેમની હયાતી દરમ્યાન ભોપાલ આશ્રમના સંચાલક હતા. એ વાત ખરી નથી કે, આશારામ, નારાયણસાઈ અને આશારામના પત્ની તથા દિકરી સારી રીતે રાખતા હતા તેમછતાં મારે તેમની સાથે રહેવુ ન હોઈ મારી સ્વેચ્છાએ ઈન્દોર રહેવા ચાલી ગયેલી. એ વાત ખરી નથી કે, આ લોકોને ફસાવવા માટે મે પોલીસ રૂબરૂ ખોટુ નિવેદન આપેલુ છે અને ખોટી જુબાની આપેલ છે. આંક–૩૫૪થી પુરસીસ રજુ કરેલ છે. (૨૮)...એ વાત ખરી છે કે, મારૂં પોલીસ જયારે નિવેદન લેતા હતા ત્યારે વિડિયોગ્રાફો કરેલી હતી મને આજરોજ અદાલતમાં સીડી રન કરીને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમા હું છું.એ વાત ખરી છે કે મને પોલીસે જે સવાલ પુછેલ તેના મે નીચે મુજબ ના જવાબો આપેલા **(સમય– ૦૪:૧૮ કલાક થી ૦૬:૩૧ કલાક સુધી)**

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

સવાલ પોલીસ – તબ શાન્તિ વાટિકા મેં ઔર કોઈ લડકી આતી થી ?

જવાબ જાનકી –નહી,બસ અમ્માજી કી સેવિકા થી. સજની બહન કરકે અમ્માજી કી સેવિકા થી ઔર અમ્મા દો જને રહતે થે.

સવાલ પોલીસ – સજની બેન ?

જવાબ જાનકી – હા,

સવાલ પોલીસ –વહી રહતે થે ?

જવાબ જાનકી – હા,સવાલ પોલીસ–શાન્તિ વાટીકા મેં ?

જવાબ જાનકી– અમ્માજી કી સેવા મે રહતે થે.

સવાલ પોલીસ – તો ભારતીજી કબ રહને આઈ વાપિસ ?

જવાબ જાનકી– વો આના જાના હી કરતે થે ન, ઉનકે પતિ તો ફિર ૨૦૦૨ મેં ચલે ગયે થે. અપને માતા પિતા કે પાસ તભી ભી વો કભી કભી આતી થી યહા કભી અપને ઘર પર હી રહતી થી.

સવાલ પોલીસ– તબ જૈસે આપને કભી ઈધર રહે આપ ઈસ દરમિયાન મેં આપને કભી દેખા કે આપકે સિવાય કોઈ લડકી હો જૈસે શાન્તિ વાટીકા કુટીયા મેં ગયે, આયે. કભી દેખા ?

જવાબ જાનકી–નહીં(સંજ્ઞા કરતે હુએ)

સવાલ પોલીસ–કભી દેખા નહી હૈ ?

જવાબ જાનકી– નહી.

(૨૯)... એ વાત ખરી છે કે મારા પોલીસના નિવેદનમાં પુછેલ પ્રશ્નોમાં નીચે મુજબના જવાબો આપેલ છે. **( ૧૦:૫૦ થી ૧૧:૫૫ ના સમયગાળા દરમ્યાન)**

સવાલ પોલીસ– ઢેલ કા પુરા નામ માલુમ હૈ આપકો ?

જવાબ જાનકી– નહી સિર્ફ ઈતના પતા હૈ ઉસકા નામ નિર્મલા હૈ.

સવાલ પોલીસ– ઔર બંગલો ?

જવાબ જાનકી– ઉસકા નામ મિરા હૈ.

સવાલ પોલીસ– વો કોન થી સાધિકા થી, કિ કયા થી ?

જવાબ જાનકી– વો સેવિકાયે થી જૈસે બાપુજી ઉસ વકત દર્શન કી લાઈન લગાતે થે યા એસે તો વો પ્રસાદ વગૈરહ દેના યા કિસી કો મિલવાના હો સ્ટેજ પર વ્યાસપીઠ પર તો ઉસકે લિએ, યા દિક્ષા દેતે થે બાપુ તો ઉસ સમય સેવા કરની હો.

સવાલ પોલીસ– કિસકી મુલાકાત કરવાતી થી, બાપુજી કો વ્યાસપીઠ પર ?

જવાબ જાનકી– અબ આતે થે બહુત સારે લોગ, મુજે તો ઈતના જયાદા નહી પતા પર યહી જો લોકલ જૈસે વહીં કે લોગ હૈ.

(૩૦)...એ વાત ખરી છે કે મારા પોલીસના નિવેદનમાં પુછેલ પ્રશ્નોમાં નીચે મુજબના જવાબો આપેલ છે. **( ૪૩:૨૫ થી ૪૪:૦૩ ના સમયગાળા દરમ્યાન)**

સવાલ:– પોલીસ :– ઔર ભારતીજી, ભારતીજી કે બારે મે ?

જવાબ:– જાનકી:– વો તો જયાદાતર રહતે હી નહી થે ના. બહાર રહતે થે.

સવાલ:– પોલીસ:– ફિર મૈયાજી, મૈયાજી કા સ્વભાવ કૈસા થા ?

જવાબ:– જાનકી:– મૈયાજી તો બહુત અચ્છે સ્વભાવ, મૈયાજી ભારતીજી દોનો કા સ્વભાવ બહુત અચ્છા હૈ ઔર જૈસે મુજે હમેશા પ્રેમ સે રખતે થે વો દોનો. યહા પે ઈન્દોર આઈ ઉસકે બાદ ભી કાફી મેરા ધ્યાન રખતે થે.

(૩૧)... એ વાત ખરી છે કે મારા પોલીસના નિવેદનમાં પુછેલ પ્રશ્નોમાં નીચે મુજબના જવાબો આપેલ છે. **( ૪૪:૨૨ થી ૪૪:૪૬ ના સમયગાળા દરમ્યાન)**

સવાલ:– પોલીસ :– જૈસે એફ.આઈ.આર. હુઈ, તો આપ કયા સોચતે હો, સબ સહી

હૈ કી કયા હૈ ?

જવાબઃ– જાનકીઃ– પતા નહી હૈ મુજે કયોકી મે ઈતના જયાદા ઈસમેં આતી નહી થી કિસી ચીજો મે. મે મતલબ જૈસે આપકો બતાયા મહીલા આશ્રમ મેં અંદર થા મેરા મૈયાજી સે લિંક ઔર ઈનસે ઈતના જયાદા રહા નહી કિસી સે. મુજે વો પંસદ થા કિતાબેં વગેરે પઢના તો, લાઈબ્રેરી થી મહીલા આશ્રમ મેં બહુત બડી જૈસે મુજે સમય મિલતા થા મૈ વહા જાકે બૈઠ જાતી થી પઢને કે લિએ.

(૩૨)... એ વાત ખરી છે કે મારા પોલીસના નિવેદનમાં પુછેલ પ્રશ્નોમાં નીચે મુજબના જવાબો આપેલ છે. **( ૪૮:૧૧ થી ૫૦:૩૬ ના સમયગાળા દરમ્યાન)**

સવાલઃ– પોલીસઃ– ફીર જૈસે મલંગ શબ્દ હૈ મલંગ... કિસકો બોલતે હૈ ?

જવાબઃ– જાનકીઃ– વો જો અહમદાબાદ મેં હી લોકલાઈસ્ડ હૈં. ૫–૬ ,૬–૭ બહને હૈં વો શાયદ સાધિકાએ હૈ કે વો મતલબ પહલે હી આતી હૈ મેરી શાદી કે, પહલે હી આતી જાતી હૈ આશ્રમ મેં ઔર સેવા ભી કરતી હૈ શિવિરોં મેં ઔર, ઉનકા હી નામ મૈંને સુના મલંગ બોલતે હૈ તો શાદી ભી નહી કી હૈ સેવા કી હૈ આશ્રમ મેં, કોઈ મહિલા આશ્રમ મેં ભી કરતી, દવાખાને મેં ભી કરતી.

સવાલઃ– પોલીસઃ– ઉનકો હી મલંગ બોલતે હૈ ?

જવાબઃ– જાનકીઃ– હા,

સવાલઃ– પોલીસઃ– કયો ઉસકો એસા બોલને કા મતલબ, મિનિંગ ?

જવાબઃ– જાનકીઃ– મુજે તો નહી પતા, સુના હૈ ઉનકે પૂરે ગ્રુપ કા નામ,મલંગ બોલતે હૈ ઉનકો

સવાલઃ– પોલીસઃ– વો વહી રહતે હૈ જો મલંગ હૈ ?

જવાબઃ– જાનકીઃ– અહમદાબાદ મેં હી રહતે હૈ જૈસે રવિવાર ગુરૂવાર કો આતે હૈ તો મૈયાજી કે પાસ થોડી દેર આકર બૈઠતે થે, મહિલા આશ્રમ મેં આ કે.

સવાલઃ– પોલીસઃ– કિસકો બોલતે થે મલંગ એસા કોઈ નામ યાદ હૈ આપકો ?

જવાબઃ– જાનકીઃ– એક વો ઢેલ, બંગલોં તો થી હી ઔર એક ગોપી બહન કરકે થી અભી જો દવાખાને મેં સેવા કરતી હૈ. ઉનકી બહન થી મેનકા.

સવાલઃ– પોલીસ :– ગોપી બહન કી બહન થી મેનકા ?

જવાબઃ– જાનકીઃ– હાં, એક મેનકા બહન જો ટેલીફોન ઓપરેટર કા કામ કરતી થી અભી શાયદ રીટાયર હો ગયી હૈ. ઉનકી બહન થી ગોપી વો બહન વો અભી ભી શાયદ દવાખાને મેં સેવા કરતી હૈ.

સવાલઃ– પોલીસઃ– મેનકા બહન કો ભી બોલતે થે મલંગ ?

જવાબઃ–જાનકીઃ– હા, મતલબ ઈનકે ગ્રુપ કો હી એસા બોલતે થે.

સવાલઃ– પોલીસઃ– ઢેલ–બંગલો, ગોપી બહન, મેનકા બહન ઔર ?

જવાબઃ– જાનકીઃ– હરદેવી બહન કરકે થી શાયદ, મતલબ યે સબ સિંધીથી સારી બહનેં.

સવાલઃ– પોલીસઃ– યે સબ આશ્રમ મેં નહી રહતી થી ?

જવાબઃ– જાનકીઃ– નહી અહમદાબાદ સે લોકલાઈસ્ડ, રવિવાર ઔર ગુરુવાર આતી થી દર્શન કરને મૈયા મતલબ નિયમ થા ઈનકા વટવૃક્ષ કો પરીક્ર મા કરને કા તો એસે આતી થી.

(૩૩)... એ વાત ખરી છે કે, આ નીવેદન નોંધવા માટે પોલીસ મારા ઘરે આવેલ હતી અને ત્યા જ નીવેદન નોંધવામાં આવેલ હતુ.

**(૬૪.૨)** આમ સદર સાહેદે તેમની સરતપાસમાં આ કામના ભોગબનનારને વકતા તરીકે ઓળખતી હોવાની તેમજ આશારામ આશ્રમમાં

ચાલતી પ્રવૃતિઓ અંગે વિસ્તૃત જુબાની રજુ રાખેલ છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદની જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં બચાવપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ બચાવ રજુ કરી શકેલ નથી.

**(૬૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૩૫ તરીકે રાકેશ જયંતિલાલ પટેલનાઓને આંક –૩૬૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,તેઓ તા.૧૨ –૪ –૧૯૯૧ ના રોજ આશારામ આશ્રમમાં સાધક બનેલ. તેઓ અમદાવાદના મોટેરા સાબરમતી આશ્રમમાં સાધક બનેલ.તેઓ શરૂઆતમાં આશ્રમમાં જનરલ સેવા આપતો હતો ત્યારબાદ પ્રચારસેવા આપતો હતો. આ સેવા આશરે બે ત્રણ વર્ષ આપેલી ત્યારબાદ અમદાવાદ આશ્રમ ખાતે કેસેટ સ્ટોલ પર બેસતો હતો. ત્યારબાદ જાન્યુઆરી–૧૯૯૭ થી જાન્યુઆરી–૨૦૦૯ સુધી મે વિડીયોગ્રાફર તરીકે સેવા આપેલી. મારા પત્ની સાથે મારો પરીચય આશારામ આશ્રમમાં સને ૨૦૦૮ની આસપાસ થયેલો. મારા પત્નીએ આશ્રમ વિશે મને કોઈ વાત કરેલી નથી.હુ આશ્રમના કૌશીકભાઈ પટેલ– સંચાલક, રાજુભાઈ ચાંડક, કે.ડી.પટેલ, ભાણાભાઈ, સતીશભાઈને ઓળખુ છુ. હુ સંચાલક–ધ્રુવબેનને પણ ઓળખુ છુ બીજાના નામ આજે યાદ નથી. હુ રોજ સતસંગનુ રેકોર્ડીંગ કરતો હતો તે સિવાય મને આશ્રમની બીજી કામગીરીનો ખાસ ખ્યાલ નથી. આશ્રમમાં જુદા જુદા લોકો જુદા જુદા વિભાગની કામગીરી સંભાળતા હતા. હુ આશ્રમમાં રહેલો તે દરમ્યાન આશ્રમ વિરૂઘ્ધ કોઈ આક્ષેપો થયા હોય તેવુ મારા ઘ્યાનમાં નથી.આશારામની વિરૂઘ્ધ કોઈ આક્ષેપો થયા હોય તેવુ મારી જાણકારીમાં નથી.

(૬૫.૧) સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા વિગતવારની ઉલટ તપાસ કરવામા આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,(૭)..એ વાત ખરી છે કે, તા.૨૬-૧૦-૧૩ના રોજ પોલીસે મારૂ નિવેદન લીધેલુ અને મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, 'સને ૧૯૯૭ થી ૨૦૦૯ દરમ્યાન આશારામ જયાં જયાં શીબીરો યોજે ત્યા હુ સાથે જતો હતો અને ત્યા પ્રોગ્રામોની વિડીયોશુટીંગ કરતો હતો.(૮) એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, 'સને ૨૦૦૮ની સાલમાં તૃપ્તી એટલે કે મારી પત્ની મને આશ્રમમાં મળેલ અને તેણીએ કહેલ કે આશારામ આશ્રમમાં આશારામ તથા તેમનો દિકરો નારાયણસાઈ છોકરીઓ સાથે બદકામ કરે છે જેથી આવી વાતથી મને ખુબ દુ:ખ લાગેલ.(૯)એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છેકે, 'આશ્રમમાં મીડીયાનુ કામ કરતા વારીસ શર્મા કે જેઓ બાપુ સાથે ફરતા હતા અને મીડીયાના ફુટેજની જવાબદારી તેઓની હતી તેઓએ મને કહેલ કે આશ્રમમાં છોકરીઓ સાથે બદકૃત્ય થાય જ છે.જેથી હુ તે દિવસે આખી રાત ઉંઘેલ નહી અને મે આશ્રમ છોડી દેવાનો મનોમન વિચાર કરેલો.(૧૦)..એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'તે પછી જાન્યુઆરી-૨૦૦૯માં હુ મારી સ્વેચ્છાએ આશ્રમ છોડી મારા ઘરે પરત આવી ગયેલો. અને મારા પરીચયમાં આવેલ તૃપ્તી સાથે તા.૧૨-૫-૦૯ના રોજ આર્યસમાજ હોલ સુરત ખાતે લગ્ન કરેલા.(૧૧ )એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મે મોટેરા આશારામ આશ્રમ છોડેલ તે પછી આશારામ બાપુનો બે ત્રણ વખત મારા પર ફોન આવેલો અને મને કહેલ કે તુ આશ્રમમાં પરત આવી જા હુ તને

પૈસા આપીશ પરંતુ હુ આ આશારામને કહેતો કે હુ તમારા સતસંગ પ્રોગ્રામમાં આવીશ પરંતુ આશ્રમમાં પરત આવવુ નથી.(૧૨)..એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ મોટેરા આશારામ આશ્રમમાં હતો તે વખતે બાપુનો રસોઈયો પ્રજ્ઞેશ ઉર્ફે લાલો હતો અને તે પછી અખીલ હતો. અને મહિલા આશ્રમમાં સંચાલીકા નીતાબેન વૈદ્ય, ધ્રુવબેન તથા ઢેલ અને બગલો નામની સેવીકા તથા આ કામના ફરિયાદી તથા ટીના, ક્રિષ્ણાબેન વકતા જે મહેંગીબાનગર સોસાયટીમાં રહે છે. તથા અમીષાબેન, ઉમા પાંડે વિગેરે મહિલાઓને હુ ઓળખુ છુ અને જશીબેન ચોકીયાતને હુ ઓળખતો નથી પરંતુ તેઓના ભાઈ જગદીશ ઉર્ફે ફટફટી કે જેઓ સુરતમાં પાલનપુર પાટીયા કસ્તુરબા ઉદ્યાન પાસે રહે છે તેઓ રસોઈ વિભાગમાં કામ કરતા હતા તેઓને હુ ઓળખુ છુ તથા આશારામના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ હતા અને તે પછી અખીલ નામનો રસોઈયો હતો.(૧૩) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મહિલા આશ્રમની સેવીકાઓ ઢેલ અને બગલો આશારામ સાથે ટુરમાં સાથે ફરતા હતા અને તે વખતે ટ્રેનોનુ બુકીંગ વિગેરે કામ મારી પાસે હતુ અને આ ઢેલ અને બગલો સેવીકાઓ શીબીરો જે વધારે દાન-દક્ષિણા આપે તેવા લોકોને આશારામ સાથે મુલાકાત કરાવતા હતા.(૧૪).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મને ચોકકસ સમય યાદ નથી પરંતુ વર્ષ ૨૦૦૮ના સમયગાળા દરમ્યાન મુંબઈની અવનીએ આવા દુષ્કૃત્ય થયેલાના નારાયણસાઈ ઉપર આક્ષેપ કરેલ તે સમયે મારા ધ્વારા આશરે ત્રણસો થી ચારસો મહિલા આશ્રમની બહેનોનુ ઈન્ટરવ્યુ લીધેલ જેની વિડીયોગ્રાફી મે કરેલી જેમાં નીતાબેન વૈદ્ય પોતે છોકરીઓને આશ્રમમાંથી બોલાવીને લાવતા અને છોકરીઓને તમારી

સાથે આશ્રમમાં માનસીક શારીરિક ત્રાસ નથી તેવુ નિવેદન આપવા સમજાવતા હતા. અને કોઈ છોકરીઓ નિવેદન ઈન્ટરવ્યુ આપવા તૈયાર ન થાય તો ધાક–ધમકી આપીને પણ ઈન્ટરવ્યુ આપવા જણાવતા જે ઈન્ટરવ્યુની મે કેસેટો બનાવેલ અને તે કેસેટો મે આશ્રમમાં સોંપેલી.(૧૫).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં ખાવાનુ બરાબર આપતા નહી અને અમારે આશ્રમમાં રોજ હાજરી પુરાવવી પડતી હતી અને તે માટે આશ્રમમાં રજીસ્ટર પણ નિભાવવામાં આવતુ હતુ અને જે દિવસે કોઈ વ્યકિત ગેરહાજર હોય તેને સાંજનુ ખાવાનુ પણ આપતા ન હતા અને શાંતિવાટીકા ખાતે બોલાવી દોડાવતા હતા.(૧૬).. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'અને હેરાન પણ કરવામાં આવતા હતા.(૧૭).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ ટીના એકયુપ્રેશરને ઓળખુ છુ જે દવાખાનામાં સેવા આપતી હતી અને હુ લક્ષ્મીબેન અને ભારતીબેનને પણ ઓળખુ છુ જે મહિલા આશ્રમમાં મેનેજમેન્ટ કરતા હતા.(૧૮).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ કયારેક કયારેક મહિલા આશ્રમમાં સામાન ઉતારવાનો હોય ત્યારે જ મહિલા આશ્રમમાં જતો હતો. આશ્રમમાં જગદીશ ફટફટી રસોઈ વિભાગમાં કામ કરતો હતો અને તે આશારામની માલીશ પણ કરી આપતો હતો. અને આ જગદીશ જશીબેન ચોકીયાતનો ભાઈ છે.(૧૯).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાં રહેતી પરીશા સાધ્વી, હીના, પ્રફુલ્લા, જુમ્મા, ધ્રુવબેનને હુ સારી રીતે ઓળખતો હતો.(૨૦).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ જયાં જયાં શીબીરોનુ આયોજન કરતા હતા ત્યા પચાસ–પચાસની

સંખ્યામાં પુરુષ અને મહિલા સાધકો આશારામની સાથે રહેતા હતા.(૨૧)..એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં બાપુએ સાદી હે બરબાદી હે ભૈયા યાદ રખના યાદ રખના ભુલ ન જાના ન જાને સાદી સુદા બહોત મીલેગે કોઈ ના સુખ કા દાતા હૈ સુખ કે કારણ ચમડે ચાટે ફીર ભી દુ:ખ કો પાના હૈ સાદી હે બરબાદી હૈ ભૈયા યાદ રખના જેવુ ભજન બનાવેલ અને સાધક–સાધીકાઓને અવાર નવાર આ ભજનની કેસેટ સંભળાવતા હતા.(૨૨).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'અને તે ધ્વારા આશારામ સાધકો સાધીકાઓને એવો સંદેશો આપતા હતા કે લગ્ન કરીને સંસારમાં પડવુ નહી પરંતુ ગુરુભકિત કરીને બ્ર હમચર્ય પાળીને ઈશ્વર પ્રાપ્તિ કરવી.(૨૩).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આમ અમોને ઉપરોકત બાબતો સમજાવીને લગ્ન નહી કરવા જણાવતા પરંતુ આશારામે તેમના પુત્ર નારાયણસાઈ અને પુત્રી ભારતીબેનના લગ્ન કરાવેલા અને તે બાબતે એવુ કારણ આપતા કે સંતનો વંશવેલો આગળ ચલાવવા માટે સંતનુ સારૂ અને પવિત્ર લોહી જ જોઈએ.(૨૪).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ કહેતા હતા કે જેવી રીતે સ્વામીવિવેકાનંદના ગુરૂ રામકૃષ્ણ પરમહંસને લીલા કરવા છતા કોઈ પાપ નથી લાગ્યુ તેવી જ રીતે હુ પણ બ્રહમજ્ઞાની છુ ગુરૂ છુ તેથી હુ પણ આ જે કાઈ પણ લીલા કરૂ છુ તેનો દોષ મને નહી લાગે.(૨૫).. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામે મને કહેલ કે સાલી રાંડોને મુઝે બરબાદ કર દીયા હૈ તેમ કહી સ્ત્રીઓ પ્રત્યે બીભત્સ ગાળો બોલતા.(૨૬).. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'જયારે મને તૃપ્તી તથા અન્ય સાધકો ધ્વારા જાણવા મળેલ કે આશારામ

આશ્રમમાં આવા દુષ્કૃત્યો સ્ત્રીઓ સાથે થાય છે તે પછી હુ જયારે ડીસેમ્બર–૨૦૦૮માં દિલ્હીમાં હતો ત્યારે આશારામે મને ફોન કરી જણાવેલ કે, હુ સ્ત્રીના કારણે બદનામ છુ પણ હુ મારા નીજાનંદ રૂપમાં મસ્ત છુ.(૨૭).. મને યાદ નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાં પદમાબેન નામની સેવીકા આશારામની ખુબ નજીક હતા.(૨૯)એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'તે જોવા માટે નારાયણસાઈ એકવાર તેમના પિતા આશારામના રૂમમાં કોઈને ખબર ન પડે તે રીતે પલંગ નીચે સંતાઈ ગયેલ અને જોયુ કે તેના પિતા આશારામ દ્વારા છોકરીઓ સાથે દુષ્કૃત્યો કરે છે.(૩૦) એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'જેની અસર નારાયણસાઈ પર પડતા નારાયણસાઈ પોતે પણ એ માર્ગ અપનાવેલો. અને આ નારાયણસાઈ વિરૂધ્ધમાં પણ જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ થયેલી છે.(૩૧)મને એ વાતની ખબર છે કે, નારાયણસાઈ વિરૂધ્ધ જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ દાખલ થયેલી છે. (૩૨) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.'

**(૬૫.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ દ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩૫) એ વાત ખરી છે કે, જે હકીકત અંગે મે હા પાડેલી છે તે હકીકત અંગે મને અંગત જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, મે હા પાડી તે હકીકતો મે કયારે, કોની પાસેથી, કઈ જગ્યાએ જાણેલી તે આજે યાદ નથી. એ વાત ખરી નથી કે, મે પોલીસ રૂબરૂ નિવેદન આપેલુ તે વખતે પણ આ હકીકતો મે કયારે, કોની પાસેથી, કઈ

જગ્યાએ જાણેલી તે મને યાદ ન હતુ. એ વાત ખરી છે કે, માત્ર વારીસ શર્મા અંગેની હકીકત મારા ધ્યાનમાં છે. એ વાત ખરી છે કે, વારીસ શર્મા આશ્રમમાં કયારે દાખલ થયેલો તેની મને માહિતી નથી. એ વાત ખરી નથી કે, વારીસ શર્માએ આશ્રમ કયારે છોડયો તેની મને માહિતી નથી. સાહેદ જણાવે છે કે, મે આશ્રમ છોડેલો તેના આગળના દિવસે વારીસ શર્માએ આશ્રમ છોડેલો. એ વાત ખરી છે કે, હુ અને વારીસ શર્મા જુદી જુદી કામગીરી સંભાળતા હતા અને જુદા જુદા રૂમમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, વારીસ શર્મા અને હુ કઈ તારીખે ભેગા થયેલા અને વારીસ શર્માએ આ વાત મને કરેલી તે મે પોલીસ રૂબરૂના નિવેદનમાં સ્પષ્ટ જણાવેલ નથી. સાહેદ જણાવે છેકે, તા.૧૧–૧૦–૨૦૦૮ના રોજ ફરીદાબાદના સતસંગમાં મળેલા અને વાત કરેલી. એ વાત ખરી નથી કે, ફરીદાબાદ ખાતે તા.૧૧–૧૦–૨૦૦૮ના રોજ મળેલા અને આ વાત કરેલી તેવી હકીકત હુ ખોટી જણાવુ છુ.(૩૬) એ વાત ખરી છે કે, વારીસ શર્માએ કહેલી વાત સાચી છે કે ખોટી તે અંગે મે આશ્રમ છોડયો ત્યા સુધીમાં જાતે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, વારીસ શર્મા સિવાય અન્ય કોઈ આશ્રમવાસીએ આવી વાત મને કરેલી નહી. વારીસ શર્મા હાલમાં કયા છે અને શુ કરે છે તે અંગે મને કોઈ માહિતી નથી. (૩૭) એ વાત ખરી છે કે, સને ૧૯૯૬માં જન્માષ્ટમીમાં આશારામનો રાજકોટમાં પ્રોગ્રામ હતો. હુ ઈશ્વર નાયકની ભાણી સુષ્માબેનને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, તેઓ મુંબઈમાં રહે છે. એ વાત ખરી નથી કે, હુ અને ઈશ્વર નાયક જયારે પણ મુંબઈ મુકામે જઈએ ત્યારે સુષ્માબેનના ઘરે રોકાતા હતા. સાહેદ જણાવે છે કે, હુ મુંબઈ જાઉ ત્યારે સુષ્માબેનના ઘરે રોકાતો હતો. (૩૮)એ વાત ખરી છે કે, મોટેરા આશ્રમમાં સુર્યાસ્ત પછી બહેનોને પ્રવેશ આપવામાં આવતો ન હતો. એ વાત ખરી છે કે, મોટેરા આશ્રમમાં વ્યકિત પોતાની મરજીથી રહેવા આવે છે અને જયારે જવુ

હોય ત્યારે જઈ શકે છે. એ વાત ખરી છે કે, સને ૨૦૦૪-૦૫ ની ગુરુપુર્ણિમાં વખતે હુ આશ્રમમાં હતો. એ વાત ખરી છે કે, ગુરુપુર્ણિમાના દિવસે આશારામ પણ આશ્રમમાં હતા. એ વાત ખરી છે કે, ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ મે એટેન્ડ કરેલો. મને યાદ નથી કે, તે દિવસે આશારામ વ્યાસપીઠ પરથી એવુ બોલેલા કે અનંગ ફોરેનથી માલ મંગાવે છે અને પૈસા આપતો નથી અને આશ્રમને ચુકવવા પડે છે. મને એ વાતની ખબર નથી કે, અનંગની પત્ની બીના પણ અનંગને છોડીને ફોરેન ચાલી ગયેલી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયક આશ્રમ છોડીને જતો રહેલો. (૪૦)..એ વાત ખરી છે કે, આશારામના રસોઈયા તરીકે સને ૨૦૦૧ થી ૨૦૦૭ સુધી લાલો હતો અને ત્યારબાદ રોહીત આવેલો. એ વાત ખરી છ`કે, આશારામના ડ્રાયવર તરીકે જીગ્નેશ પટેલ હતો. એ વાત ખરી છે કે, બહારગામ જવુ હોય તો જીતુ પટેલ સાથે જતો હતો. એ વાત ખરી નથી કે, મારૂ ભણવામાં મન લાગતુ ન હતુ અને હુ સ્કુલે જતો નહી અને આશ્રમમાં જઈને બેસી જતો. એ વાત ખરી છે કે, મારા પિતાજી મને લેવા માટે આશ્રમમાં આવતા હતા. એ વાત ખરી છે કે, સને ૧૯૯૧માં મારા પિતાજી મને લેવા માટે આશ્રમમાં આવેલા. એ વાત ખરી છે કે, મે મારા પિતાજીને કહેલુ કે મારે સમાજ સેવા, ઈશ્વર પ્રાપ્તિ અને ભકિત પ્રચાર કરવો છે તેથી ઘરે આવવુ નથી. એ વાત ખરી છે કે, આશારામે મને અને બીજા સાધકોને ધ્યાન, યોગ, પ્રાણાયામ, સતસંગ શીખવાડેલ. (૪૧).. એ વાત ખરી છે કે, મને મારા પત્ની તૃપ્તિબેન પર અતીશય વિશ્વાસ છે. એ વાત ખરી છે કે, હુ મારા પત્નીને કાઈ પણ પુછુ તો તે મને સો ટકા સાચી વાત જણાવે. મુંબઈમાં સિધ્ધિવિનાયક ગણેશજીનુ મંદિર આવેલુ છે તેની મને માહિતી છે. મને આજે યાદ નથી કે, હુ મારા પત્ની સાથે લગ્ન પહેલા મુંબઈ સિધ્ધિવિનાયક મંદિરમાં ગયેલો. એ વાત ખરી છે કે, વારીસ શર્માએ મને જે વાત કરેલી તે અંગે મે મારા પત્નીને પુછપરછ કરેલી. એ વાત ખરી

છે કે, મારા પત્નીએ કહેલુ કે આ બધા ખોટા આક્ષેપો છે આશ્રમમાં આવુ કાઈ નથી. મારા પત્ની આશરે બારેક વર્ષ આશ્રમમાં રહેલા છે. એ વાત ખરી નથી કે, મે પોલીસ રૂબરૂ કોઈ નિવેદન લખાવેલ નથી.

(૬૫.૩) સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ **ઉલટતપાસમાં** તેમની પત્નીએ તેમને કહેલ કે આ બધા આક્ષેપો ખોટા છે. આશ્રમમાં આવુ કાંઈ નથી.સદર જવાબ સદર સાહેદે વારીસ શર્માએ તેઓને જણાવેલ તે હકીકત સબંધેનો છે.કારણ કે સદર સાહેદના પત્નીએ તેઓની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૬૫) માં તેણીએ તેણીના પતિને કહેલ કે આક્ષેપો કરવામાં આવે છે તેવુ કાંઈ આશ્રમમાં નથી તે હકીકત ખોટી હોવાનું સ્વીકારેલ છે.સદર સાહેદને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કર્યા બાદ જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ પોલીસ રૂબરુના લખાવેલ નિવેદનોની હકીકત કબુલ રાખેલી છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદની ઉપરોકત કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન સદર સાહેદના પત્નીએ આશ્રમમાં આવી કોઈ પ્રવૃતિઓ થતી નહી હોવાનું જણાવેલ તેટલી હકીકત રેકર્ડ પર લાવી શકેલ છે પરંતુ સદર સાહેદની સરતપાસ જોતાં સદર સાહેદ આરોપી નં.(૧) આશારામના મોટેરા આશ્રમમાં સાધક તરીકે રહી ચુકેલા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર સાબિત કરી શકેલ છે.

(૬૬) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૭ તરીકે તૃપ્તિબેન રાકેશભાઈ પટેલનાઓને આંક–૩૭૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,તેણી સૌપ્ર થમવાર આશરે સને ૧૯૮૭માં મુંબઈ ખાતે આશારામના સતસંગમાં ગયેલી. તેણી તેની કઝીનસીસ્ટર સાથે ત્યા ગયેલી. ત્યારબાદ આશરે એકાદ વર્ષ પછી તેણી

ફરીથી આશારામના સતસંગમાં સુરત મુકામે ગયેલી.તેણી કુંભમેળામાં ગયેલી . પરંતુ કયારે ગયેલી તે આજે યાદ નથી. તેણી તે વખતે આશરે અઠવાડીયુ ત્યા રોકાયેલી. તે સમયગાળામાં તેણી મુંબઈ મુકામે રહેતી હતી. કુંભ પછી તેણી અમદાવાદ મોટેરા આશ્રમમાં આવેલી.તેણી મુંબઈ મુકામે મારા માતા–પિતા સાથે રહેતી હતી. તેણી મારા માતા–પિતાને પુછયા વિના મોટેરા આશ્રમમાં આવેલી. તેણી મોટેરા આશ્રમમાં આવીને સૌપ્રથમ કોને મળેલી તે આજે યાદ નથી. તેણીએ તે વખતે કોઈ નામ રજીસ્ટર કરાવેલુ હોય તેવુ બનેલુ નથી. તે વખતે આશ્રમમાં રહેવુ હોય તો નામ નોંધાવવાની જરૂર ન હતી. તેણી અનુષ્ઠાન માટે બાંધેલ રૂમમાં રહેતી હતી. . આશ્રમમાં પુરુષ વિભાગ અને સ્ત્રી માટેનો વિભાગ અલગ હતા.તેણી જે દિવસે મોટેરા આશ્રમમાં દાખલ થયેલી તે દિવસ ે તેણીની સાથે કોઈ ઘટના ઘટી હોય તેવુ બનેલુ નથી. તેણી પ્રથમ વખત આવી ત્યારે અનુષ્ઠાન કરીને પરત ઘરે જતી રહેલી. સાહેદ જણાવે છે કે, મને આ સ્થાન બહુ ગમેલુ તેથી હુ ફરીથી મુંબઈથી ભાગીને આશ્રમમાં આવેલી. ત્યારબાદ આશરે છ–આઠ મહિના પછી મને વકતા બનાવેલી. તે વખતે મહિલા સંચાલક કોણ હતા તે આજે યાદ નથી. સમગ્ર આશ્રમના સંચાલક તે વખતે કોણ હતા તે પણ લાંબો સમય થયેલ હોઈ આજે યાદ નથી. વકતા બનાવવા માટે ગ્રંથો વાચવાનુ કહેવામાં આવતુ હતુ. તે વખતે તેણી સાથે એક બીજા બહેન પણ વકતા તરીકે હતા પરંતુ તેમનુ નામ આજે યાદ નથી.વકતા બનાવ્યા બાદ તેણીને સતસંગ કરવાનો અને સેવા કરવાનુ કામ સોંપેલુ. તેણી અમદાવાદમાં સતસંગ કરતી હતી. તેણી અમદાવાદની બહાર સતસંગ માટે જતી ન હતી.તેણી અમદાવાદની આજુબાજુ નાના–નાના સ્થળે સતસંગ કરવા જતી હતી અને પાંચેક વર્ષ પછી અમદાવાદની બહાર સતસંગ કરવા જતી હતી.તેણી ભારતના જુદા જુદા રાજયમાં સતસંગ કરવા ગયેલી. સતસંગમાં રામાયણ અને મહાભારતના પ્રસંગો

કહેતા હતા. તે વખતે મારી સાથે ક્રિષ્નાબેન નામના બીજા વકતા પણ હતા. સતસંગ દરમ્યાન દાન–દક્ષિણા મળતી હતી. જે રકમ હુ માતાજીને આપતી હતી. માતાજી એટલે આશારામના પત્ની. તે સિવાય તેણી બીજા કોઈને દાન–દક્ષિણાની રકમ આપતી ન હતી. તેણી હિસાબ પણ માતાજીને આપતી હતી. વકતા બનાવવા માટેનુ સીલેકશન કઈ રીતે થતુ હતુ? તેનો  તેણીને ખ્યાલ નથી.આશ્રમમાં સવારે પ્રાર્થના પછી નાસ્તો અને ત્યારબાદ સેવા થતી હતી. સમર્પિત થવા માટેની કોઈ શરતો ન હતી. ગુરૂ પ્ર ત્યે સમર્પિત થવા માટેની પણ કોઈ શરત ન હતી. આશારામ પોતાના પ્રવચનોમાં મહિલાઓને મીરાબાઈ બનવાનુ કહેતા હતા. શકિતપાતની ક્રિયા માટે આશારામ શુ કહેતા હતા તેની મને માહિતી નથી. આશારામ મુલાધાર ચક્ર વિશે શુ સમજાવતા હતા તેની તેણીને માહિતી નથી.  આશારામના રસોઈયાનુ નામ આજે યાદ નથી. હુ આશ્રમમાં રહેતી હતી તે દરમ્યાન આશારામે મને મુખમૈથુન માટે કહેલુ કે કેમ? તે આજે યાદ નથી. આશ્રમમાં નાની વયની છોકરીઓને સેકસ વિશે કોઈ સમજ આપવામાં આવતી હતી કે કેમ? તેની તેણીને માહિતી નથી. તેણી મહિલા આશ્રમમાં બીજા માળે રહેતી હતી. તેણી તે રૂમ લેવા માટે કેટલા રૂપિયા ભરેલા તે આજે યાદ નથી પરંતુ આશરે પચાસ હજારની અંદરની રકમ હતી. તેણીને તે રકમ ભર્યા અંગેની કોઈ રસીદ આપેલ ન હતી. તેણીના પર દાન–દક્ષિણાની રકમ લેવા અંગે આક્ષેપ મુકેલા તેથી મનદુ:ખ થતા તેણીએ આશ્રમ છોડી દીધેલો. પોલીસે તેણીનું નિવેદન એક કે બે વાર લીધેલુ. પોલીસે ભોગબનનારના કેસ બાબતે તેણીનું નિવેદન લીધેલુ. તેણીનું સુરતના મેજીસ્ટ્રટશ્રી રૂબરૂ નિવેદન લેવામાં આવેલુ. મેજીસ્ટ્રેટશ્રીએ તેણીનુ નિવેદન લીધેલુ તે વખતે રૂમમાં તેણી અને મેજીસ્ટ્રેટશ્રી બે જણા હતા. તેણી બોલતી

ગયેલી તે મુજબ મેજીસ્ટ્રેટશ્રીએ નિવેદન નોંધેલુ. જે નિવેદન આંક–૩૭૩ થી રજુ છે.

**(૬૬.૧)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા વિગતવારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં સદર સાહેદે જણાવેલ છે કે ,(૭)એ વાત ખરી છે કે, હુ સને ૧૯૮૭ની સાલમાં મારા ફોઈ નિર્મલા સાથે આશારામના સતસંગમાં ગયેલી. એ વાત ખરી છે કે, હુ સને ૧૯૮૭માં સુરત જહાંગીરપુરા આશારામ આશ્રમમાં આશારામની શીબીર પ્રોગ્રામમાં ગયેલી. (૧૦) એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ મહિલા આશ્રમની સંચાલીકા પદમાબેનને મળેલી અને આશ્રમમાં જ રોકાઈ ગયેલ હતી જયાં હુ સેવા સાધના કરતી હતી. મને જપ કરવામાં ખુબ જ રૂચી હતી જેથી હુ મંત્ર જપ અને અનુષ્ઠાન કરતી હતી. આશ્રમમાં વધુ સમય હુ મૌન રહેતી હતી અને આશ્રમમાં સમર્પિત થયેલ હતી. સને ૧૯૯૩માં મને વકતા બનાવી હતી.(૧૧) એ વાત ખરી છેકૅ, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ મોટેરા આશ્રમમાં ગયેલ તે વખતે મને વાતોવાતથી જાણવા મળેલ કે પદમા, વીમલા, લ ક્ષ્મી, સજની, વિદ્યા, વીના વિગેરે મહિલાઓ પહેલા વાસણા ખાતે એક બગલામાં રહેતી હતી. પદમાબેને મને વકતા માટે સતસંગ કરવા ટ્રેઈન કરી હતી. તે સમયે આશ્રમના સંચાલક રાજીવભાઈ રહેવાસી ગાઝીયાબાદ હતા.(૧૨)એ વાત ખરી છે કે, મે તા.૨૬–૧૦–૧૩ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી છે કે, 'હુ ભારતભરમાં જયાં જયાં સતસંગ કરતી ત્યા ખુબ જ પબ્લીક ભેગી થતી હતી અને અંદાજે વર્ષના એક કરોડ રૂપિયા દાન–દક્ષિણાના

કમાઈને આપતી હતી અને જયાં જયાં સતસંગોમાં વધુ પબ્લીક ભેગી થતી તે તે જગ્યાઓએ આશારામે આશ્રમો બનાવેલ છે.(૧૪)એ વાત ખરી છેકે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'વર્ષા નામની છોકરી મારા પછી ટોપ ઉપર હતી વર્ષા પણ વકતા હતી અને સતસંગ કરતી હતી.(૧૫) એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ જયારે સતસંગ કરતી અને તેમાં જે દાન–દક્ષિણાના પૈસા આવતા જેમાં પાંચ–છ કે સાત લાખ રૂપિયા સુધી હુ આશારામને હાથોહાથ આપતી હતી.(૧૬)એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'અખીલ રસોઈયો છે. તેને પણ હુ દાન–દક્ષિણાના પૈસા અને હિસાબ આપતી હતી અને તે આશારામને આપતો હતો. અને કયારેક કયારેક દાન–દક્ષિણાના સતસંગના પૈસા અને હિસાબ ડાયરેકટ આશારામને હુ હાથોહાથ આપતી હતી.(૧૭)એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આવી રીતે જયારે હુ આશારામને હિસાબ આપવા જતી તે વખતે ઘણીવાર આશારામ પાસે અમૃતભાઈ વૈદ્ય અને આશ્રમના સંચાલકો પણ ત્યાં હાજર મળતા.(૨૦)એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી તે સમયે આશ્રમમાં સુરેશાનંદ પણ આશારામ પછીના સતસંગી વકતા હતા. આ સમય દરમ્યાન જ વર્ષા પણ ખુબ સારી વકતા હતી. આશારામ વર્ષા વિશે કહેતા કે વિલાસપુર સમિતિને મુજે વર્ષા જેસા હીરા દીયા હૈ. આમ આશ્રમમાં વર્ષાનુ મહત્વ ઘણુ વધારે હતુ.(૨૧)એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આ વર્ષા આશારામને આશ્રમમાં થતી તમામ હીલચાલના રીપોર્ટ આપતી હતી.(૨૨)એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે,'આશારામ તેની

શાંતિવાટીકા કુટીરમાં છોકરીઓને બોલાવતા અને સાથે હુ પણ જતી હતી અને બધી છોકરીઓને વારાફરતી તેમની કુટીરમાં બોલાવતા હતા. અને છેલ્લે મને તેમની કુટીરમાં ગાયના ઘી થી પગના તળીયામાં,માથામાં અને શરીરે માલીસ કરાવતા હતા.(૨૩) એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'ફરિયાદમાં જણાવ્યા મુજબ ઢેલ અને બગલો નામની સેવીકાઓ ફરિયાદી બહેન તથા બીજી દસ છોકરીઓને આશારામની શાંતિવાટીકા નામના ફાર્મ હાઉસમાં લઈ ગયેલ તે દસ છોકરીઓમાં હુ તથા રેખા, વર્ષા, ભોગબનનાર, ક્રિષ્ના, સોનલ બારડોલી તથા ભાવીની પણ હતા.(૨૪)એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ આશ્રમથી બે ત્રણ કી.મી. દુર આવેલ શાંતિવાટીકા ફાર્મ હાઉસ મે જોયેલ છે અને આ કુટીયામાં આશારામ કરતા હતા અને આશારામ તેમની કુટીયામાં નવી આવેલ છોકરીઓ કે જે નાની વયની હોય તેઓને બોલાવતા હતા.(૨૫) એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'ઘણીવાર ઢેલ, બગલો અને ભારતી પણ છોકરીઓ શાંતિવાટીકા કુટીયામાં લાવતી હતી. ઢેલ અને બગલોને આશારામ ઘણીવાર ગુસ્સામાં કહેતા પણ ખરા કે આવી ભુજુભુજુ છોકરીઓને કેમ મોકલો છો જેનો મતલબ એવી છોકરીઓ કે જેને આવા દુષ્કૃત્યો બાબતે ઓછી ખબર પડે છે તેવો થાય છે.(૩૯)એ વાત ખરી નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં શાંતિવાટીકા કુટીરમાં છોકરીઓ સાથે જે દુષ્કૃત્ય કરવામાં આવતા હતા, બળાત્કાર કરવામાં આવતા હતા તેને આશારામ શકિતપાતની ક્રિયા છે તેવુ કહેતા. કયારેક આવા દુષ્કૃત્યો કે બળાત્કારની ઘટનાને ઘ્યાન એવુ પણ કહેતા હતા. આશારામ આ શકિતપાતની પ્રક્રિયાને એવી રીતે સમજાવતા કે આ પ્રક્રિયાથી મુલાધાર ચક્ર

વિગેરે જેવા શરીરના અન્ય ચક્રો એકટીવેટ થાય છે અને તેનાથી છોકરીઓ, સાધ્વીઓ, સ્ત્રીઓ બહુ શકિતશાળી બને છે. આવી છોકરીઓ ભવિષ્યમાં શબરી અથવા તો મીરા બનશે અને ખુબ આગળ જશે.(૫૦) મને આજે યાદ નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'ત્યારપછી મે ઘણીવાર સાંભળેલ છે કે આશારામની પુત્રી ભારતી પણ મહિલા આશ્રમની છોકરીઓને મેઈન આશારામ આશ્રમની શાંતિકુટીયામાં ગાડીમાં બેસાડી આશારામ પાસે લઈ જાય છે.(૫૧) મને ખ્યાલ નથી કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાં ઢેલ અને બગલો નામની સેવીકાઓ મહિલા આશ્રમની નાની વયની છોકરીઓને આશારામની શાંતિકુટીયામાં લઈ જતા હતા. અને છોકરીઓના કપડા કઢાવી સેકસ કરાવવા પ્રેકટીકલ કરાવતા હતા અને ઘ્યાન એટલે કે સેકસ કરવાનુ શીખવાડતા હતા. અને મહિલા આશ્રમમાં જે પણ નવી છોકરીઓ આવતી ત્યારે વર્ષા વકતા પાસે મોકલતા અને જણાવતા કે વર્ષા પાસેથી શીખી લો વર્ષા તમને સેકસ કેવીરીતે કરવો તે બતાવશે અને વર્ષા જેવા વકતા બનો તેવુ જણાવતા હતા. આ હકીકત મે મહિલા આશ્રમની છોકરીઓથી ઘણી વખત સાંભળેલ છે. અને આ વર્ષા આશારામની પત્ની લક્ષ્મી તથા પુત્રી ભારતી તથા આશ્રમની અન્ય સેવીકાઓ શુ ચર્ચા કરે છે તેનો રીપોર્ટ આશારામને આપતી હતી.(૫૨) એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'મે મહિલા આશ્રમમાં ચુર્ણ હોલમાં સેકન્ડ ફલોર ઉપર રૂપિયા પચાસ હજાર ભરીને એક રૂમ બુક કરાવેલ હતો અને તે રૂમમાં હુ રહેતી હતી તે રૂમમાં મારા પછી વંદનાબેન નામની સેવીકા રહેતી હતી અને તે રૂમની મે ભરેલ ડીપોઝીટ પણ મને પરત આપેલ નથી અને મારી પાસેથી લીધેલ રૂપિયા પચાસ હજાર પરત નહી આપી વંદના બેન પાસેથી બીજા રૂપિયા પચાસ હજાર આશ્રમ તરફથી લેવામાં

આવેલ છે અને આ પૈસા મે જે તે વખતે મહિલા આશ્રમ સંચાલીકા ધ્રુવબેનને આપેલ હતા.(૫૩) એ વાત ખરી છે કે, ઉપરોકત મકાન મારા નામ ઉપર થઈ શકે તેમ ન હોય તેનો દસ્તાવેજ થઈ શકે તેમ ન હોય મે આશ્રમ પાસે આવેલ મા મહેંગીબા નગર સોસાયટીમાં મકાન નં.એચ ૪૦૨ ખરીદવા માટે રૂપિયા એંસી હજાર ધ્રુવબેનને આપેલા. પરંતુ ધ્રુવબેને આ પૈસાની રસીદ મને આપેલ નહી અને સદર મકાનનો દસ્તાવેજ મારા નામે કરી આપેલ અને આ દસ્તાવેજ કરવા માટે નીલમ નામની સેવીકાએ રૂપિયા ત્રીસ હજાર આપેલા એટલે કે મારા રૂપિયા એંસી હાજર તથા નીલમના રૂપિયા ત્રીસ હાજર એમ મળી કુલે રૂપિયા એક લાખ દસ હજારમાં આ મકાન મે ખરીદ કરેલ હતુ.(૫૪)એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'હુ સને ૨૦૦૧–૨૦૦૨ વર્ષમાં ભારતભરમાં આશારામના સતસંગ પ્રવચનોમાં ગયેલ હતી અને એકમાસ પછી પરત આશ્રમમાં આવેલી ત્યારે ચુર્ણ હોલ ઉપરના મારા રૂમના લાકડાના દરવાજાનો લોક તુટેલ હતો. જેથી મે આ બાબતે પુછપરછ કરતા મને છોકરીઓ મારફતે જાણવા મળેલ કે તમારા ઘરની જડતી માટે ધ્રુવબેને લોક તોડાવેલ છે તેવી વાત મને કરેલ અને મે મારા રૂમમાં તપાસ કરતા મારા મમ્મીએ મને આપેલ સોનાની ઓમ લખેલ બે અંગુઠીઓ પોણા પોણા તોલા વજનની તથા સોનાનુ અઢી તોલાનુ લટકણીયાવાળુ બ્રેસલેટ તથા સોનાની ચેન ત્રણ તોલા વજનની તથા આશારામ સિવાયના મારા ધાર્મિક ગ્રંથો તથા સતસંગોની ચોપડીઓ વિગેરે લઈ લીધેલ હતુ.(૫૫)..એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'જેથી મને ખુબ જ દુખ લાગેલ અને આશારામ આશ્રમ પ્રત્યે મારૂ મન ઓછુ થઈ ગયેલ અને સને ૨૦૦૩ વર્ષમાં શિયાળામાં ચોકકસ દિવસ મને યાદ નથી તે દિવસે હુ મહિલા આશ્રમના પાછળના ભાગે ગેટ કુદીને હુ મારા ઘરે પરત ભાગી

આવેલી.(૫૬).એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'તે પછી છ એક માસ બાદ મને આશારામે ફોન ઉપર વાત કરી જણાવેલ કે તુ આશ્રમમાં પરત આવી જા અને તે મકાનના રૂપિયા પચાસ હજાર ભરેલ છે તે પૈસા પણ આપી દઈશુ તેવુ જણાવેલ.(૫૭)..એ વાત ખરી છે કે, મે મારા આ પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, 'ત્યારબાદ સને ૨૦૦૩ વર્ષના અંતમાં કે સને ૨૦૦૪ વર્ષની શરૂઆતમાં હુ મા મહેંગીબાનગર સોસાયટીમાં રૂપિયા એંસી હજાર ભરી મકાન નં.એચ ૪૦૨ નો દસ્તાવેજ કરાવેલ તે દસ્તાવેજ આધારે પ્રિયંકા અને રેણુકા નામની સાધ્વીઓને આ મકાનનો દસ્તાવેજ કરી આપવા મને બોલાવેલ અને મારા ભરેલ રૂપિયા એંસી હજાર પરત આપવાનુ જણાવેલ જેથી હુ આવેલી અને મારે મકાન રાખવુ ન હોઈ મે મારી સહીઓ કરી પ્રિયંકાના નામે દસ્તાવેજ કરી આપેલ. તે પછી મે મારા રૂપિયા એંસી હજાર જે મારા મમ્મીના પેન્શન ખાતામાંથી ઉપાડેલ હતા તે ધ્રુવબેને પરત આપેલા નહી.

**(૬૬.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૬૧) એ વાત ખરી છે કે, મને સુરતના મેજીસ્ટ્રેટશ્રીની ચેમ્બરમાં સવારના સાડા દસ વાગે લઈ જવામાં આવેલ જયા મે પ્રતિજ્ઞા ઉપર મારૂ નિવેદન લખાવેલુ. આ નિવેદન મેજીસ્ટ્રેટશ્રીએ મારા લખાવ્યા મુજબ નોંધેલુ છે. મને આંક–૩૭૩નુ મારૂ નિવેદન વંચાવવામાં આવે છે તેના પ્રથમ ત્રણ–ચાર પાનાની વિગતો અંગે મને યાદ નથી તે સિવાયની નિવેદનની બાકીની તમામ વિગતો મે લખાવેલી છે અને તે સાચી છે. એ વાત ખરી છે કે, હુ જે રીતે બોલતી હતી તે મુજબ મેજીસ્ટ્રેટશ્રી મારૂ નિવેદન નોંધતા હતા. એ વાત ખરી છે કે, મારૂ સમગ્ર નિવેદન નોંધ્યા બાદ

મને તે વાંચી સંભળાવેલ અને મે તેમાંની વિગતો ખરી હોવાનુ જણાવેલુ. એ વાત ખરી છે કે, આ નિવેદન પર મે દરેક પાને મારી સહીઓ કરેલી છે. (૬૩) એ વાત ખરી છે કે, પોલીસે મારા બે નિવેદન લીધેલા પરંતુ તેની તારીખ આજે યાદ નથી. એ વાત ખરી છે કે, મેજીસ્ટ્રેટશ્રીએ મારૂ નિવેદન કઈ તારીખે લીધેલુ તે તારીખ આજે યાદ નથી. એક દિવસે પહેલા પોલીસે મારૂ નિવેદન લીધેલુ ત્યારબાદ મેજીસ્ટ્રેટશ્રીએ નિવેદન લીધેલુ. પોલીસે મારૂ નિવેદન કઈ જગ્યાએ લીધેલુ તે સ્થળ આજે યાદ નથી. પોલીસે નિવેદન લીધેલુ તેમાં કેટલો સમય થયેલો તે હુ આજે કહી શકુ તેમ નથી. બીજીવારનુ નિવેદન પોલીસે સાંજના સમયે લીધેલુ. પોલીસે મારૂ નિવેદન લીધેલુ તે વખતે મારા કુટુંબના કોઈ સ્ત્રી સભ્ય કે મહિલા ફ્રેન્ડ હાજર ન હતા. તે નિવેદન વિડીયોગ્રાફીથી નોંધેલ નથી. એ વાત ખરી છે કે, પ્રથમ નિવેદન પણ વિડીયોગ્રાફીથી નોંધેલુ નથી. (૬૪) એ વાત ખરી છે કે, બંને નિવેદન વખતે પોલીસ મને સવાલ પુછતી હતી અને હુ જવાબ આપતી હતી. મારા નિવેદનો સવાલ જવાબના રૂપમાં પોલીસે લખેલા કે કેમ? તે આજે યાદ નથી. મને પોલીસ રૂબરૂના નિવેદનોની નકલ કે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નિવેદનની નકલ આપવામાં આવેલ ન હતી.(૬૫) એ વાત ખરી છે કે, મને ધાર્મિકગ્રંથો અને સંતપુરુષોની આત્મકથા વાંચવાનો શોખ હતો. એ વાત ખરી છે કે, મને આ શોખ નાનપણથી હતો. એ વાત ખરી છે કે, આ ગ્રંથોના વાંચનના કારણે હુ દિવસમાં મોટાભાગનો સમય મૌન રહેતી હતી. એ વાત ખરી છે કે, મને કોઈની સાથે વાહયાત વાતો કે કામ વગરની વાતો કરવાની ટેવ નથી. એ વાત ખરી છે કે, હુ સંસ્કારી કુટુંબની પુત્રી છુ અને હાલમાં પત્ની છુ. એ વાત ખરી છે કે, મારા અને મારા પતિ વચ્ચે ખુબ પ્રેમ છે અને અમે બધી વાતો સ્પષ્ટ અને સાચી કરીએ છીએ. એ વાત ખરી છે કે, હુ અને મારા પતિ બંને આશ્રમમાં રહેલા છીએ. હુ આશરે બારેક વર્ષ અને મારા પતિ અઢાર વર્ષ જેટલુ રહેલા હશે. એ વાત ખરી નથી

કે, આશ્રમમાં રહેતા હતા તે દરમ્યાન મારા અને મારા પતિ વચ્ચે પ્રેમ થયેલો. સાહેદ જણાવે છે કે, વાતચીત થતી હતી. એ વાત ખરી નથી કે, વાતચીતો થતા અમારી વચ્ચે મુલાકાતો થતી ગયેલી. મારા લગ્ન આશ્રમ છોડયા બાદ થયેલા છે. એ વાત ખરી નથી કે, આશ્રમ છોડયા બાદ હુ અને મારા પતિ મુંબઈમાં સિધ્ધિ વિનાયક મંદિરમાં ગણેશજીના દર્શન કરવા ગયેલા. આશ્રમ છોડયા બાદ અને લગ્ન અગાઉ મારા અને મારા પતિ વચ્ચે આશ્રમ સંબંધી કોઈ વાતચીત થઈ હોય તેવુ બનેલુ નથી. આશ્રમ છોડયા બાદ આશરે પાંચેક વર્ષ પછી અમારા લગ્ન થયેલા. આશ્રમ છોડયા બાદ અને લગ્ન અગાઉ મારા અને મારા પતિ વચ્ચે મુલાકાતો થતી હતી. મારા પતિએ લગ્ન અગાઉ મને આશ્રમ વિશે કોઈ પુછપરછ કરી હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે, લગ્ન અગાઉ મારા પતિએ મને આશ્રમ વિશે આવુ સાંભળેલુ છે તે વાત ખરી છે તેવુ પુછેલુ મે કહેલુ કે મને ખબર નથી. એ વાત ખરી નથી કે, મે મારા પતિને કહેલુ કે, આક્ષેપો કરવામાં આવે છે તેવુ કાઈ આશ્રમમાં નથી. (૬૭)હુ કોઈપણ ફળની આશા વિના ચન્દ્રાયણ વ્રત કરતી હતી. મે સરકાર તરફેની જુબાની દરમ્યાન 'મને ખ્યાલ નથી' તેવુ જણાવ્યુ છે તેનો અર્થ મને યાદ નથી કે મને ધ્યાન નથી. છેલ્લા બે વર્ષથી મને જરા ડિપ્રેશન છે તેથી બધુ યાદ રહેતુ નથી. હુ ડોકટર નથી તેથી ડિપ્રેશનનુ સ ટેજ કહી શકુ નહી. હુ ડિપ્રેશન અંગે કોઈ સારવાર કરાવતી નથી. એ વાત ખરી છે કે, મે આ ઘટનાઓ અંગે સને ૨૦૧૩માં પોલીસ રૂબરૂ અને મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદન આપ્યા તે અગાઉ આ અંગે મે કોઈને જણાવેલ ન હતુ. એ વાત ખરી છે કે, આશ્રમ છોડયા બાદ અને સને ૨૦૧૩માં નિવેદન આપ્યા તે અગાઉ હુ મુકતમને જીવતી હતી.(૬૮)એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનોમાં અને મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં મારી સાથે જે બનાવ બનેલાનુ જણાવેલ છે તે અંગે મે કોઈ પોલીસમાં કે કોર્ટમાં કે કોઈ સામાજીક સંસ્થામાં કોઈ

ફરિયાદ કરેલ નથી. (૭૦)..એ વાત ખરી છે કે, મને આશ્રમનુ વાતાવરણ ખુબ ગમી ગયેલુ અને મારી ઈચ્છા આશ્રમમાં રહી ઈશ્વર ભકિત કરવાની હતી. એ વાત ખરી છે કે, હુ મુંબઈથી ભાગીને મોટેરા આશ્રમ આવેલી. એ વાત ખરી છે કે, હુ આશ્રમમાં રહેલી તે દરમ્યાન જે સેવીકાઓ હતી તેમના બધાના નામ મને આજે યાદ નથી. મને મે આશ્રમમાં ભરેલ રૂપિયા ત્રીસ હજાર અને રૂપિયા પચાસ હજાર પરત મળી ગયેલ છે. (૭૩) એ વાત ખરી છે કે, હુ ગ્રંથો વાંચીને અને મહાપુરુષોની આત્મકથા વાંચીને મારી જાતે વકતા બનેલી. મને આજે યાદ નથી કે, આશારામે મારી સાથે કોઈ બદકામ કરેલ કે મારી સાથે કોઈ અનિચ્છનિય બનાવ બનેલ કે કેમ? (૭૪) એ વાત ખરી છે કે, મે આરોપી ભારતી વિશે જે આક્ષેપો કરેલા છે તે સાંભળેલી વિગતો આધારે કરેલા છે મને તે અંગે કોઈ જાત માહિતી નથી.

**(૬૬.૩)** સદર સાહેદને ફરીયાદપક્ષ તરફથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે પરંતુ સદર સાહેદની ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે તેણી મહીલા આશ્રમની સંચાલીકા પદમાબેનને મળેલી હોવાની અને વકતા તરીકે પદમાબેને તેને ટ્રેન કરેલી હોવાની હકીકત તેમજ તેણીના પછી ટોપ પર વર્ષા નામની છોકરી હોવાની હકીકત જણાવેલી છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં બચાવપક્ષ મહદઅંશે સફળ રહેલ છે પરંતુ સદર સાહેદ આરોપી આશારામના આશ્રમમાં આવેલા ત્યારે આરોપી આશારામે તેણીની સાથે શારીરીક અડપલા કરેલા હોવાની હકીકત સદર સાહેદના સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદન પરથી ફલીત થયેલ હોઈ બચાવપક્ષને સદર સાહેદની ઉલટ તપાસ થકી કોઈ ફળદાયી હકીકત મળી આવેલ ન હોઈ ફરીયાદપક્ષ સદર સાહેદે ફરી ગયા બાદ જે હકીકતો સ્વીકારેલ

છે તેપુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય છે.

(૬૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૭૫ તરીકે પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલભાઈ રમણલાલ પારેખનાઓને આંક-૭૩૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સુરત ખાતેના આશારામના આશ્રમમાં જતા હતા. તે ત્યા સતસંગ સાંભળતો હતો અને મોકો મળે તો સેવા કરતો હતો. સને ૧૯૯૧ના ડીસેમ્બર મહિનામાં તેમને આશ્રમમાં સમર્પિત થવાની ઈચ્છા થયેલી. તેથી હુ સમર્પિત થયેલો. તેઓએ આશારામનો મોટેરા અમદાવાદ ખાતેનો આશ્રમ જોયેલો છે. તેઓ આ આશ્રમમાં આશરે સાત-આઠ વર્ષ રહેલો. તેઓ સવારે ઉઠીને સંધ્યામાં જતો હતો અને ત્યારબાદ આશ્રમમાં સેવાનુ કામ કરતો હતો. આશારામના આશ્રમમાં મહિલા આશ્રમ પણ બનાવેલો હતો. મહિલા આશ્રમમાં પુરુષની એન્ટ્રી ન હતી તેથી તે આશ્રમ મે જોયેલ ન હતો. મહિલા આશ્રમના સંચાલીકા ધ્રુવબેન હતા. બીજા સંચાલીકા કોણ હતા તેની મને માહિતી નથી. મહિલા આશ્રમમાં ઔષધી બનાવવામાં આવતી હતી. ઔષધી બનાવવા માટે કઈ બહેનો કામ કરતી હતી તેની મને માહિતી નથી.આશારામ મહિલા આશ્રમમાં જતા હોય તેવુ મારી જાણકારીમાં નથી. આશારામને મહિલા આશ્રમમાં કોણ લઈ જતુ હતુ તેની પણ મને માહિતી નથી. મહિલા આશ્રમ વિશે હુ જાણકારી ધરાવતો નથી. હુ મહિલા આશ્રમના ગેટ પાસે કોઈ દિવસ ગયેલો કે બેસેલો નથી. મહિલા આશ્રમમાં સીકયુરીટી તરીકે કોણ કામ કરતુ હતુ તેની પણ મને માહિતી નથી. પ્રસાદ વેચવાની કામગીરી ભાઈઓ તરફથી જગદીશભાઈ અને બહેનો તરફથી બગલાબેન કરતા હતા. દર્શન માટે લોકોની લાઈન લાગે ત્યારે પ્રસાદ આપવામાં આવતો હતો.

આશારામ કોઈ વાર તેમની ગાદી પર બેસતા અને કોઈ વાર બેસતા ન હતા. આશારામ ગાદી પર બેસતા તે વખતેહાથમાં શુ રાખતા હતા તેની મને માહિતી નથી. તે રસોઈ બનાવતો તે આશારામ જમી લેતા હતા. રસોઈ બગડવાનો પ્રસંગ બનેલો નથી. આશારામની કુટીયામાં કેટલી ઉંમરના ભાઈઓ આવતા હતા તેની મને માહિતી નથી. આશારામની કુટીયામાં બહેનોનો પ્રવેશ પ્રતિબંધિત હતો. મે લગ્ન કરેલા નથી. આશ્રમમાં આવતા સાધકોના લગ્ન થયેલા હતા કે કેમ તેની મને માહિતી નથી. આશ્રમમાં સેવા આપતી જે વ્યકિત મારા સંપર્કમાં આવી હોય તેને હુ ઓળખુ છુ. આ કામના ફરિયાદીનુ નામ મે સાંભળેલુ છે પરંતુ તેમની સાથે મારે રૂબરૂ પરીચય નથી. આશ્રમમાં ખેતીવાડી અને બગીચાની કામગીરી અલગ અલગ વ્યકિત સંભાળતી હતી. આશારામની કુટીયામાં દર્શન માટે કોઈને લઈ જવામાં આવતા હોય તેવુ મારી જાણકારીમાં નથી.તેમને રસોઈ કામમાં સમય મળે તો હુ બગીચાની કામગીરી કરતો હતો. બગીચાની કામગીરી સિવાય મને બીજી કોઈ ચોકકસ કામગીરી સોંપવામાં આવી હોય તેવુ બનેલુ નથી. મને સાબરમતી આશ્રમમાંથી નીવાય ગામે આવેલ ગૌશાળામાં કામગીરી કરવા મોકલી દીધેલ. ત્યા બીજા ઘણા માણસો કામ કરતા હતા. ત્યા નોર્મલ જમવાનુ મળતુ હતુ અને ગાયોની સેવા કરવાની રહેતી હતી.તેમની માતાની તબીયત નબળી રહેતી હતી તેથી તેમની માતા અને ઘરના સભ્યોના કહેવાથી તેઓએ આશ્રમ છોડી દીધેલો.આશ્રમ છોડવાનુ આ સિવાય બીજુ કોઈ કારણ ન હતો. શાંતિવાટીકામાં કેટલી રૂમો આવેલી છે તેની મને માહિતી નથી. સતસંગ હોય ત્યારે આશારામ શાંતિવાટીકામાં રહેતા હતા તે સિવાયના સમયે સેવકો રહેતા હતા.આશારામ શાંતિવાટીકામાં હોય ત્યારે સ્ત્રી પુરુષો મુલાકાત માટે આશ્રમની ગાડીમાં જતા હતા અને સવારનો સતસંગ ત્યા થતો હતો. કુટીયાની બહાર મંડપ બનાવેલો હતો ત્યા મુલાકાત થતી હતી. ગાડીમાં આશ્રમના સંચાલકો

લઈને આવતા હતા. પુરુષો માટે અને સ્ત્રીઓ માટે અલગ અલગ ગાડીની વ્યવસ્થા હતી. સ્ત્રીઓને સંચાલક ધ્રુવબેન વિગેરે લઈને આવતા હતા.આશ્રમમાં કેટલી સ્ત્રીઓ સ્થાયી રહેતી હતી અને તેમના નામ શુ હતા તેની મને માહિતી નથી. ઘરે ગયા બાદ મે ટી.વી.ના માધ્યમથી જાણેલુ કે આશારામ પર બળાત્કારના આક્ષેપો થયેલા છે. જોધપુરનો કેસ થયેલો તે બાબતે ટી.વી.માં સમાચાર જોયેલા. અમદાવાદ આશ્રમમાં કોઈ બનાવ બન્યો હોય તેવા સમાચાર મે સાંભળેલા નથી. તપાસ કરનાર અમલદારે મારી પુછપરછ કરી નિવેદન લીધેલુ. જોધપુરમાં કેસ થયેલો અને ત્યારબાદ સુરતમાં કેસ થયેલો તે સંદર્ભે પોલીસે મારી પુછપરછ કરેલી. આ સિવાય બીજા કોઈ ગુના કામે પોલીસે મારૂ નિવેદન લીધેલુ નથી. સુરતમાં મારૂ નિવેદન કયા પો.સ્ટે.ના ઓફીસર લેવા આવેલા તેની મને માહિતી નથી.

**(૬૭.૧)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે (૧૧)એ વાત ખરી છે કે, તા.૨૭-૧૦-૧૩ના રોજ મારૂ નિવેદન લીધેલુ. મને એ વાતની માહિતી નથી કે, આ નિવેદન ચાંદખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧૮/૧૩ના કામે લીધેલુ. એ વાત ખરી છે કે, ફરિયાદી ભોગબનનાર રહે.થાન,તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગરનાએ આશારામ તથા અમદાવાદ આશારામ આશ્રમના અન્ય સાધકો વિરૂધ્ધ ફરિયાદ લખાવેલ તે સંદર્ભે મારૂ નિવેદન લીધેલુ. (૧૨) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''સને ૧૯૯૧ થી આશારામ જયાં જયાં શીબીરો સતસંગ પ્રોગ્રામોમાં જતા હતા ત્યા ત્યા હુ ટીમની સાથે રહેતો હતો.'' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ

રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''અમદાવાદ ખાતે આશારામના વડપણ હેઠળનુ મહિલા આશ્રમ મે જોયેલ છે. પરંતુ ત્યા પુરુષોને જવાની સંમતિ નથી. (૧૩) એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''આશારામ સતસંગ કરીને નીકળે ત્યારે તેઓની ગાડીમાં બેસી હુ મહિલા આશ્રમમાં જતો હતો અને તે વખતે પદમાબેન મુખ્ય હતા.(૧૪) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ફરિયાદી ભોગબનનાર તથા ક્રિષ્ના તથા વર્ષા વિગેરે વકતા તરીકે હતા.'' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''હુ આશારામની સેવામાં આશારામની રસોઈ બનાવવાનુ કામ, તેઓના રૂમની સાફ-સફાઈ, સરસીયાના તથા તલના તેલથી આશારામના શરીરે માલીસ કરી આપતો તથા ગાયના ઘી થી માથા ઉપર કયારેક કયારેક માલીસ કરતો હતો.(૧૮) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''ઢેલ અને બગલો નામની સેવીકા આશ્રમમાંથી છોકરીઓને લઈ શાંતિવાટીકા ફાર્મ હાઉસ ખાતે આવતા હતા. અને તેઓ ફાર્મ હાઉસમાં બાંધેલ મંડપમાં બેસાડતા હતા અને છોકરીઓને લાઈનમાં બેસાડવાની, પ્રસાદ વિગેરેની કામગીરી તેઓ કરતા હતા.(૨૯) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''મે ક્રિષ્ના વકતા, રેખા વકતા, ચોકીયાત જશીબેનના નામ સાંભળેલ છે. આ જશીબેન ચોકીયાતના ભાઈ જગદીશ ફટફટી સુરતમાં રહે છે. હુ આ કામના ફરિયાદી સાથે બનેલ બનાવ બાબતે સમાચાર આધારે જાણુ છુ.

**(૬૭.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩૫)...એ વાત

ખરી છે કે, આશારામ અમદાવાદની બહાર પણ સતસંગ કરવા શીબીરોમાં જતા હતા. એ વાત ખરી છે કે, તે વખતે રસોઈયા તરીકે હુ સાથે જતો હતો. (૩૬)...મને એ વાતની ખબર નથી કે, રેવાડીમાં કયારેય આશારામનો સતસંગ કે શીબીર થયેલ નથી. એ વાત ખરી છે કે, હુ કયારેય આશારામ સાથે રેવાડી ગયેલ નથી. એ વાત ખરી છે કે, હુ સને ૨૦૦૬ સુધી આશ્રમમાં રસોઈયા અને બીજી સેવા માટે રહેલો. એ વાત ખરી નથી કે, હુ સને ૧૯૯૩ થી આશ્રમમાં સમર્પિત થયેલો છુ. સાહેદ જણાવે છે કે, ડીસેમ્બર–૧૯૯૧ થી થયેલો.(૩૭)આશારામના રસોઈયા તરીકે મે સને ૨૦૦૨ ની આજુબાજુ સુધી સેવા આપેલી. એ વાત ખરી છે કે, મારા પછી રસોઈયા તરીકે રોહીત આવેલો. એ વાત ખરી છે કે, આશારામ જન્માષ્ટમીનો તહેવાર આશ્રમમાં ઉજવતા હતા. એ વાત ખરી છે કે, સને ૧૯૯૬માં જન્માષ્ટમીનો તહેવાર આશારામે રાજકોટમાં ઉજવેલો. (૩૮) નીવઈની ગૌશાળામાં આશરે ચાર થી પાંચ હજાર જેટલી ગાયો હતી. એ વાત ખરી છે કે, ગૌશાળાની ચારેય બાજુ જંગલ આવેલ હતુ. એ વાત ખરી છે કે, આ ગૌશાળામાં કોઈ આશ્રમ ન હતો. એ વાત ખરી છે કે, ત્યા કોઈ બાંધકામ કે બાંધકામ ચાલુ હોય તેવી પણ જગ્યા ન હતી. એ વાત ખરી છે કે, સને ૨૦૦૨માં આશારામ નીવઈ આવેલ ન હતા. એ વાત ખરી છે કે, તે વખતે ગૌશાળામાં રાજુ ચાંડક રહેતો હતો. એ વાત ખરી છે કે, ગૌશાળામાં કે આશ્રમમાં કુતરા પાળવાની કોઈને પણ આશારામે પરવાનગી આપેલ ન હતી. એ વાત ખરી છે કે, રાજુ ચાંડક ગૌશાળામાં કુતરા પાળતો હતો. મને એ વાતની ખબર નથી કે, આશારામ રાજુ ચાંડક, ઈશ્વર નાયક કે બીજા સાધકો જેમની ભુલ થઈ હોય તેમના વિશે જાહેરમાં બોલતા અને ઠપકો આપતા. (૩૯)..એ વાત ખરી છે કે, હુ આશ્રમમાં આશારામના રસોઈયા તરીકે હતો તે વખતે આશ્રમમાં ઈશ્વર નાયક પણ હતો. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકનો દિકરો પણ સાથે રહેતો હતો. મે એવુ સાંભળેલુ કે ઈશ્વર નાયકનો દિકરો વિદેશથી

માલ મંગાવતો હતો અને તેના પૈસા આશ્રમમાંથી ચુકવાતા હતા. એ વાત ખરી છે કે, સને ૨૦૦૨થી ૨૦૦૪ ના ગાળામાં રોહીત આશારામનો રસોઈયો હતો. એ વાત ખરી છે કે, સને ૨૦૦૪ પછી અખીલ ગુપ્તા રસોઈયા તરીકે આવેલો.(૪૦).. એ વાત ખરી છે કે, આશારામ ગુરુ પુર્ણિમાનો તહેવાર મોટેરા આશ્રમમાં ઉજવતા હતા. એ વાત ખરી છે કે, ગુરુ પુર્ણિમાના તહેવાર વખતે દેશ વિદેશમાંથી આશરે પાંચ થી છ લાખ લોકો આવતા હતા. એ વાત ખરી છે કે, ગુરુ પુર્ણિમાના બે ત્રણ દિવસ પહેલા અને ત્રણ ચાર દિવસ પછી સુધી આશારામના ચાહકોની અને શિષ્યોની દર્શન માટે લાઈન લાગતી હતી. એ વાત ખરી છે કે, આ સમય દરમ્યાન આશારામનુ રોકાણ આશ્રમની કુટીયામાં રહેતુ હતુ. એ વાત ખરી છે કે, ગુરુ પુર્ણિમાની ઉજવણી પછી આશારામ આશ્રમથી જ ટુરમાં જતા  રહેતા હતા અને હુ પણ સાથે જતો હતો.(૪૧)...એ વાત ખરી છે કે, સુરતમાં મારૂ નિવેદન લીધેલુ તે વખતે મને ખબર ન હતી કે કયા કેસ માટે મારૂ નિવેદન લેવામાં આવે છે. એ વાત ખરી છ`કે, સરકારી વકીલે વાંચ્યુ ત્યારે મને જાણવા મળેલ કે આ કેસ માટે મારૂ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, શાંતિ કુટીયામાં કોઈપણ સાધક કે સાધીકાનો પ્રવેશ ન હતો.

**(૬૭.૩)** સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી પરંતુ તેમ છતાં સદર સાહેદે તેમની જુબાનીમાં તેઓ આરોપી આશારામના રસોઈયા તરીકે હતા તે હકીકત તેમજ તેઓ ઘણી વાર આરોપી આશારામના માથામાં ગાયના ઘી થી માલીસ કરતા હોવાની હકીકત જણાવેલી છે ત્યારે ભોગબનનારે જે હકીકત જણાવેલ કે તેણીને આરોપી આશારામે શાંતિવાટીકામાં તેમના રૂમમાં બોલાવી વાટકીમાં રહેલા ઘીથી તેમના

માથામાં માલીક કરવાનું કહેલ હોવાની હકીકત જણાવેલ છે તેને સદર સાહેદના પુરાવાથી આરોપી આશારામ તેમના માથામાં ગાયના ઘીની માલીસ કરાવતા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ છે.

(૬૮) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૬ તરીકે સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિનાઓને આંક –૪૩૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે**,**

(૧)...હુ મારા પરિવાર સાથે દિલ્હી મુકામે રહુ છુ. હુ સને ૧૯૯૬માં સૌપ્રથમવાર આશારામના દર્શન કરવા દિલ્હી ખાતે આવેલ કરોલબાગ આશ્રમમાં ગયેલી. હુ મારી મોટી બહેન સાથે ત્યા ગયેલી. હુ એકવાર હરીયાણાના સોનીપતમાં સતસંગ હતો ત્યા ગયેલી. એકવાર મધુબનચોક ખાતે સતસંગ હતો ત્યા પણ ગયેલી. એકવાર રેવાડી ખાતે સતસંગમાં ગયેલી. મે સને ૧૯૯૬માં મંત્રદિક્ષા લીધેલી. મે અમદાવાદ આશ્રમમાં અનુષ્ઠાન કરેલા. હુ અમદાવાદ આશ્રમમાં પંદર કે અઢાર દિવસ રોકાયેલી.

(૨)...હુ સને ૧૯૯૯માં અમદાવાદ ખાતેના આશ્રમમાં ગયેલી. આશ્રમમાં ફરતુ દવાખાનુ હતુ હુ ત્યા સેવા આપતી હતી. હુ ત્યા છ–આઠ મહિના રહેલી ત્યારબાદ દિલ્હી ગયેલી. હુ પંદર વીસ દિવસ માટે દિલ્હી ગયેલી હતી. હુ દિલ્હીથી પાછી આવતી હતી ત્યારે રેવાડી ગયેલી. તે વખતે સને ૨૦૦૦નો ઉનાળાનો સમય હતો. રેવાડીમાં સતસંગ હતો અને મહિલા માટે રહેવાની વ્યવસ્થા કરેલી હતી હુ ત્યા રોકાયેલી. સતસંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતો. હુ આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યા રાતના સમયે મને કહેવામાં આવેલુ કે આશારામ તને ધ્યાન માટે બોલાવે છે. મને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. હુ આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલી. રાતના નવ

થી દસનો સમય હતો. હુ આશ્રમના એન્ટ્રી પર પહેલા બેસેલી ત્યારબાદ મને બાથરૂમમાં લઈ ગયેલા અને મને બાથરૂમમાં બંધ કરી દીધેલી. બાથરૂમમાં અંધારૂ હતુ. મને થયેલુ કે મને આશારામ પાસે લઈ જવાના હતા અહી શા માટે લાવ્યા? તે વખતે ત્યા આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહેલુ કે આની સાથે જાઓ ત્યારબાદ લાલાભાઈ મારો હાથ પકડીને મને લઈ ગયેલા. તેઓ મને આશારામ પાસે લઈ ગયેલા. આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેમણે મારા માતા–પિતા અને ભાઈ બહેન વિશે પુછેલુ. તેમણે મને તમારે કેટલી મીલકત છે તેવુ પણ પુછેલુ. આશારામે મને ત્યા નીચે બેસી જવા કહેલુ તેથી હુ નીચે બેસી ગયેલી. હુ આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે મારા સ્તન પર હાથ ફેરવેલા. મે કહેલુ કે બાપુજી આ શુ કરો છો? તેમણે ધોતી ઢીલી કરેલી અને મને કહેલુ કે મારા ગુપ્તાંગને ચુસી લે. મે ના પાડેલી. ત્યારે આશારામે મારા વાળ પકડી જબરજસ્તીથી મારૂ મોઢુ તેમના ગુપ્તાંગને અડાવેલુ. મે કહેલુ કે બાપુ આ ગલત છે આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહી કોઈ આવશે નહી હુ કહુ તેવુ કરો. ત્યારબાદ આશારામ મને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને મને પલંગ પર ધકકો મારી પાડી દીધેલ. ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી. મે તેમના ગુપ્તાંગ પર લાત મારેલી અને ત્યાથી ભાગી ગયેલી. હુ ભાગતી હતી તે વખતે મે રસોઈયા લાલાભાઈ અને સીકયુરીટી દેવેન્દ્રભાઈને જોયેલા. તેઓએ મને જોયેલ કે નહી તેની મને માહિતી નથી. હુ ભાગીને સીધી બહાર રોડ પર આવી ગયેલી. ત્યા એક ટ્રકવાળો ઉભેલો હતો અને બે સ્ત્રીઓ કે જેઓ મુંબઈની હતી તે ત્યા હાજર હતી. તેમની સાથે બેસીને હુ અમે જયા રોકાયેલા તે હોલ પર આવી ગયેલી.

(૩)...આશારામે મારા વાળ પકડીને તેનુ ગુપ્તાંગ જબરજસ્તીથી મારા મોઢામાં નાખેલુ હતુ.

(૪)...હુ મહિલા આવાસમાં જઈને પુરી ચાદર ઓઢી સુઈ ગયેલી. તે વખતે કોઈ બે સ્ત્રીઓ બોલતી હતી કે કોઈ પતલી સ્ત્રીને શોધે છે તેને જોઈ છે. તે વખતે લાલાભાઈ રસોઈયા અંદર આવેલા. તેઓ કોઈને શોધતા હતા. મે આખી ચાદર ઓઢેલી હતી પરંતુ સાઈડમાંથી જોતી હતી.

(૫)...સવારે હુ ઉઠીને મારી બહેનને શોધવા ગયેલી પરંતુ હુ કન્ફુયુઝ હતી કે હુ શુ કરૂ? આશારામની સતસંગી બહેનો ફુલની માળા બનાવતી હતી હુ ત્યા જઈને બેસી ગયેલી. આ બધી સ્ત્રીઓ આશારામના ગુણ ગાતી હતી મને એવુ લાગ્યુ કે જાણે મે કોઈ ગુનો કરેલો છે. આ સ્ત્રીઓને મે કોઈ વાત કરેલ ન હતી પરંતુ તેઓ એ રીતે બોલતા હતા કે તેમને ખબર હોય કે હુ રાતના આશારામ પાસે જઈને આવી છુ.

(૬)...હુ એક બે વર્ષ સુધી એવા કન્ફયુઝનમાં હતી કે આવા ભગવાન હોતા હશે. આ બનાવ વખતે મારી ઉંમર આશરે ૨૩–૨૪ વર્ષની હશે. મારી સગી બહેનો જ આશારામ પર આટલો વિશ્વાસ કરતી હોય તો હુ મારી વાત કોને બતાવુ. સને ૨૦૦૬માં મે મારી માતાને અને બહેનને આ બનાવ વિશે વાત કરેલી. મારી મમ્મીએ કહેલુ કે તમને પસંદના હોય તો જશો નહી. મારા પતિ અમૃતભાઈને મે સને ૨૦૦૭માં આ વાત કરેલી જે તેમની સાથે મે લગ્ન કર્યા તે પહેલા આ વાત કરેલી. મે અમૃતભાઈને આ વાત કરેલી ત્યારે તેમણે કહેલુ કે કોઈ વાત નહી આગે પરમાત્માકી જો ઈચ્છા હોગી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૭)...સને ૨૦૦૫માં અમૃતભાઈને આશ્રમમાંથી કાઢી મુકેલા ત્યારબાદ તેમના પર અનેકવાર હુમલા કરેલા. મારા પતિ અમૃતભાઈનુ આશારામના માણસોએ ખુન કરી દીધેલ છે.

(૮)...જોધપુરવાળા કેસ વિશે મે જાણેલુ તે વખતે મે કહેલુ કે હુ પણ આશારામ વિરૂધ્ધ ગવાહી આપીશ. આ કામના ભોગબનનાર આશારામના આશ્રમમાં સતસંગ કરતા હતા તેથી હુ તેમને નામથી ઓળખુ છુ. પોલીસે મારી પુછપરછ કરી નિવેદન લીધેલુ.

(૯)...મે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ કલમ–૧૬૪નુ નિવેદન આપેલુ છે. મને કોર્ટ રૂબરૂ સીલબંધ ખાખી કવર ખોલી તેમાંથી નીકળેલ બે ખાખી કવર પૈકી એક કવરમાંથી નીકળેલ સી.આર.પી.સી.કલમ–૧૬૪નુ નિવેદન બતાવવામાં આવે છે તેમાં છેલ્લે નીચે મારી સહી છે જે **સી.આર.પી.સી.કલમ–૧૬૪ના નિવેદન**ને રજુ દાખલ **આંક–૪૩૬** આપવામાં આવે છે. મેજીસ્ટ્રેટશ્રીએ મારા લખાવ્યા મુજબ આ નિવેદન નોંધેલુ. મે હિન્દીમાં નિવેદન બોલેલ જે ગુજરાતીમાં નોંધવામાં આવેલુ. મને કલમ–૧૬૪ના નિવેદન સાથેનુ એક લખાણ બતાવવામાં આવે છે આ લખાણ મે તે જજ સાહેબને આપેલુ. તેમાં નીચે મારી સહી છે. મે આશારામની હકીકત બતાવવા માટે આ લખાણ આપેલુ. તે મારા હસ્તાક્ષરમાં છે. જે **આંક–૪૩૭ થી રજુ** છે.

(૧૦)...આશારામ આજરોજ વી.સી.થી હાજર છે તે આરોપી છે. આરોપી ઢેલને હુ જોયે તથા નામથી ઓળખુ છુ તે આજરોજ કોર્ટમાં સફેદ ડોટસવાળી ઓઢણી પહેરીને બેઠેલ છે. (સાહેદે ઓળખી બતાવેલ આરોપીને તેનુ નામ પુછતા ઢેલ હોવાનુ જણાવે છે.) આરોપી ભારતી કોર્ટમાં હાજર છે તેને હુ જોયે તથા નામથી

ઓળખુ છુ. દુધી કલરનુ કુર્તો પહેરેલ સ્ત્રીને મે જોયેલ હોય તેવુ લાગે છે પરંતુ તેનુ નામ ખબર નથી.

(૬૮.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૧)...હાલમાં મને યાદ નથી કે સને ૧૯૯૯ની સાલના ઓકટોબર કે નવેમ્બર મહીનામાં હું અમદાવાદ આશ્રમના ફરતા દવાખાનામાં આવેલી હતી કે કેમ. એ વાત ખરી છે કે અમદાવાદ હું આવી ત્યારે અમરતભાઈએ મને આશ્રમના ફરતા દવાખાનામાં સેવા આપેલી. હાલમાં મને યાદ નથી કે આ સેવા મે સને ૨૦૦૧ ના અંત સમય સુધી આપેલ હતી કે કેમ. એ વાત ખરી છે કે પોલીસે મારું નિવેદન તા:૧૧/૯/૨૦૧૩ ના રોજ લીધેલ. એ વાત ખરી છે કે આ નિવેદનમાં એવું લખાવેલ છે કે, ''અમરતવૈધ રાજે આશારુમ બાપુની આજ્ઞાથી મને આશ્રમ તરફથી ચાલતા ચિકીસ્તાલયમાં મુકેલ અને દોઢ વર્ષ કામ કરેલ અને હું બીમાર થતાં મારા ઘરે જતી રહેલ. '' એ વાત ખરી છે કે આંક:૪૩૬ વાળા મારા ૧૬૪ વાળા નિવેદનમાં મે એવુ લખાવેલ છે કે,''૨૦૦૧ માં ઘર પરત આવ્યા પછી હું આશારામના સત્સંગમાં બહુ ઓછી જતી હતી. કયારેક કયારેક દિલ્લી આશ્રમમાં જતી હતી. (૧૨)...પંજાબ અંબાલા ખાતે આશારામનો આશ્રમ આવેલ છે. હાલમાં મને યાદ નથી કે, આંક:૪૩૬વાળા ૧૬૪ ના નિવેદમાં મે એવું લખાવેલ છે કે કેમ,''૨૦૦૬ માં આશારામના સંત્સંગમાં હું અંબાલા ગઈ હતી.(૧૩)...એ વાત ખરી છે કે હું અમૃતવૈધના સંપર્કમાં રહેતી હતી. એ વાત ખરી છે કે સને ૨૦૦૭ માં મે અમૃતભાઈ વૈધ સાથે લગ્ન કરેલ હતા. એ વાત ખરી છે કે મારા કરતા અમૃતભાઈની ઉંમર ૨૦ વર્ષ વધારે હતી. એ વાત ખરી નથી કે અમૃતભાઈને આશ્રમમાંથી નિકાળી દીધેલા તે વાતથી મને દુ:ખ થયેલ. એ વાત

ખરી નથી કે અમૃતવૈદ્યના કહેવાથી મે આ પોલીસને ખોટું સ્ટેટમેન્ટ આપેલું અને કલમ–૧૬૪ નું નિવેદન પણ ખોટું આપેલું.(૧૪)...એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમાં જણાવેલ '' તે વખતે સને ૨૦૦૦નો ઉનાળાનો સમય હતો. રેવાડીમાં સતસંગ હતો અને મહિલા માટે રહેવાની વ્યવસ્થા કરેલી હતી હુ ત્યા રોકાયેલી. સતસંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતો. હુ આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યા રાતના સમયે મને કહેવામાં આવેલુ કે આશારામ તને ધ્યાન માટે બોલાવે છે. મને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. હુ આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલી. રાતના નવ થી દસનો સમય હતો. હુ આશ્રમના એન્ટ્રી પર પહેલા બેસેલી ત્યારબાદ મને બાથરૂમમાં લઈ ગયેલા અને મને બાથરૂમમાં બંધ કરી દીધેલી. બાથરૂમમાં અંધારૂ હતુ. મને થયેલુ કે મને આશારામ પાસે લઈ જવાના હતા અહી શા માટે લાવ્યા? તે વખતે ત્યા આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહેલુ કે આની સાથે જાઓ ત્યારબાદ લાલાભાઈ મારો હાથ પકડીને મને લઈ ગયેલા. તેઓ મને આશારામ પાસે લઈ ગયેલા. આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેમણે મારા માતા–પિતા અને ભાઈ બહેન વિશે પુછેલુ. તેમણે મને તમારે કેટલી મીલકત છે તેવુ પણ પુછેલુ. આશારામે મને ત્યા નીચે બેસી જવા કહેલુ તેથી હુ નીચે બેસી ગયેલી. હુ આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે મારા સ્તન પર હાથ ફેરવેલા. મે કહેલુ કે બાપુજી આ શુ કરો છો? તેમણે ધોતી ઢીલી કરેલી અને મને કહેલુ કે મારા ગુપ્તાંગને ચુસી લે. મે ના પાડેલી. ત્યારે આશારામે મારા વાળ પકડી જબરજસ્તીથી મારૂ મોઢુ તેમના ગુપ્તાંગને અડાવેલુ. મે કહેલુ કે બાપુ આ ગલત છે આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહી કોઈ આવશે નહી હુ કહુ તેવુ કરો. ત્યારબાદ આશારામ મને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને મને પલંગ પર ધકકો મારી પાડી દીધેલ.

ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી. મે તેમના ગુપ્તાંગ પર લાત મારેલી અને ત્યાથી ભાગી ગયેલી. હુ ભાગતી હતી તે વખતે મે રસોઈયા લાલાભાઈ અને સીકયુરીટી દેવેન્દ્રભાઈને જોયેલા. તેઓએ મને જોયેલ કે નહી તેની મને માહિતી નથી. હુ ભાગીને સીધી બહાર રોડ પર આવી ગયેલી. ત્યા એક ટ્રકવાળો ઉભેલો હતો અને બે સ્ત્રીઓ કે જેઓ મુંબઈની હતી તે ત્યા હાજર હતી. તેમની સાથે બેસીને હુ અમે જયા રોકાયેલા તે હોલ પર આવી ગયેલી.'' હકીકત ખોટી હોવાનું જણાવું છું. એ વાત ખરી નથી કે રેવાડી સ્થળ ઉપર આશારામનો કોઈ સત્સંગનો પ્રોગ્રામ ન હતો. (૧૫)...એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ ''આશારામે મારા વાળ પકડીને તેનુ ગુપ્તાંગ જબરજસ્તીથી મારા મોઢામાં નાખેલુ હતુ. '' હકીકત હું ખોટી જણાવુ છું. (૧૬)...એ વાત ખરી નથી કે,મારી સરતપાસના પેરેગ્રાફ નં.૪ અને ૫ માં જણાવેલ હકીકતો મે પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી કે કલમ—૧૬૪ ના નિવેદનમાં લખાવેલ નથી.(૧૭)...એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ, હુ એક બે વર્ષ સુધી એવા કન્ફયુઝનમાં હતી કે આવા ભગવાન હોતા હશે. આ બનાવ વખતે મારી ઉંમર આશરે ૨૩—૨૪ વર્ષની હશે. મારી સગી બહેનો જ આશારામ પર આટલો વિશ્વાસ કરતી હોય તો હુ મારી વાત કોને બતાવુ. '' આ હકીકત મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી કે કલમ—૧૬૪ ના નિવેદનમાં લખાવેલ નથી.(૧૮)...એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ '' ત્યારબાદ તેમના પર અનેકવાર હુમલા કરેલા. મારા પતિ અમૃતભાઈનુ આશારામના માણસોએ ખુન કરી દીધેલ છે.'' હકીકત મારા પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી કે કમલ—૧૬૪ ના નિવેદનમાં લખાવેલ નથી. (૧૯)...એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવેલ, '' જોધપુરવાળા કેસ વિશે મે જાણેલુ તે વખતે મે કહેલુ કે હુ પણ આશારામ વિરૂઘ્ધ ગવાહી આપીશ.

આ કામના ભોગબનનાર આશારામના આશ્રમમાં સતસંગ કરતા હતા તેથી હુ તેમને નામથી ઓળખુ છુ.તેવી હકીકત  મારા પોલીસ રુબરુના નિવેદનમાં કે કલમ–૧૬૪ ના નિવેદનમાં લખાવેલ નથી.(૨૦)...મને એ વાતની ખબર છે કે અમૃતવેધનાઓએ આશારામના આશ્રમ વિરુધ્ધમાં ઘણી બધી વાતો કહેલ હતી. એ વાત ખરી નથી કે અમૃતવૈધ મારા પતિ થતા હોવાથી તેમના કહેવાથી મે પોલીસ રુબરુ ખોટુ નિવેદન આપેલ છે અને મેજીસ્ટ્રેટ રુબરુ પણ ખોટુ નિવેદન આપેલ છે.(૨૧)...એ વાત ખરી નથી કે સને ૨૦૦૦ ના અરસાના રેવાડી મુકામે આશારામનો કોઈ આશ્રમ ન હતો અને કોઈ સત્સંગ થયેલ ન હતો. (૨૨)...એ વાત ખરી નથી કે હું જણાવુ છું તેવો કોઈ બનાવ રેવાડી મુકામે બનેલ ન હતો. એ વાત ખરી છે કે રેવાડી મુકામે મે આશારામ અને તેમના માણસો વિરુધ્ધ કોઈ ફરીયાદ લખાવેલ ન હતી. એ વાત ખરી છે કે તા:૯/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં મે અવું લખાવેલ છે કે'' મારે કોઈ જ ફરીયાદ હાલમાં કરવી નથી. '' એ વાત ખરી નથી કે ફરીયાદપક્ષને સમર્થન કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૬૮.૨)** સદર સાહેદણની ઉલટતપાસ ધ્વારા બચાવપક્ષ તેણીએ અમૃતભાઈ સાથે લગ્ન કરેલ હોવાની હકીકત તેમજ આરોપી આશારામે તેણીના સ્તન પર હાથ  ફેરવેલા હોવાની તેમજ તેના ગુપ્તાંગને ચુસી લ ેવાનું કહેલ હોવાની હકીકત સદર સાહેદે તેણીની સરતપાસમાં જણાવેલી છેજે હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ છે. તે સિવાયની બાકીની હકીકતનો સદર સાહેદે ડીનાયલ કરેલ છે. જો કે, સદર સાહેદને પેરા(૨૨)માં સ્વીકારેલ છે કે રેવાડી મુકામે તેણીએ આશારામ અને તેમના માણસો વિરૂધ્ધ કોઈ ફરીયાદ લખાવેલ ન હતી અને તેણીના તા. ૯/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં

તેણીએ હાલમાં કોઈ જ ફરીયાદ કરવી નથી તેમ જણાવેલ હોવાની હકીકત સાચી હોવાનું જણાવેલ છે. સદર સાહેદે તેમના મેજીસ્ટ્રેટ સમક્ષના સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના આંક–૪૩૬ વાળા નિવેદનમાં પણ આરોપી નં.(૧) આશારામે તેણીની સાથે શરીર સંભોગ કરવાની કોશિષ કરેલી તે અંગે વિગતવાર હકીકતો જણાવેલી છે ત્યારે બચાવપક્ષ તરફથી એકમાત્ર ફરીયાદ નહી કરવાથી તેણીની સાથે તેણી જણાવે છે તેવો બનાવ બનેલ નહી હોવાનું માની શકાય નહી.આમ સદર સાહેદની જુબાનીથી પણ આરોપી નં.(૧) આશારામના ચારિત્ર અંગેની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે.

(૬૯) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૮ તરીકે દેવેન્દ્રકુમાર ભવરસિંહ પ્રજાપતિનાઓને આંક –૪૬૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ાશારામજી બાપુ આશ્રમમાં શાંતિ વાટીકામાં રહેતા હતા. આ શાંતિ વાટીકામાં બાપુ પહેલા છોકરાઓને ત્યાર બાદ છોકરીઓને દર્શન માટે બોલાવતા હતા. જે છોકરીઓ દર્શન માટે આવતી હતી તેમાંથી આશારામજી બાપુને જે પસંદ આવે તેના તરફ ઈશારો કરતા અને તેને ફરીથી સાંજના સેવા માટે બોલાવતા. આશ્રમની સંચાલિકાઓ જેમાં ઢેલ, મીરા, નિર્મલા કે જે લોકોને કોડવર્ડના નામથી બોલાવવામાં આવતા હતા તે આ છોકરીઓને લઈને આવતા હતા. એકાંતવાસ, મહાપ્રસાદ એવા કોડવર્ડ વાપરવામાં આવતા હતા. અને મારી પાસે આવે તો હું આ છોકરીઓને અંદર જવા દેતો ન હતો પરંતુ સંચાલીકા લઈને આવે તો જવા દેતો હતો. વચ્ચે વચ્ચે મારી ફરજ નારાયણ સાઈને ત્યાં પણ મોકલવામાં આવતી હતી. કોઈ ઘટના બની હોય તેવુ મને હાલમાં યાદ આવતું નથી. દિલ્લી નજબગઢ

ખાતેની એક ઘટના મને યાદ છે તેમાં જ ટીકરા ગામમાં આશારામજી બાપુની એક એકાંત કુટીયા આવેલ છે જેમાં હુ તેમની સુરક્ષા માટે હાજર હતો તે વખતે એક છોકરીના માબાપ આવેલા અને દર્શન વખતે તેઓએ દિકરીને શું બનાવવી છે ત્યારે જણાવેલ કે ડોકટર એ આઈ.એ.એસ. બનાવવાની છે ત્યારે બાપુએ કહેલ કે આને મીરા બનાવવાની છે. અને છોકરીને અલગ મૌન મંદિરમાં અને તેના ભાઈના અલગ મૌન મંદિરમાં બેસાડવાની બાપુએ મને સુચના આપેલી. અને તે લોકોને ત્યાં બેસાડીને પછી હું મારી ફરજ માટે ગેટ પર પરત આવી ગયેલો. બાપુ તે કુટીયામાં પ્રદક્ષિણા કરતા હોય છે અને કેમ રાઉન્ડ પુરો થયા પછી પાછા ન આવતા મને શક ગયેલો કે તેઓ ગેટથી જતા રહેલ અને રસોઈયાને પુછતા જતા રહેલ હોવાનું જણાવેલ. ત્યાર બાદ થોડીવાર પછી મૌન મંદિરમાંથી બાપુ નિળળ ેલા અને મને જોઈને એકદમ દંગ રહી ગયેલા. મને એવું લાગ્યું કે બાપુ મને વઢસ ે કારણ કે અહીંયા સુધી આવવા માટે મનાઈ હતી. પરંતુ બાપુએ ત્યાં ખુરશી મંગાવીને બેસેલા અને મારી મનસ્થિતિ જાણવા માટે પ્રયત્ન કરેલો. તે વખતે બાપુ પણ ભયભીત હતા કે જાણે ચોરી પકડાઈ ગયેલ હોય તેમ અને હું પણ ભયભીત હતો. મે કાંઈ જોયેલ નહીં પરંતુ મે મારો ડર જાહેર કરેલ નહીં. ધ્રુવબેન આશ્રમના મુખ્ય સંચાલીકા છે તેમને હું ઓળખુ છું. સંચાલીકાઓનુ મુખ્ય કામ છોકરીઓને બાપુના આશ્રમમાં કુટીયા સુધી પહોંચાડવાનું હતું. જે છોકરીઓને બાપુનો આદેશ હતો તેને પહોંચાડવાની કામગીરી હતી. આ કુટીયાની અંદર શુ શું થતું હતુ તેનો બહુ સમય થયો હોય તેની મને ખબર નથી. મે કાંઈ જોયેલ નથી. હું સને ૧૯૯૬ થી સને ૨૦૦૪ અથવા ૨૦૦૫ સુધી આશ્રમ સાથે સંકળાયેલો હતો. અને મને પગાર આપવાનુ કહેલ અને આપેલ નહીં જેથી મે મજુર અદાલતમાં આ બાબતે કેસ કરેલો. આ આશ્રમમાં લોકોનુ શારિરીક શોષણ, ધોખા,વિશ્વાસઘાત થતો હતો. જેથી આશ્રમ છોડવાનો મે નિર્ણય

લીધેલો. મે એવુ સાંભળેલું કે છોકરીઓની સાથે શારિરીક શોષણ થતું હતુ અને અત્યાચાર પણ થતો હતો. બહુ સમય થઈ ગયેલ હોય હાલમાં યાદ નથી.

(૬૯.૧) સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,(૭).... એ વાત ખરી છે કે પોલીસે મારું નિવેદન લીધેલું. (૮).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''હું બાપુની સાથે મોટેરા આશ્રમમાં આવતો ત્યારે બાપુ તેમની શાંતિ વાટીકામાં રહેતા હતા તે વખતે મોટેરા આશ્રમના સંચાલિકા છોકરીઓને લઈ શાંતિ વાટીકામાં આવતા હતા. બાપુ મને કહેતા હતા કે તારુ કામ મારી સુરક્ષાનુ છે હું બ્રહમજ્ઞાની છું. બ્રહમજ્ઞાનીને પાપ પુણ્ય નથી લાગતું તમારા લક્ષ્ય તરફ ધ્યાન આપો. જેથી હું તેમના કૃત્યો તરફ ધ્યાન આપતો ન હતો. આશારામ કહેતા કે કુટીયામાં છે છોકરીઓ આવે છે તે મારી ગોપીઓ છે તેમને હું એકાંતમાં ભજનની વિધિ સાધના કરી ભકિતમાં આગળ વધારુ છું તેવું કહેતા.(૯).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું પણ લખાવેલ છે કે,'' હદ તો ત્યારે થઈ કે મે અનેકવાર આશારામે જે છોકરીને તેની કુટીયામાં બોલાવેલ હોય તે છોકરી બંધ કમરામાંથી એક કલાક બાદ બહાર નિકળતી હું કમરા નજીક જતો ત્યારે બાપુ મને બિભત્સ ગાળો બોલી મને ભગાડી દેતા અને કહેતા કે તમો ગેટ ઉપર રહો તમારા અધિકારીનો દુર ઉપયોગ ન કરો.(૧૦)....એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે,'' હું દબાતે પગલે પીરામીડ પાસે ગયેલો અને બાજુમાં ઉભા રહી સાંભળેલ તો વિચિત્ર અવાજ

આવતો હતો આશારામ છોકરીની તારીફ કરી રહયા હોય તેવું બોલતા હતા.(૧૧ )....એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' મે અંદર જઈ નજર કરતા આશારામ તથા છોકરી બંન્ને અર્ધનગ્ન કઢંગી હાલતમાં હતા. (૧૨).... એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે '' તે પછી હું આશારામે જે જે છોકરીઓ સાથે બદકામ કરેલ તેની જાણકારી મેળવવામાં લાગી ગયેલ. ઘણી છોકરીઓએ મને નામ ન આપવાની શરતે જણાવેલ કે ભૈયા અમારી સાથે જે થયું તે બિજાની સાથે ન થાય તે માટે કાંઈક કરો તેવુ કહેતી હતી. (૧૩).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે , '' આશારામ કહેતા કે પોતે, નારાયણ સાંઈ, ભારતીબેન અને લક્ષ્મીમૈયા બ્રહમા,વિષ્ણું, મહેશનો અવતાર છે. છોકરીઓ ગોપીઓ છે. આ ગોપીઓની વાસના પુરી થઈ છે. હું કૃષ્ણનો અવતાર છું. લ ક્ષ્મીદેવી પાર્વતીનો અંશ છે જેથી અમારી સેવા કરો. હું કરું તે પાપ નથી તેવું કહેતા. (૧૪).... મને એ વાતની ખબર નથી કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે કેમ, '' આશારામની દિકરી ભારતીબેન ને મેં પોતે સેકસની વાતો કરતા સાંભળેલ છે જેમાં ભારતીબેન એ એક દિનેશભાઈ સિન્ધી નામના માણસ સાથે સેકસ સંબંધ હતો. જે સંબંધની આશારામને જાણ થતા આ દિનેશની બહુ મારપીટ કરાવેલ હતી.(૧૬).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' આ ત્રણના માધ્યમથી છોકરીઓને શાંતિ વાટીકામાં બોલાવતા બાપુ આ ત્રણની સાથે કોડ ભાષામાં વાત કરતા જેમ કે એકાંતવાસમાં ભેજના, મહાપ્રસાદ દેના હૈ, લડકીસે મંત્ર કરના હૈ, મીરા બનાના હૈ તેવુ બોલતા.(૧૭).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' આશારામ તેમની શાંતિ વાટીકામાં હોય ત્યારે પ્રથમ પુરુષ સાધકોને દર્શન માટે બોલાવતા. બારીમાં ઉભા રહી દર્શન

આપતા તે પછી મહીલા સાધકોને બોલાવતા. જે છોકરી ગમે તેની સામે ઈશારો કરતા. આ છોકરીને ઢેલ, બગલો અને ઢસા રાત્રે આશારામ પાસે લઈને આવતી હતી. અને ઢેલ અને બગલો પૈસાવાળા ભકતોના ઘરે રહેતા તે મહીલા આશ્રમમાં રહેતા ન હતા.(૧૮).... એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે ,'' કોઈ કોઈ વાર ભારતીબેન પણ તેમની ગાડીમાં છોકરીઓને લઈને આવતી.(૧૯).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' સને ૨૦૦૨ ની સાલમા હું મોટેરા આશ્રમના મેઈનગેટ ઉપર સુરક્ષામાં હતો. તે વખતે એક સાધક નામે શ્રવણકુમાર કે જે રોહતનો હતો. તે મારી પાસે આવી મને પ્રણામ કરેલા અને કહેલ કે તમો રોહતમાં બાપુની સાથે આવેલા ત્યારથી તમને ઓળખુ છું. તમો બહુ સારા માણસ છો. તેવી વાત કરેલ અને મારી પાસે ઉભો રહેલ. તે વખતે મહિલા આશ્રમની સંચાલીકા ધ્રુવબહેન તથા બીજી એક સાધિકા એક છોકરીને વાળ પકડી આશ્રમમાં લાવતા હતા. જેથી મે શ્રવણને પુછેલ કે આ કોણ છે. તો કહેલ કે આ મારી બહેન છે. મહિલા આશ્રમમાં રહે છે. ધ્રુવ બહેન કહે છે કે મારી બેનને ભુત વળગેલ છે તેવુ કહે છે. શ્રવણે મને હાથ જોડી કહેલ કે તમો સાચી વાત બતાવો.મારી બહેન કહે છે કે આશારામ, નારાયણસાંઈએ મારી સાથે અનેક વખત દુષ્કર્મ કરેલ છે. આશારામના ચેલા સુરેશાનંદ પણ મને અવાર નવાર બોલાવી શરીરે હાથ ફેરવી નગ્ન થવાનું કહે છે. આવી વાતો કરે છે. તો હુ શં કરુ જેથી મે તેને કહેલ કે તારી બહેન કહે છે કે તે સાચુ છે. તેને કોઈ ભુત-પ્રેત વળગેલ નથી. તુ મારાથી મોઢુ ન ખોલાવ આશારામ મને મારી નાખશે. મારે અહિથીં નીકળવું છે. તુ જતો રહે તેવુ કહેતા તે માનેલો નહી અને મારા પગ પકડેલ જેથી મને દયા આવતા મે તેને આશ્રમમાં આશારામ જે દુષ્કર્મો કરે છે તેની વાત કરેલ જેથી તે મહિલા આશ્રમમાં ગયેલો અને પોતાની બંને બહેનોને ઘરે લઈ જવાનુ ધ્રુવબહેનને કહેતા

ધ્રુવબહેને કહેલ કે તારીબેનને ભુત વળગેલ છે અમો ભુત કાઢી નાખીશું. જેથી શ્રવણે કહેલ કે મારી બેનને શુ દુખ છે તે હું જાણુ છું ચોકીદાર દેવેન્દ્ર ભાઈએ મને બધી વાત કરેલ છે મારી બહેનોને મારા ઘરે લઈ જવી છે. તેવું કહી તેની બહેનોને લઈ ગયેલ. અ વાત ધ્રુવબહેને આશારામને કરતા આશારામે આદેશ કરેલ કે દવેન્દ્રને શાંતીવાટીકા બોલાવો જેથી હું તેમની પાસે ગયેલ તેઓએ મને બેસાડી જે હકીકત જાણતો હોય તે સાચી હકીકત જણાવવા કહેતા મે કહેલ કેહું કંઈ જાણતો નથી તો આશારામે આશ્રમમાં સંચાલકને બોલાવી બીજા બોડી ગાર્ડ પાસે મારી મારપીટ કરાવવા કહેલ થેજી બીજો બોડીગાર્ડ આવી મને મારવા લાગેલ મારાથી માર સહન ન થતાં મે કહેલ કે હું સાચે સાચુ જણાવવા માંગુ છુ જેથી મને મારવાનું બંધ કરેલ અને મને આશારામ પાસે લઈ વયેલા આશારામે મને પુછેલ કે તે મને કોઈ છોકરી સાથે દુષ્કર્મ કરતા જોયેલછે તો મેં ના પાડેલી જેથી તેમને મને પુછેલ કે મે આવા કૃત્ય કરેલ હોવાનું સાંભળેલ છે. તો મેં હા પાડેલી અને છોકરીઓના નામો બોલતા તેઓએ મને ચુપ રહેલા કહેલ અને સંચાલક તથા બોડી વગાર્ડને બહાર મોકલી દીધેલ તે પછી મને છોકરીઓના નામો પુછતા જે-જે છોકરીઓ ભોગ બનેલાનું મે જાણેલ તે તમામ નામો કહેલ જેથી આશારામ ડરી ગયેલ અને મને વિનંતી કરી કહેલ કે હવે તુ શું કરીશ. તો મે કહેલ મારું મોં બંધ રાખીશ કોઈને આ વાત નહી કરુ પણ મને વચન આપો કે મારા ઉપર કોઈ હુમલા નહી કરાવો કોઈ કેસમાં નહીં ફસાવો મારા પિતાને કેન્સરની બીમારી છે. આશ્રમ છોડીને જવા માંગું છું મને આજ્ઞા આપો પરંતુ તેઓએ મને આશ્રમ છોડવાની ના પડેલી તેમ છતાં હુ સને ૨૦૦૫માં આશ્રમ છોડી જતો રહેલ. (૨૦)..એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે,''આશારામના રસોઈયા અખિલને હું ઓળખુ છું. તે શાંતીવાટીકામાં અમારી પાસે સુતો હતો.શિતલબેન,વર્ષાબેન,તૃપ્તિબેન

નાઓને ઓળખું છુ. તેઓ વકતા તરીકે હતા આશારામને જે છોકરી ગમતી અને તેની સાથે સેકસ સંબંધ બંધાય તે છોકરીને વકતા બનાવતા હતા. બાપુ બહાર જાય ત્યારે હું તેમની સાથે જતો. ટુરમાં ઢેલ અને બગલો, ઢસા, વકતાઓ તથા સંચાલકો, કૌશિકભાઈ, શિખરભાઈ સતીષભાઈ વિગેરે રહેતા હતા.(૨૧).... એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ છે કે, ''આશારામની કુટીયામાં છોકરી આવતા તેની પાસે પ્રથમ મુખ મૈથુન કરાવતા અને તે પછી સેકસ કરતા હતા. એક વખત એવું બનેલુ કે એકાદશીનો દિવસ હતો અને સાંજનો સમય હતો. તે વખતે આશારામે એક છોકરીને બોલાવેલ. બાપુએ તેને કહેલ કે તુ કયાં હતી ચાલ કુટીયામાં જેથી છોકરીએ કહેલ કે હું પીરીયડમાં છું તેવું કહેતા આશારામે કહેલ કે હુ બ્રહમજ્ઞાની છુ મને કોઈ પાપ લાગતુ નથી. તેમ કહી છોકરીને તેમના રુમમાં લઈ ગયેલા અને સેકસ કરેલ. તે વખતે આશારમના કપડા લોહીવાળા થયેલા છોકરી બહાર આવી રડવા લાગેલ અને કહેલા લાગેલ કે બાપુએ મને એકાંત વાસનો લાભ આપ્યો પરંતુ મારા કારણે બાપુના કપડા લોહીવાળા થયા. જેથી અફસોસ થાય છે. આવી અંધશ્રધ્ધા સાધકો ધરાવે છે. છોકરીઓને આશારામ પાસે લાવવામાં આવે તે પહેલા સેકસ માટે ઉત્તેજના થાય તેવી કોઈ દવા પીવડાવવામાં આવતી હતી. (૨૨)....એ વાત ખરી નથી કે અમુક આરોપીઓને બચાવવા માટે હું ઈરાદાપુર્વક સોગંદ ઉપર ખોટી હકીકત જણાવી ખોટી જુબાની આપુ છું.

**(૬૯.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨૩)...એ વાત ખરી છે કે ૧૯૯૬ માં પોલીસ ડીપાર્ટમેન્ટમાં સીલેકટ થયેલ હતો. એ વાત ખરી નથી કે હું પોલીસ ડીપાર્ટમેન્ટમાં હોવાથી કાયદાથી માહીતગાર છું. મારો મોબાઈલ નંબર:૯૩૧૩૫૭૬૧

૫૦ છે. (૨૪)... હું મીડીયામાં આવી ગયેલ હોવાથી પોલીસે મારો સંપર્ક કરેલો. મને ચોકકસ યાદ નથી પણ મે એ.બી.પી. ન્યુઝ અને ન્યુઝ ઈન્ડીયામાં ઈન્ટરવ્યુ આપેલ હતો.

સવાલ : પોલીસે તમારો કયા માધ્યમથી સંપર્ક કરેલ હતો ?

જવાબ: પોલીસનો ફોન આવેલો કે તમે કયાં રહો છો તમને મળવું છુ. પોલીસ દિલ્હી આવેલી હતી.

(૨૫).... તા:૧૭/૧૧/૨૦૧૩ પહેલા પોલીસ મારી પાસે આવેલી અને પછી પણ મને મળેલી અને ત્યાર બાદ મારું નિવેદન લિધેલું. એ વાત ખરી છે કે ઈન્ટરવ્યુ આપ્યો તે વખતે માત્ર મારું નામ આવતું ન હતું મોબાઈલ નંબર દર્શાવતું ન હતું. એ વાત ખરી છે કે કયા કયા પોલીસ અધિકારી મને કઈ તારીખે મળવા આવેલા તેમના નામ અને તારીખ મને યાદ નથી. પણ સુરતમાં મારું નિવેદન લીધેલું. તે જાડેજા સાહેબ હતા તેમનું આખુ નામ ખબર નથી. એ વાત ખરી છે કે પોલીસ અધિકારી દિલ્હી આવેલા તે સમયે મે કોઈ નિવેદન આપેલ નહીં. (૨૬).... એ વાત ખરી છે કે ૨૦૦૭ ની સાલમાં આશારામ ટ્રસ્ટ વિરુધ્ધમાં મે કેસ દાખલ કરેલો. મને નિશાની:૪૬૧/૧ થી ૪૬૧/૩ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છું કે સુરત મજુર અદાલતમાં દાખલ કરેલ મારી અરજી તથા સામાવાળાએ દાખલ જવાબનો કાઉન્ટર જવાબ તથા મજુર અદાલતે આપેલ ચુકાદાની ખરી નકલ છે. જેમાં જણાવેલ હકીકત સાચી છે. જેને કામમાં રજુ દાખલ **આંક:૪૬૨ થી આંક:૪૬૪** આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક:૪૬૪ વાળા હુકમની સામે મે કોઈ આગળ કાર્યવાહી કરેલ નથી. (૨૭).... એ વાત ખરી નથી કે સને ૨૦૦૫ ની સાલમાં મારી ગેરવર્તણુંકના કારણે મને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે સને ૨૦૦૫ પછી પ્રથમ વખત મે તારીખ તા:૧૭/૧૧/૨૦૧૩ ના રોજ પોલીસને આ હકીકત જણાવેલ છે.(૨૮).... સવાલ : તમે પોલીસને જે નિવેદન આપેલું તેમાં તે નિવેદન

આશારામ વિરુધ્ધ આવેશમાં આવીને આપેલું ? જવાબ : મે પોલીસને જે નિવેદન આપેલ હતું તે આવેશમાં આવીને લખાવેલ ન હતું. હું આશ્રમથી સતાવેલ હતો એટલ ે કદાચ કાંઈક વધારે લખાવેલ હશે. એ વાત ખરી નથી કે ગુજરાતી મને લખતા વાંચતા આવડતું નથી. એ વાત ખરી છે કે મે પોલીસને જણાવેલ નહી કે મારું નિવેદન હિન્દીમાં લો. એ વાત ખરી છે કે મે પોલીસને જણાવેલ નહી કે મારુ નિવેદન હિન્દીમાં લો જેથી હું સમજી શકું. (૨૯).... સને ૧૯૯૮ ની સાલમાં મારી પાસે ગન અને રીવોલ્વરનું લાસન્સ મારી પાસે હતું. એ વાત ખરી છે કે આ બંન્ને હથીયાર મારા સુપરવિઝનમાં મારી પાસે રહેતા હતા.(૩૦).... એ વાત ખરી છે કે નારણસાંઈના કેસમાં સુરત કોર્ટમાં મારી જુબાની થઈ છે.(૩૧).... એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં કોઈપણ છોકરીનું નામ તેમજ શારિરીક વર્ણન કે તેની ઉંમરનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં ચોકકસ તારીખ,અને મહીનાનો ઉલ્લેખ કરેલ નથી.(૩૨).... એ વાત ખરી છે કે સને ૨૦૦૨ સુધી આશારામજીના રસોઈયા તરીકે પ્રજ્ઞેશ ઉર્ફે લાલાજી કરીને હતા.(૩૩).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' ત્યાર બાદ થોડા સમય પછી મને માહીતી મળેલ કે આશારામજીનો સંત્સંગ વૃંદાવનમાં ૧૫ મી ડીસેમ્બર ૧૯૯૬ થી ૨૦ ડીસેમ્બર ૧૯૯૬ સુધી નિયત થયેલ છે. જેથી હું ત્યાં ગયેલો અને હું આશારામજી બાપુને મળેલો. હું આશારામજી બાપુને વૃંદાવનમાં મળેલો. મને આશારામજી બાપુએ કહેલ કે કૌશિકભાઈ પાસેથી લેટર લઈ લો અને અમદાવાદ, મોટેરા આશ્રમમાં જજો અને તમને ત્યાં જે જોઈએ તે બધી સગવડી મળી રહેશે અને ત્યાં સેવા કરો. હું સપ્ટેમ્બર મહીનામાંજ વૃંદાવનથી સીધો અમદાવાદ આશ્રમમાં આવેલો. હવે જણાવુ છું કે, ડીસેમ્બર ભુલથી લખાવેલ છે પણ તે ખરેખર સપ્ટેમ્બર છે. મોટેરા આશ્રમ અમદાવાદમાં હું રામભાઈ અને વાણીભાઈને મળેલો અને તેઓએ મને આશ્રમની મુખ્ય દરવાજાની સુરક્ષાનું કામ સોપેલું.(૩૪).... એ વાત

ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' જે છોકરીઓ દર્શન માટે આવતી હતી તેમાંથી આશારામજી બાપુને જે પસંદ આવે તેના તરફ ઈશારો કરતા અને તેને ફરીથી સાંજના સેવા માટે બોલાવતા. આશ્રમની સંચાલિકાઓ જેમાં ઢેલ, મીરા, નિર્મલા કે જે લોકોને કોડવર્ડના નામથી બોલાવવામાં આવતા હતા તે આ છોકરીઓને લઈને આવતા હતા.(૩૫).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ નથી કે, ''સંચાલીકાઓનુ મુખ્ય કામ છોકરીઓને બાપુના આશ્રમમાં કુટીયા સુધી પહોંચાડવાનું હતું. જે છોકરીઓને બાપુનો આદેશ હતો તેને પહોંચાડવાની કામગીરી હતી.(૩૬).... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' આ આશ્રમમાં લોકોનુ શારિરીક શોષણ, ધોખા,વિશ્વાસઘાત થતો હતો. જેથી આશ્રમ છોડવાનો મે નિર્ણય લીધેલો.(૩૭).... એ વાત ખરી નથી કે મારી સરતપાસના પેરા નં.૫ માં જણાવેલ હકીકત એક મનઘડંત કહાની છે અને આવો કોઈ બનાવ બનેલ નથી.(૩૮).... એ વાત ખરી છે કે હું જે હકીકત જાણતો હતો તે હકીકત મે મારી સરતપાસમાં જણાવેલી. ત્યાર બાદ સરકારી વકીલશ્રીએ ફરી ગયેલા જાહેર કર્યા બાદ મને સ્ટેટમેન્ટ વાંચી સંભળાવતા મારી યાદ દાસ્ત તાજી થતાં મે તમામ હકીકત જણાવેલી.(૩૯).... એ વાત ખરી નથી કે મારી સરતપાસના પેરા નં.૭,૮,૯,૧૦,૧૨,૧૩,૧૬,૧૭,૧૯ અને ૨૦ માં જણાવેલ હકીકત તદ્દન ખોટી ઉપજાવી કાઢેલી છે અને આશારામ વિરુધ્ધ ષડયંત્ર કરનારાઓની સાથે મળીને ખોટું નીવેદન આપુ છું. હું રાજુ ચાંડક, અમરત વૈદ્ય, મહેન્દ્ર ચાવલા ને ઓળખુ છું. મને યાદ નથી કે આ લોકોને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ હતા કે કેમ. એ વાત ખરી નથી કે જે લોકોને આશ્રમમાંથી કાઢી મુકેલ હતા તે લોકોની સાથે ષડયંત્ર કરીને તે લોકોની સાથે મળીને ખોટી હકીકતો ઉપજાવી ખોટું નિવેદન આપેલ છે. (૪૦)... સને ૨૦૦૫ થી સને ૨૦૧૩ ના સમયગાળા દરમ્યાન દિલ્હી એન.સી.આર. માં સિકયુરીટીમાં ખાનગી નોકરી કરતો હતો. આ સમયગાળા

દરમ્યાન મારા ઘરેથી નોકરીના સ્થળ વચ્ચેનું અંતર આશરે વીસથી પચ્ચીસ કિલોમીટર જેટલું હતું. એ વાત ખરી છેકે આ સમગ્ર રસ્તા દરમ્યાન ઘણી બધી પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશન રસ્તામાં આવે છે. પોલીસ વર્દીમાં ટુ સ્ટાર અને થ્રી સ્ટાર કોણ ધારણ કરતા હોય તેમના હોદ્દાની મને ખબર છે. દિલ્હીમાં જે પોલીસવાળા આવેલા હતા તે બે થી ત્રણ અધિકારીઓ હતા. જેમાંથી એક ત્રણ સ્ટાર પહેરેલ વર્દીવાળા અધિકારી હતી અને અન્ય અધિકારીઓની રેન્કની મને ખબર નથી. બીજી વખત પોલીસવાળા મળવા આવેલા પરંતુ ચોકકસ સંખ્યા મને ખબર નથી પરંતુ એકથી વધારે હતા. પ્રથમ વખત પોલીસ અધિકારી સાથે અડધો કલાક જેટલો સમય થયો હતો અને બીજી વખત આશરે દોઢેક કલાક જેટલો સમય થયો હતો. પ્રથમ વખત પોલીસ અને બીજી વખત પોલીસ આવી તે વચ્ચેનો સમયગાળો કેટલો હશે તે મને યાદ નથી. પોલીસે મારું સુરતમાં નિવેદન લીધુ તે પહેલા દિલ્હીમાં પોલીસ કયારે મળેલ તે ચોકકસ સમય મને યાદ નથી.(૪૧).... એ વાત ખરી છે કે મારે લેબર કોર્ટની કાર્યવાહી માટે વકીલને મળવાનો અને સલાહ સુચન લેવાનો પ્રસંગ બનેલો. આશરે પાંચથી છ વખત મારે વકીલને મળવાનો પ્રસંગ બળેલો.(૪૨).... એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ ફરજ મે મોટેરા આશ્રમમાં બજાવેલ નથી. એ વાત ખરી નથી કે મોટેરા આશ્રમમાં મે ફરજ બનાવેલ ન હોય સુરત ખાતે બજાવેલ ફરજના ભાગરુપે મે સુરત મુકામે કાર્યવાહી કરેલી. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૬૯.૩) આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે તેમ છતાં સદર સાહેદે તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં તેઓ આશારામના રસોઈયા અખીલને ઓળખતા હોવાની તેમજ તે શાંતિવાટીકામાં તેમની સાતે સુતા હતા તે હકીકત તેમજ ભોગબનનાર, વર્ષાબેન, તૃપ્તીબેનનાઓને તેઓ ઓળખતા હોવાની અને તેઓ વકતા તરીકે હોવાની તેમજ આશારામને જે છોકરી ગમતી અને તેની સાથે સેકસ સબંધ બંધાય તે છોકરીને વકતા બનાવતા હતા તેવી હકીકત પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ છે.

(૭૦) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૯ તરીકે તુષાર નરેન્દ્રભાઈ દિક્ષીતનાઓને આંક –૪૬૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,(૧)...હું સને ૧૯૯૪ થી આશારામજીનો ભકત છુ. હું અને મારો આખો પરીવાર તેમના ભકત છીએ. મારા ધર્મપત્નિ પણ ડોકટર છે. મારી વાપીમાં ખાનગી હોસ્પિટલ આવેલ છે. મારા પત્નિના ફુવા અને બનેવી પણ આશારામજીના ભકત છે. મે અને મારા પત્નિે આશારામજીની દિક્ષા લીધેલ છે. મારી હોસ્પિટલનુ નામદીક્ષીત હોસ્પિટલ અને હર્ષય આઈ.વી.એફ.સેન્ટર છે. આ પહેલા આ હોસ્પિટલનું નામ શ્રી આશારામકૃપા હોસ્પિટલ હતુ. અમારી જુની હોસ્પિટલની જગ્યા બદલાયેલ હતી અને બિલ્ડીગ બદલાયેલ હોય જેથી નામ બદલેલ. આજના સમયમાં હું આશારામજીનો ભકત નથી. હું અનુયાયી છું પણ જે રીતે બનાવ બનેલ અને પેપરમાં આશારામજીનું નામ આવેલ તેથી હું તેમનો ભકત નથી. મે પેપરમાં વાંચેલ કે આશારામજીને રેપના કેસમા એરેસ્ટ કરેલ છે. કાંઈક અંશે આ બનાવના કારણે મારી હોસ્પિટલનું નામ બદલેલ. આ બનાવના કારણે મે કોઈ ચોકકસ

પગલુ લીધેલ હોય તેવુ મને હાલમા યાદ નથી. હું અવાર નવાર શીબીરમાં જતો હતો. સુરતમાં હોલી શીબીર હતી તે મે છેલ્લી વખત એટેન્ડ કરેલી હતી. હું સુરતમાં આવેલ આશ્રમના સંચાલક રુપાભાઈને ઓળખુ છું. અમદાવાદ આશ્રમના સંચાલકમાંથી કોઈને હું ઓળખતો નથી. મારી હોસ્પિટલમાં સાધિકાઓ ગર્ભાશય કાઢવાની સર્જરી માટે આવેલ છે અને આશારામજી પણ મારા ઘરે આવેલ છે અને સ્વામી સુરેશાનંદજી અને નારાયણસાંઈ પણ મારા ઘરે આવેલ છે. આ લોકો મારા ઘરે આવેલ હોય અને કોઈ વિશેષ ઘટના બનેલ હોય તેવુ મને હાલ યાદ નથી. નારાયણસાઈએ મને સ્પર્મ બેક અંગેનુ સૂચન કરેલ હતુ પરંતુ હુ તેમનો ભકત ન હોય મે આ સુચન ફગાવી દિધેલું.હું આશારામજીનું પ્રવચન સાભળવા ગુજરાત બહાર દિલ્હી,જોધપુર અને હૈદરાબાદ ગયેલ છું.હું જોધપુર શીબીરમાં ગયો ત્યારે આશારામજીએ મને પર્સનલી બોલાવેલ અને પુછેલ કે એક સીમેન સેમ્પલ માંથી કેટલી પ્રેગનન્સી રાખી શકાય પરંતુ મને આ બાબતની ખબર ન હોય મે ઈન્કાર કરેલ. પોલીસે મારુ નિવેદન લીધેલું. આ બનાવ બનેલ જેથી પોલીસે મારું નિવેદન લીધેલ. હું વકતામાં સુરેશાનંદજીને ઓળખું છું. આશ્રમમાં આશ્રમના ઢેલ દીદી, બગલો દીદી, જીતુભાઈ આશારામજીના ડ્રાઈવર તેમજ રેખાદીદીને ઓળખુ છું. તે સિવાય બીજા કોઈને નામથી ઓળખતો નથી. આશ્રમમાં આશારામજીના પત્નિ, પુત્ર અને પુત્રી રહેતા હતા તેવું મને યાદ છે. આશ્રમમાં જઈને સત્સંગ સાંભળતા અને ગુરુમંત્રનો જાપ કરતા હતા. મારે અન્ય કોઈની સાથે બેસવા ઉઠવાનુ થતું ન હતું. કોર્ટમાં બઠેલા આરોપીઓ તરીકે બગલો દીદી અને ઢેલદીદીને ઓળખું છું. બાકીના આરોપીઓ જે બેઠા છે તેમને હું ઓળખતો નથી. આશારામજીને ઓળખુ છું. જેમને વી.સી.માંથી ઓળખી બતાવે છે. જયારે નારાયણસાઈ મારા ઘરે આવેલ ત્યારે સ્પર્મ બેંક બનાવવાનું જણાવેલ અને કહેલ કે કોઈ ઉત્તમ વ્યકિતનું વિર્ય લઈ કોઈ સ્ત્રીને ગર્ભવતી બનાવવામાં

આવે તો દિવ્ય બાળક જન્મી શકે. મને ઉદાહરણ આપી જણાવેલ કે જો સુરેશાનંદજીનું વીર્ય લઈ રેખાદીદીની પ્રેગનન્સી કરવામા આવે તો ઉત્તમ બાળક જન્મી શકશે.

(૭૦.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(ર)... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, ''મારી હોસ્પિટલમાં સાધિકાઓ ગર્ભાશય કાઢવાની સર્જરી માટે આવેલ છે'' એ વાત ખરી છે કે મે પોલીસ રુબરુ જે નિવેદન આપેલ તે પોલીસે મને વાંચી સંભળાવેલ. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમા એવું લખાવેલ છે કે, ''બાપુના મહીલા આશ્રમની કોઈ સાધીકા એબોર્શન માટે મારી હોસ્પિટલમા આવેલ નથી કે એબોર્શન કરવા કોઈ વખત હું અમદાવાદ આશ્રમમાં ગયેલ નથી.'' એ વાત ખરી છે કે મારી અને મારી પત્નિનું નિવેદન એક જ દિવસે પી.આઈ.શ્રી રવીયાનાઓએ નોંધેલ. મને એ વાતની ખબર નથી કે મે જે લખાવેલ તે જ હકીકત મારા પત્નિએ લખાવેલ કે કેમ. અમારું નિવેદન અલગ અલગ રુમમાં લેવામાં આવેલું. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું નથી લખાવેલ કે, '' નારાયણસાંઈનો ભકત ન હોય તેમનું સુચન મે ફગાવી દીધેલ.'' એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં ચોકકસ શબ્દમાં લખાવેલ નથી કે,'' હું જોધપુર શીબીરમાં ગયો ત્યારે આશારામજીએ મને પર્સનલી બોલાવેલ અને પુછેલ કે એક સીમેન સેમ્પલમાંથી કેટલી પ્રેગનન્સી રાખી શકાય પરંતુ મને આ બાબતની ખબર ન હોય મે ઈન્કાર કરેલ.'' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં તેમના પત્નિ, પુત્રી અને પુત્ર રહે છે'' તેવું લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ નથી કે, '' કોઈ

ઉત્તમ વ્યકિતનું વિર્ય લઈ કોઈ સ્ત્રીને ગર્ભવતી બનાવવામાં આવે તો દિવ્ય બાળક જન્મી શકે.'' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાંએવું લખાવેલ છે કે, '' મે મારી હોસ્પિટલ ચાલુ કરેલ તે પહેલા બાપુના આર્શીવાદ લેવા તેમને ફોન કરેલો અને હોસ્પિલનુ નામ જણાવવા કહેતા તેઓએ મારી પત્નિના નામે આશા હોસ્પિટલ રાખવા કહેલ જેથી મે તેમને કહેલ કે તમારા નામે હોસ્પિટલ રાખુ કે કેમ તેવું કહેતા તઓએ શ્રી આશારામ કૃપા હોસ્પિટલ નામ રાખવા જણાવેલ.(૩)...એ વાત ખરી છે કે બાપુ જયારે પ્રવચન માટે વાપી આવે ત્યારે સાધિકાઓ મારા ઘરે રોકાતા હતા. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ છે કે, '' છેલ્લે છ સાત મહીના પહેલા બાપુ વાપી ખાતેના આશ્રમે આવેલા તે વખતે સત્સંગ સાંભળવા ગયેલ તેમની સાથે ત્રણ મહીલા સાધકો પણ હતી. તેઓ મારા ઘરે રોકાયેલા. વર્ષો પહેલા બાપુ વાપી ખાતે આવેલા ત્યારે તેમની સાથેના રેખાબેન પણ મારા ઘરે રોકાયેલા હતા. (૪)...એ વાત ખરી છે કે હુ જયારથી આશારામજીના સ પર્કમા આવેલ ત્યારથી મે એબોર્શનની સર્જરી કરવાનુ બધ કરી દીધેલ. એ વાત સાથે હુ સહમત થાઉ કે સ્પર્મ ડોનેશન એ જો સર્ટીફાઈડ હોય તો કાયદેસર ગણાય અને તે સામાન્ય છે. (૫)... મારું નિવેદન લીધેલ ત્યારે પોલીસ પ્રશ્નો પુછતા હતા અને હું જવાબ આપતો. તે રીતે નિવેદન લખાતું હતું. એ વાત ખરી છે કે મે આશારામજીની દિકરીને જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારું નિવેદન લીધું તે સમયે મે કોઈ દસ્તાવેજો આપેલ નથી અને પોલીસે મારી પાસ ે માંગેલ નથી. એ વાત ખરી છે કે નાની મોટી કોઈપણ સર્જરી કરવામાં આવેલ હોય તો તેનું રેકર્ડ અમારી હોસ્પિટલમા રાખવું પડે છે. મને એ વાતની ખબર નથી કે, આશ્રમમાં આશારામજીની પુત્રી રહે છે કે કેમ. એવાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૭૦.૨)** સદર સાહેદની જુબાની થકી ફકત સદર સાહેદ આશારામના ભકત હોવાની તેમજ આશ્રમ વિશેની માહીતી સબંધે જુબાની આપેલ છે. સદર સાહેદે તેમની હોસ્પિટલમાં કોઈ સ્ત્રીઓના ગર્ભપાત કરાવેલ નહી હોવાની હકીકત જણાવેલી છે પરંતુ સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી ન હોઈ સદર સાહેદની જુબાનીની વધુ ચર્ચા કરવી ઉચિત જણાતી નથી.

**(૭૧)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૫૦ તરીકે આશાબેન તુષારભાઈ દિક્ષીતનાઓને આંક –૪૭૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,(૧)...મારા પિતાજી વડોદરા મુકામે રહેતા હતા. મારા પતિ મુળ અમદાવાદના છે. મારા પતિ વ્યવસાયે તબીબ છે અને જનરલ સર્જનની ડીગ્રી ધરાવે છે. હું ગાયનેકોલોજીસ્ટ છું. હું અને મારા પતિ બંન્ને વાપી ખાતે ખાનગી કલીનીક ધરાવીએ છીએ. મે એમ.બી.બી.એસ.નો અભ્યાસ સુરત ખાતે કરેલો. મારે સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. મારા ફોઈ અને કુવા સુરત મુકામે રહે છે અને તેઓ આશારામના ભકત છે. હું સુરત મુકામે અભ્યાસ કરતી હતી ત્યારે મારા ફોઈના ત્યાં ઘણો સમય રહેલી. હું સુરત ખાતે હતી ત્યારે આશારામજી મારા ફોઈના ઘરે આવેલ હતા ત્યારે મને તેમના આશીર્વાદ મળેલા. અમદાવાદ ખાતે આવેલ મોટેરા આશ્રમમાં હું ગયેલી અને બાપુ પાસેથી મે દિક્ષા લીધેલી. આ દિક્ષા આપે ત્યારે આશારામ બાપુ વ્યાસપીઠ પર બેઠા હોય અને મંત્રોચાર કરે અને તેમાંથી મંત્ર પસંદ કરવાનો હોય છે. આ દિક્ષા લેતી વખતે કોઈ ભેટ આપવી પડે તેવું ફરજીયાત ન હતું. મારા લગ્ન સને ૧૯૮૯ માં થયેલા. લગ્ન બાદ હું અને મારા પતિ આશારામજીના આશ્રમમાં ગયેલા.

ત્યારે અમે બંન્ને જણાએ ફરીથી દિક્ષા લીધેલ હતી. પ્રથમ મારે ત્યાં દિકરીનો જન્મ થયેલો. હું અનુષ્ઠાન કરવા માટે આશ્રમમાં જતી હતી. અનુષ્ઠાનમાં જવા માટે કોઈ ચોકકસ ફોર્મ ભરવાની કે એવી કોઈ પ્રક્રિયા ન હતી. મહિલા આશ્રમના સંચાલક ધ્રુવદીદી હશે. વૈદ્યમાં ડો. અમૃતભાઈ વૈદ્ય હતા. ત્યાં દર્દીઓને જે પ્રકારે તકલીફ હોય તે પ્રમાણે આયુર્વેદીક દવા આપતા હતા. હું આયુર્વેદીક દવા આપતા હતા ત્યાં ગયેલ નથી પરંતુ આશ્રમમાં જતા આવતા જોયેલ. (૨)...વાપીમાં અમારી હોસ્પિટલનું નામ શ્રી આશારામ કૃપા હોસ્પિટલ હતું. મારું નામ આશા છે અને મારા દાદાનું નામ રામચંદ્ર છે. જેથી આશારામજીને હોસ્પિટલના નામ બાબતે પુછતાં નામ આશારામ કૃપા ના નામનું સુચન કરેલ હોય રાખેલું. આ હોસ્પિટલ ચાલુ કર્યા બાદ અમદાવાદ આશ્રમમા આશીર્વાદ ગયેલા. અને તે વખતે અમે આશારામ બાપુને ભેટ ધરાવવા માટે થોડા પૈસા લઈને ગયેલા અને તે ભેટ આપતા આશારામજી ગુસ્સે થઈ ગયેલા અને જણાવેલ કે, તમે લોકો ગાયનેકોલોજીસ્ટ છો એટલે એબોર્શન કરતા હશો એટલા માટે આ પૈસા મારે જોઈએ નહીં. ત્યાર બાદ મે નકકી કરેલ કે મારે લીગલ એબોર્શન પણ કરવાના નહી અને તેથી મે લીગલ એબોર્શન કરવાની કામગીરી બંધ કરી દીધેલ. તે વખતે મે કોઈ માનતા રાખેલી કે કેમ તે મને હાલમાં યાદ નથી. ત્યાર બાદ મે એવું સાંભળેલ કે આશારામજીનું પોલીસ સ્ટેશન વિગેરે બાબતે કેસોમાં નામ આવેલ છે. અને તેમની સામે જોધપુરમાં કેસ થયેલ છે. અને આ સાંભળ્યું તે અમારા માટે માનવા લાયક ન હતું. (૩)...આશ્રમમાં અમે જયારે જતા હતા ત્યારે ઢેલદીદી અને બગલોદીદી મળતા હતા. અમે આશ્રમમાં જતા હતા ત્યારે પંડાલમાં જઈને બેસતા હતા અને આશારામજી જયારે વ્યાસપીઠ પર આવે ત્યારે દર્શન કરતા હતા. અમારે ત્યાં વાપીના ઘરે બાપુના પગલા થયેલ હતા અને તે વખતે પુજાની વિધિ બાદ દક્ષીણામાં રુા.૫૧,૦૦૦/–આપેલા હતા.

ત્યાર બાદ અમારા ત્યાં નારાયણસાંઈ આવેલ હતા. નારણસાંઈ અમારા ઘરે આવેલા ત્યારે કોઈ વાતચીત થયેલ નહીં. આશારામજી બાપુના દર્શન માટે અમદાવાદ, સુરત, દિલ્હી, આલંદી, જોધપુર વગેરે સ્થળે ગયેલા. અમે જોધપુર આશ્રમમાં ગયેલા તે વખતે સત્સંગ પુરો થયા પછી બાપુ ગાર્ડનમાં બેઠા હતા અને ત્યાં અમે હોસ્પિટલના એક્ષપાન્સન વિશે ચર્ચા કરેલી. તે સિવાય બીજી કોઈ ચર્ચા થયેલ નહીં. (૪)...ઢેલ દીદીની મે સારવાર કરેલ છે. આ બાબતે પોલીસે મારું નિવેદન લીધેલું. આજરોજ હાજર આરોપીઓને હું ઓળખું છું. તેમાં ઢેલદીદી, બગલોદીદી, ધ્રુવદીદી અને ભારતીદીદી છે અને વી.સી.માં હાજર છે તે આશારામજી છે. જેમને હું ઓળખું છું.

**(૭૧.૧)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા વિગતવારની ઉલટ તપાસ કરમાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે (૫)... એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે ,'' આયુર્વેદીક ડોકટર તરીકે અમૃતભાઈ વૈધ હતા અને મહીલા સાધકો અવારનવાર સ્ત્રી રોગોને લગતી દવા લેવા માટે આવતા હતા.'' એ વાત ખરી નથી કે,'' મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવુ લખાવેલ છે કે બાપુનો દિકરો નારાયણસાંઈ અમારા ઘરે આવેલ. અમોએ તેમને ન બોલાવેલ હોવા છતાં આવેલા. આ નારાયણે મને તથા મારા પતિને સ્પર્મ ડોનેશન ચાલુ કરવાનું કહેલ અને કહેલ કે સુરેશાનંદજીનું સ્પર્મ અને રેખાદીદીનું ઓ.એમ. લેવાનું જેનાથી દિવ્ય બાળક પેદા થાય એવું કહેતા મે કહેલ કે હું આવું કામ કરતો નથી. મારી પાસે સરકારીની મંજુરી નથી. એવું જણાવેલ. આ નારાયણસાંઈએ તેના બાપાના જોરે વડોદરા બિલ ગામમાં ઘણાં લોકોની જમીન પચાવી પાડેલ

છે.(૬)....એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ છે કે, '' હું તથા મારા પતિ બાપુના દર્શન કરવા રાજસ્થાન જોધપુર ખાતે આવેલ આશ્રમે ગયેલ. બાપુ જમીન ઉપર બેઠેલ હતા અમોને બેસવાનું કહેતા અમો તેમની સામે બેસેલા તે વખતે બાપુએ મને સ્પર્મ ડોનેશન વિશે પુછેલું અને કહેલ કે એક સીમેનમાંથી કેટલા સેમ્પલ બની શકે. તેવું કહેતા મારા પતિએ કહેલ કે તેની અમોને ખબર નથી. તે પછી તેઓએ કોઈ પ્રશ્ન પુછેલ નહીં.'' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' બાપુ તેમના પ્રવચનમાં કહેતા કે લગ્ન કરવા નહી, બ્રહમચર્ય પાળો, ગુરુની સેવા કરો, ભગવવાનને ભજવા કરતા ગુરુને ભજો.(૭).... મને હાલમાં યાદ નથી કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે કેમ, ''બાપુનો સ્વભાવ ગુસ્સાવાળો છે. તેઓ કોઈનાથી ભુલ થાયતો ઉઠબેસ કરાવતા, ગધ્ધો છે તેવું કહેતા. તેમના દિકરા નારાયણને ચોર છે તેવું કહેતા.'' હાલમાં મને યાદ નથી કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે કેમ,'' બાપુ અમારા માટે ભગવાન સમાન હતા. તેઓએ આવા દૃષ્કર્મો કરેલ છે જેથી ખુબજ આઘાત લાગેલ છે. '' એ વાત ખરી છે કે, આ વાત સાચી માની શકાતી નથી. જો આ સાચુ છે તો હું કેવી રીતે મુર્ખ બની તે અંગે તે અંગે વિચારુ છું. હવે હું કોઈ દિવસ બાપુના આશ્રમમાં જવા માંગતી નથી. બાપુએ મારા જેવા લાખો સાધકોનો વિશ્વાસનો ભંગ કરેલ છે. '' તેમાં મે મારા પોલીસના જવાબમાં લખાવેલ છે. એ વાત ખરી નથી કે હું બાપુની સાધક હોય તેમને બચાવવા માટે હકીકત જાણતાં હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૭૧.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૮)... દિક્ષા લ

ેનાર માં જો પુરુષ હોય તો સાધક અને સ્ત્રી હોય તો સાધિકા કહેવાય છે. એ વાત ખરી છે કે સાધક અને સાધિકા માટે આશ્રમમાં રહેવું ફરજીયાત નથી. પોતાના ઘરે રહીને પણ બાપુની પ્રાર્થના કરી શકે છે. એ વાત ખરી છે કે એક વર્ષ માટે મે આશારામજીની પુનમ ભરેલ છે. એ વાત ખરી છે કે, પુનમના દિવસે બાપુ ભારતદેશમાં જે પણ જગ્યાએ હોય ત્યાં બધા જતા હતા. એ વાત ખરી છે કે, બાપુના દર્શન કર્યા બાદ સાધકો અને સાધિકા પાણી પીતા હતા. મે આમદાવાદ ખાતે આવેલ મોટેરા આશ્રમમાં અનુષ્ઠાન કરેલ છે. અનુષ્ઠાન કરનાર વ્યકિત સ્વેચ્છાથી સાત દિવસ, અગીયાર દિવસ, એકવીશ દિવસનું અનુષ્ઠાન કરતા હોય છે. એ વાત ખરી છે કે અનુષ્ઠાનમાં સવારે વહેલા ઉઠી પુજા કરવાની, જપમાળા કરવાની અને આશ્રમમાં જેનાથી જે કામ થાય તે કરવાનું હોય છે. અને આ હકીકત મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ છે. એ વાત ખરી છે કે મહીલા આશ્રમમાં સાધિકાઓ સેવા, જપ,ધ્યાન અને પુજાપાઠમાં વ્યસ્ત રહેતા હોય છે.(૯)... એ વાત ખરી છે કે, બાપુ જયારે પ્રવચન આપતા ત્યારે ગીતા, વેદ, શાસ્ત્ર ભાગવત ગીતા વિગેરે પર આપતા હતા. એ વાત ખરી છે કે, પ્રવચનમાં બાપુ કહેતા કે ગર્ભપાત મહાપાપ છે અને તે બાબતે ગર્ભપાત મહાપાપ નામની બુકલેટ પણ આપતા હતા. એ વાત ખરી છે કે, મહીલા સાધિકાઓ સ્વેચ્છાથી અનુષ્ઠાન માટે આશ્રમમાં આવે અને અનુષ્ઠાનનો સમય પુર્ણ થતાં સ્વેચ્છાથી ઘરે જતા રહેતા. એ વાત ખરી છે કે મહિલા આશ્રમમાં જે સ્ત્રીઓ રહેતી હતી તે સ્વેચ્છાથી રહેતી હતી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદમાં એવું લખાવેલ છે કે, ' બાપુએ મારી સાથે કોઈપણ દિવસ કુર્દષ્ટી કરેલ નથી. '' એ વાત ખરી છે કે મારી પાસે ઢેલ દીદી અન્ય કોઈ મહીલા સાધીકાઓ સારવાર માટે આવેલ નથી અને કોઈ મહીલા એબોર્શન માટે આવેલ નથી.(૧૦)... એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, ''હોસ્પિટલનું

નામ રાખવા બાપુને ફોન કરેલો કે તમારા નામે હોસ્પિટલનું નામ રાખુ તો કેવું. તો તેઓએ શ્રી આશારામ કૃપા હોસ્પિટલ તેવું નામ રાખવા જણાવેલ. '' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, ''બાપુની પત્નિ લ ક્ષ્મીમૈયા તથા દિકરી ભારતીબેનને ઓળખુ છું. તેઓનો વ્યવહાર સારો હતો. જાનકીબેનને ઓળખતી નથી. મહીલા વકતા શીતલબેન, વર્ષાબેનને ઓળખતી નથી. મહીલા વકતા રેખાબેન, તરુણાબેન તથા પુરુષ વકતા સુરેશાનંદજીનો સત્સંગ સાંભળેલ છે. '' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે,'' બાપુની મહાન નારી, જીવન રસાયણ, ગુરુ ગીતા, આશા રામાયણ વિગેરે પુસ્તકો વાંચેલ છે. '' આ પુસ્તકો ધાર્મીક પુસ્તકો છે. (૧૧)... આશારામબાપુની દરેક ગુરુપુર્ણીમાઓ હું ભરતી હતી. એ વાત ખરી છે કે, ગુરુપુર્ણીમાના દિવસે લાખોની સંખ્યામાં સાધકો અને સાધિકાઓ આવતા હતા. સામાન્ય રીતે ગુરુપુર્ણીમાનો પ્રોગ્રામ બે ત્રણ દિવસનો ચાલતો હતો. એ વાત ખરી છે કે ગુરુપુર્ણીમાના પ્રોગ્રામમાં મોટાભાગનો સમય બાપુ વ્યાસપીઠની ઉપર જોવા મળતા હતા. બાપુનો આરામનો કક્ષ વ્યાસપીઠની પાછળના ભાગે હતો. (૧૨)... એ વાત ખરી છે કે ઢેલ દીદીનું ગર્ભાશયનું ઓપરેશન ગર્ભાશયમાં ગાંઠ હોવાના કારણે કરેલું. મારા મત મુબજ સ્પર્મ બેંક બાબતે પુછવું તે બાબતે પ્રતિબંધ નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૭૧.૩)** સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદ તથા તેમના પતિ અને તેમનો પરિવાર આશારામના ભકત હોવાની તેમજ આશ્રમ વિશેની માહીતી સબંધે જુબાની આપેલ છે. તેમજ આરોપી ઢેલનું ઓપરેશન ગર્ભાશયમાં ગાંઠ હોવાના કારણે કરાવેલ તેમ જણાવેલ છે. સદર સાહેદની જુબાની જોતાં અન્ય

કોઈ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલી ન હોઈ સદર સાહેદની જુબાનીની વધુ ચર્ચા કરવી ઉચિત જણાતી નથી.

(૭૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૫૧ તરીકે વર્ષા અખીલ ગુપ્તાનાઓને આંક –૫૦૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,)...હું મુઝફ્ફર ખાતે મારા બે બાળકો અને મારા વૃધ્ધ સસરા સાથે રહુ છું. મારા લગ્ન સને–૨૦૦૯ ના ફેબ્રુઆરી માસમાં થયેલ હતા. મારા માતાપિતા છતીસગઢ, રાયપુર ખાતે રહે છે. મારા પિતાજીનું અવસાન પામેલ છે. મારા પિયરપક્ષે મારી બહેન છે, જેનાં લગ્ન થઈ ગયેલ છે. મારા પતિ દુધ–ડેરીનો વ્યવસાય કરતા હતા.મે ધોરણ–૧૦ સુધી ગુજરાતમાં જ્ઞાનદિપ સ્કુલમાં અભ્યાસ કરેલ છે. અને પછી સંગીતમાં વિસાંગત કરેલ છે. મારા માતાપિતા આસારામના અનુયાયી હતા. હું ૧૯૯૭ ની સાલમાં અમદાવાદ આવેલ હતી. શરૂઆતમાં હું મહીલા આશ્રમ, અમદાવાદ ખાતે રહેતી હતી અને ત્યાંથી મેં અભ્યાસ શરૂ કરેલો. મે ધો–૧૦ પછી અભ્યાસ છોડી દીધેલ હતો. આ અભ્યાસ છોડવાનું કારણ મને આસારામજીએ કહેલ હતું કે ઈશ્વરનો અભ્યાસ કરવો જોઈએ. સંસારનો અભ્યાસ કરવામાં કોઈ ફાયદો નથી અને સત્સંગ કરવાનું શીખવાનું તેમજ આશ્રમની સેવા કરવાનું શીખી લો તે આસારામે જણાવેલ. તે વખતે હું ચુરણ હોલ જે બે માળના છે ત્યાં રહેતી હતી. આ રૂમ રૂા. ત્રણ થી સાડા ત્રણ લાખમાં મારા પિતાજીએ ખરીદ કરેલ હતો. આ રૂમમાં હું , મારી બહેન તથા મારી મમ્મી રહેતા હતા. મારા પિતાજી સુરેશાનંદજીનો રૂમ હતો તેની બાજુવાળા રૂમમાં રહેતા હતા. જે રૂમ પણ મારા પિતાજીએ ખરીદ કરેલ હતો. મારા પિતાજી વકીલ હતા. જેથી તેઓ પહેલા આશ્રમનો હીસાબ કીતાબ સંભાળતા હતા. મારી નાની બહેન તે વખતે અભ્યાસ કરતી હતી. મારી

મમ્મી સીલાઈ કરવાનું કામ જાણતી હતી. જેમાં ગૌમુખી માળા ફેરવવામાં આવે છે. તે બનાવવાનું કામ કરતી હતી. હું સને–૧૯૯૭ થી ૨૦૦૭ સુધી આશ્રમમાં રહેતી હતી. મારી મમ્મીની તબીયત ખરાબ રહેતી હતી. તેમજ વાતોવાતથી આશ્રમમાં આવી બધી ગતિવિધીઓ થાય છે. તેવું જાણેલ હતું. જેથી આશ્રમ છોડી દીધેલ હતું. મે એવું સાંભળેલુ કે છોકરીઓ આસારામની પાસે જતી હતી. આ ડરના કારણે મે આશ્રમ છોડી દીધેલો. ચુરણ બનાવવાની કામગીરી થતી હતી. જેનો સમય સવારે ૯: ૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી નો હતો અને ૨: ૦૦ વાગ્યા થી ૬:૦૦ વાગ્યા સુધીનો હતો. અહીંયા જે પણ છોકરીઓ આવતી હતી, તેની મહીલા આશ્રમના રજીસ્ટરમાં એન્ટ્રી થતી હતી. આ મહીલા આશ્રમના સંચાલક ધ્રુવબેન હતા. જે આજરોજ કોર્ટમાં હાજર છે. આ આશ્રમમાં બીજી મહીલાઓમાં ભારતીબેન, મૈયા અને બીજી ઘણી મહીલાઓ હતી. હું જયારે આશ્રમમાં હતી, ત્યારે આશરે ૨૦૦ થી ૩૦૦ મહીલાઓ આશ્રમમાં સેવા આપતી હતી. હું ચુરણ હોલની કામગીરી સીવાય સત્સંગ કરતી હતી અને આસારામજી જે જગ્યાએ સત્સંગ કરવાનું જણાવે, તે જગ્યાએ સત્સંગ કરતી હતી. હું હૈદરાબાદ, ઉતરપ્ર દેશ, પંજાબ, તેમજ રાજસ્થાન વિગેરે જગ્યાઓએ સત્સંગ માટે ગયેલ છું. હું ગુજરાતમાં અમદાવાદની બહાર બહુ ઓછી જગ્યાએ ગયેલ છું કારણ કે મને ગુજરાતી ઓછું આવડે છે. (૨)...સને–૨૦૦૧ માં યુવાનંદ સુરક્ષા અભિયાન હતું અને તે સમયે બાળકોનું સ્કુલમાં સત્સંગ રાખવામાં આવેલ હતુ. મને કચ્છ –ભુજમાં ભુકંપ સમયે સેવા માટે મોકલેલ હતી. અને ત્યાં લોકોને સાત્વંના આપવા માટે મને મોકલેલ હતી. હું આશ્રમમાં હતી, મહાન નારી, યુવાનંદ સુરક્ષા અભિયાન, ઈશ્વર યોગ વગેરે ચોપડીઓ વાંચેલ છે. મને હાલમાં થીક રીતે યાદ નથી કે હું કોઈ સેવા માટે ગયેલ હોય. આશ્રમમાં આશ્રમ સીવાય શાંતી વાટીકા, મહીલા આશ્રમ, જૈન આશ્રમ વિગેરે છે. હું મહીલા આશ્રમ સીવાય

શાંતી વાટીકામાં રહેતી હતી. સત્સંગ કરીને આવ્યા પછી અમે પરત આવી ગયા છીએ તે બાબતની કાર્યલાયમાં એન્ટ્રી કરાવતા હતાં. આશ્રમમાં જે મકાન હતું જે મેં વેચી દીધેલ છે. હું ઘરે પરત થવા માંગતી હતી જેથી મકાન વેચી દીધેલ હતું. મે જયારે આશ્રમ છોડેલો તે વખતે મે ત્રણ ચીઠ્ઠી મુકેલ હતી, જેમાં એક કાર્યલાય નામે હતી, બીજી પુરુષ આશ્રમના નામ પર હતી. અને ત્રીજી આસારામજીના નામ પર લખેલ હતી. આશ્રમમાંથી નીકળ્યા પછી હું મારા મામાનાં ઘર રાયપુર ગયેલ હતી. ત્યારે બે –ત્રણ દીવસ પછી ધ્રુવબેનનો ફોન આવેલ હતો કે તમે પાછા આવી જાવ અને સત્સંગ કરો. પરંતુ મેં ના પાડેલ હતી અને હું હવે નહી આવું તેમ જણાવેલ. ત્યારબાદ રક્ષાબંધનની આજુબાજુમાં સુરેશાનંદજીનો ફોન આવેલ, પરંતુ મેં સત્સંગ માટે ના પાડેલ હતી. જયારે મારે આસારામજી સાથે ફોન પર વાત થયેલ હતી, ત્યારે આસારામજીએ મને જણાવેલ કે તું આશ્રમમાંથી ન જા, હું તને રૂા.૫૦ લાખ આપીશ અને આશ્રમ તારા નામ પર કરી દઈશ. પછી મેં કહેલ કે મને આ બધી વસ્તુ નથી જોઈતી. ત્યારબાદ હું ફરીથી કયારેય આશ્રમમાં ગયેલ નથી.(૩)...સને–૨૦૧૩માં ભોગબનનાર સાથે જે થયેલ તે ટીવીમાં જોતા જુબાની આપવાં માટે હું ગયેલ. તે વખતે હું એ.ટી.એસ. ઓફીસ ખાતે મારા પતિ અને બંને બાળકો સાથે ૭ દીવસ માટે રોકાયેલ હતી. પોલીસે મારુ નીવેદન લીધેલ હતું. અને તે સમયે ૧૬૪નું નીવેદન પણ લીધેલ હતું. તે જુબાની આપવાના કારણે મારા પતિની હત્યા થયેલ છે.(૪)...મને પોલીસ મેજીસ્ટ્રેટ સાહેબ પાસે નીવેદન લેવા માટે લઈ ગયેલ અને ત્યાં મેં નીવેદન લખાવેલુ. આ નીવેદનને **આંક–૫૦૫** થી રજુ છે.

(૬)...મારા પતિ લગ્ન પહેલા દોઢેક વર્ષનાં સમયગાળા સુધી દીલ્હીમાં ગ્રાફીકસ ડીઝાઈનીગનું કામ કરતા હતા અને તે પહેલા આશ્રમ સાથે સંકળાયેલા હતા અને આસારામજીનાં અંગત સેવક તરીકે હતા.

**(૭૨.૧)** સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન ન આપતાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.ત્યારબાદ સદર સાહેદની ફરીયાદપક્ષ દ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામમાં આવેલ છે જેમાં આ સાહેદે જણાવેલ છે કે (૮)એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે''ત્યારબાદ ટીવીનાં માધ્યમથી ભોગબનનારે આશારામ વિરૂધ્ધમાં ફરીયાદ કરેલ જેમાં મારા પતિ અખીલનું નામ આરોપી તરીકે હોઈ મારે અખીલ સાથે વાતચીત થયેલ કે હું જયારે આશ્રમમાં બાપુના અંગત સેવક તરીકે હતો ત્યારે બપોરના સમયે ભારતી કે જેજે બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા તે ભારતી આ ભોગબનનાર અને બીજી ટીના બંને કુટીર ઉપર આવેલી અને થોડા સમય ટીના કુટીરમાં રહયા બાદ આ ભોગબનનાર કુટીરમાં ગયેલ અને થોડા સમયબાદ ગભરાયેલી હાલતમાં તે બહાર આવેલી અને તેને ભારતી મહીલા આશ્રમ પરત લઈ ગયેલ હું આશારામના પત્ની લક્ષ્મી જેવોને આશ્રમમાં બધા લક્ષ્મીમૈયા નામથી બોલાવે છે. તેમને ઓળખું છું. આશારામ બાપુના કહયા મુજબ આ મૈયા કામ નહી કરતા બાપુ ખીજાતા અને મારા કારણે તુ પુજાય છે તેવુ જણાવતા હતા.(૯)એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' આશ્રમમાં હું હતી ત્યારે ઘણી વખત એવુ બનતુ કે, ધ્રુવ કે અન્ય કોઈ બાપુ પાસે મોકલવા માટે જે છોકરીને બોલાવા આવતા જેથી કોઈ છોકરીને જવુ ન હોય આવુ છું તેમ કહી તે પોતાની જાતને છુપાવી બાપુ પાસે જતી ન હતી. અને તે કારણોસર તે છોકરીઓને માર પડતો અને ધ્રુવબહેન ઠપકો

આપતા અને બાપુ પણ કહેતા તને શ્રાપ આપી દઈશ ગુરુની આજ્ઞા નહી માને તો બરબાદ થઈ જઈશ અને બાપુ પણ જાહેરમાં ખીજાતા હતા જે છોકરીઓ બાપુ પાસે જતી તેઓને બાપુ સમજાવતા કે તારો સંકલ્પ છેતારી ઈચ્છા છે મારા સાનીધ્યમાં આવવાની અને તું મને પતિ સ્વરૂપે જુએ છે તુ મારી ગોપી છે. એટલે હું તને બોલાવુ છું. એવી રીતે છોકરીઓને સન્મોહીત કરતા અને પોતાની જાળમાં ફસાવતા હતા આવુ છોકરીઓ અંદરો અંદર વાતો કરતી હતી. અને બાપુ પણ જાહેરમાં કહેતા કે તમારી સાથે થાય છે. તે તમારા માતાપિતાને કોઈને જણાવવુ નહી.(૧૦) એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' આશ્રમમાં નીતીનીયમો ખુબજ સ્ટ્રીક હતા. મોબાઈલ પણ રાખવાની મનાઈ હતી અને કયારેય કોઈ છોકરી ધ્રુવબહેન કે અન્ય કોઈ સંચાલકનું કીધુ માનતી નહી તેવોની શારીરીક તેમજ માનશીક ટોર્ચર કરવામાં આવતું હતુ અમારી સાથે રહેતી ક્રિષ્ણા નામની છોકરી એક વાર સંધ્યાના સમયે પોણા છ વાગ્યે તે બ્રશ કરતી હતી તે વખતે આશારામ બાપુ તેને જોઈ જતા આ ક્રિષ્ણા સંધ્યા પ્રાર્થના માં પહોંચેલ ન હોઈ તેને બાપુએ ગડદા પાટુનો ખુબજ મારમારેલ અને તે તારની ફ્રેન્સીગમાં પડી ગયેલ તે મે નજરે જોયેલ.(૧૧) એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેનદમા એવુ લખાવેલ છે કે'' તથા ભાગ નામની છોકરીને પણ આશારામ બાપુએ એક દિવસ અમો મહીલા આશ્રમમાં લાઈનમાં દર્શન કરવા માટે ઉભા હતા તે વખતે ગાડી ભાગ નામની સેવીકા પાસે ઉભી રાખેલી અને બાપુએ ગાડીની બારીમાંથી હાથ કાઢી ભાગને ગરદનનાં ભાગેથી ખેચી ગાડીની અંદર લઈ લીધેલ અને તેના માત્ર પગ બહાર દેખાતા હતા અને તેને બાપુ શાંતી વાટીકા લઈ ગયેલ. તે પણ મે નજરે જોયેલ.(૧૨)એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' બાપુ જયારે ચાલુ શીબીરમાં હોય કે સાંજના સમયે મહિલા આશ્રમમાં ચકર મારવા આવેલ હોય ત્યારે બાપુની સાથે ઢેલ

અને બગલો સાથે રહેતા તેમની સામે અલગ અલગ ઈશારાઓથી અને આખોના ઈશારાથી તેમજ ટોર્ચના ઈશારાથી છોકરીની પસંદગી કરી બાપુ પોતાની પાસે મોકલવા જણાવતા અને જો ઢેલ અને બગલોની ગેરહાજરી માં જો બાપુને છોકરી પસંદ પડેલ હોય તો ટેલીફોન દવારા આ ઢેલ અને બગલો ધ્રુવ કે ભારતી તથા નીતાવૈધને એ છોકરીને શાંતીવાટીકા માં પોતાની પાસે બોલાવતા બાપુનો સ્વભાવ ગુસ્સાવાળો છે. અને ભારતીબેન તથા લક્ષ્મીમૈયાને જાહેરમાં ગાળો બોલતા મારતા કોઈના થી માર ખવડાવતા અને હાથમાં હોય તે છુટુ મારતા હતા તેવો ગુસાવાળો સ્વભાવ હતો. આશ્રમમાં જે અપરણીત છોકરીઓ/સ્ત્રીઓ ને બાપુ મલંગ કહેતા અને આશ્રમમાં આવી ભા,હરી,સંગી, ઢેલ, બગલો જેવી અસંખ્ય મલંગ બહેનો રહેતી હતી. આશ્રમમાં સિન્ધી સાધ્વીઓને વધુ મહત્વ આપવામાં આવતું હતુ.(૧૩) એ વાત ખરી છે કે, મેં મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, '' આસારામની પુત્રી ભારતી સને-૧૯૯૭ માં પંચેડ રત્લામ એમ.પી.માં શીબીર કરવા ગયેલા ત્યાં આ ભારતી અને નારાયણ સાંઈના લગ્ન થયેલ પછી કોઈ કારણસર આ ભારતી તથા તેના પતિના લગ્નનું જીવનનું ભંગાણ થયેલ અને જાનકી મૈયા જે નારાયણ સાંઈના પત્ની છે. તેમની સાથે મોટેરા આશ્રમમાં મૈયા સાથે રહેતી હતી.આ આશારામ બાપુની પુત્રી ભારતી કે જેને બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા હતા અને આશ્રમનાં સર્વે માણસો તેઓને નાના ભગવાન તરીકે બોલાવતા હતા અને નારાયણ સાંઈને મોટા ભગવાન તરીકે ઓળખતા હતા. નારાયણ સાંઈને બાપુ મોણુખા નામથી બોલાવતા હતા અને તેવોએ પોતાના આશ્રમો ઉભા કરી શીબીર સત્સંગ કરતા હતા.(૧૪) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' આજથી સાતેક દીવસ પહેલા મારા પતિએ મને જણાવેલ કે મુજફ્ફરનગર ખાતે આવેલ આશારામ આશ્રમમાં સંચાલક શ્રી લોકેશભાઈ તથા ટ્રસ્ટી વિનોદખેડા

બંને જણા મારી ઓફીસે આવેલા અને તેઓએ હીન્દીમાં ટાઈપ કરેલ એક એફીડેવીટ તથા આશારામ વિરૂધ્ધમાં દાખલ થયેલ એફ.આઈ.આર.ની હીન્દી ભાષામાં ટાઈપ કરેલ નકલ બતાવી અને લોકેશભાઈએ જણાવેલ કે તેમાં આરોપી તરીકે આપનું નામ છે. અને તમારે ચીંતા કરવાની જરૂર નથી અને આ કેસમાં તમારા આગોતરા જામીનની વ્યવસ્થા તથા વકીલની વ્યવસ્થા પણ કરેલ છે. તમો આશ્રમ આવી જજો અમો તેનો નીકાલ કરી દઈશુ જેથી મેં તેઓને આ બાબતે અમારા વકીલ સાથે ચર્ચા કરી પછીથી જણાવીશું તેવી હકીકત કહેલ અને બીજા દીવસે પણ લોકેશભાઈ મારા પતિની ઓફીસમાં ગયેલા અને એફીડેવીટ કરવા રૂપિયા દસ લાખ પહોંચાડી દઈશુ તેમ કહેલુ પંરતુ મારા પતિએ વકીલની સલાહ લઈને જણાવીશ તેવુ તેઓને જણાવેલ જેથી તેઓ જતા રહેલા આ વાત  આ વાત પણ મારા પતિએ મને બીજા દીવસે કરેલી.(૧૫) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' સને–૨૦૦૧માં શરૂઆતના મહીનામા ભુકંપ આવેલ તે અરસામાં મને આશ્રમમાંથી દશ છોકરીઓને વકતા બનાવવાનું નકકી થયેલ અને ઢેલ ઉર્ફે નિર્મલા, બગલો ઉર્ફે મીરા આ બની મહીલા સાધકો અમને દસેય છોકરીઓને જેમાં હું તથા ભોગબનનાર તથા સોનલ કે જે બારડોલીની હતી તથા ભાવીની પટેલ કે જે સુરતની હતી સીતા સીંધી તથા રેખા સીંધી જે બંને ઉલ્લાસનગરની હતી તથા કિન્નરી, કિષ્ના પંચેડ રતલામ, એમ.પી.ની.હતી તથા ત્રુપ્તી વલસાડ બાજુની હતી , જેઓને મોટેરા આશ્રમથી થોડે દુર શાંતી વાટીકા લઈ ગયેલ અને આશારામ બાપુએ દશેય છોકરીઓને જોઈ અમે દશેયને રોદ ઉપર ઉભા રાખેલ અને બાપુએ રૂમની બારીમાંથી જોયેલ અને મને તથા ભોગબનનાર નામની છોકરીને વકતા બનાવવા માટે પસંદ કરેલ ત્યારબાદ અમને બન્નેને આશારામે તેમની કુટીયામાં બોલાવી વાતચીત કરીને કહેલ કે,

તમારા નસીબમાં હજુ સંસાર લખેલ છે. જે મારે પહેલા મીટાવવો પડશે અને તે માટેની વિધિ કરવી પડશે હું પછી એ માટે હું તમને બોલાવીશ અને પછી કહેલ કે સત્સંગ કરવાનું શીખવા માંડો અને તમે લોકો ઠકકરનગર કુબેરનગર ખાતે આશ્રમની સાધીકાઓ સાથે જઈ સત્સંગ શીખવાનુ શરુ કરો ત્યારબાદ અમે પાછા મોટેરા મહીલા આશ્રમમાં પરત આવેલા.(૧૬) એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે'' ત્યારબાદ મારી માતાની તબીયત બગડતાં તેમજ આશ્રમમાં ચાલતી આ ગેરકાયદેસર પ્ર વૃતિઓ છોકરીઓની શંકાસ્પદ પ્રવૃતિઓ તેમજ મારી નાની બેન પુજા જેતે વખતે ધોરણ–૧૨ માં ભણતી હતી તેમની ઉપર પણ આશારામ બાપુએ નજર બગાડેલ હોય, જેથી બાપુએ વારંવાર મને પુજાને વકતા બનાવવા દબાણ કરતા હતા જેથી પુજાને મેં તેમની નજરમાં આવવા દીધેલ નહી અને અમને પોતાને સત્સંગમાંથી મન ઉઠી ગયેલ અને મારે ઘર સંસાર વસાવવો હોય મેં અને મારા મમ્મીએ આશ્રમમાંથી જવાનુ નકકી કરી લીધેલ, જેથી કોઈને ખબર ન પડે તે રીતે અમોએ અમારુ મહેગીબાનગરવાળુ મકાન સને ૨૦૦૭માં આશ્રમના સંચાલકોને ખબર ન પડે તે રીતે વેચી દીધેલ.(૧૭)એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ છે કે'' ત્યારબાદ આસારામ બાપુની દશ દીવસની રજા લીધેલ અને તેઓને જણાવેલ કે મારા પિતાજીની વીલાપુરની જમીન વેચાવવા બાબતેના કાગળોમાં સહીઓ કરવાની છે તેવું કહી હું તથા મારી નાની બહેન પુજા અને મારી મમ્મી જતા રહેલ. (૧૮) મે મારી સ્વેચ્છાથી અને ઈચ્છાથી કલમ–૧૬૪ મુજબનુ નીવેદન લખાવેલ.

**(૭૨.૨)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૯) પ્રથમ વખત હું અને મારા પતિ

પોલીસ જોડે ગયેલા. ઓકટોબર ૨૦ થી ૨૭ સુધીના સમયગાળા દરમ્યાન અમે એ.ટી.એસ. ઓફીસમાં રોકાયેલા હતા. અખીલે કોન્ટેક કરેલ હતો. તેથી અમને ખબર હતી કે, અમારે એ.ટી.એસ. ઓફીસમાં જવાનુ છે. મારા પતિએ બહાર કોઈની સાથે વાત કરેલ હશે. અને કોન્ટેક કરેલ હતો, કોનો કોન્ટેક કરેલ, તેની મને ખબર નથી. મને એ વાત ની ખબર નથી કે આ કેસની તપાસ એ.ટી.એસ. ઓફીસવાળા કરતા હતા કે કેમ. મારી બહેન પુજાના લગ્ન થઈ ગયેલ છે અને જે અમદાવાદ મુકામે તેમના પતિ સાથે રહે છે. એ વાત ખરી છે કે હું અને મારા પતિ અમદાવાદ આવ્યા ત્યારે પુજાના ઘરે રોકાયેલ નહી. એ વાત ખરી છે કે ભોગબનનારે જે ફરીયાદ કરી તેમા મારા પતિ અખીલ આરોપી તરીકે બતાવેલા. એ વાત ખરી છે કે આ કેસમાં મારા પતિની તે સમયે એ.ટી.એસ. ઓફીસવાળાઓએ કોઈ ધરપકડ કરેલ નહી.

**સવાલ:–** મહીલા પ્રવકતામાં તમે સૌથી સારા વકતા તરીકે હતા ?

**જવાબ:–** હું નથી કહી રહી તમે કહો છો.

(૨૦)મેં ભારત દેશની અલગ અલગ જગ્યામાં જઈ ને સત્સંગ કરેલ છે. એ વાત ખરી નથી કે મારી આવડત અને અનુભવના કારણે મને અલગ અલગ જગ્યાએ સત્સંગમાં મોકલવામાં આવતા હતા.એ વાત ખરી છે કે સત્સંગ વખતે મેં ભગવત ગીતા અને બીજા અનેક શાસ્ત્રોની અભ્યાસ કર્યા બાદ સત્સંગ કરીએ છીએ. એ વાત ખરી છે કે સત્સંગમાં સાધકોના જે અનુભવ થયેલ હોય તે પણ જણાવવામાં આવતા હતા. એ વાત ખરી છે કે સત્સંગમાં બાપુના સેવાકાર્ય વિશે પણ જણાવતા હતા. કયારેક કયારેક સત્સંગ પ્રથમ સુરેશાનંદજી ત્યારબાદ હું અને પછી આસારામ બાપુ સત્સંગ કરતા હતા.(૨૧)એ વાત ખરી નથી કે સને–૨૦૦૭ પછી અને મે આશ્રમ છોડયા પછી હું મારા કુંટુંબીજનોને લઈને આસારામને મળવા માટે લઈ ગયેલ હતી. એ વાત ખરી છે કે મારા લગ્ન અખીલ સાથે થયા બાદ આસારામજીના આર્શીવાદ લેવા માટે દીલ્હી

કે જયા તેમનો સત્સંગ ચાલતો હતો ત્યા ગયેલા. (૨૨)ગુરુપુર્ણિમા જુલાઈ માસમાં આવતી હોય છે. મને એ વાત યાદ નથી કે સને–૨૦૦૦ની સાલમાં વકતા બનવા માટેની પરીક્ષણ શીબીર થયેલ જેમાં હું અને ભોગબનનાર બેન સીલેકટ થયેલ હતા. (૨૩) એ વાત ખરી છે કે સને–૨૦૦૨ થી ૨૦૦૭ સમયગાળામાં હું, મારી બહેન અને મારી માતા મહેગીબાનગર ખાતે રહેતા હતા. મહેગીબાનગરના મેઈન ગેટ ખાતેથી કોણ અવરજવર કરતું હોય, તે મહીલા આશ્રમના લોકો જોઈ શકે નહી. એ વાત ખરી નથી કે, મહીલા આશ્રમમાં જે મહીલાઓ રહેતી હતી, તે તેમના માતાપિતાને મળવા જતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રેઈર કેસમાં જઈ શકતા હતા. (૨૪)એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે '' આ અભ્યાસ છોડવાનું કારણ મને આસારામજી એ કહેલ હતું કે ઈશ્વરનો અભ્યાસ કરવો જોઈએ. સંસારનો અભ્યાસ કરવામાં કોઈ ફાયદો નથી અને સત્સંગ કરવાનું શીખવાનું તેમજ આશ્રમની સેવા કરવાનું શીખી લો તે આસારામે જણાવેલ.(૨૫) એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવું લખાવેલ છે કે,'' તેમજ વાતોવાતથી આશ્રમમાં આવી બધી ગતીવીધીઓ થાય છે. તેવું જાણેલ હતું જેથી આશ્રમ છોડી દીધેલ હતું. મેં એવુ સાંભળેલુ કે છોકરીઓ આસારામની પાસે જતી હતી. આ ડરના કારણે મે આશ્રમ છોડી દીધેલો. ચુરણ બનવાની કામગીરી થતી હતી. જેનો સમય સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધીનો હતો અને ૨ વાગ્યા થી ૬ વાગ્યા સુધીનો હતો.
(૨૬)એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમા એવું લખાવેલ નથી કે '' આસારામજી જે જગ્યાએ સત્સંગ કરવાનું જણાવે તે જગ્યાએ સત્સંગ કરતી હતી.(૨૭)એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે'' હું મહીલા આશ્રમ સીવાય શાંતી વાટીકામાં રહેતી હતી.(૨૮)એ વાત ખરી છે કે, મેં મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવું લખાવેલ નથી કે, '' બે–ત્રણ દીવસ પછી'' (એટલે કે બે–ત્રણ દીવસ એટલા શબ્દો પુરતુ જ છે.)(૨૯)એ વાત ખરી છે કે,મે

મારા પોલીસ રૂબરૂનાં નીવેદનમાં એવુ લખાવેલ નથી કે, '' ત્યારબાદ રક્ષાબંધનની આજુબાજુમાં સુરેશાનંદજીનો ફોન આવેલ, પરંતુ મેં સત્સંગ માટે ના પાડેલ હતી. જયારે મારે આસારામજી સાથે ફોન પર વાત થયેલ હતી, ત્યારે આસારામજીએ મને જણાવેલ કે, તું આશ્રમમાંથી ન જા, હું તને રૂા.૫૦ લાખ આપીશ અને આશ્રમ તારા નામ પર કરી દઈશ. પછી મેં કહેલ કે, મને આ બધી વસ્તુ નથી જોઈતી. ત્યારબાદ હું ફરીથી કયારેય આશ્રમમાં ગયેલ નથી. (૩૦)એ વાત ખરી છે કે, મેં મારા પોલીસ રૂબરૂનાં નીવેદનમાં એવું લખાવેલ નથી કે, ''સને-૨૦૧૩માં ભોગબનનાર સાથે જે થયેલ, તે ટીવીમાં જોતાં જુબાની આપવા માટે હું ગયેલ. તે વખતે હું એ.ટી.એસ. ઓફીસ ખાતે મારા પતિ અને બંને બાળકો સાથે ૭ દીવસ માટે રોકાયેલ હતી.(૩૧)એ વાત ખરી છે કે, '' તે જુબાની આપવાનાં કારણે મારા પતિની હત્યા થયેલ છે.'' તેવી હકીકત આજરોજ પ્રથમ વખત હું કોર્ટમાં જણાવું છું. એ વાત ખરી છે કે, મારા પતિ આસારામજીના અંગત સેવક તરીકે હતાં, તેવી હકીકત મેં પોલીસ રૂબરૂનાં સ્ટેટમેન્ટમાં લખાવેલ નથી.(૩૨)સીતા સિંધી, રેખા સિંધી અને તૃપ્તી વલસાડ આ ત્રણેય આશ્રમમાં વકતા તરીકે હતા. મને હાલમાં યાદ નથી કે, ૧૯૯૭માં હું આશ્રમમાં આવી તે પહેલાથી તૃપ્તી વલસાડ આશ્રમમાં વકતા તરીકે હતા કે કેમ. એ વાત ખરી છે કે, હું આશ્રમમાં આવી તે પહેલાથી રેખા સિંધી અને સીતા સિંધી આશ્રમમાં વકતા તરીકે હતા. (૩૩)એ વાત ખરી છે કે પોલીસે મારું સ્ટેટમેન્ટ લખી લીધા બાદ મને વાંચવા આપેલું. એ વાત ખરી છે કે, મને મારું પોલીસ રૂબરૂનું સ્ટેટમેન્ટ વાંચી સંભળાવેલ (હોસ્ટાઈલ કર્યા બાદ) અને ત્યારબાદ તે હકીકત મેં લખાવેલ છે. તેમ જણાવેલ છે.(૩૪) એ વાત ખરી છે કે, મારી સરતપાસમાં પેરાગ્રાફ નં.૮,૧૦, ૧૧ , ૧૨,૧૩,૧૪,૧૫,૧૬,૧૭ વાળા પેરેગ્રાફમાં જે હકીકતો જણાવેલી છે. તે હકીકતો મારા સી.આર.પી.સી.કલમ-૧૬૪ વાળા નીવેદન આંક-૫૦૫ વાળા નીવેદનમાં જણાવેલ નથી. (૩૫)એ વાત ખરી છે કે, મારું ૧૬૪નું નીવેદન લેવા

માટે મેજીસ્ટ્રેટ સમક્ષ લઈ ગયેલા અને તે વખતે હું જે હકીકતો જાણતી હતી, તે તમામ હકીકતો મેં તેમાં જણાવેલ હતી. એ વાત ખરી છે કે, સને– ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન હું અને મારા માતાપિતા અને મારી બહેન આસારામજીને સમર્પિત હતાં. (૩૬)એ વાત ખરી છે કે, સને–૨૦૦૧ માં ભુકંપ આવ્યો તે સમયે કચ્છમાં હું તથા બીજા અન્ય મહીલા આશ્રમની છોકરીઓ સત્સંગ માટે તથા ભુકંપ પીડિતોને શાત્વંના આપવા માટે ૭ દીવસ રોકાયેલા હતા. આ વખતે ભોગબનનાર પણ મારી સાથે હતા. એ વાત ખરી છે કે, ૧૯૯૮ના દશેરા પછીના સમયગાળામાં ૭ દીવસ માટે શાંતી વાટીકામાં આસારામજીના માતૃશ્રી મહેગીબાની સેવા માટે સજની બેનના કહેવાથી રોકાયેલ હતી. એ વાત ખરી નથી કે, હું સત્સંગ માટે ભારત દેશમાં અલગ અલગ જગ્યાએ જતી હતી તે વખતે મદદ કરવા માટે મારા પતિ અખીલ સાથે આવતા હતા. એ વાત ખરી છે કે મુઝફ્ફરનગરમાં લોકેશભાઈની વિરૂધ્ધમાં મેં કે મારા પતિએ કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં મારી મમ્મી તથા મારી બહેને મારા પિતાજીની જમીન વેચવા માટેના કાગળો માં સહીઓ કરવાની હોય, તેથી અમે ૨૦૦૭માં ગયેલા. (૩૭) એ વાત ખરી છે કે, મેં તા.૦૮/૦૯/૨૦૦૭ અને તા.૦૯/૦૯/૨૦૦૭ ના રોજ પ્રિતમપુરા ન્યુ દીલ્હી ખાતે તેમજ તા.૧૬/૦૯/૨૦૦૭ ના રોજ સવારનાં પાણીપત ખાતે અને સાંજના કરનાલ ખાતે તેમજ તા.૨૫/૦૯/૨૦૦૭ ના રોજ રજોલી ગાર્ડન, દીલ્હી અને તા.૨૮, ૨૯ અને ૩૦/૦૯/૨૦૦૭ ના રોજ ઉજજૈન ખાતે સત્સંગ પ્રવચન આપેલ છે.(૩૮) એ વાત ખરી છે કે સને–૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં મેં કે મારા પતિએ આશ્રમની વિરૂધ્ધમાં કે આસારામની વિરૂધ્ધમાં કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. (૩૯)એ વાત ખરી નથી કે આ બાબતે હું કશું જાણતી નથી, તેમ છતાં ભોગ બનનારને મદદ કરવા માટે પોલીસના કહેવાથી હું સોંગદ ઉપર ખોટી હકીકત જણાવુ છું અને ખોટી જુબાની આપુ છું.(૪૦)હું જયારે ૧૯૯૭ માં આશ્રમમાં આવી ત્યારે મારા પિતાજીની

ઉંમર આશરે ૩૫ થી ૪૦ વર્ષની હતી. મારા પિતાજી વકીલ હતા. મારા પિતાજીને તે વખતે આશરે ૧૨ થી ૧૫ વર્ષની વકીલાતનો અનુભવ હતો. હું કલમ–૧ ૬૧ તેમજ ૧૬૪ ની જોગવાઈઓથી વાકેફ છું. હું એ.ટી.એસ.ઓફીસ ખાતે રોકાયેલ હતી, તે સમયગાળામાં પોલીસે આશરે ૩ થી ૪ વખત મારી પુછપરછ કરેલ હતી. આ પુછપરછ કરનાર અધિકારી એક જ હતા. હું એ.ટી.એસ ઓફીસમાં રોકાયેલ હતી તે વખતે પોલીસે મારુ નીવેદન લીધું. તે પહેલા અને પછી કેટલી વખત પુછપરછ કરવા માટે આવેલી તે મને હાલ યાદ નથી. આ વખતે પોલીસ મારી પુછપરછ કરતી હતી, તેનો હું જવાબ આપતી હતી, તે લખી લેતા હતાં. આ પુછપરછમાં મારા માતાપિતા શું કરતાં હતાં અને કયાં રહેતા હતાં વિગેરે હકીકતોની પુછપરછ કરેલ હતી. આ તમામ પુછપરછ દરમ્યાનની બે –ત્રણ વખતની વીડીયો ગ્રાફી થયેલ હતી. હું એ.ટી.એસ ઓફીસમાં  રોકાયેલ હતી, તે સમય દરમ્યાન એ.ટી.એસ.ઓફીસ બહાર ગયેલ નથી.(૪૧)મેં બી.એ. સુધીનો અભ્યાસ કરેલ છે અને તે ફરીદાબાદથી કરેલ છે. એ વાત ખરી નથી કે, હું ૧૯૯૭ માં અમદાવાદ આવી તે પહેલા મારો મોટા શહેરમાં ઉછેર થયેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વિલાસપુરમાં મારો ઉછેર થયેલ છે. મેં ૨૦૦૭ માં આશ્રમ છોડયો તે પછી તરત હું રાયપુર રહેવા ગયેલી અને ૨૦૦૯ સુધી રાયપુર મુકામે રહેતી હતી. એ વાત સાથે હું સંમત થાવ કે રાયપુર મોટું શહેર છે અને રાજયની રાજધાની છે.  ૨૦૦૯ બાદ દોઢ વર્ષ દીલ્હી મુકામે રહેલ છું. અને ત્યારબાદ મુઝફ્ફરનગર રહેવા ગયેલ છું અને હાલમાં પણ ત્યાં રહુ છું. એ વાત ખરી છે કે રાયપુર, દીલ્હી, મુઝફ્ફરનગરમાં રહેતી હતી ત્યારે મારી જીવનશૈલી સામાન્ય હતી. અખીલ જોડે મારા લગ્ન સને–૨૦૦૯માં થયેલા. (૪૨)એ વાત ખરી નથી કે, પોલીસ નીવેદનમાં મેં લખાવેલ હકીકત એવી કે,    અખીલે મને જણાવેલ કે, તે જયારે આશ્રમમાં બાપુના અંગત સેવક તરીકે હતો, ત્યારે બપોરનાં સમયે ભારતી કે જેને બાપુ 'પટ્ટો' તરીકે બોલાવતા તે ભારતી ભોગબનનાર અને બીજી ટીનાને કુટીર

ઉપર લઈને આવેલ અને ટીના થોડો સમય કુટીરમાં ગયેલ અને ભોગબનનાર થોડા સમય બાદ ગંભરાયેલી હાલતમાં બહાર આવેલ વિગેરે હકીકત ખોટી છે. તેવું જાણવા છતાં દ્રેષપુર્વક આ હકીકત લખાવેલ છે. એ વાત ખરી નથી કે પોલીસ નીવેદનમાં મેં લખાવેલ હકીકત એવી કે, જો બાપુને છોકરી પંસદ પડેલ હોય તો, ટેલીફોન દવારા આ ઢેલ અને બગલો અને ભારતી તે છોકરીને શાંતી વાટીકામાં પોતાની સાથે બોલાવતા તેવી હકીકત ખોટી છે. તેમ જાણવા છતાં દ્રેષપુર્વક લખાવેલ છે. એ વાત ખરી નથી કે, ભારતી આશ્રમમાં હતા તે હકીકત પણ ખોટી છે તેવું જણાવવા છતાં તેવી હકીકત દ્રેષપુર્વક આજરોજ નામદાર કોર્ટમાં જણાવેલ છે. એ વાત ખરી નથી કે પોલીસ નીવેદનમાં ભારતીને આશ્રમમાં માણસો નાના ભગવન તરીકે બોલાવેલ તે હકીકત પણ ખોટી હોય તેવું જણાવતા છતાં દ્રેષપુર્વક લખાવેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂઘ્ધ ખોટી જુબાની આપુ છું.

(૭૨.૩) ફરીયાદપક્ષ તરફથી સદર સાહેદ વર્ષાબેનનું આંક–૫૦૫ થી જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ નોંધાવવામાં આવેલ **સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું નિવેદન** રજુ થયેલ છે તેમાં તેણીએ નીચે મુજબ જણાવેલ છે.

**..... હું ૧૯૯૭ માં અમદાવાદ મોટેરા આશ્રમમાં સમર્પિત થયેલી. હું ત્યાંથી જ ભણવા જતી હતી. જ્ઞાનદીપ સ્કુલ ચાંદખેડા ઓ.એન.જી.સી. ઓફીસ પાસે આવેલ છે. જયા મેં ધોરણ–૧૦ નો અભ્યાસ કરેલો. ૧૧ ધોરણનું ભણતર મેં અડઘુ ભણી છોડી દીધેલું કેમ કે આશારામ બાપુ એ મને કહેલુ કે સંસારની પઢાઈ મે કોઈ સાર નથી. '' સંસાર કી પઢાઈ મે કોઈ સાર નહી હૈ પઢાઈ છોડ દે. મંત્રજપ કર હું તને મહાન બનાવીશ એટલે મે ભણતર છોડી દીધેલું. હું પુર્ણ રૂપે આશ્રમની સેવામાં સમર્પિત થઈ ગઈ. ધીરે ધીરે મારી માતા, બહેન, પિતા પણ આશ્રમમાં સમર્પિત થઈ ગયેલા. મારી બહેન પણ ધો–૬ થી ધો–૧૨ સુધી જ્ઞાનદીપ સ્કુલમાં ભણેલી. મમ્મી પણ સીલાઈ જાણતી હોય, ગૌમુખી સેવા કે જેમાં માળા જપ કરાય છે. તેમાં સીવવાની સેવા આપવા લાગેલ, પિતાજી વિવિધ**

શહેરોમાં જયા બાપુના સત્સંગ કાર્યક્રમ થતા ત્યા તથા વિવિધ આશ્રમોના એકાઉન્ટ સંભાળતા હતા. ૨૦૦૨ ગુરુપુર્ણિમા ૨૩ જુલાઈનાં રોજ ઈન્દોરથી અમદાવાદ આવતા સમયે ફીયાટ કારમાં અકસ્માતે તેમનું મરણ થઈ ગયુ. ત્યારબાદ હું મારી માતા, બહેન મહેગીબા નગર જે મહીલા આશ્રમથી જોડાયેલ છે. તેમા ડુપ્લેકસ મકાન લઈ ૨૦૦૭ સુધી રહેલા. ત્યાથી હું વિવિધ જગ્યાએ સત્સંગ કરવા જતી હતી.

....સને ૨૦૦૧ માં ભુકંપ પછી હું કચ્છ– ભુજ લોકોને સાંત્વના આપવા કચ્છ– ભુજ ગયા હતા. ત્યારથી મારી વકતાની સેવા શરૂ થઈ. ત્યારે હું ફરીયાદણનાં સંપર્કમાં આવેલી. આના પહેલા સેવા કરતા સમયે હું જાણતી હતી કે ફરીયાદણ ચુર્ણ હોલમાં ઘંટીની સેવામાં છે. બાપુએ અમને દશ છોકરીઓને વકતા બનાવવા માટે શાંતીવાટીકામાં બોલાવેલ. ફરીયાદણ અને મને બોલાવી કહેવા લાગેલ કે તમને બંનેને હું વકતા બનાવીશ. હજુ તમારા ભાગ્યમાં સંસાર લખાયેલ છે. જેને મીટાવવાની વીધી મારે કરવી પડશે. આવુ સાંભળીને અમે દશે છોકરીઓ મહીલા આશ્રમ ચાલ્યા ગયેલા. ''

...ભોગ બનનાર સાથે આવી ઘટના બની છે. આવુ મે મહીલા આશ્રમની બહેનોને વાતો કરતા સાંભળેલી. એક વાર ફરીયાદણ ઝાડીઓની પાછળ છુપાઈ ગયેલી તે સમયે ચોકીયાતમાં જશીબેન તથા સંચાલીકા ધ્રુવ બહેન હતી. ધ્રુવ બહેન મહીલા આશ્રમમાં ફરીયાદણને શોધતા શોધતા પુછી રહી હતી કે ફરીયાદણ (ભોગબનનાર) કયા છે ? પછીના દિવસે જાણ્યુ કે ફરીયાદણને બાપુએ બોલાવેલી તેથી એ ઝાડીઓમાં છુપાઈ ગયેલી. ધીરેધીરે આવી બધી વાતો જાણેથી કે મહીલા આશ્રમમાં આવી વાતો થતી રહે છે. મારુ મન ખીન્ન રહેવા લાગેલુ અને મારી માતાજીની તબીયત ખરાબ થવાના કારણે મારી બહેન ઉપર પણ આવી ઘટના બની શકે છે તેવો ડર હોવાથી પણ અને મારે સતસંગ કરવો ન હોવાથી હું આશ્રમમાંથી ૨૦૦૭ માં નીકળી ગયેલી નીકળતા પહેલા મેં બાપુને ફોન કરેલ અને કહેલુ મારે સત્સંગ નથી કરવો પણ બાપુએ કહયુ ગુરુની આજ્ઞા પાળવાથી શિષ્યનું ઉત્થાન થાય છે. અને મારી જોડે સત્સંગ કરાવવા જીદ કરવા લાગ્યા. અને પ્રલોભન આપવા લાગ્યા કે રૂ.૫૦ લાખ તારા નામ પર કરી દઈશ. મહીલા આશ્રમ પણ તારા નામે કરી દઈશ. મે ફરીથી જીદ કરી કે મારે સત્સંગ નથી કરવો, મારે એક સામાન્ય માણસની જેમ જીવવું છે. બાપુએ ફરીથી મને સમજાવેલ, મને લાગ્યુ કે

**હું આ રીતે આશ્રમમાંથી નીકળી નહી શકુ ૧૦ દિવસની આજ્ઞા લઈ જમીન સંબંધે કાગળો ઉપર સહી કરવાનાં બહાને હું ઘરે જતી રહેલી અને નીકળતી વખતે ૩ ચીઠ્ઠીઓ મુકી ગઈ. ચીઠ્ઠીમાં લખેલુ કે મારી માતાની તબીયત ખરાબ હોવાથી બહેનનું ભણતર હોવાથી અને આર્થીક સંકડામણ હોવાથી હું આશ્રમ છોડી જઈ રહી છું.**

**(૭૨.૪)** આમ આ સાહેદ ભલે અદાલત સમક્ષની જુબાની દરમિયાન હોસ્ટાઈ જાહેર થયેલા છે તેમ છતાં સદર સાહેદે જે સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવેલ છે તેમાં ભોગ બનનાર સાથે આવી ઘટના બની હોવાની તેણીને જાણ થયેલી હોવાની હકીકત જણાવેલી છે તે હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ છે વળી સદર સાહેદની સાથે ભોગબનનાર પણ વકતા તરીકે હતા તેવી હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે. સદર સાહેદની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર ખુલવા પામેલ નથી. આમ આ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને આંશિક સમર્થન પ્રાપ્ત થાય છે.

## એફ.એસ.એલ. સાહેદોના પુરાવાની ચર્ચા

**(૭૩)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૩ તરીકે અમૃતલાલ વશરામભાઈ હીંગરાજીયાનાઓને આંક–૧૯૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો સદર સાહેદ તા.૧૦–૧૦–૧૩ના અરસામાં અમદાવાદ શહેર ખાતે ફોરેન્સીક મોબાઈલ ઈન્વેસ્ટી. વાનમાં સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૦–૧૦–૧૩ ના રોજ તેઓને ચાંદખેડા પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં.૨૧૮/૧૩ના કામે આશારામ આશ્રમ ખાતે તપાસ અર્થે આવવાનો ટેલીફોનીક સંદેશો મળેલ. જે સંદેશાના આધારે તેઓ આશારામ આશ્રમ

ખાતે ગયેલ.આશારામ આશ્રમ ખાતે આ કામના તપાસ અધિકારીશ્રીએ બનાવ અંગેની તપાસ બાબતની યાદી સોંપેલ. તેમજ બનાવ અંગે મૌખિક જાણ કરેલ.પેરા(૪) ... ઉપરોકત બનાવ સ્થળે તપાસ અધિકારીશ્રી તથા તેમના સ્ ટાફના માણસો સાથે આ કામના ફરિયાદી હાજર હોઈ અને તપાસ અધિકારીશ્રીએ જણાવેલ કે, આ કામના ફરિયાદીને તેમના પર બનેલ ઘટનાવાળી જગ્યા તથા તેઓ આશ્રમમાં જે રૂમમાં રહેતા હતા તે બધી જગ્યાઓ તથા દરેક જગ્યા પર જે તે વખતની ઘટનાના સ્થળ પર જે તે રસ્તેથી લઈ ગયેલ તે દરેક જગ્યાની વિડીયોગ્રાફી કરાવડાવી તપાસ કરતા , (૧) ફરિયાદીના જણાવ્યા તથા બતાવ્યા મુજબ ફરિયાદી જે રૂમમાં રહેતા હતા તે રૂમ વ્યાસ ભવન બીલ્ડીંગમાં બીજા માળે આવેલ હતો. જે રૂમ દક્ષિણ દીશાના દરવાજાનો હતો જેનો દરવાજો જુના જેવો હતો. સદર રૂમમાં કબાટ વિગેરે સરસામાન તથા બાપુનો ફોટો લગાવેલો હતો. તેમજ એક પાટીયા પર જે તે વખતે ન હતુ તે પાટીયુ હાલમાં રૂમમાં ફીટ કરેલ હતુ. જે રૂમમાં બારીકાઈથી તપાસ કરતા અન્ય કોઈ શંકાસ્પદ ચીજવસ્તુઓ કે ચિહનો જોવા મળેલ ન હતા તેમજ પેરા(૬)...સદર ભેદવાળી જગ્યા આશરે ૩.૫ ફુટ × ૬.૫ ફુટ જેટલી હતી. સદર બીલ્ડીંગમાં હાલની સ્થિતિએ પ્ર વેશતા બીલ્ડીંગમાં હાલ પુર્વ દરવાજાની ખુલ્લી ઓસરી આવેલી હતી. જે ઓસરીમાંથી આ કામના ફરિયાદીએ બતાવેલ રૂમ જોતા તે રૂમમાં ફરિયાદી જે તે વખતે પ્રવેશેલ જયાં હાલની સ્થિતિએ ભેદવાળી દિવાલ જોવા મળેલ હતી. તેમજ રૂમમાં અન્ય દરવાજા તથા બીજા એક રૂમનો દરવાજો પણ આવેલો છે.પેરા(૭)... સદર પ્રથમ રૂમમાં ફરિયાદીએ બતાવેલ કે તે રૂમમાંથી તેઓએ બાથરૂમમાં ગયેલ જે દક્ષિણ સાઈડે આવેલ હતી. સદર જગ્યાએ હાલની સ્થિતિએ આવો કોઈ દરવાજો જોવા મળેલ ન હતો પરંતુ તે દરવાજા વાળી જગ્યાએ પણ દિવાલનુ બાંધકામ અને જુનુ બાંધકામ ભેદવાળુ જણાયેલ. જેથી સદર

રૂમમાંથી બહાર નીકળી ફરિયાદીએ બાથરૂમમાં ગયેલ તે બાથરૂમનો હાલનો દરવાજો પૂર્વનો છે. બાથરૂમમાં દરવાજા સિવાય બધી દિવાલોમાં છત સુધી ટાઈલ્સ ફીટ કરેલ છે. જેથી બાથરૂમમાં અન્ય કોઈ નોંધલાયક ચિહનો જોવા મળેલ ન હતા. સદર બાથરૂમમાંથી ફરિયાદી બહાર નીકળી પૂર્વના બીજા રૂમમાં દાખલ થયેલ જે ફરિયાદીએ બતાવેલ કે, જે તે વખતે આ રૂમમાં બાપુ પલંગ ઉપર બેસેલ હાજર હતા. જે રૂમમાં તપાસતા રૂમમાં એક ટીપોઈ, એક બ્લેકકેટ તથા મચ્છરદાનીના સળીયા સાથેનો પલંગ હતો. સદર ટીપોઈ લાકડાની હતી, બ્લેકકેટ પલંગપર પાથરેલ હતો, જે હટાવી પલંગને તપાસતા પલંગ લાકડાનો હતો. તે પલંગનુ ઉપરનુ પાટીયુ હટાવી જોતા નીચેના પાટીયા પર ત્રણ ત્રણની હરોળમાં એવા નવ ચોકઠાઓ બેસાડેલ હતા. જે નવે નવ ચોકઠાઓમાં વચ્ચેના ભાગે લાલ રંગનો નંગ તથા આજુબાજુમાં રંગવીહીન નંગ લગાવેલા હતા.પેરા(૯)..સદર રૂમમાં આ કામના ફરિયાદીએ બતાવેલ કે, જે તે વખતે સ્પ્લીટ એ.સી. લગાવેલ હતુ. તે જગ્યા જોતા તે જગ્યાએ સ્પ્લીટ એ.સી.ના અંદર આવતા પાઈપોના કાંણા હતા તથા તે જગ્યાના ઈલેકટ્રીક વાયરોના અવશેષો જોવા મળેલા હતા. હાલમાં આવુ કોઈ સ્પ્લીટ એ.સી. જોવા મળેલ ન હતુ. પરંતુ રૂમની બારીમાં વીન્ડો એ.સી. લગાવેલા હતા.સદર જગ્યાએથી તપાસ અધિકારીશ્રીને રૂમમાંથી મળેલ ટીપોઈ, બ્લેકકેટ, અને પલંગ તપાસના કામે કબજે લેવા સુચન કરેલ.પેરા(૧૦).. ત્યારબાદ ફરિયાદીના જણાવ્યા મુજબ આ ઘટના બાદ આશ્રમમાં પરત આવેલ તે જગ્યા પરથી ચાલીને આવતી વખતે જે વડના ઝાડ પાસે ઢેલ અને બગલો મળેલ. સદર જગ્યાએ ઓટલા સાથેનો એક વડલો હતો. સદરહુ વડલાની પૂર્વે બગીચો આવેલ હતો. આ ઘટના બાદ આ કામના ફરિયાદી પોતાના રૂમમાંથી બીજા કપડા લઈ ન્હાવા માટેજે બાથરૂમમાં ગયેલ તે જગ્યા બતાવતા સદર જગ્યા હાલમાં કોઈ બાથરૂમ, સંડાસ આવેલા નથી. તેમજ તે જગ્યામાં આવા બાંધકામના કોઈ

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

અવશેષો જોવા મળેલ ન હતા.પેરા(૧૧)..આ કામના ફરિયાદીને બીજી વખત શાંતિવાટીકામાં જવાનુ થતા પોતે આખી રાત જે જગ્યાએ સંતાયેલ તે જગ્યા બતાવતા સદર જગ્યાએ મહેંદીની વાડ આવેલ હતી જે વાડ ઘટાદાર હતી તેમજ તેની ઉંચાઈ આશરે બે ફુટ સાત ઈંચ જેટલી હતી. આ કામના ફરિયાદીએ બતાવેલ કે, જે તે વખતે આ વાડ હાલ કરતા પણ વધારે ઉંચી હતી.પેરા(૧૨)...તેમજ આ કામના ફરિયાદી જે ઝુંપડીમાં સંતાયેલ તે ઝુંપડી બતાવતા ત ઝુંપડી વ્હેલ તથા લોખંડના તારની બનેલી ઝુંપડી હતી જે ઝુંપડીની વ્હેલ જે તે વખતે ઘટાદાર હોવાનુ ફરિયાદીએ જણાવેલ. સદર ઝુંપડામાં ઉત્તરે દરવાજો ખુલ્લો હતો જયારે હાલમાં તે દરવાજો લીલા કાપડાનો ફ્રેમવાળો હતો. ફરિયાદીએ વાડ તથા ઝુંપડામાં છુપાઈને રાત્રી પસાર કરેલાનુ જણાવેલ.પેરા(૧૩)...સદર છુપાવવાની ઘટનાની રાત્રી બાદ બીજા દિવસે ફરિયાદીના જણાવ્યા મુજબ લક્ષ્મીમૈયાએ તેમને બે લાફા મારેલ તે જગ્યા બતાવતા સદર જગ્યા લક્ષ્મીમૈયાની કુટીર બાજુની જગ્યા હતી. (૧૪)...આ કામના ફરિયાદી આશ્રમ છોડીને ભાગી ગયેલ તે જગ્યા બતાવતા સદર જગ્યા કોમન બાથરૂમ સંડાસવાળી કે જે જગ્યાએ આવા બાથરૂમ જોવા મળેલ ન હતા તેની પાસેની ઝાંપલીના દરવાજાથી ભાંગેલ. તે જગ્યા પરનો રોડ મોટેરાના મુખ્ય રોડ તરફનો હતો. જેથી તેમને બીજી બેગ આપવા ઉમા આવેલ તેમ જણાવેલ તે જગ્યા ઝાંપલીની જગ્યાવાળી જગ્યાએ આજરોજ આવી કોઈ ઝાંપલી જોવા મળેલ ન હતી. પરંતુ તે જગ્યાએ દરવાજો જોવા મળેલ હતો. સદર દરવાજા વાળી જગ્યાએ અગાઉ ઝાંપલી હોય તેવા કોઈ ચિહનો જોવા મળેલ નથી. (૧૫)...ઉપરોકત પંચનામા દરમ્યાન ફરિયાદીએ બતાવેલ દરેક જગ્યાની હાલની સ્થિતિ અને તેમાં થયેલ ફેરફાર વિશે પંચનામામાં વિગતો જણાવેલ છે.

(૧) શાંતિવાટીકાની બીલ્ડીંગમાં થયેલ ફેરફાર અંગે તપાસ કરવા તપાસ અધિકારીશ્રીને સુચન કરેલ.

(૨)પંચનામા દરમ્યાન કરેલ વિડીયોગ્રાફીની સી.ડી. તપાસના કામમાં સામેલ રાખવા જણાવેલ.

(૧૬)...તા. ૧૦–૧૦–૧૩ ના રોજ કલાક ૧૪:૦૫ થી ૧૮:૩૦ સુધી કાર્યવાહી ચાલેલી. ઉપરોતકત હકીકત સંબંધીનો રીપોર્ટ મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલો અને તેમાં મારી સહી છે જે આ કામે **નિશાની ૧૦૬/૧૧** થી રજૂ છે જે બતાવતા તે મારા હસ્તાક્ષરમાં હોવાનુ અને મારી સહી હોવાનુ જણાવુ છુ જેને રજુ દાખલ **આંક–૧૯૪** આપવામાં આવે છે. (૧૭)...વિડીયોગ્રાફી પણ તે જ વખતે કરવામાં આવેલી તે વખતે વીડીયોગ્રાફર હાજર હતા. વીડીયોગ્રાફરને સુચના અમુક સમયે અમો આપતા હતા અને અમુક સમયે તપાસ અધિકારી આપતા હતા.

**(૭૩.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨૦)...તે વાત ખરી છે કે, અમારે ફીંગરપ્રિન્ટ અને ફુટ પ્રિન્ટ અંગેનો પ્રાઈમરી નોલેજ હોય. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન ફુટ પ્રિન્ટ અને ફીંગર પ્રિન્ટના અધિકારીની મદદ લેવાની ફરજ મારી ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવ`છે કે, તપાસ અધિકારીને જરૂર જણાય તો તે બોલાવી શકે. હુ એ હકીકત કહી શકુ નહી કે, મે આજરોજ રજૂ કરેલ આંક–૧૯૪ વાળો રીપોર્ટ વીડીયોગ્રાફીમાં રીફલેકટ થયેલ નથી.(૨૧)...એ વાત ખરી નથી કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન થતી વીડીયોગ્રા ફી સમયે તમામ સ્થળોનુ વર્ણન મારા કહેવા મુજબ રેકર્ડ કરવામાં આવતુ હતુ. હુ એ હકીકત કહી શકુ નહી કે, સમગ્ર પંચનામાનુ લખાણ

પંચોએ કોઈપણ ભાગ લખાવ્યો હોય તેવો ઉલ્લેખ વિડીયોગ્રાફીમાં નથી. એ વાત ખરી છે કે, મે સ્થળ પર ઘણા સ્થળોના મેજરમેન્ટ પણ લેવામાં આવેલા. એ વાત ખરી છે કે, ફરિયાદી જે જગ્યા બતાવતા હતા તે તમામ જગ્યાનુ મેજરેન્ટ કરવામાં આવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લોંગ ડીસ્ટન્સ હોય તેનુ મેજરમેન્ટ કરવામાં આવેલ નહી.(૨૩)...એ વાત ખરી છે કે, ફરિયાદી ના જણાવ્યા મુજબ ફરિયાદી જે ઝાંપેથી ભાગી ગયેલ તે ઝાપાનુ અંતર ફરિયાદીના રૂમથી કેટલુ હતુ તે માપેલ નહી. એ વાત હુ કહી શકુ નહી કે, તેની વિડીયોગ્રાફી કરવામાં આવેલી નહી. એ વાત ખરી છે કે, સમગ્ર પંચનામામાં તા.૧૦-૧૦-૧૩ના સ્થળ પરની જે જે સ્થિતિ હતી તેની વિગત દર્શાવેલ છે. (૨૪)...એ વાત ખરી છે કે, તપાસ અધિકારીને શુ માર્ગદર્શન આપેલુ તેનો ઉલ્લેખ મારા રીપોર્ટમાં નથી. એ વાત ખરી છે કે, શુ માર્ગદર્શન આપેલ તેની નોંધ મારા કાગળમાં કરેલી નથી.(૨૫)...એ વાત ખરી છે કે, પંચનામાનુ લખાણ મારી હાજરીમાં થયેલુ. એ વાત ખરી છે કે, સમગ્ર પંચનામા દરમ્યાન ફરિયાદી હાજર હતા.

સવાલ: એ વાત ખરી છે કે, ફરિયાદીએ તમારા રીપોર્ટ પ્રમાણે તેની ઉપર બદકામ થયુ હોય તેવી કોઈ હકીકતનો ઉલ્લેખ થયેલ હોય તે સ્થળની નોંધ નથી.

જવાબ:- મે મારા રીપોર્ટમાં ઘટના ઘટેલી તે રીતે સ્થળનો ઉલ્લેખ કરેલો છે. (૨૬)...એ વાત ખરી છે કે, ઘટના કઈ ઘટી તેનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસમાં જણાવેલ છે કે, 'ફરીયાદણએ બતાવેલ કે જે તે વખતે બાપુ આ રૂમમાં પલંગ ઉપર બેઠેલા હતા.' તેનો ઉલ્લેખ મારા રીપોર્ટમાં નથી.

**(૭૩.૨)** આમ સદર એફ.એસ.એલ.સાહેદની સરતપાસ જોતાં તેઓએ બનાવવાળી જગ્યાએ ભોગબનનાર તથા તપાસ અધિકારી અને પંચો

તેમજ વીડીયોગ્રાફર સાથે ગયેલા અને ભોગબનનારે બતાવેલ જગ્યાનું નીરીક્ષણ કરી તપાસ અધિકારીને જરૂરી સુચનો કરેલા હોવાની હકીકત જણાવેલી છે. બચાવપક્ષ તરફથી સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ સદર સાહેદે પંચનામાની કાર્યવાહીની શરુઆતથી અંત સુધી તેઓ હાજર હોવાની હકીકત કબુલ રાખેલ છે તેવા સંજોગોમાં સદર પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષ બનાવવાળા સ્થળપર કરેલ કાર્યવાહીના આંક-૧૯૪ વાળા રીપોર્ટની હકીકત પુરવાર કરી શકેલ છે.

(૭૪) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૦ તરીકે ધર્મેન્દ્રભાઈ ગોવિંદલાલ શાહનાઓને આંક -૪૦૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,તેઓને ચાંદખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧૮/૧૩ના કામે પી.આઈ.શ્રી ડી.બી.રવીચાનાઓના તા.૩૦-૧૨-૧૩ના પત્રથી નારાયણવાટીકામાં ઝડતી પંચનામા દરમ્યાન માર્ક-આર સીલબંધ પાર્સલ ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી તરફ કેટલીક વિગતો આપવા સારૂ વિનંતી કરતો પત્ર પાઠવવામાં આવેલ. તેમને મુદ્દામાલ સાથે મળેલ રવાનગી નોંધ **આંક-૪૦૫ વાળી મળેલ.** આ રવાનગી નોંધ સાથે તેમને એક સીલબંધ પાર્સલ મળેલુ. જેમાં એક નોકીયા કંપનીનો મોબાઈલ ફોન હતો. તેમને મુદ્દામાલ આર્ટીકલ નં.૫૬ વાળો મોબાઈલ ફોન બતાવવામાં આવે છે તે તેમને પૃથ્થકરણ માટે મળેલ તે જ છે. આ મોબાઈલ ફોન પર પાછળના ભાગે તેઓએ તેમની સહી કરેલી છે. આ આર્ટીકલનુ તેઓએ પૃથ્થકરણ કરેલુ. તેઓએ તેમની તપાસ સંબંધી રીપોર્ટ જાતે તૈયાર કરેલ અને પી.આઈ.શ્રી એસ.આઈ.ટી. / સ્પેશ્યલ બ્રાન્ચ, અમદાવાદ સીટીને મોકલી આપેલ. જે રીપોર્ટ આંક-૪૦૬ તેમજ એનેક્ષર આંક-૪૦૭ થી રજુ છે. આ

મોબાઈલ ફોનના પૃથ્થકરણ દરમ્યાન તેમાંથી કોઈ બીભત્સ વિડીયો અને ઈમેજ મળી આવેલા નહી. આ મોબાઈલમાંથી જે એસ.એમ.એસ. મળી આવેલા તે એનેક્ષર–એ થી પાના નં.૧ થી ૨૭માં આપેલ છે તે છે. અને એનેક્ષર–એના પાના નં.૨૮ પર સીમકાર્ડમાંથી જે એસ.એમ.એસ. મળેલા તેની પ્રીન્ટ છે. આ સિવાય બીજુ કાઈ મળી આવેલુ નહી.

**(૭૪.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મને મોબાઈલની માલીકી અંગેનો કોઈ પુરાવો મોકલવામાં આવેલ ન હતો. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ.ને મોબાઈલના પરીક્ષણમાં આઈ.ટી.એકટ લાગુ પડે. એ વાત ખરી છે કે, તા.૨૮–૩–૧૮ સુધી ડી.એફ.એસ., ગાંધીનગરને આઈ.ટી.એકટની કલમ–૭૯(એ)ના પાવર્સ મળેલ ન હતા.

**(૭૪.૨)** આમ સદર એફ.એસ.એલ. સાહેદની જુબાની જોતાં સદર સાહેદે નારાયણસાંઈના બંગલેથી કબજે લીધેલ મોબાઈલનું પરીક્ષણ કરેલ તેમાં કોઈ બીભત્સ વિડીયો અને ઈમેજ તેમજ એસ.એમ.એસ.મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે.જેથી સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી.

**(૭૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૧ તરીકે તેજલબેન દિલીપભાઈ શાહનાઓને આંક –૪૦૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે સને ૨૦૧૩માં તે અમદાવાદ એફ.એસ.એલ.ખાતે સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી. અમારી કચેરીના બાયોલોજી વિભાગ તરફથી ચાંદખેડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧૮/૧૩ ના કામે મુદ્દામાલ આર્ટીકલ નં.ડી, ઈ, એચ–૧, આઈ, જે,

એમ, એન, ઓ સીરોલોજીકલ પૃથ્થકરણ અર્થે આવેલ હતો. તેણીએ આ નમુનાનુ સીરોલોજીકલ પૃથ્થકરણ કરેલુ અને તે અંગેનો રીપોર્ટ તૈયાર કરી તેમની કચેરીના બાયોલોજી વિભાગ તરફ મોકલી આપેલ. **આંક-૪૦૯ થી રજુ** છે.

**(૭૫.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩)...એ વાત ખરી છે કે, નમુનો નં.ડી, ઈ અને એચ-૧ ભોગબનનારના નમુના હતા. એ વાત ખરી છે કે, આ ત્રણેય નમુના પૃથ્થકરણ અર્થે યોગ્ય અને પુરતા ન હતા. એ વાત ખરી છે કે, નમુનો આઈ આરોપીનો લોહીનો નમુનો હતો. એ વાત ખરી છે કે, તે નમુનો પણ પૃથ્થકરણ માટે યોગ્ય ન હતો. એ વાત ખરી છે કે, આ નમુના પરથી આરોપી બ્લડગૃપ નકકી કરી શકાયેલ નહી.(૪)...એ વાત ખરી છે કે, નમુનો નં.એમ, એન અને ઓ તુષારભાઈ વૈશ્યના નમુના હતા. એ વાત ખરી છે કે, નમુનો એન. અને ઓ પૃથ્થકરણ માટે યોગ્ય ન હતા.

**(૭૫.૨)** સદર સાહેદે ભોગબનનારના શરીર પરથી તબીબી તપાસ દરમ્યાન લેવામાં આવેલા લોહીના નમુનાનું પૃથ્કરણ કરી રીપોર્ટ આપેલ હોવાની હકીકત જણાવેલ છે તે સિવાય અન્ય કોઈ હકીકતથી ફરીયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૭૬)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૭૨ તરીકે સુજાતાબેન નરેન્દ્રભાઈ બ્રહમભટ્ટનાઓને આંક -૪૧૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,સને ૨૦૧૪માં તેણી અમદાવાદ એફ.એસ.એલ.માં સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી. તા.૧૯-૧૧-૨૦૧૩ના રોજ કુલ-૧૫ નમુના સીલબંધ હાલતમાં રવાનગી

નોંધ સાથે તેમની કચેરીને મળેલા હતા.તેણી બાયોલોજી વિભાગમાં ફરજ બજાવતી હતી તેથી તેમની કચેરીના હેડ તરફથી આ તમામ નુમના પૃથ્થકરણ માટે તેમની તરફ મોકલાવેલા. તેણીએ આ તમામ નમુનાનુ બાયોલોજીકલ પૃથ્થકરણ કરેલ. તેણીએ આ અંગેનો રીપોર્ટ તૈયાર કરેલ તેમજ બ્લડ, સલાઈવા અને સીમેન ના જે નમુના પોઝીટીવ મળેલા તેને સીરોલોજી વિભાગ તરફ ગ્રૃપીંગ અર્થે મોકલી આપેલ. ત્યારબાદ સીરોલોજી વિભાગના અધિકારીએ તે નમુનાનુ પરીક્ષણ કરી તેમનો રીપોર્ટ તૈયાર કરી તેમની તરફ મોકલાવેલ. તેણીએ આંક-૪૦૯ વાળો સીરોલોજી વિભાગનો રીપોર્ટ વંચાણે લીધેલો. તેણીએ જે રીપોર્ટ તૈયાર કરેલ તે આંક-૪૧૩ થી રજુ છે. તેણીએ આ બંને રીપોર્ટ તેમના નાયબ નિયામકશ્રી તરફ મોકલાવેલ. જે **આંક-૪૧૪** થી રજુ છે.

**(૭૬.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ દ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૫)...એ વાત ખરી છે કે, આંક-૪૧૩માં દર્શાવેલ પાર્સલ નં.ડી, ઈ, એફ, જી, એચ એ તમામ નમુનાઓ ભોગબનનારના છે. એ વાત ખરી છે કે, કોલમ નં.૪માં રૂધીર અને વીર્ય તરીકે ઓળખાયેલ હતુ તેવુ લખેલુ છે તેને હુ પોઝીટીવ રીપોર્ટ ગણુ છુ. એ વાત ખરી છે કે, પાર્સલ નં. કે અને એલ ના નમુના આરોપી આશારામના હતા. એ વાત ખરી છે કે, જે નમુના પૃથ્થકરણ દરમ્યાન વપરાઈ ગયેલ તે અંગે રીપોર્ટના પેજ નં.૪ પર અનુક્રમ નં.૧ તરીકે નોંધ કરેલ છે.(૬)...એ વાત ખરી છે કે, પાર્સલ નં.એમ અને એન ભોગબનનારના પતિના નમુના હતા.

**(૭૬.૨)** આમ સદર સાહેદની જુબાની જોતાં તેણીએ આરોપી નં.(૧) આશારામના લોહીના નમુનાનું પરીક્ષણ કરી તેઓ રીપોર્ટ કરેલ હોવાની હકીકત

રેકર્ડ પર આવેલ છે તે સિવાય ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત આ સાહેદના પુરાવા થકી રેકર્ડ પર આવેલ નથી.

## પોલીસ સાહેદોની જુબાનીની ચર્ચા

(૭૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૬ તરીકે ચંદાબેન ચેલારામ પટણીનાઓને આંક –૩૬૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે તા.૭–૧૦–૧૩ના રોજ કલાક ૧૨:૦૦ થી ૨૦:૦૦ સુધી તે પી.એસ.ઓ.ના ચાર્જમાં હાજર હતી તે દરમ્યાન સાંજના કલાક ૧૯:૦૦ ની આસપાસ તેમના સીનીયર પી.આઈ.શ્રી એચ.જી.ગોહીલે તેમને બોલાવેલી અને કહેલુ કે જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી '૦' નંબરથી એફ.આઈ.આર. આવી છે તે આધારે આપણા પો.સ્ટે.માં ગુનો દાખલ કરવાનો છે તે હુકમ આધારે તેણીએ જહાંગીરપુરા પો.સ્ટે.ના સુચિપત્ર આધારે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૫/૧૩ થી દાખલ કરેલી. જે તેના હસ્તાક્ષરમાં નોંધેલી. નીચે તેની સહી કરેલી. જે સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૨૫/૧૩ ની ઝેરોક્ષ ખરી નકલ દાખલ **આંક–૩૬૪** આપવામાં આવે છે.વધુમાં તેણીએ એફ.આઈ.આર. ફાડેલી અને તેની એક નકલ સંબંધીત કોર્ટ તરફ મોકલી આપેલી. સુચિપત્ર તૈયાર કરી ગુનાની આગળની તપાસ પી.આઈ.શ્રી ડી.બી.રવૈયાને સોંપેલી. જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી આવેલ તે જ '૦' નંબરની એફ.આઈ.આર. છે. **'૦' નંબરની એફ.આઈ.આર. આંક–૩૬૫** થી રજુ છે. જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી એફ.આઈ.આર. સાથે આવેલ રીપોર્ટ **આંક–૩૬૬ તથા આંક–૩૬૭** થી રજુ છે.તેણીએ ગુનાની તપાસ સોંપવા અંગે સુચિપત્ર તૈયાર કરેલ તેમાં નીચે તેણી સહી છે જે **આંક–૩૬૮** થી રજુ છે. તેણે ફાડેલ એફ.આઈ.આર. **આંક–૩૬૯** થી રજુ છે તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

(૭૭.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(પ)...મને આંક-૩૬૮ વાળુ સુચિપત્ર બતાવવામાં આવે છે તેમાં 'સુચિપત્ર' ના મથાળા હેઠળ જે ટાઈપ લખાણ છે તેની નીચે કોઈ સહી નથી. એ વાત ખરી નથી કે, મને જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી અસલ ફરિયાદ મળેલ ન હતી. મને આંક-૩૬પ બતાવવામાં આવે છે તે સુરત જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી ફાડવામાં આવેલ એફ.આઈ.આર. છે. એ વાત ખરી છે કે, આ એફ.આઈ.આર. નીચે ફરિયાદીની કે ફરિયાદ લેનાર અધિકારીની સહી નથી. એ વાત ખરી છે કે, જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી પેપર્સ કઈ રીતે આવેલા તેની મને જાત માહિતી નથી. મને સાહેબે એક બન્ચમાં કાગળો આપેલા મે એફ.આઈ.આર. પરથી એફ.આઈ.આર. ફાડેલી તે સિવાયના કાગળો મે વાંચેલા નથી.(૬)...લાંબો સમય થયેલ હોઈ એફ.આઈ.આર.ની નકલ કોર્ટમાં કેટલા વાગે મોકલેલી તે આજે યાદ નથી. મે જમાદારને તે જ દિવસે એફ.આઈ.આર.ની નકલ કોર્ટ તરફ મોકલવા સોંપી દીધેલી. મને એ વાતની ખબર છે કે, ગંભીર ગુનાની એફ.આઈ.આર. તાત્કાલિક કોર્ટ તરફ મોકલી આપવાની હોય છે. મને એ વાતની ખબર છે કે, કોર્ટ સમય પુરો થઈ ગયો હોય કે રજાનો દિવસ હોય તો એફ.આઈ.આર. જજશ્રીના ઘરે મોકલવાની હોય છે. એ વાત ખરી નથી કે, એફ.આઈ.આર.ની નકલ નામ.કોર્ટમાં મોકલવામાં આવેલ ન હતી. એ વાત ખરી છે કે, જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી આવેલ કાગળોમાં જે અધિકારીઓની સહી હતી તે હુ ઓળખી શકુ નહી. મે એફ.આઈ.આર. ફાડેલી તેમાં પી.એસ.ઓ. તરીકે નીચે મારી સહી કરેલી છે. (૭)...એ વાત ખરી છે કે, મે મારા અધિકારીશ્રીની સુચના મુજબ માત્ર એફ.આઈ.આર. ફાડેલી છે.

(૭૭.૨) સદર સાહેદની સરતપાસ જોતાં તેણીએ તા.૭–૧૦–૧૩ના રોજ કલાક ૧૨:૦૦ થી ૨૦:૦૦ સુધી તે પી.એસ.ઓ.ના ચાર્જમાં હાજર હતી તે દરમ્યાન તેમના સીનીયર પી.આઈ.શ્રી એચ.જી.ગોહીલની સુચના મુજબ જહાંગીરપુરા પો.સ્ટે. તરફથી '૦' નંબરથી એફ.આઈ.આર.આવેલ તે આધારે તેણીએ જહાંગીરપુરા પો.સ્ટે.ના સુચિપત્ર આધારે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૨૫/૧૩ થી દાખલ કરેલી. તેમજ તેણીએ તેણીએ એફ.આઈ.આર. ફાડેલી અને તેની એક નકલ સંબંધીત કોર્ટ તરફ મોકલી આપેલી. સુચિપત્ર તૈયાર કરી ગુનાની આગળની તપાસ પી.આઈ.શ્રી ડી.બી.રવૈયાને સોંપેલી. તેણીએ ગુનાની તપાસ સોંપવા અંગે સુચિપત્ર તૈયાર કરેલ હોવાની હકીકત જણાવેલી છે. સદર સાહેદ પોલીસ સાહેદ છે તેણીએ કરેલ કામગીરીના ભાગરૂપે કરેલ હકીકત જણાવેલી હોઈ તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

(૭૮) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩૮ તરીકે મહાવીરસિંહ કાળુસિંહ રહેવરનાઓને આંક –૩૮૨ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,તેઓ સને ૨૦૧૩માં ચાંદખેડા પો.સ્ટે.માં હેડકોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આશારામના કેસમાં તેઓ તપાસ કરનાર અમલદાર સાથે રાઈટર તરીકે હતા. આરોપી આશારામને તા.૧૪–૧૦–૧૩ના રોજ અટક કરેલા અને રીમાન્ડ પર મેળવેલા તે દરમ્યાન તા.૧૬–૧૦–૧૩ના રોજ તેમની મેડીકલ તપાસ કરાવવા અને સારવાર કરાવવા આશારામને લઈને સોલા સીવીલ હોસ્પિટલ ગયેલા. ડોકટરશ્રીને યાદી આપેલી અને એમ.એલ.સી.નં.૩૩૨૧/૧૩ વાળો કેસ કઢાવેલો અને ડો.શ્રી ચિંતનભાઈને મળેલા. ડોકટરશ્રીએ આરોપીના નમુના લીધેલા. જેમાં લોહી, લાળ, પ્યુબીક હેર અને નખના નમુના હતા. જે નમુના સીલબંધ

હાલતમાં ડોકટરશ્રીએ સોંપેલા. તે નમુના એ.ટી.એસ. કચેરીએ આવી પી.આઈ.શ્રી રવીચા સાહેબને સોંપેલા. તેઓએ બે પંચોને બોલાવી કલાક ૧૫:૦૦ થી ૧૫:૩૦ સુધીનુ પંચનામુ કરી આ મુદ્દામાલ નમુના કબજે લીધેલા. તપાસ કરનાર અમલદારે આ બાબતે તેમનું નિવેદન લીધેલુ.સદર સાહેદે મુદ્દામાલ તેમજ આરોપી આશારામ વી.સી. થી રજુ થયેલ છે તે જ છે તેવી રીતે ઓળખી બતાવેલ છે.

**(૭૮.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...એ વાત ખરી નથી કે, મને તપાસ કરનાર અમલદારે કોઈ પોલીસ યાદી આપેલ ન હતી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં નમુના એ.ટી.એસ. કચેરીએ રજુ કરેલા તેવુ લખાવેલુ નથી. એ વાત ખરી છે કે, પોલીસ ખાતા ધ્વારા વીકલી ડાયરી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, રોજે રોજની કરેલ કામગીરીનો તે ડાયરીમાં ઉલ્લેખ કરવામાં આવે છે. હવે હુ કહુ છુ કે, વીકલી ડાયરી અધિકારી માટેની હોય છે અમારે પેટ્રોલ બુક હોય છે. એ વાત ખરી છે કે, પેટ્રોલબુક દરેક મહિનાના અંતે પો.સ્ટે.માં જમા કરાવવાની હોય છે. એ વાત ખરી છે કે, મે મારી પેટ્રોલબુકમાં તા.૧૬-૧૦-૧૩ના રોજ ચાર સેમ્પલો સોલા સીવીલ હોસ્પિટલથી લાવી રજુ કર્યા તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

**(૭૮.૨)** આમ સદર પોલીસ સાહેદની જુબાની જોતાં આશારામના કેસમાં તેઓ તપાસ કરનાર અમલદાર સાથે રાઈટર તરીકે હોવાની અને આરોપી આશારામને તા.૧૪-૧૦-૧૩ના રોજ અટક કરેલા અને રીમાન્ડ પર મેળવેલા તે દરમ્યાન તા.૧૬-૧૦-૧૩ના રોજ તેમની મેડીકલ તપાસ કરાવવા અને સારવાર કરાવવા આશારામને લઈને સોલા સીવીલ હોસ્પિટલ ગયેલા. ડોકટરશ્રીને યાદી આપેલી અને એમ.એલ.સી.નં.૩૩૨૧/૧૩ વાળો કેસ કઢાવેલો

અને ડો.શ્રી ચિંતનભાઈને મળેલા. ડોકટરશ્રીએ આરોપીના નમુના લીધેલા. જેમાં લોહી, લાળ, પ્યુબીક હેર અને નખના નમુના હતા. જે નમુના સીલબંધ હાલતમાં ડોકટરશ્રીએ સોંપેલા. તે નમુના એ.ટી.એસ. કચેરીએ આવી પી.આઈ.શ્રી રવીયા સાહેબને સોંપેલા તેવી હકીકત રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ છે.

(૭૯) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં સાહેદ **નં.૩૯ તરીકે ખોડાભાઈ શંકરભાઈ ચૌધરીનાઓને આંક-૩૮૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૧ ૩-૨-૨૦૧૩ થી તા.૩-૩-૧૪ સુધી સુરતના જહાંગીર પુરા પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તા.૬-૧૦-૧૩ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા. સુરત શહેરના ડી.સી.પી. ઝોન-૪ના શ્રી શોભાબેન ભુતડા તરફથી લેખીત રીપોર્ટ સાથે ફરિયાદ ગુનો દાખલ થવા સારૂ તેમની તરફ આવેલી. તેઓએ ૦ નંબરથી ગુનો દાખલ કરેલો. આ અંગે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૬ થી તેમના હસ્તાક્ષરમાં નોંધ કરેલી. જહાંગીર પો.સ્ટે.ની સને ૨૦૧૩ની અસલ સ્ટેશન ડાયરી આક-૩૮૫ થી રજુ છે.ત્યારબાદ સદર ફરિયાદ અમદાવાદ શહેર તરફ મોકલવા તેમના પોલીસ કમિશનરશ્રી તરફ રીપોર્ટ સાથે મોકલી આપેલી.

(૭૯.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૪)...આ બનાવ અંગે મારી સમક્ષ કયારેય કોઈ માહિતી આપવામાં આવેલ ન હતી. શોભાબેન ભુતડાએ ફરિયાદ સાથે કોઈ સી.ડી. કે બીજુ સાહિત્ય મોકલાવેલ ન હતુ. મે ફરિયાદ આધારે ૦ નંબરથી ગુનો દાખલ કરેલો તે સિવાય ભોગબનનારનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મે ફરિયાદ આધારે ગુનો દાખલ કરેલો,

એફ.આઈ.આર. ફાડેલી અને આંક–૩૬૭ વાળો રીપોર્ટ કરેલો તે સિવાય બીજી કોઈ તપાસ કે કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, સ્ટેશન ડાયરી પોલીસ કમિશનર મારફત આપવામાં આવે છે. એ વાત ખરી છ` કે, જયારે જરૂર પડે ત્યારે પો.સ્ટે.ના માણસ કમિશનર કચેરીમાંથી રજીસ્ટર શાખામાંથી સ્ટેશન ડાયરી લાવે છે અને શાખા તરફથી તે રજીસ્ટરને પેજ નંબર તથા ઈસ્યુ તારીખ નાખી સંબંધીત ઓફીસરની સહી મેળવી ડાયરી આપે છે. હુ આજરોજ મારી સાથે જે સ્ટેશન ડાયરી લાવેલ છુ તે જોઈ જણાવુ છુ કે તેમાં કયા પેજ નંબરથી કયા પેજ નંબર સુધી તેની નોંધ તથા ઈસ્યુ તારીખ અને ઓફીસરની સહી નથી.(૫)...એ વાત ખરી છે કે, આંક–૩૬૭ના રીપોર્ટ સાથે ભોગબનનારનુ કોઈ નિવેદન મોકલાવેલ નહી. એ વાત ખરી છે કે, નિવેદન એટલે સી.આર.પી.સી.કલમ–૧૬૧ મુજબનુ નિવેદન. મે આંક–૩૬૭માં નીચે ભોગબનનારનુ નિવેદન એવો શબ્દ લખેલો છે તે શોભાબેન ભુતડાએ ભોગબનનારની જે ફરિયાદ મને મોકલાવેલ તે સંદર્ભે વાપરેલ છે. મે આ રીપોર્ટના છેલ્લા પેરામાં અસલ ફરિયાદનો જે ઉલ્લેખ કરેલ છે તે જહાંગીર પુરા પો.સ્ટે.માં ૦ નંબરથી ફાડેલ એફ.આઈ.આર. સંદર્ભે છે. એ વાત ખરી છે કે, ફરિયાદ અને સી.આર.પી.સી.ની કલમ–૧૬૧નુ નિવેદન બે અલગ છે. એ વાત ખરી છે કે, નિવેદનને ફરિયાદ ન કહેવાય. (૬)...મને અસલ એફ.આઈ.આર. રજીસ્ટર બતાવવામાં આવે છે તેમાં આ ગુનાની એફ.આઈ.આર.ના કોલમ નં.૩માં ૧૯૯૬માં ૧૯ પછીનો ૯ નો આંકડો ઘુંટેલો છે અને ૨૦૦૧માં ૨૦ પછીનો ૦ નો આંકડો ઘુંટેલો છે. એ વા ત ખરી છે કે, સુરત પોલીસ કમિશનરની કચેરી તરફથી અમદાવાદ પોલીસ કમિશનરની કચેરીમાં કાગળો કયારે આવ્યા તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે, આંક–૩૬૫માં પેરા નં.૧૩(ખ)માં ૦૦ પછી ૧૩ ઘુંટાયેલુ છે. એ વાત ખરી છે કે, આંક–૩૬૫માં કલોમ નં.૧૩(ઘ)માં

ચાંદખેડા અમદાવાદ લખેલુ છે. અસલ એફ. આઈ.આર. બુકમાં નં.૬૩ વાળી એફ.આઈ.આર.ના ડાબી બાજુ મથાળે જે નોંધ (ચાંદખેડા પો.સ્ટે. ફ.૨૧૮–૧૩ તા.૮–૧૦–૧૩) મારા હસ્તાક્ષરમાં નથી. એ વાત ખરી છે કે, અસલ એફ.આઈ.આર. રજીસ્ટરની નોંધ અને આંક–૩૬૫ની એફ.આઈ.આર.ની નોંધ જુદા જુદા હસ્તાક્ષરમાં છે. એ વાતખરી છે કે, એફ.આઈ.આર. રજીસ્ટર પી.એસ.ઓ.ના હસ્તક રહે છે. એ વાત ખરી છે કે, પી.એસ.ઓ. ફરિયાદ આધારે કોગ્નીઝેબલ ગુનાની એફ.આઈ.આર.માં નોંધ કરે છે.

**(૭૯.૨)** આમ સદર પોલીસ સાહેદની જુબાની જોતા સદર સાહેદે તેમની ફરજ દરમિયાન સુરત શહેરના ડી.સી.પી. ઝોન–૪ના શ્રી શોભાબેન ભુતડા તરફથી લેખીત રીપોર્ટ સાથે ફરિયાદ ગુનો દાખલ થવા સારૂ તેમની તરફ આવેલી. તેઓએ ૦ નંબરથી ગુનો દાખલ કરેલો હોવાની ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

**(૮૦)** આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૪ તરીકે શોભાબેન પુરષોતમભાઈ ભુતડાનાઓને આંક –૪૨૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,તેણી સને ૨૦૧૩માં સુરત ખાતે ડી.સી.પી. ઝોન–૪ તરીકે ફરજ બજાવતી હતી. જેના અંતર્ગત રાંદેર, અડાજણ, જહાંગીરપુરા, ઈચ્છાપુર અને હજીરા પો.સ્ટે. આવતા હતા.તા.૫–૧૦–૧૩ના રોજ સાંજના સમયે તેમની પાસે અરજદાર તરીકે સદર ગુનાના ફરિયાદી બહેન તેઓના પતિ સાથે અને તેમના બહેન અને બહેનના પતિ સાથે આવેલ હતા. તેમની સાથે તેમનુ બાળક પણ હતુ. તેઓએ તેમની સાથે ૧૯૯૬ થી તેઓ આશારામ આશ્રમ, મોટેરા, અમદાવાદમાં હતા ત્યા સુધી તેઓની સાથે થયેલ દુષ્કર્મની હકીકત જણાવેલી. સાથોસાથ તેમના બહેન

સાથે સુરતના જહાંગીર પુરા ખાતેના આશ્રમમાં થયેલ દુષ્કર્મની હકીકત તેઓની બહેન ધ્વારા જણાવવામાં આવેલી. જે સમગ્ર હકીકત સાંભળી તેની સંવેદનશીલતા જાણી અમોએ તેઓને અમારી ઓફીસની નીચે સુરતના પોલીસ કમિશનર બેસતા હોય તેઓની મુલાકાત કરાવેલી. અને ત્યારબાદ ફરીથી અમારા ઓફીસમાં આવી મોડી રાત્રે બંને બહેનોની એક પછી એક તેમના રૂબરૂની ફરિયાદી બહેનના લખાવ્યા મુજબની બંને ફરિયાદ નોંધેલી. સુરત ખાતેનો ગુનો જહાંગીરપુરા પો.સ્ટે. ખાતે દાખલ કરાવવા મોકલેલ. અને અમદાવાદ અંગેની વિગત જણાવેલ ફરિયાદ ૦ નંબરથી નોંધાવવા જહાંગીરપુરા પો.સ્ટે. ખાતે મોકલાવેલ. ફરિયાદીની ફરિયાદ તા.૬–૧૦–૧૩ના રોજ નોંધવામાં આવેલી. તેમને આંક–૨૭૯ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે તે તે જ છે તેના પર ફરિયાદીની અને રૂબરૂ તરીકે તેમની સહી છે. તેઓએ સદર ફરિયાદ જહાંગીરપુરા પો.સ્ટે. રીપોર્ટ સાથે એફ.આઈ.આર. દાખલ થવા મોકલી આપેલ. મને આંક–૩૬૮વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે તે તે જ છે તેમાં તેમની સહી છે.

(૮૦.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૫)...એ વાત ખરી નથી કે, ઓકટોબર–૨૦૧૩માં હુ ક્રાઈમબ્રાન્ચ સુરતમાં ફરજ બજાવતી હતી. સાહેદ જણાવે છે કે, હુ ડી.સી.પી.ઝોન–૪ તરીકે ફરજ બજાવતી હતી પરંતુ ક્રાઈમ બ્રાન્ચનો વધારાનો ચાર્જ મારી પાસે હતો. એ વા તખરી છે કે, ક્રાઈમબ્રાન્ચ કમિશનર એરીયામાં સ્વતંત્ર પો.સ્ટે. ધરાવે છે. એ વાત ખરી છે કે, ક્રાઈમ બ્રાન્ચ પો.સ્ટે.માં એફ.આઈ.આર. રજીસ્ટર અને પો.સ્ટે. રજીસ્ટર રાખવામાં આવે છે. એ વાત ખરી નથી કે, ફરિયાદીની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચની ઓફીસમાં લીધેલી. એ વાત ખરી છે કે, તા.૬–૧૦–૧૩ના રોજ જહાંગીરપુરા પો.સ્ટે.ના પી.આઈ. પોતાની ફરજ પર

હતા. એ વાત ખરી નથી કે, ગુજરાત પોલીસ એકટની જોગવાઈ ઉપર જયાં સુધી પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સુપીરીયર અધિકારીને રીપોર્ટ આપે નહી ત્યા સુધી સુપીરીયર અધિકારી પો.સ્ટે.ની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરી શકે નહી. મે ફરિયાદીને જે પો.સ્ટે.ની હદમાં ગુનો બનેલ ત્યા ફરિયાદ આપવા મોકલેલ ન હતા. એ વાત ખરી નથી કે, સી.આર.પી.સી.કલમ–૧૫૪ની જોગવાઈ પ્ર માણે જે પો.સ્ટે.ની હદમાં ગુનો બન્યો હોય તે પો.સ્ટે.ના પી.આઈ. કાર્યવાહી કરવા ફરજબધ્ધ છે. સાહેદ જણાવે છે કે, માત્ર તે જ પોલીસ સ્ટેશનના પી.આઈ. ફરજબધ્ધ છે તેવુ કહી શકાય નહી. મે ફરિયાદીની વિગત સાંભળ્યા બાદ તેને જહાંગીરપુરા પો.સ્ટે.ને ફરિયાદ આપવા મોકલેલ ન હતા. ફરિયાદમાં કોગ્નીઝેબલ અને ગંભીર ગુનાની વિગતો હતી અને આ બંને બહેનોને મારી રૂબરૂની ફરિયાદ આપવાની ઈચ્છા હતી અને પો.સ્ટે. જવાની ઈચ્છા ન હતી તેથી મે મારા રૂબરૂની ફરિયાદ નોંધેલી. મે ફરિયાદીની ફરિયાદ લેતા પહેલા ફરિયાદીએ જહાંગીરપુરા પો.સ્ટે.માં કોઈ ફરિયાદ લખાવેલ છે કે કેમ? તે બાબતે કોઈ તપાસ કરેલ ન હતી. (૬)...એ વાત ખરી છે કે, ડી.સી.પી.ઝોન–૪ની ઓફીસ પોલીસ કમિશનર કચેરીમાં આવેલી હતી. એ વાત ખરી છે કે, ફરિયાદ નોંધતા પહેલા તા.૫–૧૦–૧૩ ના રોજ ફરિયાદી મને મળેલા હતા. એ વાત ખરી નથી કે, ફરિયાદીની વિગત સાંભળ્યા બાદ મે તેમને કહેલુ કે તમારી ફરિયાદમાં દમ નથી.

સવાલ:– ફરિયાદી પોલીસ કમિશનરની કચેરીમાં ગયા હોય તેવુ બનેલુ? જવાબ:– હુ જાતે ફરિયાદીને પોલીસ કમિશનર પાસે લઈ ગયેલી.

(૭)...એ વાત ખરી નથી કે, ફરિયાદી એકલા પોલીસ કમિશનરની કચેરીમાં ગયેલા. એ વાત ખરી નથી કે, પોલીસ કમિશનર ફરિયાદીની ફરિયાદ સાંભળ્યા

બાદ મને તેમની કચેરીમાં બોલાવેલી. એ વાત ખરી નથી કે, પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાનાએ મને આદેશ કરેલ કે ફરિયાદીની ફરિયાદ લઈ લો. એ વાત ખરી નથી કે, તેમના આદેશ બાદ મે ફરિયાદ નોંધેલી.(૮)...મને આજે યાદ નથી કે, મે કરેલ કાર્યવાહીની નોંધ ડી.સી.પી.ઝોન−૪ની કચેરીના રેકર્ડમાં કરેલ કે કેમ? હુ એ વાત સાથે સહમત નથી કે, ડી.સી.પી.ઝોન−૪ની કચેરીમાં કરેલ કાર્યવાહીની નોંધ કચેરીના રેકર્ડમાં કરવી જોઈએ. એ વાત સાથે હુ સંમત નથી કે, હકુમત ધરાવતા પો.સ્ટે.માં ફરિયાદ લેવામાં આવે તો સીધેસીધી એફ.આઈ.આર.માં નોંધવી પડે. (૯)...એ વાત ખરી છે કે, ફરિયાદી મારી પાસે આવ્યા અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી થઈ તે સમય દરમ્યાન તેઓ સ્વસ્થ હતા. સાહેદ જણાવે છે કે, ફરિયાદની વિગતો જણાવતા દરમ્યાન તેઓ ભાવુક થઈ રડી પડતા હતા. ફરિયાદી ભાવુક થઈ રડી પડેલા તેની નોંધ ફરિયાદમાં કરવાની જરૂર જણાયેલ નથી તેથી કરેલ નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદી ગભરાયેલા હતા અને અસ્વસ્થ હતા. (૧૦)...હુ એ વાત સાથે સહમત નથી કે, સ્ત્રી સંબંધી ગુના અંગેની ફરિયાદ પો.સ્ટે.માં લઈ શકાય નહી. ફરિયાદીની ફરિયાદ નોંધી તે વખતે હુ, ફરિયાદી અને મારા રાઈટર હાજર હતા. સાહેદ જણાવે છે કે, ફરિયાદીનુ નાનુ બાળક હોય આ સમય દરમ્યાન ફરિયાદીના પતિ ત્યા આવતા જતા હતા. હુ એ વાત સાથે સહમત નથી કે, સેકસ સંબંધી કોઈપણ ફરિયાદ હોય તો તે વિડીયોગ્રાફીથી નોંધવી જોઈએ. જો સી.આર.પી.સી.કલમ−૧૫૪માં આવી જોગવાઈ હોય તો હુ તે જોગવાઈ સાથે સહમત છુ. મે ફરિયાદીની ફરિયાદ લીધી તે વખતે મને સેકસ સંબંધી ફરિયાદ વિડીયોગ્રાફીથી નોંધવી પડે તેવી કોઈ કાયદાની જોગવાઈની માહિતી ન હતી. હુ એ વાત સાથે સહમત નથી કે, ટેપ રેકોર્ડરથી ફરિયાદ નોંધવી જોઈએ. (૧૧)...એ વાત ખરી નથી કે, ફરિયાદી અસ્વસ્થ હતા અને તેમણે આવી કોઈ વિગત ફરિયાદમાં લખાવેલ ન હતી. એ વાત

ખરી નથી કે, મે આખી ફરિયાદ પોલીસની ભાષામાં ખુબ વ્યવસ્થિત રીતે મારી જાતે લખી નાખેલી છે. એ વાત ખરી નથી કે, ફરિયાદ ફરિયાદીના લખાવ્યા પ્ર માણેની નથી. (૧૩)...એ વાત ખરી છે કે, ફરિયાદ અગીયાર–બાર વર્ષ મોડી હતી. મને આટલી મોડી ફરિયાદ આપવામાં આવી ત્યારે પ્રીલીમનરી ઈન્કવાયરી કરવાની જરૂર જણાયેલ ન હતી. સાહેદ જણાવે છે કે, મે ફરિયાદીની જરૂરી પુછપરછ કરેલી. હુ એ વાત સાથે સહમત નથી કે, ખુબ જુના બનાવ અંગે ફરિયાદ આપવામાં આવે તો પ્રીલીમનરી ઈન્કવાયરી કરવી ફરજિયાત છે. (૧૪)...એ વાત ખરી છે કે, ફરિયાદીએ મારી રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''મોટેરા આશ્રમમાં દાખલ થવા માટે ગેટ આવેલો છે ત્યા કાર્યાલય આવેલો છે ત્યા મે મારૂ નામ કહેલુ. હુ સુરતથી અગીયાર દિવસનો અનુષ્ઠાન કરવા આવેલી છુ તેવુ કહેલુ ત્યારે કાર્યાલય ખાતે હાજર વ્યકિતએ મને કહેલુ કે, હા બાપુનો ફોન આવી ગયો છે. ત્યારબાદ મને એન્ટ્રી આપેલી. મે રૂા.૩૫૦/– એન્ટ્રી ફી ભરેલી. ત્યારબાદ મને અનુષ્ઠાન માટે પાંચ છોકરીઓ હતી તેમની સાથે રૂમમાં રાખેલી.(૧ ૫)...એ વાત ખરી છે કે, ફરિયાદીએ મારી રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''હુ મારી માતાને લક્ષ્મી મૈયા પાસે લઈ ગયેલી. તેણે મારી માતાને કહેલુ કે, તારે તારી છોકરી કોઈને તો આપવાની જ છે તો તુ અહીયા આપી દે આપણા કુટુંબમાંથી કોઈ એક વ્યકિત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જાય છે. ત્યારબાદ હુ મારી માતા લેવા આવેલા હોય રડવા લાગેલી મૈયાએ મને પ્રસાદ આપેલો અને કહેલુ કે રડે છે કેમ?(૧૬)...એ વાત ખરી નથી કે, ફરિયાદીએ મારી રૂબરૂની ફરિયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, ''ત્યારબાદ થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન મને બોલાવવા આવેલા અને કહેલુ કે તને ભારતીબેન બોલાવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૦.૨) આમ સદર સાહેદની જુબાની જોતાં ફરીયાદપક્ષ આ કામના સાહેદ સમક્ષ ભોગબનનારે તથા તેણીની બહેને તેણીની સાથે બનેલ દુષ્કર્મ બાબતેની ફરીયાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ નોંધાવેલી હોવાની હકીકત રેકર્ડ પર ફલીત થાય છે સદર હકીકતનું બચાવપક્ષ ધ્વારા ઉલટ તપાસ થકી કોઈ ખંડન થયેલ ન હોઈ ફરીયાદપક્ષ સદર સાહેદ સમક્ષ ભોગબનનારે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ લખાવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ છે.

(૮૧) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪૭ તરીકે તોરલ મિતેષકુમાર પટેલનાઓને આંક –૪૫૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,તેણી સને ૨૦૧ ૩ ની સાલમાં અમદાવાદ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતી હતી. તે દરમ્યાન ફસ્ટ ગુ.ર.નં.૨૧૮/૨૦૧૩ ની તપાસ પી.આઈ.શ્રી ડી.બી.રવીચાનાઓ સંભાળતા હતા. તે દરમ્યાન એસ.આઈ.ટી.ની નિમણુંક કરવામાં આવેલ હતી અને તેમાં તેણીની નિમણુંક કરવામાં આવેલ હતી. જે સીટની તપાસના કામે તેણીએ તા:૯/૧૧/૨૦૧૩ ના રોજ સરોજબેન પ્ર જાપતિનાઓનું નિવેદન લીધેલું. તે નિવેદન તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. તા:૩૦/૧૨/૨૦૧૩ ના રોજ શેખર ગીરધારીલાલનાઓનું નિવેદન લીધેલું જે નિવેદન તેણીએ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. ત્યાર બાદ તા:૧/૧ /૨૦૧૪ ના રોજ તેણીએ ભોગબનનારનું નિવેદન લીધેલું. જે નિવેદન પણ તેણીએ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. આ નિવેદનો તેણીએ પોલીસ સ્ટેશનમાં લીધેલા અને આ નિવેદન એકત્ર કરીને મે તપાસ કરનાર અધિકારીને સોંપેલ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૧.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૨)... સવાલ : સીટના સભ્ય તરીકે નિવેદન નોંધતા પહેલા તમને તપાસ કરનાર અધિકારીએ તપાસના તમામ કાગળો સોંપેલા અને જેનો તમે અભ્યાસ કરેલો ? જવાબ: ના. તપાસ કરનાર અધિકારી અન્ય તપાસમાં વ્યસ્ત હોય અને નિવેદન નોંધવા માટે અમોને સુચના કરતા અને સીટના સભ્ય હોય અમોએ નિવેદન નોંધેલા. એ વાત ખરી છે કે ભોગબનનાર, સાહેદ શેખરભાઈ ભાઈ અને સાહેદ સરોજબેનનું નિવેદન નોંધતા પહેલા મે કાગળનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે આ કાગળોમાં ટીનાબેન એકયુપ્રેશર અને ઉમાબેન પાંડેનાઓનું એફીડેવીટ સામેલ હતુ. એ વાત ખરી છે કે આ એફીડેવીટ એક અરજી સાથે તપાસ કરનાર અધિકારીને તપાસ માટે મોકલવામાં આવેલું. હાલમાં મને યાદ નથી કે સાહેદોનુ નિવેદન લેતા પહેલા આ એફીડેવીટ મે વાંચેલ કે કેમ. (૩)...એ વાત ખરી છે કે ભોગબનનારનુ નિવેદન મે લીધેલું. એ વાત ખરી છે કે આ ભોગબનનારના નિવેદનમાં ટીનાબેન એકયુપ્રેશર અને ઉમાબેન પાંડેનાઓના એફીડેવીટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે આ એફીડેવીટના આધારે ભોગબનનારના નિવેદનમાં તેમને જરુરી સવાલ પુછવામાં આવેલ છે. એ વાત સાથે હું સહમત થાઉ કે સીટના અધિકારી તરીકે જે તપાસ કરેલ હોય તેની કેસ ડાયરી બનાવવની હોય છે. એ વાત ખરી છે કે સાહેદ સરોજબેનનું નિવેદન મે તા:૯/૧૧/૨૦૧૩ ના રોજ લીધેલું. એ વાત ખરી છે કે સીટના મેમ્બર તરીકે મે માત્ર સાહેદના નિવેદન નોંધેલ છે તે સંદર્ભે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે રેવાડી ખાતે સત્સંગ હોવા બાબતે મે કોઈ જાતે તપાસ કરેલી નહીં. (૪)...એ વાત ખરી છે કે સાહેદ સરોજબેને મારા રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' તે વખતે કોઈ બે સ્ત્રીઓ બોલતી હતી કે કોઈ પતલી સ્ત્રીને શોધે છે તેને જોઈ છે. તે વખતે લાલાભાઈ રસોઈયા

અંદર આવેલા. તેઓ કોઈને શોધતા હતા. મે આખી ચાદર ઓઢેલી હતી પરંતુ સાઈડમાંથી જોતી હતી. આશારામની સતસંગી બહેનો ફુલની માળા બનાવતી હતી હુ ત્યા જઈને બેસી ગયેલી. આ બધી સ્ત્રીઓ આશારામના ગુણ ગાતી હતી મને એવુ લાગ્યુ કે જાણે મે કોઈ ગુનો કરેલો છે. આ સ્ત્રીઓને મે કોઈ વાત કરેલ ન હતી પરંતુ તેઓ એ રીતે બોલતા હતા કે તેમને ખબર હોય કે હુ રાતના આશારામ પાસે જઈને આવી છુ.'' એ વાત ખરી છે કે, સાહેદ સરોજબેને મારા રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' હુ એક બે વર્ષ સુધી એવા કન્ફયુઝનમાં હતી કે આવા ભગવાન હોતા હશે. આ બનાવ વખતે મારી ઉંમર આશરે ૨૩–૨૪ વર્ષની હશે. મારી સગી બહેનો જ આશારામ પર આટલો વિશ્વાસ કરતી હોય તો હુ મારી વાત કોને બતાવુ. સને ૨૦૦૬માં મે મારી માતાને અને બહેનને આ બનાવ વિશે વાત કરેલી. મારી મમ્મીએ કહેલુ કે તમને પસંદના હોય તો જશો નહી. મારા પતિ અમૃતભાઈને મે સને ૨૦૦૭માં આ વાત કરેલી જે તેમની સાથે મે લગ્ન કર્યા તે પહેલા આ વાત કરેલી. મે અમૃતભાઈને આ વાત કરેલી ત્યારે તેમણે કહેલુ કે કોઈ વાત નહી આગે પરમાત્માકી જો ઈચ્છા હોગી. એ વાત ખરી છે કે સાહેદે મારા રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, '' ત્યાર બાદ તેમના પર અનેક વાર હુમલા કરેલા. મારા પતિ અમૃતભાઈનું આશારામના માણસોને ખૂન કરી દીધેલ છે. '' એ વાત ખરી છે કે સાહેદે મારા રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, ''જોધપુરવાળા કેસ વિશે મે જાણેલુ તે વખતે મે કહેલુ કે હુ પણ આશારામ વિરૂઘ્ધ ગવાહી આપીશ. આ કામના ભોગબનનાર આશારામના આશ્રમમાં સતસંગ કરતા હતા તેથી હુ તેમને નામથી ઓળખુ છુ. (૫)....એ વાત ખરી નથી કે મે જે સાહેદોના નિવેદન લીધેલા તેની વિડીયોગ્રાફી કરવામાં આવેલ છે. હવે કહુ છું કે મને હાલમાં યાદ નથી કે વિડીયોગ્ર ાફી કરેલ કે કેમ. હાલના યાદ નથી કે મને આ વીડીયોગ્રાફીનું રેકોર્ડીંગ મે કયા

તપાસ અધિકારીને સોંપેલ. મને હાલમાં યાદ નથી કે મે જે વિડીયોગ્રાફીથી નિવેદન નોંધેલા તે વખતે રવીયાબેનની હાજરી હતી. એ વાત ખરી નથી કે તે વખતે સાહેદોએ એવું જણાવેલ કે '' હમને કુછ દેખા નહીં હે, હમ કુછ જાતને નહીં હૈ ઓર કુછ સુના નહી હૈ. તુમનો જો લીખના હૈ વો તુમ હમકો બતા દો. વૈસાહી હમ કોર્ટમાં બોલેગે.'' એ વાત ખરી છે કે આ સી.ડી. જો મને બતાવવામાં આવે તો હું જોઈને કહી શકુ કે રવીયા સાહેબ હતા કે નહિં.(૬)...એ વાત ખરી છે કે મે જે નિવેદનો લીધેલા તે સંદર્ભેની કોઈ કેસ ડાયરી મે બનાવેલ નથી અને રજુ કરેલ નથી. (૮)...આશરે ત્રણથી ચાર માસ સુધી આ કેસમાં તપાસના કામે હું સંકળાયેલ હતી.

સવાલ : એસ.આઈ.ટી.ના સભ્ય તરીકે શુ કામગીરી કરવી તે કોણ નકકી કરતુ હતું ?

જવાબ: તપાસ કરનાર અધિકારીશ્રી ડી.વી. રવિયા સાહેબની સુચના પ્રમાણે કામગીરી થતી હતી.

એ વાત ખરી છે કે શ્રી રવિયા સાહેબ તપાસ કરનાર અધિકારીએ કયા મુદ્દે સાહેદોનું નિવેદન લેવાનું તેવી સૂચના મુજબ નિવેદન નોંધવામાં આવેલા. એ વાત ખરી છે કે આઈ.ઓ.શ્રીની સુચના મુજબ ભોગબનનારનું તા:૧/૧/૨૦૧૪ ના રોજ જે નિવેદન લીધેલ તેમાં ટીનાબેન અને ઉમાબેન વિશે પ્રશ્નોત્તરી કરવી તેના અનુસંધાને નિવેનદ નોંધેલ. એ વાત ખરી છે કે જે સાહેદનું નિવેનદ નોંધતા હોય ત્યાં સુધીની જે તપાસ થયેલ હોય તે કાગળોનો મે અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે હુ સી.આર.પી.સી.ની કલમ-૧૭૨ થી માહીતગાર છું. એ વાત ખરી છે કે આ કામે મને તપાસના કામે બહાર જવા માટેની કોઈ સૂચના કે હુકમ મળેલ નથી.

(૮૧.૨) આમ સદર સાહેદની જુબાની જોતાં ફરીયાદપક્ષ આ કામના સાહેદની એસ.આઈ.ટી.ની નિમણુંક કરવામાં આવેલ હતી અને તેમાં તેણીની નિમણુંક કરવામાં આવેલ હતી. જે સીટની તપાસના કામે તેણીએ તા:૯/૧૧/૨૦૧૩ ના રોજ સરોજબેન પ્રજાપતિનાઓનું તથા તા:૩૦/૧૨/૨૦૧૩ ના રોજ શેખર ગીરધારીલાલનાઓનું ત્યાર બાદ તા:૧/૧/૨૦૧૪ ના રોજ તેણીએ ભોગબનનારનું નિવેદન લીધેલું. આ નિવેદનો તેણીએ પોલીસ સ્ટેશનમાં લીધેલા અને આ નિવેદન એકત્ર કરીને મે તપાસ કરનાર અધિકારીને સોંપેલ હોવાની હકીકત રેકર્ડ પર ફલીત થાય છે સદર હકીકતનું બચાવપક્ષ ધ્વારા ઉલટ તપાસ થકી કોઈ ખંડન થયેલ ન હોઈ ફરીયાદપક્ષ સદર સાહેદ સમક્ષ ભોગબનનારે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ લખાવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ છે.

(૮૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૫૨ તરીકે કૃષ્ણદેવસિંહ બાબુભા જાડેજાનાઓને આંક –૫૩૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે , સને–૨૦૧૩ ના અરસામાં તેઓ ચાંદખેડા પોલીસ સ્ટેશન સર્વેલસ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે સમયગાળામાં ફસ્ટ ગુના રજીસ્ટર નંબર–૨૧૮/૨૦૧૩ ના કામે સીટના સભ્ય તરીકે તેમની નિમુણક થયેલ હતી. ત્યારબાદ, ઈન્વેસ્ટીગેશન ઓફીસરની સુચના મુજબ તેઓ સોંપવામાં આવેલ કામગીરી તેઓ કરતા હતા. જેમાં તેઓએ દેવેન્દ્રભાઈ ભવરલાલ પ્રજાપતિ, દિનેશભાઈ ભાગચંદ્ર, શિલ્પીબેન ઉર્ફે જાનકી, સતીષ વાધવાણી, પ્રેમજીભાઈ સાવલીયાનાઓના નિવેદનો તેમના લખ્યા મુજબ લખેલ હતી. તેમજ તા.૧૨/૧૧/૨૦૧૩ ના રોજ કલાક–૨૨:૦૦ થી ૨૨:૩૦ દરમ્યાનમાં પંચનામું બે પંચોની હાજરીમાં તુષાર મુન્નાભાઈ વૈશ્યનું મેડીકલ તપાસણી કરવા સારું રીપોર્ટ આપેલ, જે અંગેના જરૂરી

નમુના લઈ સર્ટીફીકેટ આપવા અંગેની યાદી હતી, તે હેડ કોન્સ્ટેબલ વિષ્ણુસિંહ કીશોરસિંહનાઓએ મેડીકલ તપાસણીના નમુના સીલ બંધ હાલતમાં તેમની સક્ષમ રજુ કરતા, તે પંચનામાની વિગતે તપાસના કામે સામેલ રાખેલ.તેઓએ સાહેદે દેવેન્દ્રકુમાર પ્રજાપતિનું નિવેદન તા.૧૭/૧૧/૨૦૧૩ ના રોજ સુરત ખાતે લીધેલુ. આ સાહેદે તેમના રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ કે '' મે અંદર જઈ નજર કરતા આશારામ તથા છોકરી બંન્ને અર્ધનગ્ન કઢંગી હાલતમાં હતા. એ વાત ખરી છે કે સાહેદે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' આશારામની દિકરી ભારતીબેન ને મેં પોતે સેકસની વાતો કરતા સાંભળેલ છે જેમાં ભારતીબેન એ એક દિનેશભાઈ સિન્ધી નામના માણસ સાથે સેકસ સંબંધ હતો. જે સંબંધની આશારામને જાણ થતા આ દિનેશની બહુ મારપીટ કરાવેલ હતી.એ વાત ખરી છે કે સાહેદે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,''આ ત્રણેયની સાથે આશારામે અનેકવાર સંભોગ કરેલ છે.એ વાત ખરી છે કે સાહેદે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,'' કોઈ કોઈ વાર ભારતીબેન પણ તેમની ગાડીમાં છોકરીઓને લઈને આવતી.એ વાત ખરી છે કે સાહેદે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,''આશારામની કુટીયામાં છોકરી આવતા તેની પાસે પ્રથમ મુખ મૈથુન કરાવતા અને તે પછી સેકસ કરતા હતા. એક વખત એવું બનેલુ કે એકાદશીનો દિવસ હતો અને સાંજનો સમય હતો. તે વખતે આશારામે એક છોકરીને બોલાવેલ. બાપુએ તેને કહેલ કે તુ કયાં હતી ચાલ કુટીયામાં જેથી છોકરીએ કહેલ કે હું પીરીયડમાં છું તેવું કહેતા આશારામે કહેલ કે હુ બ્રહ્મજ્ઞાની છુ મને કોઈ પાપ લાગતુ નથી. તેમ કહી છોકરીને તેમના રુમમાં લઈ ગયેલા અને સેકસ કરેલ. તે વખતે આશારમના કપડા લોહીવાળા થયેલા છોકરી બહાર આવી રડવા લાગેલ અને કહેલા લાગેલ કે બાપુએ મને એકાંત વાસનો લાભ આપ્યો પરંતુ મારા કારણે બાપુના કપડા લોહીવાળા થયા. જેથી

અફસોસ થાય છે. આવી અંધશ્રધ્ધા સાધકો ધરાવે છે. છોકરીઓને આશારામ પાસે લાવવામાં આવે તે પહેલા સેકસ માટે ઉત્તેજના થાય તેવી કોઈ દવા પીવડાવવામાં આવતી હતી.ઉપરોકત કામગીરી કર્યા બાદ તપાસ કરનાર અમલદારને તે અંગેનો રીપોર્ટ કરેલ.

(૮૨.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૮)...એ વાત ખરી છે કે હું એસ.આઈ.ટી.નો મેમ્બર તપાસ શરૂ થઈ ત્યાંથી ચાર્જશીટ થઈ ત્યાં સુધીમાં હતો. એ વાત ખરી છે કે, મેં જે સાહેદોના નીવેદન લીધેલા તે સાહેદોએ નીવેદનમાં જે આક્ષેપો કરેલા તે બાબતે મેં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ સાહેદોએ નીવેદનમાં જે આક્ષેપો કરેલા તે બાબતે તપાસ કરવા માટે મેં મારા ઉપરી અધિકારીને કોઈ સુચન કરેલુ નહી. એ વાત સાથે હું સંમત થાવ કે કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરતા હોઈએ તો કેસ ડાયરી નિભાવી પડેલ. એ વાત ખરી છે કે, આ કેસમાં મેં કોઈ કેસ ડાયરી બનાવેલ નથી. એ વાત સાથે પણ હું સંમત થાવ કે પી.એસ.આઈ. તરીકે વિકલી ડાયરી મેન્ટેન કરવાની રહે છે. એ વાત ખરી છે કે મેં કરેલ કાર્યવાહીની વિકલી ડાયરીમાં નોંધ કરેલ હોય, તે મેં તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, ડી.સી.પી.શોભાબેન ભુતળાનાઓએ જયારે અમદાવાદ ખાતે ના આશ્રમમાં રેઈડ કરી, તે વખતે હું તેમની સાથે હતો.(૯)...એ વાત ખરી છે કે સાહેદ દેવેન્દ્રકુમાર પ્ર જાપતિનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે ''ત્યાર બાદ થોડા સમય પછી મને માહીતી મળેલ કે આશારામજીનો સંત્સગ વૃંદાવનમાં ૧ પમી ડીસેમ્બર ૧૯૯૬ થી ૨૦મી ડીસેમ્બર ૧૯૯૬ સુધી નિયત થયેલ છે. જેથી હું ત્યાં ગયેલો અને હું આશારામજી બાપુને મળેલો. હું આશારામજી

બાપુને વૃંદાવનમાં મળેલો. મને આશારામજી બાપુએ કહેલ કે કૌશિકભાઈ પાસ ેથી લેટર લઈ લો અને અમદાવાદ, મોટેરા આશ્રમમાં જજો અને તમને ત્યાં જે જોઈએ તે બધી સગવડી મળી રહેશે અને ત્યાં સેવા કરો. હું સપ્ટેમ્બર મહીનામાંજ વૃંદાવનથી સીધો અમદાવાદ આશ્રમમાં આવેલો. હવે જણાવુ છું કે, ડીસેમ્બર ભુલથી લખાવેલ છે પણ તે ખરેખર સપ્ટેમ્બર છે. મોટેરા આશ્રમ અમદાવાદમાં હું રામભાઈ અને વાણીભાઈને મળેલો અને તેઓએ મને આશ્રમની મુખ્ય દરવાજાની સુરક્ષાનું કામ સોપેલું.(૧૦)...એ વાત ખરી છે કે સાહેદ દેવેન્દ્રકુમાર પ્રજાપતિનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે ''જે છોકરીઓ દર્શન માટે આવતી હતી તેમાંથી આશારામજી બાપુને જે પસંદ આવે તેના તરફ ઈશારો કરતા અને તેને ફરીથી સાંજના સેવા માટે બોલાવતા. આશ્રમની સંચાલિકાઓ જેમાં ઢેલ, મીરા, નિર્મલા કે જે લોકોને કોડવર્ડના નામથી બોલાવવામાં આવતા હતા તે આ છોકરીઓને લઈને આવતા હતા.(૧૧)... એ વાત ખરી છે કે સાહેદ દેવેન્દ્રકુમાર પ્રજાપતિનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે ''સંચાલીકાઓનુ મુખ્ય કામ છોકરીઓને બાપુના આશ્રમમાં કુટીયા સુધી પહોંચાડવાનું હતું. જે છોકરીઓને બાપુનો આદેશ હતો તેને પહોંચાડવાની કામગીરી હતી. (૧૨)...એ વાત ખરી છે કે સાહેદ દેવેન્દ્રકુમાર પ્રજાપતિનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે ''આ આશ્રમમાં લોકોનુ શારિરીક શોષણ, ધોખા,વિશ્વાસઘાત થતો હતો. જેથી આશ્રમ છોડવાનો મે નિર્ણય લીધેલો.(૧૩)...મે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનું નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે આ સાહેદે મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલુ નથી કે,'' હું મહીલા આશ્રમમાં આસારામની પત્ની અને દીકરી ભારતી સાથે રહેતી હતી.(૧૪)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે, '' તે તેમની સાસરીમાં રહેવા

ગયેલા નહી અને અમદાવાદ આશ્રમમાં જ રહેતા હતા.(૧૫)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે, ''આશારામ અમદાવાદની બહાર સતસંગમાં જતા ત્યારે હુ પણ તેમના પત્ની સાથે જતી હતી અને આશારામ સાથે બગલો, ઢેલ અને બીજી સાધીકાઓ પણ સાથે જતી હતી. જેમાં બગલો અને ઢેલ આશારામની આગળ પાછળ રહેતા હતા.(૧૬)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે, ''હું મહિલા આશ્રમમાં રહેવા આવેલી ત્યારબાદ જોયેલુ કે, આશારામ અમદાવાદમાં હોય અને આશ્રમમાં સતસંગ કરવા આવે ત્યારબાદ સતસંગ પુરો થયા પછી ઢેલ અને બગલો તથા ધ્રુવબેન કોઈ છોકરીઓને લઈને આશારામની પત્ની સાથે વાત કરવા આવતી અને ત્યારબાદ છોકરીઓને લઈને જતા રહેતા. તે છોકરીઓ કોઈ છોકરીઓ આશારામની પત્ની પાસે આવીને રડતી હતી અને તેઓ તેને શાંત્વના આપતા હતા. શરૂઆતમાં મને ખબર પડેલી નહી પરંતુ પાછળથી છોકરીઓની વાતચીતથી જાણવા મળેલુ કે ઢેલ, બગલો અને ધ્રુવબેન છોકરીઓને રાતના સમયે શાંતિવાટીકામાં આશારામ પાસે લઈ જતા હતા.(૧૭)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે, '' એક વાર હુ ઢેલ અને બગલો સાથે આશારામના સતસંગમાં પુષ્કર ગયેલી તે વખતે પણ જોયેલુ કે ઘણીવાર રાતના સમયે ઢેલ અને બગલો રૂમમાં હાજર ન હતા. તેઓ તે વખતે કયા જતા હતા તેની મને માહિતી નથી. મે એવુ સાંભળેલુ કે આશારામ સગીર ઉંમરની છોકરીઓ સાથે ખોટા કામો કરતા હતા અને તેને કોડવર્ડમાં ધ્યાન કરવુ તેમ કહેતા હતા. મે એવુ પણ જાણેલુ કે જો કોઈ છોકરી આશારામનો વિરોધ કરે તો ઢેલ, બગલો અને ધ્રુવ તેને ચુપ કરાવી દેતી હતી. મે એવુ પણ જાણેલુ કે, જો કોઈ છોકરી ગર્ભવતી થઈ જાય

તો સાબરમતી એરીયામાં આવેલ કોઈ દવાખાનામાં લઈ જઈ તેનો ગર્ભપાત કરાવી દેતા હતા. મને આ વાતો જાણીને શરૂઆતમાં ખુબ ધકકો લાગેલો ત્યારબાદ મે આશારામના પત્નીને આ બાબતે પુછેલુ તેમણે કહેલુ કે જે થાય છે તે જોયા કરો. આશારામ કઈ પણ કરી શકે તેમ છે. અને જો સુરક્ષા ચાહતી હોય તો કોઈને આ વાત કરશો નહી. (૧૮ )...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે,'' મે ઘણીવાર એવુ પણ જોયેલુ કે, ભારતી રાતના મહિલા આશ્રમમાં હોતા ન હતા અને સવારે પણ બહાર જાય ત્યારે એક બે કલાક પછી પાછા આવતા હતા. મે આ બાબતે ભારતીને પુછેલુ તેણે કહેલુ કે, બાપુ કહે છે કે તુ છોકરીઓને લઈને મારી પાસે આવ નહી તો હુ સતસંગમાં જાહેરમાં એવુ કહીશ કે આ ચારીત્યહિન છે અને તારી બદનામી થઈ જશે તેથી મારે જવુ પડે છે. ભારતીએ મને એવુ પણ કહેલુ કે હુ અને મૈયા વરસોથી આ જોઈએ છીએ અને સહન કરીએ છીએ પરંતુ અમે કયાંય જઈ શકતા નથી અને જો વિરોધ કરીશુ તો કદાચ અમે પણ જીવતા રહીશુ નહી.(૧૯)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે,''આશારામ સતસંગ દરમ્યાન પણ ઘણીવાર માઈક પર મૈયા અને ભારતીને ગમે તેમ બોલીને ડાંટતા હતા. જેથી મૈયા અને ભારતી પણ આશારામથી ડરીને રહેતા હતા.(૨૦)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે,''સને ૨૦૧૩માં નારાયણસાઈ ફરાર હતા તે વખતે સુરત પોલીસે મને બોલાવેલી તેથી હુ સુરત ગયેલી. પોલીસના પુછવાથી મે જણાવેલુ કે હુ નારાયણસાઈ સાથે રહેતી નથી. તેમને ઘણી છોકરીઓ સાથે અવૈદ્ય સંબંધો છે અને ઘણા અનૌરસ સંતાનો છે. મીડીયા મારફત આશારામને અને નારાયણસાઈને મારા નિવેદન વિશે જાણ થતા તેઓએ આ

નિવેદન પાછુ લઈ લેવા મને પણ ધમકીઓ આપેલી હતી. મારી માતા અને બહેનોને પણ ધમકીઓ આપતા હતા તેથી અમે ઘણા દબાવમાં હતા તે વખતે અમદાવાદની પોલીસ મારી પુછપરછ કરવા ઈન્દોર આવેલી. તે વખતે આ બધી વાત મે પોલીસને બતાવેલી ન હતી.(૨૧)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે,''મહીલા આશ્રમમાં સ્ત્રી ઓને કોઈ સન્માન મળતુ ન હતુ.'' અને '' નારાયણ સાંઈ મને પત્ની તરીકે બહુ મહત્વ ન આપતા હતા.'' એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે,''વ્યાસપીઠનું સંચાલન મહીલા તરફે ઢેલ, બગલો અને ધ્રુવ સંભાળતા હતા.(૨૨)...એ વાત ખરી છે કે સાહેદ જાનકી ઉર્ફે શિલ્પી નારાયણનાઓએ મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ પણ લખાવેલ નથી કે, ''મારા પિતાજીએ આશારામના પ્રભાવમાં આવીને પોતાની તમામ સંપતિ આશ્રમને આપી દીઘેલી. સને ૨૦૧૩માં મારા પિતાજીનુ મૃત્યુ થયેલુ તે વખતે આશારામ ભોપાલ આવેલા તે વખતે તેમણે મને કહેલુ કે નારાયણસાઈના અવૈધ સંતાનને તું અપનાવી લે પરંતુ મે ના પાડેલી.(૨૩)...એ વાત ખરી છે કે સાહેદ જાનકીબેનનું નિવેદન તેમના ઘરે ઈન્દોર મુકામે જઈને લીધેલુ. એ વાત ખરી છે કે, આ નીવેદન લીધુ તેની વિડીયો ગ્રાફી કરવામાં આવેલી. (૨૪)...એ વાત ખરી છે કે સાહેદનું મે જે નીવેદન લીધેલુ તેની વિડીયોગ્રાફી લીધેલી. તેની તૈયાર કરેલ કોપી મને આપવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે આ સાહેદે મારા રૂબરૂ ના વિડીયોગ્રાફી ના નીવેદન એવુ જણાવેલુ નથી કે, એ વાત ખરી છે કે, મારૂં પોલીસ જયારે નિવેદન લેતા હતા ત્યારે વિડિયોગ્રાફો કરેલી હતી મને આજરોજ અદાલતમાં સીડી રન કરીને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમા હું છું.એ વાત ખરી છે

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

કે મને પોલીસે જે સવાલ પુછેલ તેના મે નીચે મુજબ ના જવાબો આપેલા **(સમય– ૦૪:૧૮ કલાક થી ૦૬:૩૧ કલાક સુધી)**

સવાલ પોલીસ – તબ શાન્તિ વાટિકા મેં ઔર કોઈ લડકી આતી થી ?

જવાબ જાનકી – નહી,બસ અમ્માજી કી સેવિકા થી. સજની બહન કરકે અમ્માજી કી સેવિકા થી ઔર અમ્મા દો જને રહતે થે.

સવાલ પોલીસ – સજની બેન ?

જવાબ જાનકી – હા,

સવાલ પોલીસ – વહી રહતે થે ?

જવાબ જાનકી – હા,

સવાલ પોલીસ– શાન્તિ વાટીકા મેં ?

જવાબ જાનકી– અમ્માજી કી સેવા મે રહતે થે.

સવાલ પોલીસ – તો ભારતીજી કબ રહને આઈ વાપિસ ?

જવાબ જાનકી– વો આના જાના હી કરતે થે ન, ઉનકે પતિ તો ફિર ૨૦૦૨ મેં ચલે ગયે થે. અપને માતા પિતા કે પાસ તભી ભી વો કભી કભી આતી થી યહા કભી અપને ઘર પર હી રહતી થી.

સવાલ પોલીસ– તબ જૈસે આપને કભી ઈધર રહે આપ ઈસ દરમિયાન મેં આપને કભી દેખા કે આપકે સિવાય કોઈ લડકી હો જૈસે શાન્તિ વાટીકા કુટીયા મેં ગયે, આયે. કભી દેખા ?

જવાબ જાનકી– નહીં(સંજ્ઞા કરતે હુઅ)

સવાલ પોલીસ– કભી દેખા નહી હૈ ?

જવાબ જાનકી– નહી.

(૨૫)...એ વાત ખરી છે કે સાહેદનું મે જે નીવેદન લીધેલુ તેની વિડીયોગ્રાફી લીધેલી. તેની તૈયાર કરેલ કોપી મને આપવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે આ સાહેદે મારા રૂબરૂ ના વિડીયોગ્રાફી ના નીવેદન એવુ જણાવેલુ નથી કે, **( ૧૦:૫૦ થી ૧૧:૫૫ ના સમયગાળા દરમ્યાન)**

સવાલ પોલીસ– ઢેલ કા પુરા નામ માલુમ હૈ આપકો ?

જવાબ જાનકી– નહી સિર્ફ ઈતના પતા હૈ ઉસકા નામ નિર્મલા હૈ.

સવાલ પોલીસ– ઔર બંગલો ?

જવાબ જાનકી– ઉસકા નામ મિરા હૈ.

સવાલ પોલીસ– વો કોન થી સાધિકા થી, કિ કયા થી ?

જવાબ જાનકી– વો સેવિકાયે થી જૈસે બાપુજી ઉસ વકત દર્શન કી લાઈન લગાતે થે યા એસે તો વો પ્રસાદ વગૈરહ દેના યા કિસી કો મિલવાના હો સ્ટેજ પર વ્યાસપીઠ પર તો ઉસકે લિએ, યા દિક્ષા દેતે થે બાપુ તો ઉસ સમય સેવા કરની હો.

સવાલ પોલીસ– કિસકી મુલાકાત કરવાતી થી, બાપુજી કો વ્યાસપીઠ પર ?

જવાબ જાનકી– અબ આતે થે બહુત સારે લોગ, મુજે તો ઈતના જયાદા નહી પતા પર યહી જો લોકલ જૈસે વહીં કે લોગ હૈ.

(૨૬)...એ વાત ખરી છે કે સાહેદનું મે જે નીવેદન લીધેલુ તેની વિડીયોગ્રાફી લીધેલી. તેની તૈયાર કરેલ કોપી મને આપવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે આ સાહેદે મારા રૂબરૂ ના વિડીયોગ્રાફી ના નીવેદન એવુ જણાવેલુ નથી કે, **( ૪૩:૨૫ થી ૪૪:૦૩ ના સમયગાળા દરમ્યાન)**

સવાલ:– પોલીસ :– ઔર ભારતીજી, ભારતીજી કે બારે મે ?

જવાબ:– જાનકી:– વો તો જયાદાતર રહતે હી નહી થે ના. બહાર રહતે થે.

સવાલ:– પોલીસ:– ફિર મૈયાજી, મૈયાજી કા સ્વભાવ કૈસા થા ?

જવાબઃ– જાનકીઃ– મૈયાજી તો બહુત અચ્છે સ્વભાવ, મૈયાજી ભારતીજી દોનો કા સ્વભાવ બહુત અચ્છા હૈ ઔર જૈસે મુજે હમેશા પ્રેમ સે રખતે થે વો દોનો. યહા પે ઈન્દોર આઈ ઉસકે બાદ ભી કાફી મેરા ધ્યાન રખતે થે.

(૨૭)...એ વાત ખરી છે કે સાહેદનું મે જે નીવેદન લીધેલુ તેની વિડીયોગ્રાફી લીધેલી. તેની તૈયાર કરેલ કોપી મને આપવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે આ સાહેદે મારા રૂબરૂ ના વિડીયોગ્રાફી ના નીવેદન એવુ જણાવેલુ નથી કે, **( ૪૪:૨૨ થી ૪૪:૪૬ ના સમયગાળા દરમ્યાન)**

સવાલઃ– પોલીસ :– જૈસે એફ.આઈ.આર. હુઈ, તો આપ કયા સોચતે હો, સબ સહી હૈ કી કયા હૈ ?

જવાબઃ– જાનકીઃ– પતા નહી હૈ મુજે કયોકી મે ઈતના જયાદા ઈસમેં આતી નહી થી કિસી ચીજો મે. મે મતલબ જૈસે આપકો બતાયા મહીલા આશ્રમ મેં અંદર થા મેરા મૈયાજી સે લિંક ઔર ઈનસે ઈતના જયાદા રહા નહી કિસી સે. મુજે વો પંસદ થા કિતાબેં વગેરે પઢના તો, લાઈબ્રેરી થી મહીલા આશ્રમ મેં બહુત બડી જૈસે મુજે સમય મિલતા થા મૈ વહા જાકે બૈઠ જાતી થી પઢને કે લિએ.

(૨૮)...એ વાત ખરી છે કે સાહેદનું મે જે નીવેદન લીધેલુ તેની વિડીયોગ્રાફી લીધેલી. તેની તૈયાર કરેલ કોપી મને આપવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે આ સાહેદે મારા રૂબરૂ ના વિડીયોગ્રાફી ના નીવેદન એવુ જણાવેલુ નથી કે, **( ૪૮:૧૧ થી ૫૦:૩૬ ના સમયગાળા દરમ્યાન)**

સવાલઃ– પોલીસઃ– ફીર જૈસે મલંગ શબ્દ હૈ મલંગ... કિસકો બોલતે હૈ ?

જવાબઃ– જાનકીઃ– વો જો અહમદાબાદ મેં હી લોકલાઈસ્ડ હૈં. ૫–૬ ,૬–૭ બહને હૈં વો શાયદ સાધિકાએ હૈ કે વો મતલબ પહલે હી આતી

હૈ મેરી શાદી કે, પહલે હી આતી જાતી હૈ આશ્રમ મેં ઔર સેવા ભી કરતી હૈ શિવિરોં મેં ઔર, ઉનકા હી નામ મૈંને સુના મલંગ બોલતે હૈ તો શાદી ભી નહી કી હૈ સેવા કી હૈ આશ્રમ મેં, કોઈ મહિલા આશ્રમ મેં ભી કરતી, દવાખાને મેં ભી કરતી.

સવાલ:– પોલીસ:–ઉનકો હી મલંગ બોલતે હૈ ?

જવાબ:– જાનકી:– હા,

સવાલ:– પોલીસ:– કયો ઉસકો એસા બોલને કા મતલબ, મિનિંગ ?

જવાબ:– જાનકી:– મુજે તો નહી પતા, સુના હૈ ઉનકે પૂરે ગ્રુપ કા નામ,મલંગ બોલતે હૈ ઉનકો

સવાલ:– પોલીસ:– વો વહી રહતે હૈ જો મલંગ હૈ ?

જવાબ:– જાનકી:– અહમદાબાદ મેં હી રહતે હૈ જૈસે રવિવાર ગુરૂવાર કો આતે હૈ તો મૈયાજી કે પાસ થોડી દેર આકર બૈઠતે થે, મહિલા આશ્રમ મેં આ કે.

સવાલ:– પોલીસ:– કિસકો બોલતે થે મલંગ એસા કોઈ નામ યાદ હૈ આપકો ?

જવાબ:– જાનકી:– એક વો ઢેલ, બંગલોં તો થી હી ઔર એક ગોપી બહન કરકે થી અભી જો દવાખાને મેં સેવા કરતી હૈ. ઉનકી બહન થી મેનકા.

સવાલ:– પોલીસ :–ગોપી બહન કી બહન થી મેનકા ?

જવાબ:– જાનકી:– હાં, એક મેનકા બહન જો ટેલીફોન ઓપરેટર કા કામ કરતી થી અભી શાયદ રીટાયર હો ગયી હૈ. ઉનકી બહન થી ગોપી વો બહન વો અભી ભી શાયદ દવાખાને મેં સેવા કરતી હૈ.

સવાલ:– પોલીસ:– મેનકા બહન કો ભી બોલતે થે મલંગ ?

જવાબ:–જાનકી:– હા, મતલબ ઈનકે ગ્રુપ કો હી એસા બોલતે થે.

સવાલ:– પોલીસ:– ઢેલ–બંગલો, ગોપી બહન, મેનકા બહન ઔર ?

જવાબ:– જાનકી:– હરદેવી બહન કરકે થી શાયદ, મતલબ યે સબ સિંઘીથી સારી બહનેં.

સવાલ:– પોલીસ:– યે સબ આશ્રમ મેં નહી રહતી થી ?

જવાબ:– જાનકી:– નહી અહમદાબાદ સે લોકલાઈસ્ડ, રવિવાર ઔર ગુરુવાર આતી થી દર્શન કરને મૈયા મતલબ નિયમ થા ઈનકા વટવૃક્ષ કો પરીક્ર મા કરને કા તો એસે આતી થી.

(૨૯)...એ વાત ખરી છે કે, સાહેદનુ જે નીવેદન લેવામાં આવે તેમાં તેમની સહી લેવામાં આવતી નથી. એ વાત ખરી છે કે મે જે સાહેદોના નીવેદન લીઘેલા તે હેન્ડ રાઈટીંગ નીવેદન હતા. (૩૦)...એ વાત ખરી છે કે સાહેદ શીલ્પીબેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે ''અને આ દરમ્યાન શાંતી વાટીકા જે આશારામ મુખ્ય આશ્રમથી થોડે દુર આવેલ છે ત્યાં આશારામ બાપુનો એક રૂમ હતો અને બીજો રૂમ લક્ષ્મી મૈયાનો હતો. જેથી અમો લક્ષ્મી મૈયાને મળવા માટે શાંતી વાટીકા કુટીયામાં જતા–આવતા હતા.(૩૧)...એ વાત ખરી છે કે આ નીવેદન આપતા તે સમયે સાહેદ મુકત મને અને કોઈપણ જાતના દબાણ વગર હતા.(૩૨)...એ વાત ખરી છે કે મે સાહેદ સતીષ વાઘવાણીનું નીવેદન પણ ઈન્દોર જઈને લીઘેલુ. એ વાત ખરી છે કે સાહેદે પોતાનો મોબાઈલ નંબર–૯૩૦૩૦૪૦૦૦૮ હોવાનું લખાવે છે .(૩૩)...એ વાત ખરી છે કે આઈ.ઓ.ની સુચના પ્રમાણે અમે નીવેદન માટે ગયેલા. સાહેદે જાતે અમારી સંપર્ક નીવેદન આપવા માટે કરેલ નહી. (૩૪)... મને એ વાત નો ખ્યાલ નથી કે સાહેદ ઉમા પાંડે અને ટીના એકયુપ્રેસર નો જવાબ આશ્રમમાં જઈને લેવામાં આવેલો કે કેમ.(૩૫)...એ વાત ખરી નથી કે સાહેદના નીવેદન મેં મારી રીતે લખી લીઘેલ છે અને ખોટી રીતે પૃષ્ટી આપવા માટે લખી લીઘેલ છે.(૩૬)...એ વાત ખરી છે કે, આ કેસની તપાસની નોંધ થતી કેસ ડાયરી મારે જોવાનો પ્રસંગ બનેલ નથી. પી.આઈ. શ્રી રવીયાનાઓએ કામગીરી કરવા

માટેનું સુચન કરેલુ હતુ. મને જે દિવસે તપાસ મળેલ તે પહેલાના તપાસના કાગળોનો મે અભ્યાસ કરેલ નહી. મને પી.આઈ.શ્રી રવીયાનાઓએ જે સુચન કરેલ, તે લેખીત માં કરેલ. એ વાત ખરી છે કે, આ લેખીત સુચનમાં મારે સ્વતંત્ર રીતે તપાસને લગતા કોઈ સુચન કરવા નહી તેવી કોઈ નોંધ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મે લીધેલ સાહેદોના લીધેલ નીવેદન બાદ મને કોઈ અન્ય સાહેદોના નીવેદન લેવા તે બાબતે તપાસ કરવા માટે સુચન કરવા માટે આઈ.ઓ. ને સુચન કરવુ યોગ્ય લાગેલ હોય તેવુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મેં જે સાહેદોના નીવેદન લીધા તે નોંધતા પહેલા અગાઉ થયેલ તપાસના કાગળો વાંચવાનુ મને યોગ્ય જણાયેલ નહી.(૩૭)...એ વાત ખરી છે કે, તપાસ શરૂ થઈ તે પહેલા મે રૂબરૂ માં આશ્રમની મુલાકાત લીધેલી. હું ચાંદખેડા અને મોટેરા આજુબાજુના વિસ્તારથી સારી રીતે વાકેફ છું. એ વાત ખરી છે કે, જે સાહેદોના મારે નીવેદન લેવાના હતા તે સુચના લેખીતમાં આપેલ હતી. એ વાત ખરી છે કે, મને જે લેખીત સુચન મળેલા તેને ચાર્જશીટના કાગળોનો ભાગ બનાવા માટે કેસ ડાયરીમાં નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદોના નીવેદન માંથી જો કોઈ હકીકત ખુલેલ હોય તો તે બાબતે તપાસ કરવા માટે મે આઈ.ઓ.ને કોઈ સુચન કરેલ નથી. મને એ વાતનો ખ્યાલ નથી કે મે સાહેદોનું નીવેદન લીધુ તે પહેલા તેઓ અગાઉ કોઈ દુષ્કર્મ બાબતે કે હેરાનગતિ બાબતે ફરીયાદ કરેલ કે કેમ. એ વાત ખરી છે કે, સાહેદોના નીવેદન નોંધવાના છે તે બાબતે મે કોઈ નોંટીસ આપેલ હોય તે બાબતે મે કોઈ કેસ ડાયરીમાં નોંધ કરેલ નથી. (૩૮)...એ વાત ખરી નથી કે મારા ઉપરી અધિકારીની ખોટી તપાસને સમર્થન આપવા મે ખોટી તપાસ કરેલ છે. એ વાત ખરી નથી કે, ફરીયાદપક્ષને સમર્થન આપવા હું સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.પ૩ તરીકે અશોકસિંહ ગલતુભા ગોહીલનાઓને આંક –પ૩૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,આ કેસમાં સીટની રચના થઈ ત્યારે તેઓ સીટના સભ્ય તરીકે હતા. તેઓ સને ૨૦૧૨ –૧૩ માં ચાંદખેડા પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો. આ તપાસ દરમ્યાન તેઓને ઈન્વેસ્ટીગેશન ઓફીસર દવારા સાહેદોના નીવેદન લેવા માટે, તેમજ આ કામના આરોપી આસારામની શરીર સ્થિતીનું પંચનામું કરવા માટેની કામગીરી તેઓને સોંપવામાં આવેલી. તારીખ –૨૨/૧૦/૨૦૧૩ ના રોજ દીવસે બે પંચોની હાજરીમાં આશારામનું શરીર સ્થિતીનું પંચનામુ કરેલ હતું. ત્યારબાદ, સાહેદ ગોવિદદાન દાદુદાન ચારણનું નીવેદન નોંધેલ હતુ. સાહેદે કૌશીક કેશવલાલ પટેલનું નીવેદન નોંધેલ હતુ. સાહેદ ઈશ્વરભાઈ નારાયણભાઈ નાયકનું પણ નીવેદન અમોએ નોંધેલ હતુ.

(૮૩.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૩)...એસ.આઈ.ટી. ની રચના થઈ ત્યારથી લઈને ચાર્જશીટ સુધી હું એસ.આઈ.ટી.ના સભ્ય તરીકે હતો. એ વાત ખરી છે કે કોગ્નીઝેબલ ગુનાની તપાસ કરતા હોય, ત્યારે કેસ ડાયરી મેનટેન્ટ કરવી જોઈએ. એ વાત ખરી છે કે, મે કરેલ તપાસની કેસ ડાયરી ઈન્વેસ્ટીગેશન ઓફીસરને સોંપેલ નથી અને મેં કેસ ડાયરી બનાવેલ નથી. (૪)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વર નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે '' મેં કહેલુ કે, મને આમા કોઈ અનુભવ નથી. છતાં આશારામે આશ્વાસન આપતા કહેલુ કે, હું તને પ્રેત યોનીમાં જતો બચાવીશ તે માટે તું અત્યારે ને અત્યારે મંત્ર દિક્ષા લઈ લે. આમ, કહીને મંત્ર દિક્ષા આપીને આશારામ ચાલ્યા ગયેલા.(પ)...એ વાત ખરી છે કે, સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે '' ત્યા આશારામે મને મારુ પોતાનું મકાન બનાવીને મારા ખર્ચ

રહેવાનુ કીધુ.(૬)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી કે,'' શરૂઆતમાં મને જુદા જુદા આશ્રમોમાં એક પ્રદર્શન રૂપે રજુ કરીને પોતાની વાહ-વાહ કરાવતા.(૭)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''પંચેડ આશ્રમમાં રોજ બપોરે ત્યાંના સ્વીમીંગ પુલમાં સ્નાન કરી દરેક સાધકો ને આશારામ કહેતો હતો કે, આ બ્રહમસ્નાન કરેલુ પાણી છે. એને માથે ચઢાવો તો તમને બ્રહમસ્નાનનું પુણ્ય મળશે.(૮)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, '' હું ફીઝીકલી આશારામના આશ્રમમા ૨૦૦૬ સુધી રહયો પરંતુ માનસીક રીતે માત્ર ૧૦ વર્ષ રહયો.હુ આશારામના આશ્રમમા રહેલો તેથી આશ્રમની ઘણી ગતી વીધીઓથી વાકેફ છુ. આશારામ વ્યાસપીઠ ઉપર બેસે ત્યારે પોતાને ભગવાન કહેવડાવે.વ્યાસપીઠ પર થી નીચે ઉતર્યાબાદ સાધકો ને કોઈને કોઈ બહાના હેઠળ મારે,ધમકાવે અને ગાળો આપે.આ રીતે સાધકોને હંમેશા ભયમા રાખવાની કાર્યપ્ર ણાલી હતી.આશારામે ત્રણ જાતના સાધકોના ગ્રુપ બનાવેલા.જેમા પૈસાવાળાઓ,વી.આઈ.પી કેટેગરીમા રહેતા,એજયુકેટેડ અને મીડલ કલાસ ને એ આશ્રમનો વહીવટ સંભાળવાનુ કહેતા અને અભણ સાધકોની પાસે કાળી મજુરી કરાવતા.પહેલા પ્રકારના સાધકો પાસેથી પૈસા પડાવવાનો કારશો કરતા અને પછીના બે કલાકસના સાધકો પાસેથી કામ કરાવી અઢળક પૈસો બચાવી પોતાનુ ખીસુ ભરતા.મારા કેસમા દર ગુરુપૂર્ણિમાએ બે દિવસ પહેલા ફોન કરી મારા પત્નીને પુછતો કે તુ ગુરુદક્ષીણામા શુ આપવાની.જયારે મારી પત્નીએ કહયુ કે અગીયાર હજાર રુપિયા અમારા દરેક તરફથી ત્યારે આશારામે કહયુ કે,ના તારે મને પંદર હજાર રુપિયા જ આપવા.આશારામની નજર હંમેશા પૈસા ઉપર જ રહેતી.(૯)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ

નથી કે, '' એ સીવાય બીજી એક પીડીતાને અમીએ ટ્રીટમેન્ટ આપીને સારી કરી એ પીડીતાનું પણ આશારામે ચોનશોષણ કરેલુ.(૧૦) ...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,'' બીના અમારા ઘરે રહી વારંવાર નારાયણને મળવા જતી અને નારાયણ જયારે બોલાવે ત્યારે પણ બીના જતી. (૧૧)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, '' આ બનાવ પછી તરત જ બીજે દિવસે સવારે છ વાગે મારા પત્નીએ આશારામને ફોન કરેલો.આશારામે મારા પત્નીને કહ્યુ કે,હુ નારાયણને વાત કરીશ.નારાયણ બીજે દિવસે અમારે ઘરે આવ્યો અને અમને કહ્યુ કે પહેલાના જમાનામા રુષીસંતો અનેક પત્નીઓ રાખતા તો મારા માટે આ કાંઈ નવાઈનુ નથી.નારાયણના આ વકતવ્ય અને આશારામની બીન જવાબદાર વર્તણૂકે અમોને હચમચાવી દિધા.અને તે દિવસથી અમોએ આશ્રમ જોડે અંતર રાખવાનુ ચાલુ કરી દીધુ.અમારાથી તરત ને તરત આશ્રમ છોડાય તેવુ હતુ નહી કારણ કે,આશારામની સામે પડનારનો કેવો અંજામ આવે છે તે મે નજરો નજર જોયેલો છે ત્યારથી અમો ડરમા રહેવા લાગ્યા.(૧૨)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, '' મારી પોતાની મીલકતમાંથી આશારામ વારંવાર એક યા બીજા બહાને કોઈને કોઈ પ્રોઝેકટમા મને પૈસા નાખવા કહેતા હતા.અને ૨૦૦૨ સુધીમા હું નાણાકીય રીતે ભાંગી પડેલો.મારા પૈસા સૌથી પહેલા મે મોટેરા આશ્રમમા ઘર બનાવ્યુ તેમા ચાર પાંચ લાખ રુપિયા ખર્ચાઈ ગયેલા બીજુ મારી પાસે સુરત આશ્રમની બાજુમા જમીન લેવડાવી પરંતુ તે સુરત આશ્રમની જમીનનો દસ્તાવેજ ન થઈ શકયો.કારણ કે તે વખતના કાયદા મુજબ ૮કી.મી ના વીસ્તારમા આવતી જમીન જ ખેડુત તરીકે લઈ શકાય.હું અમારી પૈતુ ક સંપતી જે વાપીમા છે તે સુરત થી ૮ કી.મી કરતા વધારે દુર હતી એટલ ે આશારામે તે જમીન મનહર પુરષોત્તમ પટેલના નામે કરાવેલી. અને આજે પણ એના

કબજામા છે એ જમીનના પણ મે ૫ લાખ રુપિયા આપેલા હતા.(૧૩)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''આશારામના આશ્રમમા જુદાજુદા વિભાગોનુ સંચાલન જુદીજુદી વ્યકિતઓ કરતી હતી જેમ કે,પ્રચારપ્રસાર હુ કરતો હતો એ સિવાય રામભાઈ ઠકકર,અરવિંદ પટેલ,કૌશીક પટેલ,ભાણાભાઈ પટેલ,રાજુ ચંડક જુદાજુદા વિભાગો સંભાળતા હતા.અને મહીલા આશ્રમના મુખ્ય સંચાલીકા ધ્રુવબહેન હતા.બધાજ સંચાલકો એ આશારામના આદેશનુ અક્ષરસહ પાલન કરવુ પડતુ.નહી કરનારને આશારામ જાહેરમા પણ ફટકારતા, ઠપકો આપતો, ગુસ્સે થતો. હું પ્રચારપ્રસારના કામના સંદર્ભે રુષીપ્રસાદ મેગેઝીન ચલાવતો અને બાળ સંસ્કાર કેન્દ્રની પ્રવૃતિ પણ સંભાળતો. રુષીપ્રસાદના પ્રથમ અંકના બધાજ લેખો મે લખ્યા હતા એટલે સત્યની દૃષ્ટિએ મે લેખક તરીકે મારુ નામ લખ્યુ. એડીટીગ કરતા આશારામે લેખકમા મારુ નામ જોતા આશારામ ખુબ ભડકી ગયો.અને સ્પષ્ટ આજ્ઞા કરીકે,રુષીપ્રસાદના બધાજ લેખોમા લેખક તરીકે આશારામનુ જ નામ લખવુ. હકીકતમા આશારામ પાસે ભ્રમજ્ઞાનનુ નોલેજ નહીવત હતુ.એ ભાડુતી નોલેજનો વધારે ઉપયોગ કરતો. શરુ શરુમા આશારામ રજનીશ(ઓશો)ના પ્રવચનો વાંચી પ્રવચનો આપતો.અને એણે ફરમાન બહાર પાડયુ હતુ કે,આશ્રમના કોઈપણ સાધકે રજનીશના પુસ્તકો વાચવા નહી.ત્રણ ચોપડી ભણેલો આશારામ ખરેખર પોતાને ભ્રહમજ્ઞાની કહેવડાવતો પરંતુ વાક પટુતા થી લોકોના બ્રેઈનવોશ કરતો.એને સંતસંગમા શુ કહેવુ તેનુ પણ તેને ભાન ન હતુ.એટલે મને સંદેશો મોકલે કે મને મસાલો જોઈએ છે.હુ અને મારા પત્ની એના માટે મસાલો તૈયાર કરતા અને મોકલતા.મસાલો એટલે પ્રવચન માટેનુ મટીરીયલ.(૧૪)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,''આશ્રમની ગતીવીધીઓમા સાધકોએ સવારે વહેલા ઉઠી ત્રીકાળસંધ્યા કરવી

પડતી.આશારામે પૈસા બચાવવાનો એક કારશો શોધી કાઢેલો જેમા સંદયામા ન આવનારને ભોજન નહી અને જયારે પણ ગ્રહણ હોય ત્યારે રસોડુ સંપૂર્ણ રીતે બંધ કરી દેતો.(૧૫)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે '' જો કોઈ સાધક બીમાર પડે તો આશારામ તેની દવા કરાવતા નહી અને તે સાધકને ઘરે મોકલી દેતા અને તે રીતે પૈસા બચાવતા હતા. જે સાધકો આશારામને ભેટ સોગાદો મુકતા તે આશારામ વાપરતો નહી પરંતુ દુકાનમાં મુકીને વેચી મારતો. પૈસા બનાવવાના બીજા કારસામાં વાપીમાં ડો.આશા અને ડો.તુષાર દિક્ષીતની જોડે સ્પર્મબેન્ક ચાલુ કરી સ્પર્મ વેંચવાનુ પ્રપોઝલ આશારામે આપેલુ અને એ સ્પર્મમાંથી જે ઈનકમ થાય તે આશારામ અને બંને ડોકટરો અડધી અડધી વેંચી લેતા. એ સ્પર્મમાં સ્પર્મનુ દાન આશારામ, નારાયણ અને સુરેશ કરીને એક સાધક કરશે એવુ સુચવેલુ. પરંતુ આ બંને ડોકટરોએ એ પ્રસ્તાવ સ્વીકાર્યો નહી. અમે જયારથી આશ્રમથી અંતર રાખવા માંડયા એટલે મારા દિકરો અને દિકરીએ અમદાવાદમાં નોકરી શોધી, મારી દિકરી એક સ્કુલમાં ટીચરોને અંગ્રેજી શીખવવા માટે ગઈ તો આશ્રમમાંથી ટેલીફોન ઓપરેટર ગોકુલે ફોન કર્યો અને મારી દિકરીને કહ્યુ કે આશારામ વાત કરવા માંગે છે. અમીને પ્રપોઝલ આપ્યો કે તુ આશ્રમના શિક્ષિકાઓને અંગ્રેજી શીખવ ત્યારે મારી દિકરીએ એટલુ જ કહ્યુ કે આશારામે અમને પૈસાથી ખાલી કરી દીધા એટલે મારે નોકરી કરવી પડે છે જો આશારામ મને મહિને રૂા.૩૦,૦૦૦/– આપે તો હુ એ સેવા આશ્રમને આપુ. રૂા.૩૦,૦૦૦/–ની વાત આવતા જ આશારામે ફોન કાપી નાખ્યો.(૧૬)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,'' એ સિવાય મે જોયેલી ગતિવિધીઓમાં અને જાણેલી ગતિવિધીઓમાં મારા પત્નીએ મને જણાવ્યુ કે નારાયણની પત્નીની મોટી બહેન કોમલ ક્રિષ્નાનીને ગર્ભપાત કરાવવો પડયો. આશ્રમમાં મુખ્ય એક ગતિવિધી ઢેલ, બગલો, ધ્રુવ, ભારતી આ લોકો

આશારામ માટે છોકરીઓને સપ્લાય કરવાનુ કામ કરતા હતા. ઢેલ અને બગલાની આશારામ જોડેની નીકટતામાં આશારામ જે જુવાન છોકરી ગમતી તેને કયાં તો ફ્રુટ આપે અથવા એના ઉપર ટોર્ચથી લાઈટ ફેંકે. ઢેલ અને બગલો આશારામના એ ઈશારા સમજી જતા અને આ ચારમાંથી પ્લાનીંગ કરીને તે છોકરીને શાંતિવાટીકા અથવા તો નારાયણ વાટીકા પહોંચાડી દેતા. કોઈ છોકરી જો માથાભારે હોય અને દાદ ન આપે તો લક્ષ્મીબેન ઉર્ફે આશારામના પત્ની તેને ધમકાવીને મોકલતા.(૧૭)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,''આશ્રમમાં વ્યવસ્થિત રીતે બે વિભાગ પાડેલા. ઉંમરવાન અનુષ્ઠાન કરવા આવતી બહેનોને એક જગ્યાએ અનુષ્ઠાન કરવા દેતા જયારે જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતિવાટીકામાં મોકલવામાં આવતી. અને એમને દિવ્ય શકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભૂતિ થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતો.(૧૮)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,''છોકરીઓ મેળવવાનો એક બીજો ઉપાય જે સાધક છોકરી આશારામને ગમતી અને જો તે રૂપાળી હોય વધુ માં તે સીંધી હોય તો આશારામ તે છોકરીને નારાયણ જોડે લગ્નની લાલચ આપી આશ્રમમાં કાયમ માટે રાખી લેતો. મારૂ પોતાનુ અનુમાન છે જે મે આશ્રમમાં જોયુ અને સાંભળ્યુ કે આશારામે અનેક અનેક છોકરીઓ જોડે દુષ્કર્મ કર્યા છે.(૧૯)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,''આશારામની એક ફીલોસોફી પ્રમાણે એ કદી પણ એસ.સી., એસ.ટી. છોકરાને પોતાના રસોઈયા તરીકે કદી પણ ન રાખતો. તેણે આ વાત સતસંગમાં પણ કરી હતી. આશારામ જયારે સાધકોને ગાળો દેતો મારતો તો બહાનુ બતાવતો કે આ ગુરુ લીલા છે તમારી પરીક્ષા છે અને ગુરૂ તમારા કર્મો કાપી રહયા છે.(૨૦)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, '' આશ્રમમાં એ સતસંગમાંથી એ હંમેશા કહેતો

કે શાદી હે બરબાદી એ ધુન ગવડાવી નચાવતો. અને કોઈપણ સાધકને પરણાવતા અટકાવતો. પરંતુ બેવડા ધોરણવાળા આશારામે તેના જ પુત્ર અને પુત્રીને પરણાવી દીધા.(૨૧)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''આશારામ જુઠુ બોલવામાં ખુબ જ માહીર હતો. એની પોતાની છપાવેલી પુસ્તીકા આશારામાયણમાં લખાવ્યુ હતુ કે તેના જન્મ વખતે એક સોદાગર ઝુલો લઈને આવ્યો હતો. મારો દિકરો અનંગ મહેંગીબાની ખુબ જ સેવા કરતો હતો. અનંગે ઘણી વાતો મહેંગીબાને પુછી હતી અને તેની અંદર એક દિવસ ઝુલાની વાત નીકળી. મહેંગીબાએ ઘરાર ના પાડી દીધી કે કોઈ ઝુલો આવ્યો ન હતો. મારા દિકરા અનંગે એનુ વિડીયો રેકોર્ડીંગ કર્યુ તે સમયે ભારતી ત્યા હાજર હતી. ભારતીએ આ વાત તરત આશારામને કરી. આશારામે થોડા ગુંડા ટાઈપના સાધકોને મોકલી અનંગ પાસેથી વિડીયો કબજે કરી નષ્ટ કરી દીધો.(૨૨)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, '' આશારામના બેવડા ધોરણમાં મારી માનુ જયારે મૃત્યુ થયુ ત્યારે મને ના તો મારી માના મૃત્યુ સમયે જવા દીધો ના તો તેની કોઈ ઉત્તરક્રિયામાં ભાગ લેવા દીધો. આવા અનેક બનાવો અમને ખુબ જ પરેશાન કર્યા. અમારી આશારામ તરફની ઘૃણા, નફરત વધતી ગઈ અને અમે સને ૨૦૦૬માં અમારૂ મહેંગીબાનુ ઘર વેંચી કોઈને કહયા વિના આશ્રમ છોડી ભાગી ગયા.(૨૩)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''મહિલા આશ્રમ પુરુષ આશ્રમની બાજુમાં જ હતો. ત્યાં બહેનો પાસે ધ્રુવબેન જેવા સંચાલક ધ્વારા કાળી મજુરી કરાવતો હતો. હું મહિલા આશ્રમની ઘણી છોકરીઓને ઓળખતો હતો જેમ કે તૃપ્તીબેન, વર્ષાબેન, શીતલબેનના નામ યાદ છે. મારા કુટુંબે જે મકાન બનાવેલુ તે મહિલા આશ્રમના પરીસરમાં જ હતુ અને અમારા ઘરની બારીઓમાંથી બધી ગતિવિધીઓ મારા પત્ની અને મારા બાળકો જોતા હતા. અને જે જોયુ તેનાથી અમારો

આશારામ પ્રત્યેનો વિશ્વાસ અને શ્રધ્ધા ખુબ જ ઓછા થઈ ગયા. એટલે કેનેડા જે કારણે મે છોડેલુ તે કારણ ફળીભુત ન થયુ મને મુર્ખ બનાવવામાં આવ્યો અને આવા ઢોંગી, દુષ્કર્મી, ધુતારા પરિવારથી છુટકારો મેળવવા અમે અમારી રીતે નવી જીંદગી શરૂ કરી.(૨૪)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે,''આશારામે શીતલબેન અને તૃપ્તીબેન જોડે દુષ્કૃત્ય કર્યુ હતુ. તૃપ્તીબેન જોડે થયેલા દુષ્કૃત્યોની માહિતી મને રાકેશ પટેલે આપેલી અને શીતલબેન જોડે થયેલા દુષ્કૃત્યો વિશે મે પાછળથી જાણેલુ. આવી ઘણી છોકરીઓ સાથે આશારામે દુષ્કૃત્યો કરેલા.(૨૫)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકના મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''હું કોર્ટમાં હાજર તમામ આરોપીઓને ઓળખુ છુ. હુ તેઓને જોયે તથા નામથી સારીરીતે ઓળખુ છુ. વિડીયોકોન્ફરન્સથી આશારામ હાજર છે તે સિવાય કોર્ટમાં ભારતી, ઢેલ, બગલો, ધ્રુવ અને જશી હાજર છે. લક્ષ્મીબેન હાજર નથી. આરોપી જશી સીકયુરીટીમાં ચોકીદાર હતી. આરોપી ધ્રુવ મહિલા આશ્રમમાં સંચાલીકા તરીકે હતા. આરોપી ઢેલ અને બગલો આશ્રમને સમર્પીત ન હતા પરંતુ આશારામની ખુબ જ નજીક રહી જયારે આશારામ વ્યાસપીઠ પર હોય અથવા લટાર મારવા નીકળ્યા હોય તે વખતે તેમની ખુબ જ નજીક રહી આશારામના ઈશારાઓને સમજીને છોકરીઓને ફસાવી, ફોંસલાવીને આશારામની વાટીકા સુધી પહોંચાડવાનુ કામ કરતા હતા. આ કાર્યમાં ભારતી પણ છોકરીઓને લઈ જવાનુ અને લાવવાનુ કામ કરતી હતી. (૨૬)...એ વાત ખરી છે કે સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓએ મારી રૂબરૂ ના નિવેદનમાં લખાવેલ નથી કે, ''આશારામની વાટીકા મુખ્ય આશ્રમથી લગભગ ઈશાન ખુણે બે થી ત્રણ કી.મી.ના અંતરે આવેલી છે. શાંતિવાટીકામાં આશારામ વ્યકિતગત રીતે રહેતા હતા. હુ જયારે એક વખત શાંતિવાટીકા કુટીયાના ઓટલા પર બેઠો હતો ત્યારે આશારામ કોડલેસ ફોનનો

ઉપયોગ કરતા કરતા વાતો કરતા રહેતા. બીજી જે વાટીકા જે તદ્દન નજીકમાં હતી જે આશરે સો–દોઢસો ફુટ દુર તે જ રોડ પર તેનુ નામ આપવામાં આવેલુ હતુ નારાયણવાટીકા. અને આશ્રમમાં ચાલતી ચર્ચાઓ મુજબ આશારામ અને નારાયણની રાસલીલાઓ નારાયણ વાટીકામાં વધુ રમાતી હતી. એ નારાયણ વાટીકામાં કોઈપણ પુરુષ સાધકને અનુષ્ઠાન માટે અનુમતિ મળતી ન હતી. માત્ર ને માત્ર જુવાન છોકરીઓને જ ત્યાં અનુષ્ઠાનના નામે રાખવામાં આવતી. રાસલીલા એટલે મારા માનવા મુજબ ઐયાશી એટલે કે સેકસ્યુઅલ એકટીવીટી. નારાયણ વાટીકામાં આશારામનો છોકરો નારાયણ તાંત્રીક વિધીઓ પણ કરતો. (૨૭)...એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં જગદીશ વ્યાસનો જે ઉલ્લખે આવેલ છે. તે લગત મેં જગદીશ વ્યાસની તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકનું મકાન છે કે નહી તે બાબતે આશ્રમમાં જઈ મેં કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, પંચેડ આશ્રમમાં પીચકારી અને સ્વીમીગ પુલ લગત પણ ત્યાં જઈને મે કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, મે પંચેડ જઈએ એવી પણ તપાસ કરેલી નથી કે ખરેખર ત્યાં આશારામ બાપુનો આશ્રમ છે કે કેમ ?. એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં સુરતના ઉધોગ પતિની જે બાબત જણાવેલ છે, તે ઉધોગ પતિ કોણ હતા, તે ઉધોગ પતિના બાબતે મેં કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં પીડીતાઓ લગત જે આક્ષેપો કરેલા છે. તે લગત પણ મેં કોઈ તપાસ કરેલી નથી.(૨૮)...એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં બીના ભટ્ટ અને પ્રફુલ્લ ભટ્ટનો જે ઉલ્લેખ આવે છે, તે લગત મેં બીના ભટ્ટ અને પ્રફુલ્લ ભટ્ટને મળીને ઈશ્વરભાઈ નારાયણજી નાયકના આક્ષેપોની તપાસ મેં કરેલી નહી. એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં બીનાની લગ્નની સીડી લગત જે આક્ષેપ છે તે બાબતે મેં કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે,

ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં કોમલ ક્રિષ્ણાનીનો જે ઉલ્લેખ છે તે નારાયણ સાંઈની સાળી થાય. મે કોમલ કિષ્ણાની ની મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, નારાયણ વાટીકા જઈને મે ઈશ્વરભાઈ નારાયણજી નાયકના આક્ષેપો છે, તે લગત કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકને આશ્રમમાંથી કેમ કાઢી મુકવામાં આવેલ, તે બાબતે પણ મેં કોઈ તપાસ કરેલી નહી. હું કહી શકુ નહી કે ઈશ્વર નાયકને તેની વર્તુણકના આધારે આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ હતો.(૨૯)...એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નિવેદનમાં છોકરીઓને લઈ જતા નો જે ઉલ્લેખ છે. તેમાં સમય, તારીખ, વર્ષ કે છોકરીઓના નામ અંગે મેં કોઈ તપાસ કરેલી નથી.(૩૦)...એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકે એના નિવેદનમાં જે આક્ષેપો કરેલા છે. તે લગત મે કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, મે મારા ઉપલા અધિકારીને ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં કરેલા આક્ષેપો અંગે તપાસ કરવી જોઈએ, તેવુ પણ સુચન કરેલુ નથી. એ વાત ખરી છે કે મારા રૂબરૂના નીવેદનમાં ઈશ્વરભાઈ નારાયણજી નાયકે '' આ સીવાય આશારામ વિશે હું કાંઈ જાણતો નથી. ''તેવુ જણાવેલ છે.(૩૧)...એ વાત ખરી છે કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નિવેદનમાં જે કેશવલાલ પટેલનો ઉલ્લેખ છે. તે લગત મે કેશવલાલ પટેલનું કોઈ નીવેદન લીધેલુ નથી. એ વાત ખરી છે કે , તા.૧૫/૧૧ /૨૦૧૩ ના રોજ કૌશીકભાઈ કેશવલાલ પટેલનું નીવેદન નોંધેલુ.

(૩૨)...એ વાત ખરી છે કે, મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે, સને–૧૯૯૦ માં કૌશીકભાઈ કેશવલાલ પટેલ તેમના પિતાજી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ સાથે પંચેડ આશ્રમમાં જન્મ દીવસ હતો અને ત્યાં ગયેલા. એ વાત ખરી છે કે, મારી તપાસનાં એવી હકીકત ખુલેલી કે કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલે તેમના પુત્ર કૌશીક કેસવલાલ પટેલને છ મહિના પંચેડ આશ્રમમાં રહી જવા માટે જણાવેલુ. એ વાત ખરી

છે કે, મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે કૌશીકભાઈ કેશવલાલ પટેલ આશારામ બાપુની સેવા માટે છ મહીના માટે ત્યાં રહેલા. (૩૩)...એ વાત ખરી છે કે, મને તપાસની કામગીરી સંબંધે અને અનુસંધાને સીટ સભ્યને કોઈ સુચન કરવાનું જરૂરી અને યોગ્ય લાગેલુ નહી. એ વાત ખરી છે કે, મને જયારે તપાસ સોંપવામાં આવી, તે અગાઉ થયેલ તપાસના કાગળો મે વંચાણે લીધેલા. એ વાત ખરી નથી કે, ઈશ્વરભાઈ નારાયણજી નાયકના નીવેદનમાં ખુલેલ હકીકત મને પોતાને જ ખરી લાગેલ નહી હોવાથી મે તપાસ સંબંધે સીટના સભ્યને કોઈ સુચન કરેલુ નહી.(૩૪)...એ વાત ખરી છે કે, મારી કંઈ તારીખે ચાંદખેડા પો.સ્ટે.માંથી ટ્રાન્સફર થયેલી તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, આ ફરીયાદ સુરતથી 'ઝીરો' નંબરથી આવેલી, તે સમયે હું ચાંદખેડા પો.સ્ટે.માં પી.આઇ. તરીકે ફરજ બજાવતો હતો. મને હાલમાં આ ગુનાની ફરીયાદ કંઈ તારીખે ચાંદખેડા પો.સ્ટે. માં દાખલ કરવામાં આવેલી તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, તા.૧૭/૧૦/૨૦૧૩ ના રોજ હું ચાંદખેડા પો. સ્ટે. માં પી. આઈ. તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, મારા પો.સ્ટે.માં પી.એસ.ઓ તથા અન્ય અધિકારીઓ મારા માર્ગદર્શન હેઠળ કામગીરી કરે છે. એ વાત ખરી છે કે, અમારા પો.સ્ટે.માં લેખીત અરજીઓ પત્રવ્યવહાર એ તમામ અમારા પી.એસ.ઓ અથવા કલાર્ક અમારા ધ્યાન ઉપર લાવે છે. એ વાત ખરી છે કે, અમારા પો.સ્ટે.મા ંજે પણ પત્રો પોસ્ટ દવારા આવે તેનુ અલગ રજીસ્ટર બનાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, જે પણ પત્રવ્યવહાર આ કેસને લગતા અમારા પો.સ્ટે.માં આવેલ હોય, તે અમારે આઈ.ઓ.શ્રીને સુપ્રત કરવાનાં હોય છે. એ વાત ખરી છે કે, સદર કેસની ફરીયાદમાં બે વ્યકિતઓ ટીના તથા ઉમા ના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. હાલ મને યાદ નથી કે, ફરીયાદમાં ઉલ્લેખ કરેલ ટીના તથા ઉમા નાઓએ અમારા પો.સ્ટે.માં તેઓના સોંગદનામા રજીસ્ટર પોસ્ટ દવારા મોકલાવેલા કે કેમ. હું મારા પો.સ્ટે.ના રજીસ્ટર માંથી તા.૧૭/૧૦/૨૦૧૩ ના અરસામાં ટીના

તથા ઉમા ના નામના વ્યકિતઓએ મોકલાવેલ પોસ્ટ દવારા પત્ર/ સોંગદનામા ની તપાસ કરી નામદાર કોર્ટમાં જણાવી શકુ.(૩૫)...એ વાત મને યાદ નથી કે, આ કેસના સંબંધમાં બે સાહેદ નાઓએ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં અરજી કરેલી અને તે અરજીના કામે હું આઈ.ઓ. શ્રી સાથે નામદાર કોર્ટમાં હાજર રહેલો. મને હાલ યાદ નથી કે આ કેસ સંબંધમાં જે સાહેદો ટીના તથા ઉમા નાઓની મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષની અરજીમાં એવો હુકમ થયેલ કે તેઓના નીવેદન તેમના નિવાસ સ્થાને જઈને લેવા. મને હાલ યાદ નથી કે જે પણ બે પત્રો ઉમા તથા ટીનાનાઓએ પોસ્ટ દવારા મારા પો.સ્ટે.માં આપેલા કે કેમ ?.(૩૬)...મને હાલ યાદ નથી કે, તા.૧૯/૧૧/૨૦૧૩ ના અરસામાં હું ચાંદખેડા પો.સ્ટે.માં પી.આઈ. તરીકે હતો કે કેમ ?. મારી ચાંદખેડા પો.સ્ટે. ખાતે કયારે ટ્રાન્સફર થયેલી તે હું જણાવી શકુ તેમ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાહેદ ટીના અને ઉમાએ અમારા પો.સ્ટે.માં મોકલાવેલ પત્ર/સોંગદનામું મારી બદલી થયાના ૮ વર્ષ થઈ ગયેલ હોય, તેથી હું રજુ કરી શકુ તેમ નથી. બે સાહેદ ટીના તથા ઉમાએ જે પત્ર/સોંગદનામાના પોલીસ સ્ટેશનમાં મોકલેલ પત્રો/ સોગંદનામા સંબંધે હું ચાંદખેડા પો.સ્ટે.માં જઈ તપાસ કરી શકુ તેમ નથી.(૩૭)...એ વાત ખરી નથી કે, આવા પત્ર વ્યવહાર અને સોંગદનામામાં આવેલા, તેની મને જાણ છે, તેમ છતાં હું સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, આ કેસ સંબંધે અન્ય ૪૫ લોકોએ પણ અમોને આ કેસ સંબંધે સોંગદનામા મોકલાવેલા, જે તા.૩૦/૧૦/૨૦૧૩ ના રોજ ના હતાં, પરંતુ હું સોંગદ ઉપર તે અંગે કોઈપણ માહીતી આપવા માટે રાજી નથી કે ખોટું જણાવુ છું. એ વાત ખરી નથી કે, ફરીયાદપક્ષને સમર્થન આપવા માટે હું સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૮૩.૨)** આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદે આરોપી નં.(૧) આશારામની શરીરસ્થિતિનું પંચનામુ પંચો રૂબરુ કરેલ હોવાની તેમજ સાહેદ દાદુદાન

ચારણ તથા સાહેદ કેશવલાલ પટેલ તેમજ સાહેદ ઈશ્વર નારચણભાઈ નાયકના નિવેદનો નોંધેલા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર પુરવાર કરી શકેલ છે. બચાવપક્ષ ધ્વારા સદર સાહેદની લંબાણપર્વકી ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ સદર સાહેદે કરેલ કાર્યવાહીનું ખંડન થાચ તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૮૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં. ૫૪ તરીકે તપાસવામાં આવેલ ડો. કાનન મનુભાઈ દેસાઈનો આંક–૫૫૦** વાળી સરતપાસમાં જણાવેલ છે કે

(૧) સને–૨૦૧૩ ના અરસામાં એસ.આઈ.ટી ની રચના થઈ તે વખતે મારી સભ્ય તરીકે નિમણુક થયેલ હતી. જે તે વખતે હું એસીપી તરીકે મહીલા સેલમાં ફરજ બજાવતી હતી. તે સમય દરમ્યાન મેં અમુક સાહેદોના નીવેદનો નોંધેલા અને બે પંચનામા પંચો રૂબરૂ કરેલા. મે એ સમયે દરમ્યાન તા.૨૬/૧૦/૨૦૧૩ ના રોજ સાહેદ તૃપ્તીબેન વા/ઓ રાકેશભાઈનું નીવેદન નોંધેલુ. અને સાહેદનું સ્ટેટમેન્ટ તા.૨૯/૧૦/૨૦૧૩ ના રોજ નોંધેલું. ત્યારબાદ મે સાહેદ તૃપ્તી બેનેનાઓનું સી.આર.પી.સી કલમ– ૧૬૪ મુજબ નીવેદન મેજીસ્ટ્રેટ સમક્ષ આપવા માટે સમજ કરેલી અને તેઓએ નીવેદન આપવા સહમતી આપેલ હતી.

(૨) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મારા સમયે આશ્રમમાં પુનમ, વર્ષા, ક્રિષ્ના, ભાવીની, સોનલ, શીખા, ગોપી, ભોગબનનાર વિગેરે છોકરીઓ હતી અને આશારામ જેમ જેમ નવી નવી છોકરીઓ આવે તેમ તેમ જુની છોકરીઓ પ્રત્યે બીલકુલ ધ્યાન આપતા નહી.'

(૩) એ વાત ખરી છે કે સાહેદ તૃત્પી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ જયારે સતસંગ કરતી અને તેમાં જે દાન–દક્ષિણાના પૈસા આવતા જેમાં પાંચ–છ કે સાત લાખ રૂપિયા સુધી હુ આશારામને હાથોહાથ આપતી હતી.'

(૪) એ વાત ખરી છે કે સાહેદ તૃત્પી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'પરંતુ નવી વકતાઓ આવતા મારા સતસંગ પ્રવચનો પર આશારામે બ્રેક લગાવી દીધેલ.'

(૫) એ વાત ખરી છે કે સાહેદ તૃત્પી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મારા સતસંગમાં જયાં હુ વકતા તરીકે હોઉ ત્યારે મોટી સંખ્યામાં લોકો આવતા હતા. ત્યારે આશારામ મને જણાવતા કે મારે પ્રવચનમાં ભગવાનના પ્રસંગો ન કહેવા માત્ર ગુરૂના પરચા કહેવા. આશારામ પોતાની શીબીરોમાં એવુ પણ જણાવતા કે મારા સિવાય બીજા કોઈ સંતના સતસંગ કે શીબીરોમાં જવુ નહી અને તેઓ જણાવતા કે ગુરૂને છોડીને કયાંય ન જવુ.'

(૬) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આ વર્ષા આશારામને આશ્રમમાં થતી તમામ હીલચાલના રીપોર્ટ આપતી હતી.'

(૭) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ તેની શાંતિવાટીકા કુટીરમાં છોકરીઓને બોલાવતા અને સાથે હુ પણ જતી હતી અને બધી છોકરીઓને વારાફરતી તેમની કુટીરમાં બોલાવતા હતા. અને છેલ્લે મને તેમની કુટીરમાં ગાયના ઘી થી પગના તળીયામાં, માથામાં અને શરીરે માલીસ કરાવતા હતા.'

(૮) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ફરિયાદમાં જણાવ્યા મુજબ ઢેલ અને બગલો નામની સેવીકાઓ ફરિયાદી બહેન તથા બીજી દસ છોકરીઓને આશારામની શાંતિવાટીકા નામના ફાર્મ હાઉસમાં લઈ ગયેલ તે દસ છોકરીઓમાં હુ તથા રેખા, વર્ષા, ભોગબનનાર, ક્રિષ્ના, સોનલ બારડોલી તથા ભાવીની પણ હતા.'

(૯) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ

છે કે, 'આશારામ આશ્રમથી બે ત્રણ કી.મી. દુર આવેલ શાંતિવાટીકા ફાર્મ હાઉસ મે જોયેલ છે અને આ કુટીયામાં આશારામ કરતા હતા અને આશારામ તેમની કુટીયામાં નવી આવેલ છોકરીઓ કે જે નાની વયની હોય તેઓને બોલાવતા હતા.'

(૧૦) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ઘણીવાર ઢેલ, બગલો અને ભારતી પણ છોકરીઓ શાંતિવાટીકા કુટીયામાં લાવતી હતી. ઢેલ અને બગલોને આશારામ ઘણીવાર ગુસ્સામાં કહેતા પણ ખરા કે આવી ભુજુભુજુ છોકરીઓને કેમ મોકલો છો જેનો મતલબ એવી છોકરીઓ કે જેને આવા દુષ્કૃત્યો બાબતે ઓછી ખબર પડે છે તેવો થાય છે.'

(૧૧) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી ત્યારે કોમલ, કંચન, પદમા, ઢેલ તથા બગલો વિગેરે મહીલાઓ આશારામ પાસે તેમની કુટીયામાં જતા હતા. ગોપી અરવીંદભાઈ નામની સેવીકા જે આશારામની પુત્રી ભારતીની ચેલી હતી તે પણ આ શાંતિકુટીયામાં જતી હતી.'

(૧૨) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમની છોકરીઓને શાંતિવાટીકામાં લઈ જવાની જવાબદારી ઢેલ અને બગલો સેવીકાની હતી અને છોકરીઓ સાથે દુષ્કૃત્ય થાય તે પછી તેમની છોકરીઓને સમજાવવાની સંભાળવાની જવાબદારી પણ તેમની જ રહેતી હતી.'

(૧૩) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'જે છોકરીઓ આશારામા પાસે જઈને આવે તેમના મોઢા ઉપર ડાઘ જોવા મળતા હતા. અને મે ઢેલ અને બગલો સેવીકાના મોઢા ઉપર પણ ડાઘ પડેલા જોયેલ છે અને ઢેલે પણ ઘણીવાર ગર્ભપાત કરાવેલ છે. અને આ ઢેલ અને બગલોને સારૂ સારૂ ખાવા મળે સારી ટ્રીટમેન્ટ મળે, હરવા–ફરવા મળે જેથી તેઓ આ સેવા કરતી હતી.'

(૧૪) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મહીલા આશ્રમની સંચાલીકા પદમાબેનને સાતમાસના ગોરા ગોરા છોકરાનુ ગર્ભપાત કરાવેલાનુ અને આ પદમાબેન ગર્ભપાત વખતે ચીસો પાડતા હતા તેવુ આશ્રમમાં મને સજની નામની સેવીકાના કહેવાથી જાણવા મળેલ. અને નારાયણસાઈની પત્ની જાનકી સાથે પણ આશારામે બદકામ કરેલાનુ આશ્રમમાં મે વાતોવાતથી જાણેલ છે.'

(૧૫) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામનો પુત્ર નાનો હતો ત્યારે આશારામની કુટીરમાં છોકરીઓ ખુબ રહેતી હોઈ ત્યારે આટલી બધી છોકરીઓ આશારામ સાથે રહીને શુ કરતી હશે તે કુતૂહલ થતા તે જોવા આશારામની કુટીરના પલંગ નીચે સંતાઈ ગયેલ અને તેણે આશારામના છોકરીઓ સાથેના બદકામોને નજરે જોયેલ છે તેવુ મે છોકરીઓની વાતોવાતથી જાણેલ છે. અને તે પછી નારાયણસાઈ પણ આવા બદકામો કરવા લાગેલ.'

(૧૬) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ મહીલાઓને અનુષ્ઠાન કરવા પોતે કહેતા હતા અને જપ કરી મજબુત થા ભણવાનુ છોડી દે, લગ્ન કરવાના નહી, શાદી હૈ બરબાદી હે ભજન વારંવાર સંભળાવતા હતા અને લગ્ન કરવાથી સાધના ધોવાઈ જાય તેવુ કહેતા હતા.'

(૧૭) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં જે છોકરીઓ સમર્પિત થાય અને થયેલ છે તે છોકરીઓ આશારામને ખુબ જ હાથ જોડે, રડે, બાપુબાપુ કહી પીછો કરે તે છોકરીઓને આશારામ બદકામ કરવા પસંદ કરતા હતા.'

(૧૮) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ

છે કે, 'હુ આશ્રમમાં હતી તે દરમ્યાન મને જાણવા મળેલ કે કંચન બરોડા અને કોમલને તેઓ સાથે આશ્રમમાં થયેલા આવા બદકૃત્યથી ગર્ભ રહી જતા આશ્રમમાં કાઢો પીવડાવવામાં આવે. આ કાઢો પીવડાવવાનુ કામ ધ્રુવ, ઢેલ અને બગલો કરતા હતા. પદમાને પણ ગર્ભપાત કરાવેલ છે અને ઢેલ ને પણ ગર્ભપાત કરાવેલ છે અને તેણે પણ ગર્ભાશય કાઢી નખાવેલ છે અને ઢેલ અને બગલો આશારામ પાસે છોકરીઓને લાવવા લઈ જવા દલાલ જેવુ કામ કરતી હતી.'

(૧૯) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં છોકરીઓના માઈન્ડવોશ કરવામાં આવે છે જેમાં આશારામ જ સર્વેસર્વા છે અને આશારામને ભજવાથી ઈશ્વર પ્રાપ્તિ થશે તેવુ સમજાવવામાં આવે છે. અને ત્યારબાદ આશ્રમમાં છોકરીઓનુ માનસીક અને શારીરિક શોષણ થાય છે.'

(૨૦) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ સ્ત્રીઓને તને યોગીની બનાવીશ, મહાન સાધ્વી બનાવીશ, મહાન વકતા બનાવીશ, સુરેશાનંદ ગુરુ જેવી બનાવીશ, મીરા બનાવીશ અને તુ તો સાધ્વી જેવી છુ, શબરી જેવી છુ તેમ કહીને બોલાવતા.'

(૨૧) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ વકતા તરીકે આશ્રમમાં સફળ થતા તથા ભારતમાં વિવિધ સ્થળોએ હુ સતસંગ કરવા જતી ત્યારે મોટી સંખ્યામાં ભકતો ત્યા હાજર રહેતા અને મોટી દાન–દક્ષિણા પણ આપતા.'

(૨૨) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ મને ટોર્ચર કરતા કે તુ આજે જે પણ છે તે મારા કારણે છે. તુ મારાથી મોટી નથી થઈ ગઈ. દાનનો એક પણ પૈસો જો આમતેમ થયો તો તુ

બરબાદ થઈ જઈશ. તુ આજે મારા કારણે પુજાઈ રહી છો. આવુ વારંવાર બનતા મારૂ આશારામ પ્રત્યે મન ઉઠી ગયેલ અને મને આશ્રમમાં રહેવાની બહુ ઈચ્છા થતી નહી.'

(૨૩) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમના સંચાલીકા ધ્રુવબેન આશ્રમમાં રહેતી છોકરીઓને ગાળો બોલતા કયારેક માર પણ મારતા હતા.'

(૨૪) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં શાંતિવાટીકા કુટીરમાં છોકરીઓ સાથે જે દુષ્કૃત્ય કરવામાં આવતા હતા, બળાત્કાર કરવામાં આવતા હતા તેને આશારામ શકિતપાતની ક્રિયા છે તેવુ કહેતા. કયારેક આવા દુષ્કૃત્યો કે બળાત્કારની ઘટનાને ધ્યાન એવુ પણ કહેતા હતા. આશારામ આ શકિતપાતની પ્રક્રિયાને એવી રીતે સમજાવતા કે આ પ્રક્રિયાથી મુલાધાર ચક્ર વિગેરે જેવા શરીરના અન્ય ચક્રો એકટીવેટ થાય છે અને તેનાથી છોકરીઓ, સાધ્વીઓ, સ્ત્રીઓ બહુ શકિતશાળી બને છે. આવી છોકરીઓ ભવિષ્યમાં શબરી અથવા તો મીરા બનશે અને ખુબ આગળ જશે.'

(૨૫) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશારામ એવો ઉપદેશ આપતા હતા કે શ્રીયોગવશિષ્ટ મહારામાયણ નામના ગ્રંથમાં એવો ઉલ્લેખ છે કે જ્ઞાની જો કરતા હૈ વો સબ સહી હોતા હૈ આથી જો કોઈ આશારામને છોકરી જોડે જુએ તો પણ તેમા કાઈ ખોટુ નથી. આશારામ સમજાવતા કે જ્ઞાની પુરુષ બહારથી જે કઈ પણ કરે તો પણ તેને કોઈ લેખ લાગતો નથી. જ્ઞાનીનુ લક્ષણ છે કે પોતે જે કાઈ પણ કરે છે છતાં પણ તે કઈ નથી કરતો. જ્ઞાની બધુ જ કરે છે છતા અલીપ્ત હોય છે. જ્ઞાની તેના નીજાનંદમાં જ હોય છે.'

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૨૬) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ફરિયાદમાં જણાવ્યા મુજબ ભોગબનનારને ધ્રુવબેન રાત્રીના આશારે સાડા દસેક વાગે લક્ષ્મીમૈયા પાસે જવાનુ છે તેવુ બુમ મારી ભોગબનનારને બોલાવી કહેલ. તે પછી ભોગબનનાર બગીચાની વાડ પાછળ છુપાઈ ગયેલ અને આખી રાત લક્ષ્મી, ભારતી તથા રાત્રીની ચોકીયાત બહેનોએ શોધતા શોધી શકેલ નહી. અને સવારે ચોકીયાત જશીબેન ભોગબનનારને રૂમમાંથી પકડીને જબરજસ્તી પુર્વક લક્ષ્મી પાસે લઈ ગયેલ અને લક્ષ્મીએ ભોગબનનારને ગાલ ઉપર બે લાફા જોરથી મારી દીધેલ અને ધમકી આપેલ તેની મને ખબર છે.'

(૨૭) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં જેમ જેમ છોકરીઓની ઉંમર વધતી જાય અને નવી છોકરીઓ આશ્રમમાં આવે તે પ્રમાણે મોટી ઉંમરની છોકરીઓનુ મહત્વ ઘટતુ જતુ હતુ અને નાની વયની છોકરીઓને જ આશારામ બોલાવતા હતા.'

(૨૮) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'સને ૧૯૯૩ના સમયગાળા દરમ્યાન મને ચોકકસ સમય ખ્યાલ નથી તે સમયે આશારામ મહીલા આશ્રમમાં વ્યાસપીઠની બાજુમાં આવેલ એક હોલમાં આવતા હતા અને ત્યા છોકરીઓને બોલાવતા હતા. તે વખતે મને પણ આશારામે બોલાવેલ અને મારી સાથે બળજબરીપુર્વક મારી લાજ લેવાની કોશીશ કરેલ અને મારા શરીરે પહેરેલ કપડા ઉતારી મારી સાથે બળાત્કાર કરવા જતા મે આશારામનો પ્રતિકાર કરેલ અને તેથી આશારામ બળાત્કાર કરવામાં સફળ થયેલ નહી અને તેમછતા આશારામે મારા શરીરે હાથ ફેરવી મને બળજબરીપુર્વક મુખમૈથુન કરાવેલ ત્યારે મને ત્યા જ પલંગ ઉપર ઉલટી થઈ ગયેલ હતી. તે પછીના દિવસોમાં પણ મને આશારામ આ હોલમાં બોલાવી બળજબરીથી મારા

શરીર સાથે અડપલા કરતો હતો અને શરીરના ઉપરના ભાગે, છાતીના ભાગે હાથ ફેરવાતા હતા. આશારામ જયારે રૂમમાં રહે ત્યારે ત્રણ છોકરીઓ સાથે મને બોલાવતા હતા ત્યારે રૂમની લાઈટ બંધ કરીને જ મારા શરીર સાથે અડપલા કરતા હતા.'

(૨૯) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મુખમૈથુન માટે આશારામે મને જણાવેલ કે આ પ્રકારની ક્રિયા કરવાથી જ નારી શકિત ખીલશે, વાણીમાં પ્રભાવ આવશે અને વાણીમાં શકિત આવશે અને તુ સફળ વકતા બનીશ.'

(૩૦) એ વાત ખરી છે કે મે. તા.૨૯/૧૦/૨૦૧૩ ના રોજ સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ સને ૧૯૯૨માં મોટેરા આશારામ આશ્રમમાં આવેલી અને મોટેરા મહીલા આશ્રમમાં સંચાલીકા પદમાબેનને મળતા મે તેઓને મારે મહિલા આશ્રમમાં રહેવુ છે અને સેવાપુજા કરવી છે તેવી વાત કરતા તેઓએ જણાવેલ કે આશારામ કહેશે તો આશ્રમમાં રાખીશ. તે પછી બીજા દિવસ ે આશારામ જીપમાં આવ્યા ત્યારે હુ તેમની ગાડીની પાછળ દોડેલ અને આશારામે જોયુ કે હુ દોડી છુ એટલે તેઓએ ગાડી ઉભી રાખી મારૂ નામ, ઠામ પુછયુ અને મે આશ્રમમાં રહેવાની વાત કરતા ત્યારે આશારામે કહેલ કે ઠીક.'

(૩૧) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'તે જ દિવસે રાત્રીના આશરે સાડા દસેક વાગ્યાના સુમારે પ્રવિણભાઈ ઉર્ફે પવલો જે તે વખતે આશારામનો રસોઈયો હતો તે આશ્રમમાં આવેલો અને તેણે કહેલ કે બોમ્બેની છોકરી કોણ છે જેથી મે હુ બોમ્બેની છુ તેવુ કહેતા તેણે કહેલ કે મારી સાથે ચાલ આશારામે બોલાવી છે જેથી હુ એકદમ ખુશ થઈ ગયેલી અને હોંશેહોશે હુ આશારામના રસોઈયા સાથે ગયેલી અને મને આ રસોઈયો આશારામ આશ્રમમાં સતસંગ હોલની બાજુમાં આવેલ આશારામની

કુટીયા ખાતે લઈ ગયેલો અને કુટીયાના પાછળના દરવાજેથી મને એક રૂમમાં લઈ ગયેલ અને ત્યા મને બેસાડેલ અને પછી તે જતો રહેલો. તે પછી અડધા કલાક પછી આશારામ આવેલા અને મારી સાથે અડધો કલાક વાતો કરેલ અને મારા પપ્પા તથા ફેમીલી તથા અભ્યાસ બાબતે વાતચીત કરેલ અને મે આશ્રમમાં રહેવાની વાત કરેલ અને પદમાબહેને કહેલ છે કે આશારામ કહેશે તો તને આશ્રમમાં રહેવા દઈશ તેવી વાત મે આશારામને કરેલ ત્યારે આશારામે મને કહેલ કે હુ તનેવકતા બનાવીશ મારામાં શ્રધ્ધા છે તેવુ કહેતા મે હા પાડેલી. ત્યારે તેઓએ કહેલ કે ગુરૂ જે કરે છે તે કલ્યાણ માટે કરે છે તો તને મારા પર શ્રધ્ધા છે તો મે હા પાડતા આશારામે મારા માથા પર, ગાલા પર, છાતી પર હાથ ફેરવ્યા પછી નીચે પેટ પર, પેઢા પર, સાથળ પર હાથ ફેરવવા લાગેલ. આ વખતે તેઓ ખાટલા પર બેહેલ હતા અને હુ ખાટલા પાસે ઢીંચણ અડકાવીને બેઠી હતી ત્યારે આશારામે મને કહેલ કે તુ નીચેનો પાયજામો ઉતાર તો મે પાયજામો ઉતારતા મને ખાટલા ઉપર બેસવાનુ કહેલ અને હુ ખાટલા ઉપર બેસતા મને સુવડાવવાની કોશીશ કરતા હુ ગભરાઈ ગયેલ અને હુ સુવડાવતા સુતેલ નહી તેથી તેઓએ કહેલ કે શકિતપાત કરૂ છુ તો મે ના પાડતા તેઓએ તરત જ મારો હાથ પકડી લીધેલ અને કહેલ કે તુ તો બહુ જ જબરી છે તુ ફસાઈ જાય તેમ નથી. તુ ગભરાઈશ નહી હુ તો તારી કસોટી જ કરતો હતો. પછી તેઓએ કહ્યુ કે તુ મારૂ આ લીંગ મોઢામાં લઈશ તો તુ બહુ મહાન વકતા બનીશ એટલે મે મોઢામાં લીધુ અડધી મીનીટમાં મને ઉબકા આવવા લાગ્યા અને મને ઉલટી થયેલ અને ઉલટીથી પલંગની ચાદર બગડેલ જેથી મને ઉપરના માળે ઉપર જવાનુ કહેતા હુ ઉપરના માળે ગયેલી ત્યા સંચાલીકા પદમાબેન એક નાની વયની છોકરી સાથે હાજર હતા.'

(૩૨) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ

છે કે, 'ત્યારબાદ પદમાએ મને કહેલ કે તુ ખુબ નસીબદાર છે. આશારામે તને સ્પર્શ દિક્ષા આપી અને તુ વકતા બનીશ. પછી હુ પદમા સાથે આખીરાત રૂમમાં બેસી રહેલ.'

(૩૩) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'તે પછી હુ પદમાની ચેલી બની ગઈ અને આશ્રમમાં સ્થાઈ થઈ ગઈ અને મારી પોતાની જાતને નસીબદાર માનવા લાગેલી.'

(૩૪) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'તે પછી એક વર્ષ પછી હુ પદમા સાથે આશારામની કુટીયાએ ગયેલી ત્યારે આશારામે કહેલ કે પદમા આ તૃપ્તીનો સતસંગ સેન્ટરો ઉપર ચાલુ કરાવી દે અને મને કહેલ કે તુ સતસંગ કરીશ તો તને વાકશકિતની જરૂર પડશે તેથી તુ મારૂ આ લીંગ ચુસી લે એટલે મે પદમાની હાજરીમાં આશારામનુ લીંગ મોઢામાં લીધુ અને મને મુખમૈથુન કરાવતા ફરીથી મને ઉબકા આવવા લાગેલા જેથી મને સામે બેસી જવાનુ જણાવેલ. આ વખતે રૂમમાં અંધારૂ હતુ. તે પછી પદમાને તેમની પાસે બોલાવી પોતાના ઉપર બેસાડી ત્યારે પદમાએ કપડા પહેરેલા હતા ધોતી ઉંચી કરીને ઉપર બેઠી તો આશારામે મને કહેલુ કે તુ બોમ્બેની છે છતા તને ખબર પડતી નથી. જો પદમા કેટલી સ્ટ્રોન્ગ છે તેમ કહી પદમા સાથે સેકસ માણવા લાગેલ અને મને કહેલ કે તુ ઉપર જતી રહેલ જેથી હુ ઉપર જતી રહેલ. ત્યારપછી બે કલાક પછી પદમા ઉપર આવેલ અને મને કહેવા લાગેલ કે હવે તારે મારી સાથે સતસંગમાં બધી જગ્યાએ આવવાનુ છે. તારા પર આશારામની ખુબ જ કૃપા છે. તે પછી પદમા સાથે હુ સતસંગમાં જવા લાગેલી અને પદમાએ મારા સારા સારા રીપોર્ટ આશારામને આપ્યા જેથી મારા સતસંગ ગુજરાત અને ગુજરાત બહાર પણ થવા લાગેલ.આ સિવાય તે પછી આશારામે કયારેય પણ મારી સાથે શારીરિક અડપલા કર્યા નથી કે જબરજસ્તી કરી નથી.'

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩૫) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ત્યારપછી મે ઘણીવાર સાંભળેલ છે કે આશારામની પુત્રી ભારતી પણ મહિલા આશ્રમની છોકરીઓને મેઈન આશારામ આશ્રમની શાંતિકુટીયામાં ગાડીમાં બેસાડી આશારામ પાસે લઈ જાય છે.'

(૩૬) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાં ઢેલ અને બગલો નામની સેવીકાઓ મહિલા આશ્રમની નાની વયની છોકરીઓને આશારામની શાંતિકુટીયામાં લઈ જતા હતા. અને છોકરીઓના કપડા કઢાવી સેકસ કરાવવા પ્રેકટીકલ કરાવતા હતા અને ઘ્યાન એટલે કે સેકસ કરવાનુ શીખવાડતા હતા. અને મહિલા આશ્રમમાં જે પણ નવી છોકરીઓ આવતી ત્યારે વર્ષા વકતા પાસે મોકલતા અને જણાવતા કે વર્ષા પાસેથી શીખી લો વર્ષા તમને સેકસ કેવીરીતે કરવો તે બતાવશે અને વર્ષા જેવા વકતા બનો તેવુ જણાવતા હતા. આ હકીકત મે મહિલા આશ્રમની છોકરીઓથી ઘણી વખત સાંભળેલ છે. અને આ વર્ષા આશારામની પત્ની લક્ષ્મી તથા પુત્રી ભારતી તથા આશ્રમની અન્ય સેવીકાઓ શુ ચર્ચા કરે છે તેનો રીપોર્ટ આશારામને આપતી હતી.'

(૩૭) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'હુ જે વખતે આશ્રમમાં હતી તે વખતે મહિલા આશ્રમની સેવીકાઓ, સ્ત્રીઓ તથા આશારામ પોતે અમોને એવુ જણાવતા કે તમે બધી સ્ત્રીઓ નસીબદાર છો અને સ્પેશીયલ છો તથા અપ્સરાઓ છો. તેથી તમોને આશારામનો સાથ અને સતસંગ તથા શારીરિક સંબંઘ મળ્યો છે. આ સાંભળી અમે અમારી જાતને ઘન્ય સમજતા તથા આશારામ ગૃપ સેકસ કરે છતા તેને વિર્ય સ્ત્રાવ થતો ન હતો તે જોઈ અને સાંભળીને અમોને પણ ખરેખર એવુ લાગતુ કે આ આશારામ દિવ્યપુરુષ છે અને અમે પણ અપ્સરાઓ છીએ.'

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩૮) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ત્યાર પછી મને ખબર પડી કે આ શારીરિક સંબંધ વાળી ઘટના તો આશ્રમની લગભગ ઘણી બધી છોકરીઓ સાથે થતી હતી તેથી અમે નસીબદાર છીએ અને અમારા પ્રારબ્ધમાં લખેલો સંસાર ગુરુ કાપી રહયા છે તેવુ સમજતા હતા.'

(૩૯) એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તી બેને મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, 'ઉપરોકત બનાવ બાબતે સમાજમાં મારૂ નામ બદનામ થાય અને હુ સંસારમાં પડેલ હોઉ અને સંતાનમાં મારે એક બેબી હોય કુટુંબની આબરૂ સારૂ મારે કોઈ ફરિયાદ કરવી નથી.'

(૪૦) મે તા. ૨૬/૧૦/૨૦૧૩ ના રોજ સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનું નીવેદન લીધેલ અને તેઓના લખાવ્યા મુજબ મે નીવેદન નોંધેલ હતું. એ વાત ખરી છે કે સાહેદે રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'સને ૨૦૦૮ની સાલમાં તૃપ્તી એટલે કે મારી પત્ની મને આશ્રમમાં મળેલ અને તેણીએ કહેલ કે આશારામ આશ્રમમાં આશારામ તથા તેમનો દિકરો નારાયણસાઈ છોકરીઓ સાથે બદકામ કરે છે જેથી આવી વાતથી મને ખુબ દુ:ખ લાગેલ.'

(૪૧) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'અને હેરાન પણ કરવામાં આવતા હતા.'

(૪૨) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'આશારામે મને કહેલ કે સાલી રાંડોને મુઝે બરબાદ કર દીયા હૈ તેમ કહી સ્ત્રીઓ પ્રત્યે બીભત્સ ગાળો બોલતા.'

(૪૩) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાં પદમાબેન નામની સેવીકા

આશારામની ખુબ નજીક હતા.'

(૪૪) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'હુ આશારામના આશ્રમમાં હતો ત્યારે મે વાતોવાતથી સાંભળેલ કે આશારામનો પુત્ર નારાયણસાઈ નાનો હતો ત્યારે તેને એ વાતનુ કુતુહલ થતુ હતુ કે મારા પિતાના રૂમમાં અવારનવાર છોકરીઓની અવર–જવર કેમ રહે છે?'

(૪૫) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'તે જોવા માટે નારાયણસાઈ એકવાર તેમના પિતા આશારામના રૂમમાં કોઈને ખબર ન પડે તે રીતે પલંગ નીચે સંતાઈ ગયેલ અને જોયુ કે તેના પિતા આશારામ ધ્વારા છોકરીઓ સાથે દુષ્કૃત્યો કરે છે.'

(૪૬) એ વાત ખરી છે કે સાહેદ રાકેશભાઈ જયંતીલાલ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'જેની અસર નારાયણસાઈ પર પડતા નારાયણસાઈ પોતે પણ એ માર્ગ અપનાવેલો. અને આ નારાયણસાઈ વિરૂધ્ધમાં પણ જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ થયેલી છે.'

(૪૭) તા.૨૭/૧૦/૨૦૧૩ ના રોજ સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓનુ નીવેદન નોંધેલ છે. **તે**ઓના લખાવ્યા મુજબ મે નીવેદન નોંધેલ હતું. એ વાત ખરી છે કે સાહેદે પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે ''આશારામ સતસંગ કરીને નીકળે ત્યારે તેઓની ગાડીમાં બેસી હુ મહિલા આશ્રમમાં જતો હતો અને તે વખતે પદમાબેન મુખ્ય હતા.''

(૪૮) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે ''આશારામ અમદાવાદ શાંતિવાટીકામાં રોકાતા તે વખતે ભારતીબેન તેમની ગાડીમાં ચાર કે પાંચ

છોકરીઓ બેસાડીને આશારામની કુટીયા ખાતે લાવતા હતા અને જયારે આશારામ વધુ છોકરીઓને બોલાવે ત્યારે આશ્રમની ટાટા ૪૦૭ ગાડીમાં બેસાડી કુટીયા ખાતે બોલાવતા હતા.''

(૪૯) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે ''કુટીયાની આગળ હીંચકો હતો, ખુરશી હતી અને છોકરીઓને બે ત્રણના ગૃપમાં કુટીયાની ફરતે બેસાડી જાપ કરવાનુ કહેતા હતા. અને હુ ટેબલ ઉપર દુધ મુકતો હતો તે દુધ સાથે આશારામ દવા પણ લેતા હતા. તે દવા વૈધરાજ અમૃતભાઈ આપતા હતા. તેમ પંચેટબુટ્ટી પાવડર મધ સાથે આશારામ લેતા હતા.''

(૫૦) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''જયારે જયારે આશારામ છોકરીઓને કુટીયા ખાતે બોલાવે ત્યારે ત્યારે મને કુટીયાના ગેટ પાસે આવેલ વોચમેનની ઓરડી પાસે મોકલી દેતા હતા.મને વારંવાર કહેતા કે કોઈપણ છોકરી સાથે વાત કરવી નહી. અને બીજા પુરુષ સાધકોને પણ વાત કરવાની મનાઈ હતી. તે સમયે કુટીયામાં સીકયુરીટી ગોવીંદભાઈ હતા.''

(૫૧) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આ વખતે પુરુષ સાધકો પણ હાજર રહેતા અને રાતનો સમય હોય ત્યારે બાપુ ટોર્ચ (હાથબત્તી) લઈને મંડપમાં જતા અને જે છોકરીઓ ઉપર ટોર્ચની લાઈટ કરતા અને જે છોકરી ઉપર ટોર્ચની લાઈટ કરેલ હોય તે છોકરીઓને કુટીયા ખાતે રોકવા ઢેલ અને બગલો સાથે વાતચીત કરતા તે પછી ઢેલ અને બગલો આ છોકરીઓને લઈને બાપુની કુટીયા ઉપર આવતા હતા અને મને આશ્રમમાં જતા રહેવાનુ કહેતા હતા. જયારે જયારે છોકરીઓ આવે ત્યારે ત્યારે હુ સીકયુરીટી ગોવીંદભાઈ પાસે જતો

રહેતો હતો. અને બાપુને મારી જરૂર પડે ત્યારે એક ઘંટી રાખેલ જે ઘંટી વગાડતા હુ દોડતો જતો હતો અને બાપુની સેવા કરતો હતો.''

(પર) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''બાપુ ખુબ જ ગુસ્સાવાળા હતા. જમવામાં કે રસોઈ બનાવવામાં કઈ પણ ભુલ થઈ જાય તો મને મારતા અને ગંદી ગાળો બોલતા હતા. અને હુ તેઓને માલીસ કરતો હોઉ અને કઈક ભુલ થાય તો મને લાત મારી દેતા અને રસોઈમાં મીઠુ સહેજ વધારે કે થોડુ હોય તો થાળી ઉઠાવીને પણ મારી દેતા હતા.''

(પ૩) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામની કુટીયામાં રોકાયેલ છોકરીઓની સવારે જયારે છ વાગે ગાડી આવે ત્યારે તે ગાડી કુટીયાની પાસે રસોડા પાસે ઉભી રહે તેમા બેસી છોકરીઓ કયારે જતી રહે તેની ખબર પડતી નહી. અને હુ જયારે સવારે બાપુના રૂમની સફાઈ કરવા જતો હતો ત્યારે પલંગની ચાદર તથા બાપુએ પહેરેલા કપડા લોચો વળેલા કયારેક કયારેક રૂમના દરવાજા પાસે પડેલા મે જોયેલા છે.''

(પ૪) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામ કુટીયામાં સોળ થી પચ્ચીસ વર્ષની ઉંમરની છોકરીઓ આવતી હતી તેની મને ખબર છે.''

(પપ) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામ મને ત્રણ પુસ્તકો ખાસ વાંચવાનુ કહેતા હતા જેમાં યૌવન સુરક્ષા, ગુરુ ગીતા તથા ગુરુ ભકિતયોગ હતી. જે પુસ્તકોમાં યૌવનની રક્ષા કરોની કથાઓ તેમજ મહાપુરુષોની બ્રહમચર્યની રક્ષા કરોની કથાઓ હતી. અને મને તથા સતસંગમાં બાપુ કહેતા

કે સંસાર નાશવંત છે, સંસાર એટલે દુખોનુ ઘર છે અને બહુજન્મના પુણ્યોદય થયો હોય ત્યારે બ્રહમજ્ઞાનની ગુરુના સાનીધ્યમાં રહેવાની તક મળે. ગુરૂ બ્રહમા, વિષ્ણુ મહેશ પણ ગુરુને શ્રેષ્ઠવાણી નતમસ્તક રહેતા હતા. તમે બ્રહજ્ઞાન પ્રાપ્ત કરો બ્રહમજ્ઞાન મુકત પુરુષ હોય તેને પાપ પુણ્ય લાગતુ નથી. સેવા કરશોતો ભગવાનના સાક્ષાત દર્શન થશે. આત્માનુ પરમાત્મા સાથેનુ મીલન થાય તે પછી લગ્ન કરી સંસારમાં પડાય તેવુ જણાવતા હતા અને લગ્ન કરવાની ના પાડતા હતા.''

(૫૬) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''શાંતિવાટીકાથી ડાબી બાજુ બે બંગલા આવેલા જેમાં લાલવાની કુટીયા તથા નારાયણ વાટીકા પણ છે. ત્યા આશારામની પુત્રી ભારતી છોકરીઓને લઈ આવી તેની ત્યાના સેવકો ખેતી વાડી, બગીચાવાળા સેવકો જાણ કરતા કે ભારતીબેન આવેલા છે.''

(૫૭) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામ આશ્રમમાં હુ બાપુ સાથે રસોઈયા તરીકે આશરે ચાર થી પાંચ વર્ષ રહેલો. ત્યા મને આશારામ મારાથી નાની ભુલ થાય તો મને મારઝુડ કરતા હતા, ગંદી ગાળો બોલતા હતા જેથી મારૂ મન ખટુ થઈ ગયેલ અને આશારામ તથા નારાયણસાઈ બંને એક સાથે આવે ત્યારે હુ બંનેની એકસાથે સેવા ન કરી શકતો હોઉ તેથી નારાયણસાઈ આશારામને કહેતા કે લાલો મારી માન મર્યાદા રાખતો નથી તેમ કહી ખટપટ કરતા હતા. જેથી મારૂ મન ખાટુ થઈ ગયેલ. જેથી મે આશારામને કહેલ કે મને હવે બીજી સેવા કરવાની તક આપો. જેથી તેઓએ કહેલ કે સ્વામિવિવેકાનંદ, તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસ મારા માટે નંદરામ છે અને કહેતા કે મારા ગુરુ કલાલખાને જાય તો પણ મારા ગુરુ મારા માટે નંદરામ અને ગુરુ

કરે તે નહી જોવાનુ તે પાપમાં નહી પડવુ, ગુરુ આજ્ઞા હી કેવલમ શિષ્યમ પરમ મંગલમ તેમ કહી મને આજ્ઞાનુ પાલન કરવાનુ જણાવતા હતા.''

(૫૮) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશ્રમમાંથી કોઈપણ સાધકને આશ્રમ છોડીને જવુ હોય ત્યારે આશારામ ના પાડતા હતા અને સંસારમાં શુ રાખેલ છે તેમ કહી લગ્ન કરવાની પણ ના પાડતા હતા અને જે પણ જીદ કરે તેને ચોર ચારીત્ર ભ્રષ્ટ કહીને આશ્રમના લોકોને કહેવા દબાણ કરતા હતા અને આશ્રમ ન છોડે તે માટે દબાણ કરતા હતા.''

(૫૯) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''ગૌશાળામાં ગાયના ગોબર ભરવાના તગારામાં ઘઉ જેવા મોટા ચોખાનો ભાત બનાવવામાં આવતો અને તે અમારે ખાવો પડતો હતો. જેથી હુ તંગ થઈ ગયો. મને ગૌશાળામાં ખાવાનુ બરાબર મળતુ ન હતુ.''

(૬૦) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''અમદાવાદવાળા આશ્રમના શાંતિ વાટીકા કુટીરનો મુખ્ય દરવાજો પુર્વ દિશાનો હતો. અને કુટીયાના પશ્ચિમની દિવાલે એટલે કે પાછળના ભાગે પણ એક દરવાજો હતો અને બંને રૂમોની વચ્ચે બાથરૂમ આવેલુ હતુ. એક રૂમમાંથી બીજા રૂમમાં જઈ શકાય તેમ હતુ. અને જયારે આ કુટીયા ખાતે આશારામની પુત્રી ભારતી તેની ગાડીમાં છોકરીઓને બેસાડીને લઈને આવે ત્યારે કુટીયાના પશ્ચિમના દરવાજા પાસે ઉભી રાખતા હતા અને આ દરવાજેથી છોકરીઓ રૂમમાં પ્રવેશ કરતી હતી. અને કયારેક કયારેક કુટીયાની દક્ષિણે આવેલ રસોડા પાસે ગાડી ઉભી રહેતી હતી અને જયારે છોકરીઓ આવે ત્યારે વોચમેનના રૂમ પાસે જતો રહેલ હોઈ

તે ગાડીમાંથી કેટલી છોકરીઓ ઉતરી તેની મને ખબર પડતી ન હતી.''

(૬૧) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''મહિલા આશ્રમના પદમાબેન, વિમલાબેન, બીનાબેન, વિદ્યાબેન, ભાવીની, પુનમબેન, સોનલબેન, શીખાબેન, ગોપીબેન, રેખાબેન, કોમલબેન, જયોતિબેન વિગેરે મહિલા સેવીકાઓને ઓળખુ છુ.''

(૬૨) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''કુટીયામાં જે છોકરીઓ આવતી તે મોઢુ ઢાકીને આવતી હોય તેઓના મોઢા જોવા મળતા નહી. ઢેલ અને બગલો તથા ભારતીબેન તથા પ્રવિણ રસોઈયો પણ છોકરીઓને કુટીરમાં લાવતો હતો.''

(૬૩) એ વાત ખરી છે કે સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.''

(૬૪) તા.૬/૧૧/૨૦૧૩ ના રોજ સાહેદ મહેન્દ્રસિંહ કીશોરીલાલાનાઓનું નીવેદન નોંધેલ છે. તેઓના લખાવ્યા મુજબ મે નીવેદન નોંધેલ હતું.

(૬૫) તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ સાહેદ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાઓનું નીવેદન નોંધેલ છે. તેઓના લખાવ્યા મુજબ મે નીવેદન નોંધેલ હતું.

(૬૬) તા.૨૦/૧૧/૨૦૧૩ ના રોજ સાહેદ પુજાબેન જીજ્ઞેશભાઈ પટેલનાઓનું નીવેદન નોંધેલ છે. તેઓના લખાવ્યા મુજબ મે નીવેદન નોંધેલ હતું.

(૬૭) તા.૪/૧૨/૨૦૧૩ ના રોજ સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલ નાઓનું નીવેદન તેમના લખાવ્યા મુજબ મે નોંધેલ હતુ.

(૬૮) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના

નીવેદનમાં એમ લખાવેલ છે કે, '' આશારામના મોટેરા આશ્રમ ખાતે આશ્રમ તરફથી મહિલા આશ્રમમાં રહેતી છોકરીઓ પાસેથી જમવા તથા રહેવાના તથા લાઈટબીલના રુપિયા તેમના માતા પિતા પાસેથી મંગાવવામાં આવતા હતા અને ગુરુપૂર્ણિમાંમાં દક્ષીણા તેમના માતા પિતા પાસેથી લેવામાં આવતા હતા અને જો કોઈ છોકરી આશ્રમ વિરુધ્ધમાં બોલે તો તેને બદનામ કરવામાં આવતી હતી અને બહારનું જમવાનું નહી,બહાર જવુ નહી, વિગેરે જેવા નિયમો પળાવવામાં આવતા હતા. ''

(૬૯) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, '' ભારતી પોતે શીબીર હોય ત્યારે બીજી સાધિકાઓને કહેતી કે,તમારે એવી બહેનોને મારી પાસે મળવા લાવવાની કે જેમના કાનમાં અને હાથમાં સોનુ પહેરેલ હોય અને હીરાના દાગીના પહેરેલ હોય તેને મુલાકાત આપવી જેથી તેમની અમીરીનો લાભ લઈ શકાય. ''

(૭૦) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, '' અને સને.૨૦૦૭ની આસપાસ અમોએ મારા પિતાના કહેવાથી પરીવાર સાથે આશ્રમ છોડી દિધેલ અને અમારા પરીવાર સાથે આશ્રમ બહાર રહેવા ગયા હતા બાદ આશારામ આશ્રમમાં દિપેશ અને અભીષેકના અપમૃત્યુનો બનાવ બનેલ અને અમોને આશ્રમમાં રહેતા હતા તે દરમ્યાન વાતો થતી હતી કે,આશારામ આશ્રમમાં ખરાબ કાર્યો થાય છે.''

(૭૧) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામ બાપુની ખાસ સેવિકા તરીકે ઢેલ અને બગલો હંમેશા તેની સાથે રહેતી હતી અને મંલંગોનું ગ્રુપ ઢેલ અને બગલો ચલાવતી હતી.મંલંગ ગ્રુપ એટલે કે સીંધી સ્ત્રીઓનું ગ્રુપ જેમાં આશારામની નજીક હોય તેવી સ્ત્રીઓ અને છોકરીઓ રહેતી હતી અને આ મંલંગ ગ્રુપની સેવિકાઓ

આશચારામને છોકરીઓ સપ્લાય કરતા હતા આશારામ પોતે ઢેલ અને બગલો નામની સેવિકા સાથે શારીરીક સંબધ રાખતા હતા. ''

(૭૨) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''ભારતી પોતે પણ તેના પિતાને છોકરીઓ પહોચાડવાની કામગીરી કરતી હતી.''

(૭૩) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામના સંતસંગ દરમ્યાાન જે છોકરી પંસદ પડે તેને આ મંલંગ ગ્રુપની સેવિકાઓ આશારામની સુચના મુજબ મહિલા આશ્રમમાં અનુષ્ઠાન માટે ૧૧ દિવસ કે ૨૧ દિવસ બોલાવતા હતા અને જે છોકરી પંસદ હોય તેને અલગથી અનુષ્ઠાન માટે કહેતા અને જયારે અનુષ્ઠાન માટે આવે ત્યારે તે છોકરીને મહિલા આશ્રમની સંચાલીકા ધ્રુંવબેન વધુ અનુષ્ઠાન માટે ફરી આવજો તેમ કહેતા અને આશારામ બાપુ પાસે અનુષ્ઠાન કરવાથી ઈશ્વરની પ્રાપ્તિ થશે તેમ કહી છોકરીઓને આશ્રમમાં સમર્પીત કરવા તૈયાર કરતા અનુષ્ઠાનના બહાને આશારામ છોકરીઓ સાથે દુષ્કર્મ કરતો તેવુ અમે જયારે આશારામ આશ્રમમાં રહેતા હતા ત્યારે વાતો થતી હતી અને જાણવા મળેલ હતુ.''

(૭૪) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામ આશ્રમમાં શાંતીકુટીર આવેલ છે જયા આશારામ મોટે ભાગે રહે છે તેમજ શાંતી વાટીકા ફાર્મ હાઉસ પણ આશ્રમની અંદર આવેલ છે શાંતી કુટીયામાં આશારામ બાપુ તમારા નસીબમાં પારબ્ધ ધોવાઈ જશે તેમ કહી સ્ત્રી સાધિકાઓને તથા વકતાઓને બોલાવતા હતા. ''

(૭૫) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના

નીવેદનમાં એમ લખાવેલ છે કે, '' આશારામ આશ્રમમાં ચાલતા આયુર્વેદીક દવાખાનામાં ટીના નામની છોકરી કામ કરતી હતી અને હું પણ દવાખાનામાં મદદ કરતી હતી રવીવારે દવા પણ પેક કરવા જતી હતી એકવાર આશ્રમમાં એકયુપ્ર ેશરનો કેમ્પ થયેલ જેમાં તમામને એકયુપ્રેશરની સારવાર પધ્ધતી શીખવવામાં આવેલી જેમાં ટીના અને અમો એકયુપ્રેશર સારવાર શીખેલા ત્યારથી ટીનાનું નામ ટીના એકયુપ્રેશર પડેલ હતુ ટીના એકયુપ્રેશરનું કામ જાણતી હોય આશારામની સ ેવા કરવા જતી હતી અને તેમને એકયુપ્રેશરની સારવાર કરતી. ''

(૭૬) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, '' આશારામના રસોઈયા તરીકે અખીલ નામનો સ ેવક જે મુઝફફરનગરનો હતો જે રસોઈયા તરીકે કામ કરતો હતો તેની પહેલા આશારામ બાપુના રસોઈયામાં લાલો હતો આશારામની રસોઈની જવાબદારી તે સંભાળતો હતો અને આશારામ બાપુ પ્રવાસમાં જાય ત્યારે જોડે રહેતો હતો અને તે શાંતીકુટીયાની આજુબાજુમાં રશહેતો હતો અને સંત્સંગમાં જે કાંઈ નાણા આવે તે વર્ષા કે અન્ય કોઈ વકતા અખીલને આપતા અને અખીલ આ નાણા કેશીયર વાણીભાઈને આપતો હતો અને જયારે આશારામ બાપુ ટુરમાં હોય ત્યારે ફોનથી જાણ કરી વકતાઓ હિસાબ આપતા હતા.. ''

(૭૭) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''આશારામની દિકરી ભારતી મહિલા આશ્રમમાં પોતાનું ગ્રુપ બનાવી ફરતી હતી અને તેને પટટ્રો કહેતા હતા આ નામ આશારામે આપેલ હતુ તે નામ આપવા પાછળ પટટ્રાચાર્ય નામના બૌધ્ધ ધર્મમાં અનુયાયી હતા તેઓએ બૌધ્ધ ધર્મમાં અલગ પંથ બનાવેલો હતો અને આશારામને શંકા હતી કે ભારતી તેનાથી કોઈ અલગ પંથ ન બનાવે તે માટે તેને પટટ્રો કહીને બોલાવતા હતા અને આશારામે ભારતી કોઈ બળવો ન પોકારે તેનો ડર

હતો. ''

(૭૮) એ વાત ખરી છે કે સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''દુષ્કર્મની વાત ગુપ્ત રાખતા હતા અને જો જાહેરાત થાય તો દરેક છોકરીઓના ગ્રુપના અંદરો અંદર વાત કરતા અને તારા ઉપર બાપુની કૃપા થઈ છે અને કુંડલી શકિત જાગ્રૃત થઈ છે તેમ કહીને ગુપ્ત રાખતા હતા અને જો કોઈ દુષ્કર્મ થાય તો તેને દુષ્કર્મ ગણતા નહી અને તેને સાધના ગણતા હતા અને શીબીરમાં કોડવર્ડમાં અંદરો અંદર સમજી લેતા હતા. ''

(૭૯) તા.૫/૧૨/૨૦૧૩ ના રોજ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓનુ નીવેદન તેઓના લખાવ્યા મુજબ નોંધેલ હતુ.

(૮૦) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'ગુરુપુર્ણિમાના દિવસે અલગથી તેઓના મા–બાપ પાસે રૂપિયા પાચેક હજારથી લાખો રૂપીયા આશારામને મળવા માટે લ ેતા હતા. '

(૮૧) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'મહીલા આશ્રમમાં ચોકીયાત તરીકે જશીબેન હતા ?'

(૮૨) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'શાંતિવાટીકામાં આશારામ તેમના ફોનથી ફોન કરી મહીલા આશ્રમના સંચાલીકા ધ્રુવબેન તથા તેમની અંગત સેવીકા ઢેલ અને બગલોને ફોન કરી અલગ અલગ ગૃપોમાં છોકરીઓને શાંતિવાટીકામાં લઈ આવવા કહેતા અને ઢેલ અને બગલો સવાર સાંજ અને રાત્રે શાંતિવાટીકામાં છોકરીઓનેલઈ જતી આવતી હતી અમુક રાત્રીના સમયે પાછળ ગેરેજવાળા ગેટની પાસે એક જાળીવાળો દરવાજો હતો જયાંથી આ ઢેલ અને બગલો અમુક

છોકરીઓને શાંતિવાટીકામાં આશારામ બાપુ પાસે લઈ જતી હતી?'

(૮૩) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, સને ૨૦૦૬માં એક દિવસ આશારામ બાપુ સાથે રહેતી તેમની અંગત સેવીકાઓ ઢેલ અને બગલો શાંતિકુટીયામાં પાછળના ગેટથી ત્રણ ચાર છોકરીઓને સાંજના સમયે છોકરીઓને લાવતા જોયેલા અને શાંતિકુટીયાની આજુબાજુમાં છોકરીઓને લાવવાની મનાઈ હોય અને છોકરીઓને આશારામ બાપુની શાંતિકુટીયામાં જતા મને પ્રશ્ન થયેલ કે શાંતિકુટીયામાં છોકરીઓ કેમ આવી હશે? જે બાબતે મે આશારામ બાપુને વાત કહેલ કે ઢેલ અને બગલો છોકરીઓને કેમ લઈને આવેલ હતી? તેમ કહેતા બાપુ ઉશ્કેરાઈ ગયેલ અને મને કાઢી મુકેલ અને બહાર મને હીમંતનગર ખાતેના આશારામ આશ્રમમાં મોબાઈલ ડીસ્પેન્સરીમાં ડ્રાઈવીંગ કરવા કહેલ અને બહાર આશારામનો પાર્ટ ટાઈમ રસોઈઆ આશીષે કહેલ કે બાપુથી માફી માંગી લે પછી મે બાપુથી માફી માંગેલ અને બાપુએ મને માફી આપેલ જયારે પણ બાપુનેછોકરી પહોંચાડવાનુ કામ હોય ત્યારે ખાસ સેવીકાઓ ઢેલ અને બગલો અને જીતુ બબાલ ડ્રાઈવર જ આ કામ કરતા હતા.'

(૮૪) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, 'સને ૨૦૦૮માં મે આશ્રમ છોડી દીધેલ હતો મારે લગ્ન કરવા હોય અને મારે ધંધો કરવો હોય મે આશ્રમ છોડી દીધેલ અને બાદ આશ્રમ જતો આવતો હતો. આશ્રમમાં દુષકર્મ અને બળાત્કાર જેવા બનાવો બનતા હોવાનુ અમો સાંભળેલ હતુ. તથા આવા કાર્યોમાં આશારામની પત્ની લ ક્ષ્મી તથા દિકરી ભારતી અને દિકરો નારાયણ બધુ જ જાણતા હોવા છતા સહકાર આપતા હતા અને તેમના સેવકો જનુની હોઈ જો આશારામ બાપુની વિરૂધ્ધમાં કોઈ કાઈ બોલતુ નહી.'

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૫) એ વાત ખરી છે કે સાહેદ જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલનાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, આશ્રમમાં બળાત્કારની અને દુષકર્મની હકીકત મે સાંભળેલી.

(૮૬) તા.૧૭/૧૨/૨૦૧૩ ના રોજ સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલ નાઓનુ નીવેદન નોંધલ હતું. તેઓ પોતાના નીવેદન માં એવી હકીકત જણાવેલ છે કે, ''અમદાવાદ ખાતેના મોટેરા આશારામ આશ્રમમાં બાપુ સંતસંગ કરતા ત્યારે ઢેલ અને બગલો નામની સેવિકાઓ તેમની સાથે રહેતી તેમના અસલ નામની મને ખબર નથી પરંતુ હું તેમને સારી રીતે ઓળખુ છું. '' એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવી હકીકત જણાવેલ કે, ''મહિલાઓને આશ્રમમાં અનુષ્ઠાન કરાવવામાં આવતુ .....મહિલા આશ્રમમાં રાખવામાં આવતી. ''

(૮૭) એ વાત ખરી છે કે સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''મહિલા આશ્રમમાં જે છોકરીઓ સમર્પીત થયેલ હોય તે ત્યાજ રહેતી હતી અને બહારથી સેવા કરવા માટે તથા અનુષ્ઠાન માટે આવતી છોકરીઓનો અલગ રહેવાની વ્યવસ્થા હતી.સમર્પીત થયેલ છોકરીઓ ત્યા કાયમી રહેતી હતી રહેવા અને જમવાના નાણા તેમના વાલી પાસ ેથી લેવામાં આવતા હતા. ''

(૮૮) એ વાત ખરી છે કે સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલ નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એમ લખાવેલ છે કે, ''૧૫ વર્ષ પહેલા આશારામના આશ્રમમાં ......છતા સહકાર આપતા હતા. ''એ વાત ખરી છે કે,હું આજે પણ આશારામ બાપુનો સાધક છું.એ વાત ખરી નથી કે,આજે પણ આશારામબાપુના આશ્રમની ઘણી જમીનો મારા નામે બોલતી હોય અને તેમને બચાવવા ખોટી જુબાની આપુ છું.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૯) મને આંક–૧૫ર બતાવવામાં આવે છે. જે આરોપી નં.ર અને ૩ નાઓના પાસપોર્ટ પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ તે પંચનામુ પંચોના નજરે જોયા લખાવ્યા મુજબ અમોએ લખેલ, તે પંચનામુ અને તે મુજબ સમજ આપવામાં આવેલ અને બે પંચો અને રૂબરૂ તરીકે મારી સહી છે. પંચ નં.૧ ની ગુજરાતીમાં સહી છે. અને પંચ નં–ર ની અંગ્રેજીમાં સહી છે.

(૯૦) તા.ર૯/૧૧/ર૦૧૩ ના રોજ આરોપી મીરાબેન ઉર્ફે બગલો નાઓના રહેણાક મકાનમાં પંચો સાથે સરકારી વાહનમાં રવાના થયેલ તે અંગેનુ પ્રાથમીક પંચનામુ અમોએ કલાક–૧૬:૧૫ વાગે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે બનાવેલુ જેમાં પંચ નં.૧ એ અંગ્રેજીમાં સહી કરેલી અને પંચ નં.ર એ હીન્દીમાં સહી કરેલી. ત્યારબાદ, ચાંદખેડા પોલીસ સ્ટેશનથી નીકળી આરોપીના બેનના બતાવ્યા મુજબ હાંસોલ–સરદારનગર, અમદાવાદ ખાતે સમરથ નગરમાં તેમના રહેણાક મકાન પાસે આવી,આરોપી બેનને મકાન બતાવતા, તે મકાન બંધ હોય આરોપી બેને પોતાની પાસે રહેલ ઘરની ચાવી થી દરવાજો ખોલી, મકાનની અંદર દાખલ થયેલ, જયાં રૂમની દક્ષિણના દીવાલે એક શેટ્રી પલંગ ગોઠેલ હતો અને તેની બાજુમાં પુર્વ તરફ લોખંડની તિજોરી હતી. સદર રૂમમાં પુર્વ બાજુએ પુજા રૂમ આવેલ હતો. અને ત્યાં રહેલ ધાર્મિક પુસ્તકો વગેરે પડેલ હતા. તે પુસ્તકો માંથી નીચે મુજબના પુસ્તકો કબજે કરેલ હતા.

(૧) એક આદર્શ નારી સુશીલા નામની બુક, જેના લેખક જય દલાલ છે.

(ર) એક આદર્શ નારી સુશીલા એક શીક્ષાપ્રદ કહાની,જેના લેખક જય દલાલ છે.

(૩) એક લીટીવાળી નોટબુકના કાગળ નંગ.૪ જેમાં સીંધી ભાષામા લખાણ છે.

(૪) એક લીટીવાળા ચોપડાના કાગળ નંગ–૧૦ જેમાં સીંધી ભાષામાં લખાણ લખેલ છે.

(૯૧) સદર ૧૪ કાગળોની પાછળ બંને પંચોની સહી લઈ અમોએ કબજે કરેલ.

અને પંચોના નજરે જોયા લખાવ્યા મુજબ, પંચનામું કરવામાં આવેલ, જે પંચોને વાંચી, સમજી, સાંભળાવી ને પંચનામામાં નીચે પંચોની સહીઓ કરેલી અને જેમાં પંચ નં.૧ નાઓએ અંગ્રેજીમાં સહી અને પંચ નં.૨ નાઓએ હીન્દીમાં સહી કરેલી અને રૂબરૂ તરીકે પંચનામામાં મે સહી કરેલી.

(૮૪.૧) ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે,(૯૨)એ વાત ખરી છે કે, આ એસ.આઈ.ટી.ના અમો સુપરવાઈઝીંગ અધિકારી હતા. (૯૩)એ વાત ખરી છે કે, સને–૨૦૧૫ માં હું મહીલા પોલીસ સ્ટેશનમાં એ.સી.પી. તરીકે અને દિવ્યા રવિયા પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. એ વાતની મને ખબર નથી કે સને–૨૦૧૫ ના અરસામાં એડવોકેટ શ્રી આર.આર.શુકલા નાઓએ અમારી તથા દિવ્યા રવિયા વિરૂધ્ધ પોલીસ કમીશનરશ્રીને અરજી કરેલ હતી. આ અરજી અંગે તપાસ માટે પોલીસ કમિશ્નરશ્રીએ ક્રાઈમ બ્રાન્ચ ડી. સી. બી. ને તપાસ અંગેનો હુકમ કરલો. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે મારા વિરૂધ્ધની હકીકત સાચી છે. એ વાતની મને ખબર નથી કે, એડવોકેટ શ્રી આર. આર. શુકલાનાઓએ જે અરજી કરેલ તેમાં ઈનમોરલ ટ્રાફીક એકટના ગુનાઓમાં એકના એક પંચોને રાખવા બદલનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે, મારા કાર્યકાળ દરમ્યાન ઈનમોરલ ટ્રાફીક એકટ અંગેની સંખ્યાબંધ ફરીયાદો દાખલ કરવામાં આવેલી હતી. એ વાત ખરી છે કે ડી.સી.બી. ક્રાઈમ બ્રાન્ચે તેઓને સોંપેલ તપાસના કામે મારૂં પણ નીવેદન લેવામાં આવેલ હતું.

સવાલઃ– પ્રસ્તૃત કેસમાં તમોએ જે કાંઈ પણ તપાસ કરી તે સ્વેચ્છએ કરેલી કે તપાસ કરનાર અધિકારી રવીયાના હુકમને આધારે કરેલી ?

જવાબ:– ગુનો દાખલ થયા પછી સી.પી. સર અમદાવાદ નાઓનો હુકમ જાહેર કરેલ હતો. જેમાં આ ગુનાના કામે તા.૭/૧૦/૨૦૧૩ ના રોજ સીટની રચના કરવામાં આવેલ હતી. જેમાં હું પણ સીટની એક મેમ્બર હતી. સીટની જોઈન્ટ મીટીંગમાં હું ભાગ લેતી હતી. અને સીટમાં જે તપાસના મુદ્દા નકકી થાય તે અંગે અમો તપાસ કરતા હતા.

(૯૪) એ વાત ખરી છે કે, સીટના કામે કોણે કંઈ તપાસ કરવી તે અંગેના દર વખતે લેખીત હુકમ થતા ન હતા. મારે જે બાબતે તપાસ કરવાની હતી તેનો લેખીત હુકમ મને મળેલો. તે લેખીત હુકમ મારી પાસે હશે તો હું રજુ કરવા તૈયાર છુ.(૯૫) એ વાત ખરી છે કે કોગ્નીઝેબલ ગુનાની તપાસમાં કેસ ડાયરી મેનટેન કરવાની હોય છે. મે કરેલ તપાસ અંગે હું આઈ.ઓ. ન હોય, કેસ ડાયરી બનાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કેસની તપાસમાં મારી ભુમિકા આઈ.ઓ. તરીકે ન હતી. પરંતુ સીટના એક મેમ્બર તરીકે કામગીરી કરેલ. એ વાત ખરી છે કે, સીટના દરેક મેમ્બર આ કામે આઈ.ઓ. ન હતા. (૯૬) એ વાત ખરી છે કે, હું અમદાવાદ બહાર જઈને નીવેદન લઉ ત્યારે નીવેદનના મથાહે સ્થળનું નામ લખી 'કેમ્પ' લખુ છું. એ વાત મને અત્યારે યાદ નથી કે મે મહીલા આશ્રમમાં જઈ છોકરીઓના નીવેદન લીધેલા. એ વાત ખરી નથી કે મે મહીલા આશ્રમમાં જઈ ત્યાં રહેતી છોકરીઓની પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, ચાર્જશીટ મારી દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવેલું. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે અમો સીટના એક મેમ્બર હતા.

સવાલ:– સદર ફરીયાદ ૧૨ વર્ષ પછી થયેલ હોય, જેથી તમે આઈ.ઓ.ને ફરીયાદ સાચી છે કે ખોટી તે અંગે તપાસ કરવા આદેશ કરેલો નહી ?

જવાબઃ- ઈન્વેસ્ટીગેશનનો આદેશ હતો, તપાસના કામે જે પણ કાંઈ હશે તે બહાર આવશે.

સવાલઃ- ઈન્વેસ્ટીગેશનનો આદેશ કોનો હતો.

જવાબઃ- સી.પી.સરનો આદેશ હતો, સી.પી.સાહેબ દવારા સીટની રચના કરવામાં આવેલી.

(૯૭) એ વાત ખરી છે કે મારી સરતપાસના પેરા નં.૨ થી ૫ માં તૃપ્તીના નીવેદન લગત મારી સરતપાસમાં જણાવેલ છે તે અંગે આવો કોઈ પુરાવો મારી તપાસમાં મળી આવેલ નથી અને આ લગત મે કોઈ તપાસ કરેલી નહી.

સવાલઃ- તમોએ આઈ.ઓ. રવીયાને તૃપ્તીના નીવેદન લગત તપાસ અંગેનો કોઈ લેખીત આદેશ કરેલ નહી ?

જવાબઃ- સીટની મીટીંગ થાય અને તેમાં જે માર્ગદર્શન મળે તે મુજબ કાર્યવાહી કરવાની હતી.

(૯૮) એ વાત મને અત્યારે યાદ નથી કે, સાહેદણ તૃપ્તીબેનના નીવેદન સંબંધે સીટમાં શું ચર્ચા થયેલ હતી. (૯૯) એ વાત ખરી છે કે તૃપ્તીબેનના નીવેદન બાબતે સીટની મીટીંગમાં માત્ર ડીસ્કશન (ચર્ચા) થયેલું અને તેણીએ કરેલા આક્ષેપો બાબતે આગળ કોઈ તપાસ કરવામાં આવેલ નહી. (૧૦૦)મે વર્ષાબેનનું કોઈ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છેકે, મારી સરતપાસનાં પેરા નં.૭ માં તૃપ્તીના નીવેદનમાં જે આક્ષેપો કરવામાં આવેલા છે તે લગત તૃપ્તીએ કઈ છોકરીઓને કયા મહીનામાં કઈ તારીખે તેમજ કર્યા વર્ષમાં તૃપ્તી સાથે ગયેલ હોય તે અંગે મે કોઈ તપાસ કરેલ નથી તેમજ આવી કોઈ છોકરીઓ પણ મળી આવેલી નહી. તેમજ રવિયાને પણ આ તપાસ કરવા માટે મે કોઈ આદેશ આપેલો નહી. (૧૦૧) એ વાત ખરી છે કે, તૃપ્તીના કહેવાતા નીવેદનોમાં તૃપ્તીએ જે આક્ષેપો કરેલા તે લગત મે કોઈ તપાસ કરેલી નથી.

તેમજ તપાસ અધિકારીને તૃપ્તીના કહેવાતા નીવેદનમાં કરવામાં આવેલ આક્ષેપો લગત તપાસ અધિકારી રવિયાને પણ તપાસ કરવા કોઈ સુચન કરેલ નહી. (૧૦૨)એ વાત ખરી છેકે તૃપ્તીના કહેવાતા નીવેદનમાં જે આક્ષેપો કરવામાં આવેલા તેમાં સ્થળ, તારીખ, મહીનો, વર્ષ તેમજ કહેવાતી છોકરીઓના કોઈ નામ–સરનામા જણાવેલા નહી. (૧૦૩) એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન મે પદમાબેન, વિમલાબેન, સજનીબેન, બીનાબેન ને મળેલી નથી અને તેઓના કોઈપણ નીવેદન પણ લીધેલા નથી. એ વાત ખરી છે કે, તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેઓના નિવેદન લેવા માટે કોઈ સુચના પણ આપેલ નહી.(૧૦૪) એ વાત ખરી છેકે ગોપીબેનનાઓનું મારા રૂબરૂના નીવેદનમાં ગોપીબેનને એવુ જણાવેલ નથી કે, '' તેઓ (ગોપીબેન) શાંતીકુટીયામાં જતી હતી.'' એ વાત ખરી છેકે, તૃપ્તીબેનના કહેવાતા નીવેદનમાં શ્રી યોગ વશિષ્ટ મહા રામાયણા ગ્રંથનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે મે કબજે કરેલ નથી. એ વાત ખરી છેકે, શાંતી વાટીકા, કુટીયા તથા મહીલા આશ્રમમાં તૃપ્તીને સાથે રાખી કોઈ પંચનામું કરેલુ નહી. (૧૦૫) એ વાત ખરી છે કે, મે આશારામ બાપુના રસોઈયો પ્રવિણ ઉર્ફે પવલોનું મે કોઈ નીવેદન લીધેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેનું નીવેદન લેવા માટે કોઈ માર્ગદર્શન આપેલુ નહી. (૧૦૬) એ વાત ખરી છેકે, તૃપ્તીબેને મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે '' સને–૧૯૯૨ માં ઉજજૈન ખાતે કુંભ હોઈ, હું મુંબઈથી ઉજજૈન ગયેલ અને તે કુંભમાં ૧૧ દિવસ રોકાઈ અને ત્યાંથી મુંબઈ પરત આવેલ અને ત્યારબાદ મુંબઈથી હું ભાગીને અમદાવાદ મોટેરા આશ્રમમાં આવેલી અને હું મહીલા આશ્રમની સંચાલીકા પદમાબેનને મળેલી અને હું આશ્રમમાં જ રોકાઈ ગયેલી હતી.'' એ વાત ખરી નથી કે તૃપ્તીબેનનું નીવેદન મે અમદાવાદ ખાતે લીધેલુ. એ વાત

ખરી છે કે તૃપ્તીબેનના નીવેદનમાં ''કેમ્પ''નો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. (૧૦૭)એ વાત ખરી છે કે જાનકીબેન કે જે નારાયણ સાંઈના પત્ની છે તેમના નીવેદન નો મે અભ્યાસ કરેલો. એ વાત ખરી છેકે, જાનકી બેનના નીવેદનમાં જાનકીબેને તેમની જોડે (જાનકીબેન) આશારામે બદકામ કરેલ હોય, તેવું જણાવેલ નથી. (૧૦૮)એ વાત ખરી છે કે, મેં તૃપ્તીબેનના કહેવાતા નીવેદનમાં કોમલ, કંચન તથા પદમા નાં નામનો ઉલ્લેખ છે તેમની મે કોઈ તપાસ તથા તેઓના નિવેદન લીધેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેઓના નિવેદન લેવા કોઈ આદેશ આપેલો નહી.(૧૦૯) એ વાત ખરી છેકે, તૃપ્તીબેનના કહેવાતા નીવેદનમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે તેમાં તેવી કોઈ છોકરી જેના મોઢા ઉપર ડાઘ મળેલ હોય, તેની તપાસ કરેલ નથી. તેમજ ઢેલ અને બગલાના મોઢા ઉપર ડાઘ પડેલ હોય તેવો કોઈ પુરાવો પણ મળેલ નહી. તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેઓના નિવેદન લેવા કોઈ આદેશ આપેલો નહી.(૧૧૦) એ વાત ખરી છેકે, તૃપ્તીબેનના કહેવાતા નીવેદનમાં જે આક્ષેપ કરવામાં આવેલા કે ઢેલે ઘણીવાર ગર્ભપાત કરાવેલ છે તે લગત મે કોઈ તપાસ કરેલ નથી. તેમજ તેઓ કોઈ પુરાવો પણ મળી આવેલ નહી. તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેઓના નિવેદન લેવા કોઈ આદેશ આપેલો નહી.(૧૧૧)એ વાત ખરી છે કે ઢેલ અને બગલાને સારુ ખાવા અને સારી ટ્રીટમેન્ટ તેમજ હરવા ફરવા મળે તે માટે આ બંને જણી આ કામ કરતા હતા તે લગત મે કોઈ તપાસ કરેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ તેઓના નિવેદન લેવા કોઈ આદેશ આપેલો નહી.(૧૧૨) એ વાત ખરી છે કે, આરોપી નં.૫ બગલા ઉર્ફે મીરાના ઘરનું પંચનામુ કરેલુ. તે એક રૂમ રસોડાવાળું ઘર હતું. એ વાત ખરી છે કે, તે ઘરમાં કોઈ વૈભવી વસ્તુઓ મળી આવેલ નહી. એ વાત ખરી છેકે એ મકાન સાદું હતું. (૧૧૩) એ વાત ખરી છે કે, સાહેદ

તૃપ્તીબેને તેમના કહેવાતા નીવેદનમાં ફરીયાદીની ફરીયાદમાં કરેલ આક્ષેપોની જે વિગત દર્શાવી છે તે કઈ રીતે અને કયારે તેમજ કોના માધ્યમથી તૃપ્તીબેનને ખબર પડેલી તે વિશે તૃપ્તીબેને કાંઈ જણાવેલ નહી. (૧૧૪)એ વાત ખરી છેકે, તૃપ્તીબેનનું કહેવાતું નીવેદન મે વિડીયો ગ્રાફીમાં લીધેલ નથી. એ વાત ખરી નથી કે, તા.૨૬/૧૦/૨૦૧૩ ના રોજનું તૃપ્તીબેનનું નીવેદન મે જાતે તૈયાર કરેલ અને તૃપ્તીબેને કોઈ નીવેદન લખાવેલ નથી તેથી જ તેમનુ કહેવાતુ નીવેદન મેં ઓડીયો–વિડીયોગ્રાફીમાં લીધેલુ નહી. (૧૧૫)એ વાત ખરી છે કે, તૃપ્તીબેને મારા રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ છે કે,'' મને વાંચવાનો ખુબ શોખ હોવાથી મે જુદા જુદા ગ્રંથો પુસ્તકો વાંચેલા છે. જેથી હું વકતા તરીકે સફળ થયેલ, આશ્રમમાં રહીને મે ગુરુભકીત ઈશ્વર પ્રાપ્તી માટે ધ્યાન ધર્યુ અને ચંદ્રાયણ વ્રત પણ કર્યા.'' એ વાત ખરી છે કે, તૃપ્તીબેને મારા રૂબરૂ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, હું આશ્રમમાં હતી એ વખતે મારો નિત્ય કર્મ જેમાં હું પાંચ વાગે ઉઠી જવુ પડતુ અને સવારે સાડા પાંચ વાગ્યાથી સાત વાગ્યા સુધી ગુરુ વંદના તથા ભજન કરતા હતા. ત્યારબાદ આસન, યમ, નિયમ, પ્રાણાયમ વિગેરે કરતા હતા. ત્યારબાદ સવારના સાડા આઠ વાગ્ય થી સાંજના સાડા છો–સાત સુધી આશ્રમમાં વિવિધ સેવાઓ કરતા.''(૧૧૬)એ વાત ખરી છે કે, તૃપ્તીએ કઈ તારીખ અને કયા મહીનામાં આશ્રમ છોડેલ તે અંગે મે કોઈ તપાસ કરેલ નથી, તેમજ આશ્રમમાંથી તૃપ્તી કઈ રીત ગયેલ તે અંગે તૃપ્તીને સાથે રાખી કોઈ પંચનામુ પણ કરેલ નહી.(૧૧૭)એ વાત ખરી છે કે, મારી સરતપાસના પેરા નં.૪૦ માં જે રાકેશભાઈ જયંતીભાઈ પટેલના નિવેદનનો ઉલ્લેખ છે તેમાં તારીખ, મહીનો, સમય, સ્થળ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂના તૃપ્તીબેનના વધારાના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, સને–૨૦૦૩ માં તૃપ્તીબેને આશ્રમ છોડી દીધેલ.

એ વાત ખરી છે કે, તૃપ્તીબેનના કહેવા પ્રમાણે તૃપ્તીબેને સને–૨૦૦૩ માં આશ્રમ છોડી દીધેલુ. અને રાકેશભાઈ જયંતીભાઈ પટેલના કહેવા પ્રમાણે સને–૨૦૦૮ ની સાલમાં તૃપ્તીબેનને રાકેશભાઈ જયંતીભાઈ પટેલને આશ્રમમાં મળેલ અને તેને વિગતો જણાવેલી આ લગત મે તૃપ્તીબેનને અને રાકેશભાઈને સાથે રાખી ને કોઈ ખુલાસો મેળવેલો નહી તેમજ તે બંનેનું કોઈ ક્રોસ વેરીફીકેશન પણ કરેલુ નહી. (૧૧૮) એ વાત ખરી છે કે, રાકેશભાઈ જયંતીભાઈ પટેલનાઓએ તેમના કહેવાતા નીવેદનમાં જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપોમાં કોઈપણ સ્ત્રીનું નામ આપેલુ નહી તેમજ તારીખ, મહીનો, વર્ષ અને સ્થળનો પણ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે, રાકેશભાઈના કહેવાતા નીવેદના આક્ષેપોની મે કોઈ તપાસ કરેલ નથી તેમજ તપાસ અધિકારી રવિયાને પણ આ આક્ષેપોની તપાસ કરવા માટે જણાવેલુ નથી. (૧૧૯)એ વાત ખરી છે કે, રાકેશભાઈ જયંતીભાઈ પટેલનાઓએ તેમના કહેવાતા નીવેદનમાં પદમાબેનનો જે ઉલ્લેખ કરવામાં આવે છે. તે લગત મેં પદમાબેનની કોઈ તપાસ કરેલી નહી તેમજ તેમનું પણ કોઈ નીવેદન લીધેલુ નહી. તેમજ તપાસ અધિકારી રવિયાને પણ આ પદમાબેનની તપાસ કરવા માટે જણાવેલુ નથી. (૧ ૨૦)એ વાત ખરી છેકે, મારી સરતપાસના પેરા નં.૪૪ અને ૪૫ ના સાહેદ રાકેશભાઈ જયંતીભાઈ પટેલનાઓએ તેમના નીવેદનમાં જે આક્ષેપો કરેલા તે આક્ષેપોમાં તારીખ, મહીનો, વર્ષ અને સ્થળનો ઉલ્લેખ કરેલ નથી, કોઈની પાસેથી સાંભળેલ તે પણ જણાવેલ નથી, તેમજ છોકરીઓના પણ કોઈ નામ આપેલ નહી અને આ આક્ષેપો લગત મે કોઈ તપાસ કરેલી નથી તથા તેમજ તપાસ અધિકારી રવિયાને પણ તપાસ કરવા માટે જણાવેલુ નથી. (૧૨૧ )એ વાત ખરી છે કે, સાહેદ રાકેશ જયંતીભાઈ પટેલના કહેવાતા નીવેદનમાં જે જગદીશ ફટફટીના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે તે વ્યકિતની મે કોઈ

તપાસ કરેલ નહી તેમજ તે વ્યકિતનુ નીવેદન પણ મેળવેલ નહી. તેમજ તપાસ કરનાર અધિકારી રવિયાને પણ જગદીશ ફટફટીની તપાસ કરવા માટે જણાવેલુ નથી.(૧૨૨)એ વાત ખરી છેકે મે અવનીબેનનું કોઈ નીવેદન લીધેલુ નથી તપાસ કરનાર અધિકારી રવિયાને પણ અનવીબેનની તપાસ કરવા માટે જણાવેલુ નથી. એ વાત ખરી નથી કે, સાહેદ રાકેશ જયંતીભાઈ પટેલનું નીવેદન મે મારી જાતે લખી લીધેલું તેમજ તેમણે કોઈ નીવેદન લખાવેલ નહી.(૧૨૩) મારી તપાસ દરમ્યાન તેમજ એસ.આઈ.ટી.ના સભ્ય તરીકે મારે શાંતી વાટીકા જવાનો પ્રસંગ બનેલો. મેઈન રોડથી શાંતી વાટીકામાં જતા પહેલા ગાર્ડન અને મંડપ આવે છે. ત્યારબાદ, મેઈન ગેટ છે અને ચારે તરફ કોટ આવેલો છે.(૧૨૪) એ વાત ખરી નથી કે, પ્રજ્ઞેશ ઉર્ફે લાલા રમણભાઈ પારેખે મારી રૂબરૂ કોઈ નીવેદન લખાવેલ નથી અને મેં જાતે તેમનું નીવેદન લખી લીધેલું. એ વાત ખરી છે કે, પ્રજ્ઞેશ ઉર્ફે લાલાના કહેવાતા નીવેદનમાં જે આક્ષેપો કરવામાં આવેલા છે તે આક્ષેપ લગત મે કોઈ તપાસ કરેલ નથી તેમજ તપાસ કરનાર અધિકારીને રવિયાને પણ તપાસ કરવાનો કોઈ આદેશ આપેલ નહી. (૧ ૨૫)એ વાત ખરી છેકે મારા રૂબરૂના નીવેદનમાં અરવિંદભાઈ છોટાભાઈ પટેલનાઓએ એવુ જણાવેલ છે કે,'' અનુષ્ઠાન દરમ્યાન તેમજ બંને આશ્રમમાં નિત્યક્રમ સવારે સાડા પાંચ વાગે સંધ્યા શરૂ થાય અને સવારે સાત વાગે સંધ્યાનું કામ પતે પછી સવારનો નાસ્તો અને બાદ જે સેવા હોય તે કરાવવામાં આવતી, બાદ ૧૨ વાગે સંધ્યાનું કામ પતે પછી સવારનો નાસ્તો અને બાદ જે સેવા હોય તે કરાવવામાં આવતી, બાદ ૧૨ વાગે સંધ્યા બાદ ભોજન અને તેના પછી થોડો સમય આરામ અને સાંજની સેવા કરવામાં આવતી અને સાંજના અનુકુળ સમય મુજબ ૬ થી ૭ વાગ્યા સુધી કલાક જેટલો સમય સત્સંગ ગુરુ મંત્ર કરવા સારુ તેમજ આશારામ બાપુ હાજર હોય તો તેઓના સત્સંગ સાંભળવા

બેસાડવામાં આવતા અને સાંજની સંધ્યા બાદ સાંજનું ભોજન અને રાત્રીનો આરામનો નિત્યકર્મ હતો. એ વાત ખરી નથી કે સાહેદ અરવિંદભાઈ છોટાભાઈ પટેલનાઓએ કહેવાતા કોઈ આક્ષેપો આશારામ બાપુ તથા આશ્રમ વિરૂધ્ધ કરેલા નહી અને મેં જાતે તેમનું મારી સ્વેચ્છાએ નીવેદન નોંધી લીધેલું.(૧૨૬) એ વાત ખરી છેકે મારી તપાસ દરમ્યાન જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓના નિવેદન પ્રમાણે એવુ ખુલેલુ કે સને–૨૦૦૨ પછી આશારામ નાઓએ ૩ કીમી દુર શાંતી વાટીકામાં રહેવા ગયેલ હતા. એ વાત ખરી છેકે, મારી તપાસ દરમ્યાન જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓના નિવેદન પ્રમાણે એવુ ખુલેલુ કે, આશારામ બાપુનો મુખ્ય ડ્રાઈવર જીતુ બબાલ હતો. એ વાત ખરી છેકે, મે જીતુ બબાલનું કોઈ નીવેદન લીધેલુ નહી અને કોઈ તપાસ પણ કરેલ નહી. અને તપાસ કરનાર અધિકારી રવિયાનાઓને પણ જીતુ બબાલની તપાસ કરવા અંગે જણાવેલુ નહી. (૧૨૭)એ વાત ખરી નથી કે સાહેદ જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓએ કહેવાતા કોઈ આક્ષેપો આશારામ બાપુ તથા આશ્રમ વિરૂધ્ધ કરેલા નહી અને મેં જાતે તેમનું મારી સ્વેચ્છાએ નીવેદન નોંધી લીધેલું. (૧૨૮) એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ગોપીબેન કે જેઓ અરવિંદભાઈ પટેલનાઓની દિકરીનું નીવેદન લીધેલું. એ વાત ખરી નથી કે સાહેદ ગોપીબેન ડા/ઓ અરવિંદભાઈ પટેલનાઓએ કહેવાતા કોઈ આક્ષેપો આશારામ બાપુ તથા આશ્રમ વિરૂધ્ધ કરેલા નહી અને મેં જાતે તેમનું મારી સ્વેચ્છાએ નીવેદન નોંધી લીધેલું. (૧૨૯) એ વાત ખરી છેકે, ગોપીબેન અને જીગ્નેશભાઈ ભાઈ–બહેન છે અને અરવિંદભાઈ તેઓના પિતાશ્રી છે. એ વાત ખરી છેકે, આ ત્રણે સાહેદોના ઓડીયોગ્રાફી અને વિડીયોગ્રાફીમાં નીવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, આ ત્રણેય સાહેદોએ આશારામ બાપુ તથા આશ્રમ વિરૂધ્ધ કોઈ આક્ષેપો કરેલા નહી તેના

કારણે તેમનું નીવેદન ઓડીયો –વિડીયોમાં લેવામાં આવેલુ નહી. (૧ ૩૦)એ વાત ખરી છે કે, રાકેશ જયંતીલાલ પટેલના મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં વારીશભાઈ નામના વ્યક્તિનો ઉલ્લેખ આવે છે એ વારીશભાઈની મે કોઈ તપાસ કરેલ નહી અને તેઓનું નીવેદન પણ નોંધેલ નહી. અને તપાસ કરનાર અધિકારી રવિયાનાઓને પણ વારીશભાઈ નામના વ્યક્તિની તપાસ કરવા અંગે જણાવેલુ નહી. (૧૩૧) એ વાત ખરી છે કે, રાકેશ જયંતીલાલ પટેલના મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં એવુ જણાવેલ છે કે,'' વર્ષ ૨૦૦૮ના સમયગાળા દરમ્યાન મુંબઈની અવનીએ આવા દુષ્કૃત્ય થયેલાના નારાયણસાઈ ઉપર આક્ષેપ કરેલ તે સમયે મારા ધ્વારા આશરે ત્રણસો થી ચારસો મહિલા આશ્રમની બહેનોનુ ઈન્ટરવ્યુ લીધેલ જેની વિડીયોગ્રાફી મે કરેલી જેમાં નીતાબેન વૈદ્ય પોતે છોકરીઓને આશ્રમમાંથી બોલાવીને લાવતા અને છોકરીઓને તમારી સાથે આશ્રમમાં માનસીક શારીરિક ત્રાસ નથી તેવુ નિવેદન આપવા સમજાવતા હતા. અને કોઈ છોકરીઓ નિવેદન ઈન્ટરવ્યુ આપવા તૈયાર ન થાય તો ધાક–ધમકી આપીને પણ ઈન્ટરવ્યુ આપવા જણાવતા જે ઈન્ટરવ્યુની મે કેસેટો બનાવેલ અને તે કેસેટો મે આશ્રમમાં સોંપેલી.'' ની જે વિગત છે તે લગત મેં કહેવાતી છોકરીઓની કોઈ તપાસ કરેલ નહી. તેમજ તેમના નામ–સરનામાની કોઈ તપાસ કરેલ નહી. તેમજ તેઓના કોઈ નીવેદન પણ મારા દવારા નોંધવામાં આવેલ નહી. તેમજ તપાસ કરનાર અધિકારી રવીયાનાઓને પણ આવા નિવેદન નોંધવા કે તપાસ કરવા સુચના આપેલ નહી. એ વાત ખરી છે કે, મેં નીતાબેન વૈદ્યનું કોઈ નીવેદન લીધેલુ નહી. તેમજ તપાસ કરનાર અધિકારી રવીયાનાઓને પણ આવા નિવેદન નોંધવા સુચના આપેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને તે હકીકત હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા ઈન્ટરવ્યુ બાબતે મે કોઈ તપાસ કરેલી

નહી. આ બાબતે મે તપાસ કરનાર અધિકારી રવિયાને સુચના આપેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, રાકેશભાઈ પટેલના કહેવાતા નીવેદનોમાં આશારામ આશ્રમમાં કરવામાં આવતા દુષ્કૃત્યો લગત મે તેવી કોઈ સ્ત્રીઓની તપાસ કરેલી નહી તથા તેમના નીવેદન નોંધેલ નહી. (૧૩૨) એ વાત ખરી છેકે, મહીલા સાહેદોના નીવેદનો સુર્યાસ્થ પહેલા લેવાઈ જવા જોઈએ. તૃપ્તીબેનનું કહેવાતું નીવેદન ૩ થી ૪ કલાક ચાલેલુ. મેં આશ્રમ ખાતે આવેલ શાંતિકુટીયાની સ્થળ તપાસ કરેલ હતી. મને હાલ યાદ નથી કે, શાંતીકુટીયા ગાઉન્ડ ફ્લોર ઉપર છે તેનો કોઈ માળ નથી.(૧૩૩) એ વાત ખરી છેકે, મારી સરતપાસના પેરા નં.૧૯, ૨૦, ૨૩, ૨૭ અને ૩૮ માં સાહેદોના નીવેદનોમાં જે આક્ષેપો કરેલા છે. તે અંગે મે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છેકે, મારી સરતપાસના પેરા નં.૩૬ અને ૩૭ માં સાહેદોના નીવેદનોમાં જે આક્ષેપો કરેલા છે. તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી અને તેવા કોઈ પુરાવા મળેલા નહી. (૧ ૩૪)એ વાત ખરી છે કે, મારા રૂબરૂના ઈશ્વરભાઈ નાયકના કહેવાતા નીવેદનમાં '' આશારામે મને મારુ પોતાનુ મકાન બનાવીને મારા ખર્ચે રહેવાનું કીધું.'' તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂના ઈશ્વરભાઈ નાયકના કહેવાતા નીવેદનમાં '' શરૂઆતમાં મને જુદા જુદા આશ્રમમાં એક પ્રદર્શન રૂપે રજુ કરીને પોતાની વાહ –વાહ કરાવતા.'' તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે, ''એ જ વીઝીટ દરમ્યાન એક સાંજે સુરતના એક ઉધીગપતિ એમના પત્ની જોડે આવેલા. ઉધીગપતિના પત્ની દેખાવડી હતી અને સાંજે આશારામે એને એકલીને કુટીયામા બોલાવેલી.અને એને કહયુ કે તુ દયાન કર હું આવુ છુ.આશારામ અડધી કલાક પછી આવ્યા અને સ્ત્રીની સામે ઉભા રહયા અને લુંગી ઉચી કરી એ સ્ત્રીને મુખ મૈથુન કરવા કહયુ.એ સ્ત્રી ડરી ગઈ ત્યાથી ભાગીને પોતાનો સામાન આશ્રમમા

છોડીને એના પતિને લઈ રતલામ સ્ટેશને પહોચેલી. થોડા દિવસ પછી આશ્રમના એક પ્રતિસ્ઠીત સાધક અને પ્રતિસ્ઠીત ઉધ્ધીગપતિ કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલને ફોન કરીને એને સુરત બોલાવ્યા અને શ્રી પટેલ સાહેબે મને પણ ફોન કરીને સુરત બોલાવ્યો અમારી ત્રણ ની મીટીગ સુરતમા બેલ્જીયમ ટાવરમા થઈ.સુરતના ઉધ્ધીગપતિએ મને અને વિઠ્ઠલભાઈ પટેલને કહેલુ કે,તમને મારી વાતમા જો વિશ્વાસ ન હોય તો હું મારી પત્નીને અત્યારે જ બોલાવુ અને તમે એમના મોઢે સાંભળો.મે નમ્રતા પૂર્વક ના પાડી. અને તે વખતે મારે અને પટેલ સાહેબ જોડે વાત થઈ એક વિકૃત માનસનુ દ્દષ્ટાત છે.આશારામને થોડા વખત પછી ખબર પડી કે,સુરતના ઉધ્ધીગપતિએ મને આ વાત જણાવી ત્યારે આશારામે મને જબર જસ્ત ધમકાવ્યો.(૧૩૫) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે, '' હું ફીઝીકલી આશારામના આશ્રમમા ૨૦૦૬ સુધી રહયો પરંતુ માનસીક રીતે માત્ર ૧૦ વર્ષ રહયો.હુ આશારામના આશ્રમમા રહેલો તેથી આશ્રમની ઘણી ગતી વીધીઓથી વાકેફ છુ.(૧૩૬)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે, '' પૈસાવાળાઓ વી.આઈ.પી. કેટેગરીમાં રહેતા, એજયુકેટેડ અને મીડલ કલાસને એ આશ્રમનો વહીવટ સંભાળવાનું કહેતા અને અભણ સાધકો પાસે કાળી મજુરી કરાવતા અને આમ, અધડક પૈસો બચાવી પોતાનું ખીસ્સુ ભરતા.(૧૩૭)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે,'' અમીએ ન્યુરોસાઈકો સાયન્સનુ ભણીને એનીથેરાપીસ્ટ બની અને ૧૫૦ જાતના રોગો વગર દવાએ અને ઓપરેશને સારા કરી શકે છે.એની પાસે આખા ભારતમાંથી નહી પણ પ્રદેશ થી પણ લોકો ટ્રીટમેન્ટ માટે આવે છે.અને એક પીડીતા જેની જોડે આશારામે ઘણા લાંબા સમય સુધી દુષ્કર્મ કર્યુ તે માનસીક રીતે ખુબજ

ડીસ્ટર્બ હતી.અને એ પીડીતાએ મારી દિકરીનો સંપર્ક કર્યો પછી એને ટ્રીટમેન્ટ આપી સારી કરી.આ પીડીતાએ અમીના મનોવીષ્લેષણમા ખુલાસો કર્યો કે,આશારામે મારુ અનેકવાર યોનશોષણ કરેલુ છે.એ સિવાય બીજી એક પીડીતાને અમીએ ટ્રીટમેન્ટ આપીને સારી કરી એ પીડીતાનુ પણ આશારામે યોનશોષણ કરેલુ હતુ.(૧૩૮)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે,'' ૧૯૯૯માં એકવાર મળશ્કે આશારામે મારી પત્નીને ફોન કર્યો અને કહ્યુ કે,બ્રહમમુરતમા સાધકો ગુરુસ્મરણ કરે છે જયારે તુ કેટલી નસીબદાર કે ગુરુ તને યાદ કરે છે.આશારામે મારી પત્નીને કહ્યુ કે,અનંગના લગ્ન બીના ભટ્ટ જોડે કરી દેવાના.બીના ભટ્ટ એ આશ્રમના એક સાધક પ્રફુલ ભટ્ટના ભત્રીજી હતા અને ઈંગ્લેન્ડ વાસી હતા.આશારામે મારી પત્નીને સ્પષ્ટ શબ્દોમા કહ્યુ કે,આ ગુરુઆજ્ઞા છે.'' સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આશારામના કહેવાથી મેરેજ થયેલા તેવુ લખાવેલુ. (૧૩૯) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ જણાવેલ નથી કે,''મારી પોતાની મીલકતમાંથી આશારામ વારંવાર એક યા બીજા બહાને કોઈને કોઈ પ્રોઝેકટમા મને પૈસા નાખવા કહેતા હતા.અને ૨૦૦૨ સુધીમા હું નાણાકીય રીતે ભાંગી પડેલો.મારા પૈસા સૌથી પહેલા મે મોટેરા આશ્રમમા ઘર બનાવ્યુ તેમા ચાર પાંચ લાખ રુપિયા ખર્ચાઈ ગયેલા.'' સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મકાનની હકીકત જણાવેલ હતી. (૧ ૪૦)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' બધાજ સંચાલકો એ આશારામના આદેશનુ અક્ષરસહ પાલન કરવુ પડતુ. નહી કરનારને આશારામ જાહેરમા પણ ફટકારતા,ઠપકો આપતો,ગુસ્સે થતો.(૧૪૧) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે,'' હકીકતમા આશારામ પાસે ભ્રમજ્ઞાનનુ નોલેજ નહીવત

હતુ.એ ભાડુતી નોલેજનો વધારે ઉપયોગ કરતો.(૧૪૨) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે,''ત્રણ ચોપડી ભણેલો આશારામ ખરેખર પોતાને બ્રહમજ્ઞાની કહેવડાવતો પરંતુ વાક પટુતા થી લોકોના બ્રેઈનવોશ કરતો.એને સંતસંગમા શુ કહેવુ તેનુ પણ તેને ભાન ન હતુ.(૧૪૩)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' અમે જયારથી આશ્રમથી અંતર રાખવા માંડયા એટલે મારા દિકરો અને દિકરીએ અમદાવાદમાં નોકરી શોધી.'' સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દીકરી નોકરીએ લાગી ગયેલ તે હકીકત લખાવેલ છે. (૧ ૪૪ ) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' અમીને પ્રપોઝલ આપ્યો કે તુ આશ્રમના શિક્ષિકાઓને અંગ્રેજી શીખવ.(૧૪૫) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' એ સિવાય મે જોયેલી ગતિવિધીઓમાં અને જાણેલી ગતિવિધીઓમાં મારા પત્નીએ મને જણાવ્યુ કે નારાયણની પત્નીની મોટી બહેન કોમલ ક્રિષ્નાનીને ગર્ભપાત કરાવવો પડયો.(૧૪૬)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે,'' કોઈ છોકરી જો માથાભારે હોય અને દાદ ન આપે તો લક્ષ્મીબેન ઉર્ફે આશારામના પત્ની તેને ધમકાવીને મોકલતા.(૧૪૭)એ વાત ખરી નથી કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે,'' જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતિવાટીકામાં મોકલવામાં આવતી. અને એમને દિવ્ય શકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભૂતિ થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતો.(૧૪૮) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' છોકરીઓ મેળવવાનો એક બીજો ઉપાય જે સાધક છોકરી આશારામને ગમતી અને જો તે રૂપાળી હોય વધુ માં તે સીંધી હોય તો આશારામ

તે છોકરીને નારાયણ જોડે લગ્નની લાલચ આપી આશ્રમમાં કાયમ માટે રાખી લેતો.'(૧૪૯)એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' મહિલા આશ્રમ પુરુષ આશ્રમની બાજુમાં જ હતો. ત્યાં બહેનો પાસે ધ્રુવબેન જેવા સંચાલક ધ્વારા કાળી મજુરી કરાવતો હતો.''(૧૫૦) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' અમારા ઘરની બારીઓમાંથી બધી ગતિવિધીઓ મારા પત્ની અને મારા બાળકો જોતા હતા. અને જે જોયુ તેનાથી અમારો આશારામ પ્ર ત્યેનો વિશ્વાસ અને શ્રધ્ધા ખુબ જ ઓછા થઈ ગયા. એટલે કેનેડા જે કારણે મે છોડેલુ તે કારણ ફળીભુત ન થયુ મને મુર્ખ બનાવવામાં આવ્યો અને આવા ઢોંગી, દુષ્કર્મી, ધુતારા પરિવારથી છુટકારો મેળવવા અમે અમારી રીતે નવી જીંદગી શરૂ કરી.(૧૫૧) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' આશારામે શીતલબેન અને તૃપ્તીબેન જોડે દુષ્કૃત્ય કર્યુ હતુ. તૃપ્તીબેન જોડે થયેલા દુષ્કૃત્યોની માહિતી મને રાકેશ પટેલ ે આપેલી અને શીતલબેન જોડે થયેલા દુષ્કૃત્યો વિશે મે પાછળથી જાણેલુ.(૧ ૫૨) એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ લખાવેલ નથી કે, '' આશારામની વાટીકા મુખ્ય આશ્રમથી લગભગ ઈશાન ખુણે બે થી ત્રણ કી.મી.ના અંતરે આવેલી છે. શાંતિવાટીકામાં આશારામ વ્યકિતગત રીતે રહેતા હતા. હુ જયારે એક વખત શાંતિવાટીકા કુટીયાના ઓટલા પર બેઠો હતો ત્યારે આશારામ કોડલેસ ફોનનો ઉપયોગ કરતા કરતા વાતો કરતા રહેતા. બીજી જે વાટીકા જે તદ્દન નજીકમાં હતી જે આશરે સો-દોઢસો ફુટ દુર તે જ રોડ પર તેનુ નામ આપવામાં આવેલુ હતુ નારાયણવાટીકા. અને આશ્રમમાં ચાલતી ચર્ચાઓ મુજબ આશારામ અને નારાયણની રાસલીલાઓ નારાયણ વાટીકામાં વધુ રમાતી હતી. એ નારાયણ વાટીકામાં કોઈપણ પુરુષ સાધકને અનુષ્ઠાન માટે

અનુમતિ મળતી ન હતી.'' એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં આવુ પણ લખાવેલ નથી કે, ''રાસલીલા એટલે મારા માનવા મુજબ ઐયાશી એટલે કે સેકસ્યુઅલ એકટીવીટી. નારાયણ વાટીકામાં આશારામનો છોકરો નારાયણ તાંત્રીક વિધીઓ પણ કરતો.''(૧૫૩) એ વાત ખરી નથી કે, ઢેલ અને બગલો છોકરીઓને નારાયણ વાટીકા લઈ જતા હોય અને ઈશ્વર નાયકે પોતે જોયેલ હોય તેવુ ઈશ્વર નાયકના નિવેદનમાં જણાવેલ નથી. (૧૫૪)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂના નીવેદનમાં એવુ જણાવેલ નથી કે, મારા પત્નીએ પણ ભારતીબેને છોકરીઓને નારાયણ વાટીકા લઈ જતા જોયેલા છે. (૧૫૫) એ વાતની મને ખબર નથી કે, મે ઈશ્વરભાઈ નાયકનું નીવેદન નોંધ્યુ તે અગાઉ ઈશ્વરભાઈનું નીવેદન લેવાઈ ગયેલ હતું કે કેમ ? એ વાત ખરી છે કે, મેં ઈશ્વર નાયકનું નીવેદન નોંધ્યુ તે અગાઉ તેઓએ નીવેદન આપેલ કે કેમ તે અંગે મે કોઈ તપાસ કરેલ નહી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકનુ મારા રૂબરૂ નું કહેવાતુ નીવેદન તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજનું છે. (૧૫૬)એ વાત ખરી છેકે, ઈશ્વરભાઈ નાયકના મારા રૂબરૂના નીવેદનમાં એવુ લખેલ છે કે મે ગઈ તા.૧૫/૧૧/૨૦૧૩ ના રોજ સીટ/વિશેષ શાખા અમદાવાદ રૂબરૂ પી.આઈ. શ્રી એ.જી.ગોહીલના રૂબરૂમાં લખાવેલ નીવેદન બતાવી વાંચી સંભાળ્યું. એ વાતની મને હાલ ખબર નથી કે, તારીખ–૨૧/૧૧/૨૦૧૩ ના રોજ મે જે નીવેદન નોંધેલ તે અગાઉ તારીખ–૧૫/૧૧/૨૦૧૩ ના રોજ આ સાહેદનું પી.આઈ.શ્રી એ.જી.ગોહીલ રૂબરૂનું નીવેદન મારી પાસે હતું. એ વાત ખરી છેકે, તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ મે ઈશ્વર ભાઈ નાયકનું નીવેદન નોંધ્યુ તે વખતે મારી જોડે તારીખ–૧૫/૧૧/૨૦૧૩ ના રોજ પી.આઈ.શ્રી એ.જી. ગોહીલ નાઓએ લીધેલ નીવેદન મારી જોડે હતું. હાલમાં મને યાદ નથી કે, તારીખ–૨૧/૧૧/૨૦૧૩ ના રોજ મે જયારે ઈશ્વરભાઈ નાયકનું નીવેદન નોંધ્યુ

તે સમયે ઈશ્વરભાઈ નાયકનું તા.૧૫/૧૧/૨૦૧૩ ના રોજના નીવેદનનો મે અભ્યાસ કરેલો.(૧૫૭) એ વાત ખરી છે કે, કોગ્નીઝેબલ ગુનામાં નીવેદન લેવા જઈએ ત્યારે તે તારીખ સુધીની તપાસ ના કાગળોનો અભ્યાસ કરીને જઈએ. એ વાત ખરી છે કે ઈશ્વરભાઈ નાયકનું નીવેદન લેવા માટે હું મારી જાતે જ ગયેલી. ઈશ્વરભાઈ નાયકે અમને બોલાવેલા નહી. તેમજ ઈશ્વરભાઈ નાયકને નીવેદન લખાવવા માટે કોઈ સમન્સ પણ મોકલાવેલો નહી.

પ્રશ્ન:- તા.૧૫/૧૧/૨૦૧૩ ના રોજ એ.જી.ગોહીલ સમક્ષ સાહેદ ઈશ્વરભાઈ નાયકનું નીવેદન કે જેનો તમે પણ અભ્યાસ કરેલો તે નીવેદનમાં સાહેદ ઈશ્વરભાઈ નાયકે એવુ જણાવેલ કે '' આ સીવાય આશારામ વિશે હું કાંઈ જાણતો નથી'' ?

જવાબ:- તે વાત ખરી છે.

(૧૫૮) એ વાત ખરી છે કે, તા.૧૫/૧૧/૨૦૧૩ ના નિવેદન બાદ તપાસમાં એવી કંઈ જરૂર લાગેલી નહી કે ઈશ્વર નાયકનું તા.૨૧/૧૧/૧૩ ના રોજ વધારાનું નીવેદન લેવુ પડે.(૧૫૯) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં જગદીશ વ્યાસ નામના વ્યકિતનો જે ઉલ્લેખ છે તે જગદીશ વ્યાસની મે કોઈ તપાસ કરેલ નહી તેમજ તેનુ કોઈ નીવેદન નોંધેલ નહી. મને હાલમાં યાદ નથી કે, મેં જગદીશ વ્યાસનું નીવેદન લેવા માટે તપાસ કરનાર અધિકારી રવિયાને જગદીશ વ્યાસની તપાસ કરવા કે નિવેદન લેવ ા સુચન કરેલુ કે નહી. (૧૬૦)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના નીવેદનમાં પંચેડ આશ્રમનો ઉલ્લેખ આવે છે. એ વાત ખરી છે કે મારા રૂબરૂ ના કહેવાતા નીવેદન માં ઈશ્વર નાયકે જે પંચેડ આશ્રમ લગત જે હકિકત જણાવેલ છે તેમાં તારીખ, વર્ષ, મહીનો ઈશ્વર નાયકે જણાવેલ નથી.(૧૬૧) એ વાત ખરી છે કે, મેં પંચેડ આશ્રમ જઈ ત્યાં સ્વીમીંગ પુલ હતુ કે નહી તેની તપાસ મે કરેલી નહી.

એ વાત ખરી છે કે, તપાસ કરનાર અધિકારી રવિયાને પણ પંચેડ આશ્રમ જઈ ઈશ્વર નાયકના આક્ષેપો અંગે તપાસ કરવાનું જણાવેલ નહી.(૧૬૨) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના કહેવાતા નીવેદનમાં આશારામ બાપુએ જુવાન છોકરીઓના સ્તન ઉપર પાણીની પીચકારીઓ મારતા ની જે વિગત જણાવેલ છે તે લગત તપાસ દરમ્યાન મને આવી કોઈ છોકરીઓ મળી આવેલી નહી કે જેના શરીર ઉપર આશારામ બાપુ પાણીની પીચકારીઓ મારતા હોય. (૧૬૩)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના કહેવાતા નીવેદનમાં આશારામ બાપુ વ્યાસપીઠ ઉપર બેસ ત્યારે ભગવાન કહેવડાવે અને વ્યાસપીઠ ઉપરથી નીચે ઉતરીયા બાદ સાધકોને કોઈના કોઈ બહાના હેઠળ મારે, ગાળો બોલે, ધમકાવે અને ગાળો આપે આ લગત મારી તપાસમાં આવા કોઈ વ્યકિતઓ મળી આવેલા નહી. (૧ ૬૪)એ વાત ખરી છે કે,મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં ઈશ્વર નાયક કે બીના ભટૃ અને પ્રફુલ્લ ભટૃ લગત જે જણાવેલ છે તે બાબતે મારી તપાસ દરમ્યાન બીના ભટૃ અને પ્રફુલ્લ ભટૃને મળી ને કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે, તે અંગે તપાસ કરનાર અધિકારી રવિયાને પણ આ બંને સાહેદોના નીવેદનો લેવા અને તપાસ કરવા મેં સુચન કરેલ. મેં રવિયાને તપાસ અંગે મૌખીક સુચન કરેલું.(૧૬૫) એ વાત ખરી છે કે, મારી દેખરેખ હેઠળ થયેલ ચાર્જશીટમાં પણ બીના ભટૃ અને પ્રફુલ્લ ભટૃના નીવેદન ન હતા. એ વાત ખરી છે કે ઈશ્વર નાયકના મારા રૂબરૂના કહેવાતા નીવેદનોમાં બીના ના લગ્ન ના આક્ષેપો અંગે મેં બીનાના લગ્નની સીડી ચેક કરવાનો પણ પ્રયત્ન કરેલો નહી. (૧૬૬)એ વાત ખરી છે કે ઈશ્વર નાયકના મારા રૂબરૂના કહેવાતા નીવેદનોમાં સુરત આશ્રમની જમીન અંગેના જે આક્ષેપો કરેલા છે. તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી. (૧૬૭)એ વાત ખરી છે કે ઈશ્વર નાયકના મારા રૂબરૂ કહેવાતા નીવેદનોમાં ઋષિપ્રસાદ અંગે જે જણાવેલ છે તે લગત મે ઋષિપ્રસાદ

મેગેઝીનમાં કોના નામ આવતા હતા તેની મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, આશારામ બાપુ પ્રવચનમાં રજનીશના પ્રવચનો આપતા તેવી કોઈ સીડી મે કબજે કરેલ નહી.(૧૬૮) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં આશારામે અનેક અનેક છોકરીઓ જોડે દુષ્કર્મ કર્યા તેમાં તારીખ, મહીનો વર્ષ તેમજ છોકરીઓના નામ જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સ્થળ જણાવેલ છે.(૧૬૯) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના કહેવાતા નીવેદનના આધારે મારી તપાસમાં મેં આવી કોઈ છોકરીઓના નીવેદન લીધેલ નથી જેમા તેની જોડે દુષ્કર્મ કર્યા હોય. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તૃપ્તીનું નામ જણાવે છે. (૧૭૦) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂ ના કહેવાતા નીવેદનમાં અંનગ ના લગત ઈશ્વર નાયકે જે જણાવેલ છે તે લગત ઈશ્વર નાયકે કોઈ તારીખ, મહીનો, વર્ષ તથા કોની પાસેથી વિડીયો રેકોડીંગ લઈ ગયેલ તેની મે કોઈ તપાસ કરેલી નહી. (૧ ૭૧)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના માતૃશ્રીનું નિધન કયારે થયેલ તેણે તેના નિવેદનમાં જણાવેલ નથી અને મે પણ તે લગત કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકનું આશ્રમમાં મકાન છે કે નહી તે લગત મે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકનું મહીલા આશ્રમમાં કોઈ મકાન છે કે નહી તેની પણ મે તપાસ કરેલી નહી.(૧૭૨)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકે મારા રૂબરૂ ના નીવેદનમાં નારાયણ વાટીકા લગત જે આક્ષેપ કરેલ છે તે લગત નારાયણ વાટીકા ખાતે કોઈ દુષ્કર્મ થયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી. (૧૭૩) એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના મારા રૂબરૂના નીવેદનમાં ઢેલ, બગલો , ધ્રુવ અને ભારતીબેન છોકરીઓને સ્પલાઈ કરવાના જે આક્ષેપો છે. તે આક્ષેપોમાં કોઈ તારીખ, મહીનો, વર્ષ જણાવેલ નથી તેમજ મારી તપાસમાં એવી કોઈ છોકરી પણ મળી આવેલી નહી. (૧૭૪) એ વાત

ખરી છે કે, ઈશ્વર નાયકના મારા રૂબરૂના નીવેદનમાં એવુ જણાવેલ છે કે, મારી પત્ની, દીકરો, દીકરી કેનેડા જતા આવતા હતા. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના મારા રૂબરૂના નીવેદનમાં એવુ જણાવેલ છે કે આશ્રમનાં નિત્ય ક્રમ પ્ર માણે સવારે વહેલા ઉઠી સાડા પાંચ વાગે સંધ્યા નિયમ કરવાનું, સવારે સંધ્યામાં જે ન આવે તેને સાંજનું ભોજન આપવામાં ન આવતુ. તે પછી આસન વિગેરે કરવાના પછી જમવાનું આપવામાં આવતું, ઘણા દિવસ ઉપવાસ કરાવતા, ગ્રહણના દિવસે ૧૨ કલાક પહેલાથી જમવાનું આપવામાં આવતું ન હતું. એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકના મારા રૂબરૂના નીવેદનમાં એવુ જણાવેલ છે કે, '' બીનાએ બીજા માળથી પડતુ મુકેલ અને તેનો ભાઈ બીનાને ઈંગ્લેન્ડ લઈ ગયેલો. (૧૭૫)એ વાત ખરી છે કે, ઈશ્વર નાયકને આશ્રમમાંથી કેમ કાઢવામાં આવેલ તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે ઈશ્વર નાયકને કાઢવામાં આવેલ કે જાતે જતો રહેલો તેની મને ખબર નથી. (૧૭૬) એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલા ના મારા રૂબરૂના નીવેદનમાં ૧૯૯૬ નો આશારામ બાપુનો પાનીપતના પ્રોગ્રામ વિશે જે જણાવેલ છે તે બાબતે ત્યાં પ્રોગ્રામ હતો કે કેમ ? તે અંગેની મે કોઈ તપાસ કરેલ નહી તેમજ મહેન્દ્ર ચાવલાના ભાઈ અને ભાભીના મે કોઈ નીવેદન લીધેલ નહી. (૧૭૭) એ વાત ખરી છેકે, મહેન્દ્ર ચાવલાના મારા રૂબરૂના નીવેદન લગત મેં પાનીપતના યોગ વેદાંત સેવા સમિતિની મે કોઈ તપાસ કરેલી નહી, ૧૯૯૭ માં પાનીપતના ડોડાલા ગામે બાપુજીનો આશ્રમ બનેલો કે કેમ તેની તપાસ કરેલી નહી. તેમજ સ્વામી નરસિંહાનંદજીની કોઈ પુછપરછ કરેલી નહી. (૧૭૮) એ વાત ખરી છે કે ,૧૯૯૮ – મે /જુનમાં મહેન્દ્ર ચાવલા મોટેરા આશ્રમમાં આવેલ તે લગત મોટેરા આશ્રમ જઈ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાની તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, મારા રૂબરૂ ના

નીવેદનમાં મહેન્દ્રભાઈ ચાવલાએ ભાણાભાઈ અને ઉદયભાઈ લગત જે જણાવેલ છે તે લગત મે ભાણાભાઈ અને ઉદયભાઈ ની કોઈ તપાસ કરેલી નહી તેમજ કોઈ નીવેદન લીધેલુ નહી. (૧૭૯) એ વાત ખરી છે કે મારા રૂબરૂ ના નીવેદનમાં મહેન્દ્ર ચાવલાએ એવુ લખાવેલ નથી કે '' ઢેલ અને બગલો બીજી છોકરીઓ સાથે કુટીયાની આસપાસ છુપાઈને ફરતી રહેતી હતી.'' (૧ ૮૦)એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાના મારા રૂબરૂ ના નીવેદનમાં જે પણ આક્ષેપો કરવામાં આવેલ છે તે લગત મે કોઈ તપાસ કરેલી નથી. મહેન્દ્ર ચાવલાના નીવેદન આધારે તપાસ કરનાર અધિકારીશ્રી રવિયાને તપાસ કરવાનું મે સુચન કરેલું. એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાનાઓએ આશ્રમમાં રહયા અંગેનો પુરાવો મારી સમક્ષ રજુ કરેલો નહી. તેમજ આ લગત મે પણ કોઈ તપાસ કરેલી નહી. (૧૮૧) એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલા નાએ મારા રૂબરૂ ના નીવેદનમાં આશારામ બાપુ આશ્રમમાં બેસીને સત્સંગ કરતા અને ત્યાંથી છોકરીઓને મા– બેન સમાન ગંદી ગાળો બોલતા હતા, તે લગત મહેન્દ્ર ચાવલાએ કોઈ તારીખ, મહીનો, વર્ષ જણાવેલ નથી. તેમજ મારી તપાસ દરમ્યાન આવી કોઈ છોકરીઓ મળી આવેલી નહી. (૧૮૨) એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાના નીવેદન માં કરનાર અને અંબાલા નદી કીનારેના જે આક્ષેપો કરવામાં તે લગત મે કોઈ તપાસ કરેલી નહી. (૧૮૩) એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાએ તેના નીવેદનમાં તેને ૨૦૦૮ માં ધમકીઓ મળતી હતી અને તે માટે પાનીપત પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી હતી અને પોલીસ

પ્રોટેકશન માંગેલ તે અંગે મે પાનીપત પોલીસ પાસેથી કોઈ માહીતી મેળવેલ નથી.(૧૮૪)એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલા નાએ મારા રૂબરૂ ના નીવેદનમાં આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત કરાવવામાં આવતા હતા તે બાબતે મહેન્દ્ર ચાવલાએ કોઈ છોકરીઓનું નામ સરનામુ આપેલ નહી. તેમજ મારી તપાસ

દરમ્યાન પણ આવી કોઈ છોકરી કે જેનો ગર્ભપાત કરાવેલ હોય તે મળી આવેલ નહી.(૧૮૫)એ વાત ખરી છેકે, મહેન્દ્ર ચાવલાએ તેના નીવેદનમાં કરેલા આક્ષેપ બાબતે મેં કોઈ તપાસ કરેલી નહી. સાહેદ હવે સ્વૈચ્છાએ જણાવે છે કે મે તે અંગે જરૂરી તપાસ કરેલી છે. (૧૮૬) એ વાત ખરી છે કે આંક-૧૭૨ વાળા પંચનામાની કાર્યવાહી વિડીયોગ્રાફી દવારા પણ કરેલી.(૧૮૭)એ વાત ખરી છે કે, મીરાબેનના ઘરની તપાસ દરમ્યાન આ ગુના લગત કોઈ ચીજવસ્તુ મળી આવેલી નહી. એ વાત ખરી છે કે, આ ઘરમાંથી ધાર્મીક પુસ્તકો મળી આવેલ અને બાપુજીનો ફોટો અન્ય દેવી-દેવતા ભગવાનના ફોટા જોડે મુકેલ હતો. એ વાત ખરી છે કે, મીરાબેનના ઘરની ઝડતી દરમ્યાન જે કંઈપણ મળી આવેલ તેનુ લીસ્ટ બનાવી તે લીસ્ટમાં મીરાબેનની સહી મેં મેળવેલ નથી. એ વાત ખરી છેકે મીરાબેનનું ઘર સાદગી અને એક રૂમ રસોડા વાળું હતું. (૧૮૮)એ વાત ખરી છેકે, આશ્રમમાંથી કાઢેલ સાધકો નં.(૧) ઈશ્વર નાયક, (૨) મહેન્દ્ર ચાવલા,(૩) રાજુ ચાનડક, (૪) અમરત વૈદ્ય, (૫) દેવેન્દ્ર પ્રજાપતિ (૬) સરોજ પ્રજાપતિ, (૭) સતીષ વાઘવાણી (૮) ભોગ બનનાર(૯) ભોગ બનનારની બહેન ના કોઈ કોલ ડીટેલ્સ મેળવવા મે પ્રયત્ન કરેલો નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે લાંબો સમય થઈ ગયેલ હોય તે મેળવવા અંગે મે કોઈ પ્રયત્ન કરેલ નહી.(૧૮૯)એ વાત ખરી છે કે, આશ્રમમાંથી ઉપરોકત સાધકોને કાઢવામાં આવેલા અને આશ્રમ દવારા ઉપરોકત સાધકો વિરૂધ્ધ આશારામ બાપુને ફસાવવા ષડયંત્ર રચી બદનામ કરવા માટે આશ્રમ દવારા ૨૦૧૩ અગાઉ તેઓ વિરૂધ્ધ ફરીયાદ કરવામાં આવેલ છે કે કેમ ? તે લગત મે કોઈ તપાસ કરેલ નહી. એ વાત ખરી નથી કે, મે જે સાહેદોના નીવેદન લીધેલ તે મારી જાતે જ લખી લીધેલ. (૧૯૦)આ કેસમાં મારી કામગીરી આશરે ત્રણેક મહીના રહેલી. એ વાત ખરી છેકે, આ ત્રણ

મહીનાના સમયમાં મારે અનેક વખત તપાસના કાગળોનો અભ્યાસ કરવાનો પ્રસંગ બનેલો. આ કેસના તપાસ ના કાગળોનો અભ્યાસ આજરોજ મે સવારે છેલ્લે કરેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ કેસની ઉલટ તપાસ સંબંધે આજરોજ જરૂરીયાત મુજબ કેસના કાગળોનો અભ્યાસ કરેલો. હું એ વાત સાથે સમંત થાવ છું કે પુછપરછ નીવેદનમાં કોઈ આક્ષેપીત વાત વિગત આવે તો તેની ખરાઈ કરવી પડે. એ વાત ખરી છે કે, આ ખરાઈના ભાગરૂપે આક્ષેપીત વાત વિગતની સમય સંજોગોની ચોકકસતાની પણ તપાસ કરવી પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેના તપાસના રેફરન્સ મુજબ કરવી પડે. (૧૯૧)હું એ વાત સાથે સંમત થાવ છું કે આક્ષેપીત વાત વિગતના સંદર્ભેમાં એગ્રીવડ વ્યકિતઓની પુછપરછ કરીને નીવેદનો લેવા પડે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તપાસની જરૂરીયાત મુજબ કરવુ પડે.

પ્રશ્ન:- પુછપરછ અને નીવેદનોમાં આક્ષેપીત વાત વિગતોમાં આપને તથ્ય ના જણાય તો આપ તે સંદર્ભે ખરાઈ સમર્થન સ્વરૂપેની તપાસ આપ ના કરો ?

જવાબ:- એ વાત સાથે હું સંમત નથી.

(૧૯૨) આ કેસની કામગીરી દરમ્યાન અમો પી.આઈ. રવિયા કરતા ઉચ્ચ હોદ્દા ઉપર હતા. આ કેસની તપાસ સંબંધે મારે પી.આઈ. રવિયાને કોઈ વિશિષ્ટ નિર્દીષ્ટ કરવાનો પ્રસંગ બનેલો કે કેમ તે મને યાદ નથી. મને આ બાબતે કયાંય કોઈ જરૂરીયાત લાગેલી નહી. હાલ મને યાદ નથી કે, આ કેસનું ચાર્જશીટ કરતા પહેલા પી.આઈ. રવિયાએ ચાર્જશીટ ફાઈલ કરવા બાબતે મારા કોઈ સુચનો મેળવેલા કે કેમ ?. આ કેસનું ચાર્જશીટ ફાઈલ કર્યુ તે પહેલા અમોએ તે ચાર્જશીટ ના કાગળોનો અભ્યાસ કરેલો. હાલ મને યાદ નથી કે, તપાસના તમામ કાગળો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ કે કેમ ?. તપાસના કાગળો કે જેમાં આક્ષેપોને

સમર્થન મળતું ન હતુ, તેવા કાગળો ચાર્જશીટમાં સામેલ રાખવા બાબતે તે મને હાલ યાદ નથી. આ કેસની તપાસ દરમ્યાન સમયાંતરે અમો કેસની કેસ ડાયરીનો પણ અભ્યાસ કરતા હતા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જરૂરીયાત પડે તો અભ્યાસ કરતા હતા. આ કેસમાં મારી કામગીરી દરમ્યાન મને કેસ ડાયરીનો અભ્યાસ કરવાની જરૂરીયાત મને રૂટીન મુજબ લાગતી. હાલ મને યાદ નથી કે, મે નોંધેલ તમામ નીવેદનો કેસ ડાયરીમાં શબ્દોસહ નોંધવામાં આવેલ છે કે કેમ ?. હું એ વાત સાથે સંમત થાવ છું કે તપાસ દરમ્યાનના નીવેદનો શબ્દોસહ સીઆરપીસીની કલમ–૧૭૨ ની જોગવાઈ મુજબ કેસ ડાયરીમાં નોંધવા પડે.(૧૯૩) આ કેસની કેસ ડાયરી અમોએ ચાર્જશીટ ફાઈલ કરતી વખતે વંચાણે લીધી હતી.

પ્રશ્નઃ– આ કેસનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવ્યુ ત્યારે કેસની કેસ ડાયરીની ઝેરોક્ષ નકલ સીલ બંધ કવરમાં ચાર્જશીટ સાથે સામેલ રાખેલ ?

જવાબઃ– મને ખ્યાલ નથી.

(૧૯૪) હાલ મને યાદ નથી કે, તપાસ દરમ્યાન સીટના ઉચ્ચ અધિકારીઓ સીટના સભ્યોને તપાસ સંબંધે કોઈ વિશેષ નિર્દેશો આપતા હતા કે કેમ ?. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે નિર્દેશો આપતા હતા. એ વાતની મને ખબર નથી કે, સીટની મીટીંગ થાય તે પહેલા સીટના ઉચ્ચ અધિકારીઓ તે સમય સુધીની તપાસના કાગળોનો અભ્યાસ કરતા હતા કે કેમ ?(૧૯૫)એ વાત સાથે હું સંમત છું કે તપાસ દરમ્યાન જે નીવેદનો લઈએ તેમાં નીવેદન આપનારની સહી લેવાની હોતી નથી. એ વાત ખરી નથી કે, સહી નહી લેવાની જોગવાઈઓનો અમોએ દુર ઉપયોગ કરી નીવેદન આપનારે આરોપીઓ વિરૂધ્ધ કોઈ જ ગુનાહીત હકીકત લખાવેલ નહી હોવા છતાં અમોએ તે નિવેદનો જાતે લખી લીધેલા. મને એ વાતની ખબર નથી કે,

ચાર્જશીટ ફાઈલ કરતા પહેલા હોદ્દામાં મારી ઉપરના સીટના ઉચ્ચ અધિકારીઓએ તપાસના કાગળોનો અભ્યાસ કરેલો હતો કે કેમ ?, અને આ સંદર્ભે મારે પી.આઈ. રવિયા સાથે પણ કોઈ વાતચીત થયેલ નહી.(૧૯૬)આ કેસમાં અમો નીવેદન લેતી વેડાએ તપાસના તમામ કાગળો મારી સાથે રાખતા નહી. આ કેસમાં મારે નીવેદન લેવાનું છે તેવી જાણકારી કોણ આપતું તેના પ્રશ્નના જવાબમાં હું જણાવું છું કે સીટની મીટીંગની ચર્ચા પછી આવું નકકી થતું હતું.

પ્રશ્નઃ– આ કેસમાં આપની કામગીરી તપાસ કરનાર અધિકારી તરીકે ની ખરી કે નહી ?

જવાબઃ– સીટના મેમ્બર્સ તરીકે તપાસ કરનાર અધિકારી તરીકે ની ખરી.

પ્રશ્નઃ– આ કેસ સંબંધે આપે જે કાંઈ નીવેદનો નોંધ્યા તે સંબંધે સીઆરપીસી ની કલમ–૧૭૨ ની જોગવાઈ મુજબ કેસ ડાયરી લખવાની જવાબદારી તમારી ખરી ?

જવાબઃ– સીટના મેમ્બર્સ તરીકે ના, કેસ ડાયરી તપાસ કરનાર અધિકારી તૈયાર કરતા હોય છે.

પ્રશ્નઃ– આ કેસમાં તપાસ કરનાર અધિકારી તરીકે કામગીરી કરતા હતા પરંતુ કેસ ડાયરી આપે લખી નથી ?

જવાબઃ– સીટના મેમ્બર્સ તરીકે જે તપાસ કામગીરી કરેલ છે તે બાબતે મે કેસ ડાયરી લખેલ નથી.

(૧૯૭) એ વાત ખરી છેકે, મારી તપાસ કામગીરી દરમ્યાન મે કોઈપણ વ્યકિતને કોઈ દસ્તાવેજો રજુ કરવાનો લેખીતમાં આદેશ કરેલો નહી. એ વાત ખરી નથી કે, મને આવી કોઈ જરૂરીયાત પણ લાગેલી નહી. એ વાત ખરી નથી કે, અમોએ જે નીવેદન લીધેલા તેમાં આક્ષેપો સંબંધે અમોએ પોતાને તથ્ય ન લાગતા

તે અંગે આગળ ઉંડાણમાં વિશેષ તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે, આ કેસમાં અમોએ તપાસ સંબંધે સીઆરપીસીની જોગવાઈ મુજબ અને કાયદેસર મુજબની કોઈ તપાસ કરેલી નહી. (૧૯૮) એ વાત ખરી છેકે, ગુનો દાખલ થયો તે પોલીસ મથક ચાંદખેડા પો.સ્ટે. હતું. હાલમાં મને એ વાતનો ખ્યાલ નથી કે, સીટની રચના થઈ તે અગાઉ આ એફ.આઈ.આર. સંબંધે તપાસ ચાંદખેડા પોલીસ સ્ટેશન કરતુ હતું. સીટની રચના તા.૦૭/૧૦/૨૦૧૩ ના રોજ થયેલ હતી. એ વાત ખરી છે કે આ ગુના પુરતા જેટલા પણ કોર્ટનાં હુકમ થયેલા તે હુકમો મને ખ્યાલમાં હતાં. એ વાત ખરી છેકે, આ કેસમાં હું પોલીસ ઈન્સ્પેકટરશ્રી દિવ્યા રવિયાના અમો સીનીયર અધિકારી હતા. (૧૯૯) હાલમાં મને યાદ નથી કે, આ કેસમાં બે સાહેદ નં.(૧) ઉમા સુરેશભાઈ દેત્રોજા તથા સાહેદ નં.(૨) જીગીશા ઉર્ફે ટીના શશીકાન્ત ગાંધી નાઓના નીવેદન નોંધવા માટે કોર્ટે હુકમ કરેલ છે કે કેમ?. મને એ વાતનો ખ્યાલ નથી કે ઉપરોકત બંને સાહેદોના નીવેદનો સીટની સમક્ષ લીધેલા કે નહી ?. હું અભ્યાસ કરીને કહી શકુ કે આ બંને સાહેદોના નીવેદનો સીટ સમક્ષ લીધા હતા કે કેમ ?. અભ્યાસ કર્યા બાદ હું જણાવુ છું કે, આ બંને સાહેદોના નીવેદનો લીધેલા. (૨૦૦) એ વાત ખરી છેકે, સાહેદ ઈશ્વરભાઈ નાયક મારી સમક્ષના નીવેદનમાં એવું જણાવેલ છે કે, આ કામના ફરીયાદી/ભોગ બનનાર આશ્રમમાં વકતા તરીકે હતી તેની ખબર છે. તેની સાથે બનેલ બનાવ સંબંધે હું કંઈ જાણતો નથી. એ વાત ખરી છેકે, ઈશ્વર નાયકે મારી સમક્ષના નિવેદનમાં તૃપ્તીબેન કરીને વ્યકિત સાથે દુષ્કર્મ થયેલ હોય તેવુ જણાવેલ નહી. એ વાત ખરી છે કે, ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ મુજબનું નીવેદન લેવામાં આવેલ હતું. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન મે સાહેદ મહેન્દ્રસિંહ ચાવલાનું નીવેદન નોંધેલુ. એ વાત ખરી છે કે, આ સાહેદના નીવેદનમાં હાલના કેસના

આરોપીઓ પુરતા કોઈપણ ભોગ બનનાર જોડે (નામો), કઈ તારીખે, કયા મહીનામાં દુષ્કર્મ આચરેલું તેની કોઈ વિગતો જણાવેલ નથી. (૨૦૧) એ વાત ખરી છેકે, આ કેસમાં તૃપ્તીબેનનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન નોંધાયેલ હતું. એ વાત ખરી છેકે, આ સાહેદનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન નોંધાયેલ તે મારી દેખરેખ હેઠળ લેવામાં આવેલ હતું. એ વાતનો મને ખ્યાલ નથી કે આ સાહેદને કેટલા વાગે નીવેદન નોંધવા માટે કોર્ટ સમક્ષ લાવવામાં આવેલા. એ વાત ખરી છેકે આ સાહેદનું સીઆરપીસી કલમ–૧૬૧ મુજબનું નીવેદન તપાસના કામે નોંધાયેલ હતું. સાહેદણ તૃપ્તીબેનનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન તા.૨૯/૧૦/૨૦૧૩ ના રોજ નોંધાવવામાં આવેલ. સાહેદણ તૃપ્તીબેનનું સીઆરપીસી કલમ–૧૬૧ મુજબનું નીવેદન તારીખ–૨૬/૧૦/૨૦૧૩ તથા તારીખ–૨૯/૧૦/૨૦૧૩ ના રોજ નોંધવામાં આવેલ. સાહેદણ તૃપ્તીબેનનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનાં નીવેદનનો સમય તથા સીઆરપીસી કલમ–૧૬૧ મુજબના નીવેદન નોંધવાનો સમય મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે તા. ૨૯/૧૦/૨૦૧ ૩ ના રોજ આ સાહેદનું કોઈપણ સીઆરપીસી કલમ–૧૬૧ નું નીવેદન લેવામાં આવેલ નહી અને ખોટી રીતે તે ઉભુ કરવામાં આવેલુ. એ વાત ખરી નથીકે, ફરીયાદપક્ષને સમર્થન આપવા માટે હું સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૮૪.૨) સદર સાહેદે તેઓએ કરેલ તપાસ સબંધે વિગતવાર પુરાવો આપેલ છે.સદર સાહેદની જુબાની થકી ફરીયાદપક્ષ સાહેદ(૧) તૃપ્તીબેન (૨) રાકેશ પટેલ (૩) પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ પારેખ (૪) ગોપીબેન પટેલ (૫) જીજ્ઞેશ અરવિંદભાઈ પટેલ તથા (૬) અરવિંદ છોટાભાઈ પટેલનાઓની નિવેદનની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ છે. સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા ખુબ જ વિગતવાર

અને વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમજ તેઓએ કરેલ તપાસ સબંધે સુચનો કરવામાં આવેલ છે.

(૮૫) આ કામે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં.૫૫ તરીકે તપાસ અધિકારી દિવ્યા રવિયા જાડેજાનાઓનો આંક– ૫૭૨** વાળી સરતપાસમાં જણાવેલ છે કે ,

(૧) હાલમાં હું ડી.વાય.એસ.પી તરીકે એસીબી, અમદાવાદ શહેર ખાતે છેલ્લા ૩ મહીનાથી ફરજ બજાવ છું. આ અગાઉ સને–૨૦૧૩ ની સાલમાં હું પી.આઈ. તરીકે વિશેષ શાખા, અમદાવાદ ખાતે ફરજ બજાવતી હતી. તે દરમ્યાન તારીખ–૦૭/૧૦/૨૦૧૩ ના રોજ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ નાઓના હુકમથી ચાંદખેડા પોલીસ સ્ટેશન દાખલ થયેલ ફસ્ટ ગુના રજીસ્ટર નં.– ૨૧ ૮/૨૦૧૩ ના ગુનાની તપાસ અમોએ સંભાળેલી હતી. પ્રથમ આ ફરીયાદ સુરત જહાગીરપુરા પોલીસ સ્ટેશનમાં શુન્ય નંબર થી દાખલ થયેલી, જે ફરીયાદ સુરત શહેરમાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન –૪, શોભા ભુતડા મેડમ રૂબરૂ ફરીયાદ લેવામાં આવેલી. જે ફરીયાદ આંક– ૨૭૯ થી રજુ થયેલી. તે ફરીયાદ મને બતાવવામાં આવે છે. તે ફરીયાદ મને તપાસમાં મળેલી તેમજ આંક–૩૬૬ થી સુરત ના પોલીસ કમિશ્નરશ્રીએ સદર ફરીયાદ તબદીલ થવા સારુંનો પત્ર પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ખાતે લખેલ પત્ર છે. તે પત્ર ઓળખી બતાવું છું. તેમજ સુરત શહેર જહાંગીરપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીએ ફરીયાદ શુન્ય નંબરથી દાખલ કરી પોલીસ કમિશ્નરશ્રીને લખેલ પત્ર અને તેનું સુચિપત્ર તૈયાર કરેલું, જે આંક–૩૬૮ થી રજુ છે. જે ઓળખી બતાવું છું. તેમજ તા.૦૬/૧

૦/૨૦૧૩ ના રોજના દિવસે સુરત શહેરની શુન્ય નંબરની ફરીયાદ દાખલ થઈને તબદીલ થયેલી, જે આંક– ૩૬૫ થી રજુ છે. જે હું ઓળખી બતાવું છું.

(૨) તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર–૧ નાઓને સદર તપાસ અર્થે એસ.આઈ.ટી.ની રચના કરવા અંગે પોલીસ કમિશ્નર શ્રીએ લખેલ પત્ર છે. જે **આંક–૫૭૩** થી રજુ થયેલ છે.

(૩) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનાઓએ આ ગુનાની તપાસ મારા તરફ મોકલી આપેલી અને તપાસ કરનાર અધિકારી તરીકે મારી નિમણુક કરેલ પત્ર છે. **જેમાં પોલીસ કમિશ્નર શ્રીની સહી છે અને જેમાં મારા નામનો હુકમ કરેલ છે. જે આંક– ૫૭૪ થી રજુ થયેલ** છે.

(૪) જહાગીર પોલીસ સ્ટેશનમાંથી સુરતથી શુન્ય નંબરથી ફરીયાદ દાખલ થઈ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા માટે આવેલ અને એફ.આઈ.આર. ચાંદખેડા પો.સ્ટે., ફ.ગુ.ર.નં. ૨૧૮/૧૩ થી ફરીયાદ દાખલ થયેલી. જે ફરીયાદ આંક– ૩૬૯ થી રજુ છે. આ તપાસ મારી તરફ આવતા મેં પ્રથમ ફરીયાદ તથા મળેલ કાગળો વંચાણે લીધા અને આ કામે મે તપાસ શરૂ કરી હતી. આ કામે ભોગ બનનારનાઓ સુરત મુકામે રહેતા હોય, તેમની પુછપરછ તથા નીવેદન સારું સુરત મુકામે જવા માટે ઉપરી અધિકારીશ્રીની મંજુરી મેળવી, અમદાવાદ થી સુરત ખાતે અમો તથા અન્ય પી.આઈ.શ્રી ગોહીલ તથા સરકારી વિડીયોગ્રાફર સરકારી વાહનમાં બેસી સુરત ગયેલા. ઉપરોકત ફરીયાદ દાખલ કરી અને તપાસ સંભાળી તે બદલ ઉપરી અધિકારીને રીપોર્ટ કરેલ હતો.

(૫) સુરત જઈ ફરીયાદીનો સંપર્ક કરી તેણીનું પ્રાથમીક નિવેદન મેળવી, બાદ તેઓનું જાદેનું નીવેદન મેળવેલું. જેની વિડીયો ગ્રાફી કરાવેલી. ફરીયાદી પોતાની હકીકત મેજીસ્ટ્રેટશ્રી, સુરતનાઓ સમક્ષ જણાવવા માંગતા હોય, નામદાર સુરત કોર્ટને સીઆરપીસી કલમ– ૧૬૪ મુજબનું નીવેદન નોંધવા અંગે યાદી લખી,

ભોગ બનનારને કોર્ટમાં હાજર રહેવા સમજ કરી.

(૬) સુરત કોર્ટમાં કલમ–૧૬૪ મુજબનું નીવેદન નામદાર કોર્ટ તરફથી લેવામાં આવેલું અને તેની કોપી નામદાર કોર્ટ સમક્ષ રાખવામાં આવેલી. જે નીવેદન આંક–૨૮૩ થી રજુ છે.

(૭) મને આંક–૫૭૭/૧ નો સંયુકત પોલીસ કમિશનર શ્રીએ ગુનો રજીસ્ટર કરવા બાબતે લખેલો પત્ર મને બતાવવામાં આવે છે. તે પત્ર તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે. જેમાં પી.આઈ.શ્રી એ.જી.ગોહીલ નાઓની સહી છે. જે હું ઓળખી બતાવવું છું. જેને **આંક–૫૭૮** થી રજુ થયેલ છે.

(૮) સદરહું ગુનાની તપાસ અર્થે તપાસમાં જવા મંજુરી ચાંદખેડા પો.સ્ટે દવારા નાયબ પોલીસ કમિશ્નરશ્રીને લખેલ પત્ર તા.૦૭/૧૦/૨૦૧૩ નો પત્ર છે. જેમાં પી.આઈ. શ્રી ચાંદખેડા નાઓની સહી છે. તેમજ તપાસમાં જવા માટેની મંજુરી તેની ઉપરી અધિકારીએ આપેલ છે. જે **આંક–૫૭૯** થી રજુ થયેલ છે.

(૯) તપાસના કામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, સુરતને જે અગાઉ કલમ–૧ ૬૪ મુજબના નીવેદન લેવા માટેની યાદી કરેલી, જે યાદીની ફોટો કોપી છે. જેમાં મારી સહી છે. જે **આંક–૫૮૦ થી રજુ થયેલ** છે.

(૧૦) તેમ જ સુરત ખાતે મહે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ને સદરહું ગુનાના કામે ફરીયાદીના બહેનનું નીવેદન નોંધવા માટે યાદી કરેલી, જે યાદી તા. ૮/૧ ૦/૨૦૧૩ ના દિવસે કરેલી.જેમાં મારી સહી છે.જે યાદી **આંક–૫૮૧ થી રજુ થયેલ** છે.

(૧૧) સદરહું ગુનાના કામે જહાંગીરપુરા પો.સ્ટે., સુરતના પી. આઈ. શ્રીને ગુના બાબતે માહીતી માંગેલી, તે યાદીમાં મારી સહી છે. જે ઓળખી બતાવું છું. જે **આંક–૫૮૨ થી રજુ થયેલ** છે.

(૧૨) તેમજ તપાસના કામે જહાંગીરપુરા આશ્રમ સુરતમાં આરોપી તથા જરૂરી પુરાવા

એકત્રીત કરવા સારું ચાદી કરેલી, જે ચાદીમાં મારી સહી છે. જે ચાદી હું ઓળખી બતાવું છું. જે **આંક–૫૮૩ થી રજુ થયેલ** છે.

(૧૩) તેમજ તપાસના કામે જે. કે. ભટ્ટ, અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર–૧ અમદાવાદ નાઓની સુચનાથી પોલીસ સબ ઈન્સ્પેકટર , કે. બી. જાડેજા ને આશારામનું ટ્રાન્સફર વોરન્ટ મેળવવાની ચાદી, જે ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ગાંધીનગરને આપેલી. જે **આંક–૫૮૪ થી રજુ થયેલ** છે.

(૧૪) નામદાર કોર્ટ તરફથી ટ્રાન્સફર વોરન્ટ આપેલ. જેની કોપી **આંક–૫૮૫ થી રજુ થયેલ** છે.

(૧૫) આ ટ્રાન્સફર વોરન્ટ લેવા માટે અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર –૧, અમદાવાદ શ્રી જે. કે. ભટ્ટનાઓએ કરેલ હુકમની ચાદી, જે તારીખ– ૦૮/૧૦/૨૦૧૩ ના રોજની ચાદી છે. તેમાં શ્રી જે. કે. ભટ્ટ સાહેબશ્રીની સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જે **આંક–૫૮૬ થી રજુ થયેલ** છે.

(૧૬) ફરીયાદીનું સુરત મુકામે મેજીસ્ટ્રેટ સમક્ષ સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવેલું. ત્યારબાદ, ફરીયાદીનું બનાવને લગત વિગતવારનું નીવેદન એન.જી.ઓ.શ્રી મહીલા ની હાજરીમાં મે લીધેલુ. બાદ, ફરીયાદીની બહેનનું પણ મેં નીવેદન લીધેલું તથા ફરીયાદીના બનેવી તથા ફરીયાદીના પતિનું પણ તપાસના કામે સુરત ખાતે નીવેદન લીધેલુ.

(૧૭) બાદ, ફરીયાદીને બનાવની જગ્યાનું પંચનામું અમદાવાદ ખાતે કરવું જરૂરી જણાતા ફરીયાદી ને લઈને અમદાવાદ ખાતે આવેલા અને બનાવની જગ્યાનું પંચનામું કરવા સારું સરકારી પંચોને બોલાવવા સેલ ટેક્ષ ઓફીસ, અમદાવાદ તથા કલેકટર કચેરી, સુભાષબ્રિજ અમદાવાદને ચાદી પંચો ફાળવવા માટેની ચાદી કરેલી. જેની સ્થળપ્રત **આંક–૫૮૭ અને આંક–૫૮૮** થી રજુ થયેલ છે.

(૧૮) બાદ, મામલતદારશ્રી, અમદાવાદને આશારામ આશ્રમનો લે–આઉટ નકશો

બનાવવાની યાદી આપેલી જે યાદીની સ્થળપ્રત **આંક–૫૮૯** થી રજુ થયેલ છે.

(૧૯) પંચો ફાળવતા અમો તપાસણી અધિકારીએ ગુનાવાળી જગ્યાએ બે પંચોને લઈ તેમજ આ કામે એફએસએલ અધિકારીને સ્થળ પર બોલાવી પરીક્ષણ કરવા માટેની યાદી કરેલી, જેના આધારે એફએસએલ અધિકારી ગુનાવાળી જગ્યાએ આવેલા અને પંચો અને એફએસએલ અધિકારીની રૂબરૂમાં ફરીયાદીએ બતાવેલ જગ્યાનું વિડીયોગ્રાફી સાથે પંચનામુ કરેલુ અને એફએસએલ અધિકારીની સુચનાથી ગુનાવાળી જગ્યાએથી કુલ–૩(ત્રણ) વસ્તુઓ કબજે કરવાની સુચના થતા, તે મુજબ અમોએ નં.૧– પલંગ (શેટી), નં.૨– ધાબળો, નં. ૩ – ટીપોઈ ગુનાવાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલી. જે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક–૧૮૦ થી રજુ છે. જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. તેમજ આ કામે એફએસએલ અધિકારીએ સ્થળ પર સ્થળ પરીક્ષણનો રીપોર્ટ તૈયાર કરી આપેલો, જે સ્થળ પરીક્ષણ અહેવાલ આંક–૧૯૪ થી રજુ છે. જે અસલ રીપોર્ટ છે. તેમાં એફએસએલ અધિકારીશ્રી એ.પી.હીંગરાજીયા સાહેબની સહી છે. જે રીપોર્ટ કામમાં સામેલ રાખેલ છે.

(૨૦) તપાસના કામે મેં ફરીયાદીનું શરીર સ્થિતીનું પંચનામું પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કરવામાં આવેલું. જે પંચનામુ આંક– ૧૩૬ થી રજુ છે. જેમાં બે પંચો અને રૂબરૂ તરીકે મારી સહી છે .જે હું ઓળખી બતાવુ છું.

(૨૧) ભોગ બનનાર ફરીયાદીનું મેડીકલ તપાસણી કરાવવા માટે મેડીકલ ઓફીસરશ્રી, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ ને યાદી લખેલી. જેની સ્થળપ્રત નીશાની– ૫૭૭/૧૯ થી રજુ છે. જેમાં મારી સહી છે. તેમજ યાદી ઉપર મેડીકલ ઓફીસરશ્રીનો રીસીવ કર્યા અંગેની સહી અને સમય અને તારીખ લખેલ છે. **આંક– ૫૯૦** થી રજુ થયેલ છે.

(૨૨) ભોગ બનનાર ફરીયાદીની મેડીકલ તપાસ દરમ્યાન ર્ડાકટરશ્રી બાદલ ગાંધી નાઓએ ઈ.પી.આર.નં. ૩૫૮૬/૫/૧૩ થી તપાસ દરમ્યાન સીલ બંધ હાલતમાં લીધેલા નમુના અને તેનું ફોર્મ ર્ડાકટરશ્રીએ ભરીને મુદ્દામાલ એફએસએલ અર્થે મોકલવા સારું આપેલ અને સદર ફોર્મની નકલ પુરાવા લીસ્ટ નીશાની–૧૦૬/૧૩ માં રજુ છે. જે મને બતાવવામાં આવે છે. જે **આંક– ૫૯૧** થી રજુ થયેલ છે.

(૨૩) તપાસના કામે ફરીયાદી ભોગ બનનારનું મેડીકલ થયા બાદ ર્ડાકટરશ્રીએ જે આર્ટીકલ મેળવેલા તે એફએસએલમાં મોકલતા અગાઉ તે મુદ્દામાલ જે હતો તે એફએસએલમાં પૃથ્થકરણ માટે મોકલવા સારૂં શું મુદ્દામાલ હતો તેનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલું. તેમાં બે પંચો અને રૂબરૂ તરીકે મારી સહી કરેલ હતી. જેને પંચનામું આંક–૧૪૪ થી રજુ છે. જે હું ઓળખી બતાવું છું. આ મુદ્દામાલ હતો તે પી.એસ.ઓ. ને રીકવર કરી મુદ્દામાલ પાવતી ફાળી, મુદ્દામાલ સીલ બંધ હાલતમાં રાખવા ક્રાઈમ રાઈટર શ્રીને સુપ્રત કરેલો.

(૨૪) તપાસના કામે જે મુદ્દામાલ સીવીલ હોસ્પીટલમાંથી લાવવામાં આવેલો તે પી.એસ.આઈ. શ્રી પટેલનું નીવેદન મેળવેલુ. તેમજ આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરતી વખતે જે વીડીયોગ્રાફી કરવા આવનાર વ્યકિત હતા, તેમનું તપાસના કામે નીવેદન પણ મેળવેલું.

(૨૫) તપાસ ના કામે પી.એસ.આઈ. પટેલ સીટના સભ્ય શ્રીને યાદી તૈયાર કરી તેઓને આશારામ આશ્રમ ખાતે સાહેદોના નીવેદનો લેવા માટે હાજર રહેવા તથા આરોપીઓને તપાસના કામે હાજર રહેવા અંગેની યાદી આપેલી. જે યાદી નીશાની–૫૭૭/૨૧ થી રજુ છે. જેમાં મારી સહી છે. તેમજ રીસીવ કરનાર તરીકે પી.એસ.આઈ. પટેલની સહી છે. જેની સ્થળપ્રત છે. જે હું ઓળખી બતાવુ છું. જે **આંક– ૫૯૨** થી રજુ થયેલ છે. તેમજ મુદ્દામાલ પાવતી ફાડવા માટે મે જે

યાદી કરેલી, જે યાદીની સ્થળપ્રત નીશાની–૫૭૭/૨૦ થી રજુ છે. જ **આંક –૫૯૩ થી રજુ થયેલ** છે.

(૨૬) મહીલા આશ્રમ અને આશારામ આશ્રમ બંને જગ્યાએ ગુનાની માહીતી મેળવવા માટે જરૂરી યાદી કરેલી. સદર જરૂરી યાદીઓ જે તે તપાસ કરનાર અમલદારોને આપવામાં આવેલી તથા તપાસના કામે આરોપી ભારતીબેન, લ ક્ષ્મીબેન તથા ધ્રુવબેનને તપાસના કામે હાજર રહેવા કલમ– ૧૬૦ ની નોટીસો તૈયાર કરી મહીલા આશ્રમના સંચાલકને આપવામાં આવેલી. જે યાદીઓ નીશાની–૫૭૭/૨૩, નીશાની–૫૭૭/૨૪ અને નીશાની–૫૭૭/૨૭ થી રજુ છે. જે નોટીસમાં મારી સહી છે. જેની સ્થળપ્રત છે. જે **આંક–૫૯૪, આંક–૫૯૫ અને આંક–૫૯૬** થી રજુ થયેલ છે.

(૨૭) સીટના અધિકારી શ્રી ર્ડા કાનન દેસાઈને તપાસના કામે જીલ્લા ટ્રાન્સફરની જરૂરીયાત હોવાથી સુરત તપાસના કામે જવા માટેની યાદી આપેલી. જે યાદીના આધારે શ્રી મદદનીશ પોલીસ કમિશ્નર, ર્ડા કાનન દેસાઈ નાઓએ તપાસનો અહેવાલ પાઠવવા તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજનો અહેવાલ પાઠવેલ. જે નીશાની–૫૭૭/૨૨ થી રજુ છે. જેમાં શ્રી કાનન દેસાઈની સહી છે. જે હું ઓળખી બતાવું છું. જેની સ્થળપ્રત રજુ છે. **આંક–૫૯૭** થી રજુ થયેલ છે.

(૨૮) આ અંગે સુરત જઈ તપાસ કરેલ અને માહીતી આપેલ હતી. તપાસના કામે આરોપી શ્રી આશારામ વિરૂધ્ધ ફરીયાદ શંકરપુરા મહીલા પો.સ્ટે, જોધપુર, રાજસ્થાન ખાતે ગુનો નોંધાયેલ હોઈ, તે ગુનાની એફ.આઈ.આર. મેળવવા સારું યાદી કરેલી અને જે આધારે સદર ગુનાની એફઆઈઆર મળતા કામમાં સામેલ રાખેલ. જે **આંક– ૫૯૮ અને આંક– ૫૯૯** થી રજુ થયેલ છે.

(૨૯) તપાસના કામે મે એફઆઈઆરમાં આઈ.પી.સી.ની કમલ–૩૨૩ નો ઉમેરો કરવા ગાંધીનગરની હકુમત ધરાવતી કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ આપેલો.

જે નીશાની–૫૭૭/૨૮ થી રજુ છે. જેમાં મારી સહી છે જે **આંક–૬૦૦** થી રજુ થયેલ છે.

(૩૦) તપાસના કામે આરોપી આશારામ વિરૂધ્ધમાં સાબરમતી અને અડાલજ ખાતે આ અગાઉ કેટલા ગુના નોંધાયેલા, તેની માહીતી મેળવવા સારુ યાદીઓ તૈયાર કરેલી. જે યાદીઓમાં મારી સહી છે. જે **આંક–૬૦૧ અને આંક–૬૦૨** થી રજુ થયેલ છે. સદર બાબતની માહીતી જે તે પોલીસ સ્ટેશનમાં માંગેલી માહીતી પો.સ્ટે.થી આપવામાં આવેલી. જે એફઆઈઆર નીશાની–૫૭૭/૩૧ થી રજુ છે.જે **આંક– ૬૦૩** થી રજુ થયેલ છે. સદર કામે મળેલી માહીતી તપાસના કામે સામેલ રાખેલ હતી.

(૩૧) સદર ગુનાના કામે અમોને મળેલા પુરાવાને આધારે સદર એફઆઈઆર માં આઈ.પી.સી કલમ– ૩૭૬ (કે)(એફ) હતી તે રદ કરવા માટેની યાદી તેમજ સદર કલમ રદ કરી ગુનાના કામે આઈ.પી.સી ની કમલ–૩૭૬(૨)(ગ) દાખલ કરવા નામદાર કોર્ટ, ગાંધીનગર ખાતે યાદી કરેલી. જે **આંક– ૬૦૪** થી રજુ થયેલ છે.

(૩૨) આરોપી આશારામને જોધપુર ખાતે અન્ય ગુનામાં હોઈ તેઓને આ ગુનાના કામે લાવવાની જરૂરીયાત હોઈ, પી.એસ.આઈ . જાડેજાને જોધપુર જેલમાંથી લાવી અમોને તપાસના કામે સોંપતા, તે અંગેનો રીપોર્ટ અને આરોપી અમોને સુપ્ર ત કરેલ. જે **આંક–૬૦૫** થી રજુ થયેલ છે. આ અંગે આરોપીને સોંપતા તેની સાથે જોધપુર કોર્ટ તરફથી આવેલ રીપોર્ટ, તેમજ જોધપુર જેલના સુપ્રિટેન્ટેન્ડ (અધ્યક્ષ) શ્રીનાઓએ પણ એક રીપોર્ટ આપેલો હતો, તેમજ પી.એસ.આઈ શ્રી જાડેજાનાઓએ જોધપુર જેલને લખેલી યાદીની સ્થળપ્રત તપાસના કામમાં સામેલ રાખેલ. જે **આંક– ૬૦૬, આંક– ૬૦૭ અને આંક– ૬૦૮ થી રજુ થયેલ** છે. જે યાદીઓ મે સદર કામમાં સામેલ રાખેલ હતી.

(૩૩) સદર કેસમાં તપાસના કામે પડેલા પુરાવાઓથી આરોપીને અટક કરવા જેટલો પુરાવો મળી આવતા આ ગુનાના કામે આશારામને અટક કરેલ અને તેની અટકની જાણ તેમના આશારામના સક્ષમ વ્યકિતને જાણ કરેલ. તેમજ ચાંદખેડા પો.સ્ટે. સ્ટેશન ડાયરીમાં નોંધ અટક કરવા માટેની યાદી પી.એસ.ઓ.ને આપેલી, જે યાદી નીશાની–૫૭૭/૩૭ થી રજુ છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. જે **આંક– ૬૦૯** થી રજુ થયેલ છે. સ્ટેશન ડાયરીમાં નોંધ કરી બે પંચો રૂબરૂ તપાસના કામે આરોપીનું શરીર સ્થિતીનું પંચનામું કરવાનું જરૂરી હોઈ, બે પંચોને બોલાવી, પંચોની હાજરીમાં આશારામની શરીર સ્થિતીનું પંચનામું કરવામાં આવેલું. જે પંચનામું આંક–૧૩૮ થી રજુ છે. જેમાં બે પંચો અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. સદર ગુનાના કામે આરોપીનું નીવેદન મેળવેલું. તેમજ આરોપીની મેડીકલ તપાસ કરવા માટેની યાદી તૈયાર કરેલી. જે યાદી આ કામે આંક–૧૯૮ થી રજુ છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખુ છું. મેડીકલ ઓફીસરશ્રીનાઓએ મેડીકલ તપાસણી કર્યા બાદ ડૉ.શ્રી સી.વી.ચોબ્બે લીધેલ મુદ્દામાલ એફએસએલ તપાસ અર્થે ફોર્મ ભરી આપેલ જે ફોર્મ આંક–૧૯૯ થી રજુ છે.

(૩૪) સદર ગુનામાં તપાસના કામે સોલા સીવીલથી વધુ મેડીકલ તપાસ અર્થે અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે આશારામને લઈ જઈ તપાસ કરાવવા રીપોર્ટ આપેલ. જે આંક–૨૧૮ થી રજુ છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખું છું.

(૩૫) સીવીલ હોસ્પીટલ, અમદાવાદમાં શ્રી આશારામને યુરોલોજીસ્ટ, રેડીયોલોજીસ્ટ, તથા ડૉ. હેતલ પટેલ , ડૉ કલ્પેશ કાપડીયા તથા ડૉ એમ. એન. બેન્કર નાઓએ મેડીકલ તપાસણી કરી, સારવાર સર્ટીફીકેટ આપેલું. જે સર્ટીફીકેટ તપાસના કામમાં સામેલ રાખેલ, જે આંક–૨૨૨ થી રજુ છે.

(૩૬) તેમજ ડૉકટરશ્રીએ આરોપી આશારામના લીધેલા મેડીકલ નમુના કબજે લઈ

બે પંચોની હાજરીમાં પંચનામું કરેલ. જે પંચનામું આંક–૧૪૪ થી રજુ છે. તેમજ મેં તપાસના કામે આરોપી આશારામનું શરીર સ્થિતીનું પંચનામું કરેલુ. તે પંચનામું આંક–૧૪૭ થી રજુ છે. જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. આ પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખેલું.

(૩૭) સદર ગુનામાં તપાસના કામે આરોપી આશારામને ૨૪ કલાકની તપાસ પુર્ણ થતા અમો તપાસણી અધિકારીએ આરોપી આશારામને હકુમત વાળી કોર્ટમાં જયુડીશીયલ કસ્ટડી માં લેવા યાદી કરેલી. જે નીશાની–૫૭૭/૩૮ થી રજુ છે. જેમાં મારી સહી છે. જે **આંક– ૬૧૦ થી રજુ થયેલ** છે.

(૩૮) આરોપી આશારામને જોધપુર જેલમાંથી લાવેલ હોય, જેલર શ્રી જોધપુર નાઓએ અમો તપાસણી અધિકારીને એક યાદી આપવામાં આવેલી. જે યાદી તપાસના કામે સામેલ રાખવામાં આવેલ. જે **આંક–૬૧૧** થી રજુ થયેલ છે.

(૩૯) સદર કેસમાં સરકારી પંચોની તપાસના કામે રજુઆત હોઈ , અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે બે પંચોને મેળવવા સારુ મે યાદી કરેલી. જે નીશાની–૫૭૭/૪૦ રજુ છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જે **આંક–૬૧૨ થી રજુ થયેલ** છે.

(૪૦) સદર કેસમાં તપાસના કામે ફરીયાદી ભોગ બનનાર અને આરોપી આશારામને તપાસ કામે ક્રોસ ઈન્ટ્રોગેશન કરાવવા માટે ફરીયાદી/ભોગ બનનારને સુરતથી લાવવા સારું પી.એસ.આઈ. પટેલને યાદી આપવામાં આવેલી. જે યાદી નીશાની–૫૭૭/૪૧ થી રજુ છે. જેમાં મારી સહી છે. જેની સ્થળપ્રત છે. જે **આંક–૬૧૩** થી રજુ થયેલ છે.

(૪૧) સદરહું ગુનામાં તપાસના કામે આરોપી આશારામને સીવીલ હોસ્પીટલમાં જે ડૉકટરશ્રીને લખેલી અમદાવાદ સીવીલમાં લખેલી યાદી, નીશાની–૫૭૭/૪૨ થી રજુ છે. જેમાં મારી સહી છે. જેને હું ઓળખુ છું. જે **આંક–૬૧૪ થી રજુ થયેલ**

છે.

(૪૨) સદરહું ગુનામાં તપાસના કામે મેં તા.૨૨/૧૦/૨૦૧૩ ના રોજ આરોપી આશારામની મેડીકલ તપાસણી કરાવેલી તે મેડીકલ કેસ પેપર્સ મેળવેલા. જે નીશાની– ૧૦૬/૩૦ થી રજુ છે.જે અસલ કેસ પેપર્સ હોઈ, જે કુલ –૪ પાનામાં છે. જે **આંક– ૬૧૫** થી રજુ થયેલ છે.

(૪૩) તપાસના કામે આરોપી આશારામનું રીઝી સ્કેન ટેસ્ટ કરાવવા યાદી કરેલી. જે આંક–૨૧૨ થી રજુ છે.

(૪૪) સદર ગુનામાં તપાસ કામે આરોપી આશારામનું શરીર સ્થિતીનું પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. જે આંક–૧૪૮ રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. આરોપી આશારામને રીમાન્ડ પુરા થતા સમયની અંદર ગાંધીનગર કોર્ટમાં રજુ કરી, કોર્ટ કસ્ટડીમા મોકલી આપેલ અને તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ થયા બાદ આરોપીને જોધપુર જેલમાં મોકલી આપેલ.

(૪૫) ત્યારબાદ, ફરીયાદી/ભોગ બનનારની ફરીયાદ અને નીવેદન ના આધારે આરોપી ભારતીબેન, લક્ષ્મીબેન, ધ્રુવબેન, જશીબેન, નિર્મલાબેન, મીરાબેન આ આરોપીઓએ ગુનામાં મદદગારી કરેલ હોઈ અને તેઓને આ કામે જરૂરીયાત હોઈ, સદર આરોપીઓને નોટીસો પાઠવેલી. જેના આધારે ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાંથી, તેઓએ આગોતરા જામીન મેળવેલા અને પોલીસ સ્ટેશને જામીન રજુ કરવા આવતા તપાસના કામે તેઓના રીમાન્ડ મેળવવા કોર્ટમાં કાર્યવાહી કરેલી, પરંતુ રીમાન્ડ નામદાર કોર્ટએ આપેલા નહી. જેથી અમો તપાસણી અધિકારીએ ગુનાના કામે મોટેરા ગામની અંદર આશારામ આશ્રમ આવેલ હોય અને જમીન ત્યાં આવેલી હોય, સદર આશ્રમની માહીતી મેળવવા સારૂં યાદી પાઠવેલી, જે યાદીની સ્થળપ્રત નીશાની–૧૦૬/૩૫ થી

રજુ છે. જે યાદીની સ્થળપ્રત છે.જેમાં મારી સહી છે. જે **આંક– ૬૧૬** થી રજુ થયેલ છે. માંગવામાં આવેલી માહીતી તલાટી શ્રીનાઓએ આપેલ, જે નીશાની–૧૦૬/૩૬ થી કુલ–૧૮ પાનામાં રજુ છે. જે સરકારી રેકર્ડ છે,જે **આંક– ૬૧૭** થી રજુ થયેલ છે.

(૪૬) આરોપી નિર્મલાબેન ના મકાનનું પંચનામું કરવાનું હોઈ, તેમને કલમ–૧૬૬ નો ઠરાવ કરેલો, જે ઠરાવ નીશાની–૧૦૬/૩૭ થી રજુ છે. જેમાં મારી સહી છે જે હું ઓળખુ છું. જે **આંક–૬૧૮** થી રજુ થયેલ છે.

(૪૭) સદર ગુનામાં તપાસના કામે આરોપી નિર્મલાબેન ઉર્ફે ઢેલ ના મકાનનું જડતી અંગેનું પંચનામુ તા. ૨૮/૧૧/૧૩ ના રોજ કલાક–૧૭ : ૦૦ થી ૧૮ : ૩૦ સુધી પંચો રૂબરૂ પંચનામું કરેલુ. જે પંચનામુ નીશાની–૧૦૬/૩૮ થી રજુ છે. જેમાં પંચ નં.૧ તરીકે અનુપભાઈ નવીનચંદ્ર નાણાવટીની સહી છે. અને પંચ નં.ર તરીકે નરેશ ચમનભાઈ ઠાકોરની સહી છે. અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જે **આંક– ૬૧૯ થી રજુ થયેલ** છે. અને આ પંચનામું વિડીયોગ્રાફી દવારા કરવામાં આવેલુ હતું.

(૪૮) સદર ગુનામાં તપાસના કામે આરોપી મિરાબેન ઉર્ફે બગલો નાઓના મકાનનું પંચનામું કરવાનું હોઈ, કલમ– ૧૬૬ મુજબનો ઠરાવ એ.સી.પી, ડાૅ. કાનન દેસાઈનાઓએ કરેલો. જેઓ અમારા ઉપરી અધિકારી હોઈ, તેઓની સહી ઓળખુ છું. જે **આંક– ૬૨૦** થી રજુ થયેલ છે.

(૪૯) સદર ગુનાના આરોપીઓ પૈકી આરોપી મીરાબેન ઉર્ફે બગલાની મકાનની ઝડતી અંગેનું પંચનામું પંચોની હાજરીમાં કરવામાં આવેલુ. જે પંચનામુ આંક–૧૭ર થી રજુ છે. જેમાં પંચો અને રૂબરૂ તરીકે ડાૅ કાનન મેડમની સહી છે. જે અમારા ઉપરી અધિકારી હોઈ તેઓની સહીથી હું પરીચીત છું. જે પંચનામું તપાસના કામે મે સામેલ રાખેલ છે.

(૫૦) આશારામ આશ્રમ ના સંચાલક ઉદય સંગાણીને સીઆરપીસી કલમ– ૯૧ મુજબ માંગેલ માહીતી આપવા નોટીસ આપેલી. જેની સ્થળપ્રત નીશાની– ૧૦૬/૪૧ થી રજુ છે. જેમાં મારી સહી છે જે **આંક– ૬૨૧** થી રજુ થયેલ છે.

(૫૧) તપાસના કામે મેં આશારામ આશ્રમના ટ્રસ્ટનો દાખલો જે તે કચેરીમાંથી મળેલો. જેમાં આશારામ આશ્રમના ટ્રસ્ટીશ્રીની સહી છે. જે **આંક–૬૨૨ થી રજુ થયેલ** છે.

(૫૨) સદર ગુનામાં તપાસના કામે મે આશારામ મહીલા આશ્રમ ખાતે રહેતા આરોપી લ ક્ષ્મીબેનની કુટીર તથા મહીલા આશ્રમના કાર્યલાયમાં ઝડતી તપાસ કરવા કલમ– ૧૬૫ નો ઠરાવ કરેલ. જે નીશાની–૧૦૬/૪૩ થી રજુ છે. જેમા મારી તથા બે પંચોની સહી છે. જે **આંક–૬૨૩** થી રજુ થયેલ છે.

(૫૩) ત્યારબાદ તપાસના કામે આરોપી લક્ષ્મીબેનના નારાયણ વાટીકામાં આવેલ મકાન તથા ભાનુદેવી મોહનદાસ દાલવાણી બિલ્ડીંગમાં ઝડતી તપાસ કરવા કલમ–૧૬૫ નો ઠરાવ કરેલો. જેની સ્થળપ્રત છે જેમાં મારી સહી અને બે પંચોની સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જે **આંક– ૬૨૪** થી રજુ થયેલ છે .

(૫૪) ત્યારબાદ તપાસના કામે તા.૮/૧૨/૨૦૧૩ ના રોજ બે પંચો સાથે આરોપી લ ક્ષ્મીબેનના નારાયણ વાટીકામાં આવેલ મકાન તથા ભાનુદેવી મોહનદાસ દાલવાણી બિલ્ડીંગમાં ઝડતી અંગેનું પંચનામુ પંચોની હાજરીમાં કરવામાં આવેલુ જેમાં બે પંચો અને મારી રૂબરૂ તરીકે સહી છે. પંચનામું વીડીયોગ્રાફ દવારા કરવામાં આવેલુ. જે આંક–૧૫૮ થી રજુ છે.

(૫૫) તપાસના કામે આરોપી મીરાબેન ના ઘરેથી પંચનામા દરમ્યાન મળી આવેલ પત્રો, જે પત્રો સીધી ભાષામાં લખાવેલ હોય તેનું અનુવાદ કરવા માટે બી.એમ. કેસવાણીને લખેલ પત્રની સ્થળપ્રત **આંક– ૬૨૫** થી રજુ થયેલ છે.

(૫૬) અમો તપાસણી અધિકારીએ એસ્ટેટ ઓફીસરશ્રી એસ્ટેટ વિભાગ, એ. એમ. સી. ને ઉપદેશીને લખેલ પત્ર **આંક– ૬૨૬** થી રજુ થયેલ છે.

(૫૭) ત્યારબાદ, માંગેલી માહીતી પ્રમાણે ડેપ્યુટી એસ્ટેટ પશ્ચિમ ઝોન નાઓએ શાંતી વાટીકા કુટીરના બાંધકામની માહીતી અંગે મોકલેલ પત્ર અમોને મળેલ, જે પત્ર **આંક– ૬૨૭** થી રજુ થયેલ છે.

(૫૮) ત્યારબાદ, આરોપી મિરાબેન ઉર્ફે બગલા નાઓના લીધેલ કુદરતી નમુના તથા દસ્તાવેજોનું પંચનામું કરેલ, જે પંચોની અને મારી હાજરી માં કરેલ. જેમાં પંચો અને રૂબરૂ તરીકે મારી સહી છે. જે પંચનામું આ કામે આંક–૧૬૩ થી રજુ છે. જે પંચનામું હું ઓળખી બતાવું છું.

(૫૯) ત્યારબાદ, સદર ગુનાના તપાસના કામે હસ્તાક્ષર નિષ્ણાંતશ્રીનો અભિપ્રાય મેળવવા સારું બનાવેલ રવાનગી ફોર્મ તૈયાર કરી મોકલી આપેલ, જેમાં મારી સહી છે. જે રવાનગી ફોર્મ **આંક– ૬૨૮** થી રજુ થયેલ છે.

(૬૦) ત્યારબાદ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–૨, અમદાવાદ નાઓને અમોએ મોકલેલ રવાનગી ફોર્મ તથા તકરારી દસ્તાવેજોની તપાસણી કરી અભિપ્રાય મોકલવા સારૂ એફ. એસ. એલ. માં લખેલ રીપોર્ટની નકલ તથા ચેક લીસ્ટની નકલ નીશાની–૧૦૬/૫૨ થી રજુ છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જેની સ્થળપ્રત છે. જે બે પેજ માં છે. જે **આંક– ૬૨૯** થી રજુ થયેલ છે.

(૬૧) ત્યારબાદ, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન– ૨, અમદાવાદ નાઓએ હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી, એફ. એસ. એલ. ગાંધીનગર ખાતે ફોરવર્ડીંગ લેટર સાથે મોકલી આપેલ. જે પત્ર માર્ક–૧૦૬/૫૩ થી રજુ છે. જેમાં અમારા નાયબ પોલીસ કમિશ્નર, ઝોન – ૨, અમદાવાદ નાઓની સહી છે. જે ઓળખી

બતાવું છું. જે **આંક– ૬૩૦** થી રજુ થયેલ છે.

(૬૨) ત્યારબાદ, સદર ગુનાની તપાસના કામે જે મુદ્દામાલ અમોએ સીલબંધ હાલતમાં મેળવેલો તે અમોએ એફ.એસ.એલ. ખાતે મોકલવા સારું રવાનગી નોંધ તૈયાર કરેલી. જેમાં એફ.એસ.એલ ખાતે કુલ આર્ટીકલ –૧૫ મુદ્દામાલ મોકલી આપેલ, જે રવાનગી નોંધ માં મારી તથા ઉપલા અધિકારીની સહી વાળું સત્તા અંગેનું પ્ર માણપત્ર છે. જે **આંક–૬૩૧ થી રજુ થયેલ** છે.

(૬૩) ત્યારબાદ, સદર મુદ્દામાલ એફ. એસ. એલ. ને મળ્યા અંગેની પહોંચ એફ. એસ. એલ. તરફથી આપવામાં આવેલી, જે એફ. એસ. એલ. ને મુદ્દામાલ મળ્યા બદલ પાઠવેલ પહોંચ **આંક–૬૩૨ થી રજુ થયેલ** છે.

(૬૪) ત્યારબાદ, સદર ગુનાની તપાસના કામે સાયન્ટીફીક ઓફીસર, એસ.એન.બ્ર હભટ્ટ નાઓએ સદર પૃથ્થકરણ તૈયાર કરી રીર્પોટ આપેલો, જે રીપોર્ટ આંક–૪૧ ૪ થી રજુ છે. તેમજ સદર ગુનાને લગત બાયોલોજી વિભાગનો રીપોર્ટ આંક–૪૧ ૩ થી રજુ છે. તેમજ સદર ગુનાને લગત સીરોલોજી વિભાગનો રીપોર્ટ આવેલો, જે તપાસના કામમાં સામેલ રાખેલ. જે આંક–૪૦૯ થી રજુ છે. જે ઓળખી બતાવું છું.

(૬૫) ત્યારબાદ, મે તપાસના કામે આરોપી લક્ષ્મીબેન ના રહેણાક તથા ઝડતી તપાસ દરમ્યાન કબજે લીધેલ મોબાઈલ ફોન, જેની તપાસણી માટે મે રવાનગી નોંધનું ફોર્મ તૈયાર કરેલું. જેમાં મારી સહી છે. જે આંક–૪૦૫ થી રજુ છે.

(૬૬) ત્યારબાદ, સદર ગુનાની તપાસના કામે ડેપ્યુટી ડાયરેકટરશ્રી ડી. જી. શાહ નાઓએ મુદ્દામાલ નો અભિપ્રાય મોકલેલ, જે ફોરવર્ડીગ લેટરની નકલ છે. જે **આંક– ૬૩૩** થી રજુ થયેલ છે.

(૬૭) સદર ગુનાની તપાસના કામે શ્રી ડી.જી.શાહ નાઓએ સદર મુદ્દામાલની તપાસણી કરી આપેલ અભિપ્રાય મોકલી આપેલ, જે આ કામે આંક–૪૦૬ થી

રજુ છે. જે હું ઓળખી બતાવુ છું. તેમજ આ કામે એનેક્ષર–એ ની નકલ પણ કામમાં સામેલ રાખેલ. જે આંક–૪૦૭ થી રજુ છે. જેમાં ડેપ્યુટી ડાયરેકટરશ્રી ડી. જી. શાહ નાઓની સહી છે.

(૬૮) ત્યારબાદ, આ કામે ડી. એફ. એસ., નાયબ નિયામકશ્રી, બી. એસ. શાહ નાઓએ મુદૃામાલનું પૃથ્થકરણ કરી હસ્તાક્ષર નિષ્ણાંત તરફથી આવેલ અભિપ્ર ાયની નકલ મોકલી આપેલ. જે કામમાં સામેલ રાખેલ. જે **આંક– ૬૩૪ થી રજુ થયેલ** છે.

(૬૯) ત્યારબાદ, સદર ગુનાની તપાસના કામે મેં ફોટોગ્રાફસ પડાવડાવેલા જે ફોટાગ્ર ાફસ માર્ક– એ થી રજુ છે. જેમાં કુલ – ૮ ફોટાગ્રાફસ છે. જે **આંક– ૬૩૫ થી રજુ થયેલ** છે.

(૭૦) ત્યારબાદ, તપાસના કામે લાગતા–વળતા સાહેદોના નીવેદનો લીધેલા, તપાસ ના કામે મેં સી. આર. પી. સી. કલમ–૧૬૪ મુજબના નિવેદન લેવા માટે કાર્યવાહી કરેલી. જેમાં ફરીયાદીનું, સાહેદ વર્ષાબેનનું, અખિલનું, સરોજબેનનું, મહેન્દ્ર ચાવલા નાઓનું સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદન લેવડાવવા માટે તજવીજ કરેલી. તેમજ સાહેદ પારૂલબેન નાઓનું સી. આર. પી. સી. કલમ– ૧૬૪ મુજબનું નીવેદનલેવડાવવા સુરત કોર્ટમાં યાદી આપેલી. જેમાં નામદાર કોર્ટ તરફ તેઓનું નીવેદન નોંધવા માટે અન્ય તારીખ અને સમય ફાળવવામાં આવતા, અમોએ એ.સી.પી. શ્રી ર્ડા. કાનન દેસાઈ નાઓને આ અંગે નીવેદન લેવડાવવા વિનંતી કરતા તેઓએ તજવીજ કરેલી. ર્ડા કાનન દેસાઈ નાઓએ સાહેદ તૃપ્તીબેનનું પણ સુરત કોર્ટમાં સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવડાવવા માટે તજવીજ કરેલી.

(૭૧) તેમજ આ ગુનાના તપાસના કામે પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી કે. બી. જાડેજાને મુઝફફરનગર ખાતે તપાસમાં જઈ કરેલ તપાસનો આપેલ રીપોર્ટ, જે

**આંક– ૬૩૭ થી રજુ થયેલ** છે.

(૭૨) ત્યારબાદ, શાલીગ્રામ વિભાગ–૧ સોસાયટીના બાંધકામ અંગેનું જીવનજયોત સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ તપાસના કામે સામેલ રાખેલ. જે **આંક– ૬૩૮ થી રજુ થયેલ** છે.

(૭૩) ત્યારબાદ, શાલીગ્રામ વિભાગ–૧ સોસાયટીના બાંધકામ અંગેનું કર્મજયોત સોસાયટીએ લેટર પેડ ઉપર આપેલું લખાણ તપાસના કામે સામેલ રાખેલ. જે **આંક– ૬૩૯ થી રજુ થયેલ** છે.

(૭૪) મે તપાસ ના કામે સાહેદ તથા ફરીયાદીના પતિ તુષારભાઈના મેડીકલ તપાસ માટે પી. એસ. આઈ. કે. બી. જાડેજા નાઓને હુકમ કરેલો તેની ચાદીની સ્થળપ્રત છે. જે **આંક– ૬૪૦ થી રજુ થયેલ** છે.

(૭૫) મે મારી તપાસ દરમ્યાન ફરીચાદીનું વિશેષ નીવેદન લીધેલુ. ફરીયાદીના મે અલગ અલગ પાંચ નીવેદન લીધેલા અને તેઓએ પોતાની હકીકત લખાવેલી તે પ્રમાણે લખેલ. સાહેદ પારૂલબેન, સાહેદ મંજુલત્તાબેન, તુષારભાઈ, વિમલેષભાઈ, રાહુલભાઈ, સાહેદ વર્ષાબેન, રાજુભાઈ, તુષારભાઈ દિક્ષીત, આશાબેન, જીજ્ઞાબેન નાઓના નીવેદન તપાસના કામે લીધેલ હતા.

(૭૬) મે મારી તપાસ દરમ્યાન સાહેદ અમૃત પ્રજાપતિ તથા અખિલ ના નીવેદનો મેળવેલા, જે બંનેનું મર્ડર થઈ ગયેલ છે. તેમજ સાહેદ રાહુલ સચાનનું પણ નીવેદન મેળવેલું. જેઓના પર જોધપુર કોર્ટ ખાતે જીવલેણ હુમલો થયા બાદ ગાયબ થઈ ગયેલ છે.

(૭૭) મારી તપાસ દરમ્યાન પડેલા પુરાવાઓને ધ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલું. આજરોજ નામદાર કોર્ટમાં આરોપી નં. ૧ આશારામ વી.સી.થી હાજર નથી. પરંતુ ચાર્જશીટના પેપર્સમાંથી તેમનો

ફોટો બતાવી ઓળખી બતાવું છું. આરોપી નં. ૩ લક્ષ્મીબેન નાઓને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ, ગાંધીનગર તરફથી તેઓને એકઝમશન આપેલ છે. જેથી બચાવપક્ષ તર્ફે આરોપી નં.૩ ની ઓળખની તકરાર નથી. આરોપી નં. ૨, ૪ , ૫, ૬, અને ૭ નામદાર કોર્ટમાં હાજર છે. જેઓને ઓળખી બતાવુ છું. તેમજ નામદાર કોર્ટમાં જે મુદ્દામાલ છે તે પણ ઓળખી બતાવુ છું.

(૭૮) મે મારી તપાસ દરમ્યાન વર્ષાબેન ગુપ્તાનાઓનું નીવેદન લીઘેલુ. તેઓએ તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે,''ત્યારબાદ મને વાતો વાતથી મને મારી સાથે ભોગબનનારને વકતા બનાવવામાં આવેલ, તેની સાથે આસારામ બાપુએ બળજબરી પુર્વક સંભોગ કરેલો તેવું જાણવા મળેલ.''

(૭૮.૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' ત્યારબાદ ટીવીનાં માઘ્યમથી આ ભોગબનનારે આશારામ વિરૂઘ્ધમાં ફરીયાદ કરેલ જેમાં મારા પતિ અખીલનું નામ આરોપી તરીકે હોઈ મારે અખીલ સાથે વાતચીત થયેલ કે હું જયારે આશ્રમમાં બાપુના અંગત સેવક તરીકે હતો ત્યારે બપોરના સમયે ભારતી કે જેજે બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા તે ભારતી આ ભોગબનનાર અને બીજી ટીના બંને કુટીર ઉપર આવેલી અને થોડા સમય ટીના કુટીરમાં રહયા બાદ આ ભોગબનનાર કુટીરમાં ગયેલ અને થોડા સમયબાદ ગભરાયેલી હાલતમાં તે બહાર આવેલી અને તેને ભારતી મહીલા આશ્રમ પરત લઈ ગયેલ હું આશારામના પત્ની લક્ષ્મી જેવોને આશ્રમમાં બઘા લક્ષ્મીમૈયા નામથી બોલાવે છે. તેમને ઓળખું છું. આશારામ બાપુના કહયા મુજબ આ મૈયા કામ નહી કરતા બાપુ ખીજાતા અને મારા કારણે તુ પુજાય છે તેવુ જણાવતા હતા.''

(૭૮.૨) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' આશ્રમમાં હું હતી ત્યારે ઘણી વખત એવુ બનતુ કે, ઘ્રુવ કે અન્ય કોઈ બાપુ પાસે મોકલવા માટે જે છોકરીને બોલાવા આવતા જેથી કોઈ છોકરીને જવુ ન હોય આવુ છું તેમ

કહી તે પોતાની જાતને છુપાવી બાપુ પાસે જતી ન હતી. અને તે કારણોસર તે છોકરીઓને માર પડતો અને ધ્રુવબહેન ઠપકો આપતા અને બાપુ પણ કહેતા તને શ્રાપ આપી દઈશ ગુરુની આજ્ઞા નહી માને તો બરબાદ થઈ જઈશ અને બાપુ પણ જાહેરમાં ખીજાતા હતા જે છોકરીઓ બાપુ પાસે જતી તેઓને બાપુ સમજાવતા કે તારો સંકલ્પ છેતારી ઈચ્છા છે મારા સાનીધ્યમાં આવવાની અને તું મને પતિ સ્વરૂપે જુએ છે તુ મારી ગોપી છે. એટલે હું તને બોલાવુ છું. એવી રીતે છોકરીઓને સન્મોહીત કરતા અને પોતાની જાળમાં ફસાવતા હતા આવુ છોકરીઓ અંદરો અંદર વાતો કરતી હતી. અને બાપુ પણ જાહેરમાં કહેતા કે તમારી સાથે થાય છે. તે તમારા માતાપિતાને કોઈને જણાવવુ નહી.''

(૭૮.૩) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' આશ્રમમાં નીતીનીયમો ખુબજ સ્ટ્રીક હતા. મોબાઈલ પણ રાખવાની મનાઈ હતી અને કયારેય કોઈ છોકરી ધ્રુવબહેન કે અન્ય કોઈ સંચાલકનું કીધુ માનતી નહી તેવોની શારીરીક તેમજ માનશીક ટોર્ચર કરવામાં આવતું હતુ અમારી સાથે રહેતી ક્રિષ્ણા નામની છોકરી એક વાર સંધ્યાના સમયે પોણા છ વાગ્યે તે બ્રશ કરતી હતી તે વખતે આશારામ બાપુ તેને જોઈ જતા આ ક્રિષ્ણા સંધ્યા પ્રાર્થના માં પહોંચેલ ન હોઈ તેને બાપુએ ગડદા પાટુનો ખુબજ મારમારેલ અને તે તારની ફ્રેન્સીગમાં પડી ગયેલ તે મે નજરે જોયેલ.''

(૭૮.૪) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે,'' તથા ભાગ નામની છોકરીને પણ આશારામ બાપુએ એક દિવસ અમો મહીલા આશ્રમમાં લાઈનમાં દર્શન કરવા માટે ઉભા હતા તે વખતે ગાડી ભાગ નામની સેવીકા પાસે ઉભી રાખેલી અને બાપુએ ગાડીની બારીમાંથી હાથ કાઢી ભાગને ગરદનનાં ભાગેથી ખેચી ગાડીની અંદર લઈ લીધેલ અને તેના માત્ર પગ બહાર દેખાતા હતા અને તેને બાપુ શાંતી વાટીકા લઈ ગયેલ. તે પણ મે નજરે જોયેલ.''

(૭૮.૫) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' બાપુ જયારે ચાલુ શીબીરમાં હોય કે સાંજના સમયે મહિલા આશ્રમમાં ચકર મારવા આવેલ હોય ત્યારે બાપુની સાથે ઢેલ અને બગલો સાથે રહેતા તેમની સામે અલગ અલગ ઈશારાઓથી અને આખોના ઈશારાથી તેમજ ટોર્ચના ઈશારાથી છોકરીની પસંદગી કરી બાપુ પોતાની પાસે મોકલવા જણાવતા અને જો ઢેલ અને બગલોની ગેરહાજરી માં જો બાપુને છોકરી પસંદ પડેલ હોય તો ટેલીફોન દવારા આ ઢેલ અને બગલો ધ્રુવ કે ભારતી તથા નીતાવૈઘને એ છોકરીને શાંતીવાટીકા માં પોતાની પાસે બોલાવતા બાપુનો સ્વભાવ ગુસ્સાવાળો છે. અને ભારતીબેન તથા લક્ષ્મીમૈયાને જાહેરમાં ગાળો બોલતા મારતા કોઈના થી માર ખવડાવતા અને હાથમાં હોય તે છુટુ મારતા હતા તેવો ગુસાવાળો સ્વભાવ હતો. આશ્રમમાં જે અપરણીત છોકરીઓ/સ્ત્રીઓ ને બાપુ મલંગ કહેતા અને આશ્રમમાં આવી ભા,હરી,સંગી, ઢેલ, બગલો જેવી અસંખ્ય મલંગ બહેનો રહેતી હતી. આશ્રમમાં સિન્ધી સાધ્વીઓને વધુ મહત્વ આપવામાં આવતું હતુ.''

(૭૮.૬) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' આસારામની પુત્રી ભારતી સને-૧૯૯૭ માં પંચેડ રતલામ એમ.પી.માં શીબીર કરવા ગયેલા ત્યાં આ ભારતી અને નારાયણ સાંઈના લગ્ન થયેલ પછી કોઈ કારણસર આ ભારતી તથા તેના પતિના લગ્નનું જીવનનું ભંગાણ થયેલ અને જાનકી મૈયા જે નારાયણ સાંઈના પત્ની છે. તેમની સાથે મોટેરા આશ્રમમાં મૈયા સાથે રહેતી હતી.આ આશારામ બાપુની પુત્રી ભારતી કે જેને બાપુ ''પટ્ટો'' તરીકે બોલાવતા હતા અને આશ્રમનાં સર્વે માણસો તેઓને નાના ભગવાન તરીકે બોલાવતા હતા અને નારાયણ સાંઈને મોટા ભગવાન તરીકે ઓળખતા હતા. નારાયણ સાંઈને બાપુ મોણુખા નામથી બોલાવતા હતા અને તેવોએ પોતાના આશ્રમો ઉભા કરી શીબીર સત્સંગ કરતા હતા.''

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૭૮.૭) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' આજથી સાતેક દીવસ પહેલા મારા પતિએ મને જણાવેલ કે મુજફ્ફરનગર ખાતે આવેલ આશારામ આશ્રમમાં સંચાલક શ્રી લોકેશભાઈ તથા ટ્રસ્ટી વિનોદખેડા બંને જણા મારી ઓફીસે આવેલા અને તેઓએ હીન્દીમાં ટાઈપ કરેલ એક એફીડેવીડ તથા આશારામ વિરૂધ્ધમાં દાખલ થયેલ એફ.આઈ.આર.ની હીન્દી ભાષામાં ટાઈપ કરેલ નકલ બતાવી અને લોકેશભાઈએ જણાવેલ કે તેમાં આરોપી તરીકે આપનું નામ છે. અને તમારે ચીંતા કરવાની જરૂર નથી અને આ કેસમાં તમારા આગોતરા જામીનની વ્યવસ્થા તથા વકીલની વ્યવસ્થા પણ કરેલ છે. તમો આશ્રમ આવી જજો અમો તેનો નીકાલ કરી દઈશુ જેથી મેં તેઓને આ બાબતે અમારા વકીલ સાથે ચર્ચા કરી પછીથી જણાવીશું તેવી હકીકત કહેલ અને બીજા દીવસે પણ લોકેશભાઈ મારા પતિની ઓફીસમાં ગયેલા અને એફીડેવીડ કરવા રૂપિયા દસ લાખ પહોંચાડી દઈશુ તેમ કહેલુ પંરતુ મારા પતિએ વકીલની સલાહ લઈને જણાવીશ તેવુ તેઓને જણાવેલ જેથી તેઓ જતા રહેલા આ વાત આ વાત પણ મારા પતિએ મને બીજા દીવસે કરેલી.''

(૭૮.૮) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે,'' સને-૨૦૦૧માં શરૂઆતના મહીનામા ભુકંપ આવેલ તે અરસામાં મને આશ્રમમાંથી દશ છોકરીઓને વકતા બનાવવાનું નકકી થયેલ અને ઢેલ ઉર્ફે નિર્મલા, બગલો ઉર્ફે મીરા આ બની મહીલા સાધકો અમને દસેય છોકરીઓને જેમાં હું તથા ભોગબનનાર તથા સોનલ કે જે બારડોલીની હતી તથા ભાવીની પટેલ કે જે સુરતની હતી સીતા સીંધી તથા રેખા સીંધી જે બંને ઉલ્લાસનગરની હતી તથા કિન્નરી, કિષ્ના પંચેડ રતલામ, એમ.પી.ની.હતી તથા ત્રુપ્તી વલસાડ બાજુની હતી , જેઓને મોટેરા આશ્રમથી થોડે દુર શાંતી વાટીકા લઈ ગયેલ અને આશારામ બાપુએ દશેય છોકરીઓને જોઈ અમે દશેયને રોદ ઉપર ઉભા

રાખેલ અને બાપુએ રૂમની બારીમાંથી જોયેલ અને મને તથા ભોગબનનાર છોકરીને વકતા બનાવવા માટે પસંદ કરેલ ત્યારબાદ અમને બન્નેને આશારામે તેમની કુટીયામાં બોલાવી વાતચીત કરીને કહેલ કે, તમારા નસીબમાં હજુ સંસાર લખેલ છે. જે મારે પહેલા મીટાવવો પડશે અને તે માટેની વિધિ કરવી પડશે હું પછી એ માટે હું તમને બોલાવીશ અને પછી કહેલ કે સત્સંગ કરવાનું શીખવા માંડો અને તમે લોકો ઠકકરનગર કુબેરનગર ખાતે આશ્રમની સાધીકાઓ સાથે જઈ સત્સંગ શીખવાનુ શરુ કરો ત્યારબાદ અમે પાછા મોટેરા મહીલા આશ્રમમાં પરત આવેલા.''

(૭૮.૯) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' ત્યારબાદ મારી માતાની તબીયત બગડતાં તેમજ આશ્રમમાં ચાલતી આ ગેરકાયદેસર પ્રવૃતિઓ છોકરીઓની શંકાસ્પદ પ્રવૃતિઓ તેમજ મારી નાની બેન પુજા જેતે વખતે ધોરણ-૧૨ માં ભણતી હતી તેમની ઉપર પણ આશારામ બાપુએ નજર બગાડેલ હોય, જેથી બાપુએ વારંવાર મને પુજાને વકતા બનાવવા દબાણ કરતા હતા જેથી પુજાને મેં તેમની નજરમાં આવવા દીધેલ નહી અને અમને પોતાને સત્સંગમાંથી મન ઉઠી ગયેલ અને મારે ઘર સંસાર વસાવવો હોય મેં અને મારા મમ્મીએ આશ્રમમાંથી જવાનુ નકકી કરી લીધેલ, જેથી કોઈને ખબર ન પડે તે રીતે અમોએ અમારુ મહેગીબાનગરવાળુ મકાન સને ૨૦૦૭માં આશ્રમના સંચાલકોને ખબર ન પડે તે રીતે વેચી દીધેલ.''

(૭૮.૧૦) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે,'' ત્યારબાદ આસારામ બાપુની દશ દીવસની રજા લીધેલ અને તેઓને જણાવેલ કે મારા પિતાજીની વીલાસપુરની જમીન વેચાવવા બાબતેના કાગળોમાં સહીઓ કરવાની છે તેવું કહી હું તથા મારી નાની બહેન પુજા અને મારી મમ્મી જતા રહેલ. ''

(૭૯) મારી તપાસ દરમ્યાન સાહેદ **આશાબેન તુષારભાઈ દીક્ષીત**નું નીવેદન લીધેલુ અને તેઓએ મારી રૂબરૂના નીવેદનમાં લખાવેલ છે કે,'' આયુર્વેદીક ડોકટર તરીકે અમૃતભાઈ વૈદ્ય હતા અને મહીલા સાધકો અવારનવાર સ્ત્રી રોગોને લગતી દવા લેવા માટે આવતા હતા.'' એ વાત ખરી નથી કે,'' મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવુ લખાવેલ છે કે બાપુનો દિકરો નારાયણસાંઈ અમારા ઘરે આવેલ. અમોએ તેમને ન બોલાવેલ હોવા છતાં આવેલા. આ નારાયણે મને તથા મારા પતિને સ્પર્મ ડોનેશન ચાલુ કરવાનું કહેલ અને કહેલ કે સુરેશાનંદજીનું સ્પર્મ અને રેખાદીદીનું ઓ.એમ. લેવાનું જેનાથી દિવ્ય બાળક પેદા થાય એવું કહેતા મે કહેલ કે હું આવું કામ કરતો નથી. મારી પાસે સરકારીની મંજુરી નથી. એવું જણાવેલ. આ નારાયણસાંઈએ તેના બાપાના જોરે વડોદરા બિલ ગામમાં ઘણાં લોકોની જમીન પચાવી પાડેલ છે.''

(૭૯.૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, '' હું તથા મારા પતિ બાપુના દર્શન કરવા રાજસ્થાન જોધપુર ખાતે આવેલ આશ્રમે ગયેલ. બાપુ જમીન ઉપર બેઠેલ હતા અમોને બેસવાનું કહેતા અમો તેમની સામે બેસેલા તે વખતે બાપુએ મને સ્પર્મ ડોનેશન વિશે પુછેલું અને કહેલ કે એક સીમેનમાંથી કેટલા સેમ્પલ બની શકે. તેવું કહેતા મારા પતિએ કહેલ કે તેની અમોને ખબર નથી. તે પછી તેઓએ કોઈ પ્રશ્ન પુછેલ નહીં.'' એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે, '' બાપુ તેમના પ્રવચનમાં કહેતા કે લગ્ન કરવા નહી, બ્રહમચર્ય પાળો, ગુરુની સેવા કરો, ભગવવાનને ભજવા કરતા ગુરુને ભજો.''

(૭૯.૨) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, ''બાપુનો સ્વભાવ ગુસ્સાવાળો છે. તેઓ કોઈનાથી ભુલ થાયતો ઉઠબેસ કરાવતા, ગધ્ધો છે તેવું કહેતા. તેમના દિકરા નારાયણને ચોર છે તેવું કહેતા.'' હાલમાં મને યાદ નથી કે,

મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ છે કે કેમ,'' બાપુ અમારા માટે ભગવાન સમાન હતા. તેઓએ આવા દૃષ્કર્મો કરેલ છે જેથી ખુબજ આઘાત લાગેલ છે. '' એ વાત ખરી છે કે, આ વાત સાચી માની શકાતી નથી. જો આ સાચુ છે તો હું કેવી રીતે મુર્ખ બની તે અંગે તે અંગે વિચારુ છું. હવે હું કોઈ દિવસ બાપુના આશ્રમમાં જવા માંગતી નથી. બાપુએ મારા જેવા લાખો સાધકોનો વિશ્વાસનો ભંગ કરેલ છે. ''

(૮૦) મારી તપાસ દરમ્યાન મેં સાહેદ **જીજ્ઞાબેન ભરતકુમાર પરીખ**નું નીવદેન લીધેલુ તેઓએ તા.૧૮–૧૨–૧૩ ના મારી રૂબરૂ ના નીવેદનમાં લખાવેલ છે કે, 'મારા દાદીમા વિધવા હોઈ અને તેઓએ મને સલાહ આપેલ કે બેટા તારે લગ્ન ના કરવા હોય તો લગ્ન નહી કરે તે ચાલશે પણ ઘર ખરીદી લેજે તેવી સલાહ આપતા હતા.'

(૮૦.૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'મારા પપ્પાએ મને આશ્રમમાં જવાની ના પાડેલી તેઓ કહેતા હતા કે તારે મેરેજ ન કરવા હોય તો કાઈ નહી તુ ઘરે રહેજે આશ્રમમાં જતી નહી. હુ એકની એક છોકરી હોવાથી અલગ ન કરવા આશ્રમમાં જવાની ના પાડતા હતા. પરંતુ મારે મેરેજ નહી કરવાના કારણે હું આશ્રમમાં આવેલી.'

(૮૦.૨) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ મહિલા આશ્રમમાં બારડોલી સેવા સમિતિએ લીધેલ બારડોલી રૂમમાં રહેતી હતી. અને મારી સાથે ટીના રહેતી હતી અને તે વખતે અમારી રોજ સવારે સાડા પાંચ વાગે હાજરી પુરવામાં આવતી હતી અને હાજરી ન પુરાવો તો બપોરનુ જમવાનુ આપતા નહી.'

(૮૦.૩) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'અને સવાર સાંજ સેવા કરતા હતા તેનુ કોઈ વેતન આપવામાં આવતુ નહી.'

(૮૦.૪) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી

તે વખતે આયુર્વેદિક દવાખાનામાં ફાર્માસીસ્ટ તરીકે સેવા આપતી હતી. આ સેવા બે અઢી વર્ષ સુધી મે કરેલ છે. હુ આશ્રમમાં હતી તે વખતે ભોગબનનાર વકતા હતી અને ભાવીની પટેલ સુરતની જે મારી બાજુમાં રહેતી હતી તથા શીખા કલકતાની હતી અને દવાખાનામાં વંદનાબેન, નીતાબેન હતા અને હોમીયોપેથીક દવાખાનામાં કનકબેન હતા. હુ, શીખા અને ગોપી દવાખાનામાં સેવા આપતા હતા અને શીબીર વખતે તથા રવિવાર પુનમે અમૃત વૈદરાજ સુરતથી આવતા હતા. અને દર ગુરુપુર્ણિમાંએ આશારામ મોટેરા આશ્રમમાં આવતા હતા.'

(૮૦.૫) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'ભારતીબેન અમોને કહેતા કે આશારામ શાંતિવાટીકામાં બોલાવેલ છે તમારે જવુ છે ત્યારે પણ અમે જતા નહી.

(૮૦.૬) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે,' હું સને ૨૦૦૧માં કચ્છ-ભુજ ખાતે ભુકંપ આવેલ ત્યારે આશ્રમના સંચાલક અરવીંદભાઈ હતા અને તેઓએ હેલીકોપ્ટરની વ્યવસ્થા કરતા સામાન સાથે મદદ અને આશ્વાસન પ્રવચન સારૂ વકતા તરીકે ગયેલી. હેલીકોપ્ટરમાં હુ તથા જશોદા ભુજની, હીરલ સૌરાષ્ટની, ભાવીની, ભોગબનનાર, વર્ષા વિગેરે ગયેલા.

(૮૦.૭) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'મને વકતા બનાવેલ પણ મને સતસંગ પ્રવચન આપેલ નહી અને મારા માટે કોઈ સ્ટેજ કે વ્યવસ્થા કરવામાં આવતા નહી અને ત્યા અમો ઘરમાં રોકાયેલા અને ભુજવાળા લોકો ટેન્ટમાં રહેતા હતા અને મારી સાથે કોમલ,ભાવીની સેવામાં હતા. સાહેદ જણાવે છે કે, શીલ્પીબેન સેવામાં હતા તેવુ મે લખાવેલુ નથી.

(૮૦.૮) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, અને અમો રીટર્ન થયા ત્યારે ગાંધીધામ ગયેલા.ભોગબનનાર અને વર્ષાનુ ગૃપ અમોને કોઈ માહિતી કહેતા નહી કેમ કે આશારામ ગૃપના હતા અને આશારામ ગૃપની વકતા બહેનોની

વેલ્યુ વધુ હતી. હુ ભારતીના ગૃપમાં હતી.'

(૮૦.૯) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'તે વખતે પ્ર ાર્થના હોલામાં અમોને બેસાડી બે સેન્ટેન્સ વાંચવા કહેલ બે શબ્દો વાંચવાનુ કહી ભારતી તથા નીતાબેનના કહેવાથી સુરેશભાઈ વકતાએ કહેલ કે, આ બહેન બોલી શકશે તેમ કહી મને વકતા તરીકે કચ્છ-ભુજ મોકલેલ હતી.'

(૮૦.૧૦) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'મહિલા આશ્રમમાંથી આશારામ અમોને શાંતિવાટીકા ખાતે બોલાવેલ ત્યારે અમો બધી મહિલાઓ જતા હતા અને અમોને નારાયણવાટીકામાં લાલવાણીના બંગલા પાસે અનુષ્ઠાન માટે બેસાડતા હતા.'

(૮૦.૧૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ સને ૨૦૦૧માં વકતા તરીકે ચુર્ણહોલ, ઋષિપ્રસાદ, અનાજ વીણવા, તથા હોમીયોપેથીક દવાખાનામાં સેવા આપતી હતી અને સતસંગ માટે કોઈ વકતા ન હોય તો વકતાની જરૂર પડે તો અખીલભારતીય સેવા ધ્વારા આશારામ વકતા માટે ધ્રુવબેનને કહેતા અને ધ્રુવબેન ભારતી તથા લક્ષ્મીને કહેતા તેઓ કયા વકતાને કયાં મોકલવા તે નકકી કરતા હતા અને હુ વકતા તરીકે ડીસા, વલસાડ, બરોડા ખાતે તૃપ્તી વકતાની જગ્યાએ સતસંગ કરવા ગયેલ છુ.'

(૮૦.૧૨) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી ત્યારે મારી કોઈ વેલ્યુ ન હતી.'

(૮૦.૧૩) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ આશારામ સાથે કોઈ કોન્ટેકટમાં જ ન હતી અને મે શાંતિવાટીકા પણ જોયેલ નથી અને મારા પપ્પા મરણ ગયેલ તે વખતે હુ ગયેલી ત્યારે પણ આશારામને તરત ખબર પડી ગયેલ કે સોનલ વકતા આવતી નથી તે સમયે મને ખુબ દુ:ખ લાગેલ.' સાહેદ જણાવે છે કે, મે એવુ લખાવેલુ કે, 'મને ધ્રુવબેને સતસંગ કરવા વકતા

તરીકે આવવા કહેલુ પરંતુ મારા પિતાજીને મરણને બાર દિવસ પુરા થયા ન હતા અને હુ એકની એક સંતાન હતી તેથી મને દુ:ખ થયેલુ અને હુ ગયેલી નહી.'

(૮૦.૧૪) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ વકતા તરીકે સતસંગ કરવા જતી તે વખતે મારી સાથે ભાવીની તથા હીરલ બ્રાહમણ આવતા હતા.'

(૮૦.૧૫) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'અમો ભુજ ભુકંપ વખતે પંદરેક દિવસ રોકાયેલા તે વખતે કીકો સ્ટુડીયોવાળાને ત્યા ગયેલા તે વખતે કીકો સ્ટુડીયોવાળાની છોકરી દસેક વર્ષની હતી તે આશારામની છોકરી હતી તેવુ સાંભળેલ. અને પરત આવી અમો બહેનો અનાજ વીણતા હતા તે વખતે એક જુના બહેને કહેલ કે કીકો સ્ટુડીયોવાળાની છોકરી ભારતીની બહેન છે.'

(૮૦.૧૬) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'ઢેલ અને બગલો નામની સાધીકાઓ આશ્રમના સતસંગ સમયે આગળના ભાગે ઉભા રહેતા હતા અને તેઓ બહેનોને આશારામ સાથે મુલાકાત પણ કરાવતા હતા અને કોઈપણ બહેનોને આશારામને મળવુ હોય તો પહેલા ઢેલ અને બગલોને મળવુ પડતુ હતુ. ઢેલ અને બગલો તેઓના ઘરેથી આશ્રમમાં આવતા હતા.

(૮૦.૧૭) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, ભોગબનનાર તે વખતે સતસંગ કરતા હતા. તેઓ સુરતના હતા તે ઋષિપ્રસાદ, અનાજમાં સેવા આપતા હતા અને એક માસમાં બે ત્રણ સતસંગ કરતા હતા. તેઓ હિન્દી બોલતા હતા અને ગુજરાત બહાર પણ સતસંગમાં જતા હતા.

(૮૦.૧૮) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશ્રમના દવાખાનામાં રક્ષાબેન હતા. તેઓએ આ ભોગબનનાર સાથે બનેલ બનાવની વાત મને કરેલી અને આશારામ બહેનોના શરીરે હાથ ફેરવે છે તેવુ જણાવેલ.

(૮૦.૧૯) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આ રક્ષાબેન પણ કામ બાબતે મને ખુબ ટોર્ચર કરતા હતા તેઓ કહેતા હતા કે આ નથી કર્યુ પેલુ નથી કર્યુ હુ માતાજીને કહી દઈશ આશારામને કહી દઈશ તેમ ટોર્ચર કરતા હતા.'

(૮૦.૨૦) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'હુ આશ્રમમાં હતી તે વખતે સને ૨૦૦૧માં બપોરના સમયે બારડોલી રૂમમાં હુ, ઈન્દુ તથા ટીના હતા તે વખતે વકતા તરીકે પસંદગી કરવા ભારતીએ ધ્રુવબેનને કહેવડાવતા ધ્રુવબેન અમારા રૂમે આવેલા અને કહેલ કે વકતા પસંદગી કરવા દસ વકતાઓને આશારામે શાંતિવાટીકા ખાતે બોલાવેલ છે તૈયાર રહેજો ગાડી આવશે તો જઈશુ. જેથી અમોને ઢેલ તથા બગલો નામની સેવીકાઓ શાંતિવાટીકા લઈ ગયેલા.'

(૮૦.૨૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'અને આશારામે બારીમાંથી જોઈને ભોગબનનાર અને વર્ષાને વકતાની પસંદગી માટે બોલાવેલ અને તે શાંતિવાટીકામાં ગયેલા.'

(૮૦.૨૨) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'અને આશારામ છોકરીઓને બોલાવતા હતા અને છોકરીઓમાંથી કેટલી આશારામ પાસે રહી અને કેટલી પરત આવી તેની ખબર અમોને પડતી હતી. અને આશ્રમમાં ખરાબ કામ થતા હતા.'

(૮૦.૨૩) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'સને ૧૯૯૬-૯૭માં હુ વંદનાબેન તથા રક્ષાબેન સાથે દવાખાનામાં સેવા આપતી હતી તે વખતે રક્ષાબેને મને કહેલ કે આશારામ છોકરીઓના ગાલ પર હાથ ફેરવે છે તુ આશારામ પાસે જવાની કોશીશ કરતી નહી. '

(૮૦.૨૪) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં

મહિલાઓના એબૉશન થતા હતા તેની ચર્ચા થતી તેની મને ખબર છે. મહિલાઓને ધ્રુવબેન દવાખાને લઈ જતા હતા અને એબૉશન બાબતે કોમલ તથા કંચનબેનને પુછો તો માહિતી મળશે. ગીતા ભાવસાર દવાખાનામાં આવતા જતા હતા. જશીબેન ચોકીયાતને હુ ઓળખુ છુ તે સુરત બાજુના હતા.'

(૮૦.૨૫) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશારામ મહિલા આશ્રમમાં આવતા હતા ત્યારે જે મહિલાઓ આશારામની આગળ પાછળ દોડે અને સતસંગમાં જવા ઉત્સુકતા બતાવે તેનુ માન વધારે હોય તો લાગે કે આશારામની ખાસ મહિલાઓ છે.'

(૮૦.૨૬) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'ખાસ બહેનોમાં કોમલ, વર્ષા વકતા, ભોગબનનાર વકતા, તૃપ્તી વકતા વિગેરે હતા અને અમીષાબેન સુરતના હતા.'

(૮૦.૨૭) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશારામ મહિલા આશ્રમમાં ગાડીમાં મહિલાઓને દર્શન આપવા આવતા હતા અને ભાગ નામની છોકરીને ગાડીમાં ખેંચેલ તે મે સાંભળેલ છે.'

(૮૦.૨૮) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'અને ભારતીબેન છોકરીઓને ગાડીમાં આશારામ પાસે લઈ જતા હતા.'

(૮૦.૨૯) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશારામનો સ્વભાવ એકદમ ઉગ્ર હતો અને કોઈ પૈસાની ગરબડ કરે તો અખીલ ભારતીય બીલ્ડીંગ પાસે રીમાન્ડ હોમ હતો ત્યા સાધકોને માર મારતા હતા.'

(૮૦.૩૦) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશારામ આશ્રમમાં જે વિરોધ કરે તેને તથા કોઈ વાત જાણી જાય તેને બદનામ કરી કાઢી

મુકતા હતા તેની મને ખબર છે.'

(૮૦.૩૧) વધુમાં સાહેદે તપાસ દરમ્યાન મારી રૂબરૂ એવુ લખાવેલ છે કે, 'આશ્રમમાં હુ હતી તે વખતે સ્ટેટ બેન્કમાં મારૂ ખાતુ ખોલાવેલ અને બ્લેન્ક ચેક બુક ઉપર ધ્રુવબેન મારી સહી કરાવતા હતા મને એકાઉન્ટ નંબરની ખબર નથી.'

**(૮૫.૧)** ઉપરોકત હકીકત અંગે સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, (૮૧) એ વાત ખરી છે કે, સને–૨૦૧૫ માં હું મહીલા પો. સ્ટે. પી.આઈ. તરીકે અને ડાં. કાનન દેસાઈ એ.સી.પી.તરીકે ફરજ બજાવતા હતા.

પ્રશ્નઃ– એડવોકેટ આર. આર. શુકલાનાઓએ સને–૨૦૧૫ માં તમારી વિરૂધ્ધ તેમજ એસીપી ડાં કાનન દેસાઈ વિરૂધ્ધ કમિશ્નર ઓફ પોલીસને એક લેખીત ફરીયાદ મોકલેલી અને કમિશ્નર ઓફ પોલીસે તે ફરીયાદ ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી.ને તપાસ અર્થે મોકલી આપેલ હતી ?

જવાબ– એ વાત ખરી છે.

(૮૨) એ વાત ખરી છે કે, ક્રાઈમ બ્રાન્ચના ડી. સી. પી. એ મારૂં નીવેદન લીધેલું હતું. એ વાત ખરી નથી કે, એ ફરીયાદમાં એવો આક્ષેપ કરવામાં આવેલો કે IMMORAL TRAFFIC ACT ના અસંખ્યા ગુનાઓમાં તમો બંને અધિકારીઓએ બે પટીકયુલર પંચોનો જ દરેક કેસમાં ઉપયોગ કરેલો.(૮૩)હાલમાં મને યાદ નથી કે, સદર ફરીયાદમાં મારા વિરૂધ્ધ શું એલીગેશન હતા. એ વાત ખરી છે કે, IMMORAL TRAFFIC ACT ના ગુનાઓ સંબંધે મારી અને ડાં.કાનન દેસાઈ વિરૂધ્ધ ફરીયાદો થયેલી. (૮૪) મને સી. આર. પી. સી. કલમ– ૧૭૨ નો ખ્યાલ છે. એ વાત ખરી છે કે, મેં ચાર્જશીટ સાથે

સીલબંધ કવરમાં કેસ ડાયરી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ચાર્જશીટ સાથે કેસ ડાયરી રજુ નહીં કરવાનું કોઈ કારણ આપેલ નહી. એ વાત ખરી છે કે, આજદીન સુધી નામદાર કોર્ટમાં સીલબંધ હાલતમાં કેસ ડાયરી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી તપાસ ના કામે જે જે અધિકારીઓને કામગીરી સોંપેલ, તેઓએ પણ કેસ ડાયરી મેનટેન કરેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છેક ે તેઓએ કરેલ કામગીરીના રીપોર્ટ તેઓએ અમોને આપતા તેનો ઉલ્લેખ અમે મારી કેસ ડાયરીમાં કરેલ છે. એ વાત ખરી છે કે, સી. આર. પી. સી. કલમ–૧૭૨ માં રીપોર્ટ શબ્દનો ઉલ્લેખ નથી. એ વાત ખરી નથી કે, મે કરેલ કામગીરીનો કોઈ ઉલ્લેખ કેસ ડાયરીમાં કરેલ ન હોવાથી કેસ ડાયરી સીલ બંધ કવરમાં નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી.(૮૫) એ વાત ખરી છે કે, ફરીયાદીની શરીર સ્થિતીનાં પંચનામાં દરમ્યાન કોઈ ગુનાહીત ચિન્હો શરીર ઉપરથી મળી આવેલા નહી. એ વાત ખરી છેકે, ફરીયાદીના શરીર સ્થિતીના પંચનામામાં એવો ઉલ્લેખ કરેલ છે કે, '' ફરીયાદી/ ભોગ બનનારના શરીરે બીજા કોઈ નોંધ લાયક નીશાન જણાતા નથી. જેઓની સાથે વાતચીત કરતા શારીરીક તેમજ માનસીક સ્વસ્થ જણાય છે. આ કામે શરીર સ્થિતીનું પંચનામું કરતા દરમ્યાન કોઈપણ ચીજવસ્તુ તપાસ અર્થે કબજે લીધેલ નથી.(૮૬) એ વાત ખરી છે કે, ફરીયાદીના શરીર સ્થિતીના પંચનામા આંક–૧૩૬ માં આ ગુનાનો કહેવાતો બનાવ સને–૨૦૦૧ માં ગુરુપુર્ણીમાના દીવસનો જણાવેલ છે. (૮૭) એ વાત ખરી છે કે, આંક– ૧૫૮ વાળું પંચનામું મહીલા આશ્રમ તથા લક્ષ્મીબેનના રૂમનું પંચનામું છે. એ વાત ખરી છે કે, આંક–૧૫૮ વાળા પંચનામા દરમ્યાન કોઈ ગુનાહીત ચીજવસ્તુઓ મળી આવેલ નહી.

પ્રશ્નઃ– આંક–૧૫૮ વાળા પંચનામા દરમ્યાન જે પણ પુસ્તકો, કેસેટો અને કાગળો કબજે કરેલા તે ધાર્મિક અને આધ્યાત્મીક વસ્તુઓ હતી ?

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

જવાબ:- એ વાત ખરી છે, પણ અન્ય સાહીત્ય પણ કબજે લીધેલ હતું.

(૮૮) એ વાત ખરી છેકે, આંક-૧૫૮ વાળા પંચનામા દરમ્યાન 'મહાન નારી' પુસ્તક પણ કબજે કરેલુ અને તે પુસ્તક માં એક સ્ત્રીના આદર્શ જીવન માટે પ્રેરણા આપતા દ્રષ્ટાંતો હતા. એ વાત ખરી છેકે, આંક-૧૫૮ વાળા પંચનામા દરમ્યાન કોઈ પણ અશ્લીલ વસ્તુ મળી આવેલ નહી. (૮૯) એ વાત ખરી છે કે, આંક-૧૬૧ વાળું પંચનામું એ એક નારાયણ વાટીકાનું પંચનામુ છે. એ વાત ખરી છે કે, આંક-૧૬૧ વાળા એટલે કે નારાયણ વાટીકાના પંચનામા દરમ્યાન કોઈપણ ગુનાહીત ચીજવસ્તુઓ મળી આવેલી નહી. એ વાત ખરી છે કે, ફરીયાદી તેમજ કોઈપણ છોકરીએ નારાયણ વાટીકા લગત કોઈપણ આક્ષેપો કરેલા નથી.(૯૦) એ વાત ખરી છે કે, આંક-૧૬૩ એ આરોપી મીરાબેન નાઓના કુદરતી લખાણ અંગેનું પંચનામુ છે. એ વાત ખરી નથી કે, આ કુદરતી લખાણને આ ગુના સંબંધે કોઈ લેવા દેવા નથી. એ વાત ખરી છે કે, આંક-૧૬૩ ના પંચનામામાં આ ગુના સંબંધેનું લખાણમાં કોઈ ઉલ્લેખ નથી. (૯૧)એ વાત ખરી છેકે, ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમજ વીડીયોગ્રાફીથી કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તફાવત આંક-૧૮૧ ની અરજીમાં દર્શાવેલ છે. તે તફાવત છે.(૯૨) એ વાત ખરી છેકે, ફરીયાદપક્ષના કેસ મુજબ શાંતી વાટીકામાં બે જ રૂમ છે. એ વાત ખરી છેકે, ગુનાવાળી જગ્યાના પંચનામામાં ત્રણ રૂમ બતાવેલ છે .

પ્રશ્ન:- ગુનાવાળી જગ્યાના પંચનામા આંક-૧૮૦માં નવો રૂમ બનેલ હોય તેવા કોઈ ચીન્હો મળેલ નથી ?

જવાબ:- ગુન્હાવાળી જગ્યાએ આંતરીક બાંધકામના ફેરફાર થયેલ હોવાની પૃષ્ટી થયેલ છે.

(૯૩) એ વાત ખરી છે કે, ચાર્જશીટમાં મારા જવાબને સમર્થન આપતું

એકપણ દસ્તાવેજ નથી. એ વાત ખરી છે કે, ઉપરોકત પ્રશ્ન ના જવાબમાં જણાવેલ હકીકતનો કોઈ ઉલ્લેખ ગુનાવાળી જગ્યાના પંચનામામાં નથી. એ વાત ખરી છે કે, આ હકીકત નામદાર કોર્ટ સમક્ષ પ્રથમ વખત જણાવ છું.(૯૪)એ વાત ખરી છે કે, આંક–૧૮૦ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા મચ્છર વાળો દરવાજો મળી આવેલ નહી. તેમજ ફરીયાદીએ પણ મચ્છર વાળો દરવાજો કયા હતો તે પણ બતાવેલ નહી. (૯૫)એ વાત ખરી છે કે, ફરીયાદીના તમામ મેડીકલ પુરાવામાં તેની ઉપર બળાત્કાર થયો હોય, તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન મે ફરીયાદીના કપડા પણ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતી ફરીયાદ ૧૨ વર્ષ પછી દાખલ કરવામાં આવેલી. એ વાત ખરી છે કે, મે આ કહેવાતો ગુનો થયા બાદ ફરીયાદીએ કોઈપણ પોલીસ સ્ટેશન કે કોર્ટ કે મહીલા આયોગમાં ફરીયાદ કરેલી નથી. (૯૬)એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાએ બળાત્કારના કોઈ ચીન્હો પણ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, તમામ પંચનામા દરમ્યાન કોઈપણ ગુનાહીત ચીજવસ્તુઓ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, આરોપી નં.૧ ના તમામ મેડીકલ રીપોર્ટમાં ફરીયાદપક્ષને સમર્થન મળતું હોય, તેવો કોઈ જ પુરાવો મળી આવેલ નહી.(૯૭)એ વાત ખરી છે કે, રાજુ કીશનલાલ ચાંડક ના બે નિવેદનો લેવામાં આવેલા જે તા.૧૦/૧૧/૨૦૧૩ અને તા. ૨૭/૧૨/૨૦૧૩ ના રોજના છે અને આ બંને નિવેદનો વિડીયોગ્રાફીથી લેવામાં આવેલા.

પ્રશ્નઃ– રાજુ ચાંડકના તા.૨૭/૧૨/૨૦૧૩ ના નિવેદનમાં એવુ લખાવેલ છે કે, ''આજરોજ આપ સાહેબે સ્ટીંગ ઓપરેશન વિશે પુછતા લખાવુ છુ કે, જે સ્ટીગ ઓપરેશન મારા ઉપર થયેલ, જે સ્ટીંગ ઓપરેશન સીડી ડબ કર્યા વગરની ઓરીજનલ સીડી બહાર આવે તે અગત્યની છે. મે મારૂ નીવેદન આપેલ છે. અને જે તે વખતે છોકરીએ જે નીવેદન આપેલ છે અને તે ખરેખર સ્ટીંગ ઓપરેશન

હતું કે તે છોકરી ઉપર બળાત્કાર થયેલ તેની હકીકત હતી. હું કોઈ એડવોકેટને મળેલ નથી. આ જે સ્ટીંગ ઓપરેશન કરેલાની સીડી ડબ કરેલ છે. જેની ઓરીજનલ સીડી કટ કર્યા વગરની મંગાવવામાં આવે તો, સાચી વાત સામે આવે તેમ છે અને આ ઓરીજનલ સીડી ડબ કર્યા વગરની આવે જે એફ.એસ.એલ. માં મોકલી તપાસ કરવામાં આવે તેવુ મારું માનવું છે. '' ?

જવાબ:- આવુ લખાવેલ છે તે વાત સાચી છે.

(૯૮) એ વાત ખરી નથી કે, તા.૨૭/૧૨/૨૦૧૩ ના નીવેદન પહેલા સાહેદ રાજુભાઈ ચાંડક ના સ્ટીંગ ઓપરેશનની મને ખબર પડેલી.

પ્રશ્ન:- રાજુ ચાંડકના સ્ટીંગ ઓપરેશન દરમ્યાન રાજુ ચાંડક આશારામ વિરૂધ્ધ બળાત્કારની ખોટી ફરીયાદ કરવા માટે છોકરીઓ લાવી આપવાની વાત કરતો હતો અને આ સ્ટીંગ ઓપરેશન સને-૨૦૦૯ ની વખતનું છે ?

જવાબ:- મને ખબર નથી.

(૯૯) મે આ સ્ટીંગ ઓપરેશનની વાત મારા દયાન ઉપર આવતા મે તે લગત કોઈ કાર્યવાહી કરેલી નહી. રાજુ ચાંડકે તા.૨૭/૧૨/૨૦૧૩ ના નીવેદન લખાવતી વખતે આગળથી જણાવેલુ કે મારી ઉપર સ્ટીંગ ઓપરેશન થયેલ છે. એ મને ખબર નથી કે, તે સ્ટીંગ ઓપરેશન દીલ્હી ખાતે થયેલુ. એવુ મારી રૂબરૂ કહેલુ નહી કે, આશારામ બાપુ વિરૂધ્ધ ખોટા બળાત્કારના કેસો કરાવવા બાબતનું સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલું.(૧૦૦)એ વાત ખરી છે કે, તા. ૧૦/૧૧/૨૦૧૩ ના નિવેદન વખતે સમગ્ર વિડીયોગ્રાફીમાં હું દેખાતી નથી. તેમજ જે પણ સવાલો રાજુ ચાંડકને કરવામાં આવેલ તે પુરુષ અધિકારી દવારા કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે સમયે હું હાજર હતી. એ વાત ખરી છે કે, વિડીયોગ્રાફીમાં હું હાજર હોવ તેવુ દેખાતુ નથી. એ વાત ખરી છે કે,

વિડીયોગ્રાફી દરમ્યાન રાજુ ચાંડક ફરીયાદીને ફેસ ટુ ફેસ ઓળખતો નથી તેવો જવાબ આપે છે. એ વાત ખરી છે કે, રાજુ ચાંડકના નીવેદનમાં ફરીયાદીને ફેસ ટુ ફેસ ઓળખતો નથી તેવુ નીવેદનમાં લખેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસ રૂબરૂ ના નીવેદનમાં સાક્ષીની સહી લેવા માં આવતી નથી. એ વાત ખરી છે કે, રાજુ ચાંડક ફરીયાદીને ઓળખે છે તેવી હકીકત મારા રૂબરૂ ના નીવેદનમાં લખેલ છે. પરંતુ વિડીયોગ્રાફીના નીવેદનમાં નથી. એ વાત ખરી છે કે, રાજુ ચાંડકના નીવેદન વખતે વિડીયોગ્રાફી ચાલુ હતી. (૧૦૧)એ વાત ખરી છે કે, રાજુ ચાંડકના નીવેદનમા એવુ ખુલેલુ કે મહીલા આશ્રમના સંચાલીકા પદમાબેન છે. મે મારી તપાસના કામે પદમાબેનનું કોઈ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છેકે, પદમાબેનનું નીવેદન લેવા માટે મે કોઈ પ્રયત્ન કરેલ નહી. એ વાત ખરી છેકે, રાજુ ચાંડકના કહેવાતા નીવેદનમાં નીવઈ, રાજસ્થાન ખાતે આશ્રમ આવેલ હતો તે બાબતે મેં કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છેકે નીવઈ, રાજસ્થાનની કહેવાતી ઘટના અંગે રાજુ ચાંડકે જે કહેવાતા નીવેદનમાં જણાવેલ છે તે સંબંધે રસોયો પ્રગ્નેશ ઉર્ફે લાલાએ તેના નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છેકે, રાજુ ચાંડકના નીવેદનમાં પ્રગ્નેશ ઉર્ફે લાલાનો રસોયાનો જે ઉલ્લેખ આવે છે તે માટે મે પ્રગ્નેશ ઉર્ફે લાલાનું વધારાનું કોઈ વિશેષ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છેકે, રાજુ ચાંડકના નીવેદનમાં નીવઈ, જયપુર રાજસ્થાન આશ્રમમાં પ્રગ્નેશ ઉર્ફે લાલા લગત જે જણાવેલ છે તે માટે મેં પ્રગ્નેશ ઉર્ફે લાલાનું કોઈ વિશેષ નીવેદન લેવા માટે કોઈ પ્રયત્ન પણ કરેલ નહી. એ વાત ખરી છે કે, રાજુ ચાંડકે તા.૧૦/૧૧/૨૦૧૩ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે, આશારામ બાપુનો રસોયો લાલો મને જોઈ મારા મોઢા ઉપરથી હાવભાવ બદલાઈ ગયેલ હોય, જેથી તે આશ્ચર્ય ચકીત થઈ ગયેલ પણ મારે રસોયા લાલા સાથે કોઈ ચર્ચા થયેલ નહી. (૧૦૨) એ વાત ખરી છેકે, નીવઈ, જયપુર આશ્રમ ખાતેના

આશારામ બાપુ વિરૂધ્ધ રાજુ ચાંડકે તેના નિવેદનમાં જે આક્ષેપો કરેલ છે. તે લગત તેના વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટમાં તેણે જણાવેલ છે કે, તે કહેવાતી સ્ત્રીને ઓળખતો નથી. એ વાત ખરી છે કે, એ સ્ત્રીને ઓળખતો નથી. જે વસ્તુ વિડીયોગ્રાફીમાં જણાવી તે મે મારા રૂબરૂના રાજુ ચાંડકના નીવેદનમાં જણાવેલ નથી.(૧૦૩)એ વાત ખરી છે કે, આશારામ બાપુ સને-૨૦૦૨ માં નીવઈ, જયપુર, રાજસ્થાન ખાતે રોકાયેલા હોય તેવો કોઈ પુરાવો મળી આવેલો નહી. એ વાત ખરી છે કે, બ્રેનવોસ લગત રાજુ ચાંડકે કોઈ છોકરીઓના નામ આપેલ નહી. તેમજ મેં તેવી કોઈ છોકરીઓની તપાસ કરી, તેવી છોકરીઓના નીવેદન પણ લીધેલ નથી. (૧૦૪)એ વાત ખરી છે કે, સાહેદ રાજુ ચાંડકે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે, ''તે સ્ત્રીને હું ઓળખુ પરંતુ તેનુ નામ હું આપી શકુ નહી.(૧૦૫)એ વાત ખરી છેકે, સાહેદ રાજુ ચાંડકે મારા રૂબરૂ ના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે, '' ઔરંગાબાદની પોલીસ મને અહીથી લઈ ગયેલ અને ત્યા મને નામ.કોર્ટમાં રજુ કરતા જામીન પર છુટેલો તે વખતે પણ મારા ઉપર ત્રીસ થી ચાલીસ જણાએ હુમલો કરેલ જે કેસ મુખ્ય આરોપી ન મળતા ફાઈલ કરી દેવામાં આવેલ.(૧૦૬)એ વાત ખરી છે કે, રાજુ ચાંડકના નીવેદનમાં મારી તપાસ દરમ્યાન એવું ખુલેલુ કે આરોપી નં.ર (ભારતી બેન)ના લગ્ન સને-૧૯ ૮૭ માં થયેલા અને લગ્ન બાદ ત્રણ વર્ષ સુધી પાસપોર્ટ ઓફીસની સામે આવેલ ફલેટ માં સાસરીમાં રહેલા અને ત્યારબાદ રત્નદીપ બંગ્લોઝ ખાતે રહેવા માટે ગયેલા. (૧૦૭) એ વાત ખરી છે કે, રાજુ ચાંડક ઉપર થયેલ એફ.આઈ.આરો માટે મે જે તે પોલીસ સ્ટેશનથી વિગતો મેળવવાનો કોઈ પ્રયત્ન કરેલો નહી.

પ્રશ્નઃ- રાજુ ચાંડકના બંને નિવેદનોમાં એણે જે આક્ષેપો કરેલા તે લગત તમે કોઈ તપાસ કરેલ નહી ?

જવાબ:– અમુક તપાસ કરેલી છે.

(૧૦૮) એ વાત ખરી છે કે, રાજુ ચાંડકે કરેલા આક્ષેપો લગત કોઈ પુરાવો મારી તપાસમાં મળી આવેલો નહી. એ વાત ખરી નથી કે, રાજુ ચાંડકે કાલ્પનીક વાતો રચી આરોપીઓ વિરૂધ્ધ પોલીસના મેળાપણામાં નીવેદન લખાવેલ.(૧ ૦૯) એ વાત ખરી છે કે, રાજુ ચાંડકનો મોબાઈલ નં. ૯૨૨૭૨૬૧૨૫૬ નો છે. એ વાત ખરી છેકે, અમરત પ્રજાપતિનો મોબાઈલ નં. ૯૩૨૭૭૧૧૨૩૫ તેમજ બીજો મોબાઈલ નં. ૯૨૨૭૧૪૧૨૩૫ નો છે. એ વાત ખરી છે કે, રાહુલ સચાંદનો મોબાઈલ નં. ૭૨૭૫૪૨૭૨૬૮ તથા અન્ય બીજો મોબાઈલ નં.– ૯૯૩૬૩૩૯૧ ૫૮ નો છે. એ વાત ખરી છેકે, શેખર કશ્મીરીલાલ ગિરધારી નો મોબાઈલ નં.૯૯૫૩૬૯૭૯૩૦ નો છે. (૧૧૦)એ વાત ખરી છે કે, શાહેદ શેખર કશ્મીરીલાલ ગીરધારીનું નીવેદન વિડીયોગ્રાફી દવારા લેવામાં આવેલું.

પ્રશ્ન:– શેખરે વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટમાં જણાવેલ છેકે જો બાપુને સજા થતી હોય તો તમે તમારી રીતે લખી લો, હું કોર્ટમાં એ જ બોલીશ ?

જવાબ:– આનો જવાબ હું શેખરનો વિડીયો જોયા પછી આપી શકુ એમ છું.

(૧૧૧) ફરીયાદીએ તેની ફરીયાદમાં કહેવાતો ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ ની ગુરુપુર્ણીમાના સમયે પ્રોગ્રામ પછી'' એવુ જણાવેલ છે. સી.આર.પી.સી કલમ–૧૫૭ ના રીપોર્ટ મુજબ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ નાં ગુરુપુર્ણીમાના દિવસે'' બનેલો છે તેવુ દર્શાવેલ છે. એ વાત ખરી છેકે, તા.૦૮/૧૦/૨૦૧૩ ના મારા રૂબરૂના વધારાના નિવેદનમાં ફરીયાદીએ ''૨૦૦૧ ના જન્માષ્ટમીના દીવસનો બનાવ (આક્ષેપીત બળાત્કાર)'' જણાવેલ છે. (૧૧૨) એ વાત ખરી છે કે, તા.૦૮/૧૦/૨૦૧૩ ના સવાલ–જવાબ વાળા મારા રૂબરૂ ના વધારાના નિવેદનમાં ફરીયાદીએ ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં '' બનેલ તેવું

જણાવેલ છે. એ વાત ખરી છે કે મારા રૂબરૂ ના તા.૦૯/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાનો પ્રોગ્રામ પુરો થયા પછી એક દીવસે જે ચોકકસ દિવસ મને યાદ નથી.'(૧૧૩) એ વાત ખરી છેકે મારા રૂબરૂ ના તા.૧૭/૧૦/૨૦૧૩ ના વધારાના નિવેદનમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે,'' બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની ગુરુપુર્ણિમાના અમદાવાદ ખાતેના કાર્યક્રમો પુરો થયા પછીના દીવસે.(૧૧ ૪)એ વાત ખરી છેકે તા.૦૧/૦૧/૨૦૧૪ ના વધારાના નિવેદન (સવાલ–જવાબના રૂપ)માં ફરીયાદીએ એવુ જણાવેલ છે કે,''બનાવ (આક્ષેપીત બળાત્કાર) સને–૨૦૦૧ ની સાલમાં ગુરુપુર્ણિમાંના દીવસો પછી જેના તારીખ કે વાર મને યાદ નથી.(૧૧૫)એ વાત ખરી છેકે મારા રૂબરૂના તા.૦૩/૦૧/૨૦૧૪ ના વધારાના નિવેદન (સવાલ–જવાબના રૂપ)માં ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, ''બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં ગુરુપુર્ણિમાં પછી.(૧૧૬)આંક–૨૮૩ ના સી. આર. પી. સી. કલમ–૧૬૪ ના નીવેદનમાં ફરીયાદીએ બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ માં બપોરે બે વાગ્યાના સમયે એટલું જણાવેલ છે.(૧૧૭)એ વાત ખરી છે કે, ફરીયાદીની ફરીયાદ તથા તેના તમામ નિવેદનો અને સી. આર. પી. સી. ની કલમ–૧૬૪ ના નિવેદનો માં બનાવ સંબંધે વિસંગતતા હોય તે માટે ફરીયાદીને આ તમામ નીવેદનો વાંચી સંભળાવી તેનો કોઈ ખુલાસો મેળવેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા.૩/૧/૨૦૧૪ ના અમારા રૂબરૂના ફરીયાદીના વધારાના નીવેદનમાં બનાવ બાબતે જણાવેલ છે કે સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાં પછી બનાવ (આક્ષેપીત બળાત્કાર) બનેલ છે.(૧૧૮)એ વાત ખરી છે કે, તા. ૮/૧૦/૨૦૧૩ નું ફરીયાદીનું મે વધારાનું

નીવેદન લીધુ તે પહેલા મેં ફરીયાદીને તેની ફરીયાદ વાંચી સંભળાવી હતી. એ વાત ખરી છે કે, મે ફરીયાદીને ફરીયાદ વાંચી સંભળાવી તેમ છતાં ફરીયાદીએ '' તા.૮/૧૦/૨૦૧૩ ના મારા રૂબરૂ ના નીવેદનમાં ફરીયાદીએ બનાવ (આક્ષેપીત બળાત્કાર) ૨૦૦૧ ના જન્માષ્ટમીના દીવસે '' તેવુ જણાવેલ છે. (૧૧૯)ફરીયાદપક્ષના કેસ પ્રમાણે વકતા બનાવવાની પંસદગી માટે ૨૦૦૧ ગુરુપુર્ણિમાના અરસામાં આરોપી નં.૧ એ બનાવ( આક્ષેપીત બળાત્કાર) નું કૃત્ય કરેલ તેવો કેસ છે.(૧૨૦) એ વાત ખરી છે કે, આંક–૨૮૩ વાળા સી.આર.પી.સી કલમ–૧૬૪ ના નીવેદનમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે ૨૦૦૨ ની સાલમાં ૧૦ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ ગયેલ જેમાં ફરીયાદી પણ હતા.(૧૨૧)એ વાત ખરી છે કે, આંક–૨૮૩ વાળા સી. આર. પી. સી. કલમ–૧૬૪ ના નીવેદનમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે,''૨૦૦૧ માં કચ્છમાં આવેલ ભુકંપમાં મને અને વર્ષાને ચાટર પ્લેનમાં સામાનની સાથે ત્યાં પ્રવચન અને લોકોને સાત્વના આપવા માટે મોકલાવેલા.'' કચ્છમાં ભુકંપ તા.૨૬/૦૧/૨૦૦૧ ના રોજ આવેલો.(૧૨૨)એ વાત ખરી છેકે, ફરીયાદી, સાહેદ વર્ષા તથા અન્ય છોકરોઓને વકતા બનાવવાની પંસદગી માટે લઈ ગયેલા તથા કહેવાતો બળાત્કારનો બનાવ કેટલા અંતરમાં બનેલ તે ફરીયાદીએ જણાવેલ નથી. એ વાત ખરી છેકે, મેં પણ આ લગત કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છેકે, ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અરસામાં વકતાની પસંદગી માટે ફરીયાદી સાથે અન્ય ૯ છોકરીઓને લઈ ગયા હોય તેવુ ફરીયાદીએ જણાવેલ નથી.(૧૨૩) એ વાત ખરી છે કે, ફરીયાદી પ્ર માણે બે છોકરીઓને વકતા તરીકે પસંદ કરેલા જેમાં ફરીયાદી અને સાહેદ વર્ષા, જયારે સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના ફરીયાદીના નિવેદન પ્રમાણે ૪ છોકરીઓને વકતા તરીકે પસંદ કરેલા તેવુ જણાવેલ તે લગત મે ફરીયાદીનો કોઈ

ખુલાસો મેળવેલ નહી. (૧૨૪)એ વાત ખરી છે કે, ચાર છોકરીઓને પસંદ કરેલા તેવો કોઈ પુરાવો મળેલો નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ સી.આર.પી.સી.ની કલમ–૧૬૪ ના તેના નીવેદનમાં ૪ છોકરીઓની પસંદગી કરવામાં આવેલી તેમ જણાવેલ છે. તેમાં નીલા અને આશા નામની બે છોકરીઓને પણ પસંદ કરેલ હતી.(૧૨૫) એ વાત ખરી છે કે, ગુરુપુર્ણિમા જુલાઈ મહીનામાં આવે અને જન્માષ્ટમી સપ્ટેમ્બર મહીનામાં આવે છે.(૧૨૬)એ વાત ખરી છેકે, ફરીયાદીએ તેની ફરીયાદમાં તેમજ પોલીસ રૂબરૂના તમામ વધારાના નીવેદનોમાં પહેલા ''બળાત્કાર'' થયેલ હોય અને પછી ''મુખ મેથુન'' કરાવેલ હોય તેવું જણાવેલ નથી. (૧૨૭) ફરીયાદીએ તેની ફરીયાદમાં સને–૨૦૦૧ માં ઢેલ અને બગલો ૧૦ છોકરોઓને વકતા બનાવવા લઈ ગયેલ તેવુ જણાવેલ છે. જયારે ફરીયાદીનું કલમ–૧૬૪ના નીવેદન પ્રમાણે ધ્રુવબેન ૧ ૦ છોકરીઓને વકતા બનાવવા લઈ ગયેલ તેવુ જણાવેલ છે. એ વાત ખરી છે કે, ફરીયાદી સીવાય ધ્રુવબેન ૧૦ છોકરીઓને વકતા બનાવવા લઈ ગયેલ હોય તેવો પુરાવો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદી તેના તમામ નીવેદનો આપતી વખતે માનસીક રીતે સ્વસ્થ હતી.(૧૨૮)એ વાત ખરી છે કે, સને–૧૯૯૬માં આરોપી નં.૧ આશારામ બાપુજીનો સુરત ખાતે પ્રોગ્રામ હોય તેવી તપાસ કરેલી છે. પરંતુ તે આક્ષેપના સમર્થનમાં કોઈ પુરાવો મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, ૧૯૯૬ માં ફરીયાદી સુરત ખાતે જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન ગયેલ હોય તે ફરીયાદીના શબ્દો સિવાય મારી તપાસમાં અન્ય કોઈ પુરાવો મળી આવેલ નહી.(૧૨૯) હાલમાં હું કહી શકુ નહી કે,૧૯૯૬ જન્માષ્ટમીનો આશારામ બાપુનો પ્રોગ્રામ સુરત ખાતે નહી પરંતુ રાજકોટ ખાતે હતો. એ વાત ખરી છેકે, સને–૧૯૯૬ અને સને–૧૯૯૭ લગત ફરીયાદીએ જે ફરીયાદ તથા નીવેદનોમાં જણાવેલ છે તે લગત કોઈ પુરાવો મળી

આવેલો નહી. એ વાત ખરી છે કે, ફરીયાદી ૧૯૯૭ માં ધોરણ–૧૦ માં અભ્યાસ કરતા હોય તે સંબંધે મે કોઈ તપાસ કરેલ નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ કેટલો અભ્યાસ કરેલો છે તે લગત મેં તેની સ્કુલમાં જઈ કોઈ રેકર્ડ મેળવેલ નહી. એ વાત ખરી છેકે, ફરીયાદી કઈ સ્કુલમાં અભ્યાસ કરતા હતા તે પણ ફરીયાદીએ તેની ફરીયાદ અને તેના નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે પણ ફરીયાદીને પુછેલ નહી કે તેણી કઈ સ્કુલમાં અભ્યાસ કરતી હતી.(૧૩૦)એ વાત ખરી છે કે, ફરીયાદીએ આંક–૨૮૩ વાળા સીઆરપીસી કલમ–૧૬૪ ના નીવેદનમાં એવુ જણાવેલ છે કે '' ૨૦૦૬માં મારી જોડે કાર્યક્ર મમાં જતા તબલાવાળા દીપકભાઈ તથા આશાબેનનો એકબીજ સાથે પ્રેમ સંબંધ થતા અને આ વાત બાપુને ખબર પડતા, બાપુએ જાહેર સભામાં મને ખુબ ઠપકો આપેલ અને ગુસ્સે થયેલ અને કહેલુ કે, તું ગુરુનો પ્રચાર કરવા જાય છે કે આવા ધંધા કરવા, જે પછી મેં આશ્રમ છોડવાનું નકકી કરેલ અને આશ્રમ છોડેલ.(૧૩૧)એ વાત ખરી છે કે, આ કેસના સાહેદોના જે પણ નિવેદનો લેવામાં આવ્યા અને વિડીયોગ્રાફીથી પણ જે નિવેદનો લેવામાં આવ્યા તે, તેમજ વિડીયોગ્રાફીનો એસ. આઈ. ટી. ના સભ્યો દવારા અભ્યાસ કરવામાં આવતો.(૧૩૨) ફરીયાદીના સીઆરપીસી કલમ– ૧૬૪ ના નીવેદન પ્રમાણે નીલા અને આશાને પણ વકતા તરીકે પસંદ કરેલા તેવું જણાવેલ છે. તેમાં મે નીલાનું કોઈ નીવેદન લીધેલ નહીં. પરંતુ આશાનું નીવેદન લીધેલું. એ વાત ખરી છેકે, આશાનું જે નીવેદન લીધેલુ તેને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, આશાને ચાર્જશીટમાં સાક્ષી તરીકે નહી દર્શાવવા બાબતે કોઈ વ્યાજબી કારણ ચાર્જશીટમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આશાને ચાર્જશીટમાં સાહેદ તરીકે એટલે નથી દર્શાવવામાં આવેલ કે તે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હતા. એ વાત ખરી છે કે, આ

આશાબેને ફરીયાદી સાથે ૧૦ જણામાં વકતા તરીકેની પસંદીમાં સાથે ગયા હોય તેવુ તેમણે તેમના નીવેદનમાં જણાવેલ નથી. (૧૩૩) એ વાત ખરી નથી કે, નીલાબેનનું નીવેદન લેવા માટે મે કોઈ તજવીજ કરેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આશ્રમમાં જઈને નીલાબેનની તપાસ કરેલી પરંતુ ત્યાં નીલાબેન નામની કોઈ સ્ત્રી હતી જ નહી.(૧૩૪) એ વાત ખરી નથી કે, દીપક તબલાવાલાનું નીવેદન લીધુ હોય અને ચાર્જશીટમાં તેને સાક્ષી તરીકે દર્શાવેલ ન હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે નીવેદન લીધેલું પરંતુ તેને સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, ચાર્જશીટ દાખલ કરતી વખતે દીપક તબલાવાલાને સાહેદ તરીકે નહીં દર્શાવવા માટેનું કોઈ વ્યાજબી કારણ ચાર્જશીટમાં જણાવેલુ નહી.(૧૩૫)એ વાત ખરી છેકે, શેખર કશ્મીરીલાલ ગીરધારીનું વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલુ અને તેમાં તે વિડીયોગ્રાફી નીવેદનમાં મારા દવારા પુછવામાં આવતું અને શેખર દવારા જવાબ આપવામાં આવતા તે નીચે મુજબ છે....

હું:- હમારે પાસ એસે ભી લોગ હૈ મૈં આપકો નહીં બોલ રહી હું કિ આપ એસા બોલો કિ અગર સહી મેં જો આશારામ કો હેટ કરતે હૈં અગર સહી મેં વો ગુરૂ માન કર ઈતને સાલ અપને બર્બાદ કિયે હૈં તો યે ભી બોલને કો તૈયાર હૈ કી મૈડમ હાઁ એસા સબ હોતા થા હમ દેખતે થે બાદ મેં હમારા જી ભર ગયા ઈસીલીએ હમ આશ્રમ છોડકર ચલે ગયે। (૪૦.૪૫)

શેખર :- મૈડમ અગર વો ફિર હોતા થા, દેખતે થે, જાનતે થે તો મૈં ઉનકો બહુત ગલત માનતા હૂઁ કયોં કયોંકિ સબ આયે થે।

હું :-ગલત નહીં માનતા હું।

કયોં મેડમ ? અગર હમ...

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

હું :– નહીં વો એસા કહ રહે હૈં એસા લીખ લો । વો કહ રહે હૈં અગર મેરા એસે કહને સે ઉસ કમ્પલેંનંટ કા ભલા હો અગર પુલિસ ઈસ દિશા મેં આગે બઢ સકતી હો તો । (૪૧:૦૦)

શેખર :– મેડમ વો તો ઉસકો તો વૈસે હી આપકા કેસ તો ઈતના સ્ટ્રોંગ હૈ ઉસકો તો સજા હોની હી હોની હૈ ।

હું :– તો સ્ટ્રોંગ એસે થોડે હી બનેગા કિ મેં કુછ નહી જાનતા ।

શેખર :– મૈડમ જબ મેરા કોઈ રોલ હી નહીં હૈ ।

હું :– તો રોલ કી કહાં બાત હો રહી હૈ ।

શેખર :– જબ મૈંને કિસીકો દેખા નહીં હૈ ।

(૪૧:૩૦)

હું :– મૈંને કયા કહા આપકો અંદર વિટનેસેસ જિન્હોને નહી દેખા હૈ જો આપકે સાથ ભાગ ગયે થે વો આપકી તરહ એસે ડગમગ નહીં હો રહે હૈ । મૈં આપકો શુરૂ સે દેખ રહી હું ઓબ્જર્બ કર રહી હું તીન –ચાર બાર આ ચુકી હું આપ તો એસા હૈ કિ જૈસે ગુજરાતી મેં કહાવત હૈ કિ નરો વા કુંજરો વા । મૈંને કુછ દેખા નહીં, મૈંને કુછ સુના નહીં ।

શેખર :– મેરે કો ઈતના પતા હૈ મેરી ૩ સાલ કી એક ડોટર હૈ મૈડમ, મેરે આંખો કે સામને ઉસકા ભવિષ્ય હૈ । મેરી આપ એક રિકવેસ્ટ સુન લો મેડમ ।

હું :– જિસકી ઈકોનોમિક પોજિશન અચ્છી નહી હૈ વો બિચારા યહાં આકર સ્ટેટમેન્ટ દે રહા હૈં મૈડમ મૈંને કુછ દેખા નહી લેકીન હાં અગર મેરે કુછ બોલને સે કિ હાં મૈ સબ જાનતા થા અગર કેસ કો થોડી ભી મદદ મિલતી હૈ આપ લિખ લો મૈં કોર્ટ મેં આકર બયાન દુંગા । આપ તો કીસી બાત કો હી સપોર્ટ નહી કરતે ।

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

શેખર :– મેડમ જબ મૈંને દેખા હી નહી તો મૈં એસે ઝુઠ તો નહી બોલ સકતા હું ના। મૈં ઝુઠ તો નહી બોલુંગા કિ મૈંને દેખા હૈ।

હું :– ઉસને ઈતના પાપ કિયા હૈ ૧૫ સાલ આપ ઝુડ નહીં બોલ સકતે એસા ?

શેખર :–મતલબ મૈંડમ મૈં એસા બોર્લુ કિ વો મેરે સામને લડકીર્યા લે જાતા થા।

હું :– મૈંને કબ બોલા કિ મેરે સામને લડકી, મુઝે યે આશ્રમ કી ગતિવિધિયો કે બારે મેં થોડા સમય પહલે પતા ચલા લેકીન ઉસ બાત કો કયોંકી મુજે કન્ફર્મ નહીં થા તો મેં માનતા નહી થા લેકીન હીં મૈંને યહ સબ સુના હૈ કિ યહીં લડકીર્યા આતી હૈં જો દુષ્કર્મ કે લિએ ઈનકો ભેજી જાતી હૈ। બાદ મેં જબ ધીરે –ધીરે મુઝે કન્ફર્મ હોને લગા તબ મેરી ઉન પર સે શ્રધ્ધા હટ ગયી।

(૧૩૬) એ વાત ખરી છેકે, આશારામ બાપુની ફરીયાદીના જણાવ્યા મુજબ હાઈકોર્ટમાંથી જામીન નામંજુર થયા બાદ ફરીયાદીએ ફરીયાદ કરવાનું વિચારેલ તે લગત મે હાઈકોર્ટ માંથી કયારે આશારામ બાપુના જામીન નામંજુર થયેલ તે લગત મેં કોઈ તપાસ કરેલી નહી.(૧૩૭) એ વાત ખરી છે કે, ફરીયાદીના પોલીસ રૂબરૂના નીવેદનમાં ભાગ નામની સ્ત્રી લગત આશારામ બાપુ વિરૂઘ્ઘ જે આક્ષેપ કરવામાં આવેલ તે લગત મેં ભાગ નામની સ્ત્રીની તપાસ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ભાગ નામની સ્ત્રી મળી નહી આવતા નિવેદન મેળવેલું નહી. એ હું કહી શકું નહી કે ભાગ નામની સ્ત્રી કોઈ હતી જ નહી, તેના કારણે મેં તેનું નીવેદન મેળવેલું નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ તેમજ અન્ય સાહેદોએ ભાગ નામની સ્ત્રીનું પુરુ નામ, ઉંમર, કયાંના વતની છે, તેમજ તેમના શારીરીક વર્ણન જણાવેલ નથી.(૧૩૮) એ વાત ખરી નથી કે, મેં ફરીયાદી/ભોગ

બનનારના બેન્ક એકાઉન્ટ ડીટેઈલ્સ અંગે તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, એ બેન્ક એકાઉન્ટ ડીટેઈલ્સ મેં ચાર્જશીટ સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી. (૧૩૯)મને એ વાતનો ખ્યાલ નથી કે, ફરીયાદીએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં તા. ૧૩/૧૨/૨૦૧૪ ના રોજ પત્ર સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એડી થી તેમનું ફરીથી સીઆરપીસી કલમ– ૧૬૪ નું નીવેદન નોંધવવા માટે પત્ર લખેલો. એ વાત ખરી નથી કે, મને ફરીયાદી દવારા મોકલવામાં આવેલ પત્ર મળેલો.(૧૪૦)એ વાત ખરી છે કે, ફરીયાદ દાખલ થયા બાદ ફરીયાદીને સીકયુરીટી આપવામાં આવેલી હતી અને ૨૪ કલાક ફરીયાદી તથા તેમના કુંટુંબીજનો પોલીસ સીકયુરીટીમાં રહેતા હતા.(૧૪૧) એ વાત ખરી છેકે, તા.૧૭/૧૨/૨૦૧૪ ના રોજ ફરીયાદી દવારા નામદાર ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ગાંધીનગર સમક્ષ તેઓનું ફરીથી સીઆરપીસી કલમ–૧૬૪ અન્વયનું નીવેદન લેવા માટે અરજી કરેલી. એ વાત ખરી છે કે આ અનુસંધાને નામદાર કોર્ટે તપાસ કરનાર અધિકારી એટલે કે અમોને નોટીસ કાઢતો હુકમ કરેલો. એ વાત ખરી છે કે અરજી ના અનુસંધાને મારા દવારા તા. ૧૮/૧૨/૨૦૧૪ ના રોજ લેખીત વાંધાઓ આપવામાં આવેલા. એ વાત ખરી છેકે તે વાંધામાં ફરીયાદી દવારા મોકલવામાં આવેલ રજીસ્ટર એડી પત્ર ગુજરાતીમાં ટાઈપ કરેલો તે મને મળેલો, તેવી વિગતો લખવામાં આવેલી છે. તે પત્ર હાલમાં પણ મારી પાસે છે કે નહી તે લગત રેકર્ડ જોયા પછી હું જણાવી શકીશ. એ વાત ખરી છે કે, ફરીયાદીએ તેઓનું ફરીથી સીઆરપીસી કલમ– ૧૬૪ નું નીવેદન લેવા માટે અરજી કરેલી.(૧૪૨)મને એ વાતની ખબર નથી કે ફરીયાદી ઈન્દોર ગયા હતા કે કેમ ?. મને એ વાતનો ખ્યાલ નથી કે ફરીયાદીની સીકયુરીટી હાલમાં ચાલુ છે કે કેમ ?.

પ્રશ્નઃ– ફરીયાદીએ ચાર્જશીટ થયા બાદ તેઓનું ફરીથી સીઆરપીસી

કલમ–૧૬૪ નું નીવેદન લેવા માટે નામદાર કોર્ટમાં અરજી કરેલી તે લગત તમે ફરીયાદીનું કોઈ વિશેષ નીવેદન લીધેલુ નથી ?

જવાબ:– સદર પ્રશ્નનો જવાબ હું રેકર્ડ જોઈને આપી શકું.

(૧૪૩) એ વાત ખરી છે કે, ચાર્જશીટ થયા બાદ પણ હું આ કેસના એસ.આઈ.ટી.ના મેમ્બર તરીકે સને–૨૦૧૬ સુધી ચાલુ હતી.(૧૪૪) એ વાત ખરી છે કે, ફરીયાદીએ તા.૧૭/૧૦/૨૦૧૩ ના નીવેદનમાં વર્ષા અને અખિલના મોબાઈલ નંબરો જણાવેલ છે. એ વાત ખરી છે કે,ફરીયાદી જોડે વર્ષા અને અખિલ કઈ રીતે સંપર્કમાં હતા અને કયારથી હતા તે અંગે મે કોઈ તપાસ કરેલી નહી.(૧૪૫)એ વાત ખરી છેકે, જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેને મારા રૂબરૂ ના તા.૧૮/૧૨/૨૦૧૩ ના નીવેદનમાં એવુ જણાવેલ છે કે ''સને–૨૦૦૧ માં ગુરુપુર્ણિમાના સમય દરમ્યાન પ્રગ્નેશ ઉર્ફે લાલો રસોયો હતો.'' એ વાત ખરી છે કે, જીજ્ઞાબેન ઉર્ફે સોનલબેન નાઓએ તેમના નીવેદનમાં એવુ જણાવલે છે કે ''સને–૨૦૦૦ વર્ષમાં ધ્રુવબેનના કહેવાથી ફરીયાદી સાથે (સાહેદ જિગ્યાબેન) આસીસ્ટન્ટ તરીકે વાપી ખાતે સત્સંગમાં ગયેલા.(૧૪૬)એ વાત ખરી છે કે, તા. ૦૯/૧૦/૨૦૧૩ ના મારા રૂબરૂ ના નીવેદનમાં ફરીયાદીએ એવું જણાવેલ છે કે '' અવાર – નવાર મારા મમ્મી વાર તહેવારે શીબીર સત્સંગમાં આશારામ આશ્રમ ખાતે આવતા ત્યારે મને ૫૦૦ રૂપિયા આપી જતા હતા.(૧૪૭) ફરીયાદીનું તા.૦૯/૧૦/૨૦૧૩ નું નીવેદન નોંધતા અદાંજીત ૩ થી ૪ કલાક લાગેલા. એ વાત ખરી છેકે, સાહેદના નીવેદન જો અમદાવાદમાં લેવા માં આવે તો કેમ્પ લખવામાં આવતુ નથી. પરંતુ અમદાવાદ બહાર સાહેદો હોય તો અને તેમનું નીવેદન લેવામાં આવે તો જે જગ્યાએ સાહેદ હોય તે ગામના નામની સાથે કેમ્પ શબ્દ લખવામાં આવતો હોય છે. (૧૪૮) તા. ૯ /૧૦/૨૦૧૩ ના રોજનું ફરીયાદીનું વિશેષ નીવેદન

બપોરે ચાર વાગ્યા બાદ લેવામાં આવેલું. એ વાત ખરી છે કે, તા. ૯/૧૦/૨૦૧૩ ના નીવેદનમાં કેમ્પ લખીને કોઈ સ્થળનો ઉલ્લેખ નથી. એ વાત ખરી નથી કે, તા.૦૮/૧૦/૨૦૧૩ ના રોજ અમો રાત્રે અમદાવાદ પરત આવી ગયેલા.(૧૪૯) એ વાત ખરી છેકે, કહેવાતી જે ૧૦ છોકરીઓને વકતા બનાવવા માટે લઈ ગયેલા, તેમાં નંબર-(૧) રેખા, નંબર -(૨) સીતા સિંધી, નંબર- (૩) ક્રિષ્નાબેન, નંબર- (૪) ભાવીનીબેન પટેલ, નંબર-(૫) કીન્નરીબેન , નંબર-(૬) તૃપ્તીબેન , નંબર-(૭) જીજ્ઞાબેન ઉર્ફે સોનલ ના ઉલ્લેખો છે. મેં સીતા સિંધી સીવાય તમામની પુછપરછ કરી તમામના નિવેદનો લીધેલા. એ વાત ખરી છે કે, મેં (૧) રેખા (૨) ક્રિષ્નાબેન (૩) ભાવીનીબેન પટેલ (૪) કીન્નરીબેનનાઓને સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવ્યા નથી. એ વાત ખરી છે કે, ઉપરોકત સાહેદોના નીવેદનો પણ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છેકે ચાર્જશીટમાં તેઓને સાહેદ તરીકે નહી દર્શાવવા માટેનું કોઈ વ્યાજબી કારણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે સાહેદ તૃપ્તીએ પોલીસ રૂબરૂ ના નીવેદનમાં એવુ જણાવેલ છે કે, તેઓને સને-૧૯૯૩ માં વકતા બનાવવામાં આવેલ હતા. એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી હકીકત ખુલેલી કે સાહેદ જીગ્યા ઉર્ફે સોનલને બે સેનટેન્સ વાંચવા કહેલ અને સુરેશભાઈ વકતાએ કહેલ કે આ બહેન બોલી શકશે તેમ કહી જીગ્યા ઉર્ફે સોનલને વકતા તરીકે કચ્છ ભુજ મોકલેલ હતી.(૧૫૦) એ વાત ખરી છે કે, લક્ષ્મીબેનનાં ઘર એટલે નારાયણ વાટીકાનું અને મહીલા આશ્રમનું પંચનામું વિડીયોગ્રાફીથી કરવામાં આવેલુ હતું. એ વાત ખરી છે કે, આ પંચનામું શરૂ કર્યુ અને પંચનામું પુર્ણ કર્યુ તે સુધીનું પંચનામું વિડીયોગ્રાફીથી કરેલ હતું. એ વાત ખરી છે કે, નારાયણ વાટીકાનું પંચનામુ કરતા પંચનામું ૩ કલાક ચાલેલ હતું અને મહીલા આશ્રમનું પંચનામુ ૪ કલાક ચાલેલ હતું. એ વાત ખરી છે કે, આ બંને પંચનામા વખતે ફરીયાદી હાજર

હોય અને તેની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, આ વિડીયોગ્રાફી પંચનામા વખતે કરવામાં આવેલ તેની સીડી નામદાર કોર્ટમાં રજુ કરી છે. તે પુરા પંચનામાની સીડી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સીડીમાં મહત્વનો ભાગ જ રજુ કરેલો છે. એ વાત ખરી છે કે, મેઈન આશ્રમમાં કુટીયાની તપાસ કરેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કુટીયા છે કે નહી તે મને ખબર નથી.(૧૫૧) એ વાત ખરી છેકે, તા. ૮/૧૦/૨૦૧૩ ના રોજ સવાલ –જવાબ વાળા નીવેદનમાં મારા દવારા ફરીયાદીને તમે વધુમાં કઈ કહેવા માંગો છો ?, તમે તમારી ફરીયાદ વિશે વધુમાં કઈ કહેવા માંગો છો ? તે સવાલના જવાબમાં ફરીયાદીએ બીજો કોઈ આક્ષેપ કરતી ઘટના કે હકીકત જણાવેલી નહી.(૧૫૨) એ વાત ખરી છેકે, મેં મોડાસા ખાતે જઈ મોડાસા આશ્રમ લગત ફરીયાદીએ જે આક્ષેપો કરેલા છે. તેની કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, મોડાસા આશ્રમ કયારે બન્યો તેની પણ મે કોઈ તપાસ કરેલી નહી.(૧૫૩) એ વાત ખરી છેકે, ઢેલ (નિર્મલા) વાડજ ખાતે રહે છે. અને બગલો(મીરા) સરદાર નગર ખાતે રહે છે અને તેઓના બંનેનાં ઘરનું પંચનામું કરેલું.(૧૫૪) એ વાત ખરી છેકે, મે મહીલા આશ્રમમાં આવેલ ફરીયાદીના રૂમ પાર્ટનર કસતુરીબેનનું તા. ૦૮/૧૦/૨૦૧૩ ના રોજ નિવેદન લીધેલું. એ વાત ખરી છેકે, ફરીયાદીને બે દિવસ સુધી સતત તાવ આવેલ, તેમજ ફરીયાદી ખુબ ગંભરાઈ ગયેલ હતી અને રૂમની બહાર નીકળ ેલ નહી. ત્યારે ઢેલ ફરીયાદી પાસે આવેલ અને કહેલ કે, '' તુજે બાપુસે જો મીલા હે વો ઉનકી મહાન કૃપા હૈ, ઉસે સંભાલ કર રખના, ઓર ખુદ સંભલ જાના'' અને ઢેલ જયારે આવી ત્યારે ફરીયાદી માટે દુધ અને સફરજન લઈને આવેલ અને ફરીયાદીને કહેલ કે બાપુને ભીજવાયા હે અને ત્યારબાદ ફરીયાદીને વકતા બનાવવાની પ્રેકટીસ શરૂ કરેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, કસતુરીબેનનું

નીવેદન લીધેલ તે સમયે તેઓ આશારામ આશ્રમમાં સમર્પિત હતા. એ વાત ખરી છે કે, કસતુરીબેન મહીલા આશ્રમમાં બિક અને દબાણમાં રહેતા હોય તેવુ તેમને જણાવેલ નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીના આક્ષેપો લગત કસતુરીબેને તેઓના નીવેદનમાં ફરીયાદીના આક્ષેપો બાબતે કશું જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કસતુરીબેને તેમના નીવેદનમાં તેઓ ઢેલ અને બગલો નામની મહીલા સાધક મહીલા આશ્રમમાં રહેતા નથી અને આવા નામો તેમણે સાંભળેલાભી નથી તેવી વિગત જણાવેલી.(૧૫૫) એ વાત ખરી છેકે, ફરીયાદીના આક્ષેપ મુજબ મહીના પછી બીજી વાર જયારે ફરીયાદીને બોલવવામાં આવેલા ત્યારે ફરીયાદ પ્રમાણે ફરીયાદી બગીચાની વાળ પાછળ સંતાઈ ગયેલ, ફરીયાદી ના સીઆરપીસી કલમ–૧૬૪ ના નીવેદન પ્રમાણે ગાર્ડનમાં ઝાડ પાસે સંતાઈ ગયેલી, જયારે ગુનાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન ફરીયાદીએ જણાવેલ કે, તે ઝુપડીમાં સંતાઈ ગયેલ તે લગત મેં ફરીયાદીનો કોઈ ખુલાસો મેળવેલ નથી.(૧૫૬)એ વાત ખરી છેકે, આશારામ બાપુ ૨૦૦૧ ગુરુપુર્ણિમાં વખતે તેમજ તે પછી મોટેરા આશ્રમમાં હાજર હતા તે અંગેનો કોઈ પુરાવો મળી આવેલો નહી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવવાળા રૂમમાંથી કેટલી દુર સુધી બુમાબુમ સંભળાય તે અંગે મેં કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, શાંતી વાટીકાના મુખ્ય દરવાજાથી બનાવવાળા રૂમનું અંતર કેટલું હતું તેની મે તપાસ કરેલી નહી. એ વાતની મને ખબર નથી કે, આ અંતર આશરે ૨૦૦ ફુટ હતું. (૧૫૭) એ વાત ખરી છે કે, ફરીયાદીના આક્ષેપ વાળી જે ગાડી છે તે ગાડીનો કોઈ નંબર જણાવેલ નથી. તેમજ કયા કંપનીની ગાડી હતી તે પણ જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સફેદ કલરની ગાડી હતી. એ વાત ખરી છેકે, દરેક કંપનીની ગાડીઓનો કલર સફેદમાં પણ હોય છે. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન તે ગાડી મળી આવેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તપાસ

કરેલી. એ વાત ખરી છે કે, ગાડી લગત તપાસ કર્યાની હકીકત હું આજરોજ નામદાર કોર્ટમાં પ્રથમ વખત જણાવુ છું.(૧૫૮)એ વાત ખરી છેકે, સાહેદ વિમલેશ ભાઈલાલભાઈ ઠકકરનું તારીખ– ૯/૧૦/૨૦૧૩ વાળું નીવેદન મેં નોંધેલુ અને સાહેદ વિમલેશે તેના નીવેદનમાં એવુ જણાવેલ હતુ કે, '' તા.૬/૧ ૦/૨૦૧૩ ના રોજ અમો સલાહ સુચનો મેળવી પોલીસ કમિશ્નર કચેરી ખાતે ગયેલા.''એ વાત ખરી છે કે, મેં સાહેદ વિમલેશ દવારા કોની સલાહ સુચનો મેળવવામાં આવેલી તેની કોઈ તપાસ કરેલી નહી.(૧૫૯) એ વાત ખરી છેકે, મારી તપાસમાં જીતુ બબાલ નામનો માણસ આશારામ બાપુનો ડ્રાઈવર હતો અને સીકયુરીટીનું પણ કામ કરતો હતો. એ વાત ખરી છેકે, મે જીતુ બબાલનું નીવેદન લીધેલું. એ પણ વાત ખરી છે કે, જીતુ બબાલને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી, તેમજ તેનું નીવેદન પણ ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, જીતુ બબાલનાઓને ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવેલ નથી તેમજ નીવેદન પણ ચાર્જશીટમાં સાથે રજુ કરેલ નથી તે અંગે મે કોઈ વ્યાજબી કારણ જણાવેલ નથી.(૧૬૦)એ વાત ખરી છેકે, ફરીયાદપક્ષના કેસ પ્ર માણે દેવેન્દ્ર પ્રજાપતિ ૧૯૯૬ થી ૨૦૦૫ સુધી સીકયુરીટી (આશારામના બોડીગાર્ડ) તરીકે ફરજ બજાવતો હતો.(૧૬૧) એ વાત ખરી છે કે, દેવેન્દ્ર પ્ર જાપતિએ તેના નીવેદનમાં ઢેલ અને બગલો ફરીયાદી, વર્ષા અને અન્ય છોકરીઓને લઈને બાપુ પાસે શાંતીવાટીકા આવેલ હોય તેવુ જણાવેલ નથી. તેમજ ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના અરસામાં અથવા જન્માષ્ટમી વખતે ટીના એકયુપ્રેસ અને ફરીયાદી શાંતી વાટીકા ખાતે આવેલ હોય, તેવુ જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે દેવેન્દ્ર પ્રજાપતિનું નીવેદન પી.એસ.આઈ કે.બી.જાડેજા એ સુરત ખાતે લીધેલુ હતું. એ વાત ખરી છેકે, ચાર્જશીટ કરતી વખતે મે તમામ નીવેદનોનો અભ્યાસ કરેલો હતો.(૧૬૨) એ વાત ખરી છે કે,

ફરીયાદ પ્રમાણે ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડે મહત્વના સાક્ષી છે. એ વાત ખરી છે કે મે ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડેના લાઈવ ડીટેકશન ટેસ્ટ માટે પણ નામદાર કોર્ટમાં અરજી કરેલી. એ વાત ખરી છે કે, તપાસના કામે ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડેના નીવેદનો લેવામાં આવેલ. એ વાત ખરી છે કે, ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડેને મે ચાર્જશીટમાં સાહેદ તરીકે દર્શાવ્યા નથી. એ વાત પણ ખરી છે કે મે ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડેના નીવેદનો પણ ચાર્જશીટ સાથે રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, ટીના એકયુપ્રેસ અને ઉમા પાંડેના નીવેદનો નહી રજુ કરવા માટે કોઈ કારણો નામદાર કોર્ટમાં રજુ કરેલા નથી. એ વાત ખરી છે કે, મે ફરીયાદીના લાઈવ ડીટેકશન ટેસ્ટ માટે કોઈ અરજી નામદાર કોર્ટમાં કરેલી નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર ૨૦૦૭ સુધી સત્સંગો કરવા જતા હતા. એ વાત ખરી છે કે, ફરીયાદીને ગેરકાયદેસર ગોંધી રાખી હોય તેવો કોઈ પુરાવો મળી આવેલો નહી.(૧ ૬૩)એ વાત ખરી છે કે, આઈ.પી.સી કલમ– ૨૦૧ ના ગુના લગત કોઈ પુરાવા સમગ્ર તપાસ દરમ્યાન મળી આવેલો નહી. એ વાત ખરી છે કે, ઈ.પી.કો કલમ– ૫૦૪, ૫૦૬(૨), ૩૨૩ ના આક્ષેપો લગત કોઈ પુરાવો મળી આવેલો નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મૌખીક પુરાવો મળી આવેલો. એ વાત ખરી છે કે, ૧૯૯૬ થી ૨૦૦૦ સુધી તથા ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી ફરીયાદીએ તેની ફરીયાદમાં કોઈપણ આક્ષેપ કરેલ નથી.

સવાલ:– એ વાત તો ખરી ને સીઆરપીસી કલમ– ૧૫૭ ના રીપોર્ટ પ્ર માણે ગુનો બન્યા અને તારીખના સમયના કોલમમાં સને–૧૯૯૬ ના ડીસેમ્બર માસથી સને–૨૦૦૧ ના ગુરુપુર્ણિમા દીવસથી સને–૨૦૦૭ સુધી અવાર નવાર સમયગાળા મુજબ તેવુ લખેલ છે તે વિગત ખોટી લખેલ છે ?

જવાબ:– આ રીપોર્ટ ચાંદખેડા પો.સ્ટે.ના પી.એસ.ઓ. એ લખેલ છે. તેમજ

વધુમાં સદર ફરીયાદ સુરત જહાગીર પુરા પો.સ્ટે.થી ઝીરો નંબરથી દાખલ થયેલી. તેની સાથે આવેલ સુચીપત્રમાં બનાવ બન્યો તારીખ અને સમય જે પ્રમાણે લખેલ હતું તે પ્રમાણે ચાંદખેડા પો. સ્ટે. પી.એસ.ઓ. એ કલમ–૧૫૭ ના રીપોર્ટમાં લખ્યા છે.

(૧૬૪) એ વાત ખરી છેકે, મે તપાસ સંભાળી ત્યારે ફરીયાદીની ફરીયાદ તેમજ સીઆરપીસી કલમ–૧૫૭ નો રીપોર્ટ વંચાણે લીધેલો. હું કહી શકુ નહી કે, આ બંનેમાં વિસંગતતા હતી કે કેમ?. મારી તપાસ દરમ્યાન મહીલા આશ્રમ તેમજ પુરુષોના આશ્રમમાં જવાનું થયેલું. એ વાત ખરી છેકે, આ બંને આશ્રમો વચ્ચે ૩૦૦ થી ૩૫૦ મીટરનો જાહેર રસ્તો છે. એ વાત ખરી છેકે, આશારામ બાપુ મુખ્ય આશ્રમમાં સત્સંગ આપે ત્યારે મહીલા આશ્રમની છોકરીઓ પણ સત્સંગ સાંભળવા જાય.(૧૬૫) એ વાત ખરી છેકે, સાહેદ વર્ષા અખિલભાઈ ગુપ્તાનું નીવેદન મેં લીધેલુ અને તેમણે આશ્રમ છોડવા માટે જે ચીઠ્ઠી લખેલી તેમા તેમની મમ્મીની તબીયત સારી રહેતી ન હોય અને અમારી આર્થિક પરિસ્થિતી સારી ન હોય અને અમારા બહેનના અભ્યાસ બાબતેની બાબતો લખેલી હતી.(૧૬૬) એ વાત ખરી છે કે, વર્ષાના કહેવાતા નીવેદન પ્ર માણે આશારામ બાપુ, ઢેલ, બગલો, ધ્રુવબેન, ભારતીબેન આશ્રમમાં આવતા તે લગત જે આક્ષેપો કરેલા છે તે આક્ષેપોમાં કોઈ છોકરીનું નામ, સરનામુ, ઉંમર, સમય જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેં આ અંગે તપાસ કરેલી પણ કોઈ છોકરી મળી આવેલી નહી.(૧૬૭)એ વાત ખરી છે કે, વર્ષાબેનના સીઆરપીસી કલમ–૧૬૪ ના નીવેદન પ્રમાણે ૨૦૦૧ ના ભુકંપ પછી તે કચ્છ ભુજ લોકોને સાત્વના આપવા ગયેલા હતા ત્યારથી તેઓની વકતાની સેવા શરૂ થયેલી.(૧૬૮) વર્ષાબેન અને અખિલભાઈ ગુપ્તા એ. ટી. એસ. ઓફીસમાં તારીખ–૨૦/૧૦/૨૦૧૩ થી તારીખ–૨૪/૧૦/૨૦૧૩ સુધી

રોકાયેલા. એ વાત ખરી છે કે, ફરીયાદીની ફરીયાદ પ્રમાણે અખિલભાઈ ગુપ્તા આરોપી હતા. એ વાત ખરી છે કે, સીઆરપીસી કલમ–૧૫૭ ના રીપોર્ટમાં પણ ફરીયાદીએ અખિલભાઈ ગુપ્તાને આરોપી તરીકે બતાવેલ છે.(૧૬૯) એ વાત ખરી છે કે, ચાર્જશીટના આરોપી નં. ૨ થી ૭ દવારા નામદાર સેશન્સ કોર્ટ,ગાંધીનગર ખાતે આગોતરા જામીન અરજી દાખલ કરેલી. તેમાં મારા દવારા આગોતરા જામીન અરજી નો વિરોધ કરતી મે એફીડેવીટો કરેલી. એ વાત ખરી છે કે, એફીડેવીટમાં મારા દવારા અખિલ ગુપ્તાને આરોપી તરીકે દર્શાવેલો હતો. એ વાત ખરી છે કે,મારા કહેવાતા પ્રમાણે તારીખ– ૨૦/૧૦/૨૦૧૩ થી તારીખ– ૨૪/૧૦/૨૦૧૩ સુધી અખિલ ગુપ્તા એ. ટી. એસ ઓફીસમાં હતા, તેમ છતાં મે આ ગુનામાં તેમને અટક કરેલા નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે સાહેદ અખિલ ગુપ્તાને સાક્ષી તરીકે લીધેલ છે. મારે પોલીસ અધિકારી તરીકે કુલ–૨૧ વર્ષની નોકરી થયેલ છે. હાલ મને યાદ નથી કે, મારી નોકરી દરમ્યાન કેટલા આરોપીઓને મેં સાહેદ તરીકે સીઆરપીસી કલમ– ૧૬૪ ના નિવેદનો અપાવ્યા અને ત્યારબાદ તેમને ચાર્જશીટમાં સાહેદ બનાવ્યા હોય અને તે હકીકત હું જણાવી શકુ તેમ જ નથી.(૧૭૦) વર્ષાબેન અને અખિલ ગુપ્તાનો મે ટેલીફોનથી સંપર્ક કરેલો. એ વાત ખરી છેકે, મેં તા.૦૭/૧૦/૨૦૧૩ થી તા.૧૯/૧૦/૨૦૧૩ સુધી અખિલ ગુપ્તા ને અટક કરવાનો કોઈ પ્રયત્ન કરેલો નહી. એ વાત ખરી છેકે, અખિલ ગુપ્તા એ કોઈ આગોતરા જામીન અરજી દાખલ કરેલી નહી. એ વાત ખરી છે કે, અન્ય આરોપીઓને મેં જે સમન્સ હાજર રહેવા માટે મોકલેલા તેવો કોઈ સમન્સ તા.૧૯/૧૦/૨૦૧૩ સુધી અખિલ ગુપ્તાને મોકલેલો નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે,અખિલ ગુપ્તાનું પુરુ સરનામું મળી આવેલુ નહી. (૧૭૧ )એ વાત ખરી છે કે, અખિલ ગુપ્તાને સાક્ષી બનાવતા પહેલા મે નામદાર કોર્ટમાં

અખિલ ગુપ્તાને આરોપી માંથી સાક્ષી બનાવવા માટે અરજી આપી કોઈ પરવાનગી મેળવેલી નહી. એ વાત ખરી છે કે, મેં અખિલ ગુપ્તા ને ચાર્જશીટના કોલમ નં. ૨ માં ઈન્સાફી કાર્યવાહી માટે નહી મોકલવા માટેની કોલમમાં તેનું નામ દર્શાવેલ નથી.

પ્રશ્ન:- વર્ષાએ જે પણ દુષ્કૃત્ય અંગેના આક્ષેપો કહેવાતા નીવેદન તથા સીઆરપીસી કલમ-૧૬૪ ના નિવેદનમાં કરેલ છે. તેમાં કોઈ છોકરીનું નામ, તારીખ, મહીનો અને વર્ષ જણાવેલ નથી ?

જવાબ:- હા જી, નીવેદનમાં વર્ષાએ પોતાની નાનીબેન પુજા ધોરણ-૧૨ માં ભણતી હતી ત્યારે આશારામે તેના ઉપર નજર બગાડેલ તેવું લખાવેલ છે.

(૧૭૨) એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન આવી કોઈ છોકરીઓ મળી આવેલી નહી. એ વાત ખરી છેકે, મારી તપાસ દરમ્યાન મહીલા આશ્રમ, શાંતીવાટીકા, નારાયણ વાટીક અને મુખ્ય મોટેરા આશ્રમમાં તપાસ કરતા કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ, છોકરીઓની શંકાસ્પદ પ્રવૃતિ ચાલતી હોય તેવુ કઈ મળી આવેલુ નહી. એ વાત ખરી નથી કે, વર્ષાના નીવેદનમાં તેના પતિને રૂા. ૧૦ લાખની ઓફર આપવા માટે આવેલા લોકેસભાઈ તથા વિનોદભાઈ ખેડાની મે કોઈ તપાસ કરેલી નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓની તપાસ કરેલ પણ મળી આવેલ નહીં. એ વાત ખરી છે કે, તેઓ મળી આવેલ નહી જેથી તેઓના નીવેદનો લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નહી. એ વાત ખરી છે કે, વર્ષાબેને તેના નીવેદનમાં તેના પતિને રૂા. ૧૦ લાખની ઓફર આપવા માટે આવેલ લોકેસભાઈ તથા વિનોદભાઈ ખેડા લગત જે જણાવેલ છે તેનો કોઈ પુરાવો મળી આવેલો નહી.

પ્રશ્ન:- વર્ષા બેન અને તેના પતિ અખિલભાઈ તા. ૨૦/૧૦/૨૦૧૩ થી તા.૨૭/૧૦/ ૨૦૧૩ સુધી એટીએસ ઓફીસ ખાતે હતા ?

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

જવાબ:– વર્ષા બેન અને તેના પતિ અખિલભાઈ તા.૨૦/૧૦/૨૦૧૩ થી તા. ૨૪/૧૦/૨૦૧૩ સુધી એટીએસ ઓફીસ ખાતે હતા.

(૧૭૩) એ વાત ખરી નથી કે, વર્ષાબેનનું બે થી ત્રણ વાર વિડીયોગ્રાફીથી નીવેદન લીધેલું.(૧૭૪)એ વાત ખરી છેકે, સરોજબેન અમરતભાઈ પ્રજાપતિના કહેવાતા નીવેદનમાં જે રેવાડી (હરીયાણા)લગતના આક્ષેપો છે તે લગત રેવાડી (હરીયાણા)માં આશારામ બાપુનો કોઈ પ્રોગ્રામ હતો તે અંગે મેં કોઈ તપાસ કરેલી નહી.(૧૭૫)એ વાત ખરી છે કે, પ્રગ્નેશ ઉર્ફે લાલાના નીવેદન મુજબ આશારામ બાપુનો રેવાડી (હરીયાણા) ખાતે કોઈ પ્રોગ્રામ થયેલ હોય અને ત્યાં સરોજ બેન લગત ઘટના બનેલ હોય તેવુ શકુ જણાવેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે, આ નીવેદન ડૉ. કાનન દેસાઈ સાહેબ રૂબરૂનું છે. મે સરોજબેન પ્રજાપતિ તથા પ્રગ્નેશ ઉર્ફે લાલાના નીવેદનોનો અભ્યાસ કરેલો. એ વાત ખરી છેકે, મેં રેવાડી(હરીયાણા) ના આક્ષેપો લગત સરોજબેનના નીવેદન બાદ પ્રગ્નેશ ઉર્ફે લાલાનું કોઈ વિશેષ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છેકે, મેં સરોજબેન પ્રજાપતિના રેવાડી (હરીયાણા)ખાતેના આશારામ બાપુ વિરૂધ્ધ કરેલ આક્ષેપો લગત રેવાડી(હરીયાણા) ખાતે જઈ કોઈ તપાસ કરેલી નહી.

પ્રશ્ન:– દેવેન્દ્ર પ્રજાપતિ નાઓએ તેમના નીવેદનમાં રેવાડી (હરીયાણા) ખાતે બાપુનો પ્રોગ્રામ હોય અને ત્યાં સરોજબેન સાથે ઘટના બનેલ હોય તેવું કશુ જણાવેલ નથી ?

જવાબ:– એ વાત ખરી છે. આ નીવેદન પી.એસ.આઈ. શ્રી કે.બી. જાડેજા રૂબરૂનું છે .

(૧૭૬) એ વાત ખરી છે કે જીગ્યાનું નામ સરોજબેનના સીઆરપીસી કલમ–૧૬૪ ના નીવેદનમાં ખુલેલ હતું. (૧૭૭)એ વાત ખરી છે કે,

જીગ્યાબેને મારા રૂબરૂ ના તા. ૧૮/૧૨/૨૦૧૩ ના નીવેદનમાં જીગ્યાબેન રેવાડી (હરીયાણા) ગયેલ હોય અને ત્યાં આશારામ બાપુનો પ્રોગ્રામ હોય અને સરોજબેન પ્રજાપતિ પણ ત્યાં હોય અને ત્યાં સરોજબેન પ્રજાપતિ સાથે કોઈ ઘટના બનેલ હોય તેવુ કશું જણાવેલ નથી.(૧૭૮)એ વાત ખરી છેકે તપાસ દરમ્યાન રેવાડી (હરીયાણા) પોલીસ સ્ટેશન ખાતેથી સરોજબેને કરેલ અરજીની કોઈ વિગત મળી આવેલી નહી અને તે અંગે રેવાડી (હરીયાણ) પો.સ્ટે. દવારા લેખીતમાં જાણ કરેલી.(૧૭૯) એ વાત ખરી છે કે, દેવેન્દ્ર પ્રજાપતિ આશારામ બાપુનો બોડીગાર્ડ તરીકે કામ કરતો હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મળી આવેલ નહી.એ વાત ખરી છેકે, દેવેન્દ્ર પ્રજાપતિએ પી. એસ. આઈ. કે. બી. જાડેજા નાઓના રૂબરૂના નીવેદનમાં નજફગઢ આશ્રમ ખાતે ના જે આક્ષેપ કરેલ છે તે લગત તે છોકરી તથા તેના ભાઈ તથા તેના મા–બાપ અમારી તપાસમાં મળી આવેલ નહી તેમજ તે આશ્રમમાં પિરામીંડ હોય તે અંગે પણ તપાસ કરેલી નહી. એ વાત ખરી છે કે, દેવેન્દ્ર પ્રજાપતિના નીવેદનમાં શ્રવણકુમાર રોહતાક વાળો તથા તેની બહેનની જે હકીકતો જણાવેલ છે તે લગત મેં શ્રવણકુમાર રોહતાક વાળાનું તથા તેની બહેનનું કોઈ નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, આ બંને જણાની મે કોઈ તપાસ કરેલી નહી.(૧૮૦)મેં દેવેન્દ્ર પ્રજાપતિના નીવેદનમાં જે ઢસા ઉર્ફે ક્રિષ્નાબેનના નામનો ઉલ્લેખ આવે છે. તે ઢસાબેનનું નીવેદન લીધેલ છે. પરંતુ તેમનું ચાર્જશીટમાં નામ દર્શાવેલ નથી અને ચાર્જશીટમાં તેમનું નીવેદન પણ રજુ રાખેલ નથી અને રજુ નહી રાખવા માટે કોઈ વ્યાજબી કારણ પણ જણાવેલ નથી. (૧૮૧) એ વાત ખરી છે કે, ચાર્જશીટમાં તેજ સાહેદોને સાક્ષી તરીકે બતાવવામાં આવેલ છે. જેમના નીવેદનો આરોપીઓ વિરૂધ્ધના છે.(૧૮૨)એ વાત ખરી છે કે, આ ગુનાની તપાસ દરમ્યાન એફએસએલ રીપોર્ટમાં બળાત્કાર થયો હોય તેવો કોઈ પુરાવો મળી

આવેલ નહી.(૧૮૩) એ વાત ખરી છે કે, મેં ફરીયાદીના સીઆરપીસી કલમ–૧ ૬૪ મુજબના નીવેદનમાં સુમન નામની સ્ત્રીએ એસીડ પીવાનો જે આક્ષેપ કરેલ છે તે લગત સુમનબેનનું કોઈ નીવેદન લીધેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તે અંગે તપાસ કરેલી પરંતુ મળી આવેલ નહી.(૧ ૮૪)એ વાત ખરી છે કે, પી.એસ.આઈ. જાડેજા રૂબરૂ સાહેદ પ્રેમજીભાઈનું નીવેદન લેવામાં આવેલું અને તેમણે તેમના નીવેદનમાં જણાવેલ છે કે સને–૧૯૯૬ માં અને ૨૦૦૦ વર્ષમાં રેસ ક્રોસ ગ્રાઉન્ડ ખાતે આશારામ બાપુનો પ્રોગ્રામ હતો. તે હું કહી શકુ નહી કે,આ પ્રોગ્રામ જન્માષ્ટમીનો હતો. એ વાત ખરી છે કે, પ્રેમજીભાઈ રાજકોટના રહેવાસી છે. એ વાત ખરી નથી કે, આરોપીઓ વચ્ચે મીટીંગ ઓફ માઈન્ડ થયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલો નહી. એ વાત ખરી નથી કે, આરોપીઓ ગુનો થતા પહેલા એકત્ર થયેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલો નહી. એ વાત ખરી છેકે, તૃપ્તીબેન, રાકેશભાઈ, મહેન્દ્રભાઈ ચાવલા, ઈશ્વર નાયક, દેવેન્દ્ર પ્રજાપતિ, વર્ષાબેન ગુપ્તા, રાજુ ચાંડક અને સરોજબેન પ્રજાપતિ નાઓને આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલા અથવા તો જતા રહેલા વ્યકિતઓ છે. એ વાત ખરી છે કે, આ લોકોને આશ્રમમાંથી કેમ કાઢી મુકવામાં આવેલા તે અંગે તપાસ કરેલી નહી.(૧૮૫)એ વાત ખરી છે કે, સાહેદ તૃપ્તીબેન, રાકેશભાઈ, મહેન્દ્ર ચાવલા અને ઈશ્વર નાયકના જે નીવેદનો ડાૅ કાનન દેસાઈ સાહેબે લીધેલા તે લગત મારી તપાસ માં કોઈ પુરાવો મળી આવેલો નહી. એ વાત ખરી છેકે, મેં નં(૧) ફરીયાદી (૨) વર્ષાબેન ગુપ્તા (૩) અખિલભાઈ ગુપ્તા (૪) રાજુભાઈ ચાંડક (૫) અમૃતભાઈ પ્રજાપતિ (૬) રાહુલ સહચાંદ (૭) શેખર ગીરધારીલાલ (૮) ઈશ્વરભાઈ નાયક (૯) પારૂલબેન (ફરીયાદીના બહેન) (૧૦) સતીષ વાધવાની (૧૧) મહેન્દ્ર ચાવલા (૧૨) દેવેન્દ્ર પ્રજાપતિ (૧૩) તૃપ્તીબેન (૧

૪) રાકેશભાઈ ની કોઈ કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, મેં કોઈ તપાસ કરેલી નહી અને આશારામ બાપુ અને અન્ય આરોપીઓ વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલું.(૧૮૬)આ કામે મૌખીક સાહેદી આપવા અમો આવ્યા તે પહેલા આશરે એક મહીના પહેલા તપાસના કાગળોનો અમોએ અભ્યાસ કરેલો. એ વાત ખરી છે કે, હાલની આ સાહેદીની પ્રક્રિયામાં તપાસના કાગળોનો અભ્યાસ કરવો પડેલો. એ વાત ખરી છેકે મૌખીક સાહેદી આપવા આવી તે પહેલા કેસ ડાયરીનો અભ્યાસ કરવો પડેલો. એ વાત ખરી છેકે, ચાર્જશીટ કરતી વેડાએ સીટના તમામ સભ્યો વચ્ચે ચર્ચા વિચારણા થયેલી. એ વાત ખરી છે કે, તપાસના તમામ કાગળો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નહી.(૧૮૭)તપાસના તમામ કાગળો ચાર્જશીટ સાથે સામેલ નહી રાખવા તે સીટના તમામ સભ્યોનો નિર્ણય હતો. એ વાત ખરી છેકે, તપાસની કામગીરીનું એક સાકડીયુ બનાવવામાં આવતુ હોય છે. એ વાત ખરી  છેકે આ સાકડીયામાં અનુક્રમ નંબર, તપાસની શું કામગીરી કરી જેવી કે નીવેદન, પંચનામા, યાદી વિગેરોનો ઉલ્લેખ હોય છે. એ વાત ખરી છેકે, તપાસના તમામ કાગળોને રનીંગ પેજ નંબર આપવામાં આવેલ છે. એ વાત ખરી છેકે આ સાડકીયામાં  તપાસની શું કામગીરી કરી અને તે કામગીરી કયાં રનીંગ પેજ ઉપર છે અને નીવેદન લીધુ તે કેટલા પાના અને કયા પાના ઉપર છે તેની પણ વિગત લખેલી હોય છે.(૧ ૮૮)એ વાત ખરી છેકે,  પી.એસ.આઈ પટેલે ફરીયાદીનું જાદેનું નીવેદન લીધુ ત્યારબાદ મારે પણ ફરીયાદીનું એક નીવેદન લેવાનો પ્રસંગ બનેલ. આ મુજબનું અમોએ લીધેલ નીવેદન આશરે છ એક દીવસ અગાઉનું હતું. એ વાત ખરી છે કે, ચાર્જશીટ દાખલ થયા બાદ જારી રાખેલ તપાસ ના કામે કોઈ નવી વિગત હકીકત ખુલેલ હોય તે સંદર્ભે કોઈ રીપોર્ટ ફાઈલ કરેલ નહી. તપાસના કામે લીધેલ આશરે સૌ(૧૦૦) જેટલા નીવેદનો ચાર્જશીટ સાથે સામેલ રાખેલા નહી. આ જે ૧

૦૦ નીવેદનો માંથી આશરે ૬૦ જેટલા નીવેદન આપનાર વ્યકીતઓ સંબંધીત સમય આશ્રમમાં રહેતા હતા. (૧૮૯)એ વાત ખરી નથી કે, આ ૧૦૦ જેટલા નીવેદનો જે સામેલ નથી રાખેલા તે માંથી ખરી હકીકતે આક્ષેપી ગુનાથી તદન ખોટી અને ઉભી કરેલી વિગતો પર આધારીત છે તેવુ જણાઈ આવેલ હોવાથી તે સામેલ નહી રાખેલ.(૧૯૦)એ વાત ખરી છેકે, તપાસના કામે ફરીયાદ માં જણાવેલ ટીનાબેનને મળવાનું થયેલ. અમોએ તપાસ સંભાળી તેના આશરે બે મહીના પછી આ ટીનાબેનને મળવાનું થયેલ. એ વાત ખરી છેકે આ ટીનાબેનની પુછપરછ અમારા તથા સીટના સભ્યો દવારા કરવામાં આવેલ હતી. આ ટીનાબેનની પુછપરછ આશરે એક થી બે વખત કરવામાં આવેલી. ટીનાબેનનું અમોએ એક વખત નીવેદન લીધેલું. એ વાત ખરી છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જે આક્ષેપો કરેલા તે સંદર્ભે ટીનાબેનની પુછપરછ કરી નીવેદન લેવામાં આવેલા. એ વાત ખરી છે કે, કોઈપણ તબકકે જેવા કે નામદાર કોર્ટમાં જામીન અરજી કરતી વખતે સોંગદનામામાં, રીમાન્ડ અરજીઓમાં કે ચાર્જશીટમાં કે અન્ય કોઈ રીપોર્ટમાં આ ટીનાબેન ફરીયાદીના આક્ષેપને સમર્થન આપે છે તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમો ઈન્ડીયન પીનલ કોડ, ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડ અને ભારતીય પુરાવા અધિનીયમ એકટ ની જોગવાઈઓથી વાકેફ છીએ. એ વાત ખરી છેકે તપાસ દરમ્યાન આ ટીનાબેન વિરૂધ્ધ ઈ.પી.કો પ્રકરણ (ચેપટર) ૧૦ની જોગવાઈઓ મુજબ કોઈ ગુનો નોંધવો પડે તેવી કોઈ જરૂરીયાત કે સંજોગ ઉદભવેલ નહી. એ વાત ખરી છેકે ફરીયાદીનો એ મુજબનો આક્ષેપ કે આરોપી નં. ૨ તેઓને તથા ટીનાબેનને ગાડીમાં લઈ ગયેલા અને પરત લાવેલા તેને ટીનાબેને સમર્થન આપેલ નહી. એ વાત ખરી છેકે, ટીનાબેનની પુછપરછ બાદ અમોએ ફરીયાદીને એફએસએલમાં લઈ જવાની તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે તપાસ કરવાનું થયેલુ નથી. એ વાત ખરી નથી કે આ

મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલ ે કરેલી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૧૯૧)તપાસ સંભાળી તેના આશરે એક મહીનાની અંદર ઉમા બેનને મળવાનું થયેલ. એ વાત ખરી છેકે આ ઉમાબેનની પુછપરછ અમારે અને સીટના સભ્યો દવારા પુછપરછ કરવામાં આવેલ. ઉમાબેનના બે નીવેદનો નોંધવામાં આવેલ. ઉમાબેનના જે બે નીવેદનો નોંધવામાં આવેલ તે બંને વચ્ચેનો સમય આશરે દોઢ મહીનાનો હતો. એ વાત ખરી છેકે, આ ઉમા બેને તપાસના કામે શું વિગત જણાવી તે કોઈપણ તબકકે નામદાર કોર્ટમાં જાહેર કરવામાં આવેલી નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીના આક્ષેપો સંબંધે ઉમાબેનની પુછપરછ કરવામાં આવતા, આક્ષેપોને સમર્થન મળેલ નહી તેવુ જાહેર થયેલ. એ વાત ખરી છે કે, ઉમાબેનની પુછપરછ અને નીવેદન બાદ પણ ફરીયાદીને એફએલએલમાં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે કે નહી તે બાબતે વૈજ્ઞાનીક ઢભની તપાસ કરવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે આ મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલે કરેલી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૧૯૨) ટીનાબેન અને ઉમાબેન નાઓએ તપાસમાં શું વિગત જણાવી તે નામદાર કોર્ટમાં જાહેર ન થાય તે નિર્ણય સીટના સંયુકત સભ્યોનો હતો.(૧૯૩) એ વાત ખરી છેકે, આ ટીનાબેનની પુછપરછ અને નીવેદનમાં આક્ષેપીત દુષ્કર્મની ઘટનાને સમર્થન પ્રાપ્ત થયેલ નહી.

પ્રશ્ન– ભારતીબેને મહીલા આશ્રમથી ભોગ બનનાર તથા

ટીનાબેનને ગાડીમાં બેસાડીયા હોય તેવુ કોઈએ જોયેલુ તેવો કોઈ પુરાવો છે ?

જવાબ:– નથી.

પ્રશ્ન:– મહીલા આશ્રમથી આ ગાડી બે કીમી ના અંતરે ગયેલ હોય અને આ ગાડીમાં ભારતીબેનને અને ભોગ બનનારને સાથે બેઠેલા જોયેલ હોય તેવો કોઈ પુરાવો ?

જવાબ:– નથી.

(૧૯૪) એ વાત ખરી છેકે અમો સીઆરપીસી કલમ–૧૬૪ ની જોગવાઈથી માહીતગાર અને વાકેફગાર છીએ. અમોને ભોગ બનનાર તથા તેની બહેનનું સી. આર. પી. સી. કલમ–૧૬૪ મુજબનું નીવેદન નોંધનાર મેજીસ્ટ્રેટ સાહેબને નિવેદન નોંધ્યા બાદ મેજીસ્ટ્રેટને મળવાનું જરૂરી લાગેલ નહી. એ વાત ખરી છે કે, આ બંનેના સીઆરપીસી કલમ–૧૬૪ ના નીવેદનમાં નીવેદન લેતા પહેલા સોંગદ આપ્યા હોય તેવુ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ પહેલાથી ખબર હતી કે ફરીયાદીએ તથા તેમના કુંટુંબીજનોએ ખોટી ફરીયાદ ઉભી કરેલી છે તેથી આ નીવેદનોમાં સોંગદ નથી આપેલા તે બાબતે મેજીસ્ટ્રેટ સાહેબને મળેલા નહી.(૧૯૫) એ વાત ખરી છે કે, આરોપી ભારતી બેન લગત આંક–૧૫૨ ના પંચનામાં સીવાય તપાસના કામે અન્ય કોઈ પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ નહી. (૧૯૬) એ વાત ખરી નથી કે, આક્ષેપીત બનાવમાં જણાવેલ ગાડી અને કોડલેસ ફોનની તપાસ અમોએ એટલ ે નહી કરેલી કે અમોને પહેલાથી જ ખબર હતી જ કે ફરીયાદીએ ખોટી હકીકતો અને ઉભી કરેલી હકીકતોને આધારેના આક્ષેપો છે. તેથી આ અંતર્ગત તપાસ કરેલ નહી. એ વાત ખરી છેકે, તપાસના કામે આક્ષેપીત દુષ્કર્મના સમય બાબતેની વિસંગતતા જણાઈ આવેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે, આ વિસંગતતા બાબતે ફરીયાદીના નિવેદનમાં ખુલાસો મેળવેલ છે. એ વાત ખરી

નથી કે આ મુજબનો ખુલાસો અમો ખોટો આપેલ છે. એ વાત ખરી છે કે, આક્ષેપીત બનાવના સમયમાં વિસંગતતા જણાઈ આવતા અમોએ ફરીયાદીને એફએસએલમાં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે તે બાબતની કોઈ વૈજ્ઞાનીક તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે આ મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલે કરેલી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૧૯૭)એ વાત ખરી છે કે, સને–૧૯૯૬ના અરસામાં આરોપી ભારતીબેન જહાંગીરપુર આશ્રમ તથા સને–૧૯૯૭ ની હોળીની શીબીર માં ગયેલ હોય તેવો કોઈ પુરાવો ફલીત થતો નથી. એ વાત ખરી છેકે, ફરીયાદીની માતા અમદાવાદ આશ્રમમાં ફરીયાદીને લેવા આવેલ હોય અને તે બાબતે આરોપી નં. ૨ નાએ રોકવા સંબંધે કોઈ કૃત્ય કરેલુ હોય તેવુ પણ ચાર્જશીટના કાગળો માંથી ફલીત થતુ નથી. એ વાત ખરી છે કે, સને–૨૦૦૧ થી સને–૨૦૧૩ સુધી ફરીયાદી ગભરાયેલા હોય આઘાતમાં હોય તેવો કોઈ તબીબી નિષ્ણાંતનો પુરાવો ચાર્જશીટના કાગળોમાંથી ફલીત થતો નથી. એ વાત ખરી છેકે સને–૨૦૦૧ થી ૨૦૧૩ સુધી ફરીયાદીનું જીવન અસામાન્ય રહુ હોય તેવો કોઈ તબીબી પુરાવો અથવા અન્ય કોઈ પુરાવો ચાર્જશીટના કાગળોમાંથી ફલીત થતો નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી/ભોગ બનનારની એ મુજબની રજુઆત કે આરોપી મોટા માણસો અને અધિકારીઓ અને પોલીસ અધિકારીઓના સંપર્ક વાળા છે તે આક્ષેપના સમર્થનમાં પણ ચાર્જશીટના કાગળો ધ્યાને લેતા કોઈ પુરાવો મળી આવેલો નહી.(૧૯૮)એ વાત ખરી છે કે, મારી જાણમાં છેકે, મોબાઈલની સી. ડી. આર. કઢાવતા સંબંધીત મોબાઈલ ધારકે કોની સાથે કેટલી વાત કરી અને વાત કરનારનું સ્થળ–લોકેશન

શું હોય તેની જાણ થાય. એ વાત ખરી છેકે, ચાર્જશીટના કાગળો જોતા આ મુજબની કોઈ સીડીઆર મેળવવા કોઈ કાર્યવાહી થયેલ હોય તેવુ જણાઈ આવેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી તથા સાહેદોની કોલ ડીટેઈલ્સ મેળવવા છતાં એ વીગત નામદાર કોર્ટમાં એટલે જાહેર નથી કરી અને તે જાહેર કરી હોત તો ફરીયાદએ કરેલા તમામ આક્ષેપો દેખીતી રીતે જ ખોટા હતા તે જાહેર થઈ જાય તેમ હતું.(૧૯૯)એ વાત ખરી છે કે તપાસના કામે મારે ગુજરાત બહાર જવાનું થયેલ નહી. એ વાત ખરી છેકે, અમોએ સીટના સભ્યોના કોઈ નીવેદન તપાસ કામે લીધેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે એક પીએસઆઈ પટેલ નાઓનું નીવેદન લીધેલું. એ વાત ખરી છેકે, આ સીટના સભ્યોએ જે નીવેદન નોંધેલ તે નીવેદન નોંધવામાં આવેલ તે સંબંધે સીટના સભ્યોના કોઈ નીવેદન અમોએ નોંધેલ નહી.(૨૦૦)એ વાત ખરી છે કે, તપાસ ના કામે અમોએ એવી વિગત જાણવા મળેલી કે ભોગ બનનાર ગુજરાત રાજયમાં અનેક સ્થળોએ તથા ગુજરાત રાજય બહાર પણ અન્ય સ્થળોએ આવતા જતા હતા. એ વાત ખરી છેકે, ભોગ બનનાર આ રીતે સત્સંગ કાર્યક્રમમાં જતા હતા તે કાર્યક્રમોની વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી થતી હતી તે બાબત તપાસમાં વિગતો ખુલેલી હતી. એ વાત ખરી છે કે, આ મુજબની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી મેળવીને તે કોઈ નિષ્ણાંતને બતાવી સંબંધીત અરસામાં ભોગ બનનાર ગભરાયેલા અને આઘાત પામેલા હોય તે બાબતની કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે, આ મુજબની તપાસ કાર્યવાહી એટલા માટે કરવામાં આવેલ નહી કે અમો પહેલાથી જાણતા હતા કે ભોગ બનનાર શરૂઆતથી ઈરાદા પુર્વક ખોટી હકીકતો તપાસના કામે જણાવતા હતા. એ વાત ખરી નથી કે, અમો પહેલાથી જાણતા હતા કે ભોગ બનનારની જણાવેલ હકીકત વિગત શરૂઆતથી જ સંપુર્ણપણે ખોટી છે અને તેમ છતા ગેરકાયદેસર રીતે ભોગબનનારને મદદ કરવા યોગ્ય અને કાયદેસરની

તપાસ જરૂરી હતી તે અમોએ કરેલી નહી. એ વાત ખરી નથી કે, આ મુજબની અમોએ ખોટી અને ગેરકાયદેસરની તપાસ કરી તે જ કારણોસર ચાર્જશીટ સાથે કેસ ડાયરીની નકલ નામદાર કોર્ટમાં રજુ કરેલી નહી.(૨૦૧)એ વાત ખરી છેકે, ભોગ બનનારનું વધુ જાદેનું નીવેદન લેવા પીએસઆઈ પટેલને તજવીજ કરી તેનું કારણ કેસ ડાયરીમાં નોંધેલ હતું. એ વાત ખરી નથી કે, ભોગ બનનારે કરેલ આક્ષેપોને તપાસમાં સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તે અનુસંધાને ભોગ બનનારનું વધુ નીવેદન લેવામાં આવેલ. એ વાત ખરી  નથી કે, જાન્યુઆરી–૨૦૧૪ માં અમોએ તથા પીએસઆઈ પટેલે ભોગ બનનારની જે વધુ પુછપરછ કરેલી તેમાં કોઈ નવી વિગત જણાઈ આવેલી નહી. એ વાત ખરી છે કે, ભોગ બનનારનું અમોએ જાન્યુ–૨૦૧૪ નું નીવેદન લીધુ અને ચાર્જશીટ કર્યુ ત્યાં સુધી કોઈ નીવેદન લીધુ હોય તે ચાર્જશીટના કાગળોથી ફલીત થતુ નથી. અમોએ આ દરમ્યાન નીવેદનો લીધેલા પણ ચાર્જશીટમાં સામેલ રાખેલ નહી. આ મુજબના લેવાયેલ નીવેદનો જે હતા તે ફરીયાદીએ જણાવેલ નવી વિગતોના અનુસંધાને ના ન હતા. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ જણાવેલ નવી વિગતોમાં કોઈ વજુદ હતુ જ નહી.

પ્રશ્ન– ચાર્જશીટના કાગળો જોતા સરકાર માન્યતા પ્રાપ્ત બાંધકામ નિષ્ણાંત તથા માન્યતા પ્રાપ્ત સ્ટ્રકચર ઈજનેર હોય તેવોનો કોઈ અભિપ્રાય અને તે અભિપ્રાય કયા કારણો અને તારણોથી આપવામાં આવેલ છે ?

જવાબ:– નાયબ એસ્ટેટ ઓફીસર પશ્ચિમ ઝોન, એ. એમ. સી. નો તારીખ–૧૧/૧૧/૨૦૧૩ નો પત્ર જેમાં આશારામની શાંતી વાટીકા કુટીર ના બાંધકામની વિગતો આપવામાં આવેલી.

પ્રશ્ન:– કોઈ તારણો કે કારણો અભિપ્રાયમાં આપવામાં આવેલ તેમાં જણાવેલ નથી ?

જવાબ:- સ્થળ ચકાસણી કરતા આપેલ અભિપ્રાય જણાય છે.

(૨૦૨) એ વાત ખરી છેકે, આ જણાવેલ સ્થળ ચકાસણી માં શું સેમ્પલ લીધા અને તે સેમ્પલ કઈ પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા અને તે પ્ર યોગશાળામાં કઈ પધ્ધતિથી પરીક્ષણ થયુ તેવુ કોઈ ફલીત થતુ નથી. એ વાત ખરી છેકે, આ ડેપ્યુટી એસ્ટેટ ઓફીસરનું અભ્યાસ ભણતર શું છે તે ફલીત થતુ નથી. એ વાત ખરી છે કે, આ ડેપ્યુટી એસ્ટેટ ઓફીસર આ સંબંધીત બાબતના નિષ્ણાંત હોય અને સરકારે માન્યતા આપી હોય તેવુ ફલીત થતુ નથી. એ વાત ખરી નથી કે, અમો પહેલાથી જાણતા હતા કે આ પત્ર આપનાર નિષ્ણાંતને માન્યતા પ્રાપ્ત નથી.(૨૦૩)એ વાત ખરી છેકે ૨૦૦૭ થી ૨૦૧ ૩ સુધી (ફરીયાદ નોંધ્યા) ત્યાં સુધી ભોગબનનાર જે જે સ્થળે રહેતા અને કામકાજ કરતા તે સ્થળોની અમોએ મુલાકાત કરેલ નહી. એ વાત ખરી નથી કે આ મુજબની તપાસ કામગીરી એટલે નહી કરેલી કે આ ફરીયાદીની ફરીયાદ હકીકત ખોટી છે તેવુ પહેલાથી અમોને ખબર હતી. એ વાત ખરી છેકે, ફરીયાદીના પિતાને હીસ્ટીરીયા કે અન્ય કોઈ બિમારી હોય તેવી કોઈ વિગત દર્શાવતો દર્શાવેજી પુરાવો ચાર્જશીટના કાગળો સાથે સામેલ નથી. એ વાત ખરી નથી કે, અમો પહેલાથી જાણતા હતા કે ફરીયાદીએ આ સંબંધે જણાવેલ હકીકત પ્રથમથી જ ખોટી હતી તેથી આ બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી.(૨૦૪) એ વાત ખરી છેકે, પોલીસ ખાતાના એમપેન્લડ ફોટોગ્રાફર કે વિડીયોગ્રાફર હોય છે.

પ્રશ્ન:- તપાસના કામે એમપેન્લડ હોય તેવા કોઈ ફોટોગ્રાફર કે વિડીયોગ્ર ાફરની મદદ લેવામાં આવેલ નહી ?

જવાબ:- તપાસની શરૂઆતમાં વિડીયોગ્રાફર એમપેન્લડ ન હતા. ત્યારબાદ, સરકારી વિડીયોગ્રાફરની મદદ લેવામાં આવેલી.

(૨૦૫) ભોગ બનનારનું એક નીવેદન લેતી વેડાએ એમપેન્લડ વિડીયોગ્રાફર

રાખવામાં આવેલ ન હતા. ફરીયાદ નોંધાયા પછીનું પહેલુ નીવેદન જે આ નીવેદન છે. એ વાત ખરી નથી કે, વિડીયોગ્રાફરની પસંદગી એ ધોરણસર કરેલી કે તે વિડીયોગ્રાફર અમો ખોટી તપાસ કરીએ તેમા અમોને મદદ કરે.(૨૦૬)એ વાત ખરી છે કે, સામાન્ય રીતે અમો કોઈને પુછપરછમાં બોલાએ અને નીવેદન નોંધ્યે ત્યારે તે વ્યકિતના ઘરના સભ્યો અને માતા પિતા શું કામકાજ કરે તે નોંધતા હોય છીએ. એ વાત ખરી છેકે, વર્ષાના માતા પિતા શું કરતા હતા તે અમોએ તેણીને પુછેલું. એ વાત ખરી નથી કે, અમોએ પુછપરછ માં એ હકીકત જાણવા મળેલી કે વર્ષાના પિતા વકીલાત કરે છે. એ વાત ખરી નથી કે, આ મુજબની હકીકત જાણી જોઈને નીવેદનમાં નોંધેલ નથી.(૨૦૭) એ વાત ખરી છેકે, આરોપી ભારતીબેનના લગ્ન સને–૧૯૯૭ માં થઈ ગયેલ તે હકીકત તપાસમાં ખુલેલી. એ વાત ખરી છે કે, લગ્ન બાદ આરોપી ભારતી બેન તેમની સાસરી થલતેજમાં રહેતા હતા તે હકીકત પણ તપાસના કામે ખુલેલ હતી. એ વાત ખરી છેકે, સને–૨૦૦૫ સુધી આરોપી ભારતીબેન થલતેજ વિસ્તારમાં સાસરીમાં રહેતા હતા તે હકીકત પણ તપાસમાં ખુલેલી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આ હકીકત આરોપીએ જણાવેલ હતી. એ વાત ખરી છે કે, આરોપીએ આ મુજબની જણાવેલ હકીકત ખોટી છે તે દર્શાવતો કોઈ પુરાવો ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી.(૨૦૮) એ વાત ખરી છે કે, કોઈપણ ફોજદારી કાયદાકીય જોગવાઈ મુજબ પોલીસને આરોપીને માફી આપવાની કોઈ સત્તા નથી. એ વાત ખરી નથી કે, સીઆરપીસીની કલમ–૧૫૪(૧) મુજબ ફરીયાદની ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં નોંધણી થઈ તે વખતે અમો અમદાવાદમાં ન હતા.(૨૦૯)એ વાત ખરી નથી કે આરોપી નં. ૨ સામે તપાસના અંતે કોઈ કાયદેસરનો પુરાવો મળ્યો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે. (૨૧૦)એ વાત ખરી નથી કે, આક્ષેપીત દુષ્કર્મના બનાવ સમયે આરોપી નં. ૨

નાઓ આશ્રમમાં હતા જ નહી અને તે વિગત અને હકીકત ચાર્જશીટ સીવાયના તપાસ ના કાગળોમાંથી ફલીત થયેલ અને આથી તે કાગળો ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નહી.(૨૧૧)એ વાત ખરી છેકે, કસ્તુરીબેને તેમના નીવેદનમાં એવુ જણાવેલ નથી કે, ફરીયાદીને બે દિવસ સુધી સતત તાવ આવેલ, તેમજ ફરીયાદી ખુબ ગંભરાઈ ગયેલ હતી અને રૂમની બહાર નીકળેલ નહી. ત્યારે ઢેલ ફરીયાદી પાસે આવેલ અને કહેલ કે, '' તુજે બાપુસે જો મીલા હે વો ઉનકી મહાન કૃપા હૈ, ઉસે સંભાલ કર રખના, ઓર ખુદ સંભલ જાના'' અને ઢેલ જયારે આવી ત્યારે ફરીયાદી માટે દુધ અને સફરજન લઈને આવેલ અને ફરીયાદીને કહેલ કે બાપુને ભીજવાયા હે અને ત્યારબાદ ફરીયાદીને વકતા બનાવવાની પ્રેકટીસ શરૂ કરેલી.(૨૧૨)એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ૪૦ થી ૪૫ મહીલા આશ્રમની મહીલાઓના નીવેદન નોંધેલા. એ વાત ખરી છેકે, આ મહીલાઓના નીવેદનમાં તેમની સાથે કોઈ દુષ્કર્મ થયેલ હોય તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છેકે, મેં મહીલા આશ્રમમાં ૩ થી ૪ વખત જઈને પંચનામા કરેલા. એ વાત નથી કે ત્યાં અમોએ જઈને મહીલાઓ સાથે ખુબજ ગેરવર્તન અને દબાણ કરેલું. એ વાત ખરી છે કે, મેં મહીલા આશ્રમ તથા નારાયણ વાટીકાનું પંચનામુ કરેલુ જેની વિડીયો સીટી બનાવેલી. એ વાત ખરી છે કે, આ બંને જગ્યાએનું જે પંચનામું થયેલુ તેની વિડીયો સીડી ૬ થી ૭ મીનીટની છે. એ વાત ખરી નથી કે, મેં નામદાર કોર્ટમાં આ બંને પંચનામાની સીડી માત્ર ૬ કે ૭ મીનીટની આપેલ છે કારણ કે, અમોએ મનસ્વી રીતે એક તરફી તપાસ કરવી હતી. એ વાત ખરી છે કે, ભોગ બનનારે ફરીથી સીઆરપીસી કલમ–૧૬૪ નું નીવેદન લેવા માટે નામદાર કોર્ટમાં અરજી કરેલી હતી. એ વાત ખરી નથી કે, તેની મને પત્ર દવારા જાણ કરેલી હતી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ ફરીથી સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન ફરીથી લેવુ  તેની જાણ કરતો પત્ર ચાંદખેડા

પો.સ્ટે.ને કરેલ હતો.(૨૧૩)એ વાત ખરી છેકે, ત્યારબાદ, મેં ભોગ બનનારના વધારાના બે નીવેદન લીધેલ હતા. હું ભોગ બનનારે ફરી વખતે સીઆરપીસી કલમ–૧૬૪ નું નીવેદવ લેવા માટે જે લેખીત પત્ર લખેલો તેમજ ભોગ બનનારના વધુ બે નીવેદનો લેવામાં આવેલ તે હું રજુ કરી શકું તેમ નથી. એ વાત ખરી છેકે, ભોગ બનનારના બહેન પારૂલબેન નાઓનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવડાવેલું. એ વાત ખરી છેકે, ભોગ બનનારના બહેન પારૂલબેન નાઓનું સીઆરપીસી કલમ–૧૬૪ મુજબના નીવેદન માં એવુ જણાવેલ છે કે '' હું અહીંથી બે – ત્રણ વાર ભોગ બનનારને મળવા અમદાવાદ આશ્રમમાં ગઈ હતી, પરંતુ મને ભોગ બનનારે તેની સાથે થયેલ વ્યવહારની કયારેય કોઈ વાત કરી હતી નહી.'' એ વાત ખરી છે કે, ઉપરોકત જણાવેલ વિગતો પારૂલબેને તેણી સુરતથી આવીને ભોગ બનનારને મળેલી તે સંદર્ભેમાં કહેલ છે.(૨૧૪)એ વાત ખરી છે કે, પારૂલબેન તેઓના તા.૯/૧૦/૨૦૧૩ ના નીવેદનમાં એવુ લખાવેલ છે કે,''મારી મોટી બહેન આજથી આશરે સોળેક વર્ષ પહેલા સને–૧૯૯૭ ની સાલમાં અનુષ્ઠાનના જપ માટે અમદાવાદ મોટેરા ખાતે આવેલ સંત આશારામ બાપુના આશ્રમમાં ગયેલી અને ત્યાં આશારામ બાપુએ મારી બહેનને ૧૧ દિવસના અનુષ્ઠાનમાં હરી ઓમ મંત્રના જપ કરવાનું જણાવેલુ.(૨૧૫) એ વાત ખરી છેકે, પારૂલબેને તેઓના કોઈપણ નીવેદનમાં એવુ જણાવેલ નથી કે, '' ૨૦૦૧ માં ધ્રુવબેને ભોગ બનનારને બોલાવી શાંતિ વાટીકા લઈ ગયેલ હોય.'' એ વાત ખરી છેકે, આ સમગ્ર તપાસ દરમ્યાન મુખ્ય આશ્રમમાં આવેલ શાંતિ કુટીયાની કોઈ તપાસ મેં કે મારી સાથેના સહઅધિકારી ર્ડા. કાનન દેસાઈ એ કરેલી હોય તેવો કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી.(૨૧૬)મેં મારી તપાસ દરમ્યાન તા.૦૪/૧૦/૨૦૧૩ ના રોજ ભોગ બનનાર, તેમના પતિ તથા અન્ય લોકો સાથે જહાંગીરપુરા પો.સ્ટે.માં ગયા હોય અને બનાવ અંગેની કોઈ

ફરીયાદ કરેલી હોય તેવું તપાસમાં ખુલેલુ પરંતુ તે અંગે કોઈ માહીતી મેળવેલ નથી. એ વાત ખરી છે કે, કોગ્નીઝેબલ ગુના અંગેની જાહેરાત કોઈપણ પોલીસ રૂબરૂ જાહેરાત થાય તો તેની ફરીયાદ લેવી પડે. એ વાત ખરી છે કે, તા. ૦૪/૧૦/૨૦૧૩ ની ફરીયાદ જે ભોગ બનનાર તથા તેમના પતિ તથા અન્ય લોકોએ જહાંગીરપુરા પો.સ્ટે.માં કરવા ગયેલા તે ફરીયાદ કયા સંજોગોમાં લેવાયેલ ન હતી તેની તપાસ કરેલ નથી. એ વાત ખરી છેકે, તા. ૦૯/૧૦/૨૦૧૩ ના સાહેદ તુષાર મુન્નાભાઈ વૈશ્યનાઓના નીવેદનમાં એવુ ખુલેલ કે, તેઓ જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરીયાદ કરવા માટે ગયેલ. એ વાત ખરી નથી કે, ફરીયાદ અનુસંધાને માત્ર એકતરફી તપાસ કરવા સારું આ કેસમાં તટસ્થ રીતે તા.૦૪/૧૦/૨૦૧૩ ની ફરીયાદ અંગે સાહેદ તુષારભાઈના જાહેરાત અંગે જાણી જોઈને તપાસ કરેલ નથી.(૨૧૭) એ વાત ખરી છે કે, ભોગ બનનારે કહેવાતા બનાવ પછી તેઓને શાલીગ્રામ -૧/૨ કયા વિભાગ નજીક ઉતારેલા તે અંગે તેણીએ કોઈ સ્પષ્ટતા કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન કહેવાતા ભોગ બનનારના આક્ષેપ કે તેઓને શાલીગ્રામ બંગલોઝ ખાતે ઉતારેલા તે શાલીગ્રામ -૧ હતું કે શાલીગ્રામ- ૨ તે અંગે મે કોઈ તપાસ કરેલ નહી. એ વાત ખરી છેકે શાલીગ્રામ બંગલોઝ વાળો રોડ જાહેર રસ્તો છે. એ વાત ખરી છેકે ભોગ બનનારે શાલીગ્રામ બંગલોઝ પાસે કહેવાતા બનાવ પછી ઉતારેલ હોય તેવો કોઈ સ્વતંત્ર સાહેદ મળેલ નહી. એ વાત ખરી છેકે મારી તપાસ દરમ્યાન કહેવાતા બનાવ પછી ભોગ બનનારને શાલીગ્રામ બંગલોઝ પાસે ઉતારેલા હોય અને તેણીએ કોઈ બુમો પાડી પબ્લીકના માણસો ભેગા કરેલ હોય તેવુ તપાસ દરમ્યાન મળી આવેલ નહી. એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ પછી ભોગ બનનાર શાલીગ્રામ બંગલોઝ ઉતારયા પછી ત્યાંથી ભાગી જવાનો પ્રયત્ન કરેલ હોય કે પોલીસને ફોન કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે,

કહેવાતા બનાવ પછી તેણીને શાલીગ્રામ બંગલોઝ ઉતારયા બાદ ભોગ બનનારે પોલીસને ફોન ન કરેલ હોય, ભાગવાનો પ્રયત્ન ન કરેલો તે અંગે મેં તપાસમાં તેણીનો કોઈ ખુલાસો મેળવેલ નથી.(૨૧૮)એ વાત ખરી છે કે, મે મારી તપાસ દરમ્યાન ભારતીબેન ઈશ્વરભાઈ નાયકનું નીવેદન લીધેલું. એ વાત ખરી છેકે મારી ભારતીબેન ઈશ્વરભાઈ નાયક ની તપાસમાં એવુ ખુલેલ કે સને– ૨૦૦૪ – ૨૦૦૫ માં ગુરુપુર્ણિમા મોટેરા સત્સંગમાં આશારામના સત્સંગમાં મોટેરા બેઠા હતા ત્યારે અમારા પરીવારને માઈક ઉપર અમારૂં અપમાન કરી કહેલ કે, ઈશ્વર નાયકના પુત્ર અનંગ પરદેશથી બધી વસ્તુઓ મંગાવે છે. પૈસા આપતો નથી. જેના કારણે અનંગની પત્ની બિના તેને છોડી ચાલી જઈ અને તેઓ ફરે છે તેવી વાત કરતા, અમોને ખુબજ આઘાત લાગી ગયેલ અને અમારી શ્રધ્ધા તેના ઉપરથી નષ્ટ થઈ ગયેલ અને કોઈને કહયા વગર આશ્રમમાંથી કશુ જ લીધા વગર, ઘર બંધ કરીને વાપી જતા રહેલા.(૨૧૯) એ વાત ખરી છેકે, તા. ૦૮/૧ ૦/૨૦૧૩ સુધી ભોગ બનનારે તેણી સાથે કોઈ મોડાસા મુકામે બનાવ બનેલ હોય તેવુ જાહેર કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન કોઈપણ સ્વતંત્ર સાહેદનો પુરાવો એવો મળેલ નથી કે, ૨૦૦૫ ના અરસામાં આશારામ બાપુ, ઢેલ, બગલો, ભોગ બનનાર મોડાસા મુકામે ગયેલ હોય. એ વાત ખરી છેકે, મારી તપાસ દરમ્યાન મેં ફરીયાદ કરતા પહેલા ફરીયાદી કઈ કઈ જગ્યાએ, કયા કયા લોકોને મળેલા તે અંગે કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી નથી કે, આ ફરીયાદી નાઓએ અન્ય સાથે ષડયંત્ર રચી ખોટો કેસ કરેલ હોય જેથી આ દીશામાં મે તપાસ કરેલ નથી.(૨૨૦) એ વાત ખરી નથી કે, મેં ભોગ બનનારના તા.૮/૧૦/૨૦૧૩ ના રોજ બે નીવેદન લીધેલા અને તે બંને નીવેદનની સીડી બનાવેલ હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે, પ્ર શ્નોતરીની એક સીડી બનાવવામાં આવેલી. એ વાત ખરી નથી કે, ભોગ બનનાર

નાઓએ તેમના નીવેદનમાં ફરીયાદથી વિરૂઘ્ધ જણાવેલ હોય જેથી અમોએ તપાસ દરમ્યાન બીજી વિડીયો સીડી રજુ કરેલ નથી.(૨૨૧) આ કામે બચાવપક્ષ તરફથી આરોપી નં. ૬ તર્ફે વિ.વ.શ્રી એન.ટી.ગાંધી દવારા દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવે છે. જે બચાવપક્ષ તર્ફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટને રજુ દાખલ **આંક–૬૪૮** આપવામાં આવે છે. આ આંક–૬૪૮ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની–૬૪૮/૧ થી નિશાની–૬૪૮/૭ સુધીના દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરવામાં આવે છે. આંક –૬૪૮ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ માંથી સાહેદને નીશાની–૬૪૮/૧ થી રજુ થયેલ ચારૂબેન દયાનંદ ભાટીયા નાઓની ફરીયાદની સર્ટીફાઈડ નકલ બતાવવામાં આવે છે. એ વાત ખરી છેકે મહીલા આશ્રમની ચારૂબેન દયાનંદ ભાટીયાનાઓએ મારા વિરૂઘ્ધ એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, ગાંધીનગર મુકામે ફરીયાદ કરેલી. જે નીશાની–૬૪૮/૧ થી રજુ થયેલ ફરીયાદની પ્રમાણીત નકલ મને બતાવવામાં આવે છે. તે મારી વિરૂઘ્ધ કરેલ ફરીયાદની નકલ છે. જે ફરીયાદને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રીનાઓની સંમતિથી રજુ દાખલ **આંક– ૬૪૯** આપવામાં આવે છે. સદર આંક– ૬૪૯ વાળી ફરીયાદના પેરા નં.૪ માં મારી વિરૂઘ્ધ એવા આક્ષેપો કરેલા છે કે,'' સારી, જુવાન, ખુબસુરત અને શરીરે મજબુત સાધીકાઓને એકબાજુ લઈ જઈ બાપુ વિરૂઘ્ધ રેપની ફરીયાદો કરવા બળજબરીપુર્વક દબાણ કરે છે અને જણાવે છેકે, તમે બાપુ વિરૂઘ્ધ ફરીયાદ કરશો તો તમને હું પોલીસ પ્રોડેકશન પુરું પાડીશ અને જયારે સાધીકાઓ આવી ખોટી ફરીયાદો કરવાનું ના પાડે ત્યારે હું તમારા શરીરનું મેડીકલ ચેકઅપ કરાવીશ અને એવા સર્ટીફીકેટ લઈશ કે તમો આશ્રમમાં રહી બાપુ જોડે સેકસ એન્જોઈ કરો છો અને ગર્ભ રહેથી એબોર્સન પણ કરાવો છો, તે પ્રમાણે ધમકીઓ આપી અપમાનિત કરી સંત પુરુષ અમારા ગુરૂદેવ

જેઓને આશ્રમની સાધીકાઓ ભગવાન તુલ્ય માને છે, તેમની વિરૂધ્ધમાં ખોટી અને ગેરકાયદેસરની ફરીયાદો કરવા દબાણ કરે છે અને જણાવે છે કે તમને ખબર છે કે તમે કોઠા ઉપર રહો છો, અહી રહેવા કરતા તો ભીખ માંગીને ખાઈ લો, તમારા માટે એ વધારે સારૂ છે. આ શબ્દો બોલી સાધીકાઓને ડીમોરલાઈઝ કરી અપમાનીત કરે છે.(૨૨૨)મને નીશાની–૬૪૮/૨ વાળી ધ્રુવબેને કરેલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે આરોપી ધ્રુવબેનનાઓએ તેઓને તારીખ–૨૪/૧ ૨/૨૦૧૩ ના રોજ તેઓને ગુજારેલ માનસીક અને શારીરીક ત્રાસ વિશેની ફરીયાદ તારીખ–૨૮/૧૨/૨૦૧૩ ના રોજ કરેલી. જે સંબોધન અમોને કરેલ. જે નીશાની– ૬૪૮/૨ થી રજુ થયેલ ધ્રુવબેને કરેલ ફરીયાદને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રીનાઓની સંમતિથી રજુ દાખલ **આંક– ૬૫૦** આપવામાં આવે છે. હાલમાં મને યાદ નથી કે આ તપાસ દરમ્યાન મેં આરોપી ધ્રુવ બેનનાઓનું વિડીયો રેર્કોડીગ કરી સ્ટેટમેન્ટ નોંધેલું.(૨૨૩) એ વાત ખરી છે કે, મને નીશાની – ૬૪૮/૩ વાળા આરોપી ધ્રુવબેને કરેલ પત્ર બતાવવામાં આવે છે. જેમાં આરોપી ધ્રુવબેન નાઓએ અમોને તા.૨૮/૧૨/૨૦૧૩ ના રોજ તપાસ દરમ્યાન તેઓનું વિડીયો રેકોર્ડીગ કરી નીવેદન નોધેંલુ તે અંગેની સીડી માંગેલી. જે નીશાની–૬૪૮/૩ થી આરોપી ધ્રુવબેનનાઓ કરેલ પત્રની ઝેરોક્ષ નકલને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રીનાઓની સંમતિથી રજુ દાખલ **આંક– ૬૫૧** આપવામાં આવે છે.(૨૨૪) મને નીશાની–૬૪૮/૪ થી રજુ થયેલ રજીસ્ટર પોસ્ટ એડીની બે રીસીપ્ટ બતાવવામાં આવે છે. જે ઉપરોકત આંક–૬૫૦ અને આંક–૬૫૧ વાળા બંને પત્રો મોકલેલાની અસલ રજીસ્ટર પોસ્ટ એડીની બે રીસીપ્ટ છે. જે રજીસ્ટર પોસ્ટ એડીની બે રીસીપ્ટોને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રી નાઓની સંમતિથી સંયુકત રજુ દાખલ **આંક–૬૫૨** આપવામાં આવે છે. એ વાત ખરી નથી કે, અમોએ સીડી રેકોર્ડીંગથી આરોપી ધ્રુવ બેનનું

નીવેદન નોંધેલુ જેમાં સીડીના રેકોર્ડીગ અંદર માનસીક ત્રાસ અને દબાણ કરવામાં આવેલુ, જેથી અમોએ આવી સીડી તપાસ દરમ્યાન રજુ કરેલ નથી.(૨૨૫)એ વાત ખરી છેકે, ઉમા અને ટીનાનાઓએ ગાંધીનગર મેજીસ્ટ્રેટ કોર્ટમાં અરજી કરેલી. જેમાં તેઓના નીવેદન તેઓના રહેઠાણના સરનામે લેવા તેવો કોર્ટએ હુકમ કરેલો. ટીના અને ઉમાએ નામદાર કોર્ટમાં કરેલ અરજીઓ સંદર્ભે અમારા તરફથી જવાબ રજુ કરવામાં આવેલ. જે જવાબમાં અમોએ ખુલાસો આપેલ કે, '' તેઓએ કોઈ સાહેદોને કોઈપણ પ્રકારની ધાત ધમકી આપેલ નહી.'(૨૨૬)એ વાત ખરી છેકે, આ કેસમાં જે કોઈ પણ આરોપીઓ નામદાર કોર્ટમાં જામીન અરજી કરતા, તેઓની જામીન અરજી સંદર્ભે અમો જરૂર પડેથી એપીપીશ્રી સાથે ચર્ચા વિચારણા કરી એફીડેવીડ ફાઈલ કરતા. એ વાત ખરી છેકે જે કોઈપણ જામીન અરજી દાખલ થાય તેનો અમો અભ્યાસ કરતા. મને નીશાની–૬૪૮/૭ થી રજુ થયેલ ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૬૧૪ /૨૦૧૩ વાળી આગોતરા જામીન અરજીની સર્ટીફાઈડ નકલ બતાવવામાં આવે છે. જેમાં પેરા નં.૯ માં એવુ લખવામાં આવેલ છે કે, ‘The applicant came to know that there is some conspiracy was hatched against Sant Shri Asharamji bapu and a sting operation was conducted by one Vikram from Delhi of one Raju Chandak, who was driven out from Ashram somewhere in the year 2004. Not only that, the said Vikram Rathod was also exemiened by D.K. Trivedi commission and the copy of his deposition is produced as **Annexure - C** and transcript type copy of sting operation is **Annexure -D**’. જે આગોતરા જામીન અરજીની નકલ કોર્ટની સર્ટીફાઈડ કોપી હોઈ, જે નીશાની– ૬૪૮/૭ થી રજુ થયેલ કોર્ટની સ ર્ટીફાઈડ આગોતરા જામીન અરજીની કોપીને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રી નાઓની સંમતિથી રજુ દાખલ **આંક–૬૫૩** આપવામાં આવે છે. એ વાત ખરી

છેકે, જે વખતે આ આંક–૬૫૩ વાળી જામીન અરજી મે વંચાણે લીધેલ તે સમયે અમારા ધ્યાન ઉપર આવેલ કે, વિક્રમ રાઠોડ નાઓએ રાજુ ચાંડકનું સ્ટીંગ ઓપરેશન કરેલું. એ વાત ખરી છેકે, મારી સમગ્ર તપાસ દરમ્યાન આ વિક્રમ રાઠોડનાઓનું નીવેદન નોંધેલ નથી. એ વાત ખરી નથી કે, આ વિક્રમ રાઠોડનાઓનું નીવેદન નોંધેલ નહી કારણ કે, રાજુ ચાંડક તથા અન્ય લોકોનાઓએ ભેગા મળીને કાવતરૂં રચી ખોટા કેસ ઉભા કરવાના હતા તેવું ફલીત થતુ હતું.(૨૨૭)મને નીશાની –૬૪૮/૬ થી રજુ થયેલ ''સાંજ સમાચાર'' ના બે ન્યુઝ પેપર્સ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે જે તારીખ–૦૩/૦૯/૧૯૯૬ અને તા. ૦૪/૦૯/૧૯૯૬ ના અસલ સાંજ સમાચાર , રાજકોટનું ન્યુઝ પેપર છે. જેમાં તા.૦૩/૦૯/૧૯૯૬ ના સાંજ સમાચાર ના ન્યુઝ પેપરમાં પાના નંબર–૫ ઉપર ''રેસકોર્સ મેદાનમાં આશારામજીના સાનિધ્યમાં કાલથી સત્સંગ સમારોહ, જન્માષ્ટમી મહોત્સવ જાહેર સત્સંગ સમારોહ સ્થળે ભવ્ય આયોજન.'' તથા તા. ૦૪/૦૯/૧૯૯૬ના સાંજ સમાચાર પેપર માં પાના નં. ૪ ઉપર '' જન્માષ્ટમી મહોત્સવ જાહેર સત્સંગ સમારોહ, પુ. સંતશ્રી આશારામજી બાપુના રાજકોટ ખાતે જાહેર સત્સંગનો શુભ આરંભ: નીકળેલ શોભાયાત્રા.'' તેવા મથાળા હેઠળના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. આ બંને ન્યુઝ પેપરના સંબંધીત પાનાને ફરીયાદપક્ષના વિ.સ્પે.પી.પી.શ્રી આર.સી.કોડેકર નાઓના આંક આપવા સામે સખત વાંધો હોવાનું જાહેર કરી, સ્પે.પીપીશ્રી આર. સી. કોડેકર નાઓ જણાવે છે કે, ન્યુઝ પેપરએ દસ્તાવેજ નથી અને જે દસ્તાવેજ ન હોય, જેની કોઈ પ્રમાણભુતતા ન હોઈ, તેને આંકે પાડી શકાય નહી. ત્યારબાદ, બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી એન. ટી. ગાંધી નાઓએ જણાવેલ છે કે, આ બંને ન્યુઝ પેપરો અસલ છે જેથી તેને આંક આપવો જોઈએ. બંને પક્ષના વિધ્વાન

વકીલશ્રી નાઓની રજુઆત ધ્યાને લઈ, સદર ન્યુઝ પેપરના સંબંધીત પાનાને વાંધા સાથે રજુ કરવાની પરવાનગી આપી. તે અંગેનો નિર્ણય કેસના આખરી તબકકે કરવાની શરતે હાલ, સદર ન્યુઝ પેપરના સંબંધીત પાનાઓને TENTATIVE સંયુકત રજુ દાખલ **આંક–૬૫૪** આપવામાં આવે છે.(૨૨૮)એ વાત ખરી છે કે, અમારી સાથેના ઈન્વેસ્ટીગેશન ઓફીસરશ્રી ર્ડા. કાનન દેસાઈ નાઓએ મીરાબેનના ઘરનું પંચનામું કરતી વખતે વિડીયો રેકોડીંગ કરેલું. જે વિડીયો રેકોર્ડીંગમાં તેઓના ઘરેથી સિંધી ભાષામાં કાગળો મળી આવેલા તે દેખાતા નથી. એ વાત ખરી નથી કે આવા કોઈ કાગળો તપાસ ના કામે મળેલ નહી જેથી તે વિડીયો રેકોર્ડીંગમાં દેખાતા નથી.(૨૨૯) એ વાત ખરી છેકે, મેં મારી તપાસ દરમ્યાન આશારામ તથા તેમના સાધકો વિરૂઘ્ધ અડાલજ પો.સ્ટે.માં નોંધાયેલ ગુનાઓની માહીતી માંગેલી. એ વાત ખરી છેકે, અમોએ અમારી તપાસમાં આશ્રમના સાધકોનાઓએ કરેલ ફરીયાદો અંગેની કોઈ માહીતી મંગાવેલ નહી.(૨૩૦) મને નીશાની–૬૪૮/૫ થી રજુ થયેલ આશ્રમના સાધક દવારા કરેલ તા. ૧૦/૮/૨૦૦૮ વાળી ટાઈપ કરેલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે, જે ફરીયાદ સાથે અન્ય બીજા કુલ–૩ પેજ એમ કુલ પેજ મળીને ૪ (ચાર) પેજમાં નિશાની–૬૪૮/૫ વાળી ફરીયાદ છે. જે ફરીયાદ અડાલજ પોલીસ સ્ટેશનના પી.એસ.એ.એ રીસીવ કરેલ છે. જેને નિશાની–૬૪૮/૫ વાળી ફરીયાદને ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રી નાઓની સંમતિથી સંયુકત રજુ દાખલ **આંક– ૬૫૫** આપવામાં આવે છે. (૨૩૧)એ વાત ખરી છે કે, આંક–૫૭૭ થી રજુ થયેલ તમામ ૪ર દસ્તાવેજો અને આંક– ૬૩૬ થી રજુ થયેલ તમામ ૪ દસ્તાવેજો અમોએ નામદાર કોર્ટમાં ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, આંક–૫૭૭ તથા આંક–૬૩૬ થી રજુ કરેલ ઝેરોક્ષ નકલોને સેકન્ડરી એવીડેન્સ તરીકે નામદાર કોર્ટમાં લીડ કરવા તે અંગે નામદાર

કોર્ટનો કોઈ હુકમ લીધેલ નથી. એ વાત ખરી છે કે આંક–૫૭૭ તથા આંક–૬૩૬ માં રજુ કરેલ ઝેરોક્ષ દસ્તાવેજોના અસલ દસ્તાવેજ કયા કારણોથી મળી આવતા નથી તે અંગે કોઈ સોંગદનામુ રજુ કરેલ નથી. આંક–૫૭૮ અને ૫૭૯ મને બતાવવામાં આવે છે. એ વાત ખરી છેકે સદર દસ્તાવેજમાં અમારી કોઈ સહી નથી. એ વાત ખરી છેકે, આંક–૫૭૮ અને ૫૭૯ થી રજુ કરેલ દસ્તાવેજ મને સંબોધીને કરવામાં આવેલ નથી.(૨૩૨) એ વાત ખરી છેકે, આંક–૫૮૦ તથા ૫૮૧ આ બંને દસ્તાવેજોની કોર્ટની સર્ટીફાઈડ કોપી લેવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી.(૨૩૩) મને આંક–૫૮૨ બતાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે, આવો પત્ર મેં એટલા માટે લખેલો કારણ કે મારા જાણમાં હતુ કે તા.૪/૧૦/૨૦૧૩ ના રોજ ભોગ બનનાર તથા તેમના પરીવારજનો જહાંગીર પુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ માટે ગયેલા. (૨૩૪)આંક– ૫૮૩ વાળો પત્ર મેં પોલીસ ઈન્સ્પેકટર એ. જી. ગોહીલ નાઓને સંબોધીને લખેલો. એ વાત ખરી છે કે, આ અંગે એ.જી.ગોહીલે જહાંગીર પુરા આશ્રમની તપાસ કરી કોઈ રીપોર્ટ અમોને કરેલ નથી.(૨૩૫) એ વાત ખરી છેકે, આંક–૫૮૪ માં મારી સહી નથી.(૨૩૬)મને આંક–૫૮૬ બતાવવામાં આવે છે. તેમાં મારી સહી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મોકલનાર તરીકે મારી સહી નથી પરંતુ રીસીવર કરનાર તરીકે મારી સહી છે.(૨૩૭)મને આંક– ૫૮૭ અને ૫૮૮ બતાવવામાં આવે છે. જે આછી કોપી છે.(૨૩૮) મને આંક–૫૮૯ બતાવવામાં આવે છે. એ વાત ખરી નથી કે, શાંતી વાટીકા કયા સર્વે નંબર ઉપર બનેલુ છે તેવુ મારી તપાસમાં ખુલેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, શાંતી વાટીકા મોટેરા ગામ સર્વે નં.૪૧/૨,૩ માં આવેલ છે. એ વાત ખરી છેકે, આ સર્વે નંબર અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા તપાસ દરમ્યાન ચાર્જશીટમાં રજુ કરેલા નથી.(૨૩૯)મને આંક–૫૯૮ વાળો

દસ્તાવેજ બતાવવામાં આવે છે. એમાં મારી સહી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, રીસીવર તરીકે મારી સહી છે.(૨૪૦)મને આંક–૬૦૩ વાળા દસ્તાવેજ /એફ. આઈ.આર. બતાવવામાં આવે છે. જે એફ.આઈ.આર. ના કામે સમરી ફાઈલ થયેલ તે અંગે મને માહીતી નથી અને તે અંગે મે કોઈ તપાસ પણ કરેલી નથી.(૨૪૧)મને આંક–૬૧૧ બતાવવામાં આવે છે. જે મને સંબોધીને લખેલ નથી અને તેમાં મારી સહી નથી. (૨૪૨) એ વાત ખરી છેકે, સમગ્ર ગુનાવાળી જગ્યાની અમોએ વિડીયોગ્રાફી કરાવેલી હતી. એ વાતની મને ખબર નથી કે અમૃત પ્રજાપતિ તથા અખિલ જેઓના મે નીવેદન લીધેલ તે અંગે મારી જુબાનીમાં મે જણાવેલ છે તેઓના ખુન થઈ ગયેલ છે તે કેસોમાં હાલના કેસના આરોપી આરોપીઓ નથી.(૨૪૩)એ વાતની મને ખબર નથી કે, અમોએ તે સાહેદ રાહુલ સચાઅનનું નીવેદન મેળવેલ તેઓ ઉપર જોધપુર ખાતે જીવણેલ હુમલો થયેલ તેમાં હાલના કેસના આરોપીઓ આરોપીઓ છે કે કેમ ?. ઉપરોકત બંને કેસોમાં કોણ કોણ આરોપીઓ છે તે દીશામાં મેં કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે, ઉપરોકત કેસોમાં હાલના આરોપીઓ નાઓની કોઈપણ જગ્યાએ ભુમિકા ન હોય જેથી અમોએ તે અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી. (૨૪૪)એ વાત ખરી છેકે, વર્ષાબેન અખિલ ગુપ્તાનાઓને કોના કોના થકી જાણવા મળેલ કે, વર્ષાબેન સાથે ભોગ બનનારને વકતા બનાવવામાં આવેલ તેની સાથે આશારામ બાપુએ બળજબરી પુર્વક સંભોગ કરેલો તેવુ જાણવા મળેલ, તેવા કોઈ નામો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદ વર્ષાબેનનાઓએ તેઓના નીવેદનમાં અખિલ કયારથી આશારામના રસોયા તરીકે હતા તેવુ જણાવેલ નથી. (૨૪૫)એ વાત ખરી છેકે, સાહેદ રેખા, કિષ્નાબેન, ભાવિની, કીન્નરીબેન નાઓના નીવેદનમાં એવુ જાણવા નહી મળેલ કે ૧૦ છોકરીઓને શાંતી વાટીકા મુકામે વકતા બનાવવા માટે લઈ જવામાં

આવેલ. એ વાત ખરી છે કે, સાહેદ વર્ષાબેનનાઓનું નીવેદન વિડીયોગ્રાફીથી નોંધવામાં આવેલું.(૨૪૬) એ વાત ખરી છેકે, મારી તપાસમાં એવુ ખુલેલ કે, જીતુ બબાલ નાઓ આશારામના ડ્રાઈવર પણ હતા અને તેઓની સીકયુરીટી પણ કરતા હતા.(૨૪૭) એ વાત ખરી છેકે, તપાસના કામે ફરીયાદ માં જણાવેલ ટીનાબેનને મળવાનું થયેલ. અમોએ તપાસ સંભાળી તેના આશરે બે મહીના પછી આ ટીનાબેનને મળવાનું થયેલ. એ વાત ખરી છેકે આ ટીનાબેનની પુછપરછ અમારા તથા સીટના સભ્યો દવારા કરવામાં આવેલ હતી. આ ટીનાબેનની પુછપરછ આશરે એક થી બે વખત કરવામાં આવેલી. ટીનાબેનનું અમોએ એક વખત નીવેદન લીધેલું. એ વાત ખરી છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જે આક્ષેપો કરેલા તે સંદર્ભે ટીનાબેનની પુછપરછ કરી નીવેદન લેવામાં આવેલા. એ વાત ખરી છે કે, કોઈપણ તબકકે જેવા કે નામદાર કોર્ટમાં જામીન અરજી કરતી વખતે સોંગદનામામાં, રીમાન્ડ અરજીઓમાં કે ચાર્જશીટમાં કે અન્ય કોઈ રીપોર્ટમાં આ ટીનાબેન ફરીયાદીના આક્ષેપને સમર્થન આપે છે તેવુ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમો ઈન્ડીયન પીનલ કોડ, ક્રિમીનલ પ્રોસીઝર કોર્ડ અને ભારતીય પુરાવા અધિનીયમ એકટ ની જોગવાઈઓથી વાકેફ છીએ. એ વાત ખરી છેકે તપાસ દરમ્યાન આ ટીનાબેન વિરૂધ્ધ ઈ.પી.કો પ્રકરણ (ચેપટર) ૧૦ની જોગવાઈઓ મુજબ કોઈ ગુનો નોંધવો પડે તેવી કોઈ જરૂરીયાત કે સંજોગ ઉદભવેલ નહી. એ વાત ખરી છેકે ફરીયાદીનો એ મુજબનો આક્ષેપ કે આરોપી નં. ૨ તેઓને તથા ટીનાબેનને ગાડીમાં લઈ ગયેલા અને પરત લાવેલા તેને ટીનાબેને સમર્થન આપેલ નહી. એ વાત ખરી છેકે, ટીનાબેનની પુછપરછ બાદ અમોએ ફરીયાદીને એફએસએલમાં લઈ જવાની તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે તપાસ કરવાનું થયેલુ નથી. એ વાત ખરી નથી કે આ મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલે કરેલી

નહી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૨૪૮)તપાસ સંભાળી તેના આશરે એક મહીનાની અંદર ઉમા બેનને મળવાનું થયેલ. એ વાત ખરી છેકે આ ઉમાબેનની પુછપરછ અમારે અને સીટના સભ્યો દવારા પુછપરછ કરવામાં આવેલ. ઉમાબેનના બે નીવેદનો નોંધવામાં આવેલ. ઉમાબેનના જે બે નીવેદનો નોંધવામાં આવેલ તે બંને વચ્ચેનો સમય આશરે દોઢ મહીનાનો હતો. એ વાત ખરી છેકે, આ ઉમા બેને તપાસના કામે શું વિગત જણાવી તે કોઈપણ તબકકે નામદાર કોર્ટમાં જાહેર કરવામાં આવેલી નહી. એ વાત ખરી છે કે, ફરીયાદીના આક્ષેપો સંબંધે ઉમાબેનની પુછપરછ કરવામાં આવતા, આક્ષેપોને સમર્થન મળેલ નહી તેવુ જાહેર થયેલ. એ વાત ખરી છે કે, ઉમાબેનની પુછપરછ અને નીવેદન બાદ પણ ફરીયાદીને એફએલએલમાં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે કે નહી તે બાબતે વૈજ્ઞાનીક ઢભની તપાસ કરવામાં આવેલ નહી. એ વાત ખરી નથી કે આ મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલે કરેલી નહી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૨૪૯) એ વાત ખરી નથી કે, આક્ષેપીત બનાવમાં જણાવેલ ગાડી અને કોડલેસ ફોનની તપાસ અમોએ એટલે નહી કરેલી કે અમોને પહેલાથી જ ખબર હતી જ કે ફરીયાદીએ ખોટી હકીકતો અને ઉભી કરેલી હકીકતોને આધારેના આક્ષેપો છે. તેથી આ અંતર્ગત તપાસ કરેલ નહી. એ વાત ખરી છેકે, તપાસના કામે આક્ષેપીત દુષ્કર્મના સમય બાબતેની વિસંગતતા જણાઈ આવેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છેકે, આ વિસંગતતા બાબતે ફરીયાદીના નિવેદનમાં ખુલાસો

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

મેળવેલ છે. એ વાત ખરી નથી કે આ મુજબનો ખુલાસો અમો ખોટો આપેલ છે. એ વાત ખરી છે કે, આક્ષેપીત બનાવના સમયમાં વિસંગતતા જણાઈ આવતા અમોએ ફરીયાદીને એફએસએલમાં લઈ જવાની તજવીજ કરી તે સત્ય જણાવે છે તે બાબતની કોઈ વૈજ્ઞાનીક તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે આ મુજબની ફરીયાદીને એફએસએલમાં તજવીજ કરી વૈજ્ઞાનીક ઢભે પુછપરછ એટલે કરેલી નહી કે ફરીયાદીના જણાવેલ આક્ષેપો ખોટા અને ઉભી કરેલી હકીકતો વાળા હતા તેવુ જાહેર થતુ હોય તેમ હતુ અને અમારે ગુનો નહી બનતો હોવાનો રીપોર્ટ થતો હોય જે અમારે કરવો ન હતો.(૨૫૦) એ વાત ખરી નથી કે અમોએ સાહેદોના નીવેદન જાતે લખી નાખેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી તપાસ કરેલ છે. એ વાત ખરી નથી કે,આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.(૨૫૧)એ વાત ખરી છેકે અમોએ સાહેદ વર્ષાબેન અખિલ ગુપ્તાનાઓનું નીવેદન વિડીયો રેર્કોડીગ કરેલુ પરંતુ તે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદ વર્ષાબેન અખિલ ગુપ્તાનું નિવેદન જે વિડીયોગ્રાફી દવારા નોંધાયેલું તે વિડીયોગ્રાફી નામદાર કોર્ટમાં એટલા માટે રજુ કરેલ નથી કારણે કે તે વિડીયોગ્રાફીમાં તેઓ કોઈ આક્ષેપ કરેલ નથી અને તેમનું નીવેદન અમોએ મનસ્વીરૂપે નોંધેલ છે. (૨૫૨) એ વાત ખરી છેકે, અમોએ મહીલા આશ્રમમાં રહેતા સ્ત્રીઓના નીવેદન નોંધેલા જેમાં એવી હકીકત ખુલવા પામેલ કે, તેઓ આશ્રમમાં સ્વૈચ્છીક રીતે વગર કોઈ દબાણે રહી રહયા છે. એ વાત ખરી છે કે, આવા કોઈ નીવેદન અમોએ ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી.(૨૫૩)એ વાત ખરી નથી કે, ભોગબનનારે ફરીથી તેણીનું સી.આર.પી.સી ની કલમ-૧૬૪ નું નીવેદન નોંધવા માટે જે પત્ર લખેલ, તેમજ ત્યારબાદ તેમોએ તેણીના બે વખત નીવેદન નોંધેલ તેમાં તેવી હકીકત ખુલવા પામેલ કે, તમામ આરોપીઓ વિરૂધ્ધ કરેલ આક્ષેપીત ઘટનાઓ બનેલ જ નથી અને આ સમગ્ર કેસ

ખોટો ઉભો કરેલ છે. જેથી તે પત્ર, તેમજ તે નિવેદનો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા નથી. (૨૫૪) એ વાત ખરી નથી કે, ફરીયાદપક્ષને સમર્થન આપવા માટે સોંગદ ઉપર ખોટી જુબાની આપી છું.

**(૮૫.૨)** ઉપરોકત તપાસનીસ અધિકારીએ તેઓએ કરેલ કામગીરી અંગેની હકીકત જણાવેલ છે અને સદર સાહેદની જુબાની થકી ફરીયાદપક્ષ ફરીયાદણ યાને ભોગબનનારના તા. ૮/૧૦/૨૦૧૩ , તા. ૯/૧૦/૨૦૧૩ તથા તા. ૧૭/૧૦/૨૦૧૩ તથા તા. ૩/૧/૨૦૧૪ ના નિવેદનો નોંધેલાની હકીકત તથા (૧) સાહેદ વર્ષાબેન (૨) સાહેદ આશાબેન દીક્ષીત (૩) સાહેદ જીજ્ઞાબેન પરીખ અને (૪) સાહેદ રાજુ ચાંડકના નિવેદનની વિગત રેકર્ડ ઉપર લાવી શકેલ છે. વધુમાં સદર તપાસનીસ અધિકારીની પણ ખુબ જ વિગતવાર અને લંબાણપુર્વક તેઓએ કરેલ તપાસની કામગીરી સબબ ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમજ સદર સાહેદને તપાસ ગેરકાયદેસર હોવા અંગે વિગતવાર પ્રશ્નોતરી પણ કરવામાં આવેલ છે સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા(૧ ૫૬) માં જણાવ્યા અનુસાર **<u>આશારામ બાપુ ૨૦૦૧ ગુરૂપુર્ણિમા વખતે તેમજ તે પછી મોટેરા આશ્રમમાં હાજર હતા તે અંગેનો કોઈ જ પુરાવો મળી આવેલ નહી હોવાનું તેમજ પેરા(૧૬૨) માં ફરીયાદીને ગેરકાયદેસર ગોંધી રાખી હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનુ તેમજ પેરા (૧૬૩) માં ઈ.પી.કો.ક. ૨૦૧,૫૦૪ ,૫૦૬(૨) તથા ૩૨૩ ના આક્ષેપ લગત કોઈ પુરાવો મળી આવેલ નહી હોવાનું તેમજ પેરા નં.(૧૮૨) માં ગુનાની તપાસ દરમિયાન એફ.એસ.એલ. રીપોર્ટમાં બળાત્કાર થયો હોય તેવો પુરાવો મળી આવેલ નહી હોવાનું કબુલેલ છે</u>**.જો કે સાહેદે ઉલટતપાસના પેરા(૧૬૩) માં મૌખિક પુરાવા મળી આવેલ હોવાનું જણાવેલ છે.સદર સાહેદે તેમની ફરજના

ભાગરૂપે કરેલ તપાસની કાર્યવાહી અંગે વિસ્તૃત હકીકતો જણાવેલી છે. સદર સાહેદને આરોપીઓ પ્રત્યે કોઈ રાગધ્વેશ હોય અને તેના કારણે ખોટી તપાસ કરેલ હોય તેવુ ફલીત થતુ નથી.

(૮૬) **આ કામમાં ફરીયાદપક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાનું ઝીણવટભરી રીતે મુલ્યાંકન કરતાં સૌ પ્રથમ આ કામે અગત્યના સાહેદ એવા ભોગબનનારના** પુરાવાની આગળ પેરા નં.(૫૧) માં જે વિસ્તૃ તચર્ચા કરેલ છે તે મુજબ ફરીયાદણ યાને ભોગબનનારે તેણીની સાથે થયેલ દુષ્કર્મ બાબતેની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ હોવાના તારણ ઉપર આ અદાલત આવેલ છે ત્યારે સદર ભોગબનનારના પુરાવાને કયા સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ છે તે સબંધે જોવામાં આવે તો આ કામના ફરીયાદણ યાને ભોગ બનનારે આ ફરીયાદ નોંધાવ્યા બાદ તપાસ અધિકારી ધ્વારા ભોગબનનારને સાથે રાખીને તપાસ કરેલી છે તેમાં ભોગબનનારે તપાસ અધિકારીને ગુનાવાળી જગ્યા આરોપી નં.(૧) આશારામની શાંતિવાટીકામાં આવેલ કુટીયા વાળી જગ્યા બતાવેલ તે જગ્યા સદર્ભે ફરીયાદપક્ષ તરફથી **પંચ સાહેદ નં.૧ તરીકે આંક–૧૩૫ થી તપાસવામાં આવેલ અરવિંદભાઈ મુળજીભાઈ શ્રીમાળીનાઓએ** તેમના પુરાવા દરમિયાન આંક–૧૩૬ વાળા પંચનામાની વિગતે તેમજ આંક–૧૩૬ વાળુ પંચનામુ તેમના લખાવ્યા મુજબનું પી.આઈ. રવીયાનાઓએ લખેલુ હોવાની હકીકત જણાવેલી છે સદર પંચનામા સમયે એક એફ.એસ.એલ. સાહેદ નં.(૧૩) અમૃતલાલ વશરામભાઈ હીંગરાજીયાનો આંક–૧૯૨ વાળો પુરાવો જોતાં સદર એફ.એસ.એલ.સાહેદે પણ તેમની હાજરીમાં ભોગબનનારે ગુનાવાળી જગ્ય બતાવેલી હોવાની હકીકતને સમર્થન આપેલ

છે તે ઉપરાંત ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૨) તરીકે તપાસેલ રાહુલ મહેશભાઈ સોલંકી નો આંક-૧૮૪ થી રજુ થયેલ પુરાવો જોતાં સદર સાહેદ એક સ્વતંત્ર સાહેદ છે તેઓએ ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાની વીડીયોગ્રાફી કરેલી હોવાની હકીકત જણાવેલી છે. તપાસ કરનાર અમલદાર ડી.બી.રવિયાનાઓએ પણ તેમના આંક-૫૭૨ વાળા પુરાવામાં તપાસની સમગ્ર હકીકત જણાવેલી છે.જે જોતાં ફરીયાદણ યાને ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ છે તે હકીકતને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે.

(૮૭) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. (૨૬) તરીકે તપાસેલ રાજુભાઈ કિશનલાલ ચાંડકનો આંક-૨૪૭ થી** રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમની જુબાનીના પેરા(૨) માં જણાવેલ છે કે તેઓ સને ૧૯૮૩ થી વર્ષ ૨૦૦૨ સુધી બાપુ સાથે સર્મપિત હતા અને આશ્રમમાં જ રહેતા હતા. તેઓએ પેરા(૪) માં જણાવેલ છે કે આશ્રમમાં એક મહિલા આશ્રમ પણ આવેલ છે. મહીલા આશ્રમના સંચાલક તરીકે શરુઆતમાં આશારામ બાપુના પત્ની હતા, પદમાબેન, ભારતીબેન, ધ્રુવબેન સંભાળતા હતા. આશારામની એક ગૌશાળા રાજસ્થાન ખાતે જયપુરથી ૮૦ કી.મી. દુર ટોક જીલ્લાના ગામ નીવાઈ ખાતે આવેલ છે. વર્ષમાં એક વખત બાપુ ત્યાં આવતા હતા. તેઓ અંદર એક કુટીયા બનાવેલી તેમાં રહેતા હતા. આશારામ બાપુ સાથે તેમનો રસોઈઓ,ડ્રાયવર અને એક ગનમેન સાથે રહેતા હતા. આશારામ બાપુ ગૌશાળામાં આવેલા ત્યારે જે ઘટના બનેલી તે અંગે તેઓએ ત્રિવેદીપંચમાં સને ૨૦૦૯ માં લખાવેલી છે. તેઓએ આશારામ બાપુને તેમની કુટીયામાં કોઈ સ્ત્રી સાથે કઢંગી હાલતમાં જોયેલા. જે સ્ત્રીને તેઓ ઓળખે છે પરંતુ તેમનું નામ તેઓ આપી શકે નહી. આ ઘટના વિશે તેઓએ ત્રિવેદીપંચમાં લખાવેલ જે અંગેના સમાચાર સંદેશ પેપરમાં પ્ર

સિધ્ધ થતાં જેના કારણે તા. ૫/૧૨/૨૦૦૯ ના રોજ રાત્રે નવ વાગે તેમના ઉપર ત્રણ ગોળીબાર કરવામાં આવેલા. જેની એફ.આઈ.આર. તેઓએ સાબરમતી પોલીસ સ્ટેશને નોંધાવેલી. ઉપરોકત ઘટના ઘટી તેની જાણકારી સદર સાહેદને થઈ ગયેલ હોવા અંગે બાપુને વહેમ જતાં સદર સોહદને ગૌશાળામાં માર મારેલ. સદર સાહેદે તેમની જુબાનીના પેરા(૧૭) માં જણાવેલ છે કે આશ્રમના એક સાધક નરેશભાઈ ત્રિવેદીએ તેમને વાત કરેલી કે આશારામ બાપુએ તેમને શાસ્ત્રમા એવુ વંચાવેલુ કે જો કોઈ મોટી ઉંમરની વ્યકિત સગીરવયની છોકરી સાથે શારીરીક સબંધ કરે તો તેનું પુરૂષત્વ અને આયુષ્ય બંને વધે.આ સાહેદે પેરા (૧૮) માં જણાવેલ છે કે આશારામ બાપુનો લાલાભાઈ સિવાય બીજો પણ રસોઈઓ હતો જે મુજફ્ફરનગર, ઉત્તરપ્રદેશનો હતો

(૮૮) આ કામે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં.(૩૧) તરીકે તપાસવામાં આવેલ ઈશ્વરભાઈ નારાયણજી નાયકનાએ તેમના આંક–૩૩૯ ના** મૌખિક પુરાવાના પેરા (૧૧) માં જણાવેલ છે કે એ સિવાય તેઓએ જોયેલી ગતિવિધીઓમાં અને જાણેલી ગતિવિધીઓમાં તેમના પત્નીએ તેને જણાવ્યુ કે નારાયણની પત્નીની મોટી બહેન કોમલ ક્રિષ્નાણીને ગર્ભપાત કરાવવો પડયો. આશ્રમમાં મુખ્ય એક ગતિવિધી ઢેલ, બગલો, ધ્રુવ, ભારતી આ લોકો આશારામ માટે છોકરીઓને સપ્લાય કરવાનુ કામ કરતા હતા. ઢેલ અને બગલાની આશારામ જોડેની નીકટતામાં આશારામ જે જુવાન છોકરી ગમતી તેને કયાં તો ફ્રુટ આપે અથવા એના ઉપર ટોર્ચથી લાઈટ ફેંકે. ઢેલ અને બગલો આશારામના એ ઈશારા સમજી જતા અને આ ચારમાંથી પ્લાનીંગ કરીને તે છોકરીને શાંતિવાટીકા અથવા તો નારાયણવાટીકા પહોંચાડી દેતા. કોઈ છોકરી જો માથાભારે હોય અને દાદ ન આપે તો લક્ષ્મીબેન ઉર્ફે આશારામના પત્ની

તેને ધમકાવીને મોકલતા.સદર સાહેદે જુબાનીના પેરા નં.(૧૨)માં જણાવેલ છે કે આશ્રમમાં વ્યવસ્થિત રીતે બે વિભાગ પાડેલા. ઉંમરવાન અનુષ્ઠાન કરવા આવતી બહેનોને એક જગ્યાએ અનુષ્ઠાન કરવા દેતા જયારે જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતિવાટીકામાં મોકલવામાં આવતી. અને એમને દિવ્ય શકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભૂતિ થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતો. સદર સાહેદે જુબાનીના પેરા નં.(૧૩)માં જણાવેલ છે કે છોકરીઓ મેળવવાનો એક બીજો ઉપાય જે સાધક છોકરી આશારામને ગમતી અને જો તે રૂપાળી હોય વધુ માં તે સીંધી હોય તો આશારામ તે છોકરીને નારાયણ જોડે લગ્નની લાલચ આપી આશ્રમમાં કાયમ માટે રાખી લેતો. મારૂ પોતાનુ અનુમાન છે જે મે આશ્રમમાં જોયુ અને સાંભળ્યુ કે આશારામે અનેક અનેક છોકરીઓ જોડે દુષ્કર્મ કર્યા છે. સદર સાહેદે તેમની જુબાનીના પેરા નં.(૧૯) માં જણાવેલ છે કે આશારામે ભોગ બનનાર અને તૃપ્તીબેન જોડે દુષ્કૃત્ય કર્યુ હતુ. તૃપ્તીબેન જોડે થયેલા દુષ્કૃત્યોની માહીતી તેમને રાકેશ પટેલે આપેલી અને ભોગ બનનાર જોડે થયેલા દુષ્કૃત્યો વિશે તેમણે પાછળથી જાણેલુ.આવી ઘણી બધી છોકરીઓ સાથે આશારામે દુષ્કૃત્યો કરેલા હોવાની હકીકત જણાવેલી છે. સદર સાહેદે બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે ભોગ બનનારના કેસ અંગે તેમને કોઈ જાત માહિતી નથી. આ સાહેદને સદર કેસ બાબતે ભલે કોઈ જાત માહિતી ન હોય પરંતુ આરોપી નં.(૧) તથા તેના પુત્ર નારાયણ સાંઈને જે છોકરી પસંદ પડે તે આરોપી નં.૨,૩ તથા ૪ અને ૫ નાઓ ધ્વારા તેમની પાસે પહોંચાડવામાં આવતી હોવાની હકીકત જણાવેલી છે. તે જોતાં આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં થતી ગતિવિધિઓ આ સાહેદના પુરાવાથી ફલીત થાય છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૮૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ **નં.(૩૨) તરીકે તપાસવામાં આવેલ મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલાનાએ આંક–૩૪૫ ની સોગંદ ઉપરની** જુબાનીના પેરા (૧) માં જણાવેલ છે કે તે જયારથી આ કેસમાં સાક્ષી બનેલ છે ત્યારથી આશારામના ગુંડાઓ તરફથી તેને ધમકીઓ આપવામાં આવે છે. સદર સાહેદે જુબાનીના પેરા (૧૨) માં જણાવેલ છે કે મોટેરા આશ્રમમાં સવારે સીઝન પ્રમાણે પ્રાર્થનાના સમયે વહેલા ઉઠતા હતા અને પ્ર ાર્થનામાં જતા હતા. પ્રાર્થનામાં જવાનુ ફરજીયાત હતુ અને પ્રાર્થનામાં ન જાય તેને રાતના ભોજન મળતુ ન હતુ. આશારામનો સતસંગ થતો ત્યારબાદ પ્રસાદ વહેચવાનુ કામ થતુ. ઢેલ અને બગલો પ્રસાદ વિતરણનુ કામ સંભાળતા હતા. જો પ્રસાદ વિતરણ દરમ્યાન આશારામને કોઈ છોકરી પસંદ આવે તો તેના પર આશારામ ફળ ફેકતા હતા. જે છોકરીને ફળ વાગતુ તેથી ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરીને આશારામની કુટીયામાં મોકલવાની છે. રાતના જમ્યા બાદ આશારામ રાઉન્ડમાં નીકળતા તે વખતે બધી છોકરીઓ પર ટોર્ચનો પ્રકાશ ફેકતા હતા અને જે છોકરી તેમને પસંદ આવે તેના પર ટોર્ચથી ડીપર કરતા હતા. ત્યારે ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરી આશારામને પસંદ આવેલી છે તેને આશારામની કુટીયામાં મોકલવાની છે. ત્યારબાદ ઢેલ અને બગલો તે છોકરીને સમજાવી પટાવીને આશારામની કુટીયામાં મોકલતા હતા. સદર સાહેદે જુબાનીના પેરા (૧૪) માં જણાવેલ છે કે નિર્જલા એકાદશી વખતે હુ હરીધ્વાર ગયેલો ત્યા મારી માતા પણ આવેલા હતા તેમણે મને કહેલુ કે અંબાલાની બે છોકરીઓએ આશારામ પર દુષ્કર્મ કર્યાનો આરોપ મુકેલો છે. તેની અસર કરનાલ, પાનીપત, અંબાલા થયેલી છે અને લોકોએ આશારામનો વિરોધ કરેલો છે.સદર સાહેદે પેરા(૧૭) માં જણાવેલ છે કે મે ઓગષ્ટ–૨૦૦૫ માં આશ્રમ છોડેલુ. મે નારાયણસાઈને ઘણી વખત જુદી જુદી છોકરીઓ સાથે સંપુર્ણ નગ્ન

અવસ્થામાં શરીર સંબંધ બાંધતા જોયેલા હતા. અને આશારામના ચારીત્રય વિશે જુદા જુદા આશ્રમમાં પણ અનેક વખત સાંભળેલ હતુ અને મારી માતાએ પણ અંબાલામાં આશારામના ચારીત્રય પર આરોપ લાગેલાનુ જણાવેલ હતુ. તેથી મારૂ આશ્રમ છોડવાનુ કારણ આ બાપ–બેટાની ચારીત્રયહિનતા અને વ્યભિચારી જીવન હતુ. સદર સાહેદે પેરા(૨૦) માં એવી હકીકત જણાવેલ છે કે (૨૦)મારી જેમ અમૃત પ્રજાપતિ, દિનેશ ભાગચંદાણી, રાજુ ચાંડક ઉપર પણ આશારામના ગુંડાઓએ હુમલો કરેલો. પોલીસે સને ૨૦૧૩માં મને બોલાવી મારૂ વિગતવાર નિવેદન લીધેલુ. મને મીડીયા મારફત જાણકારી મળેલી કે આશારામ પર બીજો કેસ પણ દાખલ થયેલો છે અને મીડીયામાં મારૂ નામ આવતુ હતુ અને મે જોધપુર કેસમાં નિવેદન આપેલુ હતુ તેથી પોલીસે મને ફોન કરી આ કેસ બાબતે જે કઈ માહિતી ધરાવતા હોય તે અંગે નિવેદન આપવા મને જણાવેલુ. સદર સાહેદે તેમની જુબાનીના પેરા (૨૨) માં જણાવેલ છે કે હુ આશ્રમમાં રહેતો હતો તે દરમ્યાન આરોપી ભારતી, ઢેલ અને બગલો બીજી છોકરીઓને લઈને શાંતિકુટીયા અને શાંતિવાટીકામાં આવતા જતા હતા. અને અન્ય સ્ત્રીઓની પણ ત્યા અવર જવર રહેતી હતી. આ બાબત મે જાતે જોયેલી છે. આશ્રમમાં જગદીશ ફટફટી નામનો છોકરો રહેતો હતો જે આશારામની ગાયના ઘીથી માલીસ કરતો હતો અને તેની બહેન જશી પણ આશ્રમમાં રહેતી હતી. મને એવુ પણ જાણવા મળેલુ કે આશ્રમમાં છોકરીઓના ગર્ભપાત પણ કરાવવામાં આવતા હતા. મને એવુ પણ જાણવા મળેલુ કે અમૃત પ્રજાપતિની પત્ની સરોજબેને આશારામ વિરૂધ્ધ સને ૨૦૦૮ કે સને ૨૦૦૯માં હરીયાણાના કોઈ શહેરમાં બળાત્કારની પોલીસ ફરિયાદ કરેલી. આ સરોજબેન આશ્રમના મોબાઈલ ડીસ્પેન્સરીમાં કામ કરતા હતા. મને એવુ પણ જાણવા મળેલુ કે આરોપી ભારતી, ઢેલ અને બગલો જે છોકરીઓ અને સ્ત્રીઓને લઈને આશારામની કુટીયામાં જતા હતા ત્યા આશારામ

તે છોકરીઓ અને સ્ત્રીઓ સાથે બળાત્કાર કરતો હતો. સદર સાહેદે તેમની જુબાનીના પેરા(૨૩)માં જણાવેલ છે કે હુ આશારામના સત્સંગ અને શિબિરમાં જતો હતો ત્યાં પણ ઢેલ અને બગલો છોકરીઓને આશારામની કુટીયામાં લઈ જતી હતી અને મોડી રાતે પાછી આવતી હતી. આમ ઢેલ અને બગલો આશારામને છોકરીઓ સપ્લાય કરવાનુ કામ કરતી હતી.સદર સાહેદે સી.આર.પી.સી. ૧૬૪ મુજબનું જે નિવેદન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરનાઓ સમક્ષ લખાવેલ તે આ કામે આંક-૩૪૬ થી રજુ થયેલ છે જે વંચાણે લેતાં તેમાં પણ સત્સંગ બાદ જે પ્રસાદી વહેંચવામાં આવતી તેમાં આશારામને જે છોકરી પસંદ પડે તેના પર ફળ ફેંકતા જેથી આરોપી ઢેલ અને બગલો સમજી જતા કે બાપુને તે છોકરી પસંદ છે. સદર સાહેદને ૨૦૦૧ ની દિવાળી પહેલાં કોટા રાજસ્થાન આશ્રમનું સંચાલન કરવા મોકલી દીધેલ ત્યારે તેઓએ બાપુને ફોન કરતાં તેમનો રસોઈયો ફોન ઉપાડતો હતો લેન્ડ લાઈન અને મોબાઈલ પરથી બાપુ સાથે વાત થતી હતી. તે જયારે અમદાવાદ આવ્યો ત્યારે કેટલીય વખત રાજુભાઈ ચાદવે તેમને રાત્રે ભારતી દીદી તેમજ તેની સાથે એક છોકરી બાપુની કુટીયામાં આવેલ અને બે ત્રણ કલાક રોકાઈને જતા રહેલાની વાત જણાવેલી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદે તેમના સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદનમાં જણાવેલ છે કે બાપુના રસોઈયા તરીકે લાલો તેના પછી રોહીત, અખીલ ગુપ્તા, લોકેશ કામ કરતા હોવાની હકીકત જણાવેલી છે. જેથી બચાવપક્ષની તકરાર કે ૨૦૦૧ ના બનાવ સમયે અખીલ ગુપ્તા આરોપી નં.(૧) ની અંગત સેવામાં હતા જ નહી તે માની શકાય તેમ નથી.વધુમાં બચાવપક્ષ ધ્વારા સદર સાહેદ ગુનાહીત ઈતિહાસ ધરાવતા હોઈ તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ હકીકતો વિશ્વસનીય ન હોઈ તે ધ્યાને નહી લેવા દલીલ કરેલ છે.પરંતુ હું તે દલીલ સાથે બિલકુલ સંમત થતો નથી કારણ કે, **બચાવપક્ષ**

**તરફથી સાહેદ નં(૩) તરીકે તપાસવામાં આવેલ સેજલબેન તલ્લોલીનાઓએ** પણ ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેણીની વિરૂધ્ધ ત્રણ થી ચાર તથા તેણીના પતિ વિરૂધ્ધ ચારેક ગુનાઓ નોંધાયેલ હોવાનું સ્વીકારેલ છે. આમ બચાવપક્ષના સાહેદ સેજલબેન પણ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. આમ સદર સાહેદે પણ આડકતરી રીતે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.

(૯૦) આ કામે ફરીયાદપક્ષ તરફથી સા**હેદ નં.(૩૩) તરીકે તપાસેલ જાનકી ઉર્ફે શીલ્પી નારાયણસાઈ હરપલાનીનાઓએ તેમની આંક-૩૫૧ ની** જુબાનીના પેરા(૫)માં જણાવેલ છે કે તેમના લગ્ન નારાયણ સાઈ સાથે મધ્યપ્રદેશના રતલામ જીલ્લાના પંચેડ ગામમાં આશારામનો આશ્રમ છે ત્યાં થયેલા. તે આઠ નવ વર્ષ સુધી મહીલા આશ્રમમાં આશારામની પત્ની અને દિકરી ભારતી સાથે રહેલી છે.આ સાહેદે પેરા (૭) માં જણાવેલ છે કે તેણે આખો આશારામનો આશ્રમ જોયેલો છે. આશારામના આશ્રમમાં જે ગતિવિધિઓ ચાલતી હતી તેનાથી તે માહિતગાર છે. આશારામ દિવસ દરમ્યાન સતસંગ કરવા આશ્રમમાં આવતા હતા તે સિવાય રાત્રીના સમયે આશ્રમથી ત્રણેક કી.મી. દુર શાંતિવાટીકા આવેલી હતી ત્યા આશારામ રહેતા હતા.

(૯૧) ફરીયાદપક્ષ તરફથી સાહેદ **નં.(૩૭) તરીકે તપાસેલ તૃપ્તીબેન રાકેશભાઈ પટેલનાએ તેમની આંક-૩૭૨** વાળી જુબાની દરમિયાન ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. પરંતુ ફરીયાદપક્ષ તરફથી સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં સદર સાહેદે તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેણી મહિલા આશ્રમની સંચાલીકા પદમાબેનને મળેલી અને આશ્રમમાં જ રોકાઈ ગયેલ હતી જયાં તે સેવા સાધના

કરતી હતી તેવી હકીકત સ્વીકારેલ છે તેમજ તેણીએ પોલીસ રૂબરુના નિવેદનમાં તેણી મોટેરા આશ્રમમાં ગયેલ તે વખતે તેણીને વાતોવાતથી જાણવા મળેલ કે પદમા, વીમલા, લક્ષ્મી, સજની, વિદ્યા, વીના વિગેરે મહિલાઓ પહેલા વાસણા ખાતે એક બગલામાં રહેતી હતી. પદમાબેને તેણીને વકતા માટે સતસંગ કરવા ટ્રેઈન કરી હતી તેવી હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલ હોવાનું સ્વીકારેલ છે તેમજ તેણીએ પોલીસ રૂબરૂના નિવેદનમાં 'વર્ષા નામની છોકરી તેના પછી ટોપ ઉપર હતી ,વર્ષા પણ વકતા હતી અને સતસંગ કરતી હતી તેવી હકીકત લખાવેલી હોવાનું સ્વીકારેલ છે. સદર સાહેદે એવી હકીકત પણ સ્વીકારેલ છે કે તેણીએ તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં 'અખીલ રસોઈયો છે. તેને પણ તે દાન–દક્ષિણાના પૈસા અને હિસાબ આપતી હતી અને તે આશારામને આપતો હતો. અને કયારેક કયારેક દાન–દક્ષિણાના સતસંગના પૈસા અને હિસાબ ડાયરેકટ આશારામને તે હાથોહાથ આપતી હતી.'આમ સદર સાહેદે ઉલટ દરમિયાન સ્વીકારેલ આ હકીકતને ધ્યાને લેતાં પણ સદર સાહેદને વકતા તરીકેની ટ્રેનીંગ પદમાબેને આપેલી હોવાની અને સદર સાહેદ પણ વકતા તરીકે આરોપી નં.(૧) આશારામ જયાં મોકલે ત્યાં જતા હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ છે તેમજ આરોપી નં.(૧) આશારામનો રસોઈયો અખીલ ગુપ્તા હતો જેને સદર સાહેદ વકતા તરીકેના સત્સંગ દરમિયાન મળેલ દાન દક્ષિણા કયારેક અખીલ ગુપ્તા મારફતે આરોપી નં.(૧) આશારામને પહોંચાડવામાં આવતી અને કયારેક સદર સાહેદ હાથોહાથ આવી રકમ આરોપી નં.(૧) આશારામને આપતા હોવાની હકીકત પણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ છે.

(૯૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ **નં. (૭૫) તરીકે તપાસેલ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણલાલ પારેખનો આંક-૪૩૨ થી રજુ થયેલ** પુરાવો જોવામાં આવે તો સદર સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીના પેરા (૩) માં જણાવેલ છે કે તેણે આશારામનો મોટેરા અમદાવાદ ખાતેનો આશ્રમ જોયેલો છે. તે આ આશ્રમમાં આશરે સાત-આઠ વર્ષ રહેલો. દ આશ્રમમાં સેવાનુ કામ કરતો હતો.તેઓએ જુબાનીના (૫)માં જણાવેલ છે કે તે રસોઈ બનાવતો તે આશારામ જમી લેતા હતા. સતસંગ હોય ત્યારે આશારામ શાંતિવાટીકામાં રહેતા હતા તે સિવાયના સમયે સેવકો રહેતા હતા તેમજ સદર સાહેદે આશારામની કુટીયામાં બહેનોનો પ્રવેશ પ્રતિબંધીત હોવાનું જણાવેલ છે તેમજ પેરા(૮)માં આશારામ શાંતિવાટીકામાં હોય ત્યારે સ્ત્રી પુરૂષો મુલાકાત માટે આશ્રમની ગાડીમાં જતા હતા અને સવારનો સત્સંગ ત્યાં થતો હતો અને કુટીયાની બહાર મંડપ બનાવેલ હતો ત્યાં મુલાકાત થતી હતી.ગાડીમાં આશ્રમના સંચાલકો લઈને આવતા હતા. પુરૂષો માટે અને સ્ત્રીઓ માટે અલગ અલગ ગાડીની વ્યવસ્થા હતી. આ સાહેદની જુબાનીથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે આરોપી નં.(૧) આશારામ તેમના માથામાં ગાયના ઘી થી માલીસ કરાવતા હતા જે જોતાં ભોગ બનનારે તેણીની પાસે આરોપી નં.(૧) આશારામે બનાવ વખતે વાડકીમાં રહેલા ગાયના ઘી થી માથામાં માલીક કરવાનું કહેલ તે હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૯૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં. **(૭૬) તરીકે તપાસવામાં આવેલ સરોજ અમૃતભાઈ પ્રજાપતિનાઓએ તેમના આંક-૪૩૫ વાળા સોગંદ** ઉપરના પુરાવાના પેરા (૨) માં જણાવેલ છે કે ..હુ સને ૧૯૯૯માં

અમદાવાદ ખાતેના આશ્રમમાં ગયેલી. આશ્રમમાં ફરતુ દવાખાનુ હતુ ત્યા સેવા આપતી હતી. તે ત્યા છ–આઠ મહિના રહેલી ત્યારબાદ દિલ્હી ગયેલી. તે આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યા રાતના સમયે તેને કહેવામાં આવેલુ કે આશારામ તને ધ્યાન માટે બોલાવે છે. મને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. હુ આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલી. રાતના નવ થી દસનો સમય હતો. હુ આશ્રમના એન્ટ્રી પર પહેલા બેસેલી ત્યારબાદ મને બાથરૂમમાં લઈ ગયેલા અને મને બાથરૂમમાં બંધ કરી દીધેલી. બાથરૂમમાં અંધારૂ હતુ. મને થયેલુ કે મને આશારામ પાસે લઈ જવાના હતા અહી શા માટે લાવ્યા? તે વખતે ત્યા આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહેલુ કે આની સાથે જાઓ ત્યારબાદ લાલાભાઈ મારો હાથ પકડીને મને લઈ ગયેલા. તેઓ મને આશારામ પાસે લઈ ગયેલા. આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેમણે મારા માતા–પિતા અને ભાઈ બહેન વિશે પુછેલુ. તેમણે મને તમારે કેટલી મીલકત છે તેવુ પણ પુછેલુ. આશારામે મને ત્યા નીચે બેસી જવા કહેલુ તેથી હુ નીચે બેસી ગયેલી. હુ આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે મારા સ્તન પર હાથ ફેરવેલા. મે કહેલુ કે બાપુજી આ શુ કરો છો? તેમણે ધોતી ઢીલી કરેલી અને મને કહેલુ કે મારા ગુપ્તાંગને ચુસી લે. મે ના પાડેલી. ત્યારે આશારામે મારા વાળ પકડી જબરજસ્તીથી મારૂ મોઢુ તેમના ગુપ્તાંગને અડાવેલુ. મે કહેલુ કે બાપુ આ ગલત છે આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહી કોઈ આવશે નહી હુ કહુ તેવુ કરો. ત્યારબાદ આશારામ મને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને મને પલંગ પર ધકકો મારી પાડી દીધેલ. ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી. મે તેમના ગુપ્તાંગ પર લાત મારેલી અને ત્યાથી ભાગી ગયેલી. હુ ભાગતી હતી તે વખતે મે રસોઈયા લાલાભાઈ અને સીકયુરીટી દેવેન્દ્રભાઈને જોયેલા. તેઓએ મને જોયેલ કે નહી તેની

મને માહિતી નથી. હુ ભાગીને સીધી બહાર રોડ પર આવી ગયેલી. ત્યા એક ટ્રકવાળો ઉભેલો હતો અને બે સ્ત્રીઓ કે જેઓ મુંબઈની હતી તે ત્યા હાજર હતી. તેમની સાથે બેસીને હુ અમે જયા રોકાયેલા તે હોલ પર આવી ગયેલી. સદર સાહેદે જુબાનીના પેરા(૩) માં જણાવેલ છે કે આશારામે મારા વાળ પકડીને તેનુ ગુપ્તાંગ જબરજસ્તીથી મારા મોઢામાં નાખેલુ હતુ. સદર સાહેદની બચાવપક્ષ તરફથી જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં પેરા(૧૫) માં સદર સાહેદ તેમની જુબાનીની હકીકતને વળગી રહેલ છે. બચાવ પક્ષ તરફથી આ સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ દરમિયાન કોઈ ફળદાયી હકીકત બચાવપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી. સદર સાહેદે સી.આર.પી.સી. ૧૬૪ મુજબ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ નિવેદન આંક-૪૩૬ થી આ કામે રજુ થયેલ છે. જે વંચાણે લેતાં પણ સદર સાહેદે જે હકીકત તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી તે જ હકીકત સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ ના નિવેદનમાં જણાવેલી છે.આમ આ સાહેદની જુબાની તેમજ તેણે આપેલ સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ ના નિવેદનથી ફરીયાદપક્ષની આરોપી નં.(૧) ના ચારિત્રય બાબતેની હકીકતને પૃષ્ટિ મળેલ છે.

(૯૪) આ કામે ફરીયાદપક્ષે સાહેદ **નં.(૪૮) તરીકે તપાસેલ દેવેન્દ્રકુમાર ભવરસિંહ પ્રજાપતિનાઓએ તેમના આંક-૪૬૦ વાળા સોગંદ ઉપરના પુરાવામાં** પેરા (૪) માં જણાવેલ છે કે આશારામજી બાપુ આશ્રમમાં શાંતિ વાટીકામાં રહેતા હતા. આ શાંતિવાટીકામાં બાપુ પહેલા છોકરાઓને ત્યાર બાદ છોકરીઓને દર્શન માટે બોલાવતા હતા. જે છોકરીઓ દર્શન માટે આવતી હતી તેમાંથી આશારામજી બાપુને જે પસંદ આવે તેના તરફ ઈશારો કરતા અને તેને ફરીથી સાંજના સેવા માટે બોલાવતા. આશ્રમની સંચાલિકાઓ જેમાં ઢેલ,

મીરા, નિર્મલા કે જે લોકોને કોડવર્ડના નામથી બોલાવવામાં આવતા હતા તે આ છોકરીઓને લઈને આવતા હતા. એકાંતવાસ, મહાપ્રસાદ એવા કોડવર્ડ વાપરવામાં આવતા હતા.આમ આ સાહેદની જુબાની ધ્યાને લેતાં તેઓએ પણ આડકતરી રીતે આરોપી નં.(૧) ના ચારિત્ર્ય અંગે નિર્દેશ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે. સાહેદ સરોજબેનની અગાઉ ચર્ચા કર્યા મુજબની જુબાની જોતાં તેણીએ પણ સાહેદ દેવેન્દ્રભાઈને સીક્યોરીટી તરીકે શાંતિવાટીકાના બીજા ટેન્ટ આગળ ઉભેલા જોયેલા હોવાની હકીકત જણાવેલી છે ત્યારે આ સાહેદ દેવેન્દ્ર કુમાર પ્રજાપતિનાઓ આરોપી નં.(૧) આશારામના સિક્યોરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત ફલીત થાય છે. અને તેવા સંજોગોમાં આશારામ આશ્રમમાં થતી હરકતોથી વાકેફ હોવાનું માની શકાય તેમ છે. જેથી આ સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય છે. આ સાહેદની બચાવપક્ષ તરફથી જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેમની ગેરવર્તણૂંકના કારણે કાઢી મુકવામાં આવેલા હોવા બાબતે ઉલટ તપાસ કરવામાં આવેલી તેમાં આ સાહેદે ઈન્કાર કરેલ છે.

(૯૫) સદર કામે **સાહેદ નં. (૫૧) તરીકે તપાસવામાં આવેલ સાહેદ વર્ષા અખીલ ગુપ્તા** કે જે સાહેદ અખીલ ગુપ્તાની પત્ની થાય છે તેની આંક-૫૦૪ થી રજુ થયેલ જુબાની વંચાણે લેતાં પેરા(૩) માં જણાવેલ છે કે સને-૨૦૧૩માં ફરીયાદી યાને ભોગબનનાર સાથે જે થયેલ તે ટીવીમાં જોતા જુબાની આપવાં માટે હું ગયેલ. તે વખતે હું એ.ટી.એસ. ઓફીસ ખાતે મારા પતિ અને બંને બાળકો સાથે ૭ દીવસ માટે રોકાયેલ હતી. પોલીસે મારુ નીવેદન લીધેલ હતું. અને તે સમયે ૧૬૪ નું નીવેદન પણ લીધેલ હતું. તે જુબાની આપવાના કારણે મારા પતિની હત્યા થયેલ છે. આ સાહેદ વર્ષાબેનને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ

જાહેર કરેલા છે પરંતુ તેટલા માત્ર કારણસર આ સાહેદનો સમગ્ર પુરાવો ન માનવો જોઈએ તેવો કોઈ નિયમ નથી ફરી ગયેલા સાહેદના પુરાવાનો જેટલો ભાગ ફરીયાદપક્ષને મદદરૂપ થતો હોય તેટલો ભાગ કેસના ન્યાયીક નિર્ણય સમયે અદાલત ધ્યાને લઈ શકે છે. આમ આ સાહેદની જુબાની જોતાં તેઓને પણ ભોગ બનનાર સાથે દુષ્કર્મનો બનાવ બનેલ હોવાની હકીકત આશ્રમની બહેનો ધ્વારા જાણેલી હોવાની હકીકતને સમર્થન આપેલ છે.

(૯૬) આમ ફરીયાદપક્ષના ઉપરોકત તમામ સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં આરોપી નં.(૧) જયારે અમદાવાદ આવતા ત્યારે શાંતિવાટીકામાં આવેલ કુટીયામાં રહેતા હોવાની હકીકત તમામ સાહેદોએ સોગંદ ઉપર જાહેર કરેલ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૭) તૃપ્તીબેન રાકેશભાઈનું સી.આર.પી.સી.૧૬૪ મુજબનું નિવેદન આંક–૩૭૩ થી રજુ થયેલ છે તે વંચાણે લેતાં આ સાહેદે આરોપી નં.(૧) આશારામે તેણીને વકતા બનાવવાનું જણાવી શકિતપાતની ક્રિયા કરતા હોવાનું જણાવી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરેલ એટલે કે આરોપી નં.(૧) નાએ પોતાનું લીંગ સદર સાહેદના મોંઢામાં જબજસ્તીથી તેણીના માથાના વાળ પકડીને નંખાવેલ હોવાની તેમજ એક વર્ષ બાદ પદમા નામની સાધિકા સાથે તેણીની હાજરીમાં આરોપી નં.(૧)નાએ સેકસ કરેલ હોવાની અને સદર સાહેદને પણ પદમા નામની સાધીકા સાથે સેકસ કરતા કરતા તારે આવવુ છે તેમ જણાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે તે જ રીતે સાહેદ સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિનું આંક–૪૩૬ થી રજુ થયેલ સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન વંચાણે લેતાં સદર સાહેદની સાથે પણ આરોપી નં.(૧) આશારામે શારીરીક છેડછાડ કરેલી હોવાનું અને સુષ્ટિવિરૂધ્ધનું

કૃત્ય આચરી દુષ્કર્મનો પ્રયાસ કરતાં સદર સાહેદ ભાગીને મહીલા આશ્રમમાં પહોંચી ગયેલ ત્યાં પણ પાછળ તેની શોધખોળ આરોપી નં.(૧) રસોઈયા લાલભાઈ ધ્વારા કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ પરથી ફલીત થાય છે જે સંજોગોમાં આરોપી નં.(૧) જે છોકરી તેને પસંદ પડે તેને અનુષ્ઠાન કરવા તેમજ વકતા બનાવવાના બહાને તેમની શાંતિવાટીકામાં આવેલ કુટીયામાં યોનશોષણ કરતો હોવાની હકીકત ફરીયાદપક્ષના ઉપરોકત પુરાવા પરથી જણાઈ આવે છે. આમ આરોપી નં.(૧) ના કૃત્યોને નજર અંદાજ કરતાં તેમજ આ કામે ભોગ બનનારનો આંક–૨૭૮ થી રજુ થયેલ પુરાવો તેમજ આંક–૨૮૩ થી રજુ થયેલ સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન વંચાણે લેતાં ભોગ બનનાર સાથે આરોપી નં.(૧)નાએ દુષ્કર્મ કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી. બનાવ સમય પહેલાં સને ૨૦૦૧ માં ભુકંપ પછી સાહેદ વર્ષાબેન તથા ભોગ બનનાર કચ્છ ભુજ લોકોને સાંત્વના આપવા ગયા હતા ત્યારથી સદર સાહેદની વકતાની સેવા શરુ થઈ હતી ત્યારે તે ભોગ બનનારના સંપર્કમાં આવેલી. બાપુએ તેમને દશ છોકરીઓને વકતા બનાવવા માટે શાંતિવાટીકામાં બોલાવેલ. ભોગ બનનાર અને સદર સાહેદને બોલાવી તમને બંનેને હું વકતા બનાવીશ. હજુ તમારા ભાગ્યમાં સંસાર લખાયેલ છે. જેને મીટાવવાની વીધી મારે કરવી પડશે તેમ જણાવેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. સદર સાહેદ ભોગ બનનાર સાથે આવી ઘટના બની હોવાની વાત સાંભળેલી હોવાની તેમજ એક વાર ભોગ બનનાર ઝાડીઓની પાછળ સંતાઈ ગયેલી ત્યારે આરોપી ધ્રુવ ભોગ બનનારને શોધતા હતા અને સદર સાહેદને પણ ભોગ બનનાર કયાં છે તેવુ પુછેલ હોવાની હકીકત જણાવેલી છે ત્યારે ભોગ બનનારની જુબાનીને આ સાહેદના સી.આર.પી.૧૬૪ ના નિવેદનથી સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. તદઉપરાંત આરોપી નં.(૧) નો બનાવ

સમય દરમિયાન જે રસોઈયો અખીલ હતો કે જે ભોગ બનનારના કથન મુજબ બનાવના દિવસે આરોપી નં.(૧) ની કુટીયામાં હાજર હતો અને ટીના એકયુપેશન નામની મહીલાને પ્રથમ તેમની પાસે બોલાવેલ ત્યારે તેમના અંગત રસોઈયા અખીલને બહાર જવાની સુચના આપેલી હોવાની હકીકત સદર સાહેદ અખીલ ગુપ્તાનું આંક–૮૨૬ થી રજુ થયેલ સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદન પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.આમ બનાવ સમયે ભોગ બનનાર તેમજ સાહેદ અખીલ ગુપ્તા તેમજ આરોપી નં.(૧) ની હાજરી આરોપી શાંતિવાટીકાની કુટીયામાં સ્પષ્ટ પ્રસ્થાપિત થાય છે. સાહેદ અખીલ ગુપ્તા આ કામે મહત્વના સાહેદ છે તેમનું ખુન થઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. પરંતુ આંક–૮૨૬ વાળુ સી.આર.પી.સી.૧૬૪ નું નિવેદન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ નોંધાવેલ હોઈ તે અગત્યનો પુરાવો ગણી શકાય. આરોપી નં.(૧) આશારામે ભોગ બનનારને મહાન વકતા બનાવવા પોતે તેનો સંસાર કાપે છે તે રીતે ભ્રમણા ઉભી કરી તેણેનું જાતીય શોષણ કરેલ હોવાનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. આ બનાવ આરોપી નં.(૧) ના અમદાવાદ મોટેરા આશ્રમની અંદર આવેલ શાંતિવાટીકાની એક કુટીયામાં કે જયાં આરોપી નં.(૧) આશારામ એકલો જ રહેતો હતો તેની અંદર બનેલી છે તથા આરોપી નં.(૧) આશારામે પોતાના ધર્મગુરુના પદ તથા ભોગ બનનારની તેના પ્રત્યેની આસ્થાનો દુરપયોગ કરી તેણીનું જાતીય શોષણ કરેલ છે તેવા સંજોગોમાં બનાવના નજરે જોનાર સાહેદની અપેક્ષા રાખી શકાય નહી. ભોગ બનનારની ઉલટ તપાસ દરમ્યાન બચાવપક્ષને કોઈ મહત્વના કોન્ટ્રાડીકશન મળી આવેલ નથી.

**(૯૭)** તે જ રીતે અખીલ ગુપ્તા કે જેઓએ ભોગ બનનારને બનાવના દિવસે આરોપી નં.(૧) ની શાંતિવાટીકામાં આવેલ રૂમમાંથી બહાર નીકળતી વખતે ગભરાયેલા

અને રોયેલા હોય તેવી હાલતમાં જોયેલાની જે હકીકત જણાવેલી છે તે ન માનવા માટે કોઈ કારણ નથી કારણ કે આરોપી નં.(૧) ની શાંતિવાટીકા કે જયાં આરોપી નં.(૧) તથા તેના અંગત માણસ તરીકે રસોઈયા તથા ડ્રાયવર સિવાય અન્ય કોઈ સાધકોને ત્યાં રહેવાની પરમીશન ન હોઈ બળાત્કાર જેવા કિસ્સામાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની અપેક્ષા રાખવી તે અતિશયોકિતભર્યુ ગણાય. બચાવપક્ષની જે દલીલ છે કે શારીરીક સબંધ પછી મુખ મૈથુન કરેલ કે શારીરીક સંભોગ પહેલાં મુખ મૈથુન કરેલ તે અંગે ભોગ બનનાર ચોકકસ ન હોઈ આવો કોઈ બનાવ બનેલ નથી. પરંતુ ભોગ બનનારે ખુદ તેની સાથે બળાત્કાર થયેલાની હકીકત સોગંદ ઉપરની જુબાની તેમજ ફરીયાદ અને મેજીસ્ટ્રેટ સમક્ષના ૧૬૪ ના નિવેદનમાં જાહેર કરેલી છે જે નહી માનવા માટે કોઈ કારણ નથી. ભોગ બનનાર સાથે દુષ્કર્મનો બનાવ બન્યા બાદ એકાદ મહીના પછી ફરીથી તેણીને આરોપી નં. (૨) ભારતીબેન આરોપી નં.(૧) પાસે બપોરના સમયે લઈ ગયેલ ત્યારે આરોપી નં.(૧ ) નાએ તેણીને ઠપકો આપેલો હોવાની હકીકત પણ ભોગ બનનારે જણાવેલી છે.અને તે જ દિવસે સાંજે આશારામ આશ્રમમાં આવેલા અને ભોગ બનનાર સાથે શાંતિથી વાતો કરવા લાગેલા અને કહેલુ કે ગુરુ શિષ્ય કા સબંધ તો સમર્પણ કા હોતા હૈ તેમ કહી ભોગ બનનારને સમજાવીને થોડા સમય બાદ વકતા બનવા માટે કહીને આરોપી નં(૧) જતા રહેલા હોવાની હકીકત પણ સરતપાસના પેરા (૧ ૪) માં જણાવેલી છે. આમ ભોગ બનનારે તેની સાથે બનેલ દુષ્કર્મ અંગે જે હકીકત પોતાની ફરીયાદમાં જણાવેલ છે તે જ હકીકત તેણે અદાલત સમક્ષની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી છે અને તે જ હકીકત મેજીસ્ટ્રેટ સમક્ષ આપેલ સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ ના નિવેદનમાં પણ જણાવેલી છે જેથી તે નહી માનવાને કોઈ કારણ નથી. બચાવ પક્ષ તરફથી ભોગ બનનારની ફરીયાદ અને જુબાની દરમિયાન આવેલ નાના મોટા ઓમીશન

સબંધે તકરાર લેવામાં આવેલ છે પરંતુ હાલના ભોગ બનનાર સાથે દુષ્કર્મનો બનાવ સને ૨૦૦૧ માં બનેલ હોવાની હકીકત ભોગ બનનારે સને ૨૦૧૩ ની સાલમાં જાહેર કરેલ છે તે પણ જયારે તેણીએ આરોપી નં(૧) નો આશ્રમ છોડી દીધા બાદ અને તેણીના લગ્ન થઈ ગયા બાદ તેમજ એક સંતાનનો જન્મ આપ્યા બાદ તેણી પોતાનું ગૃહસ્થ જીવન જીવી રહેલ હતી ત્યારે હાલની ફરીયાદ આપેલ છે. સામાન્ય રીતે કોઈપણ સ્ત્રી લગ્ન અગાઉ તેની સાથે બનેલ અઘટીત ઘટનાને લગ્ન બાદ તેના પતિ સમક્ષ જાહેર કરે નહી. ભોગ બનનારે એવી પણ હકીકત જણાવેલી છે કે તેણીએ આરોપી નં.(૧) નો આશ્રમ છોડી દીધા બાદ પણ ઘણી વખત ફરીયાદ કરવાના વિચારો આવેલા પરંતુ આરોપી નં.(૧) ના આશ્રમમાં તે રહી ચુકેલી હોઈ આરોપી નં.(૧)ની મોટી વગ હોઈ અને ભોગ બનનાર તથા તેના પરિવારની જીંદગી ભયમાં હોઈ જે તે સમયે તેણીએ ફરીયાદ કરેલી નથી અને તે પણ જયારે આરોપી નં.(૧) ની સામે જોધપુર ખાતે બનેલ બનાવનો ગુનો નોંધાયેલ અને જોધપુર ખાતેના ગુનામાં આરોપી નં.(૧) ને સુપ્રિમકોર્ટ ધ્વારા જામીન ન મળતાં ભોગ બનનારને તેની સાથે બનેલ દુષ્કર્મ અંગે ફરીયાદ કરવાની હિંમત આવેલી હોવાની હકીકત ફરીયાદણએ તેની ફરીયાદમાં જણાવેલી છે.ફરીયાદપક્ષે સાહેદ નં.(૪૩) તરીકે તપાસેલ પારૂલબેન વિમલેશભાઈ ઠકકર તેમની આંક–૪૧૭ વાળી જુબાનીમાં તેમજ બચાવપક્ષ તરફે સાહેદ નં.(૩) તરીકે તપાસેલ સેજલબેનનાઓએ તેમની ઉલટતપાસમાં આરોપી નં.(૧) આશારામના આશ્રમમાં મોટા મોટા રાજકારણીઓ અને પોલીસ અમલદારો આવતા હોવાની હકીકત જણાવેલી છે. જે જોતાં પણ આરોપી નં.(૧) આશારામ મોટી હસ્તી હોઈ ભોગ બનનારે તેની સાથે ૨૦૦૧ માં બનેલા બનાવની ફરીયાદ ૨૦૧૩ માં આપેલી છે તે સંદર્ભે સંપુર્ણપણે સ્પષ્ટતા કરેલી છે.જેથી ભોગ બનનારની હકીકત નહી માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૯૮) આ કામે બચાવપક્ષ તરફથી બનાવવાળી જગ્યાના પંચનામાં ભોગ બનનારે જે રૂમનું વર્ણન ફરીયાદમાં લખાવેલ છે તેનાથી ગુનાવાળી જગ્યામાં ઘણા બધા ફેરફાર આવેલ હોવાની તકરાર લેવામાં આવેલ છે. પરંતુ ભોગ બનનાર સાથેનો દુષ્કર્મનો બનાવ સને ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના ઉત્સવ સમયે એટલે કે જુન જુલાઈ માસમાં બનેલ છે જેની ફરીયાદ ભોગ બનનાર દ્વારા તા. ૦૬/૧૦/૨૦૧૩ ના રોજ નોંધાવવામાં આવેલ છે અને બનાવવાળી જગ્યાનું આંક–૧૮૦ વાળુ પંચનામુ તા. ૧૦/૧૦/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ છે. આ કામે પંચ સાહેદ **નં.(૧૧) સિધ્ધરાજસિંહ પ્રવિણ સિંહ ચાવડાનો આંક–૧૭૮ નો સોગંદ** ઉપરનો પુરાવો જોતાં તેઓએ સરતપાસના પેરા નં(૨)માં જણાવેલ છે કે અમને આશારામના કેસમાં બનાવવાળી જગ્યા જે ચાંદખેડા પો.સ્ટે.થી ૩ કી.મી. દુર આશ્રમમાં આવેલી છે તે જગ્યાએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવા બોલાવેલા.ત્યા એક બેન હાજર હતા અને તેઓએ જગ્યા બતાવેલી. આશ્રમમાં પહોંચ્યા પછી અમે આશારામ બાપુની બેસવાની જગ્યા હતી તે જગ્યા બતાવેલી. ત્યાંથી ફરિયાદીબેનને રહેવા માટે જે રૂમ આપેલ તે જગ્યાએ બેન લઈ ગયેલા. ફરિયાદી બેન જોડે જે બનાવ બનેલો તે બનાવવાળી કુટીર બેને બતાવેલી. તે કુટીરમાં જે રૂમ હતો તે રૂમ બતાવેલો. તે રૂમમાં જે વસ્તુઓ પડેલી તે વસ્તુ બતાવેલી જેમાં એક ટીપોઈ, એક પલંગ હતો અને ઓઢવાનો બ્લેકકેટ હતો. અને ત્યાથી કુટીરમાં બહારની જગ્યાઓ પણ બતાવેલી. આમ ભોગ બનનાર સાથે જે જગ્યાએ દુષ્કર્મ થયેલ તે જગ્યા ભોગ બનનારે સદર સ્વતંત્ર સાહેદની હાજરીમાં તપાસ અધિકારીને બતાવેલ અને તેની વીડીયોગ્રાફી પણ

થયેલી હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.જે હકીકત નહી માનવા માટે કોઈ કારણ નથી.

(૯૯) તે જ રીતે ફરીયાદપક્ષ તરફથી **પંચ સાહેદ નં.(૨) તરીકે તપાસવામાં આવેલ ભરતકુમાર દશરથલાલ ત્રિવેદીનો આંક–૧૩૭ વાળો** પુરાવો વંચાણે લેતાં આરોપી નં.(૧) આશારામના શરીરસ્થિતિનું આંક–૧ ૩૮ વાળુ પંચનામુ તેમની હાજરીમાં થયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે. સદર પંચ સાહેદે તેમની સરતપાસના પેરા નં.(૩) માં જણાવેલ છે કે આરોપી આશારામે શરીરે સફેદ ઝભ્ભો, સફેદ ધોતી તથા માથે લાલ ટોપી પહેરેલ હતી તેમની શારીરીક સ્થીતી પુછતા તેમને કોઈપણ જાતની બિમારી હોવાનું તેમને જણાવેલ નથી. આમ ફરીયાદપક્ષ આંક–૧૩૮ વાળુ પંચનામુ પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૧૦૦) આ કામે ફરીયાદપક્ષ તરફથી સાહેદ **નં.(૧૪) તરીકે તપાસવામાં આવેલ તબીબી સાહેદ ડો. શૈલેષભાઈ ચેલાભાઈ પટેલનો આંક–૧૯૭** થી થયેલ મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ આંક–૧૯૮ વાળી પોલીસ યાદીના આધારે આરોપી નં.(૧) આશારામની શારીરીક તપાસણી તા. ૧૬/૧૦/૨૦૧૩ ના રોજ કરી બ્લડ, સલાઈવા, પ્યુબીક હેર, નખ વિગેરેના નમુના એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે લીધેલા હોવાની અને આરોપી નં.(૧) ની શારીરીક તપાસણી દરમિયાન તેઓએ વીર્ય અને ગ્લાન્સ વોશ અને ગુપ્ત ભાગની તપાસ માટે તૈયાર થયેલ ન હોવાનુ જણાવેલ છે.સદર સાહેદની ઉલટ તપાસ દરમિયાન આરોપી નં.(૧) કોઈ માનસીક રોગોથી પીડાતા હોય કે ડીપ્રેશનમાં હોય તેવી હોઈ હકીકત રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી.

(૧૦૧) આરોપી નં. (૧) ની શારીરીક સંભોગની ક્ષમતાની તપાસણી કરનાર **સાહેદ નં.(૧૫) ડો. ચિંતન કમલેશકુમાર સોલંકીનાઓને ફરીયાદપક્ષે આંક–૨૦૩ થી** તપાસેલ છે. આ સાહેદે તેમની સરતપાસના પેરા (૧) માં જણાવેલ છે કે તા. ૧૬/૧૦/૨૦૧૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન તેમની સમક્ષ દર્દી નામે આશારામ બાપુને તેમની હોસ્પીટલમાં માનસીક તપાસ અને શારીરીક સંભોગ અંગેની સ ક્ષમતા માટે તપાસ કરવા મોકલવામાં આવેલ અને તેઓએ આરોપી નં.(૧) ની માનસીક સ્થીતીની તપાસ કરતા તેઓ માનસીક રીતે સંપૂર્ણ સ્વસ્થ હતા તેમજ શારીરીક સંભોગ કરવાની ક્ષમતાની તપાસ કરતા તેમણે આપેલી માહીતી મુજબ તેમને કયારેય પણ હસ્તમૈથુન કરેલુ નહોતુ.સવારના સમયે પથારીમાં જયારે જાગે ત્યારે જે સ્વયમ ઉત્થાન થાય તેવુ તેમણે જોએલ નથી તેમ જણાવેલ.દર્દીને સ્વપ્ન દોષ અંગેની પુછપરછ કરતા તેઓ એ જણાવેલ કે,તેઓ નીયમીત સર્વાંગ આશન કરતા હોવાથી વીર્ય બહાર નીકળે નહી.આ તપાસને આધારે શારીરીક સંભોગ કરવાની ક્ષમતા બાબતની નીરપેક્ષ તપાસ કરવા માટે તેમને સીવીલ હોસ્પીટલ,ન્યુરોલોજી વિભાગમાં રીફર કરવામાં આવેલા.

(૧૦૨) ફરીયાદપક્ષે સાહેદ **નં.(૧૬) તરીકે તપાસેલ ડો. ઉપેન્દ્રકુમાર ગોપાલભાઈ પટેલનો આંક–૨૦૬ નો** મૌખિક પુરાવો જોતાં તા. ૧૮/૧૦/૧૩ ના રોજ સવારે ૧૧–૪૫ વાગે એસ.આઈ.ટી. અમદાવાદ (શહેર) તરફથી પો.ઈ.શ્રી ડી.બી.રાવીયાની યાદી સાથે દર્દી આશુમલ ઉર્ફે સંતશ્રી આશારામ સ/ઓ થાઉમલ સીંધી મોટેરા આશ્રમ ઉ.વ.૭૪ ને તેમની સમક્ષ મેડીકલ તપાસણી માટે લાવતાં તેઓએ એમ.એલ.સી. નં. ૩૩૫૪/૨૦૧૩ થી નોંધીને કલાક ૧૨–૨૫ વાગે આરોપી નં.(૧) ની મેડીકલ તપાસણી કરેલી તેમાં

આરોપીને ડાયાબીટીસ કે બી.પી.ની કોઈ બિમારી ન હોવાની હકીકત આ તબીબી સાહેદે જણાવેલી છે.

(૧૦૩) આ કામે ફરીયાદપક્ષ **તરફથી સાહેદ નં.(૧૮) તરીકે તપાસવામાં આવેલ ડો. હેતલબેન ચિનુભાઈ પટેલનો આંક–૨૧૭ થી** રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ આરોપી નં.(૧) ની મેડીકલ તપાસ તા. ૧૬/૧૦/૧૩ ના રોજ કરેલી છે જેમાં યુરોલોજી તપાસમાં (૧)દર્દીના દ્રિતિય જાતિય અંગો સુવિકસીત હતા. (૨)દર્દીના બાહય ગુપ્તભાગ સામાન્ય હતા. (૩)બંને બાજુના અંડકોષ એટલે કે ટેસ્ટીસ સામાન્ય હતા. (૪)પેશાબના અગ્ર ભાગે મીયેટશ સામાન્ય હતુ. (૫)બંનેબાજુ એપીડીડામીસ અને વાસ સામાન્ય હતા. (૬)તેમની ઝાડાના ભાગે તપાસ કરતા તેમનો એનલટોન સામાન્ય હતો અને રેડ હતો. તેમની વધુ તપાસ માટે વીર્યનુ એનાલીસીસ અને પેનાઈલકલર ડોપ્લરનામની તપાસ કરવા માટે જણાવ્યુ હતુ. જેમાં પેનાઈલકલરડોપ્લરની તપાસ રેડીયોલોજી ડીપાર્ટમેન્ટમાં થઈ શકે.ત્યારબાદ દર્દીને પેનાઈલકલરડોપ્લરની તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરેલ. પરંતુ દર્દીએ તે તપાસ માટે ના પાડેલ અને તેને લેખીતમાં સંમતિ આપી ન હતી. સદર તબીબી સાહેદની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં માત્ર બળજબરી પૂર્વકના સંભોગ સમયે પેનીસની સુસુપ્ત અવસ્થાની લંબાઈ અને જાગૃત અવસ્થાની લંબાઈ નોંધવા સબંધે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તે સિવાય આરોપી નં.(૧) શારીરીક સંભોગ કરવા સક્ષમ ન હતા તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવવા બચાવપક્ષ તરફથી કોઈ પ્રયાસ કરવામાં આવેલ નથી.

(૧૦૪) તે જ રીતે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં. (૧૯) તરીકે તપાસવામાં આવેલ ડો. નીકુંજભાઈ મહેશભાઈ બેન્કર નો આંક–૨૨૩ થી** રજુ થયેલ

મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવેલ તો તેમની સમક્ષ આરોપી નં.(૧) આશારામને તા. ૧૬/૧૦/૧૩ ના રોજ પેનાઈલડોપ્લરની તપાસ માટે રીફર કરવામાં આવેલ જેમાં આરોપી નં. (૧) આશારામે સદર તપાસ માટે સંમતિ આપેલી નહી. આરોપી નં.(૧) ને યુરોલોજી વિભાગના વિર્યના સેમ્પલ કલેકટ કરવા માટે પેનાઈલડોપ્લર કેસ માટે સમજણ આપતા તેઓએ તે માટે ઈન્કાર કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ છે.બચાવપક્ષ તરફથી એવી તકરાર લેવામાં આવેલ છે કે આરોપી નં.(૧) આશારામનો પેનાઈલડોપ્લર ટેસ્ટ કરવામાં આવેલ નથી જેથી પણ આરોપી શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ છે તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. પરંતુ આ કામના આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ જોધપુર મુકામે જે કેસ ચાલેલો તે કેસમાં આરોપી નં.(૧ ) આશારામનો પેનાઈલડોપ્લર ટેસ્ટ કરવામાં આવેલો હોવાની હકીકત રેકર્ડ આવેલ હોઈ બચાવપક્ષની આ દલીલ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૦૫) તેજ રીતે ફરીયાદપક્ષે **સાહેદ નં.(૨૦) તરીકે તપાસેલ ડો. કલ્પેશભાઈ કાન્તીલાલ કાપડીયાનો આંક–૨૨૮ ના પુરાવા** આધારે તા. ૧૬/૧૦/૧૩ ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે યુરોલોજી વિભાગમાં આરોપી નં.(૧) ને પ્રોટેન્સી એકઝામીનેશન અને વીર્ય કલેકશન માટે લાવવામાં આવેલા પરંતુ આરોપીના સદર રીપોર્ટ થયેલા ન હતા તેમ જણાવેલ છે આમ આરોપી નં.(૧) નાએ તબીબી સાહેદ સમક્ષ મેડીકલ તપાસમાં પણ પુરતો સહકાર આપેલ ન હોઈ આરોપી નં.(૧) શારીરીક સંભોગ કરવા માટે બનાવ સમયે સક્ષમ હતા તેવી હકીકત આડકતરી રીતે છુપાવવાનો પ્રયાસ કરવામાં આવેલ હોય તેવુ જણાય છે. **ફરીયાદપક્ષે સાહેદ નં.(૧૭) તરીકે તપાસેલ સાહેદ ડો.ક્રિપા અમરતભાઈ પટેલનો આંક–૨૧૦ વાળો**

પુરાવો જોતાં આરોપી નં.(૧) ને રીમાન્ડ સમય પુરો થયા બાદ તેમની મેડીકલ તપાસણી માટે આ તબીબી સાહેદ સમક્ષ લઈ જવામાં આવેલા તેટલી હકીકત રેકર્ડ પર આવેલ છે.

**(૧૦૬)** ફરીયાદપક્ષે સાહેદ નં. **(૨૧ )તરીકે તપાસેલ ડો. બાદલભાઈ ધીરૂભાઈ ગાંધીનો આંક-૨૩૦ નો** સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતાં તેઓએ ભોગ બનનારની શારીરીક તપાસ કરેલી ભોગ બનનારે આ તબીબી સાહેદ સમક્ષ વર્ષ ૨૦૦૧ માં આશરે જુન જુલાઈ મહીના દરમિયાન ગુરુપૂર્ણિમાના પાંચ છ દિવસ બાદ આશારામ બાપુએ તેમના રૂમમાં બોલાવી તેને ત્યાં પડેલ ઘીની વાટકીથી તેની પાસે તેના માથામાં માલીસ કરવા કહેલ હતુ. તે માલીસ કરતી હતી ત્યારે તેની જોડે શારીરીક અડપલા ચાલુ કરેલા ત્યારબાદ તેનો દુપટ્ટો તથા પાયજામો જબરજસ્તીથી તેની મરજી વિરૂધ્ધ ઉતારી દીધેલ.ત્યારબાદ આશારામ બાપુશ્રીએ તેની જોડે તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી તેની જોડે શારીરીક સંભોગ કરેલો તેટલી હકીકત રેકર્ડ પર ફલીત થાય છે.

**.(૧૦૭)** બચાવપક્ષ તરફથી એવી તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષના કેસ અન્વયે કહેવાતો બનાવ સને-૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના સમયનો છે અને કહેવાતા બનાવની સને-૨૦૧૩ માં આશરે ૧૨ વર્ષ જેટલી મોડી ફરીયાદ આપવામાં આવેલ છે. સદર કામે ફરીયાદણ/ ભોગ બનનાર સને-૨૦૦૭ માં આશ્રમ છોડી પોતાના માતા પિતાને ત્યા રહેવા જતા રહેલા. ફરીયાદ યાને ભોગ બનનારે સને-૨૦૦૧ થી ૨૦૧૩ સુધીમાં કહેવાતા બનાવની કોઈ ફરીયાદ કે અરજી સુધ્ધા પણ કરેલ નથી.એટલુ જ નહી સને-૨૦૦૧ થી ૨૦૧૩ સુધીના બનાવો સંદર્ભેની કોઈ એફીડેવીટ કે કોઈ લખાણ પણ પોતાની પાસે રાખેલ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## આશરે બાર વર્ષ જેટલા વિલંબથી ફરીયાદ આપવા સંદર્ભે ચર્ચા :

ભોગ બનનારે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે આશ્રમ છોડયા બાદ તેણીને અનેકવાર આશારામની વિરૂધ્ધ ફરીયાદ કરવાનો વિચાર આવેલો પરંતુ આશારામની મોટી વગ અને તેઓ નાના માણસ હોય ફરીયાદ કરવાની હિંમત કરેલી નહી. આશારામની ખુબ મોટી વગ હતી તેથી તેને તેમનાથી ડર લાગતો હતો. તેની સાથે તેની ફેમીલીની પણ જીંદગી ભયમાં હતી તેવી હકીકત જણાવેલી છે. તે સિવાય પણ ભોગ બનનાર જયારે ૨૦૦૭ માં આરોપી નં.(૧) આશારામનો આશ્રમ છોડી પોતાના ઘરે સુરત ગયેલા ત્યારે તેઓની બહેન પારૂલને તેની સાથે બનેલ ઘટનાની વાત કરેલી અને તે સમયે તેઓની બહેન પારૂલે પણ તેની સાથે આરોપી આશારામના પુત્ર નારાયણ સાંઈ સાથે બનેલ ઘટનાની જાણ કરેલી પરંતુ બંને બહેનોએ તેઓ સ્ત્રીઓ હોઈ અને સમાજમાં બદનામી થવાની બીકે ઘરમાં કોઈને વાત કરેલી નહી હોવાની હકીકત જણાવેલી છે. વધુમાં આરોપી નં.(૧) નો સ્વભાવ જોતાં તેમજ હાલના ગુનાની ફરીયાદ ભોગ બનનારે નોંધાવેલ તે બાદ સદર કેસના સાહેદ અમૃતભાઈ પ્રજાપતિ કે જે આરોપી આશારામનું ઔષધીય દવાખાનુ ચલાવતા હતા તેમનું તેમજ હાલના કેસના સાહેદ અખીલ ગુપ્તા કે જે આરોપી નં.(૧) આશારામના અંગત રસોઈયા તરીકે કામ કરતા હતા તેમનું આશારામના માણસો ધ્વારા ખુન કરવામાં આવેલ હોવાના તેમજ આ કેસના સાહેદ મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલાનાઓ ઉપર પણ હુમલા કરેલા હોવાના આક્ષેપ રેકર્ડ પર આવેલ છે તેવા સંજોગોમાં ભોગ બનનાર એક સામાન્ય પરિવારની સ્ત્રી હોઈ આશારામ જેવી મહાન હસ્તી સામે ફરીયાદ નોંધાવવાની હિંમત કરે નહી તે બિલકુલ માનવા લાયક હકીકત છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૧૦૮) આ ઉપરાંત ફરીયાદપક્ષ તરફથી સાહેદ **નં.(૨૮) તરીકે તપાસવામાં આવેલ સાહેદ તુષારભાઈ મુન્નાભાઈ વૈશ્યનો** આંક–૩૩૩થી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો તેમના પુરાવામાં પેરા (૧)માં જણાવેલ છે કે ફરિયાદણ મારા પત્ની છે. અમારા લગ્ન સને ૨૦૦૯માં થયેલા. અમારે લગ્ન જીવનથી એક દિકરો છે. જે હાલમાં સાત વર્ષનો છે. આશારામની જોધપુર જેલમાં ધરપકડ થયેલી તેના ત્રણ દિવસ પછી મારા પત્નીએ મને વાત કરેલી કે, ઘણી બધી છોકરીઓ સાથે આ રીતે બળાત્કાર થયેલો છે. તેમાંથી હુ પણ એક છુ અને મારી સાથે પણ આશારામે બળાત્કાર કરેલો. મે મારા પત્નીને પુછેલુ કે, તારી સાથે કઈ રીતે આ બનાવ બનેલો. ત્યારે મારા પત્નીએ મને કહેલુ કે, ૧૯૯૭ માં સુરત ખાતે જહાંગીરપુરા ખાતેના આશ્રમમાં હોળીની શીબીરમાં હુ ગયેલી ત્યારે આશારામે મને અમદાવાદ ખાતેના મોટેરા આશ્રમમાં અગીયાર દિવસના અનુષ્ઠાન કરવા માટે કહેલુ. ત્યારબાદ હુ અનુષ્ઠાન કરવા મોટેરા આશ્રમમાં ગયેલી હુ ત્યા ચુરણ બનાવવાની કામગીરી કરતી હતી. મારા પત્નીએ એવુ પણ કહેલુ કે, સને ૨૦૦૧માં ગુરુપુર્ણીમાંના દિવસે મને વકતા બનાવવા માટે આશારામે કહેલુ. મારા પત્નીએ મને એવુ પણ કહેલુ કે, આશ્રમથી ત્રણેક કી.મી. દુર શાંતિવાટીકા ફાર્મ પર મને આશારામે બોલાવેલી અને ત્યા બળજબરીથી મારી સાથે બળાત્કાર કરેલો. મારા પત્નીએ એવુ પણ કહેલુ કે આ વાત મે મારી બહેન પારૂલને કરેલી ત્યારે મારી બહેને એમ કહેલુ કે, આશારામના પુત્ર નારાયણસાઈએ પણ મારી સાથે દુષ્કર્મ કર્યુ છે. આ દુષ્કર્મ જહાંગીરપુરા ખાતે આવેલા આશ્રમમાં કરેલુ.સદર સાહેદે પેરા (૨)મા જણાવેલ છે કે મે મારા પત્નીની વાત સાંભળ્યા બાદ તેમને કહેલુ કે, આપણે પણ આ બાબતે ફરિયાદ કરવી જોઈએ. તા.૪–૧૦–૧૩ના રોજ હુ અને મારા પત્ની મારા સાળા પારૂલબેનના સુરત ખાતેના ઈ.એસ.આઈ.કવાર્ટસ પર આવેલા. હુ ત્યા મારા

સાઢુભાઈ વીમલેશભાઈને મળ્યો. મે વીમલેશભાઈને મારા પત્ની સાથે જે દુષ્કર્મ થયેલુ તેની વાત કરેલી. વીમલેશભાઈએ તેમની પત્ની સાથે જે દુષ્કર્મ થયેલુ તેની વાત મને કરેલી. ત્યારબાદ હુ, મારા પત્ની, પારૂલબેન અને તેમના પતિ અમે ચારેય જણા જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ આપવા ગયેલા. આમ આ સાહેદની જુબાની જોતાં ભોગ બનનાર તેણીના પત્ની છે તેણીના પત્નીએ આરોપી નં.(૧) આશારામની જોધપુર જેલમાં ઘરપકડ થયેલી ત્યારબાદ ભોગ બનનારે તેણી તથા ઘણી બધી છોકરીઓ સાથે આરોપી નં.(૧) નાએ દુષ્કર્મ કર્યાની જાણ કરતાં આ સાહેદે ભોગ બનનારને આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા હિંમત આપતાં ભોગ બનનારે આ ગુનાની ફરીયાદ કરેલ હોવાની હકીકત રેકર્ડ પરથી જણાઈ આવે છે. સદર સાહેદની બચાવપક્ષ તરફથી જે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદણને કયારથી ઓળખતા હોવા બાબતે , મેરેજ પહેલાં ફરીયાદણ પાસે કયો મોબાઈલ હતો તે અંગે, સદર સાહેદ સુરત ખાતે ભાડે રહેતા હતા તે અંગે તેમજ થાનગઢના સ્વામીનારાયણ મંદીર અને અને આ સાહેદના સુરત મુકામે કોઈ પોલીસવાળા ભાઈબંધ હતા તે બાબતે તેમજ આરોપી આશારામ જોધપુર જેલમાં કઈ તારીખે ગયા તેમજ ભોગ બનનારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી તે અંગે ઉલટ તપાસ કરવામાં આવેલી છે પરંતુ ફરીયાદ મોડી આપવા સબંધે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી આમ બચાવપક્ષ આ સાહેદની ઉલટ તપાસ દરમિયાન કોઈ મહત્વની ફળદાયી હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૧૦૯)** આ કામે ફરીયાદપક્ષ તરફથી **સાહેદ નં. ૩૪ તરીકે તપાસવામાં આવેલ વિમલેશકુમાર ભાઈલાલભાઈ ઠકકરનો આંક–૩૫૬ થી** રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો તેઓએ પેરા (૧) માં જણાવેલ છે કે આ કામના ફરિયાદી

મારા સાળી થાય છે. મારા પત્નીનુ નામ પારૂલ છે. મારા લગ્ન સને ૨૦૧૦માં થયેલા. સને ૨૦૧૩ માં આશારામ વિરૂધ્ધ જોધપુર કોર્ટમાં કેસ ચાલતો હતો અને તેને જામીન મળતા ન હતા તે વખતે મારા પત્નીએ મને વાત કરેલી કે આશારામના પુત્ર નારાયણસાઈએ પણ મારી સાથે દુષ્કર્મ કરેલા છે. જે સને ૨૦૦૨ના અરસામાં કરેલાનુ જણાવેલુ. મારા પત્નીએ આ કામના ફરિયાદી સાથે ફોન પર વાતચીત કરતા હતા. મારા પત્નીએ મને કહેલુ કે મારી બહેન ભોગબનનાર સાથે પણ આશારામે દુષ્કૃત્ય કરેલા છે. મે આ અંગે મારા પત્ની સિવાય બીજા કોઈ સાથે વાત કરેલી નથી. મે મારા પત્નીને હિમંત આપેલ કે આપણે ફરિયાદ દાખલ કરાવવી જોઈએ. ત્યારબાદ આ કામના ફરિયાદી અને તેમના પતિ સુરત મારા ઘરે આવેલા. મે અને મારા સાઢુભાઈએ મારા પત્ની અને આ કામના ફરિયાદીને સમજાવેલા કે આપણે એફ.આઈ.આર. દાખલ કરાવવી જોઈએ. આ સાહેદે પેરા (૨)માં જણાવેલ છે કે ત્યારબાદ અમે સુરત પોલીસ કમિશનરશ્રીની ઓફીસમાં તા.૬–૧૦–૧૩ ના રોજ ગયેલા. અમે ત્યા ડી.સી.પી. શોભાબેન ભુતડાને મળેલા. ત્યા મારા પત્નીએ તથા મારી સાળીએ પોલીસ ફરિયાદ આપેલી.આમ સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદને સને ૨૦૧૩ માં આશારામ વિરૂધ્ધ જોધપુર કોર્ટમાં કેસ ચાલતો હતો અને તેને જામીન મળતા ન હતા તે વખતે તેના પત્ની એટલે કે આ કામના સાહેદ પારૂલબેને તેમને આશારામના પુત્ર નારાયણસાઈએ તેણીની સાથે સને ૨૦૦૨ માં દુષ્કર્મ કરેલાની વાત કરેલી તેમજ ભોગ બનનાર સાથે પણ આશારામે દુષ્કૃત્ય કરેલા હોવાની હકીકત જણાવતાં આ સાહેદે તેમના પત્નીને આરોપીઓ સામે ફરીયાદ કરવાની હિંમત આપેલી અને ત્યારબાદ ભોગ બનનાર તથા તેમના પતિ સુરત આવતાં તેમની સાાથે વાતચીત કરીને આ કામની ફરીયાદ આપેલી હોવાની હકીકત રેકર્ડ પરથી ફલિત થાય છે. સદર સાહેદ આ કામના

આરોપીઓને પહેલેથી ઓળખતા હોય કે આરોપીઓ સાથે આ સાહેદને કોઈ રાગધ્વેશ હોય જેના કારણે આરોપીઓ વિરૂધ્ધ ખોટો પુરાવો આપતા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેઓએ જુબાનીમાં સ્પષ્ટ જણાવેલ છે કે માત્ર આશારામના ફોટા જોયેલા છે જેથી તેમને ઓળખે છે તેમ જણાવતાં સદર સાહેદને ચાર્જશીટમાંના ફોટા બતાવતાં માત્ર આરોપી નં.(૧) ને આશારામ તરીકે ઓળખી બતાવેલ છે બાકીના આરોપીઓને ઓળખતા નહી હોવાનું જણાવેલ છે ત્યારે આ સાહેદને આરોપીઓ વિરૂધ્ધ ખોટી જુબાની આપવા માટે કોઈ કારણ જણાતુ નથી. સદર સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે સને ૨૦૧૩ પહેલા તેમના પત્ની કે તેમના સાળીએ તેઓની સાથે દુષ્કર્મ થયુ હોય તેવી કોઈ હકીકત તેમને જણાવેલ ન હતી. આમ ફરીયાદણના પુરાવા મુજબ તેણી આરોપી નં.(૧)આશારામનો આશ્રમ છોડીને સુરત મુકામે ગયેલા ત્યાં તેની બહેન પારૂલ સાથે દુષ્કર્મના બનાવ સબંધે ચર્ચા થયેલી ત્યારે ભોગ બનનાર તેમજ તેમની બહેને આ વાત કોઈને નહી કહેવાનું નકકી કરેલ હોઈ સાહેદોએ આ દુષ્કર્મના બનાવની વાત સદર સાહેદને કરેલ નહી હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૧૧૦) આ કામે ફરીયાદપક્ષે સાહેદ **નં.(૪૩) તરીકે તપાસવામાં આવેલ પારૂલબેન વિમલેશકુમાર ઠકકરે** તેમના આંક-૪૧૭ ના પુરાવામાં પેરા (૩) માં જણાવેલ છે કે સને ૨૦૦૭માં ભોગબનનાર આશ્રમ છોડીને ઘરે આવી ગયેલી. ત્યારબાદ મારી બહેને મને આશ્રમમાં આશારામે તેની સાથે જે દુષ્કર્મો કરેલા તેની વાત કરેલી. મે પણ મારી સાથે જે કાઈ થયેલુ તેની વાત મારી બહેનને કરેલી. સદર સાહેદે પેરા (૮) માં જણાવેલ છે કે જોધપુરની એક છોકરીએ આશારામ પર કેસ કરેલો ત્યારે પણ લાગેલુ કે આ લોકોને કોઈ પકડી શકશે નહી. ત્યારબાદ પોલીસે

તેમને પકડેલા ત્યારે લાગેલુ કે આ લોકો છુટી જશે. પરંતુ સેશન્સ કોર્ટે અને હાઈકોર્ટે આશારામને જામીન આપેલા નહી તેથી અમને લાગેલુ કે આપણે પણ હિંમત કરી આગળ આવવુ જોઈએ. જેથી અમે અમારા પતિને વાત કરેલી. અમારા પતિએ વાત સાંભળી તમારે પણ હિંમત કરી તમારી સાથે જે બનાવ બનેલ છે તે જણાવી કેસ કરવો જોઈએ તેવુ કહેલુ. મારી સાથે અને મારી ભોગબનનાર બહેન સાથે તથા બીજી અનેક છોકરીઓ સાથે આશારામ અને તેના છોકરાએ ખરાબ કાર્ય કરેલા છે. ત્યારબાદ મારી બહેને આશારામ વિરૂધ્ધ ફરિયાદ આપેલી.આમ આ સાહેદની જુબાની જોતાં પણ તેણીને ભોગ બનનાર સાથે થયેલ દુષ્કર્મની જાણ તેની ભોગ બનનાર બહેન ૨૦૦૭ માં પોતાના ઘરે આવેલી ત્યારે વાત કરેલી હોવાની હકીકત જણાવેલી છે. સદર સાહેદ એમ પણ જણાવેલ છે કે જોધપુરની છોકરીએ આશારામ પર કેસ કરેલો ત્યારે તેમને આરોપીઓને કોઈ પકડી શકશે નહી તેમ લાગેલુ પરંતુ આરોપી આશારામના સેશન્સ કોર્ટ તેમજ હાઈકોર્ટે જામીન ન આપતાં તેમને પણ તેમની સાથે બનેલની ફરીયાદ આપવા હિંમત કરી આગળ આવવુ જોઈએ તેવુ લાગતાં સદર સાહેદ આરોપી નં.(૧) ના પુત્ર નારાયણસાંઈ સામે તથા ભોગ બનનારે આ કામના આરોપીઓ સામે ફરીયાદ કરવાની હિંમત કરેલ તેમ જણાવ્યુ છે અને તે જોતાં ભોગ બનનારે પોતાની ફરીયાદ હકીકતમાં તથા જુબાની દરમ્યાન ખુલાસો કરેલ છે તે ખુલાસો યોગ્ય ખુલાસો નથી તેવી રજુઆત ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી.

**(૧૧૧)** સદર કામે ફરીયાદણ યાને ભોગબનનાર આરોપી નં.(૧) ના મહીલા આશ્રમમાં રહેતી હોવાની હકીકતને બચાવપક્ષના સાહેદ નં.(૧) ગીતાબેન કે જે તેઓની સગી બહેન થાય છે તેણીની જુબાની અને પુરાવા થકી ફરીયાદણ આશ્રમમાં રહેતી હોવાની હકીકતને સમર્થન મળેલ છે. એટલું જ નહી સદર કામે ફરીયાદણ

યાને ભોગબનનાર તથા અન્ય સાહેદોના સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના નિવેદન Substantive piece of eveidence નથી અને તેનો ઉપયોગ કોન્ટ્રાડીકશન અને કોરોબ્રેશન માટે જ કરવામાં આવેલ છે.

(૧૧૨) આ કામમાં ઉભય પક્ષે રજુ મોડી ફરીયાદના મુદ્દે રજુ થયેલ ઓથોરીટીને ધ્યાને લેતા, આ કામમાં બચાવપક્ષ દ્વારા મોડી ફરીયાદના મુદ્દે જે સૌ પ્રથમ રજુઆત કરવામાં આવેલ છે તેને જોવામાં આવે તો, આક્ષેપીત બનાવ ૨૦૦૧ અને ત્યારબાદ બનેલ છે અને તે સબંધે ૨૦૧૩ માં એટલે કે બાર (૧૨)વર્ષ બાદ ફરીયાદ આપવામાં આવેલ છે અને તેથી આક્ષેપીત બનાવ સબંધેનો ગુનો બન્યો હોવા સબંધે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ તેવી રજુઆત કરેલ છે.પરંતુ આક્ષેપીત ગુના અંગેના સજા સબંધેની જોગવાઈની સાથે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ માંના ગુના કામના કોગ્નીઝન્સ લેવા સબંધે ઠરાવવામાં આવેલ સમય મર્યાદા બાબતે કલમ–૪૬૭,૪૬૮,૪૭૨ ની જોગવાઈને ધ્યાને લેવી આવશ્યક ગણુ છુ. જે નીચે મુજબ છે.

**467. <u>Definitions</u>**

For the purposes of this Chapter, unless the context otherwise, requires, "period of limitation"means the period specified in section 468 for taking cognizance of an offence.

**468. Bar to taking cognizance after lapse of the period of limitation.**

(1) Except as otherwise provided elsewhere in this Code, no Court, shall take cognizance of an offence of the category specified in sub-section (2), after the expiry of the period of limitation.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(2) The period of limitation shall be—

(a) six months, if the offence is punishable with fine only;

(b) one year, if the offence is punishable with imprisonment for a term not

exceeding one year;

(c) three years, if the offence is punishable with imprisonment for a term

exceeding one year but not exceeding three years.

(3) For the purposes of this section, the period of limitation, in relation to

offences which may be tried together, shall be determined with reference to the offence which is punishable with the more severe punishment or, as the case may be, the most severe punishment.

**472. Continuing offence.**

In the case of a continuing offence, a fresh period of limitation shall begin to run at every moment of the time during which the offence continues.

ઉપરોકત ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૪૬૭ કોગ્નીઝન્સ લેવા માટેની મુદૃત અથવા તો સમય બાબતે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૪૬૮ (૨) માં નિર્દેશ કર્યા મુજબ રહેશે તેમ ઠરાવ્યુ છે અને તેમાં ઠરાવ્યા મુજબ જો માત્ર દંડની સજાની જોગવાઈનો ગુનો હોય તો, તેવા કિસ્સામાં છ (૬) માસ, એક (૧) વર્ષ કરતા વધુ સજાની જોગવાઈનો ગુનો ન હોય તો, તેવા કિસ્સામાં એક વર્ષ, એક વર્ષ કરતા વધુ પરંતુ ત્રણ વર્ષ કરતા વધુ ન હોય તેવી સજાનેપાત્ર ગુનાના કિસ્સામાં ત્રણ વર્ષની સમય મર્યાદા કોગ્નીઝન્સ લેવા માટે નકકી કરવામાં આવેલ હોય તેવો નિર્દેશ મળે છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૪૬૮ (૩) માં જયારે એક કરતા વધુ ગુના એકી સાથે ચાલવાપાત્ર થતા હોય તેવા કિસ્સાની અંદર સમય મર્યાદા

બાબતને નકકી કરતા સમયે વધુ સજાનેપાત્ર ગુના બાબતમાં લાગુ પડતા સમય મર્યાદા લાગુ પડશે તે રીતનો નિર્દેશ મળે છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૪૭૨ ની જોગવાઈને ધ્યાને લેતાં જયારે કન્ટીન્યુ ઓફેન્સ હોય તો, તેવા કેસની અંદર દરેક ક્ષણે સમય મર્યાદા શરુ થશે તે રીતનો નિર્દેશ મળે છે.

**(૧૧૩)** આ કામમાં પ્રોસીકયુશન ધ્વારા રજુ રાખવામાં આવેલ PW–૨૭ ફરીયાદી યાને ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની દરમ્યાન રજુ થયેલ આંક–૨૭૯ ની ફરીયાદ હકીકતની વિગતો મુજબ વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૭ સુધી ભોગ બનનારનું તેણીને જુદી જુદી જગ્યાએ ગુન્હાહીત ષડયંત્રના ભાગરૂપ આરોપી નં.(૧) નાએ સહ આરોપીઓ સાથે મળી તેમની મદદગારીથી યૌનશોષણ કરેલુ તે રીતનો ફરીયાદપક્ષનો કેસ છે અને તે જોતા વર્ષ ૨૦૦૪ સુધી ગુનો સતત ચાલુ હતો તેમ ગણાય. વર્ષ ૨૦૦૭ સુધીમાં ઘટેલ ઘટના બાબતે ૨૦૧૩ માં ફરીયાદ આપવામાં આવેલ છે તે રીતે ગણવામાં આવે તો પણ આ કામમાં આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ઈ.પી.કો.ક. ૩૭૬ (૨)(ગ) મુજબના ગુના કામની મહતમ સજાની જોગવાઈ આજીવન કેદ સુધીની હોવાનો નિર્દેશ મળ ` છે અને તે રીતે જોતાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૬૮(૨) ની જોગવાઈ મુજબ ત્રણ વર્ષથી વધુ સજાનેપાત્ર ગુના કામમાં કોઈ સમય મર્યાદાનો બાધ રહેતો હોય તેમ ન હોવાનું કાયદામાં જ સ્પષ્ટ ઠરાવવામાં આવેલ હોય તેવુ જણાઈ આવે છે તેમજ ફરીયાદીની ફરીયાદ તથા સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના નિવેદન તથા તેણીની જુબાનીમાં સને ૨૦૦૫ માં મોડાસા ખાતે ઘટેલ ઘટના જોતાં **<u>Continuing offence</u>** હોઈ અને તે જોતાં લીમીટેશનના ગ્રાઉન્ડ ઉપર PW–૨૭

ધ્વારા આપવામાં આવેલ ફરીયાદ આધારે કોગ્નીઝન્સ લઈ શકાય તેમ નહી હોવાની બચાવપક્ષની જે રજુઆત છે તે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી.

**(૧૧૪)** નામદારશ્રી સુપ્રિમ કોર્ટના 2007 (7) SCC 394 ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે ''**CRIME NEVER DIES** " The principle is reflected in the well known maximNullum tempus aut locus occurrit regi (laps of time is no bar to crown in proceeding against offenders)" નામદારશ્રી સુપ્રિમ કોર્ટ સમક્ષના 2005 (5)-SCC-194 Kamalnatha and 0thers v/s State of Tamilnadu ના કેસમાં નામદાર શ્રી સુપ્રિમ કોર્ટે માત્ર ફરીયાદ આપવામાં વિલંબ થયેલ છે એટલા માત્ર કારણથી ફરીયાદ હકીકતમાંના આક્ષેપો ખોટા છે તેમ ગણી શકાય નહી તેમ ઠરાવેલ હોવાનો નિર્દેશ મળે છે. નામદાર સુપ્રિમ કોર્ટના LAWS (ALL)-2014-9-495,Bagghu V/s State of U.P.ના ચુકાદાના પેરા –૧૧ ને વંચાણે લેતાં તેમાં નામદારશ્રી સુપ્રિમ કોર્ટના Kanhaiya Lal and Other V/s State of Rajasthan, 2013 5 SCC 655 ના ચુકાદાના પેરા–૧૨ ને ધ્યાને લેવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

> 12. It is settled in law that mere delay in lodging the First Information Report cannot be regarded by itself as fatal to the case of the prosecution. However, it is obligatory on the part of the court to take notice of the delay and examine, in the backdrop of the case, whether any acceptable explanation has been offered, by the prosecution and if such an explanation has been offered whether the same deserves acceptance being found to be satisfactory. In this regard, we may refer with profit a passage from State of H.P. v. Gian Chand reported in [JT 2001 (5) SC 169], wherein a three - Judge Bench of this

Court has expressed thus: - "Delay in lodging the FIR cannot be used as a ritualistic formula for doubting the prosecution case and discarding the same solely on the ground of delay in lodging the first information report. Delay has the effect of putting the court on its guard to search if any explanation has been offered for the delay, and if offered, whether it is satisfactory or not. If the prosecution fails to satisfactorily explain the delay and there is a possibility of embellishment in the prosecution version on account of such delay, the delay would be fatal to the prosecution. However, if the delay is explained to the satisfaction of the court, the delay cannot by itself be a ground for disbelieving and discarding the entire prosecution case."

આ જ ચુકાદામાં પેરા–૧૨ માં નામદારશ્રી સુપ્રિમ કોર્ટના State of Himachal Pradesh V/s Prem Singh,2009 1 SCC 420 ના ચુકાદાના પેરા–૬ ને ધ્યાને લેવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

“6. So far as the delay in lodging the FIR is concerned,the delay in a case of sexual assault, cannot be equated with the case involving other offences. There are several factors which weigh in the mind of the prosecutrix and her family members before coming to the police station to lodge a complaint. In a tradition- bound society prevalent in India, more particularly rural areas, it would be quite unsafe to throw out the prosecution case merely on the ground that there is some delay in lodging the FIR. In that score, learned counsel for the appellant is right that the High Court has lost sight of this vital distinction.”

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

ઉપરોકત નામદારશ્રી સુપ્રિમ કોર્ટના સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશના ચુકાદામાં એ બાબત સ્પષ્ટ કરવામાં આવેલ છે કે એફ.આઈ.આર. દાખલ કરવામાં થયેલ વિલંબ બાબત અને ખાસ કરીને જાતીય હુમલાના કેસમાં નોંધાવવામાં આવેલ મોડી ફરીયાદ બાબતને અન્ય કેસની સરખામણીમાં ગણી શકાય નહી. જયારે કોઈ ભોગ બનનાર ઉપર જાતીય હુમલો થયેલ હોય ત્યારે, બીજા ઘણા બધા સામાજીક પરિબળો, ફરીયાદ આપવા બાબત ઉપર અસરકર્તા હોય છે અને આવા કારણે ફરીયાદ મોડી આપવામાં આવેલ છે તેટલા માત્ર કારણથી ફરીયાદ ખોટી છે તેમ ગણી શકાય નહી તેમ ઠરાવેલ હોવાનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

**(૧૧૫)** આ કામે ભોગ બનનાર સાથે જે દુષ્કર્મનો બનાવ બનેલ છે તે ભોગ બનનાર તેમજ ઉપરોકત સાહેદોનો પુરાવો જોતાં ૨૦૦૧ ની સાલમાં બનેલ હોવાની હકીકત આગળ ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે અને તે બનાવની ફરીયાદ મોડી આપવા સબંધે જે ખુલાસો કરવામાં આવેલ છે તેમાં તથ્ય હોવાનું જણાય છે. આ કામના આરોપી નં.(૧) આશારામ સામે જોધપુર મુકામે પોકસો કોર્ટમાં દાખલ થયેલ કેસ નં. ૧૧૬/૨૦૧૬ ના જજમેન્ટમાં વિધ્વાન ન્યાયાધીશશ્રીએ પેરા (૨૫૯) માં નોંધ લીધેલ છે કે આરોપી નં.(૧) આશારામ એક ધર્મગુરુ છે. તે કેસના બચાવપક્ષના સાહેદ યોગેશ ભાટી ધ્વારા જે પ્રશંશા પ્રમાણપત્રના પુરાવા રજુ કરવામાં આવેલા તેમાં રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તથા જુદા જુદા મુખ્યમંત્રીઓ ધ્વારા આરોપી આશારામને ધર્મગુરુ તરીકે તેમના કામના પ્રશંસા પ્રમાણપત્ર આપેલા હોવાનું જણાવેલ છે.ઉપરોકત પ્રશંસા પ્રમાણપત્રો પૂર્વ રાષ્ટ્રપતિ કે.આર.નારાયણન, એ.પી.જે અબ્દુલકલામ, પૂર્વ મુખ્ય મંત્રી ભૈરાવતસિંહ,પૂર્વ મુખ્યમંત્રી બંસીલાલ તથા પૂર્વ મુખ્ય મંત્રી અને કેબીનેટ મંત્રી ભારત સરકાર શ્રી દિગ્વીજયસિંહનો સંદેશ પત્ર તથા માનનીય

પુર્વ રાજયપાલ શ્રી સુદર્શન અગ્રવાલ નો પત્ર તથા પૂર્વ રાજયપાલ શ્રી બલરામ જાખડનો સંદેશ પત્ર તથા શ્રી કપીલ સીબ્બલ તથા શ્રી કમલનાથનો પત્ર રજુ કરવામાં આવેલા. જે પત્રો જોતાં એવુ સ્પષ્ટ થયેલ કે આશારામ એક શકિતશાળી અને પ્રભાવશાળી વ્યકિત છે. તો બીજી તરફ ભોગ બનનાર એક સામાન્ય પરિવારની મહીલા છે. તેવી પરિસ્થિતિમાં અદાલતે માત્ર ફરીયાદપક્ષના સાક્ષીઓને જ નહી પરંતુ બચાવપક્ષના સાક્ષીઓને પણ ઝીણવટભરી રીતે નીરીક્ષણ કરવુ જોઈએ અને તેમના કથનમાં કેટલી સચ્ચાઈ છે તે જાણવુ જોઈએ. આ કામના ભોગ બનનારે પણ તેમની સરતપાસમાં તેણીને ઘણી વાર આરોપી આશારામ વિરૂઘ્ધ ફરીયાદ કરવાનો વિચાર આવેલો પરંતુ આશારામની મોટી વગ હોઈ અને તેણી સામાન્ય વર્ગની હોઈ તેની કોઈ ફરીયાદ સાંભળશે નહી તેમ માની ફરીયાદ કરેલી નહી તેમ જણાવેલ છે ત્યારે બચાવપક્ષની સને ૨૦૦૧ ના બનાવની ખોટી ફરીયાદ ૨૦૧૩ માં દાખલ કરેલ હોવાની તકરાર ટકવાપાત્ર નથી.

**(૧૧૬)** આ તબકકે એ હકીકત ખુબ જ નોંધપાત્ર છે કે ફરીયાદણ યાને ભોગબનનાર

(૧) **કહેવાતા બનાવ બાદથી સને- ૨૦૦૭ માં આશ્રમ છોડેલ ત્યાં સુધી** આરોપી નં.(૧) દ્વારા સ્થાપિત મહીલા આશ્રમમાં આશારામના પ્ર ભુત્વ તથા ધાક તળે હતા તેમજ તેણીને ધમકી આપેલ હોઈ તે કારણે તેણીએ ફરીયાદ કરેલ નહી.

(૨) **આશ્રમ છોડયા બાદ એટલે કે સને ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી** તેણીને આરોપી નં.(૧) આશારામ વિરૂઘ્ધ ફરીયાદ આપવાના વિચારો આવેલ હોવાનું તેણીએ જણાવેલ છે. પરંતુ તેણીએ તેણીની બદનામીની બીકે તેમજ

આરોપી નં.(૧) ની મોટી રાજકીય વગ તથા પોલીસ સાથેની ઓળખાણના કારણે ફરીયાદ કરેલ નથી.

(૩) **સને ૨૦૧૩ માં જોધપુર મુકામે બનેલ દુષ્કર્મના બનાવની** આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ફરીયાદ દાખલ થતાં અને તે કામે નિષ્પક્ષ તપાસ તથા કાનુની કાર્યવાહી થતાં અને તેમાં આરોપી નં.(૧) આશારામને નામદાર કોર્ટમાંથી જામીન ન મળતાં તેમજ તેણીના પતિને આ અંગે વાત કરતાં તેઓએ તેણીને સહયોગ આપતા તેમજ તેણીની બદનામીની બીક દુર થતાં તેણીને હિંમત ખુલતાં હાલની આ ફરીયાદ કરેલ છે.

(૪) વધુમાં સામાન્ય રીતે કોઈપણ પરણીત સ્ત્રી પોતાના પતિને લગ્ન અગાઉ તેણીની સાથે બનેલ અઘટીત ઘટના અંગે કહેવાનું યોગ્ય તેમજ ઉચિત માને નહી.આમ છતાં તેણીએ જોધપુર મુકામે આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ફરીયાદ થતાં તેણીની બદનામીની બીક દુર થતાં હાલની આ ફરીયાદ કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ તે અન્વયે ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ હું ક્ષમ્ય ગણવાનું માનુ છુ.

વધુમાં ફરીયાદણ યાને ભોગબનનારે કોઈ દુષિત કે મલીન ઈરાદાથી ફરીયાદ આપેલ હોવાનું પણ જણાઈ આવતુ નથી.

**(૧૧૭) બચાવપક્ષ તરફથી ફરીયાદ આપવામાં થયેલ ડીલે સબંધે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે.**

1. **AIR 1973 Supreme Court 501 (Head note B & C)Thulia Kali Appellant Vs. The State Of T.N. Respondent.**

ઉપરોકત ચુકાદામાં એફ.આઈ.આર.મોડી આપવામાં થયેલ વિલંબના સંતોષકારક ખુલાસા અંગે તેમજ તે કેસમાં બનાવવાળી જગ્યાએથી પોલીસ સ્ટેશન બે માઈલ જેટલુ દુર હોવા છતાં ૨૦ કલાક જેટલા વિલંબથી આપવામાં આવેલ એફ.આઈ.આર. સંદર્ભેના કેસમા પુરાવાના આધારે થયેલ સજાને નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા અનસેફ ગણવામા આવેલ તેમજ પ્રોસીકયુશન ધ્વારા મહત્વના સાહેદોને નહી તપાસવાથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે ફરીયાદપક્ષ વિરૂધ્ધ વિરૂધ્ધનું અનુમાન દોરી શકાય તે અંગેનો નિર્દેષ આપવામાં આવેલ છે.

2. **2014(3) GLR 2334 (Head note B ) Rakesh Kumar Damodarji Acharya And others Vs. State of Gujarat .**

ઉપરોકત ચુકાદામાં ગુજરનારના પિતા તરફથી ૨૪ કલાક જેટલા વિલંબ બાદ એફઆઈ.આઈ.આરા આપવામાં આવેલ તે કેસનું બેકગ્રઉન્ડ જોતાં શંકા ઉત્પન્ન કરતી હોવાનું નામદાર હાઈકોર્ટ ધ્વારા ઠરાવવામાં આવેલ છે.

3. **2018 GLR 512 (Head note A & B ) Mahavirsinh Bharatsinh Gharasiya Vs. State Of Gujarat.**

ઉપરોકત ચુકાદામાં આશરે ચાર દિવસ જેટલા વિલંબ બાદ દુષ્કર્મના બનાવની એફ.આઈ.આર. નોંધવામાં આવેલી તે અંગે થયેલ વિલંબનો સતોષકારક ખુલાસો થયેલ ન હોવાથી તેમજ તે ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક હોઈ નામદાર હાઈકોર્ટ ધ્વારા સજાના હુકમને ઉલ્ટાવી નાખવામાં આવેલ તે તરફ નિર્દેશ કરે છે.

4. **2020 (1) GLR 27(Head note B ) Ajitkumar Kumarsinh Bhagora Vs State of Gujarat.**

ઉપરોકત ચુકાદામાં આશરે નવ માસ જેટલા વિલંબ બાદ નોંધાયેલ એફ.આઈ.આર. તેમજ ભોગબનનારના નિવેદનમાં શકયતાની રીંગ ન હોઈ તેમજ નિવેદનમાં ગંભીર ક્ષતિઓ તેમજ વિસંગતતા હોવાના કારણે તેમજ તે નિવેદન વિશ્વાસપ્રેરે તેવુ ન હોઈ તેમજ ભોગબનનારની એકલીના નિવેદનના આધારે થયેલ સજાના હુકમને નામદાર હાઈકોર્ટ ધ્વારા ઉલ્ટાવી નાખવામાં આવેલ તે અંગે જણાવવામાં આવેલ છે.

5. **2019(0) AIJEL - HC-240436 (Head note A ) Ajitkumar Kumarsinh Bhagora Vs. State of Gujarat.**

ઉપરોકત ચુકાદામાં પણ આશરે નવ માસ જેટલા વિલંબથી એફ.આઈ.આર. આપવામાં આવેલ હોઈ આરોપીએ કહેવાતી ધમકી આપેલ હોવાના કારણે નવ માસ સુધી ભોગબનના મૌન રહેલ હોવાનું માનવામાં આવેલ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

6. **2018 (1) SCC Cri 381,(2017) 13 SCC 491(Head note A ) Machindra Vs. Sajjan Galfa Rankhamb.**

ઉપરોકત ચુકાદામા સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ હોવાના કારણે તથા ફરીયાદપક્ષ તરફથી મહત્વના સાહેદોને સાહેદ તરીકે નહી તપાસવાથી તે ફરીયાદ આપવામાં જે છ દિવસનો વિલંબ થયેલ તેનો ખુલાસો કરવામાં આવેલ ન હોઈ નિર્દોષ ઠરાવવામાં આવેલ હુકમને કન્ફર્મ રાખવામાં આવેલ છે.

7. **2010(14) SCC 534(Head note B ) Jai Krishna Mandal and Another Vs. State of Jharkhan.**

ઉપરોકત ચુકાદામા ત્રણ દિવસના વિલંબ બાદ એફ.આઈ.આર. નોંધવામાં આવેલ અને તે અંગે ફરીયાદપક્ષ ધ્વારા જે હકીકત જણાવવામાં આવેલ તે માનવામાં આવેલ નથી.

(૧૧૮) બચાવપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત તમામ ચુકાદાઓનો આ અદાલતે અભ્યાસ કરેલ છે અને તેમાં સ્થાપિત સિધ્ધાંતો સાથે હું પુર્ણપણે સંમત થાઉં છુ, પરંતુ ઉપરોકત ચુકાદાઓમાં જણાવામાં આવેલ હકીકત અને હાલના કેસની હકીકત ભિન્ન ભિન્ન છે. હાલના કેસમાં આરોપી નં.(૧) આશારામ ધાર્મિક ગુરૂ છે અને બચાવપક્ષના સાહેદ નં(૩) સેજલબેન તલ્લોલીની કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૨૦) માં તેણીએ આશારામ બાપુ જગવિખ્યાત હોવાનું અને આશારામજીના ઘણા અનુયાયીઓ હોવાનું તેમજ આશારામ બાપુને મળવા માટે મોટા મોટા રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ, મોટા અધિકારીઓ તથા પોલીસ ઓફીસરો આવતા હોવાનું તેણીએ કબુલ કરેલ છે. બચાવપક્ષ તરફથી રજુ થયેલ ચુકાદાના આરોપીઓ પૈકી કોઈ આરોપી ધાર્મિક ગુરુ નથી અને ફરીયાદણ યાને ભોગબનનાર કોઈના પ્રભુત્વતળે રહેલ નથી અને રેકર્ડ ઉપર આવેલ પુરાવા

મુજબ પણ આશારામ બાપુ વગ ઘરાવતા હોવાનુ ફલીત થાય છે. એટલું જ નહી આરોપી એક ધાર્મિક વડા કે જે પિતા કરતા પણ અમુલ્ય હોઈ તેઓ વિરૂઘ્ઘ ફરીયાદ આપતા પહેલા કોઈપણ વ્યકિત વિચાર કરે તે સ્વાભાવીક છે.

(૧૧૯) આ કામે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની **ઈ.પી.કો.ક. ૩૫૪ ની વ્યાખ્યા જોવામાં આવે તો તે નીચે મુજબ છે.**

**[Section: 354] Assault or criminal force to woman with intent to outrage her modesty**

Whoever assaults or causes criminal force to anywoman, intending to outrage or knowing it to be likely that hewill thereby outrage, her modesty, M6[shall be punished withimprisonment of either description for a term which shall not beless than one year but which may extend to five years, and shallalso be liable to fine]. Andhra Pradesh.-For Sec. 354, I.P.C. thefollowing section shall be substituted, namely,- "354. Assault orcriminal force to woman with intent to outrage her modesty-Whoever assaults or uses criminal force to any womanintending to outrage or knowing it to be likely that he willthereby outrage her modesty shall be punished withimprisonment of either description for a term which shall not beless than five years but which may extend to seven years andshall also be liable to fine: Provided that the court may, foradequate and

special reasons to be mentioned in the Judgment,impose a sentence of imprisonment of either description for aterm which may be less than five years, but which shall not beless than two years ."

**(૧૨૦)** આ કામમાં આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આરોપી નં.(૧) આશારામ ધ્વારા ભોગ બનનારને બનાવ અગાઉ વકતા બનાવવા માટે દશ છોકરીઓને બોલાવેલ તેમાં હાલના ભોગ બનનારને પણ સીલેકટ કરેલી ત્યાર બાદ બનાવના દિવસે ભોગ બનનારને પોતાની શાંતિવાટીકામાં આવેલ પોતાના રૂમમાં પોતાના અંગત રસોઈયા અખીલ ગુપ્તા ધ્વારા બોલાવી તેના માથામાં વાડકીમાં રહેલા ઘી થી માલીશ કરવા જણાવતાં ભોગ બનનાર આરોપી નં.(૧) ના માથામાં માલીસ કરતા હતા ત્યારે આરોપી નં.(૧) એ તેના હાથથી ભોગ બનનારના મોઢા ઉપર,ગળા ઉપર,છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા.ભોગ બનનારે તેને આવુ ગમતુ નથી આવુ ન કરો તેમ કહેતા આરોપી નં.(૧) આશારામે તેરે ભાગ્ય મે સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા તભી તો તુ મહાન વકતા બનેગી આવુ કહી આરોપી નં.(૧)નાએ તેમના અડપલા ચાલુ રાખેલા અને ભોગ બનનારને કહેલુ કે તારો દુપટ્ટો સાઈડ ઉપર મુકી દે ભોગ બનનારે ના પાડેલી ત્યારે તેમણે જબરજસ્તી થી ભોગબનનારનો દુપટ્ટો ખેચી નાખેલો અને સાઈડ ઉપર ફેકી દિધેલો હોવાની હકીકત ભોગ બનનારના આંક-૨૭૮ વાળા પુરાવાથી રેકર્ડ પર આવેલ છે. તે મુદ્દે આગળ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ આરાપી નં.(૧) આશારામના આવા હીન કૃત્યોનો ભોગ બનેલ સાહેદ ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૭) તૃપ્તીબેન રાકેશભાઈ, સાહેદ નં. (૪૬) સરોજબેન અમૃતભાઈ પ્રજાપતિ વિગેરેનો અગાઉ ચર્ચા કર્યા મુજબનો પુરાવો ધ્યાને લેતાં પણ આરોપી નં.(૧) આશારામ જે રીતે સ્ત્રીઓ સાથે લાજ લેવાના

ઈરાદે હુમલો કરતા હતા તેની શરુઆતમાં સ્ત્રી ના મોંઢા તેમજ છાતી પર હાથ ફેરવતા હતા અને સ્ત્રીની છાતી દબાવતા હોવાની હકીકત ઉપરોકત સાહેદોના સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદન પરથી સ્પષ્ટ રીતે ખુલવા પામેલ છે ત્યારે આ કામના ભોગ બનનાર સાથે પણ આરોપી નં.(૧) નાએ દુષ્કર્મ કરતાં પહેલાં ભોગ બનનાર સાથે લાજ લેવાના ઈરાદે તેની ઉપર હુમલો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવાનું મારુ માનવુ છે.

**(૧૨૧) <u>ઈ.પી.કો.ક. ૩૭૬ (૨)(ગ) ની વ્યાખ્યા નીચે મુજબ છે.</u>**

**<u>Section 376(2) (c) in IPC</u>**

(c) being on the management or on the staff of a jail, remand home or other place of custody established by or under any law for the time being in force or of a woman's or children's institution takes advantage of his official position and commits rape on any inmate of such jail, remand home, place or institution; or

આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની કલમ–૩૭૬ ની સબંધે હાલના કામમાં પ્રોસીકયુશન તરફથી તપાસવામાં આવેલ સાહેદ ભોગ બનનારનો આંક–૨૭૮ થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનાર તથા ટીના એકયુપ્રેસર આરોપી નં. (૧) ની શાંતિવાટીકામાં પહોંચ્યા ત્યારે ત્યા અખીલ નામનો આશારામનો રસોઈયો હતો તેને તેમના આવવાની જાણ અંદર કરેલી.ત્યારબાદ રસોઈયાને બહાર કાઢી દિધેલો.ત્યારબાદ અંદરથી મોટા અવાજે કહેલુ કે,એક કે બાદ એક અંદર આજા.પહેલે ટીના આવે.ત્યારબાદ ટીના

અંદર ગયેલી.શાંતીકુટીયા બે રુમની બનેલી છે.પહેલા રુમમા ભોગ બનનાર અને ટીના હતા ત્યાથી ટીના વચ્ચે બાથરુમ પડે છે ત્યા હાથ પગ ધોઈને તેના પછી આવેલી બીજી રુમમા ગયેલી.ત્યારબાદ દસેક મીનીટ પછી ટીના બહાર આવેલી અને તેને અંદર જવા માટે કહેલુ.બહાર ભારતી ગાડી લઈને ઉભી હતી તેને ટીનાને લઈને જતા રહેવા કહેલુ.તેણે કહેલુ કે,તેને પણ જોડે લઈ જાવ.ભારતીબેને કહેલુ કે,થોડીવાર પછી હુ તને લેવા આવુ છું તેમ કહીને ટીનાને લઈને ભારતીબેન જતા રહેલા.ત્યારબાદ અંદરના રુમમાંથી જોરથી કહેલુ કે,હાથ પેર ધો કે અંદર આ જાવો.ત્યારબાદ તે બાથરુમના દરવાજે થઈને અંદરના રુમમા ગયેલી.તે રુમમા ગઈ ત્યારે અંદર આશારામ હતા અને તેમણે તેને કહેલુ કે,બારી પાસે ઘી ની વાટકી છે તે લઈ આવ અને મારા માથે માલીસ કર.બાપુ શેટી ઉપર બેઠા હતા.તેને માલીસ કરવાનુ કહી તેઓ શેટી ઉપર લાંબા થઈ સુઈ ગયેલા.તે ત્યા જમીન ઉપર નીચે બેસીને આશારામના માથા ઉપર ઘી થી માલીસ કરતી હતી.તે માલીસ કરતી હતી તે વખતે આશારામે તેમના હાથથી તેના મોઢા ઉપર,ગળા ઉપર,છાતી ઉપર એમ અડપલા કરવા લાગેલા.તેણીએ કહેલુ કે મને આવુ ગમતુ નથી મને આવુ ન કરો.તેમણે કહેલુ કે,તેરે ભાગ્ય મે સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા તભી તો તુ મહાન વકતા બનેગી.આવુ કહી તેમણે તેમના અડપલા ચાલુ રાખેલા અને તેને કહેલુ કે તારો દુપટ્ટો સાઈડ ઉપર મુકી દે તેણીએ ના પાડેલી ત્યારે તેમણે જબરજસ્તીથી તેનો દુપટ્ટો ખેચી નાખેલો અને સાઈડ ઉપર ફેકી દિધેલો.તેમણે દુપટ્ટો ખેચેલો તે વખતે તેણીના હાથમા ઘી ની જે કટોરી હતી તે નીચે પડી ગયેલી.અને ઘી નીચે ઢોળાઈ ગયેલુ અને તે વખતે આશારામ એકદમ ગુસ્સે થઈને ઉભા થઈ ગયેલા અને કહેલુ કે,સાલી તુને મેરી કુટીયા ગંદી કર દી.તેણી આશારામનો ગુસ્સો જોઈને ગભરાઈ ગયેલી અને રડવા લાગેલી.તેમણે કહેલુ કે,તુ જીતના જલ્દી

સમર્પણ કરેગી ઉતના હી તેરે લીયે અચ્છા હૈ.તેણીએ હાથ જોડીની ખુબ વિનંતી કરેલી કે,તેને છોડી દે તેને જવા દો તેમ છતા આશારામે તેને જબરજસ્તીથી પકડીને તેમના બેડ ઉપર ધકકો મારીને પાડી દિધેલી.ત્યારબાદ તેમણે તેણીની પાસ ે આવીને તેણીની સલવારનુ નાડુ એકદમ જોરથી ખેચેલુ જેથી નાડુ તુટી ગયેલુ.આશારામે તેણીની સલવાર ખેચીને કાઢી નાખેલી.તે રુમને બે દરવાજા હતા જે પૈકી એક દરવાજો મચ્છર જાડીવાળો હતો તેણીએ ત્યાથી નાશી જવા મચ્છર જાડીનો દરવાજો દોડીને ખોલી દિધેલો અને બીજો દરવાજો ખોલવા જાય તે પહેલા આશારામ આવી ગયેલા અને તેને જોરથી ખેચીને ફરીથી તેમની પથારી ઉપર પાડી દિધેલી.તેણીને પથારી ઉપર ફેકેલી તે વખતે મને હાથની કોણી પાસેઅને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો તેથી તેનાથી જોરથી ચીસ પડાઈ ગયેલી. તે વખતે આશારામે કહેલુ કે,ચીલ્લા જોર સે ચીલ્લા જીતના ચીલ્લાના હો ઉતના ચીલ્લા યહા કોઈ નહી આયેગા.તેણીએ બચવા માટે ખુબ બુમો પાડેલી,રડેલી પરંતુ તેને બચાવવા માટે શાંતીવાટીકા પાસે કોઈ આવેલુ નહી.ત્યારબાદ આશારામે પોતાની લુંગી કાઢી દિધેલી અને તેણીના બંને હાથ તકીયાની નીચે દબાવેલા તે વખતે તેણીનું અડધુ શરીર બેડ ઉપર હતુ અને અડધુ નીચેનુ શરીર બેડની નીચે લટકતુ હતુ.તેણીના બંને પગ જમીન ઉપર હતા અને આશારામ તેમના પગથી તેણીના બંને પગ ઉપર ખેચવા પ્રયત્ન કરતા હતા.તેણી આખી પથારીની નીચે જવા માટે પ્રયત્ન કરતી હતી.ત્યારબાદ આશારામે તેમના પગથી તેણીનો એક પગ જોરથી પલંગની ઉપર ખેચેલો અને તેણીનો એક પગ નીચે લટકતો હતો.તે વખતે આશારામે તેણીની ઉપર બળાત્કાર કરેલો. તે વખતે તેને અશહ્ય દુખાવો થતો હતો.તેણી ચીસ પાડતી હતી અને તેણીના ગુપ્ત ભાગેથી બ્લીડીગ શરુ થઈ ગયેલુ. ત્યારબાદ થોડીવાર પછી આશારામે તેણીને છોડી દિધેલી.અને તેણીને કહેલુ કે,તુને મુઝે સહયોગ નહી

દીયા ઐશે તેરા સંસાર નહી કટેગા.તેમણે તેને કહેલુ કે,તુ રાત કો સ્વસ્થ હોકે ફીરસે આયેગી તેણીએ ના પાડેલી.તેમણે તેણીને કહેલુ કે,બાથરુમમે જા ઔર એક ટબમે પાની લેકે આ.તે વખતે તેણીનુ શરીર એકદમ કાપતુ હતુ અને બ્લીડીગ ચાલુ હતુ તેણીએ તે વખતે સફેદ કપડા પહેરેલા હતા અને તેના ઉપર પણ લોહીના ડાઘા પડેલા.તે વખતે તેણીના શરીર ઉપર કુર્તો હતો.આશારામે એક બે મીનીટ સુધી બદકામ કરેલુ ત્યારબાદ તેને છોડી દિધેલી તે તમામ બાબતને ઘ્યાને લેતાં તથા રેકર્ડ ઉપર આવવા પામેલ પુરાવા મુજબ ભોગ બનનારને આરોપી નં.(૧) આશારામે પોતે તેનો સંસાર કાપે છે તે રીતે ભ્રમણા ઉભી કરી તેણીનું જાતીય શોષણ કરેલ હોવાનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. આ બનાવ અમદાવાદના આશારામ આશ્રમ ખાતે આવેલ શાંતિવાટીકાની કુટીયાની અંદર બનેલ છે. ભોગ બનનારનું આરોપી આશારામે પોતાના ઘર્મગુરુના પદ તથા ભોગબનનારની તેના પ્રત્યેની આસ્થાનો દુરપયોગ કરી તેણીનું જાતીય શોષણ કરેલ છે ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨) (ગ) મુજબનો તથા કલમ-૩૫૪ મુજબનો આક્ષેપીત ગુનો આ સમયે પણ કરેલ હોવાનું સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવે છે અને આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આ આક્ષેપો પુરવાર થાય છે. આ મુદ્દે હું એ બાબત પણ નોંધવી આવશ્યક ગણુ છુ કે, હાલના ગુનાના ભોગ બનનાર તે, તેની સાથે થયેલ જાતીય હુમલો અને બળાત્કાર (Sexual Assault & Rape) સબંધેની વિગતો અદાલત સમક્ષ જણાવે છે.જયારે કોઈ સ્ત્રી તેણીની વિરૂઘ્ધ ઘટેલ આવી ઘટના સબંધે અદાલત સમક્ષ આવી વિગતો જણાવતી હોય, જયારે તેણી સાથે ઘટના ઘટી ત્યારે તે વખતના સજોગોને કારણે તેણી તેની સાથે ઘટેલ ઘટના બાબતે વિગતો જણાવી શકેલ ન હોય, તેવુ રેકર્ડ ઉપર આવતુ હોય તથા તેણી અદાલત સમક્ષ તેની સાથે ઘટેલ ઘટનામાં તેની સંમતિ ન હતી અને તેની ઈચ્છા વિરૂઘ્ધ આવુ કૃત્ય ઘટેલાનું જણાવતી હોય, તેમજ તે કૃત્ય તેની સંમતિથી થયેલ

હોવાનું ઈન્કાર કરતી હોય ત્યારે, તેની સંમતિ ન હતી તેવુ અદાલતે માનવાનું રહેશે, તેવો નિર્દેશ મળે છે.

**(૧૨૨) હવે ઈ.પી.કો.ક. ૩૭૭ (સૃષ્ટિક્રમ વિરૂધ્ધના ગુના)ની વ્યાખ્યા નીચે મુજબ છે.**

**[Section: 377] Unnatural offences**

**Whoever voluntarily has carnal intercourse against the order of nature with any man, woman or animal, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, andshall also be liable to fine. Explanation- Penetration is sufficient to constitute the carnal intercourse necessary to the offence described in this section.**

આ કામમાં બચાવપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ ની વ્યાખ્યાને ઘ્યાને લેતાં, તેમાં ઓરલ સેકસ માટે ભારતીય દંડ સંહિતામાં ૨૦૧૩ ના વર્ષમાં સુધારો કરવામાં આવ્યો તે પહેલા, ઓરલ સેકસ કોઈ ગુનાહીત કૃત્ય હોય તે રીતે વ્યાખ્યાકૃત કરવામાં આવેલ ન હતુ અને તેથી આરોપી ઘ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ મુજબનો ગુનો કરેલાનું માની શકાય નહી તેવી એક રજુઆત કરેલ છે અને આ સબંધે નામદાર શ્રી સુપ્રિમકોર્ટના Shankarram & Co. vs Kaashinikesh (AIR 2003 SC 4156) ના ચુકાદા ઉપર આધાર રાખી, જયારે કાયદાની અંદર કોઈ બાબત સ્પષ્ટ રીતે વ્યાખ્યાકૃત કરવામાં આવેલ હોય ત્યારે, અદાલતે વિધાનમંડળે વ્યાખ્યાકૃત કરેલ બાબતોને પોતાની રીતે અલગથી વ્યાખ્યાકૃત કરવાની ન રહે તેવી રજુઆત કરી, જયારે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ માં દર્શાવેલ સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યમાં ઓરલ સેકસનો સમાવેશ કરવામાં આવેલો નથી ત્યારે, આક્ષેપિત ઓરલ સેકસના બનાવ સબંધે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ મુજબનો

કોઈ ગુનો બને છે તેમ ગણી શકાય નહી, તેવી રજુઆત કરેલ છે અને તે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના Parmar Manishbhai Babulal Versus State of Gujarat ( LAWS (GLH)2013-11-258) ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

55. AS per the prosecutrix on 28.9.2007 Kiran Patel was present when she was raped by others in the laboratory room. Kiran Patel thereafter,himself tried to commit sexual intercourse, but failed. He thereupon forcibly shoved his organ in her mouth and satisfied his lust.

56. THE parameters of unnatural offence punishable under section 377 came up for consideration many years back in case of Khanu V/s. Emperor,1925 Sind 286. It was observed that section 377 punishes certain persons who have carnal intercourse against the order of nature. It was observed that if the act committed was one of carnal intercourse, it is clearly against the order of nature because the natural object of intercourse is that there should be the possibility of conception of human beings,which in the case of coitus per os is impossible.The Court however, cautioned that we must not allow our disgust at the perpetrators of such acts to blind us. In case of Lohana Vasantlal Devchand V/s. State of Gujarat, 1968 GLR 1052, learned Single Judge of this Court considered at a considerable length the parameters of section 377 of the IPC. It was a case in which a young boy was subjected to oral sex. It was in this background that it was observed as under :

"In the instant case, there was an entry of a male penis in the orifice of the mouth of the victim.There was the enveloping of a visiting member by the visited organism. There was thus reciprocity;

intercourse connotes reciprocity. It could,therefore, be said without any doubt in mind that the act in question will amount to an offence,punishable under section 377 of the Indian Penal Code."

ઉપરોકત નામદારશ્રી ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ઘ્યાને લેતા, તથા ભોગ બનનારે તેની જુબાની દરમ્યાન આરોપી નં.(૧) આશારામે તેનું ગુપ્તાંગ પોતાના મોંઢામાં લેવડાવેલ તે જોતાં, ઓરલ સેકસ સબંધે જે આક્ષેપ કરેલ છે, તે બાબતે ભોગ બનનારે કડીબઘ્ધ રીતે વિગતો જુબાનીમાં જણાવેલ છે ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ મુજબનો કોઈ ગુનો બનતો નથી તેવી જે રજુઆત તેમજ ઓરલ સેકસનો કલમ–૩૭૭ મુજબનું કૃત્ય ન ગણાય તેવી રજુઆત કરેલ છે તે ગ્રાહય રાખવાનેપાત્ર નહી હોવાનું જણાઈ આવે છે. આમ ભોગ બનનારની જુબાની દરમ્યાન રેકર્ડ ઉપર આવવા પામેલ બાબત કે આરોપી નં.(૧)નાએ પોતાનું ગુપ્તાંગ ભોગ બનનારના મોઢામાં લેવડાવેલ તે જોતાં ઓરલ સેકસ સબંધે ઈ.પી.કો.ક. ૩૭૭ મુજબનો આક્ષેપીત કૃત્ય આરોપી નં.(૧) નાએ કરેલ હોવાનું રેકર્ડ ઉપરના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થાય છે.

**(૧૨૩)** આરોપીઓ સામેના આક્ષેપીત ગુના **ઈ.પી.કો.ક.૩૪૨ તથા ૩૫૭ જોતાં તેની ની વ્યાખ્યા નીચે મુજબ છે.**

**[Section : 342] Punishment for wrongful confinement**

**Whoever wrongfully confines any person shall**

**bepunished with imprisonment of either description for a termwhich may extend to one year, or with fine which may extendto one thousand rupees, or-with both.**

(૧૨૪) **હવે ઈ.પી.કો.ક. ૩૪૨ ના ગુના સંદર્ભે જોવામાં આવે તો :**તે સદોષ અટકાયત અંગે સજાની જોગવાઈ કરે છે. આથી સદોષ અટકાયત એટલે શુ તે ધ્યાને લેવુ જરૂરી બને છે. આ સંદર્ભે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૯ તથા ૩૪૦ વંચાણે લેવી મહત્વની બને છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૯ સદોષ અવરોધની વ્યાખ્યા કરતા જણાવે છે કે કોઈપણ વ્યકિત અન્ય કોઈ વ્યકિતને જે દિશામાં જવાનો અધિકાર હોય તે દિશામાં તે જતી અટકે તે રીતે તેને સ્વેચ્છાપૂર્વક અંતરાય કરે તેણે તે વ્યકિતનો સદોષ અવરોધ કર્યો કહેવાય. આ જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૦ સદોષ અટકાયતની વ્યાખ્યા કરતા જણાવે છે કે કોઈપણ વ્યકિત, અન્ય કોઈ વ્યકિત નિશ્ચિત કરેલ અમુક હદની બહાર જઈ શકે નહી તે રીતે તેનો સદોષ અવરોધ કરે તેણે તે વ્યકિતની સદોષ અટકાયત કરી કહેવાય. આ હકીકત જોતાં ફરીયાદપક્ષે એ સાબિત કરવુ મહત્વનું બને કે,

૧. આરોપીએ કોઈ વ્યકિતની અટકાયત કરી,

૨. આ સદોષ અટકાયત સ્વેચ્છાપૂર્વક કરવામાં આવી હતી.

૩. આવી સદોષ અટકાયતના કારણે ભોગ બનનાર વ્યકિત એક ચોકકસ જગ્યાની બહાર નીકળી શકે તેમ ન હતી એટલે કે તેને ગોંધી રાખવામાં આવી હતી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**કલમ –૩૫૭ :**

**[Section : 357] Assault or criminal force in attempt wrongfully to confine a person**

**Whoever assaults or uses criminal force to any person,in attempting wrongfully to confine that person, shall bepunished with imprisonment of either description for a termwhich may extend to one year or with fine which may extend toone thousand rupees, or with both.**

આ કલમના તત્વો નીચે મુજબ છે.

(૧) આરોપીએ કોઈ વ્યકિત ઉપર હુમલો કરેલો હોવો જોઈએ અથવા ગુનાહીત બળનો પ્રયોગ કરેલો હોવો જોઈએ.

(૨) તેણે આવુ કૃત્ય તે વ્યકિતની ગેરકાયદેસર અટકાયત કરવાના હેતુથી કરેલી હોવી જોઈએ.

**(૧૨૫)** આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ભોગ બનનારનો આંક–૨૭૮ નો પુરાવો ધ્યાને લેતાં ભોગ બનનારે તેમની જુબાનીના પેરા (૯) માં જણાવેલ છે કે '' તે રુમને બે દરવાજા હતા જે પૈકી એક દરવાજો મચ્છર જાડીવાળો હતો તેણીએ ત્યાથી નાશી જવા મચ્છર જાડીનો દરવાજો દોડીને ખોલી દિધેલો અને બીજો દરવાજો ખોલવા જાય તે પહેલા આશારામ આવી ગયેલા અને તેને જોરથી ખેચીને ફરીથી તેમની પથારી ઉપર પાડી દિધેલી.તેને પથારી ઉપર ફેકેલી તે વખતે તેને હાથની કોણી પાસે અને કમરના ભાગે બેડનો ખુણો વાગેલો તેથી તેનાથી જોરથી ચીસ પડાઈ ગયેલી.તે વખતે આશારામે કહેલુ કે,ચીલ્લા જોર સે ચીલ્લા જીતના ચીલ્લાના હો

ઉતના ચીલ્લા યહા કોઈ નહી આયેગા.તેણીએ બચવા માટે ખુબ બુમો પાડેલી,રડેલી પરંતુ તેણીને બચાવવા માટે શાંતીવાટીકા પાસે કોઈ આવેલુ નહી. ભોગ બનનારની સદર હકીકતને ફરીયાદણની આંક–૨૭૯ થી રજુ થયેલ લેખિત ફરીયાદ વંચાણે લેતાં તેમજ આંક–૨૮૩ થી રજુ થયેલ સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનમાં પણ ભોગ બનનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે '' તે જે બારણાથી પ્રવેશેલ હતી તે બારણુ ભાગીને ખોલવા ગઈ તો તેણે મને પાછળથી ખેંચીને પલંગ સાઈડ પર ધકકો મારેલો હોવાની હકીકતને પણ સમર્થન પ્રાપ્ત થાય છે. ભોગ બનનારની બચાવપક્ષ તરફથી કરવામા આવેલ ઉલટ તપાસના પેરા (૪૦) ભોગ બનનારે સ્વીકારેલ છે કે એ વાત ખરી છે કે, આ રૂમના એક દરવાજેથી સીધા રૂમની બહાર જઈ શકાય તેવો હતો. બીજો દરવાજો ખોલીએ તો બાથરૂમ આવતુ હતુ. જે દરવાજો ખોલતા રૂમની બહાર જઈ શકાતુ હતુ તે દરવાજાનો મે બનાવના દિવસે બહાર જવા ઉપયોગ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ દરવાજો હતો તેની મને માહિતી હતી. આમ બચાવપક્ષ તરફથી જે બચાવ લેવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે તેના પરથી પણ બનાવવાળી જગ્યા રેકર્ડ પર પ્રસ્થાપિત થાય છે ત્યારે એ હકીકત મહત્વની નથી કે ભોગ બનનારે જયારે ભાગવાની કોશિષ કરી ત્યારે તેને સીધા ભાગવાના દરવાજાની ખબર હતી તેનો તેણીએ ઉપયોગ કરેલ નથી તેટલા માત્ર કારણસર ભોગ બનનારે આરોપી નં.(૧) આશારામના દુષ્કૃત્ય ના બનાવથી બચવા માટે પ્રયત્ન કરવામાં આવેલ ત્યારે આરોપી નં.(૧) નાએ ભોગ બનનારને પાછળથી પકડીને જોરથી તેના પલંગ પર નાખેલ હોવાની હકીકત ભોગબનનારે જણાવેલ છે ત્યારે ફરીયાદપક્ષ આરોપી નં.(૧) વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૩૪૨ તથા ૩૫૭ મુજબના ગુના પુરવાર કરી શકેલ હોવાનુ જણાય છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૧૨૬) આરોપીઓ સામેના આક્ષેપીત ગુનો **ઈ.પી.કો.ક. ૫૦૬(૨) ની વ્યાખ્યા જોવામાં આવે તો નીચે મુજબ છે.**

**[Section : 506] Punishment for criminal intimidation**

Whoever commits the offence of criminal intimidationshall be punished with imprisonment of either description for aterm. which may extend to two years, or with fine or with both.If threat be to cause death or grievous hurt, etc.-and if the threatbe to cause death or grievous hurt, or to cause the destruction ofany property by fire, or to cause an offence punishable withdeath or imprisonment for life, or with imprisonment for a termwhich may extend to seven years, or to impute unchastity to awoman, shall be punished with imprisonment of eitherdescription for a term which may extend to seven years, or withfine, or with both

(૧૨૭) આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની ઈ.પી.કો.ક. ૫૦૬(૨) સંદર્ભેનો ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો ભોગ બનનારે તેમની આંક-૨૭૯ વાળી જુબાનીના પેરા(૧૦) માં જણાવેલ છે કે '' તેણીએ કપડા પહેરી લીધા બાદ કોડલેશ લઈને તેમને (આશારામ)ને આપેલો ત્યારે આરોપી આશારામે તેણીને કહેલુ કે,યહા જો હુઆ હૈ ઉસકી ભનક કીસી કો નહી હોની ચાહીયે નહી તો ભસ્મ કર દુંગા ઔર બહાર ઈસકા ગલત મેસેજ જાયેગા.સદર ભોગ બનનારની હકીકતને આ કામે આંક-૨૭૯ થી રજુ થયેલ ફરીયાદ હકીકત વંચાણે લેતાં તેમજ ભોગ બનનારનું આંક-૨૮૩ થી રજુ થયેલ

સી.આર.પી.સી. ૧૬૪ નું નિવેદન વંચાણે લેતા પણ આરોપી નં.(૧) આશારામે ભોગ બનનારને દુષ્કર્મના બનાવ બાબતે કોઈને વાત કરશે તો તેણીને ભસ્મ કરી દેશે તેવી ધમકી આપેલી હોવાની હકીકત ભોગ બનનારની જુબાની પરથી ફલિત થાય છે. વધુમાં ભોગ બનનારે તેણીની જુબાનીના પેરા(૧૧) માં જણાવેલ છે કે તેને આ બનાવથી ખુબ આઘાત લાગેલો તેથી બે દિવસ સુધી તેનું શરીર ધ્રુજતુ રહેલુ અને તેને તાવ આવી ગયેલો અને મગજ સુન્ન પડી ગયેલુ અને તે બે દિવસ સુધી રુમની બહાર પણ નીકળેલી નહી.આમ કહેવાતો બનાવ બન્યા બાદ આરોપી નં.(૧) આશારામની ધમકીના કારણે બે દિવસ ખિન્ન રહી ગયેલી તેવી હકીકત જણાવેલી છે. ઈ.પી.કો.ક. ૫૦૬(૨) ગુન્હાહીત ધમકી બાબતે જોગવાઈ કરે છે તેમાં જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા સ્ત્રી પર ચારીત્રયહીનતાનો આક્ષેપ કરવાની હોય તે સબંધે પ્ર બંધો આપવામાં આવેલા છે. સદર કામે પણ આરોપી નં.(૧) આશારામે ભોગ બનનારને તેણીની સાથે દુષ્કર્મ કર્યા બાદ તેણીને ભસ્મ કરી દેવાની એટલ ે કે બાળીને રાખ કરી દેવાની ધમકી આરોપી નં.(૧) આશારામે ભોગ બનનારને આપેલી હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

**(૧૨૮)** આ કામે બચાવપક્ષ તરફથી એવો બચાવ લેવામાં આવેલ છે કે અશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ/આશ્રમ છોડી દીધેલ સાધકો ધ્વારા આરોપી નં.(૧) આશારામ બાપુ તથા તેમના પરીવારજનોને ફસાવવા માટેનું ષડયંત્ર /કાવતરુ રચીને હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. ઉપરોકત જે સાહેદોનો પુરાવો રજુ થયેલ છે તે તમામ સાહેદો આરોપી નં.(૧) આશારામ આશ્રમથી કોઈને કોઈ કારણસર નારાજ થયેલ સાહેદો છે.ફરીયાદપક્ષ તરફથી રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો

જોતાં સાહેદ જીગ્નેશભાઈ અરવિંદભાઈ પટેલનાઓ સને ૨૦૦૮ માં પૈસા કમાવવાના હતા તેથી આશ્રમ છોડીને ત્યાંથી બે કીલોમીટર દુર ફલેટમાં જતા રહેલા, સાહેદ ગોપીબેન અરવિંદભાઈ પટેલ પણ સને ૨૦૦૭ માં તે અને તેનો ભાઈ પુખ્તવયના થતા પૈસા કમાવવા માટે આશ્રમ છોડેલો, સને ૨૦૦૨ માં સાહેદ રાજુભાઈ કિશનલાલ ચાંડક ગૌશાળામાં કે આશ્રમમાં કુતરા પાળવાની કોઈને આશારામે પરવાનગી આપેલ ન હોઈ રાજુ ચાંડક ગૌશાળામાં કુતરા પાળતો હતો, સાહેદ જીજ્ઞાબેન ભરતકુમાર પરીખના પિતાજીનું અવસાન સને ૨૦૦૬ માં થયેલુ. તેમના પિતાજીના અવસાન વખતે તે એકાદ મહીનો માનસિક રીતે અસ્વસ્થ હતી.સાહેદ ઈશ્વરભાઈ ભરત નાયક સને ૨૦૦૪–૨૦૦૫ માં ગુરુપુર્ણિમા મોટેરા સત્સંગમાં આશારામના સત્સંગમાં મોટેરા બેઠા હતા ત્યારે તેમના પરિવારને માઈક ઉપર તેમનું અપમાન કરીને કહેલ કે ઈશ્વર નાયકનો પુત્ર અનંગ પરદેશથી બધી વસ્તુઓ મંગાવે છે. પૈસા આપતો નથી જેના કારણે અનંગની પત્ની બિના તેને છોડી ચાલી ગઈ અને તેઓ ફરે છે તેવી વાત કરતા તેઓને ખુબ જ આઘાત લાગી ગયેલ અને તેઓ ઉપરથી તેમની શ્રધ્ધા નષ્ટ થઈ ગયેલ હોઈ સને ૨૦૦૬ માં કોઈને કહયા વગર આશ્રમમાંથી કશુ જ લીધા વગર ઘર બંધ કરીને વાપી જતા રહેલા.મહેન્દ્ર ચાવલા પાસે સને ૨૦૦૫ માં સમીતી ધ્વારા તેમની પાસે હિસાબ માંગેલ તે બાબતે તેમજ નારાયણ સાંઈ ધ્વારા આશ્રમમાં ખોટા કામો થતા હોઈ તેનાથી નારાજ થઈને આશ્રમ છોડી દીધેલ.સાહેદ રાકેશ જયતિભાઈ પટેલ સને–૨૦૦૯ માં તેમના પિતાજી રીટાયર્ડ થયેલા અને તેમની સેવા કરવાની હતી અને આશ્રમ પર થોડી શ્રધ્ધા ઓછી થઈ ગયેલી હતી તેથી આશ્રમ છોડી દીધેલો.સાહેદ તૃપ્તીબેને તેણી ૨૦૦૧–૨૦૦૨ ના વર્ષમાં ભારતભરમાં આશારામના સતસંગ પ્રવચનોમાં ગયેલ હતી અને એક માસ પછી પરત આશ્રમમાં આવેલી ત્યારે ચુર્ણ હોલ ઉપરના તેના લાકડાના દરવાજાનો લોક

તુટેલ હતો તેથી તેણીએ આ બાબતે પુછપરછ કરતા તેણીને છોકરીઓ મારફતે જાણવા મળેલ કે તમારા ઘરની જડતી માટે ધ્રુવબેને લોક તોડાવેલ છે તેવી વાત કરતા તેણીએ તેના રૂમમાં તપાસ કરતાં તેની મમ્મીએ આપેલ સોનાની ઓમ લખેલ બે અંગુઠીઓ પોણા પોણા તોલા વજનની તથા સોનાનુ અઢી તોલાનુ લટકણીયાવાળુ બ્રેસલેટ તથા સોનાની ચેન ત્રણ તોલા વજનની તથા આશારામ સિવાયના તેણીના ધાર્મિક ગ્રંથો તથા સત્સંગોની ચોપડીઓ વિગેરે લઈ લીધુ હતુ. જેથી તેને ખુબ જ દુખ લાગેલ અને આશારામ પ્રત્યે તેનું મન ઓછુ થઈ ગયેલ જેથી તેણી સને ૨૦૦૩ ના શિયાળામાં મહિલા આશ્રમના પાછળના ભાગે ગેટ કુદીને તેણીના ઘરે પરત ભાગી આવેલી.સાહેદ પ્રજ્ઞેશભાઈ ઉર્ફે લાલાભાઈ રમણભાઈ પારેખ સને ૨૦૦૬ માં તેમની માતાની તબિયત નબળી રહેતી હતી તેથી તેમની માતા અને ઘરના સભ્યોના કહેવાથી તેઓએ આશ્રમ છોડી દીધેલો. સાહેદ સરોજબેન અમૃતલાલ પ્રજાપતિનાએ સને ૨૦૦૧ માં સવારે પાંચ વાગે સાધના હોલમાં હાજરી આપવી પડતી, કયારેક ટાઈમે ના પહોંચીએ તો દિવસમાં એક ટંકનું જમવાનું ના આપવામાં આવતુ. જમવામાં પૌષ્ટીક ખોરાક ન હતો. જેથી તેને વીકનેસ આવી જવાથી ત્યાં ડો. વંદનાબેન તથા આશારામની પત્નીને કહીને તેમના ઘરે દિલ્હી આવી હતી. સાહેદ દેવેન્દ્રકુમાર ભગવાનસિંહ પ્ર જાપતિ સને ૨૦૦૫ માં તેમને પગાર આપવાનું કહેલ અને પગાર આપેલ નહી જેથી તેઓએ મજુર અદાલતમાં આ બાબતે કેસ કરેલો. સાહેદ વર્ષા અખીલ ગુપ્તા સને ૨૦૦૭ માં તેમની મમ્મીની તબિયત સારી રહેતી ન હોય અને તેમની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તેમની બહેનના અભ્યાસ બાબતે ચિઠ્ઠી લખીને આશ્રમ છોડી દીધેલ હોવાની હકીકત ધ્યાને લેવાપાત્ર છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**બચાવપક્ષ તરફથી નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.**

**(૧૨૯)** આ કામમાં આરોપી નં.૬ તરફથી તેમના બચાવમાં **સાહેદ નં.૧ તરીકે ગીતાબેન મુકેશભાઈ હિરપરાનાઓને આંક –૬૯૮ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું સુરત મુકામે રહુ હતી. હું સુરત મુકામે મારા પરીવાર સાથે રહેતી હતી. હું મારા મમ્મી નામે શારદાબેન તથા પિતાજી માઉજીભાઈ તથા મારી મોટીબહેન/ભોગ બનનાર, નાનીબેન પારૂલ અને મારો ભાઈ ધવલ સાથે રહેતા હતા.

(૨)...હું બાળપણથી જ મારા પરીવાર સાથે સંતશ્રી આશારામજી બાપુનો આશ્રમ સુરત ખાતે સહપરીવાર જતા હતા. આશ્રમમાં બાપુનો સત્સંગ સાંભળતા હતા અને સેવા પણ કરતા હતા. આશ્રમના વાતાવરણથી અમોને શાંતી મળતી હતી એટલે મારૂં સહપરીવાર આશ્રમ સાથે જોડાયેલું હતું.

(૩)...મારી મોટી બહેન / ભોગ બનનાર ધોરણ–૧૦ માં ભણતી હતી. ત્યારે બોર્ડની પરીક્ષામાં બે વાર નાપાસ થયેલ હતી. ત્યારપછી ભોગ બનનાર/ મારી બહેને ભણવાનું છોડી દીધેલ હતું અને મારી બહેન/ ભોગ બનનાર ઘરકામ કરતી હતી.

(૪)...મારી બહેન/ ભોગ બનનારને આશ્રમમાં જવાનું સારું લાગતું હતું, એટલે તે અવાર નવાર સુરત આશ્રમે જતી હતી. ત્યારબાદ, સુરતની અમુક બહેનો અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં ૧૦–૧૫ દિવસ માટે રહેવા જવાની હતી. ત્યારે

મારી બહેને/ભોગ બનનારે મારા માતા–પિતાની રજા લઈને સુરતની અમુક બહેનો જોડે અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં જવાનું નકકી કરેલ હતું. એ બહેનો ૧૦–૧૫ દિવસ રહીને અમદાવાદ મહીલા આશ્રમથી સુરત ખાતે આવી ગયેલ હતી.

(૫)...ત્યારબાદ, ભોગ બનનાર/મારી બહેન અમદાવાદ ખાતેના આશારામ બાપુજીના મહીલા આશ્રમ ખાતે જ રોકાયેલ હતી, સુરત પરત આવેલ ન હતી. ત્યારબાદ, મારા માતૃશ્રીએ સુરતની બહેનોને પુછેલ કે મારી બહેન એટલે કે ભોગ બનનાર સુરત કેમ પાછી આવેલ નહી? તો જવાબમાં સુરતની બહેનોએ કહેલ કે, ભોગ બનનાર એવુ જણાવેલ છે કે, તેને ત્યાં રોકાવુ છે. પછી થોડા દિવસ પછી હું અને મારા મમ્મી અમદાવાદ મહીલા આશ્રમમાં મારી બહેન/ ભોગ બનનારને લેવા ગયેલા હતા. ત્યારે પણ ભોગ બનનાર / મારી બહેને ના પાડેલ હતી અને ભોગ બનનારે કહેલ કે મારે અહીંયા જ રહેવું છે અને ઘરે આવવુ નથી. અને પાછા થોડા દિવસ પછી મારા મામા, મારા નાની મા, મામા મમ્મી અને હું પણ અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં ભોગ બનનાર એટલે કે મારી બહેનને લેવા માટે ગયેલા હતા. ત્યારે પણ મારી બહેન એટલે કે ભોગ બનનારે અમારી જોડે આવવા માટે ના પાડેલ હતી.

(૬)...ત્યારબાદ, અમે અમદાવાદ આશ્રમમાં દર વર્ષે એક–બે પ્રોગ્રામમાં ગુરુપુર્ણિમાં તથા દિવાળી ના તહેવારોમાં અમે સહપરીવાર સાથે આશ્રમે જતા હતા. બાપુજી ચાર–પાંચ દિવસ રોકાતા, એટલા દિવસ ભોગ બનનાર સાથે અમે રોકાતા હતા. ત્યારે ભોગ બનનાર એટલે કે મારી બહેનને મળતા હતા. ત્યારે પણ અમે ભોગ બનનાર એટલે કે મારી બહેનને કહેતા કે તું ઘરે આવી જા, ત્યારે પણ ભોગ બનનાર એટલે કે મારી બહેન આવા માટે ના પાડતી હતી.

(૭)...ત્યારબાદ, થોડા સમય પછી ભોગ બનનાર એટલે કે મારી બહેન વકતા

બની ગયેલ હતી અને સત્સંગો કરતી હતી. ત્યારે તે સુરત અને આજુબાજુના ગામડાઓમાં પણ સત્સંગ કરવા આવતી હતી. ત્યારે અમે પણ સત્સંગમાં જતા હતા અને મારી બહેને એટલે કે ભોગ બનનારને મળતા હતા અને મારી બહેન એટલે કે ભોગ બનનાર પણ અમારે ઘરે આવતી હતી. ત્યારે પણ ભોગ બનનારને એટલે કે મારી બહેનને ઘરે રહેવાનું અમો કહેતા હતા, પણ તે હજી પણ ઘરે આવવાનું ના પાડતી હતી.

(૮)...ત્યારબાદ, ભોગ બનનાર એટલે કે મારી બહેનને ટી.બી.ની બીમારી થઈ ગયેલ હતી. ત્યારે તે સારવાર કરવા માટે ઘરે એટલે કે સુરત ખાતે આવેલી હતી અને તેને સારવાર દરમ્યાન સારુ થઈ ગયેલ હતું. ત્યારે પણ ભોગ બનનાર એટલે કે મારી બહેનને અમે કહેલ કે, હવે અહીં જ રહીજા સુરત ખાતે, હવે તારે મહીલા આશ્રમ, અમદાવાદ ખાતે જવુ નથી. તેમ છતા ભોગ બનનાર એટલે કે મારી બહેને ના પાડેલી અને અમદાવાદ મહીલા આશ્રમમાં જતી રહેલ હતી.

(૯)...ભોગ બનનારને ટી.બી.ની બીમારી મારા લગ્ન ૨૦૦૩ થયેલા તે અરસામાં થયેલ હતું. ત્યારબાદ, મારા લગ્ન થઈ ગયેલા હતા. ત્યારબાદ, ભોગ બનનાર એટલે કે મારી બહેન ૨૦૦૬ –૨૦૦૭ માં મહીલા આશ્રમ છોડીને ઘરે આવી ગયેલ હતી. ત્યારબાદ, અમો અમારા પિયર ગયા ત્યારે અમે ભોગ બનનારને પુછેલ કે, તમે કેમ પાછા આવી ગયેલ છો? ત્યારે ભોગ બનનારે અમોને કહેલ કે બાપુજીએ જાહેર સત્સંગમાં મને ઠપકો આપેલો અને હું સત્સંગ કરતી હતી એટલે મને એ વાતનું ખોટું લાગી ગયેલ છે એટલે હું પરત ઘરે આવી ગયેલ છું.

(૧૦)...ત્યારબાદ, હું જયારે જયારે પિયર જતી હતી ત્યારે ભોગ બનનારને મળવાનું થતુ હતું અને હું સાસરીમાંથી સુરત ખાતે આશ્રમે જતી હતી ત્યારે પણ મારી બહેન યાને ભોગ બનનાર માતા –પિતા ની સાથે તેના

ઘરેથી સુરત આશ્રમ ખાતે આવતી હતી. પછી ભોગબનનારે સને– ૨૦૦૯ માં માતા –પિતાની મરજી વિરૂધ્ધમાં પ્રેમ લગ્ન કરી દીધેલ હતા.

**(૧૩૦)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,(૧૧)...આજરોજ જુબાની આપવા માટે હું મારા પતિ અને જેઠ સાથે આવેલ છું. ભોગ બનનારે ફરીયાદ કરી પછી ઘણી બધી વાર તેણીની સાથે મળવાનું થયેલ હતું. મને સુરતમાં જે બનાવ બનેલો તેની કોઈ જાત માહીતી નથી. મને બાપુ સામે જોધપુર જે કેસ થયેલો તેની જાણ મીડીયા દવારા થયેલ હતી. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં જે હકીકત જણાવુ છું તે ખોટી જણાવુ છું. હું કે મારા પરીવારનાઓ આશ્રમને સમર્પિત નથી. કયારેક કયારેક આશ્રમનું વાતાવરણ સારું લાગે તેથી છોકરાઓને લઈને આશ્રમમાં જઈએ છીએ. ભોગ બનનાર ધોરણ –૧૦માં બે વાર નાપાસ થયેલ તે હકીકત જણાવું છું તે સને–૧૯૯૫ ની વાત છે. સુરત આશ્રમમાં હોળી, જન્માષ્ટમી અને ડીસેમ્બર માસમાં નાતાલ પર્વે પ્રોગ્રામ થતા હતા અને આ પ્રોગ્રામોમાં અમારે જવાનું થતુ હતું. જન્માષ્ટમીનો એક વર્ષનો પ્રોગ્રામ સુરત આશ્રમ ખાતે થયેલ ન હતો, તે વર્ષ આશરે ૧૯૯૬ નું વર્ષ હતું. (૧ ૨)...અમદાવાદ ગુરુપુર્ણીમાં અને દીવાળી ના પ્રોગ્રામ વખતે હું, મારા માતા–પિતા અને ભાઈ સાથે આવતી હતી. હું અને મારી માતા ભોગ બનનાર જોડે રૂમમાં રોકાતા હતા અને મારો ભાઈ અને પિતા પુરુષ આશ્રમમાં રોકાતા હતા. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા માટે સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૧૩૧)** આ કામમાં આરોપી નં.૬ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૨ તરીકે વિક્રમસિંગ કીશોરસિંગ રાઠોડનાઓને આંક–૬૯૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું મારા સ્કુલમાં અભ્યાસ કરતો ત્યાંથી હું હીન્દુવાદી વિદ્યાર્થી સંગઠનો સાથે જોડાયેલ છું. આજપણ હું હિન્દુ યુવાવાહીની સંગઠન સાથે જોડાયેલ છું અને નેશનલ જનરલ સેક્રેટરીનું પદ ધરાવુ છું.

(૨)...મારા માતૃશ્રી સને-૨૦૦૦ થી બાપુજી યાને આશારામજીના સત્સંગમાં આવતા જતા હતા. હું મારી માતાજી સાથે દીલ્હી, અમદાવાદ, સુરત તથા ગાઝીયાબાદ જેવા જુદા જુદા શહેરોમાં આવતો જતો હતો.

(૩)...જેવું મે કહયુ કે હું હીન્દુવાદી સંગઠનોથી સાથે જોડાયેલ છું. મને બાપુજીનો હીન્દુ ધર્મના પ્રત્યે કામ કરવાની રીત સારી લાગતી હતી અને તેઓના દવારા સનાતન ધર્મના ઉત્થાનના કાર્યોથી પ્રેરીત હતો અને વિશેષ રૂપે ગૌ સેવાથી પ્ર ભાવીત હતો.

(૪)...જેથી હું સમય નીકાળીને દર રવિવારે કરોલ બાગ આશ્રમ, દિલ્હી જતો અને ત્યાં હું સેવા પણ કરતો હતો અને પુનમના દીવસે જયા બાપુજીના સત્સંગ હોય ત્યાં સાંભળવા જતો હતો.

(૫)...ત્યારબાદ, સને-૨૦૦૮ માં તે વર્ષે અમદાવાદ ગુરુકુલમાં બે બાળકો આકસ્મીક મૃત્યુ પામેલ હતા. ત્યારબાદ, બાપુજી ઉપર મીડીયામાં તંત્ર વિદ્યા તેમજ અન્ય ખોટા આરોપો લાગવાનું શરૂ થઈ ગયેલ હતું અને આશ્રમથી નીકળેલ અમુક લોકો જેમાં મુખ્યત્વે રાજુ ચાંડક, અમૃત પ્રજાપતિ, મહેન્દ્ર ચાવલા, અવીન વર્મા, વિણા ચૌહાણ જેવા લોકો મીડીયામાં આવી બાપુજીના વિરૂઘ્ધ ખરાબ બોલતા હતા.

(૬)...ત્યારબાદ, ઓગસ્ટ -૨૦૦૮માં તે સમયે હું ગુડગાવમાં એક મલ્ટીનેશનલ કંપનીમાં સોફટવેર ઈજનેર તરીકે કાર્યરત હતો. તે સમયે મને જાણવા મળેલુ કે બાપુજી રજોકરી આશ્રમ, દિલ્હીમાં આવ્યા હતા તેથી મે વિચાર્યુ કે ત્યાં સત્સંગ સાંભળીને પછી ઘરે જઉ. હું જયારે આશ્રમ પહોચ્યો ત્યારે બાપુજીનો

સત્સંગ ચાલી રહેલો હતો. ત્યારે બાપુજીને કોઈએ સુચના આપેલ અને પછી બાપુજી સત્સંગ રોકીને બાપુજી શાંત થઈ ગયેલ હતા. ત્યારબાદ, જયારે બાપુજીએ ફરી સત્સંગ શરૂ કર્યો ત્યારે તેમની આંખોમાં આશુ હતા અને બાપુજી રડી રહયા હતા. ત્યારે તેમને કહ્યુ કે, કોઈને મારી સાથે દુશ્મની કાઢવી હોય તો મારી જોડે બદલો લે મારા નિર્દોષ બાળકોને મારે નહી કે હેરાન ન કરો. જયારે મે તપાસ કરેલ ત્યારે મને જાણવા મળેલ કે છીંદવાડા ગુરુકુલમાં કોઈ બાળકનું આકસ્મીક મૃત્યુ થયેલ હતું. ત્યારબાદ, મને લાગેલ કે બાપુજી વિરૂધ્ધ કોઈને કોઈ ષડયંત્ર રચી રહયુ છે. તેમને ફસાવવાનું કોઈ કાવતરુ રચી રહયા છે. જેથી મને લાગેલ કે મારે આનો ભાંડો ફોડવો જોઈએ. ત્યારબાદ હું આશ્રમથી ઘરે આવી ગયેલ હતો.

(૭)...ત્યારબાદ, સાંજના સમયે હું ઘરે આવી ટીવી ઉપર ન્યુઝ જોઈ રહયો હતો. ત્યારે અમૃત પ્રજાપતિનું ઈન્ટરવ્યુ ચાલતું હતું અને નીચે ચેનલમાં તેના નંબર સાથે પટ્ટી આવતી હતી કે કોઈને પણ બાપુજી વિરૂધ્ધ કોઈ ફરીયાદ હોય તો આ નંબર ઉપર સંપર્ક કરી શકે છે. ત્યારબાદ, બીજા દિવસે હું એસ.ટી.ડી. ઉપર ગયેલો અને તે નંબર ઉપર મેં ફોન કરેલો અને સામેથી તેમણે જણાવેલ કે હું અમૃત પ્રજાપતિ બોલુ છું. ત્યારે મે કહેલ કે હું તમારા લોકો સાથે જોડાવવા માંગુ છું અને બાપુજી વિરૂધ્ધ આરોપ મુકવા માંગુ છું. ત્યારે અમૃત પ્રજાપતિએ જણાવેલ કે અગર તું એવી કોઈ છોકરીની વ્યવસ્થા કરી આપે કે જે બાપુજી વિરૂધ્ધ ખોટો બળાત્કારનો આરોપ મુકી શકે, તો તું અમારી સાથે કામ કરી શકે છે. ત્યારે મેં જણાવેલ કે, મારી નાની બહેન અનીતા થી હું આ ખોટો કેસ કરાવી શકુ છું. પરંતુ આ કામ માટે મારે રૂા.૧૦ લાખ રૂપિયા જોઈશે. ત્યારે અમૃત પ્રજાપતિએ આ રૂપિયા આપવાની હા પાડેલ હતી. હું નામદાર કોર્ટને જણાવવા માંગુ છું કે મારે જે તે વખતે પૈસાની કોઈ જરૂરીયાત ન હતી. માત્ર આવા લોકો જે હીન્દુ

સંતોને બદનામ કરે છે, તેમનો ભાંડો ફોડવા માંગતો હતો. અમૃત પ્રજાપતિએ પછી મારો મોબાઈલ નંબર માંગેલો. પરંતુ મે જણાવેલ કે, હું ખુબજ ગરીબ માણસ છું, મારી પાસે મોબાઈલ નથી. અમૃત પ્રજાપતિએ જણાવેલ કે તું મોબાઈલ ખરીદી લે તેના પૈસા હું ચુકવી આપીશ, ત્યારપછી હું દિલ્હીમાં આવેલ ગફાર માર્કેટ માં ગયેલો. અને ત્યાંથી મેં સેકન્ડ હેન્ડ મોબાઈલ ખરીદેલો અને મેં દુકાન વાળાને જણાવેલ કે, મારી પાસે આઈ.ડી પ્રફુ નથી પરંતુ મારે મોબાઈલ સીમ જોઈએ છે. મેં આ દુકાન વાળાને મારુ આઈ.ડી.પ્રુફ આપેલ નહી કારણ કે જો મારુ અસલ આઈ.ડી આપતો તો મારા મોબાઈલ નંબરના આધારે મારું અસલ નામ અને સરનામુ ખબર પડી જાત. ત્યારપછી આ દુકાનદારે મારાથી રૂા.૨૦૦/– લઈ મને ચાલુ સીમકાર્ડ આપી દીધેલ હતું. તે સીમ કોના નામનુ હતુ તેની મને ખબર નથી. ત્યારપછી મે આ સીમ કાર્ડ મોબાઈલમાં નાખી આ અમૃત પ્રજાપતિનાઓને મારો નંબર આપેલ.ત્યાર પછી આ અમૃત પ્રજાપતિનાઓએ જણાવેલ કે તેમના બોસ રાજુ ચાંડક દીલ્હી આવશે અને તેઓ તમારો કેસ જોશે.

(૮)...ત્યારપછી થોડા દિવસ પછી અમૃત પ્રજાપતિ નાઓનો મારા ઉપર ફોન આવેલો અને જણાવેલ કે બે દિવસ પછી રાજુ ચાંડક દિલ્હી આવી રહયા છે. ત્યારે મેં ખરેખર વિચારેલ કે મારી તો કોઈ બહેન નથી તે સમયે મેં આ અમૃત પ્ર જાપતિનાઓને જણાવેલ કે, આપણે રેલ્વે સ્ટેશન કાંતો બસ સ્ટેન્ડ મળશું કારણ કે મારી બહેન અંબાલાથી આવશે. ખરેખરમાં આવી કોઈ મારી બહેન હતી નહી. પરંતુ મારે વિચારવાનો સમય જોઈતો હતો.

(૯)...ત્યારબાદ, મને વિચાર આવેલ કે હું અમુક બહેનોને મદદ માટે કહી શકું તેમાંથી મને દુર્ગાબહેનનું નામ ખ્યાલ આવેલ. ત્યારપછી હું દુર્ગાબહેનને મળ્યો હતો. આ દુર્ગાબેનનાઓ પોતે હીન્દુવાદી સત્સંગોમાં આવતા જતા હોઈ, જેતે વખતે તેણી દિલ્હીમાં જ હતી. ત્યારે હું તેમને મળેલો અને તેમને જણાવેલ કે,

બાપુજી વિરૂધ્ધ આ લોકો ષડયંત્ર રચી રહયા છે. અને તમે જો આ લોકોનો ભાંડો ફોડવામાં આવો ખોટો આરોપ લગાવવા માટે રાજી થઈ જાવ તો આપણે આ લોકોને એટલે કે ઉપરોકત જણાવેલ વ્યકિતઓને ખુલ્લા પાડી શકયે. ત્યારપછી મારી વાત સાંભળી દુર્ગાબેનનાઓએ મારી મદદ કરવા માટે હા પાડેલ હતી. પછી બીજા દીવસે મે તેણીને લોનીગોલ ચકકરા દિલ્હી ખાતે મળવા કહેલ હતું. ત્યારે અમે લોકો રીક્ષા કરીને આઈ.એસ.બી.ટી. કશ્મીરી ગેટ, દિલ્હી ખાતે પહોંચેલા કારણ કે, ત્યાં આ રાજુ ચાંડક મળવા આવવાના હતા. બપોરે આશરે ૨ વાગેના અરસામાં આ રાજુ ચાંડકનાઓ નકકી થયેલ સ્થળ ઉપર પહોંચેલ નહી. જેથી મેં અમૃત પ્રજાપતિ નાઓને ફોન કરીને જણાવેલ કે, કોઈ આવેલ નથી. આ સમયે અમૃત પ્રજાપતિનાઓએ ફોન ઉપર જણાવેલ કે થોડી વારમાં રાજુભાઈ આવે છે. ત્યારપછી એક દીનેશ નામની વ્યકિત ચાલતા ચાલતા અમારા બંને પાસે આવેલી અને તેણે મારુ નામ પુછેલ હતું. ત્યારે મે આ વ્યકિતને મારુ નામ સંદીપ અને મારી બહેનનું નામ અનીતા જણાવેલ હતું. પછી તે અમારી સાથે વાત કરતો હતો અને આજુબાજુમાં નીરીક્ષણ કરતો હતો કે કોઈ સાથે તો નથી. ત્યારે આ દિનેશનાઓ કોઈને ફોન કરેલ અને કહેલ કે બંને ભાઈ અને બહેન આવી ગયેલ છે તમે પણ આવી જાવ. ત્યારપછી એક ક્રિમીશ કલરની કવોલીસ ગાડી આવી ઉભી રહેલ અને તેમાંથી એક છ ફુટનો વ્યકિત ઉતરેલ. પછી તેણે પોતાનું નામ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક બતાવેલ હતું. અને અમને કહેલ કે બંને જણા ગાડીમાં બેસી જાવ. ગાડીમાં બેસયા પછી આ રાજુનાઓએ ગાડી ચલાવતા વ્યકિતનો પરીચય પહાડી તરીકે કરાવેલ અને તે શેખરનો નાનો ભાઈ છે. તેવુ જણાવેલ હતું. અને આ સમયે ગાડીમાં ત્રીજી સીટ ઉપર એક ૫૦ વર્ષ ના વ્યકિત બેઠેલ હતા અને તેમનુ નામ રમેશ બોરીયા જણાવેલ હતું અને તે રમેશ બોરીયા શ્રી રામસુખદાસજી ના ત્યા સેવાપુજા કરે છે. ત્યારપછી વાતો કરતા કરતા ગાડી જુની

દિલ્હી રેલ્વે સ્ટેશન પાસે પહોચી ગયેલ અને ત્યા ગાડીમાંથી રમેશ બોરીયા અને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ઉતરીને બહાર જતા રહેલા અને થોડી વાર પછી આ બંને જણા ગાડી ઉપર પરત આવેલ અને અમોને જણાવેલ કે હોટલનો રૂમ તમારી માટે બુક કરાવી દીધેલ છે. ત્યારપછી, આ લોકો અમોને હોટલ રીગલ ના રૂમ નં.પ માં લઈ ગયેલ. હોટલ પહોંચ્યા પછી રૂમમાં આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને જણાવેલ કે હું એક સ્ક્રીપ્ટ આપીશ. તેની તૈયારી કરી નાખજો, આજે થાકેલા છો તો આરામ કરો. આ સમયે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જતા જતા દીનેશને કહેલ કે તુ આમની સાથે રોકાઈ જા અને આમનું ધ્યાન રાખજે. ત્યારપછી અમે રાત્રે હોટલમાં સુઈ ગયેલા હતા.

(૧૦)...ત્યારબાદ, બીજા દિવસે સવારે રાજુ ચાંડક અને રમેશ બોરીયા અમારા રૂમ પર આવેલ હતા. ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ આ દુર્ગાબેન જેઓને મે અનીતા તરીકે ઓળખાણ આપેલી, તેણીને કહેલ કે એક બુક અને પેન આપો. હું તમને સ્ક્રીપ્ટ લખાવીશ. આ સમયે આ દુર્ગાબેને જણાવેલ કે મારી પાસે પેન અને કોપી નથી ત્યારે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ મને અને દીનેશને જણાવેલ કે તમે બંને જઈને પેન અને કોપી લઈને આવો. ત્યારપછી અંદાજે અડધો કલાક પછી હું અને દીનેશ પેન અને કોપી લઈને રૂમ ઉપર પરત લઈને આવેલ હતા. અમે લોકો પરત આવ્યા પછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ મને જણાવેલ કે, રાજુએ મારી બહેનને સ્ક્રીપ્ટ સમજાવી દીધેલ છે. પરંતુ તું પણ યાદ રાખ અને અમુક લાઈનો તેમા ખાસ આવી જોઈએ. જેમાં ત્રણ મહીલાઓ જેના નામ ઢેલ, બગલો અને ધ્રુવ તેના નામ આવવા જોઈએ અને આ લોકો તારી બહેનને ગુલકંદનું પાણી પીવડાવી અંદર રૂમમાં આશારામજી બાપુ પાસે મોકલેલ, જયા તેણી ઉપર બળાત્કાર કરવામાં આવેલ અને ત્યાંથી બહાર આવ્યા બાદ ઉપરોકત ત્રણેય મહીલાઓએ એવુ કહેલ કે તારુ કલ્યાણ થઈ ગયેલુ છે,

અને બાપુએ સ્પર્શ કર્યા છે. ત્યારબાદ, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ કહેલ કે આ બધી વિગતો લખીને સ્ક્રીપ્ટ તૈયાર રાખજો હું સાંજે આવીને પુછીશ. ત્યારપછી રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ત્યાથી જતા રહેલા.

(૧૧)...આ સમયે મેં મારા મિત્ર અભિષેકની મદદથી એક બટન કેમેરાની વ્યવસ્થા કરેલ, જે હું સવારના સમયે જયારે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક રૂમમાં આવેલ ત્યારે પહેરી શકેલ નહી. ત્યારબાદ, સંધ્યાના સમયે મેં આ બટન કેમેરા મારા શર્ટમાં લગાવી દીધેલ અને રૂમમાં ડોર બેલ વાગતા હું બાથરૂમમાં જઈને આ બટન કેમેરા ચાલે છે કે નહી તે ચેક કરેલો અને તે કેમેરો ચાલુ હાલતમાં હતો. જયારે હું બાથરૂમમાંથી બહાર આવ્યો ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ખુરશી ઉપર બેઠેલો હતો અને હું તેની સામે એવી રીતે બેઠેલ કે, આ બટન કેમેરાનુ ફોકસ તેના ઉપર રહે. આ કેમેરાનું જે ડીફોલ્ટ ડેટ અને ટાઈમ મારાથી જે તે વખતે સેટ થયેલ નહી. આ સમયે હું જયારે બાથરૂમમાંથી બહાર આવ્યો ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક તેના હાથમાં જે રજીસ્ટર હતુ તેમાં તેણે જે સ્ક્રીપ્ટ લખાવેલ હતી તે ચેક કરી રહયો હતો. અને આ સમયે વાંચ્યા પછી તેણે વિશેષમાં કહેલ કે, આ સ્ક્રીપ્ટમાં ધ્રુવબેનનું નામ લખેલ છે. તે મે જોયું. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે, પહેલો તબકકો એફીડેવીડનું રહેશે ત્યારબાદ બીજો તબકકો એફ.આઈ.આર. નોંધવી અને ત્રીજો તબકકો મીડીયા સમક્ષ રજુ કરવા. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ મને કહેલ કે હું અમૃત પ્રજાપતિ જેવી મુર્ખામી નહી કરુ કે કોઈ મહીલાને બુરખો પહેરાવી મીડીયામાં વગર લખાણે કે એફીડેવીડે ઉભી રાખી દઉ. મેં રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ને જણાવેલ કે, તમે દિલ્હીમાં કેસ કરી દો. ત્યારે તેણે જણાવેલ કે, મારી એટલે કે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકની દિલ્હીમા પકડ નથી. અમદાવાદમાં તેને એટલે કે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકની હાઈકોર્ટના વકીલ, હાઈકોર્ટ ના જજ તેમજ મીડીયામાં ઓળખાણ છે.

આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકનાઓએ અમોને જણાવેલ કે ૨૦૦૫ થી ૨૦૦૮ નો સમયે થઈ ગયેલ છે અને થોડો સમયે વધારે થશે તો પણ ચાલશે. આશારામ બાપુને તો અમે જેલ મોકલીને રહીશું. ત્યારપછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે, તેઓએ તાંત્રીક અઘોરી નાઓને લાખો રૂપિયા, દારૂ આપી, છોકરીઓ સપ્લાય કરી અને તેઓને સંદેશ પ્રેસ ને ત્યાં સોંપી દીધેલ અને બાપુ વિરૂધ્ધ આરોપ લગાવડાવેલ. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ મને કહેલ કે, આ બધુ થયા પછી આશારામ બાપુ જેલ જતા રહેશે, નારાયણ સાંઈ જેલ જતા રહેશે, સુરેશાનંદજી આશ્રમ છોડી દેશે અને આશ્રમના ટ્રસ્ટીઓ આશ્રમ છોડીને ભાગી જશે અને આશ્રમ બંધ થઈ જશે યાતો તેના ઉપર સરકારી કબજો કરી દેશે. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ દુર્ગાબેનને કહેલ કે તું જેમનું નામ એફ. આઈ. આર. માં લખાવશે તેમને કોર્ટ બોલાવશે જેવી રીતે તે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકના કહેવા ઉપર ધ્રુવબેનનું નામ લખાવેલ છે તેમને પણ કોર્ટ આરોપી તરીકે બોલાવશે. આ સમયે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે, એફ.આઈ.આર અમો દેશમાં કોઈપણ જગ્યાએ દીલ્હી, અંબાલા, વડોદરા, અમદાવાદ થી કરી શકીએ. પરંતુ આપણે આ કેસ અમદાવાદથી કરવાનો છે. ત્યારબાદ, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જતા જતા કહેલ કે, આવતી કાલે આપણે લોકો અક્ષરધામ મંદીર, દિલ્હી ખાતે ફરવા જઈશું.

(૧૨)...ત્યારબાદ, રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકના ગયા પછી અમૃત પ્રજાપતિ નાઓએ મને ફોન કરેલ અને કહેલ કે તમે લોકો અમદાવાદ ગુજરાત આવી જાવ, મારી રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જોડે વાત થઈ ગયેલ છે ત્યારે મેં જણાવેલ કે અમે લોકો ત્યાં નહી આવીએ અહીં દિલ્હીમાં જ કેસ કરીશું ત્યાર પછી મે ફોન કાપી નાખ્યો. ત્યારપછી મારી સાથે જે દિનેશ કરીને વ્યકિત હતો તેને મે કહેલ કે તું

અમૃત પ્રજાપતિ સાથે વાત કરી લે અને દિલ્હીમાં જ કેસ કરવો છે, તેવુ કહી દો. મેં ત્યારપછી મારા ફોનથી અમૃત પ્રજાપતિ નાઓને ફોન લગાવેલ અને રેકોડીંગ ચાલુ કરી આ દીનેશને ફોન આપી દીધેલ. ત્યારપછી આ દીનેશ મારા ફોનથી વાત કરતો કરતો મારાથી દુર જતો રહેલ અને વાત કર્યા પછી મારો ફોન તેણે મને પરત આપેલ હતો. ત્યારપછી મારો ફોન મારા હાથમાં આવ્યા પછી મેં દિનેશથી દુર જઈને આ રેકોડીંગ સાંભળેલ હતું. જેમાં આ અમૃત પ્રજાપતિ આ દીનેશને કહેતા હતા કે આ લોકોને ગુજરાત લઈ આવો ત્યાં આપણુ નેતાઓ સાથે સેટીંગ છે. દીલ્હીમાં કોઈ આવુ સેટીંગ નથી તું આ બંનેને ગુજરાત લઈ આવ, પાંચ કલાકમાં એફીડેવીડ થઈ જશે અને આશારામ બાપુને જેલ મોકલી દઈશું. વધુમાં આ રેકોડીંગમાં અમૃત પ્રજાપતિ નાઓએ દિનેશને એવુ જણાવેલ કે આ બંને જણાને લાખો રૂપિયા મળી રહયા છે. આવા જવાનો ખર્ચો મળી રહયો છે. તેમ છતા પણ આ લોકો કેમ ગુજરાત આવવાની ના પાડે છે અને દુનિયામાં લોકો પૈસો કમાવવા માટે દુંબઈ પણ જઈ રહયા છે. આ ઓડીયોની સીડી અને ટ્રાન્સક્રીપટ અમો નામદાર કોર્ટમાં આજરોજ લીસ્ટથી રજુ કરીએ છીએ.

(૧૩)...આ થયા બાદ મે મારા મોબાઈલ ફોન તથા બટન કેમેરાનું મેમરી કાર્ડ બંને મારા મિત્ર અભિષેકને હોટલમાં નીચે જઈને આપી દીધેલ હતું અને મેં અભિષેકને જણાવેલ કે, મારા ઓફીસના કોમ્પ્યુટરમાં આ કોપી કરી નાખો. આ જે મેમરી કાર્ડ કોપી કરવાનું કારણ એ હતુ કે કેમેરાની મેમરી કાર્ડની મેમરી ૨ જીબી હતી અને મોબાઈલના મેમરી કાર્ડની એક જીબી હતી તે ફુલ થઈ જતા મેં આ કોપી કરવાનું મારા મિત્રને જણાવેલ હતું. આ સમયે મે મારા મિત્રને જણાવેલ કે આ કોપી કર્યા પછી વહેલી સવારમાં આ બંને મેમરી કાર્ડ મને ખાલી કરીને મને પાછા આપી જજે. ત્યારપછી રાત્રીના અમે સુઈ ગયેલા, બીજા દિવસે સવારે મારા મિત્ર અભિષેક નાએ મને આ બંને મેમરી કાર્ડ ખાલી કરીને પરત આપી દીધેલ,

ત્યારપછી હું તૈયાર થઈ આ બટન કેમેરા લગાવીને રૂમમાં બેસી ગયેલ.

(૧૪)...ત્યારબાદ, સવારના આશરે ૯–૧૦ વાગે રમેશ બોરીયા નાઓ અમારા રૂમ ઉપર આવી અમોને જણાવેલ કે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકનાઓ નીચે ગાડીમાં તમારી રાહ જોઈ રહયા છે અને અક્ષરધામ જવાનું છે. આ સમયે જયારે અમે લોકો હોટલમાંથી બહાર નીકળી રહયા હતા ત્યારે હોટલ વાળાએ અમોને બધાને રોકેલા કારણે કે રૂમમાં એક છોકરી હતી અને બીજા બે પુરુષો હતા અને અન્ય પુરુષો પણ રૂમમાં આવતા જતા હતા. ત્યારબાદ આ હોટલ વાળાઓએ મારી, દુર્ગાબેન, દીનેશનાઓનો ફોટો પાડેલ. ત્યારબાદ, હોટલની બહાર નીકળ્યા ત્યારે વેગેનાર ગાડી આ વખતે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ચલાવતા હતા અને તેની બાજુમાં રમેશ બોરીયા બેઠેલ હતા અને ગાડીમાં વચ્ચેની સીટે હું, દુર્ગા, અને દીનેશ નાઓ બેઠેલ હતા. ગાડીમાં બેઠા ત્યારે મારો બટન કેમેરા ચાલુ હતો પરંતુ ગાડીના કાચો ખુલ્લા હતા જેથી ટ્રાફીક અને અવાજના કારણે આ રેકોર્ડીંગમાં ઘણુ બધુ ડીસ્ટબન્સ આવેલ. આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ અમો બધાને અક્ષરધામ લઈ જવાને બદલે ઈન્ડીયા ગેટ લઈ ગયેલો. ઈન્ડીયા ગેટ પહોંચ્યા પછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ મને દીનેશ, રમેશ બોરીયા સાથે એકલો મુકેલ અને તે પોતે દુર્ગા સાથે અલગ જઈ વાત કરવાનો પ્રયત્ન કરેલ, આ સમયે હું ત્યા પહોંચી ગયેલ. આ સમયે મેં રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓને જણાવેલ કે અમોને પૈસા આપો ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે ૫૦ હજાર એફીડેવીડના સમયે, બીજા ૫૦ હજાર એફઆઈઆર સમયે અને રૂા.૪ લાખ મીડીયામાં બોલ્યા પછી આપીશું. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને જણાવેલ કે આ બધું કામ ગુજરાતમાં થશે. ત્યારે મેં તેમને જણાવેલ કે એવુ કઈ કરી દો કે આ બધુ કામ દીલ્હીમાં જ થઈ જાય. આ સમયે મને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે કરવા માટે તો અમે કઈ

પણ કરી શકયે પૈસા આપીને આશારામ બાપુ તથા નારાયણ સાંઈને ગોળી પણ મરાવી શકયે પરંતુ અમે આવુ કરીશુ નહી. મે એમને પુછેલ કે કેમ આવુ, તો રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ કહેલ કે જો હું તેમને ગોળી મરાવી દઈશ તો તેમને સાંઈ બાબાની જેમ પુજન થશે. મારો ઈરાદો એવો છે કે, તેમના ભગતો તેમને ધિકકારવા લાગે અને તેમને માનવાનું બંધ કરી દે અને સમાજમાં તેમની છબી ખરાબ થઈ જાય, એટલે તેમના ઉપર બળાત્કારનો ખોટો આરોપ લગાવી તેમને જેલ મોકલવા છે. ત્યારપછી અમે બધા તેની સાથે પરત આવેલા અને આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને કરોલ બાગ છોડી દીધા અને ત્યાંથી અમે રીક્ષામાં હોટલ પરત આવેલા.

(૧૫)...ત્યારબાદ, અમને એવુ લાગેલ કે આ લોકો પૈસા નહી આપે માત્ર અમારો સમય ખરાબ કરે છે. જેથી બીજા દિવસે સવારે અમે હોટલમાંથી ચેક આઉટ કરી નીકળી ગયેલા હતા અને હું મારા ઘરે ગયેલો અને દુર્ગા તેમના ઘરે જતી રહેલી. ત્યારબાદ, અવાર નવાર આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ અમોને ફોન કરતા રહેતા હતા, પરંતુ મે તેમના ફોનનો જવાબ આપવાનું ટાળી દીધેલ હતું. થોડા સમયે બાદ ફરીથી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓનો મને ફોન આવેલ અને મને કહેલ કે હવે પૈસાની વ્યવસ્થા થઈ ગયેલ છે, તમે લોકો હવે અમદાવાદ આવી જાવ. આ સમયે મેં રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓને જણાવેલ કે, એક અઠવાડીયા પછી અમો તથા દુર્ગાબેન અમદાવાદ આવી જઈશું. ત્યારબાદ, મેં દુર્ગાબેન નાઓને મેસેજ મોકલાવેલ કે તમે દીલ્હી આવી જાવ, આપણે અમદાવાદ જવાનું છે. ત્યારબાદ બે દિવસ પછી દુર્ગાબેન દિલ્હી આવી ગયેલા અને મેં રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓને ફોન કરી જણાવેલ કે અમો સંપર્ક ક્રાંન્તી ટ્રેનથી અમો અમદાવાદ આવીએ છીએ.

(૧૬)...હું તથા દુર્ગાબેન ટ્રેનથી કાલુપુર રેલ્વે સ્ટેશન અમદાવાદ આવેલા.

ત્યારે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ તેમની બાઈક ઉપર અમારી રાહ જોઈ રહયા હતા. આ સમયે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકનાઓના જોડે ઉભેલ એક રીક્ષા વાળાનાઓને તેમણે જણાવેલ કે આ લોકોને તું મારા ઘરે ઉતારી દે. ત્યારબાદ, આ રીક્ષાએ અમોને આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓના ઘરે ઉતારી દીધેલ હતા. આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ના ઘરે પહોંચ્યા પછી તેમના ઘર ઉપર બીજા માળે અમોને બોલાવેલા હતા. ઉપરોકત રૂમ લાઈબ્રેરી જેવો રૂમ હતો જેમાં તેની સામે એક લેપટોપ પડેલ હતુ જેમાં એ કંઈક કામ કરી રહયો હતો. આ વખતે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને જણાવેલ કે જેટલા પણ આજ દીન સુધીના પુરાવાઓ છે, તે આ લેપટોપમાં મેં રાખેલા છે. આ વખતે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ દુર્ગાબેનને કહેલ કે, જે સ્ક્રીપ્ટ મે તમને તૈયાર કરાવેલી તે મને બોલીને સંભળાવો, હું જોવા માંગુ છું કે તમે તે બરાબર બોલો છો કે નહી. આ સમયે મને આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓ ઉપર શંક જતા મેં તેના ઉપર બરાબર નજર નાખતા જોવા મળેલ તો તેના શર્ટના ઉપરના ખીસ્સામાં તેણે એક પેન કેમેરા રાખેલો હતો. ત્યારે મેં આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ને કહેલ કે તમે અમારુ રેકોડીંગ કરી રહયા છો અને તમારા શર્ટમાં પેન કેમેરા પડેલ છે. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ મને તેમનો પેન કેમેરા આપી ને જણાવેલ કે તમે પોતે જ જોઈલો મે કોઈ રેકોડીંગ કરેલ નથી, ત્યારે મેં આ પેન કેમેરાનું ડીસપ્લે ચેક કરતા તેમા બે ત્રણ રેકોડીંગ પડેલા હતા. જે મે ડીલીટ કરી નાખેલ હતા. ત્યારબાદ, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને કહેલ કે હવે આપણે આ વિષય ઉપર વાત નહી કરીએ, જો તમને અમારી ઉપર શંકા છે તો આપણે ઘરે નહી હોટલમાં જઈને વાત કરશું. ત્યારપછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ કોઈકને ફોન કરેલ અને જણાવેલ કે હોટલ જવાનું છે. તમે લેવા આવી જાવ. નીચે ઉતરતા મે જોયુ તો જે રીક્ષા વાળો મને કાલુપુર રેલ્વે સ

ટેશનથી લઈ આવેલ તે જ રીક્ષા વાળો અમને હોટલ જવા માટે લેવા આવેલો હતો. આ સમયે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ રીક્ષા વાળાને સુચના આપેલી કે હોટલ જતા પહેલા આ લોકોને કોઈ ગુજરાતી ધાંબા ઉપર લઈ જઈ જમાડી હોટલ ઉતારે. અમે લોકો જયારે આ રેસ્ટોરેન્ટ ઉપર જમવા પહોંચ્યા તે પહેલા આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકનાઓ ત્યા અગાઉથી જ હાજર હતા અને તેણે રેસ્ટોરન્ટનું બીલ ચુકવેલ હતું. ત્યારપછી રીક્ષા વાળાએ અમોને હોટલ નીલકંઠ ઉતારી દીધેલ હતું.

(૧૭)...હોટલે પહોચ્યા પછી દુર્ગાબહેને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જે હોટલમા હાજર હતા તેમને કહેલ કે હવે અમને પૈસા આપી દો, ત્યારે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ જણાવેલ કે હજુ કોઈને મળવાનું છે ત્યારપછી તમને તમારા પૈસા મળશે. ત્યારપછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક દુર્ગાબેનને હોટલમાં રહેવા દીધેલ અને મને તેમની બાઈક ઉપર બેસાડી સંદેશ પ્રેસની ઓફીસે લઈ ગયેલા હતા. અમે લોકો સંદેશ પ્રેસ પહોંચી લીફટમાં ઉપર ગયેલા અને ત્યા એક કાળા સરખા જાડા ભાઈ બેઠેલા હતા. ત્યારે આ જે વ્યકિત પ્રેસમાં બેઠેલા હતા તેઓ અને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ગુજરાતીમાં કંઈક વાત કરતા હતા તેમાંથી મને સમજણ પડેલ કે આ પ્રેસવાળા વ્યકિતને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકને કહેલ કે શેઠ તમારાથી નારાજ છે. તમે જે પણ વ્યકિતઓને લાવો છો તે બધી વ્યકિતઓ બોગસ નીકળે છે અને અમારી બદનામી થાય છે. આ સમયે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ આ પ્રેસના માણસને કહેલ કે આ વખતે આ નહી ફરે, એફઆઈઆર સુધી જશે. પરંતુ અમારે આ લોકોને પાંચ લાખ ચુકવા પડશે. ત્યારબાદ, આ પ્રેસમાં બેઠેલ વ્યકિતએ કોઈની સાથે ફોન ઉપર વાત કરેલ અને વાત કર્યા પછી તેમણે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ને કહેલ કે પાંચ લાખ નહી પરંતુ દશ લાખ આપીશુ અગર આ લોકો પુરુ કામ કરે. આ વાતચીત થઈ ગયા પછી અમે લોકો પરત હોટલે આવી ગયેલા.

(૧૮)...હોટલ પહોચ્યા પછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓને દુર્ગાબેને કહેલ કે હવે મળી આવ્યા છો અમારા પૈસા આપો. આ સમયે દુર્ગાબેનની વાત ઉપર આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓને ગુસ્સો આવી ગયેલ અને રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ કહેલ કે તમે જુબાની આપશો તો આશારામ બાપુ જેલમાં જશે અને અગર જુબાની નહી આપો તો તમને બંનેને મારી નાખી આશ્રમની પાછળ નદીમાં ફેકી દઈશું. ત્યારપછી અમે પેપરમાં છપાવી દઈશુ કે આ લોકો આશારામ વિરૂધ્ધ બોલવાના હતા જેથી તેમણે આ લોકોનુ ખુન કરાવી દીધેલ છે.

(૧૯)...ત્યારબાદ, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક નાઓએ અમોને પૈસા આપેલ નહી અને પોતે પોતાના મોટર સાઈકલ ઉપર પોતાના ઘરે જતા રહેલા. ઉપરોકત જે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જોડે ગુસ્સામાં જે વાત રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ કરેલ તે અનુસંધાને મે દુર્ગાને કહેલ કે રાત્રે આપણી સાથે કંઈક થઈ જાય તેના કરતા રાત્રીના ૯ – ૧૦ વાગે આપણે કોઈ બીજી જગ્યાએ રોકાવા જતા રહીએ. ત્યારપછી મેં ચેક આઉટ કરવાની હોટલની પ્રક્રિયા પુરી કરી દુર્ગાને કહેલ કે તું અત્યારે હોટલની અંદર ઉભી રહે, હું બહાર જઈ જોઈ આવુ છું કે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડકનો જે ઓળખીતો રીક્ષા વાળો છે તે બહાર ઉભો તો નથી. ત્યારપછી દુર્ગાને બહાર સાથે લાવી મેં રીક્ષા કરી અમે ગાંધી આશ્રમ, અમદાવાદ ગયેલા. આ રીક્ષા વાળા એ અમને ગાંધી આશ્રમ ઉતારયા પછી અમે બીજી રીક્ષા રોકેલી અને તે રીક્ષાવાળાને અમોએ જણાવેલ કે રાત્રી રોકાવા માટે અમને કોઈ હોટલ બતાવ. જેથી આ રીક્ષાવાળાએ અમોને હોટલ કદમ ઈન માં ઉતારેલા હતા.

(૨૦)...ત્યારપછી, અમે આ હોટલમાં રાત્રીના રોકાયેલા અને સવારના રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જે હોટલમાં અમને તેણે ઉતારેલા ત્યા પહોંચી અમને ફોન કરેલ અને કહેલ કે તમે કયા જતા રહેલ છો?. ત્યારે મે જવાબ આપેલ કે તમે મારી નાખવાની ધમકી આપો છો, અમારે તમારી સાથે કામ કરવુ નથી એટલા

માટે હોટલ છોડી બીજી હોટલમાં રોકાવવા આવેલ છીએ. ત્યારપછી રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ મને કહેલ કે તારી બહેન પૈસા– પૈસા કરે છે જેથી મે ગુસ્સામાં આવીને આવુ જણાવેલુ, અમારે તમારી સાથે કશુ એવુ કરવુ નથી.

(૨૧)...ત્યારપછી, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ મને જણાવેલ કે એક વખત મળી લઈએ જો બરાબર લાગશે તો આગળ કામ કરશું, તારી બહેન એક મહીલા છે તો તેણી સાથે બીજી મહીલા સાથે વાતચીત કરાવી છે. ત્યારપછી મે આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક ને આ હોટલ કદમ ઈનનો સરનામુ આપેલુ અને એકાદ કલાક પછી આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક હોટલ કદમ ઈનમાં આવેલો. ત્યારબાદ, આ રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક એ તેમના ફોનથી વિણા ચૌહાણ કરીને એક બહેન સાથે દુર્ગાબેનની વાત કરાવેલી. ત્યારે આ વિણા ચૌહાણે દુર્ગાબેને જણાવેલ કે હવે પછીથી હું તમારો કેસ જોઈશ અને આ વિણાબેન ચૌહાણનાએ જણાવેલ કે આવતી કાલે તેણીને કોર્ટની કોઈ મુદત છે એટલે તે પરમ દિવસે આવીને મળશે. આ વિણાબેન ચૌહાણ નાઓની વાતચીત સાંભળ્યા પછી અમે વિચાર્યુ કે બે દિવસ અજાણ્યા શહેરમાં રોકાવુ સુરક્ષીત નથી, જેથી અમે અમદાવાદ એરપોર્ટ થી દિલ્હી માટેની ફલાઈટ લીધેલી.

(૨૨)...દિલ્હી પહોચ્યા પછી આશરે અઠવાડીયા પછી મારા મોબાઈલ ઉપર એક અજાણ્યા નંબરથી ફોન આવેલ અને મને જણાવેલ કે હું ''માઁ'' બોલી રહી છું. આ ફોન આવ્યો ત્યારે હું ઓફીસ કેબમાં ઘરે જઈ રહયો હતો ત્યારે આ વિણા ચૌહાણે મને ફોન પર કહેલ કે મારી વાત તમારી બહેન અનીતા સાથે કરાવો. ત્યારે મેં કહેલ કે હું ઘરે પહોંચી વાત કરાવીશ. ત્યારપછી, બીજા દિવસે આ વિણા ચૌહાણના નંબર ઉપર ફોન કરી કહેલ કે શું વાત કરવી છે મને કહો. આ સમયે મને ફોન ઉપર વીણા ચૌહાણે જણાવેલ કે થોડા દિવસ પછી હું દિલ્હી અનીલ શર્મા ને ત્યા આવી રહી છું. ત્યાં હું તમારી બહેનને મળવા માંગુ છું.

ત્યારબાદ, દુર્ગાબેન નાઓ તેમના સગાના ત્યાં દિલ્હી મુકામે અશોકનગરમાં રોકાયેલા હતા. ત્યારે મેં આ વિષય પર તેમની સાથે વાત કરતા તેમણે કહેલ કે આપણે આ વિણા ચૌહાણને મળીશુ. જે દિવસે વિણાબેન ચૌહાણ આવવાના હતા ત્યારે મેં રીક્ષા લઈ દુર્ગાબેનને મારી સાથે રીક્ષામાં બેસી રોહીણી મુકામે આવેલ, આ વિણાબેન ચૌહાણના ઓળખીતા અનીલભાઈ શર્માનાં ત્યાં ગયેલા. આ સમયે મારી પાસે મારા શર્ટમાં હું કેમેરા લગાડીને ગયેલો. અનીલ શર્માના ત્યાં પહોચ્યા પછી તે સ્થળ ઉપર અનીલ શર્મા તથા તેના માતૃશ્રી, મહેન્દ્ર ચાવલા, વિણા ચૌહાણ, અવીન વર્મા હાજર હતા. આ સમયે કેમેરો ઓન કરવા માટે અનીલ શર્માનાઓને કહેલ કે મારે બાથરૂમ જવુ છે, પરંતુ તેમણે કહેલ કે ઘરમાં કન્સ્ટ્રકશન ચાલુ છે. જેથી આ સમયે હું આ કેમેરો ચાલુ કરી શકેલ નહી.

(૨૩)...ત્યારબાદ, આ વિણા ચૌહાણનાઓએ પોતાના પેપ્લેટ મને આપેલા અને કહેલ કે મને વિરાર, મુંબઈ મુકામે ''માઁ'' ના નામથી જાણે છે અને મારૂં ત્યા આશ્રમ છે અને આ વિણા ચૌહાણનાઓએ કહેલ કે મારા આશ્રમની સામે નારાયણ સાંઈનો આશ્રમ છે. જેના ઉપર મારે કબજો કરવો છે. ત્યારબાદ આ વિણા ચૌહાણે મારો પરીચય આ મહેન્દ્ર ચાવલા તથા અવીન વર્મા સાથે કરાવેલો અને જણાવેલ કે આ બંને જણા જયારે મારી પાસે આવેલા ત્યારે આમની પાસે ખાવાના પણ પૈસા ન હતા હવે બંને ફલાઈટમાં ફરે છે. ત્યારે આ વિણા ચૌહાણે દુર્ગાને કહેલ કે હું તને અવીન વર્માની જેમ મજબુત છોકરી બનાવીશ. ત્યારે આ વિણા ચોહાણે જણાવેલ કે હવે આ અવીન વર્મા એટલી મજબુત થઈ ગયેલ છે કે આશારામ બાપુના બહેનોના આશ્રમમાં બહેનોના કપડા પહેરીને રોકાઈ જાય છે. અને પુરુષોના આશ્રમમાં પુરુષ બનીને રોકાઈ છે. પરંતુ હજુ સુધી અમને એવો કોઈ પુરાવો મળેલ નથી જેનાથી અમે આશારામ બાપુને જેલ મોકલી શકીએ. આ સમયે પણ આ લોકોએ આડી અવડી વાતો કરેલી, પરંતુ અમોને પૈસા આપેલ

નહી. ત્યારપછી આ વિણા ચૌહાણે અમને જણાવેલ કે અમે જયારે ગુજરાતમાં આશારામ બાપુનો કાર્યક્રમ હશે ત્યારે હું તમોને બોલાવીશ અને પછી તમને પૈસા આપીશ, તમે ત્યારે મીડીયામાં જઈને બોલજો. તે સમયે આ વિણા ચૌહાણે મને કહેલ કે, તમે અહીંથી જતા રહો અને આ દુર્ગાબેનને અહીયા રોકાવા દો, મારે તેણીની સાથે વાતચીત કરવી છે. ત્યારબાદ, મેં દુર્ગાબેનને ત્યાં એકલા મુકવાની ના પાડેલી અને હું દુર્ગાબેનને લઈને ત્યાંથી જતો રહેલો. ત્યારપછી બીજા દીવસે આ વિણા ચૌહાણનાઓએ અમોને ફોન કરીને મળવા માટે બોલવેલ પરંતુ મેં ના પાડી દીધેલ હતી. ત્યારપછી,૧૦-૧૫ દિવસ બાદ આ વિણા ચૌહાણનાઓનો મારી ઉપર ફોન આવેલો અને જણાવેલ કે આશારામ બાપુનો દેવદીવાળીનો પ્રોગ્રામ બરોડામાં છે. તે વખતે તમે અમદાવાદ આવજો પછી હું તમને પૈસા આપીશ અને પછી તમે બરોડામાં મીડીયામાં તેની સામે બોલજો. ત્યારપછી અમો તથા દુર્ગાબેન રાજધાની એકસપ્રેસમાં બેસી અમદાવાદ મુકામે આવેલા, ત્યારે અમને આ વિણા ચૌહાણ નાઓએ કોઈ મઠનું સરનામુ આપેલુ અને અમે ત્યા ગયેલા. આ મઠ ઉપર એક બાબાજી હતા તેમને મળેલા અને અમે તેમને જણાવેલ કે વિણાબેન નાઓએ મોકલેલ છે. ત્યારે આ બાબાજીએ કહેલ કે થોડીક વાર રાહ જુઓ તેણી આવે છે. ત્યારપછી એક -દોઢ કલાક પછી આ વિણા ચૌહાણ ઈનોવા ગાડીમાં આ મઠ ઉપર આવી ગયેલા. આ સમયે વિણા ચૌહાણની સાથે મહેન્દ્ર ચાવલા તથા અનીવ વર્મા પણ સાથે હતી. રાત્રીના અમે લોકોએ આ મઠ ઉપર ભોજન કરેલુ અને આ વિણા ચૌહાણનાઓ કહેલ કે હું બહારનું નથી ખાતી હું મારૂ ભોજન સાથે લાવેલ છું. ત્યારપછી , મઠથી થોડેક દુર આ વિણા ચૌહાણનાઓનું કોઈ ઓળખીતાનું ઘર હતું. ત્યા અમે રોકાવા ગયેલા ત્યારે હું અને મહેન્દ્ર ચાવલા એક રૂમમાં હતા અને ત્યારે દુર્ગા, અવીન વર્મા, વિણા ચૌહાણ એક રૂમમાં રોકાયેલ હતા.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

ત્યારપછી બીજા દિવસે સવારે હું આ વિણા ચૌહાણનો રૂમ જે બાજુમાં આવેલ, ત્યા ગયેલો અને મે કહેલ કે હવે અમને પૈસા આપી દો, ત્યારે તેણીને જણાવેલ કે અત્યારે અવીન વર્માની તબીયત સારી નથી, તેણીને હોસ્પીટલ લઈ જવી પડશે. આ સમયે મેં દુર્ગાને કહેલ કે આ લોકો આપણને પૈસા નહી આપે, આપણે ઘરે જતા રહીએ. પરંતુ દુર્ગા આ મારી વાત માનેલ નહી અને ત્યારબાદ આ દુર્ગાબેન અવીન વર્માની સાથે બે દિવસ હોસ્પીટલમાં જ રોકાયેલી. ત્યારપછી, અવીન વર્મા અને દુર્ગાબેન હોસ્પીટલમાંથી પરત આવ્યા ત્યારે વિણા ચૌહાણનાઓને મેં કહેલ કે હવે જે કરવાનુ છે તે કરીએ. ત્યારે વીણા ચૌહાણનાઓએ કહેલ કે તેણીને મુંબઈ મુકામે એક કામ છે. તમે લોકો બરોડા જતા રહો, ત્યા અમૃત પ્રજાપતિ નાઓએ બધી વ્યવસ્થા કરી નાખી છે. તે તને પૈસા પણ આપશે અને પ્રેસ કોન્ફોરન્સ પણ કરાવશે. ત્યારપછી મે અને દુર્ગાબેને વાતચીત કરેલ કે હવે આમા કશુ કરવુ નથી ત્યારે અમે બંને પોતપોતાની રીતે હું દીલ્હી જતો રહેલ અને દુર્ગાબેન મહારાષ્ટ્ર જતા રહેલા.

(૨૪)...ત્યારબાદ, મેં આશારામ બાપુના આશ્રમમાં આવા–જવાનું શરૂ કરી દીધેલુ અને મે કોઈ આશ્રમના જીમેદાર/રીસ્પોશીબલ વ્યકિતનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરેલો. પરંતુ મને કોઈ આવું વ્યકિત મળેલ નહી, કારણ કે ઘણા પુજા પાઠમાં વ્યસ્ત હતા કાંતો કોઈ રસ ધરાવતુ ન હતું. મને દિલ્હી કરોલ બાગ આશારામ બાપુજી આશ્રમમાંથી જાણવા મળેલ કે તમે અમદાવાદ આશ્રમમાં ડૉ. કે. ડી. પટેલ નો સંપર્ક કરો. ત્યારપછી મેં અમદાવાદ આશ્રમમાં એસ. ટી. ડી. ઉપર ફોન કરી ડૉ. કે. ડી. પટેલનો સંપર્ક કરેલો. ડૉ. કે. ડી. પટેલ સાથે વાતચીત કર્યા પછી મને લાગેલુ કે એ થોડા જવાબદાર વ્યકિત છે. મેં આ ડૉ. કે. ડી. પટેલ ને જણાવેલ કે હું આશારામ બાપુ વિરૂધ્ધ જે લોકો આવુ ખરાબ વિચારી રહયા છે તેમના વિરૂધ્ધ મારી પાસે પુરાવા છે. હું દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ કરવાનો છું. તમારે આવુ હોય તો

તમે આવી શકો છો. હું દિલ્હી મુકામે ફુલવારી પ્રગતિ મેદાન ખાતે પ્રેસ કોન્ફરન્સ રાખેલી ત્યારે ર્ડા કે. ડી. પટેલ અને અન્ય લોકો પણ આવેલ હતા. તે સમયે મેં મીડીયા સમક્ષ સ્ટીંગ ઓપરેશનની વિડીયો સીડી પ્લે કરેલી અને આ આખો ષડયં ત્ર મે પબ્લીકમાં મિડીયા સમક્ષ બતાવેલ હતો. ઉપરોકત પ્રેસ કોન્ફરન્સ આશરે સને-૨૦૦૯ અથવા ૨૦૧૦ ની સાલમાં કરેલી. આ સમયે મેં ર્ડા .કે.ડી. પટેલને આ સ્ટીંગ ઓપરેશનની એક સીડી આપેલી અને જણાવેલુ કે હું આશ્રમનો વ્યકિત નથી હું હીન્દુવાદી માણસ છું. આ પુરાવાના આધારે તમે એફ.આઈ.આર કરવા માંગતા હોય તો કરી દો.

(૨૫)...ત્યારપછી, મારી ર્ડા. કે.ડી. પટેલ સાથે વાતચીત થયેલી અને તેઓએ મને જણાવેલ કે પોલીસ આની ઉપર કોઈ પગલા લઈ રહી નથી હું આ અંગે કોર્ટમાં અરજી કરવાનો છું. પછી ર્ડા.કે. ડી. પટેલ નાઓએ તેમની ફરીયાદ કોર્ટમાં કરેલી જેની એક કોપી મને આપેલ છે. જે હું નામદાર કોર્ટ સમક્ષ રજુ કરુ છું.

(૨૬)...ત્યારપછી, મને ર્ડા. કે. ડી. પટેલ નાઓએ મને જણાવેલ કે તમારે ડી. કે. ત્રિવેદી પંચમાં તમારે જુબાની આપવાની છે તમારે આવવુ પડશે. હું અમદાવાદ ડી. કે. ત્રિવેદી પંચ સમક્ષ મારી જુબાની આપવા માટે આવેલો, પરંતુ પાંચ દિવસ સુધી મારી જુબાની પુરી થઈ શકેલ નહી. મને પંચે એક અઠવાડીયા પછી આવવા માટે જાણ કરેલી. જયારે હું અમદાવાદ મુકામે બીજી વખતે ડી. કે. ત્રિવેદી પંચમાં મારી જુબાની આપવા માટે આવવાનો હતો તેના એક દિવસ અગાઉ હું જયારે ઓફીસથી ઘરે જતો હતો ત્યારે હું મારી સેન્ટ્રો ગાડીમાં હતો ત્યારે બે વ્યકિતઓએ મારી ઉપર ચપ્પુથી હુમલો કરેલો અને ત્યારે મેં મારી ગાડી ભગાવેલી અને મારો એકસીડેન્ટ ટ્રક સાથે થઈ ગયેલો. તે સમયે મે પી.સી.આર. એટલે કે મે પોલીસને આ બનાવ સંદર્ભે ફોન કરેલો કે મારી ઉપર એટેક કરવા માં આવેલ છે. મારા શરીર ઉપર કાન, ખભ્ભો, હાથ ઉપર ચપ્પુ ની ઈજાઓ થયેલી.

ત્યારપછી આ મને મારનાર ઈસમો ત્યાથી ભાગી ગયેલ હતા. આ બનાવ પછી મારા પરીવાર નાઓએ મને ડી. કે. ત્રિવેદી પંચ સમક્ષ જુબાની આપવા માટે ના પાડી દીધેલ હતી. જેથી મે પછી પંચ સમક્ષ ફેકસ કરેલ કે મને પોલીસ પ્રોટેકશન આપવામાં આવશે તો જ હું જુબાની આપવા માટે આવી શકીશ અથવા મારી જુબાની વિડીયો કોન્ફરન્સ દવારા લેવામા આવે. ત્યારપછી, ડી.કે. ત્રિવેદી પંચે વિડીયો કોન્ફરન્સ મારફતે જુબાની લેવાની ના પાડેલ અને પંચ સમક્ષ હાજર થવા માટે જાણ કરેલી. ત્યારપછી મેં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ પ્રોટેકશન માટે અરજી કરેલી. આ મારી હાઈકોર્ટ સમક્ષની અરજીમાં પોલીસ પ્રોટેકશન આપવાનો હુકમ થયેલ અને ત્યારપછી હું પંચ સમક્ષ મારી જુબાની આપવા માટે આવેલો. હું ઉપરોકત પંચ સમક્ષ ૨૦૧૦ ની સાલમાં જુબાની આપવા માટે આવેલો.

(૨૭)...મારા સ્ટીંગ ઓપરેશન સને-૨૦૦૮ માં જે વસ્તુઓ આ ષડયંત્ર કરનાર લોકો બોલેલા કે '' આશારામ બાપુ જેલમાં હશે, નારાયણ સાંઈ જેલમાં હશે, સુરેશાંનદજી આશ્રમ છોડી દેશે, આશ્રમના ટ્રસ્ટીઓ આશ્રમ છોડી દેશે, તે તમામ વિગતો હાલની સ્થિતી છે.'' અમે લોકો ગાડીમાં ઈન્ડીયા ગેટ ગયેલા રસ્તામાં પહોચતા પહોંચતા સમય લાગી ગયેલ અને બટન કેમેરાની મેમરી ફુલ થઈ જતા ઈન્ડીયા ગેટ ઉપરનું રેકોડીંગ થયેલુ નહી. અમદાવાદ મુકામે અમારા માટે અસુરક્ષિત જગ્યા હોય તથા જો હું કેમેરામાં રેકોડીંગ કરતો અને મેમરી ફુલ થઈ જતી તો મને તે અંગે મદદ કરવા વાળું કોઈ વ્યકિત અમદાવાદ મુકામે હતુ નહી, જેથી તે અંગેના કોઈ રેકોડીંગ મે કરેલા નહી.

(૨૮)...મને નીશાની-૭૦૦/૧ થી મે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં.૧૫૯૨૦/૨૦૧૦ બતાવવામાં આવે છે. જેમા દરેક પેજ ઉપર મારી સહી છે. જે **આંક -૭૦૧** આપવામાં આવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૨૯)...મને નીશાની– ૭૦૦/૨ બતાવવામાં આવે છે. તે ર્ડા. કે.ડી પટેલ દવારા અમદાવાદ ના ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની સમક્ષ સંદેશ પ્રેસ વિગેરે વિરૂધ્ધ એફ. આઈ. આર. નોંધવવા માટે ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૫૬/૨૦૧૦ દાખલ કરેલ, તેની સહી સિકકા વાળી સર્ટીફીકેટ નકલ મને બતાવવામાં આવે છે તે તે જ છે. જે **આંક –૭૦૨** આપવામાં આવે છે.

(૩૦)... મને નીશાની–૭૦૦/૩ બતાવવામાં આવે છે.જે મારા દવારા રાજુ ચાંડકનું સને– ૨૦૦૮માં રીગલ હોટલ દીલ્હી ખાતે તેમજ રીચલ હોટલ થી ઈન્ડીયા ગેટ તરફ જતા ગાડી મા કરવામાં આવેલુ સ્ટીંગ ઓપરેશનની ડી.વી.ડી બતાવવામાં આવે છે.સદરહુ સીડીમાં ૧૩:૦૪ સેકન્ડ પર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક બતાવે છે કે, ધ્રુવ, ઢેલ,બગલો ના નામ કેવી રીતે નાખવાનુ છે.ત્યારબાદ, ૧૫:૧૯ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક બતાવે છે કે, આ સ્ક્રીપ્ટને કેવી રીતે યાદ રાખવાની છે. ત્યારબાદ, ૨૫:૨૦ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક કહે છે કે કેવી રીતે બુરખો પહેરેલી સ્ત્રીને તેણે રજુ કરી આક્ષેપો કરેલા તેવી મુર્ખામી પાછી નહી કરે. ત્યારબાદ, ૨૫:૪૨ સેકન્ડ ઉપર તે ત્રણ તબકકામાં કેવી રીતે એફીડેવીડ, એફ.આઈ.આર., મીડીયાનું માર્ગદર્શન આપે છે. ત્યારબાદ, ૩૨:૨૯ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક બતાવે છે કે કેવી રીતે મજબુત કલમો કેવી રીતે લગાવવી. ત્યારબાદ, ૩૪:૨૦ સેકન્ડ ઉપર એફઆઈઆર દેશમાં કોઈપણ જગ્યાએ કરી શકાય એવુ બોલે છે. ત્યારબાદ, ૩૭:૦૦ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક કહે છે કે, ધ્રુવબેનનુ નામ નાખેલ છે તેણીને કોર્ટમાં આરોપી તરીકે આવવુ પડશે. ત્યારબાદ, ૩૮:૪૦ સેકન્ડ ઉપર તે પોતાના સંદેશ ન્યુઝ પેપર સાથેના સાંઠગાંઠ અંગેની વાતો જણાવે છે. ત્યારબાદ, ૪૧:૩૩ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક જણાવે છે કે ૨૦૦૫ થી ૨૦૦૮ થઈ ગયેલ છે ભલે બીજા બે વર્ષ જાય, મજબુત કેસ ઉભો કરવો છે. ત્યારબાદ, ૪૩:૩૦ સેકન્ડ ઉપર રાજુ લંબુ ઉર્ફે રાજુ

ચાંડક જણાવે છે કે આશારામ બાપુ જેલ જતા રહેશે, નારાયણ સાંઈ જેલ જતા રહેશે, સુરેશાનંદજી આશ્રમ છોડી દેશે. ત્યારબાદ, ૫૧:૨૮ સેકન્ડ ઉપર તે રાજુ લંબુ ઉર્ફે રાજુ ચાંડક પોતાના હાઈકોર્ટ, હાઈકોર્ટ જજ સાથેના ઓળખાણ અંગેની વાતો કરે છે. તે દર્શાવેલ છે. સદર હું નીશાની –૭૦૦/૩ ને **આંક –૭૦૩** આપવામાં આવે છે.

(૩૧)...મને નીશાની– ૭૦૦/૪ બતાવવામાં આવે છે. તે રીગલ હોટલથી ઈન્ડીયા ગેટ દીલ્હી તરફ મારા દવારા વેગેનાર કારમાં રાજુ ચાંડકનુ કરવામાં આવેલ સ્ટીંગ ઓપરેશનની ડી.વી.ડી. છે. સદર હું નીશાની –૭૦૦/૪ ને **આંક –૭૦૪** આપવામાં આવે છે.

(૩૨)...મને નીશાની– ૭૦૦/૫ બતાવવામાં આવે છે. તે મારા દવારા સને ઓગસ્ટ –૨૦૦૮માં દીનેશ અને અમૃત પ્રજાપતિનું ટેલીફોનીક વાતચીતની ઓડીયો રેકોર્ડીંગ કરવામાં આવેલી તેની સીડી રજુ છે. અને તે ઓડીયો રેકોર્ડીંગમાં દીનેશ અને અમૃત પ્રજાપતિ દવારા આશારામ બાપુ વિરૂઘ્ધ ષડયંત્ર રચવાની તેમજ છોકરીઓ દવારા ખોટી ફરીયાદો પૈસા આપીને કરાવવાની વાતચીત છે. સદર હું નીશાની –૭૦૦/૫ ને **આંક –૭૦૫** આપવામાં આવે છે.

(૩૩)...મને નીશાની–૭૦૦/૬ બતાવવામાં આવે છે જે આંક –૭૦૫ ની ટ્રાન્સક્રીપટ છે. સદર હું નીશાની –૭૦૦/૬ ને **આંક –૭૦૬** આપવામાં આવે છે.

(૩૪)...મને નીશાની– ૭૦૦/૭ બતાવવામાં આવે છે. તે અસલ ભારતીય પુરાવાની કલમ –૬૫(બી)નુ સર્ટીફીકેટ છે અને તે સર્ટીફીકેટ આંક–૭૦૩, આંક–૭૦૪ અને આંક–૭૦૫ લગતના ખરાપણા અંગેનુ સર્ટીફીકેટ છે. જે સર્ટીફીકેટને રજુ દાખલ **આંક– ૭૦૭** આપવામાં આવે છે.

(૩૫)...મને નીશાની– ૭૦૦/૮ એફ.એસ.એલ.ગાંધીનગર દવારા તા. ૨૩/૭/૨૦૧૦ નો રીપોર્ટની નકલ બતાવવામાં આવે છે. સદર હું નીશાની

–૭૦૦/૮ ને **આંક –૭૦૮** આપવામાં આવે છે.

(૩૬)...મને નીશાની–૭૦૦/૯ એફ.એસ.એલ.ગાંધીનગર દવારા તા. ૨૮/૨/૨૦૧૧ નો રીપોર્ટની નકલ બતાવવામાં આવે છે. સદર હું નીશાની –૭૦૦/૯ ને **આંક –૭૦૯** આપવામાં આવે છે.

**(૧૩૧.૧)** સદર સાહેદની આરોપી નં. ૧,૩,૪,૫ અને ૭ તરફે વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૩૭)...એ વાત ખરી છે કે, આંક–૭૦૨ વાળી અરજી લગત ડાૅ. કે. ડી. પટેલ દવારા તા.૧૯/૧૧/૨૦૧૦ ના રોજ સ્ટેટ સી. આઈ. ડી. ને લેખીત ફરીયાદ મોકલેલી તેની કોર્ટ દવારા આપવામાં આવેલ સર્ટીફાઈડ– સાદી નકલ,તે તેજ છે. અને તેમાં ડાૅ કે. ડી. પટેલ નાઓની સહી છે. અને તે સહી હું ઓળખું છું. એ વાત ખરી છે કે તે ફરીયાદમાં મારું સાક્ષી તરીકે નામ છે.**નીશાની–૭૧૨/૧** સર્ટીફાઈડ નકલને ટેન્ટેટીવ રજુ દાખલ **આંક– ૭૧૩** આપવામાં આવે છે.

(૩૮)...એ વાત ખરી છે કે, મે મારી સરતપાસમાં આંક– ૭૦૩ થી આંક–૭૦૫ વાળી જે સીડી રજુ કરેલ છે.તેમાંથી મને આંક–૭૦૩ વાળી સીડી પ્લે કરી બતાવવામાં આવે છે. જેમાં રાજુ ચાંડક, હું વિક્રમસિંગ રાઠોડ, દુર્ગાબેન અને દિનેશ નાઓ છે. મને આંક–૭૦૪ વાળી સીડી પ્લે કરી બતાવવામાં આવે છે. જેમાં સૌપ્ર થમ હોટલ રીગલના રીસેપ્શનના લોકો, હું વિક્રમસિંગ રાઠોડ, દુર્ગાબેન, દિનેશ, રમેશ બોરીયા, વેગેનાર કાર અને રાજુ ચાંડકનાઓ છીએ. ત્યારબાદ, આંક–૭૦૫ વાળી સીડી પ્લે કરી બતાવવામાં આવે છે. જે સીડીમાં દીનેશ અને અમૃત પ્ર જાપતિનો અવાજ છે.

**(૧૩૧.૨)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૪૦)...મેં ધોરણ- ૧૨ સુધીનો અભ્યાસ દીલ્હી મુકામે વિદ્યાભારતી સ્કુલ કે જે શાદરામાં આવેલ છે ત્યાંથી અભ્યાસ કરેલ છે. તે વખતે હું માનસરોવર પાર્ક, શાદરા, દિલ્હી મુકામે રહેતો હતો. હું માનસરોવર પાર્ક ખાતે રહેતો હતો તે અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ કરવા ખુશી છું. મે કોલેજનો અભ્યાસ મહારાજા અંગ્રેસેન મહાવિદ્યાલય, દિલ્હી યુનિવસિર્ટીમાં કરેલ છે. મે બી.એસ.સી કોમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરેલ છે. તે વખતે પણ હું શાદરા મુકામે રહેતો હતો. તે વખતે પણ હું હીન્દુ સંગઠનો સાથે જોડાયેલો હતો. હું અખીલ ભારતીય વિદ્યાર્થી પરીષદ તથા આર. એસ. એસ. સાથે જોડાયેલો હતો. હું આર. એસ. એસ. માં માત્ર કાર્યકર હતો પણ કોઈ જવાબદારી ન હતી. હું એ. બી. વી. પી. તથા આર. એસ. એસ. માં હતો તે બતાવવા માટે મારી પાસે કોઈ દસ્તાવેજી પુરાવા નથી. હું ઘણા વર્ષોથી હીન્દુ યુવાવાહીની સાથે જોડાયેલો હતો, ત્યારે આ સંગઠન માત્ર ઉત્તર પ્ર દેશ પુરતુ જ હતું. ત્યારબાદ સને-૨૦૧૮માં આ સંગઠન રાષ્ટ્રીય સ્તરે બનેલુ. ત્યારબાદ મને સને-૨૦૧૮માં રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી(જનરલ સેક્રેટરી) બનાવવામાં આવેલ. હીન્દુ યુવાવાહીની નામનું સંગઠન દિલ્હી મુકામે રજીસ્ટ્રેશન થયેલ અને તેના રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી શીવકુમારસિંગનાઓએ કરાવેલ હતી. હીન્દુ યુવાવાહીની નામનું સંગઠન સનાતન ધર્મની રક્ષા માટે, લવજેહાદને રોકવા માટે તથા ગૌસેવા કરવા માટે રચાયેલ હતું. એ વાત ખરી છે કે, સને-૨૦૧૭ સુધી તે સંગઠન માત્ર ઉત્તરપ્રદેશ પુરતુ જ મર્યાદીત હતું. સને-૨૦૦૩ માં મારુ ગ્રેજયુએશન પુરુ થયેલ. ત્યાં સુધી હું એ. બી. વી. પી.માં કાર્યરત હતો. એ વાત ખરી છે કે, હીન્દુ યુવાવાહીની દિલ્હીમાં કાર્યરત ન હતી. મે પોસ્ટ ગ્રેજયુએશન પુરુ કર્યુ ત્યાં સુધી હું એ. બી. વી. પી. સાથે સંકળાયેલ હતો. હું

એ. બી. વી. પી. માં કોઈ હોદ્દા પર ન હતો. મારા પિતાજી સૌપ્રથમ આર્મીમાં હતા ત્યારબાદ તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં કાર્યરત થયેલા અને મારા માતૃશ્રી ઘરકામ કરતા હતા. મારે બે ભાઈઓ તથા એક બહેન છે. મારાથી વચ્ચેના ભાઈ દિલ્હી યુનિવસિર્ટીમાં સાઈકોલોજી લેબમાં લેબ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવ છે. તેનાથી નાનોભાઈ રાજસ્થાન મુકામે શિકર જીલ્લામાં કલેકટર ઓફીસમાં જી. આઈ. એસ. એકસપર્ટ તરીકે ફરજ બજાવે છે. મારે લગ્ન થઈ ગયા છે અને મારે સંતાનમાં બે બાળકો છે. મારા લગ્ન સને-૨૦૦૮ માં થયેલ છે. મારા માતૃશ્રી આશારામજી બાપુના સત્સંગમાં આવજાવ કરે છે. મારા માતૃશ્રી આશારામજી બાપુને સમર્પિત નથી. માત્ર અમુક સત્સંગમાં જાય છે. મારા માતૃશ્રી આશારામજી બાપુજીના આશ્રમમાં રહેલ નથી. હું મારા માતૃશ્રી સાથે કયારેક કયારેક સત્સંગમાં જતો હતો. હું સત્સંગમાં પુર્ણપણે જોડાયેલ નથી. હું સને-૨૦૦૦ની સાલથી મારા માતૃશ્રીની સાથે સત્સંગમાં આવતો જતો હતો. દિલ્હીમાં કરોલ બાગ આશ્રમ તથા રજોકરી આશ્રમ તથા ત્રીજો સીલમપુર આશ્રમ, શાહદરામાં આવેલ છે. હું ફકત કરોલ બાગ આશ્રમમાં આવતો જતો હતો. હું દર રવિવારે સેવા કરવા માટે કરોલ બાગ આશ્રમમાં પણ જતો હતો. મારા માતૃશ્રી પણ મારી સાથે કયારેક કયારેક કરોલ બાગ આશ્રમ આવતા હતા. હું મારી જેમ આશ્રમમાં સેવા કરવા આવતા વ્યકિતઓને ઓળખતો હતો.

(૪૧)...દિલ્હીમાં સંખ્યાબંધ આશ્રમો છે. જેમાં હું (૧) આર.એસ.એસ.(૨) હીન્દુ જુના અખાડાના ૮ થી ૧૦ મહામંડલેશ્વર (૩) નિરંજીની અખાડા(૪) અગ્નિ અખાડા (૫) ઉદાસીન અખાડા વિગેરે આશ્રમો છે. મારે આશારામ સહીતના બીજા કોઈપણ આશ્રમો સાથે અંગત લગાવ ન હતો.

(૪૨)...મેં ડીસે-૨૦૦૬ થી છ માસની ઈન્ડસ્ટ્રીય ટ્રેનીગ લીધેલ છે. ત્યારબાદ એપ્રિલ - ૨૦૦૭ માં યુગ્સસીસ્ટીક કંપનીમાં સોફટવેર ઈજનેર તરીકે નોકરી

ઉપર લાગેલ હતો. મારી તે નોકરીમાં ફરજનો સમય સવારના ૮:૩૦ થી પ :૦૦ વાગ્યા સુધીનો હતો. મારી નોકરી સોમવાર થી શુક્રવાર સુધીની હતી અને શનિવાર –રવિવાર મારે વિકલી ઓફ રહેતો હતો. હું શનિવાર અને રવિવારની રજાનો મારો સમય સમાજસેવા માં વિતાવતો હતો. હું આશારામજી બાપુને કયારેય મળેલ નથી. એ વાત ખરી છે કે સુરતની કોર્ટમાં નારાયણ સાંઈ વિરૂધ્ધના કેસમાં મારી જુબાની થયેલ હતી. એ વાત ખરી છે કે, સુરત કોર્ટમાં જુબાની દરમ્યાન હું સને–૨૦૦૪ થી આશારામજીનો શિષ્ય હોવાનું જણાવેલ છે. હું આશારામજીનો દીક્ષા લીધેલ શિષ્ય ન હતો. એ વાત ખરી નથી કે, મે આશારામજીનો સત્સંગ સાંભળેલ નથી. મે સને–૨૦૦૦ ની સાલમાં આશારામજીનો સત્સંગ દિલ્હીમાં રોહીણી બાજુ મારા માતૃશ્રી સાથે જતો હતો ત્યારે સત્સંગ સાંભળેલો. હું મારા માતૃશ્રી સાથે દિલ્હીમાં, ગાઝીયાબાદ, ગુડગાવ, નોઈડા, આગ્રા, હરીદવાર, અમદાવાદ, સુરત, નાસીક, જયપુર, કુરુક્ષેત્ર ખાતે આશારામજી બાપુના સત્સંગમાં ગયેલ છું. એ વાત ખરી છે કે આશારામજીના સત્સંગથી હું પ્રભાવીત થયેલ હતો. આશારામજી મધ્યપ્રદેશના છીંદવાડા મુકામે કોઈ બાળકના મૃત્યુના સમાચાર જાણી સત્સંગ કરતા હતા તે વખતે આ સમાચારથી તેઓ શાંત થઈ ગયેલા અને ત્યારબાદ તેઓ રડી પડેલા હતા. આ સને–૨૦૦૮ ની વાત છે. મધ્યપ્રદેશના છીંદવાડા મુકામે થયેલ બાળકના અપમૃત્યુમાં છીંદવાડા ગુરૂકુલના કોઈ વિદ્યાર્થીનો હાથ હતો. જે હકીકત મેં સમાચાર પત્રોમાં વાંચેલી હતી. ત્યારબાદ, તે કેસમાં કોઈ સહવિદ્યાર્થીની ધરપકડ થયેલી એવા સમાચાર મે જાણેલા. આ બનાવ બન્યા પછીના બે –ત્રણ દિવસ પછી ઈન્ડીયા ટીવી અથવા ઈન્ડીયા ન્યુઝ નામની ચેનલમાં સાંજના ૭ થી ૧૦ ના અરસામાં મે અમૃત પ્રજાપતિનો ઈન્ટરવ્યુ જોયેલો. છીંદવાડામાં જે ઘટના બનેલી તે એક ષડયંત્ર હતુ. ષડયંત્ર એટલા માટે જણાવુ છું કે સૌપ્રથમ કોઈ ઘટના ઘટે છે. પછી તેવી જ ઘટના બીજા કોઈ સ્થળે બને તો

સામાન્ય વ્યકિત તરીકે ષડયંત્ર હોવાનું કહી શકાય. એ વાત ખરી છે કે, છીંદવાડામાં જે ઘટના બની તે ષડયંત્ર હોવાના ઠોષ આધાર છે. હું ચેનલો મારફતે જાણેલ હકીકતને ઠોષ આધાર ગણુ છું. એ વાત ખરી છેકે, છીંદવાડાની ઘટનાની મે કોઈ સક્ષમ પોલીસ અધિકારી સમક્ષ ફરીયાદ કરેલ નથી. હું કોઈ વ્યકિતનું કાનુની રીતે સ્ટીંગ ઓપરેશન કરી શકુ કે નહી તે હું જણાવી શકુ નહી. એ વાત ખરી છેકે, મારા જણાવ્યા મુજબ અમૃત પ્રજાપતિ અને મારી વચ્ચે જે ટેલીફોન ઉપર સંવાદ થયો તે બાબતે અમૃત પ્રજાપતિ અમોને રૂપિયા આપવાની હા પાડેલી અને મોબાઈલ ખરીદી આપવાની પણ હા પાડેલી અને ત્યારબાદ, રાજુ ચાંડક સાથે દિલ્હીમાં મુલાકાતની વાત થયેલી. એ વાત ખરી છે કે, અમૃત પ્રજાપતિ સાથેનો સંવાદ મે મોબાઈલમાં રેકોડીંગ કરેલ હતું. મે એસ. ટી. ડી. પી.સી.ઓ પરના ફોનનું કોઈ રેકોડીંગ કરેલ નથી. એ વાત ખરી છે કે, એસ.ટી.ડી પી.સી.ઓ. પરથી કરેલ ફોનનો કોઈ આધાર પુરાવો નથી. મારી સરતપાસના પેરા નં.૮ માં જણાવેલ હકીકત અમૃત પ્રજાપતિનો મારા પર ફોન આવેલ અને જણાવેલ કે બે દિવસ પછી રાજુ ચાંડક દિલ્હી આવી રહયા છે તે અંગેનું પણ રેકોડીંગ મેં કરેલુ નથી.

(૪૩)...એ વાત ખરી નથી કે, મારી સરતપાસના પેરા નં.૯ માં જણાવેલ હકીકત કાલ્પનીક છે. એ વાત ખરી છે કે રીગલ હોટલના રૂમ નં–૫ માં આ લોકો અમોને લઈ ગયેલ તે મતલબનો કોઈ આધાર પુરાવો હાલમાં મારી પાસે નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે અંગેનો પુરાવો ડી. કે. ત્રિવેદી કમિશન સમક્ષ રજુ કરેલ છે. એ વાત ખરી છેકે, રાજુ ચાંડકને હું સૌપ્રથમ વખત દિલ્હીમાં મળેલ. મેં રાજુ ચાંડકના ખરાપણા બાબતે કોઈ ચકાસણી કરેલ નહી. એ વાત ખરી છે કે, મે અમૃત પ્રજાપતિને ફોન કરીને રાજુ ચાંડકની ઓળખ સંબંધે કઈ જણાવેલ નહી. એ વાત ખરી છે કે, મારી સમક્ષ જે વ્યકિતઓ આવ્યા અને તેઓએ તે જણાવેલ

કે તેઓ તે જ છે, તે હકીકત મે સાચી માની લીધેલ. એ વાત ખરી છે કે, રાજુ ચાંડકનાઓએ જણાવેલ કે જે મે સ્ક્રીપ્ટ સમજાવેલ છે તે યાદ રાખવાની છે અને એમાં અમુક લાઈનો ખાસ આવવી જોઈએ, જેમાં ત્રણ મહીલાઓ જેના નામ ઢેલ, બગલો અને ધ્રુવ તેના નામ આવવા જોઈએ અને આ લોકો તારી બહેનને ગુલકંનનુ પાણી પીવડાવી અંદર રૂમમાં આશારામજી બાપુ પાસે મોકલેલ, જયાં તેણી ઉપર બળાત્કાર કરવામાં આવેલ અને ત્યાંથી બહાર આવ્યા બાદ ઉપરોકત ત્રણ મહીલાઓએ એવુ કહેલ કે તારુ કલ્યાણ થઈ ગયેલુ છે અને બાપુએ સ્પર્શ કર્યો છે, તે કથન કોઈને ખોટી રીતે ફસાવવા માટે કોઈ કારસો કરે તે ગુનો બને તે મારી જાણકારીમાં ન હતું. તેથી મે પોલીસને જાણ કરેલી નહી, કારણ કે હું આ હકીકત સંબંધે ઉંડે સુધી જવા માંગતો હતો.

(૪૪)...ત્યારબાદ, મેં રાજુ ચાંડક સાથેનો જે સંવાદ થયો એનુ સ્ટીંગ ઓપરેશન કરેલું. એ વાત ખરી છે કે સ્ટીંગ ઓપરેશન થયા બાદ પણ પોલીસને કોઈ જાણકારી આપેલ નહી. મારે સમગ્ર હકીકત મિડીયા સમક્ષ પડદાફાસ કરવી હતી તેથી મેં પોલીસને જાણ કરેલ નહી. એ વાત ખરી છે કે, જે સીડી/ડીવીડી રજુ કરવામાં આવી છે તે ઘટનામાં સ્ટીંગ દરમ્યાન કોઈપણ પ્રકારના નાણાની લેવડ – દેવડ થઈ હોય તેવું સીડી/ડીવીડી માં આવતુ નથી. ત્યારબાદ હું અમદાવાદ દુર્ગાબેનની સાથે આવેલ. અમદાવાદ મુકામે હું હોટલ નીલકંઠમાં રોકાયેલો. મારા રોકાણની વ્યવસ્થા રાજુ ચાંડકે કરેલી. એ વાત ખરી છે કે, ત્યારબાદ, હું હોટલ કદમ ઈન માં રોકાયેલો અને તે વ્યવસ્થા મે જાતે કરેલી. તે દરમ્યાન હું આશ્રમની કોઈ વ્યકિતને મળેલ નહી. મે વિણા ચૌહાણ સાથેની વાતચીતનું રેકોડીંગ કરેલ નથી. વિણા ચૌહાણ, અમૃત પ્રજાપતિ, મહેન્દ્ર ચાવલા, અવની વર્મા વિગેરે સાથેની મુલાકાતનું પણ હું સ્ટીંગ કરી શકયો નથી. મે કરેલ સ્ટીંગના ઓરીજનલ ડેટા ડી.વી.ડી./સી.ડી. માં ટ્રાન્સફર કરેલ. સ્ટીંગ કરેલ ડેટા મેં મારા બટન કેમેરામાંથી

પર્સનલ કોમ્પ્યુટરમાં રૂપાંતરીત કરેલ. આ સ્ટીંગ ઓપરેશન મે સને–૨૦૦૮ ના ઓગસ્ટ મહીનાના છેલ્લા અઠવાડીયામાં કરેલુ હતું. મે આ સ્ટીંગ ઓપરેશન અલગ અલગ તારીખે અને દિવસે કરેલું, એકી સાથે સ્ટીંગ ઓપરેશન કરેલુ નહી. સમગ્ર સ્ ટીંગ ઓપરેશન બટન કેમેરામાં દિલ્હીમાં કરવામાં આવેલ. મારો બટન કેમેરો ૨ જીબીની સ્ટોરેજ કેપેસીટી વાળો હતો. તેની સમય મર્યાદા ૧ થી ૧:૩૦ કલાક સુધી હોય છે. જે તારીખે મે સ્ટીંગ કરેલું જે ડેટા દર્શાવે છે કે તે ખરી તારીખ અને સમયના નથી.

(૪૫)...મેં સને–૨૦૦૯ના ઓકટોબર મહીનામાં ફુલવારી, પ્રગતિ મેદાન, દિલ્હી ખાતે પ્રેસ કોન્ફરસ બોલાવેલી હતી. એ વાત ખરી છે કે, મે આ પ્રેસ કોન્ફરસ સ્ટીંગ કર્યાના ૧૪ મહીના બાદ બોલાવેલી હતી. આ પ્રેસ કોન્ફરસ બોલાવવા માટે મે આમંત્રણ પ્રેસ કલબ ઓફ ઈન્ડીયામાં આપેલ, જેમાં પ્રીન્ટ મીડીયાના તથા ઈલેકટ્રોનીક મીડીયાના તમામ લોકો હાજર હતા. મને તે અંગેની તારીખ હાલ યાદ નથી. મે પ્રેસ કોન્ફરસની જાણ એક સપ્તાહ અગાઉ ર્ડા. કે. ડી. પટેલ નાઓને કરેલી હતી. ર્ડા કે.ડી. પટેલ આશારામ આશ્રમની વ્યકિત છે. આ પ્રેસ કોન્ફરસ પુરી થયા બાદ મેં સ્ટીંગ ઓપરેશન કરેલાની સીડી/ડી. વી. ડી. ર્ડા. કે. ડી. પટેલને સોંપેલી. ત્યારબાદ, તે અંગેની જાણ પોલીસને કરવાની મને સુજ હતી, પરંતુ તે હકીકત મેં આશ્રમવાળા ઉપર છોડી દીધેલ હતી. એ વાત ખરી છે કે, કોઈપણ વ્યકિત પોલીસ સમક્ષ ગુનાની જાણ કરી શકે તે હકીકત હું જાણુ છું. એ વાત ખરી છે કે મેં પોલીસને કોઈ ફરીયાદ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ર્ડા.કે. ડી. પટેલ નાઓએ મારા સ્ટીંગ ઓપરેશનના આધારે સી. આઈ. ડી. ક્રાઈમમાં અરજી આપેલ. એ વાત ખરી છે કે, મને રાજુ ચાંડક પર ફાયરીંગ થયેલુ તેની ફરીયાદ કરવામાં આવેલ જેમાં આરોપી કોણ હતુ તેની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે અમૃત પ્રજાપતિનું રાજકોટ ખાતે ખુન થયેલ છે.

મને એ વાતની પણ જાણકારી નથી કે, રાહુલ સચાન જોધપુર કોર્ટમાં જુબાની આપવા ગયા હતા ત્યારથી આજ દીવસ સુધી મળી આવેલ નથી. મને એ વાતની પણ જાણકારી નથી કે દીનેશ ભાલચંદાણી અને વિમલેશ ઠકકર ઉપર હુમલો કરવામાં આવેલ. મને એ વાતની જાણકારી નથી કે ઉપર દર્શાવેલ નામો આ કેસમાં સાહેદ તરીકે છે કે કેમ ?. એ વાત ખરી છે કે, હીન્દુ સનાતન ધર્મના ૧૩ અખાડોમાં શ્રીશ્રી ૧૦૮, ૧૦૦૮ અને મહામંડલેશ્વરની ઉપાધી આપવામાં આવતી હોય છે. એ વાત ખરી છે કે, આશારામજી બાપુ કોઈપણ અખાડા સાથે જોડાયેલા નથી કારણ કે તે પોતાના નામની નીચે કોઈ અખાડાના નામ લખતા નથી. એ વાત ખરી છે કે, આશ્રમમાં અનેક પ્રકારની આયુર્વેદીક ઔષધીઓ મળતી હોય છે અને તેનુ વેચાણ પણ થતુ હોય છે અને તે ખુબજ લોકપ્રિય પણ છે. તે કરોડોમાં વેચાય છે કે કેમ તે મને ખબર નથી. મને ઔષધીઓ કોણ બનાવે છે તેની કોઈ જાણકારી નથી. આશ્રમમાં રહેતા સાધકો કે સાધવીઓ ઔષધીઓ બનાવે છે કે કેમ તેની મને કોઈ જાણકારી નથી. મને આશારામજી બાપુ ઉપર એક મહીલાએ દુષ્કર્મનો આરોપ લગાવેલો તેની મને ખબર છે તે સીવાયની બીજી કોઈ મહીલાઓના દુષ્કર્મની કોઈ હકીકત હું જાણતો નથી. મને એ વાતની પણ જાણ નથી કે આ કેસમાં પુરાવામાં પડેલ એવી હકીકત એક સાહેદે કહી છે કે નારાયણ સાંઈ મોટેરા આશ્રમમાં એક મૃત બાળક ઉપર તાં ત્રીક વિદ્યા કરતા હતા, તે દ્રશ્ય એ સાહેદ જોઈ ગયેલ હતા. હીન્દુ ધર્મમાં શંકરાચાર્યજીની ચાર પીઠો આવેલી છે, જે હું કહી ગયેલ તે ૧૩ અખાડા સાથે જોડાયેલ નથી. આશારામ બાપુ આ ચાર પીઠના શંકારાચાર્ય જોડે જોડાયેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આશારામ ફકત પ્રાણાયામ જ શીખવાડે છે. હું એ હકીકત કહી શકુ નહી કે આશારામજી બાપુ ઉપનિષદો, ગીતા, વેદોના જ્ઞાતા છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આશારામજી ઉપનિષદો, વેદો

તેમજ ગીતા ઉપર સત્સંગો કરતા હતા. એ વાત ખરી છે કે, હું આશારામજી બાપુને ગુરુ માનુ છું. આશારામજી બાપુના ગુરુ સંત લીલાશાહજી નાઓ છે. એ વાત ખરી છે કે, આશારામજી બાપુએ જે જ્ઞાન લીધેલ હતું તે જ્ઞાન તેમના ગુરુ સંત લીલાશાહજી નાઓ પાસેથી લીધેલ હતું. એ વાત ખરી છે કે, આશારામજી તેઓના સત્સંગમાં પહેલા તેમના ગુરુજી લીલાશાહજી નાઓની વાત કરતા હોય છે. એ વાત ખરી છે કે, મને આશારામ બાપુ વિશે સત્સંગમાં જે જાણકારી પ્રાપ્ત થઈ તે સીવાયની બીજી કોઈ જાણકારી નથી. એ વાત ખરી નથી કે, આશારામજી બાપુના સાધકોના કહેવાથી મેં આ સ્ટીંગ ઓપરેશન કરેલ હતું અને ડી.કે.ત્રિવેદી કમીશનમાં જુબાની આપેલી હતી. એ વાત ખરી નથી કે મને આશારામ વિશે ખરી હકીકતની જાણ ન હતી, પરંતુ હું હીન્દુવાદી હોવાથી તેમની વાતોમાં આવીને મેં આ કરેલું. એ વાત ખરી નથી કે, મને જાણકારી હોવા છતાં સ્ટીંગ ઓપરેશન બાબતે પોલીસને જાણ કરેલ નથી, તેમજ આ ફરીયાદ બાબતે તપાસ દરમ્યાન પોલીસને નીવેદન આપવા માટે કોઈ પ્રયત્ન કરેલ નથી કે અરજી કરેલ નથી. તેમજ સ્ટીંગ ઓપરેશનની સીડી/ ડી.વી.ડી પણ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને બચાવવા માટે સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૧૩૧.૩)** ઉપરોકત સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૪૨)માં તેઓએ એસ.ટી.ડી.પી.સી.ઓ પરના ફોનનું કોઈ રેર્કોડીંગ કરેલ નહી હોવાનું તેમજ અમૃત પ્રજાપતિનો તેઓ ઉપર જે ફોન આવેલ અને જણાવેલ કે બે દિવસ પછી રાજુ ચાંડક દિલ્હી આવી રહયા છે તેનું પણ રેર્કોડીંગ કરેલ નહી હોવાનું તેમજ પેરા(૪૪) માં સ્ટીંગ ઓપરેશન થયા બાદ પણ પોલીસને કોઈ જાણકારી આપેલ નહી હોવાનું તેમજ તેઓએ વીણા ચૌહાણ સાથેની વાતચીતનું રેર્કોડીંગ નહી કરેલ હોવાનું તેમજ વીણા ચૌહાણ, અમૃત પ્રજાપતિ , મહેન્દ્ર

ચાવલા, અવીન વર્મા વિગેરે સાથેની મુલાકાતનું પણ રેર્કોડીંગ નહી કરેલ હોવાનું સ્વીકારેલ છે.

**(૧૩૨)** આ કામમાં આરોપી નં.૬ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૩ તરીકે સેજલ બસવરાજ તલ્લોલીનાઓને આંક–૭૧૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

**(૧)**...હું સને–૧૯૯૨ થી મારા નાનાજી આશ્રમ જતા હતા ત્યારે હું તેમની સાથે જતી હતી. મારા મમ્મી, પપ્પા અને નાનાજી નાઓ કોઈ દિવસ દર્શન કરવા જતા ત્યારે તેમની સાથે અમદાવાદ, સુરત ખાતે મને પણ દર્શન કરવા લઈ જતા હતા. આ સમયે મારી ઉંમર આશરે ૧૦ થી ૧૨ વર્ષની હતી. સને–૨૦૦૮ –૨૦૦૯ ના અરસામાં મારી મુલાકાત મારા પતિ સાથે આશ્રમમાં થયેલી. મારા પતિ આશ્રમમાં સમર્પિત હતા. તેમનું નામ આશ્રમમાં વાસુ હતું અને સાચુ નામ બસવરાજ છે. અમે લોકો બંને એકબીજા સાથે વાતચીત કરતા હતા તેમજ અમને બંનેને પ્રેમ થઈ ગયેલ હતો. ત્યારબાદ, અમોએ ૨૦૧૨ ના વર્ષમાં ઓરંગાબાદ મુકામે કોર્ટ મેરેજ કરી દીધેલ હતા. આ મારા લગ્નની વાત મારા માતા–પિતાને ખબર ન હતી કારણ કે હું ત્યારે વિદ્યાનગર આંણદ મુકામે ભણતી હતી. સને–૨૦૧૩માં હું બાપુ ઉપર કેસો થવા લાગેલા ત્યારે મારા પતિને મળવા માટે અમદાવાદ આશ્રમ આવેલી અને મારા પતિ સાથે વાત કરેલી કે આશારામજી બાપુ વિરૂધ્ધ જે કેસો થઈ રહયા છે તે બધુ શું છે?. આ સમયે મારા પતિએ મને આશ્રમ ઉપર આવેલ એક ફેકસ બતાવેલો, આ જે ફેકસ આવેલો તેમા એવુ લખેલુ કે જો આશારામજી બાપુ ૫૦ કરોડ નહી આપે તો તેમના ઉપર કેસો થશે અને તેમને જેલમાં નાખી દેવામાં આવશે. મને આ ફેકસ બતાવવામાં આવે છે તે તેજ છે. જે હું ઓળખુ છું.

(૨)...ત્યારબાદ, મે અને મારા પતિએ મળીને નકકી કરેલુ કે આપણે બંને ભેગા થઈને આ જે લોકો કરી કહયા છે. તેમના ઉપર સ્ટીંગ કરીને તેમની સચ્ચાઈ સમાજ સામે બહાર લાવીએ. ત્યારપછી મે અને મારા પતિએ સુરત રહેવા જવાનું નકકી કરેલુ કારણ કે ત્યાં આશારામજી બાપુ અને નારાયણ સાંઈ વિરૂઘ્ઘ કેસો કરવામાં આવેલા. સુરત જઈને અમે લોકોએ કતાર ગામ પો.સ્ટે. માં એક અરજી આપેલી કે અમોને ઘમકી મળેલી છે અને વાસુ આશ્રમ છોડીને આવી ગયેલો છે, આ અરજી અમે લોકોએ ઉભી કરેલી અરજી હતી. આ અરજી આજરોજ મારી સાથે લાવેલ છુ. જે નામદાર કોર્ટમાં લીસ્ટથી રજુ કરુ છું.

(૩)...ત્યારબાદ, અમોને ન્યુઝ રીપોટરોના ફોન આવવા લાગેલા કે તમે અરજી આપેલ છે તો તમે આ લોકોના અંગે ઈન્ટરવ્યુ આપો. આ સમયે અમે લોકોએ નકકી કરેલુ કે અમને કોઈ પૈસા આપે તો જ ઈન્ટરવ્યુની બાઈટ આપીશુ અને તો જ તે લોકોનું સ્ટીંગ ઓપરેશન થઈ શકશે. અમે લોકોએ મીડીયાને કોઈપણ ઈન્ટરવ્યુ આપેલ નહી તેમ છતાએ આ અરજી ના આઘારે ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર નાઓએ અમોને મળેલી ઘમકીના સમાચાર છાપી દીઘેલા. ત્યારબાદ, અમને આઝમ કરીને ગુજરાત સમાચારનો રીપોર્ટર અમોને મળવા માટે આવેલો અને બે–બે હજાર અમોને આપેલા. ત્યારબાદ, તા.૨૫/૧૨/૨૦૧૩ ના રોજ અમોને સતીષ વાઘવાણીનો મારા પતિ ઉપર ફોન આવેલો. જે મોબાઈલ નંબર મારા નામે રજીસ્ટર્ડ હતો. આ જયારે સતીષ વાઘવાણીનો ફોન આવેલો ત્યારે મારા પતિનો ફોન સ્પીકર ઉપર હતો અને મે પણ સાંભળેલો. સતીષ વાઘવાણીએ ફોન ઉપર કહેલ કે તમારી સાથે જે થયુ છે તે જણાવો જેથી અમે લોકોએ જે ખોટી ફરીયાદ અમે કતાર ગામ પો.સ્ટે.માં કરેલી તે વિગતો કહેલી. ત્યારબાદ, અમને સતીષ વાઘવાણીએ કહેલ કે તમારા લોકોનો નંબર મને ગુજરાત સમાચારના રીપોર્ટર આઝમે આપેલો છે.

તમે લોકો ઈન્દોર, મધ્યપ્રદેશ આવી જાવ, હું તમને મદદ કરીશ. તમે જલદીથી જલદી ઈન્દોર આવી જાવ, તમને જે ધમકી મળેલ છે તેમા અમે તમને સપોર્ટ કરીશું. ત્યારબાદ, બીજા દિવસે તારીખ– ૨૬/૧૨/૨૦૧૩ ના રોજ હું અને મારા પતિ સુરતથી ઈન્દોર જવા માટે નીકળેલા. અમે લોકો હંસ ટ્રાવેલ્સમાં સુરત થી ઈન્દોર, એમ.પી. જવા માટે નીકળેલા. ત્યારબાદ, ઈન્દોર મુકામે સતીષ વાધવાણી એ અમને સરવટે બસ સ્ટેન્ડ ઉપર મળવા માટે કીધેલુ. તે સમયે સતીષ વાધવાણીએ અગાઉથી જ અમારા લોકો માટે હોટલ મયુર બુક કરીને રાખેલી. ત્યારબાદ, આ સતીષ વાધવાણીએ અમોને કહેલ કે તમે લોકો ફ્રેશ થઈ જાવ તે પછી સહારા ન્યુઝમાં ઈન્ટરવ્યુ આપવાનો છે. અને ત્યારે તમને એક લાખ રૂપિયા આપશે તેમાંથી તમારે પચાસ હજાર મને આપવાના છે અને બીજા પચાસ હજાર તમોને આપીશું. અમે લોકો ઈન્ટરવ્યુ માટે જતા હતા ત્યારે આ સતીષ વાધવાણીનો અમને ફોન આવેલ અને કહેલ કે તમે જતા નહી મારા મોટાભાઈ પ્રકાશ રાજદેવ તમને મળવા માંગે છે. આપણે ત્યાં જવાનું છે. ત્યારબાદ, આ સતીષ વાધવાણી અમને લેવા માટે આવેલા અને આ પ્રકાશ રાજદેવને મળવા માટે લઈ ગયેલા. ત્યારબાદ, અમે લોકો આ પ્રકાશ રાજદેવને રસ્તામાં પેટ્રોલ પંપ પાસે પ્રકાશ રાજદેવની કારમાં જ મળેલા હતા. આ મુલાકાત અમારી પ્રકાશ રાજદેવ સાથે સતીષ વાધવાણીનાઓએ કરાવેલી અને એવો પરીચય આપેલ કે આ પ્રકાશ રાજદેવ નાઓ મોટા કોંગ્રેસના લીડર છે. અને એમને દિગ્વીજયસિંગ તથા સોનીચા ગાંધી જોડે ઓળખાણ છે. તે અંગેના ફોટોગ્રાફ્સ પણ બતાવેલા હતા. આ સમયે સતીષ વાધવાણીએ કહેલ કે તમારા લોકોની ઈન્દોરમાં રહેવા ખાવાની બધી જ વ્યવસ્થા પ્રકાશ રાજદેવ નાઓ કરી દેશે. ત્યારપછી આ પ્રકાશ રાજદેવ જણાવેલ કે આવતી કાલે તમને લોકોને લેવા આવીશ, સુર્યમંદીર ખાતે રૂમ છે ત્યાં તમને રહેવાનું

આપીશું. બીજા દિવસે આ સતીષ વાઘવાણી તથા પ્રકાશ રાજદેવ અમને લેવા માટે આવેલા અને સુર્ય મંદીર ખાતે અમને રહેવા માટે રૂમ આપેલો. આ સમયે આ સતીષ વાઘવાણી અને પ્રકાશ રાજદેવએ અમને જણાવેલ કે તમે લોકો આ મુહીમમાં લાગી રહો, આપણે બાપુ ઉપર કેસ કરી અને તેઓ જેલમાંથી કોઈ દિવસ બહાર ના આવે તેવુ કરવાનું છે. ત્યારબાદ, બીજા દિવસે અમને લોકોને સતીષ વાઘવાણી અને પ્રકાશ રાજદેવનાઓએ ઉજજેન મુકામે મહાકાલના દર્શન કરાવવા લઈ ગયેલા. ત્યારે પણ આ સતીષ વાઘવાણી અને પ્રકાશ રાજદેવનાઓએ અમને જણાવેલ કે તમે બધા જે લોકોએ બાપુ ઉપર કેસ કરેલા છે તે ભેગા મળી જાવ, બાપુ કયારેય બહાર ના આવે તેવુ કરવાનું છે. ત્યારબાદ, રાત્રના સતીષ વાઘવાણીએ અમને ઈન્દોરમાં આવેલ અન્નપુર્ણા મંદીરમાં મળવા માટે બોલાવેલા હતા. આ મંદીરમાં પાછળની બાજુ બેસવાની વ્યવસ્થા છે ત્યાં અમને બેસાડેલા. આ સમયે આ સતીષ વાઘવાણી ત્યાં બેસીને એવુ વિચારતા હતા કે કેવી રીતે બાપુ ઉપર કેસ કરીએ જેથી તે કયારેય પણ બહાર ના આવે. આ સમયે સતીષ વાઘવાણી નાઓએ મારા પતિ વાસુને કહેલ કે તુ હાલમાં જ આશ્રમમાંથી આવેલ છે તો આશ્રમમાં કોલ ગર્લ્સ મોકલાઈ દઈએ અને આશ્રમ વાસીઓના તેની સાથે વિડીયો લઈ લઈએ અને તે આપણે મીડીયામાં આપી તેઓ વિરૂધ્ધ કેસ બનાવીએ. ત્યારપછી આ સતીષ વાઘવાણીએ એવુ કહેલ કે આપણે એવુ પણ કરી શકીએ કે આશ્રમમાં ચરસ,ગાંજો જેવા ડ્રગ્સ મુકાઈ દઈએ અને ત્યાંના સી.એમ. અને કમિશ્નરને કહીને ત્યાં રેઈડ પડાવી દઈએ અને નાર્કોટીકસના કેસમાં ફસાવી દઈ અને તે કયારેય બહાર ના આવે તેવુ કરાવી દઈએ અને આ કેસ એવો છે કે જેમા પ્રધાનમંત્રી પણ આવીને કહે તો વ્યકિત બહાર આવી ન શકે. આ જે વિગત હતી તેનું અમે લોકોએ રેકોડીંગ પણ કરેલુ છે. જે પેનડ્રાઈવ જેવા

ઈન્સ્ટ્રુમેન્ટમાં કરેલુ જેનો તારીખ અને સમય ડીફોલ્ટ સેટ હતો. જે અમો લોકોએ સેટ કરેલ નહી. પરંતુ આ રેકોડીંગ તે ડીવાઈસમાં સેવ થઈ ગયેલ હતું. આ જે ડીવાઈસમાં ડેટ અને ટાઈમ અમને લોકોને સેટ કરતા ફાવતુ ન હતુ. જેથી બદલેલ નહી. અમારા ફોન ઉપર જે સતીષ વાધવાણીનો ઈન્દોર આવવા માટે ફોન આવેલો, તે પણ અમારા ફોનમાં રેકોડીંગ થઈ ગયેલ હતું. જે અમે આજરોજ નામદાર કોર્ટમાં રજુ કરીએ છીએ અને અમારા ફોનના રેકોડીંગમાં જે તે વખતનો સાચો ટાઈમ અને તારીખ બતાવતો હતો.

(૪)...ત્યારબાદ, બીજા દિવસે અમને સતીષ વાધવાણી આ પ્રકાશ રાજદેવ ના ત્યા લઈ ગયેલા ત્યારે અમે લોકોએ કહેલ કે આજે રાતે અમે લોકો સુરત જવા માટે નીકળી જવાના છીએ. ત્યારે આ સતીષ વાધવાણી અને પ્રકાશ રાજદેવે જણાવેલ કે, તમે ચીંતા ના કરો હું સુરત આવીને તમને પારૂલબેન અને ભોગ બનનારની તમારી સાથે મુલાકાત કરાવીશ. તે લોકો સુરતમાં જ રહે છે. તેવુ અમને સતીષ વાધવાણીએ જણાવેલુ હતું. ત્યારપછી અમે સુરત પરત આવી ગયેલા હતા.

(૫)...ત્યારબાદ, સુરત આવી ગયા પછી સતીષ વાધવાણીનો અમારી ઉપર ફોન આવેલો અને કહેલ કે હું સુરત આવી ગયેલ છું. તમે ભાભીને લઈને રાજ પુરોહીત હોટલ જે રેલ્વે સ્ટેશન પાસે છે ત્યાં અમોને મળો. અમને આ ફોન તા.૫/૧/૨૦૧૪ ના રોજ આવેલો. પછી હું અને મારા પતિ વાસુ રાજપુરોહીત હોટલે આ સતીષ વાધવાણીને મળવા માટે ગયેલા. રાજપુરોહીત હોટલ પહોચ્યા પછી અમને સતીષ વાધવાણીનાઓએ જણાવેલ કે તેમને હોટલના ત્રણ રૂમ બુક કરેલા છે અને ઈન્ડીયા ન્યુઝ ના રીપોર્ટર એતીયાઝ શેખ ની સાથે અમારી મુલાકાત કરાવેલી. ત્યારબાદ, અમને એક રૂમમાં લઈ જઈને પારૂલબેન અને તેમના પતિ સાથે મુલાકાત કરાવેલી અને આ સતીષ

વાધવાણીએ જણાવેલ કે આ પારૂલબેને પણ સુરતમાં નારાયણ સાંઈ ઉપર કેસ કરેલો છે. ત્યારબાદ, આ ઐતીયાઝ શેખ રીપોટરનાઓએ મારું, મારા પતિ વાસુનું, પારૂલબેન અને સતીષ વાધવાણીનું ઈન્ટરવ્યુ લીધેલુ અને ત્યારબાદ સલાખે નામનો એક એપીસોડ બનાવેલો. ત્યારે રૂમમાં આ રીપોટરે મને, પારૂલબેનને, સતીષ વાધવાણીને કવરમાં પૈસા આપેલ, જે મે ઘરે જઈને જોયેલ તો પચાસ હજાર રૂપિયા હતા. આ સમયે સતીષ વાધવાણીએ તેના ફોન માંથી રાજુ ચાંડકને ફોન કરેલ, પરંતુ તેના ફોનમાં નેટવર્ક ન આવતા, સતીષ વાધવાણીએ મારા પતિનો ફોન લઈ, રાજુ ચાંડકને ફોન કરેલો અને આ જે સતીષ વાધવાણીએ રાજુ ચાંડકને ફોન કરેલો તે અમારા ફોનમાં રેકોર્ડ થઈ ગયેલ. આ ફોન જે રેકોર્ડ થયેલો તે સિંધી ભાષામાં હતો જેથી આ ભાષા અંગે મારી મિત્ર જયા બજાજને પુછતા તેમણે એનુ રૂપાંતર મને સિંધીમાંથી ગુજરાતી તથા હીન્દીમાં અનુવાદ કરી કહેલ કે તમે જે મુહીમમાં અમને લગાડેલા છે તેમાં હું લાગેલો છું. તેવુ સતીષ વાધવાણી રાજુ ચાંડકને ફોનમાં જણાવતો હતો અને એ જ મુહીમના કામ માટે હું સુરત આવેલો અને કાલે તમને મળવા માટે અમદાવાદ આવવાના છીએ. ત્યારપછી બીજા દિવસે મારા પતિ વાસુ, સતીષ વાધવાણી અને ઐતીયાઝ શેખ રીપોટર ત્રણેય મળીને અમદાવાદ રાજુ ચાંડકને મળવા માટે આવેલ. ત્યારે અમદાવાદમાં સતીષ વાધવાણી અને રાજુ ચાંડકે મારા પતિને એવુ જણાવેલુ કે તું આશ્રમમાં જઈને ડ્રગ્સ મુકી દે, તેવુ મારા પતિએ મને જણાવેલુ. મારા પતિ આમાં માન્યા ન હતા અને તે સુરત આવી ગયેલા. ત્યારબાદ, થોડા દિવસ પછી સતીષ વાધવાણીનો ફોન આવેલો અને જણાવેલ કે તમે પારૂલબેનને મળવા માટે જાવ, જયારે અમે લોકોએ સલાખે વાળું ઈન્ટરવ્યુ આપ્યુ, ત્યારે પારૂલબેને તેમના ઘરનું સરનામુ આપેલુ અને સતીષ વાધવાણીએ અમને આ પારૂલબેનનો નંબર

આપેલો. પછી હું અને મારા પતિ આ પારૂલબેનને મળવા તેમના ઘરે ગયેલા. ત્યારે પારૂલબેન નાઓએ અમને જણાવેલ કે પૈસા મળી ગયા, તો જોયુ સતીષ વાઘવાણી કેવો ખુશ થઈ ગયો ?. પછી અમે પારૂલબેનને મળીને પરત અમારા ઘરે આવી ગયેલા. ત્યારબાદ, આ સતીષ વાઘવાણીનો મારા પતિ ઉપર ફોન આવેલો કે તમે લોકો પારૂલબેનને મળીને આવી ગયા. આ જે ફોન આવેલો ત્યારે ફોન સ્પીકર ઉપર હતો ત્યારે સતીષ વાઘવાણીએ પુછેલુ કે તમે લોકોએ પારૂલબેનના ત્યાં શું વાત કરી ?. ત્યારે મારા પતિએ તેમને જણાવેલ કે અમે પારૂલબેનને એવુ કીધેલ કે અમે લોકો ઈન્દોર ગયેલા અને ત્યારે અમને સતીષ વાઘવાણીએ પ્રકાશ રાજદેવ સાથે મુલાકાત કરાવેલી. તે સમયે મારા પતિએ સતીષ વાઘવાણીને કીધેલુ કે પારૂલબેન કોઈ 'જ' નામના વ્યકિતને મળ્યા, ત્યારે આ સતીષ વાઘવાણીએ ફોનમાં જણાવેલુ કે જીતુ સોનીને પારૂલબેન લોકો મળેલ છે. આ ફોન રેકોર્ડીંગ અમારા ફોનમાં સેવ હતી. જે નામદાર કોર્ટમાં રજુ કરીએ છીએ.

(૬)...ત્યારપછી થોડા દિવસ પછી સતીષ વાઘવાણીનો ફોન આવેલો અને જણાવેલ કે, પારૂલબેનના પતિ ઉપર કોઈએ હુમલો કરેલ છે. અને હોસ્પીટલમાં દાખલ છે. તમે લોકો જઈને તેમની ખબર અંતર લઈ લો, કારણ કે અમો ઘણા દુર છીએ અને જઈ શકતા નથી. ત્યારપછી, હું અને મારા પતિ પારૂલબેનના પતિને મળવા માટે હોસ્પીટલ ગયેલા અને એ સમયે હોસ્પીટલમાં અમને લોકોને ભોગ બનનાર પણ મળેલા. તે સમયે તે લોકોનું પોલીસ નીવેદન લેવાનું હોય, પારૂલબેને અમોને જણાવેલ કે ડીસ્ચાર્જ થયા પછી તમને ફોન કરીશ અને પછી તમે ઘરે મળવા આવજો. ત્યારપછી, ડીસ્ચાર્જ થયા પછી પારૂલબેનનો અમારા ઉપર ફોન આવેલો એટલે અમે લોકો તેમના ઘરે વિમલેશભાઈની ખબર કાઢવા માટે ગયેલા ત્યારે અમને ત્યાં ભોગ

બનનાર પણ મળેલા. ત્યારબાદ, અમે ઘરે પરત આવી ગયેલા. ત્યારબાદ, અમારે ખાવા–પીવામાં તકલીફ પડતી હતી જેથી મારા પતિનાઓને બેંગ્લોર નોકરી મળતા અમે લોકો પછી બેંગ્લોર જતા રહેલા. ત્યારપછી અમે લોકો બેંગ્લોરમાં જોબ કરતા હતા ત્યારે અમદાવાદ પોલીસ ત્યાં આવી અમોને પકડેલા હતા. પરંતુ ત્યારે અમને ખબર જ ન હતી કે અમને કયા કેસમાં પકડેલ છે.

(૭)...અમે લોકો બેંગ્લોર ગયા તે અગાઉ સુરત આશ્રમ ખાતે અમે જે સ્ટીંગ કરેલુ, તે બતાવવા માટે ગયેલા. પરંતુ અમારુ કોઈએ સાંભળેલુ નહી. અને આ જે સ્ટીંગ છે તે અમારા લેપટોપમાં જ સેવ હતું. આ જે લેપટોપમાં સેવ કરેલુ હતું તે અમે ડીવાઈસમાંથી લઈને સેવ કરતા હતા કારણ કે ડીવાઈસની મેમરી ફુલ થઈ જતી હતી અને બીજા દિવસે જો બીજુ રેકોર્ડીંગ કરવુ હોય તો તે માટે ડીવાઈસની મેમરી ખાલી રાખતા હતા. ફોનનું જે રેકોર્ડીંગ હતુ તે જે તે દિવસ જયારે વાત થયેલ હોય ત્યારનું ડેટ અને ટાઈમ બતાવતું હતુ. પરંતુ જે પેન ડ્રાઈવ જેવુ ડીવાઈસ તેમાં ડીફોલ્ટ જે તારીખ હતી તે જ રહેલ હતી.

(૮)...મને નીશાની– ૭૧૬/૧ વાળી અરજીનાં પેજ નં. ૧ થી ૩ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે તે અમે તા.૦૫/૧૨/૨૦૧૩ ના રોજ કતાર ગામ પો.સ્ટે.માં અરજી આપેલી તેની અરજીની ઝેરોક્ષ નકલ છે. તે તેજ છે અને જે અરજીમાં મારો મોબાઈલ નંબર–૮૯૮૦૩૦૯૧૭૮ નો છે. જે મોબાઈલ નંબર મારા નામનો હતો અને આજ નંબર ઉપર ફોન આવતા હતા તે આજ નંબર છે. અને સદર અરજી યાને દસ્તાવેજ મારા હસ્તાક્ષરમાં છે. નીશાની– ૭૧૬/૧ ને ટેન્ટેટીવ **આંક– ૭૧૭** આપવામાં આવે છે.

(૯)...મને નીશાની– ૭૧૬/૨ બતાવવામાં આવે છે. જે ઓડીયો સીડી છે. જે સીડીમાં ચાર રેકોર્ડીંગ છે. જેમા પ્રથમ ફોન રેકોર્ડીંગ મારા પતિ વાસુ તથા સતીષ વાધવાણીની તા. ૨૫/૧૨/૨૦૧૩ ના રોજ થયેલ વાતચીત છે. બીજુ

રેકોડીંગ જેમાં મારા પતિ, મારું તથા સતીષ વાધવાણીનાઓનું તારીખ– ૨૯/૧૨/૨૦૧૩ ના રોજનું પેન ડ્રાઈવ જેવુ ડીવાઈસમાં કરેલ રેકોડીંગ છે. ત્રીજું સતીષ વાધવાણી, રાજુ ચાંડક નાઓનું તારીખ–૦૫/૦૧/૨૦૧૪ ના રોજનું મારા પતિ વાસુના ફોનમાં થયેલ ફોન રેકોર્ડીંગ છે. ચોથું મારા પતિ વાસુ તથા સતીષ વાધવાણી નાઓનું તા. ૧૦/૧/૨૦૧૪ નું ફોન પર થયેલ વાતચીતનું રેકોડીંગ છે.નીશાની– ૭૧૬/૨ ને ટેન્ટેટીવ **આંક– ૭૧૮** આપવામાં આવે છે.

(૧૦)...મને નીશાની– ૭૧૬/૩ બતાવવામાં આવે છે જે પેજ નં. ૫ થી ૭ માં છે. જે મારા પતિ અને સતીષ વાધવાણી વચ્ચે તારીખ– ૨૫/૧૨/૧૩ ના રોજ થયેલ વાતચીતના અંશોની ટ્રાન્સક્રીપ્ટ છે. નીશાની– ૭૧૬/૩ ને ટેન્ટેટીવ **આંક– ૭૧૯** આપવામાં આવે છે.

(૧૧)...મને નીશાની–૭૧૬/૪ બતાવવામાં આવે છે. જે પાના નં. ૮ થી ૧૯ સુધી છે. જે મારા પતિ વાસુ તથા સતીષ વાધવાણી, હું ત્રણેય વચ્ચે થયેલ તા.૨૯/૧૨/૨૦૧૩ ના રોજની અન્નપુર્ણા મંદીર મુકામે થયેલ વાતચીત, જે પેન ડ્રાઈવના ડીવાઈસમાં રેકોર્ડ કરેલી તેની ટ્રાન્સક્રિપ્ટ છે.નીશાની– ૭૧૬/૪ ને ટેન્ટેટીવ **આંક– ૭૨૦** આપવામાં આવે છે.

(૧૨)...મને નીશાની– ૭૧૬/૫ બતાવવામાં આવે છે. જે પાના નં. ૨૦ થી ૨૧ માં રજુ છે. જે ઓડીયો ટ્રાન્સક્રિપ્ટ છે. જે સતીષ વાધવાણી તથા રાજુ ચાંડકનાઓએ મારા પતિ વાસુના ફોનથી સુરત મુકામે રાજપુરોહીત હોટલમાં તા. ૫/૧/૨૦૧૪ ના રોજ વાતચીત કરેલી, તે જ છે. નીશાની– ૭૧૬/૫ ને ટેન્ટેટીવ **આંક– ૭૨૧** આપવામાં આવે છે.

(૧૩)...મને નીશાની–૭૧૬/૬ બતાવવામાં આવે છે.જે પેજ નં. ૨૨ થી ૨૪ સુધીનો છે. જે મારા પતિ વાસુ તથા સતીષ વાધવાણીનાઓની તા.

૧૦/૧/૨૦૧૪ ના રોજની ફોન રેકોડીંગની વાતચીતની ટ્રાન્સક્રિપ્ટ છે. નીશાની– ૭૧૬/૬ ને ટેન્ટેટીવ **આંક– ૭૨૨** આપવામાં આવે છે.

(૧૪)...મને નીશાની– ૭૧૬/૭ બતાવવામાં આવે છે. જે પેજ નં. ૨૫ થી રજુ છે. જે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ છે. જેમાં મારા પતિ તથા મેં નાઓએ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન તારીખ–૨૫/૧ ૨/૨૦૧૩ ના રોજ સતીષ વાધવાણી અને મારા પતિ વાસુનાઓનું ફોન રેકોડીંગ કરેલ અને ત્યારબાદ, હું અને મારા પતિ તથા સતીષ વાધવાણી વચ્ચે થયેલ અન્નપુર્ણા મંદીર, ઈન્દોર ની વાતચીત, જે પેન ડ્રાઈવ જેવા યંત્રમાં કરેલી તથા સતીષ વાધવાણી અને રાજુ ચાંડકે મારા પતિના ફોનથી હોટલ રાજપુરોહીત, સુરત ખાતે તારીખ–૦૫/૦૧/૨૦૧૪ ના રોજ વાતચીત કરેલી, સતીષ વાધવાણી અને મારા પતિ નાઓએ તારીખ–૧૦/૦૧/૨૦૧૪ ના રોજ વાતચીત કરેલ ફોન રેકોડીંગ, ઉપરોકત જેટલી પણ ઓડીયો રેકોડીંગ મોબાઈલ ફોન તથા પેન ડ્રાઈવ જેવા ડીવાઈસના મેમરી કાર્ડમાં સેવ હતી તે અમોએ અમારા લેપટોપમાં જે તે સમયે ટ્રાન્સફર કરેલી.

(૧૪.૧)...મેં એક સીડીમાં ઓડીયો ફાઈલ્સ જે મે ઉપર જણાવેલ છે તે મારા લેપટોપના હાર્ડ ડીસ્કમાંથી આ સીડીમાં કોપી કરેલ છે. અને આ ઓડીયો ફાઈલ્સ મારા પોતાના લેપટોપમાં સેવ છે. મે જાતે જ આ ઓડીયો ફાઈલ્સની સીડી જે આજરોજ નામદાર કોર્ટમાં રજુ કરેલ છે તે બનાવેલી છે. અને જે અસલ જે રેકોડીંગ મેં અને મારા પતિ વાસુનાઓ સને–૨૦૧૩/૨૦૧૪ માં મોબાઈલ ફોન અને પેન ડ્રાઈવ ડીવાઈસમાં રેકોડીંગ કરેલી તે જ છે. અને તે સાચી અને ખરી છે. જેમાં કોઈપણ છેડછાડ કે એડીટીંગ કરવામાં આવેલ નથી. તે અંગેનું આ સર્ટીફીકેટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરીએ છીએ. જે નીશાની– ૭૧૬/૭ ને ટેન્ટેટીવ **આંક– ૭૨૩** આપવામાં આવે છે.

(૧૫)...સાહેદને આંક- ૭૧૮ વાળી ઓડીયો સીડી નામદાર કોર્ટના રેકર્ડ માંથી પ્લે કરી બતાવવામાં આવે છે. જે સીડી ઓપન કરેલ, જેમા કુલ ચાર ફાઈલ્સ છે. જેમાં પ્રથમ ફાઈલ તા.૨૫/૧૨/૨૦૧૩ ની છે. જે ફાઈલનું નામ FIRST TIME CALL SATISH VADHAVANI એમ અંગ્રેજી માં લખેલ છે.જે ફાઈલ પ્લે કરી સાંભળતા સાહેદ તેમાં પોતાના પતિ વાસુનો અને સતીષ વાઘવાણીનો અવાજ ઓળખી બતાવે છે. સાહેદ ને સીડીમાંથી નંબર-૨ ઉપર RAJU LAMBU WITH SATISH વાળી ફાઈલ છે. જેમાં આ ફાઈલની તારીખ ૦૫/૦૧/૨૦૧૪ છે. જે પ્લે કરી સાહેદને સંભળાવતા જેમા શરૂઆતમાં મારા પતિ વાસુનો અવાજ છે. જેમાં સામેથી રાજુ ચાંડકનો અવાજ આવતા મારા પતિ આ ફોન સતીષ વાઘવાણીને વાત કરવા આપી દે છે. અને આ રેકોડીંગમા સતીષ વાઘવાણી અને રાજુ ચાંડક સિંધી ભાષામાં વાત કરે છે. સાહેદને ત્રણ નંબરની ફાઈલ જેનું નામ SATISH ABOU PARUL વાળી ફાઈલ, જેમાં આ ફાઈલની તારીખ-૧૦/૧ /૨૦૧૪ ની છે. જે પ્લે કરી સંભળાવતા જે સાહેદ પોતાના પતિ વાસુ તથા સતીષ વાઘવાણીનો અવાજ ઓળખી બતાવે છે. જેમાં સતીષ વાઘવાણી જીતુ સોની અને પારૂલ મળેલા તેવી વાત કરે છે. સાહેદને નં.૪ ઉપર MEETING WITH SATISH VADWANI વાળી ફાઈલ જોતા, જેમાં તારીખ-૦૨/૦૩/૨૦૦૦ લખેલ છે. જે અમારા પેન ડ્રાઈવ વાળા ડીવાઈસમાં રેકોર્ડ કરેલુ, જેનો ડીફોલ્ડ તારીખ અને સમય છે. જે સાહેદને સંભળાવતા તે પોતાનો, પોતાના પતિ વાસુનો તથા સતીષ વાઘવાણીનો અવાજ, જે અન્નુપુર્ણા મંદીર, ઈન્દોર ખાતે બેઠેલા ત્યાંનું રેકોડીંગ છે.

(૧૬)...મેં અને મારા પતિએ બે વિડીયો રેકોડીંગ કરેલા જેમાં એક સલાખે વાળો જે એપીસોડ રાજપુરોહીત હોટલમાં બનેલુ તે અમે એક સ્પાઈ વોચમાં રેકોડીંગ કરેલું. જે વોચ (ઘડીયાળ) સુરત કોર્ટમાં સેશન્સ કેસ નં. ૧૪૧/૨૦૧૪

અને સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૫ ના કામમાં રજુ કરેલ છે. મારા પતિ તથા હું અલગ અલગ રૂમમાં તે વખતે હતા, ત્યારે ઐતીયાઝ શેખ જે પૈસા મને, પારૂલબેનને, સતીષ વાધવાણીને આપેલા, તે રેકોડીંગ થયેલ નહી કારણ કે જે સ્પાઈ ઘડીયાળ હતી, તે અલગ રૂમમાં મારા પતિના હાથમાં હતી. બીજુ રેકોડીંગ હું અને મારા પતિ પારૂલબેનના ઘરે સતીષ વાધવાણીના કહેવા ઉપર ગયેલા તેનુ છે. જે અમે સ્પાઈ વોચમાં કરેલું. જે વોચ સુરત કોર્ટમાં સેશન્સ કેસ નં. ૧૪૧ /૨૦૧૪ અને સેશન્સ કેસ નં.૪૫/૨૦૧૫ માં રજુ કરેલ છે. તેની કોપી હાલ મારા પાસે નથી. જેથી હું રજુ કરી શકેલ નથી.

**(૧૩૨.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૧૯)...હું સમર્પિત નથી. મેં આશારામજી પાસેથી દીક્ષા લીધેલ નથી. એ વાત ખરી નથી કે હું આશારામના આશ્રમમાં જતી નહી. હું મારા માતા પિતા સાથે આશારામ આશ્રમમાં અમદાવાદ, સુરત માં જતી આવતી હતી. મને કયારેય આશારામને ગુરુ બનાવવાનો વિચાર આવેલ નહી. હું આશારામજીના આશ્રમમાં કયારેય રહી નથી. એ વાત ખરી છે કે, આશારામજીના આશ્રમમાં શું ગતિવિધીઓ ચાલે તે મને ખબર નથી. મારા પતિ અત્યારે ઓઈલનો બીઝનેશ કરે છે અને તેઓ દમણ ખાતે રહે છે. મારા પતિ સાથે પ્રથમ મુલાકાત અમદાવાદ આશારામજી ના આશ્રમ ખાતે સને–૨૦૦૮–૨૦૦૯ માં થયેલ હતી. ત્યારપછી પણ એક બે વાર મુલાકાત આશ્રમ ખાતે જ થતી હતી. મારા પતિ આશારામ આશ્રમમાં સમર્પિત હતા. એ વાત ખરી નથી કે, મને ફકત મારા પતિમાં જ લગાવ હતો તેથી હું આશ્રમમાં જતી હતી, પરંતુ હું આશારામના દર્શન કરવા પણ જતી હતી. એ વાત ખરી નથી કે, આશ્રમમાં જવાનો મુખ્ય ઉદેશ મારા પતિને જ મળવા માટેનો હતો,

પરંતુ આશારામના સત્સંગ સાંભળવા પણ જતી હતી. એ વાત ખરી છે કે, જયારે જયારે હું આશારામના સત્સંગ સાંભળવા જતી ત્યારે ત્યારે મારા પતિને મળતી હતી. આશારામજી બાપુના આશ્રમમાં વેદો, ઉપનિષદો ઉપર સત્સંગ થતો હતો. એ વાત ખરી છે કે, સત્સંગમાં શ્રીકુષ્ણ અને મીરાની પણ વાત થતી હતી.

સવાલ :- કયારેય પણ આશારામે વેદ અને ઉપનિષદો વચ્ચે નો ભેદ સત્સંગમાં કહો છે ?

જવાબ :- હા જી, ભેદનું કહ્યુ છે. અને આશારામજીએ કહેલુ છે કે કેવી રીતે આપણુ જીવન વેદ અને ઉપનિષદ પ્રમાણ જીવવુ જોઈએ અને તે પ્રમાણે ખાનપાન હોવુ જોઈએ અને સ્વસ્થ કેવી રીતે રહેવુ તે પણ કહેલુ છે.

સવાલ :- કેટલા વેદ છે ?

જવાબ :- ઋગવેદ, અથર્વવેદ, સામવેદ અને યજુર્વેદ

(૨૦)... અથર્વવેદ વિશે આશારામજીએ કયારેય કીધેલુ કે કેમ તે મને હાલ યાદ નથી. હાલમાં મને યાદ નથી કે આશારામજીએ યાજ્ઞવલ્કય ઋષિ વિશે કહેલુ છે કે કેમ. હાલમાં મને યાદ નથી કે આશારામજીએ તેઓના સત્સંગમા નચિકેતા અને યમ વચ્ચેના સંવાદ વિષે કયારેય ચર્ચા કરેલી છે કે કેમ?. હાલમાં મને એ પણ યાદ નથી કે, આશારામજી સત્સંગમાં એવુ ગીત ગવડાવતા ''શાદી કરના તો બરબાદી હૈ''. બ્રહમચર્ય વિશે પણ તેઓ કહેતા હતા. હાલમાં મને યાદ નથી કે આશારામજીએ શિવ અને કૃષ્ણ વચ્ચેનો ભેદ કહેલો છે કે કેમ. મને બાપુજીના સત્સંગમાં સૌથી વધારે જે વિષય આકર્ષિત હતો તે યાદશકિત

વધારવા માટે ભ્રામરીક પ્રાણાયમ, ઓમકાર ગુંજન તે હતું. કયારેક કયારેક પ્રાણાયામ કરતી. મને ટાઈમ મળે તો હું પ્રાણાયામ કરતી સમય ના મળે તો ના પણ કરતી. એ વાત ખરી નથી કે મે પ્રાણાયામથી ફાયદો થયેલ નહી. મારી યાદશકિત પ્રાણાયામથી મધ્યમ વધેલી. હું હાલ પણ પ્રાણાયામ કરુ છું. એ વાત ખરી છે કે, તેમ છતાં આગળ જે સવાલો પુછવામાં આવ્યા તે બાબતે મને કયાંય યાદ નથી. હું ધ્યાન ધરતી નથી. મારે કયારેય આશારામજી બાપુને મળવાનું થયેલ નથી. મારે આશ્રમના બીજા કોઈ માણસ સાથે મુલાકાત પણ થયેલ નથી. એ વાત ખરી છે કે, આશ્રમમાં મારા પતિ સીવાય અન્ય કોઈને પણ ઓળખતી ન હતી. એ વાત ખરી છે કે મે ઘરેથી ભાગીને લગ્ન કરેલા છે. મે સને–૨૦૧૨ માં લગ્ન કરેલા છે. એ વાત ખરી નથી કે, લગ્ન કર્યા બાદ હું મારા પતિ સાથે જોડે રહેતી હતી. મે મારા પતિ સાથે જોડે રહેવાનું સને–૨૦૧૩ માં શરૂ કર્યું. એ વાત ખરી નથી કે હું આશ્રમમાં ફકત ને ફકત પતિને જ મળવા જતી હતી. મારા પતિ આશ્રમમાં જે સેવા મળે તે સેવા કરતા હતા. એ વાત ખરી છે કે મારા પતિ આશ્રમની ઓફીસમાં ન હતા. ફેકસ કયાં આવેલો તેની મને માહીતી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારા પતિએ મને જણાવેલુ કે આશ્રમમાં ફેકસ આવેલો. મારા પતિ પાસે ફેકસ કેવી રીતે આવ્યો તે અંગે મે મારા પતિની જોડે કયારેય પુછપરછ કરેલી નહી. ફેકસ સને–૨૦૦૮ નો છે. ફેકસની તારીખ મને હાલ યાદ નથી. સદર ફેકસ મારા પતિએ સને–૨૦૧૩માં મને બતાવેલ હતો. એ વાત ખરી નથી કે સને– ૨૦૧૩ માં મારૂં શિક્ષણ પુરુ થઈ ગયેલ હતું. એ વાત ખરી છે કે, મારો અભ્યાસ પુરુ થયો ન હોવા છતા હું મારા પતિ સાથે રહેતી હતી. હું સુરત મુકામે રહેતી હતી. મે મારો અભ્યાસ અધુરો છોડી દીધેલો. મારા માતા–પિતાને આ બાબતની જાણ કરેલ ન હતી. સને–૨૦૧૩ ની સાલમાં જ મારા માતા–પિતાને ખબર પડેલ હતી કે હું ભાગી ગયેલ છું. મારા પતિ ડીપ્લો એન્જીનીયર છે.

અમે લોકોએ સુરતમાં રહેવાનું એટલા માટે નકકી કરેલુ કારણ કે જે તે વખતે સુરતમાં નારાયણ સાંઈ અને આશારામ બાપુ ઉપર કેસ થયેલો એટલે અમને એવુ લાગેલુ કે સુરત જઈએ તો આ કેસ કરાવનાર ષડયંત્રકારીયો વિશે પર્દાફાસ થાય. એ વાત ખરી છે કે આશારામ બાપુ જગ વિખ્યાત છે. એ વાત ખરી છે કે, આશારામજીના ઘણા અનુયાયીઓ છે. એ વાત ખરી છે કે, આશારામજી બાપુને મળવા માટે મોટા મોટા રાજકરણીઓ, ઉદ્યોગપતિઓ, મોટા અધિકારીઓ તથા પોલીસ ઓફીસરો આવતા હતા.

(૨૧)...મને એ વાતની ખબર નથી કે હું જણાવુ છુ તેવા કોઈ ફેકસ મેસેજની માહીતી આશારામજી બાપુને હતી કે કેમ ?. મને એ વાતની ખબર નથી કે, ફેકસ સંદર્ભે આશ્રમ તરફથી, આશારામજી બાપુજી તરફથી તથા નારાયણ સાંઈ તરફથી કોઈ કાર્યવાહી થયેલ કે કેમ ?.

પ્રશ્ન:- મે જણાવેલ ફેકસ મેસેજ બાબતે પાંચ વર્ષ પછી સને-૨૦૧૩ માં કાર્યવાહી કેમ કરવાનું સુજેલુ ?

જવાબ:- મને મારા પતિએ આ ફેકસ વિષે સને-૨૦૧૩ માં વાત કરેલી. ત્યારે મે મારા પતિને પુછેલુ કે ટીવીમાં બતાવે છે કે બાપુજી ઉપર કેસ લાગેલ છે, તેની સચ્ચાઈ શું છે. ત્યારે મારા પતિએ મને આ કહેવાતો ફેકસ બતાવેલો.

(૨૨)...એ વાત ખરી છે કે, આ સ્ટીંગ કરવાનો નિર્ણય મારા અને મારા પતિ બંનેનો હતો. એ વાતની મને ખબર નથી કે, મારા પતિ પાસે સને-૨૦૦૮ થી કહેવાતા ફેકસની માહીતી હતી. મારા પતિ પાસે ફેકસ મેસેજની કોપી કયારે આવી તેની મને ખબર નથી. એ વાત ખરી છેકે, આ ફેકસ મેસેજ હોવા છતા મે પોલીસને આ ફેકસ લગત કોઈ અરજી આપેલ નહી. એ વાતની મને ખબર નથી કે કહેવાતા ફેકસ લગત કોઈપણ અરજી કોઈપણ પોલીસ સ્ટેશનમાં, આશ્રમ, આશારામજી બાપુ તથા નારાયણ સાંઈ દવારા આપવામાં આવેલ કે કેમ ?.

મે અને મારા પતિએ તે અંગે ખોટી અને ઉભી કરેલી અરજી પોલીસમાં આપવાનું નકકી કરેલું. મને એ વાતની ખબર નથી કે, કોઈપણ ઓફીસમાં ખોટી અરજી આપવામાં આવે તો તે ગુનો બને છે કે કેમ ?.

પ્રશ્નઃ– તમોએ તમારી સરતપાસના પેરા નં.(૩) માં '' ત્યારબાદ, અમને આઝમ કરીને ગુજરાત સમાચારનો રીપોટર અમોને મળવા માટે આવેલો અને બે –બે હજાર અમોને આપેલા'' એ વાત ખરી છે ?

જવાબઃ– પહેલા ન્યુઝ પેપરમાં અમારી ખોટી અરજી જોઈને મીડીયા વાળાએ છાપી દીધેલુ, અને તે પછી તે અમને બે–બે હજાર આપવા માટે અમારા ઘરે આવેલા અને તે અમે લીધેલા. તેમાં એ ફલીત થતુ હતુ કે બાપુ વિરૂધ્ધ બાઈટ આપવાના પૈસા આપે છે.

પ્રશ્નઃ– ઉપરોકત બાબતે તમે કોઈ પોલીસને જાણ કરેલી ?

જવાબઃ– આ સમયે અમારું સ્ટીંગ કાર્યવાહી કરવાનુ ચાલુ હતું, જેથી અમે કોઈ ફરીયાદ કરેલ નહી.

(૨૩)...બે–બે હજાર આપ્યા તે સમય અને તારીખ મને યાદ નથી, પરંતુ ડીસેમ્બર– ૨૦૧૩ નો સમય હતો.

પ્રશ્નઃ– આ બે–બે હજાર રૂપિયા તમોએ સ્વીકાર્યા તે સમય દરમ્યાન કે એ પહેલા તમોએ કોઈનું સ્ટીંગ કરેલુ ?

જવાબઃ– આ જે રીર્પોટર હતા, તે અચાનક અમારા ઘરે આવી ગયેલા જેથી આ રીર્પોટરનું સ્ટીંગ કેવી રીતે કરવુ, તે માટે ડીવાઈસ ચાલુ કરી શકેલ નહી. આ રીપોટર આવેલા તે અગાઉ કોઈનું સ્ટીંગ કરેલ નહી.

(૨૪)...એ વાત ખરી છે કે, સતીષ વાધવાણીનો અમારા ઉપર પ્રથમ કોલ આવેલ તેનું અમે રેકોડીંગ કરેલુ છે તે મોબાઈલ નંબર મારા નામનો છે. હાલમાં મારી જોડે એ મોબાઈલ નથી. પરંતુ જે રેકોડીંગ થાય તે અમો અમારા લેપટોપ ઉપર

ટ્રાન્સફર કરી સેવ કરી લેતા હતા. એ વાત ખરી છે કે હાલમાં મારી પાસે સુરત થી ઈન્દોર ટ્રાવેલ્સમાં ગયા તે બતાવવા માટે કોઈ પુરાવો નથી. એ વાત ખરી છે કે, ઈન્દોરમાં અમે કોઈ કોંગ્રેસ નેતાને મળ્યા તે બતાવવા માટેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. અમને સતીષ વાધવાણીએ ઈન્દોર બોલાવેલા, જેથી અમને લાગેલુ કે ત્યાં ગયા પછી અમને કોઈ કડી મળશે, જેથી અમે ઈન્દોર ગયેલા. મારી વિરૂધ્ધ આશરે ૩ થી ૪ કેસો થયેલ હશે. મારા પતિ સામે પણ આશરે ચારેક જેટલા કેસો થયેલ હશે. એ વાત ખરી છે કે, અમૃત પ્રજાપતિના મર્ડરના કેસમાં મારા પતિનું નામ આરોપી તરીકે છે. એ વાત ખરી છે કે મોબાઈલ અલગ છે અને પેન ડ્રાઈવ ડીવાઈસ અલગ છે. એ વાત ખરી છે કે આ બંને ડીવાઈસમાં ઓડીયો રેકોર્ડીંગ કરેલુ હતું. વિડીયો રેકોર્ડીંગ સ્પાઈ વોચમાં કરેલુ હતું. તે સ્પાઈ વોચ મારા પતિ પાસે હતી. એ વાત ખરી છે કે, સ્પાઈ વોચનો ઉપયોગ મારા પતિએ કરેલ હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે હું તે સમયે મારા પતિની સાથે હતી અને તે સંવાદમાં મે પણ ભાગ લીધેલો. જે સ્ટીંગ રાજપુરોહીતમાં કર્યુ તે દિવસની તારીખ મને હાલ યાદ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મને બતાવે તો તારીખ હું કહી શકું. એ વાત ખરી છે કે, મે કુલ ચાર સ્ટીંગ કરેલ છે. એક સ્ટીંગ મે રાજપુરોહીત હોટલ, સુરત ખાતે કરેલુ છે.

પ્રશ્નઃ- રાજપુરોહીત હોટલ, સુરત મુકામે કરેલ સ્ટીંગનો ડેટા ડીલીટ થઈ ગયેલો ?

જવાબઃ- જે ડેટા અમારા ડીવાઈસમાં હતો તે અમે અમારા લેપટોપમાં કોપી કરેલો અને પછી ડીવાઈસની મેમરી ફુલ થઈ ગયેલી એટલે ડીલીટ કરેલો.

(૨૫)...આ ડીવાઈસ મારા પતિ ચોર બજાર, મુંબઈ ખાતેથી લઈને આવેલ હતા. એ વાત ખરી છે કે, તે પેન ડ્રાઈવવાળું ડીવાઈસ જે સુરત કોર્ટમાં રજુ કરેલુ તે બંધ હાલતમાં હતું. એ વાત ખરી છે કે,જે પેન ડ્રાઈવવાળું ડીવાઈસ હતુ તેમાં અસલ ડેટા

નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે ડેટા અમે લેપટોપમાં કોપી કરેલુ હતું. એ વાત ખરી છે કે, જે લેપટોપમાં ડેટા કોપી કરેલ તે લેપટોપ મારી પાસે ઘરે છે. એ વાત ખરી છે કે, આજરોજ મને નામદાર કોર્ટ રૂબરૂ જે કહેવાતી ચાર ઓડીયો ફાઈલ પ્લે કરવામાં આવી તેનો વોઈસ સ્પેકટોગ્રાફી ટેસ્ટ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, જે મોબાઈલમાં રેકોડીંગ કરેલ તે કોઈપણ કોર્ટમાં રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પેન ડ્રાઈવ જેવા ઉપકરણનાં મેમરી કાર્ડમાં જે રેકોડીંગ કર્યુ તે હાલ મારી પાસે નથી અને તે કોઈપણ કોર્ટમાં રજુ પણ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં સેશન્સ કેસ નં. ૧૪૧/૨૦૧૪ તથા ૪૫/૧૫ ના સુરત કોર્ટના કેસની મારી જુબાનીના પેરા નં. ૫૧ એમ લખાવેલ છે કે, મારા પતિ સને–૨૦૦૭–૨૦૦૮ ના વર્ષથી આશારામ સાથે સંકળાયેલા હતા અને ત્યા સાઉન્ડ સીસ્ટમ અને કેબલ ઓપરેટર તરીકે કામ કરતા હતા. જુબાનીમાં એવુ પણ લખાવેલ છે કે, સને–૨૦૦૯ અને ૨૦૧૦માં હું બસવરાજ ના પરીચયમાં આવેલ, હું ગુરુપુર્ણિમાના કાર્યક્રમમાં ગયેલી હતી, તે વખતે તેમની સાથે મારી મુલાકાત મોટેરા આશ્રમ ખાતે ગયેલી અને ત્યાથી પરીચયમાં આવેલી. હું આશ્રમમાં ઘણી વખત આવતી જતી હોઉ તેમ ન હતું.

(૨૬)...એ વાત ખરી છે કે સુરત કોર્ટના સે.કેસ નં.૧૪૧/૧૪ અને સે.કેસ નં.૪૫/૨૦૧૫ ના કામે મે જુબાની આપેલી. તેમાં મેં પેરા નં.૧ માં સોગંદ ખાઈને જણાવેલ કે '' મે સને–૨૦૦૧ માં આશારામ બાપુ પાસે દીક્ષા લીધેલી છે. ત્યાં ઘ્યાન યોગ શીબીરનું સત્સંગ હતો. તે દરમ્યાન વિદ્યાર્થી શીબીરમાં સરસ્વતી મંત્રની દીક્ષા લીધેલી છે. મેં તારીખ– ૨૫/૧૨/૨૦૦૧ ના રોજ દીક્ષા લીધેલી, બાપુનો છ દિવસનો પ્રોગ્રામ હતો. જેમાં ત્રણ દિવસની ઘ્યાન યોગ શીબીર અને ત્રણ દિવસની વિદ્યાર્થી શીબીર હતી.''

(૨૭)...એ વાત ખરી છે કે મને આશારામ બાપુ ઉપર થયેલ કેસની ખબર પડેલી

અને તે હકીકત મે ન્યુઝમાં જોયેલી. મને આ ન્યુઝ સાંભળીને દુ:ખ થયેલ હતું. એ વાત ખરી નથી કે, મે મારી સ્ટીંગનો પોલીસને આપવા માટે કોઈ પ્રયત્ન કરેલો નહી. એ વાત ખરી છે કે, સ્ટીંગની પોલીસને જાણ કર્યા બાબતનો કોઈ લેખીત પુરાવો મારી પાસે નથી. આ કેસમાં જુબાની આપવા માટે આશારામ આશ્રમથી ફોન મારા પતિને આવેલો કે બચાવપક્ષે સાક્ષી તપાસવાના છે. તેથી હું જુબાની આપવા માટે આવેલ છું. મારા પતિ હાલ દમણમાં છે. હું દમણથી સવારે આવેલી અને ત્યારબાદ મારા બહેનના ઘરે ગયેલી. હું સવારના પાંચ વાગ્યાના અરસામાં આવેલ હતી. હું મારા બહેનના ઘરેથી રીક્ષામાં આવેલી. મે આજરોજ નામદાર કોર્ટમાં જે સીડી રજુ કરેલ તે ગઈકાલે દમણમાં બનાવેલી હતી. મે દિવસ દરમ્યાન સીડી બનાવેલી અને રાત્રીના અરસામાં પ્રવાસ ચાલુ કરેલો. એ વાત ખરી નથી કે,મારા પતિ આશ્રમને સમર્પિત હોવાથી અને મે પણ આશારામ બાપુની દિક્ષા લીધેલી હોવાથી તેમના સમર્થકો સાથે મળી આજરોજ કેસમાં આરોપીઓને મદદરૂપ થવા ખોટી જુબાની આપુ છું અને ખોટા પુરાવા જાતે તૈયાર કરી ઉભા કરી રજુ કરુ છું. એ વાત ખરી નથી કે, મારા પતિ અમૃત પ્રજાપતિના કેસમાં આરોપી છે અને તે કેસમાં બચાવ ઉભો કરવા માટે ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છું.

**(૧૩૨.૩)** ઉપરોકત સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૨૪) માં તેણીની વિરૂઘ્ધ આશરે ત્રણ થી ચાર કેસો તથા તેણીના પતિ વિરૂઘ્ધ આશરે ચારેક જેટલા કેસો થયેલ હોવાનું કબુલેલ છે તેમજ અમૃત પ્ર જાપતિના મર્ડરના કેસમાં તેણીના પતિનું નામ આરોપી તરીકે હોવાનું તેણીએ સ્વીકારેલ છે. ત્યારબાદ પેરા(૨૫) માં તેઓને કોર્ટ રૂબરુ ચાર ઓડીયો ફાઈલ પ્લ ે કરી બતાવતાં તેમાં તેણીએ કોઈ વોઈસ સ્પેકટ્રોગ્રાફી ટેસ્ટ કરાવેલ નહી હોવાનું અને જે મોબાઈલમાં રેર્કોડીંગ કરેલ તે કોઈપણ કોર્ટમાં રજુ કરેલ નહી હોવાનું તેમજ

આ કેસમાં જુબાની આપવા માટે આશારામ આશ્રમથી તેઓના પતિ ઉપર ફોન આવેલ જેથી તેઓ જુબની આપવા માટે આવેલ હોવાનું સ્વીકારેલ છે.

**(૧૩૩)** આ કામમાં આરોપી નં.૪ તથા ૫ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૪ તરીકે વિપુલકુમાર નરસિંહભાઈ ચૌધરીનાઓને આંક –૭૩૦** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

(૧)...હું આજરોજ નામદાર કોર્ટના સમન્સને આધારે Gujarat Secondary Education Board, Examination wing વડોદરાનું SSC Examination (New course) March -1995 તથા (New course) October -1995 નું અસલ રજીસ્ટર લઈને આવેલ છું.

(૨)...મને Candidate નંબર– બી–૦૬૦૬૧૮ ની એન્ટ્રીમાં Candidate નું નામ ભોગ બનનારનું નામ છે અને રીઝલ્ટ એસ.એસ.સી માર્ચ–૧૯૯૫ નું છે. અને તેમાં તેઓ ફેઈલ થયેલ છે. હું મારી સાથે અસલ રજીસ્ટર તેમજ તેની પ્ર માણીત કોપી લાવેલ છું. અને પ્રમાણીત કોપીમાં આસીસ્ટન્ટ સેક્રેટરી, Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar નાઓની સહી છે. જે પ્રમાણીત કોપીને રજુ દાખલ **આંક– ૭૩૧** આપવામાં આવે છે.

(૩)...મને Candidate નંબર– બી–૨૨૦૯૩૩ ની એન્ટ્રીમાં Candidate નું નામ ભોગ બનનારનું નામ છે અને રીઝલ્ટ એસ.એસ.સી ઓકટોબર–૧૯૯૫ નું છે. અને તેમાં તેઓ ફેઈલ થયેલ છે. હું મારી સાથે અસલ રજીસ્ટર તેમજ તેની પ્રમાણીત કોપી લાવેલ છું. અને પ્રમાણીત કોપીમાં આસીસ્ટન્ટ સેક્રેટરી, Gujarat

Secondary and Higher Secondary Education Board, Gandhinagar નાઓની સહી છે. જે પ્રમાણીત કોપીને રજુ દાખલ **આંક– ૭૩૨** આપવામાં આવે છે.

**(૧૩૩.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે

પ્રશ્નઃ– આજરોજ તમે જુબાની આપવા આવ્યા તેનો કોઈ ઓથોરીટી લેટર લઈને આવ્યા છો ?

જવાબઃ– હા જી, જે ઓથોરીટી લેટર હું રજુ કરુ છું. જેમાં સચિવશ્રી, Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar નાઓની સહી છે. જે સહી હું ઓળખું છું. જેને રજુ દાખલ **આંક–૭૩૩** આપવામાં આવે છે.

(૬)...હું હાલના મારા હોદ્દા ઉપર છેલ્લા બે માસથી ફરજ બજાવુ છું. મારા પહેલા અગાઉ કામીનીબેન ત્રિવેદી મારા હોદ્દા ઉપર ફરજ બજાવતા હતા. આંક–૭૨૮ અને આંક– ૭૨૯ વાળા દસ્તાવેજમાં ફાલ્ગુનીબેન નાઓની સહી છે અને જે મારા રૂબરૂમાં સહી કરેલી છે. તે મને આપેલ છે. આ રીઝલ્ટ જયારે તૈયાર થયુ તે વખતે હું મારી નોકરી ઉપર ન હતો. એ વાત ખરી છે કે, આ રજીસ્ટર જે તે વખતે કોણે ટાઈપ કર્યુ અને કોણે તૈયાર કર્યુ તેની મને કોઈ જાત માહીતી નથી. મને આ રજીસ્ટર બાબતે કોઈ જાત માહીતી નથી.

**(૧૩૪)** આ કામમાં આરોપી નં.૪ તથા ૫ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૫ તરીકે મનીષભાઈ મનોજભાઈ ત્રિવેદી નાઓને આંક –૭૩૪ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું એચ. ડી. એફ. સી. બેન્ક ચાંદખેડા બ્રાન્ચમાં ફરજ બજાવું છું અને આજરોજ નામદાર કોર્ટનો સમન્સ બજતા, આ સમન્સના આધારે નામદાર કોર્ટમાં જુબાની આપવા માટે આજરોજ આવેલ છું. હું મારી સાથે અમારી બેન્કમાં મેઈનટેન થતું ખાતા નં. ૦૪૦૪૧૦૦૦૦૪૬૦૫૯ નું તારીખ–૧૫/૦૨/૨૦૧૨ થી તા.૩૧/૧૦/૨૦૧૨ નું બેન્ક સ્ટેટમેન્ટ લાવેલ છું. અને આ ખાતું જાનકીદેવી નારાયણ હરપલાણીના નામનું છે. મારી સાથે હું એક સર્ટીફીકેટ અને બેન્ક સ્ટેટમેન્ટ લાવેલ છું. તેમાં બ્રાન્ચ મેનેજર તરીકે મારી સહી છે અને બેન્કનો સીકકો છે. જે બંનેને સંયુકત રજુ દાખલ **આંક– ૭૩૫** આપવામાં આપવામાં આવે છે.

(૨)...મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આરોપી નં. ૪ તથા ૫ તર્ફે આજરોજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાંથી નીશાની– ૭૩૭/૧ થી બેન્કની કાઉન્ટર ફોલીઓ બતાવવામાં આવે છે. તે કાઉન્ટર ફોલીઓમાં રૂ.૩૫,૦૦૦/– તા.૨૪/૨/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧ ૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા અને તેમાં અમારી બ્રાન્ચનો સીકકો છે અને આ રકમ બેન્ક સ્ટેટમેન્ટ પ્રમાણે ક્રેડીટ થઈ ગયેલ છે. જે નીશાની– ૭૩૭/૧ વાળા દસ્તાવેજને રજુ દાખલ **આંક–૭૩૮** આપવામાં આવે છે.

(૩)...મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આરોપી નં. ૪ તથા ૫ તર્ફે આજરોજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાંથી નીશાની– ૭૩૭/૨ થી બેન્કની કાઉન્ટર ફોલીઓ બતાવવામાં આવે છે. તે કાઉન્ટર ફોલીઓમાં રૂ.૪૫,૦૦૦/– તા.૨૫/૨/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧ ૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા અને તેમાં અમારી બ્રાન્ચનો સીકકો છે અને આ રકમ બેન્ક સ્ટેટમેન્ટ પ્રમાણે ક્રેડીટ થઈ ગયેલ છે. સદર નીશાની–૭૩૭/૨ વાળા દસ્તાવેજને રજુ દાખલ **આંક–૭૩૯** આપવામાં

આવે છે.

(૪)...મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આરોપી નં. ૪ તથા ૫ તર્ફે આજરોજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાંથી નીશાની– ૭૩૭/૪ થી બેન્કની કાઉન્ટર ફોલીઓ બતાવવામાં આવે છે. તે કાઉન્ટર ફોલીઓમાં રૂા.૨૦,૦૦૦/– તા.૨૪/૪/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧ ૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા અને આ રોકડ પૈસા એચ.ડી.એફ.સી. બેન્ક, સાબરમતી શાખા થી સદર એકાઉન્ટ નંબરમાં પૈસા જમા કરાવેલ હતા. તેમાં એચ. ડી. એફ. સી. બેન્કનો સીકકો છે અને આ રકમ બેન્ક સ્ટેટમેન્ટ પ્ર માણે ક્રેડીટ થઈ ગયેલ છે. સદર નીશાની–૭૩૭/૪ વાળા દસ્તાવેજને રજુ દાખલ **આંક–૭૪૦** આપવામાં આવે છે.

(૫)...મને નામદાર કોર્ટના રેકર્ડમાંથી આરોપી નં. ૪ તથા ૫ તર્ફે આજરોજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટમાંથી નીશાની– ૭૩૭/૫ થી બેન્કની કાઉન્ટર ફોલીઓ બતાવવામાં આવે છે. તે કાઉન્ટર ફોલીઓમાં રૂા.૪૦,૦૦૦/– તા.૧૦/૧૦/૨૦૧૨ ના રોજ જાનકી દેવી હરપલાણીના ખાતા નં. ૦૪૦૪૧ ૦૦૦૦૪૬૦૫૯ માં રોકડા જમા થયેલા અને તેમાં અમારી બ્રાન્ચનો સીકકો છે અને આ રકમ બેન્ક સ્ટેટમેન્ટ પ્રમાણે ક્રેડીટ થઈ ગયેલ છે. જે નીશાની– ૭૩૭/૫ વાળા દસ્તાવેજને રજુ દાખલ **આંક–૭૪૧** આપવામાં આવે છે.

**(૧૩૪.૧)**સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૬)...એ વાત ખરી છે કે મે જે ઉપરોકત નાણા જે રકમ થી અમારી બ્રાન્ચમાં જમા કરવામાં આવેલા તેની મને કોઈ જાત માહીતી નથી. આ ટ્રાન્ઝેકશન થયેલ તે નાણા શેના હતા તે હુ કહી શકુ નહી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૩૫)** આ કામમાં બચાવપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૬ તરીકે યશવંતભાઈ નરોતમદાસ શાહનાઓને આંક –૭૪૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

(૧)...હું સાંજ સમાચાર જે રાજકોટથી પ્રસિધ્ધ થતું હતું તેનો સપ્ટેમ્બર –૧૯૯૬ માં એડીટર તરીકે હતો. સાંજ સમાચાર દૈનીક સાંજે નીકળતું અખબાર છે. અમારા ન્યુઝ પેપરમાં રોજેરોજના સમાચારો પ્રસિધ્ધ થતા હોય છે. મને તારીખ:–૦૩/૦૯/૧૯૯૬ અને તારીખ:–૦૪/૦૯/૧૯૯૬ નું સાંજ સચામારનું આખું પેપર અસલ બતાવવામાં આવે છે. જે બંને તારીખના ન્યુઝ પેપર કુલ બાર–બાર પાનામાં છે. જે તેજ છે. અને તેમાં તંત્રી તરીકે પહેલા પેજ ઉપર મારૂ નામ પણ પ્રીન્ટ થયેલ છે. જે ટેન્ટેટીવ સંયુકત આંક– ૬૫૪ થી રજુ થયેલ છે. બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી સી. બી. ગુપ્તા નાઓએ ટેન્ટેટીવ આંક–૬૫૪ વાળું અખબાર તેના તંત્રીને બતાવતા તેઓએ તેની અસલ નકલ હોવાનું જણાવેલ હોઈ, સદર ટેન્ટેટીવ આંકને પાકો આંક આપવા માટે રજુઆત કરેલ છે. ફરીયાદપક્ષ તર્ફે સ્પે.પીપીશ્રી આર. સી. કોડેકર નાઓએ કોઈપણ સમાચાર પત્રમાં આવેલ ન્યુઝ ભારતીય પુરાવા અધિનીયમ અન્વયે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોય, તેને પાકો આંક આપી શકાય નહી, તેમ જણાવે છે. બંને પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લેતાં સદર અખબારની નકલો તેઓના તં ત્રીશ્રીને બતાવતા તે બંને અસલ નકલો હોઈ, તેમજ યોગ્ય કસ્ટડીમાંથી રજુ થયેલ હોય, ટેન્ટેટીવ **આંક–૬૫૪ ને પાકો આંક–૬૫૪ આપવામાં આવે છે.**

**(૧૩૫.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૪)...તંત્રી તરીકે મારી કામગીરી જે કાંઈ સમાચાર આવે તે સમાચારોને મારા અખબારમાં સ્થાન આપવાનું કામ મારું છે. એ વાત ખરી છે કે, સમાચાર લખાવનું કામ મારે કરવાનું હોતું નથી. એ વાત ખરી છે કે, આ સમાચાર આવે તેની ખરાઈ પણ મારે કરવાની હોતી નથી. એ વાત ખરી છે કે, જે કાંઈ પણ સમાચાર આવે તેની જાતમાહીતી પણ મને હોતી નથી. એ વાત ખરી નથી કે, સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૧૩૬)** આ કામમાં આરોપી નં. ૪ અને ૫ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૭ તરીકે હરીશકુમાર ભાલચંદ્ર રાજપુતનાઓને આંક –૭૪૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું સને–૧૯૯૯ થી નોટરી તરીકે સેવા આપુ છું. હું એફીડેવીટ કરાવવા વ્યકિત જયારે આવે ત્યારે એ એફીડેવીટમાં તેમનું નામ, સરનામાની ખરાઈ કરીએ છીએ અને ત્યારબાદ લાવેલ ડોકયુમેન્ટ ઉપર અમારી હાજરીમાં એફીડેવીટ કરનારની સહીઓ કરાવીએ છીએ અને અમારા રજીસ્ટરમાં એફીડેવીટ કરાવનાર વ્યકિતની સહી કરાવીએ છીએ તેમજ ફોટો લગાવડાવીએ છીએ.

(૨)...મને આંક–૩૨૩ તથા આંક–૩૨૪ થી રજુ થયેલ અરજી તથા એફીડેવીટની અસલ નકલ બતાવવામાં આવે છે. તે જોઈને જણાવુ છું કે તે તા.૧૭/૧૨/૨૦૧૪ ના રોજ ભોગ બનનાર નાઓએ મારા ત્યાં એફીડેવીટ અર્થે આવેલા હતા. જે મે મારા રજીસ્ટરમાં તા.૧૭/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં. ૧૦૨૪ થી નોંધેલ છે અને ભોગ બનનારની સહી કર્યા બાદ મે મારી સહી કરેલ છે. અને સદર એફીડેવીટમાં ઓળખાણ આપનાર તરીકે સહી ઓળખાતી નથી પરંતુ બ્રેકેટમાં સુમીત બી. સીકરવાર લખેલ છે. જે અરજી તથા એફીડેવીટના દરેક પેજ ઉપર મારો નોટરીનો સીકકો છે. જે અરજી ઉપર ભોગ બનનારનો ફોટો લગાવેલ

છે અને તે ફોટામાં ભોગ બનનારની સહી છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે ફોટો પાછળથી પણ લગાડેલ હોઈ શકે કારણ કે ફોટા ઉપર મારો નોટરીનો સીકકો નથી. અરજીના પેજ નંબર–૩ અને અરજીના અનુસંધાને કરેલ એફીડેવીટ (પેજ નં– ૪) ઉપર એફીડેવીટ કરાવવા આવેલા તે ભોગ બનનારની સહી છે.

(૩)...મને **નીશાની–૩૨૨/૭** બતાવવામાં આવે છે તે એક નોટરાઈઝ ડોકયુમેન્ટની ઝેરોક્ષ નકલ છે. તે કુલ– ૭ પેજમાં છે. તેમાં દરેક પાને મારો નોટરીનો સીકકો અને સહી દેખાય છે. આ ડોકયુમેન્ટ તારીખ–૨૬/૧૨/૨૦૧૪ ના રોજ સીરીયલ નં.૧૦૬૧ થી મારા રજીસ્ટરમાં નોંધવામાં આવેલ અને તેમાં મારી સહી દેખાય છે. આ ડોકયુમેન્ટ હાઈકોર્ટની પીટીશન છે અને તેમાં પેજ નં.૧, ૨, ૪, ૬ અને ૭ નંબરના પેજ ઉપર ભોગ બનનારની સહી દેખાય છે.અને પેજ નં.૬ ઉપર ભોગ બનનારના ફોટો ઉપર સહી દેખાય છે. મારો સીકકો ફોટા ઉપર નથી. સદર નીશાની–૩૨૨/૭ વાળા દસ્તાવેજને હાલ ટેન્ટેટીવ **આંક– ૭૫૦** આપવામાં આવે છે.

**(૧૩૬.૧)**સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૬)...એ વાત ખરી છે કે, મેં આંક–૩૨૩ વાળા દસ્તાવેજના પેરા નં.૧ થી ૩ માં લખેલ હકીકતો બાબતે કોઈ ખરાઈ કરેલ નથી. આંક–૩૨૩ વાળી અરજી ઉપર મે ફકત નોટરીના સીકકા મારેલ છે અને છેલ્લા પાને મે સહી કરેલી છે. એ વાત ખરી નથી કે, સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૧૩૭) આ કામમાં આરોપી નં. ૪ અને પ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૮ તરીકે દિપકકુમાર ઉર્ફે મહેશચંદ્ર ગુર્જરનાઓને આંક –૭૫૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,

(૧)...હું ૧૫–૧૬ વર્ષની ઉંમરનો હતો ત્યારથી મારા માતા –પિતા સાથે આશારામ બાપુજીના સત્સંગમાં તેમજ પ્રોગ્રામોમાં આવતો જતો હતો. સને–૧૯૯૭ માં મેં આશારામ બાપુજી પાસેથી મંત્ર દિક્ષા લઈ સને–૧૯૯૮ મેં મારા માતા પિતાની મંજુરી મેળવ્યા બાદ હું સુરત આશ્રમે સમર્પિત થયેલો. હું સને–૨૦૦૦ સુધી સુરત આશ્રમમાં રહેલો. ત્યારબાદ, મને અમદાવાદ ખાતે મોટેરા આશ્રમમાં સેવા આપવાનું કહેવામાં આવતા હું મોટેરા આશ્રમમાં સેવા માટે આવેલો. હું આશારામ બાપુજીનાં પ્રવચનની કેસેટો ભકતોને જોઈતી હોય તો તેની હું કોપી કરીને સ્ટોલ ઉપર આપતો હતો.

(૨)...સને –૨૦૦૪ માં મને વિડીયોગ્રાફી શીખવાનું કહેવામાં આવતા મેં વિજયભાઈ અને અશોકભાઈ જોડે વિડીયોગ્રાફી કરવાનું કામ શીખેલુ હતું. ત્યારબાદ વકતાઓ પ્રવચનો માટે જતા હતા ત્યારે અમુક વખતે મને પણ તે વકતાઓના પ્રવચનોનું વિડીયોગ્રાફી કરવાનું કહેવામાં આવતું અને જેથી હું વકતાઓ સાથે તે પ્રવચનોનું વિડીયોગ્રાફી કરતો હતો.

(૩)...હું સત્સંગનું વિડીયોગ્રાફી રેકોડીંગ કેમેરામાંથી સીધું હાર્ડડીસ્ક રેર્કોડર માં થતુ હતું અને હાર્ડડીસ્ક રેર્કોડરમાંથી ડીવીડી કોપી કરવામાં આવતું હતું અને ત્યારબાદ, હાર્ડડીસ્ક રેર્કોડરમાંથી ડીલીટ કરી દેતા હતા કારણ કે બીજા સત્સંગનું વિડીયોગ્રાફી હાર્ડડીસ્ક રેર્કોડરમાં રેર્કોડીંગ કરી શકાય અને જે ડીવીડીમાં રેર્કોડીંગ કરવામાં આવતી તે અમદાવાદ મોટેરા આશ્રમનાં સ્ટોર રૂમ ખાતે જમા કરાવવામાં આવતી હતી.

(૪)...મને નીશાની– ૩૧૨/૫ વાળી ડીવીડી બતાવવામાં આવે છે તે જમ્મુ, લુધિયાણા, જલંધર ખાતે જુન–૨૦૦૬ માં પ્રોગ્રામ હતા, તેની ડીવીડી છે અને આ સત્સંગનું રેર્કોડીંગ મે કરેલુ તે જ છે.

(૫)...મને નીશાની–૩૧૨/૭ વાળી સી.ડી.બતાવવામાં આવે છે તે હોશીયારપુર, પંજાબ ખાતે જુન–૨૦૦૬ માં પ્રોગ્રામ હતા તેની ડીવીડી છે અને એ સત્સંગનું રેર્કોડીંગ મેં કરેલુ તે જ છે.

(૬)...આજથી છ થી સાત વર્ષ પહેલા મોટેરાના આશ્રમના નીશાંતભાઈ એ મને ભોગ બનનારના સત્સંગની સીડી બાબતે પુછેલુ, જેથી મેં મારી પાસે સ ટોર રૂમમાં રાખવામાં આવતી ડીવીડી તેમજ તેની ટ્રાન્સક્રિપ્ટ નીશાંતભાઈને આપેલી, કારણ કે, આ સત્સંગનું રેર્કોડીંગ કરવા હું ગયેલો. મને નીશાની–૩૧૨/૬ અને ૩૧૨/૮ બતાવવામાં આવે છે. તે જુન – ૨૦૦૬ ના રોજ મારા દવારા કરવામાં આવેલ ભોગ બનનારના સત્સંગની ડીવીડીની ટ્રાન્સક્રિપ્ટ છે.

(૭)...વકતાઓ જયારે સત્સંગ કરતા હોય ત્યારે તેમના ફોટો પણ પાડવામાં આવતા હતા, ભોગ બનનારે તેના સત્સંગ વખતે પાડેલ ફોટાની નેગેટીવો આશ્રમના સ્ટોરમાં જમા કરાવેલ. તે નેગેટીવમાંથી ફોટો સને – ૨૦૦૬ માં તેની પ્રીન્ટ કરવામાં આવેલા અને નીશાંતભાઈને સીડી, ડીવીડી, ટ્રાન્સક્રિપ્ટ સાથે ફોટાઓ પણ આપેલા, આજરોજ હું મારી સાથે એવીડેન્સ એકટની કલમ– ૬૫(બી) નું સર્ટીફીકેટ લાવેલ છું, જે મારા દવારા કરેલ કાર્યવાહીનું છે અને તેમાં મારી સહી છે, જે અસલ ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૬૫(બી) નાં સર્ટીફીકેટને રજુ દાખલ **આંક–૭૫૨** આપવામાં આવે છે. નીશાની–૩૧૨/૫ વાળી ડીવીડી અને ૩૧૨/૭ વાળી સીડી ને હાલ પુરતો ટેન્ટેટીવ **આંક– ૭૫૩ તથા આંક–૭૫૪** આપવામાં આવે છે. અને સદર દસ્તાવેજની ગ્રાહયતા

અંગે છેવટના તબકકે એટલે કે સદર કેસના જજમેન્ટ વખતે નિર્ણય કરવામાં આવેશ.

(૮)...મને નીશાની–૩૧૨/૬ વાળી ટ્રાન્સક્રીપ્ટ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે તે આંક–૭૫૩ વાળી ડીવીડીની ટ્રાન્સક્રિપ્ટ છે. તે શબ્દસહ જે આંક–૭૫૩ ની ડીવીડીમાં છે. તેનું હીન્દી ભાષામાં મે ટ્રાન્સક્રીપ્ટ તૈયાર કરેલ છે. ત્યારબાદ, મને નીશાની–૩૧૨/૮ વાળી ટ્રાન્સક્રીપ્ટ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવુ છું કે તે આંક–૭૫૪ વાળી સીડી ની ટ્રાન્સક્રિપ્ટ છે. તે શબ્દસહ જે આંક–૭૫૪ ની સીડી માં છે. તેનું હીન્દી ભાષામાં મે ટ્રાન્સક્રીપ્ટ તૈયાર કરેલ છે.સદર નીશાની–૩૧૨/૬ અને ૩૧૨/૮ વાળી ટ્રાન્સક્રિપ્ટને હાલ પુરતો ટેન્ટેટીવ **આંક– ૭૫૫ તથા આંક–૭૫૬** આપવામાં આવે છે.

**(૧૩૭.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૧૧)...એ વાત ખરી છે કે આશારામ બાપુ મારા ગુરુ છે. એ વાત ખરી છે કે મારા ગુરુ તરફથી જે આદેશ કરવામાં આવે કે આદેશ આપવામાં આવે તેનું મારે પાલન કરવુ પડે. એ વાત ખરી નથી કે, ફકત આશારામ બાપુની સત્સંગની કેસેટો બનાવવાનું કામ મારુ હતું. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે મારે અન્ય વકતાઓના સત્સંગની પણ કેસેટો બનાવવાની આવતી હતી.

(૧૨)...આશ્રમમાં ચાર –પાંચ વકતા હતા જેમાં (૧) સુરેશાનંદજી (૨) ક્રિષ્ના બહેન (૩) વાસુદેવાનંદજી (૪) રેખાબહેન અને (૫) ભોગબનનાર વકતા તરીકે હતા. એ મને ખબર નથી કે આ વ્યકિતઓ કેટલા સમયથી વકતા તરીકે કામ કરતા હતા કે કેમ?. હું સને–૧૯૯૮ થી આશ્રમમાં છું. મને એ વાતની ખબર નથી

કે ઉપરોકત જણાવેલ વકતાઓ સને- ૧૯૯૮ માં હતા કે કેમ ?. ઉપરોકત જણાવેલ વકતાઓ સને – ૨૦૦૪ માં વકતા તરીકે મે જોયેલ હતા. સને–૨૦૦૪ પહેલા તેઓ વકતા તરીકે હતા કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે હું સને–૨૦૦૪ થી તમામ વકતાઓના પ્રવચનનું રેકોડીંગ કરતો હતો. મેં આશારામ બાપુના આશ્રમમાં થતા તમામ કાર્યક્રમોનું સતત રેકોડીંગ કરેલ નથી. એ વાત ખરી છે કે હું ઓફીસીયલ વિડીયોગ્રાફર ન હતો. એ વાત ખરી નથી કે, મને વીડીયોગ્રાફીનું ટેકનીકલ નોલેઝ નથી. વિડીયોગ્રાફીનું નોલેઝ મે આશારામ આશ્રમના વિજયભાઈ અને અશોકભાઈ પાસેથી મળેલુ હતુ. એ વાત ખરી છે કે, વિજયભાઈ અને અશોકભાઈ ઓફીસીયલ વિડીયોગ્રાફર છે. અશોકભાઈ તથા વિજયભાઈ પાસે વિડીયોગ્રાફી અંગેની કોઈ ઓફીસીયલ પદવી છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી પાસે મે જે વિડીયોગ્રાફી રેકોર્ડ કરી તે બતાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો નથી. એ વાત ખરી છે કે મે ઓરીજનલ ડેટા ડીલીટ કરી નાખેલ છે. એ વાત ખરી છેકે આંક–૭૫૩ વાળા ડીવીડી અને આંક– ૭૫૪ વાળી સીડી જે કેમેરામાં રેકોર્ડ કરવામાં આવેલ તે કેમેરો હાલ મારી કે આશ્રમ પાસે નથી. તે કેમેરો હાલ કયાં છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, જે સમયે વિડીયોગ્રાફી થાય ત્યારે તે વિડીયોગ્રાફર ફકત વિડીયોગ્રાફી જ કરી શકે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે વિડીયોગ્રાફી કરનાર વ્યકિત વિડીયોગ્રાફી કરતી વખતે ફોટોગ્રાફી પણ કરી શકે. વિડીયોગ્રાફીની સાથે સાથે ફોટોગ્રાફી પણ થાય તેવા કેમેરા મારા કે આશ્રમ પાસે નથી.

(૧૩)...એ વાત ખરી છે કે, વિડીયોગ્રાફ કર્યા પછી તેની હાર્ડડીસ્ક રેર્કોડર, સીડી કે ડીવીડી આશ્રમના સ્ટોર રૂમમાં જમા કરાવવામાં આવતી. મેં માત્ર ૩ – ૪ કાર્યક્ર મોનું જ શુટીંગ કરેલ છે. તે આશ્રમના સંચાલકના કહેવાથી મે જે તે કાર્યક્રમોનું શુટીંગ કરેલું. સીડી, ડીવીડી જમા કરાવવામાં આવે તે અંગેની કોઈ નોંધ કોઈ

રજીસ્ટરમાં કરવામાં આવતી હોતી નથી. જે સીડી અને ડીવીડી આશ્રમનાં સ્ટોર રૂમમાં જમા કરવામાં આવે તે સીડી અને ડીવીડી ઉપર પ્રવચનની જગ્યા, તારીખ અને સમય મારા હસ્તાક્ષરમાં લખવામાં આવતુ હતું. મેં ધોરણ –૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે. મને આંક–૭૫૩ વાળી ડીવીડી બતાવવામાં આવે છે. જેની કેપેસીટી ૪.૭ જી.બી છે. જેની અંદર સામાન્ય રીતે હાઈ કવોલીટી માટે એક કલાક સુધીનું રેર્કોડીંગ અને સામાન્ય રીતે લો કવોલીટી માટે બે કલાક સુધી રેર્કોડીંગ કરી શકાય છે. હાઈ કવોલીટી વાળા વીડીયોની કલેરીટી વધુ હોય છે. અને લો કવોલીટી વાળા વીડીયોની કલેરીટી ઓછી હોય છે. મે આંક–૭૫૩ વાળી ડીવીડી અને આંક–૭૫૪ વાળી સીડી જે જગ્યાએ પ્રોગ્રામ હતો તે જગ્યાએ બનાવેલી. મને યાદ નથી કે આ ડીવીડી મે જમ્મુમાં બનાવી કે લુધીયાણા બનાવી કે જલંધરમાં બનાવેલી કે કેમ ?. એ વાત ખરી છે કે, ડીવીડી બનાવ્યા પછી મેં હાર્ડડીસ્ક રેકોર્ડરમાંથી તે ડેટા કાઢી નાખેલો. હું તે સમયે વિડીયોગ્રાફર તરીકે એકલો હતો. આશ્રમના સંચાલકના આદેશથી મેં આ ડીવીડી બનાવેલી. મે આંક–૭૫૪ વાળી સીડી કોમ્પ્યુટર દવારા બનાવેલી. તે કોમ્પ્યુટર મારું પોતાનું કે આશ્રમનું પણ ન હતું. તે કોમ્પ્યુટર કોનુ હતું તે હું હાલ કહી શકુ તેમ નથી. એ વાત ખરી નથી કે મે સીડીમાંથી કોમ્પ્યુટરમાં ટ્રાન્સફર કરેલ. એ વાત ખરી છે કે, મે કાર્યક્રમનું રેર્કોડીંગ હાર્ડ ડીસ્ક રેર્કોડરમાં કરેલું. તે રેર્કોડીંગ કોમ્પ્યુટરમાં કયારે કરેલુ તે મને હાલ યાદ નથી. તે રેર્કોડીંગ કયા ડીવાઈસથી કરેલ તે પણ મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, મે જે પ્રોગ્રામોનું રેર્કોડીંગ કરેલ તે તમામ પ્રોગ્રામોની ટ્રાન્સક્રિપ્ટ બનાવેલ. મેં તે ટ્રાન્સક્રિપ્ટ કોર્ટમાં રજુ કરવાનું હતુ તેથી ત્યારે મે તે તૈયાર કરેલું. મને આંક–૭૫૫ તથા આંક–૭૫૬ વાળા બંને ટ્રાન્સક્રિપ્ટ બતાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, નામદાર કોર્ટમાં આંક–૭૫૫ તથા ૭૫૬ થી રજુ થયેલ ટ્રાન્સક્રિપ્ટોમાં કોઈ વર્ષ, મહીનો

કે તારીખનો ઉલ્લેખ નથી તેમજ તેમાં કોઈની સહી પણ નથી અને આ બંને ટ્રાન્સક્રિપ્ટો મેં બનાવેલ છે તે દર્શાવતો કોઈ આધાર પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી છે કે, મને ભારતીય પુરાવા અધિનીયમની કોઈ માહીતી નથી. મારા કહેવાથી અને મારા જણાવ્યા પ્રમાણે આશારામ બાપુના આશ્રનના વકીલે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ બનાવેલ છે. હું અંગ્રેજી ભાષા જાણતો નથી. હું અંગ્રેજી ભાષા લખી પણ શકતો નથી અને વાંચી પણ શકતો નથી. એ વાત ખરી નથી કે, આંક–૭૫૨ વાળું સ ર્ટીફીકેટ ખોટું અને ઉપજાવી કાઢેલુ છે. એ વાતની મને ખબર નથી કે, એવીડેન્સ એકટની કલમ–૬૫(બી) સને–૨૦૦૦ ની સાલમાં ઉમેરવામાં આવેલ. એ વાતની મને ખબર નથી કે આંક–૭૫૨ વાળું સર્ટીફીકેટ જુના એવીડેન્સ એકટ પ્રમાણેનું છે.

(૧૪)...એ વાત ખરી છે કે ડીવીડી તથા સીડી અંગેનો કોઈ સ્પ્રેકટ્રોગ્રાફી રીપોર્ટ મે મેળવેલો નથી. એ વાત ખરી છે કે, વકતા કયારે બન્યા તેની મારી પાસે કોઈ માહીતી નથી. આ કહેવાતા બનાવની તપાસ થઈ ત્યારે હું આશ્રમમાં હતો. એ વાત ખરી છે કે, મેં પોલીસ સમક્ષ મારું નીવેદન નોંધાવેલ નથી. એ વાત ખરી છે કે મેં આ ડીવીડી તથા સીડી તથા ટ્રાન્સક્રિપ્ટ પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવેલ ડીવીડી તથા સીડી આશ્રમના સ્ટોર રૂમમાં જમા કરાવી દીધેલ. એ વાત ખરી છે કે, નામદાર કોર્ટમાં આંક–૭૫૩ તથા આંક–૭૫૪ થી રજુ થયેલ ડીવીડી તથા સીડી આશ્રમના કબજામાં હતી. એ વાત ખરી નથી કે, નામદાર કોર્ટમાં રજુ થયેલ આંક–૭૫૩ તથા આંક–૭૫૪ વાળી ડીવીડી તથા સીડી માં કોઈ છેડછાડ થયેલ છે કે કેમ તે કહુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, આંક–૭૫૩ તથા આંક–૭૫૪ વાળી ડીવીડી અને સીડીમાં છેડછાડ થયેલ નથી તે દર્શાવતા મારી પાસે કોઈ આધાર પુરાવા નથી. એ વાત ખરી નથી કે, આંક–૭૫૨ વાળું સર્ટીફીકેટ મેં ખોટી રીતે બનાવેલ છે. એ વાત ખરી નથી કે, આંક– ૭૫૩ વાળી ડીવીડી

આંક–૭૫૪ વાળી સીડી તથા આંક–૭૫૫ અને ૭૫૬ વાળા ટ્રાન્સક્રિપ્ટો મે આરોપીઓને બચાવવા માટે ખોટા ઉભા કરેલ છે. એ વાત ખરી નથી કે, આશારામ બાપુ મારા ગુરુ હોય અને હું તેમને પુરેપુરો સમર્પિત હોય તેઓને બચાવવા માટે ખોટી જુબાની આપુ છું.

(૧૩૮) આ કામમાં આરોપી નં. ૪,૫ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૯ તરીકે યુસુફભાઈ રમઝાન બાગવાનનાઓને આંક–૭૬૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું સને–૨૦૧૦ થી ૨૦૧૨ દરમ્યાન વિરાર પોલીસ સ્ટેશન, જિલ્લા–થાના, રાજય– મહારાષ્ટ્રા ખાતે ઈન્ચાર્જ સીનીયર પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો.

(૨)...તે દરમ્યાન મારા સબ ઓડીનેટ પી.એસ.આઈ. દસરે નાઓએ એક કેસની તપાસ કરી હતી, જેનો ગુના રજીસ્ટર નં. ૨૦૬/૨૦૦૮ હતો. તે કેસની તપાસ કર્યા બાદ, તેમણે 'બી' સમરી રીપોર્ટ મારી તરફ મોકલી આપેલ.

(૩)...ત્યારબાદ, તે રીપોર્ટનો મેં અભ્યાસ કરેલો અને પી.એસ.આઈ.દસરેની 'બી' સમરીની જે માંગણી હતી, તે મને બરાબર લાગેલી. ત્યારબાદ તે રીપોર્ટ મેં તા.૨૬/૧/૨૦૧૨ ના રોજ મારા રીમાર્કથી નામદાર કોર્ટમાં મોકલી આપેલ.

(૪)...ત્યારબાદ, ઉપરોકત એફ. આઈ. આર. માં ફરીયાદણ તરીકે મહેન્દ્ર ચાવલા હતા અને તેઓએ નારાયણ સાંઈ અને બીજા ત્રણ વિરૂધ્ધ ફરીયાદ આપેલી, જે ફરીયાદ ઈ. પી. કો. કલમ– ૪૬૪, ૪૬૫, ૪૬૮, ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૫૦૭ અને ૩૪ મુજબની હતી. સદર એફ. આઈ. આર. માં મહેન્દ્ર ચાવલાનાઓએ એવો આક્ષેપ કરેલો કે નારાયણ સાંઈના ટ્રસ્ટમાં પ્રથમ ત્રણ ટ્રસ્ટીઓ હતા. જેમાંથી એક મહેન્દ્ર ચાવલા પણ હતો અને તેની ખોટી સહીઓ

કરી બીજા લોકોને પણ તે ટ્રસ્ટમાં ટ્રસ્ટી બનાવી દીધેલ હતા અને તેની જબરદસ્તીથી કોરા કાગળોમાં સહી લીધેલ હતી. સદર એફ. આઈ. આર. વિરાર પોલીસ સ્ટેશનમાં તારીખ–૧૫/૮/૨૦૦૮ ના રોજ એફ. આઈ. આર. નંબર–૨૦૬/૨૦૦૮ થી નોંધાવેલ અને આ આક્ષેપો એફ. આઈ. આઈ. માં સને–૨૦૦૫ અગાઉના કરવામાં આવેલા હતા.

(૫)...ત્યારબાદ, પોલીસની તપાસમાં એવુ ખુલેલુ કે ચેરીટી કમિશનર ખાતે ત્રણ ટ્રસ્ટીઓ વાળું કોઈપણ ટ્રસ્ટ રજીસ્ટર્ડ થયેલુ ન હતું અને સને–૨૦૦૪ માં ૬ વ્યકિતઓ ટ્રસ્ટી તરીકેનું એક જ ટ્રસ્ટ રજીસ્ટર્ડ થયેલ હતુ અને તેમાં મહેન્દ્ર ચાવલાની પણ સહી હતી. સને–૨૦૦૫ માં ટ્રસ્ટમાંથી રાજીનામુ આપીને મહેન્દ્ર ચાવલા જતા રહેલા અને સને–૨૦૦૮ માં તે અંગેની ફરીયાદ લખાવેલ હતી.

(૬)...અમારી તપાસમાં એવું ખુલેલુ કે મહેન્દ્ર ચાવલા દવારા ખોટી ફરીયાદ કરવાનું કારણ એ હતુ કે,સને– ૨૦૦૪માં નાલા સોપારા ખાતે સત્સંગ થયેલ હતો, જેમાં ભકતો દવારા જે ચઢાવો ચઢાવામાં આવેલ, તેમજ આશ્રમ દવારા ફરીયાદણને આ પ્રોગ્રામનું મેનેજમેન્ટ કરવા માટે એક લાખ રૂપિયા આપવામાં આવેલા. આશ્રમ દવારા ફરીયાદણ મહેન્દ્ર ચાવલા પાસે હીસાબ માંગતા, તેઓએ હીસાબ આપેલો નહી. જેના કારણે ફરીયાદણ મહેન્દ્ર ચાવલા, તેમજ નારાયણ સાંઈ વચ્ચે અણબનાવ થયેલો. આ કારણથી ફરીયાદણ મહેન્દ્ર ચાવલાએ ખોટી ફરીયાદ દાખલ કરેલી.

(૭)...મને નીશાની–૭૬૨/૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે, જે જોઈને જણાવું છું કે મારા દવારા મોકલવામાં આવેલ નામદાર કોર્ટમાં 'બી' સમરી રીપોર્ટની સર્ટીફાઈડ કોપી છે. જેને રજુ દાખલ **આંક– ૭૬૪** આપવામાં આવે છે. મને નીશાની– ૭૬૨/૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. આંક–૭૬૪ વાળા દસ્તાવેજની હીન્દીમાં ટ્રાન્સલેટેડ નોટરાઈઝ નકલ છે. જે હું

વાંચીને જણાવું છું. નીશાની–૭૬૨/૨ વાળા દસ્તાવેજને ટેન્ટેટીવ આંક **આંક–૭૬૫** આપવામાં આવે છે.

**(૧૩૮.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૧૦)...એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાએ કરેલ ફરીયાદમાં હાલના કેસના આરોપીઓના કોઈ નામ નથી. એ વાત ખરી છે કે મહેન્દ્ર ચાવલાનાઓએ કરેલ ફરીયાદની મે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, તપાસ અધિકારીએ જે જે સાક્ષીઓના નીવેદન લીધેલા તેમાં મારી સહીઓ નથી. એ વાત ખરી નથી કે, કોઈપણ ફરીયાદ દાખલ કરતા પહેલા જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરની સાથે વિચારવિમર્સ કર્યા પછી ફરીયાદ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલાની ફરીયાદ ચેરીટેબલ ટ્રસ્ટ લગતની હતી. એ વાત ખરી છે કે, તપાસ અધિકારીએ ચેરીટી કમિશનરની કચેરીના કોઈ ઓફીસર કે કર્મચારીનું કોઈ નીવેદન લીધેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે દસ્તાવેજો મેળવેલા. એ વાત ખરી છે કે ચેરીટી કમિશનરમાંથી મેળવેલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તપાસના કામે સામેલ રાખેલ. આ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ જિલ્લા–થાના રાજય –મહારાષ્ટ્રનું હતું. 'બી' સમરીનો રીપોર્ટ હાલ કોર્ટમાં પડતર છે. તે અંગે કોઈ નિર્ણય લેવાયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓને બચાવવા માટે સરતપાસમાં જે હકીકત જણાવેલી છે તે ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે, મહેન્દ્ર ચાવલા સામે પૈસાની માંગણી બાબતે કે ગોટાળાની હકીકત જણાવું છું તે બાબતે મહેન્દ્ર ચાવલા સામે કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, કેટલો ચઢાવો આવેલો તેની વિગત દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, ૨૦૦૪ ના નાલા સોપારાના પ્રોગ્રામમાં મહેન્દ્ર

ચાવલા દવારા કરવામાં આવેલ પૈસાના ગોટાળાની આશ્રમ દવારા કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, મહેન્દ્ર ચાવલા ૨૦૦૫ માં ટ્રસ્ટ છોડીને જતા રહયા તેવો કોઈ પુરાવો મારી પાસે નથી. એ વાત ખરી નથી કે 'બી' સમરીનો રીપોર્ટ જો ગ્રામ્ય વિસ્તાર હોય તો ડી.વાય.એસ.પી. મારફતે અને સીટી વિસ્તાર હોય તો પોલીસ કમિશનર મારફતે કોર્ટમાં મોકલવાનો હોય છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, સબ ડીવીઝનલ પોલીસ ઓફીસર મારફતે મે નામદાર કોર્ટમાં બી સમરી નો રીપોર્ટ મોકલાવેલો. એ વાત ખરી છે કે આંક-૭૬૪ વાળા દસ્તાવેજમાં સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરની કોઈ સહી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, જે નકલ નામદાર કોર્ટમાં મોકલવામાં આવેલ તેમાં સબ ડીવીઝનલ પોલીસ ઓફીસરની સહી મેળવવામાં આવેલી.

(૧૧)...એ વાત ખરી નથી કે, આંક-૭૬૪ વાળો 'બી' સમરીનો રીપોર્ટ છે તેની ફોટો કોપી છે તેમાં કોઈ મારફતે ઉપલા અધિકારીની સહી નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આ નકલ પોલીસ સ્ટેશનમાંથી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**(૧૩૯)** આ કામમાં બચાવપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૦ તરીકે સુનીલ શ્રીયાદવસિંગજી રૈકવરનાઓને આંક -૭૭૦ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,

(૧)...હું આજરોજ નામદાર કોર્ટનાં સમન્સના આધારે આવેલ છું. હું ખજરાના પોલીસ સ્ટેશન, ઈન્દોર ખાતે એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવુ છું. સમન્સના આધારે હું આજરોજ મારી સાથે જાનકીબેન નારાયણ હરપલાણી દવારા તારીખ-૦૮/૦૯/૨૦૧૫ ના રોજ પોલીસ અધિક્ષક, ઈન્દોર જીલ્લાને આપવામાં આવેલ એક અરજી તથા તે અરજીના

આધારે જાનકીબેનનું લેવામાં આવેલ નીવેદન, જેમાં જાનકીબેનની સહી છે તથા જાનકીબેનનું ઈલેકશન કાર્ડ છે તેમજ આ અરજીના રોજનામાની નકલ તથા તારીખ–૧૫/૧૨/૨૦૧૮ ના રોજ ધ્રુવબેન ગુરલદાસ બાલાનીને થાના પ્રભારી મારફતે આર.ટી.આઈ.માં મોકલેલ જવાબ લાવેલ છું. આ તમામ નકલો થાના પ્ર ભારી, ખજરાના જીલ્લા –ઈન્દોર દવારા ખરી નકલ કરેલ છે. થાના પ્રભારી તરીકે જે સહી છે. તે શ્રી દીનેશ વર્માનાઓની સહી છે. તે સહી હું ઓળખુ છું. જે કુલ–૧ થી ૫ પાનામાં રજુ છે. જે તમામને સંયુકત **આંક–૭૭૧** આપવામાં આવે છે.

(૨)...આંક–૭૭૧ વાળા કાગળોમાં સામે અરજીમાં તથા નિવેદનમાં નારાયણ સાંઈ તેમજ આશારામ બાપુ દવારા જાનકીબેનને ધમકી આપી હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. જાનકીબેનના નીવેદનના આધારે તા.૨૦/૧૧/૨૦૧૫ ના રોજ કલાક– ૧૧:૦૦ થી ૧૧:૩૦ વચ્ચે રીપોર્ટ બનાવવામાં આવેલો કે જાનકીબેન જોડે વાત થતા તેમને સુરક્ષાની જરૂરીયાત નથી.

**(૧૩૯.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૫)...એ વાત ખરી છે કે આંક–૭૭૧ ની શ્રીમાન પોલીસ અધિક્ષક મહોદય ઈન્દોરને લખેલી તારીખ–૦૮/૦૯/૨૦૧૫ ની અરજીમાં નારાયણ સાંઈ આશારામજી હરપલાણી નાઓ દવારા ફેમીલી કોર્ટ, ઈન્દોર ની અંદર દાખલ કરવામાં આવેલ બે કેસો બાબતે અનેક પ્રકારની ડરાવવાની ધમકીઓ આપેલી અને મને જીવનું જોખમ હોવાનો ખતરો થઈ રહયો છે તે બાબતે જાનકીબેને અરજી આપેલી. એ વાત ખરી છે કે, આંક–૭૭૧ વાળી અરજીની મે તપાસ કરેલી નથી. આંક–૭૭૧ માં સામેલ અરજીની તપાસ આઈ.પી.એસ.અધિકારી વિપુલ

શ્રીવાસ્તવ દવારા કરવામાં આવેલી. મને સ્પે.પીપી દવારા તે રીપોર્ટ રજુ કરવા જણાવતા હું તારીખ–૨૫/૯/૨૦૧૫ નો આઈ.પી.એસ. અધિકારી વિપુલ શ્રીવાસ્તવ, નગર પોલીસ અધિક્ષક, વીજયનગર, ઈન્દોર દવારા પોલીસ અધિક્ષક, જીલ્લા–ઈન્દ્રોર(પુર્વ) ને મોકલેલ રીપોર્ટ આ સાથે રજુ કરુ છું. જે રીપોર્ટને રજુ દાખલ **આંક– ૭૭૨** આપવામાં આવે છે.

(૬)...હું આજરોજ મારી સાથે તા.૪/૧૦/૨૦૧૫ ના રોજ આઈ.પી.એસ.અધિકારી સુરજ વર્મા નગર પોલીસ અધિક્ષક, વીજયનગર ઈન્દોર દવારા થાના પ્રભારી, ખજરાના પોલીસ સ્ટેશન ઈન્દોર ને મોકલાવેલ રીપોર્ટ વિ.સ્પે. પીપીશ્રી ના કહેવાથી રજુ કરુ છું. જે રીપોર્ટને રજુ દાખલ **આંક– ૭૭૩** આપવામાં આવે છે.

(૭)...એ વાત ખરી છે કે આંક–૭૭૧ ના રોજનામામાં એવુ દર્શાવેલ છે કે, જાનકીબેન દવારા જણાવવામાં આવેલુ કે તેઓ આજરોજ ફેમીલી કોર્ટમાં નથી જવાના જેથી તેમને સુરક્ષા(સીકયુરીટી)ની જરૂરીયાત નથી. એ વાત ખરી નથી કે સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૧૪૦)** આ કામમાં આરોપી નં. ૪ તથા ૫ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૧ તરીકે દિપક જોગીંદરપ્રકાશ ગંદોત્રાનાઓને આંક–૭૭૫ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે ,

(૧)...હું આજરોજ નામદાર કોર્ટનાં સમન્સના આધારે જુબાની આપવા આવેલ છું.

(૨)...ડીસેમ્બર –૨૦૧૫ માં હું સ્ટેટ લો ઈન્ફોર્સમેન્ટ એજન્સીસ કોર્ડીનેટર (State Law Enforcement Agencies Coordinate), રીલાયન્સ કોમ્યુનીકેશન, જમ્મુ

એન્ડ કાશ્મીરમાં નોકરી કરતો હતો. આ દરમ્યાન સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ સીટી(નોર્થ), જમ્મુ(જે એન્ડ કે) દવારા તારીખ–૦૭/૧૨/૨૦૧૫ ના રોજનો પત્ર નંબર– ૨૧૭૪૯–૫૩/એસપીસીએન વાળો પત્ર નોડલ ઓફીસર રીલાયન્સ કોમ્યુનીકેશન, જે એન્ડ કે ને પાઠવામાં આવેલો. તે પત્રના આધારે મોબાઈલ નં. ૯૩૦૩૦૪૦૦૦૮ નો તા.૧/૫/૨૦૧૩ થી ૩૧/૧૨/૨૦૧૩ સુધીનો અને મોબાઈલ નં.૮૬૫૭૧૫૭૦૫૦ નો તા.૧૯/૫/૨૦૧૩ થી ૩૧/૮/૨૦૧૩ ના સી.ડી.આર. મેં સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ સીટી (નોર્થ), જમ્મુ(જે એન્ડ કે) ને તારીખ– ૯/૧૨/૨૦૧૫ ના રોજ મારા દવારા નોડલ ઓફીસર તરીકે ફોરવર્ડીંગ લેટર સાથે કોલ ડીટેલ્સ રીપોર્ટ મોકલાવેલ, સી.ડી.આર.ના તમામ પેજ ઉપર અમારી કંપનીનો સીકકો છે. મને આજરોજ નીશાની– ૬૮૫/૧૨ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે. તે જોઈને જણાવુ છું કે તે તારીખ– ૯/૧૨/૨૦૧૫ ના રોજ મારા દવારા મોકલવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર તથા તેની સાથે મારા દવારા મોકલવામાં આવેલ સી.ડી.આર. મોબાઈલ નં. ૯૩૦૩૦૪૦૦૦૮ નો છે. અને નોડલ ઓફીસર તરીકે ફોરવર્ડીંગ લેટરમાં મારી સહી છે. આ દસ્તાવેજો સહી સીકકા વાળી નકલો છે. જે નીશાની–૬૮૫/૧૨ વાળા દસ્તાવેજ ને ટેન્ટેટીવ રજુ **આંક– ૭૭૬** આપવામાં આવે છે.

(૩)...મને સુપ્રિટેન્ટન્ડ ઓફ પોલીસ સીટી (નોર્થ), જમ્મુ જે એન્ડ કે દવારા મોકવામાં આવેલ પત્રમાં માંગેલ મોબાઈલ નંબરોના કોલ ડીટેલ્સ તેમજ સી. એ. એફ. તે પત્ર મને મળેલો તે પત્રના આધારે મે અમુક માહીતી તા.૯/૧૨/૨૦૧૫ ના રોજ મોકલી આપેલ જે આંક–૭૭૬ થી રજુ છે. અને બાકીની માહીતી મે તારીખ–૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મોબાઈલ નં.૯૩૧૩૫૭૬૧૫૦ તથા ૯૩૦૩૮૪૮૫૫૫ ની સી.ડી.આર.મોકલેલ, જેમાં મોબાઈલ નં. ૯૩૧૩૫૭૬૧૫૦

ની સી.ડી.આર.તારીખ–૦૧/૦૬/૨૦૧૩ થી તારીખ–૩૧/૧૨/૨૦૧૩ સુધીના સમયગાળાની તેમજ મોબાઈલ નં. ૯૩૦૩૮૪૮૫૫૫ ની સી.ડી.આર. તારીખ–૧૯/૫/૨૦૧૩ થી તારીખ–૩૧/૮/૨૦૧૩ સુધીના સમયગાળાની મોકલી આપેલ હતી. તા.૦૯/૧૨/૨૦૧૫ અને તા.૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મારા દવારા મોકલવામાં આવેલ સીડીઆર લગત મેં તારીખ– ૧૦/૧૨/૨૦૧૫ ના રોજ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫(બી)નું સર્ટીફીકેટ આપેલું. મને આજરોજ નીશાની–૭૭૪/૨ થી રજુ થયેલ ભારતીય પુરાવા અધિનીયમની કલમ – ૬૫(બી) નું સર્ટીફીકેટ આપેલુ, જે મને બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે. નીશાની–૭૭૪/૨ વાળા દસ્તાવેજને ટેન્ટેટીવ રજુ **આંક– ૭૭૭** આપવામાં આવે છે.

(૪)...મને આજરોજ નીશાની– ૭૭૪/૩ નો દસ્તાવેજ બતાવવામાં આવે છે.તે જોઈને જણાવુ છું કે તે તારીખ– ૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મારા દવારા મોકલવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર તથા તેની સાથે મારા દવારા મોકલવામાં આવેલ સી.ડી.આર. મોબાઈલ નં. ૯૩૧૩૫ ૭૬૧૫૦ નો છે. અને નોડલ ઓફીસર તરીકે ફોરવર્ડીંગ લેટરમાં મારી સહી છે. આ દસ્તાવેજો સહી સીકકા વાળી નકલો છે. જે નીશાની–૭૭૪/૩ વાળા દસ્તાવેજ ટેન્ટેટીવ સંયુકત રજુ **આંક– ૭૭૮** (જે પેજ નં ૩ થી ૨૦૧ સુધીના) આપવામાં આવે છે.

**(૧૪૦.૧)**સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે

(૭)...એ વાત ખરી છે કે આજરોજ હું જુબાની આપવા માટે આવેલ છું તે માટે મે મારી કંપનીમાંથી કોઈ ઓથોરીટી લેટર મેળવેલ નથી કે રજુ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જુબાની આપવા માટે કંપનીને જાણ કરેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

હાલ હું રીલાયન્સ જીઓ કંપનીમાં ફરજ બજાવુ છું. આ સીડીઆર રીલાયન્સ કોમ્યુનીકેશનના છે. જે કંપનીએ મોબાઈલનો ધંધો બંધ કરી દીધેલ છે. મેં રીલાયન્સ કોમ્યુનીકેશનમાંથી રાજીનામુ આપ્યુ ત્યારે નોડલ ઓફીસર તરીકે દીલ્હીના નોડલ ઓફીસર કે જેઓ જે તે સમયે મારા રીપોર્ટીગ મેનેજર હતા તેમને ચાર્જ સુપ્રત કરી દીધેલ. એ વાત ખરી નથી કે, મે રાજીનામુ આપી દીધેલ હોય, તેમજ ચાર્જ સુપ્રત કરેલ હોય આ કેસમાં જે તે નોડલ ઓફીસર હોય અને ચાર્જ સુપ્રત કરેલ હોય તેને જુબાની આપવા માટે આવવુ પડે. એ વાત ખરી નથી કે, હું રીલાયન્સ કોમ્યુનીકેશનનો કર્મચારી ન હોય તો રીલાયન્સ કોમ્યુનીકેશનના કોઈપણ કામમાં જુબાની આપવા માટે હકકદાર નથી. એ વાત ખરી છે કે હું આજરોજ કસ્ટમર એપ્લીકેશન ફોર્મ લાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી સરતપાસમાં જણાવેલ મોબાઈલ નંબર ૯૩૧૩૫૭૬૧૫૦ તથા ૯ ૩૦૩૦૪૦૦૦૮ ના વાપરઉપભોગ(યુઝર્સ) કરનાર કોણ હતા તે હું કહી શકુ નહી. મે રીલાયન્સ કોમ્યુનીકેશન ખાતે જુલાઈ–૨૦૧૫ થી ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી નોડલ ઓફીસર તરીકે ફરજ બજાવેલી છે. સામાન્ય રીતે કોલ ડીટેલ્સ રીપોર્ટની માહીતી બે વર્ષ સુધી રાખવાની હોય છે. બે વર્ષ પછી કોલ ડીટેલ્સ રીપોર્ટની તમામ માહીતી આરકાઈવ થાય છે. એટલે કે તે કોલ ડીટેલ્સ રીપોર્ટની માહીતી બીજી જગ્યાએ સ્ટોરેજ કરવાની આવતી હોય છે. એ વાત ખરી છે કે, આરકાઈવમાં સ્ટોર કરવાની માહીતી મારી પાસે નથી. એ વાત ખરી છે કે, સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ દવારા મને ઉપદેશીને લખાવવામાં આવેલ પત્ર હું આજરોજ લાવેલ નથી. આ બંને નંબરોની માહીતી અંગે હું જમ્મુ કશ્મીર કોર્ટમાં જુબાની આપવા માટે ગયેલ નથી. એ વાત સાચી છે કે સુરતમાં કોર્ટમાં જુબાની આપવા માટે ગયેલો છું. એ વાત ખરી છે કે, હું સુરત કોર્ટમાં જુબાની આપવા માટે ગયો ત્યારે રીલાયન્સ કોમ્યુનીકેશનમાં

નોકરી કરતો હતો. એ વાત ખરી નથી કે મને કોઈ સત્તા ન હોવા છતા હું આજરોજ જુબાની આપવા માટે આવ્યો છું.

(૧૪૧) આ કામમાં બચાવપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૨ તરીકે જયોતિ મદનસિંહ ઉમઠનાઓને આંક –૭૮૨** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

**(૧)...** મેં જીતુ ઉર્ફે જીતેન્દ્ર સોની ના કેસની તપાસ કરેલી છે અને તે કેસમાં મે ચાર્જશીટ દાખલ કરેલ. મને માર્ક– ૬૮૫/૧૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઇને જણાવું છુ કે તેમાં ચાર્જશીટ કરનાર અધિકારી તરીકે મારી સહી છે.અને તે તારીખ ૨૫/૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલી. આ ચાર્જશીટની સાથે મે જીતેન્દ્ર ઉર્ફે જીતુ સોની ની સામે ૫૦ થી ૫૫ અંદાજીત ગુનાઓ દાખલ થયેલ તે લીસ્ટ મે ચાર્જશીટની સાથે રજુ કરેલ છે તે તેજ છે. આ કેસમાં આ જીતુ સોની ના ઉપર એવી ફરીયાદ હતી કે, "તેની હોટલ માય હોમ માંથી અંદાજીત ૬૭ છોકરીઓને અમે બહાર કાઢેલી જેના થકી આ જીતુ સોની દેહવ્યપારનો ધંધો કરતો હતો અને તેની સામે ઇ.પી.કો.કલમ– ૩૭૦(૨), ૩૭૦(૩), ૩૭૦(ક)(૨), ૩૪૬, ૧૨૦ (બી) તથા પીટા એક્ટની કલમ– ૩, ૪, ૬, ૭ મુજબની ચાર્જશીટ દાખલ કરેલી. તેની સાથે સાથે આ કેસમાં અમોએ કુલ–૧૦૨ આરોપીઓ હતા જે પૈકી ૪૬ આરોપીની ધરપકડ કરવામાં આવેલી અને આ જીતુ સોની સામે ઉપરોક્ત કલમ હેઠળ ગુના દાખલ થયેલા તેની સાથે સાથે ઇ.પી.કો.કલમ– ૩૦૭, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૬, ૩૭૬(ડી) વિગેરે મુજબના પણ ગુના દાખલ થયેલા" જેનુ લીસ્ટ ચાર્જશીટમાં સામેલ છે. માર્ક–

૬૮૫/૧૩ વાળા દસ્તાવેજો ને ટેન્ટેટીવ સંયુક્ત **આંક– ૭૮૩** આપવામાં આવે છે.

**(૧૪૧.૧)**સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

**(૪)..** આરોપી જીતુ સોની સામેની એફ.આઇ.આર. નં. ૪૯૬/૨૦૧૯ સને. ૨૦૧૯ ના વર્ષની છે. ઉપરોક્ત કેસની ચાર્જશીટ મેં ૨૫/૨/૨૦૨૦ ના રોજ કરેલી. આરોપી જીતુ સોની સામેના જે ગુનાઓ મે ચાર્જશીટમાં રજુ કરેલા છે તે સને. ૧૯૯૧ થી લઇને ૨૦૨૦ સુધીના છે. જીતુ સોની વિરૂધ્ધના આ ગુનાઓમાં આખરી નિર્ણય શુ આવેલ છે તેની મને માહીતી નથી. હાલમાં જે જીતુ સોની વિરૂધ્ધનો ગુનો ગુના નં. ૪૯૬/૧૯ નો છે તેમાં હાલ અન્ડર ટ્રાયલ કેસ ચાલી રહેલ છે. આ આરોપી જીતુ સોનીને કોઇપણ કેસમાં સજા થયેલ હોય તેવો કોઇ પુરાવો કે ડોક્યુમેન્ટ હાલમાં મારી પાસે નથી.

**(૧૪૧.૨)** ઉપરોકત સાહેદની ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જીતુ સોનીને કોઈપણ કેસમાં સજા થયેલ હોય તેવા પુરાવા કે ડોકયુમેન્ટ હાલમાં તેમની પાસે નહી હોવાનું જણાવેલ છે. બચાવપક્ષ ધ્વારા એવી તકરાર ઉઠાવવામાં આવેલ છે કે જીતુ સોની ગુનાહીત ઈતિહાસ ધરાવે છે અને તે આશ્રમ વિરૂધ્ધના ષડયં ત્રકારીઓ સાથે મળી ગયેલ છે. પરંતુ, આ તબકકે એ હકીકતની પણ નોંધ લેવી ઘટે કે બચાવપક્ષના સાહેદ નં.(૩) સેજલબેનનાઓ પણ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૪૨)** આ કામમાં  તરફથી તેમના કેસના સમર્થનમાં **સાહેદ નં.૧૩ તરીકે નિશાંત હરીશભાઈ જાદવાણીનાઓને આંક –૭૯૬ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે **,**

(૧)...હું  જયારે નાનપણમાં નવ–દશ વર્ષનો હતો ત્યારથી હું મારા માતા પિતા સાથે સંતશ્રી આશારામજી બાપુના મોટેરા આશ્રમમાં જતો આવતો હતો. આશ્રમમાં બાળસંસ્કાર કેન્દ્ર ચાલતા હતા, જેમાં બાળકોને યાદશકિત વધારવાના ઉપાય, માતા–પિતાનો જીવનમાં આદર કરવો, આસન –પ્રાણાયામ, ભગવાનના નામનો જપ, જીવનમાં સંયમનું મહત્વ જેવા અનેક સંસ્કારો આપવામાં આવતા હતા. જેથી મને ત્યાં સારું લાગતું હતું અને આ બધી પ્ર વૃતિઓમાં હું જોડાતો હતો. ત્યારબાદ, તે સમયે હું સરદારનગર વિસ્તારમાં રહેતો હતો. એક મંદીરે એક સીતાબેન સિંધીનાઓ આશ્રમ તરફથી સત્સંગ કરવા માટે આવતા હતા. તે આશરે સને–૧૯૯૭–૧૯૯૮ નો સમયગાળો હતો.

(૨)...સને–૧૯૯૯ માં મેં પુજય બાપુજી પાસેથી સરસ્વતી મંત્રની દિક્ષા લીધેલી. ત્યારબાદ, મને મારા અભ્યાસમાં ઘણો લાભ થયેલો. જે સમયે ભુજમાં ભુકંપ આવેલો તે જ વર્ષે હું મારા માતાજી સાથે સુરત મુકામે જન્માષ્ટમીના પર્વ ઉપર સંતશ્રી આશારામજી બાપુના આશ્રમ ખાતે સુરત ગયેલા હતા. મને ઈશ્વર પ્ર ત્યે રૂચિ વધતા મેં સને–૨૦૦૨ માં પુજય બાપુજી પાસેથી ગુરુ મંત્ર લીધેલ હતો. ગુરુમંત્રમાં પુજય બાપુજી જે વ્યકિતને જે ભગવાનમાં શ્રધ્ધા હોય તે વ્યકિતને અલગ અલગ ભગવાનના મંત્ર બતાવે જેમાંથી વ્યકિતને જે ભગવાનમાં શ્રધ્ધા હોય તે મંત્રને પોતાનો ગુરુ મંત્ર સ્વીકારી લે. ત્યારબાદ, સને–૨૦૦૪ સુધી હું મારા ઘરેથી આશ્રમમાં સેવા તથા ઘ્યાન ભજન કરવા માટે આવતો જતો હતો.

(૩)...ત્યારબાદ, સને–૨૦૦૪માં મારી એચ.એચ.સી.ની પરીક્ષા પુર્ણ થતા મને અમદાવાદની સૌપ્રથમ નંબરે આવતી કોર્મસ કોલેજ, એચ.એલ. કોલેજ ઓફ કોર્મસમાં એડમીશન મળેલું. તે સમયે મને ઈશ્વરમાં રૂચિ વધારે લાગતા અને કોલેજનું વાતાવરણ અનુકુળ ન આવતા મેં કોલેજ નો અભ્યાસ છોડીને હું અમદાવાદ મોટેરા આશ્રમમાં રહેવા માટે આવી ગયેલો. ત્યારબાદ, હું સને–૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મોટેરા આશ્રમમાં આવેલ સંત સાહીત્ય વિભાગમાં જયાં ધાર્મિક પુસ્તકો રાખવામાં આવે છે. ત્યાં સેવા કરતો હતો અને તેની સાથે સાથે ધ્યાન અને જપ કરતો હતો. આશ્રમમાં દીનચર્યામાં અમારે સવારમાં બ્રહમ મુર્હૂતમાં ઉઠીને ઈશ્વરનું ભજન કરવાનું, પ્રાર્થના કરવાની, ધ્યાન કરવાનું, પ્રાણાયામ કરવાનું તથા સત્સંગ સાંભળવાનો જેવી વિવિધ પ્રવૃતિઓ થતી રહેતી હતી.

(૪)...ત્યારબાદ, અમે ભોજન કરતા હતા અને બધા પોતપોતાને મળેલ સેવા માં લાગી જતા હતા. બપોર ૧૨ વાગ્યાના કાળમાં ૧ કલાક સંધ્યાનો નિયમ જેમાં જપ, ધ્યાન, સત્સંગ અને કીર્તન કરતા હતા. ત્યારબાદ, ફરીથી પોતપોતાને મળેલ સેવામાં લાગી જતા હતા અને સાંજના સમયે સેવા પુર્ણ કર્યા પછી ભોજન કરતા હતા અને સાંજના સુર્યાસ્થ ના સમયે ફરીથી બપોરની જેમ સંધ્યાનો કાર્યક્રમ અંદાજે બે કલાક સુધી થતો હતો. ત્યારબાદ, રાત્રીના સમયે ઈશ્વરને પ્રાર્થના કરી સુઈ જતા હતા.

(૫)...સને–૨૦૦૮ ના વર્ષમાં આશ્રમના બે બાળકોની નદીમાં ડુબવાને કારણે આકસ્મીક મૃત્યુ થયેલ. ત્યારબાદ, તે સમય દરમ્યાન આશ્રમમાંથી અમુક ભાઈ જેમને અગાઉથી આશ્રમમાંથી કાઢી નાખેલા હતા, નીકળી ગયેલા હતા અને વેચાય ગયેલો મીડીયા, અમુક રાજકરણના લોકો આ તમામ નાઓને આ બંને છોકરાઓના પિતાને એવા ભ્રમિત કરેલા કે તમારા

બાળકોની મૃત્યુ બાપુજી દવારા તાંત્રિક વિદ્યા કરીને કરવામાં આવેલ છે. તે સમય દરમ્યાન મિડીયા સમક્ષ આવેલ, આશ્રમમાંથી કાઢેલા અને નીકળેલા અમુક લોકો જેમાં (૧) દેવેન્દ્ર પ્રજાપતિ (૨) રાજુ ચાંડક ઉર્ફે રાજુ લંબુ (૩) અમૃત પ્રજાપતિ (૪) ઈશ્વર નાયક (૫) નારાયણ સાંઈના આશ્રમમાંથી નીકળેલા મહેન્દ્ર ચાવલા આ તમામ લોકો મીડીયામાં આવીને આશ્રમમાં તાંત્રિક વિદ્યા થાય છે. તેવુ સ્ટેટમેન્ટ આપતા હતા.

(૬)...ત્યારબાદ, ઉપરોકત ઘટના ઘટી તેના થોડા સમય પછી મોટેરા આશ્રમમાં ગુરુપુર્ણીમાનો કાર્યક્રમ હતો અને તે કાર્યક્રમમાં દેશ વિદેશના હજારોની સંખ્યામાં લોકો બાપુના દર્શન – સત્સંગમાં ભાગ લેવા માટે આવેલા હતા. ઉપરોકત મીડીયા તથા આશ્રમનાં અમુક લોકો જેમને આશ્રમમાંથી કાઢી નાખેલા તે લોકોએ તેવું ભયનું વાતાવરણ આશ્રમ વિરૂઘ્ધમાં બનાવી નાખેલુ કે જેમાં તેનો લાભ લઈ ગુંડા તત્વો નાઓએ આશ્રમમાં જે લોકો ગુરુપુર્ણિમાના દિવસે દર્શન અને સત્સંગમાં આવેલ તેમની મોટી સંખ્યામાં ગાડીઓ સંળગાવી નાખેલી અને એક સાધકનું ખુન પણ કરેલું.

(૭)...ત્યારબાદ, ઉપરોકત તોફાની તત્વો દવારા મોટેરા આશ્રમની આજુબાજુ આવેલ વિસ્તારમાં પણ તોફાન કરેલુ. જે તોફાનોમાં પોલીસ દવારા આશ્રમના જ સાત સાધકોના ઉપર ઈ.પી.કો. કલમ–૩૦૭ ના ખોટા ગુનામાં આરોપી બનાવી દીધેલા હતા. જે આશ્રમના સાધકો હતા તેમની સામે ગાંધીનગર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં, સેશન્સ કેસ નં. ૧૬/૨૦૦૯ ચાલી જતા તેમાં નામદાર કોર્ટએ આ તમામ સાત સાધકોને તારીખ–૨૮/૬/૨૦૧૧ ના રોજ નિર્દોષ જાહેર કરવામાં આવેલ હતા.

(૮)...ઉપરોકત ગુંડા તત્વો દવારા કરેલ તોફાનમાં અમુક મીડીયાના વ્યકિત નાઓના વાહનોને પણ નુકશાન થયેલું. જે અંગે મિડીયા વાળાઓએ આશ્રમ

વાસીઓ પર ખોટી ફરીયાદો કરવામાં આવેલી. જેમાં આશ્રમનાં ૧૨ સાધકોને બધી જ એફ. આઈ. આર. માં ખોટી રીતે આરોપી બનાવી દીધેલા અને જે અંગેના કેસો ગાંધીનગર કોર્ટમાં ચાલી જતા તે તમામને નામદાર કોર્ટે નિર્દોષ ઠરાવેલ છે.

(૯)...ત્યારબાદ, બે બાળકોના મૃત્યુ અંગેની તપાસ સી. આઈ. ડી. ક્રાઈમ દવારા કરવામાં આવતી હતી, ઘણી વખત પોલીસ બાળકોના અપમૃત્યુના કેસ માટે આશ્રમમાં આવતી હતી અને આશ્રમમાં તાંત્રીક વિધી થાય છે કે કેમ તે અંગેની ઉંડાણપુર્વક તપાસ પણ કરેલ હતી, જેમાં કોઈ પુરાવો પોલીસને મળેલો નહી. ત્યારબાદ, આ બંને બાળકોના પિતાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સી.બી.આઈ. ને આ કેસની તપાસ કરવા માટે અરજી કરવામાં આવેલી. જેમાં સ્ટેટ સી. આઈ. ડી. એ એફીડેવીટ કરેલી કે જે પણ મીડીયા વાળાઓ આશ્રમ વિરૂધ્ધમાં તાંત્રિક વિદ્યાના આક્ષેપો કરી રહયા છે તેમને સી.આર.પી.સી કલમ– ૧૬૦ ના સમન્સ આપીને બોલાવવાના પ્રયત્ન કરેલા છે. પરંતુ કોઈપણ મિડીયા વાળા જવાબ લખાવવા માટે આવેલ નથી. આ સોંગદનામામાં સી.આઈ.ડી દવારા એવુ પણ જાહેર કરેલુ કે આશ્રમમાં ચાલતી પ્રવૃતિઓ અંગે કોઈપણ વ્યકિત માહીતી આપવા માંગતા હોય તો તે આપી શકે છે. તેમનું નામ ગુપ્ત રહેશ અને તેમને ઈનામ પણ આપવામાં આવશે. પરંતુ આવું કોઈ વ્યકિત સામે ચાલીને માહીતી આપવા આવેલ નહી.

(૧૦)...સને–૨૦૦૯ની સાલમાં ઉપરોકત જણાવેલ ષડયંત્રકારી, મીડીયાના માણસોએ બાપુજીને ખોટી રીતે ફસાવવાનો પ્રયત્ન કરી રહયા છે તેવુ સ્ટીંગમાં જાહેર થયેલું. આ સ્ટીંગ કર્યા પછી તે અંગેના પુરાવાઓ સાથે આશ્રમના ડૉ. કે. ડી. પટેલ દવારા ફરીયાદ પોલીસમાં કરવામાં આવેલી. ત્યારબાદ, આશ્રમનાં સાધકો દવારા એક રેલીના સ્વરૂપમાં શાંતીપુર્ણ રીતે ગાંધીનગર

કલેકટરને આવેદન પત્ર આપવા માટે રેલી કાઢવામાં આવેલી. તે રેલીમાં પણ તોફાની તત્વો દવારા આશ્રમના સાધકો અને પોલીસ ઉપર પથ્થક મારો કરેલો. ત્યારબાદ, પોલીસ દવારા આ રેલીમાં આવેલા વૃધ્ધ વ્યકિત, સંતાનો સાથેની મહીલાઓ અને અન્ય સાધકો એમ કરી અંદાજીત ૨૫૦ લોકોને આરોપી તરીકે ખોટા કેસ ઉભા કરેલા. જે કેસમાં પણ નામદાર ગાંધીનગર કોર્ટે આ તમામ સાધકોને નિર્દોષ છોડી મુકેલ છે.

(૧૧)...ત્યારબાદ, સને–૨૦૦૮ –૨૦૦૯ માં એક રાજેશ સોલંકી નામનો એક ફ્રોર્ડ વ્યકિત હતો, જેમને ષડયંત્રકારીઓએ તથા મીડીયા વાળાએ ઉભો કરેલ, જેણે એવા ખોટા આક્ષેપ કરેલા કે તેમની પત્નિને આશારામજી બાપુએ તથા નારાયણ સાંઈએ તાંત્રિક વિદ્યા કરીને ગોંધી રાખેલ છે. જે અંગેની આ રાજેશ સોલંકી દવારા એક ખોટી એફ.આઈ.આર. આશારામજી બાપુ તથા નારાયણ સાંઈ વિરૂધ્ધ કાલુપુર પો.સ્ટે.માં કરવામાં આવેલી. જેમાં પોલીસ દવારા તપાસ કરવામાં આવેલી અને એવું ખુલેલ કે આ રાજેશ સોલંકીએ આશ્રમ વિરૂધ્ધમાં જે માહોલ ચાલે છે તેનો લાભ લેવા માટે પૈસા કઢાવવા માટે આ ખોટો કેસ ઉભો કરેલો છે. અને જે અંગેના કેસમાં પોલીસ દવારા બી સમરી ભરીને કોર્ટમાં મોકલેલ છે.

(૧૨)...ઉપરોકત જે ગાંધીનગરમાં રેલી નીકળેલી તે સંદર્ભેમાં પોલીસે મોટેરા આશ્રમમાં ખોટી રીતે કોમ્બીંગ કરેલું અને આશ્રમમાં રહેતા આશ્રમ વાસી ભાઈ બહેનોને બહુ જ ક્રુરતાથી માર મારેલો અને ઘણા સાધકોને ફેકચર્સ પણ થયેલા અને આશ્રમમાં લુટ પણ કરેલી હતી અને તોડફોડ પણ કરવામાં આવેલી. આ કોમ્બીંગ અંગેની ફરીયાદ અમારા આશ્રમના દર્શાનાબેન કરીને હતા તેમણે પોલીસને આપેલી. તે અંગે પોલીસ દવારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહી. ત્યારબાદ, તેમણે કોર્ટમાં ફરીયાદ કરેલી, ત્યારપછી તે અંગેનો

ગુનો ચાંદખેડા પો.સ્ટે દવારા દાખલ કરવામાં આવેલો. પરંતુ પોલીસે કોઈપણ વ્યકિતની ધરપકડ કરેલી નહી.

(૧૩)...આશ્રમમાં જે બે બાળકોનો અપમૃત્યુનો કેસ થયેલો તેમાં પોલીસ દવારા ઈ. પી. કો. કલમ– ૩૦૪ અંગેનો ગુનો દાખલ કરેલો. જેમાં નામદાર હાઈકોર્ટ ઈ. પી. કો. કલમ– ૩૦૪ રદ કરી, ઈ. પી. કો. કલમ– ૩૦૪(એ) અંગેનો હુકમ કરેલ. ઉપરોકત ઈ. પી. કો. કલમ– ૩૦૪ રદ કરતા હુકમને આ બાળકોના પિતા દવારા સુપ્રિમ કોર્ટમાં પણ પડકારવામાં આવેલ અને સુપ્રિમ કોર્ટે સને–૨૦૧૨ માં તેમના ચુકાદામાં એવુ જણાવેલ કે આશ્રમમાં કોઈ તાંત્રિક વિદ્યા થાય છે તેવો કોઈ પુરાવો મળેલ નથી.

(૧૪)...ષડયંત્રકારીઓ ઉપરોકત બધા જ બનાવોમાં સફળ ન રહેતા છેવટે સને–૨૦૧૩ ના વર્ષમાં છોકરીના ખોટા કેસમાં બાપુજીને ફસાવવા માટેનો આ ખોટો કેસ કરેલ છે.

(૧૫)...અમે આશ્રમમાં અંદાજીત ૩૫૦ જેટલા ભાઈઓ રહીએ છીએ અને નજીકમાં આવેલ મહીલા આશ્રમમાં અંદાજીત ૧૫૦ – ૨૦૦ મહીલાઓ રહે છે. અમે બધા અમારી સ્વૈચ્છાએથી આશ્રમમાં આવીને રહીએ છીએ. અમને જયારે ઘરે જવું હોય ત્યારે અમે આશ્રમમાં તે અંગેની જાણ કરી જઈ શકીએ છીએ. અમને આશ્રમમાં કોઈ જોરજબરદસ્તીથી રોકવામાં આવતુ નથી.

(૧૬)...આશારામજી બાપુ પોતાના સત્સંગમાં જન્મથી લઈને મૃત્યુ સુધી, સવારથી લઈને રાત સુધી કેવી રીતે જીવન જીવુ જોઈએ તે તમામ પ્રકારનું જ્ઞાન આપેલ છે. તેમનો મુખ્ય સત્સંગ બધાને ઈશ્વર તરફ જોડવાનો હોય છે. જેમાં જેને ભકિતના માર્ગથી જવુ હોય તો ભકિતના માર્ગથી અને જેને કર્મના માર્ગથી જવુ હોય તેને કર્મના માર્ગથી અને જેને જ્ઞાનના માર્ગથી જવુ હોય તેને જ્ઞાનના

માર્ગથી, આ તમામ પ્રકારના શાસ્ત્રોનું જ્ઞાન આપી ઈશ્વરના માર્ગે જવા માટે પ્રેરીત કરે છે. આશ્રમમાં બાળસંસ્કાર કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેમાં મેં ઉપરોકત જણાવેલ સંસ્કારો બાળકોને આપવામાં આવે છે. હજારોની સંખ્યામાં ગાયોની સેવા કરવામાં આવે છે. ૧૪ ફેબ્રુઆરી જે વેલેન્ટાઈન ડે તરીકે પ્રખ્યાત છે. જેનાંથી આપણો યુવા વર્ગ સંયમનો માર્ગ છોડી ખોટી દીશામાં જઈ રહેલ તેને રોકવા બાપુજી તરફથી વિશ્વવ્યાપક તરીકે માતૃપિતૃ પુજન દિવસ તરીકે ઉજવવાની એક મોટી જુબેશ ચાલુ કરવામાં આવેલ છે. જે આજે આપણા દેશમાં નહી પણ વિદેશમાં પણ ચાલુ થઈ ગયેલ છે. ગરીબ આદીવાસી વિસ્તારોમાં ધર્માત્તરને રોકવા આશ્રમ દવારા ''ભજન કરો ભોજન કરો'' યોજના પણ ચલાવવામાં આવે છે. જેમાં ગરીબ આદીવાસી લોકો આશ્રમમાં આવી સવારે ભજન કરે, બપોરે તેમને જમવાનું આપવામાં આવે અને ફરી ભજન કરેલ અને સાંજે તેમને દક્ષિણા પણ આપવામાં આવે છે. દરેક દીવાળી ઉપર ગરીબ વિસ્તારોમાં ઠેરઠેર જગ્યાએ બાપુજી દવારા ભંડારાઓ કરવામાં આવે છે. સ્વામી વિવેકાનંદજીએ અમેરીકામાં ભારત તરફે જે પ્રવચન આપવા બોલવવામાં આવેલ હતા. જે આજથી અંદાજે ૧૦૦ વર્ષ અગાઉ આયોજન થયેલ હતું. તે જ ધર્મસભામાં આપણા ભારતદેશનું પ્રતિનિધીત્વ બાપુજીએ કરેલું.

(૧૭)...જે ગાડીઓ આ બનાવમાં સંળગાવી નાખેલી તે અંગેની બે એફ. આઈ. આર. દાખલ થયેલી, મને આજરોજ નામદાર કોર્ટમાં બચાવપક્ષ તર્ફે રજુ થયેલ નીશાની– ૭૯૭/૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે અડાલજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર– ૨૪૪ / ૨૦૦૮ ની તારીખ– ૧૮/ ૭/ ૨૦૦૮ ની એફ.આઈ.આર.ની સર્ટીફાઈડ નકલ છે.નીશાની– ૭૯૭/૧ (જે કુલ પેજ નં.૧ થી ૮ ) ને રજુ દાખલ **આંક– ૭૯૮** આપવામાં આવે છે.

(૧૮)...જે ગાડીઓ આ બનાવમાં સંળગાવી નાખેલી તે અંગેની બે એફ. આઈ.

આર. દાખલ થયેલી, મને આજરોજ નામદાર કોર્ટમાં બચાવપક્ષ તર્ફે રજુ થયેલ નીશાની–૭૯૭/૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે અડાલજ પોલીસ સ્ ટેશન ગુના રજીસ્ટર નંબર– ૨૪૫/ ૨૦૦૮ ની તારીખ–૧૮ / ૭/ ૨૦૦૮ ની એફ. આઈ. આર. ની સર્ટીફાઈડ નકલ છે. નીશાની–૭૯૭/૨ (પેજ નં. ૯ થી ૧ ૨) ને રજુ દાખલ **આંક– ૭૯૯** આપવામાં આવે છે.

(૧૯)...મને નીશાની–૭૯૭/૩ બતાવવામાં આવે છે. જે ચાંદખેડા પો.સ્ટે. ફ. ગુ. ૨. નં. ૨૭/૨૦૧૦ ની તારીખ– ૦૪/૦૨/૨૦૧૦ ની એફ. આઈ. આર. ની સર્ટીફાઈડની નકલ છે. નીશાની–૭૯૭/૩ (પેજ નં. ૧૩ થી ૨૦) ને રજુ દાખલ **આંક– ૮૦૦** આપવામાં આવે છે.

(૨૦)...મને નીશાની–૭૯૭/૪ થી રજુ થયેલ ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટનો સેશન્સ કેસ નં. ૧૬/૨૦૦૯ નો ચુકાદાની સર્ટીફાઈડ કોપી બતાવામાં આવે છે.જે ચુકાદામાં સાત સાધકોને કોર્ટ દવારા નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલા છે. નીશાની–૭૯૭/૪ (પેજ નં. ૨૧ થી ૩૨ ) ને રજુ દાખલ **આંક– ૮૦૧** આપવામાં આવે છે.

(૨૧)...મને નીશાની – ૭૯૭/૫ થી રજુ થયેલ ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટના સેશન્સ કેસ નં. ૬૬/૨૦૧૧ તથા સેશન્સ કેસ નં. ૬૭/૨૦૧૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ છે. જેમાં ૨૫૦ સાધકો સામે જે કેસ દાખલ થયેલ તેમાં નામદાર કોર્ટે તમામને નિર્દોષ ઠરાવેલ છે. નીશાની–૭૯૭/૫ (પેજ નં. ૩૩ થી ૯૨ ) ને રજુ દાખલ **આંક– ૮૦૨** આપવામાં આવે છે.

(૨૨)...મને નીશાની–૭૯૭/૬, ૭૯૭/૭, ૭૯૭/૮, ૭૯૭/૯ થી રજુ થયેલ ૧૧માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ગાંધીનગર નાઓના ક્રિમીનલ કેસોના તારીખ–૧૩/૮/૨૦૨૧ ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ છે. જેમાં ગુરુપુર્ણિમાં –૨૦૦૮માં દીવસે થયેલ મિડીયા દવારા ફરીયાદો ના કેસમાં કોર્ટે

સાધકોને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. જે ચુકાદાઓની સર્ટીફાઈડ નકલ છે. નીશાની–૭૯૭/૬ થી ૭૯૭/૯ (પેજ નં. ૯૩ થી ૧૮૮ ) ને રજુ દાખલ **આંક– ૮૦૩ થી ૮૦૬** આપવામાં આવે છે.

(૨૩)...મને નીશાની–૭૯૭/૧૦ બતાવવામાં આવે છે. જે કાલુપુર પો.સ્ટે. દવારા મહેરબાન મેટ્રોપોલીટન કોર્ટ નંબર–૧૬, અમદાવાદ નાઓને તારીખ–૧૪/૦૨/૨૦૦૯ ના રોજ 'બી' સમરી રીપોર્ટ રાજેશ સોલંકીની ફરીયાદ અંગે મોકલેલ, જે રીપોર્ટની સર્ટીફાઈડ નકલ રજુ છે. નીશાની–૭૯૭/૧૦ (પેજ નં. ૧૮૯ થી ૧૯૦ ) ને રજુ દાખલ **આંક– ૮૦૭** આપવામાં આવે છે.

(૨૪)...નીશાની–૭૯૭/૧૧ જે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ક્રિમીનલ અપીલ નંબર– ૧૮૦૫/૨૦૧૨ ના અમદાવાદ આશ્રમમાં બે બાળકોના અપમૃત્યુ કેસમાં તેમના પિતા દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પડકારેલ, તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા કરવામાં આવેલ હુકમ ની ઈન્ટરનેટ કોપી છે. નીશાની–૭૯૭/૧૧ (પેજ નં. ૧૯૧ થી ૨૨૧ ) ને રજુ દાખલ **આંક– ૮૦૮** આપવામાં આવે છે.

(૨૫)...નીશાની– ૭૯૭/૧૨ થી રજુ થયેલ જે અડાલજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુ. ર. નં– ૨૫૩/૨૦૦૮ તારીખ– ૨૯ / ૭/ ૨૦૦૮ ના રોજની એફ. આઈ. આર. જેમાં આશ્રમના સાધકના ખુનની એફ. આઈ. આર. છે. જેમાં પ્ર થમ ઈ. પી. કો. કલમ– ૩૦૭ દાખલ થયેલ, જે પછી પોલીસ દવારા ઈ. પી. કો. કલમ– ૩૦૨ નો ઉમેરો કરવામાં આવેલ. તે એફ. આઈ. આર. તથા કલમ ઉમેરાના રીપોર્ટની સર્ટીફાઈડ નકલ છે. નીશાની–૭૯૭/૧૨ (પેજ નં. ૨૨૨ થી ૨૨૪ ) ને રજુ દાખલ **આંક– ૮૦૯** આપવામાં આવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૪૨.૧)** સદર સાહેદની ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સ્પે.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ જણાવેલ છે કે,

(૨૮)...એ વાત ખરી છે કે, હું આશારામ બાપુજીમાં સને–૨૦૦૪ થી ૨૦૧૯ સુધી આશ્રમમાં સમર્પિત હતો. હાલ હું સમર્પિત નથી. આશ્રમમાં રહે એને સમર્પિત કહેવાય. એ વાત ખરી નથી કે, જેટલો સમય હું આશ્રમમાં રહેલો તેટલો સમય મને બાપુ ઉપર તન અને મનથી શ્રધ્ધા ન હતી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે બાપુએ આપેલ વંચનો ઉપર શ્રધ્ધા હતી. આ શ્રધ્ધા હાલ પણ ચાલુ જ છે. એ વાત ખરી નથી કે, આશ્રમ અને બાપુજી ઉપર કોઈ કેસ કરે મને લાગણી હોય તો મને લાગી આવે છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જે તે કેસ ઉપર આધારીત છે.

(૨૯)...બાપુજી ઉપર મારા ખ્યાલ પ્રમાણે હાલ ચાલતો એક કેસ છે. નારાયણ સાંઈ ઉપર સુરતનો કેસ છે. અને આશ્રમ ઉપર કયા કેસ છે તેની મને ખબર નથી. બાપુજી ઉપર હાલનો કેસ થયો તે ખોટો કેસ હતો જેથી મને દુ:ખ થયેલુ. બાપુજી ઉપર જોધપુરનો કેસ થયેલો તેમાં મને ત્યારે દુ:ખ થયેલુ કે કેમ તે મને હાલમાં યાદ નથી. જોધપુરનાં કેસમાં બાપુજીને આજીવન કેદની સજા થયેલી. જેની અપીલ રાજસ્થાન હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. નારાયણ સાંઈ ઉપર થયેલ સુરતના કેસમાં તેઓને આજીવન કેદની સજા થયેલ છે. જેની અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે.

(૩૦)...એ વાતની મને ખ્યાલ નથી કે સુરતના નારાયણ સાંઈ ઉપર જે બળાત્કારનો કેસ થયેલો તે સંદર્ભેમાં એસીબીનો કેસ પણ પેન્ડીંગ છે. એ વાતનો મને ખ્યાલ નથી કે સુરત વાળા કેસમાં પોલીસને તેર કરોડ રૂપિયા લાંચ આપવાનો કેસ થયેલો છે. આ કેસમાં અમૃત પ્રજાપતિ કે જેઓ સાક્ષી હતા તેઓનું

મૃત્યુ થયેલ છે. તેવું મીડીયા મારફતે જાણવા મળેલ છે. તેમનું કઈ રીતે મૃત્યુ થયેલુ તે હું જાણતો નથી. એ વાત ખરી નથી કે, અમૃત પ્રજાપતિના મૃત્યુ કેસમાં આશ્રમના જ માણસો આરોપી છે. સદર કેસમાં સાક્ષી તરીકે અખીલ ગુપ્તાનાઓનું પણ મૃત્યુ થઈ ગયેલ. તે મે મીડીયા મારફતે જાણેલ છે. એ વાત ખરી નથી કે, અખીલ ગુપ્તા ના મૃત્યુ કેસમાં આશ્રમના સાધકો જ આરોપી તરીકે છે. આ કેસના સાક્ષી રાહુલ સચાણને હું ઓળખતો નથી. આ કેસના સાક્ષી વિમલેશ ઠકકર નામદાર કોર્ટમાં જુબાની આપી ચુકયા છે. તે હાલ કયાં છે. તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, વિમલેશ ઠકકર સુરત કોર્ટમાં જુબાની આપવા ગયા ત્યારે તેમની ઉપર હુમલો થયેલો. એ વાતનો મને ખ્યાલ નથી કે, આ કેસના સાક્ષી રાકેશ પટેલ ઘરે જતા હતા ત્યારે તેમના ઉપર પાઈપ વડે હુમલો થયેલ કે કેમ ?. એ વાતનો મને ખ્યાલ નથી કે, દીનેશ ભાગચંદાણી ઉપર એસીડ દવારા હુમલો થયેલ કે કેમ?. આ મહેન્દ્ર ચાવલા આશારામજી બાપુજીના આશ્રમનો સાધક ન હતો પરંતુ નારાયણ સાંઈના આશ્રમના સાધક હતા. તેવુ તે પોતે મીડીયા સમક્ષ કહેલ હતું. નારાયણ સાંઈના ગુરુ કોણ હતા તેની મને ખબર નથી. નારાયણ સાંઈ કેવા પ્રકારના સત્સંગ કરતા તેની મને ખબર નથી. તે મને ખ્યાલ નથી કે, મહેન્દ્ર ચાવલા ઉપર પાનીપતમાં ફાયરીંગ કરીને હુમલો થયેલ છે કે કેમ?.

(૩૧)...જેણે ષડયંત્ર કર્યુ તેનુ નામ હું આપી શકુ જેના નામ મહેન્દ્ર ચાવલા, સતીષ વાધવાણી, જીતુ સોની, રાજુ ચાંડક તે હું જાણુ છું. આ લોકો વિરૂધ્ધના પુરાવા જેવા કે આ કેસમાં ભોગ બનનાર, તેમના બહેન અને બંનેના પતિઓ સાથે ફરીયાદ કરતા પહેલા ચાર દિવસ અગાઉ જીતુ સોની જે એક મોટો ક્રિમીનલ બેગ્રાઉન્ડ ધરાવતો વ્યકિત છે. તેને મળવા માટે ગયેલ તથા સતીષ વાધવાણી જોડે આ કામના ભોગ બનનારની બહેન ફરીયાદ કરતા અગાઉ ઘણી વખત ફોન ઉપર વાતચીત કરેલ અને આ સતીષ વાધવાણી, મહેન્દ્ર ચાવલા, રાજુ લંબુ ,

અમૃત પ્રજાપતિ જોડે મળી ષડયંત્ર માં સામેલ હતો.

(૩૨)...ઉપરોકત જે તમે ષડયંત્રકારીઓ વિરૂધ્ધ કહેલ છે તે શેના આધારે કહો છો તેના જવાબમાં જણાવુ છું કે, હાલના કોર્ટ કેસના કાગળો પ્રમાણે હું કહું છું. એ વાત ખરી છે કે, આ બાબતની મને કોઈ જાત માહીતી નથી.

(૩૩)...એ વાત ખરી નથી કે, મેં ઉપરોકત ષડયંત્રકારીઓની વાતચીતો કાનોકાન સાંભળેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સેજલબેને જે રેકોર્ડીંગ કરેલુ તેમને સંભળાવેલ અને ૨૦૦૯ માં જે સ્ટીંગ ઓપરેશન થયેલુ તે પણ મે સાંભળેલ છે. એ વાત ખરી છે કે, મેં પ્રત્યક્ષ હાજર રહી ભોગ બનનાર તેમજ ષડયંત્રકારીઓ વચ્ચેની વાતચીત સાંભળેલી નથી. એ વાત ખરી છે કે મેં ભોગ બનનાર અને ષડયંત્રકારીઓને એક સાથે કયાંય જોયેલ નથી. હું સતીષ વાઘવાણીએ સ્ટીંગ ઓપરેશન કરનાર સેજલબેન સાથે શું વાતચીત કરી તે હું જણાવુ છું કે, સતીષ વાઘવાણી આશ્રમમાં અફીણ, ડ્રગ્સ જેવા પદાર્થો મુકીને બાપુજી કયારેય પણ જેલથી બહાર ના આવી શકે તેવુ પ્લાનીંગ બનાવી રહયો હતો અને આશ્રમમાં કોલ ગર્લ્સ મોકલીને ખોટા કેસો ઉભા કરવાનું ષડયંત્રનો પ્રયાસ કરી રહયો હતો તેવુ મે સાંભળેલ છે. મેં ઉપરોકત વિગતો રેકોડીંગ ને આધારે સાંભળેલ છે. આ રેકોડીંગ ૨૦૧૩ –૨૦૧૪ માં થયેલ હતું. આ રેકોડીંગ અમારી પાસે સને–૨૦૧૫ –૨૦૧૬ માં આવેલુ. આ રેકોડીંગ સેજલબેન પોતે આશ્રમમાં આવીને અમોને બતાવેલ. એ વાત ખરી નથી કે સેજલબેન આ રેકોડીંગ લઈને આવેલા અને સીધુ જ હું મુખ્ય માણસ હોય મને આપેલું. મને આપેલુ નહી, માત્ર સંભળાવેલુ. એ વાત ખરી નથી કે આ રેકોડીંગ ફકત મને જ સંભળાવેલુ છે. આ રેકોડીંગ મારી સાથે વિકાસભાઈ હતા અને બીજા એક બે જણા હતા જેના નામ મને હાલ યાદ નથી તેમને સંભળાવેલું. આ રેકોડીંગ સાંભળીને મે કહેલુ કે તમારે આ અંગે ફરીયાદ કરવી જોઈએ. પરંતુ ત્યારે તેમની સાથે તેમના પિતાશ્રી પણ આવેલ હતા અને સેજલબેન

થોડા સમય પહેલા જ ખોટા કેસમાંથી જેલમાંથી છુટીને આવેલ હતા એટલે એમના પિતાજી ખુબજ ગભરાઈ ગયેલ હતા અને એમણે કહેલ કે અમારે આ પોલીસના લફડામાં હમણા પડવાનુ નથી અને કોર્ટમાં કહેશો તો જયારે જરૂર પડશે તો અમે આવીશું. આ વિગતો મે મારા ગુરુને કહેલ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બાપુજી ત્યારે જેલમાં હતા. આ વાતો મેં આશ્રમના સંચાલકોને પણ કહેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આશ્રમમાં મુખ્ય સંચાલક જેવુ કશુ હોતુ નથી. આશ્રમમાં બધા પોતપોતાના વિભાગો સંભાળેલ છે. એ વાત ખરી નથી કે આશ્રમમાં કોઈ કોઈના અંકુશમાં રહેતુ નથી. સંતશ્રી આશારામજી બાપુ આશ્રમ રજીસ્ટર્ડ સંસ્થા છે. મોટેરા આશ્રમના અધ્યક્ષ કોણ છે તેની મને ખબર નથી. આશ્રમમાં જે વિભાગો ચાલે છે તેમાં બાળસંસ્કાર કેન્દ્ર, સતસાહીત્ય વિભાગ, લાઈટ વિભાગ, પ્લમ્બર વિભાગ, સફાઈ વિભાગ, ૠષિપ્રસાદ વિભાગ, રસોડા વિભાગ, જનસંપર્ક કાર્યાલય, અમે જે કોર્ટ કચેરીના કાગળો રાખીએ તે વિભાગ જેવા વિભાગો છે. આશ્રમમાં લીગલ ડીપાર્ટમેન્ટ જેવુ છે જ નહી. આ બધા વિભાગો જે તે વિભાગના વડાઓ ચલાવે છે. આ બધા વિભાગોને કોણ સુચના આપે તે હું કહી શકુ નહી. પણ સંસ્થાના ટ્રસ્ટીઓ છે. મોટેરા આશ્રમના ટ્રસ્ટી રાજેશ ભારતી (જે હાલના કેસના આરોપી નં.૨ ભારતીબેન નથી), વાસુદેવાનંદજી આ બે ટ્રસ્ટીનાઓના નામ જાણુ છું. આ ટ્રસ્ટીઓ કોઈપણ વિભાગને સુચના આપે છે કે કેમ તે હું કહી શકુ નહી. હું કોર્ટમાં મારી મરજીથી આવુ છું. એ વાત ખરી નથી કે, મેં શરૂઆતથી જ હાલના કેસની તમામ મુદતોમાં હાજરી આપેલ છે. આ કેસમાં તપાસ કરનાર અમલદાર રવિયા મેડમનો પુરાવો ચાલુ થયેલો ત્યારથી હું હાજરી આપુ છું. એ વાત ખરી નથી કે, તે અગાઉ કયારેય આવેલ નથી. એ વાત ખરી નથી કે મને કોર્ટ કેસમાં ખુબજ રસ છે. હું એડવોકેટ સી.બી. ગુપ્તાના કહેવાથી તેઓને મદદરૂપ થવા કોર્ટમાં આવુ છું.

મે એલ.એલ.બી.નો અભ્યાસ કરેલ નથી. હું આશ્રમમાં સેવા પુજા કરુ છું. હું ૨૦૦૪ થી  ૨૦૧૯ સુધી આશ્રમમાં રહીને સેવા કરતો હતો. આ સમયગાળામાં ૨૪ કલાક સેવા આપતો હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે હું કયારેક ઘરે પણ આવતો જતો હતો. આશ્રમ તરફથી કોઈને પણ મહેનતાણું આપવામાં આવતુ નથી. મારા કુંટુંબમાં  હું, મારા માતા પિતા અને મારા ધર્મપત્નિ છે. હું કમાતો નથી. એ વાત ખરી છે કે, મારા પિતાજી જ અમારા કુટુંબનું જીવનનિર્વાહ ચલાવે છે. મારા પિતાની ઉંમર ૬૧ વર્ષની છે. મારા પિતા જયોતિષશાસ્ત્રનો ધંધો કરે છે. હું કયારેય ઈન્દોર ગયેલ નથી. હું કયારેય જીતુ સોનીને મળેલ નથી. જીતુ સોની સાથે મારે કયારેય વાતચીત થયેલ નથી. જીતુ સોની આશ્રમમાં કયારેય આવેલ છે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, વાતો સાંભળીને જ આ જીતુ સોની જ મુખ્ય ષડયંત્ર કરી છે તે હું માનુ છું. હું ભોગ બનનારના બહેનના પતિના કહેવા મુજબ મારુ માનવુ છું.  એ વાત ખરી છે કે, મે ભોગ બનનારના બહેનના પતિ વિમલેષ ભાઈની જુબાની વાંચેલ છે. જે આધારે હું જણાવુ છું કે જીતુ સોની મુખ્ય ષડયંત્રકાર હતો. એ વાત ખરી છે કે, મને ષડયંત્રની વ્યકિતગત કોઈ માહીતી નથી. એ વાત ખરી છે કે, હાલના કેસના તમામ સાહેદોની જુબાની મેં અંદાજીત રીતે વાંચેલ છે. મે ભોગ બનનારની પણ જુબાની વાંચી છે. એ વાત ખરી છે કે,આ કેસની ભોગ બનનારની જુબાનીમાં બળાત્કારની હકીકત પણ વાંચેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તે ખોટી છે.  એ વાત ખરી છે કે બળાત્કારના બનાવ સમયે હું હાજર ન હતો. સને–૨૦૦૧ ના અરસામાં હું આશ્રમમાં હાજર હતો કે કેમ તે હું કહી શકુ નહી.  એ વાત ખરી છે કે, કોઈપણ વ્યકિત આશ્રમમાં સીકયુરીટી તરીકે નોકરી કરતા ન હતા.સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે હું અમદાવાદના મોટેરા આશ્રમની જ હકીકત કહી શકું.હું દેવેન્દ્ર પ્રજાપતિને વ્યકિતગત રીતે ઓળખતો નથી. અમારા મોટેરા આશ્રમમાં

દેવેન્દ્ર પ્રજાપતિ હતા નહી. દેવેન્દ્ર પ્રજાપતિએ આશ્રમ વિરૂધ્ધ સુરત લેબર કોર્ટમાં કેસ કરેલો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ખોટો કેસ કરેલો. મે આ કેસના સાહેદ દેવેન્દ્ર પ્રજાપતિની જુબાની વાંચી નથી. મે આ કેસમાં સાહેદ સરોજ અમૃતલાલ પ્રજાપતિની જુબાની વાંચેલ છે. એ વાત ખરી છે કે, મેં સરોજ અમૃતલાલ પ્રજાપતિની જુબાનીમાં જણાવેલ આશારામે તેમની સાથે ઓરલ સેકસ કરેલ તે વિગત જણાવેલ છે. મેં તૃપ્તીનું નીવેદન વાંચેલ નથી. હાલમાં મને યાદ નથી કે સરોજ અમૃતલાલ પ્રજાપતિની જુબાનીમાં એમના પતિ અમૃત પ્રજાપતિનું ખુન કરવામાં આવેલ છે તેવુ જણાવેલ છે. મે વર્ષાબેનની જુબાની વાંચેલ છે. એ વાત ખરી છે કે વર્ષાબેન અખીલ ગુપ્તાના પત્નિ થાય છે. હું અખીલ ગુપ્તાને ઓળખતો હતો. હું સને-૨૦૦૪ માં જયારે આશ્રમમાં આવ્યો ત્યારથી અખીલ ગુપ્તા આશ્રમમાં બાપુજીની રસોઈની કામગીરી સંભાળતા હતા. અખીલ ગુપ્તા બાપુજીની રસોઈ બનાવતા હોય, બાપુજીની સાથે જ રહેતા હતા. બાપુ મોટેરા આશ્રમમાં શાંતી કુટીયામાં રહેતા હતા અને કયારેક કયારેક શાંતી વાટીકામાં પણ જતા હતા. શાંતી વાટીકા આશ્રમથી આશરે ૩ થી ૪ કીમી દુર આવેલ છે. એ વાત ખરી નથી કે બાપુ શાંતી વાટીકામાં હોય તો એકલા જ રહે. શાંતી વાટીકામાં બાપુજીની સાથે બાપુજીનો રસોયો, બાપુજીના ડ્રાયવર જીતુ પટેલ ઉર્ફે જીતુ બબાલ અને ૧૫ થી ૨૦ જેટલા આશ્રમ વાસી ભાઈઓ પણ તેઓની રૂમમાં રહેતા હોય છે. હું જે રૂમની વાત કરું છું તે તમામ રૂમો શાંતી વાટીકામાં આવેલ છે. શાંતી વાટીકામાં આવેલ બાપુના રૂમમાં કોણ કોણ રહે તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે શાંતી વાટીકામાં બાપુ જે રૂમમાં રહે તે રૂમમાં જ આ ૧૫ -૨૦ જેટલા આશ્રમ વાસીઓ પણ ત્યાં બાપુના રૂમમાં રહેતા હોય છે. આશારામ તેમની કુટીયામાં એકલા રહે છે કે કેમ તે હું કહી શકુ નહી. બાપુજીના રૂમમાં હું ગયેલ નથી. બાપુ બોલાવે તો પણ તેઓના રૂમમાં જઈ શકે નહી કારણ કે બાપુજી ત્યાં

કોઈને બોલાવતા નથી. બાપુજીને જે કોઈ વ્યકિતને મળવું હોય તે વ્યાસપીઠ ઉપર જ મોટેરા આશ્રમ ખાતે મળતા હોય છે. શાંતી વાટીકામાં પતરાના શેડમાં બાપુજી સત્સંગ કરે ત્યારે અને આશ્રમ વાસીઓને બોલાવે અને ત્યા કોઈને મળવુ હોય તો મળી શકે. બાપુજીની માતાનું નામ માઁ મહેગીબા છે. હું સને–૨૦૦૪ માં જયારે આશ્રમમાં આવ્યો ત્યારે બાપુજીની માતાનું મૃત્યુ થઈ ગયેલ હતું. બાપુજીના ધર્મપત્નીનું નામ લક્ષ્મીબેન છે. લક્ષ્મી બેન કયા રહે તેની મને ખબર નથી. આશ્રમમાં હીસાબ કીતાબ એકાઉન્ટ ડીપાર્ટમેન્ટના વિનોદભાઈ સંભાળે છે. ભારત ભરમાં આશારામજી બાપુના ૨૦૦ થી વધારે આશ્રમો છે. બધા આશ્રમના હીસાબ કીસાબ કોણ રાખે છે તે હું કહી શકુ નહી. વર્ષમાં કેટલા સત્સંગો થાય તે સંખ્યા હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, ભારત ભરવામાં સત્સંગો કરવામાં આવે છે. બાપુનો જયા જયા સત્સંગ થાય ત્યાં ધાર્મિક પુસ્તકો, આયુર્વેદી ઔષધીઓ, સીડી અને પુજાપાની વસ્તુઓ, ચુરણ , વિગેરે વસ્તુઓ સાધકો માટે વેચાણ થાય છે. એ વાત ખરી નથી કે મે જણાવેલ તમામ વસ્તુઓ મોટેરા આશ્રમમાં બનતી હોય છે. એ વાત ખરી છે કે આ બધી વસ્તુઓ કયાંથી લાવવામાં આવે તે હું કહી શકુ નહી. ઋષિપ્રસાદ નામના મેગેઝીનનું લખાણ બાપુજી જાતે લખતા નથી. બાપુજી સત્સંગમાં જે પ્રવચન આપે તેનો ઋષિપ્રસાદ મેગેઝીનમાં સમાવેશ કરવામાં આવે છે. ઋષિપ્રસાદ મેગેઝીનમાં શ્રીનીવાસ તથા ડૉ. પ્રેમજી લખતા હોય છે. એ હું કહી શકુ નહી કે આ લખાણ પછી બાપુની મંજુરી લેવામાં આવે છે કે કેમ?. એ વાતનો મને ખ્યાલ નથી કે બાપુજીની મંજુરી કયા કયા કામમાં લેવામાં આવે છે કે કેમ?. આશ્રમના નીયમો કોણે બનાવ્યા તે હું કહી શકુ નહી કારણ કે નીયમો બનાવ્યા ત્યારે હું હાજર ન હતો. આ નીયમો કોઈ પુસ્તકમાં લખેલ નથી. આશ્રમના નીયમોની મને ખબર છે. આશ્રમના નિયમોમાં (૧) સવારે વહેલા ઉઠવુ (૨) સવારની સંધ્યાના સમયે મંડપમાં પહોંચી જવુ (૩) કોઈના ઘરે જવુ હોય તો જે

તે ડીપાર્ટમેન્ટના વડાને જણાવીને જવુ (૪) હોટલોમાં બહારનું ખાવુ નહી (૫) સાદુ જીવન જીવવું (૬) તત્પરતાથી સેવા કરવાનો (૭) રાત્રે વહેલા સુઈ જવાનું આટલા નીયમોની મને ખબર છે. કોઈપણ સાધક આ નીયમોનો ભંગ કરે તો જે તે ડીપાર્ટમેન્ટના વડા તેઓને સમજાવતા હોય છે અને નીયમોની મહત્વતા બતાવે છે. તેમ છતા સાધક નીયમો ન પાડે તો જે તે ડીપાર્ટમેન્ટના વડાઓ બાપુજીને જાણ પણ કરતા હોઈ શકે. જો બાપુજીને નીયમ ભંગ કર્યાની જાણ થાય તો તેમના સત્સંગમાં જે તે વ્યકિતને ઠપકો પણ આપતા હોય છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે અમુક અમુક વ્યકિતઓને આશ્રમમાંથી કાઢી પણ મુકવામાં આવેલ અને અમુક લોકો ઠપકો સાંભળીને જાતે પણ આશ્રમ છોડીને જતા રહેલા છે. આ જ કેસના ભોગ બનનાર ઠપકો સાંભળીને આશ્રમ છોડીને જતા રહેલા. એ વાત ખરી છે કે, ભોગ બનનારને જયારે બાપુજીએ ઠપકો આપેલ ત્યારે હું સત્સંગમાં હાજર હતો. ભોગ બનનારના સાથે અમારા આશ્રમના એક દીપકભાઈ હતા અને બીજા એક બહેન જેનુ નામ મને હાલ યાદ નથી જેઓ સાથે જતા હતા અને આ ભોગ બનનાર તે ટીમના મુખ્ય હતા અને ભોગ બનનારની બેદરકારીના કારણે બંને જણામાં પ્રેમ સંબંધ થઈ ગયેલ એટલે બાપુજીએ ભોગ બનનારને ઠપકો આપેલો કે તમે શું ઘ્યાન રાખો છો ? સત્સંગ કરવા જાવ છો કે આ બધુ કરવા જાવ છો ?. આશ્રમમાં રહીને પ્રેમ કરવો તે નિયમ ભંગ કહેવાય.

(૩૪)...હું ભારતનો કાયદો જાણતો નથી. મારા બાપુજી ભારતનો કાયદો જાણે છે કે કેમ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છેકે, ભારતમાં કાયદાનું શાસન ચાલે છે. એ વાત ખરી છે કે ભારતમાં પુખ્ત વયના વ્યકિતઓ વચ્ચે પ્રેમ સંબંધ કરવો ગુનો નથી. એ વાત ખરી છે કે, લગ્ન કરવો પણ ગુનો નથી.

પ્રશ્નઃ- ભારતના કાયદાની વિરૂઘ્ધ નીયમો બનાવી શકાય નહી ?

જવાબઃ- આશ્રમમાં રહેવુ હોય, તો સ્વૈચ્છાથી સાધકો આવે છે અને ઈશ્વરના માર્ગે

ચાલવા આવે છે એટલે ઈશ્વરના માર્ગે ચાલવુ હોય તો જીવનમાં સંયમથી રહેવુ જોઈએ અને પ્રેમ સંબંધ કરવો હોય તો ઘરે જઈને રહી શકે.

પ્રશ્ન:– આશ્રમમાં ભારતનો કાયદો ચાલતો નથી ?

જવાબ:– ખોટી વાત છે.

પ્રશ્ન:– આશ્રમમાં રહેવુ હોય તો લગ્ન ના કરી શકાય ?

જવાબ:– એ વાત ખરી નથી.

પ્રશ્ન:– આ જે તમે ઘટના કહી તેમાં પ્રેમ સંબંધ કર્યો અને લગ્ન કર્યા તે આશ્રમના નિયમો વિરૂઘ્ધ કયુ કૃત્ય કરેલુ ગણાય ?

જવાબ:– આશ્રમમાં રહીને પ્રેમ સંબંધ થાય. તે આશ્રમની વિરૂઘ્ધ કૃત્ય કહેવાય.

પ્રશ્ન :– આવો કોઈ નીયમ લેખીતમાં છે તે તમારી જાણમાં છે ?

જવાબ:– આવો લેખીત નીયમ મારી જાણમાં નથી.

પ્રશ્ન:– ઘટનામાં જણાવેલ દિપકની સાથે જે મહીલાએ પ્રેમ સંબંધ કર્યા તેની વિરૂઘ્ધ બાપુએ શું કર્યુ ?

જવાબ:– માહીતી નથી.

પ્રશ્ન:– દિપેશ અને અભિષેકનું અપમૃત્યુ આશ્રમમાં થયુ ?

જવાબ:– ખોટી વાત છે.

પ્રશ્ન:– કયા થયું ?

જવાબ:– નદી કીનારે

પ્રશ્ન:–આશ્રમથી નદી કેટલી દુર નદી છે?

જવાબ:– અંદાજે આશરે ૫૦૦ મીટર થી ૧ કીમી સુધી હશે.

પ્રશ્ન:– દીપેશ અને અભિષેક આશ્રમની સ્કુલમા ભણતા હતા ?

જવાબ:– હા જી.

પ્રશ્ન:–આજે આશ્રમની સ્કુલ છે. તે આશ્રમમાં કયા આવે છે ?

જવાબ:– આશ્રમમાં જ આવેલી છે.

પ્રશ્ન:–આશ્રમનાં સ્કુલના બાળકો સ્કુલના પરીષદમાંથી બહાર ના જાય તેની જવાબદારી આશ્રમની ખરી કે નહી ?

જવાબ:– મારા મુજબ તે જવાબદારી આશ્રમના ગુરૂકુલની છે.

(૩૫)...એ વાત ખરી છે કે, દીપેશ અને અભીષેકના મુત્યુ બાદ સમગ્ર અમદાવાદમાં આશારામ બાપુ વિરૂધ્ધ અને આશ્રમ વિરૂધ્ધ ઉગ્ર દેખાવો થયેલા. એ વાત ખરી નથી કે, તે બનાવ સંદર્ભે અમદાવાદની સમગ્ર પબ્લીકે આશ્રમ વિરૂધ્ધ આશ્રમ બહાર દેખાવો કરેલા. એ વાત ખરી નથી કે, દેખાવકારોને ભગાડવા માટે આશ્રમ વાસીઓ પથ્થર મારો કરેલો. એ વાત ખરી છે કે, તે સમયે હું આશ્રમમાં જ હતો. એ વાત ખરી છે કે, તે જ સમયગાળામાં આશ્રમ વિરૂધ્ધ અડાલજ પો.સ્ટે.માં કેસો થયેલા. એ વાત ખરી છે કે, દીપેશ અને અભીષેકના અપમૃત્યુ બાદ આશારામજી બાપુનું નામ ખરાબ થયેલું. સાહેદ સ્વૈચ્છાએ જણાવે કે મીડીયાએ અને ષડયંત્રકારીઓએ નામ ખરાબ કરેલું. એ વાત ખરી નથી કે, દીપેશ અને અભીષેકના અપમૃત્યુની કોઈજ ઘટના બનેલ નથી. એ વાત ખરી છે કે, દીપેશ અને અભીષેકના મૃત્યુની તપાસ અર્થે સરકારે જસ્ટીસ ડી.કે. ત્રિવેદી પંચ નીમેલું હતું. એ વાત ખરી નથી કે, સદર પંચની સમગ્ર કાર્યવાહી વખતે અને આ બાબતે થયેલ કેસોની કાર્યવાહી વખતે હું હાજર રહેલો. એ વાત ખરી નથી કે, આજરોજ મેં આંક– ૭૯૭ /૧ થી ૭૯૭/૧૩ સુધીના જે દસ્તાવેજો રજુ કર્યા છે તેની મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી નથી કે, આ સમગ્ર કેસોમાં વકીલો સાથે વાતચીત કરવા અને ચર્ચા કરવા હું વકીલો સાથે હાજર રહેલો. આંક–૭૯૮ વાળી એફ.આઈ.આર ૨ – ૩ વખત વાંચેલી છે. આ એફ.આઈ.આર મારી ઓફીસમાં હતી જેથી મે વાંચેલ હતી. એ વાત ખરી નથી કે, હું કાયદાનો

નિષ્ણાંત હોય મને એફ.આઈ.આર. વાંચવા આપેલ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે હું આશ્રમમાં ફાઈલીગનું કામ સંભાળતો હોઈ, મે એફ.આઈ.આર. વાંચેલી હતી. ત્યારબાદ,ફાઈલ વાંચીને ઓફીસમાં મુકી દીધેલ હતી. આંક–૭૯૮ વાળી એફ. આઈ. આર. અન્વયે કોઈની સાથે ચર્ચા કરેલ નથી. આંક–૭૯૮ વાળી એફ. આઈ. આર. સંદર્ભે મારે કોઈ અભિપ્રાય આપવાનો રહેતો ન હતો. આંક–૭૯૮ વાળી એફ. આઈ. આર. થઈ તે પછી કોની ધરપકડ થઈ તે અંગે મને કોઈ માહીતી નથી. આંક –૭૯૮ વાળી એફ. આઈ. આર. અમારા આશ્રમના વિકાસભાઈએ મને આપેલી હતી. આ વિકાસભાઈ મારા સીનીયર છે. અને તેઓ બાળસંસ્કારનું, ડોકયુમેન્ટસનું ફાઈલીંગનું કામ જોવે છે. આંક–૭૯૮ વાળી એફ. આઈ. આર. ની ચાર્જશીટ મે જોયેલ નથી. આંક–૭૯૮ વાળી એફ. આઈ. આર. વાળો કેસ ચાલ્યો કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, આ જે કેસ દાખલ થયેલા તેના ચુકાદોઓની મને માહીતી છે. આ ચુકાદો મારી પાસે આવેલો. આંક–૮૦૧ થી રજુ થયેલ સેશન્સ કેસ નંબર – ૧૬/૨૦૦૯ ના ચુકાદા વાળો કેસ ચાલ્યો ત્યારે હું અમુક અમુક મુદતે હાજર હતો. હું વિકાસભાઈની સુચનાથી હાજર રહેતો હતો. એ વાત મને હાલ યાદ નથી કે જયારે આ કેસમાં ચુકાદો આવ્યો ત્યારે હું હાજર હતો કે કેમ?. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે જે સાધકો છુટીને આવેલા તેઓએ આશ્રમમાં આવીને અમને વાત કરતા તે અંગે ખબર પડેલ હતી. એ વાત ખરી છે કે, સેશન્સ કેસ નં. ૬૬/૨૦૧૧ તથા સેશન્સ કેસ નં.૬૭/૨૦૧૧ ના ચુકાદા સમયે હું નામદાર કોર્ટમાં હાજર હતો. એ વાત ખરી છે કે સેશન્સ કેસ નં. ૬૬/૨૦૧૧ તથા સેશન્સ કેસ નં.૬૭/૨૦૧૧ વાળા કેસનો ચુકાદો મે વાંચેલો. તે ચુકાદામાં પથ્થરમારો કરવાના આક્ષેપો હતા. તે કેસમાં પોલીસ ઉપર પથ્થર મારો કરવાના આક્ષેપો હતા. આંક– ૮૦૨ વાળા ચુકાદામાં પેજ નં.૨૧ અને ૨૨ ઉપર ઘટનાનું

વર્ણન બતાવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આ કેસમાં આરોપીઓને નીર્દોષ છોડેલ છે. બનાવ વખતે રેલી શરૂ થઈ તે સ્થળે હતો. એ વાત ખરી છે કે આંક–૮૦૧, ૮૦૨, ૮૦૩, ૮૦૪, ૮૦૫, ૮૦૬ વાળા ચુકાદાઓની મને જાતમાહીતી છે. એ વાત ખરી છે કે મારા ગુરુજીએ જુઠુ બોલવુ નહી તેવો નીયમ બનાવેલ છે. એ વાત ખરી નથી કે તેમ છતા હું જુઠું બોલુ છું. એ વાત ખરી નથી કે, મે મારા ગુરુને બચાવવા માટેનુ ષડયંત્ર રચેલ છે. અને તે સંદર્ભે ખોટી જુબાની આપુ છું.

(૩૬)...હું આશ્રમમાં આવ્યો ત્યારથી મે આરોપી ભારતીબેનને આશ્રમમાં જોયેલ નથી. એ વાત ખરી છે કે મે આરોપી ભારતીબેનને સૌપ્રથમવાર કોર્ટમાં જોયેલ. એ વાત ખરી છે કે મેં આરોપી લક્ષ્મીબેનને આશ્રમમાં અમુક અમુક વખતે જોયેલા છે. આરોપી લક્ષ્મીબેનને સત્સંગમાં આવ્યો હોય અને જોયા હોય અને મે જોયા હોય તેવુ બનેલ છે. હું આરોપી જશવંતીબેનને ઓળખતો નથી. તેઓ આજરોજ કોર્ટમાં હાજર હોય તો પણ તેઓને ઓળખી શકુ નહી. હું આરોપી નિર્મળાબેનને નામથી ઓળખતો નથી. આરોપી નિર્મળાબેન આજરોજ કોર્ટમાં હાજર છે કે કેમ તે હું કહી શકુ નહી. આરોપી મીરાબેનને હું ઓળખુ છું. આરોપી મીરાબેનને સરદારનગરમાં અને આશ્રમમાં પણ જોયેલા હતા. આરોપી મીરાબેન આશ્રમમાં શું કાર્યવાહી કરતા હતા તે હું કહી શકુ નહી. આરોપી મીરાબેન આજરોજ કોર્ટમાં હાજર નથી. હું આરોપી ધ્રુવબેનને ઓળખુ છું. તેઓ મહીલા આશ્રમમાં રહે છે તેથી હું ઓળખુ છું. આરોપી ધ્રુવ બેને મહીલાઆશ્રમમાં શું કામગીરી કરે છે. તે હું કહી શકુ નહી.

(૩૭)...હાલના કેસની એફ.આઈ.આર. થઈ તે વખતે હું આશ્રમમાં રહેતો હતો. એ વાત ખરી નથી કે તપાસ દરમ્યાન તપાસ કરનાર અધિકારી આશ્રમમાં નીવેદનો લેવા માટે આવે ત્યારે તમો અતરાય રૂપ થતા હતા અને

સાહેદોને નીવેદન ન આપવા માટે ધમકી આપતા હતા. એ વાત ખરી નથી કે, આ કામના સાહેદો ઉપર આશ્રમના સાધકો દવારા હુમલા કરાવવામાં આવેલા. એ વાત ખરી નથી કે આશારામ બાપુજી મારા ગુરુજી થતા હોઈ તેઓને બચાવવા સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છું.

(૧૪૩) **બચાવપક્ષ તરફે સાહેદ નં.(૨)તરીકે તપાસવામાં આવેલ સાહેદ વિક્રમ રાઠોડે તેઓની જુબાનીના પેરા(૬) માં** જણાવેલ છે કે, રજોકરી આશ્રમ, દિલ્હીમાં સત્સંગ વખતે બાપુજીને કોઈએ સુચના આપેલ અને પછી બાપુજી સત્સંગ રોકીને શાંત થઈ ગયેલ અને બાપુજીએ ફરી સત્સંગ શરુ કર્યો ત્યારે તેમની આંખોમાં આંસુ હોય અને રડી રહયા હોય અને તેઓએ જણાવેલ હોય કે કોઈને મારી સાથે દુશ્મની કાઢવી હોય તો મારી જો બદલો લે. મારા નિર્દોષ બાળકોને મારે નહી કે હેરાન ન કરે તે હકીકતના સમર્થનમાં કોઈ પુરાવા રજુ કરવામાં આવેલા નથી. એટલું જ નહી ત્યારબાદ તેૌએ તપાસ કરતા તેઓને જાણવા મળેલ કે, છીંદવાડા ગુરુકુલમા કોઈ બાળકનું આકસ્મીક મૃત્યુ થયેલ.જેથી તેઓને બાપુજી વિરૂઘ્ધ ષડયંત્ર રચી રહયાનું કે તેઓને ફસાવવા કોઈ કાવતરુ રચી રહયાનું જણાતા યાને કે એક જ બનાવ પરથી તેઓને બાપુજી યાને આરોપી નં.(૧) આશારામ વિરૂઘ્ધ ષડયંત્ર રચવામાં આવેલ હોવાનું જણાતા તેનો ભાંડો ફોડવા સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ હોવાની હકીકત જલ્દીથી ગળે ઉતરે તેમ નથી તેમજ આટલા બધા સાધક-સાધીકા હોવા છતાં બાપુજી વિરૂઘ્ધ ષડયંત્ર રચવામાં આવેલ હોવાની હકીકતનો અંદાજ તેઓ એકલાને જ આવેલ હોવાનું પણ સાચુ માની શકાય તેમ નથી.

(૧૪૪) ત્યારબાદ બચાવપક્ષના સદર સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડનાઓએ તેઓની સરતપાસના પેરા(૭) માં જણાવેલ છે કે, ત્યારબાદ

બીજા દિવસે તેઓ એસ.ટી.ડી.,પી.સી.ઓ. ઉપર ગયેલા અને તે નંબર ઉપર તેઓએ ફોન કરેલો અને સામેથી તેઓને જણાવેલ કે, હું અમૃત પ્રજાપતિ બોલુ છુ ત્યારે તેઓએ જણાવેલ કે તે તમારા લોકો સાથે જોડાવવા માંગે છે અને બાપુજી વિરૂધ્ધ આરોપ મુકવા માંગુ છુ.ત્યારે અમૃત પ્રજાપતિએ જણાવેલ કે, અગર તુ એવી કોઈ છોકરીની વ્યવસ્થા કરી આપે કે, જે બાપુજી વિરૂધ્ધ ખોટો બળાત્કારનો આક્ષેપ મુકી શકે, તો તુ અમારી સાથે કામ કરી શકે છે. ત્યારે તેઓએ જણાવેલ કે,મારી નાની બહેન અનીતાથી હું આ ખોટો કેસ કરાવી શકું છુ. પરંતુ આ કામ માટે મારે દસ લાખ રૂપિયા જોઈએ ત્યારે અમૃત પ્રજાપપિએ આ રૂપિયા આપવાની હા પાડેલ હોવાની મહત્વની હકીકતનું જ કોઈ રેકોડીંગ કરવામાં આવેલ નહી હોવાનું સદર સાહેદે ફરીયાદપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં.(૪૨) માં કબુલેલ છે. આમ સદર સાહેદે પ્રથમ વખત એસ.ટી.ડી,પી.સી.ઓ. પરથી અમૃત પ્રજાપતિ સાથે થયેલ/કરેલ વાતચીતનું કોઈ રેર્કોડીંગ કરવામાં આવેલ નથી.

**(૧૪૫)** બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડે તેઓની જુબાનીના પેરા(૭) માં અમૃત પ્રજાપતિ તેઓને મોબાઈલ ખરીદી લે.તેના પૈસા હું ચુકવીશ તેમ જણાવેલ હોવા છતાં સદર સાહેદની સમગ્ર જુબાનીમાં તેઓએ અમૃત પ્રજાપતિ પાસે મોબાઈલના પૈસાની માંગણી કરેલ હોવાનું જણાઈ આવતુ નથી. તેવી જ રીતે તેઓએ અમૃત પ્રજાપતિને તેમનો નંબર આપેલ હોવાનું જણાવે છે પરંતુ તે મોબાઈલનો નંબર તેઓ તેમની જુબાનીમાં જણાવતા નથી કે તે મોબાઈલ ફોન પણ રજુ કરતા નથી તેમજ અમૃત પ્રજાપતિના તેઓ ઉપર આવેલ ફોનનો નંબર પણ જણાવતા નથી. બચાવપક્ષના સદર સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડ તેઓની જુબાનીના પેરા(૯) માં દુર્ગાબેન સાથે તેઓને વાતચીત થયેલ અને તેઓએ તેમને

મદદ માટે હા પાડેલ હોવાનું જણાવેલ છે, પરંતુ તે અંગેનું કોઈ રેકોડીંગ રજુ થયેલ નથી, કે દુર્ગાબેનને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. બચાવપક્ષના સાહેદ નં.(૨)વિક્રમ રાઠોડે તેઓની સરતપાસના પેરા(૧૦)માં જણાવેલ હકીકતનું પણ સ્ટીંગ/રેકોડીંગ કરવામાં આવેલ નથી તેમજ પેરા(૧૧)માં તેઓના મિત્ર અભીષેકની મદદથી બટન કેમેરાની વ્યવસ્થા કરેલ હોવાનું જણાવે છે. તેવી જ રીતે પેરા (૧૩) ની હકીકત સબંધે બચાવપક્ષ ધ્વારા અભીષેકને તપાસવામાં આવેલ નથી. બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડ તેઓની સરતપાસના પેરા(૨૨) માં તેઓ વીણા ચૌહાણના ઓળખીતા અનીલ શર્માને ત્યાં ગયેલ હોવાનું જણાવે છે પરંતુ તે સમયે તેઓ વચ્ચે થયેલ વાતચીતનું કોઈ રેકોડીંગ કરવામાં આવેલ નહી હોવાનું સદર સાહેદે તેઓની ઉલટ તપાસના પેરા(૪૪) માં જણાવેલ છે. એટલું જ નહી સદર સાહેદ તેઓની જુબાનીમાં વિણા ચૌહાણનો મોબાઈલ નંબર પણ જણાવતા નથી. આ તબકકે એ હકીકત પણ નોંધપાત્ર છે કે, સદર સાહેદ ઉપર ડી.કે.ત્રિવેદી કમીશનમાં બીજી વખત જુબાની આપવા આવવાના અગાઉ એક દિવસ પહેલાં ઓફીસેથી ઘરે જતા બે વ્યકિતઓએ તેમની પર ચપ્પાથી હુમલો કરેલ ત્યારે તેઓએ તેમની ગાડી ભગાવેલ અને તેઓનો ટ્રક સાથે એકસીડન્ટ થઈ ગયેલ અને તે સમયે તેઓએ પી. સી. આર. એટલે કે પોલીસને આ બનાવ સંદર્ભે ફોન કરેલ કે તેઓની ઉપર એટેક કરવામાં આવેલ છે અને તેઓના કાન, ખભા અને હાથ ઉપર ઈજાઓ થયેલી હોવાનું જણાવે છે, પરંતુ તેઓએ તેમની ઉપર થયેલ હુમલાની કોઈ એફઆઈઆર કે ઈજા અંગેની સારવારના મેડીકલ સર્ટીફીકેટ કે પેપર્સ રજુ કરેલ નથી. આ સંજોગોમાં સદર હકીકત ખોટી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૪૬)** વધુમાં, આરોપી નં.(૧) આશારામના આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ સાધકો પૈકી કેટલાક સાધકોએ ભેગ મળી આશ્રમ તથા આશારામ વિરૂધ્ધ તેઓની બદનામી કરવાના બદઈરાદાથી ભેગા મળી કાવતરુ યાને ષડયંત્ર રચેલ હોવાની અને તે હકીકત બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડે કરેલ સ્ટીંગ ઓપરેશનમાં ખુલવા પામેલ હોવાની હકીકત સાથે આ અદાલત કંઈક અંશે સંમત થાય છે પરંતુ તે ષડયંત્રના ભાગસ્વરૂપે કે ષડયંત્રકારીઓના દબાણથી આ કામના ફરીયાદણ યાને ભોગ બનનારે હાલની આ ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકત સાથે કે તે સંદર્ભે ફરીયાદણ યાને ભોગ બનનારે ખોટો પુરાવો આપેલ હોવાની હકીકત સાથે આ અદાલત બિલકુલ સંમત નથી **કારણ કે,**

(૧) **બચાવપક્ષના સાહેદ નં.(૨) વિક્રમ રાઠોડ** ધ્વારા તેઓ અને ષડયંત્રકારીઓ વચ્ચે થયેલ સમગ્ર વાતચીત યા ને જુબાનીમાં જણાવેલ તમામ હકીકતોનું શરુઆતથી અંત (પ્રથમ દિવસથી છેલ્લા દિવસ) સુધીની વાતચીતનું સ્ટીંગ ઓપરેશન કે રેકોર્ડીંગ કરવામાં આવેલ નથી.

(૨) સદર સ્ટીંગ ઓપરેશન સંદર્ભે એટલે કે આશ્રમ તથા આરોપી નં.(૧) આશારામ બાપુ વિરૂધ્ધ ઘડવામાં આવેલ કાવતરા યાને ષડયંત્રની મીડીયા સમક્ષ જાણ કર્યા બાદ પણ સબંધીત પો.સ્ટેશનમાં સીધી એફઆઈઆર ફડાવવા અંગે કોઈ જ પ્રયત્ન થયેલ નથી.

(૩) ફરીયાદણ યાને ભોગ બનનારે ફરીયાદ લખાવી તેના ચાર-પાંચ દિવસ પહેલાં તેઓ ઈન્દોર મુકામે બસમાં ગયેલ અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા જીતુ સોની પ્રેસ રીપોર્ટરનાઓએ પૈસા પડાવવાના બદ ઈરાદાથી કે ષડયંત્રકારીઓને મદદ કરવાના બદ આશયથી ફરીયાદણ યાને ભોગ બનનારને ફરીયાદ કરવા માટે ચઢવણી કરેલ હોય અને તે ચઢવણીના

ફળસ્વરૂપે હાલની આ ફરીયાદખોટી કરવામાં આવેલ હોવાનું કોઈપણ રીતે સ્પષ્ટ થતુ નથી. કારણ કે ફરીયાદપક્ષના સાહેદ નં.(૩૫) વ્મિલેશભાઈ ઠકકરનાઓએ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા(૨૦) માં જીતુ સોનીએ હમદર્દી કેળવવા વાત કરેલ હોવાનું અને તેઓએ જણાવેલ હકીકતનું સ્ટીંગ કરી તેમની સાથે ચીટીંગ કરેલ હોવાનું જણાવેલ છે જ.

(૪) વધુમાં ફરીયાદણ યાને ભોગ બનનાર તેણીના પતિ તુષારભાઈ, તેણીની બહેન પારૂલ તથા તેણીના બનેવી વિમલેશ ઠકકરનાઓએ તેઓએ જીતુ સોનીએ કરેલ વાતચીત કે જીતુ સોનીએ તેઓ સાથે કરેલ સ્ટીંગની હકીકત ઈન્ડીયા ન્યુઝ ચેનલ પર પ્રસારીત થયેલ હોવા છતાં તે હકીકત બચાવપક્ષ ધ્વારા અત્રેની અદાલતના રેકર્ડ પર લાવવાના કોઈ પ્રયત્નો કરવામાં આવેલ નથી કે તે સંદર્ભે બચાવપક્ષ ધ્વારા કોઈ સાહેદને તપાસવામાં આવેલ નથી. જે એક નોંધનીય હકીકત કહી શકાય.

(૫) વધુમાં બચાવપક્ષના સદર સાહેદ વિક્રમ રાઠોડના માતૃશ્રી સને ૨૦૦૦ ની સાલથી આરોપી નં.(૧) ના સત્સંગમાં આવતા જતા હતા અને સદર સાહેદ પણ અવાર નવાર તેઓની માતા સાથે તેમજ દર રવિવારે દિલ્હી સ્થીત કરોલબાગ આશ્રમમાં જતા હતા અને સેવા પણ કરતા હતા એટલું જ નહી પુનમના દિવસે જયાં પણ આશારામ બાપુનો પ્રોગામ હોય ત્યાં સાંભળવા જતા હતા.આમ તેઓ બચાવપક્ષના હિત ધરાવતા સાહેદ કહી શકાય.

વધુમાં સદર કામે કોઈ વોઈસ સ્પેકટોગ્રાફી ટેસ્ટ પણ કરાવવામાં આવેલ નથી. તેમજ તે અંગેની કોઈ અરજી પણ અત્રેની અદાલતમાં આપવામાં આવેલ નથી.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૪૭)** **બચાવપક્ષના સાહેદણ નં.(૩) સેજલબેને** તેઓની આંક–૭૧૫ ની જુબાનીના પેરા(૫) માં ઈન્ડીયા ન્યુઝના રીપોર્ટર ઐતીયાઝ શેખનાઓને તેઓને, પારૂલબેન તથા સતીષ વાઘવાણીને કવરમાં પૈસા આપેલ જે તેઓએ ઘરે જઈને જોયેલ તો પચાસ હજાર રૂપિયા હોવાનું જણાવેલ છે. પરંતુ પેરા (૧૬) માં ઐતીયાઝ શેખે, તેઓને, પારૂલબેન તથા સતીષ વાઘવાણીને જે પૈસા આપેલા તેનું રેકોડીંગ સ્થાઈ વોચ હોવાના કારણે અને તે અલગ રૂમમાં તેમના પતિના હાથમાં હોઈ રેકોડીંગ થયેલ નહી હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે ગુજરાત સમાચારના રીપોર્ટર આઝમે તેઓને બે–બે હજાર રૂપિયા આપેલા તેનું પણ સદર રીપોર્ટર અચાનક તેઓના ઘરે આવી ગયેલ હોઈ સ્ટીંગ કરવામાં આવેલ નહી હોવાનું સદર સાહેદે ઉલટતપાસના પેરા(૨૩) માં સ્વીકારેલ છે. આમ કેસને સંલગ્ન મહત્વની હકીકતોનું જ રેકોડીંગ કરવામાં આવેલ નથી.

**(૧૪૮)** વધુમાં બચાવપક્ષના સદર સાહેદણ નં.૩ સેજલબેન તેઓની વિરૂધ્ધ ત્રણથી ચાર તથા તેઓના પતિ વિરૂધ્ધ પણ આશરે ચારેક કેસો થયેલ હોવાનું અને અમૃત પ્રજાપતિના મર્ડર કેસમાં તેમના પતિનું નામ આરોપી તરીકે હોવાનું સ્વીકારેલ છે. આમ સદર સાહેદ તથા તેઓના પતિ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું કહી શકાય એટલું જ નહી સદર સાહેદે તેઓના પતિ સાથે મળીને સ્ટીંગ ઓપરેશન કરેલ હોવા છતાં બચાવપક્ષ ધ્વારા તેઓના પતિને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી.

વધુમાં બચાવપક્ષના સદર સાહેદણ નં.(૩) તેઓના પતિને સને ૨૦૧૩ માં આરોપી નં.(૧) આશારામ બાપુ વિરૂધ્ધ થયેલ કેસો સબંધે પુછતાં તેમના પતિએ તેઓને આશારામ બાપુના આશ્રમમાં આશારામ બાપુ ૫૦ કરોડ નહી આપે તો તેમના ઉપર કેસો થશે અને તેઓને જેલમાં નાખી દેવામાં

આવશે તેવો ફેકસ આવેલ હોવાનું અને તે ફેક્ષ તેઓને બતાવેલ હોવાનું જણાવે છે પરંતુ સદર ફેક્ષ બાબતે તેઓ કે તેમના પતિ પોલીસને કોઈ હકીકત જણાવતા નથી કે ફેકસ બાબતે એફ.આઈ.આર. દાખલ કરાવતા નથી અને ઉલ્ટાનું કતારગામ પોલીસ સ્ટેશનમાં ખોટી ઉભી કરેલ અરજી આપે છે.

વધુમા બચાવપક્ષના સદર સાહેદણ સેજલબેન જે મોબાઈલમાં રેકોડીંગ કરેલ તે મોબાઈલ પણ કોર્ટમાં રજુ કરતા નથી કે તેઓએ કરેલ સ્ટીંગ સબંધે સ્પેકટ્રોગ્રાફી ટેસ્ટ પણ કરાવતા નથી કે તે અંગે નામદાર કોર્ટમાં કોઈ અરજી પણ આપતા નથી.

ત્યારબાદ બચાવપક્ષના સદર સાહેદણ સેજલબેને બચાવપક્ષ ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા(૧૯) માં તેણીએ દીક્ષા લીધેલ નહી હોવાનું જણાવેલ છે, જયારે ઉલટતપાસના પેરા(૨૬) માં જણાવ્યા મુજબ તેણીએ સુરત કોર્ટમાં આપેલ જુબાનીમાં સને ૨૦૦૧ માં આશારામ બાપુ પાસેથી દીક્ષા લીધેલ હોવાનું જણાવેલ હોવાની વાત સાચી હોવાનું સ્વીકારેલ છે. આમ બચાવપક્ષ સદર સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસ અંગે શંકાની સંભાવના ઉપસ્થિત કરી શકેલ નથી.

બચાવપક્ષના સદર સાહેદણ સેજલબેનના પતિ સને ૨૦૦૭–૨૦૦૮ થી આશારામ તથા આશ્રમ સાથે સંકળાયેલ હોવાનું અને આશ્રમમાં સમર્પિત હોવાનું જણાવે છે. એટલું જ નહી સાહેદ પોતે પણ આશ્રમ સાથે સંકળાયેલ હોવાનું ફલીત થાય છે. આમ તેઓ બચાવપક્ષના હિત ધરાવતા સાહેદ હોવાનું કહી શકાય.એક તબકકે બચાવપક્ષના સદર સાહેદ સેજલબેને કરેલ સ્ટીંગ ઓપરેશન સાચુ હોવાનું માની લેવામાં આવે તો

પણ ષડયંત્રકારીઓના માઘ્યમી ફરીયાદણ યાને ભોગ બનનારે ખોટી ફરીયાદ આપેલ હોવાનું રેકર્ડ પરનો પુરાવો જોતાં ફલીત થતુ નથી.

**(૧૪૯)** બચાવપક્ષ તરફથી એવી પણ તકરાર લેવામાં આવેલ છે કે તા. ૦૮/૦૮/૨૦૦૮ ના રોજ આશ્રમ ઉપર આવેલ ફેકસ મેસેજમાં ષડયંત્રકારીઓ ધ્વારા રૂપિયા ૫૦/– કરોડની માંગણી કરવામાં આવેલ. જો રૂપિયા ૫૦/– કરોડ આપવામાં નહી આવે તો આરોપી નં.(૧) આશારામ બાપુ તથા તેમના પરીવારના સભ્યોને ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવેલી.આ સંદર્ભે જોવામાં આવે તો સદર ધમકી સને ૨૦૦૮ માં આપવામાં આવેલી છે અને જયારે ફેકસ મેસેજ આવેલ હોય ત્યારે કયા નંબર પરથી ફેકસ કરવામાં આવેલ છે તેની માહીતી આરોપીઓનું જયારે ભારતભરમાં નેટવર્ક ફેલાયેલ હોય ત્યારે પચાસ કરોડની માંગણી કોના ધ્વારા કરવામાં આવેલી તેવી હકીકત બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ હોત પરંતુ તેમ બનવા પામેલ નથી. એક સમયે પચાસ કરોડની માંગણી આરોપીઓ પાસેથી કરવામાં આવેલ હોવાની હકીકત માની લેવામાં આવે તો પણ સદર માંગણી ૮/૮/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલી છે અને **પચાસ કરોડની માંગણી સંદર્ભે ભોગ બનનારનો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોલ હોય અને તેના કારણે હાલની ખોટી ફરીયાદ આરોપીઓ વિરૂધ્ધ ભોગ બનનારે કરેલી હોય તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી.** ભોગ બનનારે હાલની ફરીયાદ તા. ૬/૧૦/૨૦૧૩ ના રોજ આપેલ છે.

**(૧૫૦)** બચાવપક્ષ તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે આ કામના સાહેદ **દેવેન્દ્ર પ્રજાપતિનાઓ ધ્વારા** આરોપીઓ સામે હાલનો ગુનો દાખલ થયેલ તે પહેલાં અને પછી તેમના મોબાઈલ ફોન નં. ૯૩૧૩૫૭૬૧૫૦

ઉપરથી **મહેન્દ્ર ચાવલાના** મોબાઈલ ફોન નં. ૭૪૦૪૧૦૪૧૪૪ ઉપર તા. ૦૮/૦૭/૨૦૧૩ થી તા. ૦૨/૧૨/૨૦૧૩ દરમ્યાન ૧૪૪ કોલ્સ વત્તા એસએમએસ તથા **અમૃત પ્રજાપતિના મોબાઈલ** ફોન નં. ૯૨૨૭૧૪૧૨૩૫ ઉપર તા. ૨૦/૦૯/૨૦૨૨ થી તા. ૦૨/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૩૨ કોલ્સ વત્તા એસએમએસ**,**તેમજ **અમૃત પ્રજાપતિના મોબાઈલ** ફોન નં. ૯૩૨૭૭૧૧ ૨૩૫ ઉપર તા. ૦૨/૦૯/૨૦૧૩ થી તા. ૨૭/૧૧/૨૦૧૩ ના સમય દરમ્યાન ૧ ૩ કોલ્સ તથા **સતીષ વાઘવાણીના** મોબાઈલ ફોન નં. ૯ ૩૦૩૦૪૦૦૦૮ ઉપર તા. ૦૭/૧૦/૨૦૧૩ થી તા. ૦૨/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૧૫ કોલ્સ વત્તા એસએમએસ તથા **પારૂલના** મોબાઈલ ફોન નં. ૯ ૬૮૭૨૦૯૦૪૧ ઉપર તા. ૨૮/૧૦/૨૦૧૩ થી તા. ૦૨/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૪ કોલ્સ તથા **રાકેશના** મોબાઈલ ફોન નં. ૯૩૨૮૪૭૭૭૨૨ ઉપર તા. ૦૫/૦૯/૨૦૧૩ થી તા.૧૮/૧૧/૨૦૧૩ ના સમય દરમ્યાન ૦૮ કોલ્સ વત્તા એસએમએસ કરવામાં આવેલા છે.

તેમજ **સતીષ વાઘવાણીના** મોબાઈલ ફોન નં.૯૩૦૩૦૪૦ ૦૦૮ ઉપરથી **મહેન્દ્ર ચાવલાન**ા મોબાઈલ ફોન નં. ૭૪૦૪૧૦૪૧૪૪ ઉપર તા. ૧૦/૦૯/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન ૨૪૪ કોલ્સ વત્તા એસએમએસ તથા **પારૂલના** મોબાઈલ ફોન નં. ૯૬૮૭૨૦૯૦૪૧ ઉપર તા. ૧૬/૦૯/૨૦૧૩ થી તા. ૨૯/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૯૬ કોલ્સ વત્તા એસએમએસ તથા **રાહુલ સચનન**ા મોબાઈલ ફોન નં. ૭૨૭૫૪૪૨૭૨૬૮ ઉપર તા. ૬/૧૧/૧૩ થી ૩૦/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૨૧ કોલ્સ વત્તા એસએમએસ તથા **વિમલેશ ઠકકરના** મોબાઈલ ફોન નં. ૯૭૨૭૭૮૮૮૪ ઉપર તા. ૧૭-૧૯-૧૩ આઉટ કોલ ૧૧૮૯.૯ સેકન્ડ તથા

**દેવેન્દ્ર પ્રજાપતિ** મોબાઈલ ફોન નં. ૯૩૧૩૫૭૬૧૫૦ ઉપર ૦૭/૧૦/૨૦૧૩ થી ૧૮/૧૨/૧૩ ના સમય દરમ્યાન ૨૧ કોલ્સ વત્તા એસએમએસ તથા **રાજુ ચાંડકના** મોબાઈલ ફોન નં. ૯૨૨૭૨૬૧૨૫૬ ઉપર તા. ૨૦/૧૨/૨૦૧૩ થી તા. ૨૬/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૨૪ કોલ્સ વત્તા એસએમએસ તથા **અમૃત પ્રજાપતિના** મોબાઈલ ફોન નં. ૯૨૨૭૧૪૧૨૩૫ ઉપર તા. ૦૪/૧૧/૨૦૧૩ થી તા. ૨૬/૧૨/૨૦૧૩ ના સમય દરમ્યાન ૧૦ કોલ્સ વત્તા એસએમએસ કરવામાં આવેલા છે.

**(૧૫૧)** બચાવપક્ષ તરફે સાહેદ દેવેન્દ્ર પ્રજાપતી તથા સતીષ વાઘવાણીના મોબાઈલ ફોન ઉપરથી આ કામના સાહેદોને તથા અન્યને કરવામાં આવેલ ફોન તથા એસએમએસ કરેલાની સઘળી વિગતો રેકર્ડ પર લાવવામાં આવેલ છે પરંતુ આ મોબાઈલફોનના વપરાશકર્તાઓ યાને યુઝર્સ કોણ હતા તેમજ તે ફોનની માલીકી સંદર્ભે કસ્ટમર એપ્લીકેશન ફોર્મ જેવા મહત્વના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી જેથી પણ હાલના ગુના સંદર્ભે ઉપરોકત જણાવેલ વ્યકિતઓએ મોબાઈલ ફોન તેમજ એસએમએસ કરી કોઈ ષડયંત્ર રચેલ હોય કે આરોપીઓ વિરૂધ્ધ કોઈ કોઈ હકીકત ઉભી કરેલ હોય તેવી કોઈ હકીકત બચાવપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૧૫૨)** બચાવપક્ષ ના વિ.વ.શ્રીએ એવી ભારપુર્વક રજુઆત કરેલી છે કે સમગ્ર કેસનો બેઝ ઈન્દોર છે અને ફરીયાદણના બનેવી વિમલેશ ઠકકરનાઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસના પેરા નં (૧૫) માં તેઓ જીતુ સોનીને મળવા ઈન્દોર ગયેલ અને ત્યા એક દિવસ રોકાયેલા અને જીતુ સોની પ્રેસ રીપોર્ટર છે. તેમજ જીતુ સોનીની મારી પત્નીની બહેન એટલે કે ફરીયાદણ યાને ભોગ બનનાર સાથે ફોન ઉપર વાત થયેલી અને પછી અમે તેને મળવા

ગયેલા અને અમે મળવા ગયા ત્યારે ફરીયાદણ યાને ભોગ બનનાર પણ સાથે હતી અને જીતુ સોનીએ ફરીયાદણ યાને ભોગ બનનારને જણાવેલ કે તમે ખાલી મને મળવા આવજો અને તેઓએ ફરીયાદણ યાને ભોગ બનનારને તેણી જીતુ સોનીને કેવી રીતે ઓળખે છે તે બાબતે પુછતા તેણીએ જણાવેલ કે તેનો સામેથી ફોન આવેલો ત્યાથી તેણી તેને ઓળખે છે તેવુ તેણીએ તેને જણાવેલું અને ફરીયાદણ યાને ભોગ બનનાર તેમજ તેણીની બહેને જીતુ સોનીને જે માહીતી આપી તેનુ તેને સ્ટીંગ ઓપરેશન કરેલુ અને તેઓ જે માહીતી આપી રહયા હતા. તેનુ સ્ટીંગ ઓપેરેશન થઈ રહયુ હતુ તેની તેઓને ખબર ન હતી અને ફરીયાદ નોંધાયાના એકાદ દિવસ બાદ તેઓને તેઓનું સ્ટીંગ ઓપેરેશન થયેલાની ખબર ન્યુઝમાં આવતા તેઓને ખબર પડેલી અને આ ન્યુઝ તેઓએ જોયેલા પણ ખરા. આમ, આશ્રમ વિરૂધ્ધના કાવતરાખોરોએ ષડયંત્ર રચી, આરોપીઓને હાલના કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. પરંતુ બચાવપક્ષની દલીલ એટલા માટે ગ્રાહય રાખી શકાય તેમ નથી કારણે બચાવપક્ષ તરફથી સાહેદ નં.(૨)તરીકે તપાસેલ સાહેદ વિક્રમ રાઠોડનો આંક-૬૯૯ થી રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં તેઓએ તેમની સરતપાસમાં આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ  અમૃત પ્રજાપતિ તથા રાજુ ચાંડક તથા દિનેશ અને રમેશ બોરીયા વિગેરેનાઓ સાથે થયેલ વાતચીતનું સ્ટીંગ ઓપરેશન કરેલ હોવા અંગે વિગતવાર જુબાની રજુ કરવામાં આવેલ છે પરંતુ  બચાવપક્ષના આ સાહેદની જુબાની દરમિયાન આ કામના ભોગ બનનારે આરોપી આશારામ વિરૂધ્ધ ષડયંત્ર રચવાના ભાગરૂપે હાલની ફરીયાદ આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોઈ બચાવપક્ષના આ સાહેદની જુબાની તેઓને મદદરૂપ થતી નથી.

(૧૫૩) આ કામે મુદ્દા નં.૧ પરત્વે આ કામના આરોપી નં.(૩) લક્ષ્મીબેન

તથા આરોપી નં.(૬) ધ્રુવબેન સામેના આક્ષેપીત ગુના સબંધે ભોગ બનનારનો આંક–૨૭૮ વાળો પુરાવો જોતાં તેણીએ જુબાનીના પેરા(૭) માં જણાવેલ છે કે મે અગીયાર દિવસના અનુષ્ઠાનમાં મારો હરીઓમ મંત્ર હતો તેનો ૩ લાખ વાર જપ કરેલા. ત્યારબાદ મારો અગીયાર દિવસનો અનુષ્ઠાન પુરો થતા હું પરત જવા માટે મહિલા આશ્રમના સંચાલક ધ્રુવબેન હતા તેમની પાસે ઘરે જવાની મંજુરી લેવા માટે ગયેલી કે, મારા અગીયાર દિવસના અનુષ્ઠાન પુરા થઈ ગયેલા છે.મને ઘરે જવા દો તો તેમણે મને મંજુરી આપેલી નહી અને કહેલુ કે,તારે તો હજુ અહીયા રોકવવાનુ છે તને બાપુ વકતા બનાવવા છે. ત્યારબાદ મને લઈને લ ક્ષ્મીમૈયા પાસે ગયેલા. લક્ષ્મીમૈયા આશારામની પત્ની છે.તેમણે પણ મને કહેલુ કે,તુ રોકાઈ જા. ત્યારબાદ પંદર દિવસ પછી મારી મમ્મી મને સુરતથી લેવા માટે મોટેરા આશ્રમ આવેલા.હું મારી માતાને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલી.તેમણે મારી માતાને કહેલુ કે,તારે તારી છોકરી કોઈને તો આપવાની જ છે તો તુ અહીયા આપી દે.આપણા કુંટુબમાથી કોઈ એક વ્યકિત ભગવાનના રસ્તે લાગે તો કુળ તરી જાય છે.ત્યારબાદ હું મારી માતા લેવા આવેલા હોય રડવા લાગેલી.મૈયાએ મને પ્રસાદ આપેલો અને કહેલુ કે,રડે છે કેમ.ત્યારબાદ મારી માતા મને લીધા વીના સુરત પરત જતા રહેલા.ત્યારબાદ હું આશ્રમમા ચુર્ણ હોલમા સેવા આપતી હતી અને મહીલા આશ્રમમા રહેતી હતી.ચુર્ણ હોલમા મે છ મહીના સેવા આપેલી ત્યારબાદ મને ઘંટીની જવાબદારી સોપેલી.અમે સંતકૃપા ચુર્ણ,અશ્વગંધા ચુર્ણ,ધુપ વિગેરે બનાવતા હતા.ચુર્ણ બનાવવાની કામગીરી સવારે ૮.૦૦ થી બપોરના ૧૨.૩૦ અને બપોરે ૧.૩૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી ચાલતી હતી.આ માટે મને કોઈ મહેનતાણુ આપતા ન હતા.મારા માસીક ખર્ચ માટે મારી માતા દર મહીને મને રુા.૫૦૦/– મોકલતા હતા તેમાંથી હું મારો ખર્ચ કરતી હતી

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

**(૧૫૪)** પરંતુ આ કામે બચાવપક્ષ તરફથી સાહેદ નં(૧) તરીકે તપાસવામાં આવેલ ગીતાબેન મુકેશભાઈ હીરપરાનાઓએ તેમની આંક-૬૯૮ વાળી સોગંદ ઉપરની જુબાનીમાં પેરા (૫) માં જણાવેલ છે કે ત્યારબાદ, ભોગ બનનાર/મારી બહેન અમદાવાદ ખાતેના આશારામ બાપુજીના મહીલા આશ્રમ ખાતે જ રોકાયેલ હતી, સુરત પરત આવેલ ન હતી. ત્યારબાદ, મારા માતૃશ્રીએ સુરતની બહેનોને પુછેલ કે મારી બહેન એટલે કે ભોગ બનનાર સુરત કેમ પાછી આવેલ નહી? તો જવાબમાં સુરતની બહેનોએ કહેલ કે, ભોગ બનનાર એવુ જણાવેલ છે કે, તેને ત્યાં રોકાવુ છે. પછી થોડા દિવસ પછી હું અને મારા મમ્મી અમદાવાદ મહીલા આશ્રમમાં મારી બહેન/ ભોગ બનનારને લેવા ગયેલા હતા. ત્યારે પણ ભોગ બનનાર / મારી બહેને ના પાડેલ હતી અને ભોગ બનનારે કહેલ કે મારે અહીંયા જ રહેવું છે અને ઘરે આવવુ નથી. અને પાછા થોડા દિવસ પછી મારા મામા, મારા નાની મા, મામા મમ્મી અને હું પણ અમદાવાદ ખાતે મહીલા આશ્રમમાં ભોગ બનનાર એટલે કે મારી બહેનને લેવા માટે ગયેલા હતા. ત્યારે પણ મારી બહેન એટલે કે ભોગ બનનારે અમારી જોડે આવવા માટે ના પાડેલ હતી. આમ આ સાહેદની જુબાની જોતાં સદર સાહેદ જયારે ભોગ બનનારને લેવા માટે પ્રથમ તેમના મમ્મી સાથે અને બીજી વખત તેમના મામા,મમ્મી અને નાની મા સાથે આરોપી નં (૧) ના અમદાવાદ ખાતેના આશ્રમ પર લેવા માટે ગયેલા ત્યારે ભોગ બનનારે તેમની સાથે ઘરે જવાની ના પાડેલી અને આશ્રમમા રોકાવાની વાત કરેલી હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. સદર સાહેદે વધુમાં એમ પણ જણાવેલ છે કે તેઓ અમદાવાદ આશ્રમમાં દર વર્ષે એક બે પોગ્રામ ગુરૂપૂર્ણિમા તથા દિવાળીના તહેવારોમાં સહપરિવાર જતા હતા અને ત્યાં ચાર પાંચ દિવસ રોકાતા હતા. તેઓ અને તેમની માતા ભોગ

બનનારની સાથે રૂમમાં રોકાતા હતા. આમ બચાવપક્ષના સદર સાહેદની જુબાની ધ્યાને લેતાં ભોગ બનનારના ૧૧ દિવસના અનુષ્ઠાન બાદ ભોગ બનનારે પરત ઘરે લઈ જવા માટે સદર સાહેદ તથા તેમના માતૃશ્રી બે વખત આવેલા તેમ છતાં ભોગ બનનારે તેમની સાથે પરત ઘરે જવાની ના પાડેલી અને આશ્રમમાં જ રોકાયેલા તેવી હકીકત જણાવેલી છે.સદર સાહેદની જુબાની જોતાં સદર સાહેદે તેમની જુબાની દરમિયાન કોઈપણ જગ્યાએ આ કામના આરોપી નં.(૩) લક્ષ્મીબેન આશારામ તથા આરોપી નં.(૬) ધ્રુવબેને ભોગ બનનારને કોઈ લાલચ આપીને કે ધાક ધમકીથી કે સામાજીક પ્રતિષ્ઠાનો ઉપયોગ કરી ભોગ બનનારને સદોષ અટકાયતમાં રાખેલ હોય તેમજ ગુપ્ત સદોષ અટકાયતમાં રાખેલ હોય તેવી હકીકત આ સાહેદને કે તેમના માતૃશ્રી ભોગ બનનારને ૧૧ દિવસના અનુષ્ઠાન પુરા થયા બાદ ભોગ બનનારને પરત ઘરે લઈ જવા આવેલા ત્યારે કે તેઓ અમદાવાદ આશ્રમમાં દર વર્ષે એક બે પોગ્રામ ગુરૂપૂર્ણિમા તથા દિવાળીના તહેવારોમાં સહપરિવાર આશારામ આશ્રમમાં જતા હતા અને ત્યાં ચાર પાંચ દિવસ રોકાતા હતા. તેઓ અને તેમની માતા ભોગ બનનારની સાથે રૂમમાં રોકાતા હતા ત્યારે ભોગ બનનારને આરોપી નં.(૩) તથા (૬) નાઓ ધ્વારા તેણીને કોઈ લાલચ આપીને ગેરકાયદેસર અટકાયતમાં રાખેલ હોય તેવી હકીકત જણાવેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર ઉપસ્થિત કરી શકેલ નથી. જેથી આરોપી નં.(૩) લક્ષ્મીબેન તથા આરોપી નં.(૬) ધ્રુવબેન સામેનો આક્ષેપીત ઈ.પી.કો.ક. ૩૪૨,૩૪૬ સાથે વાંચતા કલમ-૧૨૦ (બી) મુજબનો ગુનો પુરવાર કરી શકેલ ન હોઈ આરોપી નં.(૩) તથા (૬) પુરતો મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(૧૫૫)** આ કામે મુદ્દા નં.૨,૩ તથા ૪ પરત્વે આ કામના આરોપી નં.(૨) ભારતીબેન , આરોપી નં.(૩) લક્ષ્મીબેન આરોપી નં.(૬) ધ્રુવબેન તથા આરોપી

નં.(૭) જસીબેન ઉર્ફે જસવંતીબેન સામેના આક્ષેપીત ગુના સબંધે ભોગ બનનારનો આંક–૨૭૮ વાળો પુરાવો જોતાં તેણીએ જુબાનીના પેરા(૭) માં જણાવેલ છે કે ત્યારબાદ થોડા સમય પછી સાંજના સમયે ધ્રુવબેન તેને બોલાવવા આવેલા અને કહેલુ કે,તને ભારતીબેન બોલાવે છે.ભારતીબેન આશારામની પુત્રી છે.તેણી ભારતીબેન પાસે ગયેલી.ભારતીબેને તેને કહેલુ કે,તારે અને ટીના એકયુપ્રેશરે હમણા શાંતીવાટીકા આશારામ બાપુ પાસે જવાનુ છે તેમ કહીને તેને અને ટીનાને તેમની ગાડીમા આશારામના ફાર્મ હાઉસ શાંતીવાટીકા લઈ ગયેલા.તેઓ ત્યાં પહોચેલા ત્યાં અખીલ નામનો આશારામનો રસોઈયો હતો તેણે તેમના આવવાની જાણ અંદર કરેલી.ત્યારબાદ રસોઈયાને બહાર કાઢી દિધેલો.ત્યારબાદ અંદરથી મોટા અવાજે કહેલુ કે,એક કે બાદ એક અંદર આજા.પહેલે ટીના આવે.ત્યારબાદ ટીના અંદર ગયેલી.શાંતીકુટીયા બે રુમની બનેલી છે.પહેલા રુમમા તેણી અને ટીના હતા ત્યાથી ટીના વચ્ચે બાથરુમ પડે છે ત્યા હાથ પગ ધોઈને તેના પછી આવેલી બીજી રુમમા ગયેલી.ત્યારબાદ દસેક મીનીટ પછી ટીના બહાર આવેલી અને તેણીને અંદર જવા માટે કહેલુ.બહાર ભારતી ગાડી લઈને ઉભી હતી તેને ટીનાને લઈને જતા રહેવા કહેલુ.તેણીએ કહેલુ કે,તેને પણ જોડે લઈ જાવ.ભારતીબેને કહેલુ કે,થોડીવાર પછી હુ તને લેવા આવુ છું તેમ કહીને ટીનાને લઈને ભારતીબેન જતા રહેલા.ત્યારબાદ આરોપી નં.(૧) આશારામે તેણીને શાંતીકુટીયાની રૂમમાં બોલાવી તેણીની સાથે જબરજસ્તીથી બળાત્કાર કરેલ તેની વિગતવારની હકીકત જણાવેલી છે.ત્યારબાદ આશારામે તેણીને કહેલુ કે,મેરા કોડલેશ લા અને ત્યારબાદ તેણીને બીજા રુમમા જવા માટે કહેલુ.તેણીએ કપડા પહેરી લઈ કોડલેશ લઈને તેમને આપેલો ત્યારે તેમણે તેણીને કહેલુ કે,યહા જો હુઆ હૈ ઉસકી ભનક કીસી કો નહી હોની ચાહીયે નહી

તો ભસ્મ કર દુંગા ઔર બહાર ઈસકા ગલત મેસેજ જાયેગા.ત્યારબાદ તેણી બીજા રુમમા જતી રહેલી.ત્યારબાદ થોડીકવારમા ભારતીબેનની ગાડી આવી ગયેલી અને તેમા તેણીને બેસાડી દિધેલી અને મહીલા આશ્રમ પાસે શાલીગ્રામ સોસાયટી આવેલી છે ત્યા તેને ઉતારી દિધેલી અને કહેલુ કે,તુ ચાલતી આશ્રમમા આવ. આમ આરોપી નં.ર ભારતીબેનનો હાલના ગુનામાં રોલ જોવામાં આવે તો આરોપી નં.ર ભારતીબેનનાઓ બનાવના દિવસે ભોગ બનનારને આરોપી નં.(૧ ) આશારામ પાસે શાંતિવાટીકામાં તેમની ગાડીમાં બેસાડીને લઈ ગયેલા હોવાનું અને ત્યાંથી પરત મહીલા આશ્રમમાં પણ તેમની ગાડીમાં લઈ આવેલા હોવાની હકીકત ભોગબનનારે તેમના પુરાવામાં જણાવેલ છે.પરંતુ આ કામના આરોપી નં.(ર) ભારતીબેન આરોપી નં.(૧) આશારામના પુત્રી થાય છે ત્યારે કોઈ દિકરીને પોતાના પિતા આવા દુષ્કર્મો કરતા હોવાની જાણ ન હોય તે સ્વાભાવિક છે અને પોતાના પિતા જો કોઈ સ્ત્રીઓ સાથે ખરાબ કામ કરતા હોવાની જાણ હોય તો તેમના પિતાના હવાલે કોઈ છોકરીઓને મોકલે તે હકીકકત માની શકાય નહી. વળી ફરીયાદણએ તેમના સોગંદ ઉપરના પુરાવા તેમજ લેખિત ફરીયાદ અને સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનમાં પણ સને.૨૦૦૧માં ગુરુપૂર્ણિમાની શીબીર હતી.તે વખતે વકતા બનાવવા આશ્રમમાંથી આરોપી નં.(૬) ધ્રુવબેન દસેક છોકરીઓને સીલેકટ કરીને શાંતીવાટીકા લઈ ગયેલા.જે ૧૦ છોકરીઓને સીલેકટ કરેલી તેમા તેને પણ સીલેકટ કરેલી હતી.આમ ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની તેમજ ભોગ બનનારની લેખિત ફરીયાદ તેમજ સી.આર.પી.સી.૧૬૪ ના નિવેદન વંચાણે લેતાં આરોપી નં.(૬) મહિલા આશ્રમના બનાવ સમયે સંચાલક હોઈ મહીલા આશ્રમમાં થતી પ્રવૃતિઓ સંદર્ભે આરોપી નં.(૧) આશારામની સુચના મુજબ આરોપી નં.(૬) ધ્રુવબેન મારફત મહીલા આશ્રમના વહીવટની કામગીરી ચાલતી હોઈ તે કામગીરીના

ભાગરૂપે મહીલાઓને આરોપી નં.(૧) આશારામ પાસે લઈ જતા હોવાની હકીકત માની શકાય તેમ છે.આ કામના ભોગ બનનારે તેમના પુરાવામાં તેણી આશારામ આશ્રમમાં ૧૧ દિવસના અનુષ્ઠાન કરવા માટે આવેલી ત્યારથી સને ૨૦૦૧ ના ગુરુપુર્ણિમાના સમયગાળા માં તેણી આરોપી નં.(૧) આશારામના છોકરીઓ સાથેના ખરાબ કામો અંગેની કોઈ જાણકારી હોય અને તેણીએ આરોપી નં.(૨) ભારતીબેનને તે અંગે વાત કરેલ હોય તેમ છતાં આરોપી નં.(૨) ભારતીબેન તેણીને આરોપી નં.(૧) આશારામ પાસે ખરાબ કામ કરાવવાના ઈરાદા સાથે લઈ ગયેલા હોય તેવી કોઈ હકીકત રેકર્ડ જોતાં માની શકાય તેમ નથી.

**(૧૫૬)** આ કામના ભોગ બનનારે તેમની સોગંદ ઉપરની જુબાનીના પેરા (૧૨) માં જણાવેલ છે કે ત્યારબાદ આશરે એકાદ મહીના પછી ફરીથી ધ્રુવબેન તેણીની પાસે આવેલા અને તેણીને કહેલુ કે,તને ભારતીબેન બોલાવે છે.તેણીની સાથે મહીના પહેલા જે થયેલુ હતુ તેથી તેણી ડરેલી હતી તેણીને થયેલુ કે,ફરીથી તેણીની સાથે આવુ થશે. તે વખતે તેણીએ નાઈટ ડ્રેસ પહેરેલો હતો તેથી તેણીએ કહેલુ કે,હું કપડા બદલીને આવુ છું.ત્યારબાદ ધ્રુવબેન જતા રહેલા અને તેણીને મોકો મળતા ત્યા બગીચાની વાડ છે ત્યા જઈને તેણી છુપાઈ ગયેલી.ત્યારબાદ ભારતીબેન,મૈયા,ચોકીવાળી જશીબેન આખી રાત તેણીને શોધતા હતા.સવારે સાત વાગે તેણી ત્યાથી બહાર નીકળી તેણીના રુમમા જઈને નાહીને પુંજા કરતી હતી તે વખતે ચોકીવાળી જશીબેન ત્યા આવેલા અને તેણીને લક્ષ્મીમૈયા પાસે લઈ ગયેલા.તેઓ તેણીને જોઈને એકદમ ગુસ્સામા આવી ગયેલા અને તેણીના ગાલ ઉપર બે તમાચા મારી દિધેલા અને કહેલુ કે,તુ આખી રાત હતી કયાં ? તારા લીધે મને બાપુની ડાટ ખાવી પડેલી છે.બાપુએ મને કહ્યુ કે દો ટકે કી લડકી કો નહી સંભાલ સકતી તો આશ્રમ

કયા સંભાલેગી આવુ બધુ મારે સાંભળવુ પડયુ છે.ત્યારબાદ તેણી ત્યાથી જતી રહેલી.આ સંદર્ભે પણ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં ફરીયાદણ યાને ભોગ બનનારની આ હકીકતના સમર્થનમાં કોઈ જ પુરાવો ફરીયાદપક્ષ ભોગ બનનારના પુરાવા સિવાય કોઈ અન્ય સાહેદોનો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી.

**(૧૫૭)** ભોગ બનનારે તેમની જુબાનીના પેરા (૧૩)માં જણાવેલ છે કે તે જ દિવસે બપોર પછી ફરીથી ભારતીબેને તેણીને બોલાવેલી કે તારે શાંતીવાટીકા જવાનુ છે તેમ કહીને તેણીને ગાડીમા લઈ ગયેલા.તેણી અંદર રુમમા ગઈ ત્યારે આશારામ પલંગ ઉપર બેઠેલા હતા.તેઓ તેણીને જોઈને એકદમ ગુસ્સામા આવી ગયેલા અને કહેલુ કે,તુ કલ રાત કહા થી મૈને તેરે લીચે ખાના નહી ખાયા આખી રાત સોયા નહી.તેમની પથારી પાસે થાળી,વાટકા બધુ પડેલુ હતુ તેને જોરથી ધકકો મારીને પછાડેલા અને તેણીને કહેલુ કે,નીકલ જા મેરી કુટીયા કે બહાર. ત્યારબાદ તેણી બહાર નીકળી ગયેલી અને ત્યાથી ફરી આશ્રમ આવી ગયેલી.આ બનાવ વખતે ભારતીબેન રુમમા આવેલા નહી પરંતુ બહાર બારી પાસે ઉભા રહેલા હતા.ફરીયાદણની આ હકીકત પણ એટલા માટે માની શકાય તેમ નથી કારણ કે જો ભોગ બનનાર સાથે એક વાર આરોપી નં.(૧) આશારામ ધ્વારા દુષ્કર્મ કરવામાં આવેલ અને ત્યાર બાદ ફરીથી તેણીને આરોપી નં.(૨) ભારતીબેને આરોપી નં.(૬) ધ્રવબેન તથા નં.(૩) લક્ષ્મીબેન મારફતે આરોપી નં.(૧) આશારામની શાંતિવાટીકામાં મોકલવાનો કહેવાતો પ્રયત્ન કરવામાં આવેલ ત્યારે ભોગ બનનારે તેણીની સાથે અગાઉ થયેલ દુષ્કર્મ ફરીથી થશે તેવો ડર લાગતાં તેણી મહીલા આશ્રમના બગીચાની ઝાડીમાં રાતના સમયે સંતાઈ ગયેલી તેવી હકીકત ખુદ ભોગ બનનારે અગાઉ ચર્ચા કર્યા મુજબ જણાવેલી

છે ત્યારે જો ભોગ બનનારને બીજી વખત આરોપી નં.(૨) ભારતીબેન અને આરોપી નં.(૩) લક્ષ્મીબેન, આરોપી નં.(૬) ધ્રુવબેન મળીને લઈ જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોત તો સ્વાભાવિક રીતે જ ભોગ બનનારે શાંતીવાટીકામાં આરોપી નં.(૧) આશારામ પાસે જવા માટે અગાઉના રાત્રિના બનાવ પ્રસંગ કપડાં બદલીને આવુ છુ તેવુ જે બહાનુ બતાવેલ તેવુ કોઈક અન્ય બહાનુ બતાવી શાંતીવાટીકામાં જવાનું ટાળી શકાય હોત પરંતુ તેમ બનવા પામેલ હોય તેમ જણાતુ નથી. જેથી આરોપી નં.(૨) ભારતીબેન એક દિવસ બપોરના સમયે ભોગ બનનારને તેણીની સાથે દુષ્કર્મનો બનાવ બની ગયા બાદ ફરીથી આરોપી નં.(૧) આશારામ પાસે તેમની શાંતિવાટીકામાં આવેલ કુટીયામાં લઈ ગયેલ હોય અને ત્યાં આરોપી નં.(૧) આશારામે તેણીને જોઈને એકદમ ગુસ્સામા આવી ગયેલા અને કહેલુ કે,તુ કલ રાત કહા થી મૈને તેરે લીયે ખાના નહી ખાયા આખી રાત સોયા નહી.તેમની પથારી પાસે થાળી,વાટકા બધુ પડેલુ હતુ તેને જોરથી ધકકો મારીને પછાડેલા અને તેણીને કહેલુ કે,નીકલ જા મેરી કુટીયા કે બહાર. ત્યારબાદ તે બહાર નીકળી ગયેલી હોવાની હકીકતને ફરીયાદપક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોઈ સદર મુદ્દા નં. ૨,૩,૪ પણ ફરીયાદપક્ષ આરોપી નં.(૨)(૩)(૪)(૫) (૬) તથા (૭) નાઓ વિરૂધ્ધ પુરવાર કરી શકેલ હોવાનું માની શકાય તેમ નથી.

(૧૫૮) આ કામે ફરીયાદપક્ષ તરફથી ભોગ બનનારનો જે મૌખિક પુરાવો આંક-૨૭૮ થી રજુ થયેલ છે તેમાં ભોગ બનનારે જુબાનીના પેરા (૮) માં જણાવેલ છે કે સને.૨૦૦૧માં ગુરુપૂર્ણિમાની શીબીર હતી.તે વખતે વકતા બનાવવા આશ્રમમાંથી દસેક છોકરીઓને સીલેકટ કરીને શાંતીવાટીકા લઈ ગયેલા.બાપુને રહેવા માટેનુ ફાર્મ હાઉસ છે તેમા એક કુટીયા છે જેને શાંતીવાટીકા તરીકે ઓળખવામા આવે છે.આ ફાર્મ હાઉસ મોટેરા આશ્રમથી થોડે દુર આવેલુ

છે.જે ૧૦ છોકરીઓને સીલેકટ કરેલી તેમા મને પણ સીલેકટ કરેલી હતી.આશ્રમમાંથી જે છોકરીઓને વકતા માટે સીલેકટ કરેલી તે ધ્રુવબેને કરેલી અને ધ્રુવબેન જ અમને શાંતીવાટીકા લઈ ગયેલા.શાંતીવાટીકામા આશારામ મળેલા.અમે દસેક છોકરીઓ નીચે બેસી ગયેલી અને ત્યારબાદ આશારામે વારાફરતી દરેકની હથેળી જોયેલી.તેમા ચાર છોકરીઓને સીલેકટ કરેલી જેમા એક હું પણ હતી.આશારામે અમને કહેલુ કે,તુમ્હારે હાથમે વકતા બનનેકી રેખા હૈ.તુમ્હારે ભાગ્ય મે જો સંસાર લીખા હૈ ઉસે મીટાના પડેગા ઉસકી વિધી કરની પડેગી તેમ કહેલુ ત્યારબાદ અમે ત્યાથી નીકળી ગયેલા.જયારે ભોગ બનનારની આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદ વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારે તેમની ફરીયાદમાં જણાવેલ છે કે ત્યારબાદ સને ૨૦૦૧ માં ઢેલ તથા બગલો નામની બે સિન્ધી સાધકોએ મને વકતા બનાવવાનું કહેલ અને આશ્રમમાંથી મારી સાથે બીજી ૧૦ છોકરીઓને લઈને ઢેલ અને બગલો નામની સાધકો મોટેરા આશ્રમથી થોડે દુર આવેલ આશારામ બાપુના શાંતિવાટીકા નામના ફાર્મ હાઉસ પર લઈ ગયેલ અને ત્યાં આશારામ બાપુએ દસેય છોકરીઓને જોઈ મને તથા વર્ષા નામની છોકરીને વકતા બનાવવા માટે પસંદ કરેલ અને અમને બન્નેને તેમની કુટીયામાં બોલાવી અને કહેલ કે '' તમારા નસીબમાં હજુ સસાર લખેલ છે જે મારે પહેલા મીટાવવુ પડશે અને તે માટેની વિધિ કરવી પડશે હું પછી તે માટે તમને બોલાવીશ તેમ કહી અમને જવાનું કહેતા અમે પાછા મોટેરા આશ્રમ અમારી રૂમમાં આવી ગયેલા.જયારે ભોગ બનનારે તેમના આંક–૨૮૩ વાળા સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનમાં આરોપી નં.(૬) ધ્રુવબેન દસ છોકરીઓને આરોપી નં.(૧) આશારામ પાસે વકતા તરીકે સીલેકટ કરવા સારુ લઈ ગયેલાની હકીકત જણાવેલી છે. આમ ભોગ બનનારની સોગંદ ઉપરની જુબાની તેમજ ભોગ બનનારની ફરીયાદમાં

તેમને વકતા તરીકે સીલેકટ કરવા સારુ આરોપી નં.(૧) આશારામ પાસે આરોપી નં.(૬) ધ્રુવ બેન લઈ ગયેલા કે આરોપી નં.(૪) નિર્મલાબને ઉર્ફે ઢેલ તથા આરોપી નં.(૫) મીરાબેન ઉર્ફે બગલો લઈ ગયેલા તે સબંધે મહત્વની વિસંગતતા ઉપસ્થિત થાય છે. ભોગ બનનારની આરોપી નં.૧,૩,૭ ના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં ભોગ બનનારે પેરા(૯૯) માં જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે, મે મારા આંક-૨૮૩ના નિવેદનમાં 'એક વાર ૨૦૦૨ની સાલમાં તેઓ એકાંતમાં રોકાયા હતા ત્યારે તેમણે મહિલા આશ્રમમાં ધ્રુવબેન સંચાલકને ૧૦ છોકરીઓ જેમને વકતા બનાવવાના હતા તેમને લઈને આવવાનુ કહેલુ અમને ત્યાં લઈ ગયેલા.' તેવી વિગત લખાવેલી છે એ સાચી છે. એ વાત ખરી છે કે, આંક-૨૭૯ ની ફરિયાદમાં બીજા પાન પર 'ત્યારબાદ સને ૨૦૦૧માં ઢેલ તથા બગલો નામની બે સીંધી સાધકોએ મને વકતા બનાવવાનુ કહેલ અને આશ્રમમાંથી મારી સાથે બીજી દસ છોકરીઓને લઈને ઢેલ અને બગલો નામની સાધકો મોટેરા આશ્રમથી થોડેદુર આવેલ આશારામના શાંતિવાટીકા નામના ફાર્મ હાઉસ પર લઈ ગયેલ.' તે વિગત લખાવેલ છે તે સાચી નથી. સદર વિસંગતતાને જેમ છે તેમ રહેવા દઈને આગળ ચર્ચા કરવામાં આવે તો ભોગ બનનારે તેમની સોગંદ ઉપરની આંક-૨૭૮ ની જુબાનીમાં કે આંક-૨૭૯ વાળી ફરીયાદમાં કે આંક-૨૮૩ વાળા સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનમાં સને ૨૦૦૧ માં ભોગ બનનાર સાથે અન્ય દસ છોકરીઓને વકતા તરીકે સીલેકટ કરવા સારુ આરોપી નં.(૧) આશારામ પાસે શાંતિવાટીકામાં લઈ ગયેલા તેટલી હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે, પરંતુ ભોગ બનનાર તથા અન્ય છોકરીઓને આરોપી નં.(૧) આશારામ પાસે લઈ જવામાં આવેલા ત્યારે માત્ર વકતા તરીકેના સીલેકશન માટે લઈ જવામાં આવેલા હોવાની હકીકત ભોગ બનનારે તેમના પુરાવામાં

જણાવેલ છે ભોગ બનનારે તેમના પુરાવામાં કોઈપણ જગ્યાએ આરોપી નં.(૪),(૫) કે (૬) નાઓ તેમને આરોપી નં.(૧) આશારામ પાસે કોઈ ખરાબ ઈરાદા સાથે લઈ ગયેલા હોય તેવી હકીકત જણાવેલી નથી. આરોપી નં.(૧) આશારામ ધર્મગુરુ તરીકેની પ્રતિભા ધરાવતા હોઈ અને આ કામના આરોપી નં. (૪) તથા (૫) તેમના અનુયાયી હોઈ તેમજ આરોપી નં. (૬) મહીલા આશ્રમના સંચાલક હોઈ તેમને આરોપી નં.(૧) આશારામ તરફથી મળેલી સુચના મુજબ દસ છોકરીઓને વકતા તરીકેના સીલેકન માટે આરોપી નં.(૧) આશારામ પાસે લઈ ગયેલા હોય તેવી હકીકત માની શકાય તેમ છે. આરોપી નં. (૪),(૫) તથા (૬) નાઓ પહેલેથી આરોપી નં.(૧)આશારામનો ખરાબ ઈરાદો જાણતા હોય અને આરોપી નં.(૧) આશારામને ખરાબ કામ કરવામાં મદદરૂપ થવાના હેતુથી આ કામના ભોગ બનનાર તથા અન્ય મળીને દસ છોકરીઓને સને ૨૦૦૧ ના ભોગ બનનાર સાથેના દુષ્કર્મના બનાવ પહેલાં લઈ ગયેલા હોય તેવો કોઈ ચોકકસ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર રજુ કરી શકેલ નથી.

**(૧૫૯)** સદર કામે બચાવપક્ષ ધ્વારા જે તે સાહેદોએ કોર્ટ રૂબરુની જુબાની યાને પુરાવામાં તેઓએ તેમની ફરીયાદ-પંચનામા તથા નિવેદનોમાં જણાવેલ ઉપરાંતની હકીકતો (ઓમીશન) જણાવેલ છે તે અંગે જે તે સાહેદો તથા તપાસનીશ અધિકારીને સાહેદોએ તેમના નિવેદનમાં જણાવેલ હકીકત ઉપરાંતની હકીકતો સબંધે તેઓની ઉલટ તપાસમાં જરૂરી સુચનો કરવામાં આવેલા છે અને તે સુચનોનો સબંધીત સાહેદો તથા તપાસનીસ અધિકારીએ પણ સ્વીકાર કરેલ છે. આમ બચાવપક્ષ ધ્વારા સાહેદોની જુબાનીમાં આવેલ ઓમીશનોનુ ખંડન કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે પરંતુ તે

સાહેદોને તથા તપાસનીસ અધિકારીને ઓમીશન ઉપરાંતના વધારાના સવાલો તથા સુચનો કરવામાં આવેલ છે.જેથી ફરી યથાવત સ્થિતિ રેકર્ડ પર આવેલ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૬૦) વધુમાં સદર કામે આરોપી નં.(૧) આશારામ ધ્વારા સ્થાપિત આશ્રમમાંથી તેઓના દુષ્કૃત્ય તથા વર્તનના કારણે તેઓને કાઢી મુકવામાં આવેલ હોય અગર તો આશ્રમ છોડી ચાલ્યા ગયેલા સાધકો તથા અન્ય ઈસમોએ ભેગા મળી આરોપી નં.(૧) તથા તેમના પરિવારજનોને ખોટી રીતે ફસાવવા માટે ગુનાહીત કાવતરુ યાને ષડયંત્ર રચી તેના ભાગરૂપે હાલની આ ખોટી ફરીયાદ આપવામાં આવેલ હોવાની બચાવપક્ષ ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે પરંતુ બચાવપક્ષના સદર બચાવ સાથે આ અદાલત બિલકુલ સહમત થતી નથી કારણ કે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લઈએ તો આશ્રમમાંથી હાંકી કાઢવામાં આવેલ અગર તો આશ્રમ છોડી ચાલ્યા ગયેલ સાધકો કોઈ એક ચોકકસ ગામના કે કોઈ એક ચોકકસ રાજયના વતની નથી તેમજ તેઓ તમામે એક જ સમયે અને એક સાથે આશ્રમ છોડેલ નથી.એટલું જ નહી આ તમામ સાહેદો એક જ આશ્રમમાં રહેતા હોવાનું પણ ફલીત થતુ નથી ઉલ્ટાનું સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ સ્ત્રી સાધકો તો મહીલા આશ્રમમાં રહેતી હોવાનું સ્પષ્ટ થાય છે અને સામાન્યત: કોઈપણ મહીલા સાધકો પુરૂષ સાધકો સાથે મળી પોતાના ચારિત્ર તથા પોતાની લજ્જાને છાજે તેવી હકીકત કોર્ટ રૂબરુ જણાવવાનું ઉચિત માને નહી આ સંજોગોમાં આરોપી નં(૧) આશારામજી વિરૂધ્ધ આશ્રમમાંથી કાઢી મુકવામાં આવેલ કે આશ્રમ છોડી ચાલ્યા ગયેલ સાધકો તથા અન્ય ઈસમોની ચઢવણીથી ષડયંત્રમાં સામેલ થયેલ હોવાની તેમજ હાલના ફરીયાદી યાને ભોગબનનારને મદદરૂપ થવા ખોટો પુરાવો આપતા હોવાની હકીકત માની શકાય નહી. જેથી બચાવપક્ષની આ દલીલ ગ્રાહય

રાખી શકાય નહી.

(૧૬૧) બચાવપક્ષ તરફથી સદર ગુનાની તપાસ **ધ્વેશયુકત અને તૃટીઓ ભરેલ કરેલ હોવા અંગે તકરાર લેવામાં આવેલ છે તે અંગે જોતા.**

બચાવપક્ષ ધ્વારા આ સંદર્ભે સૌ પ્રથમ ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૪) થી તપાસવામાં આવેલ શોભાબેન ભુતડાનીની જુબાની તરફ મારુ ધ્યાન દોરી જણાવેલ છે કે, સદર સાહેદે તા. ૬/૧૦/૨૦૧૩ ના રોજ ફરીયાદણ યાને ભોગબનનારની ફરીયાદ નોંધેલ છે. પરંતુ સદર ફરીયાદ વીડીયોગ્રાફી મારફતે લેવામાં આવેલ નથી અને તે રીતે સી.આર.પી.સી.ની કલમ-૧૫૪ (બી) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ કરવામાં આવેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે અને સદર સાહેદે તેઓની ઉલટતપાસના પેરા નં.(૧૦) તેઓને ફરીયાદીની ફરીયાદ લીધી તે વખતે સેકસ સબંધી ફરીયાદ વીડીયોગ્ર ાફીથી નોંધવી પડે તેવી કાયદાકીય જોગવાઈની ખબર ન હોવાનું તેઓની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. સદર સાહેદ ડી.સી.પી. કક્ષાના પોલીસ ઓફીસર હોવા છતા તેઓને કાયદામાં દર્શાવેલ મેન્ડેટરી પ્રોવીઝન ખબર નહી હોવાનું કોઈ જ રીતે સ્વીકારવાપાત્ર નથી.કારણ કે કાયદાનું અજ્ઞાન એ બચાવ નથી. આ અદાલત બચાવપક્ષની એ હકીકત સાથે પુરેપુરી સહમત છે કે સી.આર.પી.સી.ની કલમ-૧૫૪(બી) અન્વયે સેકસ સબંધી બાતમીની નોંધણી વીડીયોગ્રાફી મારફતે જ થવી જોઈએ પરંતુ સદર કામે તેમ થયેલ નથી અને તે એક તૃટી હોવાનું કહી શકાય પરંતુ તે કારણોસર ફરીયાદીની ફરીયાદ ખોટી હોવાનું માની શકાય નહી. વધુમાં બચાવપક્ષના વિધ્વાન વકીલ શ્રીએ આ સંદર્ભે મારુ ધ્યાન ગુજરાત પોલીસ મેન્યુઅલની જુદી જુદી જોગવાઈઓ તરફ દોરી જણાવેલ છે કે સદર કામે તે જોગવાઈઓ મુજબ તપાસ થયેલ નથી અને ફરીયાદપક્ષ તરફથી સાહેદ

નં.(૫૫) તરીકે તપાસવામાં આવેલ તપાસનીસ અધિકારી ડી.બી.રવિયાની ઉલટતપાસમા તેઓએ તે તપાસ સબંધે કરેલ કેટલીક કબુલાતો તરફ અંગુલી નિર્દેશ કરી સદર કામે નિષ્પક્ષ તપાસ થયેલી હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓશ્રીએ ભારતના બંધારણના આર્ટીકલ–૨૧ અન્વયે ફેર ટ્રાયલ આરોપીનો મુળભુત અધિકાર હોવાની પણ દલીલ ગુજારેલ છે. ત્યારબાદ તેઓશ્રીએ સદર કામે સુરતના તત્કાલીન પોલીસ કમિશ્નર રાકેશ આસ્થાનાઓએ સદર કામે બજવેલ ભુમિકા તરફ પણ આ અદાલતનું સવિશેષ ધ્યાન દોરી જણાવેલ છે કે તેઓએ સુરતના હીરાના મોટા વેપારી સવજીભાઈની ભલામણ કરી ભોગબનનારના પતિને નોકરી તથા રહેવા માટે ભાડાનું મકાન પણ અપાવેલ છે. જે હકીકત ફરીયાદણ યાને ભોગબનનાર અને પોલીસ વચ્ચે મેળાપીપણું હોવાનું કહી શકાય. પરંતુ તે હકીકત સાથે આ અદાલત સહમત થતી નથી. કારણ કે જો તેમજ હોત તો ફરીયાદણ યાને ભોગબનનારે તેણીની ઉલટતપાસના પેરા(૯૫) માં આ હકીકત છુપાવેલ હોય.પરંતુ તેમ બનેલ નથી એટલું જ નહી સદર કામે ફરીયાદ સુરત મુકામે લેવામા આવેલ છે. જયારે તેની તપાસ પોલીસ કમિશ્નર અમદાવાદ ધ્વારા સ્થાપિત સીટ ધ્વારા કરવામાં આવેલ છે.એટલું જ નહી સદર કામે ફરીયાદપણ યાને ભોગબનનારની તા. ૬/૧૦/૨૦૧૩ ની ફરીયાદ બાદ તેણીનું તા. ૮/૧૦/૨૦૧૩ ના રોજ ડી.બી. રવિયા ધ્વારા બે વખત તથા તા. ૯/૧૦/૨૦૧૩ અને તા. ૧૭/૧૦/૨૦૧૩ ના રોજ પણ ડી.બી. રવિયા ધ્વારા અને તા. ૧/૧/૨૦૧૪ ના રોજ પી.એસ.આઈ. ટી.એમ. પટેલ ધ્વારા, ત્યારબાદ ફરીથી તા. ૩/૧/૨૦૧૪ ના રોજ ડી.બી.રવિયા ધ્વારા નિવેદન નોંધવામાં આવેલ છે અને ગુના સંદર્ભે જરૂરી પંચનામા કરવામાં આવેલ છે જે હકીકત ધ્યાને લેતાં માત્ર તપાસનીશ અધિકારી ડી.બી. રવિયાનાઓ ધ્વારા જ સમગ્ર  તપાસ કરવામાં આવેલ નથી.આ તબકકે હું એ હકીકત નોંધવાનું

ઉચિત માનુ છુ છે કે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૨૭)થી તપાસવામાં આવેલ ફરીયાદણ યાને ભોગબનનાર તેમજ સાહેદ નં.(૪૩) થી તપાસવામાં આવેલ ફરીયાદણની બહેન પારૂલબેન ઠકકર તથા બચાવપક્ષના સાહેદ નં.(૧) ગીતાબેન હીરપરા આ ત્રણેય સાહેદો સગી બહેનો છે અને તેઓ એક જ કુટુંબના અને સગી બહેનો હોવા છતાં તેઓએ ભિન્ન ભિન્ન પુરાવો આપેલ છે જે હકીકત સુચિત કરે છે કે સીટના સભ્યો (ટીમ) ધ્વારા તેઓની સુઝ તથા સમજણ મુજબ તપાસ કરવામાં આવેલ છે.આમ બચાવપક્ષની એક તરફી તપાસ થયેલ હોવાની હકીકત સ્વીકારવાપાત્ર નથી.

**(૧૬૨) વધુમાં બચાવપક્ષ તરફથી તૃટીઓ ભરેલી તપાસ અંગે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે.**

1. **2017 CR.LJ 4595** (Head note B & C) **Kavinaben Tejasbhai Sayar Vs. State of Gujarat .**

   ઉપરોકત ચુકાદામાં સી.આર.પી.સી. કલમ-૧૫૬ તરફ નિર્દેશ કરી ફેર ઈન્વેસ્ટીગેશન,ફેર ટ્રાયલ તરફ વહન થતુ હોવાના કારણે તેમજ જયાં સુધી ફેર ઈન્વેસ્ટીગેશન ન થાય ત્યાં સુધી ફેર ટ્રાયલ કહી શકાય નહી તેવુ ઠરાવવામાં આવેલ છે.

2. **(2012) 1 SCC (CRI) 717 (Head note B )Kailash Gour And others Vs. State of Assam.**

   ઉપરોકત ચુકાદામાં ક્રિમીનલ જયુરીસપુન્ડન્સના મુળભુત સિધ્ધાંત અન્વયે જયાં સુધી આરોપી દોષિત ન ઠરે ત્યાં સુધી તે નિર્દોષ હોવાના અનુમાન અંગે નિર્દેશ કરવામાં આવેલ છે.

3. **(2018) 3 SCC (CRI) 245 : (2018) 7 SCC 536 (Head note A & B )Kumar Vs. State Represented By Inspector of Police**

ઉપરોકત ચુકાદામાં તપાસ કરનાર ઓથોરીટીએ ફેર રીતે તેમજ સત્યની ક્ષમતા તરફ તપાસ દોરવી જોઈએ તેમ ઠરાવવામાં આવેલ છે.

4. **(2013) 2 SCC (CRI) 427: (2013) 4 SCC 422 (Head note A &B ) Sunil Kundu and Another Vs. State of Jharkand wiht Hira Lal Yadav Vs. State of Jharkhand with Nageshwar Prasad Sah Vs. State Of Jharkhand**

ઉપરોકત ચુકાદામાં ખામી,ગેરકાયદેસર, ક્ષતિઓ ભરેલ તથા અનિયમિત તપાસ ફરીયાદપક્ષના કેસને કેટલી હદ સુધી નુકશાન પહોંચાડી શકે તેમજ તે નિર્દોષ જાહેર કરવા તરફ દોરી જતી હોવા અંગે તેમજ ફરીયાદપક્ષના કેસમાં આવેલ વિરોધાભાસ, અસંગતતા, અતિશયોકિત અથવા શણગાર ફરીયાદપક્ષના કેસના કોડ સુધી જતુ ન હોય ત્યારે અવગણી શકાય.આમ છતાં ફરીયાદ પક્ષના કેસમા મોટી ખામીઓ કે આ ક્ષતિઓના કારણે કરવામાં આવેલ સજા ઉલ્ટાવી નાખવામાં આવેલ તે તરફ અંગુલી નિર્દેશ કરે છે.

5. **2013 (3) G.L.H. 272 Mahadevgiri Mohangiri Goswami Vs. State Of Gujarat.**

ઉપરોકત ચુકાદામાં એપેલન્ટ દેખીતી રીતે નિર્દોષ હોવા છતાં તપાસ કરનાર અમલદારે તેને આરોપી તરીકે ખોટો વર્ણાવી આઠ વર્ષ સુધીની સખત કેદની સજા ભોગવવી પડેલ

તે અંગે નામદાર હાઈકોર્ટ ઘ્વારા ભારે શોક વ્યકત કરવામાં આવેલ છે.

(૧૬૩) ઉપરોકત રજુ થયેલ ચુકાદાઓનો મેં કાળજીપુર્વક અભ્યાસ કરેલ છે અને તેમાં સ્થાપિત રેશીયા સાથે હું સંમત થાઉ છુ. પરંતુ બચાવપક્ષ ઘ્વારા તપાસનીસ અધિકારીની ઉલટતપાસમાં તપાસ સંદર્ભે જે રીતના સુચનો કરવામાં આવેલ છે તે તેમજ ચાર્જશીટ કરવાની સમય મર્યાદા તથા તપાસનીસ અધિકારી પાસેના કામનું ભારણ જોતાં બચાવપક્ષ જણાવે છે તેવી તપાસ કરવામાં ઘણો સમય લાગી જાય અને તેનો અંત પણ કદાચ ન આવે.

(૧૬૪) **આરોપી નં.(૧) આશારામનો સ્ત્રીઓ પ્રત્યેના અભિગમ બાબતે જોવામાં આવે તો :**

**(૧)** આ કામે **સાહેદ નં.૩૧ ઈશ્વરભાઈ નાયકે તેમની આંક–૨૩૯ વાળી જુબાનીના પેરા–૨ માં જણાવેલ છે કે** અમારી ગુજરાત બહાર પહેલી વીઝીટ રતલામ નજીક આવેલ પંચેડ આશ્રમમા થઈ.પંચેડ આશ્રમમા રોજ બપોરે ત્યાના સ્વીમીગ પુલમા શ્નાન કરી દરેક સાધકો ને આશારામ કહેતો હતો કે,આ બ્રહમશ્નાન કરેલુ પાણી છે એને માથે ચઢાવો તો તમને બ્રહમશ્નાનનુ પુણ્ય મળશે.ત્યારબાદ આશારામ છોકરી છોકરાઓ ને જુદા કરી દેતા અને જુવાન છોકરીઓના સ્તન ઉપર પાણીની પીચકારીઓ મારતા.આ જોયા પછી મને વિચાર આવ્યો આ એક વીકૃત માનસ છતુ થાય છે.એ જ વીઝીટ દરમ્યાન એક સાંજે સુરતના એક ઉઘીગપતિ એમના પત્ની જોડે આવેલા.ઉધોગપતિના પત્ની દેખાવડી હતી અને સાંજે આશારામે એને એકલીને કુટીયામા બોલાવેલી.અને એને કહ્યુ કે તુ દયાન કર હું આવુ છુ.આશારામ અડઘા કલાક પછી આવ્યા અને સ્ત્રીની સામે ઉભા રહયા અને લુંગી ઉચી કરી એ સ્ત્રીને મુખ

મૈથુન કરવા કહ્યુ.એ સ્ત્રી ડરી ગઈ ત્યાથી ભાગીને પોતાનો સામાન આશ્રમમા છોડીને એના પતિને લઈ રતલામ સ્ટેશને પહોચેલી.થોડા દિવસ પછી આશ્રમના એક પ્રતિષ્ઠીત સાધક અને પ્રતિષ્ઠીત ઉદ્યીગપતિ કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલને ફોન કરીને એને સુરત બોલાવ્યા અને શ્રી પટેલ સાહેબે મને પણ ફોન કરીને સુરત બોલાવ્યો અમારી ત્રણ ની મીટીગ સુરતમા બેલ્જીયમ ટાવરમા થઈ.સુરતના ઉદ્યીગપતિએ મને અને વિઠ્ઠલભાઈ પટેલને કહેલુ કે,તમને મારી વાતમા જો વિશ્વાસ ન હોય તો હું મારી પત્નીને અત્યારે જ બોલાવુ અને તમે એમના મોઢે સાંભળો.મે નમ્રતા પૂર્વક ના પાડી. અને તે વખતે મારે અને પટેલ સાહેબ જોડે વાત થઈ એક વિકૃત માનસનુ દ્દષ્ટાત છે.આશારામને થોડા વખત પછી ખબર પડી કે,સુરતના ઉદ્યીગપતિએ મને આ વાત જણાવી ત્યારે આશારામે મને જબર જસ્ત ધમકાવ્યો.સદર સાહેદે જુબાનીના પેરા(૧૨) માં જણાવેલ છે કે આશ્રમમાં વ્યવસ્થિત રીતે બે વિભાગ પાડેલા. ઉંમરવાન અનુષ્ઠાન કરવા આવતી બહેનોને એક જગ્યાએ અનુષ્ઠાન કરવા દેતા જયારે જુવાન છોકરીઓને નારાયણ અથવા તો શાંતિવાટીકામાં મોકલવામાં આવતી. અને એમને દિવ્ય શકિત પ્રાપ્ત થાય દિવ્ય અનુભૂતિ થાય તેવી વાતો કરી આશારામ દુષ્કર્મ કરતો.

સદર સાહેદની બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ **ઉલટતપાસમાં** સદર સાહેદે પંચેડ આશ્રમમાં માત્ર પુરુષો માટેનો આશ્રમ હોવાની હકીકત સ્વીકારેલ છે.સદર સાહેદ જે હકીકત જણાવે છે તેના તેઓ પ્રત્યક્ષદર્શી છે.બચાવપક્ષ તરફથી સદર સાહેદની ઉપરોકત કથનો અંગે બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસના પેરા નં.(૪૬) માં સદર સાહેદે પંચેડ આશ્રમમાં આવેલ સ્વીમીંગ પુલ સબંધે તેઓએ જે પુરાવો આપેલ તે અંગે કોઈ સ્પષ્ટ સમય

કે તારીખ પોલીસ રૂબરુના નિવેદનમાં જણાવેલ નથી તેમજતેઓએ સરતપાસના પેરા નં.(૨) માં સુરતના ઉદ્યોગપતિ તેમના પત્ની સાથે આવેલા તે સબંધીત જે વિગતો જણાવેલી છે તેમાં સ્પષ્ટ તારીખ –સમય પોલીસ રૂબરુના નિવેદનમાં જણાવેલ નથી તેમજ તે ઉદ્યોગપતિ અને તેના પત્નીનું નામ, સરનામુ તેઓએ પોલીસ રૂબરુના નિવેદનમાં જણાવેલ નહી હોવાના સુચનનો સ્વીકાર કરેલ છે.ત્યારબાદ સદર સાહેદે તે ઉદ્યોગપતિની પત્નીની સાથે રૂબરુમાં પણ કોઈ વાત નહી થયેલ હોવાનુ સ્વીકારેલ છે. ત્યારબાદ પંચેડ આશ્રમ માત્ર પુરૂષો માટેનો આશ્રમ હોવાનું પણ સ્વીકારેલ છે.પરંતુ બચાવપક્ષ તરફથી પંચેડ આશ્રમમાં આરોપી નં.(૧) આશારામ રોજ બપોરે ત્યાંના સ્વીમીગ પુલમા શ્નાન કરતા ન હતા તે બાબતે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી તેમજસદર સાહેદે તેઓની સરતપાસમાં પેરા(૨) માં ઉદ્યોગપતિની પત્ની સબંધે તેઓએ જે પુરાવો આપેલ છે તે માત્ર આશારામને બદનામ કરવાના ઈરાદેથી ખોટો આપેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. જેથી આ સાહેદની જુબાની નહી માનવા માટે કોઈ કારણ નથી.

(૨) આ કામે **સાહેદ નં.૩૨ તરીકે તપાસેલ મહેન્દ્રસિંહ કિશોરીલાલ ચાવલાએ તેમની આંક–૩૪૫ વાળી** જુબાનીના પેરા–(૧૨) માં જણાવેલ છે કે આશારામનો સત્સંગ થતો ત્યારબાદ પ્રસાદ વહેચવાનુ કામ થતુ. ઢેલ અને બગલો પ્રસાદ વિતરણનુ કામ સંભાળતા હતા. જો પ્રસાદ વિતરણ દરમ્યાન આશારામને કોઈ છોકરી પસંદ આવે તો તેના પર આશારામ ફળ ફેકતા હતા. જે છોકરીને ફળ વાગતુ તેથી ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરીને આશારામની કુટીયામાં મોકલવાની છે. રાતના જમ્યા બાદ આશારામ રાઉન્ડમાં નીકળતા તે વખતે બધી છોકરીઓ પર ટોર્ચનો પ્રકાશ ફેકતા હતા અને જે

છોકરી તેમને પસંદ આવે તેના પર ટોર્ચથી ડીપર કરતા હતા. ત્યારે ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરી આશારામને પસંદ આવેલી છે તેને આશારામની કુટીયામાં મોકલવાની છે. ત્યારબાદ ઢેલ અને બગલો તે છોકરીને સમજાવી પટાવીને આશારામની કુટીયામાં મોકલતા હતા. સદર સાહેદે તેમના સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનમાં પણ પ્રસાદ વિતરણ દરમ્યાન આશારામને કોઈ છોકરી પસંદ આવે તો તેના પર આશારામ ફળ ફેકતા હતા તેવી હકીકત જણાવેલી છે. આમ સદર સાહેદ પણ તેઓ જે હકીકત જણાવે છે તેના પ્રત્યદર્શી સાહેદ છે.

સદર સાહેદની બચાવપક્ષ ધ્વારા કરવામાં **ઉલટતપાસના** પેરા (૩૮) માં સદર સાહેદે કઈ છોકરીઓને આશારામની કુટીયામાં લઈ ગયેલા તેના નામ, સરનામા અને સમય તેઓએ તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં તથા કલમ–૧૬૪ ના નિવેદનમાં નહી લખાવેલ હોવાનું સ્વીકારેલ છે જો કે સદર સાહેદે આશારામ સામે આક્ષેપ કરવા છોકરીઓની વિગત ખોટી રીતે ઉભી કરેલ હોવાની તેમજ સદર વિગત તેઓ આજરોજ કોર્ટમાં પ્રથમવાર જણાવતા હોવાના સુચનનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ સદર સાહેદે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ પેરા(૪૭) માં કબુલ કરેલ છે કે તેઓએ તેમના પોલીસ રૂબરુના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, '' ઢેલ અને બગલો પ્રસાદ વિતરણનું કામ કરતા હતા '' તેમજ રાતના જમ્યા બાદ આશારામ રાઉન્ડમાં નીકળઈતા હતા તે વખતે બધી જ છોકરીઓ ઉપર ટોર્ચનો પ્રકાશ ફેંકતા હતા અને જે છોકરીઓ તેમને પસંદ આવે તેના પર ટોર્ચથી ડીફર કરતા હતા ત્યારે ઢેલ અને બગલો સમજી જતા કે આ છોકરી આશારામને પસંદ આવેલ છે અને તેને આશારામની કુટીયામાં મોકલવાની છે.

(૩) આ કામે **સાહેદ નં.૪૬ તરીકે તપાસેલ સાહેદ સરોજબેન અમૃતલાલનાએ તેમની આંક–૪૩૫ વાળી** જુબાનીના પેરા (૨) માં જણાવેલ છે કે હુ દિલ્હીથી પાછી આવતી હતી ત્યારે રેવાડી ગયેલી. તે વખતે સને ૨૦૦૦નો ઉનાળાનો સમય હતો. રેવાડીમાં સતસંગ હતો અને મહિલા માટે રહેવાની વ્યવસ્થા કરેલી હતી હુ ત્યા રોકાયેલી. સતસંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતો. હુ આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યા રાતના સમયે મને કહેવામાં આવેલુ કે આશારામ તને ધ્યાન માટે બોલાવે છે. મને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. હુ આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ઢેલ સાથે ગયેલી. રાતના નવ થી દસનો સમય હતો. હુ આશ્રમના એન્ટ્રી પર પહેલા બેસેલી ત્યારબાદ મને બાથરૂમમાં લઈ ગયેલા અને મને બાથરૂમમાં બંધ કરી દીધેલી. બાથરૂમમાં અંધારૂ હતુ. મને થયેલુ કે મને આશારામ પાસે લઈ જવાના હતા અહી શા માટે લાવ્યા? તે વખતે ત્યા આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહેલુ કે આની સાથે જાઓ ત્યારબાદ લાલાભાઈ મારો હાથ પકડીને મને લઈ ગયેલા. તેઓ મને આશારામ પાસે લઈ ગયેલા. આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેમણે મારા માતા–પિતા અને ભાઈ બહેન વિશે પુછેલુ. તેમણે મને તમારે કેટલી મીલકત છે તેવુ પણ પુછેલુ. આશારામે મને ત્યા નીચે બેસી જવા કહેલુ તેથી હુ નીચે બેસી ગયેલી. હુ આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે મારા સ્તન પર હાથ ફેરવેલા. મે કહેલુ કે બાપુજી આ શુ કરો છો? તેમણે ધોતી ઢીલી કરેલી અને મને કહેલુ કે મારા ગુપ્તાંગને ચુસી લે. મે ના પાડેલી. ત્યારે આશારામે મારા વાળ પકડી જબરજસ્તીથી મારૂ મોઢુ તેમના ગુપ્તાંગને અડાવેલુ. મે કહેલુ કે બાપુ આ ગલત

છે આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહી કોઈ આવશે નહી હુ કહુ તેવુ કરો. ત્યારબાદ આશારામ મને પકડી રૂમની અંદર લઈ ગયેલા અને મને પલંગ પર ધકકો મારી પાડી દીધેલ. ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી. મે તેમના ગુપ્તાંગ પર લાત મારેલી અને ત્યાથી ભાગી ગયેલી.ત્યારબાદ સદર સાહેદે આશારામે તેણીના વાળ પકડીને તેનું ગુપ્તાંગ જબરજસ્તીથી તેણીના મોઢામાં નાખેલ હોવાનું જણાવેલ છે.આમ સદર સાહેદ પોતે જાતે જ ભોગ બનનાર છે.

બચાવપક્ષ તરફથી સદર સાહેદની જે **ઉલટતપાસ** કરવામાં આવેલ છે તેમાં તેઓએ તેમની સરતપાસમાં '' તે વખતે ૨૦૦૦ નો ઉનાવાળાનો સમય હતો. રેવાડીમાં સત્સંગ હતો અને મહીલા માટે રહેવાની વ્યવસ્થા કરેલી હતી. તેણી ત્યાં રોકાયેલી. સત્સંગ અને આશારામનો આશ્રમ એકબીજાથી દુર હતા તેણી આશારામના આશ્રમમાં પણ ગયેલી. ત્યાં રાતના સમયે તેણીને કહેવામાં આવેલુ કે આશારામ તેણીને ધ્યાન માટે બોલાવે છે. તેણીને ઢેલ નામની સ્ત્રીએ આ વાત કરેલી. તેણી આશારામ ધ્યાન કરાવશે તેવુ સાંભળી ખુશ થઈ ગયેલી અને ઢેલ સાથે ગયેલી. રાતના નવથી દસનો સમય હતો. તેણી આશ્રમની એન્ટ્રી પર બેસેલી ત્યારબાદ તેણીને બાથરૂમમાં લઈ ગયેલા અને તેણીને બાથરૂમમાં બંધ કરી દીધેલી.બાથરૂમમાં અંધારુ હતુ. તેણીને થયેલુ કે મને આશારામ પાસે લઈ જવાના હતા . અહીં શા માટે લાવ્યા ? તે વખતે ત્યાં આશારામનો રસોઈયો લાલાભાઈ આવેલા. ઢેલે કહ્યુ કે આની સાથે જાઓ. ત્યારબાદ લાલાભાઈ તેણીનો હાથ પકડીને તેણીને આશારામ પાસે લઈ ગયેલા. આશારામ રૂમની બહાર ખુરશી પર બેઠા હતા. તેઓએ તેણીને તેણીના માતા–પિતા અને ભાઈ–બહેન વિશે પુછેલુ. તેણીને તેમને તમારે કેટલી મિલકત

છે તેવુ પણ પુછેલુ. આશારામે તેણીને નીચે બેસી જવા કહેલુ. જેથી તેણી નીચે બેસી ગયેલી. તેણી આશારામના પગ પાસે બેસી ગયેલી. આશારામે તેણીના સ્તન ઉપર હાથ ફેરવેલા. તેણીએ કહેલુ કે બાપુજી આ શું કરો છો ? તેમની ધોતી ઢીલી કરેલી અને તેણીને કહેલુ કે મારા ગુપ્તાંગને ચુસી લે. તેણીએ ના પાડેલી ત્યારે આશારામે તેણીના વાળ પકડી જબરજસ્તીથી તેણીનું મોઢું તેમના ગુપ્તાગને અડાડેલુ. તેણીને કહેલુ કે બાપુ આ ગલત છે આવુ ના કરો કોઈ આવી જશે. આશારામે કહેલુ કે અહીં કોઈ આવશે નહી. હું કહુ તેવુ કરો. ત્યારબાદ આશારામ તેણીને પકડીને રૂમની અંદર લઈ ગયેલા અને પલંગ ઉપર ધકકો મારી પાડી દીધેલ. ત્યારબાદ આશારામે તેમની ધોતી કાઢી નાખેલી અને તેણીએ તેમના ગુપ્તાંગ ઉપર લાત મારેલી અને તેણી ભાગી ગયેલી. તેણી ભાગતી હતી તે વખતે રસોઈયા લાલાભાઈ અને સિકયોરીટી દેવેન્દ્રભાઈને જોયેલા.તેઓએ તેણીને જોયેલ કે નહી તેની તેને માહિતી નથી. તેણી ભાગીને સીધી બહાર રોડ ઉપર આવી ગયેલી.ત્યાં એક ટ્રકવાળો ઉભેલો હતો અને બે સ્ત્રીઓ કે જે મુંબઈની હતી તે ત્યાં હાજર હતી તેમની સાથે બેસીને તેણી તેઓ જયાં રોકાયેલ ત્યાં હોલ ઉપર આવી ગયેલી. સદર હકીકત ખોટી હોવાની જણાવતી હોવાનો તેણીએ ઈન્કાર કરેલ છે. તેમજ રેવાડી સ્થળ ઉપર આશારામનો સત્સંગનો કોઈ પોગ્રામ ન હોવાનો સુચનનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ સદર સાહેદણે તેણીના ઉલટ તપાસના પેરા(૧૫) માં તેણીની સરતપાસમાં જણાવેલ '' આશારામે તેણીના વાળ પકડીને તેનું ગુપ્તાંગ જબરજસ્તીથી તેણીના મોઢામાં નાખેલુ'' હોવાની હકીકત તેણીની સરતપાસમાં ખોટી જણાવેલ હોવાના સુચનનો પણ ઈન્કાર કરેલ છે.ત્યારબાદ સદર સાહેદણે તેણીની ઉલટ તપાસના પેરા(૨૨) માં તેણી જણાવે છે તેવો કોઈ બનાવ રેવાડી મુકામે બનેલ નહી હોવાની હકીકત ખોટી હોવાનું જણાવેલ છે તેમજ રેવાડી

મુકામે તેણીને આશારામ અને તેમના માણસો વિરૂધ્ધ કોઈ ફરીયાદ લખાવેલ ન હોવાનું અને તા. ૯/૧૧/૨૦૧૩ ના નિવેદનમાં તેણીએ એવુ લખાવેલ છે કે મારે હાલમાં કોઈ ફરીયાદ કરવી નથી તે હકીકતનો તેણીએ પોતાની સ્વેચ્છાએ સ્વીકાર કરેલ છે. જો કે ત્યારબાદ તેણીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપતી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૪) આ કામે સાહેદ **નં.૩૭ તરીકે તપાસેલ સાહેદ તૃપ્તીબેન રાકેશભાઈ પટેલે તેમની આંક-૩૭૨ વાળી** જુબાની દરમિયાન ફરી ગયેલા જાહેર થયેલ છે તેમ છતાં સદર સાહેદે જયુડીશીયલ મેજીસ્ટ્રેટ આપેલ સી.આર.પી.સી. ૧૬૪ નું આંક-૩૭૩ થી રજુ થયેલ નિવેદનમાં નીચે મુજબ જણાવેલ છે.

**'' એ જ દિવસને રાત્રે પવલો કરીને એક રસોઈઓ હતો તે મને બોલાવવા આવેલો કે બાપુ બોલાવે છે તે સમયે રાત્રે દશ વાગ્યાનો સમય હતો. તે વખતે આશારામનું નિવાસસ્થાન આશ્રમમાં જયાં સત્સંગ પંડાળની બાજુમાં જ કુટીયા હતી, આજે નથી ,ત્યાં મને બોલાવવામાં આવી,લઈ જવામાં આવી પછી મને સીધુ આશારામના રૂમમાં બેસાડી દેવામાં આવેલ. આ કામ પવલાએ કરેલુ.કલાક બાદ આશારામ આવેલા અને મારી સંપૂર્ણ વિગતો પુછેલી અને મે જપધ્યાનમાં ઈશ્વરીયપ્રાપ્તિ કરવી છે અને અહી રહેવાની પરવાનગી આપો અને મેં તેને વાત કહેલ કે મારે તમારી સેવા સાધના આશ્રમમાં કરવી છે અને મને કહેલુ કે મારા પગ દબાવ અને હું પગ દબાવતી હતી ત્યારે મારા માથા પર હાથ ફેરવ્યો, ધીરે ધીરે છાતી પર , મારા નીચેના ભાગે પણ હાથ ફેરવ્યો તેથી હું બહુ જ ગભરાઈ ગઈ કે આ બધુ શું થઈ રહયુ છે ? અને તેણે કહયુ કે આ શકિતપાતની ક્રિયા છે. ગુરુ શકિતપાત કરે તો જ શિષ્ય આગળ વધી શકે. પછી**

તેમણે મને નીચેના કપડા કાઢવાનું કહ્યુ પછી મેં નીચેનું મારી જાતે કાઢ્યુ પણ હુ ગભરાઈ ગયેલી પછી તેણે મને સુવડાવવાની કોશિષ કરી ,મેં તેને હું આવુ નહી કરુ શકુ એવુ જણાવતા તેણે મને કહ્યુ કે હું તને મહાન વકતા બનાવીશ. પછી મેં ના પાડી કે આ શું કરો છો ? મારે તો સાધના કરવી છે એટલે તેણે કહ્યુ કે ચલ તુ તો પરીક્ષામાં પાસ થઈ ગઈ. તુ કોઈ છોકરામાં ફસાઈ એવી નથી. આથી તું વકતા બનશે અને તુ લાખો લોકોમાં જશે તો બી તું ફસાય નહી. આથી વકતા બનવા માટે તુ જો મારુ નીચેનું ચુસશે તો જ સારા વકતા બનવાની શકિત, વાકશકિત ખીલશે તેથી જેવુ મેં ગુરુ આજ્ઞા સમજીને મોઢામાં લીધુ તો મને ઉબકા આવતા આવતા મને ઉલ્ટી થઈ ગઈ અને તેની ચાદર ગાદલા બગડી ગયેલ.તેણે કહેલ કે તુ ઉપર જતી રહે.તેણી ઉપર ગઈ તો ત્યાં પદમાબેન બેસેલા જોયા. તેની સાથે બીજી પણ છોકરી હતી,નામ યાદ નથી, તેની ઉંમરમાં નાની હતી. પછી હુ ઉપર જ રહી ત્યારે પદમાબેન મને કહેવા લાગેલા કે હું તને મારી સાથે લઈ જઈશ. બાપુ તને સારી વકતા બનાવવા માંગે છે. પદમાબેનને મે બધુ જણાવેલુ.તેણીએ કહ્યુ કે કાંઈ વાંધો નહી આ તો તારી ઉપર શકિતપાત થયો. તુ ખુબ જ નસીબદાર છે સવારે મને પદમા આશ્રમમાં લઈ ગઈ અને આ ઘટના પછીપદમા જે આજુબાજુના સેન્ટરોમાં જતી હતી ત્યાં મને સાથે લઈ જતી કારણ કે બાપુએ પદમાને મને ટ્રેન કરવાનુ કહેલ હતુ. પછી એક વર્ષ પછી હું પદમા સાથે જ પાછી કુટીયામાં બોલાવેલી હોઈ ગયેલી હતી. આ સમય ગાળા દરમ્યાન હું આશ્રમની કાયમી સાધીકા બની ગઈ હતી. તેણે મને અંદર બોલાવીને કહ્યુ કે તુ હવે સત્સંગ કરવાનું ચાલુ કરી દે અને તારે પણ પદમાના પ્રવચન પછી દશ મીનીટ મારા અનુભવો વિશે બોલીને પ્રેકટીસ કર અને તુ સફળ થઈશ એમ કહીને ફરીથી ત્યારે મને ઓરલ સેકસ કરવાનું કહેલ અને તેણે કહ્યુ કે આ કરશે તો પદમા કરતાં પણ આગળ વધશે. ગુરૂ આજ્ઞા સમજી, શકિતપાતની ક્રિયા સમજી મે ફરીથી મોઢામાં લીધુ, પાંચેક મીનીટ કર્યુ ખરા, પણ મને ફરીથી ઉબકા આવવા લાગ્યા એટલે તેણે મને સામે બેસી જવા કહ્યુ અને પછી પદમા મારી જ સામે પોતાની

**ધોતી ઉંચી કરી આશારામ સાથે સેકસ કરતાં મેં જોયેલી અને આ કરતા કરતાં આશારામે કીધેલુ કે એટલે જ પદમા આટલી બધી પાવરફુલ છે તુ તો જરાક મોઢ ામાં પણ લઈ શકતી નથી. તુ બોમ્બેની છોકરી છુ અને સેકસ વિશે આટલી પણ ખબર નથી પછી ચાલુ સેકસમાં તેણે મને કહેલુ કે તારે આવવુ છે ? ત્યારે મેં ના પાડી દીધેલી કે મારાથી આવુ નહી થાય ત્યારે તેણે કહ્યુ કે સારુ ઉપર જઈને બેસ. પછી બે કલાક પછી પદમા ઉપર રૂમમાં આવી મને સમજાવવા લાગી કે આ શકિતપાતની ક્રિયા છે આનાથી મુલાધાર ચક્ર વિકસીત થાય અને શકિત ઉપરના કેન્દ્રોમાં જાય એટલે તે વખતે મને એમ હતુ કે આ કોઈ દિવ્ય ક્રિયા છે. આશારામ નવી છોકરીઓ આવ તો જુની છોકરીઓને બોલાવતા નહી. પછી નવી છોકરીઓનો જ નંબર લાગે.**

**જે છોકરીઓને આ વસ્તુ/બાબત ન ગમી તે આશ્રમથી અલગ થઈ પોતાના સંસારમાં સેટ થઈ ગઈ. જો આ બાબતે કોઈ બોલવાની કોશિષ કરે તેવુ લાગે તો તેને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળતી અને તેના માતા પિતાને બધાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ અપાતી.**

સદર સાહેદણે તેણીની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ **ઉલટતપાસના** પેરા-(૬૧) માં તેણીને સુરતના મેજીસ્ટ્રેટની ચેમ્બરમાં સવારના પોણા દસ વાગે લઈ જવામાં આવેલ જયાં તેણીએ પ્રતિજ્ઞા ઉપર તેણીનું નિવેદન લખાવેલુ. આ નિવેદન મેજીસ્ટ્રેટશ્રીએ તેણીના લખાવ્યા મુજબ નોંધેલુ અને તેણીએ આંક-૩૭૩ વાળુ તેણીનું નિવેદન વંચાવવામાં આવતાં તેના પ્રથમ

ત્રણ ચાર પાનાની વિગતો તેણીને યાદ નહી હોવાનું અને તે સિવાયની નિવેદનની બાકીની તમામ હકીકતો તેણીએ લખાવેલી અને તે સાચી હોવાનું તેમજ તેણી જે રીતે બોલતી હતી તે મુજબ મેજીસ્ટ્રેટશ્રી તેણીનું નિવેદન નોંધતા હતા અને તેણીનું સમગ્ર નિવેદન નોંધ્યા બાદ તેણીને તે વાંચી સંભળાવેલ અને તેણીએ તેમાંની વિગત ખરી હોવાનું તેમજ તે નિવેન પર તેણીની દશેક પાને સહીઓ કરેલ હોવાનું સ્વીકારેલ છે.

(૧૬૫) આ ઉપરાંત ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલા અન્ય સાહેદોએ પણ આશારામના ચારિત્ર વિશે જણાવેલ છે. પરંતુ તે હકીકત તેઓએ સાંભળેલી હોઈ તેની હું વિગતવાર ચર્ચા કરવાનું ઉચિત માનતો નથી.

(૧૬૬) **વધુમાં, બચાવપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ઓથોરીટીઓઝમાં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

**(1) AIR 1984 SC 1622 (1)**
**Sharad Biridhichand Sarda Vs. State Of Maharashtra**

સદર ચુકાદામાં ભોગબનનારના નજીકના સબંધી અતિશયોક્તી અથવા વધારાની હકીકતો જણાવતા હોવાની વૃત્તી ધરાવતા હોઈ તેઓના પુરાવાને ખાસ કાળજી તેમજ સાવધાની રાખીને તપાસવા અંગે ઠરાવવામાં આવેલ છે.

**(2) 2014(2) AICLR 437 : 2014(27) R.C.R. (Criminal) 657**
**Chandan Giri Vs. State of West Bengal**

સદર ચુકાદામાં ભોગબનનાર છોકરીને એપેલેન્ટ દ્વારા ડીટેન કરવામાં

આવેલ હોવાનો કોઇ સકારાત્મક પુરાવો આવેલ ન હોઇ તેમજ સી.આર.પી.સી. કલમ- ૧૬૪ મુજબનુ નિવેદન Substantive piece of evidence ના હોઇ તેમજ બનાવના ૪૯ દિવસના વિલંબ બાદ એફ.આઇ.આર. આપવામાં આવેલ હોઇ તેમજ મેડીકલ એવીડન્સ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતો ન હોઇ સજાના હુકમને રદ બાતલ ઠરાવવામાં આવેલ હોવાનો નિર્દેશ મળે છે.

**(3) 2013(3) GCD 1687 : 2013(8) R.C.R. (Criminal) 2465**
**State of Gujarat Vs. Patel Babu Dungerbhai**

સદર ચુકાદામાં આશરે સાત માસ જેટલા વિલંબ બાદ એફ.આઇ.આર. આપવામાં આવેલ હોઇ અને તે અંગેનો કોઇ સંતોષકારક ખુલાસો પણ કરવામાં આવેલ ન હોઇ તેમજ ફરીયાદપક્ષ દ્વારા નજરે જોનાર સાહેદોને તપાસવામાં આવેલ ન હોવાથી તેમજ આરોપી અને ભોગબનનારને એક સાથે કોઇએ જોયેલ ન હોવાથી ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીને શંકાનો લાભ આપવામાં આવેલ તે યોગ્ય હોવાનું ઠરાવવામાં આવેલ છે.

**(4) 2011 AIR (SCW) 3104**
**Bhaiyamiyan @ Jardar Khan and another Vs. State of Madhya Pradesh**

સદર ચુકાદામાં ભોગબનનાર પોલીસ સ્ટેશને ફરીયાદ / રીપોર્ટ આપવા ગયેલ પરંતુ તે સમયે ત્યાં કોઇ હાજર ન હોઇ તેણી બીજા દીવસે પોલીસ સ્ટેશન ગયેલ હોવાનો ખુલાસો સંતોષકારક ન હોઇ તેમજ તેની ઉપર રેપ થયેલ હોવાનું સુચવતો કોઇ જ પુરાવો ન હોઇ સજાનો હુકમ રદ કરવામાં

આવેલ હોવાનો નિર્દેશ મળે છે.

**(5) 2010(12) SCC 155**
**Abbas Ahmad Chaudhary Vs. State of Assam**

સદર ચુકાદામાં ભોગબનનારે તેણીના સી.આર.પી.સી. કલમ- ૧૬૪ ના નિવેદનમાં બે આરોપીઓએ તેણીની ઉપર બળાત્કાર ગુજારેલ હોવાનો અને ત્રીજા આરોપીએ માત્ર હાથ પકડેલ હોવાનું જણાવેલ જ્યારે કોર્ટ સમક્ષની જુબાનીમાં ત્રણેય આરોપીઓના નામ આપેલ હોઇ ત્રીજા આરોપીની સજા રદ કરવામાં આવેલ હોવાનો નિર્દેશ મળે છે.

**(6) 2013(4) Cri. CC 300 : 2014(8) R.C.R. (Criminal) 1061 : 2013(3) Cri. L.R.(Raj.) 1303**
**Virendra Singh Vs. State of Rajasthan**

સદર ચુકાદામાં બળાત્કારના કેસમાં ભોગબનનાર એકલીની જુબાની ઉપર આધાર રાખી સજા કરી શકાય પરંતુ ભોગબનનારની જુબાની સુસંગત તથા સંભવીત હોવાનું અને તેને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જોઇએ તેમ ઠરાવવામાં આવેલ છે. પરંતુ જો ભોગબનનારની જુબાની સુસંગત તથા સંભવીત નહી હોવાનું તેમજ બીજા અન્ય પુરાવાથી તેને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તો તે કારણે કરવામાં આવેલ સજાનો હુકમ રદ કરવામાં આવેલ હોવાનો નિર્દેશ મળે છે.

**(7) Criminal Appeal No. 106 of 1970, Supreme Court of India**
**Ram Kishan Singh Vs. Karmit Kaur and another**

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

સદર ચુકાદામાં સી.આર.પી.સી. કલમ- ૧૬૪ ના નિવેદનનો કોન્ટ્રાડીક્શન તથા કોરોબ્રેશન માટે ઉપયોગ કરી શકાય પરંતુ તે Substantiv evidence નહી હોવાનું ઠરાવવામાં આવેલ છે.

**(8) 2009(2) Crimes 156 : 2009 ALL MR (Cri) 359 2008(4) Mh.L.J (Cri.) 419 2008(24) R.C.R. (Criminal) 902**
**Shivaji Gaonkar Vs. State (Quepem Police Station)**

સદર ચુકાદામાં સી.આર.પી.સી. કલમ- ૧૬૪ મુજબના નિવેદનનો એવીડન્સ એક્ટની કલમ- ૧૪૫ અન્વયે માત્ર કોન્ટ્રાડીક્શન અથવા કલમ-૧૫૭ મુજબ કોરોબ્રેશન માટે જ ઉપયોગ થઇ શકે તેમ ઠરાવવામાં આવેલ છે. અને ટ્રાયલ કોર્ટ દ્વારા આ નિવેદનનો સજાના તારણોમાં આધાર રાખવામાં આવે તે ખોટુ હોવાનું ઠરાવી સજાનો હુકમ રદ કરવામાં આવેલ હોવાનો નિર્દેશ મળે છે.

**(9) 1992 CriLJ 2080 : 1992 Cri. L.R. (Guj.) 269**
**Koli Jaga Rana Vs. State of Gujarat**

સદર ચુકાદામાં ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષની હતી અને તેણી મજુરીકામ કરતી હતી અને તેણીના કેસમાં તેણીએ બનાવ સમયે એટલે કે દુષ્કર્મ વખતે પ્રતિકાર કરેલ હોવાનો કોઇ જ પુરાવો મળી આવેલ ન હોઇ તેમજ તેણીની ઇચ્છા વિરૂધ્ધ બળજબરી પુર્વક ઇન્ટરકોસ કરવામાં આવેલ હોવાનું વ્યાજબી શંકાથી પુરવાર થતું ન હોય સજાના હુકમને રદબાતલ ઠરાવવામાં આવેલ.

**(10) 2012(3) ECrC 234**
**Narendra Kumar Vs. State (NCT of Delhi)**

સદર ચુકાદામાં જો ભોગબનનાર સરળ ગુણો ધરાવતી હોય તો તેણીને

તેણીની ડીગ્નીટી પ્રોટેક્ટ કરવાનો તેમજ દરેક અથવા બધી વ્યક્તિ વિરૂધ્ધ સેક્સ્યુલ ઈન્ટરકોસનો ઈન્કાર કરવાનો હક્ક કે અધિકાર હોવાનું તેમજ ફરીયાદપક્ષ બચાવપક્ષની નબળાઇ દ્વારા પોતાનો કેસ સાબીત કરી શકે નહી તેમ ઠરાવવામાં આવેલ છે.

**(11) 2005(1) Mh.L.J. 371**
**Orsu Venkat Rao Vs. State of A.P.**

સદર ચુકાદો ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૩ ના અર્થઘટન અંગે નિર્દેશ કરે છે.

**(12) Criminal Appeal No. 204 of 2021**
**Vishnu Vs. State of U.P.**

સદર ચુકાદામાં ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ભરવાડા ભોગીનભાઈ હીરજીભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા માનવામાં આવેલ નહી હોવાનો નિર્દેશ મળે છે

## (૧૬૭) સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :

સદર કામે ફરીયાદપક્ષ ધ્વારા પંચ સાહેદ નં.(૧) થી (૪) ,(૬) તથા (૮) થી (૧૧) ની જુબાની થકી ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પંચનામાની મહત્વની હકીકત સાબિત કરવામાં આવેલ છે. તેવી જ રીતે ફરીયાદણ યાને ભોગબનનારના આંક–૨૭૮ ના પુરાવાથી આંક–૨૭૯ થી રજુ થયેલ ફરીયાદ,ફરીયાદણના સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબના આંક–૨૮૩ વાળા નિવેદનની હકીકત પણ સાબિત કરવામાં આવેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(૪૭) થી તપાસવામાં આવેલ પી. એસ.આઈ. ટી.એમ. પટેલની આંક – ૪૫૫ વાળી જુબાની થકી ફરીયાદણ

યાને ભોગબનનારના તા. ૧/૧/૨૦૧૪ ના વધારાના નિવેદનની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે.વધુમાં ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.(પર) થી તપાસવામાં આવેલ કૃષ્ણદેવસિંહ જાડેજાની આંક–પ૩૧ ની જુબાની થકી સાહેદ દેવેન્દ્ર પ્રજાપતિ અને સાહેદણ જાનકીબેનના નિવેદનની હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ છે તેમજ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(પ૪) થી તપાસવામાં આવેલ ડો.કાનન દેસાઈની આંક–૩પ૦ વાળી જુબાની થકી (૧) સાહેદ તૃપ્તીબેન પટેલ (૨) સાહેદ રાકેશભાઈ પટેલ (૩) સાહેદ પ્રજ્ઞેશ ઉર્ફે લાલાભાઈ પારેખ,(૪) સાહેદ ગોપીબેન પટેલ (પ) જીજ્ઞેશ પટેલ તથા (૬) અરવિંદ પટેલનાઓએ તેઓના નિવેદનમાં જણાવેલ હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ છે.તેવી જ રીતે સાહેદ નં.(પપ) તરીકે તપાસવામાં આવેલ તપાસનીસ અધિકારી ડી. બી. રવિયાની આંક–પ૭ર વાળી જુબાની થકી ફરીયાદણના તા.૮/૧૦/૨૦૧૩ ના બંને નિવેદન તથા તા. ૧૭/૧૦/૨૦૧૩ તથા તા. ૩/૧/૨૦૧૪ વધારાના નિવેદનની હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ છે. સદર કામે આશરે ૧ર વર્ષના લાંબા સમયગાળા બાદ ફરીયાદ આપવામાં આવેલ હોઈ ૧ર વર્ષ પુર્વેના મેડીકલ કે એફ.એસ.એલ. એવીડન્સ મળી આવે નહી તે સ્વાભાવિક ગણી શકાય. સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં(૧૪) તરીકે તપાસવામાં આવેલ ડો. શૈલેષભાઈ પટેલની આંક–૧૯૭ વાળી જુબાની ઘ્યાને લેતાં આરોપી નં.(૧) વીર્ય અને ગ્લાસવોશની તપાસ માટે તૈયાર ન હતા તેમજ તેઓએ હસ્તમૈથુન કરી વીર્ય આપવાની નામરજી દર્શાવેલ છે એટલું જ નહી તે માટે ડોપલર ટેસ્ટ કરાવવાનો પણ ઈન્કાર કરેલ છે. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૭) થી તપાસવામાં આવેલ ડો.ક્રિપા પટેલના પુરાવા મુજબ આરોપી નં.(૧) નાઓએ રીજીસ્કેન ટેસ્ટ કે જે પેનાઈલ ડોપલર તપાસ

માટે તેઓને સમજાવેલ હોવા છતાં તેઓ સંમત થયેલ નથી તેમજ ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૮) થી તપાસવામાં આવેલ ડો.હેતલબેન પટેલના જણાવ્યા અનુસાર પેનાઈલ કલર ડોપલરની તપાસ માટે રેડીયોલોજી વિભાગમાં રીફર કરતાં તેઓએ તે તપાસ માટે અસંમતિ દર્શાવેલ છે અને લેખિતમાં સંમતિ આપેલ નથી. તેવી જ રીતે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.(૧૯) થી તપાસવામાં આવેલ ડો.નિકુંજભાઈ બેન્કરના જણાવ્યા અનુસાર તેઓ સમક્ષ તેઓને પેનાઈલ ડોપલરની તપાસ માટે રીફર કરવામાં આવેલ હોવા છતાં તેઓએ સંમતિ આપેલ નહી હોવાનું જણાવેલ છે. આમ આરોપી નં.(૧) આશારામે તબીબી પરીક્ષણમાં પણ સહકાર કે સંમતિ આપેલ નથી એટલું જ નહી બચાવપક્ષ ધ્વારા તેઓ સંભોગ કરવા માટે સક્ષમ ન હતા તેવો કોઈ બચાવ પણ લેવામાં આવેલ નથી.

વધુમાં સદર કામે એકમાત્ર <u>ફરીયાદણ પોતે જ ભોગબનનાર</u> છે અને કહેવાતા દુષ્કર્મના બનાવના કોઈ નજરે જોનાર સાહેદ નથી. અન્ય સાહેદોનો પુરાવો સાંભળેલી હકીકતો ઉપર આધારીત હોઈ તેઓના પુરાવાની વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી. વધુમાં સદર કામે બચાવપક્ષના સાહેદોના પુરાવાનું મુલ્યાંકન ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીમાં જ વણી લેવામાં આવેલ છે.

**(૧૬૮) જો કોઈ મહીલા (સ્ત્રી) ૧૨ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ પોતાની સાથે દુષ્કર્મ થયેલ હોવાનું અદાલત સમક્ષ જણાવે કે તેવુ કથન કરે તો તે હકીકત કે કથન અદાલતે સત્ય હોવાનુ માની લેવાનું નથી કે તેવુ કોઈ અનુમાન પણ કરવાનું નથી. કારણ કે તે કારણે કોઈની જીંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય છે તેમજ કયારેક જેલનો પણ સામનો કરવો પડતો હોય છે. જેથી તેણે નાની સુની વાત ગણી શકાય નહી કે તેને હળવાશથી પણ લઈ શકાય નહી. કારણ કે, તેવા ખોટા આક્ષેપો કે નિવેદનોને કારણે તે**

**આક્ષેપોનો સામનો કરનાર વ્યકિત જ નહી પરંતુ તેનું સમગ્ર કુટુંબ હચમચી ઉઠતુ હોય છે. આમ ભોગબનનારના નિવેદનમાં કેટલી સત્યતા છ તેની પણ અદાલતે ચકાસણી કરવાની હોય છે. વધુમાં આ અદાલત એવુ દ્રઢ પણે માને છે કે કોઈને પણ કોઈની જીંદગી કે ભવિષ્ય સાથે ચેડાં કરવાનો કે રમત રમવાનો કોઈ જ હકક કે અધિકાર નથી.ફરીયાદ મોડી આપવાથી તેની વિશ્વસનીયતા ઘટતી હોય છે.આ સંજોગોમાં કયા કારણોસર વિલંબથી ફરીયાદ આપવામાં આવેલ છે તેમજ કોઈએ કોઈને હાથો કે શિકાર બનાવી મલિન ઈરાદાથી ખોટી ફરીયાદ તો આપેલ નથી ને ? તેનો પણ અદાલતે કાળજીપુર્વક અભ્યાસ કરવાનો હોય છે.**

એક તબકકે એવુ માની લેવામાં આવે કે ફરીયાદણ યાને ભોગબનનારે આરોપી નં.(૧) આશારામજીના આશ્રમ વિરૂધ્ધના ષડયંત્રકારીઓ સાથે મળી જઈ ગુનાહીત કાવતરુ રચી હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે તો પણ અન્ય સ્ત્રી સાહેદો જેવા કે (૧) તૃપ્તીબેન (૨) સરોજબેન તથા (૩) વર્ષાબેનનાઓએ તેઓના મેજીસ્ટ્રેટ રૂબરુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના નિવેદનોમાં જણાવેલ હકીકતો તથા કોર્ટ રૂબરુ તેઓએ આપેલ જુબાનીમાં આવેલ પુરાવાની હકીકતોને કેવી રીતે નજર અંદાજ કરી શકાય ? વધુમાં ફરીયાદણ યાને ભોગબનનાર :

(૧) **કહેવાતા બનાવ બાદથી સને– ૨૦૦૭ માં આશ્રમ છોડેલ ત્યાં સુધી** આરોપી નં.(૧) ધ્વારા સ્થાપિત મહીલા આશ્રમમાં આશારામના પ્રભુત્વ તથા ધાક તળે હતા તેમજ તેણીને ધમકી આપેલ હોઈ તે કારણે તેણીએ ફરીયાદ કરેલ નહી.

(૨) **આશ્રમ છોડયા બાદ એટલે કે સને ૨૦૦૭ થી ૨૦૧૩ સુધી** તેણીને આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ફરીયાદ આપવાના વિચારો આવેલ હોવાનું તેણીએ જણાવેલ છે. પરંતુ તેણીએ તેણીની બદનામીની બીકે તેમજ આરોપી નં.(૧) ની મોટી રાજકીય વગ તથા પોલીસ સાથેની ઓળખાણના કારણે ફરીયાદ કરેલ નથી.

(૩) **સને ૨૦૧૩ માં જોધપુર મુકામે બનેલ દુષ્કર્મના બનાવની** આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ફરીયાદ દાખલ થતાં અને તે કામે નિષ્પક્ષ તપાસ તથા કાનુની કાર્યવાહી થતાં અને તેમાં આરોપી નં.(૧) આશારામને નામદાર કોર્ટમાંથી જામીન ન મળતાં તેમજ તેણીના પતિને આ અંગે વાત કરતાં તેઓએ તેણીને સહયોગ આપતા તેમજ તેણીની બદનામીની બીક દુર થતાં તેણીને હિંમત ખુલતાં હાલની આ ફરીયાદ કરેલ છે.

(૪) વધુમાં સામાન્ય રીતે કોઈપણ પરણીત સ્ત્રી પોતાના પતિને લગ્ન અગાઉ તેણીની સાથે બનેલ અઘટીત ઘટના અંગે કહેવાનું યોગ્ય તેમજ ઉચિત માને નહી.આમ છતાં તેણીએ જોધપુર મુકામે આરોપી નં.(૧) આશારામ વિરૂધ્ધ ફરીયાદ થતાં તેણીની બદનામીની બીક દુર થતાં હાલની આ ફરીયાદ કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ તે અન્વયે ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ હું ક્ષમ્ય ગણવાનું માનુ છુ.વધુમાં ફરીયાદણ યાને ભોગબનનારે કોઈ દુષિત કે મલીન ઈરાદાથી ફરીયાદ આપેલ હોવાનું પણ જણાઈ આવતુ નથી.

(૫) આ તબકકે એ હકીકત ખાસ નોંધપાત્ર છે કે ફરીયાદણ યાને ભોગબનનારની આંક–૨૭૯ વાળી ફરીયાદ ફરીયાદણના

સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના આંક–૨૮૩ વાળા નિવેદન તથા તેણીની આંક–૨૭૮ વાળી કોર્ટ રૂબરુ આપેલ જુબાની યાને પુરાવામાં તેણીએ તેણીનો કુર્તો ભીનો થયેલ હોવાનું જણાવેલ છે અને **આ કુર્તો ભીનો થયાના કથનનો** બચાવપક્ષ પાસે કોઈ જ જવાબ નથી.

અન્ય દ્રષ્ટિકોણથી વિચારતા જો ટીના એકયુપ્રેશર અને ઉમા પાંડેને તપાસવાથી ફરીયાદપક્ષના સમગ્ર કેસનો ધ્વંશ થઈ જાય તેવી હકીકત ખુલવા સંભવ હોત તો બચાવપક્ષ આ કોર્ટને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૧ મુજબ આ બન્ને સાહેદોને તપાસવાની વિનંતી કરી શકયા હોત અથવા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના તેઓના વિશેષ નિવેદનમાં સદર બંન્ને સાહેદોના નામ જણાવી શકયા હોત અને ત્યારબાદ તેઓને બચાવના સાહેદ તરીકે પણ તપાસી શકયા હોત પરંતુ તેઓએ તેમ કરવાનું ઉચિત માનેલ નથી. જે સુચવે છે કે ટીના એકયુપ્રેસર અને ઉમા પાંડેને તપાસવાથી પણ આરોપીઓની તરફેણમાં કોઈ જ મહત્વનો બચાવ ઉભો થતો નથી.

વધુમાં સદર કામે આરોપી નં.(૨) થી ( ૭) ની કોઈ સીધી સંડોવણી હોવાનું તેમજ તેઓ ગુનાહીત કાવતરામાં સામેલ હોવાનો તેમજ ઈ.પી.કો.ક. ૧૭૫ , ઈ.પી.કો.ક. ૧૭૯,૨૦૧,૩૨૩,૩૪૬ તથા ૫૦૪ ના ગુનાનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી જેથી હું ઉપયુકત ચર્ચા અન્વયે મુદ્દા નં. (૧) થી (૪) નો આરોપી નં.(૧) પુરતો જવાબ **અંશત:હકારમાં** અને આરોપી નં.(૨) થી (૭) નો જવાબ **નકારમાં** તથા મુદ્દા નં.(૫) તથા (૬) નો જવાબ તમામ આરોપીઓ પુરતો **નકારમાં** આપુ છુ અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

# **હુકમ**

**(૧)..** સેસન્સ કેસ નં. ૩૪/૨૦૧૪ ના કામના આરોપી નં.(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ ઓફ થાઉમલ સીન્ધી (હરપલાની),રહે. સંતશ્રી આશારામ આશ્રમ મોટેરા, અમદાવાદ શહેરનાને ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૧૮/૧૩ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(ગ), ૩૭૭,૩૫૪,૩૪૨, ૩૫૭, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(૨)..** આરોપી નં.(૧) આશારામનાઓએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩,૩૪૬,૫૦૪,૨૦૧,૧૭૫ તથા ૧૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ક્રિ .પો. કોડની કલમ–૨૩૫ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)..** આ કામના આરોપી નં. (૨) ભારતીબેન ડો/ઓફ આશુમલ ઉર્ફે આશારામ સીન્ધી (હરપલાની),રહે.એ/૫૦૨,શ્રી હરી રેસીડેન્સી, ન્યુ.સી. જી.રોડ, ચાંદખેડા, અમદાવાદ , આરોપી નં. (૩) લક્ષ્મીબેન વા/ઓફ આશુમલ ઉર્ફે આશારામ સીન્ધી (હરપલાની),રહે.નારાયણ વાટીકા, શાંતિ વાટીકાની બાજુમાં,સંતશ્રી આશારામ આશ્રમ, મોટેરા, અમદાવાદ,આરોપી નં. (૪) નિર્મલાબેન ઉર્ફે ઢેલ ડો/ઓ મીરચુમલ લાલવાણી.રહે. બી/૧૧૪, ઉધવનગર, સોરાબજી કમ્પાઉન્ડ, જુના વાડજ, અમદાવાદ, આરોપી નં.(૫) મીરાબેન ઉર્ફે બગલો ડો/ઓ વરીયલદાસ કલવાણી.રહે. ૫૮/૬,સમરથનગર હરીદર્શન સોસાયટીની પાછળ,હોંસોલ,ઈન્દીરાબ્રીજ,સરદારનગર,અમદાવાદ.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

આરોપી નં.(૬) ધ્રુવબેન ડો/ઓ ગુરલદાસ બાલાણી.રહે. સતી અનસુયા મહિલા આશ્રમ, સંતશ્રી,આશારામ આશ્રમ પાસે,મોટેરા, અમદાવાદ તથા આરોપી નં. (૭) જશવંતીબેન ઉર્ફે જશીબેન ડો/ઓ નામદેવભાઈ ચૌધરી.રહે. એફ/૪૦૨, માં મહેગીબાનગર, સંતશ્રી આશારામ આશ્રમ પાસે, મોટેરા, અમદાવાદ.મુળ રહે. મ.નં. ૨૭, મણીનગર સોસાયટી, રાંદેર, સુરતનાઓને ઈ.પી.કો.ક.૩૭૬(૨)(ગ), ૩૭૭,૩૫૪,૩૫૭, ૩૪૨,૩૪૬,૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨),૨૦૧,૧૭૫,૧૭૯ તથા ૧૨૦ (બી) મુજબના ગુનાઓમાંથી ક્રિ.પ્રો.કોડની ૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)..** આ કામે નિર્દોષ છોડવામાં આવેલ આરોપી નં.૨ થી ૭ નાઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલના કામે હાજર રહેવા સબબ દરેક આરોપીએ રૂા. ૧૦૦૦૦/–( અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા સબબ આજરોજ પોતાના જાતમુચરકા રજુ કરવાનો અને દિન–૧૦ માં જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે તકસીરવાન ઠરાવેલ આરોપી નં.(૧) ને સજાના મુદ્દે સાંભળવા માટે કામ મુલતવી...

તા. ૩૦ /૦૧/૨૦૨૩

(ડી.કે. સોની )
ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

## **સજાના મુદ્દે સાંભળ્યા.**

(૧).. આરોપી નં.(૧) તરફે વિદ્વાન વકીલ શ્રી સી.બી.ગુપ્તા /બી.એમ. ગુપ્તાનાઓએ ભારપુર્વક રજુઆત કરેલ છે કે હાલનો ગુનો સને ૨૦૧૩ ની અંદર ક્રિ.પ્રો.કોડમાં એમેડમેન્ટ આવ્યુ તે પહેલાંનો ગુનો છે અને તે જોતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૬ માં સુધારો આવ્યો તે પુર્વે સજા સબંધીત જે જોગવાઈ હતી તે ઘ્યાને લેવાની રહે છે. તેઓશ્રીએ તેઓની રજુઆતમાં સજાના મુદ્દે ઈ.પી.કો.કોડની કલમ–૩૭૫ ની જોગવાઈ તથા તેમાં જણાવેલ સંજોગો બાબતોને વંચાણે લઈ ભારપુર્વક જણાવેલ છે કે, કલમ–૩૭૫ માં દર્શાવેલ છ સંજોગોને ઘ્યાને લઈ જે છ સંજોગો દર્શાવેલ છે તે પૈકી કોઈ એકમાં આ કેસ પડતો નથી. જયાં સુધી ઈ.પી.કો.ક. ૩૭૬(૨)(સી) ને લાગે વળગે છે ત્યાં સુધી ભોગબનનાર આરોપી નં.(૧) ની નીગરાનીમાં કસ્ટડીમાં હોચ તેમ ન હતી.તેણી હરીફરી શકે તેવી સ્થિતિમાં હતી તથા તે બાબત તેણીની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ પર આવેલ છે. તે જોતાં ઈ.પી.કો.ક. ૩૭૬(૨)(સી) માં સજાની જે જોગવાઈ કરવામાં આવેલ છે તે દસ વર્ષ સુધીની જોગવાઈ છે. તે બાબતને પણ ઘ્યાને લેવા રજુઆત કરવામાં આવેલ છે.

(૨).. વધુમાં વિદ્વાન વકીલ શ્રી ગુપ્તાનાઓએ આરોપી હાલ ૮૨ વર્ષની ઉંમરના હોવાનું અને તેઓ અનેક રોગોથી પીડાતા હોવાનું અને તે સંદર્ભે તેઓએ આંક–૯૨૬ થી ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સના સારવારના પેપર્સ રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે.

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.

(૩).. વધુમાં વિધ્વાન વકીલ શ્રી ગુપ્તાનાઓએ આંક–૯૨૭ થી સી.આર.પી.સી.કલમ–૪૨૭ મુજબની અરજી આપી રજુઆત કરેલ છે કે નામદાર કોર્ટ ધ્વારા હાલના કામે આરોપી નં.(૧) ને દોષિત ઠરાવવામાં આવેલ છે તેમજ આરોપીને જોધપુર મુકામે ચાલેલ સેસન્સ કેસ નં. ૧૫૨/૨૦૧૩ ના કામે આજીવન કેદની સજા થયેલ છે. તે સંજોગો ધ્યાને લઈ હાલના કેસની સજા અગાઉની સજાની સાથોસાથ (Concurrently )ભોગવવાનો નિર્દેશ આપવા ભારપુર્વક રજુઆત કરેલ છે.તેમજ તે સંદર્ભે **Anantkumar Shriganesh Tiwari V/s. State of Gujarat and Anr reported in 2011(3)-GLR-1864** ના ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ આ તબકકે ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૭ (૨) વંચાણે લેવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**Section - 427(2) of the Criminal Procedure Code : -**

**When a person already undergoing a sentence of imprisonment for life is sentenced on a subsequent conviction to imprisonment for a term or imprisonment for life, the subsequent sentence shall run concurrently with such previous sentence.**

(૪).. આમ વિધ્વાન વકીલશ્રી ગુપ્તાનાઓએ ઉપરોકત હકીકત તથા આરોપીની ઉંમર તથા તેઓનું સ્વાસ્થ્ય ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા કરવા તેમજ એકીસાથે સજા ભોગવવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૫).. ઉપરોકત રજુઆત સદર્ભે સ્પે.પી.પી.શ્રી આર.સી.કોડેકરનાઓ એ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે આરોપીને જુદી જુદી કલમો હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે ત્યારે તેઓને તકસીરવાન ઠરાવવામાં આવેલ હુકમની કાયદેસરતા બાબત આ તબકકે કોઈ રજુઆત થઈ શકે નહી. વળી,

આરોપી નં.(૧) ધાર્મિક ગુરૂ છે અને તેઓએ તેમની સાધીકાઓ સાથે જઘન્ય કૃત્ય કરેલ છે તેમજ આરોપી હેબીચ્યુઅલ ઓફેન્ડર હોઈ તે બાબતની ગંભીરતાને ધ્યાને કાયદામાં દર્શાવ્યા મુજબની મહતમમાં મહતમ સજા કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓશ્રી તરફથી **2018-SCC-Online Bom-6576 State of Maharashtra through Crime Branch DCB V/s. Chandrabhan Sudam Sanap reported in** નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે. જે ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૬).. ઉભય પક્ષની ઉપરોકત રજુઆતો તથા રજુ ન્યાયી નિર્ણયમાંના સિધ્ધાંતો ધ્યાને લીધા.

(૭).. આરોપી નં.(૧) ધર્મગુરૂ છે. આપણા સમાજમાં ધર્મગુરૂની ગણના પરમાત્મા પ્રત્યે પ્રેમ જગાડનાર પુરૂષ તરીકે થાય છે. તેઓ આપણને ભકિત, કર્મ અને જ્ઞાનના માધ્યમના સત્સંગ થકી ઈશ્વર તરફ દોરી જાય છે. શાસ્ત્રોમાં પણ જયાં સ્ત્રીઓને માન સન્માન આપવામાં આવે ત્યાં દેવતાઓનો વાસ હોવાનું કહેવાયુ છે.એટલું જ નહી,સ્ત્રીઓને તેમની સલામતીની સુનિશ્ચતતા કરાવવાની આપણી સૌની સહીયારી જવાબદારી છે. જો આપણે સ્ત્રીઓને માન સન્માન આપીશું તો તેઓનો પુરૂષો પ્રત્યેનો વ્યવહાર- અભીગમ તથા દ્રષ્ટિકોણ ચોકકસપણે બદલી શકીશું. ભારતીય બંધારણના આર્ટીકલ ૧૫(૩) માં પણ સ્ત્રીઓ અને બાળકો માટેની ખાસ જોગવાઈ કરવા અંગેનો નિર્દેશ કરવામાં આવેલ છે. બનાવ સમયે ફરીયાદણ યાને ભોગબનનારની ઉંમર આશરે ૨૦-૨૧ વર્ષની હોવાનું જયારે આરોપી નં.(૧) આશારામની ઉંમર ૬૦-૬૨ વર્ષની હોવાનું ફલીત થાય છે. આમ તેઓએ પોતાની દિકરી કરતાં પણ નાની ઉંમરની સાધિકા સાથે તેઓ તેણીનો સંસાર કાપે છે તેમ જણાવી જાતીય શોષણ કરતા

હોવાનું સાબિત થયેલ છે.

(૮).. વધુમાં ભોગબનનારના પિતા તુલ્ય કરતાં પણ મોટી વય ધરાવતા આરોપીએ આચરેલ ગુનાને હળવાશથી લઈ શકાય નહી. સમાજમાં સજજડ રૂપે દાખલો બેસે અને આવા ગુના કરતા અટકાવવા સમાજ જ નહી પરંતુ અદાલતની પણ નૈતીક જવાબદારી બને છે. જયારે આરોપી સામેનો ગુનો ફરીયાદપક્ષ તરફથી શંકારહીત પુરવાર કરવામાં આવેલ હોય ત્યારે માત્ર આરોપી એ મોટી વય ધરાવતા હોય અને તેમનું સ્વાસ્થ્ય ખરાબ હોવાનો બચાવ યોગ્ય માની શકાય નહી. તેમજ આરોપીએ સમાજને સ્પર્શતો અતિ ગંભીર ગુનો આચરેલ હોઈ આવા જધન્ય અપરાધને સહાનુભુતિનું કોઈ સ્થાન હોઈ શકે નહી. એટલું જ નહી સમાજની ધર્મભેરુ પ્રજાનું શોષણ થતુ અટકાવવા માટે આવા જધન્ય અપરાધ કરનારને બક્ષી શકાય નહી અને કાયદામાં નિયત કરેલ પુરેપુરી સજા કરવી જોઈએ તેવુ આ અદાલત દ્રઢપણે માને છે.

આમ ઉપરોકત કરેલ ચર્ચાને નજર સમક્ષ રાખી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

(૧).. ચાંદખેડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર-૨૧૮/૨૦૧૩ થી નોંધાયેલ ગુનાના કામના આરોપી નં.(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ ઓફ થાઉમલ સીન્ધી (હરપલાની),રહે. સંતશ્રી આશારામ આશ્રમ મોટેરા, અમદાવાદવાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫ (૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની**

**કલમ–૩૭૬(૨)(ગ)** મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપ સબબ આજીવન કારાવાસ અને રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને દંડ ના ભરે તો એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આરોપી નં.(૧) ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૭ મુજબના** શિક્ષાપાત્ર ગુનાના આરોપ સબબ આજીવન કારાવાસ અને રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ અને દંડ ના ભરે તો એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આરોપી નં.(૧)ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે** ભા**રતીય દંડ સંહિતાની કલમ–૩૫૪ મુજબના** શીક્ષાનેપાત્ર ગુનાના આરોપ સબબ એક (૧) વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)દંડ અને દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આરોપી નં.(૧) ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૨ મુજબના** શીક્ષાનેપાત્ર ગુનાના આરોપ સબબ છ (૬) માસની સખ્ત કેદની સજા અને રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)દંડ અને જો દંડ ના ભરે તો ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**આરોપી નં.(૧) ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૭ મુજબના** શીક્ષાનેપાત્ર ગુનાના આરોપ સબબ એક (૧) વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)દંડ અને જો દંડ ના ભરે તો એક માસની સાદી કેદની

સજા ફરમાવવામાં આવે છે.

**આરોપી નં.(૧) ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨)** મુજબના શીક્ષાનેપાત્ર ગુનાના આરોપ સબબ એક (૧)વર્ષની સખ્ત કેદની સજા અને રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) ની રકમનો દંડ અને જો દંડ ના ભરે તો ત્રણ માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**(૨)..** આરોપી નં.(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ ઓફ થાઉમલ સીન્ધી (હરપલાની)નાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭ (૩) હેઠળ ભોગબનનારને રૂા. ૫૦,૦૦૦/– ( અંકે રૂપિયા પચાસ હજાર પુરા) વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)..** ક્રિ.પ્રો. કોડની કલમ – ૪૨૭ મુજબ આરોપી નં.(૧) આશુમલ ઉર્ફે આશારામ સન/ ઓફ થાઉમલ સીન્ધી (હરપલાની) ને જોધપુર મુકામે સેસન્સ કેસ નં. ૧૧૬/૨૦૧૬(જુનો નં.૧૫૨/૨૦૧૩) ના કામે થયેલ સજા અને હાલના કેસની આ સજા સાથોસાથ /એકી સાથે (Concurrently )ભોગવવાની રહેશે. તેમજ ઉપરોકત તમામ સજાઓ પણ એકી સાથે ભોગવવી.

**(૪)..** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપીને સેટઓફનો લાભ આપવો.

**(૫)..** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) મુજબ આરોપી નં.(૧) ને આ ઠરાવની એક નકલ વિના મુલ્યે પુરી પાડવા સારુ જેલરશ્રી મધ્યસ્થ જેલ જોધપુર

નાઓને ઈમેલ ધ્વારા મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬).. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ મુજબ હુકમની એક નકલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ગાંધીનગરનાઓને મોકલી આપવી.

(૭).. આ કામમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય પુર્ણ થયા બાદ ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નીકાલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા: ૩૧ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૩૧ /૦૧ /૨૦૨૩

મુ. ગાંધીનગર

(ડી.કે. સોની )
ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.
(કોડ નંબર–જીજે ૦૦૭૨૯)

ત્રીજા અધિક સેશન્સ જજ,
ગાંધીનગર.